‘સ્વામીશ્રીજી’

ભગવાન સ્વામિનારાયણ (ભાગ-૧)

* તા.૩.૬.૭૯ દ્વિશતાબ્દી મહોત્સવ પર્વના પ્રસંગે ભગવાન સ્વામિનારાયણનું વિસ્તૃત ચરિત્ર બહાર પડે તેવી સંસ્થાના કાર્યકરોની ઈચ્છા હતી. સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ તરીકે માનતા એવા શ્રીજીના સમકાલીન સંતોએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ભાષામાં ગદ્ય કે પદ્યમાં શ્રીજીના લીલા ચરિત્રો યુકત સાહિત્ય સંપ્રદાયને ચરણે ધર્યું છે.

સૌરાષ્ટ્ર અને ગુજરાતની ધરતી પર અંધાધૂંધી પ્રવર્તતી હતી. પ્રજાને બાહ્યશુદ્ધિ અને આંતરશુદ્ધિના વ્રતો આપી શુદ્ધ કરી. વામ અને કૌલ પંથમાં ફસાયેલા બ્રાહ્મણોને સાચું બ્રાહ્મણત્વ આપ્યું અને તેમનું ગૌરવ વધાર્યું, સામાજિક કુરિવાજો, બાળકીને દુધ પીતી કરી મારી નાંખવાના, સતિ થવાના, ભૂતપ્રેતની ઉપાધિથી ભૂવાનો ત્રાસ, અજ્ઞાનતા અને કોપાસના વગેરે બદીમાં ફસાયેલ અજ્ઞાન અને ભોળી પ્રજાને તેમને જ્ઞાન આપ્યું, શુદ્ધ કર્યા અને સાચા સત્સંગી બનાવ્યા.

પોતાના દિવ્ય સ્વરૂપનું જીવોને જ્ઞાન કરાવવા પોતાની સાથે પોતાનું દિવ્ય ધામ અક્ષરબ્રહ્મ તેને સાથે લાવ્યા, મુક્તોને લાવ્યા, ઐશ્વર્ય પણ લાવ્યા. અક્ષરધામના મુક્તો લાવી શુદ્ધ વર્તનથી સંત અસંતને ઓળખવાની દષ્ટિ આપી. શુદ્ધ જીવન જીવવાની પ્રેરણા આપી. પોતાના ઐશ્વર્યથી જીવોમાં જે મુમુક્ષુતા સુષુપ્ત હતી તે જાગ્રત કરી અનાદિ અક્ષરબ્રહ્મના સંબંધે મૂળ અજ્ઞાન દેહ સાથે જીવની અવિભાજ્ય એકતા છે તે ટાળી. જીવોને બ્રહ્મરૂપ બનાવી પોતાના પુરુષોત્તમ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપ્યું. બ્રહ્મ અને પરબ્રહ્મના અનાદિ સ્વરૂપો ઓળખાવી કલ્યાણના માર્ગમાં તેમની આવશ્યકતાઓ સમજાવી. ભારતીય તત્વજ્ઞાનમાં એક નવીન દર્શન આપ્યું.

શ્રીજી મહારાજ વિષે તો જેટલું લખાય એટલું ઓછું છે. આકાશના તારા ગણાય, ભૂમિગણ ગણી શકાય પણ હરિગુણ ગણી શકાય તેવા નથી. આ રીતે ઐતિહાસીક દૃષ્ટિએ પણ આ ગ્રંથ ઘણો મૂલ્યવાન બનાવ્યો છે. તેમના અતિ દિવ્ય ચરિત્રો, કાર્ય જે સઘળું ઈન્દ્રિયાતીત છે તેને કેમ કરી આલેખવા ? બુદ્ધિ જ્યાં વામણી લાગે ત્યાં શબ્દો શી રીતે સૂઝે ? મહારાજના સમકાલીન સંતોએ મહારાજના ચરિત્રોના સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રંથો રચ્યા છે. તેઓ તેમના ચરિત્રોના દૃષ્ટા હતા. મહારાજના સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો નિર્દેશ પણ દેખાય છતાં મહારાજના સ્વરૂપનું યથાર્થ આલેખન તો તેઓ પણ કરી શક્યા નથી.

મહારાજના વિદ્વાન સંતો સદ્.ગોપાળાનંદસ્વામી, સદ્.નિત્યાનંદસ્વામી, સદ્.શુકાનંદસ્વામી, સદ્.શતાનંદમુનિએ તેમના રચેલા સંસ્કૃત ભાષી ગ્રંથોમાં પોતાની બુદ્ધિનો નીચોડ ઠાલવી દીધો હતો. તેવા જ ગ્રંથો પ્રાકૃત ભાષામાં, વ્રજ ભાષામાં બીજા સંતોએ પણ રચ્યા હતા. તેમાં પણ તેમના અંતરનો ભાવ તેમણે રેડી દીધો હતો. છતાં પણ જાણે મહારાજના ચરિત્રનું યથાર્થ આલેખન તેમનાથી થઈ શક્યું નથી તેવો ભાવ તેમના મનમાં રહી ગયો હતો. ત્યારે મારા જેવાનું આ કાર્યમાં શું ગજુ ? આવું મનોમંથન મને થવા લાગ્યું. પરંતુ સાથેસાથ પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા હતી. એ આજ્ઞામાં પ્રેરણા હતી, આશીર્વાદ હતી તેથી મનમાં હિંમત આવી ગઈ. મહારાજને પ્રાર્થના કરી આપના ચરિત્રો આલેખવાનું બળ આપજો, બુદ્ધિ આપજો.

શ્રીજી મહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપને કેટલાક સંતો ઓળખી શક્યા. તે સમયના સમાજને લક્ષ્યમાં રાખી તેનું યથાર્થ આલેખન કરતાં તેમને સંકોચ થયો.

મહારાજે પોતે પણ પોતાના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપને પ્રચ્છન્ન રાખ્યું. જીવો તેમના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન જીરવી ન શકે તે માટે તે વાર્તા કહેતા પણ તેમણે બીક રાખી. નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે માટે કહેતા બીક લાગે છે. પરંતુ આગળ કહે છે - વાત કર્યા વિના પણ ચાલતું નથી..અને એ વાત જો સમજતા ના આવડે તો દુષણ પણ ઘણા આવે. વાત સમજે નહિ ત્યાં સુધી નિશ્ચયમાં પણ કાચપ ઘણી રહે. તેથી મહારાજ પોતાના સ્વરૂપની વાત આગળ પહેલા અસંદિગ્ધપણે કહે છે. ‘જે તેજને વિષે મૂર્તિ છે તેજ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો..’ એટલું કહીને મહારાજને કદાચ લાગ્યું હશે કે આવી અક્ષરાતીત વાત કદાચ કોઈને અવળી પડે તે માટે તે વાતને વાળી લેતાં તેમણે કહ્યું, ‘જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જે અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.’ પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા ને તેના જ સર્વે અવતાર છે.

માટે પોતાને મળ્યું જે ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ તેને સદાદિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.

અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેમના સ્વરૂપમાં અને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ ભેદ નથી. એ બે એક જ છે, અને સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, કારણના પણ કારણ છે. અવતારના અવતારી છે, તમારે સર્વને એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય છે.

પ્રસંગ :

નિત્યાનંદસ્વામીએ પણ મહારાજના સર્વોપરી સ્વરૂપનું પ્રવર્તન થાય, તેમની જ ઉપાસનામાં સૌ જોડાય તે માટે જ્યારે સત્સંગીજીવન ગ્રંથ લખાતો હતો ત્યારે એવો સદાગ્રહ રાખ્યો હતો કે મહારાજને બીજા અવતાર જેવા લખાય જ કેમ ? એતો સર્વ અવતારના અવતારી પરાત્પર સાક્ષાત્ સ્વયં પુરુષોત્તમ જ છે. સ્વયં શ્રીજીમહારાજ પણ સ્વામીના મતથી વિરુદ્ધ પડયા. પરંતુ નિત્યાનંદસ્વામી તો તેમના નિશ્ચયમાં અતિ દૃઢ પર્વતપ્રાય રહ્યા. પણ બિલકુલ ડગ્યા નહિ. પછી આઠમે દિવસે શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામીને સભામાં બોલાવીને નિત્યાનંદસ્વામીની પૂજા કરી ગુલાબનો હાર પહેરાવ્યો અને સર્વને કહ્યું કે, હે પરમહંસો આ નિત્યાનંદસ્વામીનો અમે આટલો અનાદર કરીને અપમાન કર્યુ, ને ખૂબ સમજાવ્યા છતાં પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. એમની સમજણ સર્વોપરી છે. ઉપાસક તો આવા જોઈએ. માટે તમારે સર્વએ નિત્યાનંદ સમજે છે તેમ સમજવું. આ ઉપરાંત ગો.સ્વામી, બ્ર.સ્વામી, નિષ્કુળાનંદસ્વામી, આધારાનંદસ્વામી, અચિત્યાનંદસ્વામી તથા અન્ય સદ્‌ગુરૂઓના ગ્રંથોમાં પણ મહારાજના સર્વોપરી સ્વરૂપનું અતિ સ્પષ્ટ પ્રતિપાદન થયેલું જોવામાં આવે છે.

શ્રીજીમહારાજના વન વિચરણમાં સદ્.આધારાનંદસ્વામી રચિત શ્રીહરિચરિત્રામૃતસાગર વ્રજ ભાષામાં લખાયેલો. તથા આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ શ્રીહરિલીલામૃત ગ્રંથમાંથી વિગતો મળી. બંને ગ્રંથો પ્રમાણભૂત જ છે. તેથી તેટલી વિગતો તેમાંથી લઈ વન વિચરણ ઈતિહાસ લખ્યો છે.

- શ્રીજી મહારાજના જીવનનું અને કાર્યનું..
- તેમનું બાળપણ ચમત્કારી હતું..

- તેમનું વનવિચરણ..તેમની તપશ્ચર્યા વગેરે તો માનવબુદ્ધિને અગમ્ય રહે તેવા જ હતા.
- ૨૦ વર્ષની કિશોરવયે રામાનંદસ્વામીએ તેમના ઉપર કળશ ઢોળી તેમને ધર્મધૂરા સોંપી તે પ્રસંગ પણ એટલો જ ચમત્કારી હતો.
- પોતાનાથી ઉંમરે મોટા એવા મઠાધિપતિઓ, વિદ્વાનો, સંતો વગેરે તેમના સંબંધમાં આવતા જ તેમના શિષ્યો બની ગયા તે પણ જેવો તેવો ચમત્કાર ગણી ન શકાય.
- તે સમયમાં સૌરાષ્ટ્ર, ગુજરાતમાં વ્યાપેલી અરાજકતા, કાઠીઓની લૂંટથી ત્રાસેલી પ્રજા, મદ્ય, માંસ અને મૈથુનમાં પ્રવૃત રહેતા બ્રાહ્મણો તેમની બધાની સાન ઠેકાણે લાવી તેમના અંતરશત્રૂ ટાળી તેમને સાચા માનવ બનાવ્યા તે પણ ચમત્કાર હતો.
- અજ્ઞાન પ્રજાને વહેમોના જાળામાંથી બહાર લાવી તેમને પ્રભુપંથે વાળ્યા તે કાર્ય પણ અદ્‌ભૂત હતું.
- નાગાબાવાઓના ઝૂંડના ત્રાસને પોતે સહન કર્યો અને પોતાના પરમહંસો પાસે પણ સહન કરાવ્યો તેમાં તેમની સહિષ્ણુતા અને અહિંસાની અવધિ હતી. તેમાંના ઘણાનું રૂપાંતર કરી તેમને સન્માર્ગે વાળ્યા તે કાર્ય પણ ચમત્કારી જ કહેવાય.
- એ ઉપરાંત પોતાની કૃપાથી હજારો મનુષ્યોને, પ્રાણીઓને, પક્ષીઓને, માછલાઓને સમાધિ કરાવી તેમને પરમાત્માના દિવ્ય ધામના સુખનો અનુભવ કરાવ્યો તે તો અદ્‌ભૂત ચમત્કાર હતો.

તેમણે આવું પ્રભુપણું બતાવ્યું છતાં તેમણે તેમના પરમહંસોને પૂછ્યું, આગળ જે જે અવતારો થઈ ગયા અને તેમણે જે કાર્ય કર્યું તેવું અમે કર્યુ નથી. અમે શંખાસુરને મારી વેદ શોધી લાવ્યા નથી, કૂર્મ ભગવાનની જેમ પીઠ ઉપર મંદ્રાચળ પર્વત ધારણ કર્યો નથી, વારાહ પ્રભુની જેમ હિરણ્યાક્ષને મારી પૃથ્વી લાવ્યા નથી. તેમ જ વામન, પરશુરામ, શ્રીરામચંદ્ર તેમજ શ્રીકૃષ્ણની જેમ અસૂરોનો સંહાર કર્યો નથી છતાં તમે અમને ભગવાન શાથી કહો છો ?

ત્યારે સંતોએ કહ્યું, મહારાજ ! તેમને જે અસૂરોને માર્યા હતો તે બધા તો કામક્રોધાદિ દોષોથી હણાયેલા જ હતા. તેમાં કાંઈ મોટું પરાક્રમ નહોતું. પરંતુ આપે તો અમારા એ દોષો હણી નાંખ્યા છે.

જેમ વટપત્રશાયી ભગવાન એક વડના પત્રમાં નાના બાળક થઈને પોઢ્યા હતા ને તેજ ભગવાનના ઉદરને વિષે માર્કંડેય ઋષિએ સમગ્ર બ્રહ્માંડ દેખ્યું. એવી રીતે ભગવાનનું ધ્યાન કરતાં કરતાં જેટલા કાંઈ શાસ્ત્રમાં પદાર્થ કહ્યા છે તે સર્વે એની દષ્ટિમાં આવે છે ત્યારે જીવાત્માને વિષે જે કાંઈ નાસ્તિકભાવ રહ્યો છે એ મટી જાય છે અને તેનો જીવ અતિ બળિયો થાય છે. અને જે શાસ્ત્રમાં કહ્યું છે એ સર્વે સત્ય છે એવી દઢ પ્રતિતી થાય છે.

ઉદ્‌ગીથ - ૧

ભારતની દુર્દશાનું કરૂણ ચિત્ર

આ ગ્રંથના પ્રકરણોને ઉદ્‌ગીથ એવું નામ આપ્યું છે. ઉદ્‌ગીથનો અર્થ સામવેદનું ગાન એવો થાય. આ ગ્રંથના વિષયમાં એજ ગાન છે. કારણ કે શ્રીજીમહારાજ આ લોકની દષ્ટિએ સામવેદી હતા.

૧૮મી સદીના પહેલાના કાળનું અવલોકન આપણે અહીં નહિ કરીએ. તે પછીનો કાલ વિસ્તાર જોઈએ. મોગલ સલ્તનત ભાગી ગઈ હતી. અહમદશાહ પછી આલમગીર બીજાનો કેવળ પાંચ વર્ષનો સમય શહેનશાહની પૂરી દુર્દશાનો હતો. તે સમયમાં ઈંગ્લેંડની ઈસ્ટ ઈન્ડિયા કંપની સરકારે ભારતમાં વેપારના નેજા નીચે સત્તાની જમાવટ કરવાની શરૂઆત કરી હતી. મુસલમાન મરાઠા અને રાજપૂતોના બળો એકબીજાને ભાંગતા હતા. જેનો લાભ કંપની સરકારને મળતો હતો. ભારતને ખૂણેખૂણે અસ્થિરતા અને ભયનું વાતાવરણ વ્યાપ્યું હતું. ગુજરાત અને સૌરાષ્ટ્રની ભૂમિમાં તો કેર વર્તી રહ્યો હતો.

કર્નલ વૉકર ઈ.સ.૧૮૦૭માં સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે સૌરાષ્ટ્રમાં અંધાધૂંધી વ્યાપેલા હતા. દર વર્ષે ખંડણી ઉઘરાવવા આવતા મરાઠા લશ્કરો ખુલેઆમ લૂંટ ચલાવતા તેથી ગામડાઓ અને શહેરો ઉજ્જડ બની ગયા હતા. લોકો પોતાની સલામતી માટે કિલ્લાબંધ શહેરો પસંદ કરતા. કંડોરણાથી રાજકોટ સુધીના ત્રીસ ગામડાઓના પ્રદેશ તો તદ્દન ઉજ્જડ થઈ ગયો હતો. અને ત્યાં વિનાશની આંધી વરસી ગઈ હતી. આ વાતાવરણમાં લોકોને ખાવાના સાંસા પડી ગયા હતા. લૂંટફાટની ઝંઝાવાતમાં દરેક પોતાના પડોશીને જ લૂંટવા પ્રેરાતા..ગુજરાતમાં પણ ગાયકવાડ અને પેશ્વાના અંદરોઅંદરના ઝઘડાને કારણે અરાજકતા વ્યાપી ગઈ હતી. મરાઠાઓની સત્તાનો દોર ઢીલો પડતો હતો. સંવત ૧૮૧૯માં પેશ્વાનું પતન થયું અને બ્રિટીશ હકૂમત ગુજરાત ઉપર શરૂ થઈ. ગાયકવાડે આજ અરસામાં સૌરાષ્ટ્રના રાજ્યો પાસેથી ખંડણી ઉઘરાવવાનું કામ બ્રિટીશ સલ્તનતને સોંપ્યું. તેથી મરાઠા હકૂમતનો ગુજરાતમાંથી અંત આવી ગયો.

ધાર્મિક ક્ષેત્રે પણ ભારતની દુર્ગતિ ઓછી નહોતી. આજ સમયમાં ઘણાખરા સંન્યાસીઓ પ્રજાને માર્ગદર્શન આપવાને બદલે પ્રજા ઉપર આફતોનો વરસાદ વરસાવતા હતા. ભારતની ભોળી, અજ્ઞાની, વહેમી પ્રજા તેમનામાં ગુરૂભાવ રાખી અર્થ અને કામની આશા સેવી તેમની જંગલિયતને પોષતી હતી. તાંત્રિકો અને માંત્રિકોનું જોર ઘણું હતું. માંસ ભક્ષણ અને મદ્યપાન, વ્યભિચારમાં પંડિતોનું પોષણ થતું. વૈદિક ધર્મને નામે જે કાંઈ આચરવામાં આવતું તે ધર્મને નામે ધૂર્તવાદને અનુકૂળ થાય તેવું હતું.

ભગવાન વેદવ્યાસના યુગમાં તો ભક્તિના પુત્રો જ્ઞાન અને વૈરાગ્ય વૃદ્ધત્વને પામ્યા હતા. જયારે આ યુગમાં તો જ્ઞાન અને વૈરાગ્ય ને ભક્તિનું અસ્તિત્વ જ રહ્યું નહોતું. ગુજરાતમાં મુખ્યત્વે શૈવ, વૈષ્ણવ, જૈન, શાક એ સંપ્રદાય જોરમાં પ્રચલિત હતા. આ અરસામાં મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાંથી મહાજને ૬૦ મણ માંસ કઢાવ્યું હતું. ગુજરાત અને સૌરાષ્ટ્રનું નવનિર્માણ કરવાનું કામ કેટલું દુષ્કર હતું તેનો સ્હેજે ખ્યાલ આવી જાય છે. શ્રી સહજાનંદસ્વામીનો મુખ્ય કાર્યક્ષેત્ર આ કપરો પ્રદેશ હતો.

ઉદ્‌ગીથ - ૨

પ્રાગટ્યનો પૂર્વ ઈતિહાસ

ભારતના ઉત્તરપ્રદેશના કૌશલ દેશમાં સરવાર પ્રદેશ છે. આ પૂણ્યભૂમિમાં પવિત્ર સરયુ સરિતા તટે એક સુંદર વન આવેલું છે. સંવત ૧૭૯૬ના કાર્તિક સુદ એકાદશીના બુધવારના મધ્યાહને પુત્રજન્મ થયો. નામ દેવશર્મા પાડ્યું. દેવશર્મામાં ધર્મનો અંશ ખૂબ જ હોવાથી લોકો તેને ધર્મદેવના નામે ઓળખવા લાગ્યા. પાંચ વર્ષમાં સમગ્ર અભ્યાસ પૂરો થયો ત્યારે પિતા બાલશર્માએ પુત્રને પરણાવવા ઈચ્છા કરી. તે માટે તેમને પુત્રની સંમતિ લીધી. તેમને પોતાના ગુણવાન પુત્રને અનુરૂપ પુત્રવધુ જોઈતી હતી. પરમાત્માએ તો નક્કી જ કરી રાખ્યું હતું.

સરવાર દેશમાં મનોરમા નદી પાસે મખોડા તીર્થ છે. આ તીર્થની ઉત્તર કોરે છપૈયાપુર આવેલું છે. છપૈયાપુરની આજુબાજુ પ્રકૃતિએ સુંદરતા પાથરી દીધી છે. પુરની દક્ષિણ કોરે ફળ અને ફૂલોથી સમૃદ્ધ વન છે. પુરની વચ્ચે નારાયણ સરોવર આવેલું છે. સંવત ૧૭૯૮ના કર્તિક સુદ પૂનમ અને બુધવારના શુભ દિવસે ચંદ્રોદયના સમયે કૃષ્ણશર્મા ને ભાવિનીદેવીના ઘરે પુત્રીએ જન્મ લીધો. દેવાંગના સમી બાળકીની કાંતિ જોઈ શુભ ગ્રહો જોવડાવી નામસ્મરણ કર્યુ. બાળકીનું શુભ નામ બાલા પાડયું. બાલાદેવી નાનપણથી જ ભક્તિમાં રત રહેતા તેથી તેમને લોકો ભક્તિ પણ કહેતા. કૃષ્ણ ભક્તિના પ્રવાહમાં પ્રેમાસક્ત બનેલી બાલાને વળી લોકો પ્રેમવતી પણ કહેતા.

બાલાદેવી કિશોર અવસ્થામાં આવ્યા ત્યારે માતાપિતાએ તેમનો સંબંધ ઈટારપુરમાં બાલશર્માના પુત્ર દેવશર્મા સાથે કર્યો. ધર્મ અને ભક્તિ છપૈયાપુરમાં ગૃહસ્થજીવન આશ્રમ પ્રમાણે વ્યતીત કરવા લાગ્યા. સંવત ૧૮૧૮ના શ્રાવણ સુદ આઠમને દિવસે ભક્તિમાતાને ત્યાં પુત્રનો જન્મ થયો. બાળકની પુષ્ટ અને તેજસ્વી કાયા જોઈ, રામજીના પ્રતાપથી આ પુત્રની પ્રાપ્તિ થઈ છે તેથી પુત્રનું નામ રામપ્રતાપ પાડયું. જેમ જેમ બાળક મોટો થતો ગયો તેમ તેની કાયાનું જોર જણાવા લાગ્યું. ધરતી ધ્રુજાવતી તેમનું ચાલ..સાધારણ માનવીમાં લાગતું એમનું આવું અસાધારણ વ્યક્તિત્વ સૌને આકર્ષવાની કળા જોઈ લોકો તેમને સંકર્ષણની ઉપમા આપવા લાગ્યા. એ સાચું પણ હતું. જયારે ભગવાન પ્રગટ થવાના હોય ત્યારે ભગવાનની વિભૂતિઓ પણ ભગવાનની લીલાના દર્શન કરવા, તેમની સેવા અને પરિચર્યા કરવા સાથે જન્મ ધરે છે. પરંતુ જ્ઞાનવાનને જ તેમની ઓળખાણ થાય છે.

દૈવી અને આસુરી સંપત્તિનો સંઘર્ષ અનાદિકાળથી જ છે. પરંતુ ભગવાન પ્રગટે ત્યારે તે વધુ પ્રબળ બને છે. ધર્મદેવને છપૈયામાં રહેવું મુશ્કેલ બની ગયું. ભક્તિમાતા પોતાના પુત્રને લઈને અયોધ્યામાં આવ્યા. પરંતુ અસૂરોના હાથ લાંબા હતા. થોડા માસ કાશીપુરમાં રહી તેઓ પ્રયાગ ગયા, અહીં ત્રિવેણીમાં સ્નાન કર્યુ છતાં ભગવાનને પ્રસન્ન કરવાનું તપ એ એક જ સાધન છે. દેહનો અનાદર રાખી વ્રત ઉપવાસ કરવા લાગ્યા. આ શુભ કાર્યના ફળસ્વરૂપે વૈષ્ણવાચાર્યનો યોગ થયો. એક બહુ તેજસ્વી વૈષ્ણવાચાર્યના તેમને દર્શન થયા. ભક્તિમાતાનો મુમુક્ષુભાવ નિહાળી વૈષ્ણવાચાર્યે તેમને આશીર્વાદ આપતા કહ્યું, અમારા આશ્રમમાં કૃષ્ણ કીર્તન થાય છે તમે પધારજો. ધર્મદેવે તેમને પૂછયું, મહારાજ ! તમારું શુભ નામ શું ? હસીને ઉત્તર આપ્યો, મારું નામ રામાનંદ છે. ધર્મ અને ભક્તિના અંતરમાં આશીર્વાદથી શાંતિ થઈ ગઈ. અસૂરોના ઉપદ્રવનું દુઃખ ઓસરી ગયું. સત્પુરુષના સંબંધની આ અસર છે.

ગુરૂ રામાનંદસ્વામીએ કહ્યું, ત્યાગીને પોતાના પૂર્વાશ્રમની સ્મૃતિ કરવાનો નિષેધ છે. છતાં તમારી શુદ્ધ બુદ્ધિ જાણીને ગુરૂનું શુદ્ધ વૃતાંત જાણ્યા પછી જ ગુરૂ તરીકે સ્વીકારવા એવો શાસ્ત્રોનો નિયમ હોય તે જાણી મારું વૃતાંત કહું છું.

અમે અયોધ્યાના ઋગવેદી વિપ્ર..અમારું કશ્યપ ગોત્ર..આશ્વલાયન શાખા..પિતાનું નામ અજયદેવ માતાનું નામ સુમતિદેવી. સંવત ૧૭૯૫માં શ્રાવણવદિ અષ્ટમીને દિવસે અમારો જન્મ થયો. અમારું નામ રામશર્મા પાડયું. તીવ્ર વૈરાગ્યના યોગે અમે તીર્થયાત્રા કરવાનું બહાનુ કાઢીને ઘેરથી નીકળી ગયા.

તીર્થમાં ફરતાં ફરતાં અમે દ્વારિકા આવ્યા. દ્વારિકામાં રણછોડજીના દર્શન કરીને ગોપનાથની છાયામાં તળાજા ગામે આવ્યા. ત્યાં કાશીરામ વિપ્રની જગ્યામાં સંત ભેગા રહ્યા. વેદ વેદાંતનો અભ્યાસ કરીને ત્યાંથી અમે નીકળ્યા. ગોપનાથના ગોપાળયોગીના શિષ્ય આત્માનંદસ્વામીના અમને દર્શન થયા. તેમને બ્રહ્મનિષ્ઠ જાણી અમે ગુરૂ કર્યા. અમે યોગની પ્રક્રિયાઓ શીખ્યા. તેમણે અમને દિક્ષા આપી રામાનંદ નામ પાડયું. યોગનું છેલ્લું અંગ સમાધિ છે ત્યાં સુધી તેમણે અમને ગતિ કરાવી.

તે સમાધિમાં અમને બ્રહ્મતેજના દર્શન કરાવ્યા. પછી અમે તેમને કહ્યું કે, મારે તો શ્રીકૃષ્ણના દર્શન કરવા છે. આ તેજના દર્શનથી તૃપ્તિ થતી નથી. ત્યારે તેમણે કહ્યું કે, આ બ્રહ્મતેજ એજ શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ બ્રહ્મ..આલોકમાં ભગવાન સગુણ સાકાર સ્વરૂપ ધારણ કરે પણ તેમના મૂળસ્વરૂપે તો ભગવાન તેજસ્વરૂપ નિરાકાર જ છે.

ભગવાનના દિવ્ય આકારનો આવો નિષેધ સાંભળીને અમને મૂર્છા આવી ગઈ. જાગ્રત થયા પછી અમે તેમનો ત્યાગ કરીને ત્યાંથી નીકળી ગયા. પછી ફરતાં ફરતાં દક્ષિણ દેશમાં તોતાદ્રી રામાનુજાચાર્યની ગાદીના સ્થાને આવ્યા. પછી અમે શ્રીરંગ ક્ષેત્રમાં આવ્યા. અહીં રામાનુજાચાર્યના ગ્રંથો તથા શ્રીગીતા ભાષ્ય વગેરેનો અભ્યાસ કર્યો. ભગવાનના સદા સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરતાં શ્રી રામાનુજાચાર્યમાં અમારી વૃત્તિ જોડાઈ ગઈ. અંતરમાં તેમનું સ્મરણ થવા લાગ્યું કે શ્રીરામાનુજાચાર્ય આ સ્થાનમાં પ્રગટ હોવા જોઈએ. આ દ્રઢતાથી અમને ચૈત્ર પંચમીના શુભ દિવસે શ્રીરામાનુજાચાર્યના સ્વપ્નામાં દર્શન થયા. તેમણે પ્રણિપાત કર્યા અને કૃષ્ણદર્શનની ઈચ્છા દર્શાવી ત્યારે એમણે અમને ભાગવતી ધર્મની દિક્ષા આપી. શ્રીમન્ન નારાયણચરણૌ શરણં પ્રપદ્યે..તથા ૐ નમો નારાયણાય..આ બે મંત્રો અમને આપ્યા અને કહ્યું, આ બે મંત્રોનો જાપ કરશો અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિયુક્ત થશો એટલે તમને શ્રીમન્ન નારાયણ સાક્ષાત્ દર્શન દેશે. એ પ્રમાણે કહીને આ બે મંત્રોનો ઉપદેશ શિષ્યોને આપવાની તેમને આજ્ઞા કરી ને કહ્યું, અહીં સાનુકૂળતા રહે તો અહીં રહેજો નહિ તો જયાં દેશકાળ શુભ હોય ત્યાં રહેજો ને સંપ્રદાયનો વિસ્તાર કરજો. એ પ્રમાણે કહીને શ્રીરામાનુજાચાર્ય અદશ્ય થઈ ગયા.

સ્વપ્નામાંથી અમે જાગ્રત થયા ત્યારે શરીર ઉપર પણ અમે સંસ્કાર થયેલા દીઠા. ઉર્દ્વપુંડ તિલક અને દ્વાદશ છાપના ચિન્હો શરીર પર દેખાય. તેથી રામાનુજાચાર્યે સ્વપ્નમાં આપેલી દિક્ષાની સત્યતાની પ્રતિતી થઈ. ધર્મ અને ભક્તિ કૃષ્ણદર્શનની આ દિવ્ય વાત સાંભળી આનંદવિભોર બની ગયા. ધર્મ અને ભક્તિ આ તીર્થસ્થાનમાં જગતનું ભાન ભૂલી ગયા. પરંતુ જયારે પોતાના સ્થાને તે આવ્યા ત્યારે અયોધ્યા યાદ આવ્યું. રામપ્રતાપની સ્મૃતિ થઈ. રામાનંદસ્વામીના દર્શનથી અંતરમાં શાંતિ થઈ એટલે ઘેર જઈ કૃષ્ણભજનમાં જીવન વ્યતીત કરવાનો તેમણે નિર્ણય કર્યો.

અયોધ્યાના અસૂરોના ત્રાસથી હનુમાનગઢીએ જઈ હનુમાનજીનું સ્તવન અને જાપ કરવા લાગ્યા. ધર્મદેવની શુદ્ધ ભક્તિ જોઈ અંજનિસૂતે તેમને સ્વપ્નમાં દર્શન દીધુ. હવે અસૂરોનો ત્રાસ સહન થઈ શકતો નથી. ઘરમાં કાંઈ સંપત્તિ રહી નથી, અન્ન ને દાંતને વેર થયું છે. તમે સહાય કરો તોજ રહેવાય એવું છે. હનુમાનજીએ કહ્યું, તમે અત્યારે સુધી કેમ મને યાદ ન કર્યો ? તમારું આ દુઃખ હવે ટળી જશે. વૃદાંવન જાવ ત્યાં વિષ્ણુયાગ કરજો, પ્રભુ સહાય કરશે.

આ પ્રમાણે પવનસુત આજ્ઞા આપી અંર્તધ્યાન થઈ ગયા. ધર્મદેવ જાગ્યા, ભક્તિદેવીને જગાડયા અને કહ્યું, ચાલો તૈયારી કરો. વૃંદાવન ગયા, એક પછી એક સ્વજનો મળવા લાગ્યા. અસૂરોના ત્રાસથી ત્રસ્ત થયેલું અંતર હળવું થયું. વિષ્ણુયાગ કરવાનો સૌએ નિર્ણય કર્યો. આવા દિવ્ય ગોલોક ધામમાં શ્રીકૃષ્ણએ તેમને પ્રસન્ન થઈને કહ્યું, તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમને અસૂરો તરફથી જે દુઃખ પડયું છે તેનું નિવારણ કરવા અને પૃથ્વી પર એકાંતિકધર્મનું સ્થાપન કરવા સ્વયં સર્વાવતારી પરબ્રહ્મ પરમાત્મા પૃથ્વી પર ધર્મ અને ભક્તિના ઘરે અવતાર ધારણ કરશે અને તમને સૌને પોતાના દિવ્યધામમાં ગતિ કરાવશે. માટે કોઈ પ્રકારે ચિંતા ના કરશો. આ પ્રમાણે દર્શન દઈ શ્રીકૃષ્ણ અંર્તધ્યાન થઈ ગયા.

ધર્મભક્તિને કૃષ્ણ દર્શનથી અંતરમાં આનંદ સમાતો નહોતો. ધર્મભક્તિને હવે અયોધ્યા જવા માટે ઉતાવળ હતી. કેટલાક દિવસે તેઓ નૈમિષારણ્ય પહોંચ્યા. અહીંથી અયોધ્યા જવાની વાટ પકડવાની હતી. સંધ્યા સમય થઈ ગયો હતો. માર્ગમાં ભૂલા પડયા. ઝાડીમાં અંધારું થવાથી અટવાતા, પડતા, અથડાતા ધર્મભક્તિ એકબીજાનો હાથ પકડી ચાલતા હતા પણ કાંઈ સૂઝતું નહોતું. ભૂત પિશાચ અને હિંસક પશુઓના અવાજ સાંભળી અંતર ધ્રુજતું હતું. પરંતુ હિંમત રાખી પવનસુતનું સ્મરણ કરતાં કરતાં બંને ધીરે ધીરે ચાલવા લાગ્યા.

એટલામાં ભયંકર હાસ્યની કિકિયારી સાંભળી. એક સ્ત્રી ધીરે ધીરે તેમની પાસે આવી. વીજળીના પ્રકાશમાં સ્ત્રીની બિહામણી આકૃતિ જોઈ ભક્તિદેવીને અત્યંત બીક લાગવા લાગી. સ્ત્રીને પૂછ્યું, બહેન તમે કોણ છો ? પ્રશ્નનો ઉત્તર જાણે ભયંકર હાસ્યથી કરતી હોય તેમ તે સ્ત્રીએ ધર્મ તરફ જોયું. તેનું સમગ્ર લોહી જાણે હમણાં જ ચૂસી લેશે. ધર્મને લાગ્યું કે આ સ્ત્રી કોઈ ડાકીણી કે પિશાચીની હશે. ધર્મદેવ હિંમત રાખી ત્યાંજ ઉભા રહ્યા. <u>ભેખને પંડિતમાં મારું પિયર છે, યોગ્ય યતિ અને સંન્યાસીમાં હું સદા વસુ છું..એમ એ સ્ત્રી બોલવા લાગી. ચરાચરમાં વસતા નાના મોટા તમામ જીવ મેં પકડ્યા છે. કોની તાકાત છે મોક્ષના માર્ગે જઈ શકે..</u>

ધર્મદેવ કહેવા લાગ્યા અરે લંપટ..તારી મોટપ તેં કહી પણ પરમાત્માની મોટપ તું જાણે છે ? તારો અને તારા કુળનો તે સંહાર કરશે અને હજારોને મોક્ષના માર્ગે લઈ જશે. ધર્મદેવ ત્યાંથી આગળ ચાલવા લાગ્યા. <u>તે માયા અવિદ્યારૂપ સ્ત્રી પણ જાણે ડરી ગઈ હોય તેમ તરત પાછી ફરી ગઈ.</u> એટલામાં એક અઘોરી બ્રહ્મચારીના વેષવાળો બિહામણી આંખોથી ડારતો માથાની ટાલમાંથી ખોપરી જાણે કોઈએ ખેંચી કાઢી હોય તેવા વિકૃત માથાવાળો માનવી ધર્મની આગળ આવીને ઉભો રહ્યો. ધર્મે તેને જોઈને નમસ્કાર કર્યા. પોતાની નજરે તે જાણે મહાપુરુષ જ હોય એવી દૃષ્ટિવાળા ધર્મદેવને લાગ્યું કે સંકટમાંથી ઉગારવા ભગવાને જ આ સિદ્ધપુરુષને મોકલ્યા છે.

પવિત્ર અને સરળ હૃદયી ધર્મદેવે પોતાની હકીકત વાત કહી. ફાગણ માસથી વૃંદાવનમાં જઈ વિષ્ણુ આરાધના કરી અને ભગવાન શ્રીકૃષ્ણ દર્શન દઈ પોતાને ત્યાં પૂર્ણ પુરુષોત્તમ સ્વયં પુત્રરૂપે અવતરશે એવા આશીર્વાદ આપ્યા છે. તે તમામ હકીકત ધર્મદેવે ભોળાભાવે કહી. ધર્મદેવની આ હકીકત સાંભળી ગર્જના કરતો તે બોલ્યો, કૃષ્ણના કપટની વાત અજાણી નથી. પાંડવોનો પક્ષ રાખી મારા મિત્ર દુર્યોધનને મરાવ્યો ને મારી સાથે ઘણું જ વૈર બાંધ્યું. હું દ્રોણપુત્ર અશ્વત્થામા છું એમ કહી હાથની મુઠ્ઠીઓ વાળી તે ફરી બોલ્યો કે તારો પુત્ર કદાપિ શસ્ત્ર હાથમાં લેશે નહિ. ને જો શસ્ત્ર લેશે તો શત્રૂને જીતી શકશે નહિ. આ મારો તને શ્રાપ છે. એમ કરી ભયંકર હાસ્ય કરીને ત્યાંથી ચાલ્યો ગયો. આ સાંભળી ધર્મભક્તિનું મન ચગડોળે ચઢી ગયું.

છેવટે વિચારના વમળમાંથી હનુમાનજી પ્રગટ થયા. હનુમાનજીએ તેમને પૂછ્યું શ્રીકૃષ્ણએ સાક્ષાત્ દર્શન આપ્યા છતાં શોકમગ્ન કેમ છો ? ત્યારે ધર્મદેવે કહ્યું, દર્શન દીધા પણ અમારા ભાગ્ય ફૂટેલા એટલે અશ્વત્થામાએ શ્રાપ આપ્યો. આ સાંભળી હનુમાનજી હસવા લાગ્યા. ભગવાન તો શસ્ત્ર લે કે ના લે પણ પોતાના સંકલ્પે બીજામાં પ્રવેશ કરીને પણ અસૂરોનો સંહાર કરશે. તમારે ત્યાં તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પધારશે તેતો પોતાની શક્તિથી શત્રૂનો નાશ કરશે માટે ચિંતા ના કરશો. એટલું કહી હનુમાનજી અંર્તધ્યાન થઈ ગયા. ધર્મભક્તિએ પછી ઉષાના અજવાળે વનમાંથી બહાર નીકળી અયોધ્યાની વાટ પકડી અને થોડા દિવસે અયોધ્યા થઈને છપૈયાપુર પહોંચી ગયા.

<u>પ્રસંગ :</u>

<u>પ્રગટીકરણ અને નામકરણ વિધિ</u>

ધર્મભક્તિનું ભક્તિમય જીવન જોઈ છપૈયાપુરના વાસીઓમાં ભક્તિના ભાવથી રંગાવાના ભાવ જાગ્યા. પરમાત્માના પ્રાર્દુભાવનો સમય નજીક આવતો હતો. ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં એક નવું સુવર્ણ પૃષ્ઠ ઉમેરવાનું હતું. ભારતમાં અનેક અવતારો પ્રગટ થયા છે. જે કાર્ય માટે તેમનું પ્રાગટય હતું તે કાર્ય તેમણે કર્યુ પણ આજે તો સ્વયં પૂર્ણ પુરુષોત્તમ પ્રગટ થવાના હતા તેથી તેઓ પોતાના ઐશ્વર્ય સહિત ધર્મદેવના ઘરે અંતરીક્ષમાં પધાર્યા. તેજ સમયે ધર્મદેવને પોતાના અંતરમાં કોઈ દિવ્ય વિભૂતિના આર્વિભાવનો અનુભવ થયો. ભક્તિદેવીના ઉદરમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનો વાસ થયો.

વેદો પણ પોતે કરેલી સ્તૃતિ સાંભળી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ મૂળ અવિદ્યાનો નાશ કરવા પ્રગટ થવાના છે તે જાણી બ્રાહ્મણોના મુખમાંથી પ્રગટ થઈ પોતાનો આનંદ વ્યક્ત કરતાં હતા. સમગ્ર આનંદ મંગળ વર્તી રહ્યા હતા.

(તા.૩-૪-૧૭૮૧) અષાઢી સંવત ૧૮૩૭ના ચૈત્રને શુક્લ નવમીને સોમવારની રાત્રીએ ૧૦ વાગે શ્રીપૂર્ણપુરુષોત્તમનો પ્રાર્દુભાવ થયો. પૃથ્વી મંગલમય બની ગઈ. છપૈયાપુરમાં સમાચાર વિદ્યુત વેગે પ્રસરી ગયા. દિશાઓ પ્રકાશમય બની ગઈ. સ્ત્રીઓ અને પુરુષો, બાળકો અને વૃદ્ધો કાંઈક કાંઈક ભેટ સામગ્રી લઈને જ ધર્મદેવને ઘેર દોડતા જવા લાગ્યા. ધર્મદેવને ઘેર બ્રાહ્મણો સામવેદના મંત્રો ભણી રહ્યા હતા. કેટલાક ભગવદ્ગીતાનો પાઠ કરતાં હતા. ધર્મદેવના વિશાળ પ્રાંગણમાં ભક્તોની ભીડ જામી. ચંદનના છાંટણા અને અબીલ ગુલાલના પોંખાણથી સૌ ભાવિકો રંગાયા..

સંવત ૧૮૩૮ અષાઢ વદ સાતમને ગુરૂવાર શ્રીહરિ ૩ મહિના અને ૧૨ દિવસના થયા. નામકરણની વિધિની સૌ તૈયારી કરવા લાગ્યા. એટલામાં ત્યાં માર્કંડેય ઋષિ પધાર્યા. ઋષિને બરાબર સમયસર આવેલા જોઈ ધર્મદેવ ખૂબ રાજી થયા. અતિથિનું યોગ્ય સન્માન કર્યા પછી બે હાથ જોડીને તેમને કહ્યું, મહારાજ મારા પુત્રની આજે નામકરણ વિધિ છે એટલે હું માનું છું કે આપ હરિ ઈચ્છાથી જ અહીં પધાર્યા છો, હું આપની શું સેવા કરું ?

<u>ત્રિકાળજ્ઞાની માર્તંડ મુનિ તો જાણતા જ હતા કે શ્રીહરિનો પ્રાર્દુભાવ થયો છે, મારે તેમની કાર્યશક્તિને મહિમાનો નિર્દેશ કરવાનો છે</u>. તેથી તેમણે શાંત મુખમુદ્રા રાખી કહ્યું, અમે તો તીર્થાટન કરતાં કરતાં તમારું નામ સાંભળી અહીં ભિક્ષાર્થે આવ્યા છીએ. ચાર વેદ અને સત્શાસ્ત્રનો મેં અભ્યાસ કર્યો છે. જ્યોર્તિવિદ્યા પણ જાણું છું. આપના બાળકની કુંડળી હોય તો લાવો હું નામકરણ વિધિ કરીશ.

ધર્મદેવે બાળપ્રભુની કુંડળી ઋષિવર્યના હાથમાં સોંપી. કુંડળી જોતા જ ઋષિવર્ય હાથના વેઢે રાશિના નામ ગણવા લાગ્યા. તેમની અતિ પ્રસન્ન મુખમુદ્રા જોઈ ધર્મદેવે પૂછ્યું, બાળકના ગ્રહ અતિ શુભ છે ને ? માર્કંડેય ઋષિએ કહ્યું, ધર્મદેવ સાંભળો તમારા પુત્રના ગ્રહ તો અતિ શુદ્ધ છે.

કર્કનો ચંદ્ર છે તેથી કર્કરાશિ ઉપરથી તેમનું નામ હરિ એવું પડશે..

તેમના આશ્રયે જે જે આવશે તેના જન્મ મરણ ટાળશે..

વળી ચૈત્રમાં જન્મ છે અને કાંતિ શ્યામ છે તેથી કૃષ્ણ નામે પણ ઓળખાશે..

તેમના દર્શન જે જે કરશે તેમની વૃત્તિઓ પોતાના સ્વરૂપમાં તે ખેંચી લેશે તેથી તેમનું કૃષ્ણ નામ પણ સાર્થક છે.

આ બંને હરિ અને કૃષ્ણ મળીને હરિકૃષ્ણ એવા શુભ નામે પણ લોકો તેમને ઓળખશે.

તપ-ત્યાગ-યોગ-ધર્મ અને જ્ઞાનમાં શિવજી જેવા સંપૂર્ણ થશે. એટલે નિલકંઠ પણ કહેવાશે.

આગળ થયેલા તમામ ભક્તો, ઋષિઓ કે મહાત્માઓથી પણ આ બાળક શ્રેષ્ઠ થશે. તેને કોઈની ઉપમા દેવાય તેમ નથી. લાખો મનુષ્ય તેમનો આશ્રય કરશે. તેમને સન્માનશે. આ તમારો પુત્ર તેઓનું કલ્યાણ કરશે. પૃથ્વી પર શુદ્ધ એકાંતિકધર્મનું સ્થાપન કરશે. આ પુત્ર તમારું જ નહિ પરંતુ સમગ્ર વિશ્વનું મંગલ કરશે. પછી ધીરે રહી ધર્મદેવને કહે, મેં કુંડળી તો જોઈ પણ કુંડળીના કર્તાના તો મને દર્શન કરાવો. જેને આધીને રહીને ગ્રહો પોત પોતાના સ્થાનમાં ગોઠવાઈ ગયા છે.

મહાત્માની આ ગૂઢ ભાષા ધર્મદેવ ન સમજી શક્યા. માર્કંડેય ઋષિ હસ્યા. તેમણે કહ્યું, ધર્મદેવ મને તમારા બાળકના દર્શન તો કરાવો. ઋષિ એકદમ બાળકના ચરણ ખેંચી લઇને સામે જોયું. બાળપ્રભુએ પણ તેમની સામે નિર્નિમેષ દષ્ટિથી જોયા કર્યુ. ઋષિ તે ભાવ સમજી ગયા. પ્રભુ કહે છે આટલી ઉતાવળ ઓળખાણ પાડવામાં નહોતી કરવી. ઋષિએ મૂકભાષામાં કહી દીધું, તમને ઉતાવળ ન હોય પણ મારે તો ઉતાવળ હોય જ ને..આવી ભક્તિ કરવાનો પ્રથમ લાભ તો મેં જ લઈ લીધો.

ધર્મદેવે મહાત્માને સારી રીતે મિષ્ટ ભોજન જમાડયું, દ્રવ્યનું દાન આપ્યું પણ મહાત્માએ કહ્યું, હવે અમારે ત્યાગીઓએ ધનનું દાન લેવાનું બંધ કરવું પડશે. શાસ્ત્રોમાં તો તેનો નિષેધ છે જ..અમે તે નિષેધને આજ સુધી અવગણ્યો હતો પણ હવેથી તમારા આ પુત્રના પ્રાગટયથી તે નિયમ અમારે પાળવો પડશે. નહિ તો લોકો અમને ભેખ કહેશે. એટલું બોલીને મહાત્મા ત્યાંથી ચાલી નીકળ્યા.

<u>પ્રસંગ : ૨</u>

ઘનશ્યામ ૬ મહિનાના થયા..આસો સુદ બીજનું શુભ મૂર્હુત જોઈ શ્રીબાળપ્રભુને અન્નપ્રાસન વિધિ કરાવી. આ પ્રસંગે બાળપ્રભુની અંર્તગત રૂચિ શું છે તે જાણવા માટે ધર્મદેવે તેમની પાસે સોનામહોર, તલવાર અને શાસ્ત્રનો ગ્રંથ ત્રણ મૂક્યા. બાળપ્રભુએ મહોર અને તલવાર છોડી શાસ્ત્ર ઉપર પોતાનો હાથ મૂક્યો. ધર્મદેવને પ્રતિતિ થઈ કે બાળક જરૂર મહાન શાસ્ત્રવેત્તા થશે.

<u>પ્રસંગ : ૩</u>

<u>ઘનશ્યામ માછીમારને અહિંસાનો બોધ આપે છે</u>

ઘનશ્યામ ત્રણ વર્ષના થયા. એક દિવસ સવારે ઘનશ્યામ પોતાના બાળમિત્રો સાથે મીન સરોવર પધાર્યા. આ સરોવરમાં પુષ્કળ માછલા હતા તેથી લોકો તેને મીન સરોવર કહેતા. ઘનશ્યામે માછીમારને માછલા પકડતા જોયા. સરોવરમાંથી માછલા કાઢી તે ટોપલામાં નાંખતો હતો. બિચારા અસહાય જીવોની આ ક્રૂર માછીમાર હિંસા કરતો હતો તેથી ઘનશ્યામનું અંતર ધ્રુજી ઉઠ્યું.

તેમને લાગ્યું કે મનુષ્યના હૃદયમાંથી પાપ પૂણ્યની ભાવના જ અલોપ થઈ ગઈ હતી. ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર કરતી તેમની આ ભાવના પાછળ કેવળ ભોગવૃત્તિ જ દેખાતી હતી. સત્ય અને અસત્ય, હિંસા અને અહિંસા વિવેકનો તેમણે સર્વત્ર અભાવ જોયો. ઈશ્વરના અસ્તિત્વનો અંતરમાં ભાવ પ્રગટે તે કામ તેણે કરવાનું હતું. તેમણે તરત જ સંકલ્પ કર્યો. તેમના સંકલ્પમાં અમોઘ શક્તિ હતી. યોગીઓને પોતાના સંકલ્પની સિદ્ધિ માટે તેને પોતાના યોગનું બળ મૂકવું પડે છે જ્યારે આ બાળપ્રભુના સંકલ્પ માત્રથી બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ ને લય થતા હતા. તેમના આ સંકલ્પે માછલા સજીવન થઈ માછીમારના ટોપલામાંથી કૂદીને પાણીમાં પડયા.

માછીમારને આશ્ચર્ય થયું. માછલા ફરી પકડવા તે પાછો પાણીમાં કૂદી પડયો. ઘનશ્યામ કિનારે ઉભા ઉભા કરૂણાસભર સ્મિત રેલાવી રહ્યા હતા. માછીમારને થયું મારી મહેનતને પાણીમાં મેળવી દેનાર આ ઘનશ્યામ જ છે. એણે બહાર આવી ઘનશ્યામને મારવાનો વિચાર કર્યો ત્યાં તો ઘનશ્યામે માછીમારને યમપૂરી દેખાડી. માછીમારને ઘનશ્યામને બદલે વિકરાળ યમરાજ દેખાયા. યમદૂતો માછીમારને મારવા લાગ્યા. માછીમાર ત્રાહિ ત્રાહિ પોકારી ઉઠયો. એણે ઘનશ્યામ પ્રભુને પ્રાર્થના કરવા માંડી પ્રભુ આમાંથી બચાવો હવે ફરી આવું અઘટિત કાર્ય નહિ કરું. ઘનશ્યામે માછીમારને કહ્યું, ભાઈ ! તને જીવવાનો અધિકાર છે તેમ આ જીવોને પણ છે. ઘનશ્યામની દરેક ક્રિયાથી આધ્યાત્મિક ઉત્થાન થતું હતું.

<u>પ્રસંગ : ૪</u>

<u>કડવા ચીભડા મીઠા થયા</u>

સાંજે વશરામ તિવારી ધર્મદેવને મળવા આવ્યા. ધર્મદેવે પૂછ્યું, તિવારીજી આજે ઉદાસ કેમ છો ? તિવારીજીએ પોતાની બહેન ભક્તિમાતા બાજુમાં બેઠા હતા તેમની સામું જોઈને કહ્યું, બેન ! પ્રારબ્ધ અવળા થયા. આપણા ખેતરમાં ચીભડી વાવી હતી પણ બધા ચીભડાં કડવા ઝેર પાક્યા. ધર્મદેવ તથા ભક્તિમાતાને આ સાંભળી દુઃખ થયું. એટલામાં ત્યાં ઘનશ્યામ આવ્યા. તેમના હાથમાં ચીભડા હતા. અને મુખમાં પણ ચીભડા હતા. દોડતા આવીને મામાને કહ્યું, મામા મામા આ ચીભડા બહુ મીઠા છે. હું હમણા જ ખેતરમાંથી લઈ આવ્યો.

મામાને આશ્ચર્ય થયું. પૂછયું કોના ખેતરમાંથી ? ઘનશ્યામ કહે, આપણા ત્રિખૂણીયા ખેતરમાંથી વળી બીજે ક્યાંથી ? બીજાના ખેતરના ચીભડા આપણાથી લેવાય ? તેની આવી ડાહી ડાહી વાતો સાંભળી મામાને આશ્ચર્ય થયું. ઘનશ્યામ જે ચીભડા લાવ્યા હતા તે સુધારી ભક્તિમાતાએ સૌને વહેંચી આપ્યા. સૌને બહુ જ મીઠા લાગ્યા. એટલે વશરામ તિવારી બોલ્યા, ઘનશ્યામ તું મારી સાથે ચાલ..ધર્મદેવ તથા ભક્તિમાતા, રામપ્રતાપ તથા સુવાસિની ભાભી પણ ખેતરે જવા તૈયાર થયા. ખેતરમાં સૌ ગયા અને જુદા જુદા શેઢેથી ચીભડા ઉતારી ચાખ્યા તો બધા જ મીઠા લાગ્યા.

વશરામ તિવારીને નિશ્ચય થયો કે નક્કી ઘનશ્યામે જ કડવી ચીભડી મીઠી કરી છે. અને તરત જ મામા નમસ્કાર કરવા પાસે આવ્યા. હરખાતા હરખાતા સૌ ઘેર ગયા. કડવાને મીઠા કરવા માટે જ ઘનશ્યામનું પ્રાગટય હતું.

(૫) <u>ચકલાને સમાધિ</u>

બીજા દિવસે ધર્મદેવ નાહીને પૂજા કરવા બેઠા. હંમેશા પોતાના કુળદેવતા હનુમાનજીની મૂર્તિ તેમને ધ્યાનમાં પ્રથમ દેખાતી પછી ઈષ્ટદેવ દેખાતા. આજે એ બંને મૂર્તિઓ અલોપ થઈ ગઈ. તેમને તેમના પુત્ર ઘનશ્યામ દેખાવા લાગ્યા. દર્હીના રેલાથી ખરડાયેલી ઘનશ્યામની હસતી બાળમૂર્તિના તેમને દર્શન થયા. તે મૂર્તિમાં અતિ અપાર તેજ દેખાયું. ધર્મદેવ મૂંઝાયા..તેમને લાગ્યું કે પુત્રમાં આસક્તિ છે એટલે પુત્ર દેખાય છે. ઘનશ્યામની મૂર્તિ ભૂલવા તેમણે ઘણા પ્રયત્ન

કર્યા. ઈષ્ટદેવને પ્રાર્થના કરી પણ તે રમણીય હસતી મૂર્તિ તેમના અંતરમાંથી ખસતી જ નહોતી. છેવટે ધ્યાન છોડી તેમણે ભાગવતનો પાઠ શરૂ કર્યો. મનુષ્યભાવમાં દિવ્યભાવ લાવવો તે ખૂબ જ કઠણ છે. પિતાની મૂંઝવણ જોઈ બાજુમાં બેઠેલા ઘનશ્યામ હસતા હતા.

થોડીવાર પછી ધર્મદેવે કહ્યું, આપણે તર ગામના પાદરના ખેતરમાં ડાંગર વાવી છે તેનું ધ્યાન રાખવા તમે જાવ બપોરે હું આવીશ. ધર્મદેવે ઘનશ્યામને સોટી આપી. ઘનશ્યામ મોજડી પહેરી જમણા હાથે અદાથી સોટી ફેરવતા ખેતરમાં ગયા.

ખેતરમાં આવીને જોયું તો નિર્દોષ ચકલાં પુરુષોત્તમ નારાયણના ખેતરમાં નિર્ભય થઈને ચણતા હતા. ઘનશ્યામને થયું આ ચકલાને હું ક્યાં કાઢું..આ ચર-અચર બધું જ મારું છે. પરંતુ મોટાભાઈ અને પિતાજી આવશે તો રોષે ભરાશે. એટલે ઘનશ્યામે વચલો માર્ગ કાઢયો. એમણે એક હોંકારો કર્યો ને બધા ચકલાને સમાધિ થઈ ગઈ. કેટલાક ડૂંડા પર બેઠા હતા. કેટલાકના મોંમા પણ દાણા હતા ને કેટલાક જમીન પર હતા તે બધાને સમાધિ થઈ. પછી ઘનશ્યામ નિશ્ચિંત થઈ ત્યાંથી સખા સાથે રમવા લાગ્યા.

આ બાજુ ધર્મદેવને ચિંતા થઈ. રામપ્રતાપને તપાસ કરવા ખેતરે મોકલ્યા. ઘનશ્યામને અહીં રમતા જોઈ રામપ્રતાપ ગુસ્સે થયા. ત્યારે ઘનશ્યામે કહ્યું, મોટાભાઈ ચિંતા ના કરો બધું બરાબર છે. પછી ઘનશ્યામ મોટાભાઈને લઈને ખેતરે ગયા. રામપ્રતાપભાઈએ ચકલાઓને જોયા. ચકલા જીવે છે કે મરી ગયા છે એ જોવા તેઓ ચકલાને પકડવા ગયા ત્યાં તો ઘનશ્યામની ઈચ્છાથી બધા ચકલા ફરરર કરતાં આકાશમાં ઉડી ગયા. રામપ્રતાપને બહુ આશ્ચર્ય થયું.

પ્રસંગ : ૬

પશ્ચિમમાં મુક્તોએ અને અક્ષરબ્રહ્મે જન્મ લીધો છે

ઘનશ્યામને ચોથું વર્ષ બેઠું. થોડાક સમય પછી ધર્મદેવ કામકાજ પ્રસંગે અયોધ્યાથી છપૈયા ગયા. સાથે ઘનશ્યામ પણ હતા. એક દિવસ ઘનશ્યામ છપૈયાથી દક્ષિણ તરફ મનોરમા નદિ છે ત્યાં મખોડા તીર્થમાં બાળસખાઓ સાથે ફરતાં ફરતાં ગયા. કહેવાય છે કે અહીં વશિષ્ઠ મુનિએ રાજા દશરથ પાસે પુત્રેષ્ટિય યજ્ઞ કરાવ્યો હતો. તેના ફળરૂપે રામચંદ્ર ભગવાન પ્રગટ થયા હતા. આ સ્થાને રામચંદ્રજીના મંદિરો છે. એક મહાદેવનું પણ મંદિર છે.

અહીંયા એક પીપળાનું વૃક્ષ છે. ઘનશ્યામ રમતા રમતા વૃક્ષ ઉપર ચઢી ગયા ને પશ્ચિમ તરફ જોવા લાગ્યા. મિત્રોએ તેમને પૂછયું, ઘનશ્યામ ત્યાં શું જોવે છે ? ઘનશ્યામે કહ્યું, પશ્ચિમમાં મુક્તો પ્રગટ થયા છે. આજે ત્યાં અમારું અક્ષરધામ અવતાર લઈ પ્રગટ થશે. તે દિવસે સંવત ૧૮૪૧ના આસોની પૂનમ હતી. તે રાત્રે ઘનશ્યામે ઘરના સૌ તથા મિત્રો સાથે શરદઉત્સવ ઉજવ્યો. ૧૨ વાગે આરતી કરી ઠાકોરજી ઝૂલાવ્યા અને બોલ્યા, આજે પશ્ચિમમાં સૂર્ય ઉગ્યો છે. સૌને આશ્ચર્ય થયું કે સૂર્ય પશ્ચિમમાં ઉગે ? પછી ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા.

પ્રસંગ : ૭

ભાભીની વીંટી ચોરી

ઘનશ્યામ સરયુ સ્નાન કરી નિત્ય કર્મથી પરવારી ભાભી પાસે આવ્યા. ભાભી રસોઈ કરતા હતા, ભક્તિમાતા દર્શને ગયા હતા. ઘનશ્યામે ભાભીને કહ્યું, ભાભી ભૂખ બહુ લાગી છે માટે જલ્દી કાંઈ ખાવાનું આપો. ભાભી કહે, રસોઈને હવે થોડી જ વાર છે પણ બહુ ભૂખ લાગી હોય તો ચણા મમરા કે સુખડી કે મગદળ આપું. ઘનશ્યામે કહ્યું, ના..મારે તો પેંડા જ ખાવા છે.

ભાભીને આ સાંભળી આશ્ચર્ય થયું. ભૂખ લાગી હોય તો પણ જે કોઈ દિવસ કાંઈ ન બોલે, પરાણે જેને જમવા બેસાડવા પડે, મિષ્ટ ભોજનમાં કોઈ દિવસ રૂચિ જ નહોતી તે ઘનશ્યામ આજે પેંડા માંગે છે. ભાભીએ ઘનશ્યામને વહાલથી કહ્યું, પેંડા તો ભૈયા ઘરમાં નથી, દાદા આવશે ને ત્યારે મંગાવી લઈશ. પણ આજે ઘનશ્યામ હઠે ચઢયા હતા. તેમણે હઠ લીધે કે ના..મારે તો પેંડા જ જોઈએ અને અબઘડી જ..

ભાભી પૂરીનો લોટ બાંધતા હતા તેથી તેમણે આંગળીએ પહેરેલી વીંટી કાઢીને બાજુમાં મૂકી હતી. ઘનશ્યામની હઠ જોઈ હસતાં હસતાં તેમણે કહ્યું કે, ભૈયા તમને એવા ઠેકાણે પરણાવીશ કે રોજ પેંડા ખાવા મળે. ઘનશ્યામને આજે આવી વાત સાંભળવી નહોતી તેમણે તરત કહ્યું, ભાભી હું તો વગર પરણે રોજ પેંડા, મગદળ, બરફી ખાઈશ..પણ આજ તો મને પેંડા આપવા જ પડશે.

ભાભી જાણતા હતા કે દિયરજી આજે ગમ્મતે ચઢયા છે. એટલે લોટ બાંધતા બાંધતા તેમણે કહ્યું, જાવ સામે કંદોઈની દુકાને પુષ્કળ પેંડા છે. ઘનશ્યામે તરત જ કહ્યું, હા ભાભી..હલવાઈની દુકાને જઉં છું. એટલું કહીને દોડીને તેમણે ભાભીની વીંટી લઈ લીધી. ભાભી હાથ ધોઈ ઘનશ્યામને પકડવા દોડયા પણ ઘનશ્યામ એમ કાંઈ પકડાય ? એક ઓરડામાંથી બીજા ઓરડામાં ને બીજામાંથી ત્રીજામાં ઘનશ્યામે સુવાસિની ભાભીને દોડાવ્યા. હાથમાં વીંટી બતાવે ને કહે હલવાઈની દુકાને જાઉં છું..આ વીંટીના ખૂબ પેંડા આવશે બધા દોસ્તો જમીશું.

ભાભીએ જાણ્યું ઘનશ્યામ જરૂર વીંટી હલવાઈને આપી દેશે તેથી કહ્યું, દાદા આવશે તો તમને વઢશે, મોટાભાઈ પણ મારશે. આમ ચોરી કરીને પેંડા ના લેવાય. ચોરી શાની તમારા દેખતા તો વીંટી લીધી છે. પણ ભાભી કહે, ભૈયા લોકો જાણશે તો તમારી શું આબરૂ રહેશે ? કહેશે કે ભાભીની વીંટી વેચીને ઘનશ્યામ પેંડા ખાઈ ગયા. કોઈ કન્યા પણ નહિ દે..

ઘનશ્યામને આ સાંભળી હસવું આવ્યું. હું તો જાતનો ચોર જ છું. સૌના ચિત્ત ચોરી લઉં છું. કન્યા તો મારે ક્યાં જોઈએ છીએ. મારી વાંસે તો પદ્‌મણી જેવી લાખો કન્યા ફરશો તોય હું તેમની સામું નહિ જોઉં. ઘનશ્યામની આ વાત ભાભીને કેમ કરીને સમજાય ? છેવટે ભાભીએ ઘનશ્યામને પૂરી દીધા. ઘનશ્યામને ચોકમાં ઉભેલા જોયા..આ શું ? ઘનશ્યામને મેં ઓરડામાં પૂરી દીધા ને તે બહાર ક્યાંથી ? ભાભી મૂંઝાયા.. એટલામાં ઘનશ્યામ દોડીને બહાર હલવાઈની દુકાને ગયા ને વીંટી આપીને દુકાનમાં જેટલા પેંડા, મીઠાઈ વગેરે હતું તે બધું જ લઈ મિત્રો સાથે વાડીએ ગયા. હલવાઈની દુકાન ખાલી થઈ ગઈ.

થોડીવારે ધર્મદેવ અને રામપ્રતાપ આવ્યા. તેમણે પૂછયું, ઘનશ્યામ ક્યાં ? પણ ભાભી કાંઈ બોલ્યા નહિ. એટલામાં ઘનશ્યામ દોડતા દોડતા મા પાસે આવ્યા. ત્યાં રામપ્રતાપભાઈ આવ્યા તરત જ એમણે પૂછયું કે ઘનશ્યામ વીંટી ક્યાં છે ? ઘનશ્યામ ધ્રુજવા લાગ્યા કે મને વીંટીની કાંઈ ખબર નથી. એટલે એક તમાચો ગાલ ઉપર પડયો. ઘનશ્યામ રડવા લાગ્યા. એટલામાં તેમના મિત્રો આવ્યા. તેમને રામપ્રતાપે પૂછયું એટલે કહ્યું, અમે ઘનશ્યામ સાથે વાડીએ ગયા હતા. સામેના હલવાઈની દુકાનમાંથી ઘનશ્યામે પેંડા બરફી લીધા અને અમે સૌ વાડીમાં જમ્યા.

રામપ્રતાપભાઈ ખૂબ ગુસ્સે થઈને ઘનશ્યામને મારવા જતા હતા પણ વચ્ચે ભાભી અને ભક્તિમાતા આડા આવ્યા. છેવટે બધા હલવાઈની દુકાને

ગયા. ઘનશ્યામ પણ સાથે ગયા. હલવાઈને રામપ્રતાપે તથા ધર્મદેવે પૂછ્યું કે, આ ઘનશ્યામ વીંટી આપી ગયા છે ? હલવાઈએ તરત જ વીંટી બતાવીને કહ્યું, મારી દુકાનની બધી જ મીઠાઈ મેં તેને આ વીંટીના બદલામાં આપી દીધી છે. અંદર જુઓ બધું જ ખાલી છે. બધા પૈસા ચૂકવી દો તો વીંટી આપું..ઘનશ્યામે રડતા રડતા કહ્યું, દાદા એ જૂઠું બોલે છે મેં તેની વીંટી લીધી જ નથી, ચાલો તેની દુકાનમાં..એમ કહી દાદાને અને રામપ્રતાપભાઈને ઘનશ્યામ દુકાનમાં લઈ ગયા ને કહે, જો મીઠાઈ તો બધી અહીં જ છે, આ બધા ટોપલા ભરેલા છે.

રામપ્રતાપ અને ધર્મદેવે જોયું તો મીઠાઈ બધી ટોપલામાં જ હતી. હલવાઈને પણ આશ્ચર્ય થયું ! તો પછી ઘનશ્યામ અને તેમના મિત્રોને બધી મીઠાઈ આપી તેનું શું ? તે મનમાં વિચારવા લાગ્યો. તેણે હાથ જોડીને કહ્યું, ધર્મદેવ આપના આ બાળક મહાન છે. લો, આ તમારી અંગૂઠી..એમ કહી અંગૂઠી પાછી આપી. પછી ઘનશ્યામને કહ્યું, ભૈયા રોજ મીઠાઈ જમવા આવજો. વીંટી લઈ સૌ ઘેર ગયા.

ધર્મદેવે ભક્તિમાતાને બધી વાત કરી. ભાભીએ પણ ઘનશ્યામના બે સ્વરૂપ જોયા હતા. રામપ્રતાપભાઈ પણ વિચારમાં પડી કે હું તો ઘનશ્યામને કોઈ વખત વઢીને મારી પણ લઉં છું તો મને અપરાધ તો નથી થતો ને ? પણ ઘનશ્યામે તેમને મૂંઝવણમાં જ રહેવા દીધા.

પ્રસંગ : ૮

મા ! હું તારો લાડલો

તે સાંજે નિત્યક્રમ પ્રમાણે ઘનશ્યામ સરયૂસ્નાન કરવા ગયા. માતાએ તરત જ કહ્યું, બેટા ઘેર જલ્દી આવજે. રાત્રે મોડું કરશો તો બારણા નહિ ઉઘાડું..ઘનશ્યામે કહ્યું, કથામાં મોડુ થાય તો ? માતા હસવા લાગ્યા ને કહે, હવે જોયા મોટા કથા સાંભળવાવાળા..ઘનશ્યામ તરત ઉપડી ગયા.

તે રાત્રે પણ ઘનશ્યામને ઘેર આવતા ઘણું જ મોડું થયું. સૌ ચિંતા કરવા લાગ્યા. બારણા બંધ કર્યા પણ જીવ તો સૌનો બહાર ઘનશ્યામમાં જ હતો. એટલામાં ઘનશ્યામ આવ્યા ને બારણું ખખડાવ્યું ત્યારે માતાએ પૂછ્યું, કોણ એ આટલી મોડી રાતે ?

ઘનશ્યામે કહ્યું, હું છું..

પણ માતાને આજે ગમ્મત કરવી હતી. તેમણે ફરી પૂછ્યું, હું કોણ ?

ત્યારે ઘનશ્યામે કહ્યું, મા હું ઘનશ્યામ..

એટલે દીદીએ હસતાં હસતાં કહ્યું, ઘનશ્યામ હો તો જંગલમાં જઈને વરસો..

ત્યારે વળી ઘનશ્યામે કહ્યું, મા હું નીલકંઠ..

આજ ભક્તિમાતા ગમ્મતે ચડયાં હતા. તરત જ તેમણે કહ્યું, તો ગિરિ ઉપર જઈ ગહેંકો..

ઘનશ્યામ હસ્યા. માએ આજે ગમ્મત કરવા ધાર્યું છે તો ભલે થઈ જાય.

તેમણે ફરી કહ્યું, હું હરિકૃષ્ણ..

માએ જવાબ આપ્યો, સિંહ કદી કાળા ભાસ્યા નથી.

મા હું વૃષપુત્ર..

ભક્તિમાતાએ કહ્યું, તો જોતરે જોડાવ..

ઘનશ્યામ હસવા લાગ્યા. આજે માએ ખરી પરીક્ષા કરવા ધાર્યુ છે. તેમણે કહ્યું, મા હું ધર્મપુત્ર..

માતાએ કહ્યું, ભીમના ભાઈને ક્યાં પુત્ર હતો ?

હું હરિ..

તો સ્વર્ગમાં જઈને વસો..

મા હું ભક્તિપુત્ર..

ત્યારે માએ કહ્યું, ભક્તિના પુત્ર તો જ્ઞાન અને વૈરાગ્ય છે.

ત્યારે ઘનશ્યામે બૂમ મારીને કહ્યું, મા હું તારો લાડલો..ઓ મા..એમ કહ્યું કે તરત ભક્તિમાતાએ કમાડ ખોલી દીધા ને ઘનશ્યામને તેડીને તેમના ગાલ ઉપર પ્રેમથી ચૂમી લીધી. અને બોલ્યા, બેટા આટલું મોડું અવાય ? બહાર કેટલાય અસુરો ભમે છે. ઘનશ્યામ હસવા લાગ્યા કે માને ક્યાં ખબર છે કે અસુરો તો તેમના માટે જ ભમતા હતા પણ કોઈની કારી ફાવતી નહોતી.

પ્રસંગ : ૯

ઘનશ્યામનો દિવ્ય પ્રભાવ

તરગામની દક્ષિણે આંબલિયા ગામ છે. ત્યાં બળદેવ દૂબેના મિત્ર મંછા મિશ્ર રહેતા હતા. તેમણે તેમના બે પુત્રો - શિવદીન અને સુરૂપને તરગામ રામપ્રતાપને આમંત્રણ દેવા મોકલ્યા. તેમનું આમંત્રણ સ્વીકારી રામપ્રતાપ, ઘનશ્યામ અને સુવાસિની ભાભી તેમની સાથે આંબલિયા જવા નીકળ્યા. રામપ્રતાપ અને શિવદીન આગળ ચાલતા, પાછળ સુવાસિની આંગળીએ ઘનશ્યામને લઈને ચાલતા, તેમની પાછળ સુરૂપ ચાલતો.

આગળ ચાલતા સંધ્યાટાણું થયું એટલે શિવદીને કહ્યું કે, કીનકી ગામમાં રાત રોકાઈ જઈએ. પણ રામપ્રતાપભાઈએ ના કહી. અંધારું વધતું હતું. એવામાં સુરૂપે ઘનશ્યામના શરીરમાંથી શીતળ પ્રકાશ નીકળતો જોયો. ઘનશ્યામ તો ધીમી હલકે 'રામ-સીતા-લછુમન જતિ'ની ધૂન બોલતા ચાલતા હતા. આ પ્રકાશ ક્યાંથી ? રામપ્રતાપે આજુબાજુ જોયું..ઘનશ્યામ નતમસ્તકે ચાલી રહ્યા હતા. સુવાસિનીએ પણ ઘનશ્યામના દેહમાંથી પ્રકાશ નીકળતો જોયો. તેને આશ્ચર્ય થયું. તરત જ તેણે ઘનશ્યામને તેડી લીધા અને પ્રકાશ તો પથરાયા જ કર્યો. રસ્તે ચાલનારા પણ આ પ્રકાશ જોઈ ઘનશ્યામ તરફ જોવા લાગ્યા. ઘનશ્યામ મંદ મંદ હસતા હતા. એમ કરતાં મોડી રાત્રે તેઓ આંબલિયા પહોંચી ગયા. ને બે દિવસ ત્યાં રોકાયા.

પ્રસંગ : ૧૦

માતાદીનને ઘનશ્યામનો પ્રતાપ

ઘનશ્યામ મોસાળ(લોહસીર્સ)માં આ અગાઉ ભક્તિમાતા સાથે આવ્યા હતા એટલે તેમના બાળમિત્રો તેમને મળવા આવ્યા. એમની સાથે ઘનશ્યામ સાંજે ફરવા નીકળ્યા અને થોડે દૂર નીકળી ગયા. ઘનશ્યામ અલૌકિક બાળચેષ્ટામાં મસ્ત બનીને ચાલતા હતા એટલામાં સામેથી ધર્મદેવનો દ્વેષી માતાદીન આવતો હતો. તેને ધર્મદેવ પ્રત્યે અકારણ જ દ્વેષભાવ હતો તેમાં વળી ઘનશ્યામના અલૌકિક ચરિત્રોથી આ દ્વેષમાં વધારો થયો હતો. તેથી તે જાણીને ઘનશ્યામને અથડાયો.

ઘનશ્યામ તરત જ પડી ગયા. પછી ઉભા થઈને ઘનશ્યામે તેનું કાંડુ પકડ્યું. નાના બાળકને પોતાનું કાંડુ પકડતા જોઈ માતાદીને ગુસ્સે થઈને હાથ છોડાવવા આંચકો માર્યો. ઘનશ્યામે પણ તેનો હાથ પકડી જોરથી આંચકો માર્યો. આ આંચકાથી તેનું કાંડું ખડી ગયું. હવે ઝાઝુ જોર કરતાં બીજું કાંડું ખડી જવાની બીકે તે તરત ત્યાંથી ચાલતો થયો.

ઘનશ્યામ ફરીને રાત્રે ઘેર આવ્યો ત્યારે માતાદીન ત્યાં આવ્યો અને રામપ્રતાપને તથા મામાને પોતાનો હાથ બતાવીને કહેવા લાગ્યો, જુઓ ઘનશ્યામે મારું કાંડું ખેડવી દીધું. રામપ્રતાપ આ સાંભળી હસ્યા ને કહે, જોજે કોઈને કહેતો નહિ, લોકો તને મૂરખ કહેશે.

<u>પ્રસંગ : ૧૧</u>

ઘનશ્યામે ચીભડાના વેલા ખેંચી કાઢ્યા

રામપ્રતાપભાઈ સુવાસીની અને ઘનશ્યામ સાથે બળદેવ દૂબેની વાડીએ ગયા. વાડીએ સૌ ખૂબ ફર્યા..કેરીઓ ઉતારી, જાંબુ પડાવ્યા, ફણસ અને અનાર પણ લાવ્યા, ઘરેથી મીઠાઈ પણ લાવ્યા હતા તે કૂંડાળે વળી બેસીને સૌ સાથે જમ્યા. પરંતુ ઘનશ્યામ આ ટોળામાં ન હતા તેનો કોઈનેય ખ્યાલ ન રહ્યો. બાળકો સાથે રમતા ઘનશ્યામ ચીભડાના વેલા પાસે પહોંચી ગયા હતા. ત્યાં બધા મજૂરો વેલા પાસે ઘાસ નીંદતા હતા. ઘનશ્યામ તેમની સાથે કામ કરવા લાગ્યા અને ચીભડાના વેલા ખેંચવા લાગ્યા. મજૂરો તેમને કહેવા લાગ્યા, ઘનશ્યામ આ શું કરો છો ?

ત્યારે પોતે હસતાં હસતાં કહે, ચીભડાના વેલા થોડા છે અને ઘાસ ઝાઝુ છે તેથી ચીભડાના વેલા ખેંચી કાઢું છું. મજૂરોએ તેમને ખૂબ વાર્યા પણ તેમણે તો લગભગ ચીભડાના બધા જ વેલા ખેંચી કાઢ્યા. એટલે મજૂરોએ રામપ્રતાપભાઈને વાત કરી. આ સાંભળી રામપ્રતાપભાઈ ઘનશ્યામ ઉપર ખૂબ ગરમ થયા કે, કેમ બધા વેલા ખેંચી કાઢ્યા ? આવી ધમાલ કરવા અહીં આવ્યા છો ?

તેમની લાલ આંખ જોઈ ઘનશ્યામ ધ્રુજવા લાગ્યા. જેના ભ્રૂભંગથી અનંત બ્રહ્માંડોના દિગ્પાલો ડોલી જતા તે પૂર્ણ પુરુષોત્તમના બાળસ્વરૂપ ઘનશ્યામને આજે રામપ્રતાપની બીક લાગી.

ઘનશ્યામે અકારણ બળદેવ દૂબેનું નુકસાન કર્યુ તેથી આવેશમાં જ રામપ્રતાપભાઈએ ઘનશ્યામને બે તમાચા લગાવી દીધા. સુવાસિનીએ તરત જ દોડીને ઘનશ્યામને તેડી લીધા. એટલામાં બળદેવ દૂબે તથા તેમના પત્ની, પુત્રો સૌ આવી ગયા ને રામપ્રતાપભાઈને કહ્યું કે, ઘનશ્યામે કદાચ વેલા ખેંચી પણ કાઢ્યા હોય તોય શું એમને આમ મરાય ? અમને ધર્મદેવ કેટલો ઠપકો આપે..આતો બાળક છે.

પણ ઘનશ્યામે તેમની પાસે જઈને કહ્યું, દાદા તમે ચાલો..બધા વેલા એમ ને એમ ઉભા છે. ભૈયા તો ક્રોધી છે. ઘનશ્યામ સૌને ચીભડાના ખેતરે લઈ ગયા. ત્યાં જોયું તો વેલા એમને એમ ઉભા હતા. આ જોઈ મજૂરોને આશ્ચર્ય થયું. તેમને થયું આખું ખેતર ઘનશ્યામે ખલાસ કરી દીધું હતું ને આ શું થયું ? તેઓ ભોંઠા પડી ગયા. મજૂરોને બળદેવ દૂબેએ ખૂબ ઠપકો આપ્યો. મજૂરો નીચું જોઈ રહ્યા. તેમણે જાણ્યું કે ઘનશ્યામ કોઈ અલૌકિક બાળક છે.

રામપ્રતાપભા, આ તમાશો જોઈ અવાક્ બની ગયા. ઘનશ્યામને વગર વાંકે મારવાથી તેમના અંતરમાં બળતરા થઈ. રામપ્રતાપભાઈ કાંઈ બોલી શક્યા નહિ. ઘનશ્યામ આંખમાં આંસુ સાથે રામપ્રતાપ સામું જોઈને કોઈ ન જુએ તેમ મંદ મંદ હસતા હતા.

<u>પ્રસંગ : ૧૨</u>

હરિદાસની રામકથામાં

ઘનશ્યામ સખા સાથે હરિદાસ બાવાજીની પર્ણકુટિમાં ગયા. હરિદાસની કથા સાંભળી. કથા પૂરી થઈ એટલે ઘનશ્યામ અને સખાઓ સ્નાન કરવા તળાવમાં પડ્યા. સ્નાન કરતાં કરતાં ઘનશ્યામે એક વૃક્ષ સામું જોઈ પૂછ્યું, સુખનંદન ! આ શેનું ઝાડ છે ? એતો કદંબનું ઝાડ છે.

પછી નાહીને બહાર નીકળ્યા એટલે ઘનશ્યામ સખા સાથે કદંબના ઝાડ પાસે આવ્યા. ત્યાં બાજુમાં કેવડો હતો એટલે ઘનશ્યામે કેવડો લીધો ને સખાઓએ કદંબના પુષ્પો લીધા. ઘનશ્યામ કહે, આ ફૂલોની માળા બનાવી આપણે પહેરીએ. ઘડીએ ઘડીએ ઘનશ્યામ બોલે : અહો બહુ મીઠી સુગંધ..મિત્રોએ તેમની રૂચિ જાણી મોટો હાર બનાવીને ઘનશ્યામને પહેરાવ્યો. ગળાથી નાભિ સુધીનો હાર ઘનશ્યામે પહેરી રાખ્યો. મિત્રોએ બાજુબંધ અને ટોપી બનાવી તે પણ ઘનશ્યામને પહેરાવી. તેની ઉપર કેવડો મૂક્યો. ઘનશ્યામ મહાપ્રભુને ફૂલના શણગાર શણગારી સૌ આનંદમાં આવી ગયા.

એટલામાં પર્ણકુટિમાંથી હરિદાસ બાવાજી બહાર આવ્યા. વૃક્ષ નીચે ઘનશ્યામને સખા સાથે રમતા જોઈ ત્યાં આવ્યા. ત્યાં તેમને ઘનશ્યામમાં રઘુનંદન દેખાયા. તે અવાક્ બની ગયા.

<u>પ્રસંગ : ૧૩</u>

ઘનશ્યામને ખાંપો વાગે છે

એટલામાં ત્યાં ગાયોનો ગોવાળ ગાયોને લઈને આવ્યો. ઘનશ્યામે એને પૂછ્યું, આટલી બધી ગાયો તમે એકલા શી રીતે સાચવો છો ? ગોવાળે હસીને કહ્યું, એતો અમારા કબજામાં જ રહે. ઘનશ્યામ કહે, કોઈ ભાગે તો ? ગોવાળ કહે, અરે ભાર છે ? ભાગે જ નહિ..મારો અવાજ સાંભળીને પૂંછડાં ઉંચા કરી મારી પાસે આવીને ઉભી રહે.

ઘનશ્યામને તેની વાતથી આનંદ થયો. પછી દૂરથી આવતી ગાયોના ધણને ઘનશ્યામે પોતાના ઘેરા શબ્દથી બોલાવી. એ શબ્દ સાંભળી ગાયો ઉંચા પૂંછડા અને ઉંચુ મોં કરી ઘનશ્યામ તરફ દોડી. ઘનશ્યામના સખા ચમક્યા, ત્યાંથી દોડ્યા..ઘનશ્યામ પણ દોડ્યા. તળાવ પાસે આંબલીના વૃક્ષ પર સૌ ચડી ગયા. ગાયો પણ ત્યાં આવી. ઘનશ્યામને આંબલીના વૃક્ષ પર જોઈ ગાયો આમલીની આજુબાજુ ઉંચા પૂંછડાં ને ઉંચા મોં કરીને ભાંભરવા લાગી. પાછળ ગોવાળ ડાંગ લઈને દોડતો આવ્યો ને ગાયોને ડાંગ મારવા લાગ્યો. પણ ગાયો ત્યાંથી શાની ખસે ? છેવટે ઘનશ્યામે જાણ્યું કે ગાયોને વાળવા માટે ગોવાળ તેને મારશે એટલે વૃક્ષ પરથી જ બે હાથ ગાયો તરફ કર્યા અને ગાયો તરત જ ત્યાંથી ચાલી ગઈ.

ઘનશ્યામની રાહ જોતો ગોવાળ નીચે જ ઉભો રહ્યો. ધીરે ધીરે ઘનશ્યામ નીચે ઉતરવા લાગ્યા. ત્યાં એક સૂકાયેલ ડાળનું ઠૂંઠું ઘનશ્યામની જમણી સાથળમાં વાગ્યું અને લોહીની ધારા વછૂટી. ઘનશ્યામ તેને ન ગણકારતા નીચે ઉતરી ગયા. ગોવાળે નમસ્કાર કરીને કહ્યું, તમે કાનુડા છો..નહિ તો ગાયો મારાથી છૂટી પડે જ નહિ. ઘનશ્યામ હસ્યા..

સૌ સખા નીચે ઉતર્યા ને ઘનશ્યામની સાથળમાંથી લોહી નીકળતું જોઈ સૌ ગભરાયા. ઘનશ્યામને તળાવ કાંઠે લઈ ગયા. ઘા ધોઈ લોહી કેમ બંધ કરવું તે સૌ વિચારતા હતા એટલામાં સામેથી સફેદ વસ્ત્ર, સફેદ પાઘ અને ખભે ખંડિયો લટકાવીને એક પુરુષ આવતો હતો. એણે સૌને જોઈને પૂછયું, અહીં બળદેવ દૂબેનું ઘર ક્યાં આવ્યું ? સખાઓએ કહ્યું, અહીં જ છે..આ એમના સંબંધી ઘનશ્યામ છે. તેને વાગ્યું છે એટલે અમે તેમને તેને ઘેર તેડી જઈએ છીએ.

તરત જ એ પુરુષે કહ્યું, લાવો હું લોહી બંધ કરી ઘા ઉપર પાટો બાંધી દઉં. એમ કહી ખડિયામાંથી ઔષધિ કાઢી, ઘા સાફ કરી, પોતાની પાઘ ચીરી પાટો બાંધી દીધો. ઘનશ્યામ તેમની સામું જોઈ જ રહ્યા હતા. તે પણ ઘનશ્યામને જરાય દુઃખ ન થાય એ રીતે સંભાળ રાખી સારવાર કરતા હતા. પાટો બંધાઈ રહ્યો એટલે ઘનશ્યામ અને સૌ સખા બળદેવ દૂબેના ઘેર જવા ઉઠયા.

પેલા પુરુષે કહ્યું, તમે સૌ જાઓ..હું સંધ્યાવદન કરીને આવું છું. એમ કહી તેઓ ત્યાં રોકાયા. રસ્તામાં સુખનંદને ઘનશ્યામને પૂછયું, તને તે ઓળખે છે ? ઘનશ્યામ ક્હ્યું, હા..તે અમારા જૂના વૈદ્ય છે. તેમનું નામ અશ્વિનીકુમાર છે. પણ સખાઓ આમાં શું સમજે ? તેમને આશ્ચર્ય થયું. પણ દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર આ સેવા કરી ગયા તેની તેમને ગમ કેમ પડે ?

ઘનશ્યામ ઘરે આવ્યા ને ભાભી સાથળમાં પાટો જોઈને એકદમ ગભરાયા..ઘનશ્યામે કહ્યું કે, ઝાડનો ખાંપો વાગ્યો. તે સાંભળી ભાભી રડવા લાગ્યા. તેણે ઘનશ્યામનો પગ જોવા પગે હાથ અડકાડયો તો ઘનશ્યામે પગ લઈ લીધો એટલે ભાભીને થયું કે ભૈયાને પગે બહુ પીડા થતી હશે. તેણે તરત જ ઘનશ્યામને ખોળામાં લીધા. ખોળામાં સૂતા સૂતા ઘનશ્યામે કહ્યું, ભાભી ! પાટો ખોલ જોઉં..એટલે ભાભીએ હળવે રહીને પાટો ઉકેલ્યો. જોયું તો ઘાની ફક્ત નિશાની જ હતી. એકદમ ભાભીએ છણકો કર્યો. ઘનશ્યામને ગાલે ટપલી મારતાં કહ્યું, જૂઠ્ઠા ભાભીને ગભરાવવા માટે પાટો બાંધ્યો હતો ?

ઘનશ્યામ હસ્યા..એટલામાં સુખનંદન આવ્યો. તેણે ઘનશ્યામની ઉઘાડી સાથળ જોઈ પૂછયું, ઘા રુઝાઈ ગયો ? તરત જ ભાભી બોલ્યા કે, વાગ્યું છે જ ક્યાં ? ભાભીને ગભરાવવા માટે અમસ્થો ઢોંગ કરે છે. પણ સુખનંદને કહ્યું કે, ના..ના..ભાભી બહુ વાગ્યુ હતું, ઘણું લોહી નીકળ્યું હતું પણ તમારા વૈદ્ય છે તે આવીને પાટો બાંધી ગયા હતા. ભાભીને આ કાંઈ ના સમજાયું. ઘનશ્યામની અકળ લીલા ભાભી કળી ન શક્યા.

<u>પ્રસંગ : ૧૪</u>

<u>હનુમાનગઢીમાં બાવા મોહનદાસને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો</u>

ઘનશ્યામ નિત્યક્રમ પ્રમાણે સરયૂસ્નાન કરીને હનુમાનગઢીએ દર્શન કરવા ગયા. હનુમાન જતિના દર્શન કરી હનુમાનજીની ગાદી પાસે બાવા મોહનદાસ રામાયણની કથા વાંચતા હતા ત્યાં આવ્યા. કથાના અધ્યાયમાં એકાદશી વ્રતનો મહિમા આવ્યો : ૧૦૦ રાજસૂય યજ્ઞ કરે કે ૧૦૦૦ અશ્વમેઘ યજ્ઞ કરે, પણ તેનું પૂણ્ય એકાદશી વ્રતના ૧૬માં ભાગ જેટલું પણ ન થાય. આ સાંભળી ઘનશ્યામ ઘણા રાજી થયા અને મોહનદાસને પ્રશ્ન પૂછયો કે એકાદશી વ્રતનો આટલો મહિમા શાસ્ત્રમાં કહ્યો છે તોપણ ઘણા લોકો તે વ્રત કેમ કરતા નથી ?

બાવાજીને આ પ્રશ્ન જરા આકરો પડયો કારણ પોતે એકાદશી વ્રત કરતા નહિ ને તેનો ઉપદેશ પણ કોઈને આપતા નહિ. એટલે તેમણે વ્યંગમાં ઉત્તર આપ્યો કે, ઘનશ્યામ તું શું જાણે ? આ મનુષ્યદેહ પ્રભુએ આપ્યો છે તે કાંઈ ભૂખ્યા રહી દુઃખ ભોગવવા આપ્યો છે? અંદર આત્મારૂપી ભગવાન છે. તેને જે આવી રીતે ભૂખ્યા રહીને દુઃખ આપે છે તે તો પાપી છે. આ મનુષ્યદેહે તો ખાવું, પીવું, વિષય ભોગવવા. એ રીતે મહામોંઘો મનુષ્યદેહ મળ્યો છે તે સાર્થક કરી લેવો. જેને ખાવા અન્ન ન મળે તેને તો સદા એકાદશી જ છે ને ? એટલું કહી પોતાના કથનની સત્યતા માટે શ્રોતા તરફ જોઈને તેણે હસીને કહ્યું, જુઓને, આ છોકરું ! તેને છે કાંઈ ખબર ? એકાદશીને તો જગન્નાથપુરીમાં ઉંચે બાંધી દીધી છે.

શ્રોતાજનો તો બાવાજીની રહસ્યમય વાતોમાં ડોકું ધુણાવ્યે જ જતા હતા. પંચવિષયના આદરમાં જયાં રૂચિ હોય ત્યાં તેના અનાદરની વાત કોને ગમે ? ઘનશ્યામ ત્યાંથી તરત જ ઉઠી ગયા અને હનુમાનજીના મંદિરમાં જઈ પરિક્રમા કરવા લાગ્યા. આવા વિષયી અને લંપટ ગુરૂ પોતાના શિષ્યનું કેટલું અધઃપતન કરે છે તે વિચારથી તે ખિન્ન થઈ ગયા. ઘનશ્યામને આ પ્રસંગથી ઘણા ઘણા વિચારો આવવા લાગ્યા. પંચવિષયના પ્રહારોથી જીવ ઘાયલ થઈ જાય છે. આ ઘા યમના દંડ જેવા છે. પરંતુ જીવને તેની ગમ પડતી નથી. ઘનશ્યામને લાગ્યું કે બાવાજી યમનો આવો માર ખાઈ રહ્યા છે.

ઘનશ્યામ બાવાજીના આવા ઉત્તરથી ખિન્ન થઈને ઉભા થઈ ગયા તે શ્રોતાઓને ગમ્યું નહિ. તેમના પ્રશ્નનો ઉડાઉ જવાબ બાવાજીએ આપ્યો તેથી સૌને તેમના ઉપર રોષ થયો. તેમને બાવાજીને કહ્યું, ધર્મની ગાદી ઉપર ચઢી બેઠા છો અને નિયમ-ધર્મ-ઉપવાસની કેમ ઠેકડી ઉડાવો છો ? બાવાજીને આ પ્રહારથી અંર્તદૃષ્ટિ થઈ. તે ઉઠીને ઘનશ્યામ પાસે ગયા. તેમને પગે પડયા. ઘનશ્યામે તેમને કહ્યું, ધર્મની ગાદી ઉપર બેસી ધર્મનો ઉપદેશ કરશો તો ભગવાન રાજી થશે. પશ્ચાતાપના ભાવથી તેમણે ઘનશ્યામના પગ પકડી લીધા. ઘનશ્યામે તેમના માથે બે હાથ મૂક્યા. બાવાજીનું અંતર નિર્મળ થઈ ગયું.

<u>પ્રસંગ : ૧૫</u>

<u>જનોઈ વિધિનો મંગલ ઉત્સવ</u>

સંવત ૧૮૪૫ના ફાગણ સુદ નોમની સવારે મંડપનું મુર્હુત હતું. ભક્તિમાતા તથા સુવાસિની ભાભીનો ઉત્સાહ સમાતો નહોતો. ઘનશ્યામના ઉપવીત સંસ્કારનો ઉત્સવ કરવાનો હતો. એટલામાં હરિકૃષ્ણ પંડિતે ગણપતિનું સ્થાપન કરવા માટે ધર્મદેવ તથા ભક્તિમાતાને બોલાવ્યા. પછી ઘનશ્યામને માતાપિતાની વચ્ચે બેસાડયા. દેહશુદ્ધિની તમામ વિધિ કરાવી. ઘનશ્યામ મહાપ્રભુ આ લીલા જોઈને મંદ મંદ હસતા હતા. જેની દૃષ્ટિ માત્રથી અનેકના દેહ-મન અને આત્મા શુદ્ધ થઈ જતા હતા. ઘનશ્યામ પ્રભુને દેહની શુદ્ધિની વિધિ આલોકના વિધિનિષેધના નિયમ પ્રમાણે કરવાનું હતું.

આ વખતે મંડપમાં સ્ત્રીઓ ગાતી હતી. ભાભીએ હાથ ખેંચતા કહ્યું, અરે મૂકો..મૂકો..હાથ છોડો, બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય ? અને તરત જ ઘનશ્યામે ભાભીનો હાથ છોડી દીધો. એકાંતિક ધર્મના સ્થાપન માટેનું પ્રથમ સોપાન હવે શરૂ કરવું જ રહ્યું. જગતના કહેવાતા ભેખમાં ચાલતો આવતો સ્ત્રી-પુરુષનો ભેળીસારો હવે બંધ કરવો જ રહ્યો. ઘનશ્યામ વિચારમગ્ન થઈ ગયા.

પછી બટુકબ્રહ્મચારીને સુંદર ધોતીયું પહેરાવ્યું. કાશી જવાનો સમય થયો. ચોકમાં સૌ આવ્યા. અહીંથી ઘનશ્યામને વિદાય આપવાની હતી.

હરિકૃષ્ણ પંડિતે પાણીના સાત લીટા કરી સાત સમુદ્ર બનાવ્યા અને કહ્યું, આ સાત સમુદ્ર ઓળંગવાના છે, માર્ગ કઠણ છે માટે સંભાળીને જજો. સૌ આ જોવામાં અને સાંભળવામાં મગ્ન થઈ ગયા હતા.

ત્યાં ઘનશ્યામના કાને એક સૂરીલા શ્વરનો અવાજ પડયો. ઘનશ્યામ બાજોઠ ઉપર બેઠા હતા ત્યાંથી ફરીને એકદમ પાછળ જોયું, મા ! આ કોણ ગાય છે ? માને તો ગાવાનો અવાજ સંભળાતો નહોતો. પંડિતના મંત્રો જ સંભળાતા હતા. તેણે કહ્યું, બેટા અહીં તો કોઈ ગાતું નથી. ના..મને અવાજ આવ્યો. પશ્ચિમ દેશમાંથી મારા અક્ષરબ્રહ્મની માતા આજે જનોઈના ગીત ગાઈ રહ્યા છે.

માને આ ન સમજાયું. તેમણે કહ્યું, ઘનશ્યામ જુઓ પંડિત શું સમજાવે છે..પરંતુ ઘનશ્યામને એ બધું ક્યાં સમજવું હતું. શાસ્ત્ર માત્રના મૂળ સમા જ્ઞાનનું મૂળ સ્વરૂપ અક્ષરબ્રહ્મ આજે આ જનોઈની વિધિ પશ્ચિમમાં પોતાની ઘેર બેઠા નિહાળી રહ્યા છે તેથી તેમણે તેમની માતાને કહ્યું, મા જનોઈના ગીત ગાવ.. આજે અયોધ્યામાં પૂર્ણ પુરુષોત્તમને જનોઈ દેવાય છે. હમણા કાશીએ પધારશે. તેમના મા અત્યારે ગાય છે. તેમની ભાષા તો ભગવાનને અષ્ટ આવરણ પાર સંભળાય છે તો આતો કાંઈ અંતર ના કહેવાય. ઘનશ્યામનું મન તેમના અક્ષરબ્રહ્મના સ્વરૂપમાં ચોંટી ગયું.

આજે પોતાનું ધામ અક્ષરબ્રહ્મ તેમને હવે સાદ કરીને બોલાવે છે કે હવે કાશી નહિ, પશ્ચિમમાં અધર્મથી ભ્રષ્ટ થયેલી પૃથ્વીને શુદ્ધ કરવા એકાંતિક ધર્મનું સ્થાપન કરવા પધારો. તેજ સમયે ઘનશ્યામે નિશ્ચય કરી લીધો. ઘનશ્યામને વિચાર આવ્યો કે માતાપિતાને દિવ્ય ગતિ આપીને પછી જ હું ગૃહત્યાગ કરું.

પ્રસંગ : ૧૬

ઘનશ્યામ મહારાજનો અભ્યાસ - પોતાનો ગુટકો બનાવ્યો

ઘનશ્યામ બાળપ્રભુએ ધર્મદેવ પાસે વેદ વેદાંત વગેરે ભણવાનું ચાલું રાખ્યું. ધર્મદેવે પ્રથમ તેમને ઋગવેદ સાથે સામવેદ ભણાવ્યો પછી બીજા બે વેદ પણ ભણાવ્યા. ષડ્દર્શન પણ ભણાવ્યા સાથે સાથે શ્રીમદ્ ભાગવત અને મહાભારતનો અભ્યાસ પણ ઘનશ્યામે કરવા માંડયો. ભાગવતમાંથી ગોપીગીતા, વેણુગીતા, ભ્રમરગીત પણ તેમને કંઠસ્થ કરી લીધા. પુરંજનનું આખ્યાન તથા જડભરતનું ચમત્કાર આખ્યાન તેમને અત્યંત પ્રિય લાગ્યું. તે તેઓ સદા વિચારતા.

ઘનશ્યામની વિદ્યાસિદ્ધિ જોઈ ધર્મદેવેને આશ્ચર્ય થતું. પરંતુ ઘનશ્યામને તો આ સહજ હતું. ઘનશ્યામે ત્વરિત ગતિથી અભ્યાસ પૂરો કર્યો. સર્વ વેદોથી જે જાણવાનું સ્વરૂપ છે તે સ્વયં પોતે જ છે. સર્વ વેદો જેમની સ્તુતિ કરે છે, સર્વ વેદો જે અક્ષરબ્રહ્માત્મક નાદમાંથી ઉત્પન્ન થાય છે તે અક્ષરબ્રહ્મના આધાર અને આત્મા સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણને આલોકની દ્દષ્ટિએ કદાચ વિદ્યાભ્યાસ કરવા જેવું લાગે તેથી તેમણે વિદ્યાભ્યાસ પૂરો કરી લીધો.

શ્રીમદ્ ભાગવતમાંથી દશમસ્કંધ અને પંચમસ્કંધ..

સ્કંધપુરાણમાંથી શ્રીવાસુદેવ મહાત્મ્ય

મહાભારતમાંથી શ્રીમદ્ ભગવદ્ગીતા

વિદુરસહસ્ત્રનામ તથા

વિદુરનિતિ

ધર્મશાસ્ત્રમાંથી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ

મીતાક્ષરી ટીકા

એ આઠ શાસ્ત્રોના રહસ્યનો એક ગુટકો તેમણે બનાવ્યો. તે તેમણે ધર્મદેવેને બતાવ્યો. ધર્મદેવે તે વાંચી ખૂબ રાજી થયા. સાક્ષાત્ પરમાત્મા જ શાસ્ત્રરૂપી સમુદ્રમાંથી આવા રત્નો શોધી શકે. એ ગુટકો તેમના નિત્ય અધ્યયનનો ગ્રંથ બની ગયો. ઘનશ્યામની વિદ્વત્તાની પ્રતિભા અયોધ્યાના છાત્રો ઉપર પડી. શાસ્ત્રોના કઠણ શબ્દોના અર્થના ઉકેલ માટે તેઓ ઘનશ્યામ પાસે આવવા લાગ્યા. ઘનશ્યામ તેમને શુદ્ધ વેદાંતનું રહસ્ય સમજાવતા. ઘનશ્યામની રહસ્યમય વાતો સાંભળી આ છાત્રોને વિશિષ્ટાદ્વૈત મત સત્ય લાગ્યો. ભગવાન એક અને અદ્વિતીય છે, સદા સાકાર છે અને સર્વકર્તા છે એ રહસ્ય તેમના જીવમાં દ્દઢ થઈ ગયું.

પ્રસંગ : ૧૭

કાયસ્થે કરેલી શ્રીશંકરની સ્તુતિ

ઘનશ્યામના પોતાના સગા સંબંધીને વિષેથી મમતા ઓછી થાય તે માટે ઘનશ્યામ ઘણુખરું બહાર જ રહેવા લાગ્યા. અયોધ્યામાં એકાંતસ્થાનમાં મહાદેવનું મંદિર છે ત્યાં જઈને તેઓ આરામ કરતા.

એક દિવસ બપોરેના સમયે આ મંદિરમાં દેવીબક્ષ નામનો એક કાયસ્થ આવ્યો. એ ચંદ્રશેખરનો ભક્ત હતો. ને રોજ સવારે શંકરની પૂજા કરવા આવતો. ઘનશ્યામ અહીં યોગનિંદ્રાને આધીન રહી સ્વસ્વરૂપમાં લીન થઈ જતા. તેમને આ કાયસ્થને ગાલ વગાડીને શંકરને પ્રાર્થના કરતા સાંભળ્યા. કાયસ્થ એની ઉતાવળી વાણીમાં બોલ્યે જતો હતો હે શંભુ હે ભોળાનાથ તમે મને જન્મોજન્મ લંબકર્ણનો જ અવતાર આપજો.

ઘનશ્યામ આ સાંભળી ચમક્યા. તેમને કાન સરવા કર્યા. કાયસ્થે આગળ ચલાવ્યું હે ચંદ્રશેખર મનુષ્યદેહમાં તાંબુ ખાઈ ખાઈને મરી ગયા પણ લાજ મેલીને વિષય ન ભોગવાયા માટે હવે તો લંબકર્ણનો અવતાર આપજો જેથી નિર્લજ્જ થઈને વિષય તો સારી પેઠે ભોગવાય. ઘનશ્યામ આ સાંભળી આભા બની ગયા. આવો દુર્લભ મનુષ્યદેહ તે છોડીને પંચવિષય ભોગવવા લંબકર્ણનો અવતાર આ માંગે છે તેમના અંતરમાં અરેરાટી થઈ. શું વિષય લંપટ માણસો આવા હશે ? જગતના જીવની આવી પશુ જેવી મનોદશા ? મનુષ્યની આવી અધોગતિ જોઈ ઘનશ્યામે અહીં સંકલ્પ કર્યો કે હવે ગૃહત્યાગ જલ્દી કરવો અને મનુષ્યોને વિષયના ફાંસલામાંથી છોડાવી મોક્ષને માર્ગે વાળવા.

એકાએક શંકરના લિંગ ઉપરથી કરેણનું એક ફૂલ નીચે પડયું. ત્યારે દેવીબક્ષે જાણ્યું ભગવાન ચંદ્રશેખરે મારી પ્રાર્થના સ્વીકારી ખરી. તે ફૂલ લઈને ચાલતો થયો. ઘનશ્યામ સીધા સરયુસ્નાન કરવા ગયા પણ તેમને ક્યાંય ચેન પડયું નહિ એજ વિચારમાં મગ્ન હતા.

પ્રસંગ : ૧૮

ઘનશ્યામ અદ્વૈતવાદીઓને સાચા મતની ઓળખાણ આપે છે

ઘનશ્યામને ૧૧મું વર્ષ બેઠું. ચંદ્રગ્રહણ આવ્યું એટલે ધર્મદેવે કહ્યું કે, આ ગ્રહણના દિવસે આપણે કાશી જઈ ગંગાસ્નાન કરી આવીએ. ઘનશ્યામને આ વિચાર ગમ્યો. ઈચ્છારામને સાથે લેવાનો વિચાર કર્યો. છપૈયાથી મોતી તરવાડી, રત્ન પાંડે તથા અન્ય સંબંધીઓ પણ ધર્મદેવ કાશી જવાના છે તે

સાંભળી તેમની સાથે કાશી જવા તૈયાર થઈ ગયા. આ પ્રમાણે સંઘ કાશી ઉપડયો.

ધર્મદેવેની એક વિદ્વાન તરીકેની પ્રતિષ્ઠા ખૂબ જ પ્રસરી હતી. કાશીના વિદ્વાનોએ જાણ્યું કે ધર્મદેવ ગ્રહણ કરવા માટે કાશીપુર પધાર્યા છે ત્યારે સર્વ વિદ્વાનો તેમને મળવા માટે આવવા લાગ્યા. ધર્મદેવને અહીં ૧૦ દિવસ રહેવાની ઈચ્છા હતી એટલે ગંગા કાઠે ઉતારો રાખ્યો. ત્યાંના મહંતનો પણ ખૂબ આગ્રહ હતો. વળી વિદ્વાનોને પણ સારી રીતે ત્યાં મળી શકાય અને ગંગાસ્નાનનો પણ લાભ મળે એ હેતુથી ધર્મદેવે ઉતારો ફેરવી નાંખ્યો ને ગોમઠમાં આવી ગયા.

અહીં વિદ્વાનોના મંડળો તેમની પાસે આવવા લાગ્યા. ધર્મદેવની સાથે ઘનશ્યામ હંમેશા હોય. તેમને જોઈ વિદ્વાનો વિચારમગ્ન બની જતા કે ધર્મદેવને ઘેર બૃહસ્પતિ સાક્ષાત્ પધાર્યા છે કે દશરથકુમાર રઘુનંદન સ્વયં છે ? ગોમઠમાં આવતા વિદ્વાનોએ એક ધર્મસભા યોજવાનું નક્કી કર્યુ. ધર્મદેવને તેમણે આ વાત કરી. ધર્મદેવે સંમતિ આપી અને બીજા દિવસે ગોમઠમાં જ આ સભા થઈ.

આ સભામાં અદ્વૈતવાદીઓ પણ આવ્યા ને રામાનુજ મતના પંડિતો આવ્યા, બીજા પણ ઘણા પંડિતો હતા. મધ્વ, વલ્લભ, નિંમ્બાર્ક અને ચૈતન્ય મતના દરેક્ને ઘનશ્યામના મુખની વાણી સાંભળવાની ઈચ્છા હતી. વળી આવા દિવ્ય વિભૂતિ જેવા આ બાળક કયા મતનું પ્રતિપાદન કરે છે તે પણ તેમને જાણવું હતું. <u>કારણ તેઓ માનતા હતા કે તત્વજ્ઞાન એ કેવળ બુદ્ધિનો વિષય નથી પરંતુ અનુભવનો પણ વિષય છે. એટલે આવા અનુભવી બાળકના વચનો સૌને વિશેષ પ્રમાણભૂત મનાય.</u>

અદ્વૈતવાદી પંડિતોએ ચર્ચાની શરૂઆ કરતા સભામાં પૂછયું, આ સર્વ બ્રહ્મ છે, બહ્મ સિવાય બીજું કાંઈ જ નથી. બ્રહ્મ એક જ સત્ય છે અને સર્વ નામરૂપ આકારમય જગત મિથ્યા છે. અદ્વૈત મતવાદી પંડિતોએ કહેલી આ શ્રુતિઓને યથાર્થ સમજાવતા શ્રીઘનશ્યામ બાળપ્રભુએ કહ્યું, હે પંડિતો તમે સમજો છો તે પ્રમાણે આ શ્રુતિઓનો અર્થ નથી પણ <u>જડચેદાત્મક આ સઘળું જગત એ પરમાત્માનું શરીર છે અને પરમાત્મા તેના શરીરી છે.</u> એટલે બ્રહ્મ શબ્દ શરીરી વાચક હોવાથી કેવળ પરમાત્માને જ અનુલક્ષીને વપરાયો છે. એટલે જડચેદાત્મક જગત બ્રહ્મ છે એ સિદ્ધાંત ખોટો છે.

વળી જેમ બ્રહ્મ સત્ય છે તેમ જીવ અને માયા પણ સત્ય છે. જો બધું જ મિથ્યા હોય તો ઉપદેશક અને ઉપદેષ્ય બંને મિથ્યા સમજાય. શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને ઉપદેશ આપ્યો તેમાં ઉપદેશક બ્રહ્મ અને ઉદેષ્ય જીવ એ બંને સત્ય ઠરે છે. દ્વૈત દર્શન વિના ઉપદેશ ન સંભવે તેથી શ્રીકૃષ્ણને દ્વૈતદર્શન થયું તેવું કહેવામાં તમારે શ્રીકૃષ્ણમાં અજ્ઞાનદશાનું આરોપણ કરવું પડશે. અથવા બાધિતાનુવૃત્તિનો યોગ કહેવો પડશે. જો બ્રહ્મના સ્વરૂપમાં પણ ઉપદેશક-ઉદેષ્ય ભેદને મિથ્યા ઠરાવવા અજ્ઞાનદશા કલ્પવી પડે તો પછી બ્રહ્મનું વર્ણન કરતી શ્રુતિઓ વગેરેમાં બ્રહ્મને શુદ્ધ માયારહિત પ્રકાશમય વર્ણવ્યા છે તો તેમાં અજ્ઞાનનો આરો કેમ થાય ?

ઘનશ્યામ બાળપ્રભુની ગંગાના અસ્ખલિત પ્રવાહની જેમ શ્રુતિ પ્રમાણોથી ભરપૂર વાણી સાંભળી અદ્વૈતવાદીઓ અને અન્ય પંડિતો આશ્ચર્યમુક્ત થઈ ગયા. તેમની દિવ્યતાથી પંડિતોના અજ્ઞાનની નિવૃત્તિ થવા લાગી. તેમને લાગ્યું કે વિવાદ કે તર્કમાં અહ્મભાવ રૂપી માયા જ છે જેનું અસ્તિત્વ અદ્વૈતવાદીઓ ન સ્વીકારતા હોવા છતાં એ માયા વિવાદીઓમાં અને તાર્કિકોમાં રહી છે. એટલે ભગવાનના અપરોક્ષાનુભૂતિ વાળા જ્ઞાનીપુરુષો પાસે જ બ્રહ્મના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન હોય છે. તે જ્ઞાન વિવાદ અને તર્કથી અતિરિક્ત છે.

ઘનશ્યામે મોરલી વગાડી અને પંડિતો મણિધરની જેમ ડોલવા લાગ્યા. છતાં હજું કેટલાકને ઘનશ્યામની વિદ્યાનો તાગ કાઢવાનો વિચાર હતો. તેમણે કહ્યું, જેમ અજ્ઞાનથી રજ્જુમાં સર્પની ભ્રાંતિ થાય છે અને છીપમાં રજતની ભ્રાંતિ થાય છે તેમ એવી અજ્ઞાનમૂલક ભ્રાંતિથી જ જગત દેખાય છે પણ જગત સત્ય નથી. આ સાંભળી ઘનશ્યામ હસ્યા. ધર્મદેવ તેમના તરફ જોઈ જ રહ્યા હતા. અન્ય પંડિતો જેમને ઘનશ્યામમાં દિવ્યતા નિહાળી હતી તે પણ હસ્યા.

ઘનશ્યામે કહ્યું, સાંભળો વિદ્વાનો સર્પ અને રજતની સત્યતાની પ્રતિતી થઈ છે તેથી તે બંનેની ભ્રાંતિ રજ્જુમાં અને છીપમાં થાય છે. એટલે સર્પ અને રજત બંને છે જ..સત્ય છે. તે ન હોય તો તેની ભ્રાંતિ શી રીતે થાય ? અને તેને પણ તમે જો મિથ્યા કહેશો તો બધું જ મિથ્યા થશે. બ્રહ્મને જાણનારો અને સમજનારો પણ મિથ્યા થશે. એકલું નિર્વિશેષ બ્રહ્મ રહેશે. એ બ્રહ્મને આશરે અજ્ઞાન રહ્યું છે અને તેને આધારે જગત ભાસે છે. એમ કહેશો તો બ્રહ્મમાં અજ્ઞાનનું આરોપણ થશે તે સંભવે નહિ. બ્રહ્મ તો નિર્વિશેષ છે છતાં અજ્ઞાનથી જગત ભાસે છે. તો તે અજ્ઞાન કોને આશરે રહ્યું છે ? બ્રહ્મ સિવાય બીજું બધું મિથ્યા છે તો પછી અજ્ઞાન રહ્યું તો તે અજ્ઞાન મિથ્યા ઠર્યુ તો તે પછી અજ્ઞાનથી જગત ભાસે છે તેમ કહેવાશે જ નહિ. માટે અજ્ઞાન પણ છે જ અને તે અનાદિ છે.

ઘનશ્યામ હજુ આગળ બોલતા હતા પણ તેમના સ્વરૂપમાંથી પ્રકટ થતા પ્રકાશને લઈને ત્યાં બેઠેલા સર્વને સમાધિ થઈ ગઈ. દરેકને ઘનશ્યામના સ્વરૂપમાં પોત પોતાના ઈષ્ટદેવના દર્શન થયા.

કોઈને શંકરાચાર્યરૂપે દેખાયા..

કોઈને સદાશિવ સ્વરૂપે..

કોઈને વૈકુંઠપતિ રામચંદ્ર સ્વરૂપે દેખાયા..

વળી તેમાંના કેટલાકને ઘનશ્યામની વાણીમાં વ્રજવિહારી ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની મધુરી મુરલીનો નાદ સંભળાયો. સર્વને અદ્દભૂત દર્શન થયા. એજ સમાધિસ્થ સ્થિતિમાં તેઓ ઘનશ્યામનું પૂજન અર્ચન કરવા લાગ્યા. આ જોઈ ધર્મદેવને આશ્ચર્ય થયું. ઘનશ્યામે પોતાનો દિવ્યભાવ સંકેલ્યો અને સૌ વિદ્વાનો પૂર્વવત્ સ્થિતિમાં આવી ગયા. પરંતુ ઘનશ્યામના દિવ્ય સ્વરૂપનું તેમને અવિસ્મરણ થયું નહિ.

જાગ્રત સ્થિતિમાં આવ્યા પછી તેઓ ઘનશ્યામની સ્તુતિ કરવા લાગ્યા. હે બ્રહ્મ તમે સવિશેષ છો, સર્વોપરી છો અને સર્વ અવતારોના કારણભૂત છો. તમારા આ સ્વરૂપની દ્રઢતા અમારા અંતરમાં સદા રહે તેવી આપના પુનિત ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. વિદ્વાનોને પ્રતિતિ થઈ કે ભગવાનનું સ્વરૂપ અનુભવગમ્ય છે. સૌ વિદ્વાનો ઉઠયા, ઘનશ્યામને અને ધર્મદેવને સૌએ દંડવત્ કર્યા અને કૃત્ય કૃત્ય બની ત્યાંથી નીકળ્યા. બીજા દિવસે કાશીપુરીથી સંઘ નીકળી ગયો ને ૩-૪ દિવસ પછી અયોધ્યા પહોંચી ગયા.

<u>પ્રસંગ : ૧૯</u>

<u>ભક્તિમાતાનો દેહોત્સર્ગ</u>

ધર્મદેવ ઘરે આવી રામપ્રતાપ તથા સુવાસિનીને પોતાની પાસે બોલાવી. ઈચ્છારામ પણ આવ્યા. તેમની વાણીમાં ગંભીરતા હતી ને કહ્યું, જુઓ ઘનશ્યામને તમે ઓળખી લેજો. તે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે. તમે તો એને ભાઈ સમજતા હશો મને તો ઘણો અનુભવ થયો છે. તે આ જગતથી નિસ્પૃહી છે.

તેનું વિશેષ ધ્યાન રાખજો. તે ઉદાસ તો છે પણ વધુ ઉદાસ થાય એનું કારણ તમે ન બનશો. હવે મારા દેહનો નિર્ધાર નથી.

સંવત ૧૮૪૮ કાર્તિક સુદ આઠમના ગુરૂવારે રાત્રે ભક્તિમાતાના શરીરે મંદવાડ આવ્યો. ઘનશ્યામે પુત્રરૂપે માતાને ઘણું સુખ આપ્યું હતું. હવે તેમને દિવ્યગતિ પમાડવાની પોતાની જ ઈચ્છા હતી. માતા પાસે ત્રણ ભાઈઓ, સુવાસિની, પુત્ર નંદરામ અન્ય સંબંધીઓ બેઠા હતા. પણ ભક્તિમાતાની દષ્ટિ અને ચિત્ત તો ઘનશ્યામમાં જ જોડાઈ ગયા હતા. આખી રાત સંબંધીઓ પાસે બેસી રહ્યા. ઘનશ્યામ બાળપ્રભુએ તે સમયે ભક્તિમાતાને એકાંતિક ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ઘનશ્યામની ઈચ્છાથી ભક્તિમાતાને તેમના દિવ્યસ્વરૂપનું જ્ઞાન થયું. હવે દેહનો ત્યાગ કરી ભાગવતીતનુ ધારી ધામમાં બેસી જવા માટે તે ઉત્સુક બની ગયા હતા.

ઘનશ્યામ એ વખતે વિષ્ણુસહસ્ત્રનો પાઠ કરતા હતા. ઘનશ્યામ વારંવાર માતાને ભક્તિનું સ્વરૂપ અને તેના પ્રકાર સમજાવતા હતા. ભક્તિમાતાએ ઘનશ્યામના દિવ્ય શબ્દો અંતરમાં ઉતાર્યા. તેમની વૃત્તિ અંતરમાં ઉતરી ગઈ. આ વર્ણીના દર્શન કરતા કરતા ભક્તિમાતા ધન્ય ધન્ય કૃષ્ણ હરિ રામ રે..એ શબ્દોના ઉચ્ચારણ સાથે સંવત ૧૮૪૮ કાર્તિક સુદ દશમના રવિવારે આ ભૌતિકદેહનો ત્યાગ કરી દિવ્યગતિ પામ્યા.

સૌ રામઘાટ ઉપર ગયા. રામપ્રતાપભાઈએ વિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કર્યો. ત્રયોદશીના દિવસે પણ સૌને જમાડયા. સૌ સંબંધીઓને આશ્વાસન આપી છૂટા પડયા.

<u>પ્રસંગ : ૨૦</u>

<u>સુવાસિનીભાભીને મર્મમાં કહે છે હું પશ્ચિમમાં જતો રહીશ</u>

ભક્તિમાતા ધામમાં ગયા પણ સુવાસિનીભાભીના અંતરમાં આ ભાવ હતો કે ઘનશ્યામને માતાનું સુખ ભૂલાવું ન જોઈએ. સુવાસિની ઘનશ્યામને દેખતા ને એમના અંતરમાં અમી ઉભરાતું. ઘનશ્યામ તેને ઘણી વખત ગમ્મતમાં કહેતાં ભાભી તને મૂકીને હું દૂર દૂર પશ્ચિમમાં ચાલ્યો જઈશ પછી તું મને ક્યાં ગોતવા આવીશ ? ભાભી ત્યારે તરત જ સ્થિર થઈ જતા ને કહેતા ઘનશ્યામભૈયા એવું ન કરશો હોં.. ભાભીનું અંતર તમે જયાં જશો ત્યાં તમને ઝંખતું તમારી પાછળ ને પાછળ જ હશે.

પણ હું મોટો રાજા બનીશ તો ? ઘનશ્યામ ચગતા..તો હું તારી સાહ્યબી જોઈને રાચીશ..દૂરથી જોઈશ. તારી નજીક નહિ આવું, પણ તને મારી નજરની બહાર તો નહિ જ થવા દઉં. પરંતુ ઘનશ્યામને પોતાનું કાર્ય સ્પષ્ટ દેખાતું હતું. એ કાર્યની આડે કોઈએ ન આવવું જોઈએ. ઘનશ્યામની આવી વાતોથી ભાભી કહે, તું આવું બોલે છે પણ હું તને બેડી પહેરાવી દઈશ પછી તું ક્યાં જઈશ ?

આવું સાંભળી ઘનશ્યામને થતું કે આલોકના પુરુષ અને સ્ત્રીના અંતરમાં તો આજ વાત હોય. ઠેઠ પ્રકૃતિપુરુષ સુધી આજ વાસના છે પણ હવે એ બંધન તોડવું છે, એ અજ્ઞાન ટાળવું છે. અચાનક ધર્મદેવ ત્યાં આવ્યા. ઘનશ્યામ ભાભીનું ધ્યાન રાખજે..આ સૂચક શબ્દો સાંભળી ઘનશ્યામ અને ભાભી એકબીજા સામું જોઈ હસ્યા.

<u>પ્રસંગ : ૨૧</u>

<u>ઘનશ્યામ મલ્લોના અખાડામાં</u>

ઘનશ્યામ કોઈની સાથે ઝાઝું બોલતા નહિ. બહુ નિસ્પૃહી રહેતા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં તેમને મનુષ્યમાં વિષયની ગંધ આવતી તેથી તેમની સાથે બેસવું પણ તેમને ગમતું નહિ. આમાં અપવાદ હતા બે દિનાસિંહ અને ભુવાનદીન..આ બે નૈષ્ઠિક વ્રતધારી મલ્લો હતો. સ્ત્રીઓથી તેઓ ૧૦ હાથ દૂર રહેતા. સ્ત્રીઓ સંબંધી કાંઈ વાતો તેઓ કરતા નહિ. રસ્તામાં લંપટ પુરુષને સ્ત્રીની મશ્કરી કરતા જોતા તો ત્યાં તેમને ઠપકારતા. આખા અયોધ્યામાં સ્ત્રી લંપટ જીવોને આ બે મલ્લોની બીક લાગતી. ઘનશ્યામને તેમની સાથે ફાવી ગયું હતું. તેમની બેઠક ઉઠક આ મલ્લો સાથે રહેવા લાગી. તેમના ઘરની સામે જ આંબલી પાસે તેમનો અખાડો હતો. ઘનશ્યામ ત્યાં જતા અને દિનાસિંહ અને ભુવાનદીન પાસે મલ્લવિદ્યા શીખતા.

ઘનશ્યામ સરયુસ્નાન કરી નિત્યકર્મથી પરવારી દુધનો દેગડો અને પાણીમાં પલાળેલી ચણાની દાળ લઈને અખાડામાં આવતા. અહીં સવાસો દંડ કરતા, ચક્રદંડ કરતા. બંને મલ્લો તેમને અનેક આસનો શીખવાડતા. આસનો કરીને ઘનશ્યામ પલાળેલી ચણાની દાળ ખાઈ જતા. ઉપર દૂધ પી લેતા. કોઈ કોઈ વખત બંને મલ્લોને બધું દૂધ પાઈ દેતા. રામપ્રતાપભાઈને આ ગમતું નહિ પણ ઘનશ્યામ રાજી રહે તેમ કર્યા સિવાય તેમને છૂટકો નહોતો. ઘનશ્યામે આ બંને મલ્લો પાસે મલ્લવિદ્યાના તમામ દાવ શીખી લીધા. ચાર માસમાં તો સમગ્ર મલ્લવિદ્યામાં તેઓ નિપુણ થઈ ગયા. ધર્મદેવ ઘનશ્યામની આ બધી લીલા દિવ્યદષ્ટિથી જ જોતા તેથી ઘનશ્યામના ચરિત્રોમાં તેમને હવે મોહ થતો નહિ.

ઘનશ્યામની મલ્લવિદ્યામાં કુશળતાની વાત સાંભળીને એક વિપ્ર મલ્લયુદ્ધ કરવા આવ્યો. ઘનશ્યામને ૧૧મું વર્ષ ચાલતું હતું ને પેલો વિપ્ર ૨૦ વર્ષનો હતો. ઘનશ્યામને દિનાસિંહ તથા ભુવાનદીને રમવાની ના પાડી છતાં તેણે હઠ ન છોડી તેથી આ અભિમાની વિપ્રને પાઠ ભણાવવા શરત મૂકી કે લડતાં લડતાં કાંઈ વાગે કરે તો અમારી જવાબદારી નહિ. બ્રાહ્મણ સંમત થયો. ભુવાનદીન અને દિનાસિંહ જામીન બન્યા.

ઘનશ્યામને મારી નાંખવાના હેતુથી આવેલા એ આસુરીસ્વભાવવાળા બ્રાહ્મણને ઘનશ્યામે હંફાવ્યો. અને કહ્યું, તારામાં જેટલું જોર હોય એટલા જોરથી મારી કેડ પકડ..બ્રાહ્મણ મલ્લે કેડ પકડી પછી ઘનશ્યામે કહ્યું, હવે મને ફેંકી દે. ઘનશ્યામને મારવાનો ખરો લાગ આવ્યો છે એમ માની જેવો એ મલ્લ ઘનશ્યામને ઉછાળવા ગયો ત્યાં જ ઘનશ્યામે દાવપેચથી પોતાની કેડ છોડાવી લીધી. મલ્લ આંચકા સાથે ઘૂમરી ખાતા ખાતા પડી ગયો, મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું, એક હાથ ભાંગી ગયો.

આ તમાશો જોવા આવેલા સૌએ ઘનશ્યામનો જય જયકાર કર્યો. એ બ્રાહ્મણ મલ્લનો બાપ ત્યાં આવીને ઘનશ્યામને ડરાવવા લાગ્યો. એટલામાં રામપ્રતાપભાઈ આવી પહોંચ્યા કે આવડા નાના બાળક સાથે લડતા શરમ નથી આવતી ? લોકો પણ ઘનશ્યામનો પક્ષ ખેંચવા લાગ્યા. આથી તે પરાજીત થયેલા પોતાના પુત્રને ઝોળીમાં નાંખીને ઘેર લઈ ગયા. ત્યારથી પેલો બ્રાહ્મણ મલ્લ ભુવાનદીન અને દિનાસિંહ પર દ્વેષ રાખતો.

<u>પ્રસંગ : ૨૨</u>

<u>ભુવાનદીન અને દિનાસિંહને ઘનશ્યામે અક્ષરધામમાં બેસાડ્યા</u>

એકવાર ઈજારદાર રાજા અયોધ્યા આવ્યો. તેને બ્રાહ્મણ મલ્લે વાત કરી કે ભુવાનદીન અને દિનાસિંહ જેવા તમારી ફોજમાં કોઈ નથી. ૨૦૦૦ના

સૈન્યને મારીને હટાવે તેવા છે. આ વાત સાંભળી રાજાએ બંનેને બોલાવ્યા, રાજની નોકરી સ્વીકારવા કહ્યું. બંનેએ ના પાડી. રાજાએ પોતાની અવગણના થવાથી બંનેને શહેરમાંથી ચાલ્યા જવાનું કહ્યું. બંનેથી અન્યાય સહન ન થયો. એમણે નગર છોડી જવાનો ઈન્કાર કરી દીધો.

થોડા દિવસ પછી રામનવમી આવતા રાજાની સવારી નીકળી. આ બંને સવારી જોવા આવ્યા. રાજાના સિપાઈઓ અવિવેકી વર્તન કરતા હતા. નગરની સ્ત્રીઓની તેઓ છેડતી કરતા હતા આ જોઈને ભુવાનદિને સિપાઈઓને અટકાવ્યા. પણ સિપાઈઓ માન્યા નહિ. તે વખતે ઘનશ્યામ સરયુકાંઠે પોતાનો નિત્યવિધિ સમાપ્ત કરી મંદિરોના દર્શન કરતા કરતા ત્યાં આવ્યા. તેમણે આ જોયું. ઉદ્ધત બનેલા સિપાઈઓને શિક્ષા થવી જ જોઈએ એમ તેમને પણ લાગ્યું.

એટલામાં તો સામસામે તલવારો ખેંચાણી. ભુવાનદીન અને દિનાસિંહે તો તલવારો ધડાધડ વીંઝવા માંડી. ચારિત્ર્યભ્રષ્ટ સિપાહીઓની કાયરતા છતી થઈ આવી. તેઓ ભાગવા લાગ્યા. આ જોઈને રાજા પણ ભાગવા લાગ્યો. ભુવાનદીને પાછળ દોડીને રાજાની સાથળમાં તલવાર મારી. રાજા નીચે પડી ગયો પછી તરત જ ભુવાનદિન અને દિનાસિંહ રાજાના બે કુંવરો પર ત્રાટક્યા. તરત જ બીજા સિપાહીઓ આવી ગયા.

ઘનશ્યામ ઉભા ઉભા જોતા હતા. તેમને મનમાં થયું કે મારી સાથે અતૂટ પ્રિતીથી બંધાયેલા આ બે નૈષ્ઠિક વ્રતધારી યુવાનો મારા ગ્રહત્યાગ પછી મારો વિયોગ સહન કરી શકશે નહિ એટલે આજે આ ધર્મકાર્ય માટે જ તેમનો દેહ પડે અને તેઓ ધામમાં જાય તેજ ઈષ્ટ છે. ઘનશ્યામનો આ સંકલ્પ હતો. રાજ્યના સિપાહીઓ સાથે તેઓ લઢ્યા. કોઈ રીતે તેમને પકડી નહિ શકાય એમ લાગવાથી છેવટે તેમણે ગોળી છોડી. બંને વીરપુરુષો એજ સમયે ત્યાં ઢળી પડ્યા. ઘનશ્યામ તેમની પાસે આવ્યા, પોતાના જળપાત્રમાંથી એમના પર અંજલિ છાંટી. બંનેએ ઘનશ્યામને હાથ જોડ્યા. ઘનશ્યામ ! તેજ સમયે તે બંનેને ઘનશ્યામના દિવ્યસ્વરૂપના દર્શન થયા. તેમના મુખ ઉપર આનંદની આભા છવાઈ ગઈ. તેમણે ઘનશ્યામ સામું જોયા જ કર્યું. ઘનશ્યામે તેમને કહ્યું, હવે હું અયોધ્યાનો ત્યાગ કરી દેવાનો છું. ઘનશ્યામના આ છેલ્લા શબ્દો સાંભળી તેમણે નિઃશ્વાસ નાંખ્યો અને તેમના પ્રાણ નીકળી ગયા. ઘનશ્યામે તેમને અક્ષરધામમાં બેસાડી દીધા. ભુવાનદીન બ્રાહ્મણ હતો ને દિનાસિંહ ક્ષત્રિય હતો.

પ્રસંગ : ૨૩

ધર્મદેવનું સ્વધામગમન

સંવત ૧૮૪૮ જેઠ સુદ બારસથી ઘનશ્યામે તેમને કહ્યું, દાદા હવે દશમસ્કંધનો પાઠ કરીએ. ત્યારથી બ્રાહ્મણે શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધનો પાઠ ધર્મદેવ પાસે કરવાનું શરૂ કર્યુ. શ્રીકૃષ્ણના દિવ્ય લીલાચરિત્ર સાંભળતા ધર્મદેવની વૃત્તિ ઘનશ્યામના સ્વરૂપમાં લીન થઈ ગઈ. આંખોમાંથી હર્ષાશ્રુ પડવા લાગ્યા. તેજ સ્થિતિમાં તેમણે રામપ્રતાપ, સુવાસિની ને ઈચ્છારામને બોલાવ્યા ને કહ્યું, ઘનશ્યામમાં ભાઈનો ભાવ ન લાવશો. તે સાક્ષાત્ ભગવાન છે. પછી સુવાસિની તરફ કહ્યું, બેટા હવે મારો સમય નજીક આવે છે, આ ઘનશ્યામની સેવા કરજો તમારો મોક્ષ થઈ જશે. તે ઉદાસ રહે છે, સંસારમાં પ્રિતી નથી, છતાં સંસાર ત્યાગ કરવામાં તમો નિમિત્ત ન બનશો. તેતો કોઈના રોક્યા રોકાય તેવા નથી. પણ જયાં સુધી રહે ત્યાં સુધી પુત્ર માનીને પાળજો, તમારું તે કલ્યાણ કરશે.

ઘનશ્યામ આ બધું મૂક વદને સાંભળી રહ્યા હતા. પોતાના ગુપ્ત સ્વરૂપનો પ્રકાશ ન થાય તેથી એમણે કહ્યું, દાદા ! સૌની સંભાળ તો ભગવાન લેશે. આપ હવે બધેથી વૃત્તિ તોડીને પરમકૃપાળુ પરમાત્મામાં વૃત્તિ જોડો. એટલું કહી ધર્મદેવે ઘનશ્યામ તરફ જોઈ બે હાથ જોડ્યા. એ વખતે ઘનશ્યામના દિવ્યસ્વરૂપમાંથી તેજના કિરણો નીકળ્યા. ધર્મદેવનો દેહ તે કિરણોથી આવૃત થઈ ગયો. ધર્મદેવ ઘનશ્યામ તરફ દ્દષ્ટિ સ્થિર રાખી બોલ્યા, આજ તમે પ્રગટ થયા ને મારું અજ્ઞાન ટાળ્યું.

ઘનશ્યામે કહ્યું, જે પરોક્ષ સ્વરૂપે ધામમાં છે તેજ આ પ્રત્યક્ષ સ્વરૂપ છે. આવી એક મતિ તમને થઈ એટલે હવે તમે ભગવાનના ધામમાં જ બિરાજ્યા છો. ભગવાન તો ધામનો ત્યાગ કરીને પૃથ્વી પર પ્રકટ થતા જ નથી. માટે જયાં પ્રત્યક્ષ ભગવાન છે ત્યાં તેમનું ધામ પણ છે. તમને આ નિશ્ચય થયો એટલે તમારું કાંઈ અધૂરું રહ્યું નથી.

એટલે ધર્મદેવે પૂછ્યું કે, ભગવાનના પ્રકટ સ્વરૂપ અને પરોક્ષ સ્વરૂપમાં શું ફેર છે ? ઘનશ્યામે કહ્યું, પરોક્ષ સ્વરૂપમાં ચિત્તની વૃત્તિઓનો નિરોધ જલ્દી થઈ શકતો નથી. છતાં જે પરોક્ષ સ્વરૂપ છે તેજ આ પ્રત્યક્ષ છે તેવી બુદ્ધિ સ્થિર થાય એટલે ભેદબુદ્ધિ નાશ થાય છે, માયા હટી જાય છે. ધર્મદેવની બુદ્ધિ સ્થિર થઈ ગઈ. ઘનશ્યામના આ શબ્દો સાંભળી તેમણે અંર્તવૃત્તિ કરી દીધી. ધર્મદેવ અક્ષરધામમાં બિરાજી ગયા. તે દિવસ સંવત ૧૮૪૮ જેઠ માસના કૃષ્ણપક્ષની ચોથ હતી. શુક્રવાર હતો.

ધર્મદેવના મૃતદેહને ષોડશોપચારથી સ્નાન કરાવી નવા વસ્ત્રો ધારણ કરાવી સરયુકાંઠે રામઘાટ ઉપર ગયા. ધર્મદેવના અવસાનના સમાચાર સાંભળી અયોધ્યાનગરીના કેટલાક પ્રતિષ્ઠિત લોકો, વિદ્વાનો અહીં સીધા આવ્યા હતા. પછી ધર્મદેવના દેહને ચંદન-તુલસી અને પીપળાના લાકડાની ચિતા રચી. વિધિપૂર્વક ધર્મદેવ ના દેહને તેમાં પધરાવી રામપ્રતાપભાઈએ અગ્નિસંસ્કાર કર્યો.

પ્રસંગ : ૨૪

ઘનશ્યામના વિવાહ માટે ભાઈનો આગ્રહ

(સામ્યવસ્થા રૂપી માયા કોઈ ઓળંગી શક્યું નથી, આજે અક્ષરધામની વાટ ખુલ્લી મૂકવી છે)

ઘનશ્યામ એકબાજુ મૌન સેવી ધ્યાનમગ્ન બેસી ગયા હતા. તેમના માટે હવે માર્ગ મોકળો થયો હતો. ભાઈ,ભાભી કે સંબંધીઓનું બંધન તેમને હતું જ નહિ. માતાપિતાને પોતાની મૂર્તિનું દિવ્યસુખ આપવા માટે જ તેમણે તેમનું બંધન સ્વેઈચ્છાએ સ્વીકાર્યુ. હવે તેમને મુમુક્ષુોનો સાદ ગૂંગળાવતો હતો. સુવાસિનીભાભી નંદરામ કરતાં ઘનશ્યામને અધિક સાચવતા.

એકવાર તેમણે ઘનશ્યામને કહ્યું, ઘનશ્યામ ! તમે ઉદાસ રહો છો પણ જોજો અમને રઝળાવીને ક્યાંય જતા ના રહેશો. ઘનશ્યામે કહ્યું, ભાભી ! મારો સંબંધ જેને થયો છે તેને હું કદી રઝળાવીશ નહિ. આ સાંભળી ભાભી હસ્યા. તેમણે કહ્યું, જેની સાથે સંબંધ થયો હોય તેને તો નહિ જ રઝળાવો તેતો અમેય જાણીએ છીએ પણ અમનેય રઝળાવશો નહિ. ઘનશ્યામે આ સાંભળી આછું સ્મિત કર્યુ. જગતના જ રંગમાં રાચતી ભોળી ભાભીને મારી વાણીનો અર્થ શી રીતે સમજાય ? પણ ઘનશ્યામનું સ્મિત જોઈ ભાભીને સંતોષ થયો કે ઘનશ્યામ વિવાહ કરવા રાજી છે.

ઘનશ્યામના સ્વભાવથી રામપ્રતાપ પરિચિત હતા. રામપ્રતાપ ગુસ્સો કરતાં તો ઘનશ્યામ તરત જ કહી દેતા હું ઘર છોડીને ચાલ્યો જઈશ. આવું સાંભળી રામપ્રતાપને બીક લાગતી. તે તરત નરમ થઈ જતા.

ઈચ્છારામ ઘનશ્યામને વળગી પડતા. ગળે વળગીને કહેતાં, ભૈયા તમે ચાલ્યા જશો પણ અમને સાથે લઈ જશોને ? ઘનશ્યામ તેમને વહાલથી કહેતા કે મને સંભારશો તો જરૂર સાથે રાખીશ.

ખંભારીયાના નિહાલ મિશ્ર તેમની દિકરી ચંદ્રકળાને લઈને અયોધ્યા આવી ગયા. ઘનશ્યામને મહેમાનને જોઈ આશ્ચર્ય થયું. તે ઘરેથી તરત નીકળી ગયા. રામપ્રતાપને થયું કે નિરાંતે સમજાવીને વાત કરીશું. બપોરનો સમય થયો ઘનશ્યામ આવ્યા નહિ, રામપ્રતાપને ચિંતા થઈ પરંતુ મહેમાનને જમાડવા પડે તેથી મહેમાનની સાથે જમવા બેસી ગયા. ભાભીએ ચંદ્રકળાને જમાડી દીધી પછી પોતે ઘનશ્યામની રાહ જોતા ઘનશ્યામનું ભજન કરતાં બેઠા.

સાંજે ઘનશ્યામ ઘેર આવ્યા ત્યારે સૌને શાંતિ થઈ. સુવાસિનીએ તરત જ રસોઈ ગરમ કરી ઘનશ્યામને જમવા બેસાડયા. ઘનશ્યામનું મન હવે ઘરમાંથી ઉઠી ગયું હતું. થોડું જમ્યા. જમતા જમતા તેણે કહ્યું, ભાભી તારા હાથની આ છેલ્લી રસોઈ જમુ છું. ભાભીએ હસતાં કહ્યું, હજું વિવાહ તો થયો નથી ને આજથી ભાભીનો સંબંધ છોડયો ? ઘનશ્યામને આ સાંભળી ભાભીની દયા આવી. સંસારી જીવમાં આવી જ ભાવના ઉંડે ઉંડે ખૂંતેલી હોય છે. આવા સંસારી જીવોની મુક્તિ માટે જ તેમનું પ્રાકટય હતું. ભાભીને આ કેમ સમજાવવું ? પણ હવે સમય નજીક આવી ગયો છે તેમને થયું કે ભાભી આંસુ સારતી મને સંભારશે તેમાં જ એનું કલ્યાણ છે.

ને ઘનશ્યામની પાછળ જ રામપ્રતાપ આવ્યા. તેમણે કહ્યું, ઘનશ્યામ ખંભાતથી નિહાલ મિશ્ર આવ્યા છે તેમને મળ્યા ? ઘનશ્યામે કહ્યું, મારે મળવું નથી. તે જે કાર્ય માટે આવ્યા છે તે કામ બને તેમ નથી. આ સાંભળી રામપ્રતાપભાઈને આઘાત લાગ્યો. તેમણે ઘનશ્યામના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું, અરે ઘનશ્યામ ! આજે આવું કુળ મળે તેમ નથી. નાદાનીમાં ના કહો છો પછી પસ્તાવું પડશે. <u>ઘનશ્યામે તરત જ કહ્યું, ભૈયા હું સમજીને ના કહું છું. મારો એ માર્ગ નથી. મારું કાર્ય તો અનંતને એ માર્ગેથી ઉગારવાનું છે.</u> રામપ્રતાપભાઈને ઘનશ્યામ હજું નાદાન લાગ્યા. પિતાના ઉપદેશ વિસરી ગયા. વહેવારની મોહજાળમાં બ્રહ્મજ્ઞાનના શબ્દો ભૂંસાઈ જાય છે.

ઘનશ્યામે તરત જ કહી દીધું, ભૈયા એ બધા ખ્યાલો છોડો, એ વાત કદી બનવાની નથી. રામપ્રતાપને લાગ્યું કે ઘનશ્યામ હઠીલા છે, હમણા તે હઠ મૂકશે નહિ, માટે કાલે વાત..તે તરત ઘનશ્યામના ઓરડામાંથી નીકળી ગયા.

ઘનશ્યામ હવે એકલા પડયા, વિચારે ચઢી ગયા. જગતમાં હજુ સુધી ન સ્થપાયેલી, જેનો અણસાર પણ ભારતના વેદકાલિન ઋષિમુનિઓથી માંડી અર્વાચીન સમયના કોઈ માંધાતાને હજું સુધી આવ્યો નહતો. જે પ્રકૃતિથી સદા પર છે તે બ્રહ્મવિદ્યાનું મારે સ્થાપન કરવું છે. તે માટે મારા અક્ષરધામને, અક્ષરમુક્તોને અને દિવ્ય ઐશ્વર્યને હું સાથે લાવ્યો છું. તે બધા મારી રાહ જોતા હશે. <u>પ્રકૃતિના કાર્યમાંથી પ્રગટ થયેલા આગળના સ્વરૂપો પ્રકૃતિથી પર એવી દિવ્ય બ્રહ્મવિદ્યાના ભોમિયા નહોતા. તેથી પ્રકૃતિનું તમ સામ્યઅવસ્થારૂપી માયા કોઈ ઉલંઘી શક્યા નહિ.</u> અક્ષરધામ સૌને અગમ્ય રહ્યું. આજે હવે અક્ષરધામની વાટ વહેતી મૂકવી છે. જ્ઞાનીઅજ્ઞાની, જાતકુજાત કાંઈ જોવું નથી.

<u>પ્રસંગ : ૨૫</u>

<u>ગૃહત્યાગ</u>

પૃથ્વી ઉપર ભાગવતધર્મના સ્થાપનના ઈતિહાસનો મંગલમય પ્રારંભ આજથી શરૂ થયો.

તત્વજ્ઞાનમાં એક નવીન દર્શન આપવાનો પ્રારંભ પણ આજે થયો.

પરબ્રહ્મ પરમાત્મા સદા સાકાર જ છે એ રહસ્યના સ્પષ્ટ નિર્દેશનો પ્રારંભ પણ આજે થયો.

સનાતન અક્ષરધામની વાટ બ્રહ્માંડના સર્જનથી તે પુરુષોત્તમના પ્રાગટય સુધી પ્રકૃતિના કાળમીંઢ અંધારાએ રોકી રાખી હતી. તે હવે સદાને માટે આજથી હવે મોકળી થઈ. એ આજની મંગલમય તિથિ હતી. આ.સંવંત ૧૮૪૯ના અષાઢની શુક્લ દશમી શુક્રવાર..

આ મંગલમય દિવસના બ્રાહ્મમુર્હુતથી પણ થોડા વહેલા ઘનશ્યામ જાગ્યા..ઘનશ્યામ વિશ્વમાં સુષુપ્ત પડેલી ચેતનાને જાગ્રત કરવા કટિબદ્ધ થઈ રહ્યા છે. સ્નાનના મિષે સરયૂની વાટ પકડી.

કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલકની મધ્યે કુમકુમનો ગોળ ચાંદલો શોભી રહ્યો છે.

શિર પર જટા બાંધી મુકુટની શોભા ધારણ કરી છે.

વસ્ત્રમાં કેવળ કોપીન અને તે ઉપર ધોતીયું જ પહેર્યુ છે.

હાથમાં તુંબીપાત્ર અને જળ ગરણું લીધા છે.

ગળામાં તુલસીની કંઠી છે, સાથે શાલિગ્રામ, બાલમુકુન્દનો બટવો શોભી રહ્યો છે.

હાથમાં પલાશનો દંડ ગ્રહણ કર્યો છે.

ખભા ઉપર પોતે જ શોધીને તૈયાર કરેલો સત્શાસ્ત્રનો ગુટકો ભરાવ્યો છે.

લાંબી વાટની મજલ છે, છતાં પરિગ્રહનો કોઈ સંકલ્પ નથી. બૃહદ વૈરાગ્યના મૂર્ત સ્વરૂપ ઘનશ્યામના અંતરમાં હવે મુમુક્ષુઓને ભેટવાની ત્વરા ને આનંદ છે. ઘરમાં સૌને તેની ઈચ્છાથી જ નિંદ્રાનું ધારણ વળી ગયું છે.

પૌંગડાવસ્થા અને કિશોર અવસ્થાની અનેક દિવ્ય લીલાથી તીર્થમય બની ગયેલા ધામરૂપી ઘરને તેમણે છેલ્લા નમસ્કાર કર્યા. ભવિષ્યમાં યાત્રિકો અહીં આવી પોતાની દિવ્ય લીલાની સ્મૃતિ કરશે તેમનું કલ્યાણ કરવાનો તેમણે સંકલ્પ કર્યો. અયોધ્યાના મંદિરો કનક ભવન, સ્વર્ગદ્વાર, જન્મસ્થાન, સુગ્રવટીલા, હનુમાનગઢી પોતાના પાદસ્પર્શથી નવીન તીર્થત્વ પામ્યા છે.

અયોધ્યા નગરીના રાજમાર્ગો, મલ્લના અખાડા, સરયૂગંગાનો પવિત્ર તટ આ તમામ સ્થળોમાં પોતે વિચર્યા, તે ભૂમિને પાવન કરી નવું તીર્થત્વ આપ્યું. તે તીર્થોને પોતાની સ્મૃતિ સહિત જે યાત્રીકો દર્શન કરશે તેમનું આત્યંતિક કલ્યાણ કરવાનું મહામોટો સંકલ્પ કર્યો. આજે સમગ્ર વિશ્વના આધ્યાત્મિક ક્ષેત્રે ઉચ્ચતમ અને અલૌકિક ગણાતું ઘનશ્યામનું પ્રસ્થાન શરૂ થયું.

ઘનશ્યામ મહાપ્રભુએ ગૃહત્યાગ કર્યો. ઘનશ્યામ હવે ઘનશ્યામ મટી બૃહદ વૈરાગ્યના સ્વરૂપરૂપ નિલકંઠવર્ણી બને છે. રામના વનવાસનો વિરહ તો ૧૪ વર્ષ રહ્યો પણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી નિલકંઠવર્ણી તો અયોધ્યાનો સદાને માટે ત્યાગ કરતા હતા.

કાળો અંચળો પહેરીને બેઠેલી નિસ્તેજ વિધવા સમી અયોધ્યા નગરી આજે દેખાતી હતી. કોઈ ઘરમાંથી બહાર આવતું ઝાંખુ અજવાળુ વાતાવરણને ગૂંગળાવતું હતું. ગાઢ નિંદ્રામાં ભૂંડા સ્વપ્ન દેખીને બી ગયેલ કોકની કાળી ચીસ સંભળાતી હતી. પરંતુ નિલકંઠવર્ણી એક પછી એક શેરી વટાવતા જતા હતા. ત્યાં તેમને વેદપાઠી બ્રાહ્મણોના ધીમા પણ મધુર ગીતાપાઠના પ્રાતઃ સૂરો સંભળાયા. નિલકંઠ એકાએક થંભી ગયા. સર્વના હૃદયમાં હુંજ રહ્યો છું..સર્વને જ્ઞાન અને સ્મૃતિ આપનાર હું જ છું..તેમ જ તે હરિ લેનાર પણ હું જ છું..સર્વ વેદોથી જાણવા યોગ્ય મારું સ્વરૂપ જ છે..અને સર્વ વેદોનો જાણનાર પણ હું જ છું.

નિલકંઠવર્ણી સરયૂતટે પહોંચ્યા. રોજના સમય કરતાં ઘણા વહેલા છે એટલે માણસની અવરજવર દેખાતી નથી. માણસની અવરજવર દેખાતી નથી. નિલંકઠવર્ણીના સ્પર્શથી સરયૂને સાન આવી ગઈ. નવપરણિત નારીની લજ્જાભરી ચાલને પણ શરમાવે તેવી તેની ગતિ બની ગઈ. નિલંકઠ તો યોગ ઐશ્વર્યથી સરયૂના પહોળા પટમાં આગળ વધવા લાગ્યા.

સૂર્યોદય પછીના થોડા સમયે નિલંકઠ ઉત્તર તરફના કિનારે અયોધ્યાથી બાર ગાઉ દૂર આવી પહોંચ્યા. પૂજાના શાલિગ્રામનો બટવો કંઠમાં બાંધેલો તેજ ફક્ત રહ્યો. તુંબીપાત્ર અને મૃગચર્મ પાણીમાં તણાઈ ગયા. અહીં પહોંચી નિલંકઠવર્ણી એક ઝાડ નીચે બિરાજ્યા.

<u>પ્રસંગ : ૨૬</u>

<u>ઘનશ્યામનો વિયોગ</u>

કૂતરા અને શિયાળના ભયાનક રૂદનની કિકિયારી સંભળાવા લાગી. વૃક્ષના કડાકાથી જાણે ધરતીકંપ થયો હોય એવો અયોધ્યામાં મહાઉન્માદ વ્યાપી ગયો. પ્રચંડ વાવાઝોડું શરૂ થયું. મંગળા આરતીના ઘંટાનાદના તાલ એકાએક તૂટ્યા ને આમેતમ ઘંટ અફળાવા લાગ્યા. આખી અયોધ્યાનગરી જાગી ગઈ.

રામપ્રતાપ એકદમ પથારીમાં બેઠા થઈ ગયા. આ શું સંભળાય છે ? ધરતીકંપ થયો ? ઘનશ્યામ ! ઘનશ્યામ ! એકદમ બેબાકળા તે ઉભા થઈ ગયા.સુવાસિની પણ જાગી ગયા, ઈચ્છારામ ને નંદરામ ભયભીત બની ગયા. રામપ્રતાપ ઘનશ્યામના ઓરડામાં ગયા. ઓરડો ખાલી હતો. ઘનશ્યામની વસ્તુઓ ત્યાંની ત્યાં પડી હતી. અંધારામાં અટવાતા રામપ્રતાપે ફરી જોરથી બૂમ પાડી ઘનશ્યામ ! ત્યાંતો વીજળીનો કડાકો થયો, આકાશ ગર્જી ઉઠ્યું..ખૂબ જ વરસાદ પડયો.

સુવાસિની રામપ્રતાપની પાછળ દિવો લઈને આવ્યા. ઘનશ્યામ નહોતા, તેમનું તુંબીપાત્ર અને ગુટકો નહોતો, તેમની પૂજાના શાલિગ્રામ અને બાલમુકુન્દ નિત્ય સંગાથી..આ ત્રણ નહોતા. બીજું બધું હતું.. રામપ્રતાપને ફાળ પડી ઘનશ્યામ ક્યાં ? તેમણે બૂમ પાડી અને સુવાસિનીના હાથમાંથી દિવો પડી ગયો, બેભાન થઈ ધરતી પર પડી ગયા. ઈચ્છારામ અને નંદરામ રડવા લાગ્યા. રામપ્રતાપથી આ સહન ન થયું. રામપ્રતાપે ઘનશ્યામનો ફરી જોરથી સાદ કર્યો. પ્રચંડ અવાજ સાંભળી અયોધ્યાવાસીઓ ત્યાં દોડી આવ્યા. રામપ્રતાપ મૂર્છિત થઈને ઢળી પડયા.

ઘનશ્યામની શોધ સૌ કરવા લાગ્યા. ઘનશ્યામના મિત્રો પણ આસપાસ તપાસ શરૂ કરવા મંડી પડયા. પાસે ઉભેલા નિકટના સ્વજનો રામપ્રતાપ અને સુવાસિની પાસે બેઠા. તેમના શરીર ઉપર ધીમેથી હાથ ફેરવતા, તેમને પવન નાંખતા. ધીરે ધીરે રામપ્રતાપ જાગ્યા. તરત જ પૂછયું, ઘનશ્યામ આવ્યા ? એટલામાં સુવાસિની પણ સ્વસ્થ થતા દેખાયા. તેજ અવસ્થામાં ઘનશ્યામભૈયા તમે ક્યાં ગયા ? ભાભીને રઝળાવીને..ભાઈને છોડીને તમે ક્યાં જતા રહ્યા ? એટલું બોલતા તો સુવાસિની ધ્રુસકે ધ્રુસકે રડી પડયા. ઘનશ્યામભૈયા નિર્દય થઈને ચાલ્યા ગયા. દાદાએ કહ્યું હતું ઘનશ્યામને સાચવજો..ભગવાન છે પણ ભગવાનપણું તમને દેખાડશે નહિ. તેની સેવા કરજો અને તેને રાજી રાખજો તમારું કલ્યાણ થઈ જશે. દાદાના આ શબ્દો હું ભૂલી ગઈ. ઘનશ્યામને હું સાચવી ન શકી.

એટલામાં ઘનશ્યામના સખા ત્યાં આવ્યા. સુવાસિનીએ તરત જ પૂછયું, ઘનશ્યામ મળ્યા ? ના દીદી..અમે બધે તપાસ કરી. સરયૂકાંઠે, મંદિરોમાં, અખાડામાં બધે જોઈ આવ્યા પણ ઘનશ્યામ ક્યાંય નથી. ભાભીને એકાએક ચિત્તભ્રમ થયો હોય હા તમે તો ભગવાન છો એટલે જ હેત વિસારી દીધું, અમારો ત્યાગ કર્યો આટલું બોલતા જાણે સુવાસિની જાણે થાકી ગયા હોય તેમ તેણે ઉંડો નિશ્વાસ નાંખ્યો. આંખોના આંસુ સૂકાઈ ગયા.

રામપ્રતાપ અન્ય સ્વજનોને લઈને અયોધ્યામાં ઘનશ્યામને શોધવા ગયા હતા પણ પાછા આવ્યા. તેમને શૂન્યમનસ્ક જોઈ સુવાસિનીનું અંતર ભાંગી ગયું. સુવાસિનીને ચિત્તભ્રમ થઈ ગયો છે. રામપ્રતાપ તેની પાસે આવ્યા. તેને જોઈને સુવાસિનીએ કહ્યું, ઘનશ્યામ ઘનશ્યામ શું કરો છો ? જો હેત હોય તો તેની પાછળ જાવ..તે તો ભગવાન છે કલ્યાણ કરી દેશે. રામપ્રતાપને આશ્ચર્ય થયું તેણે તરત જ કહ્યું કે, ઘનશ્યામ ભગવાન હશે તો તે જયાં હશે ત્યાંથી મને બોલાવશે ને મારું કલ્યાણ કરશે.

સૌ ગયા પછી સુવાસિનીએ રામપ્રતાપને કહ્યું, ઘનશ્યામ કાંઈ આપણા એકલાના નહોતા તે ઘરમાં બેસી રહે. તે તો આખા વિશ્વના છે. મને તેમણે કહ્યું, ભાભી મારું ભજન કરીશ તો તને સુખી કરી દઈશ. હું તો મુમુક્ષુઓનું કલ્યાણ કરવા જઉં છું. હનુમાનજી મારા સમાચાર તમને આપી જશે. મને સંભારજો અને ભજન કરજો.

<u>પ્રસંગ : ૨૭</u>

<u>અયોધ્યામાં સ્વજનોને મારા કુશળ સમાચાર આપજો</u>

નીલકંઠવર્ણીને આજે સુવાણ થઈ. લૌકિક બંધનોથી મુક્ત થઈ ગયા. શાલિગ્રામ અને બટવા સિવાય બીજી સામગ્રીથી પણ આજે મુક્ત થઈ ગયા. બ્રહ્મદશામાં મુક્ત બની સરયૂના કિનારે કિનારે અડવાણે પગે કાંટા કાંકરા વાગે છે પરંતુ દેહાતીત દશામાં નીલકંઠ અષાઢના ઘનઘોર મેઘની ગર્જના સાથે આગળ ચાલવા લાગ્યા.

નીલકંઠવર્ણી લગભગ બે કોસ ચાલ્યા હશે એક મોટો વડ તેમણે જોયો. વડ નીચે પદ્માસન વાળીને બિરાજ્યા. વર્ણી જ્યારે ધ્યાનમાંથી જાગ્યા, હનુમાનજીને સામે બેઠેલા જોયા. હસીને વર્ણીએ પૂછયું, તમે ક્યારના આવ્યા છો ? હનુમાનજીએ કહ્યું, મહારાજ આપના નિત્ય દર્શન કરવાનો મારો નિયમ છે. આજે અયોધ્યામાં આપ નહોતા. પછી ધ્યાનમાં જોયું તો આપ આ તરફ પધાર્યા છો તે જાણી અહીં આવ્યો. આપની આજ્ઞા હોય તો આપ સાથે રહુ..

વર્ણીએ તેમને કહ્યું, હમણા તો વિચરણ કરવાનો વિચાર છે માટે હું યાદ કરું ત્યારે આવજો. અયોધ્યામાં સ્વજનોને કુશળ સમાચાર આપજો. એટલું કહી પોતે ધ્યાનમગ્ન બની ગયા. હનુમાનજી પાછા ત્યાંથી વળી ગયા.

* ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જ જોઈએ. જે ભગવાનના આધારે ભેખ લીધો છે તે ભગવાન જ સમયે સમયે પોષણ કરશે. તમે હવે જાઓ..મને કોઈનો ડર નથી. ચરાચરમાં મારી શક્તિ વ્યાપી રહી છે. ભોળા ગ્રામજનોને નીલકંઠની આ દિવ્યવાણી ન સમજાણી.

* થોડાક કાળમાં જાણે યુગોનું કાર્ય કરી લેવું હોય એમ તેમની ગતિ લાગે છે. વનની વિકટ પસાર કરતા નીલકંઠ જ્યાં જ્યાં વિશ્રામ કરે છે ત્યાં ત્યાં ગામલોકો તેમની દિવ્ય મૂર્તિ જોઈ આકર્ષાય છે.

પ્રસંગ : ૨૮

નીલકંઠ વર્ણી લોધેશ્વરમાં

બારાબંકી જીલ્લામાં આવેલું આ ગામ અતિ પ્રાચીન છે. અહીં લોધેશ્વર પાસે લોધેશ્વર મહાદેવનું મંદિર છે. જેમની સ્થાપના યુધિષ્ઠિર રાજાએ કરી હોય એવું કહેવાય છે. વર્ણીરાજ અહીં પધાર્યા, સરોવરને કાંઠે આવ્યા. સરોવરમાં સ્ત્રી પુરુષો સ્નાન કરી રહ્યા હતા. વર્ણીએ સ્ત્રીપુરુષોથી અલગ જગ્યા શોધી ત્યાં સ્નાન કર્યું. પછી કાંઠા ઉપર આવી ત્યાં બિરાજ્યા. લોધેશ્વર મહાદેવના દર્શન કરવા પધાર્યા.

કિશોરવયમાં કઠિન તપશ્ચર્યા આદરીને બેઠેલા આ વર્ણીના દર્શન કરવા ગામલોકો ત્યાં આવવા લાગ્યા. વર્ણીની મનોહર મૂર્તિનું આકર્ષણ ખૂબ જ હતું. કોઈ સીધાની સામગ્રી લાવ્યા, કોઈ ફળફળાદિ લઈને આવ્યા. ભાવિકો વર્ણીના દર્શન કરી કૃતાર્થ થયા. વર્ણી તેમને ઉદ્દેશ કરીને સંસાર સાગર તરવાનો ઉપાય બતાવતા હતા.

ત્યાગીની રીત પ્રમાણે વર્ણી ઉદર પોષણ માટે જ આહાર કરતા. પરંતુ સ્વાદેન્દ્રિય પોષવા કદી જમતા નહિ. પોતે પોતાના સ્વરૂપના આનંદમાં જ મસ્ત રહેતા. એકાકી અને અસંગી રહેવું તેમને ગમતું હતું. છતાં ઉપદેશને અર્થે મુમુક્ષુઓને જોઈ આનંદ પામતા. કોઈ સ્થળે એક રાત્રિથી વિશેષ ન રહેવું એવો તેમનો નિયમ હતો. ગ્રામજનોને લાગ્યું કે જેવા વર્ણી અલૌકિક તેવી તેમની વાણી અને ઉપદેશ પણ અલૌકિક.

પ્રસંગ : ૨૯

- શ્રીનીલકંઠ વર્ણી લોધેશ્વરથી નીકળીને જેતપુર આવ્યા. ત્યાંથી પથેપુર આવ્યા. મુમુક્ષુઓને ઉપદેશ આપી પોતાના સંબંધથી ભવબંધનના બંધ છોડાવતા.

- પથેપુરથી નીલકંઠ વર્ણી ખેરીલાપુર પધાર્યા. અહીં ખૂબ જ ઉંડુ અને વિશાળ નૈમિષારણ્ય સરોવર છે. આ સ્થળ ખૂબ પ્રાચીન છે. કળિયુગનો પ્રારંભ થતા ઋષિમુનિઓ બ્રહ્માજીની આજ્ઞાથી અહીં તપ કરવા રહ્યા હતા. સૂતપુરાણી અને શૌનક ઋષિ તેમજ બીજા અસંખ્ય ઋષિઓની તપોભૂમિ સમું આ સ્થળ ઈન્દ્રિયોની વૃત્તિઓને કુંઠિત કરે એવું ચમત્કારી છે. વર્ણીન્દ્ર પ્રભુ અહીં પધાર્યા તેથી ત્યાં તપ કરતાં સર્વ ઋષિઓને લાગ્યું કે પોતાની તપશ્ચર્યાના ફળરૂપે સાક્ષાત્ ભગવાને પ્રસન્ન થઈ તેમને દર્શન દીધા. સર્વ ઋષિઓ પોતપોતાના સ્થાનેથી આવી વર્ણીન્દ્ર પ્રભુના ચરણમાં પડી ગયા. તેમના પાદસ્પર્શથી અક્ષરધામના દિવ્ય સુખનો તેમને અનુભવ થયો. શ્રીહરિની તેઓએ પૂજા કરી, શ્રીહરિએ તેમના ઉપર દૃષ્ટિ કરી. આ દૃષ્ટિથી જ શ્રીહરિના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું જ્ઞાન તેમના અંતરમાં પ્રગટ્યું તેથી અત્યંત ગદ્‌ગદિત થઈને તેઓ કહેવા લાગ્યા : અનંત અવતારો થયા પણ 'અહી સમ કોઉ ન ભયે અબ'. આપના અવતાર જેવો હજું કોઈ અવતાર પૃથ્વી પર થયો નથી. નીલકંઠ અહીં ચાર દિવસ રોકાયા.

- ત્યાંથી આગળ ચાલતાં વર્ણી સહેજાપુર આવ્યા. અહીં શહેરની બહાર ઉત્તર તરફ નદી વહે છે. વર્ણી નદીને કિનારે આવ્યા. તેમની કાયા કૃશ હતી છતાં સ્વરૂપ અલૌકિક હતું. તેમના દર્શન કરવા ગામલોકો તેમની પાસે આવ્યા. નીલકંઠ વર્ણીને લોધેશ્વરમાં તુંબીપાત્ર અને મૃગચર્મ મળ્યાં હતા તે તથા તેમની પાસેના શાલિગ્રામ અને બટવો તેમણે કિનારે મૂક્યા અને નદીમાં ઝંપલાવવા તૈયાર થયા. પરંતુ કિનારે ઉભેલા લોકોએ તેમને વાર્યા કે આ નદીમાં અત્યારે પ્રચંડ પૂર છે, તમે પડશો નહિ.

છતાં નીલકંઠ વર્ણી તો નદીમાં નાહાવા પડ્યા. સૌએ જાણ્યું કે તપસ્વી બાળક આ ભયંકર પૂરમાં તણાઈ જશે. પણ વર્ણી પડ્યા અને નદીનું વહેણ થંભી ગયું. એક ક્ષણમાં નીલકંઠ વર્ણી સ્નાન કરીને કિનારે આવી ગયા. ગામલોકોએ આ ચમત્કાર જોયો. નદીના પ્રચંડ વેગની જેમ મનની વૃત્તિઓના વેગને શાંત કરી દે એવા આ મહાપુરુષ છે એમ જાણી નીલકંઠને સૌએ નમસ્કાર કર્યા.

નીલકંઠ વર્ણી આંબાના એક વૃક્ષ નીચે શાલિગ્રામની મૂર્તિને સન્મુખ મૂકી પૂજા કરતાં ધ્યાનમાં મગ્ન બની ગયા. ધ્યાનમાંથી જાગ્યા ત્યારે તેમની પાસે ફળ તથા મીઠાઈઓ અને સીધાની બીજી અનેક સામગ્રીઓનો ઢગલો થઈ ગયો હતો. નીલકંઠે ફળ તથા મીઠાઈ શાલિગ્રામને ધરાવી સૌને તે પ્રસાદ વહેંચી દીધો. પછી પોતે ઘઉંના લોટની બાટીઓ બનાવી, કેરીનો રસ કાઢયો અને ઠાકોરજીને નૈવેદ્ય ધરીને એક પાત્રમાં બધું ચોળી પાણી નાંખી જમી ગયા. આવું સ્વાદિષ્ટ ભોજન પાણી નાંખીને નીલકંઠ વર્ણી જમ્યા તેથી પાસે બેઠેલા મુમુક્ષુઓને તેમના પ્રત્યે ખૂબ જ ભાવ થયો.

- ત્યાંથી નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા. થોડે દૂર નદી હતી તે ઉપરના પુલને ઉતરીને નીલકંઠ વર્ણી બરેલીપુરમાં આવ્યા. નદીનો ઉત્તર કિનારો વૃક્ષોથી ઢંકાયેલો હતો. નીલકંઠને તેથી તે સ્થાનનું આકર્ષણ થયું. અહીં સુંદર બગીચામાં બંગલા હતા. નીલકંઠ તે બગીચામાં ત્યાંના માળીને પૂછીને એક બંગલામાં ઉતર્યા. નદીના કિનારા ઉપર જ તે બંગલાનો ઝરૂખો પડતો હતો. ઝરુખામાંથી પ્રકૃતિને તેના મસ્ત સ્વરૂપમાં જોઈ નીલકંઠ વર્ણીને આનંદ થયો. નીલકંઠ વર્ણી તુલસીદાસજીના પદ ગાવા લાગ્યા. વર્ણીના ઘેરા સૂરની સૂરાવલિઓ સાંભળી ઘોડાપૂર જોવા આવેલા લોકો નીલકંઠ વર્ણી તરફ જોવા લાગ્યા.

વર્ણીએ તેમને પ્રેમથી બોલાવ્યા, પાસે બેસાર્યા, મુમુક્ષુ જાણીને ઉપદેશની કેટલીક વાતો કરી. પછી મહેલમાંથી બહાર આવી વર્ણીરાટ ત્યાંથી આગળ ચાલ્યા. ત્યાં તો કૂવા પાસે પાણી ભરવા આવેલી પનિહારીઓએ નીલકંઠ વર્ણીનો માર્ગ રોક્યો. વર્ણીરાટ ચમક્યા અને બે ડગલાં પાછા ખસી ગયા. તેમને આમ ચમકી જતા જોઈ સ્ત્રીઓ હસવા લાગી. પછી બોલી : બ્રહ્મચારી ! તમે ચોમાસાના દિવસોમાં ઘરેથી નીકળી ગયા તે મા-બાપથી રિસાયા છો કે ભાભીનાં મહેણાંથી કાયર બની ગયા છો ?

નીલકંઠ વર્ણી આ સાંભળી સ્થિર થઈ ગયા પણ પનિહારીઓના આ શબ્દમાં તેમણે પોતાના પ્રત્યેના પ્રેમને નિહાળ્યો. તેમણે કહ્યું, જેનામાં વૈરાગ્ય કે પ્રભુ પ્રત્યે ભક્તિ જ ન હોય તે જ રિસાય કે કાયર થઈ ઘરનો ત્યાગ કરે. અમે તો અનંત જીવોનાં કલ્યાણ કરવા જ ગૃહત્યાગ કર્યો છે.

પ્રશ્ન તો નિમિત્ત હતું પણ સ્ત્રીઓને તેમને ત્યાંથી જવા દેવા ન હતા તેથી સ્ત્રીઓ તેમને પકડવા દોડી. સ્ત્રીઓની ગંધથી જ દૂર નાસતા વર્ણીરાટ તરત જ ત્યાંથી દોડ્યા અને એક ક્ષણમાં અલોપ થઈ ગયા. જાણે વીજળી ચમકી ને એકદમ આકાશમાં સમાઈ ગઈ.

- ત્યાંથી નીલકંઠ વર્ણી આગળ નારદવનમાં દસ દિવસ રહ્યા, ત્યારબાદ નીલકંઠ બહાદુરપુરમાં આવ્યા. અહીં ફક્ત એક જ દિવસ રોકાઈ ગંગાકિનારે પધાર્યા ને ગંગાએ વર્ણીરાજનું સ્વાગત કર્યું. વર્ણીએ પ્રસન્ન થઈ ગંગાને વર આપ્યો : તને હું સદાય મારી સમીપે રાખીશ અને તારા સર્વે મનોરથો પૂરા કરીશ.

વર્ણીપ્રભુ ત્યાં એક રાત રોકાયા. બીજે દિવસે પ્રભાતે નાવમાં બેસીને ત્યાંથી આ.સં.૧૮૪૯, શ્રાવણ સુદ એકાદશીએ હરદ્વાર પધાર્યા.

પ્રસંગ : ૩૦

હરદ્વારમાં શંકર-પાર્વતી વર્ણીને જમાડે છે

હરદ્વારની ઉત્તરે અગાધ જળથી ભરેલા ગંગાજી વહે છે. વર્ણીરાજે ગંગાઘાટે સ્નાન કર્યું પરંતુ યાત્રિકો અને વેરાગીઓની ત્યાં ભેગી થયેલી જમાતને લઈને તેમને ત્યાં એકાંત સ્થળ મળ્યું નહિ. એકાંત સ્થાન શોધવા તેઓ આમતેમ ફરી રહ્યા હતા.

એટલામાં એક વિપ્રે તેમનું કાંડું પકડયું. વર્ણીરાટ ચમક્યા. તેમણે વિપ્રની સામું જોયું એટલે વિપ્રે તેમને કહ્યું, બ્રહ્મચારી અહીં યાત્રિકોની અને આ વેરાગીઓની પુષ્કળ ગીરદી છે. વળી આ વેરાગીઓ આયુધારી છે, તેથી જયારે અંદર અંદર ઝઘડે છે ત્યારે કેટલાયને પાણીમાં નાંખી દે છે. માટે અહીં રહેવામાં જોખમ છે. આપ મારી સાથે પધારો.

વર્ણીરાજને એકાંત સ્થાન જ ખપતું હતું તેથી તેઓ વિપ્રની સાથે ચાલ્યા. વિપ્ર તેમને ઉત્તર તરફના શિવાલયમાં લઈ ગયા. પછી વિપ્રે હાથ જોડીને પૂછ્યું, બ્રહ્મચારીજી ! આપને કયા નામે સંબોધવા ? આટલી નાની અવસ્થામાં આપે ગૃહત્યાગ કર્યો છે તે કંઈક કલેશ, કંકાસ કે પછી વૈરાગ્યને લીધે ત્યાગ કર્યો છે ?

પ્રશ્ન સાંભળી વર્ણી હસ્યા ને કહ્યું, અનેક તીર્થોના અને બદરિકાશ્રમમાં નરનારાયણ ઋષિના દર્શન કરવા સારું અમે ગૃહત્યાગ કર્યો છે. મને લોકો નીલકંઠ વર્ણી કહે છે. વિપ્રને બ્રહ્મચારીની વાત સાંભળી હસવું આવ્યું. તેણે તરત જ કહ્યું, નીલકંઠ તો મહાદેવનું નામ છે. એટલે વર્ણીએ જવાબ આપ્યો કે, તે મહાદેવને અમારી સાથે એકતા છે. આ સાંભળી વિપ્ર વર્ણીના પગમાં પડી ગયા. વર્ણીએ તેમના મસ્તક ઉપર હાથ મૂકી કહ્યું, કહ્યા વિના સમજાય નહિ અને પૂછયા વિના કહેવાય નહિ.

પછી વિપ્રે વર્ણી માટે રસોઈ તૈયાર કરવા માંડી. એટલામાં વિપ્રની સ્ત્રી ત્યાં આવી. તેણે વિચાર્યું કે, પોતાથી પણ બહુ જ મોટા હોય તોજ આ વિપ્ર સેવા કરે, માટે આ બ્રહ્મચારી જરૂર કોઈ મોટા ઈશ્વર હશે. તેણે વિપ્ર પાસે આવીને કહ્યું, ઘણા યુગોથી આપ અહીં વસો છો, મોટા મોટા શુક-સનકાદિક સિદ્ધો અહીં આવી ગયા. બીજા પણ અનંત અહીં આવે છે, પરંતુ તમે જાતે કોઈની આ રીતે સેવા કરી નથી. માટે આ વિપ્ર કોણ છે ?

એટલે વિપ્રે તેને કહ્યું, તમે ધ્યાનમાં બેસો તો જણાશે કે આ બ્રહ્મચારી કોણ છે. વિપ્રના પત્ની ધ્યાનમાં બેઠા. ધ્યાનમાં તેમને જણાયું કે પોતાના પતિથી પણ બ્રહ્મચારી બહુ જ મહાન છે. તરત જ તે વર્ણીના ચરણમાં પડી ગયા. એજ ધ્યાનસ્થ સ્થિતિમાં તેમણે વર્ણીને હાથ જોડીને કહ્યું, હે મહારાજ ! આ ત્રણ ગુણથી પર મારી ગતિ નથી.

તે સાંભળી વર્ણી હસ્યા. તેમણે કહ્યું, તમારો જોગ કાચો છે. તમે કોઈ મોટાપુરુષની સેવા કરી નથી. આ વિપ્ર અમને મોટા જાણીને અમારી સેવા કરે છે. પછી વર્ણીએ તેના ઉપર દૃષ્ટિ કરી તેથી ત્રણ ગુણથી પર વર્ણીનું સ્વરૂપ તેને દેખાયું. તે અત્યંત આનંદવિભોર બની ગઈ. તેણે કહ્યું, પણ તમે જમો એવી રસોઈ તેમને આવડતી નથી. માટે મને જો આજ્ઞા કરો તો હું રસોઈ કરું. વર્ણી હસ્યા. તેમણે કહ્યું, પતિ પત્નીની વાતમાં અમે પડતા નથી.

પછી બંને પતિ પત્નીએ વર્ણી માટે રસ-રોટલી બનાવ્યા. વર્ણીએ કહ્યું, અમે અજાણ્યાની કરેલી રસોઈ જમતા નથી માટે તમે દંપતિ કોણ છો તે કહો તોજ અમે જમીએ ને અહીં રાત પણ રહીએ. વિપ્રે તરત જ કહ્યું, મહારાજ ! અમે તો ત્રણ ગુણથી પર નથી,પરંતુ તમે ત્રણ ગુણથી પર હોવા છતાં ત્રણ ગુણમાં આવી કેમ અજાણ્યા બની જાવ છો ? વર્ણીએ આનો કોઈ જવાબ ન આપ્યો એટલે તે સ્ત્રી બોલી, હે પ્રભુ ! આ તીર્થનું જેમના ઉપરથી નામ પડયું છે તે હર આ પોતે જ છે. અને હું તેમની પત્ની પાર્વતી છું. ઘણા યુગોથી મારા પતિ અહીં આપને પ્રસન્ન કરવા તપ કરી રહ્યા છે. પરંતુ આજે તેમની તપશ્ચર્યાનો અંત આવ્યો અને આપનો સાક્ષાત્ યોગ થયો.

આ સાંભળી વર્ણીરાટ પ્રસન્ન થયા. પોતે શાલિગ્રામને નૈવેદ્ય ધરાવી જમ્યા, શિવ-પાર્વતીને પ્રસાદી આપી. તેમણે તેમના પરિવારને બોલાવી આ વર્ણી ભગવાનના દર્શન કરાવ્યા, તેમના આશીર્વાદ લીધા. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ વર્ણીરાટ ત્યાં પાંચ દિવસ રહ્યા.

પ્રસંગ : ૩૧

પ્રભુ પોતે બાલમુકુન્દની પ્રતિમાને શા માટે સેવે છે ?

હરદ્વારથી વર્ણીરાટ ચાલ્યા. રસ્તામાં તપોવન આવ્યું. આ વનમાં ઘણા ઋષિઓ શ્રીહરિની પ્રસન્નતા માટે તપ કરતા હતા. પૂર્વ રમ્યક્ મુનિએ અહીં આમ્રવૃક્ષની નીચે તપ કર્યુ હતું. રમ્યક્ મુનિ કૂબડા હોવાથી આ સ્થાનને કુબ્જામ્રક પણ કહે છે. અહીં ઉત્તાનપાદના પુત્ર ધ્રુવજીએ પણ તપ કર્યુ હતું. ધ્રુવજીનો આશ્રમ પણ અહીં છે. વર્ણીરાટ પધાર્યા એટલે દરેક આમ્રવૃક્ષ નીચે તપ કરતાં યોગીઓ તેમની પાસે આવવા લાગ્યા.

તેમની પાસે આવી તેમના ચરણકમળમાં મસ્તક નમાવી તે કહેવા લાગ્યા હે વર્ણીરાટ ! આપે અહીં પધારી અમને કૃતાર્થ કરી દીધા. આપના સ્વરૂપના આકર્ષણથી અમારા ચિત્તની વૃત્તિ આપના સન્મુખ થઈ ગઈ. વર્ણી તેમની વચ્ચે બેસી ગયા. ને પ્રસન્ન થઈ કહે, જેવી રીતે તમે મારું ચિંતવન કરો છો તે જ પ્રમાણે તમારું પણ ચિંતવન કરતો કરતો હું અહીં તમને દર્શન દેવા આવ્યો છું. અનેક યુગના તમારા તપથી પ્રસન્ન થઈ તમારું આત્યંતિક કલ્યાણ કરવા અને જગતમાં એકાંતિક ધર્મની સ્થાપના કરવા હું આ સમયે પ્રગટ થયો છું. ત્યારબાદ સૌ વર્ણીની સેવામાં પ્રવૃત્ત થઈ ગયા. વર્ણી પાસે ભાતભાતના ફળોના ઢગલા થઈ ગયા. કોઈ ગાળીને જળ પણ લઈ આવ્યા.

વર્ણીએ તમામ સામગ્રી પોતાની પાસે રાખેલા બાલમુકુન્દને ધરાવી, પછી પોતે ગ્રહણ કરી. તે જોઈ મુનિઓને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું, તમે જ સ્વયં ભગવાન છો તો પછી આ બાલમુકુન્દની પ્રતિમાને પૂજવાનો શો અર્થ ?

વર્ણીએ કહ્યું, ભગવાન જયારે મનુષ્યરૂપે પૃથ્વી પર પ્રગટ થાય છે ત્યારે તે સ્વરૂપમાં, મૂળ અજ્ઞાનથી આવૃત થયેલા મનુષ્યો મોહ પામે છે. તેથી ભગવાને પ્રતિમાને પોતાનું સ્વરૂપ બનાવી મંદિરોમાં તેની પ્રતિષ્ઠા કરી. તેથી સામાન્ય જનોને પણ તે પ્રતિમામાં ભાવ થાય. પ્રભુ તો પૃથ્વી ઉપર આવી પાછા અંતર્ધ્યાન થઈ જાય છે, પરંતુ પ્રતિમા અચળ રહે છે. તેથી પ્રભુ પણ મનુષ્ય સ્વરૂપ ધારી તે પ્રતિમાના સ્વરૂપમાં મનુષ્યોને ભગવાનના સાક્ષાત્ પ્રગટ સ્વરૂપનો ભાવ આવે તે માટે તે પ્રતિમાને સેવે છે. તેમાં જે જ્ઞાની છે તેને તે યોગ્ય લાગે છે. તપોવનમાં વર્ણી દસ દિવસ રહ્યા.

- પછી વર્ણી ત્યાંથી નીકળીને ગંગા કિનારે ચાલીને લક્ષ્મણઝૂલા પધાર્યા. અહીં ગંગાના કિનારા ઉપર લક્ષ્મણજીએ ૧૨ વર્ષ સુધી તપ કર્યું હતું.

અહીં વર્ણીરાજે સામશ્રાવણીએ ઉપવીત બદલી. વર્ણીરાટ મહાપ્રભુ લક્ષ્મણજીના મંદિરમાં પધાર્યા. આ મંદિરમાં એક રાત રોકાયા પછી ઝૂલા ઉતરી પૂર્વ તરફનો માર્ગ પકડયો.

- વર્ણીન્દ્ર ભગવાને બદરીનાથના રસ્તે પ્રયાણ કર્યું. બે દિવસ ચાલ્યા ત્યાં શ્રીપુર શહેર આવ્યું. અહીં ઉદ્ધવજીએ તપ કર્યું હતું. શ્રીકૃષ્ણના વિયોગે તેમનું શરીર ક્ષીણ થઈ ગયું હતું. તે સમયે નારદે આ શહેર રચ્યું હતું. આ નગરને શ્રીક્ષેત્ર પણ કહે છે. અહીં અલકનંદા ધનુષ્યાકારે વહે છે તેથી આ ધનુષ્યતીર્થ પણ કહેવાય છે. અહીં ચિત્તભંગગિરિ તથા મનભંગગિરિ ઉપર વર્ણીન્દ્ર ચડયા. ત્યાં વસતા અનેક યોગીઓને દર્શન દીધા. ઉદ્ધવનો આશ્રમ જોઈ ઋષિપંચમી કરી પાછા શ્રીપુર પધાર્યા.

<u>પ્રસંગ : ૩૨</u>

<u>કેસરી સિંહ વર્ણીના પગ ચાટતો બેસી રહ્યો - વર્ણીને મહાધિપતિ બનાવવાની વાત</u>

વર્ણીરાટ શ્રીપુરમાં પધાર્યા ત્યારે સૂર્યાસ્ત થઈ ગયો હતો. વસતિમાં તો જવાની તેમને ઈચ્છા જ નહોતી, પરંતુ ગામબહાર તેમણે એક મઠ જોયો. તેના ઓટલા ઉપર તેમણે નિવાસ કર્યો. મહાતેજસ્વી બાળકને ઓટલે બેઠેલા જોઈ મઠનો મહંત બહાર આવ્યા. તેમણે વર્ણીન્દ્રને કહ્યું, બ્રહ્મચારી તમે અહીં મઠની અંદર આવો..અહીં બહાર તો જંગલી જાનવરોનો ઘણો ભય છે, માટે ઓટલે બેસી રહેવું તે ઠીક નથી.

વર્ણીન્દ્રે તેમનો ભાવ જોયો પરંતુ કાંઈ બોલ્યા નહિ. આમ શાંત બેઠેલા જોઈ મઠાધિપતિએ ફરી કહ્યું, બ્રહ્મચારી તમે ભૂખ્યા હશો, અંદર આવી ભોજન જમો અને વિશ્રાંતિ કરો. પરંતુ વર્ણીન્દ્ર હજું શાંત જ રહ્યા. મહંત વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે બ્રહ્મચારી મૌનવ્રતધારી હશે, તેથી તેમણે વર્ણીને હલાવ્યા અને ફરી કહ્યું, મહારાજ મારું કહ્યું માનો. જો મઠમાં આવવાની ઈચ્છા ન હોય તો ગામમાં વસતિમાં જાઓ પણ અહીં તો મૃત્યુનો ભય છે.

વર્ણીન્દ્રે તરત જ કહ્યું, મહંતજી ! હું વસતિમાં રહેતો નથી. ગામ બહાર જયાં આવું સ્થળ મળે ત્યાં આકાશની નીચે રહું છું. મૃત્યુનો મને ભય નથી. મહંતજીને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું, આ તમારી જોગીહઠ છે. વગર મોતે મૃત્યુના મોંમાં શા માટે ધકેલાઓ છો ? વર્ણીન્દ્રે જવાબ આપ્યો, મૃત્યુથી ડરીને સંતાઈ જવાથી મૃત્યુ રોકાતું નથી. આપનો ખૂબ આભાર..હું તો અહીં જ સૂઈ રહીશ. મહંતજીએ જાણ્યું કે આ જોગીહઠ છે એમ વિચારી તે અંદર ગયા.

રાત્રીનું અંધારું જામતું હતું. આ બ્રહ્મચારીની દયા ખાઈને તેણે બારણાં બંધ કરી દીધા. વર્ણીન્દ્ર મહાપ્રભુ ઓટલા ઉપર મૃગચર્મ પાથરી ધ્યાનમગ્ન બેસી ગયા. રાત્રિના બે પ્રહર વીત્યા અને ધરણી ધ્રુજાવે તેવી કેસરી સિંહની ડણક સંભળાણી. મહંત અને પુરવાસી જનો આ ભયંકર ત્રાડ સાંભળીને જાગી ગયા. મહંતને બ્રહ્મચારીની ચિંતા થવા લાગી.

ભયંકર ગર્જના કરી ત્રાડુકતો કેસરી સિંહ ધગેલા ત્રાંબા જેવી આંખો ટમટમાવતો ધીરે રહીને વર્ણીની આગળ આવીને ઉભો રહ્યો. એ હિંસક ત્રાડ સાંભળીને મઠના મહંત અને તેમના શિષ્યોની તો છાતી બેસી ગઈ. વર્ણીએ સિંહ તરફ દ્રષ્ટિ કરી, તે દ્રષ્ટિ ઝીલી નિશ્ચેતન બની સમાધિના દિવ્ય સુખનો અનુભવ કરતો કેસરી વર્ણીના પગ આગળ લપાઈને બેસી ગયો. નથી હાલતો કે નથી ચાલતો. પ્રસંગની ભયંકરતાથી ધ્રુજતા મહંતે બારીનું બારણું ખોલ્યું. તે અને તેમના શિષ્યો બારીની બહાર આશ્ચર્યવત્ જોઈ જ રહ્યા.

થોડીવારે નીલકંઠ વર્ણી કેસરીના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યા. કેસરી આ સ્પર્શથી સમાધિમાંથી જાગ્રત થઈ સચેતન થઈ તેની ધીમી ડણકથી નીલકંઠ વર્ણીના પગને ચાટતો હતો. મહંતજી અને શિષ્યો બંને એકાએક બોલી ઉઠયા : આતો કોઈ ઈશ્વરી અવતાર છે કાં મહાદેવ કાં મુરારિ..

ચળ અને અચળની દોરી તો વર્ણીના હાથમાં હતી. તેમને મન આ કોઈ સિદ્ધિ નહોતી ને ન હતો એવો કોઈ સંકલ્પ..તેમને તો પોતાના સંબંધમાં આવે તેનું કલ્યાણ કરવાની ઈચ્છા હતી અને જોગાનુજોગ આજે આ કેસરી સિંહ તેમની અડફેટમાં આવી ગયો.

પરોઢ થયું ને વર્ણી ત્યાંથી ઉઠીને નદીકિનારે પ્રાતઃવિધિ કરવા જવા લાગ્યા. કેસરી પણ ગાયની જેમ વર્ણીની પાછળ ચાલવા લાગ્યો. વર્ણીએ નદી પાસે આવીને પાછળ આવતા કેસરીને કહ્યું, હવે તમે તમારા માર્ગે ચાલ્યા જાઓ. તરત જ કેસરી શિર ઝુકાવીને સામેની ઝાડીમાં અદ્રશ્ય થઈ ગયો.

વર્ણીની પાછળ દૂર રહીને આવતા મહંતજીએ અને શિષ્યોએ આ જોયું. વર્ણી સ્નાન કરી પૂજા કરતાં હતા ત્યારે મહંતજી ત્યાં આવ્યા ને હાથ જોડીને કહ્યું, બ્રહ્મચારી આપ બહુ પ્રતાપી પુરુષ છો. સિદ્ધ છો. આપ જો અમારા મઠમાં રહો તો તમને મઠાધિપતિ બનાવી દઉં. લાખો રૂપિયાની અમારી આવક છે. મહંત બોલ્યે જ જતા હતા.

વર્ણીએ તેમને અટકાવી વચ્ચે જ કહ્યું, જુઓ મહંતજી ! મઠની, આશ્રમની કે મિલ્કતની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? મારે તો તીર્થોમાં જઈ અનેક જીવનું કલ્યાણ કરવું છે. અને સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું છે. એટલું કહી પૂજા સંકેલી. મહંતની કાક્લૂદીને નજરમાં ન લીધી અને ત્યાંથી સીધા સામેની ઝાડીમાં પ્રવેશી અદ્રશ્ય થઈ ગયા.

- નીલકંઠ વર્ણી ઝાડીમાંથી માર્ગ કરીને આગળ ચાલતા ગુપ્તકાશી પધાર્યા. પૂર્વકાળમાં ઋષિઓ ભગવાન શંકરની પ્રસન્નતા અર્થે અહીં તપ કરતા હતા. બલિના પુત્ર બાણાસુરની રાજધાની શોણિતપુર આ સ્થાનની આસપાસ હતી. અહીં ગંગા અને યમુનાની ધારા કુંડમાં વહે છે. આ કુંડમાં યાત્રિકો સ્નાન કરીને ગુપ્તદાન કરે છે. વર્ણીન્દ્ર ભગવાને અહીં શિવજીના દર્શન કર્યા. અહીં જળઝીલણી અને વામનદ્વાદશી કરી. અહીં થોડો સમય રહ્યા પછી મહાપ્રભુ ગુપ્તપ્રયગમાં પધાર્યા. ત્યાંથી ઝૂલા ઉપરથી ગંગા પાર કરી આગળ ચાલ્યા. એટલામાં સામે એક અત્યંત શોભાના ધામ સમા મહામંદિરને જોઈ નીલકંઠ વર્ણી ત્યાં થંભી ગયા. આ મંદિરમાં ત્રિયુગી નારાયણની મૂર્તિ છે. ભગવાન નારાયણ ભૂદેવી અને શ્રીદેવી સાથે બિરાજમાન છે. કહેવાય છે કે આ સ્થાને શિવજી અને પાર્વતીજીના લગ્ન થયા હતા.

- તીર્થોને તીર્થત્વ અર્પી તીર્થવાસીઓનું કલ્યાણ કરી ભગવાન નીલકંઠ વર્ણીએ પોતાની દિવ્ય મજલ આગળ ચાલુ રાખી. હેતુ વગર ક્યાંય રોકાતા નથી. તેમની ઉતાવળી મજલ હતી. નીલકંઠ વર્ણી ત્યાંથી ગૌરીકુંડ પધાર્યા. ગૌરીકુંડમાં ગરમ અને ઠંડા પાણીના કુંડ છે જેને અમૃતકુંડ પણ કહે છે. પાર્વતીજીનું આ જન્મસ્થાન છે. નીલકંઠ મહાપ્રભુ ગૌરીકુંડમાં સ્નાન કરી, મંદિરોમાં દર્શન કરી કેદારનાથ પધાર્યા.

- કેદારનાથી ભારતમાં યાત્રાનું મુખ્ય ધામ છે. અહીં લાખો યાત્રિકો વર્ષોવર્ષ આવે છે. વર્ણીને આ યાત્રિકોમાંથી મુમુક્ષુઓ શોધવા હતા. તેમને પોતાના દર્શન આપી પોતાનો સંબંધ કરાવવો હતો. આ તીર્થમાં હજારો યાત્રિકોને તેમના દર્શન થયા. કોઈએ તેમનામાં સાક્ષાત્ નારાયણ જોયા, તો કોઈને મહાન યોગી સ્વરૂપે દેખાયા. આ ક્ષેત્ર અનાદિ મનાય છે. સત્યુગમાં ઉપમન્યુજીએ અહીં શંકરની આરાધના કરી હતી. દ્વાપરમાં પાંડવોએ પણ અહીં તપશ્ચર્યા કરી હતી.

વર્ણી મહાપ્રભુ અહીં થોડા દિવસ રહ્યા. પછી અહીંથી નીકળ્યા અને હિમાલયની પ્રચંડ હિમ વરસાવતી ટેકરીઓને એક પછી એક ઉલ્લંઘીને કિશોરસ્વરૂપ વર્ણીરાટ ૯ દિવસે બદરીનાથ પહોંચ્યા.

પ્રસંગ : ૩૩

નીલકંઠ વર્ણી બદરિનાથમાં - પૂજારીનો પ્રેમ - વર્ણી પ્રથમ વાર હાથી પર બેઠા

નીલકંઠ મહાપ્રભુ જ્યારે બદરીનાથના મંદિરમાં દર્શન કરતા હતા ત્યારે તે મંદિરનો પૂજારી જે જ્યોતિર્મઠના દ્વિજ રાવળની શાખે ઓળખાય છે તે વર્ણીરાટની દિવ્ય મનોહર મૂર્તિ જોઈ પ્રેમમગ્ન બની ગયો. તેના અંતરમાં આ દર્શનથી અપાર શાંતિ થઈ ગઈ. કંકુ અને ગુલાલથી અંકિત થયેલું મંદિરનું પ્રાંગણ આ નીલકંઠ વર્ણીના પાદસ્પર્શથી પુનિત થઈ ગયું. તેના પ્રાંગણમાં તેણે નીલકંઠ વર્ણીના ચરણારવિંદની છાપ જોઈ. તેમાં ઉર્ધ્વરેખા સહિત સોળ ચિન્હો તેણે સ્પષ્ટ જોયા. તેને લાગ્યું કે સાક્ષાત્ નારાયણ તેની પૂજાભક્તિથી પ્રસન્ન થઈ આજે તેને દર્શન દેવા પધાર્યા છે.

થોડીવારે તેણે હાથ જોડીને વર્ણીને પૂછ્યું, પ્રભુ આપ ક્યાંથી પધારો છો ? આપનું નામ શું ? વર્ણી હસ્યા..તે ફરી હાથ જોડી બોલવા લાગ્યો, અહો મહાપ્રભુ આપ સાક્ષાત્ નારાયણ હો તેવું મને લાગે છે. હું જાણું છું કે મોટાપુરુષ પોતાની મેળે પોતાનું સ્વરૂપ કહેતા નથી પણ મારા અંતરમાં અજવાળું થયું છે એટલે હવે આપનું સ્વરૂપ ઢાંક્યું રહેશે નહિ.

પૂજારીનો આવો ભાવ જોઈ વર્ણીએ તેને કહ્યું, જાત્રા નિમિત્તે નીકળી પૂરબ દેશમાંથી અમે અહીં દર્શન કરવા આવ્યા છીએ. પૂજારીએ તો એમના હાથ પકડી લીધા અને બોલ્યા, મોટાપુરુષની રીત તો પોતાનું સ્વરૂપ છુપાવવાની જ હોય છે. તેમના એવા ભાવમાં જ તેમના સાચા સ્વરૂપનું દર્શન થાય છે. હવે હું તમને અહીંથી જવા દઈશ નહિ. પૂજારીનો બહુ જ આગ્રહ જોઈ વર્ણીએ ત્યાં રહેવા કબૂલ્યું.

પૂજારી રોજ પ્રેમથી વર્ણીને નરનારાયણનો થાળ જમાડતા. બધું જ ભેગું કરી તેમાં પાણી નાખીને જમવાની વર્ણીની આ રીત જોઈ તેને આશ્ચર્ય થતું. પૂજારી ક્યારેક પૂછતા કે આમ કેમ જમો છો ? ત્યારે વર્ણી હસતાં હસતાં કહેતા : અન્ન તો પ્રાણના આધાર માટે છે, સ્વાદ માટે નથી. સાચા સાધુ કે ભક્તે સ્વાદ તો ભગવાનની મૂર્તિનો જ લેવો જોઈએ. આમ થોડા દિવસ પૂજારીએ ભાવથી વર્ણીની સેવા કરી.

એક દિવસ તેણે વર્ણીને પૂછ્યું, હે વર્ણીરાટ ! આપને ઘરેથી નીકળ્યે કેટલો સમય થયો ? હિંડોળાના દર્શન ક્યાં કર્યાં ? દેવપોઢણી એકાદશી ક્યાં કરી ? પવિત્રા એકાદશી ક્યાં કરી ? જનમાષ્ટમીનો ઉત્સવ ક્યાં કર્યો ? વર્ણી તેના પ્રશ્નોની પરંપરા સાંભળી હસ્યા. પછી બોલ્યા, અમારો સ્વભાવ તો ગોદોહનમાત્ર એક ઠેકાણે રહીએ એવો નથી. છતાં તમારો ભાવ છે એટલે અમે અહીં રહ્યા છીએ. પછી ફરી બોલ્યા કે, અમારી ત્યાગીઓની વાત ગુપ્ત હોય છે, પરંતુ તમને મારા જાણીને કહું છું. અમે સરયૂ તરીને અમરપુર આવ્યા. નિયમની એકાદશીને દિવસે ત્યાંથી ચાલ્યા અને નારદવનમાં આવ્યા. ત્યાં હિંડોળાના દિવસો ચાલતા હતા. પવિત્રા એકાદશી હરદ્વારમાં કરી. જનમાષ્ટમી તપોવનમાં કરી, લક્ષ્મણપુરમાં ઉપવીત ધારણ કર્યું. ગણપતિ ચર્તુથી શ્રીનગરમાં કરી, ઉદ્ધવવનમાં ઋષિપંચમી ઉજવી, જળઝીલણી એકાદશી અને વામનદ્વાદશી ગુપ્તકાશીમાં કરી અને શ્રાદ્ધપક્ષમાં ગુપ્ત પ્રયાગમાં આવ્યા. કેદારનાથમાં રહ્યા. શ્રાદ્ધપક્ષ ત્યાં જ પુરું કર્યુ. નવરાત્રિ માર્ગમાં કરી અને નવમે દિવસે અમે અહીં આવ્યા. અહીં તમારી સાથે માણેકઠારી પૂનમનો ઉત્સવ કર્યો અને હવે તમારો ભાવ છે તેથી અન્નકૂટ સુધી અહીં રહેશું.

નીલકંઠ વર્ણીના શબ્દમાંથી ઝરતા અમૃતનું પૂજારી પાન કરી રહ્યા હતા. તેમની આંખમાંથી અશ્રુધારા ચાલી જતી હતી. આવી કોમળ કાયાથી આ કઠણ યાત્રા અને તપ શી રીતે થયાં હશે ? તેણે કહ્યું, વર્ણીરાટ ! આપ અહીં જ રહો, અહીંથી ક્યાંય ન જાઓ. નીલકંઠ વર્ણી કાંઈ બોલ્યા નહિ અને તેમણે માથું હલાવ્યું. દીપોત્સવી અને અન્નકૂટ નીલકંઠ વર્ણીએ બદરીનાથમાં કર્યા.

અન્નકૂટનો થાળ જમીને નીલકંઠ વર્ણીને જ્યોતિર્મઠમાં પધરાવવા સારું પૂજારી તેનો હાથી લાવ્યો. તે ઉપર સોનાની અંબાડી મૂકી. બદરીનાથના દ્વાર અન્નકૂટ પછી છ માસ માટે બંધ થાય ત્યારે પૂજારી હાથી ઉપર સવારી કરી બાર કોસ દૂર જ્યોર્તિમઠમાં રહેવા જાય છે. આ વખતે તેણે વર્ણીને હાથી ઉપર પ્રથમ બેસાર્યા. તેમની પાછળ તે બેઠા અને સુવર્ણના બે ચામર વડે વર્ણીને ચામર ઢોળવા લાગ્યા.

અહીં એક સુંદર બંગલો છે, ત્યાં વર્ણીનું તેણે સ્વાગત કર્યું. પછી હાથ જોડી કહ્યું, પ્રભુ ! આ બંગલો આપને હું અર્પણ કરું છું. આપ હવે સદા અહીં જ રહો. પરતું વર્ણીને ક્યાં આ લોકની સંપત્તિ ખપતી હતી ? તેમણે તરત જ કહ્યું, તમારો ભાવ હતો તે અમે પૂરો કર્યો. તમે જે માગ્યું તે અમે આપ્યું. હવે અમે અહીંથી હિમગિરિમાં જ્યાં નરનારાયણ ઋષિ તપ કરે છે ત્યાં જઈશું. ત્યાં થોડા દિવસ રહીને ફરીને અહીં આવીશું.

પૂજારી આ સાંભળી અવાક્ બની ગયા. અહીં બદરીનાથમાં જ જ્યાં શિયાળામાં પુષ્કળ બરફ પડે છે અને રહી શકાતું નથી તો આ વર્ણી હિમગિરિમાં જવા માંગે છે તે કેમ બને ? તેણે કહ્યું, મહારાજ ત્યાં કોઈ માનવી જઈ શક્યું નથી અને સંકલ્પ પણ કરતું નથી. વર્ણી હસ્યા..તેમણે કહ્યું, અમે માનવી નથી. અમારો દૃઢ સંકલ્પ છે. તમે રસ્તો બતાવો, નહિ તો અમે ચાલી નીકળીશું.

પૂજારીએ જોયું કે વર્ણીનો નિશ્ચય દૃઢ છે તેણે તરત જ ચંદન પુષ્પથી વર્ણીની પૂજા કરી. તેમને ટાઢ ન લાગે એવો એક ગરમ ધાબળો આપ્યો. વર્ણી તેની લાગણીથી પ્રસન્ન થયા. એણે કહ્યું, મહારાજ આપ ફરી જરૂર પધારજો. અમે આપની સેવા કરીશું. તમે સાક્ષાત્ નારાયણ છો, નહિ તો મૃત્યુના મુખમાં કોઈ પગ મૂકે નહિ. વર્ણી આ સાંભળવા ન રહ્યા ને ત્યાંથી ચાલ્યા. જ્યોતિર્મઠના વાસીઓને આ જોઈને આશ્ચર્ય થયું.

પ્રસંગ : ૩૪

વર્ણી નરનારાયણના આશ્રમ તરફ

આજે નરનારાયણ ઋષિ પ્રસન્ન હતા. તેમના મનમાં થયું કે અહો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ આજે કિશોરસ્વરૂપે તીર્થાટન કરતાં કરતાં પોતાના આશ્રમમાં પોતાને દર્શન દેવા પધારી રહ્યા છે. જે સ્વરૂપનું અને નિરંતર ધ્યાન ધરીએ છીએ તે સ્વરૂપ આજે દૃષ્ટિગોચર બને છે. વૈરાટ નારાયણે પોતાના પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ સુધી સ્તુતિ કરી ત્યારે પુરુષોત્તમ નારાયણ પોતે આ બ્રહ્માંડમાં પધાર્યા એવો અતિ મહાન ઉપકાર ભરતખંડના માનવીઓ ઉપર તેમણે કર્યો.

દેહધારીથી ન બને એવું તપ કરે છે. હિમગિરિમાં ઉઘાડા પગે ચાલી રહ્યા છે. સાથે બીજું કોઈ નથી. વિચાર કરતાં કરતાં ઋષિવર વ્યસ્ત થઈ ગયા. તેમણે બૂમ મારી : કોઈ છે ? તરત જ નરઋષિ આવ્યા. નારાયણે તેમને કહ્યું, સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ આપણા આશ્રમમાં પધારે છે. માટે વાયુદેવને જઈને કહો, હિમગિરિને જઈને કહો- પ્રભુને કાંઈ દુઃખ ન પડે એવી રીતે અહીં લઈ આવે.

નરઋષિએ તત્કાળ હિમગિરિને નારાયણનો સંદેશ કહ્યો. વાયુદેવે પણ તેમની ગતિ મંદ કરી દીધી. હિમગિરિ દેવનું સ્વરૂપ ધારણ કરીનીલકંઠ વર્ણીની સન્મુખ પધાર્યા. દંડવત્ કરીને કહ્યું, આપ કહો તે પ્રમાણે વાહન લાવું અથવા આપનો વાહક હું પોતે બની જાઉં. મહાપ્રભુ હસ્યા. તેમણે કહ્યું, તીર્થાટન તો પગે ચાલીને જ કરવું જોઈએ.

એટલામાં પાછળ નરઋષિ અને ઋષિગણો આવ્યા. બધાએ દંડવત્ કર્યા, પછી સૌ સાથે ચાલ્યા. એટલામાં શીતળ જળનું સરોવર આવ્યું. નીલકંઠ મહાપ્રભુએ તેમાં સ્નાન કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી. નરઋષિ તથા સર્વે મુનિઓએ કહ્યું, પ્રભુ આપનું શરીર આવું કૃશ છે, વળી અહીંની શીતળતાથી આપ ટેવાયેલા નથી, તેથી તેમાં સ્નાન ન કરો તો સારું. પરંતુ પ્રભુને તો તે સર્વ ઋષિઓ માટે તીર્થ બનાવવું હતું. તેમણે તો તરત ઝંપલાવ્યું. ઋષિઓ પણ સાથે નહાવા પડ્યા. સૂર્યદેવને લાગ્યું કે અક્ષરપતિની સેવા કરવાનો આ ખરો અવસર છે. તરત જ પોતે પ્રગટ થઈ વર્ણીની બાજુમાં જ ઉભા રહ્યા. વર્ણીને ગરમી લાગી, શીતળતા જતી રહી. તેમણે સૂર્યદેવ પ્રત્યે જોયું. સૂર્યદેવે દંડવત્ કર્યા ત્યારે વર્ણીએ કહ્યું, તમારા આશ્રિતોના અંતરમાં પ્રેરણા કરી આ સ્વરૂપ ઓળખાવજો. સૂર્યદેવ રાજી થઈ તરત જ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. વર્ણી ત્યાંથી આગળ ચાલ્યા.

પાંચ પાંચ કોશ ચાલતાં ૨૦-૨૫ દિવસ થયા ત્યારે સુંદર બદરીવન આવ્યું. ગણતાં પાર ન આવે એટલા વૃક્ષોથી સઘન બદરીવન જોઈ વર્ણીને ખૂબ આનંદ થયો. તેમણે કહ્યું, સમગ્ર ભારતખંડમાં આવું કોઈ ધામ નથી. અહીં જાણે અખંડ રહીએ એવું થાય છે. એમ કહી આગળ ચાલ્યા.

નરનારાયણ ઋષિનો આશ્રમ આવ્યો એટલે નીલકંઠ પ્રભુ દૂરથી દંડવત્ કરવા લાગ્યા. એટલામાં તો નારાયણ ઋષિ દોડતા આવ્યા ને નીલકંઠને ભેટી પડ્યા. નારાયણ ઋષિના અંતરમાં હેત સમાતું નથી. વારંવાર નીલકંઠ વર્ણી પ્રત્યે જોયા જ કરે છે. આંખોમાંથી હર્ષાશ્રુનો પ્રવાહ વહે છે. નીલકંઠ વર્ણીને વારંવાર મળ્યા છતાં જાણે અતૃપ્ત જ રહ્યા. બીજા ઋષિઓને નીલકંઠ વર્ણીને મળવાનો વારો જ ના આવ્યો. તેથી તેમણે સૌએ વર્ણીના ચરણસ્પર્શ કરી આનંદ માન્યો.

આ.સં.૧૮૪૯ના કાર્તિકની અંધારી આઠમે વર્ણી મહાપ્રભુએ શ્રી નરનારાયણ ઋષિનો આશ્રમ પોતાના પદારવિંદથી પાવન કર્યો. સુંદર ઉંચા આસન પર વર્ણીન્દ્ર ભગવાનને બેસાર્યા અને શ્રી નરનારાયણ ઋષિ તેમની સન્મુખ બેઠા. આજુબાજુ ઋષિવૃંદ બેસી ગયું. અંધારી આઠમની રાત્રિ વર્ણીન્દ્ર મહાપ્રભુના મુખારવિંદના દર્શનમાં આવરણરૂપ ન બને તે માટે અગ્નિદેવ પ્રગટ થયા. રાળના લાકડાંની અનંત મશાલો પ્રકટાવી. સૂર્યોદય જેવો પ્રકાશ ત્યાં વિસ્તરી રહ્યો.

શ્રી નારાયણ ઋષિએ વર્ણીન્દ્ર મહાપ્રભુને કહ્યું, હે અક્ષરાધીશ આ હિમગિરિનો રસ્તો મહાવિકટ છે. અહીં કોઈ માનવીથી આવી શકાતું જ નથી. બહુ વર્ષ તપ કરીને સિદ્ધગતિ પામેલા મુનિઓને અહીં ભગવાન કેદારનાથ લઈ આવે છે. તે સિવાય તો કોઈ પણ પ્રકારે અહીં આવી શકાતું જ નથી. આપ અમારા પર કૃપા કરી અહીં પધાર્યા તે અમારા અહોભાગ્ય કહેવાય. વર્ણીરાટ ભગવાન સંકોચ પામતાં બોલ્યા, આપ તો ભરતખંડના રાજા છો. તપનું નિમિત્ત લઈને હું આપના દર્શન સારું જ આવ્યો છું.

શ્રી નારાયણ ઋષિ અને અન્ય મુનિગણોનો ભાવ જોઈ વર્ણીન્દ્ર મહાપ્રભુને અહીં રહેવાની ઈચ્છા થઈ. તપ માટે આ સ્થા ન ઉત્તમ છે. બદરીવનની તપોભૂમિમાં નીલકંઠ મુનિ ત્રણ માસ રહ્યા. કઠિન તપ કર્યું, અન્ન ગ્રહણ ન કર્યું. તેમનું તપ મુમુક્ષુઓના કલ્યાણ માટે હતું. ત્રણ માસની કઠિન તપશ્ચર્યા પછી નીલકંઠ વર્ણીએ ત્યાંથી નીકળવાનો વિચાર કર્યો. અને નારાયણ પ્રભુને પૂછ્યું, હવે મારે ક્યાં જવું ? તરત જ નારાયણ પ્રભુએ કહ્યું, આપ તો અનંત ભગવાનના ભગવાન છો છતાં પૂછો છે તેથી સેવા સમજીને કહું છું. આપ જે ક હેતુ માટે પ્રકટ થયા છો તે હેતુ સિદ્ધ કરવા સારા ભારતમાં ભ્રમણ કરી પશ્ચિમમાં પધારશો. ત્યાં આપને પ્રથમ નારદમુનિ મળશે ત્યારબાદ ઉદ્ધવજી મળશે. તે પછી આપના પ્રાકટ્યનો હેતુ એકાંતિક ધર્મની સ્થાપનાનો આપ સિદ્ધ કરશો. આ એકાંતિક ધર્મ બ્રહ્માંડની ઉત્પત્તિથી તે આજ સુધી સ્થપાયો નથી જ નથી તે કાર્ય આપ દ્વારા જ થશે.

પછી બદરિપતિએ નીલકંઠ વર્ણીનું ષોડશોપચારે પૂજન કર્યું. ભગવાને કૃપા કરી પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું હતું પરંતુ અંતરમાં તે સ્વરૂપની અખંડ સંન્નિધિનો અનુભવ તો શુદ્ધ બ્રાહ્મીસ્થિતિ સિવાય થઈ શકતો નથી. નીલકંઠ પ્રભુએ તેમનું દુઃખ પારખીને કહ્યું, દેહ ધરીને તમે જ્યારે સમાગમ કરશો ત્યારે હું દૂર છું એવું તમને કદી લાગશે નહિ. દૂરત્વનું, જુદાપણાનું અજ્ઞાન ટળી જશે. નીલકંઠ વર્ણી એક ડગલું ચાલ્યા અને થોડીવાર થંભીને શ્રી નરનારાયણ ઋષિ પ્રત્યે તેમણે જોયું. ઋષિવર તમે મારી બહુ સેવા કરી છે. તમારી મૂર્તિની સ્થાપના હું ભરતખંડમાં જરૂર કરીશ.

નીલકંઠ વર્ણી આગળ ચાલતા હતા. તેમણે વિચાર કર્યો : એકાંતિક ધર્મ પ્રવર્તાવી સત્યુગ, ત્રેતા અને દ્વાપરના લુપ્ત થયેલા ધર્મોનું જ્યારે હું સ્થાપન કરીશ ત્યારે કળિ રહેશે ક્યાં ? કળિયુગને પણ રહેવાનું કોઈ સ્થાન તો આપવું જ જોઈએ ને ? પરંતુ તેનો વિચાર તેમણે તરત જ કરી લીધો ને મનમાં હસ્યા.

- હવે નીલકંઠ વર્ણીને માનસરોવરના કિનારે રહેતા હંસો જોવા જવું હતું. અને નીરક્ષરન્યાયી આ હંસોની શુદ્ધ શ્વેતકાય જેવા પવિત્ર પરમહંસો તેમને બનાવવા હતા. જગતમાં સાધુનો પરમ વિશિષ્ટ આદર્શ તેમને સર્જવો હતો. પોતાના શબ્દમાત્રથી જીવના અંતરમાંથી જગત જુદુ કરી દે તે સાધુ..તે સાચા પરમહંસ.. પરમહંસ જીવના અંતરમાંથી જગત જુદું કરી પરમાત્મા પ્રકટ કરી દે. આવા સાધુ દ્વારા એકાંતિક ધર્મ પ્રવર્તાવવાનો તેમનો સંકલ્પ હતો. નીલકંઠ વર્ણી માનસરોવર પહોંચ્યા.

વિશાળ માનસરોવરના નિર્મળ નીર જોઈ નીલકંઠને ખૂબ આનંદ થયો. નીલકંઠ વર્ણીને આ સ્થાન ખૂબ ગમી ગયું. નીલકંઠ વર્ણીએ ત્યાં સ્નાન કર્યું. પોતાના નિત્યકર્મથી પરવારી રહ્યા એટલામાં ત્યાં હિમગિરિ તેમના માટે સુંદર ફળ લઈને આવ્યા. શાલિગ્રામને નૈવેદ્ય ધરાવી હિમગિરિને પ્રસાદ આપ્યો ને પોતે પણ થોડું જમ્યા. નીલકંઠ વર્ણી ત્યાં પાંચ દિવસ રહ્યા. પાંચ દિવસ હંસો સાથે ક્રીડા કરી, તેમને દર્શનનું સુખ આપ્યું, પ્રસાદીનું જળ તેમના ઉપર છાંટ્યું અને પ્રસાદ પણ આપ્યો.

જ્યારે ત્યાંથી નીલકંઠ વર્ણી નીકળવા તૈયાર થયા ત્યારે હંસો નીલકંઠ વર્ણી સામું જોઈ રહ્યા. વર્ણીએ તેમનો ભાવ પરખતાં આદેશ આપ્યો, પશ્ચિમમાં પધારજો..ભક્તોના ભાવથી રંગાયેલી એ કર્મભૂમિ મારા કાર્યનું ક્ષેત્ર બનશે. લોકોનું ત્યાં આત્યંતિક કલ્યાણ થશે. ત્યાં રહીને હું મારી મોક્ષપ્રદ લીલાનો લહાવો મારા ભક્તોને આપીશ.

- પછી નીલકંઠ વર્ણી ત્યાંથી નીકળી આ.સં.૧૮૪૯ના વૈશાખ સુદ ૩, અખાત્રીજના શુભ દિવસે બદરીનાથ પાછા પધાર્યા. અહીં મંદિરમાં દેવના દર્શન કર્યાં. પૂજારીએ તેમને ઓળખી લીધા અને તરત જ સન્મુખ જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. વર્ણીરાટનો હાથ પકડી કહ્યું, પ્રભુ થાળ તૈયાર છે, જમવા પધારો. નીલકંઠ વર્ણી તેમનો ભાવ જોઈ હસ્યા અને કહ્યું, અહીંથી અન્ન જમીને ગયા હતા તે આજે અન્ન જમીએ છીએ.

એટલામાં જ્યોતિર્મઠના વર્ણી પણ ત્યાં આવ્યા. નીલકંઠ વર્ણીના દર્શન કરી તેમને ખૂબ આનંદ થયો. જમતા જમતા નીલકંઠ વર્ણીએ પોતાની યાત્રાની વાત કરી. હાડ ગાળી નાંખે તેવી હિમગિરિની કારમી ઠંડીમાં પોતે કેવી રીતે બદરીવન પહોંચ્યા, ત્યાં નરનારાયણ ઋષિનું અપાર તપ, તેમનો પોતા પ્રત્યેનો ભક્તિભાવ..એ ભૂમિ જ્યાં સર્વે સંકલ્પો સિદ્ધ થાય છે, નિરન્ન રહેવાય છે, ફળનો આહાર સૌને તૃપ્ત કરે છે..નીલકંઠ વર્ણી બોલ્યે જ જતા હતા જાણે એ ભૂમિમાંથી વૃત્તિને પાછી વાળવી તેમને ગમતી જ નહોતી. પછી માનસરોવરની વાત સવિસ્તાર કરી વર્ણીએ ચળુ કર્યું ને ત્યાંજ બેસી રહ્યા.

નીલકંઠ વર્ણીના દર્શન કરવા પંજાબના રાજા રણજિતસિંહ આવે છે

આજે પંજાબના રાજા રણજિતસિંહ બદરીનાથના દર્શન કરવા આવ્યા. તેમણે નીલકંઠ વર્ણીને ત્યાં જોયા. તેમની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ ને એક ડગલું પણ તે આગળ ચાલી શક્યા નહિ. વર્ણીએ તેના તરફ જોયું એટલે તે તરત જ બદરીનાથના નિજમંદિર તરફ જવાને બદલે વર્ણી તરફ ચાલ્યા. ને વર્ણીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સૌને આશ્ચર્ય થયું. રાજાનું મન વર્ણી તરફ ખેંચાયું હતું. તેમણે વર્ણીના પગ પકડી લીધા ને કહ્યું, હું આપને હવે છોડીશ નહિ. કરોડો જનનો ઉદ્ધાર કરવા આપ પ્રકટ્યા છો તો હવે આપ છોડશો નહિ. એમ કહી ગદગદ થઈ ગયા.

નીલકંઠ વર્ણીએ તેનો ભાવ જોયો પણ તેની અંગ સજાવટમાં તેમને રાગ દેખાયો. વર્ણીએ તરત જ તેને કહ્યું, અમે તો ભક્તાધીન છીએ. તમે ભક્ત થાઓ તો આધીન થઈએ. પણ અમે જોગી અને તમે ભોગી, બંનેનો સ્વભાવ કેમ મળે ? અને સ્વભાવ મળ્યા સિવાય અંતર પણ ફરે નહિ.

નીલકંઠ વર્ણીની વાત સાંભળી રાજા રણજિતસિંહ ઉદાસ થઈ ગયા. પરંતુ તેનામાં મુમુક્ષુતા હતી. તેથી તરત જ હાથ જોડી કહ્યું, મહારાજ આપ જેમ કહેશો એ નિયમ હું રાખીશ પણ આપ મારા અંતરમાં અખંડ રહો. તેથી વર્ણીએ રાજાને કહ્યું, રાજન્ અમે ગંગોત્રી તીર્થ કરવા જવાના છીએ, ત્યાંથી તમે જ્યાં હશો ત્યાં તમને મળશું, હમણા તો તમે જાઓ. નીલકંઠ વર્ણીની આજ્ઞા રાજાને વસમી લાગી. તે ત્યાંથી નીકળ્યો ખરો પરંતુ શરીરમાં જ્વર વ્યાપી ગયો.

હરદ્વારમાં રણજિતસિંહને પુનઃદર્શન

નીલકંઠ વર્ણી ગંગોત્રી તીર્થ કરી પાછા હરદ્વાર પધાર્યા. રાજા રણજિતસિંહ પણ આ અરસામાં અહીં આવી ગયા હતા. નીલકંઠ વર્ણીના વિયોગથી તેમનું અંતર વલોવાઈ ગયું હતું. રણજિતસિંહને સંકલ્પ થયો કે હરદ્વારમાં કદાચ નીલકંઠ વર્ણી આવ્યા હોય તો ? તેમણે તરત જ તપાસ કરી અને નીલકંઠ વર્ણી તેમને મળી ગયા. તેમના આનંદનો પાર ન રહ્યો. રાજાશાહી સાજનો તેમણે ત્યાગ કરી દીધો ને પગે ચાલીને એકલા નીલકંઠ વર્ણીના દર્શને ઉતાવળા ઉતાવળા ગયા.

હરકી પેડી ઉપર નીલકંઠ વર્ણીના તેને દર્શન થયા. રાજા દોડીને નીલકંઠના પગે પડી ગયો. અને વર્ણીના સ્પર્શથી જ તેને શાંતિ થઈ, જ્વર ઉતરી ગયો. નીલકંઠે નેત્રો ખોલ્યા અને રાજા ઉપર તેમની દૃષ્ટિ પડી. રાજાના અંતરમાં દિવ્ય શાંતિનો અનુભવ થયો. તેને તેનું રાજ્ય, સાહ્યબી બધું મિથ્યા લાગ્યું, વર્ણીના ચરણોમાં બધું અર્પણ કરી દેવાનું તેને મન થઈ ગયું. વર્ણી તેને જોઈ પ્રસન્ન થયા અને તેની સેવા ગ્રહણ કરવા તેને કહ્યું, અમે ભૂખ્યા છીએ, તૈયાર જમવાનું હોય તો હમણાં જ લાવો.

રાજાને આનંદ થયો. તરત જ તેમણે પાછળ આવેલા નોકરોને કહ્યું, સુવર્ણના થાળમાં મેવા, મીઠાઈ, ફળ ઈત્યાદિ જે તૈયાર હોય તે તરત લાવો. નોકરો દોડયા અને થોડી જ વારમાં થાળ આવી ગયા. રાજાને દર્શન કરતાં તૃપ્તિ જ નહોતી થતી. તેણે બે હાથ જોડીને કહ્યું, મહારાજ આ રાજયપાટ સર્વે અનિત્ય છે, મારો દેહ પણ નાશવંત છે. અવિનાશી એક આપ છો, આપ જો મારા આત્મામાં નિવાસ કરીને રહો તોજ મારા આત્માનું કલ્યાણ થાય, નહિ તો આત્મા જડ બનીને જન્મ મરણના ચકરાવામાં ફર્યા જ કરશે.

નીલકંઠે તેના માથે હાથ મૂક્યો. આ દિવ્ય સ્પર્શથી તેની બધી જ વૃત્તિઓ શાંત થઈ ગઈ. તેને વર્ણીના દિવ્યસ્વરૂપનું જ્ઞાન થયું. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, આ મૂર્તિથી પર કોઈ નથી. આ જ્ઞાન જો તારા અંતરમાં સ્થિર થશે તો રાજ્ય તને બંધન નહિ કરે. રાજાનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી તેની સાથે બે દિવસ રહ્યા.

રણજિતસિંહને મનમાં એવો ભાવ હતો કે વર્ણીને રાજ્ય સોંપી નિવૃત્ત થઈ જવું ને તેમના સાન્નિધ્યમાં રહીને ભક્તિ કરવી. પરંતુ નીલકંઠ વર્ણીને રાજ્ય ખપતું નહોતું. નીલકંઠ વર્ણીએ તેને આશીર્વાદ આપ્યા ને ત્યાંથી ફરતાં ફરતાં નીલકંઠ વર્ણી ફરી એકવાર અયોધ્યા પધાર્યા.

પાછા અયોધ્યામાં અને ત્યાંથી ઉત્તર તરફ

નીલકંઠ વર્ણીના ગૃહત્યાગને લગભગ વરસ પુરું થવા આવ્યું હતું. આ.સં.૧૮૪૯ના વૈશાખ ઉતરતાં નીલકંઠ વર્ણી અયોધ્યામાં આવ્યા. તેમને હવે કાળા પહાડ, શ્વેતગિરિ અને મુક્તિનાથ જવું હતું. તે વાટ અહીંથી જ સુગમ હતી. નીલકંઠ વર્ણીએ જોયું કે અયોધ્યામાં બધું જ પૂર્વવત્ ચાલી રહ્યું હતું. કોઈનેય કોઈ ગયું હોય, ખોવાયું હોય તેવું લાગતું નહોતું. માયાના પ્રવાહમાં સૌ તણાતા જ હતા.

થોડા દિવસ અયોધ્યામાં ગુપ્તવાસ સેવી જ્યારે નીલકંઠ વર્ણી વહેલી સવારે સરયૂ પાર કરવા નીકળ્યા ત્યારે અયોધ્યા તરફ એક દૃષ્ટિ ફેંકી અને થોડું હસ્યા. પોતે જ ગતિમાન કરેલી માયા આજે પોતાના સ્વરૂપનું જ જ્ઞાન કરાવવામાં કેટલો અવરોધ કરે છે તે જોઈ તેમને હસવું આવ્યું. જગતમાં કૃતઘ્નતાની પણ કાંઈ હદ હોય કે નહિ ?

નીલકંઠ વર્ણી સરયૂકાંઠે આવ્યા. ફરી સરયૂ પુલકિત થઈ ગઈ. તેના ઉદ્‌ભવસ્થાન માનસરોવરમાં નીલકંઠ વર્ણીએ સરયૂને પોતાના દર્શન અને સ્પર્શનું સુખ આપ્યું હતું. આજે ફરી નીલકંઠ વર્ણીની સેવા કરવાના કોડથી સરયૂ ઉછાળા મારવા લાગી. નીલકંઠ વર્ણીએ તેમાં ઝંપલાવ્યું અને જાણે ધરતી પર ધીમાં ડગ દેતા હોય તેમ નીલકંઠ વર્ણીએ સરયૂના પ્રવાહ ઉપર ચાલવા માંડ્યું. જોતજોતામાં ત્રણ જોજન પાર ઊતરીને વર્ણી ઉત્તર કિનારે પહોંચી ગયા.

હલવૈની હાટમાં

કિનારે ચાલીને નીલકંઠ વર્ણી થોડીવાર ત્યાં વિશ્રામ કરવા બેઠા. પછી આગળ ચાલ્યા એટલે હૈરૈયા નામે ગામ આવ્યું. વર્ણી અહીં જ રાત રહીને આગળ ચાલીશું એમ વિચારતા વિચારતા પુરના દરવાજા સુધી પહોંચી ગયા. દરવાજા પાસે જ હલવૈની હાટ હતી. તે હલવૈની માએ બાલવર્ણી નીલકંઠને જોયા. વર્ણીના મોહક સ્વરૂપમાં તેને આકર્ષણ થયું. એટલામાં પુરના સૌ અબાલવૃદ્ધ ત્યાં આવી પહોંચ્યા. ને વર્ણીની આજુબાજુ ટોળે વળીને બેઠા. હલવૈની માએ વર્ણીને કહ્યું, બ્રહ્મચારીજી આવો, સામે અમારી દુકાન છે ત્યાં પધારો અને રાત અમારી સાથે રહો.

નીલકંઠ વર્ણી તેનો ભાવ જોઈ તેની સાથે દુકાનમાં ગયા. પછી પૂછ્યું, તમે ક્યાંથી આવ્યા ? સરયૂ પાર કરીને આવ્યા ? વર્ણીએ ફક્ત હા કહી. તેણે પૂછ્યું, બ્રહ્મચારીજી કાંઈ જમશો ? વર્ણીએ કહ્યું, સરયૂ ઉતરીને આવ્યા છીએ, પાણી બહુ પીધું છે તે હવે શું જમીએ ? છતાં વૃદ્ધાએ આગ્રહ પૂર્વક કહ્યું, બેટા આ થોડી મીઠાઈ જમો, થાક લાગ્યો હશે ને ભૂખ પણ લાગી હશે.

નીલકંઠ વર્ણીને આ શબ્દો ગમ્યા. તેમણે વૃદ્ધા તરફ જોયું. તેની દષ્ટિમાં પોતાની દષ્ટિ જોડી અને એક ક્ષણમાં જ તે વૃદ્ધાના શરીરમાં જાણે દિવ્યતાનો સંચાર થયો હોય તેવો તેને અનુભવ થયો. અંતરના તમામ સંકલ્પો અટકી ગયા. આંખમાં નવીન પ્રકાશ આવ્યો. નીલકંઠ વર્ણીને તેણે ચતુર્ભુજ સ્વરૂપે જોયા. એજ સમાધિ અવસ્થામાં તેણે વર્ણીના દર્શન કર્યા જ કર્યા. જ્યારે તે સમાધિ અવસ્થામાંથી જાગ્રત થઈ ત્યારે નીલકંઠ વર્ણી થાંભલાને અઢેલીને પડિયામાંની મીઠાઈ પોતાના બાલમુકુન્દને ધરાવતા હતા. પછી પોતે થોડી પ્રસાદી જમ્યા ને બાકીની પ્રસાદી વૃદ્ધાને આપી દીધી. વૃદ્ધા તરત જ નીલકંઠ વર્ણીનો ચરણસ્પર્શ કરવા તેની સન્મુખ ગઈ પણ નીલકંઠ વર્ણી એકદમ ઉભા થઈ ગયા. વૃદ્ધાએ કહ્યું, તમે તો સાક્ષાત્ ભગવાન છો તો આ લાભ મને લેવા દ્યો.

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું, અમે આ સમયે ત્યાગીની રીત ગ્રહણ કરી છે એટલે સ્ત્રીઓનો સ્પર્શ વર્જ્ય છે. વૃદ્ધાએ ઘણા ત્યાગી, વેરાગીઓ જોયા હતા, ચરણામૃત લીધા હતા પરંતુ ત્યાગીની આ અનોખી રીત તેણે હજુ સુધી જોઈ નહોતી. તેણે કહ્યું, તમારી આ નવીન રીત ક્યાંથી ?

નીલકંઠ વર્ણીને આ સ્ત્રી સાથે વિવાદ કરવાનું ઠીક ન લાગ્યું. તે તરત જ ઊઠ્યા પણ કાંઈ વૃદ્ધા એમ જવા દે તેવી ન હતી. તેણે કહ્યું, પણ પહેલા મને કહો કે તમે કોણ છો ? તમારા માતા, પિતા, ભાઈ, ભાભી, ભાંડુ વગેરે ક્યાં છે ? આમ એકલા નીકળી પડ્યા છો તો તે બધા તમને ખોળશે નહિ ? વર્ણીએ તરત જ કહ્યું, મારે માતાપિતા કે ભાઈભાભી, ભાંડુ કોઈ નથી. હું તો એકલો ફરું છું. બ્રહ્મમસ્તીમાં મસ્ત થઈ એકાકી વિચરણ કરવામાં જ મને આનંદ આવે છે. તે વૃદ્ધાને આ કાંઈ સમજાયું નહિ. તેણે કહ્યું, ભલે તો હવે રાત્રિ પડી ગઈ છે અહીં સૂઈ જાઓ.

નીલકંઠ વર્ણી તરત જ હલવૈની દુકાનમાંથી બહાર નીકળી ગયા. ઓટલા ઉપર મૃગચર્મ પાથર્યું અને પોતે સ્વસ્તિક આસને બિરાજ્યા. આ પ્રમાણે થોડો સમય સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન બની ગયા. રાત ઘણી વીતી ગઈ હતી. પછી વર્ણીન્દ્ર ભગવાન ડાબે પડખે એક હાથનું ઓશીકું કરી પોઢ્યા. વહેલી સવારે વર્ણીન્દ્ર ભગવાન ઉઠ્યા ને ત્યાંથી ચાલી નીકળ્યા.

- ઘણે દૂર સુધી ચાલ્યા ત્યારે એક ઘાટું વન આવ્યું. ત્યાં નદીમાં વર્ણીએ સ્નાન કરી શાલિગ્રામની પૂજા કરી ત્યાંથી ચાલ્યા. આ ઘોર વનમાં ભીલો વસતા હતા. તે ભીલ અને ભીલડીઓ ફળ વીણવા ફરતા હતા. તેમને આ બટુક બ્રહ્મચારીને જોઈ કુતૂહલ થયું. તેઓએ પોતાની પાસેના ફળ બ્રહ્મચારીને આપ્યા. બ્રહ્મચારીએ ત્યાંજ આસન કર્યું. બાલમુકુન્દને ફળ ધરાવી પોતે તેમાંથી થોડા ફળ જમ્યા બાકીની પ્રસાદી ભીલોને આપી દીધી.

તે ભીલોમાંના એક વૃદ્ધે વર્ણીન્દ્રને પૂછ્યું, આવા કઠણ રસ્તામાં તમે ઉઘાડા પગે વેગથી ચાલો છો, કાંટા કાંકરા વાગતા હશે, તો શાથી આવો વૈરાગ્ય ઉત્પન્ન થયો ને ઘેરથી ચાલી નીકળ્યા ? નીલકંઠ વર્ણીને આવું પૂછનારા ઘણા મળતા તેથી તેમણે તેનો ઉત્તર આપ્યો નહિ. એટલે તે ભીલે ફરી કહ્યું, સ્વરૂપ જોતા કોઈ ઉત્તમ કુળના બાળ દેખાવ છો..પણ નીલકંઠ વર્ણી તો આગળ ચાલવા લાગ્યા. ભીલો આશ્ચર્યવત્ બની તેમને જતા જોઈ રહ્યા.

- નીલકંઠ વર્ણીએ વનમાં ચાલ્યા જ કર્યું. વનમાં જ રાત રહ્યા. સવારે ઉઠી સ્નાન કરી વનમાં પડેલા પાકા ફળ વીણી બાલમુકુન્દને ધરાવી પોતે જમ્યા. ફરી મજલ શરૂ કરી. ત્રણ પહોર સુધી ચાલ્યા ત્યાં બીજું અરણ્ય આવ્યું. તેમાં થઈને એક નદી પસાર થતી હતી. બે કાંઠાને અડીને બહુ જ ઉંચી ભેખડો વચ્ચે થઈ પાણી જોરથી વહી રહ્યું હતું. ભમરીઓ ઉછળતી હતી. કોઈ રીતે નદી ઉતરાય તેવું ન હતું. પરંતુ નીલકંઠ વર્ણીને તો આવી ગાંડીતૂર નદી જોઈને આનંદ થતો. તેમણે ભેખડ ઉપરથી જ નદીમાં ઝંપલાવ્યું. નદીના નીર ઊછળ્યાં અને નીલકંઠ વર્ણીને તે જ કાંઠા ઉપર ફંગોળીને પાછા મૂકી દીધા. પણ નીલકંઠ વર્ણીએ ફરી ઝંપલાવ્યું. જે મુમુક્ષુઓને તારવા જ આવ્યા છે તેમને કોણ બુડાડી શકે ? કૂંડાળું લેતી ભમરીઓના વેગ સાથે નીલકંઠ વર્ણી પણ ઉછળતા હતા. એમ વમળની આંટીમાં આવ્યા સિવાય ધીરે ધીરે નીલકંઠ વર્ણી સામે કાંઠે પહોંચી ગયા. સૂર્યાસ્ત થવાનો સમય હતો. વર્ણી ત્યાંજ સ્વસ્તિક આસન વાળી બેસી ગયા. ધીરે ધીરે અંધારું થયું. અંધારાને ઓગાળી દેતા નીલકંઠ વર્ણી ત્યાં સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન બની ગયા.

<u>પ્રસંગ : ૩૫</u>

<u>નીલકંઠ વંશીપુરમાં : રાજા-રાણી અને કુંવરીઓને વર્ણી સાથે અત્યંત સ્નેહ</u>

વહેલી સવારે વર્ણીન્દ્ર ભગવાન સ્નાન કરી પીપળાના વૃક્ષ નીચે નિત્યવિધિ કરવા બિરાજમાન થયા. તે સમયે મૃગયા કરવા નીકળેલા વંશીપુરના રાજાએ વૃક્ષ નીચે જાણે કોઈ મૃગ છે એમ ભ્રાંતિ પામી તેનો શિકાર કરવા વિચાર્યું. પરંતુ અંતરમાં પ્રભુએ પ્રેરણા કરી તેથી તેણે સાગરીતોને કહ્યું, ઊભા રહો, હું ત્યાં જઈને તપાસ કરી આવું. કદાચ મૃગ ન હોય તો નાહકની કોઈની હત્યા થઈ જાય અને શાપ લાગે. એટલું કહી રાજા વૃક્ષની નજીક આવ્યો.

અહીં તેણે બાલયોગીને જોયા. રાજાના હર્ષનો પાર ન રહ્યો. પોતે ઉત્તમ મુમુક્ષુ હતો તેથી પૂર્વનું જ્ઞાન તેના અંતરમાં ઉદય થઈ ગયું. તેણે પ્રભુને ઓળખી લીધા. નારાયણ આ સ્વરૂપે મારું કલ્યાણ કરવા આવ્યા છે. તરત જ તે નીલકંઠ વર્ણીના ચરણમાં નમી પડ્યો. નીલકંઠ વર્ણીએ નેત્રો ઉઘાડ્યા. રાજાને જોઈ આછું સ્મિત કર્યું. રાજાએ હાથ જોડીને કહ્યું, ભગવન્ આપે મને ન્યાલ કરી દીધો. આપના દર્શનથી હું કૃતાર્થ થઈ ગયો. મારે ઘેર પધારો.

નીલકંઠ વર્ણીએ રાજાનો ભાવ જોયો. તરત જ રાજાની સાથે જવા તૈયાર થયા. રાજાએ વર્ણીને પોતાના ઘોડા ઉપર બેસાર્યા ને પોતે ઘોડાની સરક પકડી ઘોડાને દોરવા લાગ્યા. રાજાને આવી રીતે આવતા જોઈ સૌને આશ્ચર્ય થયું. પણ સૌને લાગ્યું કે આ કોઈ યોગીન્દ્ર પુરુષ છે. સૌના ચિત્ત તે દિવ્ય મૂર્તિમાં તણાઈ ગયા. રાજા નીલકંઠ વર્ણીને લઈને પોતાની રાજધાની વંશીપુરમાં આવ્યો.

નીલકંઠ વર્ણીના દર્શન કરવા શહેરની જનતા ઉમટી. નીલકંઠ વર્ણીને રાજા પોતાના દરબારગઢમાં લઈ આવ્યા. રાણી પણ નીલકંઠ વર્ણીને જોતા સ્થિર થઈ ગઈ. તેના અંતઃચક્ષુ ઉઘડી ગયા. તેને લાગ્યું કે આ સાક્ષાત્ પુરુષોત્તમ પોતે જ છે. નીલકંઠ વર્ણીની શ્યામ અને કિશોર મૂર્તિએ કામણ કર્યાં. રાણીને પુત્રની ખોટ હતી. સાક્ષાત્ પરમાત્મા જ તેની ખોટ પૂરવા આવ્યા છે તેવો તેને ભાવ થયો. રાજા વર્ણીન્દ્ર ભગવાનનો હાથ પકડી મહેલમાં લઈ ગયા. ત્યાં તો તેની બે કુંવરીઓ સુશીલા અને ઈલા દોડતી આવી. તેમને પણ વર્ણીના આગમનથી આનંદ થયો.

ભોજન તૈયાર કરી નીલકંઠ વર્ણીને ભોજન કરવા બોલાવ્યા. બાલમુકુન્દને લઈને વર્ણી આવ્યા. પાટલા ઉપર બાલમુકુન્દને પધરાવી વર્ણીએ પ્રથમ થાળ ધરાવ્યો. પછી થાળમાંની બધી સામગ્રી તેમના પાત્રમાં લઈ તેમાં પાણી નાંખી જમી ગયા. સાક્ષાત્ અક્ષરપતિ પુરુષોત્તમ પોતાને ઘેર જમ્યા તેથી રાજા અને રાણી અતિ કૃતાર્થ થઈ ગયા. પણ રાણીને લોભ લાગ્યો કે વર્ણીન્દ્રને અહીં જ રાખવા, ક્યાંય જવા દેવા નહિ, તેમને રાજ્ય સોંપી દેવું, સુશીલા અને ઈલાને તેમની સાથે પરણાવી દેવી. આવા અનેક સંકલ્પો તેના અંતરમાં ઉઠવા લાગ્યા.

રાજા અને રાણીના પૂર્વના અતિ બલિષ્ઠ સંસ્કારના યોગથી જ નીલકંઠ વર્ણી તેમના મહેલમાં રહ્યા. વનવિચરણના આટલા સમયમાં તેઓ

ક્યાંય વસ્તીમાં ગયા ન હતા છતાં આ રાજાનું આમંત્રણ તેમણે તરત જ સ્વીકારી લીધું. રાજા અને રાણીના આ મહદ્ ભાગ્ય કહેવાય.

નીલકંઠ વર્ણીની સેવામાં સૌ જોડાઈ ગયા. સવારે સ્નાન કરીને વર્ણી તૈયાર થતા ત્યાં તો ઈલા અને સુશીલા તેમની પૂજાની સામગ્રી તૈયાર કરી દેતી. ફળફૂલ અને નૈવેદ્ય માટે મેવા લાવીને મૂકતી. વર્ણી બહુ સૂક્ષ્મ જમતા..જમવા સમયે પણ સુશીલા અને ઈલા હાજર જ રહેતી. નીલકંઠને પ્રેમથી જમાડતી. તેમની જમવાની અલૌકિક રીતથી સૌ મુગ્ધ બની જતા.

નીલકંઠ વર્ણી ક્યારેક ક્યારેક પોતાનાં ચરિત્રોની વાતો પણ કહેતા. ક્યારેક ભૂત-ભવિષ્યની વાતો કરતા. સૌને તેમની વાણીનું પાન કરવું ગમતું. રાજારાણી તેમને જમાડીને પછી જ જમતા. વર્ણીને રાજયમાં જ રાખવાનો તેમના અંતરમાં અતિ લોભ હતો. વર્ણીને પણ લોભ હતો તેમનું આત્યંતિક કલ્યાણ કરવાનો. નીલકંઠ વર્ણી પ્રત્યે રાજા, રાણી અને સુશીલા, ઈલાને અત્યંત સ્નેહ થઈ ગયો હતો. વર્ણીને આજ ઈચ્છા હતી. આવું અસાધારણ સ્નેહનું બંધન ગૂંથીને વર્ણીન્દ્રને તેમના કાર્ય માટે વાટ પકડવી હતી.

વર્ણીન્દ્રની આ પ્રકારની ચંચળતા જોઈ રાણી અસ્વસ્થ બની જતી. એક દિવસ રાણીએ નીલકંઠ વર્ણી પાસે આવીને કહ્યું, બ્રહ્મચારીજી આ રાજય તમને સોંપવું છે, બંને કુંવરીઓનું લગ્ન પણ તમારી સાથે કરવું છે માટે હવે વનમાં જઈ તપ કરવાની માથાકૂટ મૂકી દ્યો. વર્ણી તેમની વાણી સાંભળી હસ્યા. તેમણે કહ્યું, માતા મારા તપની અવધિ તો પશ્ચિમમાં આવશે. અહીં તો તમારા તપના ફળરૂપે હું આવ્યો છું. પછી બોલ્યા કે હજુ તો વનમાં ફરવું છે અને તમારા જેવા મહાભાગ્યવાન મુમુક્ષુઓના કલ્યાણ કરવાં છે.

રાણીને ઉદ્વેગ થયો : વર્ણી વનમાં જશે ? પણ હવે આ રત્નને રગદોળાવા નથી દેવું. પોતાને મોહ વ્યાપ્યો હતો. તે મોહના ભાવમાં વર્ણીના ઈશ્વરત્વનો ભાવ ભૂલી ગઈ. તેણે કહ્યું, બટુ ! વિચાર કરો જોબન અવસ્થા આવશે ત્યારે સ્ત્રી વિના ટળવળશો. મોટા મોટાના માન કામદેવે મોડ્યાં છે તે તમને છોડશે ? ભગવાને આ સુખ સહેજે આપ્યું છે તે ભોગવી લ્યો ને. નીલકંઠ વર્ણીને રાણીની દયા આવી. તેમણે કહ્યું, સુખ તો વન, પર્વત, નદી, નાળામાં ફરવું અને પરમાત્માનું ચિંતવન કરવું એમાં જ છે.

રાણીને પોતાના પગ નીચેથી પૃથ્વી જાણે સરકતી હોય એવું લાગ્યું. વર્ણી ચાલ્યા જ જશે ? સ્હેજે બીતા બીતા તેણે કહ્યું, તમે હજું હિમાલયની તળેટી દેખી નથી, ઘાટા વન જોયા નથી, હિંસક પશુઓની ત્રાડ સાંભળી નથી. આ બધું ભયંકર છે..બીક લાગે તેવું છે. રાણીને વર્ણી ઉપર પ્રેમ હતો પણ તે પ્રેમ મોહમાં પરિણમ્યો હતો તેથી તેના શબ્દોમાં વર્ણીને ડારવાનો ભાવ હતો.

પરંતુ વર્ણીએ બેફિકરાઈથી કહ્યું, મા વનની કે રાની પ્રાણીઓની કે ટાઢ તડકાની મને એટલી બીક નથી લાગતી જેટલી બીક મને સ્ત્રીની લાગે છે. સ્ત્રીનો ડંસ તો જન્મોજન્મના ચકરાવામાં પણ ક્યાંય કોઈને છોડતો નથી. હું તો પરાત્પર પુરુષોત્તમ છું. આ સ્ત્રીના ડંસની બીક બતાવવા, તેની મોહજાળમાંથી મનુષ્યોને છોડાવવા, પ્રકૃતિના અતૂટ બંધનને તોડી મારા દિવ્ય અક્ષરધામનું સુખ મારા ભક્તોને આપવા હું પ્રકટ થયો છું. તમારા રાજયમાં કે તમારી કુંવરીઓમાં બંધાવા હું નથી આવ્યો. પરંતુ તમને મારા પ્રત્યે હેત થયું છે, મારી ભાવપૂર્વક સેવા કરી છે તેથી તમને અભય કરી પરમપદ જે મારું અક્ષરધામ તે આપવા જ હું અહીં આવ્યો છું.

પ્રકૃતિના ભાવથી આવૃત થયેલી રાણીના અંતરમાં નીલકંઠ વર્ણીનો આ નાદબ્રહ્મ પેસી ગયો. તેમના જ્ઞાનચક્ષુ ખૂલી ગયા. રાણી સમાધિસ્થ થઈ ગઈ. વર્ણીને આજ કરાવવું હતું. તે તરત જ ત્યાંથી નીકળી પોતાના આવાસમાં ચાલ્યા ગયા. રાણી સમાધિ અવસ્થામાંથી જાગ્રત થયા ત્યારે તેમની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી.

સુશીલા અને ઈલાએ પણ બટુક બ્રહ્મચારીનો પ્રતાપ જોયો હતો. તેમને પ્રતીતિ થઈ હતી કે આ બ્રહ્મચારી કોઈ સાધારણ કિશોર નથી. આથી તેમણે પોતાની માતાને કહ્યું, મા આ નિર્વિકારી દિવ્ય પુરુષ આપણી ઘેર આવીને રહ્યા છે તો તેમની મરજી સમજીને તેમની સેવા કરો. કોઈ વાતનો આગ્રહ રાખશો નહિ. તે કોઈના બંધનમાં બંધાશે નહિ, માટે પ્રેમથી તેમને અંતરમાં જ રાખવાનો આગ્રહ રાખી આ મિથ્યા મોહ તમે છોડી દો. કુંવરીના આ વચનો રાણી અમૃતની જેમ પીવા લાગી. તેણે નિશ્ચય કરી લીધો કે બ્રહ્મચારીની ભક્તિ કરી લેવી. હૃદયના વજ્ર કમાડ ખોલીને બ્રહ્મચારીને ત્યાંજ પૂરી દેવા કે ફરી ક્યારેય તે બહાર નીકળવા પામે નહિ.

સુશીલા અને ઈલા નીલકંઠ વર્ણીના આવાસમાં ગયા. ત્યાં નીલકંઠ સ્વસ્તિક આસને સ્થિર થઈને બેઠા હતા. પછી નીલકંઠ વર્ણીને વિક્ષેપ ન થાય તેમ ધીમે પગલે અંદર આવી, તેમની પથારી ઠીક કરી દીધી. જળનો કટોરો અને ફળ મૂક્યા પછી બંને કુંવરીઓ સરકીને ત્યાંથી ચાલી ગઈ.

નીલકંઠ વર્ણી કેટલાય સમય સુધી ધ્યાનમાં બેસી રહ્યા. એકાએક જાગ્રત થયા ને જોયું તો રાત્રિનું અંધારું સર્વત્ર વ્યાપી ગયું હતું. નીલકંઠ વર્ણીએ વિચાર્યું કે આ રાજા-રાણી અને કુંવરીઓ મુમુક્ષુ છે. પરંતુ આ લોકના સુખમાં બંધાયેલા છે, છતાં પોતાનો સંબંધ થયો છે એટલે તેમનું કલ્યાણ તો થઈ જ ગયું. હવે આ કાર્ય પુરું થયું. આગળ મજલ શરૂ કરવી જોઈએ. ઘણા મુમુક્ષુઓ આજે આત્યંતિક કલ્યાણ પામવા માટે દેહ ધર્યા છે તે સૌ મારી વાટ જોતા હશે.

પોતે તરત જ સ્વસ્થ થઈ પોતાની તમામ સામગ્રી લીધી અને એજ ક્ષણે સડસડાટ કરતાં નીચે ઉતરી ગયા. બંધ થયેલા તોતિંગ દરવાજા આપોઆપ ઊઘડી ગયા અને વીજળીના ઝબકારાની જેમ વર્ણીરાટ ત્યાંથી અજાણી વાટે અદૃશ્ય થઈ ગયા.

સવાર પડી, સુશીલા અને ઈલા ઉપર આવ્યા. જોયું તો નીલકંઠ વર્ણીની પથારી ખાલી હતી. તેમાં એક કરચલી સુધ્ધાં પડી ન હતી. ફળ તથા પાણીનો કટોરો એમ ને એમ પડ્યા હતા. નીલકંઠ વર્ણીનું મૃગચર્મ, તેના શાલિગ્રામ અને બાલમુકુન્દનો બટવો, તુંબીપાત્ર, જળગળણું વગેરે કાંઈ ત્યાં ન હતું. તેમને ફાળ પડી, જરૂર નીલકંઠ વર્ણી ચાલ્યા ગયા. તે બંને શ્વાસભેર ઝડપથી દાદરા ઊતરી મા પાસે આવ્યા. અને કહ્યું, મા નીલકંઠ વર્ણી ચાલ્યા ગયા. રાણી તો સાંભળીને જ હેબત ખાઈ ગઈ અને ત્યાં જ પૃથ્વી ઉપર ઢળી પડી. રાજા એકદમ આ અવાજથી જાગી ગયા. મહેલમાં રાડારોળ થઈ ગઈ.

રાજાને માથે જાણે વજ્રપાત થયો. જેમ જેમ રાજયમાં ખબર પડતી ગઈ તેમ તેમ લોકોના ટોળા મહેલ પાસે આવવા લાગ્યા. રાજાએ સ્વસ્થ થઈ હુકમ છોડ્યો દસ દસ ઘોડસ્વારો બધી દિશામાં દોડાવો. નીલકંઠ વર્ણીને લીધા વિના કોઈ પાછા આવશો નહિ. બધી દિશાઓ ગાજી પણ નીલકંઠ વર્ણીનું પગેરું મળી શકે તેમ નહોતું. રાજા શક્તિહીન થઈ ગયો હતો છતાં પોતે ઘોડા પર નીકળી વીસ વીસ કોશ સુધી દરેક દિશામાં તપાસ કરી પણ નીલકંઠ વર્ણી ક્યાંય મળ્યા નહિ. તેણે એક નિઃશ્વાસ નાંખ્યો.

કાળા પર્વતની વાટે

આ.સં.૧૮૫૦ના અષાઢનો મેઘ વરસતો હતો. નીલકંઠ વર્ણી ગીતગોવિંદની પંક્તિ બોલતાં ચાલ્યા જતા હતા. તેમણે કાલગિરિની વાટ પકડી હતી. ત્યાં જવાની કોઈ હિંમત કરતું ન હતું. સઘન વનમાં માર્ગ કાઢવો મુશ્કેલ હતો.

રસ્તામાં વૃક્ષો ઝૂકી ઝૂકીને ફળ આપતા હતા છતાં નિઃસ્પૃહ નીલકંઠ વર્ણી વૃક્ષો ઉપરનાં ફળોને અડતા પણ નહિ, એટલે વાયુ જોરથી વાઈને તે ફળ નીચે પાડતો. નીચે પડેલાં ફળ નીલકંઠ વર્ણીને ખપતાં હતાં. વાયુદેવની આ સેવાથી નીલકંઠ વર્ણી પ્રસન્ન થતા. વાયુદેવતા ઝાડનાં પાન ખેરવી નીલકંઠ વર્ણી માટે સુંદર પથારી પણ તૈયાર કરતા હતા. તેમના ઉપર જાઈ, જૂઈ, ચમેલી વગેરે સુંગધી પુષ્પો પણ પાથરી દેતા હતા. આજ પથારીમાં વર્ણી રાત્રે આરામ કરતા.

એક માસ સુધી નીલકંઠ વર્ણી ચાલ્યા ત્યારે કાળા પર્વતની તળેટીમાં આવેલા ઘાટા જંગલમાં તેમણે પ્રવેશ કર્યો. સૂર્યનો પ્રવેશ અહીં થતો નહિ. નીલકંઠ વર્ણીના પગના સ્પર્શથી નીચે પડેલા સૂકા પાંદડામાંથી ખડ ખડ અવાજ કરીને સર્પો સડસડાટ કરતા બહાર આવી જતા અને નીલકંઠ વર્ણી સામે બે ઘડી ફેણ હલાવી પાછા અંધકારમાં લપાઈ જતા.

ગેંડા, પાડા, અરણા વગેરે જંગલી જાનવરો પણ નીલકંઠ વર્ણી સન્મુખ આવી માથું નીચું કરી ચાલ્યાં જતાં. નીલકંઠ વર્ણી આ જોઈ વિચાર કરતાં કે આવા રાની પશુઓને પણ માનવી ઓળખવાની બુદ્ધિ છે ત્યારે મનુષ્યમાં તો કેટલી બુદ્ધ હશે ! નીલકંઠ વર્ણીના આ વિચારમાં મર્મ હતો. માનવીની બુદ્ધિ પોતાની અહંથી વામણી થઈ ગઈ હોય છે. ભગવાન અને તેમના સંતને ઓળખવાની તેમાં સૂક્ષ્મતા હોતી નથી. બ્રહ્માંડને આંબે એવા વૃક્ષો જોઈ નીલકંઠ વર્ણી વિચાર કરતાં કે આ વૃક્ષોને પણ ઊંચે ગતિ કરવાનો વેગ છે. માનવીમાં આ વેગ હશે ? કે પોતાના વિરાટ સંકલ્પોને પોષવા તે સદા વામણા જ રહેતા હશે !

આવા અનેક વિચારો કરતાં નીલકંઠ વર્ણી પુલહાશ્રમ જવાના માર્ગે ચાલ્યા જાય છે. પણ આ વિચારના વેગમાં નીલકંઠ વર્ણી દિશા ભૂલ્યા. નીલકંઠ વર્ણી ત્રણ દિવસ સુધી ચાલ્યા, ખૂબ થાક લાગ્યો. માર્ગમાં કોઈ ઠેકાણે પાણી કે ફળ મળ્યા નહિ. શરીર અત્યંત કૃશ અને શ્રમિત થઈ ગયું એટલે ચાલવાની શક્તિ ન રહી. એક ડગલું આગળ ચાલતાં નીલકંઠ વર્ણી રસ્તામાં પડી ગયા અને મૂર્છા આવી ગઈ. થોડીવારે સ્વસ્થ થયા ત્યારે દૂર એક નદી જોઈ. શરીર ઘસડીને ત્યાં સુધી પહોંચ્યા. નદીમાં સ્નાન કર્યું. શાલિગ્રામને પણ સ્નાન કરાવી ફળ ધરાવી પોતે થોડું જમ્યા. થોડીવાર વિશ્રાંતિ લઈ આગળ ચાલ્યા. એટલામાં સૂર્યાસ્ત થઈ ગયો. તેથી એક ઘટાદાર વડ નીચે આસન કર્યું. ત્યાં જ નારાયણનો જપ કર્યો.

તે દિવસે આ.સં.૧૮૫૦ના શ્રાવણ માસની કૃષ્ણ અષ્ટમી હતી. ઘેરથી નીકળ્યાને આજે એક વર્ષ અને તેંતાળીશ દિવસો પૂરા થયા હતા.

પ્રસંગ : ૩૬

હિમગિરિના સાન્નિધ્યમાં, કાળભૈરવનો પરાભવ

વર્ણીન્દ્ર મહાપ્રભુ વડ નીચે ધ્યાનસ્થ થઈને બેઠા અને તેમણે હનુમાનજીનું સ્મરણ કર્યું. ત્યાં તો હનુમાન જતિ તરત જ ત્યાં પધાર્યા. વર્ણીન્દ્ર પ્રભુ તેમની દાસત્વભક્તિ જોઈ પ્રસન્ન થયા અને ઈશારાથી સમજાવ્યું એટલે હનુમાનજી તરત જ વડ ઉપર ચડી જઈને બેસી ગયા.

ધીમી ધારાએ વરસાદ વરસી રહ્યો હતો. પ્રકૃતિનું સ્વરૂપ આજે સૌમ્ય બની ગયું હતું. પરંતુ એજ પ્રકૃતિ જયારે રૌદ્રરૂપ ધારણ કરે છે ત્યારે તેનું સ્વરૂપ બદલાય છે. મનુષ્યનું પણ મૂળ સ્વરૂપ આત્મા છે, તે કેટલો સૌમ્ય, સુખરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે. પરંતુ તે રજોગુણ તમોગુણના વેગથી આવરિત થાય છે ત્યારે તેનું સ્વરૂપ બદલાય છે, તેથી તે પણ પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી જાય છે. મનુષ્યને તેના આ મૂળ સ્વરૂપનું જ્ઞાન કરાવવા, માયાનું કપટ વિદારવા, પોતાનું સાક્ષાત્ અક્ષરબ્રહ્મધામ પશ્ચિમમાં પ્રકટ થઈ ગયું હતું તેનો સંબંધ કરાવવા, ધામ અને ધામીનો પૃથ્વી ઉપરનો સુભગ સમન્વયનો દિવસ જયારે આવશે ત્યારે પૃથ્વી ખરેખરી ફળવતી બનશે. આવા વિચારોમાં નીલકંઠ વર્ણી મગ્ન બની ગયા.

એટલામાં ત્યાં ભયંકર કુત્કાર કરતો કાળભૈરવ આવ્યો. તેની સાથે પિશાચો, અસંખ્ય ભૂતગણો, ડાકિનીઓ વગેરેનું લશ્કર હતું. તેની ત્રાડ સાંભળી હનુમાનજી ચમક્યા, તરત જ ઝાડ ઉપરથી કૂદકો મારી નીલકંઠ વર્ણીની સન્મુખ આવીને બેસી ગયા. ઘોર અંધકારમાં પણ ભૈરવની આંખો ધગેલ ત્રાંબા જેવી તેનું ભયંકર સ્વરૂપ બતાવતી હતી, ગળામાં હાડકાંની માળા, મુખમાં પક્ષીઓનું તાજું માંસ ચાવતો હતો તેમાંથી લોહી ટપકતું હતું. હાથમાં ત્રિશૂળ હતું, બીજા હાથમાં તરફડિયાં મારતો શિકાર હતો. તેનું ભૂતગણ પણ કિકિયારી કરતું તેની આજુબાજુ નાચતું હતું.

નીલકંઠ વર્ણીને જોઈ તેણે તેના ભૂતગણને કહ્યું, સામે આ કોઈ મનુષ્ય બેઠો છે, તેની સામે વાંદરો પણ બેઠો છે. એ બંને આપણો શિકાર છે માટે ઉપાડો. હનુમાનજીએ વિચાર્યું કે આ ભૂતોનું સૈન્ય મારા પ્રભુ ઉપર ત્રાટકશે તેથી તેમણે એકાએક પોતાનું સ્વરૂપ વધાર્યું જાણે મહાન પર્વત હોય તેવું વિરાટ સ્વરૂપ ધારણ કરી પોતાના લાંબા પૂંછડાથી ભૂતગણને બાંધી પૂંછડું ફંગોળ્યું. તેથી બધા ભૂતગણ હવામાં ઉછળ્યા અને કિકિયારી કરતાં દૂર ફેંકાઈ ગયા.

આ જોઈ ભૈરવ ક્રોધે ભરાયો. તેણે પણ પોતાનું સ્વરૂપ વધાર્યું, જાણે પર્વતની ગુફા હોય તેવું મોં ફાડીને તે કપિ તરફ ધસ્યો. હનુમાનજીએ તરત જ તેના માથા ઉપર જોરથી મુષ્ટિપ્રહાર કર્યો. આ જોરદાર પ્રહારથી તેનું પહાડ જેવું માથું તેના ધડમાં પેસી ગયું. ભયંકર ગર્જના કરતો તે તરત પૃથ્વી પર પડી ગયો. કાળભૈરવનો પરાભવ થયો. હનુમાનજી દ્વારા ભૈરવનો પરાભવ કરી વર્ણીન્દ્ર પ્રભુ નેપાળના પ્રદેશમાં ઉત્તર તરફ જવા લાગ્યા.

નેપાળમાં

નીલકંઠ વર્ણીને મુક્તિનાથ પહોંચવું હતું. તે માટેનો કોઈ સીધો સરળ માર્ગ નહોતો પણ કાલી ગંડકી નદીએ જો પહોંચી જવાય તો એ નદીને કિનારે કિનારે મુક્તિનાથ પહોંચી શકાય એવો તેમને ખ્યાલ હશે એથી તેઓ કાલી ગંડકી પહોંચવા આગળ ને આગળ ચાલવા લાગ્યા. આ રસ્તે જતાં અત્યારે જે રિરીવિઝોર પાસે બાલેવા ગામ છે ત્યાં કાલી ગંડકીનો ભેટો થઈ જાય છે. નીલકંઠ વર્ણી ત્યાં પહોંચી ગયા. ગંડકી નદી જોઈ વર્ણીને આનંદ થયો. પોતે સ્નાન કર્યું, શાલિગ્રામને પણ સ્નાન કરાવ્યું. ત્યાં જ ધ્યાન કર્યું અને રાત પણ ત્યાં જ રહ્યા.

પછી ઉત્તર તરફ ગંડકીને કિનારે કિનારે તેમણે ચાલવાનું શરૂ કર્યું. વાટ વિકટ હતી. ઘાટા જંગલો પણ આવતા અને દષ્ટિ ન પહોંચે તેવી ખાઈઓ પણ આવતી. પરંતુ નીલકંઠ વર્ણીને પ્રકૃતિના ભાવો ડારી શકતા નહિ. તે તો નાસાગ્ર દષ્ટિ રાખીને ચાલ્યે જતા હતા. એટલામાં અત્યારે જે તાતોપાની કહેવાય છે ત્યાંથી આગળ ચાલ્યા ને માર્ગ ભૂલ્યા. તેમને લાગ્યું કે તે ઉંડી ખીણમાં ચાલી રહ્યા છે. સામે બે મોટા પર્વતો એકબીજાના પડખામાં સમાઈને ઉભેલા જોયા. તે બંનેની વચ્ચે થઈ પાણીનો જોરદાર પ્રવાહ નીકળતો હતો. તેમણે આસપાસ બધે જોયું. સામે દેખાતા બે મોટા પર્વતોની ખીણમાં તેઓ આવી ગયા હતા. (* આ ખીણ અન્નપૂર્ણા અને ધવલગિરિ વચ્ચેની છે. અને તે દુનિયામાં સૌથી ઊંડી હોવાનું મનાય છે - ધી હિમાલયાઝ : એ જર્ની ટુ નેપાલ, પાન નં-૪૬, લેખક : ટાકેહીડે કામાચી; એલાઈડ પબ્લશર્સ, મુંબઈ, ૧૯૬૮.)

હવે અહીંથી પાછા વળે તો મુક્તિનાથનું લક્ષ્ય ચૂક જવાય. તે તેમને ચૂકવું નહોતું. મુક્તિનાથમાં તેમને તપ કરવું હતું. ત્યાં તેમને ભરતજીના તપને અંજલિ આપવી હતી, સૂર્યને પ્રસન્ન કરવા હતા. તેમનો નિશ્ચય અડગ હતો. આગળ કોઈ માર્ગ દેખાતો નહોતો. જે પાણીનો પ્રવાહ બે પહાડોની વચ્ચેથી જોરદાર ધસમસતો આવતો હતો તેમાં પ્રવેશ કરીને આગળ જવાય તો જ કાળો પર્વત અને શ્વેતગિરિ વચ્ચે થઈને મુક્તિનાથને માર્ગે જવાય. તેમને આ ભૌગોલિક પથનો ખ્યાલ હતો. તેમાં જ તેમના અમાનુષી માનસની દિવ્યતાનાં દર્શન થતાં હતાં. હવે આગળ કેમ જવું તેનો વિચાર કરતાં વર્ણીરાટ ત્યાં જ બેસી ગયા.

એટલામાં એક પુરુષ ત્યાં આવ્યો અને નીલકંઠ વર્ણીએ તેની સામે જોયું અને આશ્ચર્યવત્ પૂછ્યું, તમે કોણ છો ? આ સ્થાનમાં કોઈ મનુષ્યથી તો આવી શકાય તેવું નથી. ત્યારે તે પુરુષે કહ્યું, મહારાજ ! આપથી કાંઈ અજાણ્યું નથી. મનુષ્યદેહ ધારણ કરી આપે નરનાટ્ય આદર્યું છે એટલે પૂછો છો. હું હિમાલય આજે મૂર્ત સ્વરૂપે આપના દર્શન અને સેવા કરવા માટે આવ્યો છું. મારી તપશ્ચર્યાના ફળરૂપે આપે સાક્ષાત્ મને દર્શન દીધાં તેથી હું કૃતાર્થ થયો છું.

વર્ણીરાટે કહ્યું, અમારે બ્રહ્માના પુત્ર પુલહે જ્યાં તપ કર્યું છે તે આશ્રમમાં જવું છે. અમને ત્યાં જવાનો માર્ગ બતાવો. હિમગિરિએ કહ્યું, મહારાજ ! આ બંને પર્વત વચ્ચેથી જે પ્રવાહ આવે છે તેમાં થઈને જ એ માર્ગે આગળ જવાશે. પરંતુ એ માર્ગ વિકટ છે. તેમાં ઝેરી સર્પો, કરચલા, કાચબા અને માછલીઓ છે. વળી કિનારે કિનારે મગરો પણ મીટ માંડીને બેઠા જ હોય છે માટે આપ એ રસ્તે ન જશો.

નીલકંઠ વર્ણીએ શાંતિથી આ સાંભળ્યું ને કહ્યું, જીવ જંતુઓની અમને બીક નથી. અમારે તો પુલહાશ્રમ પહોંચવાનું લક્ષ્ય છે. હિમગિરિએ એક નિઃશ્વાસ નાખ્યો. હિમગિરિના ઠંડા શરીરમાંથી પણ આ ઊનો શ્વાસ નીકળતો જોઈ નીલકંઠ વર્ણીએ પૂછ્યું, કેમ નિઃશ્વાસ નાખ્યો ?

પ્રભુ ! આપ અકારણ આવું કષ્ટ ફક્ત જીવોનાં કલ્યાણ માટે વેઠો છો. પરંતુ પૃથ્વીના જીવો આપનો આ ઉદ્દેશ્યનહિ સમજી શકે, આપને નહિ ઓળખી શકે. આગળના સર્વ અવતારોને પણ કોઈએ ઓળખ્યા નહોતા. વર્ણીએ તરત જ કહ્યું, તમે નિશ્ચિંત રહો. આગળ જે જે અવતારો આવ્યા હતા તેમની પાસે જીવનું કારણશરીર ભેદવાનું સાધન નહોતું. હું મારા અનાદિ અક્ષરધામને સાથે લઈને જ પ્રકટ થયો છું. તે અક્ષરબ્રહ્મ જીવોના કારણશરીરને ભેદી નાખશે અને મારા પરમ સત્યસ્વરૂપની મુમુક્ષુ જીવોને ઓળખાણ કરાવશે. જાણે અજાણે પણ જે જે જીવો અમારા સંબંધમાં આવશે તે આત્યંતિક કલ્યાણના અધિકારી બની જ જશે.

હિમગિરિને આ નવીન વાત સાંભળી આશ્ચર્ય થયું. હિમગિરિને વિચાર કરતા કરી દઈ નીલકંઠ વર્ણીએ તરત જ ઊંડા ઝરણામાં ઝંપલાવ્યું. તે વખતે દેવોમાં હાહાકાર મચી ગયો. સર્વત્ર જાણે ભયંકર ઉલ્કાપાત થઈ ગયો હોય તેવી આંધી ઊપડી. નીલકંઠ વર્ણીના સ્પર્શમાત્રથી જળચરો સમાધિસ્થ થઈ ગયા. નીલકંઠ વર્ણીને તો આનંદ હતો. સામા પ્રવાહમાં ધીરે ધીરે ડગ ભરતા નીલકંઠ વર્ણી તે ઝરણામાં આખી રાત ચાલ્યા અને પ્રાતઃસમયે તે ગુફાની બહાર નીકળ્યા.

ત્યાં તેમણે જળનો એક મોટો નદ જોયો. તેનું પાણી જોસભેર આ ગુફા દ્વારા વહેતું હતું. એ નદમાં પણ અનેક જીવજંતુ તેમણે જોયા. અહીં પોતે સ્નાન કરી વિષ્ણુસહસ્ત્રનો પાઠ કર્યો. ત્રણ દિવસથી પોતાને કાંઈ ફળ-ફૂલ મળ્યાં ન હતાં છતાં તેનો તેમને સંતાપ નહોતો. અચળ ધીરજ ધારીને પોતાનું અવિરત વિચરણ પોતે કર્યે જ જતા હતા. નદીને કાંઠે કેળાંની વાડી હતી. તેમાંથી કેટલીક લૂમો વાયુના વેગે નીચે ખરી પડી હતી તેમાંથી થોડાં કેળાં બાલમુકુન્દને નૈવેદ્ય ધરાવી પોતે જમ્યા.

પ્રસંગ : ૩૭

૫૦૦ નાગા વેરાગી અને ત્યાંના રાજાને વર્ણીએ ભાગવતી દિક્ષા આપી

એ સમયે ૫૦૦ નાગા વેરાગીઓની એક જમાત ત્યાં આવી. તેમના ગુરૂ આગળ હતા. ત્યાં નીલકંઠ વર્ણીને બેઠેલા જોઈ તેમની દિવ્ય પ્રતિભાથી આકર્ષાઈ તેમના ગુરૂ વર્ણી પાસે આવ્યા, નમસ્કાર કર્યા. શિષ્યોએ પણ વર્ણીને નમસ્કાર કર્યા. પછી સૌ નીલકંઠ વર્ણી પાસે આવીને બેઠા. એટલે નીલકંઠ વર્ણીએ તેમને પૂછ્યું, આપ સૌ કોણ છો ? અને શા હેતુથી અરણ્યમાં ફરો છો ?

આ સાંભળી મુખ્ય શિષ્યે કહ્યું, આ અમારા ગુરૂ છે. તેમણે હઠયોગની સાધના કરી છે. દૂરદર્શન, દૂરશ્રવણ વગેરે સિદ્ધિઓ તેમને વરેલી છે. અમને સૌને તે હઠયોગ શીખવાડે છે. પરંતુ આ શબ્દોની નીલકંઠ વર્ણી ઉપર કાંઈ અસર ન થઈ. તેથી તેણે ગુરૂનો વિશેષ પ્રભાવ જણાવતાં કહ્યું, આ પ્રદેશના રાજા અમારા આ ગુરૂના શિષ્ય છે. તેમને પણ અમારા ગુરૂની કૃપાથી દૂરદર્શન, દૂરશ્રવણની સિદ્ધિ સુલભ થઈ છે.

એટલે ગુરૂએ તરત જ કહ્યું, તમે તો અંતર્યામી છો છતાં પૂછો છો એટલે કહું છું કે હિમગિરિની તળેટીનો આ પ્રદેશ એ પુણ્યભૂમિ છે. યોગભ્રષ્ટ આત્માઓ જ અહીં જન્મ લે છે. અહીં કોઈ મનુષ્ય આવી શકતું નથી. અર્જુન અહીં આવ્યા હતા એ પણ શ્રીકૃષ્ણની કૃપાથી જ આવી શક્યા હતા. અમે દુર્વાસાના યોગભ્રષ્ટ શિષ્યો છીએ. તેથી આ પૃથ્વી પર ભ્રમણ કરીએ છીએ. અહીં આપના દર્શન થયાં. હવે અમે અક્ષરધામના અધિકારી બનીએ એવો આપ ઉપાય બતાવો.

એટલામાં ત્યાં એક પુરુષ આવ્યો. તેની કાંતિ જોઈ નીલકંઠ વર્ણીને લાગ્યું કે તે આ પ્રદેશનો રાજા છે. છતાં પૂછ્યું કે આપ કોણ છો ? ગુરૂએ જવાબ આપ્યો કે આ પ્રદેશના એ રાજા છે, અમારા શિષ્ય છે અને મેં તેને હઠયોગ શીખવાડ્યો છે. તેને પણ દૂરદર્શન અને દૂરશ્રવણ સુલભ બન્યા છે. આપને અહીં આવેલા જાણી તે આપનાં દર્શન સારું અહીં આવેલ છે. નીલકંઠ વર્ણી આ સાંભળી પ્રસન્ન થયા.

તે રાજા નીલકંઠ વર્ણી સમક્ષ આવ્યો. નીલકંઠ વર્ણી પદ્માસનમાં બેઠા હતા. રાજાએ ચરણસ્પર્શ કરતાં બંને ચરણમાં સોળ ચિહ્નો જોયા. એને થયું કે આ સાક્ષાત્ હરિ છે. તે નીલકંઠ વર્ણીની મૂર્તિને નખશિખ નિહાળી રહ્યો. છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન જોયું. ભગવાન સાક્ષાત્ વર્ણીરૂપે મળ્યા તેથી તેને અત્યંત આનંદ થયો. તેણે વર્ણીને વિનંતી કરી મહારાજ ! આપ મારા નગરમાં પધારી સૌને પાવન કરો.

એટલે નીલકંઠ વર્ણીએ કહ્યું, અમારે તો હજી ઘણાં કામ કરવાનાં છે. જો હું દરેકનો ભાવ જોઈ તેમના નગરમાં-આવાસોમાં જઉં તો પછી મારે કરવાના કામ પૂરાં ન થાય. માટે તમને જે ભાવ મારામાં થયો છે તે ભાવથી આ મૂર્તિ સંભારજો, તમારું કલ્યાણ થશે. એમ કહી નીલકંઠ વર્ણી ઉઠયા.

એટલે વેરાગીઓના ગુરૂએ તેમનો હાથ પકડયો અને સ્તુતિ કરતાં કહ્યું, મહારાજ ! અમને અક્ષરધામની પ્રાપ્તિનું સાધન બતાવ્યા વિના ક્યાં ચાલ્યા ? નીલકંઠ વર્ણી તરત જ નીચે બેસી ગયા અને કહ્યું, જુઓ તમે હઠયોગ સિદ્ધ કર્યો છે પણ એ મુમુક્ષુઓ માટેનો માર્ગ નથી. તેમાં તેની સિદ્ધિનો ગર્વ આવી જાય છે. પ્રાણ રુંધ્યા વિના પ્રેમાતુર થઈને જો તમને શ્રીહરિની મૂર્તિનું ધ્યાન ધરો તો તત્ક્ષણ સમાધિમાં શ્રીહરિની મૂર્તિ દેખો. એ ભક્તિયોગનો માર્ગ છે અને એ ઉત્તમ માર્ગ છે. એટલું કહી નીલકંઠ વર્ણીએ પાસેના નદમાંથી પાણી મગાવ્યું અને સર્વના ઉપર અંજલિ છાંટીને સૌને ભાગવતી દિક્ષા આપી. પછી કહ્યું, જો વસ્ત્ર ન મળે તો વલ્કલ પહેરજો, મૃગચર્મ ધારણ કરજો પરંતુ દિગંબર તો રહેશો જ નહિ. આ ભાગવતી દિક્ષા મેં તમને આજે આપી છે તો હવે અમારી મૂર્તિનું ધ્યાન ધરજો. થોડા

સમયમાં તમારા સૌના દેહ પડી જશે. પછી સત્સંગમાં જન્મ પામશો - કોઈ ગૃહસ્થને ત્યાં, તો કોઈ ત્યાગી તરીકે. પછી મારા સંબંધનું સંપૂર્ણ સુખ લઈને તમો અક્ષરધામના અધિકારી થશો.

વર્ણીની આ વાત સાંભળી તે રાજા અને ૫૦૦ વેરાગીઓ અતિ પ્રસન્ન થયા. શ્રીહરિની કૃપાથી અને સાક્ષાત્ સંબંધથી પોતાના મોક્ષનો ઉપાય સરળ થયો તેથી સૌ કૃત્યકૃત્ય થઈ ગયા.

નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા

પાંચ દિવસ રહીને પછી ત્યાંથી ચાલ્યા અને ઘાટા જંગલમાં વર્ણીન્દ્ર ભગવાન ક્યાં અદશ્ય થઈ ગયા તે કોઈને સમજાયું નહિ. નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં તેવી જ એક ઊંચી ભેખડ ઉપર આવી ગયા. નીચે જ કાલી ગંડકી વહેતી તેમણે જોઈ. પણ તેમનો માર્ગ એ ગંડકીને કિનારે પૂર્વ તરફ હતો. એટલે તે ભેખડ ઉપરથી જ તેમને ગંડકી નદીમાં ઊતરવું રહ્યું. અહીં નદીનો પ્રવાહ જોરદાર હતો. ઊંચી ભેખડો ઉપરથી નદીનું ઊંડાણ અને નદીનો જોરદાર પ્રવાહ જોઈ તેમાં પડવાની કોઈની હિંમત ચાલે તેમ નહોતી. પરંતુ વર્ણીન્દ્ર ભગવાનને તો કાંઈ વિચારવાનું જ નહોતું. પ્રકૃતિના તાંડવ તેમને નાથવા હતા. એટલે ધીરે રહીને તે નીચે ઊતરવા લાગ્યા. નદીનો પ્રવાહ થોડો નીચે રહ્યો અને તેમણે તેમાં પડતું મૂક્યું. નદીના જોરદાર વહેલા સામા પ્રવાહને વીંધીને નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા. કાલી ગંડકીના કિનારે પૂર્વ તરફ આવી ગયા.

અહીંથી તેમને પૂર્વ તરફ નિલગિરિ - કાળો પર્વત (ઊંચાઈ ૨૩,૬૯૮ ફૂટ) અને ધવલગિરિ - ધોળો પહાડ (ઊંચાઈ ૨૬,૮૧૧ ફૂટ) દેખાયા.

અત્યાર સુધી નીલકંઠ વર્ણી તે તળેટીમાં ચાલતા હતા પછી ચડાણ કર્યું. આખો માર્ગ ચડાણ અને ઉતરાણનો છે. કાગબેની પહોંચ્યા ત્યારે તેમને મુક્તિનાથના દર્શન થયા. દરિયાની સપાટીથી લગભગ ૧૨,૫૦૦ ફીટ ઊંચું આ સ્થાન છે. હિમાલયના દર્શન અહીંથી સ્પષ્ટ થાય છે. આકાશને આંબતા હિમાલયના ઉત્તુંગ શિખરો જોઈ નીલકંઠ વર્ણીને આનંદ થયો. હિમગિરિએ આ દિવ્ય દર્શનના આનંદમાં સેફદ પુષ્પરૂપી બરફની ધીમી વૃષ્ટિ કરી નીલકંઠ વર્ણીનું સ્વાગત કર્યું.

અહીંથી કાલી ગંડકીનો પ્રવાહ ઉત્તર તરફ ચાલ્યો જાય છે. તેને મૂળ ગંડકી કહે છે. મુક્તિનાથ જવાનો માર્ગ પૂર્વ તરફ છે. નીલકંઠ વર્ણી એ માર્ગે આગળ ચાલ્યા. મુક્તિનાથના દર્શન થયા અને તેમના આનંદનો પાર ન રહ્યો. (નીલગિરિ પર્વત લગભગ ૨૧,૨૭૩ ફૂટની ઉંચાઈએ છે. આ પર્વતમાળાની ખીણમાં મુક્તિનાથનું મંદિર આવેલું છે. તે પણ લગભગ ૧૨,૫૦૦ ફૂટની ઉંચાઈએ છે. નીલકંઠ વર્ણીની આ યાત્રા કઠિન હતી અને જટિલ પણ હતી. કારણ કે નીલકંઠ વર્ણીની કિશોર વય હતી. પુલહાશ્રમની યાત્રાના સમયે તેમને બાર વર્ષ પૂરાં થયાં હતા. નીલકંઠ વર્ણી અજગર વૃત્તિથી રહેતા તેથી ફળાદિક કોઈ વખત મળતાં અને કોઈ વખત કેવળ પાણી પીને અથવા વાયુ ભરખીને પણ ચલાવી લેતા. આ સંજોગોમાં નીલકંઠ વર્ણીની આ યાત્રા તેમની દેહાતીત સ્થિતિ અથવા અતિમાનવ સ્વરૂપની જ પ્રતિતી કરાવતી હતી.)

અહીં ગંડકી નદી ચક્રાકારે વહે છે તેથી તેને ચક્ર ગંડકી કહે છે. કાલી ગંડકીથી આ પ્રવાહ જુદો પડે છે. નીલકંઠ વર્ણીએ અહીં વિષ્ણુના મંદિરમાં દર્શન કર્યાં. ભરતજીની સ્મૃતિ કરી તેમને ભવિષ્યમાં ભેટવાનો સંકલ્પ કર્યો.

અહીં ભરતકુંડ પાસે ભરતજીએ તપ કર્યું હતું. થોડેક નીચે બ્રહ્માના પુત્ર પુલહે પણ તપ કર્યું હતું તેથી તે સ્થાન પુલહાશ્રમ તરીકે પણ ઓળખાય છે. નીલકંઠ વર્ણીએ તો ભરતકુંડ પાસે જ ભરતના આશ્રમની જગ્યાએ તપ કરવાનો નિશ્ચય કરી લીધો. ચાર્તુમાસના દિવસો હતા એટલે વરસાદ પણ આવતો. વાવાઝોડું અને પવન હોય ત્યારે બરફની પાટો પણ ધસી આવતી. અહીં પ્રકૃતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતી ત્યારે ભલભલાને માટે પણ આ પ્રદેશમાં જવું તે મૃત્યુના મુખમાં પડવા જેવું હતું.

આવા ઉગ્ર પ્રાકૃતિક વાતાવરણમાં નીલકંઠ વર્ણીએ અહીં પોતાના જનના કલ્યાણને અર્થે ઉગ્ર તપ કરવાનો આદર કર્યો. રોજ બ્રાહ્મમુર્હૂતમાં ગંડકી નદીમાં સ્નાન કરે છે, પછી મુક્તિનાથના દર્શન કરવા જાય છે. અને ત્યારબાદ ભરત આશ્રમમાં આવી ધ્યાનમગ્ન બની એક પગે ઉભા રહે છે. પોતાના બે આજાનબાહુ ઊંચા રાખે છે. નાસિકાગ્ર દષ્ટિ રાખે છે. શિર ઉપર જટા ફક્ત એક કૌપીન પહેરી છે. તે ઉપર મુંજની મેખલા બાંધી છે. શિર ઉપર જટા મુગટ સમાન શોભે છે. કંઠમાં તુલસીની બેવડી કંઠી ધારણ કરી છે. કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક અને મધ્યે ગોળ ચાંદલો શોભી રહ્યો છે. દઢ વૈરાગ્ય અને દેહના અનાદરથી શરીર તદ્દન કૃશ થઈ ગયું છે. છતાં હિમાળાના વા અને સૂસવાતા વાયરાથી ડગતા નથી. મુખે સૂર્યના મંત્રનો જાપ કરે છે. કોઈ વખત સામવેદનું ગાન કરે છે. નિરાહાર રહે છે. કોઈ વખત ઝાડ ઉપરથી ફળ નીચે પડે તો તે જમે છે, તો કોઈ વખત કેવળ જળ પીને જ રહે છે. તેમના આવા તપથી મહામોટા મુનિઓ તથા દેવોમાં પણ હાહાકાર મચી ગયો. ધર્મપિતા અને ભક્તિમાતા દિવ્ય સ્વરૂપે વર્ણીની અખંડ રક્ષા કરવા આવી ગયા હતા.

વર્ણીરાટનો આ રોજનો ક્રમ થઈ ગયો હતો. રાત્રિએ તેઓ વિશ્રામ કરતા નહિ. અપાર શોભાના ધામરૂપ શ્રી નીલકંઠ વર્ણીની આ તપશ્ચર્યા અતિ ઉગ્ર હતી. પોતે તો સ્વયં ભગવાન હતા એટલે કેવળ પોતાના ભક્તોના કલ્યાણને અર્થે જ તેમણે આ તપ આદર્યું હતું. છતાં મનુષ્યભાવ બતાવી ભરતજીને આ સ્થાનમાં જ મૃગલીના બાળના સંગથી વિઘ્ન થયું તેથી પોતે અસંગી રહે છે. પુરંજનને પણ બુદ્ધિરૂપી સ્ત્રીનો સંગ થયો અને વિઘ્ન આવ્યું. એટલે તેમણે બુદ્ધિનો સંગ પણ ત્યજી દીધો છે. નિર્ગુણ, અજ, અવ્યય, સચ્ચિદાનંદ એવા સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન છે.

તેમનું આવું ઉગ્ર તપ જોઈ ક્વચિત્ ક્વચિત્ મુક્તિનાથના દર્શન કરવા આવતા આસપાસના જનો કે તે મંદિરના પૂજારીને લાગતું કે આ સ્વામી કાર્તિકેય છે કે રુભુ ઋષિ છે કે કાયાધવ છે ! આવું ઉગ્ર તપ કોઈ વિભૂતિએ પણ કર્યું હોય તેવો પુરાણ કે ઈતિહાસની ગાથામાં કોઈ ઉલ્લેખ હોય એવું સાંભળ્યું નથી. ચ્યવન કે સૌભરીએ તપ કર્યું, દેહનો ભાવ રહ્યો નહિ પરંતુ મનની વાસના ક્ષીણ ન થઈ એટલે પરમાત્માના સ્વરૂપમાં તેમની સંપૂર્ણ એકાગ્રતા થઈ હોય તેવું કહેવાય નહિ. તેવી બાહ્યવૃત્તિથી તેમના તપમાં ડાઘ લાગ્યો. જ્યારે વર્ણી તો સ્વયં પુરુષોત્તમ જ હતા તેથી તેમને તો જગત પ્રત્યે વૃત્તિ કેવળ જગતના મનુષ્યોના કલ્યાણ કરવા પૂરતી જ હતી અને એ જ ભાવથી તેમણે સ્વસ્વરૂપમાં લીન થઈ આ તપ કર્યું. તે તેમના તપની વિશિષ્ટતા હતી.

નીલકંઠ વર્ણીના આ તપનો હેતુ હતો પોતાના જ આચરણને અનુસરીને લોકો જીવનમાં એવું તપ કરતાં શીખે, વિવિધ ભોગોના ઉપભોગમાં સંકોચ રાખે અને કલ્યાણપથને નિર્વિઘ્ન બનાવે તે પણ તેમનો તપ કરવાનો હેતુ હતો. સૂર્યમંડળમાં રહેલા હિરણ્યમય પુરુષ તેમની આ ઉગ્ર સાધનાથી પ્રસન્ન થઈ ગયા.

ચાર્તુમાસના દિવસો પૂરા થયા. આ.સં.૧૮૫૦ની પ્રબોધિની એકાદશીની રાત્રિએ વર્ણીએ ગાયત્રી મંત્રના અખંડ જાપથી સૂર્યનારાયણને પ્રસન્ન કરી લીધા. સવારે સૂર્યનારાયણ વર્ણીરાટ સમક્ષ પધાર્યા. વર્ણીરાટ પોતાની સામે સૂર્યદેવને પ્રત્યક્ષ જોઈ એકદમ હાથ જોડી ગદ્‌ગદ થઈ ગયા. સૂર્યદેવ પણ

વર્ણીરાટના દર્શન કરી સ્તંભી ગયા. તેમને માથે મુગટ હતો, કાનમાં કુંડળ હતા અને પીળું પીતાંબર ધારણ કર્યું હતું. પોતાની સમક્ષ પુરુષોત્તમ નારાયણને આવા કૃશ શરીરે જોઈ, પોતાના વૈભવથી સૂર્યદેવ શરમાઈ ગયા.

વર્ણીન્દ્ર પ્રભુએ બે હાથ જોડી સૂર્યનારાયણની સ્તુતિ કરી. માર્તંડ દેવે પણ આ મહાપ્રભુની સ્તુતિ સાંભળી સ્મિત કર્યું અને કહ્યું, પ્રભુ ! આપના વડે તો અમારી મોટાઈ છે, આ પ્રકાશનો પુંજ આપની ઉપાસનાના ફળરૂપે મને પ્રાપ્ત થયો છે. છતાં આપ મનુષ્યભાવ બતાવી મારી પાસે કયા સુખની અપેક્ષા રાખો છો ?

વર્ણીન્દ્રે નત મસ્તકે બે હાથ જોડી પૂર્વવત્ કહ્યું, કામ-ક્રોધ-લોભ-દંભ-મોહ અને ઈન્દ્રિયો-અંતઃકરણ વગેરેથી મારી રક્ષા કરો જેથી મારું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અખંડ રહે. મારા ઉપર આપ આટલી કૃપા કરો. પછી જયારે હું તમને સંભારું ત્યારે મને દર્શન દેજો.

આ સાંભળી સૂર્યદેવ મૂંઝાયા. તેમને થયું જેમનું ધામ મૂળ પ્રકૃતિથી પર છે, જે ધામમાં પ્રકૃતિ લીન થઈ જાય છે, તે ધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણને પ્રકૃતિનો કયો ભાવ સ્પર્શી શકે ? સૂર્યદેવને આમ વિચાર કરતા જોઈ વર્ણીન્દ્ર પ્રભુને આશ્ચર્ય થયું. સૂર્યદેવે કહ્યું, પ્રભુ હું જાણું છું કે નૈષ્ઠિક બ્રહ્મચર્યનો ઉત્તમ આદર્શ, સાચો ધર્મ આપ સ્થાપવા માંગો છો. બ્રહ્મચર્યની સિદ્ધિથી જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થઈ શકે, એ વિચાર આપ આચારમાં મૂકવા ધારો છો તો આપનામાં તો તમામ કલ્યાણકારી ગુણો નિત્યસિદ્ધ છે, છતાં આપે જે માંગ્યું છે તે યથાર્થ થશે. વર્ણીન્દ્ર મહાપ્રભુએ સૂર્યદેવના આ શબ્દો સાંભળી તેમને નમસ્કાર કર્યા. તરત જ સૂર્યદેવ અંતર્ધાન થઈ ગયા.

કાર્તિક શુક્લની દ્વાદશીએ વર્ણીન્દ્ર મહાપ્રભુએ તેમના ઉગ્ર તપની પૂર્ણાહુતિ કરી. હિમાલયમાં તપ કરતાં યોગીપુરુષોને પોતાના વપુમાંથી પ્રસરતા દિવ્ય અણુઓના સ્પંદનથી પાવન કર્યા. સૂર્યદેવનું ઋણ ચૂકવવા તેમની મૂર્તિની પણ સ્થાપના કરી તેમની ભક્તિને પણ એ રીતે અર્ઘ્ય આપવા તેમણે સંકલ્પ કર્યો.

મુક્તિનાથથી વિદાય

નીલકંઠ વર્ણીએ પછી મુક્તિનાથના દર્શન કર્યાં. પોતાના તપની ફળસિદ્ધિનો તેમને આનંદ હતો. હવે તેમનું લક્ષ્ય શું હતું તે તો તેઓ જ જાણતા હતા. પરંતુ ભગવાનના અંતરમાં ભક્ત સિવાય બીજું હોતું નથી. તેથી તેઓ ત્યાંથી નીકળ્યા. મુક્તિનાથથી નીકળીને તેઓ જે રસ્તે આવ્યા હતા તેજ રસ્તે પાછા જવાનું નક્કી કર્યું. કાલી ગંડકીનો સગડ પકડવા તેઓ ખીણમાં ઉતર્યા. અને ખૂબ જ ઠંડા એવા વાયરા વાવા લાગ્યા. નીલકંઠ વર્ણીનું શરીર શીત અને ઉષ્ણતાના ભાવથી પર થઈ ગયું હતું તેથી આ ટાઢા વાયરાની અસર તેમની ગતિ ઉપર કંઈ જ થઈ નહિ.

વળતા પણ એજ માર્ગે ચાલતા તેમણે ધવલગિરિ અને કાળો પહાડ પસાર કર્યા. આ વખતે રસ્તો બરાબર ગંડકીના કિનારે કિનારે લીધો હોવાથી જે ગુફામાંથી તેઓ આવ્યા હતા તેમાંથી પસાર થવાનું નહોતું. હાલ જયાં રિરીવિઝોર ગામ છે ત્યાંથી ગંડકી દક્ષિણ તરફ વહી જાય છે. નીલકંઠ વર્ણીએ તેનો કિનારો છોડી દીધો અને પૂર્વ તરફ ચાલવા લાગ્યા.

નેપાળ આખો પર્વતીય પ્રદેશ કહેવાય છે તેથી પર્વતો અને ખીણો તથા ખીણોમાં ગાઢ જંગલો હોય છે. એ પ્રમાણે કોઈ સુગમ રસ્તો ન હોવાથી નીલકંઠ વર્ણીને પર્વત ઉપર ચડવાનું રહેતું અને પાછું ખીણોમાં ઉતરવાનું રહેતું.

પ્રસંગ : ૩૮

મોહનદાસને નીલકંઠનો યોગ થાય છે

નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા જ જાય છે. એટલામાં તેમને એક સાધુ મળ્યો. તેણે નીલકંઠ વર્ણીને જોયા અને આવા અઘોર વનમાં કિશોરવયના આ વર્ણી કોણ હશે તે વિચાર કરવા લાગ્યો. તેને લાગ્યું કે સ્વરૂપવાન મનુષ્યને જોઈને કદાચ આનંદ થાય પરંતુ ગુણના ભાવથી પર થઈ જવાય એવું સ્વરૂપ કાં તો ભગવાનનું હોય અને કાં કોઈ ઈશ્વરીય વિભૂતિનું હોય ! તેણે તરત જ બે હાથ જોડી કહ્યું, સાધુરામ નમો નારાયણ ! નીલકંઠ વર્ણીએ આ સાંભળી ઉંચુ જોઈ બોલ્યા : નમો નારાયણ !

પછી તે સાધુને વર્ણીએ પૂછ્યું, સાધુરામ તમે કોણ છો અને આ ઘોર જંગલમાં કયા ઉદ્દેશથી ફરો છો ? તેણે કહ્યું, બ્રહ્મચારીજી હું હિમાલયની તળેટીમાં જતા માર્ગ ભૂલ્યો છું. પણ આપ આવા ભયંકર અને નિર્જન વનમાં આ કિશોરવયમાં શા સારું નીકળી પડયા છો ? નીલકંઠ વર્ણીએ તરત જ કહ્યું, હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવતા ફરું છું.

નીલકંઠ વર્ણીના આ શબ્દોથી જ સાધુને લાગ્યું કે આ વર્ણી જરૂર તેને સાચો માર્ગ બતાવશે. તેણે તરત જ બે હાથ જોડી કહ્યું, મહારાજ તો આપ મને આપની સાથે રાખશો ? મારું નામ મોહનદાસ છે. હું હિમાલયની તળેટીમાં તપ કરવા જઉં છું. નીલકંઠ વર્ણીએ કહ્યું, ખુશીથી મારી સાથે આવો.

વર્ણીન્દ્ર મહાપ્રભુએ જોયું કે મોહનદાસ શુદ્ધ હૃદયનો સાધુ હતો. તેના અંતરમાં જગતની કોઈ કામનાઓ ન હતી. છતાં જગતના સારા પદાર્થોમાં તેનું મન ખેંચાતું પણ ખરું. તે નીલકંઠ વર્ણીની સાથે ચાલે છે, નીલકંઠ વર્ણીના સ્વરૂપના દર્શન કરે છે, તેમના સ્વરૂપમાં તેના મનની વૃત્તિઓ ખેંચાય છે છતાં નીલકંઠ વર્ણીને કોઈએ ભેટ આપેલી પાણીની સુંદર કઠારી જોઈ તેને તેમાં મોહ ઉત્પન્ન થાય છે. તે કઠારી તેને જોઈતી નથી, એવો સંકલ્પ પણ તેના અંતરમાં નથી પણ તે સુંદર કઠારી તૂટે નહિ, બગડે નહિ તેવા સંકલ્પો તેને થવા લાગ્યા.

આગળ જતા એક નદી આવી. તેમાં પડલા પથ્થરો શેવાળથી ચીકણાં થઈ ગયા હતા. ધ્યાનપૂર્વક પથ્થરો પર પગ મૂકતાં મૂકતાં તે આગળ ચાલ્યા. અને ચાલતા ચાલતા નીલકંઠ વર્ણીને કહેતા જાય છે જો જો બહ્મચારી સંભાળીને ચાલજો, પગ લપસશે તો પડશો અને આ કઠારી તૂટી જશે.

નીલકંઠ વર્ણી તેની આવી ક્ષુદ્ર મમતા જોઈ હસ્યા. તે નદી પાર કરી ગયા અને સામે કાંઠે પહોંચી તેમણે તે કઠારી પથરા સાથે અફાળીને તોડી નાખી. આ જોઈ મોહનદાસ એકદમ જોરથી બોલ્યા : અરે અરે નીલકંઠ ! આ તમે શું કર્યુ ? આવી સુંદર કઠારી તોડી નાખી ?

નીલકંઠ વર્ણીએ હસતાં હસતાં કહ્યું, કઠારી તોડી નાખી કારણ કે તમે કઠારીને જ જોયા કરતા હતા પણ મારા તરફ જોતા નહોતા. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થોમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ?

મોહનદાસને પોતાના અજ્ઞાનનું ભાન થયું. તેને લાગ્યું કે જે ભગવાન હોય તે જ આ લોકના પદાર્થોમાંથી વૃત્તિ તોડાવી શકે. નીલકંઠ વર્ણી ખરેખર ભગવાનનું સ્વરૂપ છે. તેણે વર્ણીના ચરણારવિંદમાં પ્રણિપાત કર્યા.

- રાત્રિ અને દિવસ પસાર થતા જાય છે અને નીલકંઠ વર્ણી અને મોહનદાસ વનમાં ચાલ્યા જ જાય છે. સૂર્ય જાણે ઉગતો જ નથી અને રાત્રિનો

અંધકાર આ ઘેરા વનના અંધકારમાં લીન થઈ જાય છે. એટલે કંઈ કેટલા દિવસ થયા તેનો કોઈ ખ્યાલ આવતો નથી.

થોડા દિવસ પછી વનની ઘટા કાંઈક પાંખી થઈ અને સૂર્યકિરણનાં દર્શન થયાં. આગળ ચાલ્યા ત્યાં પર્વતની હારમાળા દેખાઈ. નીલકંઠ વર્ણી પર્વત ઉપર ચડવા લાગ્યા. મોહનદાસ પણ પાછળ પાછળ ચાલવા લાગ્યા. ભગવાનની આગળ ચાલવાના તેના કોડ ઢીલા પડી ગયા. માર્ગની કઠિનાઈઓથી એની સાન ઠેકાણે આવી ગઈ.

પ્રસંગ : ૩૯

નીલકંઠ વર્ણીએ ઝેરી ફળ ખાધા

નીલકંઠ વર્ણી પર્વત ઉપર ચઢી ગયા. ત્યાં ઊંચા ઊંચા ઝાડ ઉપરથી કેરીનાં ફળ જેવડાં જાંબુના રંગના પાકા ફળો નીચે પડેલાં હતાં. નીલકંઠ વર્ણીએ તે લીધાં અને જમવા લાગ્યા. મોહનદાસે પણ તે લીધાં પણ નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, ખાઈશ નહિ. આ તો ઝેરી ફળો છે, મરી જઈશ. એટલે મોહનદાસે તે નાખી દીધા.

એટલામાં ત્યાં ચાર ખાખી બાવાઓ આવ્યા. નીલકંઠ વર્ણીને ફળ ખાતા જોઈ ઝાડ પરથી તેઓ પણ ફળ તોડવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ મોહનદાસને કહ્યું, તેમને કહો કે આ ફળ ન ખાય. મોહનદાસે તે ખાખીઓને કહ્યું કે તે ફળ ખાશો નહિ, ઝેરી છે, મરી જશો. એટલે તે ખાખીઓએ કહ્યું, પેલો બ્રહ્મચારી કેમ ખાય છે ? મોહનદાસે કહ્યું, એતો મહાપુરુષ છે. ગર્વથી તે ખાખી બોલ્યા, અમે પણ મહાપુરુષો છીએ. એમ કહી તેમણે તે ફળો ખાધાં. થોડી વારે તે ચારેય ત્યાં જ મૃત્યુ પામ્યા.

જેનામાં મહાપુરુષનું એક પણ લક્ષણ હોતું નથી, છતાં મહાપુરુષ થવાના કોડ જાગે છે તેમની અંતે આવી દુર્દશા થાય છે.

નીલકંઠ વર્ણી અને મોહનદાસ ત્યાંથી ચાલતા હવે પર્વતીય પ્રદેશમાં પ્રવેશ કરે છે. આ પ્રદેશમાં દાખલ થતા જ નીલકંઠ વર્ણીએ મોહનદાસને કહ્યું, તમે હવે અહીં જ કોઈ તીર્થસ્થાન જોઈ રહી જાઓ. થોડા સમયમાં તમને મારો યોગ પશ્ચિમમાં થશે અને તમારું કલ્યાણ થશે. મોહનદાસને નીલકંઠ વર્ણીના વચનમાં વિશ્વાસ હતો તેથી તે ત્યાં એક શિવાલયમાં સેવા કરવા રહી ગયા. અને નીલકંઠ વર્ણી ત્યાંથી આગળ ચાલ્યા.

(મોહનદાસે નીલકંઠ વર્ણીની વનમાં જે પ્રકારે સેવા કરી હતી તે સદ્. શ્રી માધવદાસ સ્વામી શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર માં વર્ણવે છે. ક્યારેક વર્ણી તેમને મૂકીને પણ ચાલી નીકળતા પરંતુ મોહનદાસ વર્ણીની પાછળ પાછળ જઈ તેમને શોધી લેતા.

નીલકંઠ વર્ણીથી છૂટા પડ્યા પછી થોડાં વર્ષો બાદ મોહનદાસ દ્વારિકાની જાત્રા કરવા માટે ફરતાં ફરતાં સૌરાષ્ટ્રમાં આવ્યા. અહીં માંગરોળમાં તેમને રામાનંદસ્વામી તથા નીલકંઠ વર્ણીના દર્શન થયા તેથી તેમને ખૂબ આનંદ થયો.. પછી તે દ્વારિકાની યાત્રા કરવા ગયો ત્યાંથી પાછા ફરતાં જાણ્યું કે રામાનંદસ્વામી સ્વધમા પધારી ગયા છે તેથી અત્યંત દુઃખ થયું. તેણે વર્ણીની સેવા કરી હતી પરંતુ વર્ણીએ પોતાનું સ્વરૂપ છુપાવી કોઈ ઐશ્વર્ય તેને બતાવ્યું નહોતું તેથી વર્ણીનો તેને જેવો છે તેવો મહિમા નહોતો.

પછી રામાનંદસ્વામીએ મોહનદાસને દર્શન દીધા ને વર્ણીનું સ્વરૂપ ઓળખાવ્યું તેથી તેના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. તે ત્યાં સંતમંડળમાં જ રહી પડ્યા. થોડા દિવસ બાદ શ્રીજીમહારાજે તેમને દિક્ષા આપી વ્રજાનંદસ્વામી નામ આપ્યું.)

નેપાળના રાજા મહાદત્તના બાગમાં નીલકંઠ વર્ણી

નેપાળના પહાડી પ્રદેશમાંથી પસાર થતા નીલકંઠ વર્ણી રસ્તામાં આવતા અઘોર વનમાં એકાકી ચાલ્યા જ જાય છે. શિયાળાની અસહ્ય ઠંડી શરીરે સહન કરે છે. તીવ્ર તપથી શરીરની ચામડી સૂકવી નાખી છે. એટલે શીત-ઉષ્ણની કાંઈ અસર શરીર ઉપર થતી જ નથી. કોઈ કોઈ વખત ભ્રમરગીત ગાતા ગાતા ચાલે છે તો ક્યારેક માળા ફેરવતાં શીઘ્ર ગતિથી ચાલે છે. ઉત્તર દિશા તરફ ચાલતાં ઘણી નદીઓ આડી આવે છે તેને તરીને તો કોઈવાર પ્રવાહની સાથે ચાલીને પસાર કરે છે.

નેપાળના પ્રદેશમાં અનેક નાનાં નાનાં ખંડિયાં રાજ્યો છે તેમાં અનેક બાવાઓને સહારો મળતો. પરંતુ નીલકંઠ વર્ણી તો એ સર્વે જમાતોને જોતાં જોતાં કોઈ પુણ્યભૂમિની પ્રતિક્ષામાં આગળ જ ચાલ્યા જાય છે. ચાલતાં ચાલતાં નીલકંઠ વર્ણીએ એક સુંદર શહેર જોયું. એમાં એક સ્થળે તેના માલિકની રજા લઈને નીલકંઠ વર્ણીએ રહેવાનો વિચાર કર્યો. વર્ણીન્દ્ર મહાપ્રભુ એક બગીચા પાસે આવ્યા. તેમાં બાવાઓની જમાત ઉતરી હતી. તેમણે તેમને પૂછ્યું, અહીં ઊતરવા માટે કોની પરવાનગી લેવી પડે છે ?

તે સાધુઓએ નીલકંઠ વર્ણીનું સ્વરૂપ જોયું અને કહ્યું, બ્રહ્મચારી અહીંના રાજાનો જ આ બાગ છે. અભ્યાગતોને રાજા અહીં ઉતારો આપે છે અને રોજ નવી નવી રસોઈ બનાવીને જમાડે છે. તમે અહીં જ રહો. ફરી નીલકંઠ વર્ણીએ પૂછ્યું, આ શહેરનું નામ શું ? અને અહીંનો રાજા કોણ છે ? તે સાધુએ કહ્યું, આને બુટોલનગર કહે છે અને અહીંનો રાજા મહાદત્ત છે. તે બહુ જ ધર્મપ્રેમી છે.

નીલકંઠ વર્ણીને તેમના વચનમાં વિશ્વાસ આવ્યો. તેઓ બાગમાં ગયા અને એક ઝાડ નીચે આસન કર્યું. તે જોઈ પેલા સાધુએ કહ્યું, બ્રહ્મચારી અહીં અંદર બંગલામાં આવો, બધી સગવડ છે. નીલકંઠ વર્ણીએ કહ્યું, મને અહીં જ ફાવશે.

પૃથ્વી જેમ આ ઋતુમાં ફલવતી બને છે તેમ રાજા મહાદત્તનું તપ, વ્રત અને દાનનું પુણ્યકાર્ય આજે ફલિત થયું. રોજના નિયમ પ્રમાણે મહાદત્ત રાજા અને તેમનાં બહેન માયારાણી સવારે બાગમાં આવ્યા. તમામ વૈરાગી બાવાઓને નમસ્કાર કરતા કરતા નીલકંઠ વર્ણી પાસે આવ્યા. વર્ણીને જોઈને બંને ત્યાં જ સ્તંભી ગયા. તેમની મોહક કાંતિ, તપથી કૃશ થયેલું દેહ, કિશોર અવસ્થા જોઈ રાજા અને તેમના બહેન માયારાણીના અંતરમાં છુપાયેલો જ્ઞાનદીપ જાણે પ્રકટ થવા લાગ્યો. વર્ણી પણ તેમને જોઈને પુલકિત થયા.

એટલામાં મહાદત્તે પૂછ્યું, બ્રહ્મચારીજી આપ કોઈ નવીન લાગો છો. વર્ણીએ હાથ જોડી કહ્યું, અમે આ લોકમાં સદા નવીન જ છીએ. આ લોકથી જુદી જાતના છીએ. મહાદત્તને વર્ણીના આ શબ્દો ન સમજાયા. તેથી તેમણે ફરી પૂછ્યું, મહારાજ ! ગઈ કાલ સુધી આપ અહીં નહોતા એટલે મેં પૂછ્યું. આપનું શરીર જોતાં તપની અવધિ દેખાય છે. આપના મુખની કાંતિ આકર્ષક છે ને આપ બીજા વૈરાગીઓ કરતાં કાંઈક જુદા દેખાઓ છો.

આ સાંભળી નીલકંઠ વર્ણી હસ્યા. તેમણે કહ્યું, રાજન્ સમાગમ કરશો એટલે વૈરાગીની અને રાગીની ખબર પડશે. જગતમાં સાચો વૈરાગ તો ભગવાન સિવાય બીજો રાગ ન હોય તે જ છે. લોકોના અંતરમાં ભગવાનનો રાગ પ્રગટાવવા જ મેં વૈરાગ ગ્રહણ કર્યો છે.

માયારાણી નીલકંઠ વર્ણીના અમૃતવચનોનું પાન કરતાં સ્થિર થઈ ગયાં ! વર્ણીનો દેહ દેખીને તેમની આંખમાં આંસુ આવી ગયાં. સ્ત્રીનું હૃદય એ

માતાનું હૃદય છે. આવા કિશોરે ગૃહત્યાગ કર્યો ! આવું શરીર કૃશ કરી દીધું ! તેમનું અંદર દ્રવી ગયું. તેમણે આંસુ લૂછતાં પૂછ્યું, બ્રહ્મચારી આ બંગલામાં સૌની સાથે કેમ નથી રહ્યા ? વર્ણીએ કહ્યું, જેને ભગવાનનો આશ્રય હોય તેને બંગલાનો આશ્રય ખપતો નથી.

વર્ણીના આ શબ્દો સાંભળી મહાદત્તની જ્ઞાનદૃષ્ટિ સતેજ થઈ ગઈ. તેમણે કહ્યં, મહારાજ આ બંગલાઓ મેં સંતો માટે જ રાખ્યા છે. અત્યાર સુધી અહીં ઘણા સંતો આવ્યા અને ગયા. મેં તેમની પ્રેમથી સેવા પણ કરી પરંતુ મારા અંતરમાં ઊઠતા જગતના પંચવિષયના રાગ એ સેવાથી શમ્યા નહિ. આજે આપના દર્શનથી હું અપાર શાંતિ અનુભવું છું. પછી કહ્યું, આ બંગલામાં આપ રહો, મારાં અહોભાગ્ય થશે, મારું કલ્યાણ થશે.

મહાદત્તના ભાવથી નીલકંઠ વર્ણીએ બંગલામાં રહેવાનું કબૂલ રાખ્યું. મહાદત્તે તેમનો હાથ પકડયો, માયારાણીએ તેમનાં સાધનો લીધાં. બંગલામાં એક જુદા જ કમરામાં નીલકંઠ વર્ણીને ઉતારો આપ્યો. વૈરાગી બાવાઓ આ જોઈ રહ્યા. તેમના અંતરમાં ઈર્ષાની આગ ભભૂકવા લાગી. મહાદત્તે તેના નોકરને નીલકંઠ વર્ણીની સેવા કરવાનું અને તેમનું ધ્યાન રાખવાનું કહ્યું. પછી તે બંને ભાઈ બહેન ત્યાંથી નીકળ્યા.

<u>મહાદત્તને ઉપદેશ</u>

નીલકંઠ વર્ણી રોજ વહેલી સવારે નદીમાં સ્નાન કરી પોતાનો પ્રાતઃવિધિ કરે છે. પછી બગીચામાં આવી ઝાડ નીચે બેસે છે. બપોરે રાજા તરફથી જમવાનું આવે છે તે અન્ય વૈરાગીઓને આપી દે છે. પોતે જે કાંઈ ફળ ફૂલ મળે તે જમે છે. રાજા નીલકંઠ વર્ણી પાસે હંમેશા આવીને બેસે છે અને નીલકંઠ વર્ણી તેમને ઉપદેશ આપે છે.

નીલકંઠ વર્ણી મહાદત્તને સમજાવે છે : ત્રણ દેહથી આત્મા જુદો છે. તેની બ્રહ્મ સાથે એકતા કરી ભગવાનનું ભજન કરવું. દેહભાવે ભજન કરવાથી ભક્તિમાં વિઘ્ન આવે છે. જયારે આ પ્રકારનાં ભજનમાં કોઈ વિક્ષેપ આડો આવતો નથી. આ સાંભળી મહાદત્તે પૂછ્યું, આત્મા અને બ્રહ્મ એક જ છે ? નીલકંઠ વર્ણીએ તરત જ કહ્યું,

<u>આત્મા નિરાકાર છે, જયારે બ્રહ્મ સાકાર છે..</u>

<u>આત્મા માયાથી વ્યાપ્ત છે, જયારે બ્રહ્મ માયાથી પર છે..</u>

<u>આત્માનું વ્યાપકપણું એક જ બ્રહ્માંડમાં છે, જયારે બ્રહ્મનું વ્યાપકપણું અનંત કોટિ બ્રહ્માંડમાં છે..</u>

<u>આત્મામાં પરમાત્મા સાક્ષીરૂપ રહ્યા છે, બ્રહ્મને પરમાત્માનો સાક્ષાત્ અને સર્વ પ્રકારે સંબંધ છે..</u>

આ સાંભળી મહાદત્ત વિસામણમાં પડી ગયા. તેમણે આ જ્ઞાન કદી સાંભળ્યું નહોતું. આત્મા એજ પરમાત્મા એવા સૂત્રો જ સાંભળ્યા હતા. પરંતુ નીલકંઠ વર્ણીની વાણી તેમને દિવ્ય લાગી. નીલકંઠ વર્ણીની આધ્યાત્મિક મહત્તાના, તેના સ્વરૂપના પરભાવનો એક ક્ષણમાં તેમણે નિશ્ચય કરી લીધો. ને નીલકંઠ વર્ણીને પગે લાગી તે ઉઠયા.

<u>નીલકંઠ વર્ણી મહાદત્ત રાજાના મહેલમાં</u>

આ બગીચામાં રાજાની કુંવરી તેની સખીઓ સાથે રમવા આવતી. તેમને જોઈ બાવાઓ ગેલમાં આવી જતા. પરંતુ નીલકંઠ વર્ણી સદા નીચી દૃષ્ટિ રાખી અથવા ધ્યાનમગ્ન થઈ સ્વસ્વરૂપમાં મસ્ત બની રહેતા. નીલકંઠ વર્ણીના દર્શનથી કુંવરીને તથા સખીઓને આનંદ થતો. જયારે બાવાઓની દૃષ્ટિમાં તેમને વિકાર દેખાતો. કુંવરીએ તથા તેની સખીઓએ મહાદત્તને જયારે આ વાત કરી ત્યારે મહાદત્તને નીલકંઠ વર્ણીની વિશેષ મહત્તા સમજાઈ. વિષયલોલુપ બાવાઓનો ભાવ તેના અંતરમાંથી નીકળી ગયો.

મહાદત્ત રાજાએ તથા તેમના બહેને નક્કી કર્યું કે નીલકંઠ વર્ણીને પોતાના મહેલમાં જ લઈ જવા. તેઓ બંને નીલકંઠ વર્ણી પાસે આવ્યા ને હાથ જોડી વિનંતી કરી. પરંતુ નીલકંઠ વર્ણીએ બહુ જ વિનયપૂર્વક ના કહી એટલે માયારાણીએ કહ્યું, તો પછી અમારા મહેલમાં જમવા તો આવશો ને ? તેમનો ભાવ જોઈ નીલકંઠ વર્ણીએ તેમનું આમંત્રણ સ્વીકાર્યું.

નીલકંઠ વર્ણી રાજાના મહેલમાં રોજ જમવા જતા. માયાદેવી તેમને અનુકૂળ પડે તેવી સુંદર રસોઈ પોતે જ બનાવતાં. રોજ આ પ્રમાણેની ભાવપૂર્વકની સેવાથી માયારાણીનું તથા મહાદત્તનું અંતર શુદ્ધ થઈ ગયું. તેમાં પ્રકાશ થયો. તે પ્રકાશમાં તેમને નીલકંઠ વર્ણીના દિવ્ય સ્વરૂપના દર્શન થયા. અંતર્યામી સ્વરૂપે જીવમાં જે પરમાત્મા રહ્યા છે તેજ આ નીલકંઠ વર્ણી છે એ નિશ્ચય તેમને દૃઢ થયો. આત્મા અને પરમાત્માના સ્વરૂપનું જે જ્ઞાન તેમને નીલકંઠ વર્ણીએ આપ્યું હતું તેનો આજે તેમને સાક્ષાત્કાર થયો.

નીલકંઠ વર્ણીને લાગ્યું કે બુટોલપત્ત આવી જે કામ કરવાનું હતું તે થયું. મહાદત્ત રાજાને અને તેમની બહેનને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું છે તેજ તેમના મોક્ષનું સાધન છે. એટલે હવે તેમણે બુટોલથી નીકળી જવા વિચાર્યું. તેઓ તેમના આવાસમાં આવ્યા. અહીં આવીને કેડે મૃગચર્મ વીંટાળી લીધું, કંઠે શાલિગ્રામ અને હાથમાં કમંડલું લઈ કમરામાંથી બહાર નીકળ્યા. અને તેમણે માયારાણીને હસતાં હસતાં સામે ઉભેલા જોયા. નીલકંઠ વર્ણી તેમને જોઈ વિસ્મય પામી ગયા. રાણીએ તરત જ પૂછ્યું, બ્રહ્મચારીજી આ બધી શેની તૈયારી કરી લીધી ? નીલકંઠ વર્ણી કાંઈ બોલ્યા નહિ.

એટલામાં મહાદત્ત રાજા પણ ત્યાં આવી ગયા. તમણે નીલકંઠ વર્ણીને તૈયાર થયેલા જોઈ પ્રાર્થના કરતાં કહ્યું, મહારાજ ! આટલો વખત ભેગા રહ્યા, આપના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને હવે એકાએક આપે શી તૈયારી કરી ? કુંવર અને કુંવરીએ પણ આપના સંબંધે વ્રત લઈ નિયમો લીધા છે. અમો બધાં આપના વગર શી રીતે જીવી શકીશું ?

મહાદત્તના આ શબ્દો નીલકંઠ વર્ણીએ સાંભળ્યા પણ કાંઈ બોલ્યા નહિ. એક તરફ તેમનું કાર્ય તેમની રાહ જોતું હતું, બીજી તરફ મહાદત્ત અને મહારાણીની ભક્તિ હતી. થોડીવારે તેમણે કહ્યું, રાજન્ મારે હવે જવું જોઈએ. અનેક મુમુક્ષુઓ મારી વાટ જુએ છે.

પરંતુ મહાદત્ત અને માયાદેવીએ તેમને જવા ન દીધા. તેમના આગ્રહથી નીલકંઠ વર્ણીએ બધી સામગ્રી પાછી મૂકી દીધી. પરંતુ કોઈ ન જાણે તેમ રાત્રે છાના ચાલી નીકળ્યા. સવારે માયારાણીને ખબર પડતાં ચારે બાજુ ઘોડેસવારો દોડાવ્યા. નીલકંઠ વર્ણી દસ ગાઉ દૂર નીકળી ગયેલા. એમને પ્રાર્થના કરી પાછા લાવ્યા. પરંતુ માયારાણીને બીક લાગી ગઈ કે નીલકંઠ વર્ણી જરૂર ચાલ્યા જશે. તેમણે મહાદત્તને કહી સરહદ ઉપર ચોકી મૂકાવી દીધી.

નીલકંઠ વર્ણી આ વ્યવસ્થાથી અજાણ ન હતા. તે મનમાં ને મનમાં હસતા. <u>રાજા અને માયાદેવીના પ્રેમના બંધન ઢીલાં ન પડે તેટલા પૂરતું જ તેમણે ત્યાં રોકાવાનું તત્કાળ તો નક્કી કરી લીધું હતું.</u> નીલકંઠ વર્ણી થોડો સમય ત્યાં રોકાયા. મહાદત્ત રાજા અને માયારાણીના પ્રેમનું તેમણે પોષણ કર્યું. તેમને આજ

કાર્ય કરવાનું હતું પોતાના ભક્તોના મનોરથ પૂરા કરવાનું. તે તેમણે અહીં રહીને કર્યું. મહાદત્ત અને માયારાણી તેમના સંબંધે ભક્તિમાં મસ્ત બની ગયાં. પ્રપત્તિ સ્વીકારી લીધી. નીલકંઠ વર્ણીને લાગ્યું કે મહાદત્ત રાજા રાજ્યમાં રહ્યા છતાં પણ નિર્લેપ રહી શકે છે, અને માયારાણી પણ માયાજાળમાંથી નિવૃત્ત થઈ ગઈ. તે બંને પાસે નીલકંઠ વર્ણીને જે કરાવવું હતું તે સિદ્ધ થયું. તેથી નીલકંઠ વર્ણી હવે ફરી નીકળવા તૈયાર થઈ ગયા. <u>નીલકંઠ વર્ણીએ અહીં આ.સં.૧૮૫૧ની જનમાષ્ટમી કરી. તેઓ અહીં કુલ પાંચ માસ રોકાયા હતા.</u>

એક દિવસ વહેલી સવારે નીલકંઠ વર્ણી નીકળી ગયા. તેમને કોઈ આવરણ નડી શક્યા નહિ. ઝડપથી માર્ગ કાપતાં સૂર્યોદય થતા સુધીમાં ઘણા દૂર નીકળી ગયા. તેમણે ઉત્તર તરફનો માર્ગ લીધો હતો. તેમને લાગ્યું કે સીધી વાટે તો અસવારો પાછળ આવશે તેથી તેમણે વગડાનો માર્ગ લીધા. દિશ બાંધીને તેઓ ચાલતા હતા. કેટલા કોશ કપાયા હશે તેની કોઈ ગણતરી ન રહી. પરંતુ સૂર્યોદય થતાં એક સુંદર નદી આવી એટલે નીલકંઠ વર્ણી ત્યાં સ્નાન કરી એક ઝાડ નીચે બેઠા.

<u>ગોપાળયોગીના યોગમાં</u>

બુટોલપત્તનથી ઉત્તર તરફ પોખરાનો જે માર્ગ છે તે વિકટ વનથી તે સમયે છવાયેલો હતો. <u>તે ગીચ ઝાડીમાં નીલકંઠ વર્ણી ચાલ્યા જતા હતા. અહીં માનવીનું પગેરું કાઢવું મુશ્કેલ હતું. નીલકંઠ વર્ણી જે રસ્તે જતા હતા ત્યાં કોઈ તીર્થસ્થાન હોવાનો સંભવ નહોતો. છતાં નીલકંઠ વર્ણી તો આગળ ચાલ્યા જ જતા હતા. અંતર્યામીના અંતરમાં કળાઈ ગયું હતું કે એક યોગીએ પોતાની સુષુમ્ણા જાગ્રત કરીને આ અંતર્યામીના સ્વરૂપ સાથે જોડી દીધી હતી. તેથી નીલકંઠ વર્ણી તે દિશા તરફ જતા હતા.</u>

ધીરે ધીરે ચાલતાં ચાલતાં એક ઘેઘૂર વડની છાયામાં તેમણે એક યોગીને જોયા. તેમની સુષુમ્ણા જાગી હતી પરંતુ અર્ચિમાર્ગે જઈ અક્ષરધામમાં એ ધામના ધામીના ત્યાં દર્શન કરવાની તેમને તાલાવેલી લાગી હતી. તેથી તે દિવ્ય વિગ્રહના દર્શન કરવા વિશેષ આતુર હતા. <u>મોક્ષનું આ છેલ્લું સાધન હતું - પ્રત્યક્ષ ભગવાનના દર્શન અને તેમનો યોગ.</u>

જટાધારી આ યોગી પાસે ફક્ત કૌપીન, જીર્ણ આચ્છાદન અને મૃગચર્મ આટલી જ વસ્તુઓ હતી. વડની નીચે જ તેમની તૂટેલી જેવ જણાતી ઝૂંપડીમાં તેઓ ગીતાનો પાઠ કરતા અને કૃષ્ણનું ભજન કરતા. નીલકંઠ વર્ણી દૂરથી આવતા હતા ત્યારે તેઓ શાલિગ્રામનું પૂજન કરી ગીતાપાઠ કરવાની તૈયારીમાં હતા. દૂરથી તેમણે નીલકંઠ વર્ણીને આવતા જોયા. આ નિર્જન સ્થાનમાં ફક્ત ભરવાડોના જ વાડા હતા. જ્યારે આ તો કોઈ તપસ્વી, યોગી જેવા કિશોર તેમણે જોયા. તેમને લાગ્યું કે તેમના અંતરમાં જે મૂર્તિ દેખાતી હતી તેનું આ સામેથી આવતી મૂર્તિ સાથે સામ્ય હતું. તેમના અંતરમાં ભક્તિભાવ ઉછળ્યો. તે એકદમ ઉઠયા ને નીલકંઠ વર્ણીની સામે તેમણે દોટ મૂકી. વર્ણી પણ દોડયા અને જાણે જુગોજુગની અતૂટ પ્રીતીનાં બંધનથી બંધાયેલા હોય તેમ બંને એકબીજાના ભુજપાશમાં સમાઈ ગયા !

<u>યોગીનો આનંદ હતો પરમાત્માની પ્રાપ્તિનો ! વર્ણીને આનંદ હતો ભક્તને ભેટયાનો ! બંનેનું અંતર ભેટ્યું હતું એકબીજામાં સમાઈ જવા. ભગવાન અને ભક્ત બંનેની પરસ્પરની અસ્મિતા અહીં અદશ્ય થઈ ગઈ. અષાઢી સં.૧૮૫૧ના કાર્તિકી માસની આસપાસનો આ સમય હતો.</u>

થોડી વાર પછી બંને છૂટા પડયા ત્યારે બંનેની આંખમાં આંસુ હતા. એકને વિયોગના, બીજાને સંયોગના. ગોપાળ યોગીએ ગદ્ગદ ભાવે કહ્યું, ભગવન્ ! બહુ રાહ જોવરાવી. વર્ણી હસ્યા ને કહ્યું, તમારા જેવા યોગીને ખોળતો ખોળતો વનપર્વત ફરીને હું અહીં આવ્યો છું. ઘણા જોગી મળ્યા, કેટલાક ભોગી, કેટલાક રોગી, કેટલાક માની અને કેટલાક દંભી, પણ તમારા જેવા નિર્મળ અંતરના અરોગી પુરુષ મેં ક્યાંય જોયા નહિ. પછી વર્ણી બોલ્યા કે, કોઈ સમર્થ ગુરૂ તમને મળ્યા હશે નહિ તો આવી યોગકળાની સિદ્ધિ પ્રાપ્ત ન થાય. નરનારાયણના આશ્રમ સુધી અમે યાત્રા કરી છે. અખંડ ધ્યાનમાં રહેતા, ભગવાનની મૂર્તિ સાથે સંલગ્ન થયેલા ઘણા સિદ્ધો જોયા પણ તમારા જેવા યોગી ક્યાંય ન જોયા. <u>સિદ્ધો પાસે અમે ધ્યાન શીખ્યા, તમારી પાસે હવે યોગ શીખીશું.</u>

ગોપાળ યોગીને આનંદ થયો. ગોપાળ યોગીએ પ્રથમ યોગના ગ્રંથનો અભ્યાસ કરાવ્યો. પછી હઠયોગની ક્રિયાઓ (ક્રિયા,નેતિ,બસ્તી,કંજરી,નૌલિકા,શંખ,પ્રક્ષાલન,ધૌતિ,ત્રાટક ઈત્યાદિ) અને જુદા જુદા આઠ અંગ (યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા અને ધ્યાન સુધીના અંગો અને તેનું ફળ સમાધિ વગેરે) શીખવાડયા. નીલકંઠ વર્ણી તરત જ બધું શીખી જતા. મનુષ્યભાવના બધા જ ભાવો વર્ણીને સિદ્ધ હતા. તેથી તેવા ભાવમાં કદાચ કોઈ અટવાય તો માયાની જાળમાંથી નીકળી ન શકે. પરંતુ ગોપાળ યોગીને તેમના સ્વરૂપનું જ્ઞાન હતું. તેમની વાતોમાં ક્વચિત્ દિવ્યભાવના એવા શબ્દો સરી પડતા તેથી તેમનું એ જ્ઞાન વિશેષ દઢ થતું. બંને સાથે બેસીને કંદમૂળ જમતા.

<u>પ્રસંગ : ૪૦</u>

<u>પશુધનના રક્ષણ માટે વર્ણીની બ્રહ્મનાદની ઘોષણા</u>

પાસે વસતા ગોવાળોએ ત્યાં ગાયોના વાડા કર્યા હતા. એક દિવસ તેમણે વર્ણીને કહ્યું, મહારાજ અહીં વાઘ, ચિત્તાની વસતિ ઘણી છે. અમારી ગાયોના વાડામાં આવી ગાયોનો શિકાર કરી જાય છે. અઠવાડિયામાં બે-ત્રણ વખત તો તેમનો હુમલો હોય જ..વર્ણીને આ સાંભળી દુઃખ થયું. તેમણે કહ્યું, <u>તમે બીશો નહિ. વૃકોદરના પૌંડ્ર શંખનાદથી જેમ દુશ્મનોનાં અંતર ભેદાઈ ગયા હતા તેમ મારી બ્રહ્મનાદની ઘોષણાથી હિંસક પ્રાણીઓ અહીં આવી નહિ શકે. ગોપાળ યોગીએ પણ વર્ણીને કહ્યું, આમનું દુઃખ તો તમારે ટાળવું પડશે. મારામાં તો એ શક્તિ નથી પણ તમો પધાર્યા છો તો આ પશુધનનું રક્ષણ કરો.</u>

ગોપાળ યોગી તરત જ શંખ લઈ આવ્યા. ગોપાળ યોગીને શંખનાદ કરવા કહ્યું. તેમણે શંખનાદ કર્યો. બ્રહ્મનાદ સમા આ શંખમાંથી નીકળતા શબ્દો આજુબાજુ પ્રસરી ગયા. ત્યારથી ગોવાળોના વાડામાં આવતા હિંસક પ્રાણીઓ બંધ થઈ ગયા. ત્યારપછી ગોવાળિયા નિર્ભય બની ગયા.

પરાત્પર પરમાત્માના દિવ્ય સ્વરૂપને ન પિછાણી શકનાર આ ગોપબાળકો તેમની ભક્તિના ભાવરૂપે બીજે દિવસે દૂધના દેગડા લાવ્યા. પરંતુ વર્ણીને કે યોગીને આ રસકસ ક્યાં ખપતા હતા ?

<u>વર્ણીના પ્રસંગથી ગોપાળ યોગી બ્રહ્મભાવ પામ્યા</u>

ગોપાળ યોગી પાસે વર્ણી યોગના આઠ અંગ શીખ્યા. ગોપાળ યોગીને મન આ ભક્તિ હતી. ગુરૂક્રમની પરંપરા સચવાય, ગુરૂમાં દેવની ભાવનાનો ભાવ દઢ થાય તે હેતુથી વર્ણીએ ગોપાળ યોગીને ગુરૂ તરીકે સ્વીકારી, પોતાના પુરુષોત્તમ સ્વરૂપના તમામ ભાવ શિષ્યત્વમાં સમાવી દીધા. દેહભાવથી અતિરિક્ત હોવા છતાં, અષ્ટાંગ યોગની કઠિનાઈઓમાં દેહભાવ ટળી જાય છે, આત્મનિષ્ઠા દઢ થાય છે આવું અનુસંધાન રાખી વર્ણી આ યોગવિદ્યાની સિદ્ધિ માટે મંડી પડયા.

થોડા જ સમયમાં તેમણે અષ્ટાંગયોગ સિદ્ધ કરી લીધો. તેમણે ગોપાળ યોગીને કહ્યું, હવે મને મારા આત્માનું દર્શન થાય છે.

ગોપાળ યોગી હસ્યા કે સર્વાત્મા બ્રહ્મ જે અક્ષર તેના પણ જે આત્મા અને આધાર છે તે આજે કહે છે કે તેમને તેમના આત્માના દર્શન થાય છે. છતાં વર્ણી શું કહે છે તે સાંભળવા માટે તેમણે સહજભાવે પૂછ્યું, તો હવે તમારો યોગ સંપૂર્ણ થયો ને ? અષ્ટાંગયોગની અંતિમ સિદ્ધિની પ્રાપ્તિ પછી પણ શું કરવાનું બાકી રહે છે તે રહસ્ય વર્ણીને આજે સમજાવવું હતું. ગોપાળ યોગીને પણ સમજવું હતું.

<u>વર્ણીએ તરત જ કહ્યું, અષ્ટાંગ યોગનું ફળ નિર્વિકલ્પ સમાધિ છે. પરંતુ તેમાં પણ વૃત્તિઓ જો અનુલોમ થાય તો વિઘ્ન આવે. પણ જો બ્રહ્મ સંગાથે આત્માની એકતા થાય અને એરીતે બ્રહ્મસ્વરૂપ થવાય તો કાંઈ વિઘ્ન આવતું નથી. તેને શુદ્ધ ગુણાતીત સ્થિતિ કહે છે.</u>

ગોપાળ યોગી આ સાંભળી રહ્યા. શુદ્ધ બ્રાહ્મીસ્થિતિનું આ નવીન છતાં સનાતન દર્શન હતું. ગોપાળ યોગીને આ જ્ઞાન નહોતું. તે તો આત્મસ્વરૂપની સ્થિતિને જ અંતિમ સ્થિતિ માનતા હતા. વર્ણીના પ્રસંગથી તે બ્રહ્મભાવ પામ્યા અને તે બ્રહ્મમાં તે જ પરમાત્માના સાક્ષાત્ દર્શન તેમને થયા. અંતરમાં પ્રગટેલા પરમાત્મા અને બહાર દેખાતા વર્ણીના સ્વરૂપની તેમણે એકતા જોઈ. અને તે મૂર્તિમાં તેમની વૃત્તિ સ્થિર થઈ ગઈ. ધીરે ધીરે દેહભાવની વિસ્મૃતિ થવા લાગી. પોતાની આ અંતિમ સ્થિતિ છે તેનું તેમને જ્ઞાન થયું. તેમની પાસે પંચરત્નનો ગુટકો હતો તે તેમણે વર્ણીને આપ્યો અને ભક્તિભાવની આ અલ્પ ભેટ આપી કૃત્યકૃત્ય બની તેમણે દેહનો ત્યાગ કરી દીધો.

(પાછળથી શ્રીજીમહારાજે આ ગુટકો સદ્.મુક્તાનંદસ્વામીને આપ્યો હતો અને સદ્.મુક્તાનંદ સ્વામીએ તે શ્રી રઘુવીરજી મહારાજને ભેટ આપ્યો હતો. હાલ આ ગુટકો વડતાલ અક્ષરભુવનમાં મૂકેલ છે.)

ગોપાળ યોગીની દેહક્રિયા કરી વર્ણી ગોપબાળોના આગ્રહથી થોડા દિવસ ત્યાં રહ્યા અને પછી ત્યાંથી નીકળી પૂર્વદિશામાં ચાલ્યા. કહેવાય છે કે નીલકંઠ વર્ણી લગભગ બાર માસ ગોપાળ યોગી સાથે રહ્યા હતા. એટલે અષાઢી સંવત ૧૮૫૨ના કાર્તિક માસના અરસામાં વર્ણી ત્યાંથી નીકળ્યા હોય તેવું અનુમાન કરી શકાય. પૂર્વ દિશા તરફ ચાલતાં ચાલતાં વર્ણીએ ગાઢ જંગલમાં પ્રવેશ કર્યો. અહીં માનવીનો પદસંચાર નહોતો. થોડો સમય આ જ જંગલમાં રહેવાનું નક્કી કર્યું.

<u>ઉત્તર કાશીમાં</u>

નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલતાં ચાલતાં પોખરા શહેર પહોંચ્યા. આ ઉત્તર કાશી પણ કહેવાય છે. પાસે સેતીગંગા વહે છે. વર્ણીએ તેમાં સ્નાન કર્યું. નિત્યકર્મથી પરવારી સેતીગંગાના કિનારે એક શિવાલયમાં ઉતર્યા. શહેરમાં સંસ્કૃતવિદ્યાની પાઠશાળાઓ જોઈ, વેદપાઠી વિદ્યાર્થીઓને જોઈ તેમને ખૂબ આનંદ થયો. વર્ણી માર્ગમાં મળતા વિદ્યાર્થીઓ સાથે વાત કરતા. વર્ણી શહેરમાં ફરી પાછા શિવાલયમાં આવી ગયા.

અહીં એક મુમુક્ષુ પંડિત વર્ણીનું આવું અદ્ભૂત સ્વરૂપ જોઈ ખેંચાઈ આવ્યો. તેને તેમનામાં શિવજીનો ભાસ થયો. નીલકંઠ વર્ણીએ તેને અભયદાન આપ્યું. એ પંડિતને દાન મળતું, ભિક્ષા મળતી, રાજાની કૃપા પણ મળતી, બધું જ મળતું પણ અભયદાન તેને મળ્યું નહોતું. તેને તેની ઈચ્છા હતી. આ દાન આપવાનું ગજું માનવીનું નહોતું. ફક્ત ભગવાન ને ભગવાનના પરમ ભાગવત સંત પાસેથી જ તે અભય મળે છે. પંડિત કૃત્યકૃત્ય થઈ ગયા.

બીજા દિવસે નીલકંઠ વર્ણી ત્યાંથી નીકળી ગયા. જે મહાન કાર્ય માટે પોતાનો પ્રાદુર્ભાવ થયો છે તે કાર્ય તેમણે કાળને ક્ષોભ પમાડી અલ્પ સમયમાં કરવાનું હતું તેથી તેમને ઉતાવળ હતી. છતાં જ્યાં મુમુક્ષુઓ મળતા ત્યાં રોકાતા, જ્યાં અસુરોનો ઉપદ્રવ હતો ત્યાંથી તેનો નાશ કરીને પછી જ પોતે આગળ ચાલતા. પોખારામાં તેમનું કામ પુરું થયું એટલે ત્યાંથી પૂર્વ દિશામાં ચાલ્યા.

આગળ ચાલતાં નારાયણગંગા અને ભૂરીગંગાને પાવન કરી ત્રિશૂલી ગંગાએ પધાર્યા. નેપાળમાં શિવપુરી પર્વતના શિખર ઉપર એક સરોવર છે અને એની ઉત્તરે એક ઉંચો પર્વત છે. તે પર્વતના ત્રણ શિખરમાંથી જુદા જુદા ત્રણ પ્રવાહ નીકળે છે તેને ત્રિશૂલધારા કહે છે. વર્ણીએ એ ગંગામાં સ્નાન ક્ર્યું પછી ત્યાંથી આગળ ચાલ્યા.

રસ્તામાં તેમને બાવાની જમાત મળી. તે જમાતમાં વર્ણી પણ દાખલ થઈ ગયા. અહીં પણ તેમની પ્રતિભા અછતી ન રહી.

<u>પ્રસંગ : ૪૧</u>

<u>કાઠમંડુના રાજાની બિમારી મટાડી સાધુઓને મુક્ત કર્યા</u>

નીલકંઠ વર્ણી બાવાઓની જમાત સાથે નેપાળની રાજધાની કાઠમંડુમાં આવ્યા. કાઠમંડુમાં નીલકંઠ વર્ણીનું લક્ષ્ય પશુપતિનાથનું મંદિર હતું. તેમની સાથેની જમાત ધર્મશાળામાં ઉતરી, જ્યારે નીલકંઠ વર્ણી પશુપતિનાથના દર્શન કરવા સીધા પધાર્યા.

તે સમયે સને ૧૭૯૬ની આસપાસ નેપાળમાં પૃથ્વીનારાયણ શાહનો પૌત્ર રણબહાદુર ગાદી ઉપર હતો. તેને અસાધ્ય દર્દ થયું હતું. પોતાના રાજ્યમાં આવેલા મંદિરોના પૂજારીઓ, બ્રાહ્મણો તેમજ રાજ્યમાં અન્ય જે સાધુસંતો આવતા તેમને તે પોતાના દર્દના નિવારણ માટે બોલાવતો. પરંતુ જ્યારે તેઓ તેમની મંત્રોપાસનાથી કે યેન કેન પ્રકારેણ તેનું દર્દ મટાડી શકતા નહિ ત્યારે તેમને કેદ કરી દેતો.

ભેખમાં ભગવાન છે એમ જાણી રાજ્યમાં સદાવ્રત લેવા માટે આવતા સાધુ બાવાઓની સારી રીતે સરભરા કરતો, મહેલમાં બોલાવતો, પોતાના દર્દની વાતો કરતો અને તે ન મટાડી શકતા ત્યારે તેમને આ પ્રકારે સજા કરતો. તેના આવા ત્રાસને લીધે તેની રાજધાનીમાં કોઈ સાધુસંતો પ્રવેશતા નહિ.

જમાતના મુખ્ય બાવાઓએ જ્યારે આ જાણ્યું ત્યારે તેમણે નીલકંઠ વર્ણીને કહ્યું, આપણે આ ગામમાં જવું નથી. આ સાંભળી નીલકંઠ વર્ણી હસ્યા ને કહે, સાધુને કદી ભય હોય જ નહિ. ભોગીને ભય હોય, રોગીને ભય હોય પણ જે નિરોગી છે, જેના અંતરમાં કામ, ક્રોધ વગેરે શત્રૂઓ નથી તેને ભય શો હોય ? આપણે તો રાજા પાસે જવું જ છે.

બાવાઓ મૂંઝાયા. પરંતુ વર્ણીની શક્તિમાં તેમને વિશ્વાસ હતો. તેમના આધારે સૌ ગામમાં પ્રવેશ્યા. ગામમાં બાવાઓનું ઝુંડ આવ્યું છે તેની ખબર રાજાને પડી એટલે તરત જ રાજાએ તમામ વ્યવસ્થા કરવાનો હુકમ આપ્યો. પછી તેમના મુખ્ય મહંતને બોલાવવા માટે માણસ મોકલ્યો. મુખ્ય મહંત વર્ણીને લઈને રાજાના દરબારમાં ગયા. રાજાએ તેમનું યથોચિત્ સન્માન કર્યું.

તે પછી રાજાએ નીલકંઠ વર્ણી સમક્ષ પોતાની વીતક કહેતાં કહ્યું, મારો રોગ અસાધ્ય છે. પરંતુ ભેખમાં ભગવાન હોય છે તેમ જાણી હું અહીં જે સાધુ આવે છે તેમનું યથાયોગ્ય સન્માન કરી મારા અસાધ્ય રોગનો ઉપાય પૂછું છું. પરંતુ હજું સુધી કોઈ મારો રોગ મટાડી શક્યું નથી. આટલું બોલતા રાજાને શ્વાસ

ચઢી ગયો. થોડીવાર અટકીને તેણે કહ્યું, એટલે એમને સૌને દંભી સાધુ જાણી હું કેદખાનામાં પૂરી દઉં છું. રાજાના મોં પર અશક્તિની પીળાશ હતી. પરંતુ આ શબ્દો બોલતા તેના મોં ઉપર ક્રોધની લાલિમા તરવરી ઉઠી.

નીલકંઠ વર્ણીને તેની દયા આવી. તેના અસાધ્ય મંદવાડ માટે નહિ પરંતુ તેની અસાધ્ય પ્રકૃતિ માટે. તેમણે ધીરેથી કહ્યું, રાજન્ પૂર્વકર્મના સંબંધે જ તમારું પ્રારબ્ધ બંધાયું છે. તે કોઈ મંત્રજંત્ર જાણનાર કે કોઈ કિમિયાગર મટાડી શકે તેમ નથી. ઈશ્વરના કરેલા નિયમોનું ઉલ્લંઘન કોઈથી થઈ શકતું નથી. માટે જે કાંઈ દુઃખ આવે તે પ્રારબ્ધ કર્મનું સમજીને પરમાત્માની પ્રાર્થના કરતાં કરતાં ધીરજથી સહન કરવું. પરંતુ આવી મનસ્વીની રીતથી તમારું દુઃખ તો મટવાનું નથી. ઉલ્ટું કર્મના નવા બંધનો તમે બાંધો છો.

વર્ણીની સૌમ્ય વાણી સાંભળી રાજાનું અંતઃકરણ કાંઈક નરમ થયું. તેણે તરત જ હાથ જોડી કહ્યું, બ્રહ્મચારી આપ મારા દર્દનો કાંઈક ઉપાય કરો. પ્રભુપ્રાર્થના હું ભૂલ્યો છું. કર્મના પોટલા બાંધ્યા છે, છતાં આપના પુનિત પગલાંથી મને અંતરમાં વિશ્વાસ છે કે આપ મારા દુઃખનું નિવારણ કરશો. વર્ણીને રાજાનું કલ્યાણ કરવું હતું. નિરપરાધી સાધુઓને મુક્ત કરવા હતા. રાજાના શુભકર્મનો યોગ પણ આવી ગયો હતો. એટલે વર્ણી અહીં સહજ જ આવી પહોંચ્યા હતા. તેમણે થોડું જળ મંગાવ્યું . હાથમાં જળની અંજલિ લઈ રાજાને કહ્યું, આ કાંઈ મંતરેલું નથી પરંતુ ભગવાનની પ્રસાદી છે તે પી જાઓ. ભગવાન તમારું દર્દ મટાડી દેશે.

રાજા તે પ્રસાદીજળ શ્રદ્ધાપૂર્વક પી ગયા. વર્ણીએ સંકલ્પ કર્યો હતો કે રાજાનું અસાધ્ય દર્દ મટાડવું. તેથી તેમના પ્રસાદીભૂત જળની ધારી અસર થઈ. રાજા કંઈક સ્વસ્થ દેખાયા. પેટનું શૂળ મંદ પડયું. તેણે કહ્યું, આપ તો મને નવજીવન આપવા પધાર્યા છો. આપે જે ઉપકાર કર્યો છે તેનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. છતાં આપની કાંઈક સેવા કરવાની મને ઈચ્છા રહે છે. આપ કંઈક માંગો..

વર્ણીને રાજાની ક્ષુલ્લકતા પર હસવું આવ્યું. આ લોકની કોઈ વસ્તુ તમે મને આપશો તો તે અમને ઉપયોગની નથી. છતાં તમારે સેવા કરવી હોય તો બંદીખાને પૂરેલા સાધુઓને મુક્ત કરી દો. વર્ણીની નિઃસ્પૃહતા અને આ લોક પ્રત્યેની અનાસક્તિથી રાજાને લાગ્યું કે ભેખમાં ભગવાન હોય છે ખરા, પણ તેને જોવા દૃષ્ટિ જોઈએ. તેણે તરત જ બધા સાધુઓને મુક્ત કરી દીધા. વર્ણીએ તેને આશીર્વાદ આપ્યા.

પછી બાવાના મહંત સાથે તેઓ ધર્મશાળામાં જયાં ઉતારો હતો ત્યાં પધાર્યા. વર્ણી અહીં એક માસ રહ્યા. રાજાના સદાવ્રતમાંથી રોજ ભિક્ષા લેતા. પછી ગુપ્ત રીતે તેઓ ત્યાંથી નીકળી ગયા.

તેમને માણસાઈ શોધવી હતી. મુમુક્ષુતા તેમને ખપતી હતી. વાસુદેવ તો જે યોગીના હૃદયમાં કામાદિક દોષોના અંકુરો નથી ત્યાં જ વસે છે. તેમને એવા યોગીઓ નિર્માણ કરવા હતા. તેને માટે વાતાવરણ તૈયાર કરવું હતું. તેવી અનુકૂળતાના આવાસમાં તેમને વાસ કરવો હતો.

વર્ણી નેપાળથી તિબ્બત તરફ ગયા. અહીં બૌદ્ધી લામાઓના વિહારો જોઈ ચીન તરફ એક દૃષ્ટિ નાખી વર્ણી પાછા નેપાળમાં ઉતરી ગયા. નીલકંઠ વર્ણી ત્યાંથી પૂર્વમાં ચાલ્યા. દસ દિવસની મજલ પછી અતિ કઠણ અને વિકટ માર્ગે પર્વતની ટોચ પર આદિવારાહ તીર્થમાં પધાર્યા.

પ્રસંગ : ૪૨

વર્ણીએ પોતાની વાણીને શાપ આપ્યો

આદિવારાહ તરફ જતા વર્ણી પ્રભુએ બાંસી શહેરમાં રાજાના ચાકરોએ કરેલી પક્ષીહિંસાથી દ્રવી જઈ, બળ્યું આ શહેર..એવો સંકલ્પ કર્યો. તેથી શહેર બળવા લાગ્યું હતું. એટલે વર્ણીએ પોતાની વાણીને શાપ આપ્યો હતો.

આદિવારાહ તરફ

આદિવારાહ તીર્થમાં કિશોર અવસ્થામાં વર્ણીવેશ ધારણ કરી અહીં સુધી આવનાર આ તપસ્વીના દર્શન કરીને પુરજનોને આનંદ થયો. સૌને આ વર્ણી કંઈક જુદા જ લાગ્યા. કેટલાકનું મુખ સુંદર હોય તો જોઈને આનંદ થાય, કેટલાકનું શરીર સુડોળ હોય તેથી તે જોવું ગમે, જયારે આ વર્ણીની તો તમામ ઈન્દ્રિયો આકર્ષક હતી. અંતરના ઉંડાણમાં આ મૂર્તિના દર્શનનો દિવ્ય આનંદ પહોંચી જતો હતો.

વાત વાયરે પહોંચી અને પુરજનો આ વર્ણીના દર્શન માટે ઉમટયાં. તેમની મુમુક્ષુતા જોઈ નીલકંઠ વર્ણીએ તેમને મનુષ્યના ધર્મ સમજાવ્યા. વર્ણી ત્યાં ત્રણ દિવસ રોકાયા અને કોઈને ખ્યાલ આવે તે પહેલા તો ત્યાંથી નીકળી ગયા ને પૂર્વ બંગાળમાં ઉતરી ગયા.

પૂર્વ બંગાળમાં સંન્યાસીઓ ત્રાસ

સિરપુરના રાજા સિદ્ધવલ્લભ બહુ જ ભાવિક હતા. તેમને ત્યાં સંન્યાસીના અડ્ડા હંમેશા રહેતા. સૌની તે ભારપૂર્વક સેવા કરતા. રાણી પણ તેની ધર્મભાવનામાં સદા સદ્ભાગી રહેતી. તે સમયમાં બંગાળમાં સંન્યાસીઓના ઝુંડ હજાર-બે હજારના ટોળામાં ફરતા. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ અને પૂરના તાંડવથી પૂર્વ બંગાળનો ઘણોખરો ભાગ આર્થિક દુર્દશામાં હતો. આ પરિસ્થિતિને લઈ હથિયારબંધ સંન્યાસીઓના ટોળા જયાં જતા ત્યાં લૂંટ ચલાવતા, ત્રાસ વર્તાવતા અને જમીનદારો તથા નાની ઠકારાતોને તોબા પોકારાવતા. ગામડાના ગામડા તારાજ કરી નાખતા. લોકોને તેમને અસહ્ય ત્રાસ લાગતો. (મૈમનસિંહ, જાફરશાહી, શેરપુર અને અલ્યાસિંગ આ ચાર સંન્યાસીઓનો બંગાળ પ્રદેશમાં ત્રાસ હતો.)

સિદ્ધવલ્લભ રાજાના શહેરમાં પણ આવા બાવાઓની જમાત પડી હતી. કેટલાક નાગા, કેટલાક વ્યસની, કેટલાક ફેલી, કેટલાક મંત્ર અને તંત્રવિદ્યા જાણનારા એમ અનેક ક્ષુદ્ર દેવ-દેવીઓના ઉપાસક આ બાવાઓની જોહુકમીનું રાજય તે સમયના બંગાળમાં પ્રવર્તતું હતું. તિબ્બત, કાબુલ અને ચીનથી આ નાગા બાવાની વણજાર ઉતરી આવતી. તેમને ઘર, કુંટુંબ કે ગામ નહોતા. એક જગ્યાએથી બીજી જગ્યાએ વાવાઝોડાની જેમ ફરતા, ત્રાસ ફેલાવતા. કેટલાકના છોકરાં ચોરી જતા અને તેને બાવા બનાવી પોતાની જમાત વધારતા. છતાં બાવા હોવાથી ભોળા, વહેમી અને બીકણ લોકો તેમને પૂજતા.

સિરપુરમાં સિદ્ધવલ્લભ રાજા પાસે

સિદ્ધવલ્લભ આ જમાતને સંન્યાસી જાણી આવકારતા, તેમની આગતા સ્વાગતા કરતા, સ્વાદુ ભોજન જમાડતા અને રોજ તેમના દર્શને પણ જતા. બાવાઓને આ ફાવી ગયું હતું. તેથી સિરપુરમાં તેમના અડ્ડા ઝાઝો સમય રહેતા.

નીલકંઠ વર્ણી ત્યાં પહોંચ્યા ત્યારે વર્ણીને જોઈને રાજાનું ચિત્ત તેમાં ખેંચાયું. તેને આ સાધુ કંઈક જુદા લાગ્યા. આટલા દિવસો સુધી તેણે આ બાવાઓની સેવા કરી હતી પરંતુ તેના અંતરમાં શાંતિ થતી નહોતી. નીલકંઠ વર્ણીના દર્શનથી જ તેની સર્વે વૃત્તિઓ શાંત થઈ ગઈ. તેને આ અનુભવ અદ્ભૂત લાગ્યો. નીલકંઠ વર્ણીની કૃશ કાયામાં તેને તપ દેખાયું. ખાઈપીને મસ્ત થયેલા બાવા વચ્ચે આવી ગયેલા આ સાધુમાં તેને સાધુતાના દર્શન થયા. તેણે વર્ણીનું

સન્માન કર્યું. પરંતુ સન્માનના નીલકંઠ વર્ણી ભૂખ્યા નહોતા. તે તો રાજાનો ભાવ, તેના પૂર્વસંસ્કાર જોઈ તેનું કલ્યાણ કરવા પધાર્યા હતા.

રાજાને ખબર પડી કે નીલકંઠ વર્ણી તો કોઈ જગ્યાએ ઝાઝું રહેતા નથી. તેથી તેમણે વર્ણીને પ્રાર્થનાક રી કે આપ અહીં રહો એવી મારી પ્રાર્થના છે. નીલકંઠ વર્ણીએ તેમની પ્રાર્થના સ્વીકારી. તેમને રાજાનું કલ્યાણ કરવું હતું ને સાથે ત્યાં જમા થયેલ મંત્રતંત્રની મેલીવિદ્યામાં પ્રવૃત્ત બનેલા બાવાઓના ઉપદ્રવનો નાશ કરવો હતો.

રાજાએ નીલકંઠ વર્ણીને એકલા જાણી તેમની સેવામાં પોતાની સાથે રહેતા નૈષ્ઠિક વ્રતધારી સાધુ ગોપાળદાસને રાખ્યા. નીલકંઠ વર્ણીની આ રૂચિ હતી. નૈષ્ઠિક વ્રતધારીની સેવા જ તેઓ સ્વીકારતા. ગોપાળદાસ શ્રદ્ધા અને ભક્તિથી નીલકંઠ વર્ણીની સેવામાં જોડાઈ ગયા.

બાવાઓ પોતાને સિદ્ધ કહેવરાવતા હતા. મંત્રોના અભિચારથી કેટલીક વખત ધાર્યું કામ કરતા એટલે ભોળા લોકો તેમને સિદ્ધ માનીને પૂજતા. તેમનો અપરાધ ન થઈ જાય તેવી બીક મનમાં સદા રાખતા. આવી ક્ષુદ્ર સિદ્ધિના અભિમાનમાં રાચતા આ સિદ્ધોના સ્વરૂપ ખુલ્લાં ન પડે ત્યાં સુધી લોકોને તેમની સાચી સ્થિતિનો ખ્યાલ ન આવે.

નીલકંઠ વર્ણીના ઉપદેશમાં હંમેશા ધર્મ,જ્ઞાન,વૈરાગ્ય અને ભક્તિના વિવિધ અંગોનું જ વિવરણ થતું..અને તેમના શબ્દોની ધારી અસર થતી. છતાં કામના પોષવા માટે લોકો આ બાવાઓનો પીછો છોડતા નહિ. તીવ્ર વિષયાસક્તિમાંથી લોકોને મુક્ત કરવા તે કાંઈ સહેલું નહોતું. પણ નીલકંઠ વર્ણીની સંકલ્પ શક્તિમાં અપૂર્વ બળ હતું.

પ્રસંગ : ૪૩

નીલકંઠ વર્ણીની ઈચ્છાથી બાવાઓની સિદ્ધાઈ છતી થઈ

ચોમાસાની ઋતુ નહોતી છતાં ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. રાજાને તેમની પાસે આવતો જોઈ બાવાઓ પોતાની સિદ્ધિ બતાવતા ખુલ્લામાં ધ્યાનસ્થ દશામાં બેસીને વરસાદની ધારા સહન કરતા હતા. તેમની આવી કઠિન તપશ્ચર્યા જોઈ રાજાને તેમના પ્રત્યે માન થયું.

એક વખત નીલકંઠ વર્ણીની ઈચ્છાથી વાવાઝોડા સાથે મુશળધાર વરસાદ પડવા માંડયો. આંધી અને વરસાદની ધારાથી બચવા બધા બાવાઓ કોઈ ઘરનો કે ઝાડનો સહારો શોધવા આમતેમ દોડવા લાગ્યા. પરંતુ નીલકંઠ વર્ણી તે સમયે અંતર્વૃત્તિ કરીને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હતા. વરસાદથી ભીંજાયેલા નીલકંઠ વર્ણીના શરીર પર વાવાઝોડાથી ઊડેલી ધૂળ ચોંટી ગઈ હતી. દૂરથી બાવાઓ આ તાલ જોઈને મનમાં ને મનમાં હરખાતા હતા.

વરસાદ બંધ થયો, વાવાઝોડું પણ શાંત પડી ગયું. સૌ બાવાઓ બહાર આવ્યા. આ પરિસ્થિતિમાં બાવાનું તથા શ્રી નીલકંઠ વર્ણીનું શું થયું હશે તે જોવા માટે સિદ્ધવલ્લભ રાજા જ્યારે અહીં આવ્યા ત્યારે તેમણે બાવાઓને ઝાડ કે ઘરની ઓથ નીચેથી બહાર આવતા જોયા. પરંતુ નીલકંઠ વર્ણીને ત્યાં જોયા નહિ એટલે મનમાં ખૂબ ઉદાસ થઈ ગયા. સેવક ગોપાળદાસ પણ પાસે નહોતા. ગ્રામજનો પણ ધીરેધીરે ત્યાં આવવા લાગ્યા. એટલામાં નીલકંઠ વર્ણીની ઈચ્છાથી ફરી જોરદાર વરસાદ પડયો. રાજા તથા તેના અનુચરો એ ધારાથી બચવા બાજુમાં તેમના બંગલામાં દોડી ગયા. બાવાઓ પણ દોડયા. થોડીવારે વરસાદ બંધ થયો. આ વરસાદથી નીલકંઠ વર્ણીના શરીર ઉપર કાદવ ચડી ગયો હતો તે ધોવાઈ ગયો અને નીલકંઠ વર્ણીના દર્શન સૌને થયા. સૌને આનંદ થયો.

સિદ્ધવલ્લભ રાજાને વર્ણીની દેહાતીત સ્થિતિ જોઈ ખૂબ ભાવ થયો. તેઓ નીલકંઠ વર્ણી પાસે આવી તેમને જગાડવા લાગ્યા. પરંતુ વર્ણી તો હજી અંતર્વૃત્તિ કરી પોતાના સ્વરૂપમાં જ સ્થિર હતા. તેથી તેઓ યંત્રવત્ ઉઠયા. તેમને સ્નાન કરાવ્યું, પછી પલંગ ઉપર ગાદલું નાખીને સુવાર્યા. રાજા પોતે જ તેમની પરિચર્યામાં મંડી પડયા. નીલકંઠ વર્ણીને સગડીથી તાપ આપવા માંડયા. બીજા બાવાઓને બળતરા થવા માંડી. નીલકંઠ વર્ણીનો નાશ થઈ ગયો હશે તેવી તેમની ધારણા હતી ઉલટું તેમની સમાધિસ્થ સિદ્ધ સ્થિતિની આ પ્રસંગથી રાજા તથા તેમની સાથે આવેલા સર્વેને પ્રતીતિ થઈ.

થોડીવારે નીલકંઠ વર્ણી જાગ્રત થયા તેમણે રાજા તથા અનુચરોને ઉભેલા જોઈ આશ્ચર્યવત્ પૂછયું, આ બધું શું થઈ રહ્યું છે ? એટલું કહીને તેમણે કહ્યું, તમો બધા જ અહીં એકઠા થયા છો પણ પેલા સિદ્ધોની ખબર કાઢી ? એમ કહીને તેમણે કહ્યું, મેં તો હિમગિરિમાં રહીને તપ કર્યું છે. પુલહાશ્રમમાં મેઘની ધારા સહન કરી છે એટલે મને તો દેહાધ્યાસ છે જ નહિ. પરંતુ પેલા સિદ્ધોની તપાસ કરો. તેમને કોઈ સારવારની જરૂર હોય તો તેમની પાસે જાઓ.

ત્યારે રાજાના અનુચરોએ કહ્યું, તે બધાએ તો બધા ઝાડનો કે ઘરનો આશ્રય લઈ તેમની સિદ્ધાઈની સિદ્ધિ છતી કરી દીધી છે. નીલકંઠ વર્ણી આ સાંભળી હસ્યા. અને બાવાઓની પોકળ વાતોનું પોત પ્રકાશ્યું. ભોળા અને મુમુક્ષુ રાજાને દેહાતીત સ્થિતિનો ખ્યાલ આવ્યો. રાજાને નીલકંઠ વર્ણી મહાન લાગ્યા. તેમના પ્રત્યે અંતરમાં વધુ ને વધુ અનુરાગ થવા લાગ્યો. અને તેના આ ભાવથી તેના અંતરમાંથી રજોગુણના ભાવથી પ્રવર્તતી મલિનતા દૂર થઈ. શુદ્ધ અંતઃકરણે તેનાં જ્ઞાનચક્ષુ ખોલ્યાં અને નીલકંઠ વર્ણીમાં તેને નારાયણ દેખાયા. નીલકંઠ વર્ણી પ્રત્યેનો રાજાનો અનુરાગ ધીરે ધીરે ભક્તિમાં પરિણમવા લાગ્યો.

પ્રસંગ : ૪૪

બાવાઓને નીલકંઠ વર્ણી તરફ ઈર્ષા

આટલો નાનકડો બાળ હજુ તો જેને મૂછનો દોરો પણ ફૂટયો ન હતો, તે રાજાનું પ્રીતિપાત્ર બને, રાજા તેની ભક્તિ કરે, આ બધું વેરાગીઓને ખૂંચ્યું. ઈર્ષાનો અગ્નિ તેમને બાળવા લાગ્યો. તેમને મારી નાખવા મલિન મંત્રોની સાધનાથી નીલકંઠ વર્ણી ઉપર તેમણે એવો અભિચાર પ્રયોગ કર્યો. મંત્રેલા અડદના દાણા તેમના ઉપર તેમણે નાખ્યા. પરંતુ નીલકંઠ વર્ણી ઉપર તો તેની કોઈ જ અસર ન થઈ. એટલે બાવાઓ વધારે બળવા લાગ્યા.

છેવટે તેમની સેવામાં રહેતા ગોપાળદાસ ઉપર તેમણે આ પ્રયોગ કર્યો. ગોપાળદાસ તરત જ મૂર્છિત થઈ ભૂમિ પર ઢળી પડયો. રાજાને આ વાતની ખબર પડી એ તરત જ તેમના સેવકો લઈને ત્યાં આવ્યા. તેમને ગોપાળદાસની સ્થિતિ જોઈ બીક લાગી. ત્યાં ફરતા વૈરાગી બાવાઓને બોલાવી તેમણે કહ્યું, આ બિચારાને સાજો કરો. તેને ઉઠાડો.તમે જ પ્રયોગ કર્યો છે તે તમે જ વાળી શકાશો.

પરંતુ તેમને તો પરિણામની રાહ જોવી હતી. નીલકંઠ વર્ણીની પરવશતા નિહાળવી હતી. તેમણે રાજાને કહ્યું, તમે જેની ભક્તિ કરો છો તે વર્ણીને કહો. ગોપાળદાસ તો તેમના સેવક છે. નાના થઈને પૂજાવાના કોડ જાગ્યા છે તે હવે શક્તિ હોય તો તેને બેઠો કરે. રાજા તરત સમજી ગયા કે ગોપાળદાસ પર આ અભિચાર પ્રયોગ આ વૈરાગીઓએ જ કર્યો છે. તેમને વર્ણીની ઈર્ષા છે. પરંતુ આ પ્રસંગ જીભાજોડી કરવાનો નહોતો. ગોપાળદાસના જીવનનો પ્રશ્ન હતો. તેઓ તરત જ ધ્યાનસ્થ વર્ણીની પાસે આવ્યા ને હાથ જોડીને કહ્યું, પ્રભુ ગોપાળદાસ આ બાવાઓના અભિચાર પ્રયોગનો ભોગ બનીને મૂર્છાવશ પડયો છે તેને આપ જ જીવાડી શકશો.

વર્ણી જાગ્યા અને તરત જ ગોપાળદાસ પાસે આવ્યા. તેમને પણ ગોપાળદાસની સ્થિતિ ગંભીર લાગી. વેરાગીઓ ખરેખર બે-રાગી હતા. સંસારનો તેમણે બાહ્યદષ્ટિએ ત્યાગ કર્યો હતો પરંતુ સંસારના વિષયોની લોલુપતાથી તેમના અંતર ભગવા રંગે રંગાયાં નહોતા. તે સમયમાં બંગાળમાં માંત્રિકો અને તાંત્રિકોનું જોર હતું. એટલું જ નહિ સારા ભારતમાં આવી જમાતનો ત્રાસ હતો. તેમના કલુષિત આચારથી તેઓ પોતે જ સમગ્ર ત્યાગી વર્ગ પ્રત્યે તિરસ્કારની લાગણી ઉત્પન્ન કરાવવામાં અને સમાજમાં નાસ્તિકતા પ્રવર્તાવવામાં જવાબદાર બન્યા હતા.

નીલકંઠ વર્ણીએ ગોપાળદાસના કાનમાં કૃષ્ણમંત્ર કહ્યો અને થોડીવારમાં ગોપાળદાસ અભિચારની વ્યથાથી મુક્ત થઈ ગયો. તેણે આંખો ઉઘાડી ને વર્ણીને હાથ જોડયા. નીલકંઠ વર્ણીએ તેને ધીરે રહીને ઉઠાડયો અને તેના આખા શરીરે હાથ ફેરવ્યો. નીલકંઠ વર્ણીના સ્પર્શ માત્રથી ગોપાળદાસની સમગ્ર વ્યથા ટળી ગઈ. દૂરથી આ બધું જોતા બાવાઓ પોતાના પ્રયોગની નિષ્ફળતાથી દિગ્મૂઢ બની ગયા.

તેમાંના કેટલાક નીલકંઠ વર્ણી પાસે આવ્યા. તેઓ કદાચ નીલકંઠ વર્ણીની શરણાગતિ સ્વીકારે તે બીકે બીજા બાવાઓએ તેમના ઉપર અભિચાર પ્રયોગ કર્યો. તેમની આવી વૈરવૃત્તિ જોઈને આ બાવાઓએ તેમના ઉપર સામો પ્રયોગ કર્યો. આમ એક જ જમાતની બે ટોળીના સભ્યો સામસામા અભિચાર પ્રયોગની અસરથી ધરણી ઉપર ઢળી પડયા. મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યા. કેટલાકને લોહીની ઉલટીઓ પણ થવા લાગી. વર્ણી જાણતા હતા કે જીવ અવળા આચરણનો જ હોય છે. તેમાંય આતો ભેખ..ખીજે તો ખાલ ઉતારી નાંખે. તેમને આ ભેખને સવળે માર્ગે ચડાવવા હતા.

મલિન દેવ દેવીઓના મંત્રનું બળ પરમાત્માના મંત્ર આગળ કોઈ કામનું નથી તે સમજાવવા વર્ણી મૂર્છિત થયેલા બાવાઓ પાસે આવ્યા. નીચા નમીને તેમના કાનમાં કૃષ્ણમંત્રનો જાપ કર્યો તેની તરત જ અસર થઈ. મૂર્છિત થયેલા બાવાઓ એક પછી એક ઉઠવા લાગ્યા. અપાર શક્તિ આગળ તેમની મંત્રશક્તિની હાર થઈ તેથી નીલકંઠ વર્ણીનું પ્રભુત્વ તેમને સમજાયું. તે સૌ વર્ણીના પગમાં પડી ગયા.

નીલકંઠ વર્ણીએ તેમને કહ્યું, પ્રભુભક્તિ કરી તમારું કલ્યાણ કરવા તમે સંસારનો ત્યાગ કર્યો પરંતુ ધ્યેય પડતું મૂકીને આવી મલિનવિદ્યાનો આશરો લઈ લોકોને ત્રાસ આપો છો એમાં તો ઉલટું તમારું પતન થાય છે. આ ખોટો રસ્તો છોડી કૃષ્ણની ભક્તિ કરો. તમારું સદ્દ્વર્તન લોકોને ધાર્મિક બનાવશે. તમારામાં અધર્મ જોશે તો લોકો નાસ્તિક થશે. નીલકંઠ વર્ણીના આ શબ્દો તેમના અંતર સોંસરા ઉતરી ગયા. પોતાના અધઃપતનનો ખ્યાલ આવી ગયો. નીલકંઠ વર્ણીના પ્રસંગથી બંગાળના બાવાની એક જમાત તો આ રીતે સન્માર્ગે વળી.

<u>સિદ્ધવલ્લભ રાજાને વર્ણીના સમાગમની ભૂખ જાગી</u>

સિદ્ધવલ્લભ રાજા નીલકંઠ વર્ણીના અદ્‌ભૂત વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ ગયા હતા. તે સ્વયં ભગવાન હતા કે ભગવાનની વિભૂતિ હતા તે વિચારની ગૂંચમાં તે અટવાઈ ગયા. તેણે નીલકંઠ વર્ણી પાસે પુષ્કળ ધન, સુંદર વસ્ત્રો, અલંકારોનો ગંજ ખડકયો. નીલકંઠ વર્ણી તે જોઈ હસ્યા ને કહ્યું, <u>ત્યાગીને કોઈ દિવસ આ પ્રકારની ભેટો ન આપવી. ત્યાગમાં તે દૂષણરૂપ છે. છતાં ભેટો આપવાની ઈચ્છા હોય તો પોતાનું મન સોંપી દેવું. સાચા ત્યાગી હશે તો જગતથી વાસિત થયેલા મનમાંથી જગત કાઢી તેમાં ભગવાન પ્રગટ કરી દેશે. ત્યાગીનો એ ધર્મ છે, એ કર્તવ્ય છે.</u>

સિદ્ધવલ્લભ રાજાને આવું કહેનારા કોઈ મળ્યા ન હતા. તેણે બંગાળમાં ત્રાસ વર્તાવતા સાધુને જોયા હતા. તેમને નીલકંઠ વર્ણીમાં સાચી સાધુતા દેખાઈ, પ્રભુતા દેખાઈ. તેમને લાગ્યું કે જો વર્ણી પોતાના દેશમાં રહે તો ધર્મ અને સમાજ બંનેને દૂષણરૂપ બનેલી આવી જમાતો નાબૂદ થઈ જાય. લોકોમાં અજ્ઞાન હતું, અંધશ્રદ્ધા હતી, ધર્મઘેલછા હતી, ભીરૂતા હતી તેથી જ તો આવી જમાતો પોષાતી. વર્ણી આ બધા દૂષણોનો એક સામટો નાશ કરી શકે તેવી તેમની પ્રતિભા હતી.

નીલકંઠ વર્ણીના પ્રસંગથી રાજાના જ્ઞાનચક્ષુ ખૂલી ગયા તેથી તેને સમાગમની ભૂખ જાગી. તે રોજ નીલકંઠ વર્ણી પાસે જવા લાગ્યા. નીલકંઠ વર્ણીને પણ તેનું જ કામ હતું. આ એક મુમુક્ષુ માટે તેમણે બંગાળમાં આ સિરપુર શોધી કાઢયું હતું. તે કાર્ય કરતાં કરતાં અજ્ઞાન અને અધર્મનો ધ્વંસ પણ કરતા ગયા. રાજાને પણ સમજાયું કે પ્રપત્તિ કેવળ શરણાગતિની ભાવનાથી જ સિદ્ધ થાય છે.નીલકંઠ વર્ણીએ તેમના ઉપર ચમત્કાર કર્યો.

<u>પ્રસંગ : ૪૫</u>

<u>કાળપુરુષનું દાન લેવાથી વિપ્રનો વાન શ્યામ થઈ ગયો</u>

આ અરસામાં તેલંગણ(હાલમાં આંધ્રપ્રદેશ)થી એક વિદ્વાન બ્રાહ્મણ યાત્રા કરતો કરતો સિરપુર આવી ચડયો. તેની સાથે તેનાં સ્ત્રી, પુત્ર પણ હતાં. તેની વિદ્વત્તાથી રાજા પ્રસન્ન થયા. તેને રાજાએ પુષ્કળ ધન, ધાન્ય, વસ્ત્ર દાનમાં આપ્યા છતાં પંડિતની લાલસા પૂરી ન થઈ. તૃપ્તિનો ભાવ તેના મોં ઉપર ન દેખાયો. એટલે રાજાએ તેને દાનમાં હાથી તથા કાળપુરુષ આપ્યો. (શાસ્ત્રોક્ત રીત પ્રમાણે કુંડ મંડપ બનાવી સુવવર્ણની મૂર્તિ બનાવી મંત્ર વડે તેમાં કાળપુરુષનું આહ્‌વાન થાય છે. તે કાળપુરુષ રોગાદિ આપત્તિ ટાળે છે. પરંતુ તેનું દાન જે ગ્રહણ કરે તે બ્રહ્મજ્ઞાનના તેજથી પ્રકાશવાન ન હોય તો તે કુદાન લેવાથી દાન લેનાર કાળો પડી જાય છે. અર્થાત્ તેની કાન્તિ હણાઈ જાય છે.)

હાથી તો રાજદરબારે શોભે છતાં તેણે આ ભેટ સ્વીકારી તેથી તેનું અંતઃકરણ મલિન થઈ ગયું. રજોગુણ અને તમોગુણના ભાવ તેના સમગ્ર શરીરમાં વ્યાપી ગયા. તેનું બ્રહ્મજ્ઞાન સ્ત્રવી ગયું. કાળપુરુષનું દાન લેવાનો તેનો અધિકાર નષ્ટ થઈ ગયો. કાળપુરુષનું દાન ગ્રહણ કરવાથી તેનું આખું શરીર શ્યામ પડી ગયું. તેના શરીરનું આવું રૂપાંતર થયેલું જોઈ તેની સ્ત્રીને આશ્ચર્ય થયું. રાજા તથા રાજદરબારીઓ પણ વિપ્રના શ્યામ પડી ગયેલા શરીરથી આશ્ચર્ય પામ્યા. ગુણના ભાવ વાણી અને આંખ દ્વારા જણાયા વિના રહેતા જ નથી. વિપ્રની આંખમાં મદ જણાયો, વાણીમાં કર્કશતા દેખાવા લાગી. સૌના ઉપાલંભનું તે કારણ બની ગયો.

રાજાએ તેને આદરપૂર્વક રાજદરબારમાંથી રજા આપી. હાથી ઉપર ચડીને પોતાની મોટાઈનું મિથ્યા પ્રદર્શન કરનાર આ વિપ્રને રાજમાર્ગના રસ્તા ઉપરથી આ રીતે જતો જોઈ સૌ હસવા લાગ્યા. તેની સ્ત્રી અને પુત્રો તો ચાલતાં જ હતા. એકાએક તેને તેના શ્યામ થયેલા વર્ણનો ખ્યાલ આવ્યો તેથી તે મૂંઝાયો. દૂરથી તેણે નીલકંઠ વર્ણીને જોયા. એકદમ તેણે હાથી ઝૂકાવ્યો અને નીચે ઉતરી નીલકંઠ વર્ણી પાસે દોડી ગયો.

નીલકંઠ વર્ણી સમગ્ર પરિસ્થિતિ સમજી ગયા. વિપ્રે વર્ણીના પગ પકડી લીધા. વર્ણીએ તેમને કહ્યું, તમે દાનના અધિકારી બ્રાહ્મણો છો તે ખરું, વિદ્યાના મૂલ રાજા ચૂકવે તે પણ ખરું પરંતુ તૃષ્ણાના અતિરેકે તમારી વૃત્તિઓ મલિન કરી દીધી છે. બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ વિના તમે કાળપુરુષનું દાન લીધું છે તેથી તમારા શરીરના તમામ રજકણો ફરી ગયા છે.

વિપ્ર રડવા લાગ્યો. તેણે કહ્યું મહારાજ આપ મારા પર કૃપા કરો. શરણાગતની સાર લેવી તે ભગવાન અને સંતનો ધર્મ છે. નીલકંઠ વર્ણીએ તેના તરફ

કરૂણાદષ્ટિથી જોયું. જાણે સંજીવની પ્રાપ્ત થઈ હોય તેમ તેનું અંતઃકરણ સ્વચ્છ થઈ ગયું. શરીર ઉપરની શ્યામતા ચાલી ગઈ અને વિપ્રે પોતાનો અસલ શ્વેતવાન પ્રાપ્ત કરી લીધો.

સિદ્ધવલ્લભ રાજાને અક્ષરધામનું દર્શન

સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠ વર્ણી પ્રત્યે અપાર હેત થઈ ગયું. નીલકંઠ વર્ણીના પ્રસંગથી તેમની વૃત્તિઓ અંર્તમુખ થઈ ગઈ હતી. યોગ સાધના વિના તે સમાધિના સુખનો અનુભવ કરવા લાગ્યો. નીલકંઠ વર્ણીએ આ બ્રાહ્મણનું દુઃખ ટાળ્યું ત્યારથી આ હેત ભક્તિમાં પરિણમ્યું. નીલકંઠ વર્ણીને તો ત્યાંથી નીકળી જવું હતું પરંતુ રાજાને હજુ પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવવું હતું. નીલકંઠ વર્ણીનો આ સંકલ્પ હતો તેથી સિદ્ધવલ્લભ તેમનું સાન્નિધ્ય કદી છોડી શકતા નહિ.

આવા સ્નેહભાવથી એક દિવસ નીલકંઠ વર્ણીના દર્શન કરતા રાજાની ઈન્દ્રિયો અંતઃકરણની વૃત્તિઓ પ્રતિલોમ થઈ ગઈ. અને તેને તરત નીલકંઠ વર્ણીના સ્વરૂપમાંથી દિવ્ય પ્રકાશ નીકળતો જોયો. તે પ્રકાશની મધ્યમાં પ્રકાશમય સિંહાસન ઉપર નીલકંઠ વર્ણીની કિશોર ઘનશ્યામની મૂર્તિના તેને દર્શન થયા. તેમની સમીપે અક્ષર અને અક્ષરમુક્તો બેઠા હતા. રાજાને તેજનું વ્યાપકપણું સમગ્રપણે દેખાયું. પૃથ્વી કે કોઈ બ્રહ્માંડો દેખાયા જ નહિ. ચિદાકાશ બ્રહ્માંડોની અડખે પડખે, ઉંચે નીચે અને માંહી છવાઈ રહ્યું હતું. અધોર્ધ્વ અને પ્રમાણરહિત સર્વથી પર દિવ્ય અક્ષરધામમાં સર્વ અવતારોની ઉત્પત્તિ અને લય પણ જે સ્વરૂપમાં થાય છે તે સર્વોપરી પુરુષોત્તમ નારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે તેણે જોયા.

રાજાના અત્યંત ભાવથી શ્રી નીલકંઠ મહાપ્રભુ ત્યાં રહ્યા. થોડા સમય પછી તેમણે ત્યાંથી નીકળવાની તૈયારી કરી. સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠ વર્ણી હવે વિદાય લેશે તેનું દુઃખ થયું. તેણે ઘણી પ્રાર્થના કરી પરંતુ નીલકંઠ વર્ણીએ કહ્યું, અહીંનું મારું કાર્ય પુરું થાય છે. હવે જવું જ જોઈએ. તમે આ મૂર્તિ હૃદયમાં રાખશો તો હું સદા તમારી સમીપ છું.

બધા સિદ્ધો પણ તેમની સાથે જવા તૈયાર થયા. શહેરના લોકો પણ નીલકંઠ વર્ણી માટે કાંઈ ને કાંઈ વસ્તુ ભેટ લાવજ્યા. રાજદરબારમાંથી પણ અનેક સામગ્રીઓ આવી. રાજા તથા પ્રજાના ભાવથી નીલકંઠ વર્ણીએ તેમાંથી થોડું અંગીકાર કર્યું. પછી ત્યાંથી વિદાય લીધી. દૂર સુધી સૌ વળાવવા ગયા. પછી નીલકંઠ વર્ણીએ સૌને આગ્રહ કરી પાછા વાળ્યા અને પોતે સિદ્ધોની સાથે આ.સં.૧૮૫૩નો અન્નકૂટોત્સવ અને કાર્તિક પૂનમ કરી ત્યાંથી ચાલ્યા.

સદા એકાકી ફરવાની રૂચિવાળા વર્ણીને સિદ્ધોનો સાથ સાંપડ્યો. તેઓ અસંગી હતા છતાં પોતાના સંબંધથી આ સિદ્ધોમાં સાચા સાધુજીવનના બીજ વવાય એ એક જ હેતુ તેમનો સાથ રાખવામાં હતો.

સઘન વનની ઝાડીમાં નરરાક્ષસો વસતા હતા. માણસનો ત્યાં પગરવ નહોતો. તેથી ક્વચિત્ ત્યાંથી પસાર થતા કોઈ મનુષ્યની ગંધ આવતા આ નરરાક્ષસો તેને છોડતા નહિ. અને લાંબા વધેલા હાથના નખથી તેમને ચીરીને ખાઈ જતા. સિદ્ધોને ક્વચિત્ તેઓ દેખાતા. આ બાવાઓને તો નીલકંઠ વર્ણીનો સાથ હતો તેથી નિર્ભય હતા. કેટલાક દિવસોની મજલ પછી નીલકંઠ વર્ણી પરશુરામ કુંડ પધાર્યા.

પરશુરામ કુંડમાં

હિમાલય તરફ પૂર્વ-ઉત્તર સીમાના પર્વતની તળેટીમાં પરશુરામ કુંડ છે. ત્યાં વર્ણીરાટ સિદ્ધોના મંડળ સાથે આવ્યા. તે કુંડમાં તેમણે તથા સિદ્ધોએ સ્નાન કર્યું. માતૃહત્યાના પાપથી દૂષિત થયેલા પરશુરામને પાપમુક્ત થવા માટે જમદગ્નિએ બ્રહ્મકુંડમાં સ્નાન કરવાની આજ્ઞા આપી. પિતાની આજ્ઞાથી પરશુરામે અહીં સ્નાન કર્યું એટલે સર્વ પાપથી તે મુક્ત થઈ ગયા. આ કુંડનો આવો મહિમા જાણી પરશુરામે આ બ્રહ્મકુંડનું પાણી વિશ્વના કલ્યાણ માટે વહેતું મૂકવા ત્યાં પોતાની પરશુ મારી અને ત્યાંથી ધારા વહેતી થઈ. આ ધારા બ્રહ્મપુત્રના નામે ઓળખાણી. ત્યાંથી પ્રવાહરૂપે વહેતી થઈ ને તે લોહિત સરોવરમાં સ્થિર થઈ ગઈ. ફરી પરશુરામે ફરસી મારી અને તે ધારાને વહેતી કરી. તે ધારાએ પૃથ્વીને જ્યાં સ્પર્શ કર્યો તે સ્થળ જ પરશુરામ કુંડ..આજે તો તે કુંડ બ્રહ્મપુત્રમાં લુપ્ત થઈ ગયો છે.

કામાક્ષી તીર્થમાં બાવાઓનો ત્રાસ

નીલકંઠ વર્ણી ત્યાંથી પૂર્વ તરફ કામાક્ષી દેવીના સ્થાન ઉપર આ.સં.૧૮૫૩ના કાર્તિકમાં આવ્યા. કામાક્ષી દેવીનું મંદિર તો પર્વત ઉપર છે. પરંતુ નીલકંઠ વર્ણી અને તેમના સાથીઓએ બ્રહ્મપુત્ર નદીના કિનારે ફૂલવાડીમાં ઉતારો કર્યો. અહીં બાવાઓની જમાતોને વણ માગ્યાં સીધાં મળ્યા હતાં તેથી નીલકંઠ વર્ણીની સાથે આવેલા સિદ્ધોને પણ પકવાનના સીધાં મળ્યા.

લોહીના પ્રતીકરૂપ કંકુની આડ કરીને રંગેલા કપાળવાળા ત્રિશૂળધારી, જય અંબે, જય ભવાની, જય કાલીની ઘોષણા કરતા, લોહી નીતરતી આંખોવાળા, કેટલાક નાગા, કેટલાક અર્ધ બળેલા કાષ્ઠની જેમ ધૂંધવાતા, દારૂમાંસના ભક્ષણથી ગંધાતા મોંવાળા આ બાવાઓનાં ઝુંડ ત્યાં આવ્યે જ જતા હતા. કેવળ દર્શનથી જ અંતરમાં ત્રાસ ઉત્પન્ન થાય એવા આ બાવાઓની હડફેટમાં આવનાર પછી શોધ્યા જડતા નહિ, એવો એમનો વેગ હતો. ધરણી ધ્રુજાવે એવી એમની ચાલ હતી. અજ્ઞાની પ્રજા આ બાવાઓની નાગચૂડમાં ફસાયેલી હતી. સાચું શોધવાનું કે સમજવાનું ભાન તે ભૂલી ગઈ હતી. વહેમ અને બીકથી સૌ મૂંગાં પ્રાણીની જેમ યંત્રવત્ તેમને અનુસરતા હતા.

નીલકંઠ વર્ણીએ આ દશ્ય જોયું. દયા અને કરૂણાથી ભરપૂર તેમનું અંદર વહેમ અને અંધશ્રદ્ધાના પાશમાં ફસાયેલ આ ભોળી પ્રજાની દુર્ગતિ જોઈ દ્રવી ગયું. કામાક્ષી ઉપરનું તેમનું આગમન આ ભોળી પ્રજાની મુક્તિ માટેનું હતું. ભગવાનની દિવ્ય શક્તિ, ભગવાનનો દઢ આશ્રય અને શુદ્ધ સત્સંગ આગળ મલિનવિદ્યાનું કોઈ બળ નહોતું. વહેમો ઓસરી જતા અને અંધશ્રદ્ધાના બંધનો પણ ઢીલા પડી જતા.

તેમને આ વાત સૌને સમજાવવી હતી. તેમનો સંકલ્પ દઢ હતો. કામાક્ષી દેવીનાં દર્શને આવતા ભાવિક જનો નીલકંઠ વર્ણીને દૂરથી જોઈ તેમના પ્રત્યે આકર્ષાયા. ધીરે ધીરે મંદિરના પ્રાંગણમાં નીલકંઠ વર્ણી પાસે સૌ જમા થવા લાગ્યા. એક નાનકડા કિશોરની આ દિવ્ય શક્તિએ જાદુ કર્યો. પેટના ઉંડા ખાડાથી ભૂખનો ત્રાસ વેઠતા, કેટલાક નવસ્ત્રા, કેટલાક જીર્ણ વસ્ત્રથી આચ્છાદિત, કંગાળ અને કૃશ ભોળા ભાવિકોની આવી દશા સિદ્ધોના ઝુંડના આ ત્રાસથી થઈ હતી. તેમની પાસેથી અનાજ, વસ્ત્રો, નાણાં તેઓ બળજબરીથી પડાવતા. નીલકંઠ વર્ણીને તેમની આ દશા જોઈ દયા આવી. ધીરે ધીરે સૌ તેમની પાસે જમા થઈ ગયા.

દેવીને છોડીને પોતાની અવજ્ઞા કરીને આ ટોળાને એક નાનકડા કિશોર પાસે જમા થયેલું જોઈ બાવાઓ ગુસ્સે થઈ ગયા. તેમને પોતાનું હડહડતું અપમાન થતું લાગ્યું. અમે ત્યાગી, અમે ભગવાધારી, અમે સિદ્ધ, અમારી ઉપેક્ષા કરીને આ લોકો આ છોકરા પાસે જમા થાય ! ક્રોધાગ્નિથી તેમનું અંતર બળવા લાગ્યું. પરંતુ અહીં તો ભાવિકોનું જબ્બર ટોળું જમા થયું હતું. તેઓ ત્યાં ધસ્યા, ટોળા વચ્ચે બેઠેલા નીલકંઠ વર્ણીના સૌમ્ય સ્વરૂપને તેમણે જોયું. તેમના અંતરમાં એક પ્રકારની બીક લાગી. રખે તેમનો ક્રોધાગ્નિ શાંત પડી જાય. તેઓ તરત જ ત્યાંથી ખસી ગયા. છતાં નીલકંઠ વર્ણી પ્રત્યે તેમનો દ્વેષ શમ્યો નહિ.

નીલકંઠ વર્ણીની અપ્રતિમ પ્રતિભા, સાધુતા, અહિંસા અને બ્રહ્મચર્ય ધર્મના પાલનની સાધુઓ માટે આવશ્યકતાનો ઉપદેશ, આ બધાની સિદ્ધો ઉપર વિપરીત અસર થઈ. તેમને થયું કે તેમનું વર્ચસ્વ દિવસે દિવસે ઓછું થતું જશે. તેથી તેમણે પાસેના ગામમાં કાલીભક્ત પિબૈકને ઉશ્કેર્યો. (ગળા સુધી જેણે સુરાપાન કર્યું હોય તેને પિબ કહે છે. તેમાંનો એક આ પિબૈક.)

પ્રસંગ : ૪૬

પિબૈકનો પરાભવ

મહાકાલીનો ઉપાસક પિબૈક પોતાને અજય માનતો. ક્ષુદ્ર દેવ અને દેવીઓને મલિન મંત્રોની સાધનાથી વશ કરી, અભિચાર પ્રયોગથી અનેકને મા’ત કરી તેણે એ પ્રદેશમાં ત્રાસ મચાવ્યો હતો. દારૂમાં સદા ચકચૂર રહેતો, માંસ ભક્ષણથી મદમસ્ત બનેલો, માણસની ખોપરીની માળા ગળામાં પહેરી, ત્રિશૂળધારી પિબૈક જે ગામમાં પ્રવેશતો તે ગામના લોકો ત્રાસ પામી તેના શિષ્ય બની જતા. કેટલાક હઠીલા સિદ્ધો જે તેના અભિચાર પ્રયોગને દાદ ન આપતા તેમની સામે ક્ષુદ્ર દેવી દેવતાઓને મોકલતો અને એ રીતે પણ તેમને વશ કરી લેતો. પિબૈકને આ નાના દેખાતા નીલકંઠ વર્ણીને મા’ત કરવાના કોડ જાગ્યા.

કામાક્ષી દેવીના દર્શન કરી નીલકંઠ વર્ણી પોતાના સ્થાને ફૂલવાડીમાં આવી ગયા. અહીં એક ઝાડ નીચે બેસીને નીલકંઠ વર્ણી તેમની સાથે આવેલા સિદ્ધોને ઉપદેશ કરતા હતા. તે સમયે પિબૈક તેના શિષ્યો અને શિષ્યાઓને લઈને ત્યાં આવ્યો. તેનો ભયંકર વેશ જોઈને નીલકંઠ વર્ણીને તેની ઉપર ઘૃણા આવી. તેની સાથે અર્ધનગ્ન સ્ત્રી અને પુરુષો નિર્લજ્જ બની નાચતાં, એકબીજાં સાથે અથડાતા, અશ્લીલ ચેષ્ટા કરતાં, સુરાપાન કરતાં ન સમજાય તેવા ૐ રીમ્ હુંના મંત્રો બોલતા, સુરાપાનથી લાલ બનેલી આંખોથી સૌને ડારતા ત્યાં આવી પહોંચ્યા. નીલકંઠ વર્ણીની આજુબાજુ બેઠેલા બાવાઓની જમાત પણ પિબૈકના ટોળાને જોઈને ડરી ગઈ.

નીલકંઠ વર્ણીને જોઈ પિબૈકે અટ્ટહાસ્ય કર્યું. ૧૫-૧૬ વર્ષના આ કિશોરના તપથી કૃશ થયેલા શરીરમાં એવું તે શું હતું કે તે મા’ત ન થાય ? નીલકંઠ વર્ણીએ શાંત મુખમુદ્રાથી આસપાસ બેઠેલા સિદ્ધોને કહ્યું, તમે જરાય ડરશો નહિ. મારી વાત સાંભળો અને તેના તરફ નજર પણ નાખશો નહિ. નીલકંઠ વર્ણીના આ શાંત વલણથી પિબૈક ઉશ્કેરાયો. તેણે ફરી અટ્ટહાસ્ય કર્યું. જાણે આકાશમાં વીજળીનો ગડગડાટ થયો ન હોય ! બાવાઓ ધ્રુજી ગયા ! તેઓ ઉઠીને ચાલવાની તૈયારી કરતા હતા, તે જોઈ નીલકંઠ વર્ણીએ તેમને ફરી કહ્યું, તમે કેમ ચાલવા માંડયા ? આવા તામસી, મલિન દેવ દેવીઓના ઉપાસકથી કેમ બીઓ છો ? પરબ્રહ્મ પરમાત્માની કાળશક્તિ વિના આ બ્રહ્માંડમાં કોઈ કોઈને મારી શકતું નથી.

વર્ણીની નિશ્ચળતા, અતિ શાંત મુખમુદ્રાથી પિબૈકને પોતાની વિડંબના થતી લાગી. તેણે કહ્યું, છોકરા તું બાળક છે. મારો પ્રતાપ તેં જોયો નથી. એ સાંભળી નીલકંઠ વર્ણી હસ્યા. આજુબાજુના ટોળાએ નીલકંઠ વર્ણીને કહ્યું, વર્ણી મંત્રવિદ્યાનો આ સિદ્ધ આજે તમને બાળીને ખાખ કરી દેશે. નીલકંઠ વર્ણીએ તરત જ કહ્યું, પરમાત્મા સિવાય કોઈ કાળને આજ્ઞા કરી શકતું નથી. એ સિદ્ધને પ્રયોગ અજમાવવો હોય તો ભલે અજમાવે.

એટલામાં તો પિબૈકે બાજુના વડ ઉપર મંત્રેલા અડદના દાણા નાખ્યા અને જોતજોતામાં આખો વડ એકદમ સૂકાઈ ગયો. તેના પાંદડાં નીચે ખરી પડયાં અને તેમાંથી ધુમાડો નીકળવા લાગ્યો. નીલકંઠ વર્ણી સાથેના બાવાઓ આ જોઈ ગભરાયા. તેઓ ત્યાંથી ઉઠવા લાગ્યા. નીલકંઠ વર્ણીને તેમની દયા આવી. તેમણે કહ્યું, તમે કેમ બીઓ છો ? પહેલા મારા ઉપર તે તેનો પ્રયોગ કરે. મને કાંઈ થાય તો પછી તમે ઉઠીને જજો.

આ સાંભળી પિબૈક વધુ ઉગ્ર બન્યો. તેણે તે દાણા નીલકંઠ વર્ણી ઉપર નાખ્યા. આશ્ચર્યથી સૌ જોઈ રહ્યા. નીલકંઠ વર્ણીને કાંઈ થયું નહિ. પિબૈક વધુ ઉશ્કેરાયો. તેણે કહ્યું, હવે તારો કાળ આવ્યો છે. નીલકંઠ વર્ણી મંદ મંદ હસતા બોલ્યા, તારે જે કરવું હોય એ કરવા માંડ..તારા કાળભૈરવ કે બટુક વીર મને કાંઈ કરી શકે તેમ નથી. પિબૈકને આ સાંભળી આશ્ચર્ય થયું. તેણે તરત જ કાળભૈરવને બોલાવ્યા પણ તે વર્ણી પાસે જઈ શક્યા નહિ. બટુક વીર આવ્યા તે પણ ત્યાં જ સ્થિર થઈ ગયા. અને પાછા વળતાં તે પિબૈકને જ વળગ્યા. તેને જમીન ઉપર પછાડયો. પિબૈકના મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું.

આ પરાભવથી તે વધુ ઉગ્ર બન્યો. તેનાં ગાત્ર ઢીલા પડી ગયા હતા છતાં તે ઉઠયો ને હનુમાનવીરની આરાધના કરી. હનુમાનજી આવ્યા, વર્ણી સમક્ષ ગયા અને તેમને નમસ્કાર કરી તેમણે પિબૈકને લાત મારી તેના માથા ઉપર મુષ્ટિપ્રહાર કર્યો. તેના મોંમાંથી લોહી નીકળવા લાગ્યું, નાડી ધીમી પડી ગઈ. તે મૂર્છાવશ થઈને ત્યાં જ પડી રહ્યો.

પિબૈકની આવી કરૂણ દશા જોઈ તેના સંબંધીઓ નીલકંઠ વર્ણી પાસે આવ્યા. તેમની સ્તુતિ કરી. નીલકંઠ વર્ણીને દયા આવી તે પિબૈક પાસે ગયા ને તેના કાનમાં કૃષ્ણમંત્ર કહ્યો. થોડીવારે પિબૈક સ્વસ્થ થયો. તેનું અભિમાન ઘવાયું હતું. તેણે જાણ્યું કે નીલકંઠ વર્ણીને દયાથી જ તે જીવતો રહ્યો છે. તે ઉઠયો અને નીલકંઠ વર્ણીના ચરણોમાં પડી ગયો.

તે રાત્રે તેણે ફરી સાધના આદરી. ઘવાયેલા અભિમાને તેને ઉશ્કેર્યો. તેણે કાળભૈરવને આરાધ્યા. ભૈરવ આવ્યા. પિબૈકે કહ્યું, મારી કોઈ શક્તિ આ વર્ણી આગળ કામયાબ ન નીવડી. આજે તમારે જ મારી લાજ રાખવાની છે. ભૈરવ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, જે કાળના પણ કાળ છે, તે આ સાક્ષાત્ શ્રીહરિને મારવાના તને કોડ જાગ્યા અને તે પણ અમારા જેવા ક્ષુદ્ર સેવકો દ્વારા..તારું કલ્યાણ ઈચ્છતો હો તો તેમને પગે પડીને તેમનું શરણું લઈ લે. અનેક જન્મના ચકરાવામાં ભ્રમણ કરવાનું દુર્ભાગ્ય મટી જશે.

આ સાંભળી પિબૈકની સાન ઠેકાણે આવી. બીજે દિવસે સવારે તે સ્નાન કરી, સ્વચ્છ સફેદ વસ્ત્રો પહેરી નીલકંઠ વર્ણી પાસે આવ્યો. તેમને સાષ્ટાંગ દંડવત્ કર્યા, તેમનાં ચરણ પકડી લીધા. તેની આંખમાંથી આંસુની ધારા ચાલી. નીલકંઠ વર્ણીના ચરણ એ ધારાથી ભીંજાયા. તે ચરણની ભીની રજ લઈ પિબૈકે માથે ચડાવી. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, પિબૈક જે સિદ્ધ હોય છે તે કોઈને ડરાવતા નથી અને જે પરમાત્માની ખોજમાં નીકળેલા હોય છે એ કોઈથી ડરતા નથી.

પાંચજન્ય શંખના ઘોષ જેવા નીલકંઠ વર્ણીના શબ્દો તેના અંતરમાં ઉતરી ગયા. તે બોલી શક્યો નહિ, નીચું જોઈ રહ્યો. તેના શિષ્યોને નવાઈ લાગી. અજેય ગણાતા આ સિદ્ધ આ છોકરા પાસે કેમ શિયાળ જેવા બની ગયા ? પિબૈકે ફરી નીલકંઠ વર્ણીના ચરણનો સ્પર્શ કર્યો. નીલકંઠ વર્ણીના આશીર્વાદથી તેના અંતરમાંથી તામસી વૃત્તિઓ બહાર નીકળવા લાગી. તેના પૂર્વજીવનની તેને સ્મૃતિ થઈ. ક્યાં તે આગળનો વૈષ્ણવી બ્રાહ્મણ અને ક્યાં આજનો આસુરી પિબૈક ! તેણે અશ્રુનો અભિષેક કરી તેના પાપ ધોયા. પવિત્ર બનેલા અંતઃકરણે તેના જ્ઞાનચક્ષુ ખોલ્યાં. નીલકંઠ વર્ણીમાં તેને સાક્ષાત્ વિષ્ણુનાં દર્શન થયા.

નીલકંઠ વર્ણીના અલ્પ સંબંધથી પિબૈકનું રૂપાંતર થઈ ગયું. પિબૈકના પૂર્વજીવનમાં પ્રભુ પામવાની તીવ્ર જિજ્ઞાસા હતી તેથી નીલકંઠ વર્ણી તેને

શોધતાં શોધતાં કામાક્ષી ક્ષેત્રમાં આવ્યા હતા. તે સાથે સહેજે સહેજે પણ જેમણે તેમના દર્શન કર્યા, નમસ્કાર કર્યા કે સેવાનો લ્હાવો લીધો તે સૌને નીલકંઠ વર્ણીએ દગદીક્ષા આપી, આશીર્વાદ આપ્યા.

નીલકંઠ વર્ણીએ પિબૈકને ઉઠાડયો તેને માથે હાથ ફેરવતાં કહ્યું, મુંડન કરાવી, હવેથી વૈષ્ણવી તિલક કરયો, ભગવદ્‌ગીતાનો પાઠ કરજો અને વિષ્ણુનું પૂજન કરજો. અન્યને આપણું સ્વરૂપ બિહામણું લાગે તેવો વેશ ધારણ ન કરવો. સાદા વસ્ત્રો પહેરી સદા સૌમ્ય સ્વરૂપ રાખવું. પિબૈક હજુ પણ નીલકંઠ વર્ણી સામું જોઈ શકતો નહોતો. છતાં નીલકંઠ વર્ણીની મૂર્તિ તેના અંતરમાં સ્થિર થઈ ગઈ હતી. પછી નીલકંઠ વર્ણીએ તેને હલાવીને કહ્યું, હવે પધારો, પૂર્વજન્મનું જ્ઞાન જેમ અજ્ઞાનથી વીસરી ગયા છો, તેમ તમારું જૂનું સ્વરૂપ સ્વાંગ અને અભિચાર પ્રયોગનું મલિન જ્ઞાન હવે આ જ્ઞાનચક્ષુ ખૂલ્યા છે તેથી વીસારી દેજો. ભગવાન તમારું કલ્યાણ કરશે.

વર્ણી ત્યાંથી ઊઠયા. વર્ણી હવે ત્યાંથી જતા હતા. પિબૈકને લાગ્યું કે વર્ણી જેટલા સ્થૂળભાવે દૂર જશે તેટલા સૂક્ષ્મભાવે મારા અંતરમાં દઢ થશે. વર્ણીને અનેકના કલ્યાણ કરવાના હતા તેથી તેમને વિશેષ રોકાવાનું કહી શકાય નહિ. તેમની મરજી પ્રમાણે વર્તવાથી જ તેમના સાન્નિધ્યનો અનુભવ થાય.

વર્ણી એક માસ રહીને નીકળ્યા. તેમની સાથે સિદ્ધોનું વૃંદ પણ નીકળ્યું. પરંતુ હવે વર્ણીને એકલા પડવું હતું. તેથી તેઓને પાછા મોકલ્યા. આગળ વસમી વાટ હતી. અહીંથી એકદમ દક્ષિણમાં આસામનો ડુંગરાળ પ્રદેશ અને ઘાટાં જંગલો વટાવી જવાનું હતું. છતાં વર્ણીનો સંકલ્પ દઢ હતો. પ્રવાસમાં તેમણે કઠિનાઈને ગણકારી નહોતી, દેહના કષ્ટને પણ ગણ્યું નહોતું. તેમનો તો એક જ ઉદ્દેશ હતો : સંતોને સુખ આપવું, દુષ્ટોનું પરિવર્તન કરવું કાં દમન કરવું.

નવલખા પર્વત ઉપર (જિલ્લો ચટગાંવ)

(નીલકંઠ વર્ણીના વિચરણનો અહેવાલ જોતાં લાગેછે કે નવલખો પર્વત કોઈ પર્વતમાળા હોવી જોઈએ. અને તે ભારત અને બ્રહ્મદેશની સરહદ પર આવેલી હોવી જોઈએ. તેમાં નવ લાખ યોગીઓ રહેતા હતા એટલે સંપ્રદાયમાં તેને નવલખો પર્વત કહે છે. જોકે એવું ભૌગોલિક નામ નકશામાં દેખાતું નથી. શિલોંગ આગળ હોય તેવું વિદ્વાનોનું એક અનુમાન છે. સાંપ્રદાયિક ગ્રંથોમાં વર્ણન છે કે કળિનો ત્યાં પ્રવેશ નથી. અને દિવ્ય ગતિ અને દિવ્ય દષ્ટિવાળા જ ત્યાં જઈ શકે છે. નીલકંઠ વર્ણી નવલખા પર્વતથી ઉતરી સીધા બાલવાકુંડ પધાર્યા છે એટલે અનુમાનથી નવલખો પર્વત બાલવાકુંડની આસપાસ હોય તેમ માની શકાય.)

શ્રી નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા અને ફરી દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું. તેમનું લક્ષ્ય હતું દક્ષિણમાં ચટગાંઉ જિલ્લામાં નવલખો પર્વત. આ સ્થાને પહોંચવું મુશ્કેલ હતું. આજુબાજુ ગીચ જંગલો હતા. પરંતુ યુગોથી આ પર્વત ઉપર ૯ લાખ યોગીઓ પુરુષોત્તમની પ્રતિક્ષા કરતા તપ કરતા હતા. આ રસ્તે જતા જંગલમાં પ્રવેશતા રસ્તા ઉપર રાજાએ મૂકેલા ચોકિયાતોએ નીલકંઠ વર્ણીને અટકાવ્યા. તેમણે કહ્યું, જંગલમાં હિંસક પ્રાણીઓનો ભય છે, મનુષ્યથી ત્યાં જઈ શકાય તેવું નથી. તેથી તો અમારા રાજાએ અહીં ચોકી બેસારી છે.

નીલકંઠ વર્ણી થંભ્યા. ધીરેથી કહ્યું, અમને જંગલી પ્રાણીઓ કંઈ કરી શકશે નહિ, અમારે ઉતાવળ છે માટે અમને જવા ધો. રાજાના ચોકિયાતો વિચારમાં પડી ગયા. નીલકંઠ વર્ણી સામે દષ્ટિ માંડી. તેમનું શરીર તપથી કૃશ થઈ ગયું હતું છતાં તેમના અવાજમાં સંકલ્પશક્તિનું બળ હતું. તેમણે હાથ જોડી દીધા, નીલકંઠ વર્ણી તેમની સામુ હસ્યા, અભય હાથ કરી આગળ ચાલ્યા.

તે જંગલમાં નીલકંઠ વર્ણીએ પ્રવેશ કર્યો. નદીઓ વટાવી, વાઘ અને ચિત્તાઓના ટોળા આવ્યાં, હાથીઓના ઝુંડો આવ્યા, રાની પશુઓ મળ્યાં, અવધૂતો મળ્યા પણ નીલકંઠ વર્ણીને તેમનું કોઈનું કામ નહોતું. તે તો દષ્ટિ બાંધીને ચાલ્યા જ જતા હતા. સંધ્યાટાણે તેઓ પર્વત પાસે પહોંચ્યા.

આ.સં.૧૮૫૩ની પોષી પૂનમની અજવાળી રાત હતી. ચડતાં ચડતાં તેમને ઠેરઠેર સિદ્ધો અને તેમની સન્મુખ ધગતી ધૂણી દેખાવા લાગી. પર્વત ઉપરની આ વિચિત્રતા તેમને અલૌકિક લાગી. નીલકંઠ મહાપ્રભુ તેમની બાજુમાં થઈને ચાલવા લાગ્યા. કોઈ કોઈકને તેઓ બોલાવતા પણ તેઓ કોઈ બોલતા નહિ. આ જોઈ નીલકંઠ વર્ણીને આશ્ચર્ય થયું. નીલકંઠ વર્ણી ઉપર પહોંચ્યા ત્યાં તેમણે સિદ્ધોને સિદ્ધાસન લગાવી કાષ્ઠની મૂર્તિની પેઠે સ્થિર થઈ બેઠેલા જોયા. આ આશ્ચર્યમય ઘટના મનુષ્યની બુદ્ધિને અકળ લાગે તેવી હતી.

નીલકંઠ મહાપ્રભુ પણ ત્યાં આસન જમાવી બેસી ગયા. તેમણે ધ્યાનમાં જોયું તો આ બધા આશ્ચર્યો આ પર્વતના જ હોય તેમ તેમને જણાયું. એટલામાં મૂર્તિમાન પર્વત તેમની પાસે આવ્યો. તેણે બે હાથ જોડી સ્તુતિ કરી હે પ્રભુ આપ કેવળ મારા માટે જ અહીં પધાર્યા છો. હું આપના દર્શનથી ધન્ય ધન્ય બની ગયો છું.

તેવામાં સિદ્ધો પણ પુરુષોત્તમના આગમનની દિવ્ય પ્રેરણાથી જાગ્રત થઈ નીલકંઠ મહાપ્રભુ પાસે આવવા લાગ્યા. નીલકંઠ વર્ણી આ બધાને આવતા જોઈ આશ્ચર્ય પામ્યા. પોતાની જ માયામાં પોતે જાણે અટવાયા હોય તેવું અજ્ઞાન બતાવતા તેમણે મૂર્તિમાન બનેલા પર્વતને પૂછયું, આપની માયા મને અકળ લાગે છે. આપ કોણ છો ? આ બધા સિદ્ધો કોણ છે ? આ અગ્નિકુંડો શા માટે છે ?

નીલકંઠ મહાપ્રભુના આ પ્રશ્નો સાંભળી ગિરિરાજ હસ્યા. તેમણે કહ્યું, આપનું અજ્ઞાન અમને મોહ ઉપજાવે છે. આપ સર્વજ્ઞ છો છતાં પૂછો છો એટલે કહું છું. સર્વ પર્વતોમાં હું પૂજ્ય છું. નવ લાખ સિદ્ધો અહીં રહે છે. આપના દર્શનની તીવ્ર જિજ્ઞાસાથી તેઓ આજે યુગોથી તપ કરી રહ્યા છે. આ બધો પ્રતાપ તેમના તપનો છે. તેમના આશ્રમ સમક્ષના કુંડોમાં દિવસે પાણી હોય છે, રાત્રે અગ્નિ. અગ્નિ પ્રગટે એટલે સિદ્ધ પણ પ્રગટે. દિવસે કોઈને કાંઈપણ ન દેખાય. અહીં માનવીથી આવી શકાતું નથી.

નરનાટયનો ભાવ પૂરો ભજવતા નીલકંઠ વર્ણી આ સાંભળી આશ્ચર્યથી માથું હલાવવા લાગ્યા. અહો તમો સૌ બહુ મોટા છો. સિદ્ધોએ કહ્યું, આપની મોટાઈ સમજવા માટે અમે આ તપ કરીએ છીએ.

નીલકંઠ વર્ણીએ તેમનો ભાવ જોયો, ભક્તિ જોઈ, પરમાત્માને પામવાની અભિપ્સા જોઈ. તેમણે તરત જ નવ લાખ સ્વરૂપ ધારણ કર્યા. એક એક સ્વરૂપે એક એક સિદ્ધને મળ્યા. તેમના મનોરથ પૂરા કર્યા. પછી બધા જ સ્વરૂપ પોતાનામાં લીન કરી કહેવા લાગ્યા : યોગમાં સિદ્ધિ તો છે પણ સિદ્ધિમાં વિઘ્ન છે. દાસત્વભાવથી કરેલી ભક્તિમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ ઉદય થાય છે અને મોક્ષ પણ ભક્તિથી જ થાય છે.

નીલકંઠ વર્ણીના આ શબ્દોનો મર્મ સિદ્ધોને સમજાયો. યોગમાં પ્રગટ પ્રભુનો સંબંધ રહેતો નથી. અને પ્રગટ પ્રભુના સંબંધ વગર યોગ પણ સિદ્ધ થતો નથી. પરંતુ આ યોગીઓને આજે પ્રભુકૃપાથી તેમના યોગનું ફળ મળી ગયું. હવે આ સિદ્ધિને સાચવી રાખવા નીલકંઠ વર્ણીની મૂર્તિના ધ્યાનમાં જ રત રહેવાનો તેમણે નિશ્ચય કરી લીધો.

જેમના સંબંધે જ અજ્ઞાન નાશ પામે તે સંબંધને પામીને આ સિદ્ધો નીલકંઠ વર્ણીના શબ્દોનું રહસ્ય કેમ ન સમજી શકે ? પ્રાણને ષટ્ચક્રોમાં ભમાવવા કરતાં પણ ચિત્તને આ દિવ્ય મૂર્તિમાં જોડી દેવું તેમને વધુ શ્રેષ્ઠ લાગ્યું. નીલકંઠ વર્ણીએ તેને સૌને પોતાના સ્વરૂપનું જ્ઞાન અને સંબંધ કરાવી તેમનો મોહ વિદાર્યો. પોતે જે કાર્ય માટે અહીં આવ્યા હતા તે થયું. નવ લાખ યોગીઓનો મોક્ષ કર્યો. ત્રણ દિવસ રહી નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા.

નીલકંઠ વર્ણી ઉત્તરમાં રામકોટ તરફ જવા લાગ્યા. ત્યાં જવાની તેમને ઈચ્છા હતી, કારણકે ત્યાંના લોકો સંતોનેખૂબ પૂજે છે. ઘેર ઘેર જમાડે છે અને તેમની પ્રસાદી લે છે. પરંતુ એમાં સંતોનું અધઃપતન છે એવું નીલકંઠ વર્ણીને દેખાયું. અત્યંત માન એ મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. નીલકંઠ વર્ણીએ ત્યાં જવાનો વિચાર માંડી વાળ્યો અને બાલવાકુંડ તરફ ચાલ્યા.

બાલવાકુંડ તરફ

સીતાકુંડથી ચાર માઈલ દૂર બાલવાકુંડ આવેલો છે. તેને વાડવકુંડ પણ કહે છે. કુંડનું નામ જ અર્થસૂચક છે. ત્યાંના જળને અગ્નિનો સંબંધ હતો એટલે કુંડના જળમાં અગ્નિ વાયુથી પ્રગટ રહે છે. પાસેના ખડકોમાંથી પણ અગ્નિ નીકળ્યા જ કરે છે. નીલકંઠ મહાપ્રભુ અહીં ત્રણ દિવસ રહ્યા. વર્ણી અગ્નિની જ્વાળા સમાન ગરમ કુંડમાં રોજ સ્નાન કરતા. યાત્રિકો આશ્ચર્યવત્ આ જોઈ રહેતા. પંદર સોળ વર્ષના બાળકની આ સિદ્ધિ જોઈ તેમને આશ્ચર્ય થતું..પરંતુ નીલકંઠ વર્ણીને કાંઈ એવી સિદ્ધિ દેખાડવી નહોતી. તેમને તો કુંડના પાણીને પ્રસાદીભૂત કરી તેને તીર્થત્વ આપવું હતું. અહીં ત્રણ દિવસ રહીને નીલકંઠ વર્ણી નીકળ્યા. બંગ દેશનો ત્યાગ કરી ગૌડ દેશમાં નદિયા (નવદ્વીપ), શાંતિપુર થઈને ગંગાસાગર તીર્થમાં પહોંચ્યા.

ગંગાસાગર તીર્થમાં

ગંગા અને સાગરનો જ્યાં સંગમ થાય છે તે સ્થળને ગંગાસાગર તીર્થ કહેવાય છે. નીલકંઠ મહાપ્રભુ અહીં પધાર્યા અને સંગમમાં સ્નાન કર્યું. અહીં પણ ત્રણ દિવસ રહ્યા. મકરસંક્રાતિના મેળામાં આવેલા યાત્રિકોને દર્શનનો લાભ આપ્યો પણ કોઈ આ વિભૂતિને ઓળખી શક્યા નહિ. સૌ સાગરસ્નાન, શ્રાદ્ધ, પિંડદાન વગેરે ક્રિયાઓમાં મગ્ન હતા. ધર્મને કેવળ ક્રિયા માનનાર અજ્ઞાનીજનોનો ઓરતો કર્યા સિવાય નીલકંઠ વર્ણી ત્રીજે દિવસે ત્યાંથી હોડીમાં બેસી સાગરદ્વીપમાં આવેલા સુંદરવનમાં કપિલાશ્રમ પધાર્યા.

કપિલ મુનિના આશ્રમમાં

કર્દમ અને દેવહુતિના પુત્ર કપિલ મુનિ સાંખ્યમતના આચાર્ય છે. સાંખ્યને બુદ્ધિ પણ કહી છે. બુદ્ધિ સતેજ હોય, સાત્વિક હોય તો તે જગતના વિષયોમાં આસક્ત ન થાય, પરમાત્મામાં સ્થિર થાય. ભગવાન કપિલદેવે આ સ્થળે ઘણાં વર્ષો સુધી તપ કર્યું હતું.

નીલકંઠ મહાપ્રભુ અહીં પધાર્યા અને કપિલ મુનિના આનંદનો પાર ન રહ્યો. કપિલ મુનિને લાગ્યું કે આજે તપનો અવધિ આવી ગયો. તેમણે નીલકંઠ વર્ણીની પૂજા કરી. નીલકંઠ વર્ણીએ તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું, તમારા સાંખ્યદર્શનનો સમન્વય અન્ય દર્શનો સાથે કરીને તમારા મતને તમારા વિચારો પ્રમાણે પ્રવર્તાવીશ. કપિલ મુનિને આનંદ થયો. નીલકંઠ પાસેથી ઉઠીને તેમના મંદિરમાં સિદ્ધાસને બિરાજેલી શ્વેતસ્વરૂપ મૂર્તિમાં તે સમાઈ ગયા.

વર્ણીરાટને આ એકાંત સ્થાન ગમી ગયું. અહીં મંદિરમાં જ પોતે પોતાના સ્વરૂપના ધ્યાનમાં મગ્ન બની ગયા. સાત દિવસ સુધી અખંડ ધ્યાનસ્થ સ્થિતિમાં બેસી રહ્યા. દર્શને આવનાર યાત્રિકોને આ ધ્યાનસ્થ યોગીની સ્થિતિ અલૌકિક લાગી. તેમને ભ્રાંતિ પણ થતી કે સાક્ષાત્ કપિલ મુનિ તો આ ધ્યાનસ્થ દશામાં અહીં બેસી નહિ ગયા હોય ને ! અહીં આવતા યાત્રિકોને તેઓ ઉપદેશ પણ આપતા.

અહીં પૃથ્વીએ ગાયનું રૂપ ધરી અધર્મનો નાશ કરવા વર્ણીન્દ્રને પ્રાર્થના કરી. પોતે એક માસ રહ્યા. અહીંનું કાર્ય સમાપ્ત થયું એટલે મુમુક્ષુઓનો સાદ સાંભળી તેમણે આગળ પ્રયાણ કર્યું.

પ્રસંગ : ૪૭

જયરામદાસને નીલકંઠ વર્ણીનો સંબંધ થાય છે

વર્ણી મહાપ્રભુ આગળ ચાલ્યા અને ઘનઘોર ઝાડીની ઘટા વિતાવી. સવારમાં એક ગામ આવ્યું ત્યાં વિશ્રામ કરવાનો વિચાર કર્યો. તે ગામમાં એક વેરાગી ગૃહસ્થાશ્રમના ત્યાગવાળો બાવો હતો અને બીજો સંજોગી ગૃહસ્થાશ્રમવાળો હતો. અહીં જે ત્યાગીનું મંદિર હતું ત્યાં નીલકંઠ વર્ણી આવ્યા. ત્યાગી બાવાએ તેમનું સ્વરૂપ જોયું. તેણે વર્ણીરાજને કહ્યું, પધારો, આ મંદિરમાં ઉતારો કરો.

તેનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી મંદિરમાં ગયા. મંદિરનો મહંત તો નીલકંઠ વર્ણીને જોઈ જ રહ્યા. નીલકંઠ વર્ણી તેને અદ્ભૂત લાગ્યા. નીલકંઠ વર્ણી સ્નાન કરી, નિત્યકર્મથી પરવારી પાસે ઠાકોરજીને દંડવત્ કરી સભામાં પધાર્યા.

સભામાં મહંતજી રામકથા વાંચતા હતા. નીલકંઠ વર્ણીએ જોયું કે સભામાં ફક્ત બે બાળાઓ જ બેઠી હતી. નીલકંઠ વર્ણીને જોઈ મહંતજીએ તેમને બેસવા જગ્યા આપી. પછી ધીરેથી નીલકંઠ વર્ણીએ પૂછ્યું, આ કન્યાઓ કોણ છે ? મહંતે કહ્યું, અહીં બીજા એક સંજોગી બાવા છે તેમની આ બે પુત્રીઓ છે. રામકથામાં તેમને સારો રસ છે. એક પુત્ર પણ છે. તેનું નામ જયરામદાસ છે. તે પણ સાધુચરિત છે. નીલકંઠ વર્ણીને આ વાતમાં રસ પડયો. પરંતુ તે જિજ્ઞાસા છુપાવી કથા સાંભળવા લાગ્યા. કથામાં કાંઈક કઠિન શબ્દો આવ્યા એટલે કન્યાએ પ્રશ્ન પૂછયો, મહંતજી ! આ કાંઈ સમજાયું નહિ.

મહંતજીને પણ સમજાયું નહોતું. પરંતુ અજ્ઞાનનો પ્રકાશ કરે તો મોભાનું માન જાય તેથી તેણે ગમે તેમ અર્થ કરીને સમજાવી દીધું. નીલકંઠ વર્ણી આ સાંભળી હસ્યા. કન્યાએ નીલકંઠ વર્ણી સામું જોયું પણ તેમની દ્દષ્ટિ નીચી હતી. કન્યા સમજી ગઈ કે મહંતજીએ આડુઅવળું સમજાવી દીધું છે. એટલામાં નીલકંઠ વર્ણીએ કહ્યું, મહંતજી આપની આજ્ઞા હોય તો હું સમજાવું ? તેમણે સરળતાથી હા પાડી.

નીલકંઠ વર્ણીએ કથામાં આવેલા શબ્દોના અર્થ સુંદર રીતે સમજાવ્યા. મહંતજીને પણ આનંદ થયો ને બંને કન્યાઓ નીલકંઠની દિવ્ય પ્રતિભા અને વિદ્વત્તાથી મુગ્ધ થઈ ગઈ. આ બંને પુત્રીઓએ તેમના માતા પિતાને વાત કરી કે મંદિરમાં એક વર્ણી આવ્યા છે જે સાક્ષાત્ શિવજી જેવા દેખાય છે.

પુત્રીની વાણી સાંભળી ગૃહસ્થાશ્રમી છતાં પ્રભુભક્તિમાં રત રહેતા આ બાવાજીને નીલકંઠ વર્ણીના દર્શનની તાલાવેલી લાગી. તેનું પોતાનું પણ આગવું કૃષ્ણમંદિર હતું. તેને થયું કે આ વર્ણીને હું મારા મંદિરમાં તેડી લાવું. તેજ સાંજે તે બાવો નીલકંઠ વર્ણીને પોતાના મંદિરમાં તેડી લાવવા ગયો. તેણે પુત્રીઓએ વર્ણવ્યા હતા એવા સાક્ષાત્ જોયા ને નીલકંઠ વર્ણીને હાથ જોડી કહ્યું, મહારાજ મારા મંદિરે પધારો. નીલકંઠ વર્ણીએ કહ્યું, અહીંના મહંતજી જો રજા આપે તો આવીએ. તે બાવો મહંતજી પાસે ગયો. હાથ જોડી ખૂબ કરગર્યો. તેનો ભાવ જોઈ મહંતજીએ કહ્યું, ભલે, તેમને લઈ જાઓ પણ તેમને સાચવજો.

સંજોગી બાવાના કૃષ્ણમંદિરે નીલકંઠ આવ્યા. આ બાવાજીને નીલકંઠ વર્ણી માટે અપૂર્વ પ્રેમ પ્રગટ થયો. તેમની સેવામાં તેમણે પોતાના પુત્ર જયરામદાસને રાખ્યો. જયરામદાસ સત્વગુણી અને સંસ્કારી હતો. નીલકંઠ વર્ણીની તે શ્રદ્ધાપૂર્વક સેવા કરવા લાગ્યો. તેના માતાપિતા પણ વર્ણીની સેવામાં તત્પર રહેતા.

તેમની આવી શ્રદ્ધા અને ભક્તિથી પ્રસન્ન થઈ એક રાત્રે કથા પ્રસંગે નીલકંઠ વર્ણીએ પોતાનું અદ્‌ભૂત ઐશ્વર્ય બતાવ્યું. તેમના શરીરમાંથી શીતળ અને શાંત તેજ નીકળ્યું. જયરામદાસ અને તેના માતાપિતા આ તેજ જોઈ પોતાના સ્વરૂપનું ભાન ભૂલી ગયા. સ્વનો ભાવ ભૂલ્યા કે તરત જ તે તેજમાં શ્રીહરિની દિવ્ય મૂર્તિના દર્શન થયા. ગદ્‌ગદ થઈ બાષ્પકંઠે સ્તુતિ કરતાં તેમણે તે સમગ્ર તેજ પાછું નીલકંઠની મૂર્તિમાં લીન થતાં જોયું. દિવ્ય તેજમાં જોયેલી શ્રીહરિની મૂર્તિ અને પોતાની પ્રત્યક્ષ બિરાજેલી નીલકંઠ વર્ણીની મૂર્તિ તેમને સરખી લાગી. તેમને નિશ્ચય થઈ ગયો કે શ્રીહરિ સ્વયં આ નીલકંઠસ્વરૂપે આજે પૃથ્વી પર પ્રકટ થયા છે. તેઓ કૃત્યકૃત્ય થઈ ગયા ને ફક્ત એટલું બોલ્યા : હે હરિ ! અમે તમારાં છીએ, આ જયરામ પણ આપનો સેવક છે. તેને સ્વીકારજો.

જયરામદાસ તથા તેના માતાપિતાને હવે જીવનમાં શ્રીહરિની અનેકાનેક પ્રકારે સેવા કરવી એજ ધ્યેય થઈ ગયું. નીલકંઠ મહાપ્રભુને થાળ ધરાવ્યા સિવાય ઠાકોરજીને પણ થાળ ધરાવતા નહિ. તેમને પ્રતીતિ થઈ ગઈ હતી કે સિંહાસને બિરાજેલા ઠાકોરજી તે જ પ્રત્યક્ષ નીલકંઠ વર્ણી છે. તેમને નીલકંઠ વર્ણીની કૃપાથી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ હતી.

એક દિવસ નીલકંઠ વર્ણીએ જયરામદાસને પૂછ્યું, જયરામ તું આ કમળકાકડી રોજ ક્યાંથી લાવે છે ? જયરામે કહ્યું, પ્રભુ અહીં એક સરોવર છે. તેમાં પુષ્કળ કમળ થાય છે ત્યાંથી હું અને મારો મિત્ર કૃષ્ણ તંબોળી આ ફળ લઈ આવીએ છીએ. નીલકંઠ વર્ણી કહે, તું મને એ સરોવરે ન લઈ જા ? જયરામ કહે, એમાં શું ? આજે સાંજે જ આપણે સાથે જઈશું.

તે સાંજે નીલકંઠ મહાપ્રભુ, જયરામદાસ અને કૃષ્ણ તંબોળી તે સરોવરે આવ્યા. તેમાં ખીલેલા કમળોમાં તેમની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. તેમણે કમળમાં લક્ષ્મીજી જોયા. તેમણે લક્ષ્મીજીને સંજ્ઞા કરી કહ્યું, તમારી મૂર્તિની પણ પ્રતિષ્ઠા હું કરીશ. તમે ભગવાનની શક્તિ છો એટલે તમારો પણ આદર કરવો જોઈએ. પરંતુ તમારા આદરમાં જો લોકો નારાયણને ભૂલશે તો તમે લોકોને શાપરૂપ બનશો.

નીલકંઠ વર્ણિને આ પ્રમાણે કમળો તરફ સ્થિર દૃષ્ટિ માંડીને જોઈ રહેલા જયરામદાસે તેમને હલાવ્યા. નીલકંઠ હજું વિચારમાં હતા. તેમણે જયરામને કહ્યું, આપણે થોડો સમય નૌકાવિહાર કરીને પછી ઘરે જઈએ. જયરામે અનિચ્છા હતી છતાં હા કહી. ત્રણે જણા નૌકામાં બેઠા. નીલકંઠ વર્ણી અને કૃષ્ણ તંબોળી હલેસાં મારતા હતા. નૌકાવિહાર કરતાં સંધ્યાટાણું થઈ ગયું. કમળો બીડાવા લાગ્યા. રાત પડતી હતી. જયરામે નીલકંઠ વર્ણિને કહ્યું, પ્રભુ હવે પાછા વળીશું ? વર્ણીએ કહ્યું, ફક્ત સામે કિનારે જઈ પાછા વળીએ.

જયરામ અને કૃષ્ણ તંબોળી બંનેની છાતી ધડકવા લાગી. પરંતુ નીલકંઠ વર્ણીની મરજીને તેઓ લોપી શક્યા નહિ. સામે કિનારે હોડી પહોંચી અને નીલકંઠ વર્ણી તરત જ હોડીમાંથી કૂદી પડયા. જયરામને ધ્રાસકો પડયો તેણે તરત બૂમ મારી : મહાપ્રભુ ત્યાં હવે નથી જવું..આગળ તો વિકરાળ પ્રાણીઓથી ભરપૂર જંગલ છે. પરંતુ નીલકંઠ વર્ણીએ તો કાંઈ સાંભળ્યું નહિ. જયરામદાસને તેની માતાના વચન યાદ આવ્યા. વર્ણીથી કદી છૂટો ન પડીશ. તે ન છૂટકે અને ધડકતે હૈયે નીલકંઠ વર્ણીની પાછળ ગયો. કૃષ્ણ તંબોળી પણ સાથે ગયો.

નીલકંઠ વર્ણીની ચાલવાની ગતિને કોઈ પહોંચે તેમ નહોતું. અંધારામાં પણ જાણષ પ્રકાશ પથરાયો હોય તેમ તેમના ડગલા સ્થિર પડતા હતા. જયરામ તથા કૃષ્ણ તંબોળી પાછળ અથડાતા પછડાતા ચાલતા હતા. રાની પશુઓની ત્રાડથી તેમના હૈયા ધબકતા હતા. એટલામાં વીજળી થઈ અને એક રીંછ ભયંકર ત્રાડ પાડીને તેમની ઉપર ધસી આવ્યું. તેમનાથી બૂમ મરાઈ ગઈ : ની..લકંઠ !

નીલકંઠ વર્ણીએ પાછળ જોયું. તેમણે રીંછને જયરામ તથા કૃષ્ણ પાસે ઉભેલો જોયો. વર્ણીએ તેમને કહ્યું, તમે બીશો નહિ. રીંછ તમને હેરાન નહિ કરે. જયરામ બીકથી ઝાડ ઉપર ચડવાના પ્રયત્નો કરતો હતો ત્યાં તો તેના હાથ ઉપરથી જાણે કોઈ સુંવાળું પ્રાણી પસાર થતું હોય તેમ તેને લાગ્યું. તે સમજી ગયો કે સાપ છે. હવે મૃત્યુમાંથી ઉગરવું મુશ્કેલ છે. તે ઝાડની ઓથે લપાયો. નીલકંઠ વર્ણી પાસે જ ઉભા ઉભા બધો તાલ જોતા હતા. તેમનો એક હાથ રીંછ ઉપર ફરતો હતો. તેમણે ધીમેથી કહ્યું, જયરામ ગભરાઈશ નહિ. રીંછ તો મારી પાસે ઉભું છે. એટલું કહી તેમણે જયરામના શરીર ઉપર હાથ ફેરવ્યો.

આ શીતળ સ્પર્શથી જયરામનું ધબકતું હૈયું શાંત થયું. તેને અંધારામાં પણ દેખાયું કે રીંછ નીલકંઠ વર્ણીના પગમાં બેસી ગયું હતું. નીલકંઠ વર્ણીએ જયરામનો હાથ પકડી તેને ખેંચ્યો, સાથે કૃષ્ણ તંબોળી પણ ખેંચાયો. બંનેએ આ કૌતુક જોયું. નીલકંઠ વર્ણીએ રીંછના માથા પર હાથ મૂકી કહ્યું, હવે જાઓ..રીંછ ચાલ્યું ગયું અને જયરામ તથા કૃષ્ણ તંબોળીના જીવમાં જીવ આવ્યો. પછી તેઓ ત્યાંથી પાછા ફર્યા. જયરામ અને કૃષ્ણ તંબોળી નીલકંઠ વર્ણીની બંને બાજુ તેમના હાથ પકડીને ચાલતા હતા.

જયરામે પૂછ્યું, પ્રભુ એ રીંછને મળવા જ તમે આવ્યા હતા ? એક કોણ હતો ? નીલકંઠ વર્ણીએ કહ્યું, તે જાંબુવાન હતો. કૃષ્ણના સમયમાં તેણે કૃષ્ણની સેવા કરેલી પણ નિઃસંશય નહોતો થયો. આજે તેને અમારો યોગ થઈ ગયો. આજે તેનું કલ્યાણ થઈ ગયું. એટલું કહી પછી તેમણે કહ્યું, જયરામ અમારી કોઈ ક્રિયા હેતુ વગરની હોતી નથી. અહીં આવવામાં પણ તેને મળવાનું જ પ્રયોજન હતું. કપિલાશ્રમથી અમે સીધા જગન્નાથપુરી જવાના હતા. પણ તને સંસ્કારી અને મોક્ષભાગી જાણી આ ગામમાં અમે આવ્યા. અમે કેવળ તીર્થમાં જ ફરીએ છીએ એવું નથી પણ જ્યાં જ્યાં મુમુક્ષુઓ હોય ત્યાં ફરતાં ફરતાં તેમનું કલ્યાણ કરવા પણ જઈએ છીએ. જયરામ આ રીંછ હવે દેહનો ત્યાગ કરી દેશે. મનુષ્યરૂપે સત્સંગમાં જન્મશે. અમારો તેને યોગ થશે અને તેનું કલ્યાણ થશે.

એ બંને જણ તો નીલકંઠ વર્ણીની વાણી સાંભળી જ રહ્યા. જયરામને આશ્ચર્ય થયું છતાં અંતરમાં બીક પણ લાગી કે રખે નીલકંઠ વર્ણી બીજા મુમુક્ષુઓને શોધવા ચાલ્યા જશે તો ? તેણે જોરથી નીલકંઠ વર્ણીનો હાથ પકડયો. નીલકંઠ વર્ણી તેનો ભાવ સમજી ગયા. તે મનમાં હસ્યા. એટલામાં તો સરોવર આવી ગયું. ત્રણેય જણા હોડીમાં બેસી મોડી રાતે ઘેર આવ્યા.

નીલકંઠ વર્ણીએ વિચાર્યું કે અહીં જયરામનું, તેના માતાપિતાનું અને આ રીંછનું કામ થઈ ગયું. તેજ દિવસે મધ્યરાત્રે તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા.

જગન્નાથપુરીમાં (આ.સં.૧૮૫૩-૧૮૫૪, ઈ.સ.૧૭૯૭-૧૭૯૮)

વહેલી સવારે નિયમ પ્રમાણે જયરામ નીલકંઠ વર્ણીની સેવાની તૈયારી કરવા માટે ઉઠયો. તેણે જોયું કે નીલકંઠ વર્ણીની પથારી ખાલી હતી. તેને થયું કે

કદાચ શૌચ ગયા હશે, તેથી દાતણ તથા ગરમ પાણીની તૈયારી કરવા લાગ્યો. પરંતુ નીલકંઠ વર્ણી તો આવ્યા જ નહિ. તેના માતાપિતાને પણ ધ્રાસ્કો પડયો. દુઃખથી સૌ વ્યગ્ર બની ગયાં.

જયરામ દુઃખી થઈ ગયો હતો. તેના માતાપિતાને પણ નીલકંઠ વર્ણી આમ અચાનક તેમનો ત્યાગ કરીને ચાલ્યા ગયા તેથી અત્યંત દુઃખ થયું. તેમણે જયરામને કહ્યું, બેટા નીલકંઠ પ્રભુ જયાં હોય ત્યાંથી શોધીને તેમને અહીં લઈ આવો. તેમના વગર અમારાથી જીવાશે નહિ. તેમને લઈને જ આવજો, એકલા આવશો નહિ. જયરામે ગામમાં બધે શોધ કરી પણ નીલકંઠ વર્ણીનો ક્યાંય પત્તો લાગ્યો નહિ. પ્રથમ નીલકંઠ વર્ણી ઉતર્યા હતા તે મંદિરમાં જઈ તેણે મહંતજીને પૂછયું ત્યારે એણે કહ્યું કે, અહીં જયારે આવ્યા હતા ત્યારે અહીંથી જગન્નાથપુરી જવાનું કહેતા હતા. માટે પુરી જશો તો જરૂર મળશે.

જયરામે તરત જ નિશ્ચય કરી લીધો અને તે ઘેર ગયો. વાટખર્ચી લઈ તે જગન્નાથપુરી જવા નીકળી ગયો. જયરામ લગભગ વીસ દિવસ સુધી ફર્યો ત્યારે તેની શ્રદ્ધા અને ભક્તિના ભાવથી તેને નીલકંઠ વર્ણીનો મેળાપ થઈ ગયો. નીલકંઠ વર્ણીને દૂરથી જોતા જ તે દોડયો. નીલકંઠ વર્ણીએ જયરામદાસને ઓળખ્યો ને તેને પ્રેમથી ભેટયા. વર્ણી જાણતા હતા કે જયરામદાસ શુદ્ધ મુમુક્ષુ છે અને મારા વગર રહી શકશે નહિ. તેથી તેમના પ્રત્યેની આસક્તિને ચકાસવા નીલકંઠ વર્ણી તેને મૂકીને ચાલી નીકળ્યા હતા જયરામદાસની આંખોમાં આંસુ હતા. નીલકંઠ વર્ણીનો હાથ પોતાની છાતી પર અડાડી તેણે ગદ્ગદ કંઠે કહ્યું, ભૈયા નીલકંઠ તમે તો ભગવાન છો એટલે તમને તો કોઈનો આધાર ન જોઈએ પણ અમે તો સૌ તમારા આધારે જ જીવીએ છીએ. આપ અમને નોંધારા મૂકીને કેમ ચાલ્યા ગયા ?

નીલકંઠ વર્ણી તેની પ્રેમની ભાષા સાંભળી હસ્યા. તે કાંઈ પણ બોલે તે પહેલા તો જયરામદાસે કહ્યું, ચાલો ઘેર..માતાપિતા તમને સંભારી સંભારીને રડે છે. અન્નજળ લેતા નથી. માટે આપણે અહીંથી હમણાં જ ઘેર જઈએ.

<u>નીલકંઠ વર્ણીએ જાણ્યું કે જયરામદાસ અને તેમની વચ્ચે જેવો પ્રેમ હતો એવો જ પ્રેમ તેને તેના માતાપિતા અને સંબંધીઓ સાથે પણ હતો. આ ક્ષુલ્લક વાસનાના બંધનથી બંધાયેલા સંસારીઓના ભક્તિના સ્વાંગ તેમને પાતળા લાગ્યા. એવી ભક્તિથી માયા ન તરાય</u>. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, જયરામદાસ અમારી સાથે ચાલો. આપણે અહીંથી જગન્નાથપુરીની જાત્રાએ જવું છે.

પણ જયરામદાસનું મન માન્યું નહિ. તેણે તો નીલકંઠ વર્ણીને ઘેર લઈ જવાનો આગ્રહ ચાલુ રાખ્યો. એટલે નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, જયરામ સંબંધીઓનો પ્રેમ બંધનકારી છે. તે માયાપાશ છે. તું મુમુક્ષુ છે એટલે તને હું કહું છું કે મારી સાથે ચાલ.. જયરામદાસ આ સાંભળી સ્થિર થઈ ગયો. તેને નીલકંઠ પણ છોડવા નહોતા ને ઘર પણ મૂકવું નહોતું. છતાં નીલકંઠ વર્ણીની મરજી જાણી તેમની સાથે જગન્નાથપુરી જવા તૈયાર થયો. તેને થયું કે ત્યાં થોડો સમય રહી પછી નીલકંઠ વર્ણીને ઘેર લઈ જઈશું.

<u>જયરામદાસને પોતાનું સ્વરૂપ ઓળખાવવાની નીલકંઠ મહાપ્રભુને ઈચ્છા હતી. તેના અતિ બલિષ્ઠ સંસ્કારને લઈને જ તેના ઉપર તેમની કૃપા ઉતરી હતી. તે જાણતા હતા કે જયરામદાસ દ્વારા ભવિષ્યમાં ઘણા કાર્ય કરવાના છે. ઘણા મુમુક્ષુઓનો ઉદ્ધાર પણ કરાવવો છે. તેથી તેને સાથે લીધો.</u>

આગળ ચાલતા એક ઘનઘોર વન આવ્યું. તેમાં નીલકંઠ વર્ણીએ નિર્ભિક થઈને પ્રવેશ કર્યો. પણ જયરામદાસના પગ પાછા પડવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, ગભરાય છે કેમ ? મારી સાથે રહેવું હોય તો બીક છોડવી પડશે. મૃત્યુના પ્રતીક સમાં વનચરો, દોરડાની જેમ પગે વીંટાતા સર્પો, ઘનઘોર વનની ભયંકરતા, આ બધાથી જયરામદાસને લાગ્યું કે મૃત્યુ સમીપ જ છે.

એટલામાં તેમણે એક કૂવો જોયો. જયરામદાસે પાણી સીંચીને કાઢયું. વર્ણીએ તે ગાળીને પીધું. પાણી મીઠું લાગ્યું એટલે તેમણે જયરામદાસને કહ્યું, બાજુમાં આ અવેડો છે તે ભરી દે એટલે અહીંના પશુઓ આવીને પાણી પી શકે. જયરામદાસે અવેડો ભરી દીધો. નીલકંઠ વર્ણીએ તે અવેડાના પાણીમાં પોતાનો પગ બોળ્યો અને પછી એક ઘેરો સાદ કર્યો. તે સાંભળીને વનના પ્રાણીઓ ત્યાં આવવા લાગ્યા. હરણ, શિયાળ, હાથી, ચિત્તા અને વાઘ પણ આવ્યા. સૌ ત્યાં પોતપોતાના જાતિસ્વભાવ ભૂલીને સાથે રહીને પાણી પીવા લાગ્યા. આ જોઈ જયરામદાસને આશ્ચર્ય થયું. નીલકંઠ વર્ણીનો તેણે પ્રતાપ જોયો. તેના અંતઃકરણના રજકણો બદલાવા લાગ્યા. તેને કોઈ અનિર્વચનીય શાંતિનો અનુભવ થવા લાગ્યો.

ત્યાંથી આગળ ચાલ્યા અને એક શિવમંદિર આવ્યું. શિવમંદિરમાં વર્ણીએ વિશ્રામ કર્યો. જયરામદાસ નીલકંઠ વર્ણીની બાજુમાં જ સૂતો હતો. તેના અંતરમાં નીલકંઠ વર્ણીના જ વિચારો આવ્યા કરતા હતા. ક્વચિત્ ક્વચિત્ માતાપિતાની યાદ આવી જતી ત્યારે એમ પણ થઈ જતું કે તેમનો દેહાંત થાય ત્યાં સુધી ઘેર રહેવું અને પછી નીલકંઠ જયાં હોય ત્યાં તેમને શોધીને તેમની સેવામાં જોડાઈ જવું.

એટલામાં નીલકંઠ વર્ણીએ તેના માથા ઉપર પોતાનો હાથ મૂક્યો. આ સ્પર્શથી જયરામદાસના આખા શરીરમાં ઝણઝણાટી થઈ. તેની નાડીઓ જાણે ખેંચાતી હોય અને તે અભાન અવસ્થામાં સરકતો જતો હોય તેવું તેને લાગ્યું. થોડીવારે જયરામદાસ નીલકંઠ વર્ણીની કૃપાથી સમાધિસ્થ થઈ ગયો. જયરામદાસને નીલકંઠ વર્ણીએ અક્ષરધામ દેખાડયું. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર નીલકંઠ વર્ણીને તેણે જોયા. આ દિવ્ય દર્શનથી, દિવ્ય અનુભવથી જયરામદાસ પોતાની અસ્થિરતા ભૂલી ગયો. દિવ્ય વિગ્રહધારી મુક્તોની પંક્તિમાં ભળી તે પણ દિવ્ય સ્વરૂપથી નીલકંઠ મહાપ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. નીલકંઠ વર્ણીએ તેના ઉપર દૃષ્ટિ કરી અને તરત જ તે દેહમાં આવ્યો. તેનું હૈયું ધડકવા લાગ્યું પણ જયારે તેને જાણ્યું કે તે નીલકંઠ વર્ણીની બાજુમાં જ સૂતો છે ત્યારે તેને શાંતિ થઈ.

જયરામદાસે સમાધિમાં નીલકંઠ વર્ણીનું સ્વરૂપ જોયું. અક્ષરાધીશ પૂર્ણ પુરુષોત્તમ તેને આજે વર્ણીસ્વરૂપે ભેટી ગયા હતા. તેના આનંદનો પાર ન રહ્યો. તેણે ધીરે રહીને નીલકંઠ વર્ણીનો હાથ પકડયો. નીલકંઠ વર્ણી એકદમ બેઠા થઈ ગયા. જયરામ પણ તરત બેઠો થઈ ગયો. <u>નીલકંઠ વર્ણીએ તેને પૂછયું, જયરામ બીક લાગે છે ? જયરામે આંખમાં આંસુ સાથે કહ્યું, હા મહાપ્રભુ બહુ જ બીક લાગે છે કે તમે છૂટા પડી જશો તો ?</u>

નીલકંઠ વર્ણીએ તેના ખભે હાથ મૂકીને કહ્યું, <u>જયરામ ! જેને અમારો સંબંધ થયો છે તેને અમે કદી છોડતા નથી. તું મૂંઝાઈશ નહિ. તું છૂટો પડી જઈશ તોપણ તું મારી ભેગો થઈ જઈશ.</u> જયરામદાસને શાંતિ થઈ. તેને લાગ્યું કે જરૂર નીલકંઠ વર્ણી તેની સાથે તેને ગામ આવશે. <u>નીલકંઠ વર્ણી દિવ્ય સ્વરૂપના દર્શન કર્યાં પછી પણ તેના અંતરમાં હજુ ઘર, માતાપિતા, સંબંધીઓના સ્નેહનું બંધન ઢીલું ન થયું. માયાને તેથી જ વજ્રપાશ જેવી કહી છે.</u>

નીલકંઠ વર્ણીની સાથે જયરામદાસ પુરુષોત્તમપુરી જવા નીકળ્યો. આગળ એક ખાડી આવી. નાવમાં બેસીને તે ખાડી પાર કરવાની હતી. આથી નીલકંઠ વર્ણીએ જયરામને એક ભાડે નાવ કરી લાવવા કહ્યું. જયરામ નાવ ભાડે કરવા ગયો પણ ભાવ ઠરાવવામાં બહુ સમય વીતી ગયો. ખાડીમાં ઓટ આવતી હતી તેથી કિનારા પરની બધી નૌકાઓ ચાલવા લાગી. નીલકંઠ વર્ણી તેમાંની એક નાવમાં બેસી ગયા. જયરામ જયારે પાછો આવ્યો ત્યારે તેણે નીલકંઠ વર્ણીને ત્યાં ન જોયા. તેણે દૂર જતી નાવમાં નીલકંઠ વર્ણીને બેઠેલા જોયા અને તેના દુઃખનો પાર ન રહ્યો. તેને લાગ્યું કે <u>તેના લોભી સ્વભાવથી નીલકંઠ વર્ણીથી તેને જુદા પડવું</u>

પડ્યું. સમય આવે મોતી પણ ભરડી નાખવાં જોઈએ એનો તેને ખ્યાલ ન રહ્યો. નીલકંઠ વર્ણીને તેણે જોયા, પુરુષોત્તમ સ્વરૂપે ઓળખ્યા પણ ખરા, છતાં નાણાના લોભમાં તેણે આજે તેમના સાન્નિધ્યનો લાભ ખોયો. તે રાત તે ત્યાં જ રહ્યો અને બીજે દિવસે નાવમાં બેસીને સામે પાર પહોંચ્યો.

નીલકંઠ વર્ણી ખાડી પાર કરીને કિનારે ઉતર્યા અને પછી આગળ ચાલ્યા. ત્યાં ભુવનેશ્વર તીર્થ આવ્યું. નીલકંઠ મહાપ્રભુ અહીં ત્રણ દિવસ રહ્યા. ત્યાંથી નીકળી તેઓ જનકપુર પહોંચ્યા.

જગન્નાથપુરીના મંદિરથી લગભગ અર્ધો ગાઉ દૂર આ જનકપૂર સ્થાન છે. તેને ગુડિયા મંદિર પણ કહે છે. અહીં ઈન્દ્રદ્યુમ્ન સરોવર પાસે શ્રી નીલકંઠ મહાપ્રભુએ નિવાસ કર્યો. પુરુષોત્તમપુરીમાં પધારી પુરુષોત્તમે નિવાસ કર્યો, પણ તેમને એ સ્વરૂપમાં ઓળખવાની દૃષ્ટિ કોઈની નહોતી. નીલકંઠ મહાપ્રભુ રોજ પુરી જતા, જગન્નાથજીના દર્શન કરતા. મંદિરમાં ભાગવતની કથા થતી તે પણ રોજ ભક્તિભાવપૂર્વક સાંભળતા.

નીલકંઠ મહાપ્રભુની આવી શ્રદ્ધાભક્તિ જોઈ મંદિરના પૂજારીને તેમના માટે ભાવ થયો. તે ક્યારેક જગન્નાથજીના થાળની પ્રસાદી નીલકંઠ વર્ણીને આપતા. નીલકંઠ વર્ણી દરરોજ સમુદ્રસ્નાન કરવા જતા. ચંદન સરોવર ઉપર જઈને યોગક્રિયા પણ કરતા. અજગરવૃત્તિ રાખી જે કાંઈ મળે તે ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી આરોગતા. નહિ તો વાયુ ભક્ષણ કરીને પણ રહેતા. તેમની પાસે જે આવતા તેમને સદ્દુપદેશ આપતા. તેમનું સાન્નિધ્ય જે સેવતા તેમના અંતરમાંથી જગત સંબંધી સંકલ્પો બંધ થઈ જતા, અપાર શાંતિનો અનુભવ થતો. તેમની આવી અદ્દ્ભૂત સ્થિતિ જોઈ લોકો તેમના પ્રત્યે ખેંચાયા.

આ વાત ત્યાંના રાજા પાસે પહોંચી કે પુરીમાં એક મોટા યોગેશ્વર આવ્યા છે. કિશોરવય છે પણ પ્રતાપ ભારે છે. રાજા પોતે નીલકંઠ વર્ણીના દર્શને ચાલીને આવ્યા. નીલકંઠ વર્ણીના દર્શનથી તેમને શાંતિ થઈ ગઈ. તેણે કહ્યું, વર્ણીજી આપ અહીં જ વસો એવી મારી ઈચ્છા છે. રાજાની મુમુક્ષુતાથી નીલકંઠ વર્ણી પ્રસન્ન થયા. નીલકંઠ વર્ણી જગન્નાથપુરીમાં આવ્યા અને બીજે દિવસે જયરામદાસ ત્યાં આવી ગયો. નીલકંઠ વર્ણીને તેણે શોધી કાઢ્યા. તેના હર્ષનો પાર ન રહ્યો. નીલકંઠ વર્ણી જાણતા હતા કે ઉત્તમ પ્રકારનો આ મુમુક્ષુ પોતાનો સંબંધ ઈચ્છે છે. તેથી તેને જોઈ તેમને પણ ખૂબ આનંદ થયો.

ધીરે ધીરે વર્ણીરાજ જગન્નાથપુરીમાં સૌના પ્રિય પાત્ર બની ગયા. રાજા પણ રોજ દર્શને આવતા. કૃષ્ણભક્તિની વાતો સાંભળતા. આ રાજાએ વર્ણીને ગુરૂ તરીકે સ્વીકારી લીધા. નીલકંઠ વર્ણીએ તેમને કૃષ્ણમંત્ર આપ્યો અને પછી તેને ઉચ્ચ પ્રકારનો મુમુક્ષુ જાણી પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવવા સમાધિ કરાવી. તેના અંતરમાં નીલકંઠ વર્ણીની આ અસાધારણ કૃપાથી અત્યંત પ્રકાશ થયો અને તે પ્રકાશમાં તેણે સાક્ષાત્ પુરુષોત્તમને જોયા. તેને પ્રતીતિ થઈ કે શ્રી જગન્નાથજી એજ આ વર્ણીન્દ્ર ભગવાન છે.

સમાધિમાંથી જાગ્રત થઈ તે વર્ણીન્દ્ર ભગવાનના ચરણકમળમાં પ્રણિપાત કરવા લાગ્યો. રાજા નીલકંઠ મહાપ્રભુને વારંવાર પ્રણિપાત કરતા જોઈ આજુબાજુ બેઠેલા ભાવિકોને પણ નીલકંઠ વર્ણી પ્રત્યે ખૂબ જ સદ્દ્ભાવ જાગ્યો.

બાવાઓનો રોષ

નીલકંઠ વર્ણી પ્રત્યેની ત્યાંના રાજાની, ત્યાંના લોકોની અને યાત્રાએ આવતા યાત્રિકોની આ ભક્તિ જોઈ ઈન્દ્રદ્યુમ્ન સરોવર ઉપર અડ્ડા નાખીને રહેલા નાગા બાવાઓ રોષે ભરાયા. ઉદરપોષણને અર્થે બાવા થયેલા, ભેખને નામે લોકોને ભરમાવતા. સાધુસેવાનો મહિમા ગાઈ સ્ત્રીઓને ભ્રષ્ટ કરતા. સુરાપાનમાં ચકચૂર રહેતા, પરસ્પર ખાનપાન અને સ્ત્રીઓના વ્યવહાર માટે લડતા. આ બાવાઓની જમાત નીલકંઠ વર્ણી પ્રત્યે રાજાની અને લોકોની ભક્તિ જોઈ ઉશ્કેરાઈ. તેમને લાગ્યું કે આ છોકરો ભેખની જમાતનો નથી એટલે તેને પાઠ ભણાવવો પડશે.

તેમનામાં આવો ભાવ પ્રગટે એમ જાણે પરમાત્માએ જ નિરધાર્યું જ હતું. જેમ કાષ્ઠનો અગ્નિ કાષ્ઠને જ બાળે છે તેમ તેમના અંતરમાં રહેલો ક્રોધ જયારે પ્રગટ થશે ત્યારે તેમનો જ વિનાશ કરશે. ભગવાનના ચરિત્રોમાં અસુરો મોહ પામે છે અને તે મોહને તેમનો વિનાશ નોતરે છે.

ભારતમાં તે સમયે આવી ભેખની જમાતોનો તોટો ન હતો. હાથમાં અસ્ત્ર, શસ્ત્ર, બરછી, બંદૂક, તલવાર અને ત્રિશૂળ લઈને તેઓ ફરતા. આ ભેખધારીના અંતરમાં પાપની કોઈ બીક નહોતી. નીલકંઠ વર્ણીને આ જોઈ ઘણો ખેદ થતો. બાવાઓને લાગતું કે આપણા માર્ગમાં તે કાંટા સમાન છે, તેને હવે કાઢવો જ રહ્યો. જયાં બાવાઓનો મુકામ હતો ત્યાં જનકપુરીમાં નીલકંઠ વર્ણી રહેવા લાગ્યા. એટલે રાજા પ્રજા સર્વે ત્યાં આવવા લાગ્યા. નીલકંઠ વર્ણી રોજ ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં સ્નાન કરવા જતા. સ્નાન કરીને તેને કાંઠે જ ધ્યાન કરવા બેસતા. આ બાવાની જમાતમાંના કેટલાક તેમને ઉઠાવીને ઝાડ તળે મૂકી આવતા. ઘણીવાર તો ધ્યાનસ્થ સ્થિતિમાં બેઠેલા નીલકંઠ વર્ણીને ઢંટોળતા.

પ્રસંગ : ૪૮

હમ ભાજી નહિ તોડેંગે, ઈસસે હિંસા હોતી હૈ

પુરાણની કથા પ્રમાણે કૃષ્ણ, બળદેવ અને સુભદ્રાજી આ ત્રણેય મૂર્તિઓને રથમાં પધરાવીને રાજા પણ પ્રજા સાથે આ પ્રસંગે ભક્તિભાવપૂર્વક રથ ખેંચતા. સૌ જગન્નાથજીની ભક્તિમાં લીન થઈ જતા. રથયાત્રાના પ્રસંગે નીલકંઠ મહાપ્રભુને પણ રાજાએ એક સુંદર શણગારેલા રથમાં બેસાર્યા. તેમનો રથ પણ સૌ તાણવા લાગ્યા. ત્રિશૂળધારી બાવાઓ નીલકંઠ વર્ણીનું આવું સન્માન થતું જોઈ અત્યંત રોષે ભરાયા.

ઈન્દ્રદ્યુમ્ન સરોવર ઉપર વસતા બાવાઓનો ત્રાસ, તેમની વ્યભિચારવૃત્તિ, ઉન્મત્તપણું, સુરાપાન તેમના આ દૂષણોનો રાજાને તથા પ્રજાને ખ્યાલ આવે તે માટે નીલકંઠ વર્ણી રોજ ત્યાં સ્નાન કરવા જતા. સાથે રાજા તથા ભાવિકો પણ આવતા. તેમણે આ ભેખધારીઓની લીલા જોઈ. રાજાના ચક્ષુ ખુલી ગયા. તે અત્યાર સુધી ભેખમાં ભગવાન છે તેમ માની ગુણલક્ષણ પારખ્યા સિવાય આદર આપતા. પરંતુ વર્ણીના પ્રસંગથી તેને જ્ઞાન થયુ. સાધુતા પરખવાની વિવેકદૃષ્ટિ આવી. તેણે નીલકંઠ વર્ણીને કહ્યું, સાધુઓને શિક્ષા કરવી જોઈએ.

નીલકંઠ વર્ણી આ સાંભળી થોડું હસ્યા. તેમણે કહ્યું, શિક્ષાથી તે સીધા થાય એવા નથી. તેમના પાપથી જ તેમનો નાશ થશે. રાજા મૌન રહ્યા ને વર્ણીની ધીરજ આગળ તેનું મસ્તક નમી ગયું. નીલકંઠ વર્ણીએ જાણ્યું કે જયાં સુધી રાજા અને ભાવિકો અહીં હશે ત્યાં સુધી આ બાવાઓ ઝાઝો ઉત્પાત કરી શકશે નહિ તેથી તેમણે રાજાને કહ્યું, મહારાજ આપ હવે પુરી પધારો. હું ત્યાં દર્શને આવીશ ત્યારે આપણે મળીશું. રાજાને આ આજ્ઞા આકરી લાગી, પરંતુ વર્ણીની મરજી હતી એટલે સૌ જનકપુરી જવા નીકળ્યા.

નીલકંઠ વર્ણી પણ જનકપુર છોડી ઈન્દ્રદ્યુમ્ન સરોવર ઉપર જ રહેવા આવ્યા. અજાચક વૃત્તિ રાખતા એટલે કાંઈ ન મળે ત્યારે વાયુ ભક્ષણ કરી લેતા. તેમને ત્રાસ આપવા માટે બાવાઓ તેમને કાંઈ ને કાંઈ કામ બતાવતા. નીલકંઠ વર્ણી પ્રેમથી, ત્વરાથી ચીંધેલું બધું જ કામ કરતા. નીલકંઠ વર્ણીની વય અને

બાવાઓનો તેમના ઉપરનો અસાધારણ ત્રાસ જોઈ કેટલાક બાવાઓને આ ન ગમ્યું. તેઓ ક્યારેક ક્યારેક નીલકંઠ વર્ણીનો પક્ષ લેતા અને સામસામી ચકમક પણ ઝરતી.

એકવખત નીલકંઠ વર્ણી પોતાના નિત્યકર્મથી પરવારીને ધ્યાનમાં બેઠા હતા ત્યારે એક બાવો તેમની પાસે આવ્યો ને તેમને હલાવીને જગાડ્યા. પછી કહ્યું, ઈધર ક્યું ઐસે બેઠ રહે હો ? વો ભાજી તોડકે લાવ..નીલકંઠ વર્ણી તેની સામું જોઈ જ રહ્યા. એટલે તે બાવો ઉશ્કેરાયો. ક્યા મેરા મુંહ દેખ કર બેઠે હો..ઉઠો. નીલકંઠ વર્ણીએ કહ્યું, હમ ભાજી નહિ તોડેગે. ઈસસે હિંસા હોતી હૈ.

પોતાના હુકમનો અનાદર થતો જોઈ તે બાવો ક્રોધમાં તલવાર લઈને નીલકંઠ વર્ણીને મારવા દોડ્યો. નીલકંઠ વર્ણી તો સ્થિર બેઠા હતા. પણ તેમની સેવામાં જયરામદાસ હતો તેણે બૂમરાણ કરી મૂકી. આ કોલાહલ જોઈ બીજા બાવાઓ પણ ત્યાં દોડી આવ્યા. તલવાર લઈને નીલકંઠ વર્ણીને ડારો દેતા બાવાને જોઈ એક જણે એક જ ઝાટકે તે બાવાને પૂરો કરી નાખ્યો. આથી ઉશ્કેરાટ વધ્યો. જે પક્ષનો બાવો મરાયો હતો તે પક્ષવાળાએ આયુધો લીધા. સામા પક્ષે પણ એવું જોર કર્યું. આમ યુદ્ધ શરૂ થયું.

બાવાઓ નીલકંઠ વર્ણીએ છંછેડેલી માયામાં અટવાઈને યુદ્ધે ચડ્યા. કોઈને ખબર નહોતી કે કોણ કોને મારે છે ? ને શા માટે મારે છે ? રમખાણ ભયંકર યુદ્ધ જામ્યું. નીલકંઠ વર્ણી સ્થિર બેસીને આ દૃશ્ય જોતા હતા. પણ જયરામદાસની હિંમત રહી નહિ. તે ત્યાંથી દોડ્યો. તેને થયું કે પુરીમાં જઈને રાજાને ખબર આપી દઉં જેથી તે નીલકંઠ વર્ણીને બચાવે. તે દોડતો પુરીમાં પહોંચ્યો ને ઊપડતા શ્વાસે અને તૂટેલા શબ્દે તે બોલવા લાગ્યો : બચાવો બચાવો નીલકંઠ ! જાન ખતરેમેં હૈ..

સૌ આભા બની ગયા. જયરામદાસનો ગભરાટ ખૂબ જ હતો. તે શાંત થઈ વિગતથી કહી શકે તેવું નહોતું. ધીરે ધીરે આ વાત આખા શહેરમાં પ્રસરી ગઈ ને રાજાને પણ જાણ થઈ. રાજાએ તરત જ પોતાના ચુનંદા સિપાઈઓને હુકમ કર્યો ને પોતે પણ શસ્ત્ર ધારી ઘોડે ચડીને આગળ થયો. જયરામદાસે રાજા તેમજ લશ્કરને જોયા એટલે તે આગળ દોડવા માંડ્યો. થોડીવારમાં સૌ જનકપુર આવી ગયા.

રાજાના સૈન્યે બંદુકોના બાર કર્યા. આ લશ્કરને જોઈ યુદ્ધે ચડેલા બાવાઓના હાંજા ગગડી ગયા. તેઓ તરત જ ત્યાંથી નાઠા. લશ્કરે પીછો કરીને જેટલા પકડાયા તેને ઠાર કર્યા. રાજાને છેદાયેલા મસ્તક અને ધડ જોઈ ત્રાસ થઈ ગયો. તેને બીજી જ ક્ષણે નીલકંઠ વર્ણીનો વિચાર આવ્યો. તે તરત જ સરોવર પાસે આવ્યા. ત્યાં નીલકંઠ વર્ણી પદ્માસન વાળીને વૃત્તિ સ્થિર કરી દૃષ્ટિ નાસિકાગ્ર કરી બેઠા હતા. નીલકંઠ વર્ણીની નિશ્ચળતા જોઈ રાજા વિસ્મય પામ્યા. તેને ખરેખર નીલકંઠ વર્ણી મહાન લાગ્યા.

તેણે વર્ણી પાસે આવીને કહ્યું, પ્રભુ આપનું હવે અહીં રહેવું ઉચિત નથી. આપ મારા રાજમહેલમાં પધારો. નીલકંઠ વર્ણીએ કહ્યું, અમારે ત્યાગીઓને વળી મહેલો શા ? દેહ અને ઈન્દ્રિયોનું દમન કરવા તો અમે ત્યાગ ગ્રહણ કર્યો છે. તે મૂકીને રાજમહેલના ભોગ અમને કેમ ખપે ? આપ મારી કોઈ ચિંતા કરશો નહિ. આ જમાતમાં જે દૈવી જીવો હશે તેને અમે ઉપદેશ કરશું અને ભજન કરશું. આપ સુખેથી પધારો.

અધર્મના દળરૂપી આ વેરાગી બાવાઓ પોતાની જાતે જ નાશ પામ્યા. નીલકંઠ વર્ણીને લાગ્યું કે અહીંનું કામ હવે પુરું થયું છે. દસ માસ પોતે જગન્નાથપુરીમાં રહ્યા. જગન્નાથજીની મૂર્તિમાં પણ અંતર્યામી સ્વરૂપે પ્રવેશ કરી પૂજારીનો ભક્તિભાવ અને છળકપટ જોયા. નીલકંઠ વર્ણી પશ્ચિમ દિશામાં વીસ કોશ દૂર મહા નદી ઉતરી દક્ષિણમાં તિલંગ દેશમાં પ્રવેશ કર્યો.

<u>(રેફરન્સમાં આ પ્રસંગ આપેલ છે)</u>

<u>જગન્નાથપુરીના એક વૃદ્ધ સંતે આ ઉપરનો પ્રસંગ સદ્.સ્વામી નંદકિશોરદાસજીએ કહેલો</u>

જગન્નાથપુરીમાં અસુરો મરાયા હતા. તે બનાવને નજરે જોનાર જગન્નાથપુરીના એક વૃદ્ધ સંતે મારા ગુરૂ સદ્ગુરૂ પુરાણી સ્વામી નંદકિશોરદાસજીને કહેલો અને તેમની પાસેથી મેં(શિવશંકર ગોપાળાભાઈ દવે, લૂણાવાડાવાળા. સં.૨૦૩૧.) સાંભળેલો ઈતિહાસ સત્સંગ સમુદાયની જાણ માટે અહીં ટૂંકમાં રજુ કરું છું.

પૂજ્ય સ્વામી નંદકિશોરદાસજી સંવત ૧૯૫જના અરસામાં બંગાળ વગેરે દેશોમાં રહેતા, સત્સંગીઓના આગ્રહથી કથાવાર્તા કરવા માટે બંગાળ, આસામ વગેરે દેશોમાં ગયેલા ત્યારે તેઓ જગન્નાથપુરી દર્શન કરવા ગયેલા. જગન્નાથપુરીના રોકાણ દરમ્યાન સ્વામીને <u>આશરે ૧૨૦ વર્ષની ઉંમરના એક વૃદ્ધ વૈરાગી સંત</u>નો મેળાપ થયો.

એક દિવસ સ્વમીએ તે વૃદ્ધ સંતને પૂછયું કે, અહીંયા આશરે સોએક વર્ષ પહેલા વેરાગીઓમાં પરસ્પર મોટી લડાઈ થયેલી તેમાં હજારો વૈરાગીઓ મરી ગયેલા ને કેટલાક ઘાયલ થયેલા તે બાબતમાં આપ કાંઈ જાણો છો ?

ત્યારે તેઓએ કહ્યું, હા, તે વાત સાચી છે. <u>તે લડાઈ મેં મારી નજરે જોઈ છે. આ લડાઈ થોડી થોડી બે માસ પર્યંત ચાલી હતી.</u> તેમાં કોઈ દિવસ હજાર મરતા, કોઈ દિવસ પાંચસો મરતા, તો કોઈ દિવસ બસો, કોઈ દિવસ સો મરતા. <u>એમ તે લડાઈમાં દસ હજારથી પણ વધારે વેરાગીઓ મરાયા હતા. ઘણા ઘાયલ થયા હતા.</u>

ત્યારે સ્વામીએ તેમને પૂછયું કે, તે લડાઈ શા કારણથી થઈ હતી ?

ત્યારે તેમણે કહ્યું, એક મહાતપસ્વી-તેજસ્વી <u>નીલકંઠ નામના બાળ બ્રહ્મચારી અમારી જમાતમાં રહ્યા હતા. તેમની ઉંમર સોળેક વર્ષની હતી. શરીર કૃશ હતું. મુખાકૃતિ અને નેત્રો ખૂબ જ આકર્ષક હતા. તેથી આ વર્ણી અમારી જમાતમાં હોય તો સારું એમ ધારી કેટલાક બાવાઓ તેમને પોતાના શિષ્યો બનાવવા માંગતા હતા. આમ શિષ્ય બનાવવાની સ્પર્ધા જાગી</u> તેથી બાવાઓમાં પરસ્પર ઈર્ષા જાગી. તેથી કેટલાક ઈર્ષાથી નીલકંઠને લીલી ભાજી તોડી લાવવા તથા બીજા કેટલાક કામો બતાવવા લાગ્યા.

પણ નિઃસ્પૃહી, અહિંસાપ્રિય,લીલા તૃણમાં પણ જીવને જોતા તે બ્રહ્મચારી તેવા કામો કરવા ના પાડતા. તેથી કેટલાક ઈર્ષાથી તેમને મારવા તૈયાર થયા. ત્યારે શિષ્ય બનાવવાની ઈચ્છાવાળા લોકોએ તથા બીજા કેટલાક શાંતિપ્રિય સાધુઓએ તેમનો પક્ષ લીધો. તેમાંથી તે લડાઈ થઈ હતી. <u>લડાઈ દરમ્યાન નીલકંઠ બ્રહ્મચારી ક્યાંક ચાલ્યા ગયા. ઘણી તપાસ કરતાં પણ મળ્યા ન હતા. તેઓ આજ દિવસ સુધી પણ ફરી જોવામાં આવ્યા નથી. તેમની મૂર્તિ ઘણી જ સુંદર અને મનમોહક હતી. મારા હૃદયમાં હજુ એ તેજસ્વી મૂર્તિ વીસરાતી નથી. તે લડાઈ ચાલી ત્યારે મારી ઉંમર નાની હતી. હું જીવ બચાવવા ત્યાંથી ખસી ગયો હતો.</u>

<u>દક્ષિણની યાત્રા</u>

નીલકંઠ વર્ણી ચાલતા ચાલતા આદિકૂર્મ તીર્થમાં પધાર્યા. અહીં દર્શન કરીને ગોદાવરી અને કૃષ્ણા નદી ઉતરીને પન્ના-નૃસિંહ તીર્થમાં પધાર્યા. નીલકંઠ વર્ણી ત્યાંથી નીકળ્યા. જયરામ પણ સાથે ચાલ્યો.

ચાલતાં ચાલતાં એક ગાઢ વનમાં પ્રવેશ કર્યો. જયરામને હવે વનની બીક મટી ગઈ હતી. નીલકંઠ વર્ણીનો તેણે પ્રભાવ જોઈ લીધો હતો એટલે તે નિર્ભીક થઈને નીલકંઠ વર્ણીની પાછળ પાછળ ચાલતો હતો. નીલકંઠ વર્ણીની ઉતાવળી ચાલથી જયરામને પાછળ દોડવું પડતું. નીલકંઠ વર્ણી ક્યાં જતા હતા તે પૂછવાનું કોઈ કારણ જયરામને નહોતું. કારણ તેને પ્રતીતિ થઈ ગઈ હતી કે કોઈ હેતુ વગર નીલકંઠ વર્ણી કોઈ ગામમાં કે સ્થાનમાં પ્રવેશ કરતા જ નથી. તેથી તે મૂંગા મોઢે ચાલ્યો જતો હતો.

માનસપુરમાં

આગળ ચાલતા માનસપુર આવ્યું. જયરામે જાણ્યું કે અહીં પણ કાંઈક અનુભવ થશે. નીલકંઠ વર્ણીએ ગામની બહાર એક મોટો વડ જોયો. તેમને ત્યાં ઉતરવાની ઈચ્છા હતી, પરંતુ ત્યાં ઘણા વેરાગીઓ ઉતર્યા હતા. તેથી વર્ણીન્દ્ર ભગવાને પોતાનો વિચાર ફેરવ્યો. રાજાના બાગમાં આવ્યા.

અહીં તેમને જોઈ તરત જ બગીચાનો માળી તેમની પાસે આવ્યો. અવારનવાર આવતી વેરાગીઓની જમાતોના રંગઢંગ સાથે માળી ખૂબ પરિચિત થઈ ગયો હતો. અત્યારે પણ વડ નીચે એવી જમાતોના અડ્ડા હતા જે અસ્ત્ર શસ્ત્ર અને ભૂંડી ભાષાના જોરે લોકો પાસેથી પાકાં સીધાં પડાવતા. રાજ્યના કોઠારમાંથી પણ હક કરીને માગી લાવતા અને ખાઈપીને મસ્ત રહેતા. ભાંગના પાન ઉપર ચલમની ફૂંકો લગાવી તેના અમલનો ઘાટો બનાવતા. આ જમાતના માનવીઓથી નીલકંઠ તેને કંઈક જુદા લાગ્યા કે આ કોઈ જુદી માટીના મહાપુરુષ છે.

નીલકંઠ વર્ણી તેની સમક્ષ ઉભા રહ્યા ત્યારે તે નીલકંઠ વર્ણી સામું સ્થિર નેત્રે જોઈ જ રહ્યો. પાછળ ઉભેલા જયરામે કહ્યું, અલ્યા પશુ જેવો લાગે છે. જોઈ શું રહ્યો છે ? આ સાંભળી માળી ચમક્યો ને તરત બે હાથ જોડી દીધા. જયરામને લાગ્યું કે આ પશુ તો નથી, વર્ણીનો સંબંધ થાય તે પશુ હોય કે પાશવી પણ તેનું પરિવર્તન થયા વગર રહેતું નથી. માળીમાં તેણે મુમુક્ષુતા જોઈ. તેણે કહ્યું, ભાઈ આ નીલકંઠ વર્ણી મહાપ્રભુ છે. અમારે અહીં ઉતરવું છે. માળી હજુ સુધી સ્તબ્ધ જ હતો પણ શબ્દના પડઘાથી સભાન થઈ તેણે કહ્યું, ભલે પધાર્યા પ્રભુ હું આપની જ રાહ જોતો હતો.

આ શબ્દથી જયરામ ચમક્યો. તેને લાગ્યું કે આ માળીને ક્યાંથી ખબર કે નીલકંઠ વર્ણી અહીં આવવાના હતા ? તેની અજ્ઞાન દશામાં તે ક્યાંથી સમજી શકે કે આ માળીનું અંદર પ્રભુને પામવા ઝંખતું હતું. કદાચ અનંત જન્મની તેની રાહ આજે ફળી. તેણે નીલકંઠ વર્ણીને સુંદર ઉતારો આપ્યો. અને સત્રધર્મા રાજાને વર્ણીના આ સમાચાર આપવા તે શહેરમાં ગયો. રાજાને ખબર પહોંચાડ્યા કે બગીચામાં કિશોરવયના એક વર્ણી આવ્યા છે. તપથી શરીર કૃશ છે છતાં દેખાવમાં દિવ્ય છે. દર્શનમાત્રથી અંતરમાં શાંતિ થઈ જાય એવા મહાપુરુષ છે.

રાજાને પણ દર્શનની તાલાવેલી લાગી. તે સેવકો સાથે બગીચામાં આવ્યા. તે વખતે નીલકંઠ વર્ણી ધ્યાનમાં સિદ્ધાસને બેઠા હતા. રાજાનું અંતર ત્રિવિધ તાપથી તપી ગયું હતું પરંતુ નીલકંઠ વર્ણીના દર્શનથી જીવનમાં કદી ન અનુભવેલી શાંતિ અને સુખનો તેને અનુભવ થયો. તેણે વર્ણીના મુખ ઉપર પ્રભુતા પારખી. તેને લાગ્યું કે કાં શિવજીમાં આવી યોગસિદ્ધિ હોય કાં નારાયણમાં આવી મોહકતા હોય.

એટલામાં નીલકંઠ વર્ણીએ આંખો ખોલી ને રાજાને જોઈ મૃદુ સ્વરે પૂછ્યું, આપનો પરિચય ? રાજાએ બે હાથ જોડી કહ્યું, હું આ શહેરનો રાજા છું. ઘણા સમયથી આપના જેવી ઈશ્વરીય વિભૂતિના દર્શનની ઝંખના કરતો હતો તે આજે ફળી..અંર્તયામી નીલકંઠ વર્ણી રાજાનું કલ્યાણ કરવા તો અહીં આવ્યા હતા. રાજા તેમની સમક્ષ હાથ જોડીને બેસી ગયો.

પ્રસંગ : ૪૯

વર્ણીએ રાજાનો ભેખ વિષેનો ભ્રમ ભાંગ્યો

નીલકંઠ વર્ણી જાણતા હતા કે ભારતભરમાં બાવાઓના ઝુંડના ઝુંડ ફરતા હતા. વામ અને શક્તિપંથીઓનું જોર સમગ્ર ભારતમાં હતું. બાવાઓ જ્યાં જતા ત્યાં ત્રાસ અને અધર્મ જ પ્રસરાવતા. રાજાઓને પણ આવા બાવાઓની બીક લાગતી. વર્ણીને આ બીક ટાળવી હતી. લોકોમાં ભેખ વિષેનો જે ભ્રમ હતો તે ભાંગવો હતો.

નીલકંઠ વર્ણીએ રાજાને ધર્મ અને અધર્મના લક્ષણો સમજાવ્યા, ત્યાગીના નિયમો સમજાવ્યા. ધન અને સ્ત્રી આ બેજ તત્વો એવા છે કે જે ત્યાગીને તેમના ધર્મમાંથી ભ્રષ્ટ કરે. પુરાણોના પાત્રોનો ઈતિહાસ કહ્યો અને તપોભંગ થયેલા ઋષિઓના અધઃપતનન વાતો કરી. અને સર્વકર્તા એક પરમાત્મા જ છે એટલે આવા બાવાઓના શાપ કે અવળ વાણીથી જેને પરમાત્માનો સાચો આશરો છે તેમને કાંઈ જ થતું નથી એ સત્ય પણ સમજાવ્યું.

સ્થિર આસને બેસીને વર્ણીરાટનો ઉપદેશ સાંભળતા રાજાએ સનાતન શાસ્ત્રોનું રહસ્ય આજે સ્પષ્ટ થતું અનુભવ્યું. રાજાને સમજાયું કે ભેખના ભારમાં ફસાઈને અત્યાર સુધી અધર્મ સર્ગને જ તેણે પોષ્યો હતો. રાજાની આંખ ઉઘડી ગઈ. છતાં નીલકંઠ વર્ણીને લાગ્યું કે ભેખનાં સાચા સ્વરૂપના રાજાને દર્શન ન થાય ત્યાં સુધી એના આંગણામાં જ અડ્ડો નાખીને પડેલા અધર્મી બાવાઓની જમાતની સાન ઠેકાણે આવશે નહિ. વર્ણીના ઉપદેશથી રાજાના મનમાં ભેખના ભાવને જોવાની જિજ્ઞાસા થઈ.

બીજા દિવસે રાજા નીલકંઠ વર્ણીના દર્શને આવવા નીકળ્યો. રસ્તામાં તેને વિચાર આવ્યો કે વડ નીચે પથરાયેલી જમાતને જોવા જઈએ. રાજા ત્યાં ગયા તે વખતે જમાતનો મહંત પૂજામાં બેઠો હતો. તેની પૂજામાં અનેક શાલિગ્રામ હતા. એ બધા શાલિગ્રામને પાણીથી ભરેલી એક મોટી ગોળીમાં પધરાવી અંદર હાથ નાખીને તેમને ઘસીને એક લૂગડું પાથરી તેના ઉપર બધા શાલિગ્રામ ઠાલવ્યા. પછી દરેકને ચંદ લગાવવા લાગ્યો. રાજાએ તેની ભક્તિની આ અડબંગ રીત જોઈ.

તે વખતે બીજા બાવાઓ કોઈ ધૂણી સળગાવી ચલમો પીતા હતા, કોઈ આડા પડ્યા હતા, કોઈ રામકીની સાથે ચેષ્ટા કરતા હતા અને કોઈ ભિક્ષામાં આવેલા પૈસા ગણતા હતા. તેમની કોઈ પ્રવૃત્તિમાં તેને નીલકંઠ વર્ણીએ બતાવેલ ત્યાગીના ધર્મનો લેશ જણાયો નહિ. વડ નીચે પથરાયેલી આ જમાતમાં તે ફર્યો. છેવટે મહંત પાસે આવ્યો. ભાંગ અને ગાંજાના અમલથી લાલ આંખોમાં જાણે ક્રોધનો અગ્નિ ભભૂકતો હોય તેવું તેને મહંતનું સ્વરૂપ દેખાયું. રૂદ્રાક્ષની માળા ફેરવતો, વચ્ચે વચ્ચે કોઈને ભાંડતો, પાસે પડેલું ત્રિશૂલ બતાવી ડારતો, ભક્તિની વેઠને ઉતાવળમાં પૂરી કરવાના વેગમાં પડેલો તે મહંત રાજાને તેના સાચા સ્વરૂપમાં ઓળખાયો.

રાજા તેની પાસે આવી બેસી ગયો. પાથરેલા શાલિગ્રામને તે જ કપડામાં કચકચાવીને બાંધતા તે મહંત પાસે રાજાએ એક શાલિગ્રામ માંગ્યો

અને મહંત તાડૂક્યો : યે કોઈ માંગનેકી ચીજ હૈ ? વિધિ સે પૂજા કરની પડતી હૈ. રાજાએ વિધિ જોયો હતો. તેને મનમાં મહંતની દયા આવી, રીસ પણ ચડી છતાં શાંત રહીને તે ત્યાંથી બગીચામાં નીલકંઠ વર્ણી પાસે આવ્યો. તેણે નીલકંઠ વર્ણીને શાલિગ્રામની વાત કરી. નીલકંઠ હસ્યા. તેમણે કહ્યું, શાલિગ્રામને તો તે પથરા જાણે છે. પણ પોતાના પેટપોષણનું સાધન જાણીને તેમને રાખે છે. તો પછી મેં એક શાલિગ્રામ માંગ્યો તો મને કેમ ના આપ્યો ? હું એને ઘણું જ ધન આપત. રાજાએ કહ્યું.

નીલકંઠ વર્ણીએ કહ્યું, એ જાત જ અડબંગી છે. રીઝે તો રાજ્ય દઈ દે ને ખીજે તો ખાલ ઉતારી નાખે. પણ રાજાને શાલિગ્રામ લેવાનો મોહ હતો. તેણે નીલકંઠ વર્ણીને કહ્યું, છતાં કાલે તમે જયરામને મોકલજો. વર્ણીએ કહ્યું, જયરામને પણ નહિ આપે. પણ રાજાએ ફરીવાર આગ્રહ કર્યો.

બીજા દિવસે જયરામ મહંત પાસે આવ્યો. નમસ્કાર કરી ધીરે રહીને કહ્યું, મહંતજી આટલા શાલિગ્રામ આપની પાસે છે તેમાંથી એક મને આપોને ! આ સાંભળી મહંત ક્રોધે ભરાયો. અબે કલ તો રાજા કો ભી ના બોલ દિયા તો તું કૌન સી સૂરત ? પણ જયરામે કાકલૂદી ચાલુ રાખી. છેવટે મહંતના ક્રોધે માઝા મૂકી. તે ત્રિશૂળ લઈને ઉભો થયો. જયરામ તરત જ નાઠો અને શ્વાસભેર દોડતો નીલકંઠ વર્ણી પાસે આવ્યો. તેણે કહ્યું, મહારાજ તેણે તો ત્રિશૂળ ઉગામ્યું. નીલકંઠ વર્ણી હસ્યા કહે, સારું થયું કે તું બચ્યો.

તે જ રાત્રે નીલકંઠ વર્ણીના સંકલ્પથી મહંતજીના તમામ શાલિગ્રામ અદશ્ય થઈ ગયા અને ગંડકી નદીમાં જઈ પડયા. બીજે દિવસે મહંતે નાહીને પૂજા માટે શાલિગ્રામની પોટલી શોધી પણ તે ન મળી. તેણે બીજા બાવાઓને પૂછ્યું પણ તેમને કોઈને શાલિગ્રામમાં રસ નહોતો. સૌએ પોત પોતાની ઝોળી બતાવી. મહંતને ખાતરી થઈ ગઈ કે જરૂર રાજાએ ચોરી કરાવી છે. વળી રાજા નીલકંઠ વર્ણી પાસે બેસતા, તેમને ગુરૂ માનતા, પ્રજા પણ વર્ણીનો ઉપદેશ સાંભળવા જતી. નીલકંઠનો સેવક જયરામ પણ કાલે શાલિગ્રામ માગવા આવ્યો હતો આ બધા વિચારોથી તેને ખાતરી થઈ ગઈ કે નીલકંઠ વર્ણીએ જ રાજાને ઉશ્કેરીને આ ચોરી કરાવી છે. મહંતે બાવાઓને ઉશ્કેર્યા.

બીજા દિવસે નીલકંઠ વર્ણી સવારના નિત્યવિધિ કરી બગીચામાં ઓટલા ઉપર ધ્યાનમાં બેઠા હતા. સત્રધર્મા રાજાએ સીસમની પાવડી નીલકંઠ વર્ણીને આપી હતી તે પાવડી ઉપર છાતી અઢેલી તે ધ્યાન કરતા. કોઈ વખત તેને પડખે રાખી તે ઉપર એક હાથ ટેકવી ધ્યાનમાં બેસતા હતા. જયરામદાસ શહેરમાં ગયો હતો. તે વખતે બાવાઓ ત્યાં આવ્યા અને નીલકંઠને મારી નાખવા દૂરથી સૌ તેમના ઉપર પથ્થર ફેંકવા લાગ્યા. નીલકંઠ વર્ણીની આજુબાજુ પથ્થરનો ઢગલો થઈ ગયો. એટલામાં જયરામ ત્યાં આવ્યો. તેને જોઈને બાવાઓ પણ બધા ભાગી ગયા. જયરામ નીલકંઠ વર્ણી પાસે આવ્યો અને જોયું તો નીલકંઠ વર્ણીને એક પણ પથરો વાગ્યો નહોતો. તેણે નીલકંઠ વર્ણીને જગાડયા પણ વર્ણી તો ધ્યાનમાં જ હતા તેથી તે આ ખબર રાજાને આપવા દોડયો.

નગરમાં રાજા તથા પ્રજાને ખબર પડી કે બાવાઓ નીલકંઠ વર્ણી ઉપર તૂટી પડયા હતા. રાજા તરત જ સૈનિકોને લઈને બગીચા તરફ ગયો. પ્રજાના માણસો પણ બગીચા તરફ આવવા લાગ્યા. અહીં બાવાઓએ પણ નક્કી કર્યું કે શાલિગ્રામ મેળવવા રાજાના મહેલ ઉપર હુમલો કરવો. તેઓ પણ અસ્ત્રશસ્ત્ર સજીને શહેર તરફ ધસ્યા. રાજાના સૈનિકોનો અને બાવાઓનો મુકાબલો અધવચે જ થઈ ગયો. અસ્ત્રશસ્ત્રો રાખતા છતાં યુદ્ધના બિનઅનુભવી આ બાવાઓનો અહીં કચ્ચરઘાણ નીકળી ગયો. રાજાને શાંતિ થઈ ગઈ કે પોતાના રાજ્યમાંથી અધર્મનો એટલો સર્ગ નાશ પામ્યો.

રાજા મારતે ઘોડે બગીચામાં આવ્યો. તેના સૈનિકોએ ભાગતા બાવાઓનો પીછો પકડી તેમને હદ પાર કર્યા. નીલકંઠ વર્ણી હજુ પણ ધ્યાનમગ્ન હતા. રાજાએ જોયું કે વર્ણીની આજુબાજુ પથ્થરનો જાણે કોટ થઈ ગયો હોય તેમ પથરા પડયા હતા. નીલકંઠ વર્ણીના શરીરને આંચ આવી નહોતી. બાવાઓની ક્રૂરતા અને હિંસાવૃત્તિનો તેને ખ્યાલ આવ્યો. બાવાઓના આવા કારમાં કૃત્યો જોઈ તેને કમકમાટી ઉપજી.

<u>વૈરાગ્ય વગર ત્યાગ ટકતો જ નથી.</u>

<u>અને વૈરાગ્ય જ્ઞાનથી આવે છે.</u>

<u>જ્ઞાન પ્રભુના સાન્નિધ્યથી આવે છે.</u>

<u>જેને જેને પરમાત્માનું એવું પ્રગટ સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે તેને જ જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેનો જ મોક્ષ થયો છે. આ સનાતન સત્ય આપણા શાસ્ત્રોએ બતાવ્યું છે.</u>

નીલકંઠ વર્ણી ધ્યાનમાંથી જાગ્યા એટલે રાજાએ કહ્યું, આ બાવાઓએ તો આવો કેર વર્તાવ્યો. આપ આજ્ઞા કરો તો અહીં ચોકીમાં મારા સિપાઈઓ રાખુ. નીલકંઠ વર્ણી હસીને કહે, સર્વશક્તિમાન પરમાત્મા જ અમારી સાથે છે તો તેઓ જ રક્ષા કરે છે અને કરશે. રાજાને સત્ય સમજાયું. અને તે રાત્રે નીલકંઠ વર્ણી અને જયરામદાસ માનસપુરથી નીકળી ગયા.

<u>પ્રસંગ : ૫૦</u>

<u>જયરામને તરસ લાગી પણ સરોવરમાં સર્પો જોયા</u>

રસ્તે ચાલતા જયરામદાસને સખત તરસ લાગી. તેનાથી આગળ ચાલી શકાય તેમ નહોતું. નીલકંઠ વર્ણીની મદદથી તે એક ઝાડ ઉપર ચઢયો અને દૂર એક સરોવર જોયું. નીલકંઠ વર્ણીનો હાથ પકડી માંડ માંડ તે સરોવર સુધી આવ્યો. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, જા, હવે ત્યાં જઈને પાણી પી લે. જયરામદાસ ત્યાં ગયો પણ સરોવરમાં સાપ જોયો એટલે તે પાછો ફર્યો ને કહે, તેમાં તો ઘણા સર્પ છે તે પાણી કેમ પિવાય ?

નીલકંઠ વર્ણી તરત જ ઉભા થઈ સરોવર પાસે ગયા. સરોવરમાં સર્પ હતા. પરંતુ વર્ણીએ કહ્યું, જયરામ જળના સાપ ઝેરી ન હોય. એમ કહી એક લાકડી લઈ તેમણે સાપને દૂર કર્યા અને તુંબીપાત્રમાં પાણી ગાળીને ભરી લીધું. જયરામને વિશ્વાસ ન આવ્યો તેથી નીલકંઠ વર્ણીએ તે પાણી પહેલા પીધું પછી જયરામે પીધું. અમૃત જેવું મીઠું પાણી હતું. <u>નીલકંઠ વર્ણી હસ્યા..તેમને લાગ્યું કે ભગવાનનો પણ ભક્તને વિશ્વાસ આવતો નથી, મૃત્યુની એવી બીક અંતરમાં પેસી ગઈ છે. જેને મૃત્યુની બીક ટળી ગઈ છે તે જ ભક્ત છે, તે જ મુક્ત છે.</u>

<u>જયરામદાસ નીલકંઠ વર્ણીથી જુદા પડે છે</u>

નીલકંઠ વર્ણી જયરામને લઈને ચાલ્યા. પરંતુ હવે જયરામના પગ પાછા પડતા હતા. વર્ણીન્દ્ર પ્રભુની ત્વરિત ગતિ સાથે જ્યાં સ્થૂળ દેહ જ ન ચાલી શકતો હોય, ત્યાં તેમની ઈચ્છાશક્તિ અને સંકલ્પશક્તિ સાથે તેના મનનો મેળ ક્યાંથી મળે ? <u>તેના સ્થૂળ દેહને નીલકંઠ વર્ણીનું સાન્નિધ્ય હતું પરંતુ તેનો સૂક્ષ્મ</u>

દેહ તો સગાસંબંધીઓ પાસે પહોંચી ગયો હતો. સ્થૂળ અને સૂક્ષ્મનું આ અંતર ટાળી શકાય તેવું નહોતું એટલે તેને લાગ્યું કે તે હવે નીલકંઠ વર્ણી સાથે ઘસડાય છે.

એક બે વખત તો તેણે નીલકંઠ વર્ણીને કહ્યું, નીલકંઠ હવે તો તમે મારી સાથે ઘેર ચાલો, નહિ તો મને ઘેર જવાની રજા આપો. નીલકંઠ વર્ણીને તેના આ ક્ષુદ્ર વિચારથી તેની દયા આવી. આ દિવ્ય સ્વરૂપની દિવ્યતાનો અનુભવ કર્યા પછી પણ તેમનાથી જુદા પડવાનું મન થાય છે, તેમને વીસારી ઘર અને સંબંધીઓના બંધનકારી સ્નેહની સ્મૃતિ થઈ આવે છે આ એક ખરેખર આશ્ચર્ય જ છે ! પરંતુ જયરામદાસનું મન તો હવે ઘરે પહોંચી જ ગયું હતું.

છેવટે નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, ભાઈ જો તારે ઘરે જવું હોય તો તું ઘરે જા. મારે હજુ ઘણા કામ કરવાના છે. પણ તને જ્યારે વૈરાગ્ય ઉપજે, સગાસંબંધીઓના સ્નેહનું બંધન તૂટે ત્યારે પશ્ચિમ દેશમાં આવજે. મારો તને ત્યાં મેળાપ થશે. એટલું કહી જયરામને તેમણે આશીર્વાદ આપ્યા. જયરામ ત્યાંથી છૂટો પડયો. નીલકંઠ વર્ણીએ આગળ મજલ શરૂ કરી.

જયરામ થોડે દિવસે પુરુષોત્તમપુરી પહોંચ્યો. પરંતુ અહીં આવ્યા પછી તેને સખત તાવ આવ્યો. તાવની ગરમીમાં તેને આંસુ ચાલવા લાગ્યા. તેનો તાવ જીવલેણ હતો. તે ગરમીથી તેને શીતળા નીકળ્યા. આંખ ઉપર તેની અસર થઈ. આમ પુરુષોત્તમપુરીમાં ઘણો સમય દુઃખમાં વીતાવ્યો. તેના અંતરમાં થયું કે આમાંથી સાજો થાઉં તો નીલકંઠ વર્ણી પાસે દોડીને જાઉં. પરંતુ પ્રારબ્ધ ભોગવવું જ પડે છે. તેણે ઘણો સમય દુઃખ વેઠયું. બે-ત્રણ વર્ષ વીતી ગયા. પરંતુ તેના પ્રારબ્ધમાં નીલકંઠ વર્ણીનો યોગ ફરી લખાયો હશે એટલે તે સાજો થયો અને પશ્ચિમ તરફની તેણે વાટ પકડી.

(જયરામદાસને નીલકંઠ વર્ણીનો યોગ લોજમાં થયો. નીલકંઠ વર્ણીને પણ તેને મળીને આનંદ થયો. તેનો તીવ્ર વૈરાગ્ય જોઈ તેને દીક્ષા આપી અને જિજ્ઞાસાનંદ નામ પાડયું.)

તિરુપતિ-વેંકટાદ્રિમાં

માનસપત્તનથી નીકળી નીલકંઠ વર્ણી વેંકટાદ્રિ પહોંચ્યા. અહીં બાલાજી ભગવાનના દર્શન કર્યાં. અહીં પુષ્કરણી સરોવરના પશ્ચિમ ભાગે વારાહ ભગવાનનું મંદિર છે. આ મંદિરમાં વારાહ ભગવાનના દર્શન કરીને જ બાલાજી ભગવાનના દર્શન કરવાનો રિવાજ છે. નીલકંઠ મહાપ્રભુ આ વારાહ મંદિરમાં દર્શન કરી પાસે આવેલા વડ નીચે ધ્યાનમાં બિરાજ્યા. લગભગ ત્રણ-ચાર દિવસ આ સ્થાને આ પ્રમાણે રહી હજારો દર્શનાર્થીઓને તેમણે લાભ આપ્યો. પછી ત્યાંથી નીકળ્યા અને કાંચીપુરમની વાટ પકડી.

પ્રસંગ : ૫૧

નીલકંઠ વર્ણીને કૃતઘ્ની સેવકરામ મળે છે

રસ્તામાં તેમને એક સાધુ મલ્યો તેનું નામ સેવકરામ હતું. તે ભાગવત ભણ્યો હતો. નીલકંઠ વર્ણીએ તેની પાસેથી શ્રીકૃષ્ણલીલાના પ્રસંગો સાંભળ્યા. ખાસ કરીને ગોપીઓના શ્રીકૃષ્ણ પ્રત્યેના પ્રેમની અદ્‌ભૂત વાતો સાંભળી તેમનું અંદર દ્રવી ગયું. તેમને ગોપીકાગીત ખૂબ ગમી ગયું. તેથી સેવકરામને તે વારંવાર કહેતા : ગોપિકાગીત સંભળાવો. નીલકંઠ વર્ણીને આ ગીતનું રહસ્ય સેવકરામને સમજાવવું હતું પરંતુ તે કેવળ ભાગવતનો કથાકાર હતો.

સેવકરામે એકવાર ગોપીગીતના શ્લોકો ગાયા. નીલકંઠને તે સાંભળી આનંદ થયો તે પણ ગાવા લાગ્યા. અચાનક સેવકરામે તેમને હલાવ્યા ને કહ્યું, નીલકંઠ અહીં બેસ..નીલકંઠ વર્ણી બેસી ગયા. સેવકરામનો એક મણસો ભાર જે તેમણે ઉંચક્યો હતો તે પોટલું તેમણે નીચે મૂક્યું. તેમણે સેવકરામને કહ્યું, કેમ અહીં બેસવાનું કહ્યું ?

સેવકરામના મોઢા ઉપર ગુસ્સો હતો. તેણે વર્ણીનો હાથ પકડીને કહ્યું, તને મેં ઓળખ્યો. પાંચ વરસથી ઘર છોડીને નીકળી ગયો છે તે જ તું ઘનશ્યામ ને ? નીલકંઠ વર્ણીને ધ્રાસ્કો પડયો. તેમને લાગ્યું કે આ લપ વળી ક્યાં વળગી ? સેવકરામે વધુ જોરથી તેમનો હાથ પકડીને કહ્યું, પણ હવે જોઈ લેજે. હું તને છોડવાનો નથી. તારા સંબંધી બધાં અયોધ્યામાં ઝૂરી મરે છે અને તું મોટો વેરાગી થઈને નીકળી પડયો છે. હવે તો તને અયોધ્યામાં ભેગો કરીને જ જંપીશ.

નીલકંઠ વર્ણીને આ વાત સાંભળી હસવું આવ્યું. ત્યાગી થયા પછી પણ જે ઘરને તથા દેહના સંબંધીને સંભારે છે તેની વાસના ટાળી નથી, તે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. તેમણે સેવકરામને કહી દીધું જો મારી ભેળા રહેવું હોય, મારી સેવા જોઈતી હોય તો અયોધ્યાની વાત કદી ન સંભારશો. અમે કોઈના બંધનમાં આવીએ તેવા નથી. અમે સ્વતંત્ર છીએ, અમને કોઈ રોકી શકે તેમ નથી. નીલકંઠ વર્ણીના મુખ ઉપરના ભાવ જોઈ સેવકરામને લાગ્યું કે વર્ણી તેની વાત માનશે નહિ. વળી તેને સેવકની પણ જરૂર હતી. એટલે તેણે તરત જ વાત પડતી મૂકી દીધી. નીલકંઠ વર્ણીને સુવાણ થઈ.

સેવકરામ નીલકંઠ વર્ણી પાસે તેનો ભાર ઉપડાવતો. જ્યાં ગામ આવતું ત્યાં નીલકંઠ વર્ણીને પૈસા આપતો. તેમાંથી તેને માટે લોટ-ઘી-ગોળ વગેરે નીલકંઠ વર્ણી લઈ આવતા અને રસોઈ કરી જમાડતા. પોતે તો ભિક્ષા ઉપર જ નિર્વાહ કરતા પણ સેવકરામની રસોઈમાંથી એક કણ પણ લેતા નહિ. સેવકરામ તેમને એવો આગ્રહ પણ કરતો નહિ. ખાવાની અતિશય લોલુપતાથી સેવકરામને અતિશય ઝાડા અને લોહીખંડ પેટબેસણું (મરડો) થઈ ગયા. આ બીમારીથી તે અસહાય થઈ ગયો. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, કાંઈ ચિંતા કરશો મા..અમે તમારી ચાકરી કરીશું.

પછી ધીરે ધીરે ચાલતા એક ગામ નજીક કેળની ફૂલવાડી જોઈ ત્યાં તેના માળીને પૂછીને તેમણે ઉતારો કર્યો. વડના ઝાડ નીચે એક હાથ ઉંચી કેળનાં પાનની પથારી કરી સેવકરામને તે ઉપર સૂવાડયો. તે વારંવાર ઝાડે જતો અને નીલકંઠ વર્ણી તેને ધોતા અને તેની ચાકરી કરતા. વનસ્પતિની ઔષધિ આપતા. તેને રૂચે તેવી રસોઈ કરી જમાડતા. વર્ણી વસ્તીમાં જઈ ભિક્ષા માગી નિર્વાહ કરતા. વસતીમાં અન્ન ન મળે ત્યારે તેમને ઉપવાસ પણ થતા.

થોડા સમયે સેવકરામ સાજો થયો. શેર ઘી પચાવી જાય તેવો લઠ્ઠ બની ગયો. છતાં તેનો એક મણનો ભાર તે નીલકંઠ વર્ણી પાસે ઉપડાવતો. નીલકંઠ તેની સેવા કરતા, છતાં ક્યારેય ભોજન સુદ્ધાંનું પૂછતો નહિ. નીલકંઠ વર્ણી ક્યારેક ક્યારેક તેને ભગવાનની વાતો કરતા પણ તે સાંભળવામાં તેને રસ પડતો નહિ. નીલકંઠ વર્ણીએ જાણ્યું કે આ સેવકરામ નથી પણ શઠરામ છે. ભગવાનમાં તેને પ્રીતિ નથી. કોઈનો તેને ગુણ નથી. તો આવા કૃતઘ્ની સાથે રહીને શું કરવું ? એટલે બે માસ સેવા કરીને નીલકંઠ વર્ણીએ તેનો ત્યાગ કરી દીધો અને પોતાનો રસ્તો પકડયો.

કાંચીપુરી અને શ્રીરંગક્ષેત્રમાં

થોડા દિવસે નીલકંઠ વર્ણી કાંચીપુરમાં પધાર્યા. મોક્ષદાયી સાતપુરીમાં કાંચીપુરની ગણના થાય છે. અહીંના કહેવાતા મહાધિપતિઓ સાથે પ્રશ્ન ઉત્તર કર્યા. તેમના મતનો સાર જાણી લીધો અને ત્યાંથી નીકળીને શ્રીરંગક્ષેત્રનો માર્ગ લીધો.

નીલકંઠ વર્ણી શ્રીરંગક્ષેત્રમાં પધાર્યા. શ્રી રામાનુજાચાર્યની તીર્થભૂમિમાં પ્રવેશ કરતાં નીલકંઠ વર્ણીને અત્યંત આનંદ થયો. અહીં

કાવેરીગંગામાં સ્નાન કરી મહાપ્રભુ શ્રીરંગનાથજીની મૂર્તિના દર્શન કરવા પધાર્યા. ભાવિકોની ભીડ સારી હતી પરંતુ નીલકંઠ વર્ણીને ઠેઠ નિજ મંદિર સુધીનો માર્ગ મળી ગયો. તેમની પ્રતિભા અછતી ન રહી. તેમને જોઈને સ્ત્રીઓ જાણે બ્રહ્મચર્યનું મૂર્ત સ્વરૂપ આવતું જોઈ દૂર ખસી જતી. યાત્રિકો તેમને માર્ગ આપી દેતા. આશ્ચર્યવત્ તેમના તરફ સૌ જોઈ રહેતા. નીલકંઠ વર્ણી નિજ મંદિરમાં પહોંચી ગયા. ત્યાંના વૈષ્ણવ ભક્તોને નીલકંઠ વર્ણીના કપાળમાં નવીન પ્રકારનો તિલક ચાંદલો જોઈને તેમના વૈષ્ણવપણામાં ભ્રાંતિ પડી. તેમને જોઈ સૌ હસવા લાગ્યા.

વિભીષણની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન શ્રી રઘુનાથજીએ તેમને શ્રીરંગની મૂર્તિ પ્રદાન કરી હતી. તે મૂર્તિ આ કાવેરી ક્ષેત્રને વિશેષ પવિત્ર જાણી અહીં જ રહી પડી. તેના નિયમિત દર્શન કરવા આવતા વિભીષણના રથ નીચે એકવાર એક બ્રાહ્મણ કચરાઈ ગયો. આથી ત્યાંના બ્રાહ્મણોએ વિભીષણને મારી નાંખવાનો પ્રયત્ન કર્યો. પરંતુ રઘુનાથનો વર પામેલા વિભિષણનું મૃત્યુ ન થયું. તેથી તેમને બંદીખાને નાખ્યા. નારદજીએ અયોધ્યામાં આ સમાચાર ભગવાન રામચંદ્રજીને આપ્યા. તેઓ વિભિષણને મુક્ત કરવા અહીં પધાર્યા અને બ્રાહ્મણોએ માફી માંગી. આ પ્રકારના વૈષ્ણવોએ નીલકંઠ વર્ણીમાં વિભૂતિ સ્વરૂપની ઝાંખી કર્યા પછી પણ તેમની હાંસી ગરી. નીલકંઠ વર્ણી દર્શન કરી ત્યાંથી નીકળી ગયા. કાવેરીગંગાને કાંઠે ફૂલવાડીમાં તેમણે મુકામ કર્યો.

શ્રી નીલકંઠ વર્ણી શ્રીરંગક્ષેત્રમાં બે માસ રહ્યા. નીલકંઠ વર્ણીને ગૃહત્યાગ કર્યે લગભગ પાંચેક વર્ષ થઈ ગયા હતા.

સેતુબંધ રામેશ્વરમાં

શ્રીરંગક્ષેત્રથી નીકળી નીલકંઠ વર્ણી માર્ગની અનેક કઠિનાઈઓ વેઠતાં શ્રી સેતુબંધ રામેશ્વર પહોંચ્યા. આ ભૂમિ પવિત્ર હોવાથી રામેશ્વરને દેવભૂમિ પણ કહેવાય છે. નીલકંઠ મહાપ્રભુ અહીં બે માસ રોકાયા. રોજ સવારે ૪.૩૦ વાગે લિંગના દર્શન કરી સમુદ્ર સ્નાન કરવા પધારતા. પછી લક્ષ્મણતીર્થ, સીતાતીર્થ, સાક્ષીવિનાયક, જટાતીર્થ, ગન્ધમાદન જેને રામઝરૂખા પણ કહે છે એ મંદિરોમાં દર્શન કરવા જતા.

નીલકંઠ વર્ણીના ભક્તિભાવ, શ્રદ્ધા, તપ વગેરે ગુણોથી ત્યાં આવતા દર્શનાર્થીઓ ઉપર એમની અનોખી છાપ પડી. સહેજે જ કેવળ પોતાના દર્શનથી કલ્યાણ કરી શકે છે તેવા આ દિવ્ય મહાપુરુષનો યાત્રાસ્થાનોમાં આવવાનો હેતુ આ જ હતો. સાથે સાથે મંદિરોની વ્યવસ્થા, પૂજારીઓની પૂજારીતિ, મઠાધિપતિ કે મંદિરના મહંતો, તેમના સિદ્ધાંત આ બધાનું તેઓ નિરીક્ષણ કરતા. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં આ બધું જોઈ મનમાં કોઈ નિર્ણય કરી તેઓ નીકળી જતા. આ બધી ભૂમિ પવિત્ર હતી છતાં વાતાવરણમાં કલુષિતતા હતી. તેમને ખપતી હતી કુંવારી ભૂમિ - જ્યાં મનોવૃત્તિઓનો સહેજે હ્રાસ થાય. જ્યાંથી વિશ્વભરમાં બ્રહ્મચર્યનું પ્રસારણ કરી શકાય, જ્યાંથી તત્વજ્ઞાનની શુદ્ધ સમજણ મુમુક્ષુઓને આપી શકાય.

નીલકંઠ વર્ણીએ રામેશ્વર છોડયું. ત્યાંથી નીલકંઠ વર્ણી ધનુષ્યતીર્થ પધાર્યા. અહીં થોડો સમય રોકાઈને હરબોલા ખાડી ઉતરી વર્ણીરાટ દર્ભશયન પધાર્યા. એ સમયે રામેશ્વરનો વિસ્તાર લગભગ પચાસ ગાઉમાં ગણાતો હતો. એટલે આ બધા તીર્થો રામેશ્વરના નામે જ ઓળખાતા. વર્ણીરાટે પછી ઉત્તર તરફ સુંદરરાજ (આ તીર્થ મદુરાથી લગભગ ૨૦ માઈલ દૂર છે) જેને ઋષભદેવ અથવા અલગર સ્વામી પણ કહે છે. તે પુરાતન સ્થાનનો માર્ગ લીધો.

વર્ણીરાટ અહીંથી નીકળી સીધા ઉત્તરમાં ભૂતપુરી (હાલનું નામ શ્રીપેરૂમ્બુદુર) તરફ ચાલ્યા. વચ્ચે દેવીપત્તન આવ્યું. ત્યાંથી નીકળતાં વનની વસમી વાટ પકડી.

પ્રસંગ : ૫૨

શાલિગ્રામની ક્ષુધા-પિપાસા જોઈ નીલકંઠ વર્ણી પોતાની લાચારીથી ઉદાસ થઈ ગયા

ભૂતપુરી જતા રસ્તામાં વિકટ વન આવ્યું. વર્ણી તો નાસાગ્ર દૃષ્ટિ રાખીને ચાલ્યા જતા હતા. લગભગ ચાર દિવસ સુધી વર્ણીરાટે આ રીતે ચાલ્યા જ કર્યું પરંતુ ક્યાંય પાણી ન મળ્યું એટલે સ્નાનવિધિ કે પૂજા ન કરી શક્યા. પાંચમે દિવસે સાંજે શરીર અચેતન થઈ ગયું અને વર્ણી ભૂમિ પર પડી ગયા. થોડીવારે જાગ્રત થયા ત્યારે તેમણે પાસે જ નિર્મળ નીરથી ભરેલો કૂવો જોયો. ધીરે ધીરે તે કૂવા પાસે ગયા. પાણી નિર્મળ હતું પણ ઉંડું હતું. દસ શેરની કઠારી દોરડું બાંધીને કૂવામાં નાખી બે-ત્રણ કઠારી સીંચી પોતે સ્નાન કર્યું. પછી શાલિગ્રામની પૂજા કરવા બેઠા.

શાલિગ્રામને સ્નાન કરાવવાનું હતું. કટોરીમાં શાલિગ્રામને પધરાવી કઠારી સીંચી સીંચીને લાવવા માંડયા. ત્રણ ચાર કઠારી જળ શાલિગ્રામ ઉપર પધરાવ્યું પણ કઠારીમાં જળ દેખાયું નહિ. તેથી નીલકંઠ વર્ણીને આશ્ચર્ય થયું. આટલું બધું પાણી ક્યાં ચાલ્યું ગયું ? પરંતુ પછી વિચાર આવ્યો કે શાલિગ્રામ તરસ્યા હશે. તેથી ફરી કઠારી સીંચી સીંચીને સ્નાન કરાવ્યું. અંતે શાલિગ્રામ તૃપ્ત થયા અને કઠારી પાણીથી ઉભરાઈ ગઈ ત્યારે તેમણે જળ સીંચવાનું બંધ કર્યું. શાલિગ્રામની ચંદનથી પૂજા કરી.

પછી તરત વિચાર આવ્યો કે આટલી તરસ લાગી હતી તો ભૂખ પણ જરૂર લાગી હશે. પણ નૈવેદ્ય ધરી શકાય તેવું કાંઈ ત્યાં મળે તેમ નહોતું. જંગલ હતું જંગલી ફળો અને ફૂલો હતા. શાલિગ્રામની ક્ષુધાથી પોતે વ્યસ્ત થઈ ગયા. પોતાને તો પાંચ દિવસથી અન્ન મળ્યું નહોતું તેની ચિંતા છોડી પોતાના ઈષ્ટદેવની ક્ષુધાની ચિંતામાં પોતે વ્યગ્ર બની ગયા. પોતે સ્વયં ભગવાન હતા છતાં પણ ભક્તોને પરાભક્તિના પાઠ તેઓ પોતાના ભક્તિભાવથી શીખવતા હતા. ભગવાનપણાની મોટપ આવવા ન દેવી તે કઠણ હતું, છતાં દાસત્વભક્તિનું એ લક્ષણ હતું. નીલકંઠ વર્ણી પોતાની લાચારીથી ઉદાસ થઈ ગયા.

પ્રસંગ : ૫૩

નીલકંઠ વર્ણી શિવજીનો સાથવો જમે છે

એ સમયે કાપડીના વેશમાં પોઠિયા ઉપર એક પુરુષ અને સ્ત્રી ત્યાં આવ્યા. નિર્જન વનમાં જ્યાં માનવીનો પદસંચાર પણ કદી થયો નહિ હોય એવા સ્થાનમાં પોઠિયા ઉપર બેસીને વિચિત્ર વેશમાં આવનાર આ કોણ હશે ? નીલકંઠ વર્ણી તેમને જોઈ તરત જ ઉભા થઈ ગયા. બે હાથ જોડી પ્રણામ કર્યા. તેમનો વિવેક, નમ્રતા તેમજ ક્ષીણ શરીર જોઈ આ દંપતિની આંખો આર્દ્ર બની ગઈ.

વર્ણીએ તેમને પૂછયું, મહાભાગા આપનો પરિચય ? આ દંપતિને પરમાત્માની આવી અદ્‌ભૂત માનવચેષ્ટા જોઈ હસવું આવ્યું. છતાં સ્ત્રીની વિહ્વળતા અછતી ન રહી. પરિચયના પ્રસ્તાવમાં જેટલો વિલંબ થશે તેટલો વર્ણીને જમવામાં વિલંબ થશે. તેણે તરત જ કહ્યું, પ્રભુ પરિચયની ભાંજગડમાં પછી પડીશું. હમણા તો આપ આ સાથવો અંગીકાર કરો. પાંચ દિવસના ભૂખ્યા છો.

નીલકંઠ વર્ણી આ ભાવથી પ્રસન્ન થઈ ગયા છતાં તેમણે કહ્યું, અજાણ્યા પુરુષે આપેલી વસ્તુ હું અંગીકાર કરતો નથી. પછી થોડીવારે વર્ણીએ કહ્યું, આપનો અણસાર કાંઈક પરિચિત હોય એવું મને લાગે છે. આપણે હરિદ્વારમાં મળ્યા હતા કે નહિ ? નીલકંઠ વર્ણીના શબ્દો સાંભળી તે દંપતીના આનંદનો

પાર ન રહ્યો. સ્ત્રીસુલભ ઉતાવળથી તે સ્ત્રી બોલી ઉઠી, પ્રભુ આ ઈશ છે ને હું સતી છું. આપ આટલા દિવસના ભૂખ્યા હતા તેથી આ સાથવો લાવ્યા છીએ.

આ સાંભળી નીલકંઠ હસ્યા. શિવ અને પાર્વતી તેમના સાચા સ્વરૂપમાં દેખાયા. નીલકંઠ વર્ણીએ તેમને હસતા હસતા કહ્યું, તે દિવસે તો તમે રસ રોટલીનું સ્વાદુ ભોજન બનાવ્યું હતું ને આ સાથવો કેમ ? આ સાંભળી પાર્વતીજી મૂંઝાયા પણ શિવજીએ તરત જ કહી દીધું કે મારી સાથે આવવાની હઠ કરવામાં એણે એટલો બધો સમય વિતાવી દીધો કે આપને માટે એવું ભોજન કરવાનો સમય જ એમને ન રહ્યો.

શિવજીએ કહ્યું, આપ અમારી અલ્પ સામગ્રી અંગીકાર કરો. નીલકંઠ વર્ણીએ શાલિગ્રામને સાથવાનું નૈવેદ્ય ધર્યું. પછી પોતે તેમાં પાણી નાખી જમી ગયા. શિવ અને પાર્વતીજી ત્યાં સુધી સ્થિર દૃષ્ટિએ આ દિવ્ય દર્શન કરતા રહ્યા. પછી નીલકંઠ વર્ણીની ઈચ્છાથી તેઓ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા.

અહીંથી નીકળી નીલકંઠ વર્ણીએ ભૂતપુરીનો માર્ગ લીધો. થોડા દિવસે વર્ણી ભૂતપુરી પહોંચ્યા. અહીં રામાનુજાચાર્યની મૂર્તિના દર્શન કરી પૂજન અર્ચન કર્યું. પછી ત્યાંથી તોતાદ્રિ જવા માટે નીકળ્યા.

<u>તોતાદ્રિમાં જિયર સ્વામીનો મેળાપ : ઉત્તર તરફ પ્રયાણ</u>

થોડા દિવસે મહાપ્રભુ તોતાદ્રિ પહોંચ્યા. શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત મત પ્રત્યે તેમને અનુરાગ હતો. શ્રી રામાનુજાચાર્યની વિષ્ણુભક્તિથી તેમના પ્રત્યે તેમને પ્રેમ હતો. તેથી આ મૂળ પીઠમાં આવવાની તેમની ઘણી જ ઈચ્છા હતી. તોતાદ્રિમાં તેઓ પહોંચ્યા અને કાંઈ અપૂર્વ આનંદનો ભાવ તેમણે અનુભવ્યો.

શ્રી વર્ણીન્દ્ર ભગવાન અહીંના પ્રધાન આચાર્યશ્રી જિયર સ્વામી ત્રિદંડી સંન્યાસીને મળ્યા. તેમની પાસેથી વિષ્ણુનાં આયુધોની છાપ લઈ તેઓ ચક્રાંકિત થયા. તેમના ગ્રંથો તેમણે સાંભળ્યા. ઉપાસનાનું શુદ્ધ સ્વરૂપ જોઈ તેમને ત્યાં ગમ્યું. ત્યાંના ત્યાગીઓ ફેલ કે વ્યસન રાખતા નહિ અને ધનનો ત્યાગ રાખતા. આ રીત નીલકંઠ વર્ણીને ગમી. તેમણે જિયર સ્વામી પાસે રામાનુજના ગ્રંથોનો અભ્યાસ કર્યો. પરંતુ તેમને એક વાત ખટકી. તેઓ સ્ત્રીઓનો પ્રસંગ રાખતા. અને તેવા વ્યવહારમાં કાંઈ બાધ માનતા નહિ. તેમને આ દૂષણ લાગ્યું.

જિયર સ્વામીને મોટા જાણીને તેમણે એક વખત કહ્યું, ત્યાગી સ્ત્રી અને દ્રવ્યનો ત્યાગ કરે તોજ સાચો ત્યાગી કહેવાય. મોટા મોટાને પણ આ બેના પ્રસંગથી બંધન થાય છે અને થયું છે. શાસ્ત્રોના વચન એવા છે. તેમણે એટલું કહ્યું ને જિયર સ્વામીના મુખની રેખાનો ભાવ પલટાયો. નીલકંઠ વર્ણીને લાગ્યું કે ગુરૂ અકળાયા છે. તેથી તેમણે બે હાથ જોડી વિનમ્રભાવે કહ્યું, આપ મોટા છો તેથી કહું છું. મને આપ આત્મા અનાત્માની વાત સમજાવો, પરમાત્માનો મહિમા કહો, પિંડ અને બ્રહ્માંડમાં કેવું દુઃખ રહ્યું છે અને અક્ષરધામનું કેવું દિવ્ય સુખ છે તે સમજાવો. આપ આવા મહાન છો તેથી મને આ બધું જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે. આપ મારા આ પ્રશ્નોનું સમાધાન કરશો પછી જ હું આપનો શિષ્ય બનીને રહીશ.

<u>આ નાના છોકરાના આવા વચનથી જિયર સ્વામી અકળાયા. સ્ત્રીના ત્યાગની વાત તેમને અકલ્પનીય લાગી. પિંડ અને બ્રહ્માંડનાં દુઃખ જોવાની દૃષ્ટિ તો શુદ્ધ બ્રહ્મના ભાવને જે પામ્યો હોય તેને જ હોય. તેમણે તરત જ શિષ્યોને કહ્યું, આ છોકરાને અહીંથી જલ્દી કાઢો. તે પછી જ હું અન્નજળ લઈશ. આવા નાલાયક શિષ્યનું મારે અહીં કામ નથી.</u>

ગુરૂની ત્રાડ સાંભળીને તેના શિષ્યો એકદમ ત્યાં દોડી આવ્યા. તેમને જોઈ ગુરૂએ ફરી પાછો રોષ ઠાલવ્યો. બ્રહ્માંડને બાથ ભીડવા જાય છે. મચ્છર થઈને ગરૂડની ગતિ કરવાની હામ ભીડે છે. નીલકંઠ વર્ણી આ સાંભળી રહ્યા. તેમણે ફક્ત એટલું જ કહ્યું, આપ ત્યાગી છો, આટલો રોષ આપને ન શોભે. એમ કહી ત્યાંથી ઉઠી ગયા.

તોતાદ્રિમાં રહીને શ્રી રામાનુજાચાર્યના મતનો તેમને વિશેષ અભ્યાસ કરવો હતો. તેથી અહીં લગભગ બે માસ રહી તેમણે એ અભ્યાસ કર્યો. પરંતુ જિયર સ્વામીના વર્તનમાં, ત્યાગમાં તેમને દૂષણ જણાયું. ત્યાંના અંતેવાસીઓને સ્ત્રીઓનો પ્રસંગ હતો તે તેમને રૂચ્યું નહિ. તેમને લાગ્યું કે અહીં બ્રાહ્મણો અભિમાની છે, ક્રોધી છે. પોતાની વાતને જડની જેમ પકડીને બેસી રહે છે. તેમણે વિચાર કરી લીધો કે હવે અહીં વધુ રહેવું ઉચિત નથી. તેમણે તોતાદ્રિ છોડ્યું. ત્યાંથી તેમણે સીધી કુમારિકા ક્ષેત્રની વાટ લીધી.

<u>કુમારિકા ક્ષેત્રમાં (કન્યાકુમારી)</u>

કુમારિકા ક્ષેત્ર (કન્યાકુમારી) ભારતની છેક દક્ષિણે છે. નીલકંઠ પ્રભુ અહીં પધાર્યા. સમુદ્રમાં સ્નાન કર્યું. આસોની નવરાત્રિમાં અહીં ઉત્સવ થાય છે અને હજારો યાત્રિકો આવે છે. તેથી અનુમાન કરી શકાય કે નીલકંઠ મહાપ્રભુ આ સ્થાનમાં આ.સં.૧૮૫૫ના આસોની નવરાત્રિ દરમ્યાન આવી ગયા હશે. નીલકંઠ પ્રભુ અહીં બે-ત્રણ દિવસ રહ્યા. અને પછી અહીંથી લંબેનારાયણ અને છોટેનારાયણના દર્શન કરી પદ્મનાભ પધાર્યા.

<u>પદ્મનાભ અને જનાર્દનમાં</u>

પદ્મનાભ ભગવાનના દર્શન કરી નીલકંઠ વર્ણી ત્યાંથી જનાર્દન પહોંચ્યા. અહીં ભગવાન જર્નાદનનું વિશાળ મંદિર છે. તેમાં ભગવાનની શ્યામવર્ણ ચતુર્ભુજ મૂર્તિ છે. આ મંદિરથી થોડે દૂર વલ્લભાચાર્યની બેઠક પણ છે. આ ક્ષેત્રમાં બ્રહ્માજીએ યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞકુંડમાંથી હજી ધૂપ નીકળે છે. તેને લોકો જનાર્દન ધૂપ કહે છે. આ સ્થાનને બ્રહ્માનું સ્થાન પણ કહે છે. વર્ણીરાટે અહીં દર્શન કર્યા. <u>તેમના વિચરણના હેતુ બહુલક્ષી હતા.</u>

<u>કેશવતીર્થમાં</u>

ભગવાન પદ્મનાભના દર્શન કરી વર્ણી ભગવાન આદિ કેશવતીર્થમાં પધાર્યા. અહીં વેરાગીઓના વેશમાં કેટલાક અસુરો હતા. તેમના ત્રાસથી સૌ ત્રાસી ગયા હતા. તેમની પાપબુદ્ધિ પ્રગટ કરી ત્યાંના અધિપતિ દ્વારા તેમનો નાશ કરાવી નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલ્યા અને ઉત્તરમાં મેલૂકોટે થઈને મલયાચલ અથવા તો માલ્યવાન પર્વત ઉપર આવ્યા. આને સ્ફટિકશીલા પણ કહે છે.

<u>અહીંના ચંદનના વૃક્ષોને સર્પો વીંટળાયેલા જ રહે છે. પરંતુ નીલકંઠને તેની ભીતિ નહોતી. ક્રોધના આવેશમાં મૃત્યુ પામી સર્પયોનિમાં જન્મ લેનારા જીવોના કલ્યાણનો આ અવસર હતો. સાક્ષાત્ નારાયણ કેવળ કરૂણા કરીને પધાર્યા હતા.</u> તેમને ત્યાં આવેલા જોઈ વૃક્ષો ઉપરથી સર્પો નીચે ઉતરી તેમની આસપાસ વીંટળાઈ વળ્યા. આટલા વિશાળ સમૂહમાં મૂર્તિમાન ક્રોધ તેમની સામે આવીને ઉભો રહ્યો. પરંતુ ક્રોધનું મારણ શાંતિ છે. ચંદનના વૃક્ષોને પણ શાંતિ આપે તેવી નીલકંઠ વર્ણીની પ્રશાંત મુખમુદ્રાના દર્શનથી આ સર્પોનો સમૂહ ત્યાં સ્થિર થઈ ગયો. વિષનું વમન થઈ ગયું. સર્પો નિર્વિષ બની ગયા !

માલ્યવાન પર્વત ઉપર સ્ફટિકશીલા મંદિર છે. નીલકંઠ મહાપ્રભુ અહીં પાંચ દિવસ રહ્યા. ત્યાંથી ચક્રતીર્થ પધાર્યા. ચક્રતીર્થથી કિષ્કિંધા થઈ

પંપાસર પધાર્યા. અહીં આવવા માટે તુંગભદ્રા નદી પાર કરવી પડે છે. ત્યાં શબરીગુફા પણ છે. નીલકંઠ મહાપ્રભુ આ સ્થાનોમાં વિચરી અહીંથી અનાગુંદી ગામ જેને પ્રાચીન કિષ્કિંધા કહે છે ત્યાં પધાર્યા.

પંઢરપુરમાં

શ્રી નીલકંઠ વર્ણી પંપાસરથી પંઢરપુર પધાર્યા. આ તીર્થને પ્રાચીન પુંડલિકપુર પણ કહે છે. અહીં શ્રી વિઠ્ઠલનાથજીનું મંદિર છે. ભક્ત પુંડલિકની માતા પિતા પ્રત્યેની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણ તેને દર્શન દેવા પધાર્યા હતા. પણ તે સમયે પુંડલિક માતા પિતાની સેવામાં હતા એટલે તેમણે ભગવાનને ઉભા રહેવા માટે એક ઈંટ સરકાવી દીધી. તે ઈંટ ઉપર પુંડલિકની રાહ જોતા ભગવાન ઉભા રહ્યા. એટલે આ સ્થળ તીર્થક્ષેત્ર બની ગયું. સંત તુકારામ, નામદેવ વગેરે સંતોની પણ આ નિવાસભૂમિ છે.

શ્રી નીલકંઠ વર્ણી અહીં બે માસ પર્યંત રહ્યા. રોજ ચંદ્રભાગા નદીમાં સ્નાન કરવા જતા અને પાંડુરંગના દર્શન કરતા. નીલકંઠ મહાપ્રભુ આ.સં.૧૮૫૫ના કાર્તિક માસમાં અથવા એ પહેલા પધાર્યા હોય એવું અનુમાન કરી શકાય. આ રીતે અહીંના ભક્તોને લાભ આપી શ્રી નીલકંઠ મહાપ્રભુએ ઉત્તર તરફ પ્રયાણ કર્યું.

પૂનામાં

પંઢરપુરથી નીકળી વર્ણીરાટ પૂના શહેરમાં પધાર્યા. પેશ્વાની રાજધાનીનું આ શહેર હોઈ તે સમયે તેની જાહોજલાલી વિશેષ હતી. બાજીરાવ પેશ્વાના દિવાન બાપુ ગોખલેની ફૂલવાડીમાં તેના માળીની રજા લઈ નીલકંઠ ઉતર્યા. બાપુ ગોખલે ધર્મનિષ્ઠ હતા અને કૃષ્ણ ભક્તિ કરતા. તેમના ભક્તિભાવથી નીલકંઠ મહાપ્રભુ અહીં ખેંચાઈને પધાર્યા હતા.

માળીએ બાપુ ગોખલેને વાત કરી કે બગીચામાં એક તેજસ્વી તપસ્વી આવ્યા છે. ધર્મનિષ્ઠ દિવાન તરત જ બ્રહ્મચારીના દર્શને ફૂલવાડીમાં આવ્યા. અંર્તવૃત્તિ કરીને બેઠેલ નીલકંઠ વર્ણી સ્વસ્વરૂપના આનંદમાં મગ્ન હતા. બાપુ ગોખલેએ વર્ણીના દર્શન કર્યા ને હૈયામાં જાણે અમી ઠરી ગયું હોય તેવી અનિર્વચનીય શાંતિનો તેને અનુભવ થયો. તેને લાગ્યું કે આટલા વર્ષોની કૃષ્ણભક્તિના ફળરૂપે સાક્ષાત્ કૃષ્ણ તેમની સામે પ્રગટ થયા છે. તેથી સહજ જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ થઈ ગયા.

તેણે વર્ણીને કહ્યું, પ્રભુ આપ અહીં ખુલ્લામાં રહો તે કરતાં મારા આવાસમાં ન પધારો ? વન-પર્વત અને જંગલમાં જ વાસ કરવાની રૂચિવાળા નીલકંઠ વર્ણીએ તરત જ કહ્યું, અમને વસતિમાં રહેવાનો સંકોચ થાય છે. અહીં છીએ તો તમને દર્શનની વિશેષ તીવ્રતા થશે, વૃત્તિ અહીં રહેશે અને વ્યવહારનું કામ ગૌણ થશે. પ્રભુથી દૂર રહેવું છતાં તેમની સન્નિધિ વૃત્તિદ્વારે અનુભવવી તે પણ યોગનો એક પ્રકાર છે. પરંતુ બાપુ ગોખલેના આગ્રહથી નીલકંઠ વર્ણી બે-ત્રણ વખત તેમને ઘેર ગયા. વર્ણીરાટના દર્શનથી બાપુ ગોખલેના પત્નીના અંતરમાં પણ ભક્તિભાવ પૂર્ણરૂપે પ્રગટ થયો.

બાપુ ગોખલેએ નીલકંઠ વર્ણીના પ્રભાવની વાત પેશ્વા સરકાર શ્રી બાજીરાવને કરી. બાજીરાવને નીલકંઠ વર્ણીને મળવાની ઈચ્છા થઈ. નીલકંઠ વર્ણીને તેમણે આમંત્રણ આપ્યું. પેશ્વાના વિલાસી જીવન સાથે પોતાની વૈરાગ્ય વૃત્તિનો મેળ નહિ બેસે છતાં બાપુ ગોખલેના આગ્રહથી નીલકંઠ વર્ણી ત્યાં ગયા. તેમણે વિવિધ પ્રકારના પકવાન બનાવી નીલકંઠ વર્ણીને જમાડ્યા પરંતુ તેમાં ભક્તિભાવ કરતાં અહંનો ભાવ વિશેષ હતો. ઉપદેશના અલ્પ વચનો કહી નીલકંઠ વર્ણીએ રજા લીધી. નીલકંઠ વર્ણી પૂનામાં એક માસ પર્યંત રહ્યા. ફૂલવાડીમાં તેમની પાસે આવતા મુમુક્ષુઓને તેમણે ભક્તિમાર્ગે વાળ્યા. કેટલાકને પોતાના સત્ય સ્વરૂપની ઝાંખી કરાવી.

જનાબાદ ગામમાં શૈવ વિપ્રને મળ્યા

નીલકંઠ વર્ણી પૂનાથી નીકળ્યા કારણ બુરાનપુર પહોંચવું હતું. રસ્તામાં જનાબાદ ગામ આવ્યું. હાથમાં લોટો લઈ શંકરના મંદિરે જળ ચડાવવા જતાં એક વિપ્રે દૂરથી નીલકંઠ વર્ણીને રામના બાણની ગતિએ દૃષ્ટિ બાંધીને આવતા જોયા. તેમને જોતાં જ તેના પગ સ્થિર થઈ ગયા. અંતર તેમના તરફ ખેંચાયું. તેને થયું કે તપસ્વીના વેશે શિવજી પોતે જ દર્શન દેવા પધારે છે.

એટલામાં વર્ણીરાટ નજીક આવી ગયા. વિપ્રે બે હાથ જોડી નમસ્કાર કર્યા. સૂર્યોદયને થોડી વાર હતી એટલે અંધારું હતું. વિપ્રને થયું કે બીજા કોઈની નજર વર્ણી ઉપર પડે તે પહેલા એમને ઘરે લઈ જવા. તેણે પૂછ્યું, મહારાજ આપ આટલી શીઘ્ર ગતિએ ક્યાં જાવ છો ? નીલકંઠ વર્ણી હસીને કહે, તમારા જેવા વાટ જોતા ભક્તને ત્યાં.. વિપ્રને આશ્ચર્ય થયું. કેટલાક વર્ષોથી એકધારી શિવજીની પૂજા કરી તે શિવના દર્શનને ઈચ્છતો હતો. તેણે તરત જ પૂછ્યું, આપ નીલકંઠ તો નહિ ને ? હા..લોકો મને નીલકંઠ જ કહે છે. વિપ્રને લાગ્યું કે તેની પૂજા ફળી.

તેની નજર વર્ણીના કપાળમાં કરેલા ઉર્ધ્વપુંડ્ર તિલક પર ગઈ. તેણે તરત જ પૂછ્યું, આપ નિલકંઠ છો તો આપના કપાળમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કેમ ? ટીલા ટપકાંની મથામણમાં ગૂંચાયેલા આ વિપ્રની નીલકંઠ વર્ણીને દયા આવી. તેમણે કહ્યું, હરિ ને હરની એકતા છે. તો પછી આપ હરિ કે હર ?

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું, વૈષ્ણવો માટે હરિ, શૈવો માટે હર..

વિપ્રને શિવજી મળ્યાનો આનંદ થયો. તેના મનમાં વિચાર આવ્યો હવે શિવલિંગ ઉપર જઈને જળધારા કરવી તેના કરતાં આ સાક્ષાત્ શિવજીના ચરણારવિંદ પખાળી લેવા. તેણે લોટામાંનું પાણી નીલકંઠ વર્ણીના ચરણારવિંદ ઉપર રેડી દીધું, ચરણારવિંદ પર ચંદન ચર્ચીને કહે, મહારાજ મારી પૂજા સાક્ષાત્ શિવજીએ સ્વીકારી હવે આપ મારી ઘરે પધારો.

નીલકંઠ વર્ણી તેની સાથે ચાલ્યા. ઘેર આવી વિપ્રે તેની પત્નીને રસોઈની તૈયારી કરવા કહ્યું. પણ નીલકંઠ વર્ણીએ કહ્યું, અમારે તરત જ ચાલી નીકળવું છે માટે રસોઈની માથાકૂટમાં પડશો નહિ, જે તૈયાર હોય તે લાવો. નીલકંઠ વર્ણીની ઉતાવળથી વિપ્ર મૂંઝાયો. તેણે ઘરમાં તપાસ કરી. દહીં તૈયાર હતું તેમાં સાકર નાખી. નીલકંઠ વર્ણી તે વાડકામાંથી થોડું દહીં જમ્યા અને હાથ ધોઈ ત્યાંથી ચાલી નીકળ્યા.

તાપી નદીના તટ ઉપર

નીલકંઠ વર્ણી ગામ બહાર આવ્યા અને તાપી નદીનો સુરમ્ય તટ તેમણે જોયો. અહીં સ્નાન કરવાનું મહાત્મ્ય છે. તે દિવસે એકાદશી હતી એટલે અહીં મોટો મેળો ભરાયો હતો. નીલકંઠ વર્ણીને આ સમૂહ જોઈ આનંદ થયો. ધીરે ધીરે નીલકંઠ વર્ણી તે સમૂહ તરફ આવ્યા. તેમને સૌની સાથે બેસીને ભજનનો આનંદ લેવો હતો.

થોડું ચાલ્યા ને એકાએક તે એકદમ ઉભા રહ્યા. તેમણે સ્ત્રીપુરુષોને ભેગાં મળીને અશ્લીલ ચેષ્ટા કરતાં જોયા. શ્રીકૃષ્ણની દિવ્ય લીલારૂપી રાસમાં

આત્મા પરમાત્માના મિલનનો ભાવ હતો જયારે તેનું અનુકરણ કરી રહેલા આ ટોળામાં તેમણે બીભત્સતા જોઈ. ગાંડા બનીને આ લોકનું ભાન ભૂલી ગયા હોય તેવા અશ્લીલ ભાવમાં સૌ દેખાયા. તેમણે ક્યાંય શુદ્ધ ભક્તિનો ભાવ જોયો નહિ. તે ધીરે ધીરે પાછળ ખસી ગયા. સંગમ ઉપર આવ્યા. અહીં પણ સ્ત્રીઓને નગ્ન દશામાં સ્નાન કરતી જોઈ તે પાછા વળી ગયા. તેમણે જોયું કે પુરુષો પણ એજ ઓવારા પર સ્નાન કરતા હતા અને દૃષ્ટિદ્વારે તેમની વાસના પોષતા હતા. પ્રકૃતિ અને પુરુષની વિકૃતિ તેમણે જોઈ. વિચાર કરતાં તેઓ ઉંડા ઉતરી ગયા. અહીં ઓવારા ઉપર તેમણે સ્નાન કર્યું. સ્નાન કરીને નીલકંઠ વર્ણી એક ઝાડ નીચે બેઠા.

તે ગામના વણિક શિવાશા અને ગોવિંદ શેઠ પણ સંગમ ઉપર સ્નાન કરવા આવ્યા હતા. સ્નાન કરીને બંને વણિક ભક્તો નીચી દૃષ્ટિ રાખીને ઘર તરફ જતા હતા એટલામાં તેમની નજર વર્ણીરાટ ઉપર પડી. તેઓ તેમની પાસે આવ્યા. નીલકંઠ વર્ણીનું કિશોર અને આકર્ષક સ્વરૂપ જોઈ તેમને પગે લાગીને સામે બેસી ગયા. થોડીવારે શિવાશાએ પૂછ્યું, મહારાજ આપ પરદેશી લાગો છો ?

નીલકંઠ વર્ણીએ કહ્યું, હા અમે પરદેશી છીએ.

નીલકંઠ વર્ણીની આ વાણીમાં શિવાશાને કોઈ અલૌકિક રણકાર લાગ્યો પણ વાણીનો મર્મ તે સમજી શક્યા નહિ. તેમણે ફરી પૂછ્યું, આપનો કયો દેશ ?

'સબ ભૂમિ ગોપાલકી..' ચતુર વણિક આ શબ્દોથી ચમક્યો. ગોવિંદ શેઠને વાતમાં રસ પડયો. તેમણે તરત જ પૂછ્યું તો પરદેશી છો તેમ કેમ કહો છો ?

નીલકંઠ વર્ણી હસ્યા ને કહ્યું, તમે ઓળખ્યા નહિ તેથી..

બંને વણિકો મુમુક્ષુ હતા. તેઓ સમજી ગયા કે નક્કી ગોપાલ જ આ સ્વરૂપે પધાર્યા છે. નીલકંઠ વર્ણીને તેમણે પોતાના ઘરે પધારવા વિનંતી કરી. તેમનો ભાવ જોઈ નીલકંઠ વર્ણી તૈયાર થયા. તાપી ઉતરીને સામે કિનારે પહોંચ્યા.

વિપ્ર બાપુભાઈ તથા ભગવાન અને રામકૃષ્ણ આ પવિત્ર બ્રાહ્મણો પાસે શેઠે રસોઈ કરાવી. નીલકંઠ વર્ણીની પાસે બેઠેલા શિવાશા અને ગોવિંદ શેઠ નીલકંઠ વર્ણી તરફ એક દૃષ્ટિએ જોઈ રહ્યા હતા. તેથી નીલકંઠ વર્ણીએ કહ્યું, શેઠ બહુ જ જન્મોના અંતે જે જ્ઞાની થાય છે તે પરમાત્માને પામે છે. માટે પરમાત્માને પામવાનું સાધન જ્ઞાન છે. અને જ્ઞાનને પામવાનું સાધન પ્રગટ પરમાત્મા અથવા તેમની સાથે એકાત્મભાવ જેમણે સિદ્ધ કર્યો હોય તેવા પરમ એકાંતિક સંત છે. પૂર્વના સંસ્કારથી પ્રગય ભગવાન કે તેમના સંત મળે છે. પરમાત્મા અથવા તેમના સંત મુમુક્ષુને બુદ્ધિયોગ આપે છે. તે બુદ્ધિથી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે. તે જ્ઞાનથી પરમાત્માના સ્વરૂપનું વિજ્ઞાન સાક્ષાત્કાર થાય છે ત્યારે જીવનો મોક્ષ થાય છે.

બંને વણિક ભક્તો મુમુક્ષુ હતા. તેમને આ વર્ણીની વાતમાં રસ પડયો. તેમની કૃપાથી તેમની બુદ્ધિ સતેજ થઈ ગઈ અને તેથી આ વર્ણીના સ્વરૂપનું તેમને જ્ઞાન થયું. તેમના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા વર્ણીને અહીં રોકી દેવા. તેમનો વિચાર પારખી નીલકંઠ વર્ણીએ કહ્યું, પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર તો તેમના સંબંધવાળા સંતને મળે અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તાય ત્યારે થાય.

રસોઈ તૈયાર થઈ એટલે નીલકંઠ વર્ણીએ શાલિગ્રામને થાળ ધર્યો ને પોતે બધુ અન્ન ભેગુ કરી તેમાં પાણી નાખી ચોળીને પી ગયા. વિપ્રોએ કહ્યું, મહારાજ ! મહામહેનત કરીને અમે એક એક વાનગી તૈયાર કરી, આપને જમાડવાના ઉમંગથી સ્વાદિષ્ટ બનાવી અને આપ તો બધું ચોળીને પાણી નાખીને પી ગયા !

વર્ણી આ સાંભળી હસ્યા ને કહ્યું, સ્વાદનો વિચાર કરીએ તો વૃત્તિ સ્વાદમાં જાય. વૃત્તિને તો સદા પ્રભુના સ્વરૂપમાં જ રાખવી. એક ક્ષણ પણ તેમના સ્વરૂપમાંથી વૃત્તિ ચલાયમાન થવા ન દેવી. એમ ઘણો ઉપદેશ કર્યો. વિપ્રો અને વિણકો નીલકંઠ વર્ણીની વાણીનું રહસ્ય સમજી ગયા. વણિક ભક્તોનો ભાવ જોઈ વર્ણીરાટ ત્યાં રાત્રિ રોકાયા. બીજે દિવસે ત્યાંથી વહેલી સવારે નીકળી રાજઘાટે જઈ સ્નાન કર્યું. તે સમયે સ્નાનાદિક ક્રિયા કરતા દૈવી જીવોએ વર્ણીના દર્શન કર્યાં. તેમની પાસે આવી વ્રત ધારણ કર્યાં. વર્ણીરાજ તે પછી નિત્યકર્મ પતાવી ત્યાંથી માલેગામ તરફ પધાર્યા.

માલેગામમાં

મોસમ ગંગાની પાસે પશ્ચિમ તરફના એક શિવાલયમાં વર્ણીરાજ ઉતર્યા. અહીં એકાંત હતું. પાસે નદી હતી તેમને આ સ્થળ પસંદ પડી ગયું. તેઓ નદીમાં ત્રણ વખત સ્નાન કરતા. ત્રણ વખત વિષ્ણુની પૂજા કરતા. પૂજા બાદ પંચાધ્યાયીનો પાઠ કરતા. મુમુક્ષુઓની રાહ જોતા. જે આવતા તેમને ભગવત્‌ની વાતો કરી તેમના સંસ્કાર જાગ્રત કરતા. અહીં પાંચ રાત્રિ રહ્યા. મુમુક્ષુઓ આવતાં આળસ્યા એટલે નીલકંઠ વર્ણીએ પણ નીકળવાની તૈયારી કરી.

નીલકંઠ વર્ણી દિશા બાંધીને ચાલતા અને પોતે નક્કી કરેલા સ્થળે અચૂક પહોંચી જતા. રસ્તામાં કોઈને તેઓ માર્ગ પૂછતા નહિ. માલેગાંવથી નીકળી સીધા દંડકારણ્યની વાટે તેમણે મજલ શરૂ કરી. થોડા દિવસમાં દંડકારણ્ય આવી પહોંચ્યા.ત્ર્યંબકેશ્વર પધાર્યા. પછી અહીં ત્ર્યંબકેશ્વર મહાદેવના દર્શન કર્યાં. પછી ત્યાંથી નીકળી ગયા. માર્ગમાં આવતા વનમાં ફરતાં ફરતાં ધર્મપુર પધાર્યા. વનપર્વતની શોભા જોઈ નીલકંઠ વર્ણીને આનંદ થયો. વનની ઝાડીમાં ફરતાં ફરતાં વર્ણીરાટ ત્યાંથી સીધા સુરતપુર આવી ગયા.

પુણ્યભૂમિ ગુજરાત

સુરતમાં વર્ણીરાટ નિર્વાણના અખાડામાં અનેક જીવોના કલ્યાણને અર્થે અપાર કષ્ટ વેઠી નિલકંઠ બ્રહ્મચારી પશ્ચિમમાં મુમુક્ષુઓ છે તે જાણી ત્યાંજ વાસ કરવા છૈપયાથી નીકળ્યા હતા. ભારતીય તીર્થો અને સંતો, મઠાધિપતિઓને નિહાળવા, તેમની રીતિ નિતિ જાણવા જો કોઈ સંસ્કારી મુમુક્ષુ મળી જાય તો તેનું કલ્યાણ કરવા નીલકંઠ વર્ણીએ ઉત્તર ભારતમાંથી પૂર્વ અને દક્ષિણ ભારતમાં પદયાત્રા કરી વચ્ચે મળેલા આસુરીજનોનો નાશ કર્યો. દૈવી જીવોનું કલ્યાણ કર્યું. છતાં એકપણ સ્થાન એમને એવું ન મળ્યું કે જયાં રહી ભાગવત ધર્મનું પ્રસારણ થાય અને અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ થાય.

ગુજરાતની પુણ્યભૂમિ જયાં શ્રીકૃષ્ણએ દ્વારિકા વસાવી, જયાં મૂચકુંદરાજાએ તપ કર્યું, જયાં નરસૈયાએ ભક્તિની છોળો ઉડાડી, જયાં મીરાએ અંતિમ વાસ શોધ્યો તે પવિત્ર ભૂમિમાં તેમનું મન ઠર્યું. અહીં તેમને અનેક મુમુક્ષુઓ મળવાના હતા. તેમના દ્વારા તેમને કાર્ય કરવું હતું. તે મિલનનું સ્થાન હજુ દૂર હતું.

સુરતથી તેઓ નીકળ્યા, અશ્વિનીકુમારને આરે પહોંચ્યા. તાપીમાં બે કાંઠે નીર હતા, તાપીને કિનારે તેઓ આવ્યા. કિનારેથી થોડે આગળ ચાલ્યા એટલે લોકોએ તેમને વાર્યા. સાધુરામ ! નદીમાં પાણી ભરપૂર છે. તરાપો આવવા દો. પણ નીલકંઠ વર્ણી તો સ્વયં તરાપા સમાન હતા તેથી તેમને તેની અપેક્ષા નહોતી. તેઓ આગળ ચાલ્યા. લોકોએ જાણ્યું કે કોઈ અડબંગી લાગે છે. ભગવાનને ખોળવા આકાશ તરફ દૃષ્ટિ કરતા, મૂર્તિમાં ભગવાનને ભાળવા અનેક સાધનો

કરતા. આજે જયારે ભગવાન સ્વયં મનુષ્યરૂપે પધાર્યા ત્યારે અડબંગી સમજી તેની ઉપેક્ષા કરતા. માનવીમાં રહેલું કાજળઘેરું માયાનું પડળ અભેદ્ય હોય છે.

નીલકંઠ વર્ણીને તેમની દયા આવી. તેઓ હસ્યા. છતાં તેઓ જાણતા હતા કે આ પ્રદેશના માનવીનું અંતર કોમળ છે. માયાના પડળ ભેદાશે, અંતરમાં તેજ પ્રગટશે ત્યારે ભગવાન ઓળખાશે. તેમણે પાણીમાં પડતું મૂક્યું અને પાણી ઉપર જાણે ડગ દઈને ચાલતા હોય તેમ સામે કાંઠે સડસડાટ કરતાં પહોંચી ગયા. બંને કિનારા ઉપર ઉભેલા લોકો આશ્ચર્યવત્ નીલકંઠ વર્ણીને જતા જોઈ રહ્યા.

ભૃગુતીર્થમાં

વર્ણીરાટ થોડો સમય ત્યાં વિશ્રામ કરી ત્યાંથી ચાલી નીકળ્યા અને નર્મદાતીરે પધાર્યા. અહીંથી વહાણમાં બેસી સામે તીરે ભરૂચ પધાર્યા. ભરૂચથી પીપળી ગામે ગયા. ગામના પાદરે ત્યાં ક્ષત્રિય ગુલાબસિંહ તેમને મળ્યા. ગુલાબસિંહને વર્ણીની મૂર્તિ કાંઈક નવીન લાગી. બીજા ઘણા સંતો મહંતો તેણે જોયા હતા. પરંતુ આ કિશોરકાય વર્ણી તેમને તે બધાથી જુદા દેખાયા. તેમને હાથ જોડીને કહ્યું, મહારાજ ! મારા ઘરે પધારો તો બ્રાહ્મણ પાસે રસોઈ કરીને જમાડુ.

અમને જંગલના ઝાડ જેટલા પસંદ છે તેટલા વસ્તીના ઘર પસંદ નથી નીલકંઠ વર્ણીએ જવાબ આપ્યો. ગુલાબસિંહ મૂંઝાયા. તેમણે નક્કી કર્યુ હતું કે આ યોગીને એમનમ જવા દેવા નથી તેથી ફરી હાથ જોડી કહ્યું, મહારાજ મારા ખેતરે પધારો ત્યાં પુષ્કળ ઝાડ છે. ત્યાં ઝાડની ઘટા નીચે વિશ્રામ કરજો. નીલકંઠ વર્ણી ખેતરે ગયા, ઝાડ નીચે બેઠા એટલામાં ગુલાબસિંહ રસોઈની સામગ્રી લઈ આવ્યો. ત્યાં ચૂલો ચેતાવી રસોઈ કરી, પછી શાલિગ્રામને નૈવેદ્ય ધરાવ્યું અને પોતે થોડું જમ્યા. બાકીની રસોઈ તેમને ગુલાબસિંહને આપી દીધી.

ગુલાબસિંહ વર્ણીની ક્રિયા જોઈ મુગ્ધ થઈ ગયા. રસોઈની ક્રિયા ઉતાવળે સુઘડ રીતે કરવાની તેમની રીત ઠાકોરજીને નૈવેદ્ય ધરાવવામાં અપૂર્વ ભક્તિભાવ, નૈવેદ્યની પ્રસાદી લાકડાના પાત્રમાં ભેગી કરી, તેમાં પાણી નાંખી નિઃસ્વાદી બનાવી ગ્રાસે ગ્રાસે નારાયણના જાપ સાથે જમવાની રીત આ બધાથી આ વર્ણી તેમને બીજા કરતાં કાંઈક જુદા જણાયા. ત્યાગની તેમની છટામાં તેમને બૃહદ વૈરાગ્યનો ભાવ દેખાયો. જગત પ્રત્યે વિરક્તિ હતી ને ભગવાન પ્રત્યે ભક્તિ હતી. તમોગુણનો વેગ નહોતો. ગુલાબસિંહને થયું આ વર્ણીને અહીં રાખી દેવા. તેમને બે હાથ જોડી પ્રાર્થના કરી મહારાજ અહીં રહો તોજ રોજ રસોઈની સામગ્રી લાવીને આપની સેવા કરું.

વર્ણી તે સાંભળી હસ્યા. <u>તેમણે કહ્યું, સારી સારી રસોઈ જમવી હોત તો માર્ગમાં ઘણા રાજાઓ મળ્યા હતા, તેમનો રોકવાનો આગ્રહ પણ ઘણો હતો. પણ અમારે ભાગવત ધર્મ સ્થાપવો છે, અક્ષરની વાત વહેતી મૂકવી છે.</u> ગુલાબસિંહને વર્ણીના શબ્દો ન સમજાયા. તેનું અંતર તેમના દર્શન કરી તેમની ક્રિયા જોઈ કોમળ બન્યું હતું. એટલામાં નીલકંઠ વર્ણી ઉભા થઈ ગયા અને ગુલાબસિંહને બે હાથ જોડી નમો નારાયણ કહી ત્યાંથી ઉતાવળે ચાલતા થયા.

નર્મદાના તટે ઉત્તર તરફ ચાલતા મહાપ્રભુ તવરા પધાર્યા. કહેવાય છે કે કપિલજીએ અહીં તપ કર્યું હતું. અહીં નર્મદામાં કપિલેશ્વરના દર્શન કરી, સ્નાન કરી ત્યાંથી વર્ણીરાજ શુકલતીર્થ પધાર્યા.

શુકલતીર્થમાં

શુકલતીર્થ એ નર્મદા નદી ઉપરનું શ્રેષ્ઠ તીર્થ છે. અહીં મુખ્ય મંદિર શુકલનારાયણનું છે. જેમાં નારાયણની ચર્તુભૂજ મૂર્તિ છે. આ સ્થાન ઉપર કહેવાય છે કે ચંદ્રગુપ્ત અને ચાણક્યે સ્નાન કર્યું હતું. જાબાલિએ અહીં તપ કર્યું હતું. ૐકારેશ્વર, આદિત્યેશ્વર તથા ગોમેશ્વરના મંદિરો અહીં છે. નીલકંઠ વર્ણીએ અહીં દરેક મંદિરમાં દર્શન કર્યા. યાત્રિકોએ આ નવીન સાધુને જોયા, સ્હેજે જ તેમના તરફ આકર્ષાયા. પરંતુ નમસ્કાર કરી પોતાની વાટ પકડી.

અહીં થોડો સમય રોકાઈ વર્ણીરાટ અંબાલિ ગામે પધાર્યા. <u>ત્યાં પાટીદાર કેશવલાલની સ્ત્રી રાજબાઈ પૂર્વના જાગ્રત થયેલા સંસ્કારના બળથી પરમાત્માની પ્રાપ્તિ માટે વ્રત તપ કરતી હતી. તેના પૂણ્યકર્મનું ફળ આપવા, પોતાનું પ્રગટ દર્શન દેવા નીલકંઠ વર્ણી તેના ઘરે ગયા.</u>

ભારતના અનેક તીર્થોમાં તેઓ ફર્યા. ઘણા મુમુક્ષુઓને તેમનો યોગ પણ થયો પણ કોઈના ઘરે સામે ચાલીને તેઓ ગયા નહોતા. આજે રાજબાઈની ભક્તિના ભાવથી તેઓ સામે ચાલીને તેને ઘેર પધાર્યા. રાજબાઈએ આ વર્ણીને જોયા ને જે સ્વરૂપને પામવા તે ઈચ્છતી હતી તે સ્વરૂપની તે પ્રાપ્તિ આજે તેને થઈ ગઈ. તેને લાગ્યું કે તેના તપની આજે સમાપ્તિ થઈ. તે કૃત્યકૃત્ય થઈ ગઈ.

પ્રભુના ચરણ ધોઈ તેમને ઘરમાં પધરાવ્યા. પોતાની લાડલી ગાય જેનું દુધ હંમેશા ઠાકોરજીને ધરાવતી હતી તે ગાયને દોઈ તાજુ દુધ વર્ણીને આપ્યું. વર્ણીએ પ્યાલો હાથમાં લઈ હસતાં હસતાં પૂછયું દુધ ઠાકોરજીને ધરાવ્યું ? રાજબાઈએ એટલા જ ભાવથી કહ્યું, ઠાકોરજી સાક્ષાત્ પધાર્યા છે તે આજે સાક્ષાત્ દુધ આરોગશે. રોજ તો દૃષ્ટિ પ્રસાદી કરી મને પાછું આપી દેતા હતા પણ આજે મારો ભાવ પૂરો કરશે.

આ ભાવવિભોર નીલકંઠ વર્ણી સાંભળી પ્રસન્ન થયા. આ અંતિમ જ્ઞાન હતું. રાજબાઈના અંતરમાં આ જ્ઞાનની સ્ફૂરણા થઈ હતી. સર્વ વેદોથી જાણવાનું સ્વરૂપ તેને આજે જાણી લીધું હતું. તેને કહ્યું, મહારાજ આપ અહીં રહો હું આપને રોજ દુધ પાઈશ. નીલકંઠ વર્ણીને તેનો ભાવ ખપતો હતો. તેમણે કહ્યું, અમારે અહીંથી અનસૂયા જવું છે પણ દુધ પીવા તો રોજ અમે આવીશું. રાજબાઈનો અંતરનો આનંદ તેના ચક્ષુમાં આવીને સમાઈ ગયો. તેના ગાત્રો રોમાંચિત થઈ ગયા. મીઠી એક ધ્રુજારીથી તેનું શરીર કંપી ઉઠયું. આંખો ભરી ભરી વર્ણીના સ્વરૂપને આજે પી લેવા તે અધીરી બની ગઈ હતી. પણ વર્ણીને તેની તૃષા અતૃપ્ત રાખવી હતી. તે દુધ પીને તરત જ ત્યાંથી ચાલી નીકળ્યા.

વર્ણી અંબાલિથી અનસૂયા પધાર્યા. નર્મદાના દ્વીપમાં કોટીશ્વરની સામે આ તીર્થ આવેલું છે. ચાણેદથી યાત્રિકો હોડી દ્વારા અહીં આવે છે. અહીં અત્રિ ઋષિનો આશ્રમ હતો. અનસૂયા માતાનું મંદિર છે. મહાપ્રભુ રોજ નર્મદામાં સ્નાન કરતા. અને રાજબાઈના ઘેર અંબાલિ જતા. સાત દિવસ સુધી આ ક્રમ ચાલ્યો. પછી નીલકંઠ વર્ણી અનસૂયાથી નીકળી વ્યાસતીર્થ ગયા.

ચાણોદમાં

વ્યાસતીર્થથી નીકળી મહાપ્રભુ ચાણોદ ગયા. ચાણોદ એ તીર્થભૂમિ છે. અહીં સાત મુખ્ય તીર્થ છે. ચંડાદિત્ય ચંડ અને મુંડ દૈત્યોએ સૂર્યની ઉપાસના કરી હતી. તેથી તે સ્થાન ઉપર ચંડાદિત્ય મંદિર છે. ભગવાન વિષ્ણુએ તાલમેઘ દૈત્યને મારીને પોતાનું ચક્ર અહીં ધોયુ હતું. તેથી આ સ્થાનને ચક્રતીર્થ કહે છે. તે ઉપરાંત કપિલેશ્વર, પિંગલેશ્વર વગેરે તીર્થો ચાણોદની ભૂમિમાં છે. નીલકંઠ વર્ણીએ અહીં સાતેય તીર્થોના દર્શન કર્યા.

તીર્થોને તીર્થત્વ અર્પી પોતે ત્યાંની કન્યાળી (કરનાળી) પધાર્યા. ચાણોદથી લગભગ એક માઈલ દૂર નર્મદાના ઉત્તર તટ પર કરનાળી તીર્થ છે. અહીં

સોમનાથનું પ્રાચીન મંદિર છે. ચંદ્રમાએ અહીં તપ કર્યું હતું. અહીં ચંદ્રગ્રહણના સ્નાનનો મહિમા છે. વર્ણી સોમનાથના દર્શન કરી નીકળી ગયા. ડભોઈ રાત રહી વડોદરા પધાર્યા.

વડોદરામાં

વડોદરા શહેરની વચ્ચે માંડવીનો ૧૬ સ્તંભનો દરવાજો છે. તે દરવાજા નીચે નીલકંઠ વર્ણીએ મુકામ કર્યો. તેઓ ત્યાં પધાર્યા ત્યારે સંધ્યાટાણું થઈ ગયું હતું. છતાં સંધ્યાના આછા ઉજાસમાં પણ તેમની કાંતિએ જાદુ કર્યું. માંડવીના દરવાજા આગળ ભીડ થવા લાગી. તેમના સ્વરૂપમાં કોઈને દેવિ વિભૂતિનો ભાસ થયો. જ્યારે કોઈને રાજકુમારની પ્રતિભાનો ખ્યાલ આવ્યો. કોઈ કુતુહલથી ટોળાની અંદર દાખલ થઈ વર્ણી પાસે પહોંચી ગયા. તેમની પાસે જઈને કહ્યું, પ્રભુ આપ અહીં રહેશો ? અમારા નગરમાં ઘણા સાધુબાવા, વેરાગીઓ આવે છે પણ આપ કંઈક જુદા દેખાવ છો.

એટલામાં બીજો બોલી ઉઠયો ભાઈ આપણા સયાજીરાવ મહારાજને હજું ખબર પડી નથી. નહિ તો આ તપસ્વીને તેમના દરબારમાં જ લઈ જાય. વર્ણીએ તેમના કોલાહલને સમાવવા કહ્યું, તમારા સૌનો ભાવ છે તો અમે ફરી આવીશું.

એટલામાં સામેની દુકાનનું બારણું ખૂલ્યું અને દુકાનનો માલિક અમીચંદ ત્યાં ટોળા પાસે આવ્યો. અમીચંદના હાથમાં ફાનસ હતું. તેને વર્ણીનું મુખારવિંદ જોયું જાણે અનંત સૂર્યનો પ્રકાશ તેમાંથી નીકળતો હોય તેવી જ્યોત તેને જોઈ. તે વણિક હતો છતાં તેનામાં વણિકને સહજ એવી વેપારી વૃત્તિ નહોતી. તેના અંતરમાં પ્રભુ પ્રાપ્તિની ઝંખના હતી. તેની સ્ત્રી પણ એવી ભાવિક હતી.

તેને ધીરે રહીને વર્ણીરાટનો ચરણસ્પર્શ કર્યો. વર્ણીએ તેના તરફ દ્દષ્ટિ કરી. એટલે અમીચંદે હાથ જોડીને પૂછયું, મહારાજ આપ કંઈ જમશો ? નીલકંઠ વર્ણીએ કહ્યું, જે તૈયાર હોય એ લાવો. તેણે ઘરે જઈને પોતાની સ્ત્રીને પૂછયું, રસોઈ તૈયાર છે ? ખીચડી બનાવી છે ? ઝટ થાળીમાં ખીચડી પીરસ..બહાર મોટા જોગી આવ્યા છે તેમને જમાડવા છે. અમીચંદને ઉતાવળ હતી.

અમીચંદની સ્ત્રીએ પણ યોગીને જોઈ લીધા હતા. તેના અંતરમાં રહેલી જગતની વાસના યોગીના દર્શન માત્રથી ટળી ગઈ હતી. તેથી તેને અપાર શાંતિનો અનુભવ થયો. તરત જ તેણે થાળીમાં ખીચડી પીરસી. એક વાડકીમાં ઘી મૂક્યું. અમીચંદ થાળી લઈને બહાર ગયો. વર્ણીએ વાડકીમાં બે આંગળી બોળી ખીચડીમાં ઘી નાંખ્યું. બે ગ્રાસ જમી ચળુ કર્યું. અમીચંદ તે પ્રસાદી ઘેર લઈ ગયો. તેની સ્ત્રીએ તરત થાળી લઈ લીધી ને આ મહાપ્રસાદ જમી જવા નક્કી કરી લીધું.

અમીચંદ વર્ણીના વિચારમાં પ્રસાદ ભૂલી ગયો પરંતુ તેની પત્ની પ્રસાદની ખીચડી ને ઘી જમી ગઈ. કામવાસનાની પ્રબળતાથી પીડાતી તે સ્ત્રીના અંતરમાં આ મહાપ્રસાદે જાદુ કર્યો. તેની મિથુની ગ્રંથિ જ ઓગળી ગઈ. અને અનિર્વચનીય શાંતિના આનંદનો અનુભવ તે કરવા લાગી. તેને થયું કે તપસ્વીને આજે ફક્ત ખીચડી જમાડી પણ આવતીકાલે પકવાન જમાડવા છે. આ વિચાર તેના પતિને કહ્યો અને વહેલી સવારે તપસ્વીને ઘેર લઈ આવવા કહ્યું.

વહેલી સવારે નીલકંઠ વર્ણીએ નીકળવાની તૈયારી કરી એટલામાં અમીચંદ આવી પહોંચ્યા. તેણે હાથ જોડી સ્તુતિ કરી મહારાજ આપને પકવાન જમાડવાની અમારી ઈચ્છા છે તો અમારું ભોજન જમ્યા પછી જ આપ નીકળો. એટલે નીલકંઠ વર્ણીએ કહ્યું, અત્યારે તો અમે જઈશું. ઘેર તીર્થ આવ્યું છતાં કોરા રહી ગયા. વણિકે ગદ્ગદભાવે કહ્યું. વર્ણીએ તેને માથે હાથ મૂકીને કહ્યું, અમીચંદ તારી પાસેથી મારે સેવા લેવી છે તે ભવિષ્યમાં લઈશ. પણ ભવિષ્યમાં મારા દેહનો શો ભરોસો..તારો દેહ ત્યાં સુધી રાખવો તે અમારા હાથમાં છે. આ વચન સાંભળી વણિક બે ડગલા પાછો ખસી ગયો. તેને લાગ્યું કે નક્કી આ ભગવાન જ છે. કાળને પાછો ઠેલી શકે એ શક્તિ તો એક ભગવાન પાસે જ છે.

તેણે કહ્યું, મહારાજ હું આપની કઈ એવી સેવા કરી શકુ ? નીલકંઠ વર્ણીએ હસતા હસતા કહ્યું, તારે ત્યાં લક્ષ્મીનારાયણની મૂર્તિ પૃથ્વીમાં દાટેલી પડી છે તે મૂર્તિ હું મારા સાધુને મોકલીને મંગાવી લઈશ. અમીચંદને આ સાંભળી આશ્ચર્ય થયું. તેના ઘરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિ છે તે તેના સિવાય બીજું કોઈ જાણતું નહોતું. શ્રીમંત સરકારના ફરમાનની બીકથી તે મૂર્તિઓ તેના પિતાએ ભૂગર્ભમાં દાટી દીધી હતી. વર્ણીના સ્વરૂપ સંબંધી તેને કરેલો નિશ્ચય તેમના આ શબ્દોથી દૃઢ થયો. તેણે કહ્યું, ભલે મહારાજ ! જેવી આપની ઈચ્છા. મારી જાતને હું ખરેખર ધન્ય માનું છું કે હું એ રીતે સેવા કરી શકીશ. વર્ણી આશીર્વાદ આપી ત્યાંથી ચાલી નીકળ્યા.

માળવાના પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળતી મહિ નદીનું ગુજરાતમાં બહુ જ મહાત્મ્ય છે. મહી એ ચાર યુગની દેવી કહેવાય છે. નીલકંઠ વર્ણીએ અહીં સ્નાન કર્યું. કાંઠાળ પ્રદેશના બારૈયા અને પાટણવાડીયા કોમની ચોરી, છિનાળ પ્રવૃત્તિના પાપ ધોવા મહી સ્થિરભાવે વહી રહી હતી. પણ એ વહનમાં ઉદાસીનતા હતી. પોતાના આશ્રિતોના સ્વીકારેલા પાપથી તે ક્યારે મુક્ત થશે ? એ વિચારથી સદા તપ્ત રહેતું તેનું હૈયું આજે નીલકંઠ વર્ણીના દિવ્ય સ્પર્શથી શાંત થઈ ગયું.

નીલકંઠ વર્ણી મહિસાગર ઉતર્યા. ત્યાં ચરોતરના નાવલી ગામમાં પાટીદાર ભક્ત લાલદાસે તેમને જોયા. લાલદાસને આનંદ થયો. તે એકદમ દોડયા ને વર્ણી પાસે આવ્યા. આ એક જ મુમુક્ષુ માટે તેઓ અહીં આવ્યા હતા. લાલદાસે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. પ્રભુ ભોજન તૈયાર છે. વર્ણી હસ્યા..તેમણે કહ્યું, અમે ભોજન માટે નહિ પણ તમારા માટે આવ્યા છીએ. લાલદાસના આનંદનો પાર ન રહ્યો. મહારાજ મારા અંતરમાં પણ એમ લાગે છે કે જાણે કેટલાય જુગથી હું આપની રાહ જોતો હોઉં ને આજે આપ મળી ગયા.

તેણે નીલકંઠ વર્ણીનો હાથ પકડયો મહારાજ આપ જમવા પધારો. મારો યજ્ઞ આજે પૂરો થયો. નીલકંઠ વર્ણી તેમની સાથે ગયા. બ્રાહ્મણોએ આ તેજસ્વી તપસ્વીને જોઈ તરત જ ઉદ્ઘોષ કર્યો હર હર મહાદેવ..આ ઉદઘોષથી નીલકંઠ વર્ણી તેમના સામું જોઈ હસ્યા. બ્રાહ્મણોને પ્રતીતિ થઈ કે નક્કી આ મહાદેવ જ છે. નીલકંઠ વર્ણી સામે લાલદાસે ભાવપૂર્વક અન્નકૂટ પૂર્યો પણ વર્ણીએ તેમાંથી અલ્પ સામગ્રી લઈ પત્તરમાં નાંખી તેમાં પાણી નાંખીને પી ગયા. લાલદાસ આ જોઈ રહ્યા. તે વિચારમાં પડી ગયા. તેને વર્ણીના ચરણ પકડી લીધા. પ્રાર્થના કરતાં કહ્યું, મહારાજ ! મારો મોક્ષ કરજો. તારો મોક્ષ કરવા તો અમે અહીં આવ્યા છીએ. પરંતુ તારા સમગ્ર કુંટુંબનો મોક્ષ કરે એવો મુક્ત તારે ત્યાં જન્મ લેશે એવા અમારા આશીર્વાદ છે.

લાલદાસને અભયપદ આપી નીલકંઠ મહાપ્રભુ ત્યાંથી નીકળી સીધા બામણ ગામ પહોંચ્યા. પાદરમાં આવતા જ શિવજીને બલિપત્ર ચઢાવવા ગયેલા ખોડા પંડયાની નજર આ વર્ણી ઉપર પડી. આ તપસ્વીને જોયા, નિરાળી જાત જણાઈ. તરત જ તેમની સન્મુખ ગયા, હાથ જોડી પ્રાર્થના કરી મહારાજ મારી ઘરે પધારો. નીલકંઠ વર્ણીએ તરત જ હા કહી. ખોડાપંડયા આગળ ચાલવા લાગ્યા. નીલકંઠ વર્ણી તેમની પાછળ જવા લાગ્યા. વારેવારે પંડયાજી પાછળ જોતા જાય કે રખે તપસ્વી ચાલ્યા તો નથી જતા ને ?

નીલકંઠ વર્ણી તેની અધીરાઈ જોઈ હસ્યા. તેમણે કહ્યું, પંડ્યા હું તમારા ઘરે નાહી, નિત્યકર્મ કરી, જમીને પછી જ જઈશ. તમે નિરાંત રાખો. પંડયાને આશ્ચર્ય થયું આ તપસ્વી મારું નામ ક્યાંથી જાણે ? તેને પરમેશ્વર પધાર્યાની ખાતરી થઈ.

ખોડા પંડયાને ઘેર નીલકંઠ વર્ણી પધાર્યા. એણે ગરમ પાણી કરી વર્ણીને નવરાવ્યા. વર્ણીએ વિષ્ણુની પૂજા કરી. ઘરમાં મઠની દાળ ને રોટલો બનાવ્યા હતા. તેમણે તરત જ ક્હ્યું, મઠની દાળને રોટલો લાવો. પંડ્યા ન છૂટકે મઠની દાળ ને રોટલો લાવ્યા. વર્ણી પોતાની રીત અનુસાર જમ્યા. અન્નમાં પાણી નાંખીને જમતા તેને આજ સુધી કોઈને જોયા નહોતા. નીલકંઠ વર્ણીએ ચળું કર્યુ ને જય સચ્ચિદાનંદ કહી ઉભા થયા. નીલકંઠ વર્ણીની ઉતાવળી ચાલની સાથે પંડયા કદમ મિલાવી ન શક્યા. એટલે દૂરથી જ નમસ્કાર કરી તે પાછા વળ્યા.

નીલકંઠ વર્ણી ત્યાંથી સીધા આણંદને માર્ગે ચાલ્યા. આણંદ શહેરમાં પહોંચ્યા પણ તેમનું મન ત્યાં માન્યું નહિ. ત્યાંથી તરત જ નીકળી ગયા ને સીધા ડાકોર પધાર્યા. અહીં રણછોડજીના દર્શન કર્યા. ભક્ત બોડાણાના પ્રેમની વશ થઈ ગૂગળી બ્રાહ્મણોની યંત્રવત્ પૂજા ને ભક્તિ હીનતાથી કંટાળી દ્વારિકાથી રણછોડરાય ડાકોર આવ્યા હતા. નીલકંઠ વર્ણીને જોઈ તેમને પણ તેમની સાથે રહેવાનું મન થઈ ગયું. નીલકંઠ વર્ણીએ સાનમાં સમજાવી દીધા. સમય આવ્યે તે પણ થઈ રહેશે.

<u>ઉમરેઠમાં</u>

ડાકોરથી વર્ણીરાટ આ.સં.૧૮૫૫ના ફાગણ સુદ ૧૧ના દિવસે સીધા ઉમરેઠ પધાર્યા. ખેડાવાળા બ્રાહ્મણોની આ નગરીમાં રણછોડરાય પોતે સ્વયં ગાડું ચલાવીને ભક્ત બોડાણાને તેમાં સુવરાવી લાવ્યા હતા. અહીં ગાડુ તેમણે ઉભું રાખ્યું હતું અને બોડાણાને જગાડયા હતા. ગાડામાંથી રણછોડરાય નીચે ઉતરીને ત્યાં ઉભા રહ્યા. તે જગ્યાએ એક નાનું મંદિર બનાવી તેમાં તેમની ચરણપાદુકા પધરાવી છે. શ્રી રણછોડરાય ભગવાનના પગલાં મંદિર તરીકે આ મંદિર ઓળખાય છે.

નીલકંઠ મહાપ્રભુ અહીં આવી જાગનાથ મહાદેવના મંદિરના ગર્ભદ્વારમાં જવાના બારણાની સામે ઓટલો હતો ત્યાં ઉતર્યા. સાંજે ભોળાનાથના દર્શન કરવા નરભેરામ દવે તથા રૂપરામ ઠાકર પોતાના નિયમ અનુસાર આવ્યા. <u>પાઘડી ઉતારી શિવને નમસ્કાર કરી કે હે ભોળાનાથ ! તમો પ્રસન્ન થાઓ તો અમને ભગવાન ભેટાડો.</u>

બહારથી શિવમહિમ્ન સ્તોત્રના પાઠના શબ્દો તેમને સંભળાયા. ઘેરા સૂરે બોલાતા આ શબ્દોમાં તેમને મીઠાશ લાગી. તેઓ શબ્દના રણકારની દિશામાં ગયા. નીલકંઠ વર્ણીને જોયા. માથા ઉપર શિવની જટા અને શરીરમાં તપ જોયું. તેઓ બંને તેમની પાસે આવીને બેઠા. થોડી વારે મૌન તોડીને નરભેરામે પૂછયું, <u>બ્રહ્મચારી તમે ક્યાંથી આવ્યા ?</u>

<u>'અનિર્દેશથી..' બ્રહ્મચારીએ ટૂંકો જવાબ આપ્યો.</u>

<u>ભારતની ભૂગોળનો આ બંને મહાનુભાવોનો આછો ખ્યાલ હતો. તેની સ્મૃતિ કરતાં તે બંનેના કપાળ ઉપર કરચલી પડી ગઈ. આંખો પણ સહેજ ઝીણી થઈ ગઈ. છતાં અનિર્દેશનો તેમને ખ્યાલ આવ્યો નહિ. એ દેશનો અણસાર તો અમને નથી આવતો. રૂપરામે મૂંઝવણથી કહ્યું.</u>

<u>'નહિ આવેગા. હમારા પરિચય ઠીક કરેગા, તબ ખ્યાલ આવેગા..'</u>

વિપ્રોને આ જરા વિચિત્ર લાગ્યું. રૂપરામે તરત જ પૂછયું, બ્રહ્મચારીજી કાંઈક જમશો ?

'આજે ઉપવાસ છે.'

તો ફળાહાર લાવી દઈએ..એમ કહી નરભેરામ ઉઠયા. ફળાહાર લાવીને નીલકંઠને આપ્યો. નીલકંઠ વર્ણીએ વિષ્ણુને નૈવેદ્ય ધરાવ્યું, થોડું જમ્યા અને બાકીની પ્રસાદી વિપ્રોને આપી દીધી.

બીજા દિવસે ઉમરેઠથી નીકળીને વર્ણીન્દ્ર ભગવાન ભાલેજ થઈ વડતાલ પધાર્યા. અહીં તળાવની પાળે બિરાજ્યા. વૃક્ષોની ઘટાથી સુશોભિત નાનકડા ગામની શોભા જોઈ નીલકંઠ વર્ણીના હૃદયમાં કંઈક અનેરો આનંદ થયો. તેમને અહીં ઠરીને ઠામ થવાનું મન થયું. પુણ્યવતી આ ભૂમિના સંસ્કાર તેમને બોલાવતા હતા. ત્યાંથી ઉઠયા, સામે કાંઠે મહાદેવજીને જળ ચડાવી, ત્યાંથી નીકળી પુરાણકાળના હિડંબાવનમાં પધાર્યા. અહીં ઘટાદાર બદરી વૃક્ષ પાસે આવ્યા. થોડીવાર સ્થિર થઈને ઉભા રહ્યા. પછી વૃક્ષ નીચે આવ્યા, મનોમન હસ્યા ને પાછા ફરીને તળાવની પાળે આવીને બેઠા.

<u>પ્રસંગ : ૫૪</u>

<u>તીર્થરાજ વડતાલમાં</u>

થોડીવારે ત્યાંના વાસી જોબન પગી નીકળ્યા. તેમણે આ તપસ્વીને દૂરથી જોયા. ચોર અને લૂંટારુઓનું પગેરું કાઢનાર પગીએ આજે વર્ણીરાટનું પગેરું પકડયું. ઘંધાના કીમિયાગરનો આજે ધંધો ફળ્યો. તે નીલકંઠ વર્ણીની નજીક આવ્યો. <u>આ જોબનના હાથ અનેકને નિર્દય રીતે રહેંસી નાખતાં કદી ધ્રુજ્યા ન હતા તે આજે નીલકંઠ વર્ણી સમક્ષ ધ્રુજતાં ધ્રુજતાં જોડાઈ ગયા.</u> નીલકંઠ વર્ણી તેમની મુખાકૃતિ જોઈને હસ્યા. તેના ઉપર ક્રૂરતાના ભાવોનો થર જામ્યો હતો. છતાં તે ક્રૂરતાનું કલેવર આજે ઓગળી ગયું. જોબને નીલકંઠ વર્ણીને સાષ્ટાંગ દંડવત્ કર્યા.

પછી ધીરેથી પાસે આવીને તેણે બે હાથ જોડી કહ્યું, પ્રભુ ! આપ બહુ દેશથી આવ્યા લાગો છો. નીલકંઠ વર્ણીએ હસતાં હસતાં ફક્ત ડોકું ધુણાવ્યું. તેણે ધ્રુજતા સ્વરે ફરી કહ્યું, આપ અહીં જ રહો, હું સ્થાન બનાવી દઉં.

નીલકંઠ વર્ણીએ તેનો ભાવ જોયો. <u>તેના સંસ્કાર બહુ જ ભારે હતા. તે સંસ્કારના બળે વર્ણીરાટ અહીં ખેંચાયા હતા.</u> તેમણે કહ્યું, હમણા તો નહિ પણ ફરી આવીશું ત્યારે તમારા ગામમાં જરૂર રહેશું. પગી નીચે બેસી ગયા ને કહ્યું, મહારાજ ! કાંઈક જમો તો મારે ઘેર રસોઈ બનાવરાવું. નીલકંઠ વર્ણીએ કહ્યું, અમે પોતે તારા ઘરે આવીને રસોઈ બનાવીશું. એમ કહી તેઓ ઉઠયા. જોબન પગીને આ પળ ધન્ય લાગી.

વર્ણી તેના ઘેર આવ્યા. જોબને રસોઈની સામગ્રી આપી પણ વર્ણીએ કેવળ બાટી જ બનાવી. ઠાકોરજીને નૈવેદ્ય ધરાવ્યું ને પછી પોતે અલ્પ જમ્યા. પ્રસાદી જોબનને આપી દીધી. જોબને પોતે થોડી પ્રસાદી લઈ વધેલી પ્રસાદી દર્શન કરવા આવેલા પોતાના સંબંધીઓને વહેંચી દીધી.

આ વખતે જોબનના ભાઈ દેવકરણને મનમાં સંકલ્પ થયો કે વર્ણી મારે ઘેર આવે તો સારું. વર્ણી તેનો મનોભાવ જાણી ગયા અને જોબનને કહ્યું, અમે આમને ઘેર જઈને થોડો આરામ કરશું અને પછી તીર્થ કરવા ચાલ્યા જઈશું. નીલકંઠ વર્ણીના આ શબ્દોએ દેવકરણ પગીના અંતરમાં પણ ભાવ પ્રગટાવ્યો.

મનની વાત જાણી જતા આ કિશોરવયના તપસ્વી પ્રત્યે તેનું અંતર કુમળું થઈ ગયું. પ્રેમ કે ભક્તિનો ભાવ કદી ન પિછાણનાર ચોરોને પણ માથાભારે નીવડેલા આ પગી કુંટુંબમાં નીલકંઠ વર્ણીના પ્રભાવે પરિવર્તન આણ્યું.

તે સમયે જોબનનો તીર ચાલતો હતો. તેની આણ ઠેઠ બંગાળ સુધી પ્રવર્તી રહી હતી. તેના તીરની ઉપેક્ષા કરીને કોઈ જીવતો રહી શકતો નહોતો. નીલકંઠ વર્ણી દેવકરણ પગીને ઘેર ગયા. રાત્રિ વિતાવી પરોઢિયે નીકળી સીધા બોચાસણ પધાર્યા.

તીર્થશ્રેષ્ઠ બોચાસણમાં

બોચાસણમાં ગામની ભાગોળે વડ નીચે નીલકંઠ વર્ણી બિરાજ્યા. તેમને આ ગામ રળિયામણું લાગ્યું. ચરોતરની પેચબંધ ઠસ્સાદાર પાઘડીઓથી શોભતા પાટીદારના મંડળો આ ગામમાં આજે ઉભરાયા હતા. નીલકંઠ વર્ણીને લાગ્યું કે ગામમાં કાંઈ પ્રસંગ હશે. ગામની સ્ત્રીઓ તળાવમાં પાણી ભરવા અને સ્નાન કરવા આવી એટલે નીલકંઠ વર્ણી ત્યાંથી ઉઠીને સામે રામજી મંદિરમાં ગયા. મંદિરના બાવા નરસિંહદાસે નીલકંઠ વર્ણીને આવકાર્યા.

પરંતુ નીલકંઠ વર્ણીની તેજસ્વી પ્રતિભા ગામના પાટીદારોને ખબર પડી ગઈ હતી. વેરીભાઈએ નીલકંઠ વર્ણીને નીરખીને ગામના મુખી કાનદાસ પટેલને આ વાત કરી. તે દિવસે તેમણે બ્રાહ્મણોની ચોરાસી કરી હતી. આ તપસ્વીને આમંત્રણ આપવા તેમણે તેમના પુત્ર કાશીદાસને બાવાજીની જગ્યામાં મોકલ્યા.

વર્ણીને જોઈ કાશીદાસ એક પળમાં તો ત્યાં જ સ્થિર થઈ ગયા. મનુષ્યમાં કદાપિ ન કલ્પેલી દિવ્યતા તેમણે નીલકંઠ વર્ણીમાં જોઈ. તે નીલકંઠ વર્ણી પાસે આવ્યા ને નમસ્કાર કરી સામે બેઠા. કાશીદાસના મનમાં ઘણા વખતથી વિચાર ચાલતો હતો કે કોઈ મોટાપુરુષ આ ગામમાં જરૂર આવવા જોઈએ. તેમણે રામજી મંદિરના બાવા નરસિંહદાસને કહી રાખ્યું હતું કે, કોઈ મોટાપુરુષ આ મંદિરમાં આવે તો મને ખબર આપજો. પણ તે યોગ આજે એકાએક આવી ગયો.

બાવા નરસિંહદાસને તો મોટાપુરુષને ઓળખવાની દૃષ્ટિ નહોતી. તેણે કાશીદાસને નીલકંઠ વર્ણીની સામે બેઠેલા જોઈ કહ્યું, મોટા ! કાલે જ આ છોકરું આવી ચડ્યું. વડ નીચે બેઠું હતું પણ આ પાણી ભરનારી બાઈઓને જોઈ અહીં નાસી આવ્યું. કાશીદાસને બાવાની આ અઘટ ભાષાથી હસવું આવ્યું. કાશીદાસે કહ્યું, નરસી આંખે દેખાતું ન હોય તો આંખ ફોડી નાખ..આ કાંઈ બાવા નથી. રામજીની આટલાં વરસ પૂજા કરી તોય અક્કલ ના આવી ? બાવો ચૂપ થઈ ગયો.

થોડીવારે નીલકંઠ વર્ણીએ આંખો ખોલી. તેમનું હૈયું પણ આનંદથી ઉભરાતું હતું. અનેક શુભ સંસ્કારોથી સભર બનેલા દેશમાં તેઓ આવ્યા હતા, જે દેશ તરફ તેમણે પોતાની જન્મભૂમિમાંથી જ દૃષ્ટિ કરી હતી. અહીં રહી તેમને કાર્ય કરવું હતું તેથી તેમને પહોંચી ગયાનો આનંદ હતો. વળી, તેમના કાર્યમાં સહાયભૂત થનારા મુક્તોનો સંબંધ થયાનો પણ તેમને આનંદ હતો. જોબન પગી અને કાશીદાસ પટેલ ભાગવત ધર્મ પ્રસારણના કાર્યમાં અડીખમ બનીને તૈયાર થઈ ગયા હતા.

કાશીદાસે વર્ણીને કહ્યું, સાધુરામ ! આજે અમારા તરફથી બ્રાહ્મણોને જમવાનું આમંત્રણ છે તો આપ પણ પધારો. નીલકંઠ વર્ણીએ પૂછ્યું, કેવા બ્રાહ્મણો જમે છે ? કાશીદાસ નીલકંઠ વર્ણીની હિંદી ભાષા સમજ્યા નહિ. પરંતુ તેમણે કહ્યું, શુદ્ધ બ્રાહ્મણો જમે છે. કાશીદાસનો જવાબ સાંભળી નીલકંઠ વર્ણીને નિરાંત થઈ. કારણ તેમણે માંસ અને મદિરામાં ચકચૂર બનેલા ઘણા બ્રાહ્મણોને જોયા હતા. નીલકંઠ વર્ણીએ કહ્યું, અમે બાવાજી સાથે આવીશું.

પ્રસંગ : ૫૫- કાશીદાસને ત્યાં નીલકંઠ વર્ણી દૂધ-ભાત જમ્યા

બાવાજી નીલકંઠ વર્ણીને લઈને કાનદાસને ઘરે ગયા. ઓસરી આગળ નીચે ફળિયામાં બંને બેઠા. કાશીદાસના માતુશ્રી નાનીબાએ નીલકંઠ વર્ણી તરફ દૃષ્ટિ કરી. તેના દૈવી સંસ્કારોએ તેના અંતઃકરણને જાગ્રત કરી દીધું. તે આ લોકનું ભાન ભૂલી ગયા. તેમને લાગ્યું કે તે કોઈ દિવ્ય લોકમાં છે. થોડીવારે તે સ્વસ્થ થયા. તેમને લાગ્યું કે નીલકંઠ વર્ણીને પીરસવાને બદલે મને આ શું થઈ ગયું ? નીલકંઠ વર્ણીએ ધીરે રહીને કહ્યું, મા ! લાડુ લાવ..

નાનીબા રસોડે લાડુ લેવા ગયા ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, હજી માતાજીને નૈવેદ્ય ધરવાનું છે. પછી લાડુ મળશે. આ સાંભળી નાનીબા અકળાયા. તે પાછા આવ્યા. તે જોઈ નીલકંઠ વર્ણીએ કહ્યું, હમ લાડુ નહિ ખાયેગા, દુધ ઓર ભાત લાવ..નાનીબાને થયુંકે રોચા બ્રાહ્મણોએ લાડુ આપવાની ના કહી એટલે નીલકંઠ વર્ણીએ દુધ-ભાત માગ્યાં. પણ ઘરમાં દૂધનું ટીપુંય નહોતું. ભેંસો પણ સીમમાં ગઈ હતી. છતાં તે તાંબડી લઈને બહાર નીકળ્યા. ત્યાં અચાનક તેમની ભેંસ ડેલીએ આવી. તરત જ દોહી નાનીબા દૂધ લાવ્યા ને નીલકંઠ વર્ણી દૂધ-ભાત જમ્યા. આ બધી સ્વાદિષ્ટ વસ્તુઓ છોડી નીલકંઠ વર્ણીને ફક્ત દૂધ-ભાત જમતા જોઈ બાવાજીને આશ્ચર્ય થયું.

નીલકંઠ વર્ણી ચળું કરીને ઉભા થઈ ગયા. નાનીબા તેમની પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું, બ્રહ્મચારીજી કાલે અહીં જમવા પધારજો. મારે તમને લાડુ જમાડવા છે. નીલકંઠ વર્ણીએ હસતાં હસતાં કહ્યું, મા અમો અહીં ફરી આવીશું. ઘણીવાર આવીશું. તમારે ત્યાં ઘર કરીને રહીશું. આ ગામ અમને બહુ જ ગમે છે. નાનીબાએ તરત જ કહ્યું, મહારાજ ! આ મારો કાશીદાસ તમને તેડવા આવશે.

નીલકંઠ વર્ણીએ કાશીદાસનું કાંડું ઝાલ્યું અને કહ્યું, આ તો અમારા જ છે અને અમારી બહુ સેવા કરશે. એટલું કહીને કાશીદાસને માથે તેમણે હાથ મૂક્યા. નાનીબાએ તરત જ કહ્યું, મહારાજ ! આ કાંડું એમ ને એમ ઝાલી રાખજો. નીલકંઠ વર્ણી તેમનો ભાવ સમજ્યા. પછી બાવાજી સાથે રામજી મંદિરમાં ચાલ્યા.

પ્રસંગ : ૫૬- (બોચાસણ આ મૂર્તિઓ ભવિષ્યમાં અહીં થનારા ભવ્ય મંદિરમાં બિરાજશે

સંધ્યાકાળે નીલકંઠ વર્ણીએ રામજી મંદિરમાં રામ, લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓની આરતી ઉતારી. પછી થોડી પળ રામ અને લક્ષ્મણની મૂર્તિઓ સામું સ્થિર દૃષ્ટિ કરીને જોઈ રહ્યા. બાવાજીને તેમની આ ચેષ્ટા ન સમજાઈ એટલે વર્ણીએ તેમને કહ્યું, આ મૂર્તિઓ ભવિષ્યમાં અહીં થનારા ભવ્ય મંદિરમાં બિરાજશે.

બાવાજીને આ અગમ વાણીમાં રસ નહોતો. તેને તો મૂર્તિઓમાં પણ રસ નહોતો. તેને ફક્ત પોતાની આજીવિકા માટે આ મંદિર અને મંદિરની મિલ્કતમાં રસ હતો. એટલે તેણે નીલકંઠ વર્ણીને કાંઈ જવાબ આપ્યો નહિ. નીલકંઠ વર્ણીએ રામકૃષ્ણ ગોવિંદની ધૂન બોલાવી. તેમના ભક્તિભાવથી ગામના લોકો રાજી થઈ ગયા ને કહ્યું, બ્રહ્મચારીજી અહીં જ રહી પડોને..! આ સાંભળીને બાવાજીને ધ્રાસ્કો પડયો. તેણે તરત જ હિંદીમાં કહ્યું, યે લડકા યાં રહીને શું કરશે ? અહીં તેની જરૂર નથી.

નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, અમે આવી નાની જગ્યામાં રહીએ એવા નથી. અમારે માટે તો અહીં મોટું ધામ થશે. (બોચાસણ)બાવાજીને આ સાંભળી નિરાંત થઈ.

બીજે દિવસે સવારે નીલકંઠ વર્ણી બોસાચણથી નીકળી ગયા. તે જ વખતે નાનીબાઈએ કાશીદાસને રામજી મંદિરે મોકલ્યા. કાશીદાસ આવ્યા ત્યારે

સમાચાર મળ્યા કે બ્રહ્મચારી વહેલી સવારે નીકળી ગયા છે. કાશીદાસને દુઃખ થયું. તેઓ તરત ઘરે આવ્યા. અત્યંત આતુરતાપૂર્વક બ્રહ્મચારીની વાટ જોતા બેઠેલા નાનીબાએ કાશીદાસને એકલા જોઈ પૂછ્યું, બ્રહ્મચારી આવે છે ને ? કાશીદાસે કહ્યું, એ તો વહેલી સવારે જ નીકળી ગયા છે. નાનીબાની આંખમાંથી આંસુ પડવા લાગ્યા. કાશીદાસે તરત જ કહ્યું, બા તમે રડશો નહિ હું બ્રહ્મચારીને ગમે ત્યાંથી શોધી લાવીશ.

પણ નાનીબાની ધીરજ ન રહી. નાનીબાએ કહ્યું, બેટા મારું અંતર કહે છે કે બ્રહ્મચારી ગયા નથી. બાવાએ તને ખોટું કહ્યું હશે એતો તળાવે નાહવા ગયા હશે. એમ કહી તે કાશીદાસ સાથે ભાગોળે આવેલા તળાવે ગયા. અહીં બધુ સૂમસામ હતું. તેમણે તળાવની ચારેકોર તપાસ કરી. તેમણે ઉત્તર તરફ ધૂળમાં પગલા જોયા. બ્રહ્મચારીના જ પગલા, તેમાં સોળ ચિહ્નો જોયા. નાનીબાને લાગ્યું કે જરૂર કોઈ મહાન ઈશ્વરાવતાર હોવા જોઈએ. નહિ તો ચરણમાં આ ચિહ્નો ક્યાંથી હોય ? તેમણે ફરી નિઃશ્વાસ નાંખ્યો. તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યા. બ્રહ્મચારીના ચરણની નિશાની પકડીને તે ઉત્તર તરફ ચાલવા લાગ્યા.

કાશીદાસ નાનીબાની આ સ્થિતિ જોઈ મૂંઝાયા. તેઓ પણ થોડે સુધી નાનીબાની પાછળ પાછળ ચાલવા લાગ્યા. એમ ચાલતા ચાલતા તેઓ ઘણા દૂર સુધી નીકળી ગયા. અને એકાએક બ્રહ્મચારીની છાપ અદૃશ્ય થઈ ગઈ. નાનીબા તેજ સ્થાને બેસી પડયા. તેમનામાં આગળ ચાલવાની શક્તિ ના રહી. કાશીદાસે કહ્યું, બા તમે ધીરજ રાખો. તમને બ્રહ્મચારીએ નથી કહ્યું કે અમે ફરી આવીશું. આ ગામ અમને બહુ જ ગમે છે ? ભાઈ એ તો મહાપુરુષના વાયદા..આપણને ધીરજ દેવા કહે પણ તેઓ ક્યાંય બંધાય એવા ન હોય. પણ કાશીદાસનું અંતર કહેતું હતું કે બ્રહ્મચારી જરૂર પાછા આવશે.

એટલામાં નાનીબાને કંઈક અવાજ સંભળાયો. તેમણે આજુબાજુ જોયું પણ ત્યાં કોઈ હતું નહિ. તેમણે અંતર સન્મુખ જોયું. તેમને લાગ્યું કે કોઈ તેમને સાદ કરતું હતું કે મા ! મૂંઝાશો નહિ. બોચાસણમાં આવીશ અને સ્થિર થઈને રહીશ. નાનીબાને લાગ્યું કે આ અવાજ બ્રહ્મચારીનો છે. તેમને શાંતિ થઈ. તેમણે કાશીદાસને કહ્યું, કાશીદાસ હવે ઘરે ચાલો. બ્રહ્મચારી કહી ગયા કે તેઓ ફરી આવશે ને અહીં જ રહેશે. કાશીદાસને આ સાંભળી આનંદ થયો.

તેણે નીલકંઠ વર્ણીના ચરણથી અંકિત થયેલી સોળ ચિહ્નયુક્ત ચરણારવિંદની ધૂળ વસ્ત્રમાં બાંધી લીધી અને ગામ તરફ આવ્યા.

નીલકંઠ વર્ણી દેવાણમાં

વર્ણીરાટ બોચાસણથી નીકળી દેવાણ ગયા. સીધા અહીંના નૃપ બહાદુરસિંહના દરબારમાં ગયા. દરબાર જાણે પૂર્વના ભક્ત હોય તેમ વર્ણી તેમની પાસે પહોંચી ગયા. અને તે કાંઈ પણ કહે તે પહેલા જ તેમને પૂછ્યું, આ રાજ્ય તમને કોણે આપ્યું ?

ક્ષત્રિયની જાત એક અજાણ્યા વર્ણીના પ્રશ્નથી સ્હેજ છેડાઈ જાય. પણ બહાદુરસિંહમાં ભક્તિના સંસ્કાર હતા. તે તરત જ ઉભા થઈ ગયા ને હાથ જોડીને કહ્યું, મહારાજ આપનું આપેલું રાજ્ય હું ભોગવું છું. વર્ણી તેમની સમજણથી રાજી થયા. પછી તેમણે કહ્યું, અમારું આપેલું રાજ્ય છે તો પ્રભુથી ડરીને રાજ્ય કરજો. પ્રજાને પુત્રની જેમ પાળજો, ધર્મ પાળજો અને પળાવજો. બહાદુરસિંહજીએ હાથ જોડી કહ્યું, આપનું વચન બરોબર પાળીશ.

<u>તેની મુમુક્ષુતાથી વર્ણીએ તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું.</u> બહાદુરસિંહજી નીલકંઠ વર્ણીના પરમાત્મા સ્વરૂપને પિછાણીને કૃત્યકૃત્ય થઈ ગયા. નીલકંઠ વર્ણીએ હાથ જોડી કહ્યું, અમો અહીં એક રાત્રિ રહીશું અને એક વખત ભોજન કરીશું. બહાદુરસિંહજીને લાગ્યું કે વર્ણીને આગ્રહ કરવો વ્યર્થ છે. તેમના કાર્યમાં બાધા નાખવાનું તેમને યોગ્ય ન લાગ્યું. તેને તો અચાનક આ લાભ મળી ગયો તેનો જ આનંદ હતો.

વર્ણીને ભાવતાં ભોજન જમાડયા. સૂવા માટે પલંગ આપ્યો. એમ અનેક રીતે સેવાનો લાભ આપ્યો. પરંતુ વર્ણી નિઃસ્પૃહ હતા.

પ્રસંગ : ૫૭ - બુધેજમાં વર્ણીએ સદાવ્રત માંગ્યું

બુધેજમાં

બીજે દિવસે બ્રાહ્મમુહૂર્ત પહેલા કોઈ ઉઠયું નહોતું ત્યારે વર્ણી દેવાણથી નીકળી ગયા. તેમણે સીધી ખંભાતની વાટ પકડી ખંભાત, અહીં બ્રહ્માજીની મૂર્તિના દર્શન કરી આ.સં.૧૮૫૫ ફાગણ સુદ પૂનમે બુધેજ ગયા.

બુધેજ ગામ વર્ણી સીધા ત્યાંના દરબાર રાઠોડ ખોડાભાઈના દરબારમાં ગયા. તે વખતે ખોડાભાઈ ડેલીમાં બેસીને નામું લખતા હતા. વર્ણીએ તેમને સાદ કર્યો પણ તેમણે જોયું નહિ. વર્ણીએ ફરી પૂછયું, અહીં સદાવ્રત ક્યાં મળે છે ? તેમણે લખતાં લખતાં જ જવાબ આપી દીધો : મહારાજ ! સામે ઘેર જાઓ ત્યાં સદાવ્રત મળશે. નીલકંઠ વર્ણી ત્યાં ગયા અને નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભોની આહ્લેક જગાડી. પણ દાસી ઘરમાં કામમાં હતી એટલે એણે અંદરથી જ જવાબ આપ્યો, બાવાજી જરા ખમો, આ સામેની ઓસરીમાં આંટા દ્યો..એટલામાં પરવારીને તમને આપું છું.

નારાયણ નારાયણ, હરિ હરિ કરતાં નીલકંઠ વર્ણી ઓસરીમાં આંટા દેવા લાગ્યા. સાત આંટા માર્યા પછી કડું પકડીને ઉભા રહ્યા. એટલામાં દાસી આવી. તેણે વર્ણીને જુવાર આપી. વર્ણી જુવાર જોઈ બોલ્યા, આનું શું કરવું ? કાંઈક સીધું આપો તો રસોઈ કરીને જમીએ.

દાસીએ નીલકંઠ વર્ણીની આ વરણાગી સાલી. તેણે ઉંચે સાદે કહ્યું, એ બાવાજી એમ સૌને સીધું દેવા બેસીએ તો ઉઠી જઈએ. તમારા જેવા તો કંઈક અહીં આવે છે. વર્ણી હસ્યા. તેમને લાગ્યું કે બધાને ભેખમાં બાવા જ જોવાની દૃષ્ટિ છે. ભગવાન જોવાની દૃષ્ટિ કોઈક પાસે જ છે. તેમણે કહ્યું, મા ! અમારા જેવા તો અમે એક જ છીએ. બીજા ભલે આવતા હોય પણ અમે સૌથી ન્યારા છીએ.

દાસીને આ માથાકૂટ પસંદ પડી નહિ. તેણે તરત જ કહ્યું, એ મહારાજ બીજા આવે છે તે પાડા જેવા જાડા, ઉંચા ને માતેલા સાંઢ જેવા હોય છે. ભેંસ ભડકી જાય તેવા ટીલા ટપકાં કરે છે. મુખે સરસ્વતી ભાખે છે, દોરાધાગા કરી ભોળાને ભરમાવે છે. એમનામાં ને તમારામાં ઝાઝો ફેર નથી. માટે લેવી હોય તો આ જુવાર લ્યો નહિ તો હાલવા માંડો..

વર્ણીને લાગ્યું કે ભેખનો ભાવ ભેખે જ ઘટાડયો છે. વર્ણી ત્યાંથી નીકળી ગયા. રાજાનું અને પ્રજાનું કલ્યાણ કરવા જુવારના થોડા દાણા મુખમાં મૂક્યા અને પછી ત્યાંથી ગામ બહાર ગયા. અહીં કૂવાનું પાણી પી વૃક્ષ નીચે બેઠા. સામે શમી વૃક્ષ ઉપર પારેવાં બેઠા હતા તેમને સદાવ્રતમાં મૂકેલી જુવાર નાખી દીધી. ગામ બહાર નીકળીને પાણી પીવા માટે કૂવા ઉપર કોસ ચાલતો હતો ત્યાં ગયા. તે વખતે કોસ હાંકનારે કોસ બહાર આવ્યો એટલે ટેવ મુજબ આયો રામ..એમ કહ્યું. આ સાંભળી વર્ણીરાટ બોલ્યા, રામ તો આવ્યા છે પણ ઓળખાય તો કામ થઈ જાય. પછી કમંડળ ઝાલીને કૂવામાં હાથ લંબાવતા પાણી ઉપર આવ્યું. વર્ણીરાટે કમંડળ ભરી લીધું.

સૌરાષ્ટ્રના ભાવભીના પ્રદેશમાં

વર્ણી ધોલેરાને માર્ગે ચઢી ગયા. ધોલેરાથી નીક્ળી ગોરાસુ પધાર્યા. અહીંયા ગામના તળાવની પશ્ચિમે ખોડિયાર માતાનું મંદિર છે ત્યાં બિરાજ્યા.

મંદિરનો મહંત ગોંસાઈ સેવાગર મુમુક્ષુ હતો. તેને આ કિશોર તપસ્વી અલૌકિક જણાયા. આ તપસ્વીની અસાધારણતાનો તેને અનુભવ થયો. તેણે વર્ણીને મંદિરમાં રાખ્યા, સીધું આપ્યું. પરંતુ વર્ણીએ ફક્ત બાજરાનો લોટ લીધો. એમાંથી રોટલો બનાવ્યો. ગોંસાઈએ ચોખ્ખી છાશ આપી. રોટલા અને છાશનું નૈવેદ્ય ઠાકોરજીને ધરાવી પોતે જમ્યા, એક રાત ત્યાં રહ્યા. તેની મુમુક્ષુતા જોઈ તેને મોક્ષની વાત કરી. વર્ણીની વાતે તેનું અંતરતલ જગાડી દીધું.

નિર્ગુણ પુરુષના નિર્ગુણ શબ્દ કદી ભૌતિક આકાશમાં લીન થતા નથી. છેક અંતરના ઉંડાણ સુધી પહોંચીને આત્માને જાગ્રત કરી દે છે.

* વર્ણીએ ત્યાંથી વલ્લભીપુરનો માર્ગ લીધો. ત્યાંથી ભાવનગર તરફ ચાલ્યા. ભાવનગરમાં વર્ણીરાટ દેવજી ભગતની ધર્મશાળામાં રહ્યા. ત્યાંના મહંત બાવાએ તેમને અન્ન તથા જળ આપ્યું. વર્ણીએ તેનો ભાવ જોઈ તેને ઉપદેશ આપ્યો. બાવાજીના અંતરમાં વર્ણીની આ વાત ચોંટી ગઈ તેથી તેણે હાથ જોડી કહ્યું, બ્રહ્મચારી તમે જો અહીં રહો તો આ જગ્યાના તમને ધણી કરું. નીલકંઠ વર્ણીએ વિનયથી બાવાજીના આગ્રહનો સ્વીકાર કરી ત્રણ રાત રહ્યા.

* નીલકંઠ વર્ણી કુક્કડ ગામે પધાર્યા. અહીં ગામ વચ્ચેથી ચાલ્યા. ગામના દરબારની ડેલી પાસેથી નીકળ્યા. તે સમયે દરબાર ભગવાનસિંહજી અને તેના કામદાર ખોજા જીવા ઠક્કર ડેલીએ બેઠા હતા. વર્ણીરાટ થોડો સમય અહીં ઉભા રહ્યા. તેમને જોઈ દરબારને થયું કે કોઈ જાચક હશે. તેથી તેમણે સ્હેજ મજાકમાં હસતા હસતા પૂછ્યું, મહારાજ ! કયે ગામ રહેવું ? શું નામ ? શું જાત ?

નીલકંઠ વર્ણીએ પોતાની બ્રહ્મખુમારીથી ઉત્તર આપ્યો. <u>અમારો દેશ અનિર્દેશ..જાતિ બ્રહ્મ..અને નામ અનંત છે. હું પણ મારા નામ ગણી શકતો નથી. એટલું કહીને ત્યાંથી ચાલી નીકળ્યા.</u>

<u>પ્રસંગ : ૫૮-પીપરલા ગામના પતિ-પત્નીને ચૌદ લોક સહિત બ્રહ્માંડના દર્શન કરાવ્યા</u>

નીલકંઠ વર્ણી પીપરલા પધાર્યા. પીપરલામાં તીર્થવાસીઓને એક વિપ્ર જમાડતો હતો. તેણે નીલકંઠ વર્ણીને જોયા. પરદેશી જણાયા. વળી ઘણા વર્ષોથી તીર્થાટન કરતા હોય તેવું તેમના સ્વરૂપ ઉપરથી લાગ્યું. તુંબીપાત્ર અને ભિક્ષાપાત્ર સિવાય ઝોળી વસ્ત્રો ન જોયા તેથી અપરિગ્રહ વ્રતધારી હશે એવું અનુમાન કર્યું. વિપ્રની પરિક્ષક બુદ્ધિએ વર્ણીમાં શિવજીનું તપ અને કાર્તિકસ્વામીનો વૈરાગ્ય નિહાળ્યો. તે તરત જ તેમની પાસે ગયો. નીલકંઠ વર્ણી તેમની સામું જોઈ હસ્યા. કપાળમાં ત્રિપુંડ જોયું, ગળામાં રૂદ્રાક્ષ અને જનોઈ જોઈ વિપ્રને શિવભક્તિ અને પવિત્ર બુદ્ધિનો ખ્યાલ આવ્યો. તેણે વિપ્રને કહ્યું, મહારાજ કાંઈ અન્ન આપશો ?

વિપ્રને આ અવાજમાં મધુરતા લાગી. જમાતના બાવાઓ તો માગી ખાવું હોય તો પણ જોરથી બોલતા. આપતા ઢીલ થાય તો અપશબ્દ પણ સુણાવતા. અને કોઈ આનાકાની કરે તો ચીપિયો કે ત્રિશૂલ જે કાંઈ પાસે હોય તે શરીરમાં ભોંકી લોહી કાઢવાની ધમકી પણ આપતા. જ્યારે આ વર્ણીના સ્વરૂપમાં ક્રાંતિ હતી, અવાજમાં મધુરતા હતી. આંખોમાં કરૂણા હતી. વિપ્રને લાગ્યું કે અત્યાર સુધી ઘણા અન્નાર્થીઓને જમાડયા છે તેમાં કોઈ સત્કર્મી જમી ગયા હશે તેના ફળસ્વરૂપે આજે આ સાક્ષાત્ મહાદેવ પધાર્યા છે.

તેણે હાથ જોડી કહ્યું, મહારાજ મારે ઘેર પધારો. નીલકંઠ વર્ણી તેની પાછળ તેની ઘરે ગયા. સુંદર આસન આપી બેસાડયા. ઘરમાં જઈ તેની સ્ત્રીને કહ્યું, આપણું કલ્યાણ થઈ જાય એવા મહાપુરુષ આપણા ઘરે પધાર્યા છે માટે જલ્દી જલ્દી રોટલો કરી નાંખો. તેમાં સારી પેઠે ઘી-ગોળ નાંખજો. આવા જમનારા ફરી નહિ મળે. તેની સ્ત્રીએ બ્રહ્મચારીના દર્શન કર્યા ને મૂર્તિ તેના અંતરમાં તરત ઉતરી ગઈ. તેણે જલ્દી જલ્દી રોટલો બનાવી નાખ્યો. તેમાં ઘરબી ઘરબીને ઘી-ગોળ નાખ્યા ને ઉપર માળો દાબી દીધો.

પછી બ્રહ્મચારીને જમવા બોલાવ્યા. બ્રહ્મચારી હાથપગ ધોઈ જમવા પધાર્યા. વિપ્રે પાટલો ઢાળી દીધો. બ્રહ્મચારીએ તે ઉપર બાલમુંકુંદને પધરાવ્યા. થાળીમાં પીરસેલ રોટલો બાલ મુકુંદને ધરાવ્યો પછી તે પોતાના ભિક્ષાપાત્રમાં લઈ તેમાં પાણી નાખી પોતે એક ગ્રાસ લીધો. વિપ્ર અને તેની સ્ત્રી સામે બેસી દર્શન કરતા હતા. વર્ણીએ ગ્રાસ મુખમાં મૂક્યો અને ખુલ્લા થયેલા તેમના મુખમાં વિપ્રને અને તેની સ્ત્રીને ૧૪ લોક સહિત બ્રહ્માંડના દર્શન થયા. કૈલાસ અને વૈકુંઠ પણ તેમાં દેખાયા. બંનેને આ દિવ્ય દર્શનથી ખૂબ આનંદ થયો. વર્ણી સ્વરૂપે ભગવાન સાક્ષાત્ પધાર્યા છે તેથી પતિ પત્ની ધન્ય બની ગયા.

<u>પ્રસંગ : ૫૯- લાખ અને ૮૦ પયંગબરોને પણ વર્ણીની સ્તુતિ કરતા તેણે જોયા.</u>

પછી ગોપનાથ ગામમાં પધાર્યા. અહીં શિવ મંદિરમાં ઉતારો કર્યો. મંદિરના મહંત નૃસિંહાનંદ બ્રહ્મચારી ભાવિક હતા. નીલકંઠ વર્ણીને નખશિખ નિહાળ્યા પછી હાથ જોડી કહ્યું, મહારાજ આતો તીર્થ છે. તીર્થમાં પાંચ રાત્રિ રહેવું જોઈએ. મહંતે વિપ્રને બોલાવી રસોઈ કરાવી નીલકંઠ વર્ણીને જમાડયા. બીજા દિવસે નીલકંઠ વર્ણીએ સાગરમાં સ્નાન કર્યું.

ત્રીજે દિવસે વર્ણી સ્નાન કરી ગોપનાથ મહાદેવ પાછા ફરતા હતા ત્યારે સામે તેમને એક બાઈ મળી. નીચી દષ્ટિએ વેગપૂર્વક ચાલતા આ વર્ણીને જોઈ તે બેન સ્થિર થઈ ગયા. વર્ણી ઉતાવળી ગતિથી ચાલ્યા જતા હતા. થોડીવારે તે સ્વસ્થ થઈ ત્યારે તેને લાગ્યું કે આ વિભૂતિ દૂર દૂર જઈ રહી છે ને હું તો અહીં સ્થિર થઈ ગઈ છું. શું કરવું કાંઈ ન સૂઝ્યું, પરંતુ તેનાથી એકાએક જોરથી બોલાઈ ગયું, એ મહારાજ ! ઉભા રહો.

વર્ણી આ શબ્દ સાંભળી ઉભા રહ્યા. વર્ણીને ઉભા રહેલા જોઈ તે બેન વર્ણી સન્મુખ દોડી. વર્ણીએ તેને હાથના ઈશારાથી કહ્યું, બેન ધીમે આવ હું ઉભો છું. તે બાઈએ તેની ગતિ ધીમી પાડી. તે કાંઈપણ બોલે તે પહેલા વર્ણીએ તેને પૂછયું, આ લોટીમાં શું છે ? મહારાજ એ ગાયનું દૂધ છે. આપ પી જાવ..એમ કહી તેણે લોટી વર્ણીને આપી. વર્ણીએ તેની સામું સ્મિત કરી તે લોટી લીધી. દુધ પોતાના કમંડળમાં ગાળીને લીધું ને પી ગયા.

પછી તેમણે પૂછયું, બેન તું કોણ છું ? મહારાજ ! અમે અહીં ઉચડી પાસે પીથલપરમાં રહીએ છીએ. જાતે ખોજા છીએ અને મારું નામ જાનબાઈ છે. મારે એવો નિયમ છે કે રોજ ગાયનું દુધ લઈને ગોપનાથ આવવું ને રસ્તામાં જો કોઈ મળે તો તેને એ દુધ પાઈ દેવું. અને જો કોઈ ન મળે તો દુધ ગોપનાથ મહાદેવને ચડાવી દેવું. મહારાજ તેનો ભાવ જોઈ હસ્યા. તેમણે કહ્યું, જાનબાઈ તારું દુધ આજે મહાદેવે અંગીકાર કર્યું.

ભોળી જાનબાઈ વર્ણીના શબ્દોમાં કાંઈ ન સમજી. પણ તેના અંતરમાં શાંતિનો શેરડો પડી ગયો. વર્ણીએ દષ્ટિ તેના ઉપર નાંખી ત્યાંથી ચાલવા માંડી. જાનબાઈ વર્ણીને જતા જોઈ રહ્યા. વર્ણી દેખાયા ત્યાં સુધી જોઈ રહી. તેને ન સમજાયું કે તેમના પગ કેમ સ્થિર થઈ ગયા હતા. થોડીવાર પછી સ્વસ્થ થયા ને કોઈ અપૂર્વ આનંદનો અનુભવ કરી પીથલપુર તરફ પગલાં ભર્યા.

તે ઘેર પહોંચી પણ વર્ણીની મૂર્તિ તેના અંતરમાં જડાઈ ગઈ. વર્ણી દેખાયા કરતા હતા કમંડળમાં દુધ ગાળતા, દુધ પીતા..વર્ણીના શબ્દો તેને મીઠા લાગ્યા હતા. તેવી મીઠાશ તેણે હજુ સુધી કોઈ શબ્દોમાં અનુભવી નહોતી. રાત્રે વર્ણીએ તેને દર્શન દીધા. જાનબાઈ ઝબકીને જાગી ગયા આ કોણ ? તેને વર્ણી

દેખાયા. <u>તે વર્ણીના સ્વરૂપ તરફ દ્દષ્ટિ સ્થિર કરે એટલામાં તો વર્ણીના અતિ તેજોમય દિવ્ય સ્વરૂપના દર્શન થયા. તેમની સ્તુતિ કરતા અનેક દેવાધિદેવો જોયા. એક લાખ અને ૮૦ પયંગબરોને પણ વર્ણીની સ્તુતિ કરતા તેણે જોયા.</u>

તે પોતાનો દેહભાવ ભૂલી ગઈ હતી. તેનું ઘર બધું જ સ્મૃતિમાંથી અદશ્ય થઈ ગયું હતું. એટલામાં વર્ણીનો ઘેરો અવાજ તેને સંભળાયો. જાનબાઈ ત્રણ વર્ષ પછી હું ફરી ત્યાં આવીશ. ત્યારે તું તારા પુત્રને વાયવ્ય ખૂણામાં મોકલજે. વર્ણીના અવાજના પડઘા પડયા. વર્ણી અદશ્ય થઈ ગયા. જાનબાઈ પણ સ્વસ્થ થઈ ગયા. તેને આ સ્વપ્નું હતું કે સત્ય હતું ? તેતો પથારીમાં બેઠી હતા. તેને લાગ્યું કે વર્ણી ગોપનાથ મહાદેવ હોવા જોઈએ. વર્ણીએ કહ્યું હતું, તારું દુધ મહાદેવે ગ્રહણ કર્યું. તેના આનંદનો પાર ન રહ્યો. વર્ણી મહાપ્રભુ ગોપનાથમાં પાંચ રાત્રિ રહીને ત્યાંથી નીકળી ગયા. * સૌરાષ્ટ્રમાં બાબરીયાવાડને એક ખૂણે દ્દષ્ટિગોચર પણ ન થાય એવું આ રામપરાનું નાનકડું ગામડુ નીલકંઠ વર્ણીના લક્ષ્યમાં હતું. અહીં પોતે ચારેબાજુ દ્દષ્ટિ કરી દૂર તમરના ઝાડ પાસે રામાનંદસ્વામીના ગુરૂ આત્માનંદસ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો હતો તે સ્થાન પાસે થોડું ઉભું રહ્યા. રામાનંદસ્વામી સાથે હજું તેમનો મેળાપ થયો નહોતો ત્યારે તેમના ગુરૂ આત્માનંદસ્વામીનો પરિચય કેમ હોય ? છતાં અંતર્યામીથી કાંઈ પણ અજાણ્યું ન હોય. આત્માનંદસ્વામીએ દેહાંત સમયે પોતાના શિષ્ય મંડળને રામાનંદસ્વામીના આશ્રય નીચે રહેવાની ભલામણ કરી હતી. આ રીતે પોતાની મોક્ષપ્રદ ક્રીડાનું પટાંગણ ઉદ્દધવ સંપ્રદાયનું આરંભ અને વિસ્તાર આત્માનંદસ્વામીના શુભ સંકલ્પથી થયો. તે હકીકત લક્ષ્યમાં રાખી નીલકંઠ વર્ણી અહીં આત્માનંદસ્વામીને તેમના શુભ કાર્ય માટે અંજલિ આપવા પધાર્યા હતા. તેમની પદયાત્રાની યોજનામાં આવા અનેક લક્ષ્યો હતા પણ અણઉઘડેલ પ્રસંગોના એ પાના કોણ ઉકેલી શકે ?

<u>પ્રસંગ : ૬૦</u>

<u>લોભી વણિકને ધનની અપેક્ષા</u>

ગામ સીમર પધાર્યા. ગામની દક્ષિણે સૂર્યકુંડ છે તેમાં સ્નાન કરી બાજુની ધર્મશાળામાં રાત રહ્યા. એક લોભી વણિકે વર્ણીના દર્શન કર્યાં. અંતરમાં લોભ જાગ્યો. આ વર્ણી જમે, પ્રસન્ન થાય તો પોતાનું દારિદ્ર જાય. તેણે હાથ જોડી વર્ણીને પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. આમંત્રણની પાછળ લોભવૃત્તિ હતી. તેનું કલ્યાણ કરવું એ ભાવનાથી વર્ણીએ તેનું આમંત્રણ સ્વીકાર્યું.

વણિકે સુંદર રસોઈ બનાવી. તેમાં ભાવના ફળની હતી. વર્ણીએ બાલમુંકુંદને નૈવેદ્ય ધરાવ્યું. પોતે પ્રસાદ અન્ન જમ્યા અને વણિકને પ્રસાદી આપી. વર્ણી જમીને ધર્મશાળામાં ગયા. આ રીતે ચાલ્યા જતા જોઈ વણિકને ખોટું લાગ્યું. તેની લોભવૃત્તિથી તેને લાગ્યું કે સાધુબાવામાં વિવેક હોતો નથી. તેને ફળની ઈચ્છા અતિ તીવ્ર હતી તેથી તે વર્ણીને છોડે તેમ નહોતો. તેથી વણિક વહેલી સવારે ધર્મશાળામાં ગયો ને રાહ જોઈને બહાર ઉભો જ હતો.

નીલકંઠ વર્ણી વહેલી સવારે નીકળ્યા. વણિક તેમની પાછળ પડયો. વણિકને આવતો જોઈ કહ્યું, તમે હવે પાછા વળો અમારી બહુ સેવા કરી. સેવા કરી છે પણ ફળની ઈચ્છાથી કરી છે. ધનની મને ઘણી જ અપેક્ષા છે માટે મને પુષ્કળ ધન આપો. જાવ..તમને આજીવિકા પૂરતું ધન જરૂર મળશે. વણિકે નિઃશ્વાસ નાખ્યો. તેણે હાથ જોડી કહ્યું, અરે મહારાજ ! મારે તો સોનાની લંકા ઘરે બનાવવી છે. નીલકંઠ વર્ણી તેની ક્ષુદ્ર માંગણી સાંભળી હસ્યા. તેમણે કહ્યું, લંકા સોનાની હતી તેથી જ હનુમાને તે બાળ દીધી. તે મારી સેવા કરી છે તો મારું સર્વોપરી અક્ષરધામ તને આપું છું.

વર્ણીની આ વાંકી વાતોમાં વણિકને કાંઈ ગમ ન પડી. તેને લાગ્યું કે લક્ષ્મીના લોભમાં મારું અન્ન પણ ગયું.

<u>પ્રસંગ : ૬૧</u>

<u>ગુપ્ત પ્રયાગમાં પાઠકજીને ભવિષ્યવાણી કહી</u>

ગુપ્ત પ્રયાગ પધાર્યા. અહીં નૃસિંહજીનું પ્રાચીન મંદિર છે, તેની પાસે શેષશાયી બળદેવજીનું મંદિર છે. વલ્લભાચાર્યજીની બેઠક પણ અહીં છે. વળી ગંગા-યમુના અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ તથા બ્રહ્મા-વિષ્ણુ અને શિવની સંજ્ઞાના કુંડો પણ છે. વર્ણીએ આ કુંડની ઉત્તરદિશામાં રાયણના એક ઝાડ નીચે પથ્થરની એક શિલા જોઈ ત્યાં વિરામ કર્યો. અહીં સ્નાન કરવા આવતા મુમુક્ષુઓ તેમની ચમત્કારી મૂર્તિ જોઈ તેમની પાસે આવવા લાગ્યા. વર્ણી પણ તેમને ઉપદેશ દેવા લાગ્યા.

વર્ણી અહીં રહ્યા તેટલા દિવસ નાગર પાઠકને ત્યાં જમવા જતા. વર્ણીની પ્રતિભાથી પાઠકજી આકર્ષાયા હતા. વર્ણીના ઉપદેશના શબ્દો તેના અંતરમાં ઉતરી ગયા હતા. તેને આ વર્ણી અસામાન્ય લાગ્યા. કુતૂહલથી એક દિવસ તેણે વર્ણીને પૂછયું, બ્રહ્મચારીજી તમારું નામ શું ?

બ્રહ્મચારી આ પ્રશ્નથી હસ્યા. તેમણે કહ્યું, અત્યાર સુધી રમાડયા, જમાડયા અને હવે નામ પૂછો છો ? ઓળખીને સંગ કરવો જોઈએ ને ? પાઠકજી કહે, મહારાજ અંતરની આંખે તો ઓળખી લીધા છે પણ ભવિષ્યમાં કોઈ મને પૂછે તમે કોને સેવ્યા છો ? તો મારે શું કહેવું ?

આ સાંભળી નીલકંઠ વર્ણીની આંખ ઝીણી થઈ ગઈ. તેમણે પણ ભવિષ્યનો વિચાર કર્યો. નીલકંઠ વર્ણીના નામે તો મને બહુ ઓછા ઓળખશો તેથી તેમણે કહ્યું, મારું નામ સહજાનંદ..મને ભવિષ્યમાં લોકો આ નામે જ ઓળખશે. પાઠકજીને આ નામ સાંભળીને આનંદ થઈ ગયો. વર્ણી આ સ્થાનમાં દોઢ માસ રહ્યા.

<u>પ્રસંગ : ૬૨</u>

<u>બાવાજીને નીલકંઠ વર્ણીના સ્વરૂપમાં રઘુનંદનના દર્શન</u>

ત્યાંથી નીલકંઠ વર્ણી ઉના પધાર્યા. વર્ણી ઉનામાં ત્રણ દિવસ રહ્યા. ચોથે દિવસે વહેલી સવારે નીકળી ગયા. તેથી ગામલોકોને ઘણું દુઃખ થયું. ઘણા લોકો તેમને મળવા માટે પાછળ ગયા. વર્ણી ઉનાથી નીકળી ગામ ડોળાહે પહોંચી ગયા.

અહીં એક ભરવાડના નેસમાં ઉતર્યા. ભરવાડે ભાવથી સીધા સામગ્રી આપી પણ વર્ણીએ ન લીધા. ફક્ત દૂધ જ માંગ્યું. રાત્રે ભરવાડના ગુરૂ ત્યાં આવ્યા. વર્ણી તેની સાથે ભજનમાં ભળી ગયા. મંજીરા અને મૃદંગના અવાજે નેસ ગાજી ઉઠયો. મોડી રાત્રે સૌ સૂતા. વર્ણી અને બાવાજી પાસે જ સૂતા હતા. બાવાજી પથારીમાં પડખા ફેરવતાં હે રામ ! એમ સહજભાવે બોલતા. અને વર્ણી સહજભાવે 'હં' એમ હોંકારો દેતા. આમ ત્રણ ચાર વખત વર્ણીએ 'હં' કહ્યું એટલે બાવાજી ખાટલામાં બેઠા થઈ ગયા.

તેને વર્ણીને પૂછયું, તમે હોંકારો દો છો તો તમે રામ છો ? વર્ણી હસ્યા તેમણે કહ્યું, જે રામ હોય તે જ હોંકારો દે ને..અને એટલામાં તો બાવાજીને વર્ણીના

સ્વરૂપમાં ધનુર્ધારી રઘુનંદનના દર્શન થયા. બાવાજી આસ્તિક બુદ્ધિવાળા હતા તેથી વર્ણીના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો. વહેલી સવારે ઉઠી વર્ણી લોઢવા પહોંચી ગયા.

પ્રસંગ : ૬૩

આત્માનંદસ્વામીના શિષ્ય લઘુચારણને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સમજાવ્યો

લોઢવામાં વર્ણીરાટ લઘુ ચારણને ત્યાં ગયા. અંતર્યામીને કાંઈ પૂછવાનું કે ગોતવાનું હોય જ નહિ. મુમુક્ષુઓની પાછળ પાછળ ભમતા જ હોય. લઘુ ચારણ આત્માનંદસ્વામીના શિષ્ય હતા. આત્માનંદ સ્વામીએ પ્રતિપાદન કરેલા અદ્વૈત મતમાં પ્રતીતિ હતી. રામાનંદસ્વામી આત્માનંદસ્વામીના શિષ્ય હતા પરંતુ તેમનો નિરાકારવાદ તેમને રૂચ્યો નહિ તેથી તેઓ ગુરૂનો ત્યાગ કરી શ્રીરંગક્ષેત્રમાં ગયા. અહીં રામાનુજાચાર્યએ તેમને સ્વપ્નમાં ભાગવતી દિક્ષા આપી અને યોગ્ય સ્થળે જઈ ભાગવત ધર્મનું પ્રસારણ કરવાની આજ્ઞા આપી.

પછી રામાનંદસ્વામી સોરઠમાં પધાર્યા. ત્યારે આત્માનંદસ્વામીએ તેમનો અંત સમય નજીક આવતો હતો તેથી તેમને બોલાવ્યા. રામાનંદસ્વામી એ સાચા સદ્‌ગુરૂ છે એવી તેમને પ્રતીતિ થઈ. તેમના તમામ શિષ્યોને રામાનંદસ્વામીનું ગુરૂપદ સ્વીકારવાની આજ્ઞા કરી. સર્વેએ એ આજ્ઞા શિરોમાન્ય કરી. ફક્ત લઘુ ચારણે રામાનંદસ્વામીને ગુરૂ તરીકે સ્વીકાર્યા નહિ. રામાનંદસ્વામીએ તેને અદ્વૈત મત મૂકી દેવા સમજાવ્યો પરંતુ તેણે ન માન્યું. છેવટે તેને વિમુખ કર્યો.

તપ અને જ્ઞાનના બળે લઘુમાં પરિક્ષક બુદ્ધિ વિકસી હતી તેથી વર્ણીને જોતા જ તેને થયું કે આતો સનકાદિક જેવા મોટા તપસ્વી લાગે છે. તેણે પ્રેમથી પોતાના ઘરે રાખ્યા. આત્માનંદસ્વામીના શિષ્ય વિઠ્ઠલ અને તેના પુત્ર બંનેએ દિક્ષા લીધી હતી. બંને આત્માનંદસ્વામીની આજ્ઞાથી લઘુ ચારણને ઘેર સેવા કરવા રહ્યા હતા. વિઠ્ઠલાનંદ વર્ણીને રોજ રસોઈ કરી જમાડતા. લઘુ ભેંસોના દુધની મલાઈ કાઢી તેમાં સાકર ભેળવી વર્ણીને રોજ આપતા. વર્ણી પ્રેમથી મલાઈ અને મિસરી આરોગતા. વાતવાતમાં વર્ણી યુક્તિપૂર્વક અદ્વૈત મતનું ખંડન કરી વિશિષ્ટાદ્વૈત મતની સત્યતા સમજાવતા.

વર્ણીની વાતમાં લખુને વિશ્વાસ આવ્યો. તેણે અદ્વૈત મત છોડયો અને વિશિષ્ટાદ્વૈત સ્વીકાર્યો. પરમાત્માના સાકાર સ્વરૂપની તેને પ્રતીતિ થઈ. એ વર્ણીસ્વરૂપ પોતાને ઘેર પધાર્યા છે એ તેને દઢ નિશ્ચય થઈ ગયો. વર્ણીનું કામ પુરું થયું. ત્રણ મહિના લખુને ત્યાં રહ્યા. પછી તેમણે રજા માગી. લખુને કહ્યું, તેં મારી બહુ સેવા કરી છે તો કાંઈક વરદાન માગ. લખુએ કહ્યું, મહારાજ ! રાજી થયા હો તો મારો વીરો દિકરો અને આ ભેંસું અવિચળ રહે.

વર્ણી આ સાંભળી હસવા લાગ્યા. વર્ણીએ ફરી માગવાનું કહ્યું, પણ લખુએ એજ માગ્યું. વર્ણીએ કહ્યું, લખુ તારો અદ્વૈત મતમાં તો બધું મિથ્યા ગણાય છે તો તારો દિકરો વિરો અને ભેંસું મિથ્યા નહિ ? લખુ ચારણ આ સાંભળી વિચારમાં પડી ગયો. જ્ઞાનનું લક્ષ્ય જીવન ન બને ત્યાં સુધી જ્ઞાન પણ કથનમાત્ર જ રહે છે. લખુએ હાથ જોડયા અને કહ્યું, મહારાજ ! આપે મારા જ્ઞાનના અહંને આજે ઓગાળ્યો. આપ મને અવિચળ પદ આપો. વર્ણીએ તથાસ્તુ કહ્યું. વર્ણી ત્યાંથી નીકળી સીધા શ્રીકૃષ્ણની તિરોધાન ભૂમિ પ્રભાસપાટણ પધાર્યા.

પ્રસંગ : ૬૪

વિપ્રને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યા : ભવિષ્યમાં લોકો મને ન્યાલકરણ પણ કહેશે

પ્રભાસપાટણમાં વર્ણી ત્રણ રાત્રિ રહ્યા. હીરણ, સરસ્વતી અને મધુવંતી નદીના ત્રિવેણી સંગમમાં નીલકંઠ વર્ણી સ્નાન કરતા. સાગરતટે જ્યાં સદાવ્રત હતું ત્યાં જઈ ભિક્ષાન્ન જમી લેતા.

અહીંથી નીલકંઠ વર્ણી પ્રભાસપાટણની પૂર્વ દિશામાં પધાર્યા. અહીં ભલકા તળાવડીને કાંઠે પીપળાનું વૃક્ષ છે ત્યાં શ્રીકૃષ્ણએ દેહત્યાગ કર્યો હતો. નીલકંઠ વર્ણી અહીં એ જ વૃક્ષ નીચે ડાબા પગ ઉપર જમણો પગ રાખી પોઢ્યા.

પારધીને બદલે ત્યાં તે સમયે વિપ્ર આવ્યો. તિરોધાન થયેલા કૃષ્ણની પ્રાસાદિક ભૂમિનાં દર્શનની આશાએ આવેલા આ વિપ્રને એ જ પીપળાના વૃક્ષ નીચે શ્રીકૃષ્ણની અદાથી પોઢેલા આ પુરુષ અગમ્ય લાગ્યા. તે તેમને જગાડવાનો વિચાર કરતો હતો. એટલામાં તેની નજર તેમના જમણા ચરણ ઉપર પડી. ચરણના કંકુવર્ણા તળામાં તેણે સુવર્ણાંકિત નવ ચિહ્નો : અષ્ટકોણ, ઉર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ ને પદ્મ જોયા. તેને સાક્ષાત્ મુરલી મનોહરના દર્શન થયા. પીળુ પીતાંબર, આસમાની રંગનું ઉત્તરીય, અને શિર ઉપર મુગટ !

તેણે આંખો ચોળી પણ નીલકંઠ વર્ણીને આજે તેને પ્રતીતિ કરાવવી હતી કે મારા જન્મ ને તિરોધાન તો કથનમાત્ર છે. ફરી તે સ્વરૂપ દેખાયું. ફરી તેણે આંખો ચોળી. એટલામાં વર્ણી ઉભા થયા. વિપ્રને ઢંઢોળ્યો. મહારાજ ! જાગો..જાગીને જોશો તો બ્રહ્મ દેખાશે.

વિપ્રે વર્ણી તરફ જોયું. તેને તેમના શબ્દોનો મર્મ સમજાયો. તેણે હાથ જોડી દીધા. મહારાજ આજે આપે મને ન્યાલ કરી દીધો. વર્ણીએ હસતાં હસતાં કહ્યું, ‘અમે જીવોને ન્યાલ કરવા જ પ્રગટ થયા છીએ. તેથી લોકો અમને ભવિષ્યમાં ન્યાલકરણ પણ કહેશે.’ વિપ્રને જ્ઞાન લાધ્યું પણ તેને ઘૂંટીને અંતરમાં સ્થિર કરવાની જરૂર હતી. વર્ણી વિપ્રને આટલો સંકેત કરીને ચાલી નીકળ્યા.

નીલકંઠ વર્ણી ત્યાંથી પાટણ પધાર્યા. થોડી પળો રોકાઈ વેરાવળ થઈ ભંડુરિયા પધાર્યા. અહીં એક લુહારની કોઢમાં ઉતર્યા. ત્યાંથી માળિયા થઈ શેરગઢ પધાર્યા. અહીં શીમાશીને ચોરે રાત રહી સવારે નીકળી સીધા જૂનાગઢ પધાર્યા.

પ્રસંગ : ૬૫

બાવાઓને જ્ઞાન શું ? અને સ્વભાવ કેવી રીતે છૂટે એની સૂઝ આપી

વર્ણી ગિરનારની તળેટીમાં ચડાણની વાવે પધાર્યા. રૈવતાચલ ઉપર દૃષ્ટિ કરી અને પોતાના પાદપદ્મથી તેને પવિત્ર કરવા ઉપર ચડવા લાગ્યા.

સં.૧૮૫૬ શ્રાવણની અજવાળી દસમનો શુભ દિવસ હતો. ગિરિ ઉપરના વૃક્ષો, ફૂલો, નીલકંઠ વર્ણીના માર્ગ પર પથરાવા લાગ્યા. નીલકંઠ વર્ણી ઉપર ચડયા અને ગૌમુખી ગંગા આવી. અહીં સ્નાન કરવાની ઈચ્છા કરી પણ ત્યાં રહેતા બાવાઓએ તેમને રોક્યા. વર્ણીએ કહ્યું, આ તીર્થ યાત્રિકો માટે છે. તમે શા સારું નાહવાની મનાઈ કરો છો ?

અમારી મરજી..બાવાઓએ એટલું જ કહ્યું. વર્ણીએ વામનસ્વરૂપ ધારણ કર્યું. બાવાઓ દિઙ્‌મૂઢ બની ગયા. વર્ણીના પગમાં પડયા. પછી વર્ણીએ ગૌમુખી ગંગામાં સ્નાન કર્યું. નિત્યવિધિ કરી આગળ ચાલ્યા. એટલે બાવાઓ બધા આડા ફર્યા. તેમણે કહ્યું, બ્રહ્મચારીજી તમે આહીં જ રહો. અમને તમારા સ્વરૂપનું જ્ઞાન કરાવીને ક્યાં જાઓ છો ?

એ કાંઈ જ્ઞાન થયું કહેવાય નહિ. એ તો દર્શન થયું કહેવાય. જ્ઞાન તો આ સ્વરૂપને હૈયામાં ધારી, આ અડબંગાઈ છોડશો અને સાધુતા ગ્રહણ કરશો ત્યારે થશે. વર્ણીએ ધીરે રહીને કહ્યું. બાવાઓ આ સાંભળી વિચારમાં પડી ગયા. સ્વભાવ છોડ્યા સિવાય સાધુતા ન આવે. તેઓ વર્ણીના પગમાં પડી ગયા. તેમણે કહ્યું, આપ આશીર્વાદ આપો તો તેવા થવાય.

અમારા આશીર્વાદ અને તમારો પુરુષપ્રયત્ન બંનેનો મેળાપ થાય ત્યારે તેવા થવાશે. માટે જે હેતુસર સંસાર છોડ્યો છે તે વિચારીને એ માર્ગે ચાલવા માંડો. એટલું કહીને તેઓ ચાલી નીકળ્યા.

પ્રસંગ : ૬૬

સદાવ્રતમાંથી વેરાગીએ વર્ણીને સાત વખત ઉઠાડ્યા

ત્યારબાદ દત્તાત્રયના દર્શન કરી વર્ણી નીચે ઉતરવા લાગ્યા. નીચે ઉતરી સીધા ગોધાવાવ પાસે ધર્મદાસની જે જગ્યા છે ત્યાં પધાર્યા. ત્યાં તે સમયે બ્રહ્મભોજન થતું હતું. નીલકંઠ વર્ણી પણ ત્યાં બેસી ગયા. પણ આસુરી બુદ્ધિવાળા વૈરાગીઓએ તેમને ઉઠાડ્યા. વર્ણી એક જગ્યાએથી ઉઠીને બીજી જગ્યાએ જઈ બેઠા. ત્યાંથી પણ તરત ઉઠાડ્યા. એમ સાત જગ્યાએ ફરતાં ફરતાં બેઠા પણ તેમને જમવા દીધા નહિ.

પછી વર્ણીરાટ ત્યાંથી નીકળી હાટકેશના મંદિરે આવ્યા. અહીં દર્શન કરવા આવતા એક નાગરે નીલકંઠ વર્ણીનું કાંતિમય સ્વરૂપ નિહાળ્યું. હાટકેશનાં મંદિરમાં ઘણા તપસ્વીઓ, બાવાઓ આવતા પણ સૌમાં વર્ણી તેને કાંઈક નોખા લાગ્યા. તે વર્ણી પાસે આવ્યો ને હાથ જોડી કહ્યું, મહારાજ ! મારી ઈચ્છા આપને ભોજન કરાવવાની છે. આપ અંગીકાર કરશો ?

નાગર બ્રાહ્મણની વાણીની મીઠાશ ને વિવેક નીલકંઠ વર્ણીને ગમ્યા. નીલકંઠ વર્ણીએ કહ્યું, જે લાવશો તે જમીશું. નાગર બ્રાહ્મણ તરત જ ઘેર ગયો ને શીરો પૂરી બનાવી થોડીવારમાં હાટકેશના મંદિરમાં આવી ગયો. નીલકંઠ વર્ણીએ બાલમુકુન્દને થાળ ધરાવ્યો ને પ્રસાદીરૂપ અલ્પ જમ્યા. નાગર બહુ ચિકિત્સક હતો. તેણે તે વખતે જ જાણ્યું હતું કે ધર્મદાસની જગ્યામાં આ વર્ણીને વેરાગીઓએ જમવા દીધા નહોતા. ભૂખ્યા બ્રહ્મચારીને આવું સુંદર ભોજન મળ્યું છતાં અલ્પ જમ્યા. તેણે હાથ જોડી કહ્યું, બ્રહ્મચારીજી આપ કાંઈ ન જમ્યા.

જમવું એ ફક્ત પ્રાણના પોષણ માટેની ક્રિયા છે. ઈન્દ્રિયોની પુષ્ટિ માટેનો ભોગ નથી. તપસ્વીને ભોગ ખપે નહિ. વર્ણીએ ટૂંકમાં કહ્યું. નાગર ભક્તને થયું કે આજે શિવજીની ભક્તિ ફળી. તે વર્ણીના સ્વરૂપમાં ખોવાઈ ગયો. રાત્રે સ્વપ્નમાં વર્ણીએ તેને શિવસ્વરૂપે દર્શન દીધા.

વર્ણી હાટકેશમાં રાત રહી વહેલી સવારે ત્યાંથી નીકળી ગયા. પ્રભાત થતા વર્ણી ભૂતનાથ મહાદેવ પહોંચી ગયા. ત્યાંથી નીકળી ખેંગારવાવ થઈ વંથળી ગયા. અહીં સદાવ્રત મળતું હતું તે લીધું ને જમ્યા. રાત ત્યાં જ રહ્યા. પાછલી ચાર ઘડી રાત રહી ત્યારે ત્યાંથી નીકળી પીપલાણા પહોંચ્યા.

પ્રસંગ : ૬૬

રામાનંદસ્વામીના શિષ્ય નરસિંહ મહેતાને પુરુષોત્તમના દર્શન કરાવ્યા

અહીં ઉનેવાળ બ્રાહ્મણ નરસિંહ મહેતાના ઘરના આંગણામાં જઈને તેમણે નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુની આહ્લેક જગાવી. નરસિંહ મહેતા તે વખતે શાલિગ્રામને સ્નાન કરાવતા હતા. તેમના પત્ની પાણી ભરવા ગયા હતા. આહ્લેક સાંભળી નાની પુત્રી બહાર આવી. તેણે કાન્તિમાન કિશોરને નિહાળીને કહ્યું, બ્રહ્મચારીજી થોડીવાર ખમો તો ઉના ઉના રોટલા આપુ.

પણ બ્રહ્મચારીને એવું સ્વાદિષ્ટ ભોજન ખપતું નહોતું. તેમણે કહ્યું, જે તૈયાર હોય એ આપો..એમ કહીને ચાલી નીકળ્યા. જતા જતા એમણે મહેતાના શાલિગ્રામ તરફ દષ્ટિ કરી એટલે શાલિગ્રામમાંથી તેજ નીકળ્યું. મહેતા આ આશ્ચર્ય જોઈ એકદમ ઉભા થઈ ગયા. બહાર આવીને તેણે તેના પુત્ર કલ્યાણને પૂછ્યું, અહીં હમણાં કોઈ આવ્યું હતું ?

હા, બાપા એક બ્રહ્મચારી આવ્યા હતા. તૈયાર અન્ન માગ્યુ, પણ હતું નહિ એટલે હાલતા થયા. મહેતાને આ ન રૂચ્યું. તેમણે તરત જ કહ્યું, અરે મૂરખ ! આંગણે આવેલા અન્નાર્થીને એમ તે કાંઈ જવા દેવાય ? જા..ઝટ દોડ અને ગોતીને પાછા લઈ આવ. કલ્યાણજી દોડ્યો. ઓઝતને કાંઠે પહોંચેલા બ્રહ્મચારીને બૂમ મારી : એ મહારાજ ! એ બ્રહ્મચારી ! પાછા વળો..બાપા બોલાવે છે. બ્રહ્મચારી અવાજ સાંભળીને થંભ્યા. કલ્યાણજીએ બ્રહ્મચારીનો હાથ પકડી લીધો, ઘેર પાછા હાલો.

તેનો ભાવ જોઈ વર્ણી પાછા વળ્યા. મહેતાએ ભાવથી નમસ્કાર કરી આસ આપ્યું. પછી કહે, બ્રહ્મચારીજી થોડીવાર બેસો રસોઈ તૈયાર કરી દઈએ. પણ બ્રહ્મચારીને ઉતાવળ હતી. તેમણે કહ્યું, જે તૈયાર હોય તે લાવો. તીરથ કરવા નીકળ્યા છીએ એટલે જમવા સારું ખોટી નહિ થઈએ. તેમની ઉતાવળ જોઈ નરસિંહ મહેતાએ કહ્યું, રાત્રે ધાન પલાળ્યું છે તે આપો. બ્રહ્મચારી ખમશે નહિ.

પછી દૂધ ને જુવારનું ધાન આપ્યું. તે ચોળીને બ્રહ્મચારી જમવા લાગ્યા. મહેતાએ બ્રહ્મચારીને ધીરે રહીને પૂછ્યું, બ્રહ્મચારી આ શરીરમાં નાડીઓ ઉપસી આવી છે, હાડકાં અને ચામડાં જ રહ્યાં છે તે આવું ઉગ્ર તપ ભગવાન મેળવવા માટે કરો છો કે બીજો કાંઈ હેતુ છે ? બ્રહ્મચારીએ ટૂંકો જવાબ આપ્યો, ભગવાન મેળવવા માટે જ તપ કરીએ છીએ.

તો તો મહારાજ રામાનંદસ્વામી અમારા ગુરૂ સાક્ષાત્ ભગવાનતુલ્ય છે. તેમને મળશો તો તપ ફળશે. નરસિંહ મહેતાએ ઉતાવળથી કહ્યું. આ સાંભળી બ્રહ્મચારીએ જમતા જમતા ઉંચુ જાયું. હાથમાં ગ્રાસ રહી ગયો અને તેમણે કુતૂહલથી પૂછ્યું, એ રામાનંદસ્વામી કોણ છે ? એટલામાં તો આજુબાજુની બાઈઓ પણ આવી ગઈ. સૌ એક દષ્ટિએ બાળબ્રહ્મચારીના દર્શન કરવા લાગી.

રામાનંદસ્વામી અમારા ગુરૂ છે. તેમની આજ્ઞાએ અમે સદાવ્રત ચલાવીએ છીએ. તેમના સાધુ-હરિભક્તનું મંડળ મોટું છે. આજ કલ્યાણ તો તેમની પાસે જ છે. બીજે ઉધારો છે. બ્રહ્મચારીએ કહ્યું, અમે તેમને જરૂર મળીશું. પછી થાળીમાં વધેલું દૂધ પી ગયા. તે જોઈ બાઈઓ બોલી, બ્રહ્મચારી દેખાવમાં તો ભગવાન જેવા જણાય છે પણ સ્વાદિયા બહુ છે.

બ્રહ્મચારી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, સ્વાદ તો મહેતાજીના ભાવમાં છે. બાકી અમારા મુખમાં તો કેવળ ભગવાન છે. નરસિંહ મહેતા વર્ણી સામું એક દષ્ટિએ જોઈ રહ્યા. તે વિચારમાં પડી ગયા. ભગવાન મેળવવા પોતે ગિરનાર ઉપર ગયા, ત્યાંની ગુફાઓમાં આથડ્યા, પરકમ્મા કરી, પણ ભગવાન ન ભેટ્યા

એટલે શરીર પાડી નાખવાનો સંકલ્પ કર્યો. ત્યાં તેમને અંતરમાં પ્રેરણા થઈ. દેહ હશે તો કોઈક દહાડો ભગવાન મળશે. ખરેખરા ભક્ત હોઈશું તો ભગવાન ઘરે આવીને કમાડ ખખડાવશે. તે પાછા વળ્યા.

એવામાં રામાનંદસ્વામીનો યોગ થયો ત્યારે એમ જ લાગ્યું કે આ જ ભગવાન છે. એ વખતે જ રામાનંદસ્વામીએ તેમને કહ્યું હતું મહેતા અમે તો ઉદ્ધવનો અવતાર છીએ, પરબ્રહ્મના સાક્ષાત્ અવતાર તો હવે આવશે અને તમને મળશે.

આજે વર્ણીના દર્શન કરતાં જ આ વચન તેમને સાંભરી આવ્યા. તેમને લાગ્યું કે ખરેખર ભગવાન ઘરે પધાર્યા છે. એટલામાં તો તેને બ્રહ્મચારીનું સ્વરૂપ બદલાતું દેખાયું. મહેતાજીને ચતુર્ભુજ વિષ્ણુસ્વરૂપે બ્રહ્મચારી દેખાયા. તેમના આનંદનો પાર ન રહ્યો. નીલકંઠ વર્ણી જમીને ઉઠયા, તેમણે મહેતાને ઢંઢોળ્યા ને કહે, અમે ફરી આવશું.

મહેતા તેમને વળાવવા ઓઝતને આરે આવ્યા. ત્યાં મહેતાએ બીજો ચમત્કાર જોયો. બ્રહ્મચારી પુરુષોત્તમ સ્વરૂપે દેખાયા. અનંત બ્રહ્માંડોના અધિપતિઓ આ પુરુષોત્તમ નારાયણની સ્તુતિ કરતા મહેતાને દેખાયા. પછી એ પુરુષોત્તમ સ્વરૂપમાંથી દસ અવતારો પ્રગટયા અને મહેતાને દર્શન દઈ એ સ્વરૂપમાં પાછા લીન થઈ ગયા. જાણે પરમાત્માનું દિવ્ય સુખ યુગોયુગોથી ભોગવ્યું હોય એવી આનંદની ઉર્મિઓ મહેતાના મુખ ઉપર પ્રસરી રહી.

<u>પ્રસંગ : ૬૭</u>

<u>જેઠા મેર જેવા નિષ્કામ ભક્તને જોઈ વર્ણીની આંખમાં પણ આંસુ</u>

વર્ણી ઓઝત ઉતરીને ગામ આખા પધાર્યા. અહીં વર્ણીરાટ જેઠા મેરને ઘેર ગયા. જેઠા મેર એ વખતે ફળિયામાં ખાટલો ઢાળીને બેઠા હતા. તે તપસ્વીને જોઈ એકદમ ઉભા થઈ ગયા ને કહ્યું, છું તો મેર જાતિ પણ આવ્યા છો તે આંગણું પાવન કરો. અમારા ગોર કહેતા હતા કે અણતેડયા અતિથિ આવે ઈમાં ભગવાન ભાળવા.

મેરની મીઠી અને સાચુકલી બોલી સાંભળી વર્ણી હસ્યા. જેઠા મેરે ગોરને બોલાવી રસોઈ તૈયાર કરાવી. વર્ણીએ બાલમુકુન્દને થાળ ધરાવ્યો ને પોતે થોડું જમ્યા. પ્રસાદી મેરને આપી દીધી. મેર દંપતિ આજીવન બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા હતા. તેથી તેમનું અંતર ચોખ્ખું હતું. તેમાં આ લોકની કોઈ વાસના નહોતી. કેવળ બ્રહ્મચર્યવ્રતના પ્રતાપે ભગવાન મળે તેવી ઈચ્છા હતી. તેમને ખરેખર આજે ભગવાન મળ્યા. જેઠા મેર વર્ણીના સ્વરૂપમાં તન્મય બની ગયા.

રાત્રે વર્ણીએ જેઠામેરને ઉપદેશની વાતો કરી. મુમુક્ષુતા હતી તેથી જેઠા મેરને આ વાતો મીઠી લાગી. મોડી રાત્રે વર્ણી સૂતા. જેઠા મેર તથા તેની પત્ની સામેની ઓસરીમાં સૂતાં પરંતુ બંનેની દૃષ્ટિ વર્ણી ઉપર જ સ્થિર થઈ ગઈ હતી. એટલામાં તેની સ્ત્રીએ કહ્યું, આ બ્રહ્મચારીનું મોઢું કેવું ઝગારા મારે છે. એ પ્રમાણે વાતો કરતાં વર્ણીની મૂર્તિમાં સંલગ્ન થઈ ગયા. એટલામાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવજીના તેમને દર્શન તયા. બંને પતિ પત્ની આશ્ચર્ય પામ્યા. વર્ણી નક્કી ભગવાન છે એવી તેમને પ્રતીતિ થઈ. સર્વ શક્તિઓ, સર્વ દેવો ત્યાં આવી ગયા. અનેક ઉપચારોથી વર્ણીની સેવા કરી. જેઠા મેર અને તેની પત્ની આશ્ચર્યવત્ આ ક્રિયા જોઈ રહ્યા.

વર્ણીની કૃપાથી આ દિવ્ય સમાધિના આનંદનો તેઓ અનુભવ કરી રહ્યા હતા. કયા પુણ્યે, કયા સત્કર્મે આ દિવ્ય સુખની પ્રાપ્તિ તેમને થઈ હતી તેના વિચારના વમળમાં પડવાની તેમને નવરાશ નહોતી. પણ વર્ણી જાણતા હતા કે કૃતયુગથી આ પતિ અને પત્નીએ ઘણા અવતાર ધર્યા હતા ને એ દરેક અવતારમાં આજ સુધી તેમણે અખંડ બ્રહ્મચર્યવ્રત પાળ્યું હતું.

વર્ણીરાટ વહેલી સવારે ઉઠ્યા અને જેઠા મેરને જગાડી કહ્યું, મેર હવે અમને રજા આપો. મેરની આંખમાં આંસુ આવી ગયા. તેણે કહ્યું, પ્રભુ આપ આવ્યા તે અમારા ભાગ્ય, આપ જાઓ તે અમારા કમભાગ્ય ! વર્ણીની આંખમાં પણ આંસુ આવી ગયા. આખા ભારતમાં તેઓ ફર્યા હતા પણ આવો નિષ્કામ ભક્ત તેમણે દીઠો નહોતો. જે ધર્મ પ્રવર્તાવવા પોતે પ્રગટ થયા હતા તે આ જ ધર્મ હતો બ્રહ્મચર્યપાલનનો. બ્રહ્મચર્યથી જ બ્રહ્મસ્થિતિ થઈ શકે છે. આજે જેઠા મેરને તે સહજ બની ગયું હતું. ફરી વખત અમે આવીશું એવું આશ્વાસન આપી તેઓ ત્યાંથી નીકળી ગયા.

પ્રસંગ : ૬૮

રામાનંદસ્વામીની શિષ્યા પૂતળીફોઈ નરકમાં

મઢડેથી નીકળી નીલકંઠ વર્ણી સીધા માંગરોળ પધાર્યા. ગામ બહાર ડોસાવાવ ઉપર આસન કર્યું. એટલામાં ત્યાં ગામના વણિક ગોવર્ધન શેઠ આવ્યા. તેમણે વર્ણીને જોયા. તેને મનમાં થયું કે આજે ફોઈનું કારજ છે અને આ બ્રહ્મચારી સ્હેજે આવી ગયા છે તો તેમને જમાડીએ. તેમણે તેમને પ્રણામ કર્યા ને હાથ જોડી પૂછ્યું, મહારાજ કાંઈ જમશો ?

નીલકંઠ વર્ણીએ કહ્યું, તૈયાર હોય તે લાવો..એટલે તરત જ ગોવર્ધન ઘરે જઈને સુખડી અને ગાંઠિયા લઈ આવ્યો. વર્ણી ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી થોડું જમ્યા ને બાકીની પ્રસાદી તેને આપી. પછી પૂછ્યું કે તમે આટલી જલ્દી ક્યાંથી લાવ્યા ? ગોવર્ધને કહ્યું, મારી પૂતળી ફોઈનું આજે કારજ હતું એટલે તૈયાર હતી. વર્ણી તે સાંભળી હસ્યા ને બોલ્યા, તારી ફોઈ તો નરકમાં ગઈ છે.

આ સાંભળી ગોવર્ધનને આઘાત લાગ્યો. તેને આ તપસી જૂઠા લાગ્યા. રામાનંદસ્વામીના શિષ્ય નરકમાં જાય ? તેણે કહ્યું, મહારાજ શું ટાઢા પહોરની હાંકો છો ? મારી ફોઈ તો રામાનંદસ્વામીની ચેલી હતી, તે નરકમાં કેમ જાય ? વર્ણી ફરી હસ્યા..તેમણે કહ્યું, ન મનાતું હોય તો જો..એમ કહી તેના તરફ દૃષ્ટિ કરી. ગોવર્ધનને સમાધિ થઈ. સમાધિમાં તેણે યમદ્વાર જોયું. તેમાં તેણે તેની પૂતળી ફોઈ જોઈ. ગોવર્ધનને જોઈ પૂતળીએ ધા નાખી એ ગોવર્ધન ! મને આહીંથી છોડાવ.

ગોવર્ધનને આશ્ચર્ય થયું. તે જાગ્રત થયો. અને વર્ણીને પૂછ્યું, પ્રભુ શા પાપે મારી ફોઈની આ ગતિ થઈ ? નીલકંઠ વર્ણીએ ગોવર્ધનને સઘળી વાત કરી. ગુરૂ રામાનંદસ્વામીનું સોનું તેણે ઓળવ્યું હતું. સ્વામી પાસે પણ તે જૂઠું બોલી. તેથી તેની આ ગતિ થઈ. તમામ પાપ કરતાં પણ ગુરૂદ્રોહનું પાપ વજ્રલેપ થાય છે. ગોવર્ધનને સમજાયું. પૂતળીનો લોભી સ્વભાવ હતો તે તે જાણતો હતો. પણ તે લોભનો દોષ ગુરૂભક્તિમાં આટલો વિક્ષેપ કરશે તેવો તેને ખ્યાલ નહોતો. તેણે વિનંતી કરી કે પ્રભુ મારી ફોઈને નરક યાતનામાંથી છોડાવો.

ગોવર્ધને ભાવથી પોતાની સેવા કરી હતી એટલે એનું વચન માનવું જ રહ્યું. વર્ણીએ ગોવર્ધનને ફરી સમાધિ કરાવી. તેમના સંકલ્પથી યમદૂતોના જોર પાસે ગોવર્ધનનું બળ વધી ગયું. અક્ષરમુક્તોએ સહાય કરી અને પૂતળીને જમપાશમાંથી છોડાવી.

વર્ણીએ ગોવર્ધનને કહ્યું, હવે તારી ફોઈ બદરિકાશ્રમમાં ગઈ. ત્યાં પાપનું પ્રાયશ્ચિત તપથી કરી સત્સંગમાં જન્મ લેશે. પછી તેનો મોક્ષ થશે.

નીલકંઠ વર્ણીની પદયાત્રાનો અંત

નીલકંઠ વર્ણીની પદયાત્રાનો હવે અંત આવતો હતો. સમગ્ર ભારતનાં તીર્થોમાં સાત વર્ષ, એક માસ, અગિયાર દિવસ સુધી તેઓ ફર્યા. મોટા મોટા મહંતોને, મઠાધિપતિઓને મળ્યા, તેમના જીવન-આચાર અને મત જાણ્યા. કોઈ ઈશ્વરનો ઈન્કાર કરતાં તો કોઈ ઈન્સાનિયતને જંગલિયતમાં ફેરવી દેતા. કોઈ ધન-સ્ત્રી કે અન્ય વિષયોમાં લોલુપતા રાખતા. એવા અનેક પ્રકારના બાવાઓને તેમણે જોયા, પણ સાધુતાનો પરાગ તેમને ક્યાંય ન મળ્યો. યાંત્રિક અને માંત્રિક બાવાઓ મળ્યા, મલિનવિદ્યાના સિદ્ધો મળ્યા પણ શુદ્ધ બ્રાહ્મીસ્થિતિ સિદ્ધ કરાવી પ્રભુપંથે લઈ જાય તેવા તેમને કોઈ ન જોયા.

નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ આ પંચવ્રતોનો આદર કરે, તેનું આચરણ પ્રવર્તાવે, જીવમાં સાચી સાધુતાનું ગૌરવ કરે અને એવી સાધુતા સિદ્ધ કરી પરમાત્માનું ભજન કરે અને કરાવે એવી સંસ્કારી ભૂમિની, એવા સંસ્કારી આત્માઓની તેઓ શોધમાં હતા. એ શોધનો હવે અંત આવ્યો. એવા આત્માઓની ભેટ હવે અહીં સુલભ બનવાની હતી. વર્ણીરાટ માંગરોળથી નીકળી આ.સં.૧૮૫૬ના શ્રાવણ વદ છઠને દિવસે લોજપુર પધાર્યા.

તીર્થરાજ લોજપુરમાં (આ.સં.૧૮૫૬, ઈ.સ.૧૮૦૦)

વર્ણીની યાત્રાની પૂર્ણાહુતિ

ભારતના વિશાળ પ્રદેશમાં સૌરાષ્ટ્રના એક કાંઠા ઉપર આવેલું નાનકડું લોજપુર એક બિંદુ સમાન પણ ન ગણાય. છતાં તેની ભૂમિનાં અતિશય પુણ્યના પ્રતાપે તે ધરતીને પૂર્ણ પુરુષોત્તમ નારાયણે પોતાના ચરણારવિંદથી પવિત્ર બનાવી. પોતાની મોક્ષપ્રદ લીલાનો તેમણે આ દિવ્ય સ્થાનમાંથી જ વિસ્તાર કર્યો. ભારતના કોઈપણ પ્રદેશમાં કે યાત્રાધામમાં નીલકંઠ વર્ણી ન ટક્યા, પણ આ ભૂમિએ તેમને આકર્ષ્યા.

કોઈ જાણે તેમને સાદ કરતું હોય, આવકારતું હોય તેમ નીલકંઠ મહાપ્રભુએ માંગરોળથી આ દિશામાં પગલાં માંડયા. પોતાની યાત્રાની આ પ્રકારની યોજનામાં જ નીલકંઠ વર્ણીની ઐશ્વર્ય કહો કે આર્ષદ્દષ્ટિ કહો તે જણાઈ આવે છે. અગિયાર વર્ષના નાનકડા કિશોરે યોજનાબદ્ધ પ્રવાસ શરૂ કર્યો. કઠિનાઈઓ તેમને રોકી ન શકી, મઠાધિપતિ બનવાના કે રાજવી બનવાના રાજાઓના બંધનોને તેમણે ઠોકરો મારી.

અહીં જે ગુરૂ હતા તે તેમની વાટ જોતા હતા. અહીં જે સાધુઓ હતા તે તેમના સંદેશાને ઝીલી શકે તેવા હતા. ભોળા પણ પવિત્ર દિલના માણસો અહીં વસતા હતા. નીલકંઠ વર્ણીનું મન આ ભૂમિ પર પગ દેતાં ઠર્યું.

પ્રસંગ : ૬૯

લોજમાં પ્રથમ સુખાનંદસ્વામી સાથે મિલન

જયારે નીલકંઠ વર્ણીએ લોજની ધરતી પર પગ મૂક્યો ત્યારે ઉષાનાં અજવાળાં ધરતી ઉપર ધીરે ધીરે પથરાતા હતા. પનિહારીઓ માથે હેલ્યું લઈ વાવમાં પાણી ભરવા જતી હતી. એવે સમયે વર્ણીરાટ વાવમાં સ્નાન કરી, નિત્યવિધિથી પરવારી સ્વસ્તિક આસને ધ્યાનમગ્ન બની તે વાવના કાંઠા ઉપર વડ નીચે બેઠા હતા.

પનિહારીઓની નજર એકાએક નીલકંઠ વર્ણી ઉપર પડી અને જાણે બધી ત્યાં જ સ્થિર થઈ ગઈ. કે અંતરના ભાવોને જગાડતી, આકર્ષતી, આ મોહકતા આ તપસ્વીમાં ક્યાંથી ? તેમને થયું કે કાં ભાભીએ મેણું માર્યુ હશે કાં સ્વજનથી રિસાઈને ઘેરથી નીકળી ગયા હશે. મા પણ કેવી કઠોર હશે કે આ કિશોરને વૈરાગ્યને પંથે વળાવ્યો. ધીરે ધીરે બધી પનિહારીઓ નીલકંઠ વર્ણીની સમક્ષ આવીને ઉભી રહી. નીલકંઠ વર્ણી ધ્યાનમગ્ન જ હતા એટલે પનિહારીઓ થાકીને વાવમાં પાણી ભરવા જવા લાગી.

એટલામાં ત્યાંના આશ્રમના એક સાધુ પાણી ભરવા આવ્યા. આ સાધુએ પણ આ કિશોર તપસીને જોયા. તેમને આશ્ચર્ય થયું કે તેમના ગુરૂના સ્વરૂપમાં પણ તેમની વૃત્તિનો આ પ્રકારનો નિરોધ કદી થયો નહોતો. તો તેનાથી પણ વિશેષ ચમત્કારી આ વિભૂતિ કોણ હશે ? તપસી નેત્ર ખોલે તેની રાહ જોઈને તે પણ ઉભા રહ્યા. નીલકંઠ વર્ણી હજુ ધ્યાનમગ્ન હતા. થાકીને તેઓ પણ વાવમાં પાણી ભરવા ગયા.

પાણી ભરી આવીને ફરી નીલકંઠ વર્ણી સમક્ષ તે ઉભા રહ્યા. વર્ણીના દર્શનથી તેમના અંતરમાં અનિર્વચનીય આનંદનો અનુભવ થયો. તેમને લોભ લાગ્યો આ તપસીને આશ્રમમાં લઈ જવાનો. નીલકંઠ વર્ણી તેની ધીરજની પરીક્ષા કરતા હતા. માથે પાણી ભરેલી મોટી ગાગર હતી છતાં આ સાધુ સ્થિરતાથી આ તપસી નેત્ર ખોલે તેની રાહ જોઈ ઉભા હતા.

નીલકંઠ વર્ણીએ જાણ્યું કે આ સાધુ ખરા મુમુક્ષુ છે. તેમણે આંખ ખોલી. તરત જ સાધુએ પૂછયું, બ્રહ્મચારીજી આપ ક્યાંથી પધારો છો ? આપનું શુભ નામ ? માતાપિતાનું નામ ? શાથી વૈરાગ્ય ગ્રહણ કર્યો ? આપના ગુરૂ કોણ ? આ બધું જાણવાની મને ઉત્કંઠા થઈ છે.

તેમના પ્રશ્નો સાંભળી વર્ણી હસ્યા અને કહ્યું, સાધુરામ ત્યાગીને નાત, જાત, દેશ કે સગા સંબંધી હોતા નથી. જે ભવબંધનથી મુકાવે તેજ માતાપિતા..અને તે જ ગુરૂ. અમે એવા ગુરૂની શોધમાં છીએ. સાધુને આનંદ થયો. તેમણે હાથ જોડી ફરી પૂછયું, બ્રહ્મચારીજી આપની વાત સાચી છે પણ જગતની રીતે પૂછવાનો ધર્મ છે એટલે પૂછું છું.

નીલકંઠ વર્ણીએ સાધુને ખરેખર મુમુક્ષુ જાણીને પોતાનો વૃતાંત તેમણે ટૂંકમાં કહ્યો. પછી પૂછયું, સાધુરામ આપનું નામ તથા આપ કોના શિષ્ય છો ? કોણ સંપ્રદાય છે તે કહો. મારું નામ સુખાનંદસ્વામી છે. અમારા ગુરૂ રામાનંદસ્વામી, રામાનુજી દિક્ષાના આચાર્ય છે. તેમનો અહીં આશ્રમ છે અને પચાસેક સંતો આશ્રમમાં અત્યારે છે.

નીલકંઠ વર્ણીએ ઉત્કંઠાથી પૂછયું, રામાનંદસ્વામી અહીં છે ? ના..હાલ તેઓ કચ્છ ગયા છે. પરંતુ તેમના મુખ્ય શિષ્ય મુક્તાનંદસ્વામી અહીં છે. બહુ જ સાધુતાવાળા ને ગુણિયલ સંત છે. પછી કહ્યું, આપ અમારા આશ્રમમાં પધારો. આપના જેવા સંતના દર્શન સૌ સંતોને થશે. અમારા ગુરૂ રામાનંદસ્વામી પણ બહુ જ રાજી થશે. વર્ણીને આ વાણી ગમી, તેમાં સાધુતાની મહેક હતી. નીલકંઠ વર્ણીને આ સાધુ ગમ્યા છતાં પણ ગામમાં જવું તેમને રૂચ્યું નહિ. તેમણે કહ્યું, સાધુરામ અમે વસતિમાં કદી જતા નથી. જયાં જયાં ફરીએ છીએ ત્યાં ઝાડ નીચે જ મુકામ કર્યો છે.

સુખાનંદ આ સાંભળી નિરાશ થઈ ગયા. તેમણે કહ્યું, આપ કૃપા કરો નહિ તો અમારા ગુરૂ મુક્તાનંદસ્વામી આપને તેડવા અહીં આવશે. નીલકંઠ વર્ણીને મુક્તાનંદસ્વામીને તથા અન્ય સાધુઓને મળવાની ઈચ્છા થઈ. આવા સાધુઓના ગુરૂ રામાનંદસ્વામી કેવા હશે તે જાણવાની પણ જીજ્ઞાસા થઈ. તેઓ ઉઠયા અને

સુખાનંદને કહ્યું, ચાલો સાધુરામ ગુરૂને અહીં સુધી આવવાની તકલીફ ન અપાય. સુખાનંદના આનંદનો પાર ન રહ્યો. મુક્તાનંદને આ અમૂલ્ય ભેટ આપવાનો ઉત્સાહ તેના પગલામાં દેખાવા લાગ્યો.

વર્ણીની ચાલ ઉતાવળી હતી. સુખાનંદને લાગ્યું કે આ વર્ણીને આટલી ઉતાવળ કેમ છે ? તે ઝડપથી દોડવા લાગ્યા, તેથી ગાગરમાંનું પાણી છલકાવા લાગ્યું. વર્ણીએ તેમને કહ્યું, સુખાનંદ કાળ આટલી ઝડપથી ગતિ કરે છે છતાં બ્રહ્માંડોના જીવો અસ્વસ્થ નથી થતા. તમારી ગતિથી પાણી છલકાય છે.

સુખાનંદે તરત જ કહ્યું, પ્રભુ બ્રહ્માંડોના જીવો તો માયામાં બધ્ધ છે તેથી સ્વસ્થ રહી શકે છે. તે અસ્વસ્થ બને તો માયાનું કાર્ય ખોટું થાય. આ સાંભળી વર્ણી હસ્યા ને કહે, તો તમે બ્રહ્મમાં બદ્ધ થાઓ. તમારા આધારે બધું જ સ્વસ્થ થઈ જશે. સુખાનંદ ચમક્યા. બ્રહ્મની કોઈ કોઈ વખત વાત કરતાં રામાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામીના જ્ઞાનની ઝલક આ નાનકડા વર્ણીમાં ક્યાંથી આવી ? એટલામાં આશ્રમમાં આવી પહોંચ્યા.

પ્રસંગ : ૭૦

મુક્તાનંદ સ્વામીને પાંચ ભેદનો પ્રશ્ન પૂછયો

દરવાજે જ સૌમ્યમૂર્તિ મુક્તાનંદ સ્વામીના દર્શન થયા. વર્ણીને તેમણે નમસ્કાર કર્યા. નીલકંઠ વર્ણીએ અનુમાન કર્યું કે આજ મુક્તાનંદ સ્વામી હશે. તેમણે તેમની આંખમાં બ્રહ્માંડને ભરી દેતો પ્રેમ જોયો. દેહમાં તપ, ત્યાગની છટા જોઈ, મોહક કાન્તિમાં બ્રહ્મચર્યની આભા જોઈ. વિનય અને નમ્રતાની મૂર્તિ સમાન મુક્તાનંદ સ્વામી વર્ણીનો હાથ પકડી તેમને પ્રેમથી અંદર લાવ્યા. સુખાનંદ આસન શોધવા ગયા પણ વર્ણી પૃથ્વી પર જ બેસી ગયા. અને કહ્યું, સારી પૃથ્વી અમારું આસન છે. આસનથી દેહનું સન્માન શા માટે ?

એટલામાં આશ્રમના બીજા સાધુઓ પણ આવવા લાગ્યા. તેમને સૌને વર્ણીની આ વિભૂતિ આકર્ષવા લાગી. પ્રથમ જ પરિચય છતાં જાણે સૌના સુહૃદ હોય તેવો ભાવ વર્ણીના સ્વરૂપમાં દેખાયો.

વર્ણીએ કહ્યું, હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં મેં અધ્યાત્મજ્ઞાનનો સિદ્ધાંત જાણવા પ્રશ્નો પૂછ્યા છે. પરંતુ તત્વજ્ઞાનમાં શુદ્ધ સમજણ કોઈની જોઈ નહિ. વર્ણી અદ્ભૂતતાએ સૌને આકર્ષ્યા હતા. તેઓ અહીં રહે, રામાનંદસ્વામીના પરિચયમાં આવે તેવી તેમની ઈચ્છા હતી. પરંતુ વર્ણીના આ શબ્દોથી તેમને ધ્રાસ્કો પડયો. વર્ણીનો કયો મત હશે ? આપણા મતથી વિરુદ્ધ હશે તો અહીં નહિ રહે. વનવિચરણમાં કોઈ ઠેકાણે આવા જ મતભેદથી તે ટક્યા નહિ હોય. છતાં ધીરજ રાખી તેમણે હાથ જોડી કહ્યું, વર્ણીરાટ ! આપ જે પ્રશ્ન પૂછશો તેના ઉત્તર મારા ગુરૂ રામાનંદ સ્વામી પાસેથી જે રીતે હું સમજયો છું તે રીતે જરૂર આપીશ.

વર્ણીએ સૌની આતુરતાનો અંત લાવતા પ્રશ્ન પૂછયો : સ્વામી ! જીવ શું છે ? ઈશ્વર શું છે ? માયા શું છે ? વળી બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપો કેવા છે ? તે સમજાવો.

મુક્તાનંદ સ્વામી આ પ્રશ્ન સાંભળી વિચારમાં પડી ગયા. પ્રશ્ન તેમને અતિ ગંભીર લાગ્યો. છતાં તેમણે ઉત્તર આપવાની શરૂઆત કરી :

જીવ

જીવ અણુ સરખો સૂક્ષ્મ છે. નિત્ય છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહયુક્ત છે, અચ્યુત અવિનાશી છે. અછેદ્ય, અભેદ્ય, નિરંશ, ચિદ્રુપ છે. અલ્પજ્ઞતા વગેરે લક્ષણેયુક્ત છે. તે જ્ઞાનસ્વરૂપ છે અને આશ્રયરૂપ પણ છે. જીવ વિશેષ સત્તાથી હૃદયમાં રહેલો છે. અને સામાન્ય સત્તાથી સ્થૂળ દેહમાં નખથી શિખાપર્યંત વ્યાપી રહ્યો છે. કારણશરીરરૂપ વાસનાએ યુક્ત છે તેથી બદ્ધ છે. જીવો અનંત છે.

ઈશ્વર

જીવોની જેમ ઈશ્વર પણ વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ દેહેયુક્ત છે. અને ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ તેની ત્રણ અવસ્થા છે, ઈશ્વરનો દેહ પંચભૂતોનો બંધાયેલો છે. અને તે સર્વજ્ઞ છે.

માયા

માયા એ પરમાત્માની શક્તિ છે, ત્રિગુણાત્મિકા - સત્વ, રજ અને તમોગુણાત્મિકા છે અને જીવોને દેહ અને દેહના સંબંધી સાથે અહં મમત્વની કરાવનારી છે. વિકારજનની છે, તેથી અવિદ્યાત્મક છે. માયાને જડ અને ચિદ્ પણ કહી છે. ગુણમય હોવાથી જડ છે અને અનેક ચિદ્રુપ જીવો તેના ગર્ભમાં હોવાથી તેને ચિદ્રુપ પણ કહી છે. તેના વ્યક્ત અને અવ્યક્ત બે સ્વરૂપો છે. માયા અનાદિ છે. પરમાત્મા પોતાની આ શક્તિને આધારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે.

બ્રહ્મ

બ્રહ્મને અક્ષર નામે પણ સંબોધે છે. બ્રહ્મના બે સ્વરૂપો છે. સાકાર અને નિરાકાર..સાકારસ્વરૂપે પરબ્રહ્મ પરમાત્માની સેવામાં અખંડ રહે છે. નિરાકારસ્વરૂપે પરબ્રહ્મ તથા તેમના અનંત મુક્તોને ધારી રહ્યું છે તેથી તે પરમાત્માનું ધામ પણ છે. આ નિરાકાર સ્વરૂપ સર્વત્ર વ્યાપક છે. તે જીવ, ઈશ્વર અને માયાના પ્રેરક છે અને આધાર પણ છે. તેથી તેને સર્વાધાર પણ કહે છે. આ અક્ષરબ્રહ્મના સગુણ છે અને નિર્ગુણ પણ છે. સગુણ સ્વરૂપે તે એટલા મહાન છે કે અનંત કોટિ બ્રહ્માંડો તેમના રોમના અગ્રભાગમાં જાણે અણુવત્ ઉડતાં હોય તેવું ભાસે છે. નિર્ગુણ સ્વરૂપ તો અણુ થકી પણ અતિ સૂક્ષ્મ છે. તેની મહાનતા એટલી છે કે સર્વ દેવો તેમના લોકે સહિત આ અક્ષરબ્રહ્મમાં રહ્યા છે. તે અક્ષરબ્રહ્મ સર્વ કારણનું પણ કારણ છે. આ અક્ષરબ્રહ્મ એ પુરુષોત્તમનું શરીર પણ છે. અને પુરુષોત્તમ તેમના શરીરી છે. પુરુષોત્તમ સાથે નિત્ય-અપૃથક્સિદ્ધ સંબંધ ધરાવે છે. આ અક્ષરબ્રહ્મની સંકોચ અને વિકાસ અવસ્થા નથી. તેથી તેને કૂટસ્થ પણ કહે છે. પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન અક્ષરના સંબંધથી જ સિદ્ધ થઈ શકે છે.

પરબ્રહ્મ

પરબ્રહ્મના પુરુષોત્તમ એ અક્ષરબ્રહ્મધામના અધિપતિ છે. અક્ષરબ્રહ્મના શરીરી છે. સર્વ કારણના કારણ છે અને સદા દિવ્ય સાકાર છે. તે એક અને અદ્વિતીય છે. સર્વને એકાંતિક ભાવે ઉપાસના કરવા યોગ્ય છે. અને તેમના જ્ઞાનથી જ મૃત્યુને તરીને મોક્ષ પમાય છે.

મુક્તાનંદ સ્વામીએ આટલું કહ્યું એટલે વર્ણીરાટ તેમને અટકાવીને વચ્ચે જ બોલ્યા, વાહ, મુક્તાનંદજી વાહ..તમે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપો યથાર્થ વર્ણવ્યાં. મેં આ પ્રશ્નો ઘણાને પૂછ્યા હતા, પરંતુ તેમની સમજણમાં જીવ અને ઈશ્વર વચ્ચેનો ભેદ જ નહોતો અને બ્રહ્મ અને પરબ્રહ્મને પણ એક સ્વરૂપે જ સૌ બતાવતા હતા. પરમાત્માના સ્વરૂપને કોઈ નિર્ગુણ, નિરાકાર કહેતા. કોઈ સાકાર કહેતા તો કેવળ મનુષ્ય જેવા જ પરમાત્માને

સમજતા. સૌને આ પ્રશ્નોના ઉત્તર આપવા કઠણ પડયા હતા. આપને આ જ્ઞાન સુલભ થયું છે તે તમારા ગુરૂ રામાનંદ સ્વામીની તમારી ઉપર કેવળ કૃપા જ કહેવાય.

રામાનંદ સ્વામીના દર્શન માટે નીલકંઠ વર્ણીની વ્યાકુળતા

એટલું બોલીને નીલકંઠ વર્ણી સહજ વ્યગ્ર થઈ ગયા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું, વર્ણી એકાએક કેમ વ્યગ્ર બની ગયા ? નીલકંઠ વર્ણીએ કહ્યું, આવા સમર્થ ગુરૂ રામાનંદ સ્વામીના દર્શનની ઈચ્છા હતી પરંતુ તમે તો કહ્યું કે તેઓ કચ્છમાં ગયા છે. ક્યારે પધારશે ? મુક્તાનંદ સ્વામી વર્ણીની વ્યાકુળતા સમજી ગયા. તેમણે ક્હ્યું, વર્ણી રામાનંદ સ્વામી તમારી વ્યાકુળતા જોઈ વહેલા પધારશે. પરંતુ વર્ણીને ઉતાવળ હતી. તેમણે કહ્યું, સ્વામી હું કચ્છ જાઉં તો ?

આ સાંભળી મુક્તાનંદ સ્વામીને ધ્રાસ્કો પડયો. તેમને લાગ્યું કે કદાચ તેઓ અહીં નહિ રહે. તેમને લોભ હતો તેમને આશ્રમમાં રાખવાનો. આવા તપસ્વી તેમણે જોયા નહોતા, આવા શ્રુત તેમણે સાંભળ્યા નહોતા. તેથી કહ્યું, વર્ણી ત્યાં તો ખારા સમુદ્રની મોટી ખાડી આવે છે. રસ્તો વિકટ છે, રણમાંથી પસાર થવું પડે છે.

આ સાંભળી વર્ણી હસ્યા. તેમને લાગ્યું કે સમુદ્ર જેવી નદીઓ અને હિમાલય જેવા પહાડો પણ તેમને માર્ગમાં વિઘ્ન કરી શક્યા નથી ત્યારે તો આ તો માત્ર ખાડી હતી. તે શા હિસાબમાં ! પણ તેમણે મુક્તાનંદ સ્વામીનો ભાવ જોયો. પોતે કચ્છ જશે તે મુક્તાનંદને ગમશે નહિ. અને આવા સંતને દુઃખવવા તે પણ ઠીક નહિ. તેથી તેમણે કહ્યું, ભલે તો તમારી જેવી આજ્ઞા. એટલું કહીને વર્ણીએ મુક્તાનંદ સ્વામીને નમસ્કાર કર્યા. પછી કહ્યું, સ્વામી મારું ચિત્ત શ્રીકૃષ્ણના સ્વરૂપ સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી.

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું, રામાનંદ અને શ્રીકૃષ્ણ પૃથક્ નથી. બંને એક જ છે. શ્રીકૃષ્ણ સ્વયં આજે જીવોના કલ્યાણ માટે રામાનંદ સ્વામી દ્વારા પ્રગટ છે. વર્ણીએ મુક્તાનંદ સ્વામીમાં સાચી ગુરૂભક્તિ જોઈ. ફરી તેમણે મુક્તાનંદ સ્વામીને નમસ્કાર કરી કહ્યું, સ્વામી ! મારા ઉપર તમે ઘણો જ અનુગ્રહ કર્યો છે. ગુરૂ થકી તમે શુદ્ધ જ્ઞાન પામ્યા છો. મારા ઉપર કૃપા રાખજો. યોગ્ય લાગે ત્યારે શિક્ષાવચન કહેજો, ટોકજો. મને તમારો ગણજો.

એટલું કહી વર્ણીએ મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીનું આખ્યાન કહેવાનું કહ્યું. મુક્તાનંદ સ્વામીએ અતિ મહિમાપૂર્વક વિસ્તારથી રામાનંદ સ્વામીનું આખ્યાન કર્યું. વર્ણીને તે અદ્‌ભૂત લાગ્યું. પિતા પાસે રામાનંદ સ્વામીના યશોગાન તેમણે સાંભળ્યાં હતા તેની તેમને સ્મૃતિ થઈ આવી. રામાનંદ સ્વામીના દર્શન કરવાની તેમની જિજ્ઞાસા વધી. પરંતુ મુક્તાનંદ સ્વામીએ આશ્વાસન આપ્યું કે રામાનંદ સ્વામી જરૂર એક-બે માસમાં આવશે. તેથી તેઓ ધીરજ ધરી ત્યાં રોકાયા.

<u>પ્રસંગ : ૭૧</u>

સ્ત્રી-પુરુષની સભા નોંખી કરાવી

મંદિરની બાજુમાં જ જીવરાજ શેઠનો ડેલો હતો. ત્યાં કથા વાંચવા મુક્તાનંદ સ્વામી ગયા. સર્વ સંતોની સાથે વર્ણી પણ કથામાં ગયા. પરંતુ અહીં કથામાં વર્ણીની વ્યાકુળતા વધી ગઈ. નારીની ગંધ માત્રથી જે સદા દૂર રહેતા તેમને સભામાં ખીચોખીચ ભરાયેલા નારીના વૃંદને જોઈ શી રીતે સુવાણ થાય ! તેઓ ઉભા થઈ ગયા. કથાના રસિક ભાગમાં જ વર્ણીને એકાએક ઉભા થઈ જતા જોઈ સૌને આશ્ચર્ય થયું. મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું, વર્ણી બેસો..કથાની સમાપ્તિ થયા પછી જ શ્રોતાએ ઉઠવું જોઈએ તેવો નિયમ છે.

<u>એ નિયમ હું જાણું છું. પરંતુ ત્યાગી થઈ સ્ત્રીઓ સાથે બેસી કથા સાંભળવી કે કથા કરવી તેમાં ત્યાગને દૂષણ લાગે છે. ત્યાગીના અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યવ્રતમાં સ્ત્રીઓના આ અનિચ્છનીય સંસર્ગથી વિક્ષેપ આવે છે. ગૃહસ્થ સિવાયના બીજા આશ્રમીઓને માટે સ્ત્રીઓના દર્શન, સ્પર્શ, ભાષણ વગેરે ત્યાજ્ય છે. એ શાસ્ત્રઆજ્ઞા છે. વર્ણીએ ધીરે રહીને કહ્યું. એટલું કહીને નીલકંઠ વર્ણીએ સભાનો ત્યાગ કર્યો.</u>

મુક્તાનંદ સ્વામીએ વિચાર્યું કે વર્ણીની કિશોરવય છે તેથી કદાચ ત્યાગના અતિરેકમાં તેમને આ નહિ ગમ્યું હોય. પરંતુ નિરાંતે સમજાવીશું. તેમણે કથા ચાલુ રાખી. પરંતુ નીલકંઠ વર્ણીએ સભાનો ત્યાગ કર્યો તેથી જાણે સૌના મન તેમની સાથે ગયા હોય તેમ સૌ શૂન્યમનસ્ક થઈ ગયા. કથાખંડ આકાશના પોલાણ જેવો, શબ્દોને ખાઈ જતો હોય તેવો બની ગયો. સૌના ચિત્તની એકાગ્રતા તૂટી. મુક્તાનંદ સ્વામીને આશ્ચર્ય થયું. કોઈ દિવસ નહિ અને આજે આવું શાથી બન્યું ?

બીજે દિવસે મુક્તાનંદ સ્વામી ફરી પુસ્તક લઈ સભામાં ગયા. નીલકંઠ વર્ણી પણ તેની પાછળ જ બીજું પુસ્તક લઈને ગયા. સભા વ્યવસ્થિત ગોઠવાઈ ગઈ ત્યારે નીલકંઠ વર્ણી ઉભા થયા અને સંતોને કહ્યું, સંતો તમે સૌ મંદિરમાં આવો. હું તમને ત્યાં કથા સંભળાવીશ. અહીં સ્ત્રીઓ ભેળા બેસી કથા સાંભળવી એ ત્યાગીનો ધર્મ નથી. એટલું કહી નીલકંઠ વર્ણી મંદિર ભણી ચાલવા લાગ્યા.

નીલકંઠ વર્ણીના સ્વરૂપના આકર્ષણનો ફરી એક અનુભવ મુક્તાનંદ સ્વામીને આ પ્રસંગે થયો. નીલકંઠ વર્ણીની મહાનતા તેમણે પણ પિછાણી હતી એટલે તેમણે પણ પુસ્તકના પાનાં બાંધી ત્યાં બેઠેલી સ્ત્રીઓને કહ્યું, માતાઓ આ હવે છેલ્લા રામ રામ છે. આ વર્ણીનો તીર આજથી શરૂ થયો છે. સ્ત્રીઓના દર્શન અને પ્રસંગ હવે વર્જ્ય છે. એમ કહી હસતા હસતા તેઓ પણ સૌની પાછળ મંદિરમાં ગયા.

<u>મુક્તાનંદ સ્વામી તેમનાથી વયે ઘણા મોટા હતા. વળી રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય હતા. પરંતુ એ મહત્તાની મહોબ્બતમાં ધર્મમાં શિથિલતા કેમ સાંખી શકાય ? ધર્મ એ ભગવાનનું અંગ છે. એ અંગનો જો ભંગ થયો તો આરાધનાનું મૂળ જ સડી જાય. બ્રહ્મચર્ય-ધર્મના સ્થાપનનું વર્ણીનું આ પ્રથમ સોપાન હતું.</u>

<u>પ્રસંગ : ૭૨</u>

દિવાલમાં નહિ, ધર્મમાં છિદ્ર છે

એક દિવસ મંદિરની દિવાલમાં ગોખલો જોઈ તેમણે સાધુને પૂછ્યું, આ ગોખલો અહીં શા માટે રાખ્યો છે ? સાધુએ તરત જ ભોળાભાવે કહ્યું, ભારેલો અગ્નિ કોઈ વખત ઓલવાઈ જાય તો બાજુના આ વાળંદના ઘરમાંથી અગ્નિ લેવા માટે આ ગોખલો રાખ્યો છે.

વર્ણીએ તરત જ પૂછ્યું, અગ્નિ કોણ આપે છે ?

ઘરની સ્ત્રી..વળી, બીજું કોણ આપે ?

વર્ણી વિચારમાં પડી ગયા. થોડીવારે તેમણે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેમણે કહ્યું, સ્વામી આ જે દિવાલમાં છિદ્ર છે તે સાધુના ધર્મમાં એક દિવસ જરૂર છિદ્ર પડાવશે. સાધુઓએ સ્ત્રી સાથે આ પ્રકારનો વ્યવહાર રાખવો તે ઉચિત નથી. એટલું કહી મુક્તાનંદ સ્વામીની આજ્ઞાની રાહ જોયા સિવાય જ તેમણે ઈંટ અને ચૂનો મગાવી તે છિદ્ર તરત જ પોતાને હાથે પૂરી દીધું. સૌ સંતો જોઈ રહ્યા. મુક્તાનંદ સ્વામીને પણ લાગ્યું કે વર્ણી ઠીક કહે છે. સાધુએ પાળવાના નૈષ્ઠિક

બ્રહ્મચર્યના ધર્મો શાસ્ત્રોમાં તો લખ્યા જ છે પરંતુ તેને શુદ્ધ રીતે પાળવાનો આગ્રહ આ વર્ણી સિવાય હજુ સુધી કોઈએ રાખ્યો હોય એવી સ્મૃતિ તેમને પુરાણના ઈતિહાસના કોઈપણ પાત્રના ચરિત્રમાં થઈ નહિ.

નીલકંઠ વર્ણીની આશ્રમમાં સેવા

વર્ણી પ્રત્યે આશ્રમવાસીઓને સદ્ભાવ થવા લાગ્યો. આ સદ્ભાવ ગુરૂભાવમાં ફેરવાવા લાગ્યો. પરંતુ નીલકંઠ વર્ણી તો સેવાધર્મના જ પ્યાસી હતા. ખાખરાના પાન લાવી તેઓ પત્રાવળાં બનાવતા, રસોઈ માટે અડાયા છાણાં તથા લાકડાં ભેગા કરતા. વાવમાંથી પાણી ભરી આવતા, અનાજ સાફ કરતા અને રસોઈ પણ કરતા. છેવટે સૌ જમી રહે પછી વાસણો ઉટકી નાખતા. કોઈ કોઈ વખત ખભે કાવડ લઈ રામકૃષ્ણ ધૂની ધૂની બોલતા. આજુબાજુના ગામમાંથી ભિક્ષા પણ માગી લાવતા. મુક્તાનંદ સ્વામી તેમને ઘણી વાર વારતા, પણ વર્ણી હસીને કહેતા ખીચડી હક કરવી જોઈએ. સેવા કર્યા સિવાય દેહ આળસુ બની જાય. આવા સાધુઓની સેવામાં દેહ વાપરીએ તો ભગવાન રાજી થાય.

ધ્યાન કોનું કરો છો ?

વર્ણી બપોરના સમયે સાધુઓને મંદિરની સામેની વાડીમાં લઈ જઈ ધ્યાનમાં બેસાડતા. પોતે હાથમાં નાનકડી સોટી લઈને ફરતા. ધ્યાનમાં બેઠેલા જે જે સંતોના મન ધ્યેય સ્વરૂપથી જુદા પડી અન્ય પદાર્થોમાં જતા ત્યારે વર્ણી તેમને સોટી અડાડી જાગ્રત કરતા. અને કહેતા મન માળવે મૂકીને ધ્યાન કોનું કરો છો ? મનની ગતિને પારખનાર આ વર્ણીના દિવ્ય વ્યક્તિત્વનો સંતોને ખ્યાલ આવી ગયો હતો. તેમને ઘણી વખત થતું તે ગુરૂ રામાનંદ સ્વામી તો આ સ્વરૂપે નહિ પધાર્યા હોય ?

સાધુઓ સાથે નીલકંઠ વર્ણી નહાવા જતા. ઘણીવાર એકલા પડી જતા ત્યારે મંદિરે આવતા માર્ગ ભૂલી જતા. એવી તેમની સ્વસ્વરૂપના ધ્યાનમાં લીન સ્થિતિ હતી. તેમની આવી સ્થિતિ જોઈ મુક્તાનંદ સ્વામી તથા આશ્રમના સાધુઓને લાગતું કે વર્ણી ધ્યાનસ્થ દશામાં રહે છે.

પ્રસંગ : ૭૩

થાંભલાને બાથ ભીડીને રહેજો

વર્ણીને રામાનંદ સ્વામીના દર્શનની તાલાવેલી લાગી હતી. ગુરૂભક્તિનો આદર્શ તેઓ દર્શાવવા માંગતા હતા. એક દિવસ માંગરોળથી આણંદજીભાઈ મુક્તાનંદ સ્વામીના દર્શન માટે લોજ આવ્યા. તેઓ ભુજ જવાના હતા. નીલકંઠ વર્ણીએ આ સાંભળી મુક્તાનંદ સ્વામી પાસે ભુજ જવાની રજા માંગી. મુક્તાનંદ સ્વામીએ વિચાર કર્યો કે આમ તો આ વર્ણી અહીં રહે એવા નથી પણ જો રામાનંદ સ્વામીના દર્શન થશે તો રોકાઈ જશે. એમણે હા પાડી. એટલે નીલકંઠ વર્ણી આણંદજી સાથે માંગરોળ ચાલ્યા. ત્યાં રાત્રિ રહ્યા. બંને કાલવાણી ગયા.

મેસવાની પાદરમાં નદીને કાંઠે વર્ણી અચાનક બેસી ગયા અને કહ્યું કે, તમે ત્રણેય ભુજ જાવ..અમે તો નહિ આવીએ. આણંદજીભાઈએ ખૂબ આગ્રહ કર્યો પણ નીલકંઠ વર્ણી ન ગયા. આથી હતાશ થઈને આણંદજીભાઈ માયારામ ભટ્ટને લઈને ભુજ ગયા.

ભુજ જઈને રામાનંદસ્વામીના દર્શન કર્યાં. લોજમાં પધારેલા વર્ણીન્દ્ર મહાપ્રભુની વાત તેમણે સ્વામીને હર્ષભેર સંભળાવી. રામાનંદ સ્વામી એક ચિત્તે સાંભળી રહ્યા હતા. તેઓ તો અંતર્યામી હતા. તેમનાથી કાંઈ અજાણ્યું નહોતું. જેમની તેઓ રાહ જોતા હતા તે આવી પહોંચ્યા હતા. તેનો આનંદ મુખ પર તરી આવ્યો. પણ બીજાને એની શી ખબર પડે ?

તેઓ કહેતા કે હું તો ડુગડુગી વગાડીને મુમુક્ષુઓને ભેગા કરવા આવ્યો છું. ખરા નટરાજ મુમુક્ષુઓનું કલ્યાણ કરનારા તો હવે પછી આવશે. રામાનંદ સ્વામીએ ઉત્સુકતાથી લોજની ઝીણામાં ઝીણી વાત પૂછી. પછી માયારામ ભટ્ટને કહ્યું, લોજ જઈને વર્ણીન્દ્રને કહેજો કે જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે. માયારામ ભટ્ટ અને આણંદજીભાઈ લોજ આવ્યા. આ બાજુ નીલકંઠ વર્ણી મેસવાણથી નીકળીને ફરતાં ફરતાં પંચાળા થઈને લોજ પાછા ફર્યા. એટલે મુક્તાનંદ સ્વામીને આશ્ચર્ય સાથે આનંદ થયો. બ્રહ્મચારીજી તમે ભુજ નથી ગયા ?નીલકંઠ વર્ણીએ હસીને ના પાડી. સારું થયા રામાનંદ સ્વામીના દર્શન તમને અહીં જ થશે. મુક્તાનંદ સ્વામીને નીલકંઠ વર્ણીના સાન્નિધ્ય વગર ચેન પડતું નહિ. મુક્તાનંદ સ્વામીને નિરાંત થઈ.

થોડા દિવસ બાદ માયારામ ભટ્ટ અને આણંદજીભાઈ ભુજથી રામાનંદ સ્વામીનો સંદેશો લઈને આવી પહોંચ્યા. નીલકંઠ વર્ણીને પ્રણામ કરીને માયારામ ભટ્ટે રામાનંદ સ્વામીનો સંદેશો આપ્યો. થાંભલાને બાથ ભીડવાની રામાનંદ સ્વામીની આજ્ઞા સાંભળીને નીલકંઠ વર્ણીએ તરત જ ઉભા થઈને થાંભલાને બાથ ભીડી. વર્ણીની તત્પરતા જોઈને મુક્તાનંદ સ્વામી વિસ્મય પામ્યા. માયારામ ભટ્ટે નીલકંઠ વર્ણીને જોઈને કહ્યું, બ્રહ્મચારીજી થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું એમ વાત છે. નીલકંઠ વર્ણી બાથ છોડીને મુક્તાનંદ સ્વામીને વંદન કરવા ગયા. મુક્તાનંદ સ્વામી એમને ભેટી પડ્યા.

પ્રસંગ : ૭૪

નીલકંઠ વર્ણીમાંથી સરજુદાસ

નીલકંઠ વર્ણીના સંબંધથી આશ્રમના સૌ સાધુઓ પોત પોતાના નિયમ પાલનમાં જાગ્રત રહેવા લાગ્યા. વર્ણી ચાલ્યા ન જાય તેથી તેમને એક દિવસ બોલાવીને કહ્યું, વર્ણીરાજ તમે અમારી ભેગા રહ્યા છો. ગુરૂ રામાનંદ સ્વામીની આજ્ઞા અનુસાર અમારા જેવો વેશ ધારણ કરો. વર્ણીએ કહ્યું, ભલે મારે તો આપ જેમ રાજી થાવ એમ કરવું છે. તેમની સરળતા જોઈ મુક્તાનંદ સ્વામી રાજી થયા.

બીજા દિવસે વર્ણીને બે ઉપવસ્ત્રો આપ્યા. એક અલ્ફી આપી. પછી તેમને કહ્યું, આજથી તમારું નામ સરજુદાસ..સરજુ નદીના પ્રદેશમાંથી તમે આવો છો તેથી સૌ તમને સરજુદાસ કહેશે.

નીલકંઠ વર્ણી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, સ્વામી હું તો બ્રહ્મપથનો ભોમિયો છું. સરયુ પ્રદેશ કે બીજા અનેક પ્રદેશો હું ભૂલી ગયો છું. મુક્તાનંદ સ્વામીને નીલકંઠ વર્ણીના શબ્દો માર્મિક લાગ્યા. ત્યાગીને જન્મભૂમિની સ્મૃતિ દેહાસક્તિ વધારનારી છે. તેમણે નીલકંઠ વર્ણીને મનોમન નમસ્કાર કર્યા. હવે ગામના લોકો તેમને સરજુદાસ કહેવા લાગ્યા.

પ્રસંગ : ૭૫

સરજુદાસ

કિશોર સરજુદાસ સૌના લાડકવાયા બની ગયા હતા. ગામને પાદરે છાણ લેવા જાય ત્યારે છોકરીઓ તેમને જોઈને પોદળા લેવા સારું એકદમ દોડતી પણ તે પહેલા તો સરજુદાસ પહોંચી જતા અને પોદળા લઈ લેતા. કોઈ કોઈ વખત તો વહેલા ઉઠી પોદળાની આસપાસ કુંડાળા કરી તેમાં રાડું ખોસી દેતા. જેથી તે પોદરો તેમનો અનામત બની જતો.

ગામડામાં એવો રિવાજ હોય છે કે એવી રીતે નિશાન કરેલા પોદળાને પછી કોઈ અડતું નથી. કોઈ વખત એમની પહેલા જો કોઈ પોદળા પાસે પહોંચી જતુ ત્યારે તેઓ હસતા હસતા દૂર ઉભા રહેતા. પોદળો ઉંચકવા જતી સ્ત્રીને તેની નીચે સમગ્ર બ્રહ્માંડ દેખાતું. અને ઓ સરજુડા ! કહીને પોદળો એમ ને એમ મૂકીને સ્ત્રીઓ દોડી જતી. છતાં સરજુદાસ સૌને વ્હાલા લાગતા. કારણ પોતે બહુ જ છાણ મેળવીને છાણા થાપતા અને ગામનો ત્રીજો ભાગ તેમાં રાખતા.

જનમાષ્ટમીના ઉત્સવમાં સરજુદાસના બે સ્વરૂપે દર્શન થયા હતા. તેથી તેમને વિષે ઈશ્વરીય વિભૂતિની ભાવના તો સૌને થઈ હતી છતાં તે ભાવનાનો ભાવ લોકોના હૃદયમાં ઝાઝો સમય ટકતો નહિ. સરજુદાસ ટકવા દેતા નહિ. કારણ નાના પ્રકારની સેવાના કાર્યમાં સદા પ્રવૃત્ત રહેતા સરજુદાસને સૌ સેવક સમજી તેમની મહત્તા ભૂલી જતા.

પ્રસંગ : ૭૬

૧૮ મણ ચીભડાનો ભાર ઉંચક્યો

લોજથી બે ગાઉ દૂર આવેલા શીલ ગામથી હરિભક્તોએ લોજ આવીને મુક્તાનંદ સ્વામીને કહ્યું, સ્વામી અમારા ખેતરમાં ચીભડા ઘણા થયા છે તો કોઈ સાધુને મોકલો તો બાંધી દઉં. તમારે અથાણા માટે કામ આવશે. મુક્તાનંદ સ્વામીએ તરત જ સુખાનંદસ્વામીને કહ્યું, તમે આ ભક્ત જોડે શીલ ગામ જાવ ને ચીભડા લઈ આવો. ત્યાં સરજુદાસે કહ્યું, સ્વામી હું સાથે જઉં ? મુક્તાનંદ સ્વામીએ કહ્યું, તમારો દેહ બહુ કૃશ છે તેથી તમે ન જાવ તો સારું.

એટલે સુખાનંદસ્વામીએ કહ્યું, સરજુદાસ ભલે આવે. સ્વામીએ રજા આપી. દેવા શેઠ પણ તેમની ભેળા ગયા. હરિભક્તે લગભગ ૧૮ મણ જેટલા ચીભડા કાઢી આપ્યા તે લઈ જવા માટે એક હરિભક્ત ગાડુ લઈ આવ્યા. ત્યારે સરજુદાસે કહ્યું, ગાડાની કાંઈ જરૂર નથી. એક લાંબો પહોળો ચોફાળ લાવો ને એનો એક મોટો ગાંસડો બાંધો.

હરિભક્તો વિચારમાં પડી ગયા. આટલા બધા ચીભડાનો એક જ ગાંસડો બંધાય કઈ રીતે ? ને બંધાય તો પણ ઉપડે કઈ રીતે ? પણ સરજુદાસે ચોફાળનો જ આગ્રહ રાખ્યો. ૧૬ મણ ચીભડાંનો એક ગાંસડો થયો. બે મણ વધ્યા તેની એક નાની ગાંસડી બાંધી. હવે ગાંસડો ઉંચકે કોણ ? સરજુદાસે પોતાના શિર પર ગાંસડો મૂકવાનું કહ્યું. ૧૨ જણને બોલાવીને બીતા બીતા બધાએ ગાંસડો સરજુદાસના મસ્તક ઉપર મૂક્યો ત્યાં તો આશ્ચર્ય ગાંસડો સરજુદાસના મસ્તક ઉપર અધ્ધર રહ્યો. બધાને ખૂબ નવાઈ લાગી. દેવા શેઠે બે મણની ગાંસડી માથે ઉંચકીને સરજુદાસ સાથે લોજ તરફ ગયા.

રસ્તામાં દેવા શેઠને માથે ભાર લાગવા માંડયો. એટલે સરજુદાસે એ બે મણની ગાંસડી પોતાના મસ્તકે મૂકવાની આજ્ઞા કરી. એટલે દેવા શેઠે ઉંચી જગ્યા પર ચઢીને ૧૬ મણના ગાંસડા પર બે મણની ગાંસડી મૂકી. એ પણ અદ્ધર જ રહી. સરજુદાસનો આ ચમત્કાર જોતા જોતા દેવા શેઠ એમના સ્વરૂપનો વિચાર કરવા લાગ્યા. પણ વર્ણીની આ કળા કળ્યામાં ન આવી. લોજમાં આવી મંદિરના પાછળના ભાગમાં સરજુદાસે બેય ગાંસડી ઉતારીને મૂકી.

જે સ્થળે ગાંસડી ઉતારી હતી ત્યાં હાલ શ્રીજી મહારાજના ચરણારવિંદ પધરાવ્યા છે. આરસની છત્રી છે.

સરજુદાસને આવેલા જાણી મુક્તાનંદ સ્વામી એકદમ બહાર આવ્યા. તેમણે ચીભડાનો ગાંસડો જોઈ પૂછ્યું, આ ગાંસડો કોણ ઉપાડી લાવ્યું ? દેવા શેઠે કહ્યું, એતો સરજુદાસને માથે ચઢાવ્યો હતો. તે સાંભળી મુક્તાનંદ સ્વામી તેમને વઢવા લાગ્યા. તમને એટલી પણ ખબર ન રહી કે સરજુદાસને માથે આવો ભારે ગાંસડો ન મૂકાય. ત્યારે દેવા શેઠે કહ્યું, સ્વામી ગાંસડો તો સરજુદાસને માથે એક વેંત અધ્ધર હતો એ ચમત્કાર અમે નજરે જોયો છે.

આ સાંભળી મુક્તાનંદ સ્વામી કાંઈ ન બોલ્યા. તેઓ જાણતા હતા કે સરજુદાસ અલૌકિક વિભૂતિ છે. અનેક સિદ્ધિઓ તેમના આશરે રહી છે. તેઓ અહીં ટક્યા હતા એજ મોટું આશ્ચર્ય હતું. નહિ તો આવા નિઃસ્પૃહ પુરુષ કોઈ સ્થાનમાં સ્થિર ન રહે. પછી ૧૬ સાધુઓએ ચીભડાંનો ગાંસડો ઉંચકીને અંદર ભંડારમાં મૂક્યો.

પ્રસંગ : ૭૭

માંગરોળમાં સદાવ્રતનો આરંભ

થોડા દિવસ પછી મુક્તાનંદ સ્વામીએ સરજુદાસને ચાર સાધુ સાથે માંગરોળમાં ખાખચોકમાં આત્માનંદ નામના એક સાધુની જગ્યાએ રામાનંદસ્વામીનું સદાવ્રત ચાલતું હતું તે કામમાં મદદ કરવા મોકલ્યા. સરજુદાસને આવો સેવા ધર્મ વિશેષ પસંદ હતો. અન્નાર્થીઓને અન્નદાન આપવું તે મોટી સેવા છે એમ તેઓ માનતા. એટલામાં અન્નકૂટનો ઉત્સવ આવ્યો. તે ઉત્સવ ધામધૂમથી કર્યો. પછી આત્માનંદે સરજુદાસને કહ્યું, જેટલી કોરી પ્રસાદી, પકવાન વગેરે છે તે રાખી મૂકજો અને એંઠી પ્રસાદી અન્નાર્થીઓને આપી દેજો. હું ગામમાં પ્રસાદી આપીને હમણા આવું છું.

આત્માનંદ ગયા ને તરત જ અન્નાર્થીઓ આવવા લાગ્યા. સરજુદાસે તો અન્નાર્થીઓનો મોટો ધસારો જોઈ તમામ પ્રસાદી એમને જમાડી દીધી. એટલામાં આત્માનંદ આવી ગયા. તેમણે બધા ટોપલા ખાલી જોઈ પૂછ્યું, કોરી પ્રસાદી ક્યાં ? સરજુદાસે કહ્યું, અન્નાર્થીઓ ઘણા આવ્યા હતા એટલે એમને બધું જ જમાડી દીધું. આ સાંભળી આત્માનંદ ખિજાયા. તેમણે સરજુદાસને ગુસ્સાથી કહ્યું, બધું ઉજ્જડ કરવા અહીં આવ્યા છો ? હમણા જ અહીંથી નીકળી જાવ..સરજુદાસ તરત જ ત્યાંથી નીકળી ગયા ને વાવ ઉપર જઈને બેઠા.

એટલામાં ગોવર્ધનભાઈ ત્યાં આવ્યા. એમણે સરજુદાસને વાવ ઉપર એકલા બેઠેલા જોઈ પૂછયું, અહીં કેમ બેઠા છો ? સરજુદાસે બનેલી હકીકત કહી. પછી કહ્યું, તમે માંડવો બાંધવાનો સામાન લાવો તો અહીં આપણે બીજુ સદાવ્રત ચાલુ કરીએ. ગોવર્ધન શેઠને સરજુદાસની શક્તિનો, એમના મહિમાનો ખ્યાલ હતો. સીધા સામગ્રી, માંડવો બંધાવી સદાવ્રત શરૂ કર્યું. આત્માનંદને આથી ઈર્ષા થઈ. તેને થયું કે સરજુદાસે હરિફાઈમાં સદાવ્રત શરૂ કર્યું છે. ઈર્ષાના ભાવથી તેને સવળો વિચાર ના આવ્યો. અન્નદાન કે અભયદાન જેટલા સ્થળો વિશેષ હોય તેટલો લોકોને વિશેષ લાભ થાય. સરજુદાસને તેવો કોઈ ભાવ નહોતો. તેમને તો ગમે તે પ્રકારે લોકોને પોતાનો સંબંધ થાય ને તેમનું કલ્યાણ થાય એજ ભાવના હતી.

આત્માનંદ ઈર્ષાથી અન્નાર્થીઓને સરજુદાસનું સદાવ્રત બતાવતો. સરજુદાસ પ્રેમથી સૌને પોષતા. તેમની પ્રતિષ્ઠા વધવા લાગી. એક દિવસ

માંગરોળના બધા બ્રાહ્મણો આત્માનંદ પાસે ગયા ને કહ્યું, તમે આ શહેરના બ્રાહ્મણોની ચોરાશી કરો. આત્માનંદે ગુસ્સામાં કહ્યું, પેલા સરજુદાસને કહો. તેની લોકો જય બોલાવે છે એટલે તે કરશે. બ્રાહ્મણો આત્માનંદના આ ભાવથી ડગ્યા નહિ. તેમને તો ચોરાશી સાથે કામ હતું. સરજુદાસને વાત કરી.

સરજુદાસે ગોવર્ધન શેઠને બોલાવીને કહ્યું, આપણે આ શહેરના બ્રાહ્મણોની ચોરાશી કરવી છે. ગોવર્ધને શેઠે કહ્યું, મહારાજ માંડ માંડ તો સદાવ્રત પુરું પાડીએ છીએ તેમાં ચોરાશી કઈ મૂડી પર કરીએ ? પરંતુ સરજુદાસનો સંકલ્પ બળવાન હતો. શેઠ આપણા હેતવાળા તમામ હરિભક્તોને કહો સૌ થોડી થોડી સામગ્રી લાવશે ને ચોરાશી થઈ જશે. શેઠ વિશ્વાસુ હતા. સરજુદાસની શક્તિનો તેમને ખ્યાલ હતો. દરેક હરિભક્તને વાત કરી. સીધા સામગ્રી આવવા લાગી.

સરજુદાસે બ્રાહ્મણોને બોલાવીને કહ્યું, આવતીકાલે વહેલા આવી રસોઈ શરૂ કરી દો. બીજા દિવસે સવારે બ્રાહ્મણો આવ્યા. વાવની આથમણી બાજુએ તૈયાર કરેલા માંડવામાં તેમણે રસોઈ શરૂ કરી. આ જોઈ આત્માનંદને વધુ બળતરા થઈ. તેણે બ્રાહ્મણોની નાતના પટેલિયાઓને બોલાવ્યા. મોટે ઉપાડે લાડુ જમવા તો અધીરા બન્યા છે પણ ચોરાશી કરાવનાર સરજુદાસનું દૂધ પૂછ્યું કે પછી લાડુના લોભમાં જેનું તેનું ખાઈને ધર્મ ખોવો છો ? પટેલિયાઓને આ સાંભળી મૂંઝવણ થઈ. તેમણે વિચાર કર્યો કે સરજુદાસને જ પૂછવું.

સરજુદાસ હસ્યા..તેમણે બ્રાહ્મણોનો સંશય ટાળવા પોતાનું ઐશ્વર્ય બતાવ્યું ને તે જ ક્ષણે અનંત સૂર્યના તેજ જેવા શીતળ તેજમાં મધ્યભાગમાં સિંહાસન ઉપર આ સરજુદાસને દિવ્ય સ્વરૂપે બેઠેલા તેમણે સૌએ જોયા. અનંત મુક્ત તેમની સ્તુતિ કરતા હતા. આ દિવ્ય દર્શનથી તેમને પ્રતીતિ થઈ કે પરબ્રહ્મ પરમાત્મા સ્વયં સરજુદાસ છે. તેમણે સરજુદાસને નમસ્કાર કર્યાં. બ્રાહ્મણો હર્ષપૂર્વક ચોર્યાશી જમ્યા ને આત્માનંદના ગાત્રો શિથિલ થઈ ગયા.

બીજા દિવસે એક વેરાગી આવ્યો. સાધુઓ તેને સદાવ્રતમાંથી અન્ન આપવા લાગ્યા પણ તેણે લીધું નહિ. હમ તો મહંત કે સાથ પ્રસાદ ખાયેગા.

સાધુઓ આ સાંભળી હસ્યા. પછી જ્યારે સરજુદાસ જમવા બેઠા ત્યારે તેમની થાળીમાં બાજરાનો અડધો રોટલો અને લવિંગિયાં મરચાનો ગોળો સાધુએ પીરસ્યો. બાવાજીને પણ તે પ્રમાણે પીરસ્યું. બાવાજીને લાડુ જોઈ અંદર ગળપણ હશે તેમ માની મોંમાં પાણી આવ્યા. તેણે બાજરાના રોટલા સાથે લાડુ સમજી મોટો ગ્રાસ લીધો અને મોંમાં મૂક્યો. તેજ ક્ષણે તેની જીભ, આંખ, નાક બળવા લાગ્યા. તેમાંથી પાણી નીકળવા લાગ્યા. સરજુદાસે તેની દશા જોઈ સાધુને કહ્યું, આને ઘી પાવ..પછી તેને ઘી પાયું ત્યારે શાંતિ થઈ.

<u>પ્રસંગ : ૭૮</u>

<u>રામાનંદસ્વામીનો પત્ર</u>

રામાનંદસ્વામીના દર્શનની સરજુદાસને તીવ્ર ઝંખના હતી. લગભગ સાત મહિના થયા છતાં દર્શન ન થયા ને વ્યાકુળ થઈ ગયા. સ્વયં પરમાત્મા છતાં તેના જીવનના જુદા જુદા પાસામાં ગુરૂભક્તિ, સાધુતા, બ્રહ્મચર્ય, અહિંસા, કરૂણા વગેરે અનેક ઉત્કૃષ્ટ ગુણો જે મુમુક્ષુઓમાં હોવા જોઈએ તેનું દર્શન સ્હેજે થઈ જતું.

રામાનંદસ્વામીનું અંતરમાં સાક્ષાત્ દર્શન હતું છતાં તેમના પ્રગટ સ્વરૂપના દર્શનની નીલકંઠ વર્ણીની તાલાવેલી ઉપાસના સિદ્ધાંતનું મૂળભૂત રહસ્ય હતું. મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે હવે વિશેષ વાયદાથી સરજુદાસને સંતોષ નહિ થાય. સંવત ૧૮૫૬ના ફાગણ વદ પાંચમે રામાનંદસ્વામી ઉપર પત્ર લખ્યો. સરજુદાસે પણ પત્ર લખ્યો. માયારામ ભટ્ટ રામાનંદસ્વામી પાસે ગયા.

માયારામ ભટ્ટ રામાનંદસ્વામીના અનન્ય શિષ્ય. ઘણા સમયે દર્શન થયા એટલે દંડવત્ કરતાં હતા ને છેવટે રામાનંદસ્વામીએ તેમને ક્હ્યું, ભટ્ટજી હવે બહુ થયું દંડવત્ રાખો અને લોજના સમાચાર આપો. હરિભક્તોનો સમાજ પણ સમાચાર જાણવા ઉત્સુક હતો. ભટ્ટજીએ ચરણસ્પર્શ કરી પોતાના ખડિયામાંથી પત્રો કાઢી રામાનંદસ્વામીના હાથમાં આપ્યા. તેમના મુખ ઉપર આનંદ તરી આવ્યો. તેમણે બંને પત્રો માથે અડાડયા. સરજુદાસનો પત્ર છાતીએ અડાડયો. ભટ્ટજી હોંશિયાર હતા. તેમણે આ જોઈ લીધું. છતાં ચિત્તની વૃત્તિ ગુરૂભક્તિની નિષ્ઠામાંથી ચલાયમાન ન થઈ જાય તેથી તેઓ તકેદારી રાખતા હતા.

રામાનંદસ્વામીએ પહેલા મુક્તાનંદ સ્વામીનો પત્ર ઉઘાડયો. તે વાંચતા તેમની છાતી પુલકિત થવા લાગી. મુક્તાનંદ સ્વામીનો પત્ર વાંચી લીધો પછી સરજુદાસનો પત્ર ખોલ્યો. અજ્ઞાનના અંધારાને ટાળવા અને નિજનું જ્ઞાન પ્રસારવા પધારેલા સરજુદાસના સ્વરૂપનો પ્રકાશ પત્રમાંથી નીતરીને બહાર આવતો હોય એવી શ્વેતપુંજની છાયા ત્યાં પથરાઈ ગઈ. સભાજનોના અંતરમાં નિર્મળતા વ્યાપી ગઈ. સૌને માટે આ અનુભવ અપૂર્વ હતો.

ગુરૂ રામાનંદસ્વામીએ ખૂબ જ સંભાળ પૂર્વક પત્ર પ્રસાર્યો. પત્રના શબ્દોમાં સરજુદાસની આકૃતિ હતી. તેમના ભાવોમાં તેમના જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ભાવ હતો. અક્ષરો અનિર્દેશના હતા. જેમની હું રાહ જોતો હતો તે આવી ગયા. આધ્યાત્મિક ક્ષેત્રની અજોડ વિભૂતિ જેમના નામનો ઉલ્લેખ ખોળવા પંડિતો શાસ્ત્રો ઉથામતા પરંતુ તેમાં શોધ્યા જડયા ન હતા. અરે મહા મોટા મુનીઓ દેહ દમીને આત્માના સ્વરૂપમાં જેમના દર્શન કરવાને ઈચ્છુક હતા પરંતુ તેમને પણ જે અત્યાર સુધી અચિંત્ય અને અકલ્પ્ય રહ્યા છતાં જેઓ અન્વયભાવે સર્વત્ર છે, અંતર્યામીપણે જીવ-પ્રાણીમાત્રના અંતરમાં અણુવત્ બની બિરાજી રહ્યા છે તે આજે વર્ણી બની કિશોર સ્વરૂપે સૌને મોક્ષનું દાન દેવા આવી પહોંચ્યા છે.

રામાનંદસ્વામીના આનંદનો પાર ન રહ્યો. ધન્ય ધન્ય વર્ણીરાટ..પછી સભાજનોને કહ્યું, ભક્તો ! આજે આપણા સર્વના જીવનની ધન્ય પળ છે. આજનો દિવસ મંગલ છે. જેમની હું રાહ જોતો હતો, જેમના દ્વારા ભાગવતધર્મનું સ્થાપન થવાનું છે, લાખો બ્રહ્મભાવ પામી બ્રહ્મપુર ધામના અધિકારી બનવાના છે તે વર્ણી ભગવાન લોજમાં પધાર્યા છે. એટલું કહી એક ભક્તને કહ્યું, થોડી સાકર તો લાવો..રામાનંદસ્વામીએ પોશ ભરીને સાકર પ્રથમ માયારામ ભટ્ટને આપી. આજે તમે આનંદના સમાચાર લાવ્યા. હું તમને આટલું જ આપું છું પણ વર્ણી તમને ઘણું આપશે, ન્યાલ કરી દેશે. પછી સૌને સાકર વેચી.

<u>પ્રસંગ : ૭૯</u>

<u>શેખપાટમાં લાલજી સુથારને કૃષ્ણથી પણ મોટા એવો અનુભવ કરાવ્યો</u>

શેખપાટમાં લાલજી સુથારને વર્ણીની મહત્તાના જેમ જેમ વાવડ મળતા ગયા તેમ તેમ તેમનું મન અસ્વસ્થ થવા લાગ્યું. આ વળી કોણ નવો વર્ણી આવ્યો છે જેમના દર્શન માટે લોક ઉમટ્યું છે ? રામાનંદસ્વામી જેવા સમર્થ ગુરૂ મળ્યા છતાં લોકોની આસ્થા તેમનામાંથી કેમ ઓસરવા લાગી ? સ્વામી વિના બીજો સંકલ્પ પણ થઈ જાય તો પાપ થયું એવું માનનારાઓની આજે વિપરીત મતિ કેમ થઈ ગઈ ? સત્સંગનું શું થવા બેઠું છે ? તેઓ આગળ વિચાર કરી ન શક્યો. તેમને લાગ્યું કે સ્વામી પાસે ભુજ જવું ને ફરિયાદ કરવી કે આ વળી નવું તૂત ક્યાં ઉભું થયું ?

લાલજી સુથારને જોઈ રામાનંદસ્વામીને આશ્ચર્ય થયું. લોજ જવાનું છોડી અહીં કેમ આવ્યા ? તેમને લાલજી સુથારને કહ્યું, તમને માયારામ ભટ્ટે

ખબર નહોતા આપ્યા ? આપ્યા હતા..પણ સ્વામી આ શું થવા બેઠું છે ? વર્ણી એવા તે કેવા મોટા છે ? અરે લાલજી તમે ભારે ભૂલ કરી. વર્ણીના દર્શન કરવાનું મૂકીને અહીં કેમ દોડી આવ્યા ? લાલજી સુથાર મૂંઝવણમાં પડી ગયા. છતાં હિંમત કરી ફરી બોલ્યા, પણ સ્વામી એ કેવા મોટા છે ? દત્તાત્રેય, ઋષભદેવ કે રામચંદ્રજી સમાન છે ?

રામાનંદસ્વામીને થયું કે લાલજી સુથારને આવી મોટી વાત કેમ સમજાવવી ? પરંતુ કહ્યા સિવાય છૂટકો નહોતો. જેમ ઋષભદેવ, દત્તાત્રય ને રામચંદ્રથી કૃષ્ણ મોટા છે તેમાં વર્ણી તો કૃષ્ણથી પણ મોટા છે. લાલજી સુથાર આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમની મૂંઝવણ જોઈ રામાનંદસ્વામીએ કહ્યું, ગુરૂભક્તિના વેગમાં પ્રગટ ભગવાનને ઓળખવામાં ખામી આવશે તો કલ્યાણમાં વાંધો આવી જશે.

ગુરૂઆજ્ઞા ગણી લાલજી સુથાર ત્યાંથી સીધા લોજ જવા નીકળ્યા. તે વખતે નીલકંઠ વર્ણી ગામની પશ્ચિમે વાવ છે ત્યાં જઈને બેઠા હતા. વર્ણી મીઢીંચાવડ ને મરચાનો ગોળો જમતા એટલે રેચ થતો. તેથી વાવ પાસે જ વડના વૃક્ષ નીચે તેમણે આસન રાખ્યું હતું. તેમનું શરીર તો દુર્બળ હતું જ છતાં હજું શરીરમાં અલ્પ જેટલું પણ બળ ન રહી જાય તે માટે તેમણે અહીં આ પ્રયોગ શરૂ કર્યો હતો. આશ્રમે પહોંચ્યા ત્યારે તેમને ખબર પડી કે સરજુદાસ વાવ પાસે બેઠા છે. સરજુદાસ ધ્યાનમાં મગ્ન હતા. લાલજી સુથાર ત્યાં આવ્યા, દંડવત કર્યા.

પ્રથમ દૃષ્ટિએ જ સુકલકડી કાયાધારી તેમની ઈન્દ્રિયો તેમના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ. ગુરૂએ વર્ણવ્યા હતા તેવા જ તેમણે આ વર્ણીને જોયા. તેમની પાસે આવ્યા, તેમને પગે લાગ્યા. થોડીવારે વર્ણીએ આંખો ખોલી લાલજીને જોયા. આછું સ્મિત કર્યું. સરજુદાસના સ્મિતમાં લાલજીને જૂની ઓળખાણનો નિર્દેશ લાગ્યો. સરજુદાસે તેમના માથા ઉપર હાથ મૂક્યો ને કહ્યું, તમારા વૈરાગ્યમાં દયાના સાત્વિક ઝરણાએ વિક્ષેપ નાખ્યો હતો પણ આ વખતે તમારો વૈરાગ્ય પાર પડી જશે. શુકજી જેવા સમર્થ વૈરાગ્યવાન થશો.

સરજુદાસના આ શબ્દો દિવ્ય લાગ્યા. આર્ષદષ્ટિનો અનુભવ થયો. અંતરમાં લાગ્યું જુગ જૂની ઓળખાણ તેમને આમની સાથે છે. થોડીવારે વર્ણી અને લાલજી બંને ઉઠી મંદિરે આવ્યા. મુક્તાનંદસ્વામી પાસે ગયા અને રામાનંદસ્વામીએ કહેલી વાત તેમને કહી. વર્ણીએ આપેલા આશીર્વાદના અર્થ ગંભીર શબ્દોની વાત કરી. મુક્તાનંદ સમજી ગયા કે લાલજી સુથારનું અંતર વર્ણીએ ભેદી નાખ્યુ છે. વર્ણીની અપૂર્વ પ્રતિભાના અનુભવો તેમને નિત્ય થતા. છતાં લાલજી સુથાર ઉપરનો તેમનો આ પ્રભાવ વધુ વિસ્મયકારી લાગ્યો. વર્ણીને મનોમન નમસ્કાર કરી લીધા.

<u>પ્રસંગ : ૮૦</u>

<u>કાલવાણી ધ્યાન સગુણ કે નિર્ગુણ ? કાળની બીકથી અંતર જાગ્રત રહે છે</u>

મુક્તાનંદસ્વામી સરજૂદાસને કાલવાણી લઈ ગયા. સાથે દેવાભાઈ તથા જેઠાભાઈ બીજા સાધુઓ પણ હતા. રજાભાઈ તથા પર્વતભાઈ રામાનંદસ્વામીના પરમ ભકત હતા. કાલવાણીમાં સરજૂદાસ સૌ સાધુઓને વાડીમાં લઈ જઈ ધ્યાનમાં બેસારતાં ને પોતે તેમને સાવધાન રાખવા તેમની આજુબાજુ ફરતા.

ધ્યાનમાં સહુની સ્થિરતા થાય, મન બીજા સંકલ્પો ન કરે, ઊંઘ ન આવે તેની તેઓ કાળજી રખતાં, કોઈને ઊંઘ આવતી ને ઝોલાં ખાતા તો પોતે તેને જાગ્રત કરી કહેતાં સાધુરામ ! તમને તો રામાનંદ સાક્ષાતરૂપે મળ્યા છે છતાં તેમના સ્વરૂપમાં તમારી વૃત્તિ જતી નથીઅને ઊંઘમાં વૃત્તિ કેમ તણાય છે ? મેં તો રામાનંદ સ્વામીના હજુ દર્શન પણ કર્યા નથી, છતાં કાળની બીકથી અંતર જાગ્રત રહે છે ને રાત્રીમાં પણ ઊંઘ આવતી નથી. આ પ્રકારે સાધનામાં સૌને સાવધાન કરી ધ્યાનની રીત શીખવાડતા.

મુક્તાનંદસ્વામી ધ્યાનમાં બેઠા. ત્યાં એકાએક સરજુદાસજી આવ્યા. તેઓ મુક્તાનંદસ્વામી સમક્ષ બેસી ગયા. મુક્તાનંદસ્વામી ધ્યાનમાંથી જાગ્યા સામે સરજુદાસને જોયા, તેમને નમસ્કાર કર્યા. સરજુદાસે તેમને કહ્યું, ધ્યાનમાં શું જોયું ? મુક્તાનંદસ્વામીએ કહ્યું, સાધનાની વાતો ગોપ્ય રાખવી જોઈએ. સરજુદાસજી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, સ્વામી તમે શું જોયું તે હું કહું..એટલું કહીને સરજુદાસજીએ મુક્તાનંદસ્વામીનું મન ધ્યાનમાં જયાં જયાં ગયુ હતું, જે જે સંકલ્પો થયા હતા તે બધું કહેવા લાગ્યા. મુક્તાનંદસ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું.

સરજુદાસે કહ્યું, ધ્યાન સગુણ કે નિર્ગુણ ? મુક્તાનંદસ્વામી કહે, ધ્યાનમાં ભગવાનનો સંબંધ રહે તેથી તે નિર્ગુણ જ કહેવાય. તે સાંભળી સરજુદાસ હસ્યા..તેમણે પૂછ્યું, આ તુંબડીને કૂતરું બોટી જશે તેવા સંકલ્પ ધ્યાનમાં થાય ત્યારે તે ધ્યાન નિર્ગુણ કેમ કહેવાય ? આ સાંભળી મુક્તાનંદસ્વામી આશ્ચર્યવત્ સરજુદાસ સામું જોઈ જ રહ્યા. સરજુદાસનું સ્વરૂપ તેમને રામાનંદસ્વામીથી પણ પર લાગ્યું. પરંતુ આ વિચાર આવતા તેમણે તરત જ માથું ધૂણાવ્યું. ગુરૂથી પર કોઈ વિભૂતિ તત્વ હોઈ શકે એવો વિચાર માત્ર ગુરૂભક્તિમાં અને અંતિમ સાધનાની સિદ્ધિમાં વિઘ્નરૂપ છે છતાં સરજુદાસને નમસ્કાર કરી લીધા.

આ વખતે સાધુઓએ તુંબડીઓ રંગીને આકર્ષક બનાવી હતી. વર્ણીએ અહીં સૌની તુંબડીઓ મંગાવી, તેના કાંઠા પથ્થર સાથે અફાળી ખરબચડી કરી દીધી. સૌ સંતો આ જોઈ દિલગીર થઈ ગયા પણ કોઈ કાંઈ બોલી શક્યા નહિ. પછી સરજુદાસે કહ્યું, આ તુંબડીઓ તમે રંગીને એવી સરસ બનાવી છે કે મનની વૃત્તિ સ્હેજે જ તેમાં ચોંટે. સાધુઓને તો જેવા તેવા પદાર્થોથી જ ચલાવવું જોઈએ. પણ મોહ ઉત્પન્ન કરે એવા પદાર્થો રાખવા ન જોઈએ.

મુક્તાનંદસ્વામી આ મર્મ સમજી ગયા. તેમનું મન પણ ધ્યાન કરતાં તુંબડીમાં ગયું હતું. તેમણે સાધુઓને સંબોધીને કહ્યું, સંતો ! સરજુદાસ જે કહે છે તે ઠીક કહે છે. મને પણ એક દિવસ મોહ ઉત્પન્ન થયો હતો. જીવનની પળે પળ પોતાના ધ્યેયસ્વરૂપ પરમાત્માના જ સ્મરણમાં વીતવી જોઈએ. પરંતુ તેમને મૂકીને મન જો જગતના પદાર્થોમાં જોડાય તો સાધનામાં વિઘ્ન આવે.

<u>પ્રસંગ : ૮૧</u>

<u>રામાનંદસ્વામીના ધ્યાનમાં પ્રથવાર દર્શન</u>

નીલકંઠ વર્ણીને લોજમાં આવ્યે લગભગ ૯ માસ થઈ ગયા. મુક્તાનંદસ્વામીએ વાયદો આપ્યો હતો તે પૂરો થયો. સરજુદાસે એકાએક મુક્તાનંદસ્વામીને કહ્યું, સ્વામી તમે કહેતા હતા કે ગુરૂ રામાનંદસ્વામી તમે પૂજા અંગીકાર કરે છે ?

મુક્તાનંદસ્વામી કહે, હા એ તો રોજ પધારે છે. નીલકંઠ વર્ણી હસ્યા. તેમણે કહ્યું, કાલે આપ પૂજામાં બેસો ત્યારે હું આપની બાજુમાં બેસીશ. મુક્તાનંદસ્વામીને આ કાંઈ સમજાયું નહિ પરંતુ એમ કરતાં પણ તે જો પ્રસન્ન રહેતા હોય તો તેમને નિરાંત થાય.

બીજા દિવસે મુક્તાનંદસ્વામી પૂજા કરવા બેઠા ત્યારે સરજુદાસ તેમની સમક્ષ આવીને બેસી ગયા. મુક્તાનંદસ્વામી ધ્યાનમાં બેઠા. તેમને

ધ્યાનમાં રામાનંદસ્વામીના પ્રત્યક્ષ દર્શન થતા હતા. તેથી સરજુદાસે તરત જ યોગધારણાથી પોતાની વૃત્તિ મુક્તાનંદસ્વામીની વૃત્તિ સાથે જોડી દીધી. મુક્તાનંદસ્વામી સમક્ષ પ્રત્યક્ષ થયેલા રામાનંદસ્વામીના સરજુદાસે દર્શન કર્યા. ગૌર અને પુષ્ટ શરીર..કમળદળ સમી આંખો..તીવ્ર નાસિકા..વિશાળ ભાલ..જગતની અનેક વાતોની સરવાણીઓને સમાવી દેતું ગંભીર ઉદર..ગોળ ઉંડી નાભિ..આવી મનોહર મૂર્તિ જોઈ સરજુદાસને આનંદ થયો.

રામાનંદસ્વામીની મૂર્તિ સૌમ્ય હતી. તેમની આંખોમાં કૃષ્ણભક્તિનો પ્રેમ હતો. પિતા ધર્મદેવે તેમના અંત સમયે રામાનંદસ્વામીના સ્વરૂપનું વર્ણન કર્યું હતુ તે તેમને તાદશ્ય થયું. તેમને લાગ્યું કે રામાનંદસ્વામી ખરેખર ગુરૂવર્ય છે. મુક્તાનંદસ્વામી ધ્યાનમાંથી જાગ્રત થયા ત્યારે સરજુદાસની આંખોમાં તેમણે પ્રેમાશ્રુ જોયા. તેમણે કહ્યું, મેં રામાનંદસ્વામીના દર્શન કર્યાં. એટલું કહી તેમણે રામાનંદસ્વામીની મૂર્તિનું વર્ણન કર્યું. પાસે બેઠેલા આશ્રમવાસીઓ આશ્ચર્ય મુગ્ધ થઈ ગયા.

પછી એક સાધુએ પૂછ્યું, સરજુદાસ હવે તો શાંતિ થઈ ને ? તરત જ સરજુદાસે કહ્યું, પ્રત્યક્ષ દર્શનનો જે મહિમા છે તે આ દર્શનથી ઘણો અધિક છે. પરમાત્માના પ્રત્યક્ષ અને પરોક્ષ બે સ્વરૂપ છે. ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપના જ્ઞાનથી અને તેમના સંબંધથી જ મોક્ષ થાય. એ શ્રુતિનું રહસ્ય સરજુદાસને સ્પષ્ટ કરવું હતું.

પ્રસંગ : ૮૩

કુરજી દવેને અક્ષરધામ બક્ષિસ

જેઠ વદ દશમીને સાંજે પીપલાણાથી કુરજી દવે સંદેશો લઈને આવ્યા. સૌ ઉત્સુક બની ગયા. મુક્તાનંદસ્વામીએ પૂછ્યું, શું સમાચાર લાવ્યા છો ? સારા સમાચાર છે. સુખાનંદે કહ્યું તો ઝટ બોલી નાંખો. કુરજી દવેએ કહ્યું, સ્વામી રામાનંદસ્વામી આજે સવારે પીપલાણા આવી ગયા છે. તમને સૌને ત્યાં બોલાવ્યા છે ને પેલા સરજુદાસ નવા આવ્યા છે તેમને પણ લઈ આવવા કહ્યું છે.

ચાતક જેમ મેઘથી પ્રસન્ન થાય, ચકોર ચંદ્રના ઉદયથી પ્રસન્ન થાય તેવી પ્રસન્નતાના ભાવ સૌના મોં ઉપર પથરાઈ ગયા. કુરજી દવે આ શુભ સમાચાર લાવ્યા તેથી મુક્તાનંદસ્વામીએ તેમને પોતાને માથે બાંધવાનો રૂમાલ ભેટ આપ્યો. બીજા સાધુઓએ પણ પોતાની પાસે જે જે હતું તે તેમને ભેટ આપ્યું.

નીલકંઠ વર્ણી આ બધું જોઈ રહ્યા. તેમના મોં ઉપર અપાર આનંદ હતો. પરંતુ આ બધા આપે છે તેવું કુરજી દવેને આપવા જેવું પોતાની પાસે કાંઈ નહોતું. છેવટે તેમણે કહ્યું, દવેજી હું તો તમને મારું અક્ષરધામ બક્ષિસ આપીશ. આ વાણીમાં કુરજી કાંઈ સમજ્યા નહિ. તે તો નીલકંઠ વર્ણી સામે ટગર ટગર જોવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ ફરી કહ્યું, દવેજી જે કોઈ ન આપી શકે એવું પરાત્પર અક્ષરધામ હું તમને આપીશ. જે અત્યાર સુધી સૌને અપ્રાપ્ય રહ્યું છે. જેની પ્રાપ્તિ માટે મોટા મોટા મુનિવરો પણ દેહ દમી નાખે છે. કુરજીને આ વાત અગમ્ય લાગી. છતાં તેને લાગ્યું કે નીલકંઠ વર્ણી તેને જે આપશે તેની તુલનાએ બીજાએ આપેલી વસ્તુઓની કોઈ કિંમત નહિ હોય. તેમણે નીલકંઠ વર્ણીને નમસ્કાર કર્યાં.

પ્રસંગ : ૮૪

યોગશક્તિથી દિવ્ય ગતિ

સરજુદાસે મુક્તાનંદસ્વામી આદિ સાધુઓને કહ્યું, ચાલો આપણે હમણા જ નીકળીએ..નીલકંઠ વર્ણીને રાજી કરવા સૌ ત્યાંથી તરત નીકળ્યા. કાલવાણી જઈને ટીમણ કર્યું. મુક્તાનંદસ્વામીએ કહ્યું, કૃષ્ણપક્ષની દશમ છે એટલે ચંદ્ર ઉગે એટલે નીકળશું. સરજુદાસને આ વિલંબ ગમ્યો નહિ. એટલામાં પર્વતભાઈ, અંબારામ વ્યાસ, જીવરામ સોની, ખીમજી શેઠ વગેરે હરિભક્તો આવી ગયા ને સંઘ નીકળ્યો.

થોડું ચાલ્યા ને નીલકંઠ વર્ણી એકદમ બેસી ગયા. મારા પગ દુઃખે છે કોઈ ચંપી કરો..એટલે સૌ તેમની આસપાસ બેસી ગયા ને તેમના પગ દબાવવા લાગ્યા. તે જોઈ અયોધ્યાના મલ્લ જેવા સાધુ અયોધ્યાદાસ એકદમ બોલવા લાગ્યા. અરે ક્યા દુબલે હોકર બેઠ જાતે હો..મેરી કાંધ પર બેઠ જાઓ. તેમની અડબંગી બોલી સાંભળી સરજુદાસ હસ્યા..તેમણે કહ્યું, સાધુરામ તમે મને નહિ ઉંચકી શકો.

અયોધ્યાદાસ આ સાંભળી હસ્યા. તેમણે વર્ણીને એક હાથે પકડીને પોતાની કાંધ ઉપર બેસાડી દીધા. થોડું ચાલ્યા ને તેમને ભાર લાગવા લાગ્યો. તે ઝડપથી ચાલતો હતો પણ તેની ગતિ મંદ થવા લાગી. થોડું ચાલ્યો ને તે એકદમ બેસી ગયો. તેણે કહ્યું, સરજુદાસ ઉતર જાઓ..બહોત વજન લગતા હૈ. આ સાંભળી સૌ હસવા લાગ્યા.

સરજુદાસ થોડું ચાલ્યા ને ફરી બેસી ગયા. તેમણે કહ્યું, મને શરીરે બહુ જ કળતર થાય છે. માટે મારું શરીર દબાવો. માટે સૌ તેમનું શરીર દબાવવા લાગ્યા. એટલામાં મુક્તાનંદસ્વામી ત્યાં આવ્યા. તેમણે સરજુદાસને કહ્યું, આ શું ચરિત્ર આદર્યું છે ? કોઈની કાંધ ઉપર બેસો છો ને વળી વારેવારે પગ દબાવો છો. આમ કરશો તો પીપલાણે ક્યારે પહોંચશું ? પીપલાણું તો હજું ઘણું છેટું છે માટે યોગધારણા કરો.

મુક્તાનંદસ્વામીના વચન સાંભળી સરજુદાસ એકદમ ઉઠયા. તેમની આજ્ઞામાં રહેવાની રામાનંદસ્વામીની આજ્ઞા હતી. દેહની દુર્બળતાને તિલાંજલિ આપી યોગ ધારણ કરી જેમ રામના બાણમાંથી તીર છૂટે તેમ તેમણે શીઘ્રતાથી ગતિ કરી. સંઘના સૌ આદમી જોઈ રહ્યા.

બ્રહ્મચારી ઓઝત ગંગાને તીરે આવ્યા. પણ ઓઝત તો બે કાંઠે ભરપૂર ગાંડીતૂર થઈને વહેતી હતી. તેના પ્રવાહમાં કોઈ પડી શકે તેમ નહોતું. સામે પાર જવા સૌ કાંઠે ઊભા રહ્યા હતા. પણ નીલકંઠ વર્ણીએ ઝંપલાવ્યું. સૌ જોતા રહ્યા. અને ઓઝતના પાણી ઉપર સડસડાટ પગલાં માંડતા નીલકંઠ વર્ણી સામે કાંઠે પહોંચી ગયા. બંને કાંઠે ઉભેલા માણસો નીલકંઠ વર્ણીનું આ અદ્ભૂત ચરિત્ર આશ્ચર્યવત્ જોઈ રહ્યા. સામે કાંઠે જઈને નીલકંઠ વર્ણી સંઘના સભ્યોના આવવાની રાહ જોતા બેસી રહ્યા.

સૌ સામે કાંઠે વહાણ ચાલવાની રાહ જોતા ઉભા રહ્યા. વરસાદનું જોર ધીમું પડયું એટલે પાણીનો વેગ ધીમો પડયો. તેથી વહાણ ચાલવા શરૂ થયા. સૌ સભ્યો વહાણમાં બેસીને કાંઠે આવ્યા. નીલકંઠ વર્ણી તેમની રાહ જોતા કાંઠા ઉપર બેઠા હતા.

તેમનામાં મનુષ્યભાવે બતાવેલી દુર્બળતા પણ સૌએ જોઈ અને દિવ્યભાવની અલૌકિકતા પણ જોઈ. છતાં તેમની સ્વસ્થતા નિરાળી જ હતી. સૌ પાસે આવ્યા એટલે પોતે ઉઠયા. પીપલાણામાં તો તેઓ અગાઉ આવી ગયા હતા છતાં સંઘના નિયમ પ્રમાણે સૌની સાથે જ ગામમાં પ્રવેશ કર્યો.

પ્રસંગ : ૮૫

પીપલાણામાં રામાનંદસ્વામીના પ્રથમ દર્શન

સંવત ૧૮૫૬ના જેઠ માસની કૃષ્ણ પક્ષની દ્વાદશીનો એ માંગલીક દિવસ હતો. આજે ભક્ત અને ભગવાનના શુભ મિલનનો મંગલમય દિવસ હતો. ભગવાનને ભક્તનો મહિમા હતો તેથી યોગધારણા કરી તેમણે ગતિ કરી. ઓઝત નદીમાં પૂરપાટ વહેતા પાણીમાં ઝંપલાવ્યું. રામાનંદસ્વામીને પણ એવી ઉત્સુકતા હતી. બહારથી કોઈએ ખબર આપ્યા કે સંઘ ઓઝત ઉતરીને ગામમાં આવી ગયો છે. એ સમાચાર સાંભળીને રામાનંદસ્વામી એકદમ ઉતાવળા થઈ ગયા. ગાદી ઉપરથી ઉઠી ગયા. સંઘ આવી ગયો..સૌથી આગળ નીલકંઠ વર્ણી હતા. તેમને ગાદી પાસે ઉભેલા રામાનંદસ્વામીને દૂરથી જ દંડવત્ કરવા માંડયા. સ્વામી એકદમ દોડીને તેમની પાસે આવ્યા ને તેમને ઉઠાડીને છાતી સરસા દાબીને અત્યંત પ્રેમથી ભેટયા. સૌને આશ્ચર્ય થયું.

સ્વામી આ રીતે કોઈને ભેટતા નહિ. વર્ણી ઉપર તેમનો અપાર પ્રેમ હતો. આંખોમાંથી રોમાંચિત થયેલા ગાત્રો ઉપરથી દેખાતું હતું. વર્ણી પણ જાણે ભક્તમાં સમાઈ જવા, ભક્તનો મહિમા વધારવા સ્વામીના આશ્લેષમાં સમાઈ ગયા. રામાનંદસ્વામીએ આ સુખ લીધું ને વર્ણીએ પણ તેમને આ સુખ લેવા દીધું. રામાનંદસ્વામીએ તેમને નીચે આસન ઉપર પોતાની સન્મુખ બેસાડયા. બહુ દિવસે મળ્યા એટલે સૌ ભક્તો દર્શનાતુર બની ગયા હતા.

મુક્તાનંદસ્વામીએ પત્રમાં વર્ણવ્યા હતા તેવા જ વર્ણીને જોયા. મુક્તાનંદસ્વામીએ જોયું કે રામાનંદસ્વામી સૌની સાથે વાત કરે છે પણ તેમની દૃષ્ટિ તો સરજુદાસ ઉપર જ વારંવાર સ્થિર રહે છે. આજના પ્રસંગે તેમના મુખ ઉપર અપૂર્વ પ્રસન્નતા, ભાવો ઉપસી આવ્યા હતા જે તેમણે કદી જોયા નહોતા. આ ભાવો ઉપરથી વર્ણીની વિશેષ મહત્તા પરખી લીધી. તે દિવસે યોગિની એકાદશી હતી. વર્ણીને ફળાહાર કરાવ્યો. વર્ણી મુખના ભાવથી તો તમે પરિચિત લાગો છો..તમારા માતા-પિતા, દેશ પ્રદેશ વગેરે કહેશો ?

વર્ણીએ સવિસ્તાર બધી વાત કરી. રામાનંદસ્વામી તે સાંભળી પ્રસન્ન થયા ને બોલ્યા, વર્ણી તમારા માતાપિતા તો અમારા શિષ્ય હતા. અમને પ્રયાગમાં મળ્યા હતા. અમારી પાસેથી વૈષ્ણવી દિક્ષા તેમણે ગ્રહણ કરી હતી એટલે તમે તો અમારા જ છો.

ત્યાં બેઠેલા સાધુઓમાંના એક સાધુએ એકાએક પૂછયું, સ્વામી આપ જેની વાટ જોતા હતા ને વારંવાર કહેતા હતા કે ખેલના ભજવનારા તો હજુ હવે આવશે. તે જ આ વર્ણી ? રામાનંદસ્વામીએ કહ્યું, હા, એજ આ..તમારા સદ્ભાગ્ય છે કે તમોને આજે મળ્યા. પણ જયારે યથાર્થ ઓળખાશે ત્યારે આનંદનો પાર નહિ રહે.

એકાએક વર્ણીએ રામાનંદસ્વામીને પ્રશ્ન પૂછયો, તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ? વર્ણીનો આ પ્રશ્ન સાંભળતા જ રામાનંદસ્વામીએ મુખ ફેરવી લીધું ને પાસે બેઠેલા હરિભક્ત સાથે વાત કરવા લાગ્યા. થોડીવાર પછી રામાનંદસ્વામીએ વર્ણી સામે જોયુ એટલે તરત જ ફરીથી વર્ણીએ એજ પ્રશ્ન પૂછયો. તો પણ રામાનંદસ્વામી મૌન રહ્યા એટલે વર્ણીએ એનો એજ પ્રશ્ન ત્રીજીવાર પૂછતાં રામાનંદસ્વામી કંઈક મીશ લઈને ઉઠી ગયા. થોડીવારે તેઓ પાછા આવ્યા. પછી વર્ણી મૌન રહ્યા.

એટલામાં ત્યાં એક જમાદાર આવ્યો. નીલકંઠ વર્ણીએ તેને સમાધિ કરાવી. સમાધિમાં જમાદારે જોયું કે નીલકંઠ વર્ણી એક દિવ્ય સિંહાસન પર બિરાજમાન છે અને અનંત મુક્તો સાથે રામાનંદસ્વામી પણ નીલકંઠ વર્ણીની સ્તુતિ કરે છે. થોડીવારે તે સમાધિમાંથી જાગ્યો અને રામાનંદસ્વામી પાસે આશ્ચર્ય વ્યક્ત કર્યું. તમારા હિન્દુઓમાં આ અવળી રીત કેમ ? અલ્લાહ હેઠે બેસે..અને મુરસદ ઉંચા આસને બેસે..આ સાંભળી રામાનંદસ્વામીએ મંદ મંદ હસતા કહ્યું, અમારી આ રીત અસલની છે. વશિષ્ઠ ઋષિ ઉંચે બેસતા, ને રામચંદ્રજી નીચે બેસતા. જમાદારને આ કાંઈ સમજાયું નહિ. એતો નીલકંઠ વર્ણીને અલ્લાહ જાણી એમને પગે લાગી ચાલ્યો ગયો.

દશેરા ને અન્નકોટના ઉત્સવો પીપલાણામાં જ કર્યાં. વર્ણીને હવે સંકલ્પ થવા લાગ્યો કે ભારતની સમગ્ર યાત્રામાં તેમને સ્થિર થવાની વૃત્તિ જો થઈ હોય તો આ સ્થાનમાં જ..અહીં ધર્મ હતો, સાધુતા હતી. કલ્યાણ માટેની પ્રવૃત્તિ હતી. આ સ્થાનમાં સાધુઓને સાધુતા સાચવવાની ખેવના હતી. મોક્ષ માટેની જીજ્ઞાસા હતી. સૌનું આચરણ શાસ્ત્રની મર્યાદા અનુસાર હતું. બીજે બધે તેમણે પાખંડ ધર્મ અને કલ્પિત ધર્મના આચાર જોયા. અહીં ભાગવત ધર્મની મર્યાદાનું પાલન થતું જોયું. તેમણે રામાનંદસ્વામીના શુભ હસ્તે ભાગવતી દિક્ષા લેવાનું નક્કી કરી દીધું.

<u>પ્રસંગ : ૮૬</u>

<u>નીલકંઠ વર્ણીની ભાગવતી દિક્ષા</u>

સંવત ૧૮૫૭ કાર્તિક શુક્લની પ્રબોધિની એકાદશીનું આજે મંગલમય પ્રભાત હતું. વર્ણીએ પ્રાતઃવિધિ પતાવી સંતો સાથે જઈ ઓઝતમાં સ્નાન કર્યું. સફેદ વસ્ત્રો પહેર્યા. યજ્ઞમંડપમાં પધાર્યા. અહીં વિદ્વાન બ્રાહ્મણે સર્વતોભદ્ર કરીને તેમાં આઠ દિશામાં કળશ સ્થાપનવિધિ કર્યો. દેવતાનું સ્થાપન કર્યું. વર્ણીરાટ પાસે સ્થાપિત દેવતાઓની પૂજા કરાવી. ત્યારબાદ યજ્ઞમાં ઘીની આહુતિ વર્ણી પાસે અપાવી.

આ વિધિની સમાપ્તિ પછી રામાનંદસ્વામીએ વર્ણીને દિક્ષાવિધિ આપવાનું શરૂ ર્ક્યું. પ્રથમ કૌપિન આપી, પછી તે ઉપર પહેરવાનું શ્વેત વસ્ત્ર આપ્યું, ઉપર ઓઢવાનું ઉત્તરીય આપ્યું. તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ગળામાં પહેરાવી. ચંદનથી કપાળમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કર્યું. તેમાં કુમકુમનો ગોળ ચાંદલો કર્યો. બે બાહુ તથા છાતીમાં છાપ આપી. ત્યારબાદ રામાનંદસ્વામીએ તેમના કાનમાં ગુરૂમંત્ર આપ્યો.

પછી રામાનંદસ્વામીએ કહ્યું, વર્ણી તમે તો જનમથી જ ઉર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી છો. તમારા તુલ્ય બ્રહ્મવેત્તા કોઈ નથી. તમારા તીવ્ર વૈરાગ્યને પણ ધન્ય છે. તમે સાક્ષાત્ પરમાત્મા છો. દિક્ષા લીધા વિના પણ આપ કરોડોને પણ માત્ર સંકલ્પે કરીને નિષ્પાપ કરી શકો એવા સમર્થ છો. વૈદિક ધર્મનો મર્મ સૌને સમજાવવા માટે જ આપે આજે આ દિક્ષા ગ્રહણ કરી છે.

એમ કહી ભાગવતી દિક્ષા પછી રામાનંદસ્વામીએ વર્ણીરાટનું નામસંસ્કરણ વિધિ કરી. સહજાનંદસ્વામી અને નારાયણ મુનિ એમ બે નામ તમને આપ્યા. પછી વર્ણીરાજ ઉભા થઈને રામાનંદ સ્વામીને દંડવત્ કરી પગે લાગ્યા. મુક્તાનંદસ્વામી આદિ સર્વ સંતોને પણ પગે લાગ્યા. મંડળમાં સૌથી નાના, છતાં સૌથી અગ્રપદે શોભતા વર્ણી આજે અલૌકિક દેખાતા હતા.

સભાજનો તથા શ્રીરામાનંદસ્વામીના સર્વ સંતો નવદીક્ષિત સહજાનંદ સ્વામીના સ્વરૂપમાં જાણે લીન થઈ ગયા હોય એવું સૌને લાગ્યું. રામાનંદસ્વામીના સ્વરૂપમાંથી તેમની બધાની વૃત્તિ કેમ ચલિત થઈ ગઈ તેનો કોઈનેય ખ્યાલ ના આવ્યો. રામાનંદસ્વામી પણ શૂન્યમનસ્ક બની ગયા હતા. તે બધી વાતો તેમના આશ્રમવાસી સંતો પાસેથી સાંભળીને મુગ્ધ બની ગયા હતા.

<u>પ્રસંગ : ૮૭</u>

<u>રામાનંદસ્વામીના યોગમાં રામદાસસ્વામી, આનંદસ્વામી, મુકુન્દ બ્રહ્મચારી</u>

રામાનંદસ્વામી મનોમય ભૂમિકામાં ગતિ કરવા લાગ્યા. ભગવાને દર્શન દઈને એંધાણ આપ્યા કે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વયં પ્રગટ થઈને પૃથ્વી ઉપર ભાગવત ધર્મનું સ્થાપન કરશે. સોરઠની ભૂમિને પવિત્ર જાણી ત્યાં આવવા નીક્ળ્યા. રસ્તામાં કાનમ દેશમાં સારિંગ ગામના પાદરેથી જતાં એક ખેડુને હળ હાંકતો જોયો. સહેજે તેને બોલાવીને કહ્યું, ભાઈ ! આ સંસાર તો અસાર છે. શા માટે આવી કાળી મજૂરી કરી અમૂલ્ય મનુષ્યદેહ ખોઈ નાખો છો ? ખેડુ આ ભાષામાં કાંઈ સમજ્યો નહિ. તેણે ફક્ત બે હાથ જોડી એટલું જ કહ્યું, તો શું કરું ? સંસારનો ત્યાગ કરી ભગવાન ભજો. મારી સાથે ચાલો..ખેડૂતે તરત જ બળદની રાશ મૂકી દીધી અને સ્વામી સાથે ચાલતો થયો. તે રામદાસસ્વામી..

નારાયણ મુનિએ અયોધ્યાના આનંદસ્વામીને પૂછ્યું, સ્વામી ! ઠેઠ ઉત્તર હિંદમાંથી આપ અહીં કેવી રીતે આવ્યા ? આનંદ સ્વામીએ કહ્યું, અયોધ્યામાં રામગલોલાનો અખાડો છે. નારાયણ મુનિ કહે, હું તે અખાડામાં જઈ આવ્યો છું. બધા રંગીભંગી બાવાઓ છે.

આનંદસ્વામીએ હસીને કહ્યું, તેમાંનો હું પણ એક હતો. છતાં મારા પૂર્વકર્મનું જોર અને રામાનંદસ્વામીની કૃપાના યોગે અમારે ત્યાંથી દ્વારિકાની યાત્રાએ જવાનું થયું. અહીં સૌરાષ્ટ્રમાં આવતા રામાનંદસ્વામીનું નામ લોકજીભે સાંભળ્યું. તે નામ સાંભળતા જ મને ખેંચાણ થયું. પછી અમે શોધતા શોધતા લોજ જઈ પહોંચ્યા. ત્યાં સ્વામીના દર્શન થયા અને અંતર શાંત થઈ ગયું. બાવા થયા પછી પણ જગતના પંચવિષયો પ્રત્યે ઉછાળા મારતી વૃત્તિઓના ભોગની ઈચ્છા રામાનંદસ્વામીના દર્શનથી એકાએક મંદ પડી ગઈ. તેથી મનમાં થયું કેજો સાધુ જ થવું હોય, પરમાત્માના સ્વરૂપની સાધના કરવી હોય તો કાશી, કેદાર કે દ્વારિકાની પવિત્ર ધૂલિ અંગે લગાવવા કરતાં પણ સર્વ તીર્થ જેના ચરણમાં છે તેવા આ મહાન પુરુષની ચરણધૂલિમાં આળોટવું એ શ્રેષ્ઠ છે. તેથી મેં તો લોજમાં જ અદ્દે દ્વારકા કરી દીધા. મારી સાથેના બીજા બાવાઓ પછી દ્વારિકા ચાલ્યા ગયા અને સ્વામીની કૃપાથી હું લક્ષ્મણદાસમાંથી આનંદાનંદ બની ગયો.

રામાનંદસ્વામીના શિષ્યગણમાં મુકુંદ બ્રહ્મચારી સહજાનંદ સ્વામીને નીરખી નીરખીને જોતા હતા. તેમની આંખો આ સહજાનંદની અલૌકિક મૂર્તિનું પાન કરતી હતી. નારાયણ મુનિ બોલતા હતા ત્યારે તેમના શબ્દોનું અમૃતપાન કરતા આ બ્રહ્મચારીની આવી એકાગ્રતા જોઈ એક સાધુએ તેમને હલાવ્યા અને પૂછયું, મુકુંદ કાંઈ સમજાયું ? સમજે મારી બલા..હું તો તેમને જોઈ જ રહ્યો છું. કેવું સ્વરૂપ ! કેવી અલૌકિતતા !

મછિયાવના બ્રાહ્મણ યુવાન સંસારના લગ્નની વાતને ઠુકરાવીને પ્રભુ પ્રાપ્તિ માટે અખંડ બ્રહ્મચર્યના વ્રતને વરેલા હતા. ઘર મૂકીને ભગવાનને ખોળતા ખોળતા ઠેઠ લોજમાં આવ્યા. રામાનંદસ્વામીના સ્વરૂપમાં તેમને ભગવાનના દર્શન થયા. ઈન્દ્રિયોની વૃત્તિઓને અંતઃસન્મુખ રાખીને ભજન કરતા. મૂળજી ભક્તની મુમુક્ષુતા જોઈ રામાનંદસ્વામીએ દિક્ષા આપી મુકુંદ બ્રહ્મચારી નામ આપ્યું.

* રામાનંદસ્વામીએ ૧૮૫૭માં ફૂલદોલનો ઉત્સવ માણાવદરમાં કર્યો. માણાવદરથી નીકળી સંત હરિભક્તો સાથે મેઘપુર પધાર્યા. રામાનંદસ્વામીએ કહ્યું, ભક્તો સૌ ધ્યાન દઈને મારી વાત સાંભળો. આ સહજાનંદ સ્વામી જે અહીં બેઠા છે, તેમને ઓળખી લેજો. દેહે નાના દેખાય છે પણ સ્વરૂપે સૌથી મોટા છે. અતિ મહાન છે, પરમાત્મા છે.

ત્યાંની બે સમાધિષ્ઠ બહેનોને આ વાત અંતરમાં ઉતરી ગઈ. તેમાં એક હતા લાડકીબાઈ ભાટ અને બીજા લાડકીબાઈ બ્રાહ્મણ. રામાનંદસ્વામી મહારાજને લઈને આ બંનેના ઘેર વારાફરતી જમવા જતા. જયારે ભાટની ઘરે જાય ત્યારે પોતાની રસોઈ હાથે બનાવી લેતા. અથવા કોઈ બ્રાહ્મણ પાસે કરાવતા. આ લાડકીબાઈની દિકરી રૂકમાઈને સમાધિ થતી. મહારાજ જયારે પહેલીવાર એને ત્યાં જમવા આવ્યા ત્યારે એને જોઈ રૂકમાઈએ તેની માતાને કહ્યું, મા ! હું તને વનમાં ફરતાં વર્ણીની વાત કરતી હતી ને તે આજ..અને પછી તેમણે વર્ણીની મોટાઈની વાત સાંભળી. તેમના અંતરમાં રામાનંદસ્વામીની વાત ઉતરી ગઈ.

<u>પ્રસંગ : ૮૮</u>

<u>રામાનંદસ્વામી ભક્તોને અક્ષરબ્રહ્મનો જન્મદિવસ ઉજવવાનું કહે છે</u>

૧૮૫૮માં જેતપુરમાં આશ્વિન સુદ ચૌદશને રોજ પધાર્યા. બીજે દિવસે શરદપૂર્ણિમા હતી. બધા સંતોને ભેગા કરી રામાનંદસ્વામીએ કહ્યું, સંતો આપણે શરદપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી કાલે રાત્રે ઉજવવો છે. રામદાસસ્વામીએ કહ્યું, સ્વામી આ ઉત્સવ તો આપણે કરતા નથી. જળઝીલણી પછી સીધો અન્નકોટનો જ ઉત્સવ કરીએ છીએ. હરિભક્તોને ટૂંકે ગાળે બે ઉત્સવો ઉપર આવવું કઠણ પડશે. આ સાંભળી રામાનંદસ્વામીએ કહ્યું, આપણે નહોતા કરતા એ સાચુ..પણ હવે આ ઉત્સવ કરવો પડશે. જેને મહિમા હશે તે આવશે.

ગુરૂની આજ્ઞા સાંભળીને રામદાસ થોડીવાર કાંઈ બોલ્યા નહિ. પરંતુ આ ઉત્સવ શા માટે ઉજવવા માંગે છે એ રહસ્ય જાણવું હતું. સ્વામી ઉત્સવ ઉજવવાની તૈયારી તો કરીએ પણ એની પાછળ મર્મ શું છે એ કહો ? થોડીવાર મૌન રહીને તેમણે દઢતાથી કહ્યું, રામદાસ આજે આ સહજાનંદ સ્વામીનું સાક્ષાત્ ધામ અક્ષરબ્રહ્મ તેમનો જન્મદિવસ છે.

અરે સ્વામી ! ધામનો તે કાંઈ જન્મદિવસ હોતો હશે ! એતો ભગવાનનું ઘર કહેવાય.

શ્રીમદ્ ભાગવતમાં શેષને ભગવાનનું ધામ કહે છે. બળદેવજી અને લક્ષ્મણજી બંને શેષનો અવતાર હતા. ભગવાન પોતાના ધામ સાથે જ પધારે છે. રામાનંદસ્વામીએ સમજાવતા કહ્યું. રામદાસ બહુ વિચારમાં પડી ગયા. સહજાનંદ સ્વામી પ્રથમ લોજમાં આવેલા ને મુક્તાનંદસ્વામીને જે પ્રશ્ન પૂછયા હતા તેની તેને સ્મૃતિ થઈ આવી. મુક્તાનંદસ્વામીએ બ્રહ્મનું યથાર્થ વર્ણન કર્યું હતું. વર્ણી તે સાંભળી રાજી થઈ ગયા હતા. તેમણે રામાનંદસ્વામીને કહ્યું, સ્વામી ! વાત સમજાણી..મુક્તાનંદસ્વામીએ વર્ણીના દરેક પ્રશ્નના ઉત્તર આપ્યા હતા ત્યારે આ અક્ષરબ્રહ્મની વાત બરાબર સમજાવી હતી.

પણ એ અક્ષરબ્રહ્મ છે કોણ ? ક્યાં પ્રગટ થયા છે ? અત્યારે ક્યાં છે ? આ પ્રશ્ન પરંપરાથી રામાનંદસ્વામીને આનંદ થયો. રામાનંદસ્વામીએ કહ્યું, ભાદરાના મૂળજી ભગતને ઓળખ્યા ? હા, ભોળાનાથના દિકરા એજ ને ? હા, એજ અક્ષરબ્રહ્મનો સાક્ષાત્ અવતાર..આખી સભા સ્તબ્ધ બની ગઈ. સૌની નજરે મૂળજી શર્મા દેખાવા લાગ્યા. રામાનંદસ્વામી હજું ગંભીર ભાવે વાત કર્યે જતા હતા. અમારા ગુરૂ આત્માનંદસ્વામીએ ભોળાનાથ અને તેમની પત્ની સાકરબાને વર આપ્યો હતો. તમારે ત્યાં પુરુષોત્તમ નારાયણનું ધામ અક્ષરબ્રહ્મ પ્રગટ થશે. તેની કુંડળી જોઈ અમે જ તેનું મૂળજી નામ પાડયું હતું. એવા સાદા, ભોળા ગણાતા મૂળજી એ ભગવાનને રહેવાનું અક્ષરધામ..

તમને કદાચ આજે માન્યામાં નહિ આવે પણ એ અક્ષર અને આ પુરુષોત્તમ આ બે સનાતન સ્વરૂપો જીવોના આત્યંતિક કલ્યાણ માટે પૃથ્વી ઉપર

પધાર્યા છે. સાથે તમારા જેવા મુક્તો અને તેમનું ઐશ્વર્ય પણ લાવ્યા છે. શરદપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. રાત્રે ૧૨ વાગે વર્ણીએ ઠાકોરજીને આરતી ઉતારી, સૌને દૂધ પૌંઆનો પ્રસાદ વહેંચ્યો.

તે રાત્રે ફરીથી રામાનંદસ્વામીએ સૌને કહ્યું, આ છેલ્લો ઉત્સવ છે. આ સાંભળી મુક્તાનંદસ્વામી ને પર્વતભાઈ વિચારમાં પડી ગયા. સ્વામી ઉદાસ થતા લાગે છે. બીજે દિવસે સવારે જ રામદાસસ્વામી, મુક્તાનંદ સ્વામી ને પર્વતભાઈને એકાંતમાં બોલાવ્યા. તેઓ પણ ગંભીર બની ગયા. રામાનંદસ્વામીએ ધીરેથી વાત શરૂ કરી. તમને મેં શા માટે બોલાવ્યા છે તમે જાણો છો ? ત્રણેયએ માથું હલાવ્યું. જુઓ હવે મારું શરીર જીર્ણ બન્યું છે. તેનો કોઈ નિર્ધાર નથી. માટે મારી ગાદી હવે મારે કોને સોંપવી ?

એટલે રામદાસે કહ્યું, આપે જ નિર્ણય કરવાનો. આપ જેમને ગાદી સોંપશો તેમને..આપની જગ્યાએ માની અમે તેની આજ્ઞામાં રહીશું. રામાનંદસ્વામીએ કહ્યું, બીજા મોટેરા હરિભક્તોને સાંજે ભેગા કરી નિર્ણય કરીશું. વર્ણી ક્યાં ગયા છે ? એક સાધુએ કહ્યું, સહજાનંદ સ્વામી તો ઉન્નડ ખુમાણ સાથે ભાદર ગંગામાં સ્નાન કરવા ગયા છે. સુકલડી શરીરધારી વર્ણીને ભાદર ગંગાના ધરામાં અલૌકિક રીતે તરતા જોઈ ઉન્નડ બાપુને આશ્ચર્ય થયું. એટલામાં સબાશનથી તરતા સહજાનંદ સ્વામીના અલૌકિક સ્વરૂપને ઉન્નડ બાપુએ જોયું. તેણે આંખો ચોળી. આ વર્ણી કે શેષશાયી ભગવાન ! પરંતુ ફરી ફરીને તેમને એજ દર્શન થયા.

ઉદ્ધવજીને યમુનાના ધરામાં ભગવાન શ્રીકૃષ્ણના શેષશાયી રૂપે દર્શન થયા હતા ત્યારે ઉદ્ધવજીએ આશ્ચર્ય પામી બહાર ઉભેલા રથમાં જોયું તો ત્યાં પણ તેમને કૃષ્ણ દેખાયા. માનવબુદ્ધિથી ન સમજી શકાય તેવી આ અલૌકિકતા જોઈ ઉદ્ધવને શ્રીકૃષ્ણના દિવ્ય સ્વરૂપનો નિશ્ચય થયો. અહીં ઉન્નડ બાપુને પણ વર્ણીનું આ સ્વરૂપ જોઈ નિશ્ચય થયો કે આ વર્ણી સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છે. તેમને એજ ભાવમાં નમસ્કાર કર્યાં.

ધર્મધુરાની સોંપણી

સંવત ૧૮૫૮ કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીના મંગલમય દિવસે સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપવાની હતી. રામાનંદસ્વામીએ દેશોદેશ કંકોત્રી લખી આ પરમમંગલ ઉત્સવ ઉપર સૌને પધારવા આમંત્રણ આપ્યું. ગામોગામથી અનાજ, ઘી, ગોળના ગાડા આવવા લાગ્યા. જેતપુરના ખંડિયા રાજાનું આ દરબારી ગામ આધ્યાત્મિક ઈતિહાસમાં અમરત્વ પ્રાપ્ત કરશે.

જેતપુરમાં જાણે અક્ષરધામ આવીને વસ્યુ હોય એવું આહ્લાદક વાતાવરણ જામ્યું હતું. રામાનંદસ્વામી પોતાના આસન ઉપર બેસીને કહેતા હતા, વર્ણી વાસુદેવ મહાત્મ્યમાં એકાંતિકધર્મ, સામાન્ય ધર્મ અને વર્ણાશ્રમના ધર્મનું નિરૂપણ કર્યું છે તે ગ્રંથને મુખ્ય માનીને તે ધર્મ પ્રવર્તાવજો. આધ્યાત્મિક જ્ઞાનમાં શ્રી રામાનુજાચાર્યે કરેલા ગ્રંથોનું પાઠન વિશેષ રખાવજો જેથી જીવ માયા અને ઈશ્વરના સ્વરૂપોનો મુમુક્ષુઓને સ્પષ્ટપણે ખ્યાલ આવે. પરમાત્માને કદી અલિંગ સમજે નહિ.

સહજાનંદ સ્વામી શાંત ચિત્તે ગુરૂની વાત સાંભળતા હતા. સાંભળતા સાંભળતા તેમના મુખ ઉપર સ્મિત ફરકતું હતું. તેથી રામાનંદસ્વામીને થયું કે અધ્યાત્મજ્ઞાનની આવી ગંભીર વાત સાંભળતા પણ સહજાનંદ સ્વામી હસે છે તો તેનું કંઈક કારણ હોવું જોઈએ. તેથી તેમણે પૂછ્યું, આપને કાંઈ શંકા થતી હોય તો પૂછજો.

સહજાનંદ સ્વામીએ તરત જ કહ્યું, શંકા તો શું હોઈ શકે ? શ્રીરામાનુજાચાર્યનો મત વિશેષપણે માન્ય કર્યો છે તેથી જીવ અને ઈશ્વર વચ્ચેનો જે સનાતન ભેદ છે તે પણ તત્વજ્ઞાનમાં ભૂલાવો ન જોઈએ. એજ પ્રકારે શાસ્ત્રમાં બ્રહ્મ શબ્દનો પરબ્રહ્મના પર્યાયીવાચક શબ્દ તરીકે ઉપયોગ બહુધા કર્યો છે. પરંતુ બ્રહ્મ જેને શાસ્ત્રોમાં અક્ષરબ્રહ્મ પણ કહે છે તે પુરુષોત્તમનું ધામ છે. પુરુષોત્તમને અને અક્ષરમુક્તોને ધરીને રહ્યું છે. તેથી બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે ભેદ વાસ્તવિક છે તે સમજવું જરૂરી છે.

રામાનુજાચાર્યે ચેતન માત્રને જીવ સંજ્ઞામાં ગણી જીવ, ઈશ્વર ને બ્રહ્મ વચ્ચેનો જે તાત્વિક ભેદ છે તે સ્પષ્ટ કર્યો નથી. વળી પરમાત્માથી ભિન્ન તમામ પ્રત્યગ્ આત્માઓ છે એવું કહી તેમણે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સ્વીકાર્યુ નથી. રામાનુજાચાર્યના મતમાં આટલી સ્પષ્ટતા નથી. તેથી જો પ્રતિપક્ષી પૂછે તો જીવ, ઈશ્વર તથા બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચેનો ભેદ ન સમજાયો હોય તો આપણા જ્ઞાનની વિશેષતા ન સમજાય. આટલી સ્પષ્ટતા સમજી આપણે રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત મતને સ્વીકારવો જોઈએ.

સહજાનંદ સ્વામીની વાત સાંભળી રામાનંદસ્વામી સ્થિર થઈ ગયા. તેઓ આ વાત સ્પષ્ટપણે સમજતા હતા. પરંતુ તે સ્વરૂપોનો વાદ થાય ત્યારે જ એ ભેદ તરી આવતો. સામાન્યપણે તો જીવ, ઈશ્વર, અને માયાના સ્વરૂપોની જ વાતો થતી. તેમને લાગ્યું કે જેમ જીવ અને ઈશ્વરમાં ઈશ્વરકોટિની મહત્તા વિશેષ છે તેમ જ અનાદિ અક્ષરબ્રહ્મની પણ સમગ્ર શુદ્ધ જીવસૃષ્ટિમાં મહત્તા છે. આછું સ્મિત કરતાં તેમણે માથું ધૂણાવ્યું પછી બોલ્યા વર્ણી આપ તો સાક્ષાત્ પરમાત્મા છો તેથી આપને આ સ્વરૂપોનું જ્ઞાન હસ્તકમલવત્ હોય તેમાં શું આશ્ચર્ય ! પરંતુ જો બ્રહ્મ-પરબ્રહ્મનો આ ભેદ નહિ સમજાય તો રામાનુજાચાર્યથી આપણો મત જુદો ન પડે. ગમે તેમ કરીને તે સિદ્ધાંતને અનુરૂપ વાતો થશે.

પરંતુ તેથી તો આપણો સંપ્રદાય એ રામાનુજનો ફાંટો થઈ જશે. વર્ણીએ કહ્યું. રામાનંદસ્વામીએ તે સ્વીકારતા કહ્યું, તે ખરું..અને આપણે તો તત્વજ્ઞાનમાં મૌલિક સિદ્ધાંત આપીએ છીએ સહજાનંદ સ્વામીએ કહ્યું. આ સાંભળી રામાનંદસ્વામી હસ્યા. આપ જ પરમાત્મા છો તેથી આપની વાત, આપના અક્ષરબ્રહ્મની વાત, આપના સિવાય બીજું કોણ સમજાવી શકે ? આ વાત સાંભળી સહજાનંદ સ્વામીએ કહ્યું, સ્વામી આ અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ પરબ્રહ્મના સ્વરૂપોનું સનાતન જ્ઞાન જ્યારે પ્રવર્તશે ત્યારે જ જીવો આત્યંતિક કલ્યાણના અધિકારી થશે.

રામાનંદસ્વામીના અંતરમાં આનંદ માતો નહોતો નવદિક્ષિત સહજાનંદ સ્વામીની આ વાતથી.. નહોતી દીઠી, નહોતી સાંભળી એવી વાતનો આજે અનુભવ થયો. તેમને સ્મૃતિ થઈ આવી ભાદરાના મૂળજી શર્માની. વર્ણીનું એ અક્ષરબ્રહ્મ ધામ હતા.

સહજાનંદ સ્વામી નિત્યવિધિ પતાવીને રામાનંદસ્વામી સાથે મંડપમાં પધાર્યા. મંડપની અપૂર્વ શોભામાં અનેક પ્રકારના કાચના તકતાઓથી શોભતા મંડપના એક પછી એક દ્વાર વટાવતા તેઓ આવ્યા. મધ્યભાગમાં તેમણે સુંદર સિંહાસન જોયું. જાણે અક્ષરબ્રહ્મ સ્વયં આ રૂપે તેમની સેવામાં આવી ગયા હોય તેવું તેમને લાગ્યું. નિલકંઠ વર્ણી પોતાના કાર્યની શરૂઆત આનંદપૂર્વક નિહાળી રહ્યા હતા. વિધિની સમાપ્તિ થઈ એટલે રામાનંદસ્વામીએ સહજાનંદ સ્વામીને સિંહાસન ઉપર બેસાડયા. સહજાનંદ સ્વામીના જયઘોષથી મંડપ ગાજી ઉઠયો. રામાનંદસ્વામીએ પણ સહજાનંદ સ્વામીનો જયઘોષ કર્યો.

આજે આ સભામાં સહજાનંદ સ્વામીને ઓળખાવવા સભાને સંબોધતા કહ્યું, હરિભક્તો-સંતો આજે મારી માટે ધન્ય દિવસ છે, જેમની હું રાહ

જોઈને બેઠો હતો, જેમની આજ્ઞાથી આ ગુરૂપદની ગાદી ઉપર બેઠો હતો તે સ્વયં પુરુષોત્તમ નારાયણ અક્ષરધામના અધિપતિ અત્રે પધાર્યા. મેં તમને સૌને વારંવાર કહ્યું હતું. હું તો ડુગડુગીનો વગાડનારો છું. વેશના ભજવનારા તો હવે આવશે. પૃથ્વી પર ભાગવત ધર્મનું પ્રસ્થાપન કરવા અને અનંત જીવોને બ્રહ્મરૂપ કરી અક્ષરધામ પમાડવા વર્ણીરૂપે સ્વામી સહજાનંદજી આજે આપની સમક્ષ અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ બિરાજમાન છે તેમને તત્વે કરીને ઓળખી, તેમના સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરશો તો તમારા સૌનું કલ્યાણ થશે.

એટલું કહીને રામાનંદસ્વામી સહજાનંદસ્વામી તરફ જોઈ બોલ્યા, આજે લોકદષ્ટિએ તમારો ગુરૂ છું. મેં આ ઉધ્ધવ સંપ્રદાય સ્થાપ્યો આજે એ ધર્મની ધુરા આપને સોંપી, આપ તેને પાળજો, પોષજો, સૌના અંતરમાં ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ પ્રગટ કરજો. જ્ઞાની-અજ્ઞાની, પાત્ર-કુપાત્ર, ઉંચ-નીચ આપના સંબંધમાં આવે તેનું કલ્યાણ કરજો. ઉપાસના માટે મોટા મોટા મંદિરો કરાવજો. સાથે ઉપાસનાના પાયા ઉંડા જાય તે માટે સંપ્રદાયના ગ્રંથ પણ રચાવજો. કદાચ મંદિરો જીર્ણ થાય, પડી જાય, દેશ ઉજ્જડ થઈ જાય પણ સંપ્રદાયના શાસ્ત્રો હશે તો સંપ્રદાય અચળ રહેશે, સચવાશે અને ફાલશે.

એટલું કહીને રામાનંદસ્વામી સિંહાસન પાસે આવ્યા. પોતે માનેલા પોતાના ઈષ્ટ શ્રી સહજાનંદ સ્વામીના કપાળમાં ચાંદલો કર્યો. એટલામાં માયારામ ભટ્ટ નવા વસ્ત્રો લઈ આવ્યા. રામાનંદસ્વામીએ તે જરિયાન વસ્ત્રો સહજાનંદ સ્વામીને પહેરાવ્યા, અલંકારો પહેરાવ્યા, ફૂલના હાર પહેરાવ્યા ને પોતે જ તેમની આરતી ઉતારી. સભા દિવ્ય આનંદમાં સ્થિર થઈ ગઈ હતી. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર સહજાનંદ સ્વામીની દિવ્ય મૂર્તિમાં કેન્દ્રિત થઈ ગયા હતા.

પછી રામાનંદસ્વામી પોતાની ગાદી ઉપર બિરાજ્યા. તેમણે સહજાનંદ સ્વામીને ફરી કહ્યું, તમારા ત્યાગ વૈરાગ્યનો ભાવ મોળો કરી મારી આજ્ઞા પાળી પદ સ્વીકાર્યું છે. આ લોકમાં તો એવી કોઈ વસ્તુ નથી જે હું તમને આપી શકુ..આપ જ સર્વના કર્તા, અધિપતિ અને ભોક્તા છો છતાં મારા અંતરમાં એવો ભાવ રહે છે હું આ પ્રસંગની ભેટરૂપે કંઈક આપુ. હું શું આપું તે આપ જ કહો.

આ સાંભળી સહજાનંદ સ્વામી તેમના આસન ઉપરથી ઉભા થઈ ગયા. તેમને દંડવત્ કરી બે હાથ જોડી કહ્યું, આપની પાસે મારે બે વર માંગવા છે. કૃપા કરીને મને આપશો તો મને અખંડ શાંતિ વર્તશે. સભાજનો આશ્ચર્યવત્ બની ગયા. હવે તેઓ શું માંગે છે તે સાંભળવા ઉંચે શ્વાસે તત્પર થઈ ગયા. સહજાનંદ સ્વામીએ રામાનંદસ્વામીને કહ્યું, ભક્તોનું દુઃખ જોઈને મારું અંતર દ્રવી જાય છે, માટે સ્વામી તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાવ પણ તમારા સત્સંગીને તે થાવ નહિ..ને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે, પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય એ બે વર મને આપો.

રામાનંદસ્વામી આ સાંભળી સ્થિર થઈ ગયા. રામાનંદસ્વામીએ કહ્યું, તથાસ્તુ.. તેઓ આગળ કાંઈ ન બોલી શક્યા.

પ્રસંગ : ૮૯

જ્યાં જૂનાં વેર શમી જાય છે

ઉન્નડ બાપુ ડેલીએ ડાયરામાં બેઠા હતા. સહજાનંદ સ્વામીના પટ્ટાભિષેકના ઉત્સવના આનંદથી સૌના હૈયા સભર હતા. રામાનંદસ્વામી તથા વર્ણી અહીં જ રહે તેવી એમની ઈચ્છા હતી. જેતપુર ગામ અને તેની સીમમાં બધે જ અંતર ટાઢું થઈ જાય એવી શાંતિ પ્રસરી રહી હતી.

એટલામાં એક પસાયતો ત્યાં આવ્યો. તેણે ડાયરાને રામ રામ કહી બાપુ તરફ જોયું ને બોલ્યો, બાપુ ગામને પાદર એક મુસલમાન આંટા મારે છે. ઘડીક ગામ બહાર જાય છે અને ઘડીક પાદરે આવે છે અને ઝાડ નીચે બેસી ગામ તરફ જોયા કરે છે. તેની હિલચાલ ઉપરથી કંઈક શંકા આવે છે. બાપુ આ સાંભળી હસ્યા..તેમણે કહ્યું, ગાંડો થા મા..અહીં તો ભગવાન બિરાજે છે. જ્યાં ભગવાન હોય ત્યાં શંકા, ભય, કલેશ હોય ? એને ભક્તિનો ઉન્માદ ચઢયો હશે.

પસાયતો આ સાંભળી ટાઢો થઈ ગયો. પણ ફરી હિંમત લાવી તેણે કહ્યું, પણ બાપુ કહો તો અહીં લઈ આવું. લઈ આવ ભાઈ..ઈ ભગતનાં આપણેય દર્શન કરીએ. અંતઃકરણની મલિનતા યોગથી, તપથી કે વ્રતથી ટળતી નથી, પરંતુ ભક્તિના ભાવથી ટળે છે. ઉન્નડ બાપુની રામાનંદસ્વામી તથા વર્ણી પ્રત્યે આવી ભક્તિ હતી. થોડીવારે પસાયતો તે મુસલમાનને લઈને ત્યાં આવ્યો. બાપુએ તેને પાસે બેસાડીને પૂછ્યું, ભાઈ તમે ગામને પાદર કેમ બેસો છો ? ગામમાં કેમ આવતા નથી.

બાપુ ! હું આ ગામનો નથી. મારું અંતર તો જૂના વેરના ઘાની વેદનાથી બળે છે. એટલે ડાયરામાંથી એક જણ બોલી ઉઠયું. અહીં આ ગામમાં કોની સાથે વેર છે ? મુસલમાન આ સાંભળી હસ્યો. આ ગામની સીમમાં તો બાપુ હું દાખલ થયો અને તરત જ વેરની વેદના ટળી ગઈ. પણ જ્યાં સીમની હદ છોડીને આઘેરો જઉં છું ત્યાં પાછા વેરના વિચારો આવે છે. આવો ચમત્કાર આ ગામની સીમનો મેં ભાળ્યો. વેર તો બીજા ગામના ભેરૂ સાથે બંધાયું છે.

ઉન્નડ બાપુ આ સાંભળી તરત જ બોલ્યા, હું નહોતો કહેતો સ્વામીનો ને વર્ણીનો પ્રતાપ જ એવો છે. વેરઝેર બધા અહીં ભૂલાઈ જાય. મુસલમાન ચમક્યો તેણે કહ્યું, મને તમારા એ ઓલિયાના દર્શન કરાવો. ઉન્નડ બાપુ તેને લઈને સ્વામી પાસે આવ્યા. રામાનંદસ્વામી ઉંચી ગાદી પર બેઠા હતા. સહજાનંદ સ્વામી નીચે બેઠા હતા. મુસલમાનને જોઈ સ્વામીએ વર્ણીને કહ્યું, આ કોઈ ભાવિક આવ્યો છે તેને વાતો કરો. મુસલમાને નીચા નમી સલામ કરી. સહજાનંદ સ્વામી તેના તરફ દૃષ્ટિ કરી. તેને સમાધિ થઈ. સભાજનોને આશ્ચર્ય થયું. મુસલમાન જાગ્રત થયો. મેં જે જોયું છે તે જો સાચું હોય તો તમે શિષ્ય છો અને આ ખુદા છે. પણ અહીં તમે ઉંચે બેઠા છો ને આ ખુદા નીચે બેઠા છે.

રામાનંદસ્વામી હસ્યા. તેમણે કહ્યું, અમારા હિન્દુઓમાં આ રીત હોય છે. મુસલમાનને સમજાયું નહિ. પણ અલ્લાહને આવો અન્યાય ન હોય. તેને હિન્દુની રીતની માથાકૂટમાં પડવું નહોતું. તેણે જાણી લીધું આ અલ્લાહ છે. તેણે સહજાનંદ સ્વામીને પગે લાગીને કહ્યું, તમે અલ્લાહ છો, મારા ઉપર રહેમ કરજો. એમ કહીને ત્યાંથી ગયો.

પ્રસંગ : ૯૦

ફણેણીમાં રામાનંદસ્વામીનું તિરોધાન

ફણેણીમાં રામાનંદસ્વામી સાથે સહજાનંદ સ્વામી આવ્યા. સંતો-હરિભક્તો આવ્યા. પટ્ટાભિષેકના દિવ્ય આનંદનો અનુભવ સૌના અંતરમાં તાજો જ હતો. માગશર સુદ તેરની સવારે રામાનંદસ્વામી નિયમ પ્રમાણે ઉઠયા. શૌચવિધિ કરી લીધી. પર્વતભાઈ, માયારામ ભટ્ટ આવી ગયા હતા. આજે માંદગીનો અંતિમ દિવસ હતો. રામાનંદસ્વામી પથારી ઉપરથી ઉઠી ધ્યાનમુદ્રામાં સ્થિર થતા પહેલા તેમણે આજુબાજુ સર્વ શિષ્યોને કહ્યું, વર્ણી સાક્ષાત્ પરમાત્મા છે તે નિશ્ચય દૃઢ કરજો. તેમની આજ્ઞા શિરસાટે પાળજો. મેં તો ડુગડુગી વગાડી તમને સૌને ભેગા કરી વર્ણીરાજનો યોગ કરાવી દીધો છે. ભાગવતધર્મનું સ્થાપન અને પ્રસારણ

તેઓ કરશે. આત્યંતિક કલ્યાણનો માર્ગ સદાને માટે ખુલ્લો રહેશે. આટલા શબ્દો સાથે તેમણે પ્રાણ રૂંધ્યો ને તેજ ક્ષણે તેમનો આત્મા દેહથી છૂટો પડીને દિવ્યધામમમાં જતો રહ્યો.

તે સમયે એકાએક સર્વત્ર પ્રકાશ પથરાઈ ગયો. તે પ્રકાશ સહજાનંદ સ્વામીના સ્વરૂપનો હતો. સંવત ૧૮૫૮ના માગશર સુદ તેરસની તિથિ હતી. સહજાનંદ સ્વામી પણ શોકમગ્ન બની ગયા. મુક્તાનંદસ્વામી પણ સ્તબ્ધ બની ગયા હતા. રઘુનાથદાસ એકલો સ્વસ્થ હતો. સહજાનંદ સ્વામીને સ્વામીએ ગાદી સોંપી છે, પણ તે બાળક છે, તેને ખસેડતા વાર નહિ લાગે. આ વિચારોના આનંદમાં રઘુનાથ ઉત્તરક્રિયાની વ્યવસ્થામાં પડી ગયો.

શાસ્ત્રવિધિ અનુસાર અગ્નિસંસ્કાર કર્યો. ચિતા ઠારી સૌ ભજન કરતા મંદિરે ગયા. સહજાનંદ સ્વામીએ સૌને ધીરજ આપતા કહ્યું, મોટાપુરુષ કદી પૃથ્વી પરથી જતા જ નથી. માટે સૌએ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેમના ગુણો વિચારવા તો જરૂર અંતરમાં પ્રગટ થશે. સ્વામી અંતર્ધાન થયા છે એવો ભાવ રહેશે નહિ ને ભગવાનનું પ્રગટ સ્વરૂપ ઓળખાશે. સૌને સ્વામીના વચનો યાદ આવ્યા. સહજાનંદ સ્વામીમાં કલ્યાણકારી ગુણો જોઇને હવે જે સ્વરૂપ અદ્રશ્ય થયું છે તેમાંથી વૃત્તિ કાઢી જે દ્રશ્યમાન છે, પ્રગટ છે તેમાં વૃત્તિ જોડવી. કલ્યાણ ત્યારે જ થશે.

<u>પ્રસંગ : ૯૧</u>

<u>સહજાનંદ સ્વામી સ્વામિનારાયણ મંત્ર આપે છે</u>

સંવત ૧૮૫૮ના માગશર વદ એકાદશીના ચૌદમાના દિવસે ગામમાં ભદ્રા નદી ઉપર સંતો હરિભક્તોની સભા કરી. આ સભામાં સહજાનંદ સ્વામીએ સાધુઓ તથા સ્ત્રી-પુરુષોના ધર્મ સમજાવતા કહ્યું, ધર્મના અનુશીલનથી જ પરમાત્માની પ્રાપ્તિ માટેની સાધનાની સિદ્ધિ થાય છે. આગળ મોટા મોટા દેવતાઓ શેષ, સૂર્ય, ચંદ્ર વગેરે પણ ધર્મના અનુશીલનથી જ સુખ અને મોટપ પામ્યા છે. શ્રુતિ અને સ્મૃતિનું આ રહસ્ય છે. પરંતુ ધર્મપાલનની પ્રેરણા તો મોટાપુરુષ મળે ત્યારે તેમના સંબંધથી અને આશીર્વાદથી જ થાય છે. દેહ અને ઈન્દ્રિયોની શુદ્ધિ ધર્મથી થાય છે. મને અને આત્માની શુદ્ધિ ભક્તિથી થાય છે. દેહ-મન અને આત્માની શુદ્ધિથી જ અંતરમાં ભગવાનનું જ્ઞાન થાય છે. પ્રગટ ભગવાન ઓળખાય છે ને એકાંતિક ભક્તિ સિદ્ધ થાય છે.

સહજાનંદ સ્વામીએ આ રહસ્ય સભામાં સ્પષ્ટ કર્યું. સ્ત્રી-પુરુષની મર્યાદા સાચવવાનો આગ્રહ જે લોજમાં સેવ્યો હતો તે દ્રઢ કર્યો. ત્યાગીઓ માટે તો તેનું પાલન અનિવાર્ય કરી દીધું. ફરી સ્પષ્ટ કરતાં કહ્યું, જયાં ધર્મ છે ત્યાં ભગવાન છે. મેં કહેલા ધર્મો પાળશે તો પ્રત્યક્ષ ભગવાન ઓળખાશે. એટલું કહી તેમણે કહ્યું, હવે પ્રગટ ભગવાનનું સ્વામિનારાયણ નામે ભજન કરજો.

સહજાનંદ સ્વામીના છેલ્લા શબ્દો સાંભળી સભામાંથી એક સંતે પૂછ્યું, આપ તો નારાયણ મુનિ છો, સહજાનંદ છો તો સ્વામિનારાયણનું ભજન કેમ ? નારાયણ અને સહજાનંદ શબ્દમાં જ તમારો પ્રત્યક્ષ ભાવ નયનગોચર થાય છે. માટે સ્વામિનારાયણ શાથી ? એ સમજાવો.

આ પ્રશ્ન સાંભળી સહજાનંદ સ્વામી હસ્યા, તેમને આનંદ થયો. તેમને લાગ્યું કે આજે નહિ તો ભવિષ્યમાં પણ આ શબ્દનો અર્થ સમજાવો જ પડશે તો પછી આજે તેની સ્પષ્ટતા કેમ ન કરવી ?

તેમને સમજાવતા કહ્યું, વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં જયાં ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે ત્યાં ઈશ્વરના પર વ્યૂહ, અંતર્યામી, અર્ચા અને વિભવ આ પાંચેય પ્રકારની અવસ્થાઓમાં લક્ષ્મીજી સહિત જ ભગવાન રહે છે એમ સ્પષ્ટ સિદ્ધાંત દર્શાવ્યો છે. શ્રી એ દયાનું સ્વરૂપ છે અને ઈશ્વર એ કાયદાનું સ્વરૂપ છે. બંનેના સમન્વયથી જ જીવ ઉપર ભગવાનની કૃપા ઉતરે છે ને જીવ મોક્ષભાગી બને છે. સહજાનંદ સ્વામીએ સિદ્ધાંત સમજાવ્યો.

પરંતુ સ્વામિનારાયણમાં સ્વામી શબ્દ નારાયણને અનુલક્ષીને છે કે સ્વામી શબ્દ જુદો છે ? એ સંતે સહજાનંદ સ્વામીના આ નવીન શબ્દની ચકાસણી માટે ફરી પૂછ્યું.

સ્વામી શબ્દ સર્વના સ્વામી જે અક્ષરબ્રહ્મ તેને અનુલક્ષીને છે. પૃથ્વીથી લઈને મૂળ પુરુષ સુધીના સર્વ તત્વોના એ કારણ છે. કારણકે તેમના દ્વારા ઉત્પત્તિસર્ગ શરૂ થાય છે. અક્ષરબ્રહ્મના પ્રકાશથી જ સર્વે પ્રકાશિત થાય છે. અક્ષરબ્રહ્મને સર્વાત્મા બ્રહ્મ પણ કહ્યા છે. આ અક્ષરબ્રહ્મ સર્વના કારણ અને નિયંતા છે તેથી તેમને સ્વામી શબ્દથી સંબોધ્યા છે. સહજાનંદ સ્વામીએ ટૂંકમાં સમજાવતા કહ્યું.

<u>પરંતુ એ અક્ષરબ્રહ્મ રામાનંદસ્વામીના સમજાવ્યા પ્રમાણે ભાદરાના મૂળજી શર્મા જ હોય તો તેઓ તમારા સ્વરૂપથી જુદા છે. તમારા જન્મ પછી ચાર વર્ષે ભાદરામાં જન્મ્યા છે. અત્યારે એક સામાન્ય ભક્તથી અધિક સ્થાન તેમનું આ સત્સંગમાં નથી. તે અક્ષરબ્રહ્મ અથવા મૂળજી શર્મા અને તમે બંને જુદા સ્વરૂપો છો તો તે તમારી સાથે જ શ્રી ની જેમ છે તે કેમ સમજાય ?</u>

સહજાનંદ સ્વામીને આ સાધુની આવી ક્ષુદ્ર સમજણની દયા આવી. તાત્વિક સ્વરૂપોની યથાર્થ સમજણ અતીન્દ્રિયતાના ભાવથી જ આવે છે. શુદ્ધ બુદ્ધિથી અભ્યાસ કર્યો હોય તો કાંઈક સમજાય. પરંતુ કેવળ સ્થૂળતાના, જડતાના ભાવથી આ અજળ સ્વરૂપોનું જ્ઞાન શક્ય નથી. તેમણે કહ્યું, અક્ષરબ્રહ્મ તો પુરુષોત્તમની સાથે સર્વદા શરીર-શરીરીભાવે જોડાયેલું જ છે. અને પુરુષોત્તમ પણ એ ભાવમાં રહ્યા થકાં બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જયાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા પ્રકાશે છે. આ બ્રહ્માંડમાં જીવોના કલ્યાણને અર્થે જયારે પુરુષોત્તમ પધારે છે ત્યારે એ અક્ષરધામ સહિત જ પધારે છે ને અક્ષરધામ એ ભગવાનની મૂર્તિ ભેળુ જ સદા હોય છે. સહજાનંદ સ્વામીએ સ્પષ્ટતા કરી.

પરંતુ જ્ઞાનના ઉંડા પાણીમાં ઉતરવાની એ સાધુની શક્તિ નહોતી. તેની સ્થૂળ દ્રષ્ટિ હતી. પણ સભામાં ઘણાને આ વાતમાં રસ પડયો. શ્રી સાથે નારાયણની એવી એકતા શી રીતે સમજી શકાય ? બંને સ્વરૂપો જુદા છે છતાં તે એક મનાય ? સભામાંથી પ્રશ્ન આવ્યો.

સ્નેહના આધિક્યથી શ્રી એ નારાયણના સ્વરૂપમાં પોતાની અસ્મિતા ગુમાવે છે. તેથી બંને સ્વરૂપો સ્થૂળ દ્રષ્ટિએ જુદા હોવા છતાં એક છે. સહજાનંદ સ્વામી પણ આજે આ મુદ્દો સમજાવવા આતુર હતા. પરંતુ મૂળજી એ અક્ષરબ્રહ્મનો અવતાર છે એવી પ્રતીતિ શી રીતે થાય ? પ્રશ્ન પૂછાયો.

એ પ્રતીતિ તો તેમનામાં પ્રીતિથી, તેમના સ્વરૂપના અનુભવથી અને સાક્ષાત્કારથી થાય. તે સિવાય તો મનુષ્યભાવમાં મૂળજી એ ભાદરાના બ્રાહ્મણ જ દેખાશે. પરંતુ તેમના દિવ્યભાવને ઓળખ્યા સિવાય અક્ષરબ્રહ્મના ભાવને પમાશે નહિ. મુક્તિમાં વિઘ્ન આવશે.

<u>સહજાનંદ સ્વામીને લાગ્યું કે આ વાત ઘણી જ સૂક્ષ્મ છે. આજે જયાં પોતાના જ સ્વરૂપમાં પરમાત્મભાવની પ્રતીતિ આવવી ઘણાને કઠણ પડે છે તો પછી અક્ષર અને પુરુષોત્તમના આ સનાતન દિવ્ય સ્વરૂપો જીવોને આજે કેવી રીતે સમજાય ? તેથી આ સનાતન દિવ્ય સાકાર સ્વરૂપોની વાત સૌને ગળે ઝટ ઉતરશે નહિ. તેઓ તો સમજતા હતા કે પોતાના અને પોતાના અક્ષરબ્રહ્મના સનાતન સ્વરૂપોના દિવ્ય જ્ઞાનનો સ્ત્રોત આજે પૃથ્વીના પેટાળમાં ભરેલો પડયો છે. તેથી</u>

જ્યારે પૃથ્વી ફોડીને તે બહાર નીકળશે ત્યારે એ પ્રવાહ કોઈનો રોક્યો રોકાશે નહિ. તે પ્રવાહમાં જે કોઈ ભાવથી સ્નાન કરશે તે પાવન થશે.

પ્રસંગ : ૯૨

શીતલદાસનું પરિવર્તન- ભાગવતી દિક્ષા ગ્રહણ કરી. શ્રીહરિએ તેનું નામ વ્યાપકાનંદ પાડ્યું.

આ સભામાં એક વૈરાગી બેઠા હતા. સભા જોઈ તેનું અંતર ઠરી ગયું. વર્ણીની દિવ્ય વાણી તેના અંતરમાં ગુંજવા લાગી. તેને કાંઈ જ સમજાયું નહોતું છતાં તેને લાગ્યું કે આ સહજાનંદ સ્વામી કોઈ મહાપુરુષ છે. સભાની સમાપ્તિ થતાં પહેલા તે ઉઠ્યા અને શ્રીહરિના ચરણસ્પર્શની લાલચે તે તેમની સન્મુખ આવ્યા. વર્ણીએ તેને પૂછ્યું, મહાત્મા ક્યાંથી આવો છો ?

મધ્ય ભારતમાં ઝરણાપરણા ગામનો રહેવાસી છું. ભગવાન શોધવા નીકળ્યો છું. આ સાંભળી શ્રીહરિ હસ્યા..તેમને લાગ્યુંકે જીવમાં મુમુક્ષુતા તો હોય છે પરંતુ ભગવાનને ઓળખવાની બુદ્ધિ હોતી નથી. તેમણે પૂછ્યું, ભગવાન મળ્યા ?

શીતલદાસે માથું ધૂણાવીને કહ્યું, અહીં પશ્ચિમમાં આવ્યો ત્યારે જાણ્યું કે રામાનંદસ્વામી ભગવાન છે. પણ તે તો હવે અંતર્ધાન થઈ ગયા. શ્રીહરિએ તેની અકળામણ પારખી લીધી. તેના માથા ઉપર પોતાનો શીતળ હાથ ફેરવ્યો. શીતલદાસને આ સ્પર્શ આહ્‌લાદક લાગ્યો. તેમણે કહ્યું, રામાનંદસ્વામી તમને આહીં દર્શન આપે તો આહીં રહો કે નહિ ?

શીતલદાસને આશ્ચર્ય થયું. રામાનંદસ્વામી શી રીતે દર્શન દે ? તે કાંઈપણ વિચારે તે પહેલા જ શ્રીહરિએ તેને કહ્યું, તમો અહીં રહો અને સ્વામિનારાયણ મંત્રનું રટણ કરો. સ્વામી તમને જરૂર દર્શન દેશે. શીતલદાસને રામાનંદસ્વામીના દર્શનની તીવ્ર ઈચ્છા હતી. ભગવાન મેળવવા માટે જ એણે ગૃહત્યાગ કર્યો હતો. અનેક કષ્ટો વેઠ્યા હતા. ત્યારે આ તો ભજન કરીને ભગવાન મેળવવાની વાત હતી. તેણે શ્રીહરિની વાત સ્વીકારી લીધી. તેમણે તરત જ સિદ્ધાસને બેસી ધૂન શરૂ કરી. સ્વામિનારાયણ નામી ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં તે એકતાર થઈ ગયા. તેમણે દેહભાન ગુમાવી દીધું.

તેમને અચાનક પડી જતા જોઈ કેટલાક સાધુ તથા હરિભક્તો આ સંન્યાસીને એકાએક શું થઈ ગયું તેની વિસામણમાં ઉઠીને તેની પાસે જવા લાગ્યા. શ્રીહરિએ તેમને કહ્યું, કોઈ મૂંઝાશો નહિ, તે સંન્યાસીને સમાધિ થાય છે. આ સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા. એક સાધુએ પૂછ્યું, સમાધિ ? યોગની સાધના વગર સમાધિ થતી હશે ? શ્રીહરિ હસ્યા..તેમણે કહ્યું, વ્રજના ગોપબાળોને કૃષ્ણ કૃપાથી સમાધિ નહોતી થઈ ? ભગવાનના દિવ્ય ધામના તેમને દર્શન નહોતા થયા ? ભગવાન જ્યારે પૃથ્વી પર હોય ત્યારે આવા ચમત્કારો સહજ જ થાય. આ કૃપાસમાધિ કહેવાય.

શીતલદાસની ચેષ્ટા જોવામાં સૌ લીન થઈ ગયા. ભગવાનને પ્રાર્થના કરતા હોય તે પ્રકારના તેના હાવભાવથી સૌને તેની ક્રિયામાં કાંઈક અલૌકિતતા લાગી. તેણે શ્રીહરિને દિવ્ય સિંહાસન ઉપર બિરાજેલા જોયા. રામાનંદસ્વામી તથા ચોવીસ અવતારો શ્રીહરિની સ્તુતિ કરતાં તેમની સમક્ષ ઉભેલા જોયા. તેને આશ્ચર્ય થયું. રામાનંદસ્વામી ભગવાન છે તેવી વાત તેણે સાંભળી હતી. પરંતુ તે તો શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા છે. શીતલદાસને પણ સર્વ મુક્તોની પૂજા કરવાની ઈચ્છા થઈ. પણ મુક્તો અનંત અને પોતે એક.. શી રીતે તેમની સૌની પૂજા થઈ શકે ? શ્રીહરિ તેમની મૂંઝવણ પારખી ગયા. તેમણે કહ્યું, ભક્તરાજ તમો સંકલ્પ કરો કે જો રામાનંદસ્વામી પુરુષોત્તમ ભગવાન હોય તો તેમની કૃપાથી તમારા અનંત સ્વરૂપો થાય..

શીતલદાસે સંકલ્પ કર્યો પણ એ સિદ્ધિ તેને પ્રાપ્ત ન થઈ. શ્રીહરિએ હસતા હસતા કહ્યું, હવે સંકલ્પ કરો કે ચોવીસ અવતારોમાંના કોઈ પણ જો પૂર્ણ પુરુષોત્તમ હોય તો તમારા અનેક સ્વરૂપો થાય..શીતલદાસે સંકલ્પ કર્યો પણ પોતે તો એકલા અટૂલા જ ઉભેલા દેખાયા.

ફરી શ્રીહરિએ કહ્યું, હવે ફરી સંકલ્પ કરો કે આ શ્રીહરિ જો પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારા અનેક સ્વરૂપો થાય. શીતલદાસે સંકલ્પ કર્યો અને પોતાના એક સ્વરૂપમાંથી પોતાના જ અનેક સ્વરૂપો નીકળતાં દેખાયા. જેટલા મુક્તો એટલા શીતલદાસના સ્વરૂપો થયા. તેમણે સર્વ મુક્તોની પૂજા કરી. આ વિધિ પછી તેણે ફરી શ્રીહરિના દિવ્ય સ્વરૂપ પ્રત્યે જોયું. અનંત અવતારો, અનંત અક્ષરપુરુષો, ઈશ્વરો, પ્રધાનપુરુષો શ્રીહરિના સ્વરૂપમાંશ્રી નીકળતા અને તેમાં લીન થતા તેણે જોયા. અષ્ટાંગ યોગનું ફળ નિર્વિકલ્પ સમાધિ છે, તે સિદ્ધ થયા છતાં પૂર્ણ પુરુષોત્તમના આવા અલૌકિક સ્વરૂપના દર્શન તે સિદ્ધિમાં પણ શક્ય નથી. તે દિવ્ય દર્શન આજે તેને થયા.

થોડીવારે તે દેહમાં આવ્યો. દિવ્ય આનંદની અનુભૂતિ તેના મુખ ઉપર છવાઈ ગઈ હતી. તેણે જે જોયું તે સભામાં કહ્યું. આ શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ છે, રામાનંદસ્વામી તેમના શિષ્ય છે. પરંતુ રામાનંદસ્વામીના શિષ્યોની તેમના ગુરૂ પ્રત્યેની દૃઢ નિષ્ઠા આ શબ્દોથી ઢીલી ન પડી. બુદ્ધિ અને મનનો સંગ જીવ તજે તોજ આ દિવ્ય સ્વરૂપનું જ્ઞાન તેના અંતરમાં પ્રગટે. શ્રીહરિએ વિચાર્યું કે સમાધિથી નિશ્ચય થાય તે કદાચ શિથિલ થઈ જાય પરંતુ સંતસમાગમ અને જ્ઞાનથી, સમજણથી જે નિશ્ચય થાય તે પરિપક્વ બને. શીતલદાસે તે જ દિવસે શ્રીહરિના હસ્તે ભાગવતી દિક્ષા ગ્રહણ કરી. શ્રીહરિએ તેનું નામ વ્યાપકાનંદ પાડ્યું.

* પીપલાણા સાંજે સંધાઈના વડ નીચે સભા થઈ. અહીં ઘણા ભૂત રહેતા હતા. શ્રીહરિએ કહ્યું, ભૂતોની પણ આપણે સદ્‌ગતિ કરવી જોઈએ. માટે સૌ નારાયણ ધૂન કરો. નારાયણ ધૂનના અવિરત રણકારથી ત્યાંના વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ. અતૃપ્ત વાસનાના ભાવથી ભૂતયોનિને પ્રાપ્ત થયેલા ભૂતો આ પવિત્ર શબ્દના ગુંજરાવથી નારાયણના સાનિધ્યથી જાગ્રત થઈ ગયા.

પંચવિષયનો ભોગ ભોગવ્યા છતાં તેની સદા અતૃપ્તિ જ રહે છે. એ અતૃપ્તિ તીવ્ર હોય, તેમાં તમસનો ભાવ હોય તો ભૂતયોનિમાં ભમવું પડે છે. નહી તો જન્મ મરણના ચક્રાવામાં ફરવું પડે છે. આ બંને પ્રક્રિયામાં જીવની અવદશા જ થાય છે. તેથી તેમણે આજે સંકલ્પ કર્યો હતો અનેકના કલ્યાણ કરવા જ પ્રગટ થયા હતા. ભૂતો પ્રગટ થયા, શ્રીહરિએ તેમના ઉપર પાણીની અંજલિ છાંટી દિવ્ય ગતિ આપી. બદરિકાશ્રમમાં તપ કરીને શુદ્ધ થવા મોકલી દીધા.

પ્રસંગ : ૯૩

આહિર ભાઈઓને સમાધિ કરાવી - પૂર્વના ગોપબાળકો હતા

સંવત ૧૮૫૮માં મહારાજ કાલવાણી પધાર્યા. અહીં પુર બહાર પશ્ચિમ દિશામાં શ્રીહરિએ ઉતારો કર્યો. ગામના આહીર ભક્તો અપાર ભક્તિભાવથી સેવામાં જોડાઈ ગયા. તેમણે મહારાજને કહ્યું, મહારાજ અન્ન-જળની આપના પ્રતાપે અમારે કાંઈ ખોટ નથી. માટે આપ અહીં ઉત્સવ કરો.

શ્રીહરિ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું, તમે સૌ વ્રજનાં ગોપબાળકો છો, તેથી જ આટલો પ્રેમ છે. આહીર લોકો તો ભોળા હતા. વ્રજના ગોપબાળકોનો તેમને અપાર મહિમા હતો. તેથી તેમના મનમાં સંકલ્પ થયો કે ક્યાં વ્રજના ગોપબાળકો અને ક્યાં આપણે સીમને શેઢે ગાયુંનું ધણ લઈને રખડનારા !

શ્રીહરિએ તેમનો સંકલ્પ જાણ્યો અને તરત જ તેમના ઉપર દૃષ્ટિ કરી. તેમને સૌને સમાધિ થઈ અને ગોલોકમાં શ્રીકૃષ્ણ સાથે ગાયો ચરાવતા વ્રજબાળકો સાથે સૌ એકમેક થઈ ગયા. શબવત્ થયેલા તેમના દેહ સમાધિના આ દિવ્ય આનંદમાં શ્રીકૃષ્ણ સાથે રાસ રમવાની ક્રિયા કરવા લાગ્યા. સૌ આશ્ચર્યવત્ તેમની આ ક્રિયા જોઈ રહ્યા. થોડીવારે શ્રીહરિએ તેમના તરફ દૃષ્ટિ કરી જાગ્રત કર્યા ને પૂછ્યું, તમે શું જોયું ?

આહીરભાઈઓ તો આનંદવિભોર બની ગયા હતા. શું ક્હેવું, કેમ સમજાવવું તે તેમને સૂઝ્યું નહિ. તેમણે તૂટતા શબ્દે કહ્યું, મહારાજ ! અમે ભગવાન કૃષ્ણને જોયા, તેમની સાથે રાસ રમ્યા, આનંદમાં ભાન ભૂલી ગયા. કેટલો વખત ગયો તેની પણ ખબર ન રહી.

પણ શ્રીકૃષ્ણએ તમને શું કહ્યું ?

શ્રીકૃષ્ણે તેમને કહ્યું, તમે મારી સાથે રમ્યા, ખેલ્યા પણ અસુરોએ તમને મારી નાખ્યા. તેથી અધૂરી રહી ગયેલી કામનાથી તમો ફરી જન્મ્યા છો. હવે પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિની સેવાથી તેમના દિવ્ય અક્ષરધામમાં તમારી ગતિ થશે. આ સાંભળી સૌ સ્તબ્ધ બની ગયા. શ્રીહરિએ પોતાનું ઐશ્વર્ય છૂટું મૂક્યું હતું. પોતે પરમાત્મા છે તે બતાવવા નહિ, પણ પોતે પરમાત્મા છે તેમ સમજીને લોકો ભક્તિમય જીવન જીવે તે માટે.

<u>પ્રસંગ : ૯૪</u>

<u>વ્યાપકાનંદ સ્વામી ભૂમાપુરુષના લોકમાં જાય છે</u>

એક દિવસ શ્રીહરિએ સભામાં બેઠેલા વ્યાપકાનંદ સ્વામીને કહ્યું, સ્વામી ઈન્દ્રલોકમાં જાઓ. એમ કહી શ્રીહરિએ તેમના તરફ દૃષ્ટિ કરી અને વ્યાપકાનંદ સ્વામી સમાધિમાં ગયા. ઈન્દ્રલોકમાં પહોંચી ગયા. પછી જાગ્રત થયા અને સભામાં પોતાના અનુભવની વાત કરી.

પછી તેમને શ્રીહરિએ સમાધિમાં મોકલી બ્રહ્મલોકમાં, ગોલોકમાં મોકલ્યા. સમાધિમાં આ દિવ્ય દર્શન કરી તેઓ દેહમાં આવ્યા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, ભૂમાપુરુષના લોકમાં જાઓ. એમ કહીને તેમને સમાધિમાં મોકલ્યા. પરંતુ રસ્તામાં વિઘ્ન આવ્યું. એક વિશાળકાય હજાર માથાવાળા સ્વરૂપે તેમને રોક્યા. શ્રીહરિની તેમણે પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને કહ્યું, તેથી હજારગણી શક્તિ તમારામાં છે, બીક શા માટે રાખો છો ? શ્રીહરિના આ શબ્દોથી તેમનામાં હિંમત આવી અને દૈત્યનો પરાભવ કરી ભૂમાપુરુષના લોકમાં પહોંચી ગયા.

વ્યાપકાનંદ સ્વામીએ ભૂમાપુરુષને નમસ્કાર કર્યા ત્યારે તેમણે પૂછ્યું, પૂર્ણ પુરુષોત્તમ પૃથ્વી પર પ્રગટ્યા ? વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું, શ્રીહરિ હજારો મુમુક્ષુઓને પોતાના દિવ્ય ઐશ્વર્યથી ખેંચે છે. સમાધિમાં મોકલે છે અને દરેકને પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવે છે. તેમણે જ મને આપને સમાચાર આપવા મોકલ્યો છે.

ભૂમાપુરુષને આ સમાચાર સાંભળી આનંદ થયો. પૂર્ણ પુરુષોત્તમના ભક્ત અહીં પધાર્યા છે તેથી તેમને ગૌરવ થયું. તેમણે વ્યાપકાનંદ સ્વામીને સિંહાસન પર પધરાવી, ચંદન ચર્ચી, હાર પહેરાવ્યા, નૈવેદ્યમાં ફળો આપ્યા. ભૂમાપુરુષના લોકના ચતુર્ભુજ દેહધારી મુક્તો પોતાના ઈષ્ટદેવની આ ક્રિયા આશ્ચર્યવત્ જોઈ રહ્યા. વ્યાપકાનંદ સ્વામીએ તેમની જિજ્ઞાસા સંતોષવા તેમને શ્રીહરિનો મહિમા કહ્યો : પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આજે સ્વામિનારાયણ નામ ધારી પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. તમે સૌ તેમનો આશ્રય કરી તેમનું ભજન કરશો તો પરાત્પર એવું તેમનું અક્ષરધામ તેની પ્રાપ્તિ થશે. એમ કહી સૌને ભજનમાં બેસાર્યા. આ રીતે ભૂમાપુરુષના લોકમાં શ્રીહરિનો મહિમા પ્રવર્તાવી, ત્યાંના વાસીઓને શ્રીહરિના આશ્રિત બનાવી, વ્યાપકાનંદ સ્વામી પુનઃ દેહમાં આવ્યા.

આ રીતે, સમાધિમાં અનેક પ્રકારે થતા દિવ્ય અનુભવો, દિવ્ય દર્શનથી આશ્ચર્યની પરંપરા સર્જાણી હતી. રોજ આવા આશ્ચર્યમય અનુભવો સાંભળી લોકોના મન સ્થિર થઈ ગયા હતા.

<u>પ્રસંગ : ૯૫</u>

<u>શ્રીહરિએ નરકના કુંડો ખાલી કરાવ્યા</u>

શ્રીહરિ સભામાં બિરાજમાન હતા. તે સમયે ભીમભાઈએ ઉભા થઈને શ્રીહરિને હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું, હે મહારાજ ! જ્યારે કોઈ રાજા ગાદીએ બેસે ત્યારે તેની મોજમાં બંદીવાનોને છોડી દેવામાં આવે છે. આપ પુરુષોત્તમ નારાયણ સ્વયં પધાર્યા. જેતપુરમાં આપનો પટ્ટાભિષેક થયો, તો તેની મોજમાં નરકમાં પીડાતા જીવો ઉપર આપે દયા કરવી જોઈએ. તેમને એ યાતનામાંથી છોડાવવા જોઈએ.

ભીમભાઈની આ વાત સાંભળી શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા. તેમણે કહ્યું, તમે ખરું કહ્યું. આજે નરકના કુંડ ખાલી કરી નાખીએ. એમ કહી તેમણે સ્વરૂપાનંદસ્વામી તરફ દૃષ્ટિ કરી.(સ્વરૂપાનંદસ્વામી રામાનંદસ્વામીના દિક્ષિત સંત હતા). સ્વરૂપાનંદસ્વામી તરત જ ઉભા થયા. શ્રીહરિએ તેમને કહ્યું, તમે સમાધિમાં જાઓ અને ધર્મરાજાને આજ્ઞા કરો કે સર્વ જીવોને છોડી દે. તમારા ભજનના પ્રતાપથી સર્વ જીવો ત્યાંથી છૂટી ભૂમાપુરુષના લોકમાં જશે.

સ્વરૂપાનંદસ્વામી સમાધિમાં ગયા. યમપુરીમાં તેમણે જીવોને નરકની યાતના ભોગવતા જોયા. તેમનું અંદર દ્રવી ગયું. તેમણે તરત જ ઉચ્ચ સ્વરે સ્વામીનારાયણ સ્વામીનારાયણ ધૂન શરૂ કરી. સાથે તાળીનો પણ ઘોષ કર્યો. અહીં સદાય જમદૂતોના મારો..કાપો..ના ભયંકર શબ્દો સંભળાતા હતા. તેને બદલે આ દિવ્ય સ્વર સાંભળી નરકયાતના ભોગવતા જીવોને આશ્ચર્ય થયું. તેમણે તેજસ્વી કાષાય વસ્ત્રધારી સંતને જોયા. આ સંતનું સ્વરૂપ તેમને અનંતતામાં વિસ્તરતું જણાયું. સાથે સ્વામિનારાયણ સ્વામિનારાયણ મહામંત્રનો ઘોષ પણ સર્વત્ર સંભળાતો હોય તેમ લાગ્યું. તેઓ બધા સ્થિર થઈ ગયા.

યમરાજા પણ આ સંતવર્યના દર્શને આવ્યા. તેમની અપરિમિત દિવ્યતા જોઈ તેમને લાગ્યું કે આ સંત કોઈ જુદા જ લોકના છે. તેમણે નમસ્કાર કર્યા અને પૂછ્યું, મહાત્મન્ આપ કયા લોકમાંથી અહીં પધાર્યા છો ? સ્વામીએ હસતાં હસતાં કહ્યું, મૃત્યુલોકમાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા છે. સ્વામિનારાયણ સ્વરૂપે આજે તેમનું ભજન થાય છે. તેમની આજ્ઞાથી આ નરકયાતના ભોગવતા જીવોને અહીંથી મુક્ત કરી ભૂમાપુરુષના લોકમાં મોકલવા છે.

યમરાજા આ સાંભળી સ્થિર થઈ ગયા. તેમણે થોડીવારે કહ્યું, આપ અહીં આવી શક્યા, આ દિવ્ય મંત્રનો ઉદ્‌ઘોષ કર્યો ત્યારથી જ આ જીવોની યાતના શમી ગઈ છે. હવે એ મંત્રના પ્રભાવથી તેઓને અહીંથી મુક્તિ મળતી હોય અને ચતુર્ભુજ સ્વરૂપ ધારી ભૂમાપુરુષના લોકમાં જતા હોય તો મને વાંધો નથી. સ્વરૂપાનંદસ્વામીએ તરત જ સ્વામિનારાયણ મંત્રનો ઘોષ ફરી શરૂ કર્યો. એ મંત્રના દિવ્ય સૂર સાંભળી નરકના જીવો પણ એ મંત્રનો ઘોષ કરવા લાગ્યા.

એટલામાં યમરાજાએ જોયું કે યમપુરીના સર્વે જીવો ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી ભૂમાપુરુષના લોકમાં જાય છે. યમરાજા આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા. તેમને થયું આ બધા કુંડો ખાલી થઈ જશે તો મારા રાજ્યનું, મારા અધિકારનું શું ? સ્વરૂપાનંદસ્વામી તેમની મૂંઝવણ પારખી ગયા. તેઓ હસ્યા..તેમણે કહ્યું, મહારાજ મૂંઝાશો નહિ. માયા અનાદિની છે, આસુરી સંપત્તિ અનાદિની છે. રાજ્ય કરવાની મહેચ્છા હશે ત્યાં સુધી એ બંધન છૂટશે નહિ. એટલું કહીને

સ્વરૂપાનંદસ્વામીએ ફરી તાળી પાડી અને સર્વ જીવો ચતુર્ભુજ સ્વરૂપ ધારી ત્યાંથી અંતર્ધાન થવા લાગ્યા.

સ્વરૂપાનંદસ્વામી સમાધિમાંથી જાગ્યા ત્યારે સૌ સભાજનો આતુરતાથી તેમનો અનુભવ સાંભળવા તત્પર બની ગયા હતા. તેમણે શ્રીહરિને સર્વ હકીકત કહી. શ્રીહરિ તેમની વાત સાંભળી ખૂબ પ્રસન્ન થયા. તેમણે કહ્યું, આ અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે, જે જે અમારા યોગમાં આવશે, પાપી કે પુણ્યવંતા હશે, તેમનો સર્વનો અમારે ઉદ્ધાર કરવો છે. એમ કહી પ્રસન્નતાના ભાવપૂર્વક પોતાના ચરણારવિંદ સ્વરૂપાનંદ સ્વામીની છાતીમાં અંકિત કરી.

પ્રસંગ : ૯૬

માંગરોળમાં સમાધિ દ્વારા શ્રીહરિનું ઐશ્વર્ય

માંગરોળના નવાબ વજરૂદ્દીન પણ શ્રીહરિના આગમનના સમાચાર સાંભળી શ્રીહરિના દર્શને પોતાના કાજીને લઈને આવ્યા. તેના પાક દિલમાં શ્રીહરિના દર્શનથી સાક્ષાત્ પેગંબરના દર્શન થયાનો ભાવ થયો. અહીં શ્રીહરિએ સમાધિ પ્રકરણ ખૂબ વિસ્તાર્યું.

શ્રીહરિના ઉતારાની સામે જ શહેરમાં પ્રવેશ કરવાનો દરવાજો છે. ત્યાંથી જે કોઈ નીકળે તેને તરત જ સમાધિ થાય અને પૃથ્વી પર પડી જાય. આથી ત્યાંના ભોળા લોકોને થયું, આ કોઈ જંત્ર-મંત્ર અને કામણ કરનારો બાવો છે. તેથી સૌ તે દરવાજા પાસેથી પસાર થતા બંધ થયા. લોકોની અવરજવર ઓછી થઈ એટલે શ્રીહરિએ ગણેશભાઈને પૂછ્યું, લોકો હવે આ દરવાજેથી કેમ આવતા-જતા નથી ?

ગણેશભાઈએ હસતાં હસતાં કહ્યું, તેમને બીક લાગે છે કે આપ કાંઈ કામણ કરો છો, તેથી આપને જોઈ બધા પૃથ્વી પર પડી જાય છે. બીચારા અજ્ઞાની જનોને સમાધિના દિવ્ય સુખના સ્વાદની ખબર પડતી નથી. શ્રીહરિ હસ્યા..તેમણે કહ્યું, તો તેમને આ સ્વાદ ચખાડીને પણ આ માર્ગે વાળવા પડશે. આ સિવાય બીજો કોઈ ઉપાય હમણા નથી. ત્રણ તાપથી ધગેલા તેમના અંતરમાં જ્ઞાનના શબ્દો ઓગળી જશે. હવે તો મારી ચાખડીનો ચટ ચટ શબ્દ જે સાંભળશે તેને પણ તરત જ સમાધિ થઈ જશે.

પછી તો શ્રીહરિ બજારમાં નીકળતા અને તરત જ વેપારીઓ દુકાનો બંધ કરી દેતા. સમાધિની બીક તેમના અંતરમાં પેસી ગઈ હતી. શ્રીહરિએ નિશ્ચય કર્યો હતો કે આમને સૌને આ અનુભવ કરાવવો જ.. શ્રીહરિ ગણેશભાઈને ત્યાં જમવા જતા હતા. આગળ પાછળ સંતો-હરિભક્તો હતા, દરવાજા પાસેથી નીકળ્યા અને દુકાનો બધી બંધ થવા માંડી. એક દુકાનમાં બાપ-દિકરો બંને નામાના કામમાં પડી ગયા હતા. બાપે કાને કલમ ખોસી હતી. ચશ્મા નાકની દાંડી સુધી આવી ગયા હતા. તેવામાં શ્રીહરિ નીકળ્યા. ઝટપટ ચોપડા બંધ કરી બાપ-દિકરો બંને અંદર જવા દોડ્યા, પણ દિકરાને મહારાજની ચાખડીનો ચટચટ અવાજ સંભળાઈ ગયો ને તરત જ તેને સમાધિ થઈ. એ અવસ્થામાં પણ બીકના માર્યા તેનાથી બોલાઈ ગયું ઓ મારા બાપ રે..મહારાજ આ સાંભળી હસવા લાગ્યા.

તેમણે ગણેશજીને કહ્યું, અષ્ટાંગયોગના ફળરૂપ આવી સમાધિ થાય છે. તે આજે સ્હેજે સ્હેજે અમારી ઈચ્છાથી લોકોને થાય છે તેની આટલી બધી બીક ? છતાંય શ્રીહરિએ તો એ પ્રકરણ ચાલું જ રાખ્યું. પોષ માસ માંગરોળમાં પૂરો થયો.

વસંતપંચમી

સંવત ૧૮૫૮માં માઘની શુક્લ પંચમીએ શ્રીહરિ માણાવદરમાં માયારામ ભટ્ટને ત્યાં ઉતર્યા. વસંતપંચમીના શુભ દિને ઋતુરાજ વસંતની વિધિ પૂર્વક પૂજા કરી. પછી સખાઓ સાથે રંગોત્સવ કર્યો. અબીલ-ગુલાલ ખૂબ ઉડાડયું. માયારામ ભટ્ટ આ નવીન ઉત્સવ જોઈ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. તેમને લાગ્યું કે શ્રીહરિ ઉત્તર હિન્દુસ્તાનના છે એટલે રંગે રમવાનું તેમને વધુ ગમતું લાગે છે. શ્રીહરિ તેમનો મનોભાવ સમજી ગયા. તેમને કહ્યું, ભટ્ટજી વસંત એ પરમાત્માની વિભૂતિ છે. આપણે આજે રંગ ભરીને કુંભનું પૂજન કર્યુ છે. વસંત એ ઋતુઓનો રાજા છે. આજથી પૃથ્વી પાંગરશે. ફળફૂલરૂપી વસ્ત્રોનું પરિધાન કરશે. પરમાત્માની આ વિભૂતિના દર્શન કરી અમૂલ્ય આનંદથી જીવન ભરી દેવાનું છે.

પરમાત્માના સ્વરૂપનો આનંદ જીવનમાં અનુભવતા શીખવાનું છે. તપ અને વૈરાગ્ય એ આનંદ અનુભવવાના સાધનો છે. પણ ફક્ત તેનાથી જીવન શુષ્ક બનાવી દેવાનું નથી. ભક્તનો ભાવ પરમાત્માના સ્વરૂપના આનંદની અનુભૂતિથી જ વિકસશે.

શ્રીહરિએ માયારામ ભટ્ટજીને કહ્યું, ભટ્ટજી તમે તો રામાનંદસ્વામીની ઘણી સેવા કરી છે. સ્વામી માણાવદરમાં પણ બહુ આવતા. તે સમયના પ્રસંગોની વાતો કરો. માયારામ ભટ્ટે કહ્યું, અહીં માણાવદરમાં સભામાં બેઠેલા શામજી ઝાટકીયાએ રામાનંદસ્વામીને પૂછ્યું, સ્વામી તમારા ઉપર કોઈ મોટા છે ? ત્યારે રામાનંદસ્વામીએ કહ્યું, હા..અમે તો જેમ ગણેશનો વેશ આવે છે તેમ આવીને પડ છાંટયું છે ને ડુગડુગી વગાડીએ છીએ ને રમનારા તો વનમાંથી ચાલ્યા આવે છે. તે આવશે ત્યારે અમે તમને દેખાડીશું.

- તે આવશે ૫૦૦ પરમહંસો બનાવશે.
- કાઠી અસવારો તેમની સાથે ફરશે.
- તેમના ઘોડાના ડાબલાના ખડતાળે કરીને મતપંથ માત્રને કચરી નાંખશે.
- એમ સ્વામી ૧૮૫૩માં અહીં પધાર્યા ત્યારે વાત કરી હતી. અને આજે એ વાત સાચી પડી છે.

પ્રસંગ : ૯૭

માંગરોળમાં ફૂલદોલ ઉત્સવ : આ.સં.૧૮૫૮

જેઠ લગભગ ઉતરવા આવ્યો વાદળું ક્યાંય દેખાતું નહોતું. સૂર્યની અગ્નિવર્ષા અસહ્ય બની ગઈ હતી. પાણીનો પણ જાણે કાળ પડયો હોય તેવું દેખાતું હતું. પાણીની તંગીથી પશુ, પંખી અને મનુષ્યો ત્રાસ પામી ગયા હતા. લોકોની આ મૂંઝવણ શ્રીહરિને સાલી. એ મૂંઝવણ ટાળવા તેમણે ઐશ્વર્ય ન વાપર્યું, પણ શ્રમનો સહારો લીધો. ઐશ્વર્યનું ફળ ક્ષણિક, તત્પૂરતું જ હોય. શ્રમથી પ્રશ્નો કાયમ માટે ઉકલે છે, સેવાનો મહિમા સમજાય છે, સાધુનું ગૌરવ વધે છે.

ગામને પાદરે એક જૂની વાવ હતી પણ તે બૂરાઈ ગયેલી હતી. શ્રીહરિએ વિચાર કર્યો કે આ પુરાતની વાવ છે, માટે તેમાં અખૂટ પાણી હશે. તેમણે નવાબ સાહેબ વજરૂદ્દીન પાસે આ પુરાતની વાવને ફરી ગળાવી સજીવન કરવાની આજ્ઞા લેવા માણસો મોકલ્યા.

શ્રીહરિની ઈચ્છા જાણી નવાબે કહેવરાવ્યું હું તો આપનો સેવક છું. આપ આજ્ઞા કરો તો હું પુરાતની વાવ ખોદાવી દઉં. શ્રીહરિએ સંદેશો મોકલ્યો, આપની પરવાનગી મળી છે તો હવે અમારા સાધુ શ્રમ કરશે. લોકોના ભલા માટે શ્રમ કરવો તે ભક્તિ છે. આવી સેવાથી લોકોમાં સાધુઓ પ્રત્યે ભાવ ઉત્પન્ન થશે,

તેઓ ભક્તિમાર્ગે વળશે.

શ્રીહરિએ સંતોને કહ્યું, લોકોના અંતર જીતવા હોય, તેમને ભક્તિમાર્ગે વાળવા હોય તો આપણે જ શ્રમ કરીએ. સંતો અને હરિભક્તો આ કાર્ય કરશે તો તે તીર્થ બની જશે. હું પણ તમારી સૌની સાથે મહેનત કરીશ. શ્રીહરિ લોકસંપર્ક ઈચ્છતા હતા. તેઓ જ્યાં જતા ત્યાં લોકોના જીવનમાં ડોકિયું કરતાં, તેમની મુશ્કેલીઓને સમજતા અને તે ટાળતા. પોતાના સંતોને પણ ભલામણ કરી લોકો સાથે એક થઈ જજો. ત્યાગાશ્રમના માનમાં તમે સ્વામી અને લોકો સેવક એવી ભાવના કદી રાખશો નહિ. આપણે જ સૌના સેવક બની જવાનું છે.

બીજા દિવસથી વાવ ગાળવાનું કામ શરૂ થઈ ગયું. ગામેગામથી જે જે હરિભક્તો આવતા તેમને શ્રીહરિ આ કામમાં લગાડી દેતા. પોતે પણ ગાળનાં તગારા ઉપાડતા. ગામના લોકો પણ આવતા અને સંતોને શ્રમ કરતા જોઈ રાજી થતા. તેમને થયું કે સ્વામિનારાયણના આ સાધુઓ ગામમાંથી ભિક્ષા લાવીને સદાવ્રત ચલાવે, ભૂખ્યાને જમાડે, મહેનત કરીને વાવ ખોદે અને સૌને પાણી પૂરું પાડે. જ્યારે બીજા બાવાઓ ગાળો દઈને પાકાં સીધાં માગે, કોઈ કાંઈ ન આપે તો ત્રાગાં કરે, શરીરમાં ચીપિયા ખોસી લોહી કાઢે. વળી કેટલાક બાવાઓ કેવળ ઉપદેશ આપીને ચાલ્યા જાય. પણ પાછા વિમાસણમાં પડતા : સ્વામિનારાયણ એ નવો સંપ્રદાય કહેવાય, તેમાં કેમ ભળાય ?

સંતો-હરિભક્તોએ ઉનાળાના ખરા તાપમાં દસ દિવસ સુધી સતત મહેનત કરી અને શ્રીહરિની કૃપાથી મીઠું ટોપરા જેવું પાણી નીકળ્યું. બધાને બહુ જ આનંદ થયો. શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું. પછી વિચાર કર્યો કે હવે વાવનું કામ વિધિપૂર્વક કરાવવું. તેમણે માયારામ ભટ્ટને બોલાવીને કહ્યું, વિદ્વાન બ્રાહ્મણોને બોલાવો, બધો સામાન મગાવો, બ્રાહ્મણોને જમાડવા માટે સીધા સામગ્રી પણ મગાવો. માયારામ ભટ્ટે બધી તૈયારી કરી દીધી.

શ્રીહરિ પોતે વિધિ કરવા બિરાજ્યા. બ્રાહ્મણોએ શાસ્ત્રના વિધિ અનુસાર પૂજન કરાવ્યું. શ્રીહરિએ વિષ્ણુ ભગવાનનું પૂજન કર્યું. વિધિ કરતા શ્રીહરિની મૂર્તિને એકાગ્ર ચિત્તે નિહાળતા માયારામ ભટ્ટ તથા અન્ય વિપ્રોને શ્રીહરિનું ચતુર્ભુજ વિષ્ણુરૂપે દર્શન થયું. તેમની આજુબાજુ ધર્મ અને ભક્તિ પણ દેખાયા. સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા. શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું, મહારાજ કેમ સ્થિર થઈ ગયા ? વિધિ કરાવો.

પણ બ્રાહ્મણો શું બોલે ? થોડા સમયે શ્રીહરિના સ્વરૂપમાં વિષ્ણુનું સ્વરૂપ દેખાતું બંધ થયું ત્યારે સૌ ભાનમાં આવ્યા. તેમણે શ્રીહરિને હાથ જોડી કહ્યું, પ્રભુ આપ તો સાક્ષાત્ ભગવાન છો, છતાં અમારા કલ્યાણ માટે સ્વયં આ શ્રમ લીધો. પછી શ્રીહરિએ તેમને મીષ્ટ ભોજન જમાડી તૃપ્ત કર્યા.

<u>પ્રસંગ : ૯૮</u>

<u>મેઘજિતનો પરાભવ</u>

શ્રીહરિનો આવો પ્રતાપ, સમાધિ, તેમના સાધુઓનો સેવાભાવ, આ બધાથી વધતી જતી શ્રીહરિની પ્રતિષ્ઠાથી ત્યાંનો વણિક મેઘજિત અકળાયો. તે પણ રામાનંદસ્વામીનો શિષ્ય હતો. યોગની કાંઈક સિદ્ધિ તેને પ્રાપ્ત થઈ હતી. તે સિદ્ધિથી પોતાને મોટો માની મુક્તાનંદસ્વામી જેવા મોટા સંતની પણ તે અવગણના કરતો. શ્રીહરિનો તો તેને લેશમાત્ર ભાર નહોતો. તે કહેતો, વૃદ્ધાવસ્થાને લીધે રામાનંદસ્વામીની બુદ્ધિ બગડી ગઈ હતી. તેથી જ તો તેમણે અમારા જેવા જૂનાને અવગણીને આ નાના સહજાનંદને ગાદી સોંપી. તેના આવા પ્રલાપથી સૌ હસતા ત્યારે તે અભિમાનથી કહતો, તમે હજુ મારો પ્રતાપ જોયો નથી.

તે પ્રતાપ બતાવવા તેણે એક દિવસ ઉકળતા તેલની કડાઈમાં હાથ નાખ્યો. તેની સિદ્ધિથી હજુ સુધી આ પ્રયોગમાં દાઝ્યો નહોતો. પણ આજે શ્રીહરિની ઈચ્છાથી તે સખત દાઝી ગયો. હાથે ફોલ્લા પડી ગયા છતાં પણ અભિમાનમાં અટંટ રહી તે બોલ્યો, મૃત્યુ એ ભગવાનના હાથમાં છે, પણ મેં એ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તો સૌ જોજો. આજથી ચોથે દિવસે હું દેહ છોડી દઈશ. સ્વામિનારાયણને કહેજો કે જો તે ભગવાન હોય તો મારું મોત અટકાવે.

શ્રીહરિ પાસે આ વાત પહોંચી ગઈ. તેઓ ફક્ત એટલું જ બોલ્યા, આપણે જોઈએ મેઘજિત જેમ દેહ મૂકે છે. મેઘજિતનો મહિમા ગામના લોકોને હતો. તેથી શ્રીહરિની આ વાણી તેમને ઢીલી લાગી. મેઘજિત ઘરે ગયો. તેણે પ્રાણત્યાગ કરવાનું નક્કી કરી લીધુ હતું. તેની આ શક્તિમાં તે શ્રીહરિનો પરાજય જોતો હશે પરંતુ બુદ્ધિથી તેણે એટલો વિચાર ન કર્યો કે પ્રાણત્યાગ પછી જયપરાજય કોણ જોશે ? મહામોહ વ્યાપે ત્યારે માનવી સામાન્ય વિવેક પણ ગુમાવી બેસે છે. તેણે ગામની તમામ વસતિને જમાડવાનું નક્કી કર્યું. બધાને આમંત્રણ મોકલ્યા, પણ શ્રીહરિના એક પણ સેવકને તેણે નોતરું ન આપ્યું. ભક્તની અતૃપ્તિમાં ભગવાન અતૃપ્ત રહ્યા.

ચોથે દિવસે મેઘજિત પ્રાતઃકાળને સમયે સ્નાનવિધિ, નિત્યકર્મથી પરવારી દેહત્યાગ કરવા માટે પદ્માસન લગાવીને બેસી ગયો. ગામના ટોળાબંધ લોકો મેઘજિતની આ સિદ્ધિ નીરખવા હાજર થઈ ગયા. મેઘજિતને તેમને જોઈને ગર્વ થયો. પોતાના મૃત્યુમાં સ્વામિનારાયણની હાંસી છે. તેને શ્રીહરિને હાંસીપાત્ર બનાવવા હતા. થોડીવારે તેણે પ્રાણવાયુને ખેંચ્યો. પ્રાણ હૃદયાકાશમાં સ્થિર થઈ ગયો. નેત્રો તથા શરીરના તમામ અંગો પણ સ્થિર થઈ ગયા. તેની આ સિદ્ધિ જોઈ લોકો પણ અવાક્ બની ગયા. ધીરે ધીરે હૃદયમાંથી પ્રાણને બ્રહ્મરંધ્રમાં લાવવા તે પ્રયત્ન કરવા લાગ્યો. બ્રહ્મરંધ્રને ભેદી તેને બ્રહ્માંડની સુષુમણા સાથે પોતાના પ્રાણની એકતા કરી અર્ચિમાર્ગે મજલ કરવી હતી.

<u>પરંતુ હૃદયમાંથી પ્રાણ ઉંચે ચડયો જ નહિ. તેના અત્યંત પ્રયત્નથી નાડીઓ તૂટવા લાગી છતાં પ્રાણ તો હૃદયમાં જ સ્થિર થઈ ગયો. ફરી ફરી તેણે પ્રયત્ન કર્યો. પ્રાણને તેની મૂળ સ્થિતિમાં સ્થાપન કરી તેના પાંચ ભાગ (પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન) કરી નાખવા. જેથી શરીરની ક્રિયા પૂર્વવત્ ચાલુ થઈ જાય. પરંતુ તેમ પણ ન થયું. હૃદયમાં સ્થિર થયેલો પ્રાણ ત્યાંથી નીચે ગતિ જ કરી ન શક્યો.</u>

હવે તે ખરેખર મૂંઝાયો. દેહ મૂકવાનું તો ન બન્યું પરંતુ પ્રાણની ગતિ હવે જો પૂર્વવત્ નહિ થાય તો દેહની દશા અસ્તવ્યસ્ત થઈ જશે. તેને ખરેખર બીક લાગી. પ્રાણની ગતિ સ્થિર થઈ ગઈ એટલે સર્વ ઈન્દ્રિયો અચેતન થઈ ગઈ. થોડીવારમાં તે અત્યંત કષ્ટથી પીડાતો પૃથ્વી ઉપર ઢળી પડયો. સૌ તેનું આ દુઃખ જોઈ કકળી ઉઠયા અને કોઈનો કાંઈ ઉપાય ચાલે તેમ નહોતું.

આ પ્રમાણે પાંચ દિવસ સુધી મેઘજિત સખત પીડાયો. મનોમન તો તેણે શ્રીહરિનું શરણું લઈ લીધું હતું. પણ વાચા ઉઘડતી નહોતી. તેની પીડા જોઈ બ્રાહ્મણોએ વિચાર કર્યો કે મેઘજિતે શ્રીહરિની અવગણના કરી તેથી તેની સિદ્ધિઓ બધી નિષ્ફળ નીવડી. હવે જો તેને કષ્ટથી ઉગારવો હોય તો શ્રીહરિને જઈને બોલાવવા જોઈએ. મેઘજિત તો અચેતન અવસ્થામાં પડયો હતો. એટલે તેને પૂછવાનું રહ્યું નહોતું. ગામના લોકો, બ્રાહ્મણો વગેરે શ્રીહરિ પાસે ગયા. સૌએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, મેઘજિત બહુ જ પીડાય છે. તેણે ગર્વમાં દેહત્યાગ કરવાનું પ્રણ તો લીધું પરંતુ મૃત્યુને પ્રેરણા કરવી એ આપના હાથની વાત છે. માટે તેને હવે આપ ઉગારશો તોજ તે બચશે.

સૌની પ્રાર્થના શ્રીહરિએ સાંભળી. તેઓ તરત જ થોડા સંતો હરિભક્તોને લઈને મેઘજિત પાસે ગયા. તેના ઉપર કૃપા કરી પોતાની દૃષ્ટિ તેની આંખમાં સાધી. મેઘજિતની આંખની કીકીઓ હાલવા લાગી. એક પછી એક ગાત્રોમાં પ્રાણનો સંચાર થવા લાગ્યો. મેઘજિત જાગ્રત દેખાયો. શ્રીહરિ તેની સન્મુખ જ ઉભા હતા. દેહના કષ્ટથી સતત પાંચ દિવસ પીડા પામ્યો હતો તેથી તે ઉઠી ન શક્યો. તેણે શ્રીહરિના ચરણકમળ તરફ બે હાથ લંબાવ્યા. શ્રીહરિ તેની પાસે આવ્યા. તેના શરીરે પોતાના બંને હાથ ફેરવ્યા મેઘજિતે પણ તે દિવ્ય સ્પર્શની દિવ્યતા પોતાના શરીરમાં સમાવી દેવા શ્રીહરિના બંને હાથ પકડી લીધા. તેની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસવા લાગ્યા.

થોડીવારે તે પ્રયત્ન કરી ઉઠયો. શ્રીહરિના ચરણમાં ઢળી ગયો. હે મહારાજ હું તમારો દાસ છું, મારા અપરાધ ક્ષમા કરો. મારી સિદ્ધિના મદમાં હું આપને ઓળખી શક્યો નહિ. શ્રીહરિનો પ્રતાપ સૌએ જાયો. શ્રીહરિ પરમાત્મા છે સૌને પ્રતીતિ થઈ.

<u>પ્રસંગ : ૯૯</u>

<u>માંગરોળના હરિભક્તોએ પોતાના ઈષ્ટદેવના દર્શન શ્રીહરિમાં કર્યા</u>

માંગરોળના નગરજનોને હવે પોત પોતાના ઈષ્ટદેવના દર્શન કરવાની જિજ્ઞાસા જાગી. બધા ભેગા થયા. વલ્લભ અને મધ્વ સંપ્રદાયના અનુયાયીઓએ શ્રીહરિને તેમના ઈષ્ટદેવ ગોપીનાથ સ્વરૂપમાં જોયા.

- રામાનુજ મતના હતા તેમણે લક્ષ્મીનારાયણ સ્વરૂપે જોયા.
- રામાનંદીઓએ રામ સાથે સીતાજીને જોયા.
- વેદાંતીઓએ જ્યોતિ સ્વરૂપે જોયા.
- શિવ ઉપાસકોએ શિવ-પાર્વતીને જોયા.
- સૂર્યના ઉપાસકોએ સૂર્યને જોયા.
- ગણપતિના ઉપાસકોએ ગણપતિને જોયા.
- જૈનોએ તીર્થંકરોને જોયા.
- મુસલમાનોએ પયંગબરને જોયા.

જેના જે ઈષ્ટદેવ હતા તે તે સ્વરૂપમાં તેમને શ્રીહરિની કૃપાથી થયેલી સમાધિમાં દર્શન કર્યાં. આ તમામ સ્વરૂપોના કારણ પ્રત્યક્ષ શ્રીહરિ છે તેની તેમને પ્રતીતિ થઈ. શ્રીહરિનો પ્રતાપ સર્વત્ર પ્રસરવા લાગ્યો.

<u>પ્રસંગ : ૧૦૦</u>

<u>ભોગવતી નદીને આશીર્વાદ</u>

મહારાજ મૂળી તરફ પધાર્યા. ભોગાવાના કિનારે મહારાજ થોડું થંભ્યા. મહારાજની દૃષ્ટિ સ્થિર હતી. એકાગ્રતાથી કંઈક સાંભળતા હોય તેમ કાન સરવા કર્યા હતા. થોડીવારે હાથ ઉંચા કરી આશીર્વાદ આપતા હોય તેવી ચેષ્ટા પણ કરતા હતા. ત્યાં હીરાચંદ નામનો વણિક મહારાજની આ ચેષ્ટા જોઈ રહ્યો હતો.

મહારાજે હાથ ઉંચા કર્યા તરત જ તેને ત્યાં સમાધિ થઈ ગઈ. તે સમયે તેણે ભોગવતી નદી સ્ત્રીનું રૂપ ધારણ કરી મહારાજની પૂજા કરવા આવી. મહારાજ ઘોડા પરથી નીચે ઉતરી ગયા. ઘોડાની સરક એક હાથમાં પકડી, બીજો હાથ કેડ ઉપર રાખી મહારાજ ઉભા રહ્યા. ભોગવતીએ મહારાજની પૂજા કરી. મહારાજે કહ્યું, તેં મારી પૂજા કરી છે, તારા સર્વે પાપ બળી ગયા. હવે તું મારું ધ્યાન કરજે. ઉન્મત ગંગાએ જેવું તપ કર્યું છે તે પ્રમાણે તું તપ કરીશ તો તારા તટ ઉપર શ્રીકૃષ્ણનો નિવાસ થશે તેથી તારો અપાર જશ ગવાશે, મહિમા ગવાશે.

<u>પ્રસંગ : ૧૦૧</u>

<u>રઘુનાથદાસની ઉપાધિ - અમદાવાદમાં રામદાસસ્વામીને મોકલ્યા</u>

અમદાવાદથી અહીં હરિભક્તો આવ્યા હતા. શ્રીહરિએ તેમને રઘુનાથના સમાચાર પૂછ્યા. આ પ્રશ્ન સાંભળી તે ભક્તો જરા વીલા પડી ગયા. તેમણે કહ્યું, મહારાજ રઘુનાથદાસે તો ત્યાં ભારે ધાંધલ મચાવી છે. આપના વિરુદ્ધ ઘણું બોલે છે, આપની નિંદા પણ કરે છે. ત્યાં કોઈને સત્સંગનું સુખ આવતું નથી. શ્રીહરિ હસીને કહે, જેમ ભગવાનનું જોર વધે તેમ માયાનું પણ જોર વધે. પણ તમારે કોઈને મૂંઝાવાની જરૂર નથી. રઘુનાથની ઉપાધિ તો ઝાકળના બિન્દુ જેવી છે. સૂર્યના પ્રકાશમાં તે ઉડી જશે.

શ્રીહરિના આ વચનો સાંભળી તે ભક્તોને શાંતિ થઈ. છતાં શ્રીહરિ પાસે બધો જ ખુલાસો કરવાનું તેમણે નક્કી કર્યું હતું. તેમણે કહ્યું, મહારાજ આપની વાત સાચી છે પરંતુ ત્યાં સુધીમાં અનેક જીવોના અંતરમાં આપના વિરુદ્ધ અસદ્ભાવ ઉત્પન્ન થશે તેનું શું ? તેમની આ મૂંઝવણ સાચી હતી. પરંતુ શ્રીહરિનું ઐશ્વર્ય પણ અદમ્ય હતું.

<u>તરત જ તેમણે કહ્યું, અસદ્ભાી જીવો હશે તેમને તો રઘુનાથદાસ વાત કરશે કે નહિ કરે તો પણ અસદ્ભાવ થવાનો જ..પરંતુ જે સદ્ભાવી જીવો હશે તેમને રાગદ્વેષથી ભરેલા આવા કંઈક રઘુનાથદાસ ભેગા થશે તો પણ કાંઈ અસર થવાની નથી. તમે તેની ચિંતા કરશો નહિ. ભગવાન માયાનું ચાલવા દેશે તેટલું જ તેનું ચાલશે.</u>

શ્રીહરિના આ શબ્દોથી તે ભક્તોને શાંતિ થઈ. છતાં તેમણે કહ્યું, તો પણ મહારાજ તમો રામદાસ સ્વામીને અમદાવાદ મોકલો જેથી તે કંઈક દબાય. શ્રીહરિને આ વાત વાજબી લાગી. તેમણે કહ્યું, ભલે આ ઉત્સવ પૂરો થાય એટલે રામદાસસ્વામીને તમારી સાથે લઈ જજો.

જન્માષ્ટમીના ઉત્સવ ઉપર દેશ-પરદેશના સત્સંગીઓ માંગરોળ આવ્યા. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીજીમહારાજે જન્મ સમયે અષ્ટ પટરાણીઓ સહિત શ્રીકૃષ્ણરૂપે પોતાના દિવ્ય દર્શન આપ્યા. (કડુથી કલ્યાણદાસ-પાછળથી અદ્ભૂતાનંદસ્વામી પણ આ પ્રસંગે હાજર હતા. તેઓ કહેતા કે, હું પણ ત્યાં ગયો હતો. મહારાજે રાતના બારથી સવારના ચાર વાગ્યા સુધી શ્રીકૃષ્ણ અને અષ્ટ પટરાણીઓ સહિત સૌને દર્શન આપ્યાં હતા. પછી તે સ્વરૂપો મહારાજના સ્વરૂપમાં લીન થઈ ગયા.)

આ વર્ણી સાક્ષાત્ ભગવાન છે એવો તે પ્રસંગે આવેલા તમામ હરિભક્તોને નિશ્ચય થયો. નવમીને દિવસે મહારાજે સભામાં સંતો-હરિભક્તોને મોક્ષમાં વિઘ્ન ન આવે તે માટે ત્યાગીઓના તથા ગૃહસ્થના ધર્મોની વાત કરી. આ ઉપદેશ સત્સંગમાં અત્યારે નારાયણગીતા નામે પ્રસિદ્ધ છે.

શ્રીહરિએ પછી રામદાસસ્વામીને બોલાવ્યા. ખૂબ ગંભીરતાથી તેમણે કહ્યું, સ્વામી અમદાવાદથી હરિભક્તો આવ્યા છે. તેમણે રઘુનાથદાસની બધી વાત કરી છે. તેણે ત્યાં સત્સંગમાં અસદ્‌ભાવ પ્રવર્તાવ્યો છે અને સૌના મન ઉંચા કરી દીધા છે. માટે તમે ત્યાં જાઓ. રામદાસસ્વામી શાંતિથી આ સાંભળી રહ્યા. પછી તેમણે કહ્યું, મહારાજ હું તો તમને પહેલેથી જ કહેતો હતો કે આને કાઢી જ મૂકવાની જરૂર છે. રામાનંદ સ્વામીએ પણ તેનું ભવિષ્ય ભાખ્યું હતું.

શ્રીહરિને રામદાસસ્વામીની આ વાત વ્યવહારું ન લાગી. તેમણે શાંતિથી કહ્યું, જુઓ સ્વામી જો રઘુનાથદાસને આપણે કાઢી મૂકશું તો તે બહાર નીકળીને વધારે વિફરશે. ઘણા જીવોને ભમાવશે અને બહુ ભૂંડું કરશે. તે માટે સમજાવીને તે સત્સંગમાં રહે તેવું કરજો.

આવું નમતું જોખવાનું રામદાસસ્વામીના સ્વભાવમાં નહોતું. તેમને શ્રીહરિની વાત ન ગમી છતાં તેમને તેઓ પોતાના ઈષ્ટદેવ માનતા હતા. તેમનો પ્રતાપ જોયો હતો. તેથી તેમણે કહ્યું, ભલે જેવી આપની આજ્ઞા. પરંતુ હજું પણ હું જોઉં છું કે રઘુનાથ અંદર રહીને પણ ઘણી ઉપાધિ કરશે. આ સત્સંગમાં તે ટકી શકશે જ નહિ.

શ્રીહરિ આ જાણતા હતા. તેમણે રામદાસસ્વામીને કાંઈ જવાબ ન આપ્યો. રામદાસસ્વામી આજ્ઞા લઈ થોડા સાધુને લઈને ગુજરાતના હરિભક્તો સાથે અમદાવાદ જવા નીકળી ગયા.

પ્રસંગ : ૧૦૨

સોરઠમાં સમાધિનો પ્રભાવ

શ્રીહરિએ કાલવાણી, માંગરોળ વગેરે ગામોમાં સમાધિ દ્વારા પોતાનો અદ્‌ભૂત પ્રતાપ જણાવ્યો. તેમનો પ્રતાપ જોઈ ગામોગામથી લોકો માંગરોળ આવવા લાગ્યા. તેમને દરેકને તેમના ભાવ પ્રમાણે ઉપાસના પ્રમાણે પોત પોતાના ઈષ્ટદેવના દર્શન શ્રીહરિના સ્વરૂપમાં થવા લાગ્યા. કેટલાકને સમાધિ થતી અને ત્રણ ચાર દિવસ સુધી શબવત્ પડ્યા રહેતા. કેટલાક પંદર દિવસ સુધી, કેટલાક મહિના સુધી એમ સમાધિ અવસ્થામાં દેહનું ભાન ભૂલીને પડી રહેતા. તેમના સંબંધીઓ શોધવા આવતા ત્યારે તેમને સૌને એક બાજુએ ઉપરાઉપરી ખડકી રાખ્યા હોય તેમાંથી શ્રીહરિ શોધી લેવાનું કહેતા.

તેઓ ત્યાં જઈને તેમના સંબંધીના દેહને શોધતા અને ફરી શ્રીહરિ પાસે આવતા ત્યારે શ્રીહરિ ત્યાં આવીને સોટી અડાડતા ત્યારે તે ભક્ત ઉભા થઈ જતા. આવો શ્રીહરિનો અદ્‌ભૂત પ્રતાપ જોઈ જે સદ્‌ભાવવાળા હતા તેમને શ્રીહરિના સ્વરૂપમાં પરમાત્મભાવનો નિશ્ચય થયો. જેને એવો ભાવ નહોતો તેઓ પોતાના સંબધીઓની આવી સ્થિતિ જોઈ ઉપાધિ કરવા લાગ્યા. આ સમાચાર મુક્તાનંદસ્વામીને કચ્છમાં પહોંચી ગયા.

યોગવિદ્યામાં જેની ચાંચ ખૂંપતી ન હોય તેઓ આવી અનેક પ્રકારની શંકાઓ કરે. સમાધિને જાદુ માને, મંત્રવિદ્યા માને. પોતાની અજ્ઞાનતાને લઈને આવી યોગવિદ્યાના મર્મને સમજી ન શકે. તેથી આવો પ્રતાપ જોઈ શ્રીહરિને જાદુગર સમજે.

શ્રીહરિ આવા અજ્ઞાનીઓનો ઓરતો કરતા નહિ. તેમની તેમને દયા આવતી. અષ્ટાંગ યોગની વર્ષો સુધી સાધના કર્યા છતાં પણ જે સિદ્ધિ શક્ય નથી, તે વિદ્યા તેઓ સહજમાં સિદ્ધ કરાવતા. કોઈકને અક્ષિવિદ્યા કરાવી ભગવાનની મૂર્તિના દર્શન કરાવતા તો કોઈને બંને આંખોમાં ભગવાનનું ધ્યાન સિદ્ધ કરાવતા. કોઈને ષટ્‌ચક્રમાંથી કોઈને એક ચક્રમાં પ્રાણનો નિરોધ કરાવી પ્રણવનો નાદ સંભળાવતા. ઈડા, પિંગલા, સુષુમ્ણા નાડીમાં કેવી રીતે ગતિ કરવી તે શીખવાડતા. સૂર્ય અને ચંદ્રના લોકમાં પણ ગતિ કરાવતા. સ્થૂળ દેહને સૂક્ષ્મ કરવાની રીત શીખવાડતા. અને પરકાયામાં પ્રવેશ પણ કરાવતા.

(આ પ્રકારની સમાધિ સ્વયં પરમાત્મા અથવા તો તેમના સ્વરૂપ સાથે તાદાત્મ્ય પામેલા ગુરૂની કૃપાથી જ થાય છે. તેથી તે સમાધિને કૃપાસમાધિ પણ કહે છે. ગુરૂ શિષ્યને ત્રણ પ્રકારની દીક્ષાથી આ સમાધિના દિવ્ય આનંદનો અનુભવ કરાવી શકે છે. માનસદીક્ષા, સ્પર્શદીક્ષા અને દગદીક્ષા. યોગવસિષ્ઠ ગ્રંથમાં આ પ્રકારની સમાધિનો ઉલ્લેખ પણ મળી આવે છે. ગુરૂ પોતાના શિષ્યને દ્દષ્ટિથી, સ્પર્શથી અને શબ્દથી પરમાત્માના દિવ્ય આનંદની અનુભૂતિ કરાવે છે અને જે આવો પ્રભાવ બતાવી શકે તેજ સાચા ગુરૂ છે.)

પ્રસંગ : ૧૦૩

મગનીરામ શ્રીહરિના યોગમાં

તે સમયે દ્રાવિડ દેશનો મગનીરામ નામનો એક તાંત્રિક દેવીભક્ત સૌરાષ્ટ્રમાં તેના શિષ્યો સાથે ફરતો હતા. બ્રાહ્મણ કુળમાં જન્મેલા મગનીરામના અંતરમાં પહેલાં તો પ્રભુપ્રાપ્તિની લગની હતી. તેથી તે માટે તે ફરતો ફરતો બંગાળ દેશમાં ગયો. અહીં એણે એવી વાત સાંભળી કે પીપા નામના એક રાજાએ શારદાદેવીને પ્રસન્ન કર્યાં હતાં અને પ્રત્યક્ષ દર્શન દેતાં હતા. આથી મગનીરામ એવા ગુરૂની શોધ કરવા લાગ્યો કે જેણે શારદાદેવીને પ્રસન્ન કર્યાં હોય.

મગનીરામ ફરતો ફરતો એક ગામમાં પહોંચ્યો, જ્યાં એક વિપ્રે શારદાદેવીને સાધ્યાં હતાં. તે વિપ્ર પાસે મગનીરામ પહોંચ્યો. તે પણ દ્રાવિડ દેશનો બ્રાહ્મણ હતો. મગનીરામને જોઈ તે ખૂબ રાજી થયો. તેણે મગનીરામને સાધના બતાવી, સરસ્વતી દેવીનો સાક્ષાત્કાર કરાવ્યો. પછી જ્યારે મગનીરામે તેની રજા લીધી ત્યારે તેણે કહ્યું, તમે દ્રાવિડ દેશના બ્રાહ્મણ છો અને હું પણ દ્રાવિડ દેશનો બ્રાહ્મણ છું. માટે મારી પુત્રી સાથે તમો વિવાહ કરો.

મગનીરામ આ સાંભળી ચમક્યો. તેણે આજીવન બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કર્યું હતું. તેથી તેણે હાથ જોડીને કહ્યું, આપ તો મારા ગુરૂ ક્હેવાઓ અને ગુરૂપુત્રી મારી ભગિની કહેવાય. માટે આવો અનુચિત વ્યવહાર ન થઈ શકે. ગુરૂ આ સાંભળી અવાક્ બની ગયા. બૃહસ્પતિના પુત્ર કચના જેવી મગનીરામની ધર્મપરાયણતા જોઈ ગુરૂ પ્રસન્ન થયા.

મગનીરામ ત્યાંથી નીકળી જગન્નાથપુરીમાં આવ્યો. અહીં તેણે બાવાઓના અડ્ડાઓ જોયા. ભગવાન મેળવવા હોય તો સાધુ પાસે જવું. ભગવાન ભૂલવા હોય તો બાવાઓનો સહારો લેવો. મગનીરામ તેના કર્મના લેખ પ્રમાણે આ અડ્ડામાં આવી પહોંચ્યો. અને અડ્ડાના સંગથી તેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ. ધર્મની, બ્રહ્મચર્યપાલનની ભાવના ઓસરવા લાગી. જગતના વિષયો ભોગવવાની આસક્તિ પ્રબળ થવા લાગી. તેના અધઃપતનની શરૂઆત થતી હતી તેનો તેને વિચાર ન આવ્યો. તેણે મંત્રસિદ્ધિ હાંસલ કરી. સિદ્ધિના બળે શિષ્યોનો જમેલો પણ જમા કર્યો.

મગનીરામ હવે ત્યાંથી નીકળી ગામેગામ ફરવા લાગ્યો. લોકો પાસે પૈસા પડાવવા લાગ્યો. શિષ્યમંડળમાં સ્ત્રીઓ પણ આવવા લાગી. ધન અને સ્ત્રીનો યોગ સંપૂર્ણ થયો એટલે તે મદ્ય અને માંસનો પણ ભોગી બન્યો. પ્રભુપ્રાપ્તિની ખોજમાં નીકળેલો, બ્રહ્મચર્યવ્રત ધારણ કરી ગુરૂપુત્રીમાં બહેનની ભાવના રાખી

વિવાહનું આમંત્રણ ટાળનાર સદાચારી મગનીરામ બાવાઓના કુસંગમાં તેના સંસ્કારો, ધ્યેય બધું જ ભૂલી ગયો.

ફરતો ફરતો તે સૌરાષ્ટ્રમાં આવ્યો. રાજાઓને પણ દટ્ટણ સો પટ્ટણ કરવાની બીક આપી પૈસા પડાવવા લાગ્યો. તેનો અને તેના જમ જેવા શિષ્યોનો ઠાઠ જોઈને જ લોકો ડરી જતા. રાજાઓ નમતું જોખી નાણા આપી દેતા. ફરતો ફરતો તે પોરબંદર આવ્યો. અહીં ગોંસાઈજીના મઠનો વૈભવ જોઈ તેને માર મારી મનમાની રકમ પડાવી. બીકના માર્યા ગોંસાઈજીએ કહ્યું, અમારા જેવા દેડકા તો તેં ડાંભ્યા છે પણ મણિધર તને મળ્યો નથી. તારો ગર્વ તો જીવનમુક્તા ઉતારશે.

મગનીરામ આ સાંભળી ચમક્યો. તેણે જીવનમુક્તાનું નામ સમાંભળ્યું હતું. જગન્નાથપુરીમાં બાવાઓની જમાતમાં કલેશ કરાવી તેનો નાશ કરનાર નાનકડો વેરાગી અહીં સૌરાષ્ટ્રમાં આવીને ભોળાની જમાતમાં ભગવાન થઈ બેઠો લાગે છે. મગનીરામને ગોંસાઈના શબ્દોથી ઝાળ લાગી. તેણે નિશ્ચય કરી લીધો જીવનમુક્તાને જીવનથી મુક્ત કરી દેવાનો. તરત જ તેણે માંગરોળની વાટ પકડી.

મગનીરામ સીધો મહારાજ પાસે આવ્યો અને વેગમાં બોલ્યો, અરે જીવનમુક્તા ! આવું પાખંડ કેમ ચલાવો છો ? ભગવાન થઈને ફરો છો પણ અમારા જેવા સિદ્ધોની કાંઈક બીક તો રાખો. શ્રીહરિ શાંતિથી તેની વાત સાંભળી હસ્યા. તેમણે કહ્યું, અમે તો લોકોને સદાચારનો ઉપદેશ આપી તેમનું કલ્યાણ થાય તેવું બતાવીએ છીએ પણ કોઈ પાખંડ ચલાવતા નથી. પાખંડ તો તમે ચલાવો છો. મગનીરામ ઉશ્કેરાયો. તેની સિદ્ધાઈને અત્યાર સુધી કોઈએ પડકારી નહોતી. આ જીવનમુક્તાએ તેના અહં ઉપર સીધો પ્રહાર કર્યો.

જીવનમુક્તા ! તમે તો હજુ બાળક છો, અમારું પાખંડ નથી પણ સિદ્ધિ છે. જોવી હોય તો આખું નગર મહાસાગરમાં ડુબાડી દઉં. શ્રીહરિ હસ્યા તે કહ્યું, એવી તમારી શક્તિ હોય તો અજમાવો. લોકોને ડરાવી આવો ઠાઠ રચ્યો છે પણ પરમાત્મા આગળ કોઈની સિદ્ધિ ચાલતી નથી.

જેમ જેમ શ્રીહરિ મગનીરામનું માન મોડતા ગયા તેમ તેમ તે ક્રોધથી વિરૂપ બનવા લાગ્યો. તેને જીભાજોડી કરવાનું ઠીક ન લાગ્યું તેથી સીધું જ કહ્યું, મને દસ હજાર રૂપિયા આપો નહિ તો મારણમંત્રથી તમને બધાને જમદ્વાર પહોંચાડી દઉં છું. મગનીરામની વાતો તરફ લક્ષ્ય ન આપતા શ્રીહરિ સંતો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે ફક્ત એટલું જ કહ્યું, જોઈએ તો અન્ન આપીએ. રૂપિયા તો અમે ત્યાગી છીએ તેથી રાખતા નથી. મગનીરામને શ્રીહરિની પ્રતિભા અદમ્ય લાગી. અંતરમાં તો તેને બીક લાગી પરંતુ બહારથી હિંમત રાખી તે બોલ્યો, કાલે સવારે હું આવીશ, પૈસા તૈયાર રાખજો.

શ્રીહરિ ફરી હસ્યા ને કહ્યું, ભલે સવારે આવજો, અન્ન આપીશું. મગનીરામ ધૂંધવાતો ઉતારે ગયો. તેણે શારદાદેવીની આરાધના કરી. દેવી પ્રત્યક્ષ થયા, દેવીએ તેને સ્મૃતિ કરાવી દીધી - તેના સંસ્કારની, તેની મુમુક્ષુતાની, ભગવાનની પ્રાપ્તિ કરવાની તેની અભિપ્સાની.. મગનીરામ આ સાંભળી રહ્યો. તેની આંખો આગળ તેના સદાચારની, બ્રહ્મચર્યવ્રતના પાલનની, ભગવાન પામવાની ઉત્સુકતાની સ્મૃતિ તાજી થઈ ગઈ. તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યા. તેણે બે હાથ જોડી માતાને દીનભાવે કહ્યું, મારી મા ! હું મારગ ભૂલ્યો..આજે તમે મારી સાન ઠેકાણે લાવ્યા. મા ! મને સીધા રાહ પર મૂકો..ભગવાન ભેટાડો.

માના એક ઈશારાથી મગનીરામનું અંતર શુદ્ધ થઈ ગયું હતું. માએ કહ્યું, તું જેની પાસે સિદ્ધાઈ બતાવવા ગયો હતો તે જ પરમાત્મા છે. અક્ષરેશ છે. તારું કલ્યાણ તેઓ જ કરશે. મગનીરામની આંખ ઉઘડી. આખી રાત ઉંઘ ન આવી. વહેલી સવારે ઝટ પરવારી સફેદ વસ્ત્ર પહેરી તે શ્રીહરિ પાસે ગયો. તે વખતે કેટલાક સંતો પ્રભાતી પદ ગાતા હતા, કેટલાક પૂજાવિધિમાં બેઠા હતા. તેણે ત્યાં આવી સંતોને દંડવત્ કર્યા, રાતના એંઠાં વાસણ ઉટક્યા ને વાસીદુ વાળી એક સાધુને પૂછ્યું, શ્રીહરિ ક્યાં છે ? પાછળ સભામાં બિરાજે છે..જવાબ સાંભળી તે બીતો બીતો તે તરફ ગયો.

જેની ધાકથી ધરા ધ્રુજતી હતી, રાજાઓ પરેશાન બની જતા હતા તે આજે બાવીસ વર્ષના શ્રીહરિ પાસે ભીરૂ બનીને જતો હતો. શ્રીહરિએ દૂરથી તેને આવતો જોયો, પરંતુ જ્યારે તે પાસે આવ્યો ત્યારે તેના પ્રત્યે જોયું પણ નહિ. મગનીરામ શ્રીહરિને દંડવત્ કરવા લાગ્યો છતાં શ્રીહરિ તો સભામાં વાતો જ કરતા હતા. એક સંતે શ્રીહરિને કહ્યું, ગઈ કાલવાળો દેવીભક્ત મગનીરામ આવ્યો છે.

શ્રીહરિએ તેની સામુ જોયું. તેમની આંખોમાં કરૂણા હતી પણ સાથે સાથે મગનીરામની કસોટી કરવા માટેની તીક્ષ્ણતા પણ હતી. મગનીરામ શ્રીહરિના ચરણસ્પર્શ કરી બોલ્યો, પ્રભુ મારા ગુના માફ કરો. આપને ઓળખ્યા નહોતા..મારા જેવા નીચ, પાપી ઉપર દયા કરો. મને પવિત્ર કરો, મારે સાધુ થવું છે. શ્રીહરિ તેની કાકલૂદી સાંભળી હસ્યા. તેમણે કહ્યું, મારા નિમાર્ની સંતોમાં તમે પોષાશો નહિ. તમારું અભિમાન ગળ્યું નથી. ફરી ક્યારે તે પ્રગટે તેનો કોઈ વિશ્વાસ અમને નથી.

મગનીરામની આંખોમાંથી આંસુ પડતા હતા. તેણે કહ્યું, પ્રભુ આપ સાચું કહો છો. મારો વિશ્વાસ આવે તેવું કોઈ કર્મ મેં કર્યું નથી. પણ આપ મારો શી રીતે વિશ્વાસ કરો ? આપના નિર્મળ હંસ જેવા સંતોમાં મારા જેવા બક સમાય નહિ. શ્રીહરિને તેની વાણીમાં પશ્ચાતાપનું ઝરણું દેખાયું. છતાં તેને હજુ વધુ કસોટીએ ચડાવવાની તેમની ઈચ્છા હતી. શ્રીહરિએ કહ્યું, મારા સાધુમંડળમાં રહેવું તમારે માટે કઠણ પડશે. તેમ છતાં તમે શિરની જટા ઉતારી નાખો. જટાના વાળ સંતો જે રસ્તે જતા હોય ત્યાં પાથરી ધો, તેના ઉપર સંતો ચાલે. તમને એ કબૂલ હોય તો વિચાર કરીએ.

મગનીરામના હૃદયમાં આ સાંભળી અતિ આનંદ થયો. તેણે કહ્યું, અહો પ્રભુ ! મારા એવા ભાગ્ય ક્યાંથી કે મારી જટાના વાળ ઉપર સંતોની પદરજ પડે. બાવાઓને જટા પ્રિય હોય છે, તેનું તેમને અભિમાન હોય છે. છતાં મગનીરામે શ્રીહરિની વાત તરત જ સ્વીકારી લીધી. તેમાં શ્રીહરિના શરણ માટેનો તેનો ખપ જણાતો હતો.

શ્રીહરિ પ્રસન્ન થયા, પરંતુ તે પ્રસન્નતા તેમણે મુખ ઉપર બતાવી નહિ. તેમણે કહ્યું, એટલું બસ નથી મગનીરામ તમે ઘણા નિર્દોષ જીવોને સંતાપ્યા છે, ઘણાની હિંસા કરી છે તે પાપ બાળવું હોય, શુદ્ધ થવું હોય તો આ સંતોના જોડા એક ગાંસડીમાં બાંધી માથે ગાંસડી રાખી સંતોની પ્રદક્ષિણા કરો. અહીં છાણ વાસીદું કરવાની, વાસણ ઉટકવાની સેવા કરશો ત્યારે શુદ્ધ થશો.

<u>શ્રીહરિ જાણતા હતા કે મગનીરામનું અંતર પાપના પશ્ચાતાપથી અને પોતાના શરણે આવવાની ઈચ્છાથી જ શુદ્ધ થઈ ગયું છે, છતાં બીજા સંતોને તેની પ્રતીતિ આવે તે માટે તેમણે આ પ્રમાટે કહ્યું. મગનીરામના અંતરમાં આનંદ વ્યાપી ગયો. તેણે કહ્યું, પ્રભુ આપની દયા અપાર છે. હરિશ્ચંદ્ર રાજા જો સત્ય માટે શ્વપચને ઘેર વેચાયા હતા ત્યારે આપે તો મને આવા ભગવદ્ભક્ત સંતોની સેવા બતાવી છે. આપની આજ્ઞા મારા માટે શિરસાવંદ્ય છે.</u>

શ્રીહરિ તેના ભાવથી પ્રસન્ન થયા. સૌ સંતોને પણ આશ્ચર્ય થયું. મગનીરામે શ્રીહરિની આજ્ઞા મુજબ બધું કર્યું. પછી શ્રીહરિએ તેને બોલાવી કહ્યું, હવે સ્નાન કરીને અમારી પાસે આવો. ત્યારબાદ તેને ભાગવતી દિક્ષા આપી અદ્વૈતાનંદ નામ આપ્યું.

<u>પ્રસંગ : ૧૦૪</u>

ઐશ્વર્યથી ભગવાનપણું સમજવું નહિ

બીજે દિવસે શ્રીહરિ દૂધ તળાવડીએ નાહવા પધાર્યા. સાથે સંતો હરિભક્તો હતા. રામચંદ્ર શેઠ પણ હતા. સ્નાન કર્યા પછી રામચંદ્ર શેઠે કહ્યું, મહારાજ અહીં સ્નાન કરવાની સગવડ છે પરંતુ લૂગડાં ધોવા માટે પથ્થરની મોટી છીપર નથી એટલે આપદા પડે છે. શ્રીહરિએ પૂછયું તો શું કરવું ?

રામચંદ્ર શેઠને શ્રીહરિનો ચમત્કાર જોવાની ઈચ્છા થઈ હતી. તેમણે કહ્યું, મહારાજ પેલા છેડે એક મોટી હજાર મણની છીપર પડે છે, તે જો અહીં ગોઠવાઈ જાય તો સૌની આપદા ટળી જાય. રામચંદ્ર શેઠને ચમત્કાર જોવાની ઈચ્છા થઈ તેથી શ્રીહરિને આશ્ચર્ય થયું.

ભોળા હોય, જ્ઞાનમાં ઝાઝું ન સમજતા હોય તેમને કદાચ ચમત્કાર જોવાની ઈચ્છા થાય તે તો સમજાય પરંતુ રામચંદ્ર શેઠ જેવા સમજુ ભક્તોએ પણ જો ચમત્કારોથી ભગવાનપણું માન્યું હોય તો તે ખરેખર ભૂલા પડયા છે. એવા ચમત્કારો તો દૈત્યોએ પણ સર્જ્યા હતા. પરંતુ લોકોને કાંઈ નવીન જોવાની ઈચ્છા થયા જ કરે છે. તેવું જોયા પછી પણ તેમની જિજ્ઞાસા સંતોષાતી નથી અને અજ્ઞાન ટળતું નથી.

શ્રીહરિએ રામચંદ્ર શેઠને કહ્યું, તમે એ પથ્થરને હાથ અડાડો અને તમારી પાછળ પાછળ જયાં મૂકવો હશે ત્યાં આવી જશે. રામચંદ્ર શેઠને આ સાંભળી આશ્ચર્ય થયું. શ્રીહરિ તો તેમના દ્વારા આ અદ્‌ભૂત કાર્ય કરાવવા ઈચ્છે છે. શ્રદ્ધા અને અશ્રદ્ધાની દ્વિધામાં પડી તેમણે તે પથ્થરને હાથ અડાડયો અને આગળ ચાલવા લાગ્યા. પથ્થર પણ તેમની પાછળ પાછળ ખેંચાતો ગયો. જયાં તેઓ ઉભા રહ્યા ત્યાં પથ્થર સ્થિર થઈ ગયો. રામચંદ્ર શેઠ શ્રીહરિના ચરણમાં નમી પડયા.

શ્રીહરિએ તેમને માથે હાથ મૂકીને કહ્યું, ઐશ્વર્યે કરીને ભગવાનપણું માનશો તો ભૂલા પડશો. અત્યારે અમારે નામે અમારી આજ્ઞાથી ઘણા સમાધિ કરાવે છે તે બધા કાંઈ ભગવાન છે ? જીવને જે અજ્ઞાનનો પાશ વળગ્યો છે અને તેથી તે પોતાનું શુદ્ધ સ્વરૂપ આત્મા અક્ષર ભૂલી ગયો છે. તે અજ્ઞાન ટાળવું તે ભગવાનપણું ! પોતાના ભક્તને માયાથી પરાભવ ન થવા દેવા તે સાચું ઐશ્વર્ય ! આવો મર્મ નહિ સમજો તો સામાન્ય ચમત્કારો જોઈ ભૂલા પડી જશો અને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઈ જશો. રામચંદ્ર શેઠ આ રહસ્ય સમજી ગયા.

પ્રસંગ : ૧૦૫

તમારા ગુરૂ સાકેતવાસી નથી થયા

એક દિવસ શ્રીહરિ સભામાં બિરાજમાન થયા હતા ત્યાં એક વૈરાગી આવ્યો. તેમને સભામાં બેઠેલા જોઈ નમસ્કાર કરી કહે, નમો નારાયણ..શ્રીહરિએ હસીને સામું કહ્યું, નમો નારાયણ..પછી તે વેરાગીને તેમણે પૂછયું, તારા ગુરૂ ક્યાં ? વેરાગીની આંખમાં આંસુ આવ્યા. તેણે કહ્યું, ગુરૂ તો સાકેતવાસી હોય ગયે. શ્રીહરિ હસ્યા. તેથી વેરાગીને આશ્ચર્ય થયું કે મહારાજ ! મેરે ગુરૂ સાકેતવાસી હો ગયે ઔર આપ હસતે હો ?

શ્રીહરિએ કહ્યું, બાવાજી તારા ગુરૂ સાકેતવાસી નથી થયા, અહીં જ છે. આ સાંભળી સભા સ્તબ્ધ થઈ ગઈ. રામાનંદસ્વામી હતા ત્યારે તેમની પાસે ગુરૂ જાનકીદાસ અને તેનો આ શિષ્ય શીતલદાસ આવ્યા હતા. લોજમાં એક માસ રહ્યા અને પછી જાત્રા કરવા નીકળી પડયા. યાત્રામાં જાનકીદાસ માંદા પડયા અને દેહ પડી ગયો. શીતલદાસને ગુરૂના મૃત્યુથી ઘણુ દુઃખ થયું. તે પાછો લોજ આવ્યો. ગુરૂના દેહત્યાગથી તે દુઃખી હતો તેમાં વળી શ્રીહરિએ કહ્યું, ગુરૂ સાકેતવાસી નથી થયા, અહીં જ છે તેથી તેને આશ્ચર્ય થયું.

શ્રીહરિએ શીતલદાસને કહ્યું, તમે તમારી પોથી અહીં મૂકીને ગયા હતા તેમાં શું છે તે જાણો છો ? વેરાગીએ કહ્યું, હા મહારાજ એ પોથી લેવા જ હું આવ્યો છું. તેમાં ગીતાજીનું પુસ્તક, ચપ્પુ અને કાતર છે. એક સોનામહોર તથા અર્ધો રૂપિયો છે. શ્રીહરિએ કહ્યું, તે પોથી અહીં લાવો અને મારી પાસે છોડો. વેરાગીએ ગોખલામાં પોથી મૂકી હતી તે લીધી, છોડીને ગીતાનું પુસ્તક, ચપ્પુ, કાતર બાજુએ મૂક્યા. પછી શ્રીહરિએ કહ્યું, આ ડાબલી ખોલો. વેરાગીએ તે ખોલી અને તરત જ નીચે મૂકી દીધી. શ્રીહરિએ પૂછયું, ડાબલી નીચે મૂકી કેમ દીધી ?

વેરાગી બોલ્યો, ડાબલીમાં સોનામહોર છે તેની ઉપર સરપનો નાનો કણો ફરે છે. શ્રીહરિએ તે કણો બધાને બતાવ્યો. પછી વેરાગીને કહ્યું, બાવાજી આ તારા ગુરૂ ! આ સોનામહોરમાં વાસના રહી એટલે આ કણો બનીને અહીં આવી ગયા છે. સાકેતવાસી નથી થયા.

વેરાગીને ગુરૂના છેલ્લા શબ્દો યાદ આવ્યા, પોથીમાં સોનામહોર છે. શ્રીહરિએ તેને કહ્યું, લો આ ડાબલી ને તેમાંથી સાપનો કણો દૂર ફેંકી આવો. એમ કહી પોતાની કઠારીમાંથી થોડું જળ લઈ તે કણા ઉપર છાંટયું. સર્પ મૃત્યુ પામ્યો અને સમગ્ર સભાજનો જુએ તેમ ગુરૂનો આત્મા દિવ્ય દેહ ધારી ગોલોકમાં પ્રકાશમય બની ચાલ્યો ગયો.

પ્રસંગ : ૧૦૬

મુક્તાનંદસ્વામી શ્રીહરિને ઠપકો આપવા આવે છે

મુક્તાનંદસ્વામી કચ્છથી આવવા નીકળ્યા હતા. તેમને માયારામ ભટ્ટે ખબર આપ્યા હતા કે વર્ણીએ તો સત્સંગમાં યોગસાધના વગર સમાધિ પ્રકરણ ચલાવ્યું છે. અને લોકોને અનેક પ્રકારના ચમત્કારો બતાવે છે. રામાનંદસ્વામીએ સ્થાપેલા શુદ્ધ સંપ્રદાયને આથી કલંક લાગશે. આવી ભ્રામક વાતો અણસમજણથી માયારાભ ભટ્ટે મુક્તાનંદસ્વામીને કહી તેથી સ્વામીનું મન ભમી ગયું. તેમને થયું કે વર્ણી નાના, બિનઅનુભવી, તેમાં સ્વામીએ તેમને ગાદી સોંપી દીધી એટલે જ્ઞાનમાર્ગ છોડી ઐશ્વર્ય અને ચમત્કારોનો તેમણે આશરો લીધો. તેમને આ માટે ઠપકાના બે શબ્દો કહેવાનું નક્કી કરી ભ્રામક મનોદશામાં તેમણે સોરઠની વાટ પકડી.

શ્રીહરિ સભામાં બિરાજમાન થયા હતા. એટલામાં સમાચાર આવ્યા કે મુક્તાનંદસ્વામી આવે છે. શ્રીહરિ તરત જ પલંગ ઉપરથી ઉભા થઈ મુક્તાનંદસ્વામી સન્મુખ ગયા. સ્વામીને જોઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. એટલામાં સ્વામીએ પણ દોડીને શ્રીહરિને હાથ ઝાલી ઉઠાડયા. બંને મહાનુભાવો પરસ્પર ભેટયા. આ શીતળ સ્પર્શથી મુક્તાનંદસ્વામીના અંતરમાં વ્યાપેલો ક્રોધ શમી ગયો. શ્રીહરિ તેમનો હાથ પકડીને સભામાં લાવ્યા અને પલંગ ઉપર બેસાડયા. પોતે મુક્તાનંદસ્વામીની સન્મુખ ભૂમિ ઉપર બેઠા. શ્રીહરિની આ નમ્રતાથી, વિવેકથી સ્વામીને લાગ્યું કે વર્ણી ઉદ્ધત તો થઈ ગયા નથી. નમ્રતા છે એટલે વાળ્યા વળી જશે.

તેમણે નિરાંતે ભોજન પછી જ શ્રીહરિને ઠપકો દેવાનું નક્કી કર્યું. એટલામાં મુકુન્દ વર્ણી જમવા બોલાવવા આવ્યા. શ્રીહરિ મુક્તમુનિને લઈને જમવા પધાર્યા. પોતાને માટે તૈયાર કરેલો બાજોઠ મુક્તમુનિને બેસવા આપ્યો. પોતે બીજા આસન ઉપર બિરાજયા. મુક્તમુનિને પ્રથમ પીરસાવ્યું અને કહ્યું, સ્વામી આપ

જમવાની શરૂઆત કરો. મુક્તાનંદસ્વામીને આટલું બધું સન્માન સાલવા લાગ્યું. તેમના મનના ભાવો બદલાવા લાગ્યા. ગુણનો વેગ શાંત થવા લાગ્યો. છતાં અંતરની ઉદાસીનતા ઓછી ન થઈ.

બંને જમીને ઉતારે આવ્યા પછી મુક્તમુનિએ શ્રીહરિને એકાંતમાં મળી કહ્યું, વર્ણી તમારી ઉંમર નાની છે તેથી અતિ ઉત્સાહમાં આ ચમત્કારોનું વહેણ વહેતું મૂકી દીધું છે, પણ તેથી સત્સંગનું ખરાબ થશે. પાખંડ ધર્મ પ્રવર્તશે અને રામાનંદસ્વામીનું કર્યું કરાવ્યું સર્વે ધૂળમાં મળી જશે. આગળ મોટી મોટી વિભૂતિઓ અને અવતાર થઈ ગયા પણ તેમણે કદી આવું પાખંડ ચલાવ્યું નહોતું. આમાં ભોળા ફસાશે, અમારા જેવા તો નહિ જ માને.

મુક્તમુનિની વિષાદભરી વાણીમાં તમોગુણનો ભાવ ભારોભાર ભર્યો હતો. શ્રીહરિએ વાત સાંભળી અને નમ્રતાપૂર્વક કહ્યું, સ્વામી આમાં હું કાંઈ કરતો નથી. ભક્તો રામાનંદસ્વામીનું ભજન કરે છે અને તેમને સમાધિ થાય છે. તમને વિશ્વાસ ના આવતો હોય તો આ સંતદાસને પૂછો.

સંતદાસ પાસે જ બેઠા હતા, તેમને બોલાવ્યા. શ્રીહરિએ તેમના તરફ દષ્ટિ કરી અને તરત જ તેમને સમાધિ થઈ ગઈ. મુક્તમુનિએ તેમની નાડી જોઈ. નાડી ચાલતી હતી, તેમને ઉઠાડવા તેમણે પ્રયત્ન કર્યો પણ ઉઠાડી ન શક્યા. શ્રીહરિએ તેમના કાનમાં મંત્ર કહ્યો ને તરત જ તે જાગ્યા. તેમણે મુક્તાનંદસ્વામીને કહ્યું, સ્વામી ભ્રમણામાં ન પડો. આ વર્ણી એ સાક્ષાત્ ભગવાન છે અને રામાનંદસ્વામીએ ઉદ્ધવ છે. મેં હમણાં જ સમાધિમાં જોયું છે.

એટલે શ્રીહરિએ તેમને પૂછ્યું, તમને સમાધિમાં રામાનંદસ્વામીના દર્શન થયા ? ત્યારે કહ્યું, હા, ઉધ્ધવરૂપે અને તેમણે મને કહ્યું કે, મુક્તાનંદસ્વામીને કહેજો કે કેમ માનતા નથી ? મારા શબ્દો ભૂલી ગયા ? મુક્તાનંદસ્વામીને આ સાંભળી કાંઈક અંતર્દષ્ટિ થઈ છતાં ઉદાસીનતા તો ન જ ટળી. તેમને આવા ઉદાસ જોઈ તેમના બે શિષ્યો માધવદાસ અને જેઠો તેમની પાસે આવ્યા. તેમણે કહ્યું, સ્વામી સમાધિ ખોટી નથી, અમે પણ અનુભવ કર્યો છે. માટે અમારું માનો અને આ શ્રીહરિએ આજે સત્સંગને જે રીતે વેગ આપી વિકસાવ્યો છે તેમાં ભળો.

આ સાંભળી મુક્તાનંદસ્વામીને પ્રતીતિ થઈ કે આજ સત્સંગમાં નાના-મોટા તમામ શ્રીહરિમાં તેમના ઐશ્વર્ય કે ચમત્કારથી નહિ પણ તેમના પરમાત્મભાવથી જોડાયેલા છે. સ્વામી છતાં જે સત્સંગ હતો તે આજે ઘણો વિસ્તરી ગયો છે. આવા વિચારોમાં તે ઉઠયા.

સાંજે શ્રીહરિ થા મુક્તાનંદસ્વામી અને તેમનું મંડળ કાલવાણી જવા નીકળ્યું. શ્રીહરિ તો તેમની સાથેના સંતો અને હરિભક્તો સાથે ઝડપથી આગળ ચાલવા લાગ્યા. વિષાદથી ઘેરાયેલા મુક્તાનંદસ્વામી ધીમે ડગે ચાલતા હતા. પર્વતભાઈ શ્રીહરિ સાથે હતા. મુક્તાનંદસ્વામીને પાછળ રહી ગયેલા જોઈ તેઓ ઉભા રહ્યા ને મુક્તમુનિ સાથે થઈ ગયા.

મુક્તાનંદસ્વામી તથા પર્વતભાઈ નદીને આરે બેસી ગયા. પર્વતભાઈએ સ્વામીની મનોદશા પારખી લીધી. પરંતુ તેમનો વિષાદ કેવળ વાતોથી ટળે તેવો નહોતો. સ્વામી વસ્ત્ર બદલાવી દિશાએ જવા તૈયાર થયા. ખાખરાના વનમાં આઘેરક ગયા. સ્વામી દિશાએ જઈ પાછા વળતા હતા ત્યાં એકાએક તેમને તેમની સન્મુખ રામાનંદસ્વામી દેખાયા. તરત જ હાથમાંનો લોટો બાજુ ઉપર મૂકી દંડવત્ કરવા લાગ્યા. તેમનો હાથ પકડી રામાનંદસ્વામીએ તેમને ઉભા કર્યા. પછી ઠપકો આપતા હોય તેમ કહ્યું, સ્વામી આટલા થોડા વખતમાં જ મારા શબ્દો ભૂલાઈ ગયા ? મેં નહોતું કહ્યું કે હું તો ડુગડુગી વગાડનારો છું અને વેશના ભજવનારા તો હવે આવશે. એ જ આ શ્રીહરિ..મેં તમને ઓળખાવ્યા. આ વર્ણી એજ સાક્ષાત્ શ્રીકૃષ્ણ કે શ્રીહરિ છે. આ નિશ્ચય પાકો કરી ગુરૂપદનું માન મૂકી તેમના ચરણકમળમાં નમી પડજો.

મુક્તાનંદસ્વામી ગુરૂના આ દિવ્ય શબ્દો સાંભળી એમનું અંતર દિવ્ય આનંદથી સભર બની ગયું. તેમણે ખાખરાના લીલા પાનને વાયુની લહરીથી લહેરાતાં જોયા. તેમને લાગ્યું કે પાન લીલા છે તો શાંતિથી લહેરાય છે. સૂકાં હોય તો ખડ ખડ અવાજ કરે. અંતર્દષ્ટિ આપણે પણ લીલા બની રહેવું. શ્રીહરિના દિવ્ય સ્વરૂપના આનંદથી અંતર ભરી દેવું. અંતરની વાણી બોલવી, વૈખરી નહિ.

<u>પ્રસંગ : ૧૦૭</u>

<u>દિનમણિ શર્મા નિત્યાનંદ બને છે</u>

શ્રીહરિ પીપલાણાથી નીકળી આ.સં.૧૮૬૦ના અષાઢ સુદ એકમના મેઘપુર પધાર્યા. અહીં નારાયણ સોનીના ઘેર ઉતર્યા. ત્યાં સભામાં દિનમણિ શર્મા બેઠા હતા. ઉત્તર પ્રદેશના દતિયા ગામના નિવાસી દિનમણિ શર્માને શ્રીહરિની ભેટ ઉંઝામાં થઈ હતી. શ્રીહરિના દર્શન થતા જ તેમણે નિર્ણય કરી લીધો કે સંસારમાં હવે રહેવું નથી અને આ શ્રીહરિની સાથે ત્યાગી થઈને રહેવું. તેથી તેઓએ શ્રીહરિને કહ્યું, મહારાજ ! મને ભાગવતી દિક્ષા આપો.

શ્રીહરિએ તેમને પૂછ્યું, તમારે ઘરે પાછું જવું નથી ? દિનમણિ શર્માએ કહ્યું, આપની વાતોથી, આપના દર્શનથી ઘર તો અંતરમાંથી બળી ગયું છે, હવે તેને સજીવન કરવું નથી. આ સાંભળી શ્રીહરિએ કહ્યું, સારું કાલે દીક્ષા આપીશું.

દિનમણિ શર્માને બીજે દિવસે શ્રીહરિએ ભાગવતી દીક્ષા આપી અને નિત્યાનંદ નામાભિધાન કર્યું. તે વખતે સભાને સંબોધતા શ્રીહરિએ કહ્યું, આ નિત્યાનંદ મુનિ તો આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં વિદ્વત્તામાં અજોડ પુરુષ છે. શાસ્ત્રાર્થમાં સર્વ પ્રતિવાદીઓનો પરાજય કરી તેઓ સંપ્રદાયનો દિગ્વિજન કરશે.

<u>શ્રીહરિ પાસે હવે વિભૂતિઓ એકઠી થવા લાગી. ભાગવત ધર્મના સંસ્થાપન માટેના તેમના કાર્યમાં મદદરૂપ થવા માટે. અક્ષરધામના મુક્તો મહારાજ સાથે દેહ ધરીને પધાર્યા હતા તે બધા ધીરે ધીરે હવે આવી રહ્યા હતા. બ્રહ્મચર્ય અને વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિ સમી સંતમાળ દ્વારા શ્રીહરિની આધ્યાત્મિક શક્તિ હવે ધીરે ધીરે પ્રગટ થતી હતી.</u>

<u>પ્રસંગ : ૧૦૮</u>

<u>ભાટનો છોકરો કુરાન બોલે છે</u>

આરતી પછી શ્રીહરિ બિરાજયા. બાજુમાં સંતો બેઠા. સામે હરિભક્તો અને ગામના લોકો પણ બેઠા. શ્રીહરિ તેમને સૌને વાતો કરતા હતા. એટલામાં ત્યાં એક ફકીર આવ્યો. તેણે આવીને તરત જ કહ્યું, તમે ખુદા છો ? ખુદા હો તો મને પરચો બતાવો.

શ્રીહરિએ કહ્યું, તમે શું ભણ્યા છો ? ફકીરે કહ્યું, હું કુરાન ભણ્યો છું..એટલે શ્રીહરિએ અમરસિંહના દીકરા કરસનજીને બોલાવી ફકીરને કહ્યું, આ અમારો કરસનજી કુરાન ભણ્યો છે. તમારે પૂછવું હોય તો પૂછો. ફકીરને આ સાંભળી આશ્ચર્ય થયું. આટલો નાનો હિંદુ છોકરો કુરાન ભણ્યો છે ? તે હસવા લાગ્યો. શ્રીહરિએ કરસનજીને કહ્યું, આ ફકીરને કુરાન સંભળાવ..કરસનજી તરત જ બોલ્યો, ફકીરસાહેબ તમારું નામ શું ? ફકીરે કહ્યું, અબડાશા..કરસનજીએ કહ્યું, મારું નામ ખબલબશા છે. એટલું કહી તે કુરાન બોલવા માંડયો.

ચોરામાં સૌ બેઠા હતા. તેમને સૌને આ કરસનજીને કુરાન બોલતો સાંભળી આશ્ચર્ય થયું. અહીં રોજ નગારું વગાડવા આવતો ભાટનો છોકરો કુરાન ક્યારે ભણ્યો ? ફકીર પણ આ નાનકડા કરસનજીને કુરાન બોલતો સાંભળી મીઠી નજરે જોઈ રહ્યા. પછી ફકીર શ્રીહરિના પગમાં પડી ગયો. તેણે કહ્યું, અહો તમે તો સાક્ષાત્ ખુદા છો. આ કરસનજી કુરાન નહોતો બોલતો પણ તમે બોલતા હતા.

મહારાજ તેનો ભાવ જોઈ હસ્યા. પછી ફકીરે કહ્યું, મને તમારે શરણે લ્યો અને તમારા નિયમ આપો. શ્રીહરિએ તેને નિયમ આપ્યા. અબડાશા ફકીર કૃત્યકૃત્ય થઈ ગયો. ચોરે બેઠેલાઓને આ કૌતુક લાગ્યું. શ્રીહરિ મોડી રાત્રે ઉતારે પધાર્યા.

અહીંયા ૧ લો ભાગ પૂરો થાય છે ભાગ=૧

ભગવાન સ્વામિનારાયણ

ભાગ - ૨

પ્રસંગ : ૧

માણાવદરમાં ધર્મસભા

શ્રીહરિ મેઘપુરમાં બિરાજતા હતા. માણાવદરના માયારામ વિપ્રે શ્રીહરિને માણાવદર પધારવાનું આમંત્રણ આપ્યું. રામાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામી દ્વારા ઠપકાના શબ્દો કહેવરાવ્યા ત્યારથી જ તેમની સંશયગ્રંથિ ગળી ગઈ હતી. શ્રીહરિ તેમનો ભાવ જોઈ માણાવદર પધાર્યા. રામાનંદસ્વામીએ ડુગડુગી વગાડી મુમુક્ષુઓનો સારો એવો સમૂહ ભેગો કર્યો હતો. શ્રીહરિ આ પૂર્વભૂમિકાથી પ્રસન્ન હતા. હવે એકાંતિક ધર્મની સ્થાપના કરી ભક્તોના આત્યંતિક કલ્યાણનું કાર્ય તેમને કરવાનું હતું. માયારામ ભટ્ટે શ્રીહરિની વાતોમાંથી એકાંતિક ધર્મ અને આત્યંતિક કલ્યાણના શબ્દો સાંભળ્યા હતા તેથી તેમની ઈચ્છા હતી કે માણાવદરમાં મહાસભા થાય અને આ બે નવીન શબ્દોનું સ્પષ્ટીકરણ પણ થાય.

શ્રીહરિનો ઉતારો માયારામ ભટ્ટના ઘરે જ હતો. તેઓ તથા તેમના ભાઈ ગોવિંદરામ શ્રીહરિની સેવામાં ખડે પગે રહેવા લાગ્યા. આ.સં.૧૮૬૦ના જન્માષ્ટમી ઉત્સવનો શુભ દિન આવ્યો. શ્રીહરિએ સૌને આજ્ઞા કરી કે આજે નિર્જળા ઉપવાસ..કૃષ્ણઅષ્ટમીની સવારથી જ સૌની ઈન્દ્રિયોની વૃત્તિ પોતપોતાના આહારમાંથી પાછી હઠી ગઈ. પંચવિષયના ભોગની ઈચ્છા ટળી ગઈ. તેમને આશ્ચર્ય થયું કે ઈન્દ્રિયોની વૃત્તિઓ આમ એકાએક કેમ કુંઠિત થઈ ગઈ ?

શ્રીહરિ સભામાં પધાર્યા. ૨૩ વર્ષના આ યુવાન પરિવ્રાજકમાં સૌને પરમાત્માના દર્શન થયા. સૌની મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. શ્રીહરિએ સભામાં એકાંતિક ધર્મ અને આત્યંતિક કલ્યાણની વાતો કરી. એકાંતિક ધર્મની સિદ્ધિ થાય ત્યારે બ્રહ્મભાવને પમાય. તેવો શુદ્ધ બ્રહ્મભાવ એ જ આત્યંતિક કલ્યાણ.. માયારામ ભટ્ટના અંતરમાં ઘોળાતા બે પ્રશ્નોના ઉત્તર થઈ ગયા.

પ્રસંગ : ૨

બે વર્ષ રામાનંદસ્વામી સાથે-૨

શ્રીહરિને સત્સંગમાં આવ્યે લગભગ ચાર વર્ષ થઈ ગયા હતા. તેમાં બે વર્ષ રામાનંદસ્વામીની છત્રછાયા નીચે વિતાવ્યાં. તેમના અંતર્ધાન થયા પછી શ્રીહરિએ સમાધિ પ્રકરણ ચલાવ્યું. જડ, અજ્ઞાન ને ભોળી પ્રજાને મન, ધર્મ અને અધર્મનો કોઈ વિભાગ નહોતો. વિધિ અને નિષેધના નિયમોનું જ્ઞાન નહોતું. તેમને અધર્મના ફળરૂપે નરક યાતનાના અનુભવ કરાવ્યા, ધર્મના ફળરૂપે પરમાત્માના દર્શન પણ કરાવ્યા. પરંતુ જ્યાં સુધી અંતરમાં જ્ઞાન ન ઠરે, ત્યાં સુધી સમાધિના દિવ્ય અનુભવની અસર ક્ષણજીવી રહે. તેથી પ્રસંગે પ્રસંગે મહારાજ જ્ઞાનોપદેશ પણ કરતા.

એક પ્રસંગે શ્રીહરિએ ધર્મ અને અધર્મ સમજાવતા કહ્યું, સાચો ધર્મ એ છે કે જેનાથી અંતરમાં નારાયણ પ્રગટે. જે તત્વોથી અંતરમાં ધર્મનો ભાવ નાશ પામે તે અધર્મ..લોભ-કામ-સ્નેહ-રસાસ્વાદ અને માન એ પાંચ અધર્મના આધારસ્તંભ છે.

વશિષ્ટ અને સહસ્ત્રાર્જુનનો પરાભવ લોભથી થયો. બ્રહ્મા, ઈન્દ્ર, સૌભરી તેમજ નહુષ અને બીજા અનેક દેવો અને ઋષિઓ કામથી ભ્રષ્ટ થયા. ભરતજી સ્નેહના ભાવથી મૃગબાળમાં આસક્ત થયા અને તપમાંથી ચ્યુત થયા. ઋષ્યશૃંગ તથા અન્ય એવા મોટા રસાસ્વાદની આશક્તિથી પોતાની પદવીમાંથી ભ્રષ્ટ થયા. દક્ષ પ્રજાપતિનો માનમાંથી પરાભવ થયો. આવા મોટા કહેવાતા મહાનુભવોનો એ પંચવિષયોએ પરાભવ કર્યો. તે સમયના દેશકાળ શુભ હતા, છતાં અંતરમાં પંચવિષયની આસક્તિથી અંતે ભ્રષ્ટ થયા, ત્યારે આજે તો અધર્મસર્ગ જ પ્રવર્ત્યો છે. માટે સાવધાન રહી પોતપોતાના વર્ણ અને આશ્રમના ધર્મનું પાલન નહિ કરો તો અંતે આ જ દશા આવશે. હું તો ધર્મનો પુત્ર છું તેથી ધર્મ મને પ્રિય છે. તમે સૌ ધર્મ પાળશો, તો અંતરમાં ભક્તિ પ્રગટશે.

પ્રસંગ : ૩

ભેખ સદાવ્રતો તોડે છે-૫

શ્રીહરિને આ સમાચાર મળ્યા : સદાવ્રતો ઉપર બાવાઓનાં ઝુંડનાં આક્રમણો થાય છે. સદાવ્રત આપનાર સાધુઓને તેઓ મારે છે. તેમની કંઠી તોડી નાખે છે, જનોઈ ખેંચી લે છે, તેમની સામે સ્ત્રીઓ લાવી તેમને ભ્રષ્ટ કરવા પ્રયત્નો કરે છે, તેમની પૂજા, મૂર્તિઓ આંચકી લે છે, મૂર્તિઓ તોડી નાંખે છે. સદાવ્રતમાં સંઘરેલા અન્નને વેરવિખેર કરી મનુષ્ય કે પશુના ઉપયોગમાં ન આવે તેવું નકારું કરી દે છે.

શ્રીહરિએ આ સમાચાર સાંભળ્યા. તેમના દરેક કાર્યમાં સંતોની કસોટી હતી- તેમના ધર્મની, તેમની ભક્તિની, તેમની ધીરજની ! તેમને સંતોનો એક આદર્શ સમાજ સ્થાપવો હતો. એક એક સંતનું એવું કવચ ઘડવું હતું કે તેમને શસ્ત્રો છેદી શકે નહિ, અગ્નિ બાળી શકે નહિ, પાણી પલાળી શકે નહિ. એ ગીતાસૂત્ર શું આત્માના અદશ્ય સ્વરૂપ માટેજ બોલાયેલું કે આત્માના ભાવને પામેલા સંતના ખમીરનું સૂચક હતું ?

જેમને શબ્દો વેંધી શકતા નથી..

ક્રોધાગ્નિ બાળી શકતો નથી..

આ લોકના મિથ્યા ભાવો જેમને આર્દ્ર કરી શકતા નથી..તે જ સંત..! તે આત્માનું મૂર્ત સ્વરૂપ..!

શ્રી હરિને આવા આત્મસ્થિતિવાળા સંતો પકવવા હતા. તેમણે જ્યાં સદાવ્રત ચાલતાં હતા, ત્યાં પત્રો લખી દીધા : ''સદાવ્રતો ચાલુ રાખવાં, ગમતું ગોવિંદનું થશે, આપણી સાધુતા વિશેષ ઉજ્જવળ દેખાશે.''

શ્રીહરિએ વિચાર્યું કે સત્સંગ વિના, શુદ્ધ જ્ઞાનની સમજણ વિના, મુમુક્ષુતા હોવા છતાં ભોળા ભાવના લોકો ભેખમાં ભરમાય છે. તેમને જ્ઞાન આપવું, સત્સંગના રંગે રંગવા જેથી શબ્દના અર્થ સમજતા શીખે અને સત્ તથા અસત્નો વિવેક અંતરમાં સ્થપાય.

તેમણે વ્યાપકાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું : ''તમો ગુજરાત જાઓ. ચરોતર ફરી ઠેઠ સુરત સુધી સત્સંગની વાતો કરો, લોકોને સત્સંગના રંગે રંગી દો.''

પ્રસંગ : ૪

શ્રીહરિ ભાડેરમાં નવરાત્રનું રહસ્ય સમજાવે છે-૬

બીજા દિવસથી જ નવરાત્ર ઉત્સવ શરૂ થવાનો હતો. આ ઉત્સવમાં દેવીને નૈવેદ્યમાં સુરા અને માંસ ધરાવવામાં આવતાં. તેથી પશુઓની હિંસા થતી. બ્રાહ્મણો શાસ્ત્રના અર્થનું રહસ્ય સમજ્યા સિવાય કેવળ પોતાની આજીવિકા માટે આ ઉત્સવમાં દેવીને સુરા અને માંસનું નૈવેદ્ય ધરાવતા. તે પ્રસાદ પોતે જમતા અને બીજાને આગ્રહ કરી જમાડતા. બ્રાહ્મણોની આ અધમ મનોવૃત્તિને કારણે ઠેર ઠેર નવરાત્ર ઉત્સવોમાં, યજ્ઞોમાં પશુહિંસા થતી. એ રીતે તામસ દેવ-દેવીઓની આરાધના અને પૂજન થતાં. અધમ વૃત્તિના આશયથી પ્રવર્તેલા આ હિંસામય ઉત્સવો બંધ કરાવવાનો શ્રીહરિએ નિશ્ચય કર્યો. આ સભામાં બ્રાહ્મણો પણ હતા, ક્ષત્રિયો પણ હતા, તેથી શ્રીહરિએ તેમને સંબોધીને કહ્યું :

''આવતી કાલથી નવરાત્ર પર્વ શરૂ થાય છે. દરેક પર્વ પાછળ આધ્યાત્મિક રહસ્ય રહેલું છે. પરંતુ તે રહસ્ય ન સમજાય તેથી ઉત્સવો એટલે પંચવિષયનો ભોગ, એવું માની આવા પવિત્ર પર્વ પાછળ શાસ્ત્રકારોએ જે રહસ્યો મૂક્યાં છે તેનો અનાદર થાય અને કેવળ ભોગવૃત્તિ જ પ્રવર્તે. ગૃહસ્થોને પંચવિષયનો યોગ છે એટલે તેમણે વિશેષ સાવધાન રહેવું જોઈએ. ત્યાગીઓ પણ 'અમે જિતેન્દ્રિય છીએ' એમ સમજી જો ઈન્દ્રિયોના વ્યવહારમાં સાવધાન ન રહે તો બળવાન ઈન્દ્રિયો તેમને પણ પંચવિષય તરફ ઢસળી જાય છે.

શ્રીહરિની વાતનું રહસ્ય યથાર્થ ન સમજી શકવાથી એક બ્રાહ્મણે પૂછ્યું, અમારે આવથી કાલથી શરૂ થતા નવરાત્ર વ્રતનું ઉત્સવ કેવી રીતે કરાવવો ? અમારી આજીવિકા પણ સચવાય અને ધર્મ પણ સચવાય.

બ્રાહ્મણોને ધર્મ સાચવવાની ભાવના જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. તેમણે કહ્યું, ''નવરાત્ર ઉત્સવ એ વેદમાતા સાવિત્રી, લક્ષ્મીજી તથા પાર્વતી એ મુખ્ય દેવીઓને પ્રસન્ન કરવાનો ઉત્સવ છે. આ દેવીઓ તો ધર્મ, વૈરાગ્ય અને ભક્તિપ્રધાન છે તો તેમને સુરા અને માંસનું નૈવેદ્ય કેમ ધરાવાય ? તેમની સમક્ષ હિંસા કેમ થાય ? તામસી દેવ-દેવીઓ જ મદ્ય-માંસનું ભક્ષણ કરે છે. તેમની પ્રસન્નતાથી કોઈ પ્રાપ્તિ થતી નથી ઊલટો અધર્મ થાય છે અને ભ્રષ્ટ થવાય છે. એટલે તેમનું પૂજન છોડી સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતીની આરાધના કરી, ઉત્સવના દિવસોમાં તપ કરી તેમને ભક્તિભાવ અર્પણ કરવો. મનથી પણ કોઈની હિંસાનો સંકલ્પ કરવો તેને શાસ્ત્રકારોએ હિંસા ગણી પાપ કહ્યું છે. તો પછી પશુહિંસા કરવી તેમાં કેટલું અધિક પાપ હોય ?''

''પાપ અને પુણ્યનો વિચાર કરીએ તો અમારી આજીવિકા ટળી જાય. અત્યારે યજમાનો બહુધા કૌલ પંથના હોય છે. ચંડી કે કાલિકા આદિ દેવીઓનું પૂજન તેમને પ્રિય હોય છે. સુરાપાન, માંસભક્ષણ અને વ્યભિચારની પ્રવૃત્તિને તેઓ દેવીઓને પ્રસન્ન કરવાનાં શુભ કર્મો માને છે. અમે અત્યાર સુધી તેમને પોષ્યાં, આ સત્ય છે એવું સમજાવ્યું. હવે તે જૂઠું છે, પાપ છે તેમ અમારે જ તેમને કેમ કહેવું ?''

કૌલમતવાદી બ્રાહ્મણોએ જ પ્રવર્તાવેલી આ અધર્મ પ્રવૃત્તિ જોઈ શ્રીહરિ ખિન્ન થઈ ગયા. તેમણે કહ્યું : ''તમારે યજમાનોને કહેવું, અમને જ્ઞાન લાધ્યું, પ્રકાશ થયો, આ દેવીઓએ જ સ્વપ્નમાં આવી કહ્યું કે આ પાપ છે, હવે બંધ કરો. તમારી શુભ ભાવના હશે તો ભગવાન તમને સહાય કરશે. ભગવાનની પણ ઈચ્છા આ અધર્મ અટકાવવાની છે. તેથી તમારી અંતરની ભાવના અને ભક્તિથી ભગવાન તમારા યોગ-ક્ષેમનું જરૂર વહન કરશે. તેમનો વિશ્વાસ રાખજો.''

દ્રવ્યનું આલંબન છોડી ભગવાનનું આલંબન રાખવું તે બ્રાહ્મણોને જરા કઠણ પડ્યું, પરંતુ શ્રીહરિના શબ્દોમાં ચેતન હતું. તે શબ્દો બ્રાહ્મણોના અંતરતલ સુધી પહોંચી ગયા હતા. તેમને વિચાર કરતા જોઈ વાઘજીભાઈએ ઊઠીને તેમને કહ્યું : ''ભૂદેવો ! શું વિચાર કરો છો ? આ તમને ઉપદેશ આપે છે તે પોતે જ ભગવાન છે. તેમનો દૃઢ વિશ્વાસ હશે તો આભ ફાડીને પણ આ ભગવાન તમારું પૂરું કરશે. પાપનાં પોટલાં ભેગા કરીને બ્રાહ્મણપણું તો ખોયું છે પણ હવે સાચું બ્રાહ્મણપણું મેળવવાનો આજે અવસર આવ્યો છે માટે માટી થાઓ માટી !''

બ્રાહ્મણોના જીવમાં જીવ આવ્યો. ધર્મ અને આજીવિકા બંને સચવાય, શ્રીહરિ પણ પ્રસન્ન થાય. શ્રીહરિની વાત તેમને ગળે ઊતરી ગઈ. નિષ્ઠા અને દૃઢ આશ્રયનું બળ અંતરમાં પ્રગટ થયું. તેમની સુષુપ્ત સાત્ત્વિકતા બહાર આવી ગઈ. નવરાત્રનો ઉત્સવ નવી રીતથી ઊજવવાનું તેમણે નક્કી કર્યું.

નવરાત્રના ઉત્સવ સાત્ત્વિક ભાવથી, ભક્તિભાવથી ઉજવાયા. સૌનાં અંતરમાં દિવાળીના દીપ પ્રગટ્યા. અન્નકૂટનો આ.સં.૧૮૬૦નો સમૈયો શ્રીહરિએ ભાડેરમાં કર્યો. ત્યાંથી જૂનાગઢની પશ્ચિમે લીલાછમ ઘેડ પ્રદેશમાં જમનાવડ પધાર્યા.

પ્રસંગ : ૫

ઉપદેશ કરતાં આચરણ શ્રેષ્ઠ-૧૧

શ્રીહરિ સંતોને કહેતા : ''તમે આચરણ કરશો અને ઉપદેશ નહિ કરો તો પણ લોકોમાં આચરણશુદ્ધિ આવશે. તમે ઉપદેશ કરશો અને આચરશો નહિ તો એ ઉપદેશની અસર લોકો ઉપર પડશે નહિ. માટે ઉપદેશ કરતાં આચરણ શ્રેષ્ઠ, આચરણ ને ઉપદેશનો સમન્વય સધાશે ત્યારે જ તમારા કાર્યની સિદ્ધિ થશે.''

અલૈયાના હરિભક્તોને આ ઉત્સવથી શ્રીહરિ ભગવાન છે એવો ભાવ થયો. રામાનંદ સ્વામીના શિષ્યો તરીકે ઓળખાવેલા શ્રીહરિમાં રામાનંદસ્વામીથી પર એવા પરમાત્મ સ્વરૂપના દર્શન થવા, એવો નિશ્ચય થવો એ કઠણ હતું. છતાં ધીરે ધીરે એવો ભાવ ભક્તોને શ્રીહરિ પ્રત્યે થતો ગયો. શ્રીહરિ પણ પ્રસંગે પ્રસંગે રામાનંદસ્વામી કે રાધાકૃષ્ણનો મહિમા કહેતા.

શ્રીહરિ સંન્યાસીઓના અખાડામાંથી આવેલા મહંતોને બ્રહ્મ નિરંજન છે, નિરાકાર છે એવું પણ કહેતા. શ્રીહરિના આ શબ્દોથી તેમને પોતાના મતની પુષ્ટિ થતી હોય તેવું લાગતું. શ્રીહરિને પણ તેમને સૌને પોતા પ્રત્યે હેત કરાવવું હતું. સમજણમાં ભેદ હોય તો મનભેદ થાય. એ મનભેદ ન થાય તે માટે તેમણે અત્યારે સમજણના ચૂંથણાં ન કરવાનું મુનાસીબ માન્યું. તેથી અખાડાધારી મહંતોને શ્રીહરિ પ્રત્યે સ્નેહ થઈ ગયો. શ્રીહરિની આજુબાજુનું વર્તુળ મોટું થવા લાગ્યું.

પ્રસંગ : ૬

ભાદરા પ્રથમવાર-૧૩

શ્રીહરિ ભાદરા પ્રથમ વાર જ પધાર્યા હતા એટલે તે રળિયામણું ગામ જોઈને રાજી થયા. ગામના પાદરે વહેતી ઉંડ નદી, તેના ખળ ખળ વહેતાં નીર, હાલારની ધરતીને જાણે હાલરડાં ગાતી હિંચોળતી હતી. ઉંડ નદીએ તેના આ પ્રેમાસ્પન્દથી ત્યાંથી ધરતીને રસકસથી ભરપૂર કરી દીધી હતી. બંને કિનારાની આજુબાજુના ખેતરોમાં શેરડીનો મબલખ પાક ઉભો થયો હતો. પવનની લહેરોથી નમી નમીને જાણે શ્રીહરિના પાદસ્પર્શ કરવા ઉત્સુક એ ઇક્ષુદંડો શ્રીહરિના આગમનથી ઉલ્લસિત દેખાતા હતા. શ્રીહરિ આ ગામ જોઈને બોલ્યા, આ ગામમાં તો અક્ષરમુક્તોના ઢગલા છે. (ભાદરામાં સોળ મુક્તોએ જન્મ લીધો હતો)

પ્રસંગ : ૭

કચ્છના સુંદરજી સુથારની શ્રીહરિએ કરેલી કસોટી-૧૭

સુંદરજી સુથાર ખાસ કચ્છથી શ્રીહરિના દર્શન માટે સોરઠમાં આવ્યા હતા. શ્રીહરિએ તેમને ડોસાભાઈની બાજુમાં બેસાડ્યાં. પછી શ્રીહરિએ કચ્છના હરિભક્તોની ખબર પૂછીને સુંદરજીભાઈને પૂછ્યું, તમે સુખિયા તો છો ને ? સુંદરજીભાઈએ હાથ જોડીને કહ્યું, મહારાજ આપના પ્રતાપે સુખિયો છું. પણ વધુ સુખિયા રહેવાય તે માટે આ દાસ ઉપર દયા રાખજો.

શ્રીહરિ હસીને કહે, સુંદરજીભાઈ ભગવાનના દાસ થવું એ બહુ કઠણ છે. આ લોકની સર્વે વાસનાનો ત્યાગ કરી આત્મારૂપે વર્તાય, ભગવાનની એક પણ આજ્ઞા ન લોપાય ત્યારે દાસપણું આવ્યું કહેવાય. સુંદરજીભાઈ શૂરવીર હતા. શ્રીહરિનો મહિમા સમજતા હતા. તેથી તેમણે તરત જ ક્હ્યું, મહારાજ આપ આજ્ઞા કરો અને ન પળાય તો પછી ધડ ઉપર માથું જ ન રહે.

શ્રીહરિ તેમની શૂરવીરતા જાણતા હતા. પણ આજે તેમની પરીક્ષા કરવી હતી. શરીર ઉપરથી માથું ઉતારી દેવું તે કાંઈ કઠણ નહોતું, પરંતુ શરીર અને મન ભગવાનને સોંપી દેવા અને જીવનભર તેમની અનુવૃત્તિ સાચવીને રહેવું તે કઠણ હતું. શ્રીહરિએ તેથી તરત જ કહ્યું, તો સુંદરજીભાઈ, થઈ જાઓ માટી. પડાવો આ મૂછોના થોભિયા, ભગવા પહેરો ને ઉપડો કાશીની જાત્રાએ.

સુંદરજીભાઈ તરત ઉઠયા. શ્રીહરિને પગે લાગ્યા. એટલે શ્રીહરિએ આશીર્વાદ આપ્યા ને ડોસાભાઈને કહ્યું, શેઠ તમે પણ ઉઠો..તમારે પ્રાયશ્ચિત કરવું છે કે નહિ ? ડોસાભાઈ આ સાંભળી મૂંઝાઈ ગયા. રામાનંદસ્વામીના પોતે શિષ્ય હતા. અજાણતા પણ કોઈ પાપ કર્યું નહોતું તો પછી પ્રાયશ્ચિત કેવું ? તેમના મનોમંથનને અટકાવીને શ્રીહરિએ કહ્યું, ડોસાભાઈ સાંભરે છે ? રામાનંદસ્વામીએ તમને કાશી જવાનું કહ્યું હતું ? તમે તે વખતે સ્વામીની આજ્ઞા પાળી નહોતી તેનું આજે પ્રાયશ્ચિત કરો. તમે પણ આ સુંદરજીભાઈ સાથે કાશી જાવ.

ડોસાભાઈ તો આભા બની ગયા. કેટલાંય વર્ષો પહેલાની આ વાત. સ્વામીએ મને કહ્યું હતું, પણ મુક્તાનંદ પણ તે જાણતા નહોતા. આ વર્ણીએ ક્યાંથી જાણ્યું ? તેમને વિચાર કરતા જોઈ શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું, શેઠ એવો વિચાર કરશો તો તો હજું ઘણું ઘણું વિચાર કરવાનું આવશે. ગાંડા થઈ જશો. માટે અહીંથી સીધા જ જાઓ. ઘેર જવું નહિ, વાહને બેસવું નહિ અને જરૂર પડે તો કોટમાં કંઠી પડી છે તે વટાવી લેજો. સુંદરજી સુથારની જેમ ડોસાભાઈ પણ શૂરવીર હતા. તેમને થયું કે સ્વામીની આજ્ઞા ન પાળી તો હવે તો આ પ્રભુની આજ્ઞા છે. પ્રભુ પ્રસન્ન થશે ને વળી સ્વામીની આજ્ઞા લોપી તેનું પ્રાયશ્ચિત પણ થઈ જશે. બંને ત્યાંથી કાશી જવા ઉપડયા.

મુક્તાનંદસ્વામી બધો ખેલ જોઈ રહ્યા હતા. પણ જયારે બંનેએ ખરેખર કાશીની વાટ પકડી ત્યારે તેઓ માથુ ખંજવાળવા લાગ્યા. શ્રીહરિએ તેમને પૂછ્યું, સ્વામી અમે કેવા કામ કર્યાં ? દિવાનને મૂંડયા અને શેઠને પ્રાયશ્ચિત આપ્યું. મુક્તાનંદસ્વામીને લાગ્યું કે મનમાં છે તે તો કહી જ દેવું. તેમણે તરત કહ્યું, મહારાજ બહુ ભૂંડુ કર્યું. અહીં તો બધા મારે છે અને સુખે રોટલોય ખાવા મળતો નથી. એક કચ્છમાં ઉપાધિ નહોતી પણ આજે દીવાનને મૂંડયા તેથી ત્યાં પણ ઉપાધિ શરૂ થઈ જશે.

સ્વામીની વાત સાંભળી શ્રીહરિ વિચારમાં પડયા. પછી કહે, સ્વામી તમે ખરું કહો છો. સુંદરજી હોય તો કચ્છમાં શાંતિ રહે. એક કહીને તેમના ઘોડેસવારોને બંનેને પાછા બોલાવી લાવા મોકલ્યા. ઘોડેસવારોએ થોડીવારે બંનેને આંબી મહારાજનો સંદેશો સંભળાવ્યો. આજ્ઞા સાંભળી તરત જ બંને પાછા આવ્યા. શ્રીહરિ તેમને જોઈ હસ્યા ને કહ્યું, તમે સાચા શૂરવીર ભક્ત છો. આજ્ઞા પણ પાળી અને પાછા પણ વળ્યા. હવે સુખેથી તમારો વ્યવહાર કરો.

પછી થોડીવારે સુંદરજીને પૂછ્યું, પણ સુંદરજી કોઈ પૂછશે કે આ દાઢી-મૂછ કેમ ઉતરાવ્યાં ત્યારે શું જવાબ દેશો ? અરે મહારાજ ! અમારે તે વળી જવાબ ગોતવાના હોય ? પાપ નામનો પિતરાઈ હતો તે મૂઓ તેનું સૂતક ઉતાર્યું. પણ પછી થોડીવારે તેમણે કહ્યું, મહારાજ આવી આક્રી કસોટી હવે બીજાની ન કરશો. એમાં પાર પડવું બીજા માટે કઠણ પડશે.

શ્રીહરિ તો જાણતા જ હતા કે કચ્છના સત્સંગમાં સુંદરજીનું સ્થાન મોખરે હતું પરંતુ આ શબ્દોમાં શ્રીહરિને અહં નો પ્રવેશ જણાયો. મહારાજે આ શબ્દો સાંભળીને મર્માળું હાસ્ય કર્યું.

પ્રસંગ : ૮

શ્રીહરિના સંતો ઉપર ભેખે વર્તાવેલો ત્રાસ-૨૩

સરધારમાં શ્રીહરિ સભામાં બિરાજયા હતા. ત્યાં તેમણે બે સાધુને આવતા જોયા. સભામાંથી એક હરિભક્તને કહ્યું, પેલા બે સાધુઓને બોલાવી લાવો. તે હરિભક્ત તે સાધુ પાસે ગયા અને તેમને શ્રીહરિના સમાચાર આપ્યા. તેઓ તરત જ ત્યાં આવ્યા ને શ્રીહરિને દંડવત્ કર્યા. શ્રીહરિએ પૂછ્યું, કહો, આપણા સંતોને હવે ઉપાધિ કેવી છે ?

આ સાંભળી સાધુઓની આંખમાં આંસુ આવી ગયા. તેમણે કહ્યું, મહારાજ ! એ જ વાત કહેવા અમે આવ્યા છીએ. હવે ત્રાસ વધતો જાય છે. વેરાગીઓ તુંબડા, પત્તર ભાંગી નાખે છે, કંઠી અને જનોઈ તોડી નાખે છે, શિખા કાપી લે છે, સદાવ્રતોમાંથી લોટ, દાળ લૂંટી લે છે, ગાળો દે છે, અનેક ઉપાધિઓ કરે છે. પૃથ્વી પરનું કોઈ દુઃખ એવું નથી જે તમારા સાધુઓ ઉપર પડયું ન હોય.

શ્રીહરિએ તેમની વાત શાંતિથી સાંભળી. પછી ધીરે રહીને કહ્યું, પૃથ્વી ઉપર જે સુખ નથી તે સુખ તમને મળ્યું છે. મનુષ્ય જીવનનું જે ફળ છે, તે તમને મળ્યું છે. દુઃખી હારે એ સાધુ નહિ. આપણે સાધુ રહેવું છે. માટે ક્ષમા રાખવી..એમ તેમને આશ્વાસન આપ્યું અને જમાડીને રવાના કર્યા.

પ્રસંગ : ૯

મીણબાઈની ભક્તિ-૨૫

કારિયાણીના દરબાર દેહાખાચરના ભાઈ ઉન્નડખાચરની સાથે ગઢપુરના હાદા ધાધલની મોટી પુત્રી મીણબાઈને પરણાવ્યા હતા. મીણબાઈમા આજન્મ નૈષ્ઠિક વ્રતધારી હતા. પૂર્વજન્મના અતિ બલિષ્ઠ સંસ્કારને લઈને તેમના અંતરમાં ગુણના કોઈ ભાવ નહોતા. એ દ્દષ્ટિમાં કોઈ આવરણ નહોતું. દૂર દૂર ભવિષ્યનું તે જોઈ શકતા હતા. પરંતુ તેમને તો ફક્ત શ્રીહરિને જ જોવા હતા. તેમના સ્વરૂપમાં જ તેમની વૃત્તિ હતી. તેથી શ્રીહરિનો જન્મ, બાળલીલા, વનવિચરણ બધું જ

પોતે દેખતા. રાહ જોઈ રહ્યા હતા કે વ્હાલો આવે ને નેણા તૃપ્ત થાય. આજ મહારાજ પધાર્યા અને તેમણે મોટી ડેલીએ કહેવડાવ્યું કે પંચપીરની જગ્યાએ માણસ મોકલો, ભગવાન પધાર્યા છે.

મીણબાઈની પરમાત્મા પ્રત્યેની અસાધારણ ભક્તિનો સૌને ખ્યાલ હતો. રાજયનો વૈભવ હોવા છતાં મીણબાઈમા પૃથ્વી ઉપર સૂતા, મિતાહારી રહેતા અને સારા વસ્ત્રો કે ઘરેણાં અંગે ન અડાડતા. પુરુષથી સદા પાંચ હાથ દૂર રહેતા. ગર્ભવતી સ્ત્રીના પેટમાં પુત્ર હોય તો તે કળી જતા અને તે સ્ત્રીથી પણ એટલા જ દૂર રહેતા. પોતાના અંતરમાં એક મહારાજ સિવાય અન્ય પુરુષને તેમણે સ્થાન આપ્યું નહોતું.

મીણબાઈનો સંદેશો આવ્યો કે તરત જ દેહાખાચરે પંચપીરની જગ્યાએ માણસ મોકલ્યો. ત્યાં તો મહારાજ અને સાધુનો સંઘ ઉતર્યો હતો. સાધુઓ ગામમાં ભિક્ષા માંગવા જવાની તૈયારીમાં હતા ત્યાં દરબારનો માણસ આવ્યો ને કહ્યું, તમને અમારા દરબાર બોલાવે છે. બે સાધુ લઈ મહારાજ દરબાર પાસે ગયા. દેહાખાચરે મહારાજને જોયા અને તેમને ખ્યાલ આવી ગયો કે આજ મીણબાઈના ભગવાન છે. તેમણે કહ્યું, મહારાજ ક્યાં ઉતર્યા છો ? પંચપીરની જગ્યામાં ? તેમણે હા કહી. દરબારે તેમની દરબારી રીત પ્રમાણે જ પૂછ્યું, આવા મા'ત્મા કેટલા ભેગા છે ?

મહારાજે દરબારને કહ્યું, અમે તો અહીં આવ્યા છીએ તમારા મીણબાઈને દર્શન દેવા. વરસોથી અમારી રાહ જુએ છે. આ સાંભળી દરબારના ભવાં ઉંચા થયા. ભગવાન આવ્યા, દર્શન કરી લ્યો..એમ મીણબાઈ બોલતા હતા ત્યારે તમે દેખાતા હતા ? મહારાજ આ સાંભળી હસ્યા ને કહ્યું, મીણબાઈને તો અમે નિરંતર દેખાઈએ છીએ. તો આજે જ તમને કેમ અમે ભાળ્યા ? દેહા બાપુએ ચાલુ જ રાખ્યું.

મહારાજે કહ્યું, દરબાર ભગવાન જોવાની દ્દષ્ટિ જોઈએ. અર્જુને શ્રીકૃષ્ણના વિશ્વરૂપને જોયું ને બીજાને તો સાડા ત્રણ હાથની મૂર્તિ જ દેખાતી હતી. શ્રીહરિ બોલતા હતા ત્યારે દેહાખાચરને શ્રીહરિનું સ્વરૂપ બદલાતું દેખાવા માંડયું. તેને લાગ્યું કે તેની નાડીઓ ખેંચાય છે. અંગેઅંગમાં ઝણઝણાટી થાય છે. આંખો ઉંડી ઉતરતી જાય છે. તે એકદમ ઉભા થઈ ગયા, આંખો ચોળી ને બોલ્યા, એ મહારાજ ભગવાન તો મીણબાઈને જોવે છે, મારે નહિ.

મહારાજ આ સાંભળી હસ્યા. માનવીને ક્યાં ગરજ છે ? ગરજ તો ભગવાનને છે કે સામે આવીને દ્વાર ખખડાવે છે. મહારાજે કહ્યું, આ મીણબાઈના સંબંધે તમારે ત્યાં આવ્યા છીએ. તમને ખપ જાગશે ત્યારે દેખાશે. એટલામાં મીણબાઈનો માણસ આવ્યો એટલે દેહાખાચરે મહારાજને કહ્યું, તંયે આપ મીણબાઈને ઓરડે પધારો. મહારાજ બે સાધુને ત્યાં બેસારી મીણબાઈને ઓરડે જવા નીકળ્યા. દેહાખાચરે ધૂડમાં પડેલા તેમના ચરણ જોયા. તેમણે બંને ચરણોમાં ઉર્ધ્વરેખા જોઈ. તેમને લાગ્યું આ માનવી નથી, નક્કી ભગવાન છે. તે પાછા ડેલીએ આવ્યા ને ત્યાં બેઠેલા ડાયરાને કહ્યું, મીણબાઈમા પવિતર ખરા. તેમને જોગે ભગવાન આહીં આવ્યા. અને દેહાખાચરને સત્સંગ થયો.

રસોઈ તૈયાર થઈ અને મહારાજ તથા સર્વે સંતો જમ્યા. સાંજ પડી એટલે મહારાજ મીણબાઈ પાસે ગયા ને કહ્યું, મીણબાઈ હવે અમે ચાલશું. મીણબાઈ તો મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા. અંતરમાં આ મૂર્તિ અખંડ દેખાતી હતી છતાં પ્રત્યક્ષ દર્શનની તેમને અતિશય તાણ હતી. તેથી તેમના નેત્રો મહારાજની મૂર્તિ સન્મુખથી ખસ્યાં જ નહિ. આંખમાં આંસુની ધારા ચાલી. અને કહ્યું, મહારાજ આજ તો એકાએક પધાર્યા અને કાંઈ લ્હાવો લીધો નહિ માટે કાલે જમીને પછી જજો. પણ મહારાજને તેમની અસાધારણ ભક્તિની ચકાસણી કરવી હતી. અન્યને મીણબાઈનો મહિમા સમજાવવો હતો તેથી કહ્યું, મીણબાઈ ઘણો લહાવો લીધો. અમારે પણ હજુ ઘણે ફરવાનું છે. માટે જાવું જ જોશે.

આ સાંભળી મીણબાઈ પણ ભાવમાં આવી ગયા. માથે છેડો જરા આઘેરો ઓઢયો હતો, દ્દષ્ટિ નીચી હતી. તે ભાવ તેમણે છોડયો અને મહારાજની દ્દષ્ટિમાં પોતાની દ્દષ્ટિ પરોવી. ક્ષણ પહેલા આર્દ્ર હૃદયના આંસુથી ભીની થયેલી આંખોમાં ચમક આવી. અને મહારાજને કહ્યું, અંતરમાં તો તમને પૂરી દીધા છે. હવે બહારથી પણ બંધનમાં મૂકું છું. તે છોડીને જો જઈ શકો તો તમને બળિયા બકું. એટલું કહીને પોતે ત્યાં જ મહારાજના ચરણારવિંદ પાસે બેસી ગયા. આંખો મીંચી ધ્યાનસ્થ થઈ ગયા.

મહારાજ તો ત્યાંથી નીકળ્યા, ઘોડી પર બિરાજયા. પણ ઘોડી ફળિયામાંથી એક ડગલુંયે ખસી નહિ. મહારાજની સાથેના પાર્ષદો આ જોઈ રહ્યા. તેમણેય ઘોડીનું ચોકડું ખેંચ્યું, પાછળ સોટી મારી પણ ઘોડી ખસી જ નહિ. મીણબાઈ હજું ધ્યાનસ્થ સ્થિતિમાં હતા. શ્રીહરિ ઘોડી પરથી નીચે ઉતરીને મીણબાઈ પાસે આવ્યા ને કહ્યું, મીણબાઈ અમે રોકાઈએ છીએ.

શ્રીહરિ તેમની ભક્તિથી પ્રસન્ન હતા. આવા પ્રસંગે ભક્તના અંતરમાંથી ભક્તિના ભાવ પ્રગટ થઈ જતા. મહારાજને આવા ભક્તનો મહિમા સૌને સમજાવવો હતો. તેમની ક્રિયા સકારણ અને દિવ્ય હોય, તેમાં મિથ્યા ભાવ કદી ન હોય.

પ્રસંગ : ૧૦

ગઢપુરની પુણ્યવતી ભૂમિમાં - ૨૯

ગઢપુરમાં મહારાજ ગામની પશ્ચિમ દિશામાં ઉન્મત્ત ગંગાને તીરે મલેકશાહ ફકીરનો બાગ હતો ત્યાં ઉતર્યા. આનંદાનંદસ્વામી ઉન્મત્ત ગંગામાં નાહવા ગયા અને શ્રીહરિ ત્યાં એકલા જ બેઠા. એટલામાં શ્રીહરિ પાસે ત્યાં રમતાં નાના બાળકો આવ્યા. વ્રજનાં બાળકોને જેમ શ્રીકૃષ્ણએ સમાધિ કરાવી ગોલોકના દર્શન કરાવ્યા હતા તેમ શ્રીહરિએ આ બાળકોને સમાધિ કરાવી અક્ષરધામમાં પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવ્યા. બાળકો અચેતન બની પૃથ્વી પર ઢળી પડયા. છેટેથી આ કૌતુક જોઈ લોકો ત્યાં આવવા લાગ્યા ને તેમને થયું કે આ બાવાએ કાંઈ જાદુ કર્યું છે. તેમણે શ્રીહરિને કહ્યું, મહારાજ આ બધા છોકરા ઉપર શું જાદુ કર્યું છે ? ઝટ બેઠા કરો નહિ તો આખું ગામ અહીં ઉમટશે અને જોયા જેવી થશે.

શ્રીહરિ આ સાંભળી હસ્યા ને કહ્યું, જાદુ કાંઈ નથી કર્યું. તેમને સૌને સમાધિ થઈ છે અને ભગવાનના દર્શન કરે છે. હમણા બેઠા થશે.

વાત ગામમાં પ્રસરી ગઈ અને લોકો કડિયાળી ડાંગ અને લાકડિયું લઈને ત્યાં આવવા લાગ્યા. ગામધણી જીવાખાચર પણ મૂળુખાચરને લઈને ત્યાં આવ્યા. તેમને લાગ્યું કે આ કોઈ સામાન્ય પુરુષ નથી. તેમણે હાથ જોડીને પ્રાર્થના કરી મહારાજ ! હું ગામધણી છું. આ ગામના છોકરાને કાંઈ થાય તો મારી આબરૂ જાય. માટે આ બધાને બેઠા કરો. શ્રીહરિએ બાળકો તરફ દ્દષ્ટિ કરી સૌને જગાડયા. સૌ જાગ્યા અને ઉઠીને શ્રીહરિ સન્મુખ દોડયા. આ જોઈ સૌને આશ્ચર્ય થયું.

બાળકોને પૂછ્યું ત્યારે કોઈકે કહ્યું, અમે વૈકુંઠલોક જોયો, અને કોઈકે કૈલાસ જોયો. કોઈકે ગોલોક તો કોઈકે અક્ષરધામ પણ જોયું. એ ધામોનું વર્ણન સાંભળી સૌને

આશ્ચર્ય થયુ. જેમણે કદી ભગવાનના ધામની વાત સાંભળી જ નથી તેમને આ ક્યાંથી દેખાયું ! કેમ સમજાયું ?

જીવાખાચરને શ્રીહરિ મહાન લાગ્યા. તેમણે કહ્યું, મહારાજ મારા દરબારમાં પધારો. અમને પાવન કરો. શ્રીહરિએ તેમનો ભાવ જોઈને કહ્યું, તમારું આ ગામ, ભૂમિ, આ નદી, વૃક્ષો બધું જ મને ગમે છે. આ ભૂમિ ખૂબ પવિત્ર છે, અક્ષરધામ તુલ્ય છે. અહીં અમે રહીશું પણ સમો આવશે ત્યારે. અત્યારે તો અમે અહીંથી જઈશું.

જીવાખાચરે તરત જ ગામમાં જઈ લખુ કંદોઈને ત્યાંથી પેંડા બરફી લીધા ને મહારાજના ચરણે ધર્યા. શ્રીહરિ તેમાંથી થોડું જમ્યા અને આનંદસ્વામીને પણ આપ્યું. પ્રસાદી જીવાખાચરને આપીને ત્યાંથી નીકળ્યા. ગામમાં એભલ ખાચરને પણ ખબર પડી કે મલેકશાહ પીરની જગ્યામાં એક બાવો આવ્યો છે તેણે છોકરાઓને સમાધિ કરાવી છે. તે તરત જ ત્યાં જવા નીકળ્યા. પરંતુ શ્રીહરિ તો ત્યાંથી નીકળી ગયા હતા. એટલે એભલખાચર ઉદાસ થઈ ગયા. તેમના કારભારીએ કહ્યું, બાપુ ! તમારો ભાવ છે તો જરૂર તમને મહારાજનો ભેટો થશે. એભલખાચરે ભગ્ન હૃદયે ગામમાં આવ્યા.

<u>પ્રસંગ : ૧૨</u>

<u>મેમકા છોડી દેજો-૩૯</u>

મહારાજ મેમકામાં ત્રણ ચાર દિવસ રહ્યા. પછી બોચાસણ જવા નીકળ્યા. મૂળજી શેઠ તથા સુથાર હંસરાજભાઈ, પટેલ શ્યામો કણસાગરો અને પટેલ શ્યામો અગોલો મહારાજને વળાવવા સાથે ચાલ્યા. મહારાજે તેમને પાછા વાળતા કહ્યું, તમે મારી આજ્ઞા પાળશો ? એટલે તેમણે હાથ જોડીને કહ્યું, મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશું.

તે સાંભળી મહારાજે કહ્યું, તમે આજથી વીસ દિવસની અંદર મેમકા છોડીને પર-પરગણામાં રહેવા જજો. કારણ વડોદરાથી બાબાજીનું લશ્કર આવશે. વઢવાણ સાથે લડાઈ થાશે ને આખું મેમકું બાળી દેશે. તે સાંભળી ચારે જણા ગંભીર બની ગયા. મહારાજે તેમને કહ્યું, સુખિયા થવું હોય તો આજ્ઞા પાળજો. ને મહારાજ ત્યાંથી નીકળી ગયા.

મહારાજની આજ્ઞા અનુસાર મૂળજી શેઠ લીંબડી ગયા, હંસરાજ ગામ ખોલડિયાદ ગયા, શ્યામો અને અગોલો બંને ચાણપુર રહેવા ચાલી ગયા. બરાબર વીસમે દિવસે વડોદરાથી બાબાજી દિવાનનું લશ્કર આવ્યું ને મેમકા લૂંટીને બાળી દીધું. પરંતુ મહારાજના આશ્રિત ભક્તોએ મહારાજની આજ્ઞા પાળી એટલે તેમની રક્ષા થઈ ગઈ.

<u>પ્રસંગ : ૧૩</u>

<u>શ્રીહરિ બોચાસણમાં</u>

શ્રીહરિને બોચાસણ યાદ આવ્યું. કાશીદાસના મા નાનીબાની પણ ઝંખના ભારે હતી. નીલકંઠ વર્ણી અચાનક નીકળી ગયા અને તેમના દર્શનનો, જમાડવાનો, સેવાનો તેમનો ભાવ અપૂર્ણ રહ્યો. આકાશવાણીએ તેમને સાંત્વન આપ્યું : હું ફરી આવીશ..એ શબ્દોના આધારે નાનીબા જીવન જીવતા હતા. નીલકંઠની ચરણરજના રોજ દર્શન કરતાં. નીલકંઠ ગયા ને ચાર વર્ષ વીતી ગયા હતા. એટલે તેમની અકળામણ પણ વધી ગઈ હતી. એ અંતરનો સાદ શ્રીહરિએ સાંભળ્યો અને મેમકાથી સીધી ગુજરાતમાં બોસાચણની વાટ તેમણે પકડી.

શ્રીહરિ બોચાસણ આવી કાશીદાસના ઘરના આંગણામાં જ જઈને ઉભા રહ્યા. કાશીદાસ તથા નાનીબા આ દિવ્ય વિભૂતિને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. વણનોતર્યા અતિથિ આંગણામાં આવીને ઉભા રહ્યા. ન કળાય અને ન સમજાય એવી આ વિભૂતિના અણસારની ઝાંખી કરતાં નાનીબા શ્રીહરિની સ્હેજ નજીક આવ્યા એટલે શ્રીહરિ બે ડગલા પાછા ખસી ગયા. માથે જરિયાની ફેંટો, રેશમી અચકન ઉપર જરિયાની સુરવાલ, કંઠમાં મોતીની માળા, દશે આંગળીમાં સોનાના વેઢ, પગમાં મોજડી. આ રજવાડી ઠાઠ જોઈ નાનીબા મૂંઝાયા. તેમને સ્મૃતિપટ પર નીલકંઠની મૂર્તિ યાદ આવી પણ ક્યાં એ તપસ્વી અને ક્યાં આ રાજવી ઠાઠ ! કાશીદાસ પણ અવાક્ બની ગયા.

એટલામાં શ્રીહરિએ કહ્યું, નાનાબા ! સાવ ભૂલી ગયા ? અમે અહીં રામજી મંદિરમાં ઉતર્યા હતા ત્યારે તમારા ઘરે આવી દૂધ-ભાત જમ્યા હતા. તે દિ' અમે તપસ્વી વેશે હતા, માથે જટા હતી, <u>શરીર ઉપર એક કૌપીન સિવાય કોઈ વસ્ત્ર નહોતું. નાનીબાના હૃદયમાં નીલકંઠની મૂર્તિ સંપૂર્ણ કંડારાઈ ગઈ. હા, હા, પ્રભુ તમે ચાલ્યા ગયા અમને સાવ નોધારાં મૂકીને..શ્રીહરિ હસ્યા ને કહ્યું, નાનીબા અમે ભક્તને કદી નોધારાં મૂકતા નથી. તે અમારી વાટ જુવે છે અને અમે તેમની પાસે જઈએ છીએ. તે અમને સંભારે છે અને અમે પ્રત્યક્ષ થઈએ છીએ. અમે ભક્તોની પાછળ ફરીએ છીએ.</u>

શ્રીહરિની દૃષ્ટિ કાશીદાસ ઉપર પડી. કાશીદાસ પાસે આવ્યા ને સાષ્ટાંગ દંડવત્ કર્યા. શ્રીહરિએ તેમનું કાંડું પકડયું ને નાનીબાને કહ્યું, નાનીબા ! <u>આ કાશીદાસ અમારા પરમ ભક્ત છે. તેમની ભક્તિથી આ ગામ પવિત્ર થઈ જશે, તીર્થ થશે, પરમધામ બની જશે. નાનીબાએ ઢોલિયો ઢાળ્યો. શ્રીહરિ તે ઉપર બિરાજ્યા અને મોજડી કાઢી ચરણ પ્રસાર્યા.</u> નાનીબાએ બંને ચરણોમાં સોળે ચિહ્નો જોયા. આકાશવાણીના શબ્દો સાચા પડયા. નાનીબા કૃત્ય કૃત્ય થઈ ગયા.

ગામમાં ખબર પડી કે કાશીદાસને ઘેર કોઈ મહાન વિભૂતિ આવી છે એટલે લોકો ત્યાં ઉમટયા. નાનીબા તે બધાને કહેવા લાગ્યા કે આ સાક્ષાત્ ભગવાન છે, દર્શન કરો, સેવા કરો. કલ્યાણ થઈ જશે.

<u>પ્રસંગ : ૧૪</u>

<u>શ્રીહરિ બાપુભાઈના આમંત્રણથી વડતાલ પધારે છે</u>

શ્રીહરિએ વડતાલ આવવાનું આમંત્રણ સ્વીકાર્યુ તેથી બાપુભાઈ અત્યંત રાજી થયા. તેમણે બે હાથ જોડી કહ્યું, મહારાજ અમારા વડતાલ ગામમાં એક સંન્યાસી અહીં તળાવકાંઠે જે ઘેલા હનુમાન કહેવાય છે ત્યાં આવ્યા હતા. રાત રહ્યા હતા. બોરડી નીચે મુકામ કર્યો હતો. બહુ જ નિઃસ્પૃહ છતાં સૌને બોલાવીને ઉપદેશ આપવામાં બહુ જ ચીવટવાળા હતા. તેમાં એક ભગવાનદાસ પ્રજ્ઞાચક્ષુ હતા. તેણે સંન્યાસીને પ્રાર્થના કરી કે આંખના રતન ગયા છે તો દયા કરો. સંન્યાસીએ તેની સામી દૃષ્ટિ કરી, આંખો પર હાથ ફેરવ્યો ને ભગવાનદાસે ધરતી ઉપર અજવાળું જોયું.

શ્રીહરિ બાપુભાઈની વાતો એક ધ્યાનથી સાંભળ્યે જતા હતા. બાપુભાઈએ કહ્યું, એ મહાત્માની અમે સેવા કરી. બોરડી નીચેથી આસન છોડી ઘેર

આવવા ઘણું કહ્યું પણ એ તો એમ જ કહેતા હતા કે આ સ્થાન જેવું કોઈ પવિત્ર સ્થાન નથી. આહીં ભવિષ્યમાં લક્ષ્મીનારાયણનું મોટું મંદિર થશે. શ્રીહરિએ વાત સાંભળીને એકદમ કહ્યું, અહો ત્યારે તો બહુ પવિત્ર જગ્યા કહેવાય.

મહારાજ એ તો એમ કહેતા હતા કે એ બોરડી નીચે લક્ષ્મીજીએ તપ કર્યું હતું તેથી ત્યાં લક્ષ્મી સદા બિરાજશે. શ્રીહરિએ કહ્યું, એવા સિદ્ધોની વાતો ખોટી પડે જ નહિ. પણ પ્રભુ ! પછી એ સિદ્ધ તો ચાલ્યા ગયા, અમે ઘણી ભાળ કાઢી પણ ક્યાંય ન મળ્યા. પ્રભુ ! એ સિદ્ધે તો કહ્યું હતું કે તમારા ગામમાં પૂર્ણ પુરુષોત્તમ પધારશે.

શ્રીહરિએ તરત જ કહ્યું, હા, આવ્યા જ છે ને ! આ શબ્દો સાંભળી બાપુભાઈના અંતરકમાડ ઉઘડી ગયા. અહો આ જ પૂર્ણ પુરુષોત્તમ ! તેમણે કહ્યું, <u>મહારાજ ! આપ તો સર્વજ્ઞ છો છતાં મારા જેવા અબુધની વાતો સાંભળ્યે જ રાખી ? શ્રીહરિ હસ્યા..તેમણે કહ્યું, તમારી આવી ભક્તિભાવ ભરી વાતો સાંભળવા જ અમે પ્રગટ થયા છીએ. અમારું સર્વજ્ઞપણું દબાવીને તમારી સાથે તમારી રીતે વર્તીએ તો જ તમને આનંદ આવે ને ?</u>

<u>પ્રસંગ : ૧૫</u>

<u>જોબનને ભગવાનનો ઘોડો ઉપાડવાનું મન થાય છે</u>

શ્રીહરિ ભગવાન છે, બહુ જ પ્રતાપ બતાવે છે એવી વહેતી થયેલી વાતોથી વડતાલમાં રહેતો જોબન પગી અકળાયો. તેને થયું કે આ ભગવાન પાસે પાણીદાર ઘોડો છે તે જ ઉપાડવો જોઈએ. જોઈએ કે કેવું ભગવાનપણું દેખાડે છે.

વર્ણી વેશે શ્રીહરિ જોબનના ઘરે પધાર્યા હતા, તેનું અન્ન જમ્યા હતા પરંતુ તેની તામસી વૃત્તિથી એ બધું ભૂલાઈ ગયું હતું. તેની નજર તો ફક્ત શ્રીહરિના રોઝા ઘોડા ઉપર જ હતી. તેણે તેના ભાઈ સુંદર પગીને બોલાવીને કહ્યું, આજ રાત્રે આ ભગવાનનો ઘોડો ઉપાડવો છે. એવે ઠેકાણે લઈ જવો કે એની દશ કોઈને જડે નહિ. સુંદર પગીને જોબનના આ શબ્દો ગમ્યા નહિ. તેણે કહ્યું, જોબન મેં એ ભગવાનના છેટેથી દર્શન કર્યાં છે. બહુ ચમત્કારી છે તેથી તેમની છેડતી કરવી ઠીક નથી.

અરે એવા ભગત થઈએ તો પેટ ફોડી નાખવું પડે. આપણો ધંધો પડી ભાંગે. ફરી આવો કાઠિયાવાડી પાણીદાર ઘોડો હાથ ન આવે. અર્ધી રાત્રે જોબન ઉઠયો ને બાપુભાઈના ઘરે પહોંચ્યો. ધીરે રહીને ખડકીનું કમાડ ઠેલ્યું. ફળિયામાં જ સૂતેલા રાઈજીભાઈ એકદમ જાગી ગયા એટલે તલવાર લઈને કૂદ્યા ને પૂછયું, કોણ છો ? જોબન હસ્યો ને કહ્યું, એ તે કાંઈ પૂછવાનું હોય ? કાળી રાતે જોબન સિવાય બીજો કોઈ તમારે ત્યાં હોય ? રાઈજીભાઈ ચમક્યા એ અવાજમાં બીજા પણ જાગી ગયા.

રાઈજીભાઈએ જોબનને કહ્યું, અમારી છેડતી કરો છો પણ તે ભારે પડી જશે. જોબન લુચ્ચુ હસીને કહે, મોટા ! તમે તો ઘરના કહેવાવ..તમારી છેડતી કરવી એ અમારો ધરમ નથી પણ તમારે ત્યાં જે ભગવાન આવ્યા છે તેનો રોઝો ઘોડો જરૂર પડાવવો છે. આજે તો તમે જાગી ગયા છો પણ એ ગમે ત્યાં હશે ત્યાંથી હું એ ઘોડો લીધા વગર છોડવાનો નથી.

એટલામાં દીવા થયા. જોબન હજું પણ સ્થિર ઉભો હતો. સૌએ તેને જોયો. તેના મોં ઉપર અણગમતો એક પણ ભાવ કોઈને દેખાયો નહિ. એ શાંત હતો પણ તેના હાવભાવ ઉપર તેણે કરેલા નિર્ણયની દૃઢતા દેખાતી હતી. બાપુભાઈ પણ ત્યાં આવી ગયા. તે છલાંગ મારીને જોબનને પકડવા ગયા. જોબન એક ડગલું પણ ન ખસ્યો. તેણે કહ્યું, મોટા ! તમે મને ઓળખો છો. આ રીતે તો તમે નહિ ફાવો અને મારે તમારી પણ આમન્યા રાખવી પડે. બાપુભાઈએ તેનું માથું જોરથી પકડયું, ખૂબ હલાવ્યું ને કહ્યું, આવા પાપી જ રહેવું છે કે જન્મારો સુધારવો છે ?

જન્મારો તો તમારા ભગવાનનો ઘોડો મળશે ને એટલે સુધરી જ જશે. મોટા ! તમને તો પાયે પડું છું પણ તમારા ભગવાનને કદી હું છોડવાનો નથી. શ્રીહરિ આ અવાજથી જાગી ગયા. તેમણે આવા શબ્દો સાંભળ્યા અને મેડીની બારી પાસે આવીને કહ્યું, બાપુભાઈ જોબનને કહેજો કે અમે પણ તેને છોડવાના નથી. જોબને આ શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા અને ત્યાંથી નીકળી ગયો.

<u>પ્રસંગ : ૧૬</u>

<u>શ્રીહરિની દયા</u>

શ્રીહરિ અમદાવાદ પધાર્યા ત્યારે રામદાસસ્વામીએ રઘુનાથદાસે આદરેલી ઉપાધિનું વર્ણન કર્યું. શ્રીહરિ રૂપાની સળી વડે દાંત ખોતરતા ખોતરતા રામદાસસ્વામીની વાત સાંભળી રહ્યા હતા. ગાદીનો વારસ હું જ છું...મને જ રામાનંદસ્વામીએ જ્ઞાન આપ્યું છે. મને જ વારેવારે બોલાવતા, મને જ દરેક વાતમાં પૂછતા એટલે ખરો વારસદાર તો હું જ છું. આ સહજાનંદે તો એમને ભમાવ્યા એટલે એમને ગાદી સોંપી દીધી. રામદાસ સ્વામી જે બન્યું હતું, જે સાંભળ્યું હતું તે બધું કહેતા હતા.

શ્રીહરિએ તેમની વાત સાંભળી કહ્યું, સ્વામી ભગવાનની જેમ મરજી હશે તેમ થશે. આપણે તો તેનું ભૂંડું ન થાય તે જોવાનું છે. શ્રીહરિના શબ્દો સાંભળી રામદાસ સ્વામી વિચારમાં પડી ગયા. <u>આટલો દ્રોહ કરે છે, અનેકને તેમના વિરુદ્ધ ભરમાવે છે છતાં શ્રીહરિ કહે છે કે તેનું ભૂંડુ ન થાય એ જોવાનું છે. પ્રભુ વિના આવી દયાનો ભાવ કોનામાં હોય ?</u>

મનુષ્યદેહની પ્રાપ્તિ થવી તે દુર્લભ છે. તેમાં પણ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણનો મનુષ્યરૂપે સાક્ષાત્ યોગ થવો અને તેમની ઓળખાણ થવી તે પણ દુર્લભ છે. આવો મનુષ્યદેહ પામી પોતે માનેલી મોટાઈ સાચવવા કે પોતે બુદ્ધિ કલ્પનાએ કરેલા નિર્ણયો દૃઢતાપૂર્વક પકડી રાખવા જે કોઈ આવી દિવ્ય વિભૂતિનો દ્રોહ કરે છે તે મનુષ્યદેહ એળે ગુમાવી બેસે છે. <u>છતાં ભગવાન તો દયાના સાગર છે. એવા ક્ષુદ્ર જીવનો વિરોધ કે વિક્ષેપ તેમના કાર્યમાં વિઘ્ન કરી શકતો નથી. તેથી તેમને તો હંમેશા એજ વિચાર રહેતો હોય છે કે ક્યારેય પણ એવા જીવ આ સત્સંગમાંથી વિમુખ ન થાય, પોતાનો મોક્ષ ન બગાડે, તેથી તેઓ પોતાની ભ્રકુટિને કદી તંગ કરતા નથી.</u>

શ્રીહરિની વાણીમાં રઘુનાથદાસ પ્રત્યેના અભાવનો કોઈ ભાવ ન હતો. ઘર્ષણની તેઓ કદી વાત કરતા નહિ. તેમના સાધુ રામદાસ, મુક્તાનંદ, વ્યાપકાનંદ, સ્વરૂપાનંદ, પ્રભવાનંદ વગેરે જે જે ત્યાં આવ્યા હતા તેમની સાધુતા તેમની નિહાળી હતી.

<u>પ્રસંગ : ૧૭</u>

શ્રીહરિની કર્તાપણાની શક્તિએ રઘુનાથદાસને દંડ દીધો

રઘુનાથદાસ છંછેડાઇને શ્રીહરિ પાસે આવ્યો. શ્રીહરિએ તેને પ્રેમથી બોલાવી સન્માન કર્યું, ગાદી પાથરી આપી. પણ તેના ક્રોધના વેગમાં આ પ્રેમમાં તેને સદ્ભાવની ગંધ ન આવે. છંછેડાયેલાવાઘની જેમ તે ગાદી ઉપર બેસી ગયો. શ્રીહરિએ તેના કુશળ પૂછયા, પણ તેને મૌન તોડયું નહિ. છતાં શ્રીહરિએ તેને કહ્યું, રઘુનાથદાસ તમે રામાનંદસ્વામીના જૂના શિષ્ય છો. તેમની સાથે રહીને તમે સત્સંગનું કાર્ય કર્યું છે, તેમની આજ્ઞા અત્યાર સુધી પાળતા આવ્યા છો માટે સત્સંગના જ હિત સારું આ બધો વિરોધ હવે મૂકી દ્યો.

શ્રીહરિની વાત સાંભળ્યા છતાં રઘુનાથદાસ કાંઈ બોલ્યો નહિ. તેથી શ્રીહરિએ ફરી કહ્યું, અત્યારે જેમ મુક્તાનંદસ્વામી સત્સંગમાં ફરે છે, તેમનો સૌ આદર કરે છે, તેમ તમે પણ ફરો. રામાનંદસ્વામીએ સ્થાપેલા સત્સંગની પ્રતિષ્ઠા વધારો. આટલું કહીને શ્રીહરિએ તેની સામે જોયું. શ્રીહરિને તો તેનું શ્રેય કરવું હતું પણ રઘુનાથદાસ ઉપર આ શબ્દોની કાંઈ અસર થતી હોય તેવું લાગ્યું નહિ. તેથી ફરી કહ્યું, <u>રઘુનાથદાસ વાતમાં કાંઈક સમજો..મહંતાઈ જોઈતી હોય તો આ અમદાવાદની મહંતાઈ તમને આપીએ. પણ આમ, ગુરૂની આજ્ઞાવિરુદ્ધ જશો અને સત્સંગમાં આડા પડશો તો તેમાં તમારું શ્રેય નથી. તમારા હિતની વાત છે એટલે અમે કહીએ છીએ.</u>

રઘુનાથદાસ ઉશ્કેરાટમાં બોલ્યો, તમે કેવા જ્ઞાની છો, સમજુ છો તે હું જાણું છું. ગાદી લેવા માટે ગુરૂને ભરમાવ્યા. ત્યાગીની રીત મેલી ગૃહસ્થની રીત લીધી. પ્રભુ થઈ પૂજાવા માંડયા અને સામો મને ઉપદેશ દ્યો છો ? તમારી ઉંમરનો, અનુભવનો, વિદ્યાનો કાંઈ વિચાર તો કરો. તમારું શ્રેય ઈચ્છતા હોવ તો મારી આજ્ઞામાં રહો.

શ્રીહરિ આ વાત સાંભળી રહ્યા. તે જાણતા હતા કે રામદાસસ્વામી તથા બીજા સંતોને રઘુનાથદાસનું મોં જોવું પણ પસંદ નથી. તેમાં તેના આવા શબ્દોથી ઉશ્કેરાશે. તેથી તેમણે કહ્યું, <u>રઘુનાથદાસ તમે ઉંધે રસ્તે ચડી ગયા છો. તમારો અંતે હું વિનાશ દેખુ છું શ્રીહરિએ આટલું કહ્યું.</u> એટલામાં બહાર કોલાહલ થતો સાંભળ્યો. શ્રીહરિ એકદમ ઉઠયા, સંતોને કહ્યું, આપણે સૌ ઉઠો. આની સાથે બેસવામાં આપણું શ્રેય નથી. એમ કહી તેઓ બીજા દરવાજેથી બહાર નીકળી ગયા.

કોલાહલ વધ્યો. હાથમાં ચીપિયા, ધોકા, ગેડી, ત્રિશૂળ, ભાલા અને તલવાર લઈને બાવાઓનું ટોળું ત્યાં જમા થઈ ગયું. રઘુનાથદાસ તથા તેના શિષ્યો તો ત્યાં જ બેસી જ રહ્યા. શ્રીહરિ ઉપરનો તેનો ક્રોધ શમ્યો નહોતો તે જડતામાં તે ત્યાંથી ખસ્યો નહિ.

બાવાઓ આવ્યા હતા જીવનમુક્તાને મારવા. જીવનમુક્તાએ તેમનો પંથ તોડી નાખ્યો હતો, આજીવિકા બંધ કરી દીધી હતી. જીવનમુક્તાએ સાધુઓના ધર્મ લોકોને સમજાવ્યા હતા. સાધુઓએ સ્ત્રીઓનો, ધનનો ત્યાગ રાખવો જોઈએ, મન-વાણી-કાયાથી અહિંસા ધર્મ પાળવો જોઈએ, દેહનો અનાદર કરવો જોઈએ, રસાસ્વાદનો ત્યાગ કરવો જોઈએ..આ બધું અત્યાર સુધી લોકો જાણતા નહોતા. જીવનમુક્તાએ આ બધું તેવા સાધુ બનાવી લોકોને સમજાવી દીધું હતું. તેથી તેમને બીક હતી કે લોકો તેમને હવે માનશે નહિ. તેમને તેમને રોષ હતો. જીવનમુક્તાને, તેના પંથને, તેના સાધુઓને ખતમ કરી દેવા તેઓ કટિબદ્ધ થઈ ગયા હતા.

રઘુનાથદાસ હજુ ગાદી ઉપર જ બેઠો હતો. તેના શિષ્યો અંદરો અંદર ધીમેથી વાતો કરતા હતા. એવામાં ટોળુ ત્યાં ધસી આવ્યું. રઘુનાથદાસ કાંઈપણ સમજી શકે તે પહેલા તો તેને ગાદી ઉપર બેઠેલો જોઈ તેને જ જીવનમુક્તા સમજીને બાવાઓ તેના ઉપર તૂટી પડયા. અચાનક આ આક્રમણથી રઘુનાથદાસ અને તેના શિષ્યો મૂંઝાયા. સામનો કરવાનું કોઈ સાધન પણ નહોતું અને એવો સમય પણ નહોતો. ગેડી, ધોકા અને લાકડીઓના મારથી રઘુનાથદાસ અને તેના શિષ્યો ધરતી ઉપર ઢળી પડયા. વીસેક લંગોટાઓના જૂથે રઘુનાથદાસ અને તેના પાંચ-સાત શિષ્યોને મરણતોલ કરી દીધા. થોડીવારમાં ઘણું બની ગયું.

શ્રીહરિએ તો રઘુનાથદાસને સમજાવી સન્માર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો પણ રઘુનાથદાસના અવળા સ્વભાવે તેમાં આડ કરી. શ્રીહરિની કર્તાપણાની શક્તિએ રઘુનાથદાસને દંડ દીધો. <u>અધર્મ સગર્મના ઉત્થાનનું કાર્ય શ્રીહરિ આ રીતે અન્ય દ્વારા કરાવી રહ્યા હતા.</u>

ત્યારબાદ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રઘુનાથદાસને વિમુખ કર્યાં. <u>સત્સંગમાંથી પહેલા હરબાઈ અને વાલબાઈ નીકળ્યા. તેઓ ધર્મભ્રષ્ટ નહોતાં પણ શ્રીહરિએ સ્ત્રી-પુરુષની મર્યાદાનો જે નિયમ આપ્યો હતો તેની તેમણે ઉપેક્ષા કરી હતી. ધર્મમાં રહેલા છિદ્રને તેમણે અવગણ્યું હતું અને શ્રીહરિના કાર્યમાં બાધા નાખી હતી. શુદ્ધ સંપ્રદાયમાં તે ટકી શક્યા નહિ અને વિમુખ થયા. રઘુનાથદાસે રામાનંદસ્વામીની ગાદી લેવાનો મોહ રાખ્યો. મોટેરા બની મનાવાના અને પૂજાવાના કોડ જાગ્યા હતા. અભિનિવેશમાં તે ઉદ્ધત બન્યો, તે ઉદ્ધતાઈના મદમાં તે પણ વિમુખ થયો. બ્રહ્મરૂપ અને મહાવિષ્ણુરૂપ એવા આ સત્સંગમાં કોઈ વિકારી તત્વો ટકી શકતાં જ નથી.</u>

<u>પ્રસંગ : ૧૮</u>

વડતાલની ધરતીનો પૂર્વજન્મ - ૪૮

મહારાજે બાપુભાઈને વડતાલની ધરતીનો પૂર્વજન્મ કહેતા કહ્યું, પૂર્વે આ હિડંબા વન હતું. નારદજીના વચને ભૃગુઋષિની પુત્રી લક્ષ્મીએ આ બદરી તળે તપ કર્યું હતું. તે તપથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને દર્શન દીધા અને વરદાન માંગવા કહ્યું. લક્ષ્મીએ માગ્યું કે આપ મારા પતિ થાઓ. વળી, આ સ્થાન મને બહુ પ્રિય છે તેથી આ સ્થાનમાં આપણે સાથે લક્ષ્મીનારાયણ સ્વરૂપે બિરાજીએ એવું સુંદર મંદિર અહીં થાય. વિષ્ણુએ કહ્યું, તથાસ્તુ..એ વિષ્ણુ ભગવાનના વરદાનથી ભવિષ્યમાં અહીં લક્ષ્મીનારાયણનું મોટું મંદિર થશે. શ્રીહરિએ આ ભૂમિનો મહિમા કહ્યો અને ભવિષ્યકથન પણ કર્યું. બાપુભાઈ પોતાની ભૂમિનો આવો મહિમા સાંભળી પ્રસન્ન થયા.

<u>પ્રસંગ : ૧૯</u>

લાલજી સુથાર નિષ્કુળાનંદ બને છે

શ્રીહરિએ લાલજી ભક્તને કહ્યું, ભૂખ બહુ લાગી છે. માટે ગામમાં જઈ ભિક્ષા માગી આવો. શ્રીહરિના વચન સાંભળી લાલજી ભક્ત મૂંઝવણમાં પડયા. તેમણે હિંમત કરીને બે હાથ જોડી કહ્યું, પ્રભુ આ ગામમાં મારા ઘણા ઓળખીતા રહે છે. તેથી ભિક્ષા માંગવા જતા મૂંઝવણ થાય છે. આ સાંભળી શ્રીહરિ હસ્યા..ને કહ્યું, તમને કોઈ ન ઓળખે એવા કરી દઉં તો ?

લાલજી ભક્ત વિચારમાં પડયા. એટલામાં શ્રીહરિએ પોતે ખાસ આ પ્રસંગ માટે જ કાતર લાવ્યા હતા તે કાઢી અને લાલજી ભક્તની મૂછો કાતરી નાખી. કૌપીન અને અલ્ફી પહેરાવ્યા અને પછી કહ્યું, હવે તમે લાલજી સુથાર મટી નિષ્કુળાનંદસ્વામી બન્યા. દેહના સગાની ઉપેક્ષાથી પર બની ગયા. માટે જાઓ ગામમાં, ભિક્ષા લઈ આવો. નિષ્કુળાનંદસ્વામી ગામમાં જઈ ભિક્ષા લઈ આવ્યા. શ્રીહરિ તેમની આ હિંમતથી, લોકલાજના ત્યાગથી પ્રસન્ન થયા. સ્વામી પણ શ્રીહરિના ચરણકમળમાં પડી ગયા અને ગદ્‌ગદ કંઠે કહ્યું, પ્રભુ આપે મારા ઉપર બહુ જ મહેર કરી. હવે ફક્ત આપના સ્વરૂપ સિવાય અન્ય કોઈ સ્વરૂપમાં મારી વૃત્તિ ન ચોંટે અને મારો વૈરાગ્ય પાર પડી જાય એવા આશીર્વાદ આપો.

શ્રીહરિ તેમના ભાવથી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું, સ્વામી તમારામાં તો બૃહદ્ વૈરાગ્ય હતો તેથી આગળ રાજ્ય છોડી તમે તપશ્ચર્યા કરવા ગયા હતા. પરંતુ મૃગલીના બચ્ચામાં દયાના ભાવથી બંધાયા. તે બંધન જડભરતના દેહમાં આવીને તમે તોડયું. એટલે શુદ્ધ તો થયા પરંતુ બ્રહ્મભાવ પામવાનું અધૂરું હતું. શુદ્ધ બ્રહ્મભાવ પામ્યા પછી જ મારી ભક્તિના અધિકારી થવાય છે. તેથી જ આ જન્મ તમને આપ્યો છે. આ જન્મે બધું પાર પડી જશે.

<u>પ્રસંગ : ૨૦</u>

<u>ઐશ્વર્ય-ચમત્કાર બતાવે એ ભગવાન નથી</u>

શ્રીહરિ માનકૂવા પધાર્યા. આ ગામના આદાભા જબરા આંટુકદાર હતા. ઉડતા પક્ષીને પાડતા. શ્રીહરિ અહીં પધાર્યા છે, લોકો તેમને ભગવાન કહે છે એવી વાયકા સાંભળી શ્રીહરિ જ્યાં જ્યાં જતા ત્યાં રસ્તામાં તે ઉભા રહેતા અને કોઈ ન જુએ તેમ શ્રીહરિ પર કાંકરી ફેંકતા. પરંતુ શ્રીહરિને એક પણ કાંકરી કે પથ્થર વાગતો નહિ. આથી તેમને થયું કે મારું નિશાન કદી ખાલી ન જાય. છતાં આમને કેમ એક કાંકરી સરખી વાગતી નથી ? છેવટે તેમને અંતર્દષ્ટિ થઈ. શ્રીહરિ પાસે આવ્યા ને પ્રાર્થના કરતા કહ્યું, પ્રભુ આપ ભગવાન ખરા.

શ્રીહરિ હસીને કહે, તમે શાથી જાણ્યું ? આદાભાએ હાથ જોડીને કહ્યું, પ્રભુ હું ગામનો દરબાર છું. જબરો નિશાનબાજ છું. તમે જ્યારે જ્યારે ગામમાંથી નીકળતા, ત્યારે હું તમારા ઉપર કાંકરી કે પથ્થર ફેંકતો પણ તમને એક પણ કાંકરી કે પથ્થર વાગતો નહિ. આથી મેં જાણ્યું કે તમે ભગવાન છો.

શ્રીહરિ તેમની વાત સાંભળી હસ્યા ને કહે, દરબાર એમ તો કોઈ ગોડિયો હોય તે પણ તમારા લાગમાં ન આવે તો તેને તમે ભગવાન કહેશો ? દરબાર વિચારમાં પડી ગયા. થોડીવારે તેમણે કહ્યું, મહારાજ એવું જ્ઞાન તો મારામાં નથી પણ તમે ભગવાન છો એ સાચું. શ્રીહરિ તેમનો ભોળો ભાવ જોઈ પ્રસન્ન થયા.

તેમણે કહ્યું, <u>દરબાર ! જે કોઈ ઐશ્વર્ય બતાવે, ચમત્કાર બતાવે એ ભગવાન નથી. પરંતુ જીવના અંતરમાં જે પંચવિષયના રાગ છે, આસક્તિ છે, વાસના છે તેને ટાળે અને જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરાવે તેને ભગવાન કહેવાય.</u> દરબાર આ કૃપાવાક્યથી કૃતાર્થ થઈ ગયા. તેમણે તો નિશ્ચયની ગ્રંથિ દૃઢ કરી લીધી.

<u>પ્રસંગ : ૨૧</u>

<u>શ્રીહરિ વર બની પોંખાયા-૮૨</u>

સુથાર નાથા ભક્તની પુત્રી દેવબાઈના લગન લીધા હતા. વીથોણથી જાન આવી હતી પણ દેવબાઈએ હઠ લીધી કે શ્રીહરિ મારી સાથે આવે તો જ હું સાસરે જાઉં. બધાએ ખૂબ સમજાવી પણ તેણે તેની હઠ મૂકી નહિ.

એટલામાં વર પોંખાવા માંડવે આવ્યા. દેવબાઈની મા મોડિયો બાંધી હાથમાં દીવડો લઈ વર પોંખવા નીકળ્યા અને તોરણે આવ્યા. તેમણે પોંખણું શરૂ કર્યું ત્યાં તેમને વરની જગ્યાએ શ્રીહરિ દેખાયા. તે મૂંઝાઈ એટલે તરત વર દેખાયો અને પોંખણું શરૂ કર્યું. ત્યારે ફરી શ્રીહરિ દેખાયા. છેવટે વિધિ પૂરી કરી ઘરમાં આવી ત્યારે તેણે દેવબાઈને કહ્યું, દીકરી શ્રીહરિ સાક્ષાત્ વર થઈને તારી સાથે લગન કરવા આવ્યા છે. માટે હવે હઠ છોડી દે. માની વાત સાંભળી દેવબાઈને શાંતિ થઈ. લગન પત્યા પછી તે શ્રીહરિના આશીર્વાદ લઈ સાસરે ગઈ.

<u>પ્રસંગ : ૨૨</u>

<u>મરચાનો લાડુ જમાડયો</u>

શ્રીહરિ નાથા ભક્તને ત્યાં ભોજન કરતા હતા તે સમયે ઢંઢાવ્ય દેશના રાજપૂત ડુંગરજીભાઈ શ્રીહરિના દર્શને આવ્યા. શ્રીહરિએ પોતે જે મરચાનો લાડુ જમતા હતા તે પ્રસાદી તેમને આપી. ડુંગરજી થોડી પ્રસાદી જમ્યા અને તેમનું ગળું, આંખ, કાન બળવા લાગ્યાં. થોડીવાર તો તેને લાગ્યું કે તેના પ્રાણ નીકળી જશે. શ્રીહરિએ તરત જ ઉભા થઈને તેને ગાયનું ઘી પાયું તેથી તે શુદ્ધિમાં આવ્યા.

પછી શ્રીહરિએ તેને દાળ અને રોટલો અપાવ્યા. જમતા જમતા દાળના સ્વાદમાં તે એકરસ થઈ ગયા. તેથી શ્રીહરિએ તેમને કહ્યું, દરબાર દર્શન મૂકીને સ્વાદમાં આસક્ત થાવું એ ભગવાનના ભક્તને ખોટ કહેવાય. સ્વાદ તો ભગવાનની મૂર્તિનો લેવો.

શ્રીહરિના શબ્દોથી ડુંગરભાઈ સચેત થઈ ગયા. તેમને થયું કે પંચ જ્ઞાનેન્દ્રિયો જો શ્રીહરિના સંબંધમાં અખંડ રહે અને એવું જાણપણું નિત્ય રહે તો જ દેહભાવ ટળે. શ્રીહરિની એ રૂચિ જાણી ત્યારથી જ તેમણે આ પ્રકારના માનસિક યોગની સાધનાનો આરંભ કરી દીધો.

<u>પ્રસંગ : ૨૩</u>

<u>રામપરમાં શ્રીવર્ણીરૂપે દર્શન લક્ષ્મણને આશીર્વાદ</u>

શ્રીહરિ માનકૂવાથી નીકળી રામપર પધાર્યા. અહીં મેરાઈની વાડીએ કણબી ભક્ત ભીમજી, ખીમજી અને લક્ષ્મણ આ ત્રણ ભાઈઓ કોસ હાંકતા હતા. મહારાજે તેમને કહ્યું, મને ભૂખ લાગી છે તે કાંઈક ખાવાનું હોય તો આપો.

ત્યારે ભીમજી અને ખીમજીએ કહ્યું, અમારી પાસે કાંઈ ખાવાનું નથી. મહારાજે તેમને કહ્યું, આ ઝાડની ડાળે માટલી બાંધી છે તેમાંથી અર્ધો રોટલો આપો. પણ તેમણે ના કહી. ત્યારે લક્ષ્મણે પોતાના ભાગનો રોટલો હતો તે મહારાજને જમવા આપી દીધો. મહારાજ તે જમ્યા અને પછી લક્ષ્મણ તરફ અમૃત દૃષ્ટિ કરી. તેથી તેને શ્રીહરિ જે આમલીના ઝાડ નીચે ઉભા હતા ત્યાં શ્રીહરિનું નીલકંઠ બ્રહ્મચારી સ્વરૂપે દિવ્ય દર્શન થયું. વાડીમાં પ્રકાશ પથરાઈ ગયો.

પછી મહારાજે લક્ષ્મણને કહ્યું, હું તારા ઉપર પ્રસન્ન થયો છું તો તું મારી પાસે કાંઈ વરદાન માગ..એટલે લક્ષ્મણે ભોળાભાવે કહ્યું, બ્રહ્મચારી અમે મહાદેવની ઉપાસના કરીએ છીએ એટલે ધન કે પુત્ર તો મહાદેવ આપે છે અને વળી આપશે.

તે સાંભળી શ્રીહરિએ કહ્યું, લક્ષ્મણ ! જા હું તારું આત્યંતિક કલ્યાણ કરીશ. એટલું જ નહિ પણ તારી સાત પેઢી સુધી તારા કુળમાં મુક્તજીવ જન્મ લેશે. એટલું કહી શ્રીહરિ ત્યાંથી રામપર પધાર્યા.

પ્રસંગ : ૨૪

જૂનાગઢમાં માયાની ઉપાધિ

શ્રીહરિ જૂનાગઢમાં સભા ભરીને બિરાજ્યા હતા. ત્યારે દ્વેષીઓએ એક સીદણને પુરુષના વેશમાં સભામાં મોકલી. અંતર્યામી શ્રીહરિ આ જાણી ગયા અને સંતોને સાન કરી એટલે સૌ સંતો સભામાંથી ઉઠી દૂર જઈ બેઠા. સીદણે આ જોયું. તેનું કપટ બહાર પડી ગયું. તેણે તરત જ પોતાનું પોત પ્રકાશ્યું : અરે સ્વામિનારાયણ ! આ બધા મારાથી દૂર જાય છે પણ તેમનો જનમ તો સ્ત્રી થકી જ થયો છે.

માયા પરના પુરુષોને જગતની દૃષ્ટિથી ઓળખી ન શકાય એટલે જગતના જીવોની તો આવી જ ભાષા હોય. શ્રીહરિએ તેને કહ્યું, એ બધા તો માયા પરના દિવ્યધામના પુરુષો છે. અજન્મા છે. તેમને માયાની ગંધ આવે છે તેથી તેઓ દૂર નાસે છે.

સીદણને આ ભાષા સમજાય તેવી ન હતી. તેણે ત્યાં ધમાલ મચાવી. શ્રીહરિએ જાણ્યું કે માયા હવે પેટ કૂટે છે કે આ બધા જીવો મારા હાથમાંથી ગયા. તેમણે વિચાર્યું કે આ વખતે તો અહીંથી નીકળી જવું પણ ફરી જૂનાગઢ આવી માયાને માથે પગ મૂકીને દિગ્વિજય કરવો છે.

પ્રસંગ : ૨૫

મૂળજીને બાવાઓ ઘાયલ કરે છે

મેઘપુર જતા રસ્તામાં શ્રીહરિએ તેમના પાર્ષદ મૂળજીને બોલાવીને કહ્યું, મૂળજી આ દર્શન કરી લે, આ મૂર્તિ અંતરમાં ઉતારી લે. આપણે મેઘપુર જઈએ છીએ. ત્યાં ઉપાધિ થાય તો પણ શાંતિ રાખજે. એમ કહી મહારાજે પ્રભાતના સૂર્ય તરફ જોયું અને બોલ્યા, આ સૂર્ય રૂધિરનો ભર્યો હોય એવો રાતો આજે કેમ દેખાય છે ? પણ શ્રીહરિના આ વાક્યનો મર્મ કોઈ સમજી શક્યા નહિ.

શ્રીહરિ મેઘપુર પધાર્યા. તેમને ત્યાં રોકાવાની ઈચ્છા નહોતી પરંતુ અમરસિંહ ભાટે બહુ જ આગ્રહ કર્યો. શ્રીહરિએ તેમને કહ્યું, અમરસિંહ આ તમારો દુરાગ્રહ છે. આ ગામમાં વેરાગી બાવા આપણા દ્વેષી છે અને અમે જો રોકાશું તો જરૂર અનર્થ કરશે.

પરંતુ અમરસિંહ માન્યા નહિ અને શ્રીહરિ તેના ઘેર પધાર્યા. તેની પુત્રી લાડકીબાને સમાધિ થતી. કેટલીકવાર ભવિષ્યનું તે જાણી પણ જતી. આજે તેને પણ થયું કે જરૂર કાંઈ અનિષ્ટ થવાનું છે. તેના મુખ ઉપર શ્રીહરિ પધાર્યા છતાં શ્યામતા છવાઈ ગઈ હતી.

શ્રીહરિએ ઉતારો કર્યો, સ્નાનવિધિથી પરવાર્યા. મૂળજી નદીએ સ્નાન કરવા જતો હતો. મહારાજે તેને કહ્યું, મૂળજી જતા અને આવતા ભજન કરજે, શાંતિ રાખજે, ક્રોધ કરીશ નહિ.

મૂળજીને મહારાજના આ શબ્દો રોજના ઉપદેશ જેવા લાગ્યા તે સ્નાન કરીને આવતો હતો ત્યારે ગામના ચોરામાં ભાટ લોકો અને વેરાગીઓ બેઠા હતા. તેમણે મૂળજીની મશ્કરી કરી. પરંતુ મૂળજી કાંઈ બોલ્યો નહિ. છેવટે તેને ઉશ્કેરવા માટે શ્રીહરિ માટે પણ અસભ્ય શબ્દો કહેવા માંડયા. આ સાંભળી મૂળજીને રીસ ચડી. તે તરત જ ચોરા ઉપર ચડયો અને કેડયેથી તલવાર કાઢી વેરાગીના મહંતને એક ઝાટકો માર્યો. મહંતના બે કટકા થઈ ગયા અને ચોરામાં બેઠેલા બાવાઓના અંતરમાં અગ્નિની જવાળા પ્રગટી. મૂળજી તો ત્યાંથી કૂદકો મારીને ભાગ્યો. બાવાઓ તેની પાછળ દોડયા.

અમરસિંહ દરબારની ઓસરીમાં મહારાજ જમવા બિરાજ્યા હતા. લાડકીબા પીરસતા હતા. મહારાજે ગઢની રાંગ ઉપર રીડિયા અને ગોકીરા સાંભળ્યા. મારો, કાપો..મૂળજીના કટકા કરી નાખો, સ્વામિનારાયણને પકડો..મહારાજે અમરસિંહને કહ્યું, કાંઈક ધમાલ થઈ હોય તેવું લાગે છે. અમરસિંહ પણ આ ગોકીરો સાંભળીને મૂંઝાયા. મહારાજે તરત જ ચળુ કરી લીધું ને અમરસિંહને કહ્યું, અમારો ઘોડો આ ઓસરી ઉપર લાવો.

અમરસિંહે મહારાજના ઘોડાને ઓસરી ઉપર ચઢાવ્યો. ઓસરી અને ગઢની રાંગ વચ્ચે પંદર હાથનું અંતર હતું. ઓસરી પણ ઉંચી અને પંદર-વીસ હાથ પહોળી હતી. મહારાજ ઘોડા ઉપર સવાર થઈ ગયા અને ઘોડાના પેટમાં પેંગડું માર્યું અને ઘોડો ઝાડ થઈ ગયો. ત્યાંથી કૂદ્યો અને ગઢની રાંગને ઓળંગીને દસ હાથ દૂર પડયો. મહારાજે તરત જ ચોકડું ઢીલું કર્યું, ઘોડાને લગામ મારી અને ઘોડો ત્યાંથી ગરૂડના વેગે ચાર પગે દોડયો. ગઢની રાંગને ઘેરીને ઉભેલા બાવા બધા મહારાજને જતા જોઈ રહ્યા. તેમણે જાણ્યું કે સ્વામિનારાયણને હવે આંબી શકાય તેમ નથી તેથી તેઓ હતાશ થઈ ગયા.

મૂળજીની પાછળ પડેલા બાવાઓ પણ મૂળજીના વેગથી તેમને કોઈ રીતે પકડી શકે તેમ નહોતા. તેથી ત્યાંથી જ બૂમ મારી : મૂળજી ! તું આગળ વધે તો તને સ્વામિનારાયણની આણ છે. આ સાંભળી મૂળજી ત્યાં જ ઉભા રહી ગયા. બાવાઓ પાસે આવી ગયા અને મૂળજી ઉપર તેમણે પ્રહાર કર્યો. મૂળજી ત્યાં ઢળી પડયા. બાવાઓ અમાનુષી ઉન્માદમાં પાછા ફર્યા.

મહારાજ તો બહુ દૂર નીકળી ગયા હતા. પરંતુ તેમણે દૂરથી આ જોયું. મૂળજી ભક્તને ઘવાયેલા જોઈને તેમનું હૈયું પણ ઉકળી ઉઠયું. જયાં મૂળજી પડયા હતા, ત્યાં મહારાજ આવ્યા. અશ્વ ઉપરથી નીચે ઉતર્યા. મૂળજી ભક્ત મહારાજનું સ્મરણ કરતા હતા. તેમના બધા જ ગાત્રો નિર્જીવ બની ગયા હતા. ફક્ત આંખમાં ચૈતન્ય હતું. મહારાજના દર્શન કર્યાં અને તેણે આંખો ઢાળી દીધી.

એટલામાં અમરસિંહ ભાટ તથા બીજા ભક્તો અને પાર્ષદો આવી પહોંચ્યા. મૂળજી મરાયા એટલે સૌના અંતરમાં ક્રોધાગ્નિ ભભૂકી ઉઠયો. પરંતુ મહારાજે તેમને શાંત કર્યા. મહારાજે તેમને કહ્યું, ધર્મના પ્રસ્થાપન માટે અધર્મનું જોર વૃદ્ધિ પામે છે. આવું બનતું આવ્યું છે માટે કોઈ શોક કરશો નહિ. આ કુગ્રામમાં આપણે હવે આવવું નહિ. એટલું કહી મહારાજ ત્યાંથી નીકળી ગયા.

પ્રસંગ : ૨૬

સરધારમાં માછલાને સમાધિ

શ્રીહરિ સરધારમાં પધાર્યા. અહીં શ્રીહરિ સંઘ સાથે તળાવે સ્નાન કરવા પધાર્યા. જળલીલા કરી સંતોને-સખાઓને ખૂબ આનંદ કરાવ્યો. બહાર નીકળી શરીર લૂછતાં શ્રીહરિએ કહ્યું, રામાનંદસ્વામીએ આ તળાવમાં ઘણીવાર સ્નાન કર્યું છે. વળી અમે પણ ઘણીવાર નાહ્યા છીએ. મહાપવિત્ર તીર્થ સમાન આ જળમાં જીવ-પ્રાણીમાત્ર જે કોઈ સ્નાન કરશે તે પરમગતિને પામશે.

શ્રીહરિની આ વાતથી ત્યાં એક આશ્ચર્ય બન્યું. જળમાં રેલા માછલાં, કાચબા પાણીની સપાટી ઉપર આવી ગયા. જાણે જડ બની ગયા હોય તેમ તે સૌ પાણી ઉપર તરવા લાગ્યા. આ જોઈ કોઈએ શ્રીહરિને પૂછ્યું, પ્રભુ આ માછલા પાણી ઉપર મડાની જેમ તરે છે તે મરી ગયા છે કે શું ? ત્યારે શ્રીહરિએ કહ્યું, એમને સમાધિ થઈ છે અને ભગવાનના દર્શનનું સુખ લે છે.

શ્રીહરિ સૌને સમાધિ કરાવે છે પરંતુ માછલા પણ આ રીતે જડવત્ બની પ્રભુના સુખનો આસ્વાદ માણી રહ્યા છે તે સૌને આશ્ચર્યમય લાગ્યું. મુક્તાનંદસ્વામી આગળ આવ્યા અને શ્રીહરિને કહ્યું, મહારાજ આ માછલાં પાણી ઉપર તરે છે પણ સમળા કે સિંચાણા તેમને મારી નાખશે માટે એમને સમાધિમાંથી જલ્દી બહાર લાવો.

શ્રીહરિ મુક્તાનંદસ્વામીની વાત સાંભળી હસ્યા. તેમણે કહ્યું, સ્વામી મારી ઈચ્છા વિના જો સૂકું પાંદડું પણ હાલી ન શકે તો આ માછલાંને કોણ મારનાર છે ? હું જેની રક્ષામાં છું તેનો ઘાતક કોણ કરી શકે ? શ્રીહરિના દિવ્યભાવનું સતત જાણપણું ન રહ્યું તેથી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિના ચરણકમળમાં તરત જ મસ્તક નમાવી દીધું. પછી કહ્યું, મહારાજ આપ સર્વકર્તા છો એ ભાવની દૃઢ નિષ્ઠા અમારા અંતરમાં અચળ રહે એવી કૃપા કરો. પ્રસંગે એ જાણપણું નથી રહેતું એ ખોટ છે.

શ્રીહરિએ કહ્યું, સ્વામી ! એ જાણપણું એ જ અક્ષરધામનું દ્વાર છે. જેટલો સમય એ જાણપણામાં તમે રહો એટલો સમય તમે બ્રહ્મરૂપ છો. માટે અખંડ સ્થિતિમાં રહેવાય તેવી દૃઢતા કરી દેવી. પછી શ્રીહરિએ માછલા તરફ જોયું અને તરત જ તેમનામાં ગતિ આવી.

પ્રસંગ : ૨૭

લાડુદાન ગઢવી - ૧૩૪

ભાવનગરના મહારાજ ઠાકોર વખતસિંહજી ગોહિલકુળના દિપક હતા. તેમને સમાચાર મળ્યા કે જૂનાગઢના નવાબ પાસેથી અનેક શિરપાવ લઈ ખાણ ગામના કવિ લાડુદાનજી ભાવનગર પધારે છે. તેમને પોતાના કવિતથી વખતસિંહજી બાપુને રિઝાવવા છે. વખતસિંહજી બાપુ આ સમાચાર સાંભળી પ્રસન્ન થયા.

બાપુ વખતસિંહજી લાડુદાનજીની બિરદાવલી સાંભળી અત્યંત પ્રસન્ન થયા. તેમને ગૌરવ થયું કે મહારાણા પ્રતાપના ગોહિલકુળમાં તેમનો જન્મ છે અને એ કુળને આજે તેઓ શોભાવી રહ્યા છે. તેમણે રાજુલાના સોનીને બોલાવીને કહ્યું, મહાજન ! આપણે કવિરાજને શિરપાવ આપવો છે. એટલે કડાં, વેઢ, વીંટીઓ, બાજુબંધ, પોંચીઓ વગેરે તૈયાર કરવા કવિરાજના અંગેઅંગનું માપ બરાબર લઈ લો.

મહાજન તરત જ કવિરાજ પાસે ગયા ને માપ લેવાનું શરૂ કર્યું. મહાજનના કપાળમાં ઉર્દ્વપુંડ્ર તિલક તથા તે મધ્યે ગોળ ચાંદલો જોઈ કવિરાજે પૂછ્યું, મહાજન શક્તિપંથી હોય તેના કપાળમાં કંકુની આડ હોય, શિવપંથીને ત્રિપુંડ્ર હોય અને વૈષ્ણવોને એકલું ઉર્દ્વપુંડ્ર હોય ત્યારે તમારા ક્પાળમાં આ બે પાંખડાંવાળુ અને વચ્ચે કચ્છ પ્રદેશની કોરી જેવડા કુમકુમના ચાંદલાવાળું આ નવીન ટીલું કયા પંથનું છે ?

વખતસિંહજી મહારાજે પણ કહ્યું, કવિરાજ ! ગઢડામાં ભગવાન પ્રગટ્યા છે. કાંઈક ધતિંગ ચલાવે છે અને આવા ભોળા એમાં ફસાય છે. આપ જેવા ગઢડા જઈ આ સહજાનંદની પરીક્ષા કરી તેનો ભ્રમ ઉઘાડો કરો તો ભોળા લોકો ફસાય છે તે બચી જાય.

કવિરાજે તરત જ કહ્યું, બાપુ અબઘડી જ ઉપડું..હવે એમાં વિલંબ ન હોય. આમાં તો હજારોનો કચ્ચરઘાણ નીકળી જાય. ભગવાનની ગાદીએ ચડેલાને તો પાડવો જ પડે. ત્રણ દિવસમાં તેમનું પોકળ ઉઘાડીને આપની સામે ખડો કરી દઉં. કવિશ્રીએ તે જ દિવસે જવાનું નક્કી કર્યું. કવિશ્રીએ પોતાના મામાને પણ ગઢપુર જવા માટે સાથે લીધા.

ત્યાં સોની મહાજન આવ્યા. કવિએ તેમને પૂછ્યું, કાંઈ માપબાપ લેવાનું બાકી રહી ગયું છે ? મહાજને કહ્યું, ના કવિરાજ..માપ તો બધુંય લઈ લીધું છે પણ ગઢડે પધારો છો ત્યાં આપનું માપ નીકળી ન જાય તે સંભાળજો. કવિશ્રીને આવું કહેનાર હજુ સુધી કોઈ મળ્યું નહોતું. તેમણે કહ્યું, ધ્રાંગધ્રા નરેશ મહારાજાધિરાજ શ્રી રણમલજી, જામનગરના રાજવી જસા જામ તથા જૂનાગઢના નવાબ બહાદુર હામીદખાનજી આ ત્રણેય અગ્રગણ્ય રાજવીના સન્માનનો મોરો મેળવીને હું આવું છું. ત્યારે આ ત્રણ બદામનો સોની સ્વામિનારાયણ આગળ મારું માપ નીકળી જશે એવું ક્હેવાની હિંમત કરે છે ! તેમણે તરત જ ભવાં ચડાવીને કહ્યું, મહાજન બોલવામાં કાંઈક વિવેક રાખો..ઘરેણાં ટીપીને ખાનારા તમે કવિને શું સમજો છો ?

મહાજન હાથ જોડી બોલ્યા, કવિરાજ હું તો એટલું જ કહું છું કે આજ મીઠાની પૂતળી સાગરનો તાગ કાઢવા જાય છે, તેની શી વલે થશે તે તો તે જાણે. આ સાંભળીને કવિને એકદમ પારો ચઢી ગયો.

ગઢપુર જેમ જેમ નજીક આવતું ગયું તેમ તેમ કવિશ્રીના મનમાં વિચારો ઘોળાવા લાગ્યા. ખરેખર ભગવાન હશે તો ? કયે લક્ષણે તેમને ઓળખવા ? એ ખરેખર મૂંઝાવા લાગ્યા. તેમની કવિત્વશક્તિ, વિદ્વત્તાનું અહમ્, પ્રતિષ્ઠાનો ગર્વ બધું જ જાણે અંતરમાંથી સરી જતું હોય તેમ લાગ્યું. ભગવાનને ઓળખવા માટેની તેમની પાસે બુદ્ધિ નથી, શક્તિ નથી. અંતરમાં ભગવાનને માત કરવાના તેમના સંકલ્પો હતા તે ટળી ગયા અને હવે તેમને ઓળખવાના સંકલ્પો થવા લાગ્યા.

છેવટે તેમણે વિચાર્યું જો સ્વામિનારાયણ ખરેખર ભગવાન હોય, તો તે અંતર્યામી હોવા જોઈએ. તેમના ચરણમાં સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે સોળ ચિહ્નો પણ હોવા જોઈએ. તેમને હજું એક વધુ સંકલ્પ થયો. તેમને લાગ્યું કે આ સંકલ્પ સિદ્ધ થવો કઠણ છે. તેમણે ધાર્યું કે સ્વામિનારાયણના કંઠમાં ગુલાબનો હાર હોય અને તે મને મારું નામ લઈ બોલાવીને હાર પહેરાવે. તેમને આ સંકલ્પ થયો ને તે હસ્યા..આ ઋતુમાં ગુલાબ ક્યાંથી કાઢશે ? છતાં હજુ પણ તેમનો મનનો ઘોડો તેમના અશ્વના વેગથી પણ વધુ ઝડપથી દોડતો હતો. તેમને વિચાર આવ્યો. કાળા કામળા ઉપર શ્રીમદ્ ભાગવત પધરાવી પૂર્વમુખે બેસીને તેની કથા કરતા હોય.

આ સંકલ્પથી તેમને સંતોષ થયો. મંત્ર, જંત્ર, મેલીવિદ્યા કે ભૂત-ભૈરવની સાધનાવાળાને ભાગવત સાથે કાંઈ લેવાદેવા ન હોય. એટલામાં ગઢપુર આવી ગયું. કવિશ્રી અને તેમના મામા બાપુ એભલખાચરના દરબાર તરફ ચાલ્યા. કવિશ્રીનો પોશાક રાજવીને પણ શરમાવે તેવો હતો.

એભલખાચરના દરબારમાં શ્રીહરિ નિંબતરુ નીચે રંગત પાટ ઉપર પૂર્વમુખે બિરાજમાન થયા હતા. શ્રીહરિના કંઠમાં ગુલાબનો હાર હતો. તેમની સન્મુખ નાનો બાજોઠ હતો. તે ઉપર કાળો કામળો પાથર્યો હતો. તે ઉપર શ્રીમદ્ ભાગવતનું પુસ્તક હતું અને શ્રીહરિ તેમાંથી રહસ્યના અધ્યાયો સમજાવતા હતા.

બરાબર તે જ સમયે લાડુદાનજી અને તેમના મામાએ દરબારગઢમાં પ્રવેશ કર્યો. એભલખાચર તેમને હાથ પકડીને મહારાજ પાસે લઈ આવ્યા. કવિશ્રીના નેત્રો શ્રીહરિની મૂર્તિ જોતા તેમના સ્વરૂપમાં સ્થિર થઈ ગયા. તેમણે જોયું કે શ્રીહરિના કંઠમાં ગુલાબનો હાર હતો. કાળા કામળા ઉપર ભાગવત હતું,

પૂર્વાભિમુખે શ્રીહરિ બિરાજમાન હતા. જાણે તેમની સાથે પૂર્વની ઓળખાણ હોય તેમ સ્મિત વેરતા શ્રીહરિએ તેમને બોલાવ્યા, આવો લાડુદાનજી..એમ કહી પોતાના ગળામાં પહેરેલો ગુલાબનો હાર તેમને પહેરાવ્યો.

અને શ્રીહરિએ એભલબાપુને કહ્યું, બાપુ આ બહુ મોટા રાજકવિ છે. કચ્છમાં ૧૪ વર્ષ રહી પિંગળ શીખ્યા, મહારાવનો સરપાવ પામ્યા, ધ્રાંગધ્રા, જામનગર, જૂનાગઢ અને ભાવનગરના રાજવીઓને પણ તેમની કાવ્યશક્તિથી મુગ્ધ કરી દીધા છે. રાજવીને છાજે તેવી રીતે તેમની બરદાસ્ત કરો.

લાડુદાનજીને લાગ્યું કે મીઠાની પૂતળી ઓગળતી જાય છે. તેમના મામા તો ભાણેજ સામે જોઈ જ રહ્યા. તેમને હવે બીક લાગી કે આ સ્વામિનારાયણ મારા ભાણેજ ઉપર કાંઈ કામણટૂમણ તો નહિ કરે ને ? તેઓ મા જગદંબા, મા અંબાના જાપ જપવા લાગ્યા.

એટલામાં શ્રીહરિ તકિયે ઓઠિંગણ દઈને બિરાજ્યા અને પોતાના બંને ચરણ પ્રસાર્યાં. કવિશ્રીએ બંને ચરણોને ધારી ધારીને નિરખ્યા. સામુદ્રિક શાસ્ત્રના જાણતલ કવિએ શ્રીહરિના ચરણના ચિહ્નો ઓળખી લીધા. તેમનાં અંતરના ઉંડાણમાંથી પંક્તિઓ નીકળવા માંડી ‘આજની ઘડી રે ધન્ય આજની ઘડી..નેણે નીરખ્યાં સહજાનંદ ધન્ય આજની ઘડી..’ સભા આશ્ચર્યવત્ કવિશ્રી લાડુદાનજીનું પરિવર્તન નિહાળી રહી. કવિશ્રીના મામા ભાણેજનું આ પરિવર્તન જોઈ ઝંખવાણા પડી ગયા.

આજ ભાવવિભોર દશામાં મહાકવિને શ્રીહરિની કૃપાથી સમાધિ થઈ. સમાધિમાં તેમને શ્રીહરિના દિવ્ય અક્ષરધામના દર્શન થયા. ચોવીસ અવતારો પ્રગટ થઈ પાછા શ્રીહરિમાં સમાઈ ગયા એવા દર્શન થયા. સમાધિસ્થિતિમાં કવિશ્રીને જોઈ તેમના મામાની મૂંઝવણ વધી ગઈ. શ્રીહરિએ તેમને કહ્યું, ભાણાને કાંઈ થયું નથી માટે મૂંઝાશો નહિ.

પણ મામાની મૂંઝવણ વધી ગઈ. તેમણે શ્રીહરિને કહ્યું, ભાણાને બેઠો કરો નહિ તો અમે ચારણ જાત્ય, અહીં ત્રાગું કરીશ. એમ કહીને તેમણે ભેઠમાંથી રૂપે મઢેલો મારવાડી કટાર કાઢ્યો ને ગળે અડાડ્યો. સભામાં હાહાકાર થઈ ગયો. પરંતુ મામાનો કટાર ગળાને ઘસરકો લીધા સિવાય તેમના હાથમાં જ સ્થિર થઈ ગયો. તેમના નાડીપ્રાણ ખેંચાઈ ગયા. એટલામાં કવિશ્રી સમાધિ અવસ્થામાંથી જાગ્યા. તેમણે શ્રીહરિના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ કર્યા. શ્રીહરિ તેમને ઉભા થઈને ભેટ્યા. તેમની બંને આંખોમાંથી હર્ષાશ્રુ ચાલ્યા જતા હતા. તે ભાવવિભોર સ્થિતિમાં બોલ્યા, આજ સ્વરૂપમાંથી ચોવીસ અવતારોને મેં નીકળતા જોય ને પાછા સૌને લીન થતા પણ જોયા. પ્રભુ આપે મને ન્યાલ કરી દીધો. શ્રીહરિએ તેમને કહ્યું, કવિરાજ આ પ્રસંગ, આ સ્વરૂપ હૈયામાં જડી દેજો.

સાંજની સભામાં શ્રીહરિએ કવિશ્રીને કહ્યું, પ્રભુનાં અવતારચરિત્રોનું જે નવું કાવ્ય આજે તમે રચ્યું છે તે સંભળાવો. કવિશ્રીને આ સાંભળી આશ્ચર્ય થયું. તેમને લાગ્યું કે અહીં તો આશ્ચર્યોની પરંપરા છે. સમગ્ર સભા તે દિવ્ય આનંદમાં મુગ્ધ બની ‘સો સહજાનંદરૂપ સહી..’ એ ઉદ્‌ઘોષમાં બરખાસ્ત થઈ.

શ્રીહરિને લાગ્યું કે કવિશ્રીને પોતાના સ્વરૂપનો નિશ્ચય થયો હતો, લગની પણ લાગી હતી પરંતુ આ લોકની મોટપનો સ્વાદ ચાખ્યો હતો તેનો ભાવ તેમના અંતરમાંથી ગયો નહોતો. તેમના રાજવી પોશાકમાં રજોગુણનો, એ મોટાઈનો ભાવ પ્રગટ થતો હતો. શ્રીહરિએ તેમને બોલાવી ગંભીર વદને કહ્યું, કવિરાજ તમે આવ્યા, અમને આનંદ થયો. મોટા મોટા રજવાડાઓમાં તમારી જે પ્રતિષ્ઠા જામેલી છે તેના ભારથી તમો અમારા એક વ્યવહારિક કામનો ઉકેલ લાવી દ્યો. તેમણે કહ્યું, પ્રભુ ! જે આજ્ઞા કરશો તે કરીશ.

શ્રીહરિએ તેમને કહ્યું, બાપુ એભલખાચરની બે પુત્રીઓ છે. ત્યાગીના જેવા વેષ રાખે છે. તેથી લોકમાં અમારું ભૂંડું દેખાય છે. તેમને તમે જો ઉપદેશ આપો તો કાંઈક લોકની રીતે રહેતાં થાય. કવિશ્રીને તેમની મોટપ અને ડહાપણના હિસાબે આ વાત વિસાત વગરની લાગી. તેમણે કહ્યું, મહારાજ ! આ કામ તો ચપટીમાં પતી જશે. શ્રીહરિ આ સાંભળી પ્રસન્ન થયા.

બીજે દિવસે લાડુબા ને જીવુબા સાથે કવિશ્રીની મુલાકાત થઈ. અક્ષરધામના મહામુક્ત સ્વરૂપ આ બંને બહેનોના સાન્નિધ્યમાં કવિશ્રીને પાછી ગૂંગળામણ થવા લાગી. હજું તો કાંઈ વાતો શરૂ થઈ નહોતી છતાં કવિશ્રીને લાગ્યું કે તેમની વિદ્વત્તા, ચતુરાઈ અહીં ઓગળી જતા હતા. તે કોઈ વાત શરૂ કરે તે પહેલા જીવુબાએ કહ્યું, કવિરાજ કેમ અમારે ઓરડે પધારવાનું થયું ? કવિએ કહ્યું, મહારાજની આજ્ઞા હતી કે લોકવહેવારમાં મળતી રીત રાખીને પ્રભુ ભજવા એવું તમને બહેનોને સમજાવવું, એટલે બા, આવવું થયું છે. આપણે તો આપણા ઈષ્ટદેવની લાજ રાખવી જોઈએ, ગૃહસ્થના ધર્મ પ્રમાણે પહેરવું, ઓઢવું, ગૃહસ્થાશ્રમ કરવો એ ફરજી સમજીને તેમ વર્તવામાં મા-બાપની અને ઈષ્ટદેવની લાજ વધે છે.

તેઓ બોલી રહ્યા એટલે જીવુબાએ કહ્યું, કવિરાજ અનંત જન્મમાં એ કરીને જ આવ્યા છીએ. તેમાંથી છૂટવાનો અવસર આવ્યો ત્યારે રૂપની સજાવટ કરવી, સંસાર માણવો એવો ઉપદેશ તમે વિદ્વાન થઈને આપો છો ? પૂર્ણ પુરુષોત્તમ સાક્ષાત્ મળ્યા પછી સંસારનો મોહ શા માટે ? રજોગુણી બની, દેહ સજાવી, તેના મોહમાં તેના અભિમાનમાં ફૂલાવું ? દેહ તો વિષ્ટાની ખાણ છે અંતે નાશ થઈ જશે. શ્રીહરિની ભક્તિ કરી મોક્ષ સાધવાના સાધનરૂપે જ તે આપણને મળ્યો છે. શા માટે તેનો ઉપયોગ ન કરી લેવો.

ફરી એકવાર કવિશ્રીને અનુભવ થયો. તેમને થયું કે તેમના વ્યવહારીક ડહાપણના શબ્દો અહીં છીછરા થઈ જશે. જગતથી વિરક્ત થવાશે તો જ શ્રીહરિના સ્વરૂપનો આનંદ મળશે. મોટીબાના શબ્દોના ઉંડાણમાં તેમણે ડૂબકી મારી. તેમને લાગ્યું કે તેમનું બાહ્ય કલેવર ખોવાઈ ગયું છે. આંતર કલેવર જીવુબાએ તેમને શોધી આપ્યું છે. ઉપદેશ દેવા આવ્યા હતા પણ ઉપદેશ લઈને કૃતકૃત્ય થયા હોય એવું તેમને લાગ્યું. કવિના અંતરમાંથી જગતના તમામ ભાવો સરી પડયા. કવિશ્રી સીધા મહારાજ પાસે ગયા અને પોતાનો તમામ વેશ, ઘરેણા કાઢી મહારાજ સન્મુખ મૂકી દીધા. અને મહારાજને કહ્યું, મહારાજ આપે સીધો ઉપદેશ ન આપ્યો. બાશ્રી દ્વારા કહેવડાવ્યું. આજે આ રજોગુણી ઠાઠ, આ અલંકારો બધું આપના ચરણમાં..હવે મને સાધુની દિક્ષા આપો. મહારાજ તેમની વાત સાંભળી હસ્યા.

કવિશ્રીને ત્યારપછી શ્રીહરિએ કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં હાલ જ્યાં અક્ષર ઓરડી છે ત્યાં વેદી કરાવી વેદોક્તવિધિપૂર્વક દિક્ષા આપી. જીવુબા લક્ષ્મીજીનો અવતાર હતા. તેમના ઉપદેશથી કવિને આ રંગ લાગ્યો તેથી શ્રીહરિએ તેમનું નામ શ્રીરંગ પાડ્યું. ને પાછળથી બ્રહ્માનંદ એવું નામાભિધાન પણ કર્યું.

(બ્રહ્માનંદસ્વામી લાડુદાનજી તરીકે જ્યારે ગઢપુર આવ્યા ત્યારે તેમને શિરપાવમાં મળેલી મિલ્કતની યાદી આ પ્રમાણે હતી : ૧૧,૦૦૦ નગદ રોકડા, ૨૨,૦૦૦ની જામશાહી તથા દિવાનશાહી કોરીઓ ૯૦,૦૦૦ રોકડી, જામશાહી સોનાની સોનામહોરો ૧૦૧, સોનાના જડાવ દાગીના, હીરા, મોતી, માણેક

વગેરેના ટુપીઆઓ, હાર, સોનાના ત્રોડા, બેડીઓ, કડાં, વેઢ, વીંટીઓ, શિરપેચો, હમેલ, આશાલાકડી, તેમજ ઉંટ ઘોડાના સોના રૂપાના દાગીનાઓ, પોશક પહેરામણીના કિંમતી સોનેરી વસ્ત્રો, પાઘ, શાલ, દુશાલાઓ, વાહનોમાં સોળ ઘોડા, સાત ઉંટ, ચાર બળદ, એક શિગરામ ગાડી, એક બેલ ગાડી, ૫૦ સેવકો, ૨૫ શિરબંધી અંગરક્ષકો, ૨૫ વાહનવાળા આટલી મિલ્કત મૂકીને તેઓ ગઢપુર આવ્યા હતા.)

પ્રસંગ : ૨૮

આ લીમડાના ઝાડ નીચે ભવિષ્યમાં ભગવાન બેસશે - ૧૩૭

દરબાર એભલખાચર કાંઈક કામ પ્રસંગે બાબરિયાવાડ ગયા હતા. ફરતાં ફરતાં ઉમેદ ગામમાં આવ્યા. ત્યાં લાખા આહિરની વાડીએ આવી તેમણે ઘોડી છોડી અને હાથ-મોઢું ધોઈ પાણી પીધું. લાખાએ બાપુ જાણી ઝાડ નીચે ખાટલો ઢાળી દીધો. બાપુ એભલખાચર ખાટલામાં આડા પડ્યા હતા. તે વખતે ત્યાં આત્માનંદ સ્વામીના શિષ્ય વિઠ્ઠલાનંદ અને બાલાનંદ પણ આવ્યા હતા. તેમણે લાખા આહિરને કહ્યું, લાખા ! આ લીંબડાનો છોડ કોણે રોપ્યો ? લાખાએ કહ્યું, બાપુ બે દિવસ પહેલા મેં જ રોપ્યો છે.

તે સાંભળી વિઠ્ઠલાનંદ હસ્યા..લાખો આ મર્મ સમજી શક્યો નહિ. તેને તે સમજવા જેવી વાત ન લાગી તેથી તે તો ત્યાંથી ઉઠતો હતો. એટલામાં વિઠ્ઠલાનંદે કહ્યું, લાખા ! આ લીમડા નીચે ભગવાન બેસશે. આ વાત છેટે ખાટલામાં સૂતા સૂતા બાપુ એભલખાચરે સાંભળી. પ્રભુભક્તિના રસમાં રંગાયેલા બાપુને આ સાંભળી તાલાવેલી લાગી. લાખાને એવો કાંઈ વિચાર કરવાની ત્રેવડ નહોતી. તેના મનમાંથી પણ આ શબ્દો સરી ગયા હતા. આ નાના રોપડા નીચે ભગવાન બેસશે ! તેને બાવાજીની વાતમાં વધુ તથ્ય લાગ્યું નહિ. બંને બાવાજી તો થોડીવાર પછી ત્યાંથી ચાલી ગયા.

બાપુ એભલખાચરે ઉઠવાની તૈયારી કરી. ઘોડી છોડી અને લાખાને બોલાવ્યો. તેણે લાખાને કહ્યું, લાખા આ રોપડું હું લઈ જાઉં છું..તેને લાગ્યું કે બાપુ રોપડું લઈને રાજી થતા હોય તો ભલે લઈ જાય. આનાકાની કરીશ વળી થોટથપાટ કરશે. તેણે કહ્યું, ભલે બાપુ.

તરત જ એભલખાચરે ઘોડીનો પાવરો સાફ કર્યો અને તેમાં માટી સહિત લીંબડાનો રોપ કાઢી મૂકી દીધો. ઘેર આવીને તેમણે તેમના ફળિયામાં આ રોપ રોપ્યો. તેમાંથી મોટું નિંબવૃક્ષ થયું અને શ્રીહરિ ત્યાં આવી તેની નીચે બિરાજ્યા.

પ્રસંગ : ૨૯

કાળા મકવાણાને શ્રીહરિ માયા બતાવે છે - ૧૫૦

શ્રીહરિ કારિયાણી પધાર્યા એટલે કાળા મકવાણાને સંકલ્પ થયો કે શ્રીહરિ તેના ઘરે પધારે તો સારું. પરંતુ દરબારગઢમાં પ્રભુના ઉતારા હોય ત્યાં કેમ કહેવાય કે પ્રભુ મારા ઝૂંપડામાં પધારો ? ગામના ચોરા પાસે તેનું ઝૂંપડું હતું. શ્રીહરિ સાંજે તેને ત્યાં પધાર્યા. તે જોઈ કાળા મકવાણાને ઘણો જ આનંદ થયો. રાતના તેની સ્ત્રી ઘરે આવી. તેણે તેની સ્ત્રીને કહ્યું, શ્રીહરિ માટે રોટલા બનાવી નાંખ્ય.

પણ શ્રીહરિએ કહ્યું, જે હોય તે જલ્દી લાવ..પછી તેને કહ્યું, તમે ક્યાં ગયા હતા ? તેણે કહ્યું, મહારાજ ! ચોરે નટ રમવા આવ્યા છે તે જોવા. આ વાત સાંભળી મહારાજ હસ્યા ને પૂછ્યું, નટ શું કરે ? અરે મહારાજ ! લોઢામાંથી સોનુ કરી દે. મહારાજે કહ્યું, તારી પાસે કોશ કોદાળી છે ? લાવ હું સોનુ કરી દઉં. એટલે તરત જ તેણે કોશ કોદાળી મહારાજને આપ્યા. મહારાજે બંને તેની ભીંતમાં ફેંક્યા. તે ત્યાં ચોંટી ગયાં. પછી મહારાજે તે ભીંતમાંથી કાઢ્યા તો બંને સાવ સોનાનાં ! કાળા મકવાણાને એ જોઈ આનંદ થઈ ગયો. તેની વહુ તો ગાંડા જેવી થઈ ગઈ. પછી મહારાજે તેને કહ્યું, સોનીને ત્યાં જઈને આના કટકા કરાવી લે, નહિ તો સાચવીશ ક્યાં ?

કાળો મકવાણો કોશ ને કોદાળી લૂગડામાં સંતાડીને સોનીને ત્યાં ગયો ને કટકા કરી આપવા કહ્યું. સાવ સોનાના કોશ ને કોદાળી જોઈ સોની બાઘા જેવો બની ગયો. તેણે કહ્યું, મકવાણા ! તું આને હમણાં ને હમણાં તારે ઘેર લઈ જા. મારે ત્યાં કોઈ જોશે તો મને મારી નાખશે.

કાળો મકવાણો મૂંઝાણો. તેણે ઘરે આવીને મહારાજને કહ્યું, મહારાજ આ બંનેને પાછા લોઢાના કરી દ્યો. આમાંથી તો મારું મોત નીપજશે. મહારાજ હસીને કહે, મકવાણા ! માયા તો મોત કરે તેવી જ છે. માટે તેને સાચવવી નહિ. પણ તેનો તો ત્યાગ જ કરવો. પછી તે બંને પાછા ભીંતમાં ફેંક્યા અને બંને લોઢાના થઈ ગયા.

શ્રીહરિએ પછી ડાયરામાં આવીને હસતાં હસતાં કહ્યું, કાળા મકવાણાને માયા બતાવીને આવ્યા. શ્રીહરિનો આ મર્મ તો કોઈ સમજ્યું નહિ. પરંતુ દેહાખાચરે કહ્યું, મહારાજ ! મકવાણો છે નિષ્ઠાવાળો. શ્રીહરિએ કહ્યું, તેથી તો તે માયામાં લોભાયો નહિ. પરંતુ ડાયરાને હજું ખરા રહસ્યની ખબર પડી નહિ. તેથી શ્રીહરિએ કહ્યું, બોલાવો મકવાણાને, પગથિયા ઉપર બેઠો છે. તરત જ મકવાણાને બોલાવ્યો. તેણે બધી વાત કરી. સૌને આશ્ચર્ય થયું કે સોનાના કોશ અને કોદાળીમાં મકવાણો લોભાયો નહિ. પણ ડાયરામાં એક ડાહ્યું માણસ બેઠું હતું. તેણે કહ્યું, મહારાજની નિષ્ઠા હોય એને બીજે ક્યાંય આસ્થા આવે જ નહિ.

બીજે દિવસે સાંજે શ્રીહરિ કાળા મકવાણાને લઈ ફરી કાળુભાર નદીએ આવ્યા. નદીમાં સ્નાન કરી ખૂબ દૂર નીકળી ગયા. એવામાં સંધ્યાટાણું થઈ ગયું. એ વખતે ગામમાં ઝાલરું વાગી તે સંભળાણી. મકવાણાએ શ્રીહરિને કહ્યું, મહારાજ ! હવે આપણે ઝટ ગામમાં જઈએ. મહારાજે પૂછ્યું, કેમ એવડી ઉતાવળ છે, કાંઈ બીક લાગે છે ? મહારાજ ! બીક તો નથી લાગતી પણ નટ રમવાના થિયા છે તે ઝાલર વગાડે છે. તે જો ગામમાં જઈએ તો નટની થોડી રમત જોઈએ. આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું, કાળા ! તને ઝાલર હું અહીં વગાડી દઉં તો ?

અરે મહારાજ અહીં ઝાલરે નથી ને ડંકોય નથી. ક્યાંથી વગાડતા'તા ? એટલામાં મહારાજ એક ધાર ઉપર ચડી ગયા. ત્યાં ઘણા મોટા મોટા પથ્થર પડ્યા હતા. મહારાજે મકવાણાને કહ્યું, મકવાણા ! અહીં આવ.. જો આ મોટા પથ્થર ઝાલર જેવો વાગે છે.

કાળો મકવાણો ઉપર આવ્યા. એક પથ્થર લઈ ત્યાં પડેલા એક મોટા પથ્થરને તેણે અડાડ્યો તો અસલ ઝાલર જેવો અવાજ તેણે સાંભળ્યો. ફરી વગાડ્યો, એવો જ અવાજ ફરી સંભળાયો. બે-ત્રણ વાર વગાડ્યો. અસલ ઝાલર જ વાગતી તેણે સાંભળી. પછી બીજા બે-ત્રણ પથ્થર તેણે વગાડ્યા પણ સાવ બોદા લાગ્યા. મહારાજ હસ્યા..તેમણે કહ્યું, કાળા ! આ મોટા નટ તો તારી સામે બેઠા છે. પછી બીજે ક્યાં જોવાનું છે ? કાળો મહારાજના પગમાં પડી ગયો.

પ્રસંગ : ૩૦

શ્રીહરિ એકાંતમાં જીવુબા-લાડુબાની સાથે - ૧૬૩

ગોદોહન માત્ર જે એક સ્થળે રહ્યા નથી તે મહારાજ ગઢપુરમાં ત્યાંના હરિભક્તોના પ્રેમને વશ થઈને રહ્યા. બાપુ એભલખાચર તથા તેમની પુત્રીઓના ભાવ, તેમની પ્રેમલક્ષણા ભક્તિ અને ઉપરાંત તેમના નિષ્કામધર્મના પાલનથી તેઓ અતિ પ્રસન્ન થઈ ગયા હતા. તેથી તેમને અહીં રહેવું ગમતું હતું. ઘણી વખત તો એમ લાગતું કે કેવળ દાદાખાચર અને તેમના બહેનો જીવુબા તથા લાડુબાની ભક્તિથી ખેંચાઈને જ શ્રીહરિ પૂર્વમાંથી પશ્ચિમમાં પધાર્યા હતા.

મહારાજ જીવાખાચરના દરબારમાં દસ દિવસ રહ્યા તે દરમ્યાન તેઓ બપોરે એભલખાચરના દરબારમાં પણ પધારતા. એભલખાચર દરબારમાં ઓછું રહેતા અને તેમની વાડી તથા બીડમાં ઘણું ખરું રહેતા. તેથી દરબારમાં કેવળ જીવુબા અને લાડુબા જ શ્રીહરિની વાતો સાંભળતા.

શ્રીહરિ આવી રીતે એકાંતમાં જીવુબા લાડુબા સાથે બેસે છે તેમ લોકવાયકા શરૂ થઈ. બાપુ એભલખાચરના ભાયાતોએ આ પ્રસંગને અવળી રીતે વટાવવાનું ધાર્યું. તેઓ બાપુને મળવા બીડમાં જવા લાગ્યા. બીડમાં મહેફિલો થવા લાગી. દરબારગઢમાંથી રોટલા, દૂધ, દહીં, માખણ, શાક, રાઈતા, અથાણા, પાપડ વગેરે આવે ને ભાયાતો ભેળા બાપુની સરભરાનો લાભ લે.

એક વખત બાપુની ભોળપનો લાભ લઈ ભાયાતોએ મમરો મૂક્યો : બાપુ તમે તો અહીં પડયા ને પાથર્યા રહો છો પણ દરબારગઢમાં શું થાય છે એ જાણો છો ? બાપુ તો ચમક્યા ને કહ્યું, કેમ ભા, આવું અવળું બોલો છો ? અવળુ નથી બાપુ ! પણ જુવાનજોધ દીકરીઓ અને ઉત્તર હિંદુસ્તાનમાંથી આવેલો જુવાન બાવો ભેળા બેસી ગોષ્ઠિ કરે, જેની નાતજાત કોઈ ન જાણે તેવા સાથે કાંઈ એકાંતમાં ગોષ્ટી હોય ? કોઈ વખત એબ લાગી જશે એબ..ભાયાતોએ બાપુના અંતરમાં વિષ રેડ્યું.

બાપુ આ સાંભળી વિચાર કરતા થઈ ગયા. અનેકવાર તેમને સમાધિમાં દિવ્ય દર્શન થયા. તેમના સંબંધથી અંતરના મેલ ધોવાઈ ગયા. તે શ્રીહરિ સાક્ષાત્ પરમાત્મા છે અને આ તો કેવળ બાવા સમજે છે. વળી, દિકરીયું સાથે એકાંત કરે છે એવું અવળું બોલે છે.

બાપુને વિચાર કરતાં જોઈ ભાયાતોએ ફરી કહ્યું, આપણી કાઠીની દીકરીયું ને આવા બેસણાં ના શોભે બાપુ. ભલે લોકો એને ભગવાન માને પણ કોણ જોવા ગયું છે એની નાત, જાત, દેશ ? એતો ભગવાનની ગાદી ખાલી પડી હોય એટલે સૌને ત્યાં બેસવાનું મન થઈ જાય. આવા કળિકાળમાં ભગવાન કેવા ?

જેમ જેમ આ શબ્દો બાપુના અંતરમાં પેસતા ગયા તેમ તેમ તેમનું મન ચકડોળે ચડતું ગયું. તેમનું મન શ્રીહરિ માટે આવા કોઈ સંકલ્પો કરવા તૈયાર નહોતું પણ ભાયાતોએ તો આજ ખરેખરી માંડી હતી. તેમણે બાપુના અંતરમાં વિષ પ્રસારી સહજાનંદનો કાંટો ગામમાંથી કાઢવો હતો. બાપુ હવે બેઠા નો રેવાય. ઈ તો એક ઘા ને બે કટકા..કાં ઈ બાવો નહિ કાં દીકરીયું નહિ..

અને બાપુના અંતરમાં ઝાળ લાગી. તેમણે ભેટે ઝૂલતી તલવાર જરા ઠીક કરતાં કહ્યું, તમે સાચું ભણો છો ભા ! ખબર તો લેવી પડે. એટલું કહીને ઘોડી તૈયાર કરવા કહ્યું. તેમના અંતરમાં રોષની જ્વાળા પ્રસરતી ગઈ. અંતરમાં તમોગુણનો ભાવ સંપૂર્ણપણે પ્રગટ થવા લાગ્યો. શુદ્ધ ગુણાતીત સ્થિતિ ન થઈ હોય ત્યાં સુધી આવા કુસંગના સંબંધે રજોગુણ તમોગુણના વેગ ઉપડે ને અંતરને ભ્રષ્ટ કરી નાખે. એભલ બાપુમાં અત્યારે કાંઈ પણ વિચાર કરવાની શક્તિ ન રહી.

એભલ બાપુ ધૂંવાપૂંવા થતા દરબારગઢમાં આવ્યા. તેમણે ડેલીએ આવતાંવેંત જ દરવાનને પૂછ્યું, કુંવરીઓ સાથે અત્યારે કોણ બેઠુ છે ? તરત જ દરવાને બે હાથ જોડીને કહ્યું, મહારાજ પધાર્યા છે અને દરબારમાં કથાવાર્તા થાય છે. બાપુને ભાયાતોની વાત સાચી લાગી. તેમણે તરત જ તલવાર ઉપર હાથ નાખ્યો ને દરવાનને કહ્યું, જા ખબર આપ કે બાપુ આવે છે. દરવાન ગભરાતો ગભરાતો દરબારમાં ગયો.

દરબારમાં મહારાજ હિંડોળાખાટ ઉપર બિરાજ્યા હતા અને જીવુબા, લાડુબા તથા અન્ય સ્ત્રીઓ નીચે બેસીને મહારાજની વાતો સાંભળતી હતી. દરવાને જીવુબાને બોલાવી કહ્યું, બાપુ પધાર્યા છે, મોઢું ફરી ગયું છે ને મહારાજને કે તમને કાંઈક કરી બેસે એવી બીક લાગે છે. જીવુબાને આ સાંભળી મૂંઝવણ થઈ. તેમણે મહારાજને કહ્યું કે, મહારાજ ! બાપુના અંતરમાં કોઈએ ઝેર રેડયું લાગે છે. બીડમાંથી ખિજાયેલા આવ્યા છે તો આપ ડેલીએથી ન જતાં પાછલા રસ્તેથી હમણાં જ નીકળી જાઓ.

શ્રીહરિ હસ્યા ને કહ્યું, બા ! બાપુ અમને કાંઈ નહિ કરી શકે. અમે તો ડેલીએથી જ જાશું. એમ કહી મહારાજ ઉઠયા ને જમણા હાથમાં રૂમાલ લઈ ચટકંતી ચાલે ડેલીએ આવ્યા. બાપુ હાથમાં તલવાર લઈને તૈયાર જ ઉભા હતા. એક જ ઝાટકાની વાર હતી એવો એમને વેગ હતો. ત્યાં મહારાજ પધાર્યા ને બાપુએ તલવાર ઉગામી, દરવાની બાપુનો હાથ પકડવા જાય છે ત્યાં તો બાપુનો હાથ જ સ્થિર થઈ ગયો. તલવાર ઉગામેલી અદ્ધર રહી ગઈ. અને બાપુને શ્રીહરિના સ્વરૂપમાં વિષ્ણુના ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન થયા. બાપુ આ દિવ્ય દર્શનથી સ્થિર થઈ ગયા. તેમની આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યા. તેમના હાથમાંથી તલવાર પડી ગઈ અને બે હાથ જોડી દીધા.

એભલ બાપુ મહારાજના પગમાં પડી ગદ્ગદ કંઠે બોલ્યા : પ્રભુ તમે તો સાક્ષાત્ ભગવાન છો. ભગવાન તમને જાણ્યા હતા, મને અનુભવ પણ કરાવ્યો હતો છતાં મારું મન ભમી ગયું. મહારાજ મારા ગુના માફ કરો.. શ્રીહરિએ તેમને માથે બે હાથ મૂકીને કહ્યું, બાપુ ! તમારા બધા ગુના માફ..એ તો જ્યાં સુધી મન સ્થિર ન થાય, ત્યાં સુધી આવા ભાવો અંતરમાં ઉઠે અને પાછા શમી જાય. પુરુષોત્તમમાં જોડાવવામાં સંગ અનેક પ્રકારે અંતરાય કરે છે, માટે સંગ ઓળખી રાખવો. એટલું કહી મહારાજ ચાલવા લાગ્યા.

પણ બાપુએ મહારાજનો હાથ પકડયો. મહારાજ ! તમે નિરંતર મારા દરબારમાં રહો. મારો દિકરો દાદો, મારી દીકરીયું અને હું અમે બધા તમારા છીએ. તેમનો ભાવ જોઈ મહારાજ ઉભા રહ્યા ને કહ્યું, બાપુ ! તમારો દિકરો એ અમારો છે અને તમારી દીકરીયું એ અમારી દીકરીયું છે. અમે તમારે ત્યાં અખંડ રહેવા માટે જ ગઢપુરમાં આવ્યા છીએ.

<u>પછી કહ્યું, બાપુ ! આ દરબારગઢમાં પાછળ જે ઓરડી છે, જ્યાં અમે રહીએ છીએ તે જેવું બીજું કોઈ સ્થાન નથી. તેને અમે અક્ષર ઓરડી કહીશું કાં જે અમારે રહેવાનું જે ધામ છે તે પણ અક્ષરધામ તરીકે ઓળખાય છે. માટે ત્યાં જ રહેવું છે.</u>

<u>પ્રસંગ : ૩૧</u>

<u>શ્રીહરિ એભલ બાપુને પૂર્વજન્મ કહે છે</u>

મહારાજે એભલબાપુને કહ્યું, બાપુ સાંભળો. તમારા દાદી રાણદેબાઈને આત્માનંદ સ્વામીના શિષ્ય મેમનાથે વર આપ્યો તેથી તમારો પરિવાર પાંગર્યો છે. તમારા દાદા કર્ણનો અવતાર હતા. તેમને કૃષ્ણનો પક્ષ ન હતો તેથી અસદ્ગતિ થઈ હતી. આત્માનંદસ્વામીના સંબંધે તેમની સદ્ગતિ થઈ.

પછી બોલ્યા, એભલબાપુ ! મેમનાથજીએ કહ્યું હતું કે તમારા ઉન્નડ બાપુને જે પુત્ર તેમના આશીર્વાદથી થશે તે બાવાખાચર અને તેમના પુત્ર તમે પરીક્ષિતના અવતાર છો. પરંતુ શ્રીકૃષ્ણના ચરિત્રમાં તમને સંશય થયો તેથી તમારે જન્મ લેવો પડયો. આજે હવે તમને મારો સંબંધ થયો છે તેથી તમારો મોક્ષ થશે પણ સંશય કરવાનો સ્વભાવ હવે રાખશો નહિ. આ તમારી બે પુત્રીઓ તે રાધા અને લક્ષ્મીનો અવતાર છે અને તમારો પુત્ર ઉત્તમકુમાર એ નરઋષિનો અવતાર છે. તમારા તથા તમારા પરિવારના પૂર્વજન્મની વાત એટલા માટે કહી કે તમને હવે ભવિષ્યમાં કોઈની પણ વાત સાંભળીને ભ્રમ થાય નહિ. તમારા આ પુત્ર અને પુત્રીઓ તમારે ઘેર જન્મ્યા છે તે તમારા અહોભાગ્ય છે. માટે એમને વિષે સદા દિવ્યભાવ રાખજો.

આ સાંભળી એભલખાચર દિગ્મૂઢ થઈ ગયા. અને કહ્યું, મહારાજ ! આપે કહી એ વાત શબ્દેશબ્દ સાચી છે. મારા દાદી રાણદેમાએ પણ મને આ વાત કહી હતી પણ હું તે વખતે બધું ખોટું માનતો હતો. આપણા મનને રાજી રાખી ભગવાનમાં વાળવા માટેની આ બધી વાતું છે તેવું સમજતો. પણ આપે મને એ જ વાત કહી. આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો તેથી આપનાથી કાંઈ અજાણ્યું હોય નહિ.

પ્રસંગ : ૩૨

ગઢપુરમાં વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા-૧૭૨

શ્રીહરિ ગઢપુરમાં બિરાજતા હતા ને એક પરદેશી સલાટ પથ્થરની બે મૂર્તિઓ લઈને આવ્યો. એક મૂર્તિ ભગવાન વાસુદેવની ચતુર્ભુજ સ્વરૂપ હતી. તે મોટી હતી. અને બીજી નાની મૂર્તિ શેષશાયીનું સ્વરૂપ હતી. મહારાજ આ બંને મૂર્તિઓ જાઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું, એ મોટી વાસુદેવની ચતુર્ભુજ મૂર્તિ છે તે અમારું સ્વરૂપ છે. માટે તેની અહીં પ્રતિષ્ઠા કરીશું જેથી તમને ક્યારેય હું ગયો છું એવું ન મનાય. શ્રીહરિએ ઉત્તરાદા બારના ઓરડામાં વાસુદેવનારાયણની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનું વિચાર્યું. અને એભલબાપુને કહ્યું, સારા વિદ્વાન જોષીને બોલાવો તો આપણે મુર્હૂત જોવરાવીએ.

બાપુએ તરત જ રામચંદ્ર જોષીને બોલાવ્યા. રામચંદ્ર જોષી પંચાગં કાઢી મુર્હૂત જોવા લાગ્યા. આંખનાં ચશ્મા નાકની દાંડી ઉપર આવી ગયા. આંગળી વેઢા ગણતી સ્થિર થઈ ગઈ. મહારાજે તેમને પૂછયું, જોષી કેમ મૂંઝાઈ ગયા ? જોષીએ હસીને કહ્યું, આ બધા ગ્રહો કહે છે કે જેમને બેસવું છે તેમને જ પૂછો ને..તે કહેશે તે દિવસે અમે બધા સાનુકૂળ થઈ જઈશું. શ્રીહરિ આ સાંભળી હસ્યા ને કહ્યું, જોષી તમે ખરી ડિંગ મારી. ગ્રહો તમારી સાથે વાતું કરવા માંડયા ?

રામચંદ્ર જોષી ગાંજ્યા જાય એવા નહોતા. તેમણે કહ્યું, મહારાજ ગ્રહો કેમ વાતું ન કરે ? જ્યાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વયં મારી સાથે વાતું કરે છે તો પછી ગ્રહોનો શો ભાર કે વાતું ન કરે ? હું તો તેમને બોલાવી બોલાવીને કહી દઉં છું કે જો જો હો મેં મુર્હૂત આપ્યું છે માટે ઠેકાણે રહેજો. શ્રીહરિ તેમની આ વાત સાંભળી ખૂબ હસ્યા. મુખે રૂમાલ દઈ દીધો.

પ્રસંગ : ૩૩

શ્રીહરિનો પ્રથમ મંદવાડ - ચરિત્ર-૧૭૩

શ્રીહરિ ગઢપુરથી નીકળી અગત્રાઈ પર્વતભાઈના ઘરે પહોંચ્યા. મહારાજ પર્વતભાઈને ત્યાં જમીને પોઢી ગયા કે સાંજે અમારે ચાલવું છે. પણ તેમનો દીકરો મૂળજી મહારાજની ઘોડી લઈને વાડીએ બાંધી આવ્યો. મહારાજ ચાર વાગે ઉઠયા કે ચાલો હવે ચાલીએ..એટલે મહારાજના સેવકે કહ્યું, મહારાજ આપણી ઘોડી તથા આપનો પોશાક જડતાં નથી.

મહારાજે આ સાંભળી પર્વતભાઈ તરફ જોયું ને કહ્યું, અમારા મૂળજીનું તથા ગામના સત્સંગીઓનું આ કામ છે. માટે આપણે વાડીએ ચાલો. શ્રીહરિ ચાખડી પહેરી વાડીએ પધાર્યા. ત્યાં શેરડીના માદળિયા કરી જમ્યા. પર્વતભાઈના પ્રેમથી મહારાજ બંધાયા હતા. રાત્રે મહારાજ જમીને મોડી રાત્રે સૂઈ ગયા. બીજા દિવસે પર્વતભાઈને કહ્યું, રસોઈ વહેલી કરાવો અમારે આજે ચાલવું છે. મહારાજની આજ્ઞા પ્રમાણે બધી ગોઠવણ થઈ ગઈ. મહારાજ જમ્યા, ભક્તોને પણ જમાડયા.

પછી ત્યાંથી મહારાજ નીકળ્યા. શ્રીહરિ ગામને પાદર પહોંચ્યા ને ઘોડીએ તોફાન આદર્યું. મહારાજે ઘોડીનું ચોકડું જોરથી પકડી રાખ્યું હતું. છતાં ઘોડી બબ્બે ત્રણ ત્રણ વાર ઝાડ થઈ ગઈ. મહારાજ એ વખતે ઉતરવા જતા હતા ત્યાં ઘોડી ફરી ઝાડ થઈ અને મહારાજ નીચે પડયા. જમણા પગનું હાડકું ભાંગી ગયું. મહારાજને ઝોળીમાં સૂવાડી પર્વતભાઈના ઘરે લાવ્યા.

પર્વતભાઈએ તરત જ મુસલમાન વાળંદને બોલાવ્યો. વાળંદે મહારાજનું હાડકું બેસાડી પાટો બાંધી દીધો. પછી જતાં જતાં કહે, દહીં, છાશ કે ખટાશ ખાવા આપશો નહિ. પર્વતભાઈએ સૂચના સમજી લીધી. ત્રણ ચાર દિવસ મહારાજને પગે ખૂબ જ પીડા રહી. શ્રીહરિ પણ બોલતા કે હવે દેહ નહિ રહે. પરંતુ પર્વતભાઈની તથા અન્ય સત્સંગીઓની પ્રાર્થનાથી મહારાજે તે મંદવાડ છોડયો.

આઠમે દિવસે મહારાજે સવારે ઉઠીને દહીં માગ્યું. પર્વતભાઈએ કહ્યું, દહીં ન ખવાય વાળંદે ના પાડી છે. એ આજે પાટો બાંધવા આવવાનો છે. મહારાજે હઠ લીધી કે મારે દહીં ખાવું છે. છેવટે મહારાજને દહીં આપ્યું. મહારાજ દહીં જમતા હતા અને વાળંદ આવ્યો. મહારાજને દહીં જમતા જોઈ ખીજાયો કે આને તમે ભગવાન કહો છો ? મહારાજ હસીને કહે, તું પાટો તો છોડ..જો તો ખરો કે શું થયું છે ? વાળંદે બબડતાં બબડતાં પાટો છોડયો ને મહારાજનો પગ હલાવ્યો.

તેને આશ્ચર્ય થયું કે આ શું ? આતો જાણે કાંઈ વાગ્યું જ નથી. મહારાજે તેના તરફ દ્દષ્ટિ કરી. તેને સમાધિ થઈ તેમાં તેણે એક લાખ અને અઠયાસી હજાર પેગંબરોને મહારાજની સ્તુતિ કરતા જોયા. તરત જ તે મહારાજના પગમાં પડી ગયો. મહારાજ ! તમે ભગવાન સાચા. મહારાજે રાજી થઈને તેને પોતાની પાઘ, અંગરખું અને ખેસ ભેટ આપ્યા. અને પર્વતભાઈને કહ્યું, તમારી અરજી સાંભળી દેહ રાખ્યો છે. તમને તમારા સંકલ્પ પ્રમાણે સેવા મળી હવે અમને ગઢપુર જવા દો.

પર્વતભાઈએ પૂછયું, મહારાજ ! ઘોડીએ જશો કે ગાડું જોડાવું ? મહારાજ કહે, ઘોડી ઉપર જ.. તે વખતે તો અઘાસુરનો મિત્ર તેનું વેર લેવા આવ્યો હતો અને તેણે ઘોડીમાં પ્રવેશ કરીને તેનું વેર લીધું. હવે કાંઈ વાંધો નથી. એમ કહી મહારાજ ત્યાંથી નીકળ્યા અને ગઢપુર પધાર્યા.

સુરાખાચર-૧૭૭

સુરાખાચરને મહારાજ સાથે સખાભાવ હતો. મહારાજ તેમને જોઈને હસતા. તેમની વાત સાંભળીને હસતા, તેમની માથાની પાઘ જોઈને હસતા અને તેમના સ્થૂળ શરીરની ફાંદ જોઈને હસતા. સુરાખાચર પણ મહારાજને કહેતા : મહારાજ અમને જયારે અશાંતિ થાય, ત્યારે તમને સંભારીએ છીએ અને અંતરમાં શાંતિ થઈ જાય છે. તેમ તમે ઉદાસ થાઓ ત્યારે મને સંભારજો, મારી પાઘને, મારી ફાંદને સંભારજો. તમારી ઉદાસીનતા તરત ટળી જશે. મહારાજ આ સાંભળી ખૂબ

હસતા.

પ્રસંગ : ૩૪

ચરિત્ર : બ્રાહ્મણોને દાન - ૧૮૨

સિદ્ધપુરમાં મહારાજે એવું પ્રકરણ ચલાવ્યું હતું કે કોઈ કોઈ વખતે બ્રાહ્મણોને ઘોડા દાનમાં આપી દેતા. વડેશ્વર મહાદેવના દર્શન કરી મહારાજ બહાર નીકળ્યા ત્યારે બ્રાહ્મણો તેમને સામે મળ્યા. તે વખતે મેથાણના કાકાભાઈ અને પૂજાભાઈ તેમના ઘોડા ઝાડે બાંધી મહારાજ સાથે મહાદેવના દર્શન કરવા આવ્યા હતા. મહારાજે તેમના ઘોડા બ્રાહ્મણોને દાનમાં આપી દીધા. તેઓ બંને બહાર નીકળ્યા ને જોયું તો પોતાના બંને ઘોડાની સરક પકડીને બ્રાહ્મણો જતા હતા. તેમણે મહારાજને કહ્યું, મહારાજ ! પેલા બ્રાહ્મણો અમારા ઘોડા ક્યાં લઈ જાય છે ? મહારાજે કહ્યું, એ તો અમે તેમને દાનમાં આપી દીધા.

આ સાંભળી બંને મૂંઝાણા. તેમણે કહ્યું, અરે મહારાજ ! પણ અમારા ખડિયા તે ઉપર હતા. તેમાં લૂગડાં, જમવાના વાસણો બધું હતું. હવે અમે પહેરશું શું ને ખાશું શેમાં ? મહારાજ આ સાંભળી હસ્યા.. તેમણે કહ્યું, બ્રાહ્મણોને આપેલું દાન હવે પાછું લેવાય નહિ. સાધુ પાસેથી બદલવાનું વસ્ત્ર લઈ નાહી લેજો અને પત્તરમાં સાધુ ભેળા જમી લેજો.

તેમને લાગ્યું કે, મહારાજે ઠીક તોડ કાઢ્યો. મહારાજે પણ જોયું કે બંને ભાઈઓના મુખના ભાવોમાં કાંઈ જ ફેર પડ્યો નહોતો. પોતાના ગમતામાં તેઓ રાજી હતા. તેમનો આ પ્રકારે સ્વાર્પણનો ભાવ જોઈ મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા.

પ્રસંગ : ૩૫

વાસુદેવનારાયણની મૂર્તિ એ અમારી જ મૂર્તિ છે - ૧૮૫

ગઢપુરમાં શ્રીહરિએ સૌ હરિભક્તોને કહ્યું, આ વાસુદેવનારાયણની મૂર્તિ એ અમારી જ મૂર્તિ છે તેમ તમે સૌ જાણો. આ મૂર્તિમાં રહીને અમે ભક્તોના કામ કરીશું. તેમના સંકલ્પો, મનોરથો પૂરા કરીશું. માટે જેણે રોજ અમારા દર્શન કરીને જ દિનચર્યા શરૂ કરવાના નિયમ લીધા હોય તેમણે અમે ન હોઈએ ત્યારે આ વાસુદેવ નારાયણની મૂર્તિનાં સાક્ષાત્ અમે જ છીએ એ ભાવથી દર્શન કરવા અને પછી પોતપોતાના દૈનિક કાર્યની શરૂઆત કરવી.

એટલું કહીને તેમણે મુકુન્દ બ્રહ્મચારીને કહ્યું, તમે તો અમારી સેવામાં છો તેથી તમને વાસુદેવ નારાયણની સેવાનો અવકાશ નહિ મળે. પરંતુ આ બેચર ભટ્ટ છે તેમને એ સેવામાં અમે મૂકીએ છીએ. દેવની સેવા દેવ જેવા થઈને કરવી તો જ દેવમાં દૈવત જળવાઈ રહે. જો અશુદ્ધ રહીને દેવસેવા કરે તો તે દેવ ગ્રહણ કરતા નથી. જો દેવ પાસે ફેલ આચરે, દેવનું દ્રવ્ય પોતે વાપરે, દેવ માટેના કોઠાર ભંડારનો ઉપયોગ પોતા સારું કરે તો તેવા સંતો મહંતો કોઠારી કે ભંડારી જરૂર ભૂતયોનિને પામે છે. એટલી વાત કરી શ્રીહરિએ વૈષ્ણવી રીત પ્રમાણે પૂજાવિધિ, ઉત્સવો વગેરે કરવાની સૂચના આપી.

ત્યારબાદ ફરી શ્રીહરિએ સભાને સંબોધતા કહ્યું, આ મૂર્તિ મેં મારા શુભહસ્તે પધરાવી છે. તે સ્વયં હું જ છું એમ માનીને સૌ સેવાપૂજા કરજો. હું તમારા સૌનો અધિષ્ઠાતા ઉપાસ્ય સ્વરૂપ છું. તો અહીં ભવ્ય મંદિર ભવિષ્યમાં થશે, અમારી મૂર્તિની તેમાં સ્થાપના થશે અને અમારો મહિમા ગવાશે.

પ્રસંગ : ૩૬

જીવુબા-લાડુબાના ગુણો - ૧૮૭

સમૈયામાં આવેલા હરિભક્તો ધીરે ધીરે જવા લાગ્યા. ફાગણ વદિ પાંચમને દિવસે તો ગઢપુર પૂર્વવત્ થઈ ગયું. શ્રીહરિએ નિર્ણય કરી લીધો કે શ્રી વાસુદેવનારાયણની પૂજાવિધિ વ્યવસ્થિત થઈ જાય ત્યાં સુધી અહીં રહેવું. જીવુબા અને લાડુબાને પણ એક વિશેષ પ્રવૃત્તિ મળી ગઈ. શ્રીહરિએ વિચાર્યું કે જીવુબા તથા લાડુબા મહામુક્ત હોવા છતાં આ લોકમાં લોકો ગમે તેવી વાયકાને વેગ આપે તેથી બાપુ એભલખાચરના કુળને કલંક લાગે.

બંને બહેનો અતિ કઠણ વર્તમાન પાળતા હતા. પુરુષોથી પંદર હાથ છેટે સદા ચાલતા. મીઠા વિનાનું અન્ન સદા જમતા અને ભોંયપથારી પર જ સૂતા. વૈભવની, ભોગની તેમને કમી નહોતી પરંતુ વિષય સાથે તેમણે વેર કર્યું હતું. એક પરમાત્મા સિવાય બીજે પ્રીતિ રાખી નહોતી. કોમળ કાયાને તેમણે કસી કસીને કૃશ કરી નાંખી હતી.

બાપુ એભલખાચરને તેમના પ્રત્યે ભાવ હતો, તે જાણતા હતા તે કુંવરીઓ પ્રભુભજનમાં જ મગ્ન રહે છે છતાં તેમને લાગતું કે આવું ક્યાં સુધી ચલાવવું ? વહેવારમાં પણ રહેવું ખરું કે નહિ ! સગા સંબંધીઓ પણ તેમને ઘણીવાર ગમે તેમ કહીને ભરમાવતા.

પ્રસંગ : ૩૭

જીવુબાના લાલજી દૂધ પી જાય છે-૧૮૭

બાપુ એભલખાચર જાણતા હતા તે કુંવરીઓ પ્રભુ ભજનમાં જ મગ્ન રહે છે. છતાં તેમને લાગતું કે આવું ક્યાં સુધી ચલાવવું ? વહેવારમાં પણ રહેવું ખરું કે નહિ ? સગા સંબંધીઓ પણ તેમને ઘણી વાર ગમેતેમ કહીને ભરમાવતા. આવી વાતો રોજ તેમને કાને પડતી એથી એક દિવસ તેમને ખરેખર ઝાળ લાગી ગળ. તે ઉઘાડી તલવાર લઈને જીવુબાના ઓરડામાં આવ્યા ને પૂછ્યું, જયા બોલ આ ઓરડામાં બીજું કોણ છે ?

જીવુબા બાપુનો ભાવ સમજી ગયા. તેમણે કહ્યું, બાપુ અહીં તો મારા લાલ સિવાય બીજું કોઈ નથી. એમ કહી તેમણે તેમની સન્મુખ બિરાજેલા લાલજી બતાવ્યા. (આ લાલજી મહારાજ શ્રીજીમહારાજ પૂજતા, તે તેમણે જીવુબાને આપ્યા હતા) બાપુ બોલ્યા, સાવ ખોટું..આ ઓરડામાં કોઈ આદમી હોય તેવું મને લાગે છે. જીવુબા કહે, બાપુ ભગવાનની બીક રાખો. આપણે ત્યાં મહારાજ સાક્ષાત્ બિરાજે છે અને આવા પુણ્યમય તીર્થરાજ સમા આપણા દરબારમાં આવા હલકા વિચારો તમને કેમ આવે છે ?

પણ બાપુ કાંઈ સાંભળવાના મિજાજમાં નહોતા. તેમણે તરત જ તલવાર ઉગામી. પરંતુ જીવુબા તો તે સમયે સ્વસ્થતાથી લાલજીને દુધ ધરાવતા હતા. બાપુએ કહ્યું, જયા આજ આ નાગણ સગી નહિ થાય, લાલજીના રમડાને મેલ્ય બાજુ અને મને જવાબ દે. અરે બાપુ આ રમકડું છે ? આતો સાક્ષાત્ ભગવાન છે. બાપુએ કહ્યું, જો તારો એ ભગવાન હોય તો તું આ દૂધ ધરાવે છે તે પી જાય. નહિ તો એ રમકડાને અને તને બંનેને આજે હું પાર પાડી દઈશ.

જીવુબાએ લાલજી સામે કટોરો ધર્યો અને પ્રાર્થના કરી. પ્રભુ બાપુને પ્રતીતિ કરાવો કે તમો કેવળ રમકડું નથી પણ સાક્ષાત્ ભગવાન છો. અમારા દરબારમાં બિરાજ્યા છો છતાં અમને તમારી ઓળખાણ નથી. બાપુ આપની સેવા કરે છે, આપની વાતું સાંભળે છે છતાં એ બ્રહ્મભાવની વાતુના શબ્દો ગુણના

વેગમાં આજે ઓસરી ગયા છે. આજે બાપુને શાંત કરો. આપ મનુષ્યરૂપે અમારા દરબારમાં છો અને મૂર્તિમાં પણ આપ સાક્ષાત્ છો એવી બાપુને ખાતરી કરાવો.

જીવુબાની પ્રાર્થના બાપુ પણ સાંભળી રહ્યા હતા. એટલામાં પ્રકાશ થયો અને લાલજીની મૂર્તિએ બે હાથે વાડકો પકડયો અને બાપુની આંખ સામે લાલજી દૂધના કટોરામાંથી તમામ દૂધ પી ગયા અને કટોરો બાપુ તરફ ફેંક્યો. બાપુ તો જયાં ઉભા હતા ત્યાં જ લાલજીને સાષ્ટાંગ દંડવત્ કરતા પડી ગયા. ને જીવુબાને પણ નમી પડયા : દીકરી અપરાધ થઈ ગયો. તારી ભક્તિમાં એબ જોનાર તારો બાપ આજે ભૂલો પડયો.

પ્રસંગ : ૩૮

ચરિત્ર : શ્રીહરિ સ્ત્રીના કપડા પહેરે છે-૧૯૦

શ્રીહરિ ઘણુંખરું જીવાખાચરના દરબારમાં રહેતા. પરંતુ જીવુબા અને લાડુબાને મહારાજ વિના રહેવાતું નહિ. એક દિવસ મહારાજ ઉન્મત ગંગામાં સ્નાન કરવા જતા હતા તે સમયે જીવુબા તથા લાડુબા ત્યાં પહોંચી ગયા. તેમના ઘડામાં મહારાજ માટે સ્ત્રીના વસ્ત્રો તેઓ લાવ્યા હતા. મહારાજ નાહી રહ્યા એટલે બંને બહેનો મહારાજ પાસે ગઈ અને દરબારમાં આવવા પ્રાર્થના કરી. મહારાજે કહ્યું, અમે આવીએ તો ખરા પણ બાપુ ડેલીએ બેઠા હશે. તેમને ખબર પડશે તો તમને ઉપાધિ થશે.

ત્યારે જીવુબાએ કહ્યું, મહારાજ અમે આ ઘડામાં વસ્ત્રો લઈ આવ્યા છીએ તે પહેરીને અમારી સાથે આવો. તેમ કહી વસ્ત્રો બતાવ્યા. મહારાજ તે વસ્ત્રો જોઈ હસ્યા. પછી તેમણે પોતાના સેવકોને કહ્યું, તમે દરબારમાં જાઓ અમે આવીએ છીએ. તેમને મોકલી દીધા અને પોતે સ્ત્રીનાં વસ્ત્રો પહેરી લીધા. મહારાજ જીવુબા-લાડુબા સાથે દરબારમાં આવ્યા. બાપુ ડેલીએ જ બેઠા હતા.

બહેનો આટલી નાની ઉંમરે ભક્તિના ચાળા કરે તેથી બાપુ ઠપકો આપતા ઘણીવાર કહેતાં કે દરબારમાં શું ઠાકરદ્વારો માંડયો છે ? તેમણે બે બહેનોને બદલે ત્રણને જોયા એટલે તરત જ પૂછયું, જયા આ ત્રીજું કોણ છે ? ત્યારે જીવુબાએ કહ્યું, બાપુ એ તો કાળુ તરવાડીની ધીની ધી (દીકરીની દીકરી) છે, પ્રભુ ભજવા આવી છે. આ સાંભળી બાપુએ આંખો બંધ કરી દીધી. આ પ્રસંગ ઉપર બ્રહ્માનંદ સ્વામીએ બાર પદ બનાવ્યાં છે.

પ્રસંગ : ૩૯

બાપુ એભલખાચર જીવુબા-લાડુબાને લગ્ન કરી લેવા સમજાવે છે - ૧૯૧

થોડા દિવસે બાપુને વિચાર આવ્યો કે જીવુબા અને લાડુબાને હવે પરણાવી દેવા જોઈએ. તેમણે મહારાજને વાત કરી. મહારાજે કહ્યું, તમે ગોતો..હું દીકરીઓને કહી દઈશ. આ સાંભળી તેમને શાંતિ થઈ. બાપુએ બંને બહેનોને બોલાવી તેમની પાસે આ વાત મૂકી. બંને બહેનોના માથે તો જાણે વીજળી પડી હોય તેમ અવાક્ બની ગઈ. બાપુ તો જાણતા હતા કે આમ બનવાનું છે. તેમણે ધીરે રહીને કહ્યું, બહેનો આપણે સંસારમાં રહીને પ્રભુ ભજવાના છે તેથી લોકની રીત પ્રમાણે રહેવું જોઈએ. પરંતુ આ બહેનો એક પણ શબ્દ બોલી નહિ. તેથી બાપુએ કહ્યું, જુઓ મહારાજે પણ કહ્યું છે કે દીકરીથી કુંવારા રહેવાય જ નહિ.

લાડકી દીકરીઓને આ વાત વજ્રપાત જેવી છે તે બાપુ જાણતા હતા. તેમણે ફરી કહ્યું, બેટા ! હું તમારી બંનેની મૂંઝવણ સમજું છું પણ આપણેય આપણો ધર્મ સમજવો જોઈએ. મહારાજ કહે છે કે બાઈયુંને દીક્ષા અપાય નહિ. તો પછી આમ ને આમ ઘરમાં ક્યાં સુધી તમે રહેશો ? ને બાપુએ કહ્યું, તમે મહારાજને મળો ને મહારાજ જેમ કહે તેમ કરો.

બંને બહેનો મહારાજ પાસે આવી. મહારાજે તે બંનેને કહ્યું, બાપુની મૂંઝવણ તમારે હવે ટાળવી જોઈએ. ધર્મશાસ્ત્ર પ્રમાણે કન્યાકાળ વીતી ગયા પહેલા લગ્ન કરી લેવા જોઈએ. પછી ધીમેથી જીવુબાએ કહ્યું, મહારાજ ! અમે તો હરિ સાથે હથેવાળો કરી લીધો છે પછી શા માટે હવે પાપમાં નાખો છો ? મહારાજે મક્કમતાથી કહ્યું, અમને ભગવાન જાણતા હો તો અમારી અમારી આજ્ઞાએ કરીને જે કાંઈ કરશો તે સત્કર્મ બની જશે, પાપ નહિ.

બંને બહેનો સમજી ગઈ કે મહારાજની પણ મરજી છે. કુંવારા રહેવું એ પાપ છે એવું મહારાજ કહે છે. છેવટે ધીરે રહીને લાડુબાએ કહ્યું, મહારાજ ! અમે પરપુરુષથી પંદર હાથ છેટે રહીએ છીએ તો પછી પરપુરુષનો સ્પર્શ કેમ સહન થશે ? મહારાજે પ્રસન્નતાપૂર્વક છતાં મક્કમતાથી કહ્યું, તમને એ નિયમની જો દઢતા હશે તો ભગવાન એ નિયમનો ભંગ નહિ થવા દે. આ સાંભળી બંને બહેનોને શાંતિ થઈ.

મહારાજે તરત જ બાપુને બોલાવીને કહ્યું, બાપુ ! બધી વાત થઈ ગઈ છે તમે નક્કી કરી નાંખો. બાપુએ કહ્યું, મહારાજ ! મોટીનું કુંડળના રાઈબાના દીકરા મામૈયા પટગર સાથે અને નાનીનું બોટાદના ખોડા ધાધલ સાથે નક્કી કરી નાંખીએ. બરોબર ને ? મહારાજ આ સાંભળી હસ્યા ને કહ્યું, આ તો બંને આપણા જ.. બહેનોનો ધરમ પણ સચવાશે માટે કરો કંકુના..બાપુ રાજી થયા.

જીવુબા અને લાડુબાના લગ્ન થઈ ગયા. તેમને સાસરે વળાવ્યા. મહારાજે રાઈબાઈને કહેવરાવ્યું કે તમારે ત્યાં સાક્ષાત્ લક્ષ્મીજી પધારે છે તો તેમનું સન્માન કરજો. ઘરની વહુ છે એવો નાતો રાખશો નહિ. તે પ્રમાણે ખોડા ધાધલને પણ કહેવરાવ્યું કે રાધાજી તમારે ત્યાં વહુ બનીને આવ્યા છે તો તેમનું માન રાખશો, તેમનો દેહ અને જીવ બંને ભગવાનને શરણે છે.

મામૈયો પટગર મહારાજનો સંદેશો સાંભળી સમજી ગયા. તેમણે જીવુબાને સન્માન્યાં, પૂજન કર્યું ને કહ્યું, માતાજી ! ગઢપુર પધારો. આપના જોગે ઘણા પ્રભુ ભજશે. આપ તો સાક્ષાત્ લક્ષ્મીજી છો તેથી ભગવાનના ઘરમાં જ શોભો. જીવુબાએ તેમને આશીર્વાદ આપ્યા અને વેલડામાં પાછા ગઢપુર પધાર્યા.

લાડુબાએ પણ સાસરે તેમનું વ્રત પાળ્યું. ખોડા ધાધલને મહારાજના મર્મવાક્યો અંતરમાં ઉતરી ગયા હતા. તેથી તેમણે પણ લાડુબાની મરજી અનુસાર તેમની સાથે કોઈ પ્રકારનો દેહ વ્યવહાર રાખ્યો નહિ. મહારાજની આજ્ઞા હતી ત્યાં સુધી સાસરામાં રહ્યા અને પછી મહારાજે તેડાવ્યાં ત્યારે ગઢપુર પધાર્યા. બંને કુંવરીઓએ મહારાજની આજ્ઞા પાળી, પોતાનો ધર્મ સાચવ્યો. મહારાજ તેમની ભક્તિ જોઈ પ્રસન્ન થયા અને ગઢપુરમાં પોતાની સેવામાં જોડી દીધા. બાપુ એભલખાચરને પણ સંતોષ થયો.

પ્રસંગ : ૪૦

શ્રીહરિ તખા પગીનો હાથ પકડે છે - ૨૦૨

મુક્તાનંદસ્વામીના યોગથી અહીંના તખા પગીને સત્સંગ થયો હતો અને શ્રીહરિનો મહિમા સમજાયો હતો. શ્રીહરિ પીજ પધાર્યા ત્યારે તેણે શ્રીહરિનું

ભાવપૂર્વક સામૈયું કર્યું. આ સમૈયામાં ઢોલ, નગારા, ત્રાંસા કે શરણાઈ નહોતા પરંતુ બંધૂકોના અવાજ હતા. તીરકામઠાં, ભાલા અને શસ્ત્રધારી પદાતિઓ હતા.

શ્રીહરિના દર્શન કરતાં જ સૌ દંડ પડે તેમ પૃથ્વી ઉપર પડી ગયા. શ્રીહરિ તેમને જોઈ બહુ રાજી થયા. તખા પગીને ભેટયા. ને તીરકામઠાં ને ભાલાથી સજ્ઞ થયેલા પગીઓ તરફ દ્દષ્ટિ કરી. તખા પગીએ કહ્યું, મહારાજ ! આપને અમારે રાજી કરવા છે. આપ પધારો અમને સૌને પાવન કરો.

શ્રીહરિએ તેમનો હાથ પકડયો. ક્યાં અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ અને ક્યાં ચોરી, છીનાળી કરતા આ પગીઓ ! જેમના અંગ ઉપર આટઆટલી લૂંટ કરવા છતાં વસ્ત્રો નહોતા, પણ ઘાગા હતા. જેમના શરીર ગંધાતા હતા, જેમની વાણીમાં કર્કશતા હતી, તે બધા આજે શ્રીહરિના સખા બની ગયા. શ્રીહરિ તેમની સાથે ચાલ્યા.

પછી શ્રીહરિએ તખા પગીને કહ્યું, મને જો રાજી કરવો હોય તો આ તીરકામઠાં, આ ભાલા, તલવારો બધું મૂકી દેવું પડશે. હાથમાં માળા લેવી પડશે. હાથમાં તલવાર કે ભાલા હશે તો હિંસા કરવાનું મન થશે. હાથમાં માળા હશે તો ભજન કરવાનું મન થશે. સાચી શૂરવીરતા ઈન્દ્રિયો ઉપર કાબુ મેળવવામાં છે. જેને ઈન્દ્રિયો પર કાબુ છે, જે બ્રહ્મચર્ય પાળે છે તેના સંકલ્પમાં અસંખ્ય ભાલા અને તલવારોથી વિશેષ બળ હોય છે. તમે અત્યાર સુધી અનેકની હિંસા કરી, અનેકને લૂંટયા છતાં તમારા દિદાર પલટાયા નહિ. જે લૂંટનો માલ મળ્યો તે ખાવાપીવામાં, ફેલફતૂરમાં ઉડાડી દીધો અને પાપના પોટલાં બાંધ્યા.

શ્રીહરિ બોલતા હતા, તખા પગી તેમની સમક્ષ જોઈ રહ્યા હતા. શ્રીહરિના શબ્દે શબ્દે તેમનું અંતર ભીંજાતું હતું. અંતરમાંથી કઠોરતા નીકળતી હતી, ઋજુતા આવતી હતી. તખા પગી અશ્રુ સારી રહ્યા હતા.

<u>પ્રસંગ : ૪૧</u>

<u>વરતાલમાં શ્રીહરિ વાંદરાને માળા આપે છે-૨૦૭</u>

શ્રીજીમહારાજ સૌ સંતો તથા કાઠી હરિભક્તોને લઈને ગામને પાદર તળાવ છે ત્યાં નાહવા પધાર્યા. સ્નાનાદિ પછી સભા કરી બિરાજયા. તે સમયે એક વાંદરો ઠેકતો ઠેકતો આંબાના ઝાડ ઉપર આવીને બેઠો. તે જોઈ કાઠી બોલવા લાગ્યા, ભણે આ વાંદરો રામાવતાર વખતનો લાગે છે. એમ કહી કાઠીઓ અંદરો અંદર ટીખળ કરવા લાગ્યા. રામાવતારમાં વાંદરા રાવણના સૈન્ય સાથે લડયા - એ બધી વાતું તેમને શાસ્ત્રોના ખોટાં ગપ્પાં જેવી લાગી. તેમને ટીખળ કરતા જોઈ મહારાજે પૂછ્યું શું વાત કરો છો ?

ત્યારે તેમણે કહ્યું, મહારાજ આ વાંદરા રાવણ સામે શી રીતે લડયા હશે ? મહારાજે કહ્યું, શાસ્ત્રોના વચનો તે ગપ્પાં નથી. આપણી બુદ્ધિને તે સમજાતું નથી તેથી આપણે તેને ગપ્પા માનીએ છીએ. એમ કહી મહારાજે તે વાંદરા તરફ હાથની સમસ્યા કરી એટલે તે તરત જ કૂદીને સભામાં આવ્યો. મહારાજે તેના હાથમાં પોતાની માળા આપી. વાંદરો તે માળા ફેરવવા લાગ્યો. આ જોઈ સૌને આશ્ચર્ય થયું.

એટલામાં કોઈ બોલ્યું, મહારાજ આટલા નાના વાંદરે આખો ડુંગર શી રીતે ઉપાડયો હશે ? તે સાંભળી મહારાજ હસ્યા ને કહ્યું, જીવનો સ્વભાવ જ એવો છે કે નિત્ય નવું જોવાનો સંકલ્પ કર્યા જ કરે. આ વાંદરો ચોપાઈ બોલ્યો, તેણે માળા ફેરવી છતાં તમને હજું શંકા રહી ? પછી મહારાજે તેની સામી દ્દષ્ટિ કરી એટલે તે અદ્ધર આકાશમાં ઉડયો. તેનું સ્વરૂપ મોટું થતું ગયું. સૌએ જોયું કે તેના હાથમાં મોટો ડુંગર છે. કાઠીઓએ શ્રીહરિનો પ્રતાપ જોયો. તેમને લાગ્યું કે મહારાજના સંકલ્પમાં સમગ્ર અવતારો અને તેના પાત્રોને પ્રગટ કરવાની શક્તિ છે પરંતુ તેની પ્રતીતિ તેમના સ્વરૂપના યથાર્થ જ્ઞાન વિના થતી નથી. માયાના પડળ દૂર થયા સિવાય સમજાતું નથી.

<u>પ્રસંગ :૪૨</u>

<u>મહારાજ મીઠા વગરની કઢી જમ્યા - ૨૧૦</u>

ઉમરેઠમાં મહારાજ નરભેરામના ઘરે પધાર્યા. ત્યાં મહારાજે સ્નાન કર્યું અને ઉત્તરાદા બારના ઓરડામાં નાળિયામાં જમવા બિરાજયા. જમનાબાએ થાળ મૂક્યો, મહારાજ થાળમાંથી કઢી ખૂબ જમ્યા. જમનાબા આ જોઈ રાજી થયા. મહારાજને કઢી બહુ ભાવી..પછી જયારે બીજા ભક્તોને જમવા બેસાર્યા ત્યારે જાણ્યું કે કઢીમાં મીઠું જ નહોતું. સાવ મોળી હતી એટલે જમનાબાને ઘણું દુઃખ થયું. મહારાજ પાસે આવીને તેણે બે હાથ જોડીને કહ્યું, મહારાજ અપરાધ થઈ ગયો. કઢી સાવ મોળી, મીઠું જ ભૂલી ગઈ, માટે માફ કરો.

મહારાજ તે સાંભળી હસ્યા..પછી કહ્યું, બા ! કઢી તો બહુ જ મીઠી હતી. આવી કઢી અમે કોઈ દિવસ જમ્યા નથી. મહારાજે આ શબ્દો કહ્યા અને જમનારા હરિભક્તોને કઢીમાં અપૂર્વ સ્વાદ આવ્યો.

<u>પ્રસંગ : ૪૩</u>

<u>મહારાજ ખોડાભાઈને સ્મૃતિ કરાવે છે - ૨૧૧</u>

મહારાજે ખોડાભાઈને કહ્યું, ખોડાભાઈ ! અમે અહીં વર્ણિવેશે આવ્યા હતા, તમે ડેલીએ બેઠા હતા. અમે તમને સદાવ્રતનું પૂછયું એટલે તમે તમારું સામું ઘર બતાવ્યું. અમે ત્યાં ગયા ત્યારે તમારી દાસી કામમાં હતી, તેણે કહ્યું, મહારાજ ! આ ઓસરીમાં આંટા ઘો. કામમાંથી પરવારીને આવું છું. અમે તમારી ઓસરીમાં સાત આંટા દીધા, પછી દાસીએ જુવાર આપી. અમે સીધું માગ્યું તો દાસીએ કહ્યું, લેવી હોય તો આ જુવાર લો..તમારા જેવા તો કાંઈક આવે છે, સીધું દીધે ક્યાં પુરું થાય છે ? અમે જુવારના બે દાણા મોઢામાં મૂકી પાદરે જઈ જુવાર પારેવાંને નાંખી દીધી, અને આજે હવે તમે પાકા સીધાંની રસોઈ આપો છો.

મહારાજે આટલી વાત કરી તે સભામાં બેઠેલી દાસીએ સાંભળી. તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યા. અહો ! આ સાક્ષાત્ ભગવાન તે દી મેં જોગટા જેવા કહ્યાં ! સીધું પણ ન આપ્યું ! ખોડાભાઈ આ સાંભળી ગળગળા થઈ ગયા. તેમણે હાથ જોડી કહ્યું, મહારાજ ! અમે તો માયાના માનવી અને આપ સાક્ષાત્ પરમાત્મા ! આપની માયા હઠાવો તો જ અમે તમારું સ્વરૂપ ઓળખી શકીએ. અમારો અપરાધ થયો હોય તો ક્ષમા કરજો.

મહારાજે કહ્યું, અજાણતા જે અપરાધ થાય તે અપરાધ ન કહેવાય. આજે માયા હવે દૂર કરી દીધી માટે સેવા કરી લ્યો.

<u>પ્રસંગ : ૪૪</u>

<u>હરિસરોવત તીર્થ - ૨૧૧</u>

મહારાજ બુધેજ ગામમાં પધાર્યા. હઠીભાઈએ આખા ગામને નોતર્યું ને સૌને જમાડયા પછી મહારાજની સૌને ઓળખાણ કરાવી કે આ સર્વોપરી ભગવાન

આજે આપણા કલ્યાણને અર્થે પ્રગટ થયા છે, તેમનો આશ્રય કરો. એટલે સૌએ મહારાજ પાસે વર્તમાન ધરાવ્યા. મહારાજ હઠીભાઇના આ ભાવથી બહુ જ પ્રસન્ન થયા અને કહ્યું, હઠીભાઈ ! તમે કાંઈક વરદાન માંગો.

ત્યારે હઠીભાઈએ કહ્યું, અમારે પાદર તીરથ કરો જેથી જે જે ત્યાં નહાય તેમનું કલ્યાણ થાય. મહારાજે કહ્યું, ભલે..ગામમાં પાણીને અછતને લીધે દરબાર હઠીભાઈથી પ્રજાનું દુઃખ જોયું જતું નહોતું તેથી તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીહરિ તરત જ ઉઠયા અને ગામને પાદર તળાવે ગયા. તળાવ સાવ સૂકાઈ ગયું હતું. મહારાજે પોતાની સાથે આવેલા લોકોમાંથી ગામના બે-ચાર જણાને કહ્યું, અહીંથી ખોદવાની શરૂઆત કરો. પાણી ઘણું મળશે.

મહારાજના કહ્યા પ્રમાણે ખોધ્યું તો પાણીનો ઝરો ફૂટયો. મહારાજે તે પાણીમાં સ્નાન કર્યું અને કહ્યું, હવે અહીં આજુબાજુ બરોબર ખોદીને પાળા કરજો. પાણી ક્યારેય નહિ ખૂટે. અમે પૂર્તકર્મ કરીને પછી જ અહીંથી જઈશું. વીરડામાંથી આવતા પાણીના અખંડ ઝરાથી તળાવ ભરાવા લાગ્યું. મહારાજ ફરી ત્યાં પધાર્યા ને સંતો હરિભક્તો સહિત ત્યાં સ્નાન કર્યું. પછી મહારાજે કહ્યું, આ તળાવનું નામ હરિતળાવ રાખજો. ગંગા-જમના-ગોદાવરી-નર્મદા કે તાપીથી પણ આ હરિતળાવનું મહાત્મ્ય વધી જશે.

<u>પ્રસંગ : ૪૫</u>

<u>રામાનંદસ્વામી તો આકાશને પણ બાંધે એવી તેમની આવડત હતી - ૨૧૫</u>

મહારાજ સમઢિયાળામાં લાખાખાચરને ત્યાં જમ્યા, ભોજનનાં વખાણ કરી લાખા ખાચરને રાજી કર્યા. તેમણે કહ્યું, અમે દહીં-સાકર જમ્યાં એટલે કોઠો ટાઢો થઈ ગયો. અમારાથી તાપ સહન થતો નથી. લવિંગ, મરચા, કસ્તૂરી વગેરે ઘણું જમ્યા હતા. તેથી શરીરમાં ગરમી વધી ગઈ હતી.

અમે આઠ વરસ વનમાં ફર્યા, તપ કર્યું, શરીર કાષ્ઠવત્ કરી દીધું. શરીરનું અનુસંધાન રાખ્યું જ નથી. વનમાં સિંહ, સર્પો તથા વનચર પ્રાણીઓથી અમે કદી ડર્યા નથી. અન્ન જળ મળ્યું તો ગ્રહણ કર્યું પણ તેની સ્પૃહા રાખી નથી. આ સત્સંગમાં આવ્યા પછી રામાનંદ સ્વામીએ અમને વચનરૂપી પાંજરામાં રાખી તેમની રૂચિ પ્રમાણે આ દેહનું જતન કરાવ્યું. અમને તેમણે સત્સંગમાં એવા બાંધી દીધા એટલે અમારું કશું જોર રહ્યું નહિ. આકાશને પણ બાંધે એવી એમની આવડત હતી.

<u>પ્રસંગ :૪૬</u>

<u>બોદાને રામાનંદસ્વામીનો અવગુણ - ૨૩૨</u>

શ્રીહરિ સરધાર પધાર્યા. ત્યાંના હરિભક્ત તોંગાજીને મહારાજે પૂછયું કે અહીં રામાનંદ સ્વામીનો શિષ્ય બોદો કમાનગર રહે છે તે કેમ દેખાયો નહિ ? તોંગાજીએ કહ્યું, મહારાજ ! તેને રામાનંદસ્વામીનો અવગુણ લીધો એટલે સત્સંગમાં આવતા આળસી ગયો છે. મહારાજે પૂછયું, પણ શું થયું કે તેને રામાનંદસ્વામીનો અવગુણ આવ્યો ?

એટલે ગોવર્ધનભાઈએ માંડીને વાત કરી કે, મહારાજ ! એક હરિભક્તને અતિસાર થયો હતો તેને રામાનંદસ્વામીએ કહ્યું, તેને પાશેર મીઠું પાણીમાં નાખી પાઈ દ્યો. બોદો તે વખતે પાસે હતો. એ હરિભક્તને સારું થઈ ગયું ને બોદાએ સમજયા વગર જ આ ઔષધ બીજા ઉપર અજમાવ્યું અને તે માણસ મરી ગયો. બોદાએ આવું ઉંટવૈદું કરી માણસને મારી નાખ્યો તેથી લોકોએ તેના ઉપર ફિટકાર વરસાવ્યો. આ અપમાનથી બોદાને થયું કે રામાનંદસ્વામીએ ખોટું ઔષધ બતાવ્યું. એમ સ્વામીનો અવગુણ આવ્યો.

મહારાજે કહ્યું, સ્વામી તો સમર્થ હતા, ધૂળ આપીનેય રોગ કાઢે. સમજયા વગર તેમની નકલ કરી અને ઉલટો પોતાની મૂર્ખાઈએ કરીને મો.પુ.નો અવગુણ લીધો. આવો સ્હેજ અવગુણ આવે ત્યારે માયાને લાગ મળે. આટલું બોલી મહારાજ હરિ હરિ બોલવા માંડયા.

તોંગાજીએ પૂછયું, મહારાજ ! આપ હરિ હરિ કેમ બોલો છો ? એટલા માટે કે જીવની આવી અવદશા જોઈને અમને ગ્લાનિ થાય છે. પોતાનું અહં મમત્વ પોષવા માટે જીવ મોક્ષમાર્ગનો રસ્તો ભૂલી અવળે માર્ગે ચાલે છે.

પછી મહારાજે બોદાને બોલાવડાવ્યો, તેમની ઈચ્છા હતી બોદાને નિષ્પાપ કરવાની ! તેના અઘના ઓઘ દૃષ્ટિમાત્રે તેમણે બાળી દીધા. બોદો પાછો સત્સંગી થઈ ગયો.

<u>પ્રસંગ : ૪૭</u>

<u>તમે કેવા સત્સંગી થયા છો ?-૨૩૫</u>

બ્રહ્માનંદસ્વામી પોતાનું સંતમંડળ લઈને ધોરાજીમાં ફૂલદોલનો સમૈયો થવાનો છે એ જાણી ધોરાજી જતા હતા. મેવાસામાં તેમને મહારાજના દર્શન થઈ ગયા. મહારાજ વૃક્ષ નીચે સભા કરીને બેઠા હતા. મહારાજે તેમને પૂછયું, સ્વામી ! તમે ક્યાં ક્યાં ફર્યા અને તે દેશમાં સત્સંગ કેવો છે ? ત્યારે બ્રહ્મમુનિએ કહ્યું, મહારાજ ! સત્સંગ તો દેશ પરદેશમાં બહુ જ વધી રહ્યો છે. આપનો પ્રતાપ સર્વત્ર જણાય છે.

તે સાંભળી મહારાજે ફરી પૂછયું, એ તો ઠીક..પણ તમે કેવા સત્સંગી થયા છો ? બ્રહ્માનંદસ્વામીને આશ્ચર્ય થયું, તેમણે તરત જ કહ્યું, મહારાજ અમે તો આપને સર્વસ્વ અર્પણ કરી દીધું છે એટલે આપના ખરેખરા સત્સંગી થયા છીએ. મહારાજ આ સાંભળી હસ્યા.. તેમને સત્સંગનું રહસ્ય આજે સમજાવવું હતું.

તેથી મહારાજે ફરી કહ્યું, સ્વામી તમે તો હજુ ગુણબુદ્ધિવાળા સત્સંગી છો. અને અમારા ખરેખરા સત્સંગી તો પર્વતભાઈ અને ગોરધનભાઈ છે. તે ત્રણે અવસ્થામાં અમને અખંડ દેખે છે. બ્રહ્માનંદસ્વામીને સત્ય સમજાયું. તેથી તેમણે મહારાજને હાથ જોડીને કહ્યું, અમે એવા સત્સંગી થયા નથી. એવા મોટા આગળ તો અમે જેમ મેરૂ પર્વત પાસે ટેકરા હોય તેવા છીએ.

તરત જ મુક્તાનંદસ્વામીએ પૂછયું, મહારાજ ! એવા સત્સંગી કેમ થવાય ? પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી બ્રહ્મભાવ પામી મારા સ્વરૂપને અંતરમાં ધારો તો એવા સત્સંગી થવાય. મહારાજે સમજાવ્યું.

<u>મહારાજ મળ્યા પછી પણ આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવાની કેમ રહે ?</u> એવી શંકા આ બંને સંતોના અંતરમાં ઘોળાવા લાગી. મહારાજે તેમની મૂંઝવણ જાણી. એટલામાં બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, મહારાજ કૃપા કરો તો એવા સત્સંગી થવાય.

મહારાજે તો કૃપાનો ધોધ વરસાવ્યો હતો. પણ તાત્વિક રીતે તેની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી એ કૃપા કેવી છે તે સમજાય તેવું નહોતું. તેથી તેમણે

કહ્યું, સાંભળો મુનિરાજ ! ચૌદ બ્રહ્માંડ છે તે આઠ આવરણથી વીંટાયેલું છે. એવા અનંત કોટિ બ્રહ્માંડો અક્ષરના રોમકૂપમાં તરંગની જેમ ઉપજે છે અને લીન થાય છે. આવો અક્ષરનો મહિમા છે. અને હું તો એ અક્ષરધામનો ધામી સાક્ષાત્ પુરુષોત્તમ છું. અક્ષરધામમાં રહેલા અનંત કોટિ મુક્તોનો હું નિયંતા છું. બંને સંતો આ રહસ્યની વાત એકાગ્રતાથી સાંભળતા હતા. તેમને થયું કે શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપની યથાર્થ નિષ્ઠા કરાવવા માટે જ આ પ્રશ્ન પૂછ્યો હતો.

મહારાજ તેમના પ્રત્યે બોલ્યા, મુનિવર્ય અમે આવા પરાત્પર પુરુષોત્તમ તમારે કાજે અહીં પ્રકૃતિ પુરુષનો લોક કે બીજા અન્ય લોક ત્યજીને મનુષ્ય જેવા થઈ તમારી સાથે રહ્યા છીએ. તમને નિત્ય દર્શન દઈએ છીએ, હેત કરીને જમાડીએ છીએ. એમ અનેક પ્રકારના લાડ તમને લડાવીએ છીએ. છતાં તમારે હજુ કૃપા જોઈએ છે ?

બ્રહ્માનંદસ્વામીએ હાથ જોડી દીધા ને કહ્યું, મહારાજ આપની અત્યંત કૃપા છે, પરંતુ અમે માયાના જીવ..તેથી માયાનું આવરણ આડું આવે અને આપની કૃપાનું રહસ્ય ન સમજાય. મહારાજ આ સાંભળી ઉભા થઈ ગયા. તેમણે જે ઉત્તરીય વસ્ત્ર ઓઢ્યું હતું તે દૂર ફેંકી દીધું. દિવ્યભાવમાં આવીને બોલ્યા, લ્યો કરો દર્શન ! હવે છે આવરણ ?

સ્વામી મહારાજની ચેષ્ટા સમજી ગયા. મહારાજ નખશિખા પર્યંત દિવ્ય છે. પરંતુ જ્યાં સુધી નિષ્કપટભાવ નથી, આવરણ છે, ત્યાં સુધી આ સર્વોપરી સ્વરૂપ જેમ છે તેમ ઓળખાશે નહિ. એ આવરણ ટાળી નાંખવું, મહારાજ સાથે અંતર એક કરી દેવું.

પ્રસંગ : ૪૮

પાંચસો સંતોને પરમહંસ દિક્ષા - ૨૫૮

મહારાજની આજ્ઞા અનુસાર મુક્તાનંદસ્વામી ધ્રાંગધ્રા ગયા, ત્યાં વેરાગીઓના અખાડામાં ઉતર્યા. પરંતુ વેરાગીઓ રાજાને ફરિયાદ કરી કે સ્વામિનારાયણના મૂંડિયા અમારા અખાડામાં આવીને ઉતર્યા છે, આપ મદદ કરો નહિ તો એ અખાડાનો કબજો લઈ લેશે. આ ફરિયાદની સાથે સાથે તેણે રાજાને ભેટ સોગાદોથી રીઝવી દીધા. એટલે રાજાએ પોતાના માણસોને મોકલ્યા. તે દરમ્યાન વેરાગી બાવાઓએ પણ મુક્તાનંદસ્વામી તથા સાધુઓને ખૂબ માર્યા. સ્વામીએ ધ્રાંગધ્રા નરેશને ફરિયાદ કરી તો રાજાએ કહ્યું કે, પાડેપાડા અંદર અંદર લડે તો અમે શું કરીએ ? માટે તમો બંને અંદરોઅંદર પતાવી દો. એમ કાંઈ દાદ મળી નહિ. અને સ્વામિનારાયણના મૂંડિયાઓ જ્યાં જ્યાં દેખાય ત્યાં તેમની કંઠી, જનોઈ, ચોટી કાપી લેતાં, તુંબડા ફોડી નાખતા, મૂર્તિ તોડી નાખતા, બાવાઓએ નક્કી કર્યું હતું કે આપણી રામકીઓ વચ્ચે બેસાડીને તેમને તોબા પોકારાવી દેવા. બાવાઓ કેટલાક સંતોની અલ્ફીઓ પણ ઉતારી લઈ એક કૌપીનભેર કરી દેતા, તિલક ભૂંસી નાખતા, રામકીઓને સામે લાવી તેમનો પરાણે સ્પર્શ કરાવતા, માર મારતા. આમ અનેક પ્રકારે ઉપાધિઓની આંધી વરસાવી.

ક્ષમાશીલ સંતોએ આ બધું મૂંગા મોઢે સહન કર્યું. આ બધા મંડળો કાલવાણી આવ્યા. મહારાજે તેમના દેહ જોયા. કંઠી અને જનોઈ વગરના દેહ અડવા દેખાતા હતા. મહારાજની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા. પછી મહારાજે મોટેરા સંતો સમક્ષ જોઈને કહ્યું, હવે અમારી એક આજ્ઞા પાળો. આ જનોઈ, આ કંઠી, આ ચોટી કાઢી જ નાખો. પૂજાના બંધનો કાઢી માનસી પૂજાનું સુખ લો. આ બાહ્ય ચિહ્નોથી, ઉપકરણોથી તમને સૌ સ્વામિનારાયણના સાધુ માની દુઃખ દેશે. તેથી અલક્ષ્યપણે રહીને પરમહંસ દશા ગ્રહણ કરો.

આ સાંભળી એક સંતે કહ્યું, મહારાજ ! અમે એવી પરમહંસ સ્થિતિ તો પામ્યા નથી. તેથી ધર્મનું આચરણ છોડી દેવાથી અમારી સાધનામાં વિઘ્ન તો નહિ આવે ને ? મહારાજે ધીરે રહીને સમજાવતાં કહ્યું, ધર્મનું આચરણ તો પરમહંસ સ્થિતિ પ્રાપ્ત થયા પછી પણ મૂકવાનું નથી. અને તમારે તો કેવળ મારી આજ્ઞાથી દેહે કરીને બાહ્ય આચરણનો ત્યાગ કરવાનો છે. પરંતુ મનને તો માનસી પૂજા અને ધાર્મિક ભાવથી હંમેશા સભર જ રાખવાનું છે.

મહારાજે અત્યાર સુધી વિધિ-નિષેધના નિયમો આ સંતો પાસે દઢપણે પળાવ્યા હતા. તેમની સાધનાની વહેલી સમાપ્તિ થાય તે માટે બીજા અનેક નિયમો પણ તેમને આપ્યા હતા. તે બધા જ નિયમોના બાહ્ય આચારનો ઓજ ત્યાગ કરી દેવો તે તેમને સૌને કઠણ પડતું હતું. તેમની મૂંઝવણ જોઈ મહારાજે કહ્યું, જુઓ વિષમ દેશકાળને લઈને પાંડવો પણ શ્રીકૃષ્ણની આજ્ઞાની પોતાનો બાહ્ય વેષ, ચિહ્નો, આયુધો બધાનો ત્યાગ કરી ગુપ્તવેશે વિરાટનગરમાં રહ્યા હતા. તેથી શું તેમનું ક્ષત્રિયપણું મટી ગયું હતું ? તેમ તમારે પણ અમારી આજ્ઞાથી પરમહંસ દશા ગ્રહણ કરવાની છે, દેશકાળ વર્તવાનો છે. તેમાં તમને સૌને સુખ થશે અને આપણું કાર્ય પણ નિર્વિઘ્ને પાર પડશે.

શ્રીહરિના આજ્ઞાપાલનમાં તેમની પ્રસન્નતાની પ્રાપ્તિ હતી. સૌએ મહારાજની આ આજ્ઞા સહર્ષ ઝીલી લીધી. રાત્રિના ફક્ત એક જ પ્રહરના ઉપદેશમાં મહારાજે પાંચસો સંતોને પરમહંસ દીક્ષા આપી અલક્ષ્યપણે વર્તવાનો આદેશ આપી દીધો. એ આદેશ સર્વએ ઝીલી લીધો. (આ.સં.૧૮૬૩)

(રેફરેન્સ ઈતિહાસ-પરમહંસ દિક્ષાનો ઈતિહાસ આ પ્રમાણે મળે છે. સદ્ગુરુ મુ.સ્વા.ને ધાંગધ્રામાં વેરાગીઓએ ત્રાસ આપ્યા બાદ તેઓ ત્યાંથી નીકળી ગુજરાતમાં આવીને શ્રીહરિને મળ્યા ને ત્યાં સંતોને અલક્ષ્યપણે પરમહંસ તરીકે વિચરવાની આજ્ઞા શ્રીહરિએ આપી. ત્યાર બાદ શ્રીહરિ વેલાલ પધાર્યા. જયાંએમણે મુ.સ્વા., બ્ર.સ્વામી., ચૈતન્યાનંદસ્વામી, અદ્વૈતાનંદસ્વામીને પરમહંસ કર્યા. પછી જેતલપુરમાં ગોવિંદાનંદસ્વામીવગેરે ૧૫ સંતોને પરમહંસ કર્યા. ત્યાર બાદ શ્રીહરિએ કાલવાણી પધારતાં સુધીમાં જુદાં જુદાં ગામોમાં પરમહંસો કર્યા અને પછી કાલવાણી પધારી ત્યાં પણ સમૂહમાં પરમહંસ દિક્ષા આપી.)

સાંજે મહારાજે સંતોને કહ્યું, સંતો ! તમે અમારા માટે બહુ કષ્ટ સહન કર્યું. વેરાગીઓના ત્રાસથી તમારા આ હાલ જોઈને મને લાગે છે કે તેમને સૌને આપણું પાણી તો બતાવવું..નહિ તો આપણને ટકવા દેશે નહિ. વળી આપણે કરવા ધારેલ લોકકલ્યાણનું કાર્ય પણ આપણે કરી શકીશું નહિ. મહારાજની આ વાત સાંભળી સંતો સર્વે નીચું જોઈ ગયા.

પછી સંતોએ હિંમત લાવી મહારાજને કહ્યું, મહારાજ ! આપે વનવિચરણ દરમ્યાન અનેક કષ્ટો, અપમાન, તિરસ્કારો, માર, ભૂખ સહન કર્યાં છે તે કેવળ અમારા માટે જ..અમને સાચી સાધુતા શીખવાડવા માટે જ..તો આપના પગલે અમે ચાલીએ તેમાં અમારી સાધુતા છે, આપનું ગૌરવ છે. મુક્તાનંદસ્વામીના આ શબ્દો સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થયા.

તેમણે કહ્યું, સંતો ! હું જાણું છું તમે જડભરત, જયદેવ અને કદરજ જેવા ક્ષમાવાન છો. તમો ખરેખર ધન્ય છો. તમારી સાધુતાથી, તમારી ક્ષમાથી, લોકોમાં રહેલો આસુરભાવ નષ્ટ થઈ જશે. ક્ષમા એ તમારું ખડગ છે, ધીરજ ઢાલ છે. તમારા મૌનમાં અસુરોનો નાશ છે. પ્રતિકાર તો સાધુની સાધુતા લજવે. તમારી સાધુતા આ કસોટીમાં વધુ દીપશે. તમારી સાધુતાથી જ ભાગવત ધર્મના પાયા દઢ થશે.

(ભગવાન સ્વામિનારાયણ ભાગ-૪માંથી આ લખાણ લીધું છે - ૩૮૭)

મહારાજે સંતોને કહ્યું, આ સત્સંગના વિકાસમાં સંતોનો પણ ફાળો છે. તેમણે સૌએ દેહે કરીને તપ કર્યું, અપમાન અને તિરસ્કાર સહન કર્યા, માર પણ ખાધો છતાં તેની ભક્તિ મોળી પડી નહિ. તેમને આ સંકટમાંથી ઉગારવા તેમને સૌને અમે પરમહંસ દિક્ષા આપી હતી. શિખા, સૂત્ર, કંઠી, પૂજા વગેરેનો ત્યાગ કરાવ્યો હતો. અલક્ષ્યપણે વિચરવાની આજ્ઞા આપી હતી. પરંતુ હવે રાજ્ય બદલાયું અને દેશકાળ સુધર્યો તેથી તેમને સૌને પૂર્વવત્ શિખાસૂત્ર રાખવાની, પૂજા કરવાની, કંઠી રાખવાની અમે આજ્ઞા આપી છે.

છેલ્લો સમૈયો (આ.સં.૧૮૭૯માં પંચાળામાં) પંચાળા કર્યો ત્યારે તિલક ચાંદલો પણ કરવાની આજ્ઞા કરી હતી. તિલક ચાંદલો કઈ રીતે કરવો તે પણ અમે અમારા આ અક્ષરબ્રહ્મ ગુ.સ્વામીના કપાળમાં તિલક ચાંદલો કરીને સૌને બતાવ્યું હતું. તેઓ અતિમોટા સાધુ છે. તેમની પાછળ લાખો મનુષ્યો ફરશે. તેમની મહત્તા સમજાશે ત્યારે સત્સંગ યથાર્થ થયો ગણાશે.)

પ્રસંગ : ૪૯

રાજબાનો પૂર્વ જન્મ-૨૬૪

ભીમ એકાદશીના ઉત્સવ ઉપર મહારાજે ગઢપુરની સભામાં સૌને વાત કરી. ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિને વિષે દિવ્યતાનો અખંડ ભાવ એ જ દોષ નિવારણનું મોટું સાધન છે. એટલી વાત કરીને મહારાજે કહ્યું, આ લાડુબા તે રાધાનો અવતાર છે, રાજબા એ સરસ્વતીનો અવતાર છે, અને જીવુબા એ લક્ષ્મીજીનો અવતાર છે. માટે સર્વ સ્ત્રીઓએ આ ત્રણ બાઈઓનો પ્રસંગ રાખવો અને આ ત્રણેય બાઈઓએ અમારો મહિમા કહેવો જેથી સ્ત્રીઓના અંતરમાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ રહે નહિ.

કૃષ્ણાવતારમાં કેવળ કૃષ્ણે કામ જીત્યો અને દેવતાઓમાં ફક્ત શિવજીએ કામને બાળી નાખ્યો. પરંતુ આજે તો સત્સંગી સ્ત્રી અને પુરુષ કામાદિક દોષોનો પરાભવ કરવા સમર્થ છે. તેનું કારણ પ્રગટ પુરુષોત્તમ નારાયણનો આશ્રય છે. તે આશ્રયનું બળ રાખજો, સત્સંગની ધર્મમર્યાદામાં રહેજો તો કામાદિક દોષ તમારાથી ત્રાસી જશે.

આ સચ્ચિદાનંદસ્વામીએ કામને પોતાના ઉદરમાં નાખી દીધા હતો અને અનેક પ્રકારે પ્રાર્થના કરી, સત્સંગીને કદી પીડીશ નહિ એવી બાંયધરી આપી ત્યારે પોતાના ઉદરમાંથી તેને બહાર કાઢયો. આ વાત કોઈને મનાય નહિ, પરંતુ જેની દૃષ્ટિ પ્રતિલોમ વર્તતી હોય અથવા અમારા વચનમાં વિશ્વાસ હોય તેને જરૂર આ વાત મનાય.

પ્રસંગ : ૫૦

ભાગવતનું જ્ઞાન કામમાં ન આવ્યું-૨૭૫

મહારાજ માટે બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો. પછી મહારાજ જમવા પધાર્યા. ત્યાં રાઘવાનંદ આવ્યા. મહારાજને દંડવત્ કરી પગે લાગી મહારાજ સન્મુખ બેઠા. મહારાજે રાઘવાનંદસ્વામી તરફ જોયું ને કહ્યું, તમને મંડળમાં ફરવા મોકલ્યા હતા ને અહીં કેમ આવ્યા ?

તેમણે કહ્યું, મને ફાવ્યું નહિ એટલે આપની સેવામાં રહેવા આવ્યો છું. આ તાડપત્રમાં લખેલું ભાગવત સાથે ફેરવો છો અને વાંચો છો ત્યારે આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે તો તેમાંથી ગોપીઓની શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ, શ્રીકૃષ્ણની મરજી પ્રમાણે જ વર્તવાની સમજ્યા નથી ? મહારાજે ઠપકો આપતા કહ્યું.

એ તો વાંચીએ કે સાંભળીએ ત્યારે એવો ભાવ થઈ જાય પણ કાયમ એવું રહેતું નથી. તેમણે તરત જ કહ્યું. આ સાંભળી મહારાજે તેમના સાથળ ઉપર સ્હેજ ચીંટીયો ભર્યો અને કહ્યું, વાંચા કે સાંભળો ત્યારે એવો ભાવ થઈ આવે છે પણ તે કાયમ રહેવું એવું શીખવું નથી ? એવું નહિ શીખો તો વાતે વાતે ધોખો થશે.

તેઓ તો કાંઈ બોલ્યા નહિ પણ તેમના મોં ઉપરના ભાવ પરથી એમ લાગ્યું કે તેમને આ શિખામણના શબ્દો ગમ્યા નથી. તેઓ તરત જ ત્યાંથી પોતાની ઝોળી લઈને ચાલી નીકળ્યા. મૂળજી બ્રહ્મચારી તેમને પાછા બોલાવવા માટે ઉઠવા જતા હતા તેમને મહારાજે બેસારી દીધા અને કહ્યું, જેને ખપ નથી તેને પરાણે રાખવાનો કોઈ અર્થ નથી, ભલે જાય..

પ્રસંગ : ૫૧

અવતાર-અવતારીનો પ્રશ્ન-૨૭૭

હીરાભાઈએ મહારાજને પ્રશ્ન પૂછયો, મહારાજ પુરુષોત્તમનારાયણ આ પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તેમની સાથે અનંત અવતારો પણ આવે છે. પરંતુ પુરુષોત્તમનારાયણ તે તે અવતારોના ઐશ્વર્ય દબાવી રાખે છે. છતાં તેમનામાં કાંઈ ઐશ્વર્ય રહેતું હશે કે નહિ ?

પ્રશ્ન સાંભળી મહારાજ પ્રસન્ન થયા. કારણ તેમાં અવતાર તથા અવતારીના લક્ષણો ઓળખવાની જિજ્ઞાસા હતી. મહારાજે ઉત્તર કરતાં કહ્યું, આ બ્રહ્માંડમાં પુરુષોત્તમનારાયણની આજ્ઞાએ કરીને અવતાર પ્રગટ થાય છે ત્યારે તે અવતારને પાંચ લક્ષણે કરીને ઓખવા. એક તો તેમના બંને ચરણમાં સોળ ચિહ્ન હોય, બીજું તેઓ સત્ય સંકલ્પ હોય, ત્રીજું તેમાં અંતર્યામીપણું હોય, ચોથું શુભ-અશુભ કર્મે કરીને તે બંધાય નહિ અને પાંચમું તેમને પૂર્વાપરની સ્મૃતિ હોય. પરંતુ જ્યારે તેઓ પુરુષોત્તમનારાયણની સાથે આવ્યા હોય ત્યારે તેમનામાં ફક્ત ત્રણ લક્ષણો જ દેખાય. અંતર્યામીપણું, સંકલ્પની સિદ્ધિ અને પૂર્વાપરની સ્મૃતિ..

પ્રસંગ : ૫૨

અક્ષરબ્રહ્મનો મહિમા પહેલીવાર-૨૮૫

મહારાજ ભાદરામાં વશરામ ભક્તને રોજ પૂછતાં, આજ અમારે જમવાના વારા કેને ઘેર છે ? અને વશરામભાઈ જેનું આમંત્રણ હોય તેનું નામ આપતા. એક દિવસ જયારે તેમણે કહ્યું કે, મહારાજ આજે તો આપણે મૂળજીને ત્યાં જમવા જવાનું છે. તે સાંભળી મહારાજે કહ્યું, તો તો ચાલો જઈએ..

ત્યારે વશરામભાઈ બોલ્યા, હજુ તો ઘણીવાર છે. મૂળજી પણ ખેતરે ગયા હશે. મહારાજ આ સાંભળી અકળાયા. તેમણે કહ્યું, મૂળજી ભલે ને ખેતરે ગયા હોય. તેના માં તો હશે ને ? તેની સાથે આપણે મૂળજીની વાતો કરીશું.

વશરામભાઈને લાગ્યું કે મહારાજને આજે મૂળજીનું ઘેલું લાગ્યું છે. મૂળજીની વાત કરતાં મહારાજ થાકતાં જ નથી. મહારાજ મૂળજીના ઘરે પધાર્યા. મૂળજી ભક્તના માતા સાકરબા રસોઈ બનાવતા હતા. તેમણે જાણ્યું કે મહારાજ પધાર્યા છે એટલે રસોડામાંથી એકદમ બહાર આવ્યા, મહારાજને બેસવા માટે

સાંગામાંચી ઢાળી દીધી.

મહારાજે સાકરબાને પૂછ્યું, મા ! મૂળજી ક્યાં છે ? સાકરબાએ કહ્યું, મહારાજ મૂળજી તો ખેતરે ગયા છે. જમવાટાણું થશે ત્યારે આવશે. મહારાજે સાકરબાને પૂછ્યું, રસોઈ તૈયાર થઈ ગઈ ? એટલે તેમણે કહ્યું, હા, મહારાજ આપ જમવા બેસો તો તૈયારી કરુ..મહારાજે કહ્યું, ના.. જમવાનું તો મૂળજી આવશે ત્યારે પણ તમે અહીં બેસો. એટલે સાકરબા મહારાજ સમક્ષ થોડે દૂર બેઠા.

મહારાજે પૂછ્યું, મા તમારા મૂળજી અમને સંભારે છે ? સાકરબાએ કહ્યું, અરે મહારાજ એ તો આખો દિ તમારું જ રટણ કરે છે. તમને એક ઘડી પણ વિસારતો નથી. મહારાજ અને હરિભક્તો આ સાંભળી રહ્યા હતા. વશરામભાઈને લાગ્યું આજે કાંઈ મૂળજી-મહારાજની અવનવી વાતો નીકળશે. ત્યાં તો મહારાજે કહ્યું, મા ! મૂળજી અમને જેમ સંભારે છે તેમ અમે પણ મૂળજીને અખંડ સંભારીએ છીએ.

આ સાંભળી સાકરબાને તો જાણે અમૃતનો ઘૂંટડો પીધો હોય એવો આનંદ થયો. તેમણે તરત જ કહ્યું, મહારાજ મૂળજી પણ બાળક હતા ત્યારથી આપના નામનું રટણ જ કરતા. જ્યારે આપને અયોધ્યામાં જનોઈ દેવાતી હતી ત્યારે મૂળજીએ મને કહેલું કે મા, મા આજે જનોઈના ગીત ગાઓ. મહારાજને જનોઈ દેવાય છે. વળી, આપ જ્યારે વનમાં પધાર્યા ત્યારે પણ મૂળજીએ મને કહ્યું હતું, મા આજે તો ધામના ધણી વનમાં પધાર્યા છે. વળી આપ લોજ પધાર્યા ત્યારે મૂળજી બોલ્યા હતા, મહારાજ આજે લોજ પધાર્યા છે. થોડા વખતમાં અહીં પધારશે અને તમારા હાથનો થાળ જમશે. મહારાજ મૂળજીનું એ વચન આજે સાચું પડ્યું છે.

સાકરબાની વાતો સાંભળી મહારાજને આનંદ થયો. તેમને તો ભાદરાના હરિભક્તોને મૂળજી મહારાજનો મહિમા સમજાવવો હતો. તેથી તેમણે સાકરબાને કહ્યું, મા તમને તો નહિ સમજાય પણ તમારા મૂળજી છે તે તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. તમારા ગર્ભમાં આવ્યા તે પહેલા પણ મૂળજી અમને અખંડ દેખતા હતા. તે અમારી સાથે બંધાયા છે અને અમે તેમની સાથે બંધાયા છીએ. અમારા આ બંધન અતૂટ છે.

મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે

એટલું કહીને મહારાજ સામે બેઠેલા હરિભક્તો સામું જોઈને બોલવા લાગ્યા. મૂળજી તો એટલા મોટા છે કે એક બ્રહ્માંડમાં દશ અવતારો, ચાર વ્યૂહ, કેશવાદિક ચોવીસ મૂર્તિઓ અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ રહ્યા છે. તેવા અનંત બ્રહ્માંડોને મૂળજી ધરી રહ્યા છે. મૂળ માયા, મૂળ પુરુષ તે સર્વના નિયંતા છે.

સાકરબાએ આંખોમાં હર્ષના આંસુ સાથે કહ્યું, મહારાજ મારો સ્ત્રીનો દેહ તેથી હું ઝાઝું સમજું નહિ પરંતુ આપ કહો તેમ જ છે. મૂળજીના જન્મ પહેલા મહાદેવને પ્રસન્ન કરવા અમે પ્રભાસ જતા હતા. મેખીટીંબીમાં એક આહીર ભક્તને ત્યાં રાત રહ્યા. તે રાત્રે આત્માનંદ સ્વામીએ મને સ્વપ્નામાં દર્શન દઈને કહ્યું, ભગવાનનું અક્ષરધામ તારા પુત્રરૂપે જન્મશે. મહારાજ તે વચન આપની કૃપાથી સત્ય થયું છે. આપ કહો છો તેવા જ મૂળજી પ્રતાપી છે. ઘણા ચમત્કારો તેમણે બતાવ્યા છે. અમારા ધન્ય ભાગ્ય કે અમારે ઘેર આવા પુત્ર પ્રગટ થયા જેમને લઈને આપ પુરુષોત્તમાનારાયણ અમારે ઘેર અમને પાવન કરવા પધાર્યા.

મહારાજ સાકરબાનો ભાવ જાણી પ્રસન્ન થયા. ભોળી માતાને મૂળજીની આધ્યાત્મિક મહત્તા શી રીતે સમજાય ? છતાં તેના અત્યંત બલિષ્ટ પૂર્વસંસ્કારના યોગે સાક્ષાત્ અક્ષરધામ તેને ઘેર પુત્રરૂપે પ્રગટ થયું હતું. તે સંબંધે જ તેનું આત્યંતિક કલ્યાણ થઈ ગયું હતું. મૂળજી ભક્તના સખાઓનું પણ મૂળજી સાથેની પ્રીતિના સંબંધે, મહારાજના સ્વરૂપની નિષ્ઠાના બળે, કલ્યાણ તો થઈ ગયું હતું છતાં આત્યંતિક કલ્યાણનો માર્ગ મુમુક્ષુઓ માટે સદાય ખુલ્લો રહે તે માટે અક્ષરધામનું મહાત્મ્યયુક્ત જ્ઞાન સમજવાની જરૂર હતી જ. તે અક્ષરધામનો મહિમા સમજ્યા પછી જ મહારાજનો યથાર્થ મહિમા સમજી શકાય. આ મર્મ સમજાવવા માટે સાકરબાનું મિષ લઈ મહારાજ કહેવા લાગ્યા :

સાકરબા ! તમારા મૂળજીમાં તો અનેક કલ્યાણકારી ગુણો છે. છતાં પોતે ગુણથી પર ગુણાતીત છે. સૌથી મોટા છે છતાં સૌથી નાના પણ છે. કર્તા પણ છે અને અકર્તા પણ છે. સર્વના કારણ પણ છે અને સર્વથી અલિપ્ત પણ છે. વધું તો શું કહીએ ? પણ મા ! પ્રાકૃત પ્રલયમાં જ્યારે બ્રહ્માંડનો પ્રલય થઈ જાય છે ત્યારે બધું જ મહામાયાને વિષે લીન થઈ જાય છે. આત્યંતિક પ્રલય એટલે કે જ્ઞાનપ્રલયમાં જેમ દિવસને વિષે રાત્ર લીન થઈ જાય છે, તેમ અક્ષરબ્રહ્મ આ તમારા મૂળજીના પ્રકાશને વિષે તે મહામાયા લીન થઈ જાય છે, છતાં તે મૂળ માયા અને તેના કાર્યથી મૂળજી સદા અલિપ્ત છે. આ મૂળજી અક્ષરબ્રહ્મ સ્વરૂપે સર્વત્ર વ્યાપક છે. અને મૂર્તિમાન સ્વરૂપે સદા અમારી સેવામાં છે. શાસ્ત્રોમાં બ્રહ્મનો અપાર મહિમા કહ્યો છે. પરંતુ જેમ તમોને બ્રહ્મ અને પરબ્રહ્મ પ્રત્યક્ષ થયા છે તેમ ભૂતકાળમાં કોઈને થયા નહોતા.

મહારાજને મૂળજીનો મહિમા સૌને સમજાવી દેવો હતો તેથી વાતનો દોર તૂટવા નહોતા દેતા. મહારાજ વાત કરતાં હતા કે આ મૂળજી એ અમારું અનિર્દેશ ધામ છે. તેથી જ તે અપાર છે. કોઈ તેનો નિર્દેશ કરી શકતું નથી. જેમ સૂર્ય કે ચંદ્રનો અહીંથી આપણે નિર્દેશ કરી શકીએ પરંતુ સમીપે જઈએત ો તે બંને ગ્રહોનું અપારપણું સમજાય તેમ પરોક્ષભાવે લોકો અમારો મહિમા ગાય, પરંતુ અમારા પ્રત્યક્ષ સ્વરૂપોનું વર્ણન વાણીથી કરી શકાય જ નહિ. એવા અમે અને તમારા મૂળજી બંને મન,વાણીથી પર છીએ.

શ્રીજીમહારાજ આટલું કહીને અટક્યા. પછી થોડીવારે ભક્તોને ઉદ્દેશીને કહે, હે હરિભક્તો ! મારા અંગભૂત આ મૂળજી ભક્તનો મહિમા જ્યારે તમને સમજાશે ત્યારે જ તમે સૌ અમારો મહિમા સમજી શકશો. રામચંદ્ર જોષી

પ્રસંગ-૫૩

અક્ષરનો મહિમા સમજાય ત્યારે પુરુષોત્તમનો મહિમા સમજાય

આ સાંભળી વશરામ ભક્તે પૂછ્યું, મહારાજ શું અક્ષરનો મહિમા સમજાય તો જ આપનો મહિમા સમજાય ?

આ પ્રશ્ન અગત્યનો હતો. પૂર્ણ પુરુષોત્તમનારાયણના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવામાં અક્ષરધામનું શું સ્થાન છે તે ભક્તોએ સમજવું જરૂરી હતું. અક્ષરધામનું સ્વરૂપ, તેનો મહિમા જો સમજાશે તો જ તે અક્ષરથી પર પુરુષોત્તમના સ્વરૂપનો તેમને નિશ્ચય થશે. મહિમા સમજાશે.

તેથી મહારાજે ઉત્તર આપતા કહ્યું, હા, જ્યારે અક્ષરનો મહિમા યથાર્થ સમજી શકાશે અને એ મહિમા સમજીને તે રૂપ થવાશે ત્યારે જ અમારો મહિમા સમજી શકાશે. જેમ પૃથ્વીથી જળ દસગણું મોટું છે તેમ આપણે કહીએ છીએ પણ પૃથ્વી કેવડી મોટી છે તે જાણ્યું ન હોય તો જળની મોટાઈ સમજાય શી રીતે ? વળી, જળથી તેજ, તેજથી વાયુ, વાયુથી આકાશ એ સર્વ ઉત્તરોઉત્તર એકબીજાથી દસગણાં મોટા છે. આકાશથી પર મહતત્વ છે. તેથી પર પ્રધાનપુરુષ છે. તેથી

પર મૂળપ્રકૃતિ અને મૂળ પુરુષ છે. અને તે બંનેથી અનંતગણા પર અક્ષર છે. માટે ઉત્તરોઉત્તર એક એક તત્વનો મહિમા સમજાય તો અંતે અક્ષરનો મહિમા સમજાય. અક્ષરનો મહિમા સમજાયા પછી જ અક્ષરથી પર એવા પુરુષોત્તમનારાયણ જે અમે તેમનો મહિમા સમજાય.

પોતાના જ સખા અને વિપ્ર મૂળજીના આવા અગાધ મહિમાની તો કોઇએ કલ્પના પણ નહોતી કરી. તેથી જ મહારાજ આજે કહેવા બેઠા હતા. પોતાના પરમ ભક્તના અગાધ મહિમાનું ગાન કરવું તે તેમને મન પરાભક્તિ હતી. તેથી મહારાજે આ વાતનો દોર પકડી જ રાખ્યો.

તેમણે કહ્યું, હે ભક્તો ! તમે સૌ સાંભળો. આ મૂળજી અક્ષરબ્રહ્મનો અવતાર છે. એ સર્વ કારણના પણ કારણ છે. તમને તો એક સામાન્ય પુરુષ દેખાય છે પરંતુ તેના અતિ અપાર સ્વરૂપમાં અનંત બ્રહ્માંડો, તે બ્રહ્માંડોના અધિપતિઓની સાથે નિવાસ કરીને રહ્યા છે. તે નિર્દોષ છે. કારણ તેના સ્વરૂપમાં માયા છે જ નહિ. વળી ઉપનિષદ વગેરે શાસ્ત્રોમાં એ અમારા ધામનું અમારા સ્વરૂપ તરીકે જ બહુધા વર્ણન છે. એ અક્ષરબ્રહ્મ અનાદિ, અનંત, અવિચળ અને માયાથી પર છે. તેને પામીને જીવ મૃત્યુ થકી મૂકાય છે. જેમાં સૂર્ય ચંદ્રનો પ્રકાશ પહોંચતો નથી, જેમાં વાયુ નથી, જેમાં સ્વર્ગના દેવતાઓની ગતિ નથી. જે અક્ષરબ્રહ્મનું પૂજન કરવાથી સર્વ પૂજકોનું રક્ષણ કરનારા સ્વતઃસિદ્ધ પરત્મામાનું પૂજન થઈ રહ્યું છે, એવા એ અક્ષરબ્રહ્મ છે. એ અક્ષરને જાણી જે કોઈ ઇચ્છે તે તેને પ્રાપ્ત થાય છે. સર્વથી પર એ અક્ષરબ્રહ્મ ભક્તજનોને પ્રાપ્ય છે, અભયરૂપ છે અને સંસારસિંધુને તારે છે.

આગળ મહારાજે કહ્યું, વશરામભાઈ ! જેમનામાં અનુભૂતિ સ્વરૂપ વિજ્ઞાન છે, જેમણે મન જીત્યું છે, જે સદા પવિત્ર છે, તે જ તે અક્ષરબ્રહ્મને પામે છે. જેને પામીને ફરી જન્મવું પડતું નથી. જયારે મુમુક્ષુના હૃદયમાંથી વાસના નાશ પામે છે ત્યારે તે શુદ્ધ આત્મસ્વરૂપ થઈ અક્ષરબ્રહ્મમય થઈ જાય છે. જે ધૈર્યવાન પુરુષ નિષ્કામભાવે પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે છે તે જ તે અક્ષરબ્રહ્મને જાણી શકે છ.

અક્ષરબ્રહ્મનો આવો અપાર મહિમા છે છતાં જો કોઈ કહે કે અક્ષરબ્રહ્મ નથી જ, તો તેવું કહેનારો અસત્ થઈ જાય છે. અર્થાત્ તેનો આત્મા જડ જેવો થઈ જાય છે. માટે હે ભક્તો ! અક્ષરનો મહિમા મુમુક્ષુઓએ તો અવશ્ય સમજવો જોઈએ. એ અક્ષરબ્રહ્મ તે આ મૂળજી ભક્ત છે અને તે અક્ષરબ્રહ્મમાં રહેનારા પુરુષોત્તમ નારાયણ અમે છીએ. આટલું જો સમજશો તો જે એકાંતિક ધર્મની સ્થાપના માટે અમો પ્રગટ થયા છીએ તે એકાંતિક ધર્મ તમને સૌને સિદ્ધ થઈ જશે.

ત્યાં મૂળજીભક્ત ખેતરેથી આવ્યા મહારાજ તેમને જોઈ બહુ જ રાજી થયા અને કહ્યું, અમે તમારી જ વાટ જોતા હતા. હવે તમે આવ્યા એટલે આપણે સાથે જમવા બેસીએ.

પ્રસંગ : ૫૪

હમીરસરોવરનો મહિમા-૨૯૯

પછી મહારાજ ભચાઉ થઈને સંવત ૧૮૬૪ના આસો કૃષ્ણ પક્ષમાં ભુજમાં હીરજીભાઇને ત્યાં પધાર્યા. નવા પરમહંસોને મહારાજ દિક્ષા આપવાના છે તેથી મુ.સ્વામી, બ્ર.સ્વામી, વ્યા.સ્વામી, આ.સ્વામી, સ્વ.સ્વામી વેગેરે સંતો પોતપોતાના મંડળો સાથે આવી ગયા હતા. મહારાજે સંતોને કહ્યું, અમારા સ્વરૂપની નિષ્ઠા દૃઢ રહેશે તો કૃપા પણ સદા રહેશે. નિષ્ઠામાં સંકલ્પ વિકલ્પ થાય, કુતર્ક થાય તો અમે લાચાર બની જઇશું. મહારાજ ઉપદેશમાં હંમેશા સ્વરૂપનિષ્ઠાની વાતો કરતા. આ સ્વરૂપની નિષ્ઠા દૃઢ રાખજો. સૌને વાત પણ એવી કરજો કે એ નિશ્ચયરૂપી ગર્ભનો પાત કદી ન થાય. શાસ્ત્ર માત્રનો આ સાર છે.

મહારાજ પરમહંસોની સાથે રોજ હમીરસર તળાવે નહાવા પધારતા. ક્યારેક રઘુનાથજીને આરે જઈ સ્નાન કરતા. ક્યારેક પાવડીને આરે પણ સ્નાન કરતા તો ક્યારેક ઝંડાવાળા આરે પધારતા. એમ નિત્ય ત્યાં સ્નાન કરીને ત્યાંથી બાગમાં પધારતા.

એક દિવસ સુંદરજીભાઈએ મહારાજને પ્રશ્ન પૂછયો કે હે મહારાજ ! કેવળ વામનજીના ચરણના અંગૂઠાના સ્પર્શથી ગંગાજીનો કેટલો મહિમા પ્રર્વત્યો છે જયારે આપ તો સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો, આપે ઘણીવાર આ સરોવરમાં પરમહંસો સાથે સ્નાન કર્યું છે તો આ સરોવરનો કેવો મહિમા હશે ! આ સરોવરનો મહિમા અપાર છે એમ કહીએ તો પણ એ મહિમાનો અંત આવે તેમ નથી. અનંત ઋષિઓ, દેવો તથા દેવાધિપતિઓ આ સરોવરના નિત્ય દર્શન કરવા આવે છે. આ સરોવરના જળનું પાન કરવાથી અનંત જન્મના પાપ બળીને ભસ્મ થઈ જાય છે. અહીં શ્રાદ્ધાદિક ક્રિયા કરવાથી પિતૃઓ વૈકુંઠલોકને પામે છે. આ સરોવરમાં સર્વે તીર્થો આવીને બિરાજમાન થયા છે.

પ્રસંગ-૫૫

૧૮ નવા પરમહંસો

બીજે દિવસે સમાચાર આવ્યા કે ભાઈ રામદાસસ્વામી ૧૮ નવા પરમહંસોને લઈને આવે છે. સમાચાર મળ્યા એટલે મહારાજ એકદમ તેમની સામે જવા તૈયાર થઈ ગયા. ભીડના દરવાજા બહાર મહારાજ આવીને બિરાજયા. મહારાજે સૌને કહ્યું, ચાલો આપણે સામું જવું જોઈએ. સુંદરજીભાઈએ મહારાજને પૂછયું, મહારાજ ! શું માંચાખાચર, અલૈયાખાચર સાધુ થઈ ગયા ?

હા, ગામ-ગરાસ-સંપત્તિ-કુંટુંબ બધાને ત્યાગ કરી અમારા વચને ભગવા પહેરી લીધા. સુખ-સંપત્તિ-મોટપ બધાનો ત્યાગ કરી ચાલ્યા આવે છે. મહારાજે સૂચક દૃષ્ટિથી તેમની સામે જોતા કહ્યું. સુંદરજીભાઈ આ સાંભળી ઉંડા ઉતરી ગયા. મહારાજે તેમનો હાથ પકડયો અને કહ્યું, ચાલો જે ખરેખરા દાસ થયા છે તેમના દર્શન કરવા. થોડે ગયા ને સામે પરમહંસની મંડળી દેખાણી. ઝાંઝ પખાજ કરતાલના નાદે સ્વામિનારાયણના મંત્રનું ઉંચા સ્વરે ગાન કરતાં બ્રહ્મની મસ્તીમાં ડોલતા મહારાજના દર્શને ઉત્સુકતાથી ઉતાવળા ડગલે ચાલતા સૌ આવી રહ્યા હતા.

મહારાજ તેમને જોઈને ઘોડા ઉપરથી એકદમ ઉતરી ગયા. ખભા ઉપરનો ખેસ ભેટે બાંધ્યો અને મહારાજ ત્યાં જ આ મંડળને દંડવત્ કરવા લાગ્યા. એક-બે-ત્રણ અને મહારાજ સામે પગલે એ રીતે દંડવત્ કરતાં ચાલ્યા. બધા આશ્ચર્યવત્ જોઈ રહ્યા. સ્વામી રામદાસે આ જોયું અને એકદમ દોડયા. મહારાજની પાસે આવીને મહારાજને પકડી લીધા. મહારાજને કહ્યું, આ તમે શું કરો છો ? દંડવત્ મારા સંતોને, મારા ભક્તોને..મારા વચને સગા-સંબંધી, ગામ-ગરાસ, સાહ્યબી, બધાની મમતાનો એક ક્ષણમાં ત્યાગ કરી પરમહંસ બનીને આવ્યા છે. તેમને હું દંડવત્ ન કરું તો બીજા કોને કરું ? મહારાજ ગદ્ગદ થઈને બોલ્યા, આતો તેમણે ઈતિહાસ સર્જી દીધો છે. એટલું કહીને મહારાજ રામદાસસ્વામીને ભેટી પડયા. ધીરે ધીરે નવા પરમહંસો મહારાજને દંડવત્ કરી પાસે આવતા ગયા, મહારાજ બધાને ભેટતા ગયા.

એટલામાં સુંદરજીભાઈએ પૂછયું, મહારાજ ! આ સૂરોખાચર પણ પરમહંસ બન્યા ? જેને જેને કલ્યાણની ગરજ હતી, અમને રાજી કરવા હતા તે બધા આવ્યા છે. સુંદરજીભાઈનું મોં પડી ગયું. તેમણે બંધિયામાં કહેલા મહારાજને શબ્દો યાદ આવી ગયા. તેમને થયું કે હું તો રાજયનો એક સામાન્ય કારભારી..જયારે આતો બધા ગામધણી સંસાર મૂકીને સાધુ થઈ ગયા. મને મારી મોટપનું માન આવી ગયું હતું. જયારે આ બધા મોટપ છોડીને નિર્માની થઈને આવ્યા છે.

એટલામાં મહારાજે અજા પટેલને જોયા. અજા પટેલ ! આવી ગયા ને ? એમ કહી મહારાજે સુંદરજીભાઈને કહ્યું, સુંદરજીભાઈ ! ધ્રાંગધ્રા રાજયની કચેરીમાં અજા પટેલની ખુરશી પડે એવા એ મોટા છે. ત્યાં તો અજાપટેલની પાસે કલ્યાણદાસને જોઈ મહારાજને આશ્ચર્ય થયું. તમારું નામ તો નહોતું લખ્યું. એટલે અજા પટેલે કહ્યું, મહારાજ ! એ તો આદીમાં આવી ગયો. જુઓ હજું મીંઢળ પણ બાંધેલું છે. મહારાજે કહ્યું, આ મીંઢળ શાનું ? લગ્નના માંડવમાંથી આપનો કાગળ વાંચીને મીંઢળ સોતો આવી ગયો. આ સાંભળી મહારાજની આંખમાંથી આંસુ પડવા લાગ્યા. ઓહો સત્સંગનો રંગ કેવો લાગી ગયો છે. આ મીંઢળબંધ જુવાન તેનું નામ નહોતું લખ્યું તો પણ આદીમાં આવી ગયો. રંગ છે જુવાન..રંગ છે તારી જનેતાને..મહારાજે તેનો વાંસો થાબડતા કહ્યું. તેતો અદ્‌ભૂત કામ કર્યું. એટલું કહીને મહારાજ તેને ભેટી પડયા.

સુંદરજીભાઈ મહારાજના પગમાં પડી ગયા. મને ક્ષમા કરો..આપના ઐશ્વર્ય પ્રતાપની મને ખબર નહોતી. આપનો દાસ કહેવરાવી સાધુ થયો અને પાછો આપના વચને ભગવાં ઉતારી ગૃહસ્થ થયો તેમાં તો મને માન આવી ગયું હતું કે આવું તો હું જ કરી શકુ. બીજાનું ગજુ નહિ. પરંતુ આજે આપે મને અંર્તદષ્ટિ કરાવી દીધી. આપના વચને આ રાજવીઓ, મીંઢળબંધિયો નવલોહિયો જવાન સૌ ત્યાગી થઈ અહીં આવી ગયા. તે જોઈને મારું પાણી ઉતરી ગયું છે. આપ ખરેખર પુરુષોત્તમ નારાયણ છો. ધારો તે કરી શકવા સમર્થ છો.

મહારાજ બધા જ નવા પરમહંસોને ભેટયા. તેમને ખબર ન પડે તેમ નીચા વળીને તેમના ચરણની રજ પણ લઈ લીધી. આ રીતે જેમ કાલવાણીમાં ૫૦૦ને શિખા સૂત્રનો ત્યાગ કરી અલક્ષ્યપણે વર્તવાનો ઉપદેશ આપી ફક્ત એક જ રાતમાં પરમહંસ દિક્ષા આપી દીધી હતી તેજ પ્રમાણે અહીં ભૂજમાં ૧૮ ભક્તો કેવળ પત્ર દ્વારા મહારાજની આજ્ઞા સાંભળી સંસારનો ત્યાગ કરી પરમહંસ બની ગયા. તે જેવો તેવો ત્યાગ ન કહેવાય.

મહારાજ રામદાસસ્વામીને કહે, આ લોકોને ભગવા પહેરાવ્યા પણ કાંઈ નામ આપ્યા છે કે નહિ ? રામદાસસ્વામી તરત જ હાથ જોડી બોલ્યા હા મહારાજ ! આપે લખ્યા પ્રમાણે નામ આપ્યા છે. માંચાખાચર એ અચ્યુતાનંદ, ઝીંઝાવદરના અલૈયાખાચર એ નિષ્કામાનંદ, શિયાળીના લાધાશેઠ એ યોગેશ્વરાનંદ, મેથાણના અજા પટેલ એ પૂર્ણાનંદ, બંધિયાના દરબાર મૂળુભાઈ એ ત્યાગાનંદ, બોટાદના માતરા ધાધલનું નામ નિર્માનાનંદ એ પ્રમાણે નામ આપ્યા છે. ફક્ત કડુના આ કલ્યાણદાસ આદિમાં આવ્યા તેથી તેમનું નામ આપ્યું નથી. મહારાજ આ સાંભળી રાજી થયા.

પછી મહારાજ નવા પરમહંસો સાથે મહ્લને વંડે પધાર્યા. મહારાજે સુંદરજીભાઈ હીરજીભાઈ, જેઠીમલ,ગંગારામ આદિ હરિભક્તોની આગળ સભામાં વાત કરતાં કહ્યું, પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ઉધ્ધવ અને અર્જુનને જ્ઞાન આપી કહ્યું હતું કે તમો બદરિકાશ્રમમાં જઈને તપ કરો પણ તેમણે માન્યું નહિ. તેવું માયાનું બળ છે. પરંતુ આ સમયમાં અમારા એક પત્રથી જ ૧૮ ગૃહસ્થો ગામ ગરાસ ને સંસાર છોડીને પરમહંસની દિક્ષા લઈ અમને ભગવાન જાણી અહીં આવી મળ્યા એ અમારો કેટલો મહિમા જાણ્યો હશે ! શ્રીકૃષ્ણ ભગવાને એકાદશ સ્કંધના ૨૧માં અધ્યાયમાં સાંખ્ય યોગ અને આત્મા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ઉધ્ધવજીને આપ્યું પછી છેવટે તેમણે કહ્યું કે, આ દ્વારિકાપુરી હું ૮ દિવસમાં બોળી દઈશ. માટે તમો ઘરનો ત્યાગ કરીને નીકળી જજો.

પરંતુ તેમને આટલું જ્ઞાન સાંભળ્યા પછી ઘરનો ને સંબંધીઓનો ત્યાગ કરવાનું કઠણ પડયું. અર્જુનને તપ કરવાનું કહ્યું એ વચન પણ તેમનાથી મનાયું નહિ. સંસારનું બંધન તોડવું અતિ દુષ્કર છે. તે બંધન મુખ્યત્વે સ્ત્રી રૂપે છે. તે માયામાં સૌભરી, એકલશૃંગિ, પરાશર ફસાયા. નારદજી ભગવાનનું મન કહેવાયા પરંતુ તેમને પણ આ બંધનમાં પડવાની ઈચ્છા થઈ. બ્રહ્માથી લઈને પ્રધાનપુરુષ સર્વને આ મૂળમાયાએ વશ કરી લીધા છે. આ મૂળ માયાના બંધનથી જીવોને છોડાવા અને તેમનું આત્યંતિક કલ્યાણ કરવા અમે અમારા અક્ષરધામ અને મુક્તો સાથે પ્રગટ થયા છીએ. તેથી આજે કેવળ અમારા પત્રથી જ આ મુક્તોએ સંસારનું બંધન કાપી નાખ્યું અને પરમહંસ થઈને આવી ગયા.

આ બધામાં કેટલાક રાજવીઓ છે, કેટલાક જાગીરદારો છે ને કેટલાક રાજય કારભારીઓ પણ છે. પરંતુ તેમને સૌને અમારા વચનમાં અતિ અપાર વિશ્વાસ છે તેથી અમારા વચને તે બધાને તેમણે ત્યાગ કરી દીધો છે. આગળ ઘણાએ સંસારનો ત્યાગ કર્યો પણ સ્ત્રી અને ધનનો ત્યાગ નથી કર્યો, સગાસંબંધીની મમતાનો ત્યાગ નથી કર્યો, દેહના ભાવથી કદી પર નથી થયા તેથી તેમના ત્યાગમાં વિઘ્નો આવ્યા. આવા ઘણા ઉલ્લેખો આપણા પુરાણોમાં છે.

મહારાજને સાચા ત્યાગીનું સ્વરૂપ સમજાવવું હતું. આ પ્રકારનો ત્યાગ કઠણ છે. અને છતાં મહારાજનો જો દઢ આશ્રય હોય તો સરળ પણ છે. ફક્ત ભગવાં વસ્ત્રો પહેરવાથી ત્યાગી થવાતું નથી. તેને માટે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન એ પંચવર્તમાનના પાલનની આવશ્યકતા છે. બ્રહ્મના સંગે બ્રહ્મભાવ પામવાની જરૂરિયાત છે. મહારાજનું હાર્દ સૌ સમજી ગયા.

<u>પ્રસંગ-૫૬</u>

<u>નવા સંતોને ગૃહસ્થ થવાની આજ્ઞા-૩૩૦</u>

મહારાજ ભુજમાં રહ્યા, સૌને અપાર સુખ આપ્યું. નવા પરમહંસોને પણ નવા આશ્રમનું જીવન ધન્ય લાગ્યું. સંસારના અંધારા કૂવામાંથી બહાર કાઢવા પ્રહ્‌લાદજીએ સ્તુતિ કરી પરંતુ મહારાજના મુક્તો તો સંસારમાં હતા છતાં મહારાજે તેમની એવી સ્થિતિનો સમગ્ર સત્સંગને સમાજને ખ્યાલ આપવા આ પ્રસંગ ઉભો કર્યો હતો. મુક્તોએ એ હાકલને ઝીલીને કેસરીયા કરી દીધા. મહારાજે તેમને સૌને બોલાવ્યા.

મહારાજે તેમને ઉભા થઈને બે હાથે નમસ્કાર કર્યાં. પરમહંસો મહારાજની આ લીલા જોઈ રહ્યા. મહારાજે કહ્યું, તમે અમારી પ્રતિષ્ઠા વધારી, સત્સંગની પ્રતિષ્ઠા વધારી અજોડ કામ કર્યું છે તેથી તમને પગે લાગીએ છીએ. સ્વામી રામદાસે કહ્યું, મહારાજ ! હવે આ નવા પરમહંસોને આપ મંત્ર આપો, સૌનું નામાભિધાન કરો. મહારાજ આ સાંભળી રહ્યા. પછી ધીરે રહીને મહારાજે કહ્યું, સંતો ! તમે મારી આજ્ઞા પાળી ને મને રાજી કરી લીધો છે. હવે મારી બીજી આજ્ઞા તમારે પાળવાની છે. આ સાંભળી સૌ તત્પર થઈ ગયા.

મહારાજે ધીરેથી કહ્યું, તમે સૌ હવે આ વસ્ત્ર ઉતારી નાંખો. ગૃહસ્થાશ્રમમાં પાછા જાવ. આ સાંભળી જાણે વીજળી પડી હોય એવો આંચકો સૌને લાગ્યો. બધા એકદમ શૂન્યમનસ્ક બની ગયા. સંતો તમે તો સફેદ વસ્ત્રોમાં પણ સફેદ છો, પરમહંસ દશાવાળા છો માટે આ મારી આજ્ઞા પાળો. મહારાજ જેમ જેમ

બોલતા ગયા તેમ તેમ સંતોની આંખોમાંથી આંસુ ચાલવા લાગ્યા.

માંચા ભક્તે કહ્યું, મહારાજ ! હાથીની અંબાડી ઉપર બેસાડી હવે ગધેડા ઉપર સવારી કરાવવી છે ? આવા અમૂલ્ય વસ્ત્રો ઉતરાવી ગૃહસ્થોના ચીંથરા પહેરાવવા છે ? મહારાજ આપે આ શું ધાર્યું છે ? આના કરતાં તો મરણ સારું..મહારાજે તેમને કહ્યું, તમે ગૃહસ્થાશ્રમમાં જશો તો પણ મારે માટે તો મારા લાડીલા પરમહંસો જ રહેશો. પરંતુ મારે તમારી પાસે જે કાર્ય કરાવવું છે તે તમો ગૃહસ્થાશ્રમમાં જશો તોજ કરી શકશો. માટે મારી આજ્ઞા તમે સૌ રાજી થઈને પાળો.

ભાંગેલા હૈયે સૌએ મહારાજની આજ્ઞા પાળવાનું નક્કી ર્ક્યું. મહારાજે એક મહિનો તેમને સૌને સાથે રાખ્યા, રમાડ્યા, જમાડ્યા, એકાંતિકધર્મની વાતો કરી, તપ ત્યાગના આકરા પ્રકરણોમાંથી પસાર કરાવ્યા ને હવે પાછા ઘેર જવાનું ? પરંતુ મહારાજની આજ્ઞા સૌએ કબૂલ કરી પણ મીંઢળબંધો જવાન ઉભો થયો. તેણે હાથ જોડીને મહારાજને કહ્યું, મને એ આજ્ઞા ન કરશો. હું કયે મોઢે હવે ઘેર જઉં ? બંધન હું તોડીને આવ્યો છું, મારા ઉપર એટલી કૃપા કરો.

અજા પટેલે પણ કહ્યું, મહારાજ ! કોઈથી ન થાય એવું અદ્‌ભૂત કામ કરી ભાણો આવ્યો છે. મહારાજે તરત જ કલ્યાણદાસનો હાથ પકડયો. તમે ખરેખર અદ્‌ભૂત કામ કર્યું છે, તમે રહો.. આજથી તમારું નામ અદ્‌ભૂતાનંદ..અજા પટેલે કહ્યું, મહારાજ ! ભાણાને દિક્ષા દેવરાવીને હું પાછો ઘેર જાઉં તો ભૂંડો ના દેખાઉં ? માટે મનેય દિક્ષા આપો. તમે પણ રહો..તમે અમારા પૂર્ણાનંદ.. એટલું કહીને બીજા પરમહંસો તરફ જોઈને કહ્યું, હવે બીજા કોઈ સંકલ્પ કરશો નહિ. અમારી આજ્ઞામાં સુખ છે. મહારાજની આ વાત સાંભળી બીજાના સંકલ્પો બંધ થઈ ગયા.

મહારાજે તે પરમહંસોના ભગવા વસ્ત્રો ઉતરાવ્યા. રાજોચિત નવા સુશોભિત વસ્ત્રો મંગાવીને પહેરાવ્યા. સૌને માથે જામનગરી પાઘ બંધાવી. રામદાસસ્વામીને કહ્યું, સાકર મંગાવો આજે વહેંચવી છે. રામદાસસ્વામીએ કહ્યું, મહારાજ ! આ બધા પરમહંસો થઈને આવ્યા ત્યારે કંસાર જમાડયો અને આજે પરમહંસ બનીને ગૃહસ્થ થવા જાય છે ત્યારે સાકર વહેંચવી છે ?

આ સાંભળી મહારાજે કહ્યું, ભાઈ ! જેમ ગૃહસ્થનો સ્વાંગ ઉતારી પરમહંસ થવું કઠણ છે તે જ પ્રમાણે વૈરાગ્યની ખુમારીને અમારી આજ્ઞાએ મંદ પાડીને પાછા ગૃહસ્થ થવા જાય છે તે કરવું પણ કઠણ છે. જેમણે ગૃહસ્થાશ્રમને અંધારો કૂવો માન્યો છે તેને કૂવામાં જવું કેમ ગમે ? પણ અમારી આજ્ઞા પાળવામાં સૌ શૂરવીર છે. તેમને સાકર મંગાવી પોશે પોશે સૌને વહેંચી, સૌને ફૂલહાર કર્યા ને આશીર્વાદ આપી રજા આપી.

પછી શ્રીહરિએ અદ્‌ભૂતાનંદસ્વામીને કહ્યું, તમને અમે દિક્ષા તો આપી છે. પરંતુ એકવાર તમારા કડુ ગામમાં ને તમારા સસરાના ગામ મેથાણમાં તમારે ભિક્ષા માંગવા જવું પડશે. એ ભિક્ષા માંગીને આવશો પછી જ તમને રાખીશું. મહારાજની આજ્ઞા પ્રમાણે અદ્‌ભૂતાનંદસ્વામી તેમના ગામ કડુ તથા મેથાણ ભિક્ષા માંગીને જેતલપુર ગયા.

<u>પ્રસંગ-૫૭</u>

<u>અદ્‌ભૂતાનંદસ્વામી તેમના કુંટુંબ સંબંધીનો રસિક ઈતિહાસ છે</u>

અદ્‌ભૂતાનંદસ્વામીને પાછા તેડી લાવવા તેમના ભાઈ વજુભાઈ ગાડુ જોડીને વરતાલ ગયા. અહીં સ્વામી પાસે તેઓ આવ્યા. સ્વામી તેમનો વિચાર સમજી ગયા. તેથી તેમને કહ્યું, લાંબો પંથ કરીને આવ્યા છો, તે ચાર પાંચ દિવસ રોકાઓ.

વજુભાઈ ત્યાં રહ્યા. એ દરમ્યાન સ્વામીને આસને આવીને બેસતા. સ્વામીએ તેમને આ દિવસો દરમ્યાન વૈરાગ્યની અદ્‌ભૂત વાતો કરી, તેથી તેમણે પણ ઘેર જવાનો સંકલ્પ માંડી વાળ્યો. ગાડુ તથા બળદ વેચી દીધા. જે રકમ આવી તેની સંતોને રસોઈ આપી. પછી તેમણે દિક્ષા લઈ લીધી. તેમનું નામ નિષ્કામાનંદ પાડયું. (પોતે સારા લહિયા હતા)

૧૫ દિવસ વીત્યા અને વજુભાઈ ઘેર ન આવ્યા તેથી તેમના ભાઈ વિઠ્ઠલભાઈને વિચાર થયો કે વજુભાઈ કેમ ન આવ્યા ? કદાચ વરતાલમાં સેવામાં રોકાઈ ગયા હશે. બે માસ રાહ જોઈ. પછી તેમણે વિચાર કર્યો હું વરતાલ દર્શન કરી આવું અને વજુભાઈને તથા કલ્યાણદાસને ઘેર લઈ આવું. એટલે તે પણ વરતાલ આવ્યા. ગોમતીમાં સ્નાન કરી દેવના દર્શન કરી સ્વામીના દર્શન કરવા આસને ગયા. સ્વામીએ તેમને જોયા એટલે વિચાર થયો કે હવે આમને પણ રંગી નાંખીએ. વરતાલમાં સંતો બ્રાહ્મમુર્હૂતમાં પ્રભાતી પદો બોલે, કીર્તનો ગાય, અખંડ ધ્યાન ભજન, કથા થાય. આ વાતાવરણ જોઈ વિઠ્ઠલભાઈને લાગ્યું કે સંસારના કલેશમય વાતાવરણ કરતાં અહીં શાંતિ છે. સ્વામીએ પણ તેમને વૈરાગ્યની ઘણી વાતો કરી. તેથી તેમે પણ દીક્ષા લઈ લીધી. તેમનું નામ ચૈતન્યનંદ (નાના) પાડવામાં આવ્યું.

વિઠ્ઠલદાસ સાધુ થઈ ગયા એટલે ચોથાભાઈ કુબેરદાસનું મન પણ સંસારથી ઉદાસ થઈ ગયું. માતા-પિતા તો વહેલા ધામમાં ગયા હતા અને ત્રણ ભાઈઓનો આશ્રય હતો તે પણ ગયો. મામા પણ સાધુ થઈ પૂર્ણાનંદ બન્યા એટલે તેઓ પણ સાધુ થવા ગઢડા પહોંચી ગયા. તેઓ સાધુ થવા ગઢડા ગયા છે તે સાંભળી તેમની ત્રણ બહેનો તથા ચાર ફોઈઓ ગઢડા આવી. મહારાજને પ્રાર્થના કરી કહેવરાવ્યું કે કુબેરદાસ સાધુ થઈ જાશે તો અમારે બાઈઓને કોઈ પણ પ્રકારનો આધાર રહેશે નહિ માટે અમારા પર કૃપા કરી કુબેરદાસને ઘેર મોકલો.

મહારાજે તેમને બોલાવ્યા અને સમજાવીને ઘેર મોકલ્યા. આશીર્વાદ આપ્યા : તમારા કુળમાં સત્સંગ સદા રહેશે. કુબેરદાસ ઘેર આવ્યા, પરણ્યા. તેમને એક કલાભાઈ નામનો પુત્ર થયો. તેમના વંશજો પોતાનું વતન કડુ છોડી વિરમગામ પાસે ખાખરિયા પ્રદેશમાં ધરમપુરમાં આવીને વસ્યા. હજુ પણ તેમના વંશજો ધરમપુરમાં રહે છે. અદ્‌ભૂતાનંદસ્વામીના કુંટુંબનો ઈતિહાસ પણ આવો અદ્‌ભૂત છે.

<u>પ્રસંગ : ૫૮</u>

<u>વિશ્રામ ભગતના મઠની ખીચડી જમ્યા-૩૧૪</u>

શ્રીહરિએ વિશ્રામ ભગતનો અંતરનો ભાવ જોઈ કહ્યું, અમને ખૂબ ભૂખ લાગી છે. કાંઈ જમવાનું હોય તો આપો. એટલે વિશ્રામ ભક્તે કહ્યું, મહારાજ ! રાંધેલું તો કાંઈ નથી પણ કહો તો મઠની ખીચડી ઓરી દઉં..એટલે શ્રીહરિએ હા કહી.

વિશ્રામ ભક્ત ખીચડી તૈયાર કરી લાવ્યા. ચૂલો સળગાવ્યો અને ઉકળતા આંધણમાં ખીચડી ઓરી દીધી. પછી મહારાજે વિશ્રામને કહ્યું, તમે કોશ હાંકો અને અમે અહીં ધ્યાન રાખશું. પરંતુ વિશ્રામ ભક્ત તો ત્યાં જ બેઠા. થોડીવાર થઈ ને શ્રીહરિએ પૂછ્યું, ખીચડી ચડી કે નહિ ? વિશ્રામ ભક્તે તરત જ કહ્યું, ના મહારાજ ! હજુ વાર છે. મહારાજે થોડી વારે ફરી પૂછ્યું. પણ વિશ્રામ ભક્ત જાણતા હતા કે મઠને ચડતાં વાર લાગે. છેવટે શ્રીહરિએ કહ્યું, હવે ખીચડી ચઢી ગઈ છે

માટે લાવો.

વિશ્રામ ભક્ત ઉભા થયા. વાસણ તો કાંઈ હતું નહિ એટલે પાણીથી છીપર ધોઈ સાફ કરી તે ઉપર ખીચડી નાખી. અર્ધી કાચી ને અર્ધી ચડેલી ખીચડી શ્રીહરિ ભાવથી જમવા લાગ્યા. વિશ્રામને લાગ્યું કે મઠ કાચા છે તે જરૂર મહારાજના પેટમાં કઠશે. તેની એ ચિંતા જોઈ મહારાજે હસતાં હસતાં કહ્યું, ભગત ! ચિંતા ના કરો. બહારના અગ્નિએ મઠ કાચા રાખ્યા છે તો અંદર વૈશ્વાનર અગ્નિરૂપે અમે જ છીએ. અંદર ચડી જશે. વિશ્રામ ભક્તને આ ન સમજાયું. એટલે શ્રીહરિએ કહ્યું, ભગત ! તમારો ભાવ પાકો છે એટલે કાચી ખીચડી અમારા પેટમાં ચડી જશે. આ સાંભળી વિશ્રામ ભક્તને શાંતિ થઈ.

પ્રસંગ : ૫૯

આ દર્હીસરા ગોલોક તુલ્ય છે -૩૧૫

મહારાજ માનકૂવાથી દર્હીસરા પધાર્યા. અહીંથી ચાલ્યા અને કંડેરાઈ તલાવડીને કાંઠે વૃક્ષ તળે ઉંટને ઝાડ સાથે બાંધ્યો. મહારાજને ભક્તોએ આસન પાથરી દીધું તે ઉપર બિરાજ્યા. પછી મહારાજ ઉકાને ઉપદેશ કરતાં બોલ્યા, એક વખત વૈકુંઠનાથજી ગરૂડજીને લઈને અહીં આવ્યા અને ગરૂડજીને કલ્પવૃક્ષ સાથે બાંધી બેઠા. તે સ્વરૂપનું તમે હવે ધ્યાન કરો.

ત્યારે ઉકાએ કહ્યું, મહારાજ ! વૈકુંઠ શું છે તે જ હું જાણતો નથી. વળી, ગરૂડજી કે કલ્પવૃક્ષ મેં જોયા નથી. તે સાંભળી મહારાજ હસ્યા ને કહે, આ દર્હીસરા છે તે ગોલોક છે, આ કરલો(ઉંટ) તે ગરૂડ કહેવાય અને આ ખીજડાને તમે કલ્પવૃક્ષ જાણો. આ પ્રમાણે મહારાજે પોતાના સંબંધથી જડ અને ચેતન વસ્તુ કેટલી મોટપને પામે છે તે સમજાવ્યું.

પ્રસંગ : ૬૦

સ્વામિનારાયણનું ભગવાનપણું અહીં ઉતારી લઈશું (ખૈયાખત્રી)-૩૧૭

સુંદરજીભાઈએ જયારે ખૈયાને મહારાજ પધારવાના છે એ વાત કરી, ત્યારે ખૈયે તેમને કહ્યું, જુઓ કારભારી સ્વામિનારાયણને તમો ભગવાન કહો છો પણ તેમનું ભગવાનપણું અમે ઉતારી લઈશું. ભલે તેઓ આવે. અમે પહોંચ પ્રમાણે તેમની સેવા કરશું પણ તે પહેલાં તેમણે અમને તેમનું ભગવાનપણું બતાવવું જોશે. સુંદરજીભાઈ અને હીરજીભાઈએ કહ્યું, એ તો વખત આવ્યે જોયું જશે પણ હાલ તો કાંઈક ગોઠવણ કરો.

ખૈયો ચાલાક હતો. તેણે કહ્યું, પહેલા તમારા ભગવાનને કહો કે સભા કરે, હું ત્યાં આવું અને તેમને પ્રશ્નો પૂછું. તેમના ઉત્તરથી મને ખાતરી થાય પછી બધી જ ગોઠવણ કરી દઉં. મહારાજ પધાર્યા એટલે સુંદરજીભાઈએ મહારાજને વાત કરી. મહારાજ હસ્યા ને કહે ભલે સભા ગોઠવો. પછી મહારાજ બ્ર.સ્વામીને કહે, સ્વામી લાડવા ખાવા છે કે ધૂળ ફાકવી છે ? સ્વામી કહે, ધૂળ તો રોજ ફાકીએ છીએ, માટે લાડવા ખવરાવો તો સારું. એટલે મહારાજે કહ્યું, જો લાડવા ખાવા હોય તો હું કહું તેમ કરવું પડશે. બ્ર.સ્વામી સમજયા નહિ છતાં તેમણે કહ્યું, ભલે મહારાજ..

પછી મહારાજે સુંદરજીભાઈને કહ્યું, ખૈયાને કહેજો કે આવતીકાલે સભામાં આવે, આખા ગામને આ સભામાં ભેગું કરવું છે. ખૈયાના અખાડાવાળા પણ ભલે આવે. તેની માને પણ ખાસ કહેવરાવજો કે તે પણ સભામાં આવે. બીજા દિવસે મહારાજે બ્ર.સ્વામીને પોતાના ઉતારે બોલાવ્યા, પછી મહારાજ બ્ર.સ્વામીના કપાળમાં ચંદનની અર્ચા કરવા ઉઠયા એટલે બ્ર.સ્વામી એકદમ ઉભા થઈ ગયા કે મહારાજ ! આ શું કરો છો ? મહારાજે કહ્યું, તમને લાડવા ખવરાવવા છે એની તૈયારી કરીએ છીએ. તમે કાલે નહોતું કહ્યું કે અમે કહીએ એમ કરશો ? બ્ર.સ્વામી મૂંઝાયા. મહારાજે તેમના કપાળમાં ચંદનની અર્ચા કરી, ગળામાં ફૂલનો મોટો હાર પહેરાવ્યો ને મહારાજે બ્ર.સ્વામીને કહ્યું, સ્વામી ! આ ઘોડા પર બિરાજો. આજે ગામમાં સ્વામિનારાયણની શોભાયાત્રા કાઢવી છે.

આ સાંભળી બ્ર.સ્વામી વધુ મૂંઝાયા. તેમણે કહ્યું, મહારાજ ! શોભાયાત્રા તો આપની હોય, અમે તો સાધુ કહેવાઈએ. મહારાજે કહ્યું, મૂંઝાશો મા ! સ્વામી આજે એક દિવસ માટે ભગવાનની ગાદી શોભાવો, અમને તમારા સેવક બનવા ધો. આપણે ખૈયાને આજે ધૂળ ફકાવવી છે. તે બળમાં બોલે છે કે સ્વામિનારાયણનું ભગવાનપણું હું ચૂંથી નાંખીશ, હજુ તેને શિંગાળા મળ્યા નથી. પણ આજે આપણે ભેટંભેટા કરવા છે.

મહારાજ સવારી સાથે સભાસ્થાનમાં આવ્યા. ત્યાં બ્ર.સ્વામીને ઉંચા આસન પર બેસાડયા. મહારાજ ખરેખરા રંગમાં આવી ગયા હતા. ગામમાંથી માણસો આવવા લાગ્યા. ખૈયો ખત્રી પણ તેના સાઠ શિષ્યો અને તેના ભાઈ, ભત્રીજાને લઈને આવ્યો. તેની મા પણ સાથે હતી. ઉંચા આસન પર બ્ર.સ્વામીને બેઠેલા જોઈ ખૈયાને લાગ્યું કે સ્વામિનારાયણ દેખાવ ઉપરથી તો ભગવાનની ગાદી ઉપર શોભે તેવા લાગે છે. પછી તેની નજર નીચે બેઠેલા મહારાજ ઉપર પડી. મહારાજને જોઈને તેના ચંચળ નેત્રો સ્થિર થઈ ગયા. તે વેદાંતનો પ્રખર અભ્યાસી હતો, બુદ્ધિશાળી હતો તેથી મહારાજને જોઈને તેને લાગ્યું કે આ કિશોર કાંઈક ચમત્કારી લાગે છે. પણ તેને તો ભગવાન સ્વામિનારાયણ સાથે કામ હતું.

મહારાજે બ્ર.સ્વામીને અગાઉથી કહ્યું હતું કે જો ખૈયો તમને પ્રશ્ન પૂછે તો તમારે કહેવું કે તમારા પ્રશ્નના ઉત્તર અમારા આ નાના સાધુ કરશે. જો એનાથી ઉત્તર નહિ થાય તો પછી અમે ઉત્તર કરીશું. બ્ર.સ્વામી મહારાજની રમત સમજી ગયા. ખૈયાએ ઉભા થઈને કહ્યું, તમે સ્વામિનારાયણ છો ? બ્ર.સ્વામીએ હસતાં હસતાં હા કહી એટલે ખૈયે કહ્યું, હું વેદાંત ભણ્યો છું મારે તમારી સાથે કેટલીક ચર્ચા કરવી છે. કેટલાક પ્રશ્નો પૂછવા છે.

બ્ર.સ્વામીએ કહ્યું, ખુશીથી..તમારે જે પ્રશ્નો પૂછવા હોય એ અમારા આ નાના સાધુને પૂછો. પછી તમને સંતોષ નહિ થાય તો અમે તમારા પ્રશ્નોના ઉત્તર આપીશું. ખૈયાને મનમાં લાગ્યું કે આવા તેજસ્વી શિષ્યના ગુરૂ પણ જરૂર તેજસ્વી હોવા જ જોઈએ. તેણે વેદાંતી પરિભાષાના પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી. એક પછી એક પ્રશ્ન તેના મુખમાંથી છૂટવા લાગ્યા. જાણે બાણોની વર્ષા કરતો હોય તેમ..

૬૧

ખૈયાના પ્રશ્નો : સુષુમ્ણા નાડીની વિગત-૩૨૨

ખૈયાએ વેદાંતના પ્રશ્નો મહારાજને પૂછવાની શરૂઆત કરી. ખૈયાએ એકસો ને આઠ પ્રશ્નો પૂછયા મહારાજ એક એક પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા. મહારાજની વાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે ખૈયો એક ઉત્તર સમજવા જાય ત્યાં તા મહારાજ બીજા પ્રશ્નોના ઉત્તર કરતા હોય.

મહારાજની વેદાંતની વાણી ખૈયાના અંતરમાં સોંસરી ઉતરી ગઈ. તેને થયું કે આજે શુદ્ધ વેદાંત હું આ નાના સાધુ પાસે સાંભળી રહ્યો છું. તેમાં અદ્વૈત વેદાંતના દોષોનું નિરાકરણ છે. પરમાત્માના સ્વરૂપના જ્ઞાનનું દર્શન છે. જ્ઞાન જયાં સુધી લક્ષ્યવેધી ન બને ત્યાં સુધી સુષુપ્તિરૂપી અજ્ઞાનથી આવરિત થયેલું

અંતઃકરણ જાગ્રત થતું નથી. સુષુમ્ણા હૃદયમાં રહી છે અને ત્યાં જીવ રહ્યો છે. તે જીવ સુષુમ્ણા જાગ્રત ન થાય ત્યાં સુધી બ્રહ્મરંધ્રને માર્ગે પહોંચે જ નહિ. અને બ્રહ્માંડની સુષુમ્ણા સાથે તેની એકતા થાય નહિ. તે સુષુમ્ણાને જાગ્રત કરવાનું સાધન ભગવાન કાં સંત ! ખૈયો વિચારને ઝોલે ચડી ગયો મહારાજની વાણીમાં તેને બ્રહ્મનો નાદ સંભળાયો.

તે મૂંઝાયો. આમાં સહજાનંદ કોણ ? તેણે તેના કચ્છી શિષ્યો સામું જોયું. બધા જ ખૈયાના જ્ઞાનના અનુભવી હતા. તેણે તેના શિષ્યોને પૂછ્યું, બેલી હેડો સહજાનંદ આય ? ત્યારે દૂર બેઠેલી તેની માએ કહ્યું, ખૈયા ! હી નિંગરો સહજાનંદ આય ને ઉપર બેઠો હી નાય ! ખૈયાની જ્ઞાનગુરૂ તેની મા હતી. તે તરત સમજી ગઈ. તેણે તેના શિષ્યોને કહ્યું, હી નિંગરો તો નંદજીનો પુત્ર કનૈયો આય અને બ્રહ્મ-પરબ્રહ્મ પણ હી આય. હીંજી ઉપર વડો બ્યો પરબ્રહ્મ નાય. એટલું કહી તેણે તેના શિષ્યોને કહ્યું, આટલા દિવસથી હું જેને ખોળતો હતો તે જ પરબ્રહ્મ સ્વામિનારાયણ મને આજે મળ્યા છે. તમારે જેને ઓળખવા હોય તે ઓળખી લેજો. અમે ત્રણે તો હવે તેના શિષ્યો થઈ જાશું.

પ્રસંગ : ૬૨

ખુશાલભટ્ટને મહારાજ ભાગવતી દિક્ષા આપે છે - ૩૪૩

મહારાજ ગઢપુર પધાર્યા તેમાં તેમનો એક વિશેષ હેતુ હતો. અક્ષરધામના મહામુક્તને ભાગવતી દીક્ષા આપવી હતી. તેઓ અહીં આવી ગયા હતા. મહારાજે આ.સં.૧૮૬૪ કાર્તિક વદિ ૮ને દિવસે તેમને ભાગવતી દિક્ષા આપવાનું નક્કી કર્યું. બાપુ એભલખાચરને તેમણે આ વાત કરી. નજીકના ગામડાઓમાં ફરતાં સંતોના વૃંદને બોલાવી લીધા. મુખ્ય મુખ્ય હરિભક્તોને પણ કાગળ લખી તેડાવી લીધા.

કાર્તિક વદિ ૮ની વહેલી સવારે મહારાજના નિવાસ અક્ષર ઓરડી સમક્ષ સંતો, હરિભક્તોની સભા થઈ. તે સમયે આ મહામુક્ત શિખાવર્જિત મુંડન કરાવી, સ્નાન કરી સફેદ વસ્ત્રો પહેરી મહારાજ સમક્ષ આવી ગયા. મહારાજ તેમને નવી જનોઈ અને કંઠી પહેરાવ્યા. કપાળમાં તિલક કર્યું, વચ્ચે ચાંદલો કર્યો. બંને હાથે તથા છાતીમાં પણ તે છાપ આપી, પછી કાનમાં દીક્ષામંત્ર આપ્યો. સભા આ નવીન યોગીરાજની પ્રતિભાથી અંજાઈ ગઈ હતી. તેમના મુખ ઉપર મહારાજ પ્રત્યેની ભક્તિનો ભાવ હતો. શરણાગતિની સ્વાર્પણતા હતી.

મહારાજે સભામાં કહ્યું, ઈડર પાસે આવેલા ટોડલા ગામના આ વતની..માધ્યંદીની શાખાના યુર્જવેદી શુક ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ. પિતા મોતીરામ કૃષ્ણભક્ત હતા, માતા કુશળબા હતા. તેમની અટક ઠાકર..તેમનું નામ ખુશાલ ભટ્ટ છે. તે બદલીને હવે તેમનું ભાગવતી દીક્ષાનું નામ ગોપાળાનંદ આપીએ છીએ. તેમનું જીવન ભક્તિમય છે, ચમત્કારી છે. તેઓ બાળયોગી છે. તેમના દ્બારા સત્સંગ પ્રસારણ ઘણું થશે. સત્સંગમાં મોટેરા થશે અને અમારા પછી સત્સંગને તેઓ સાચવશે.

મહારાજની આ વાત સૌ એકાગ્ર થઈ સાંભળી રહ્યા. ગો.સ્વામીનો મહિમા સૌના જીવમાં ઉતરી ગયો.

પ્રસંગ : ૬૩

કૃપા નથી, કૃપા નથી - કૃપાનિધિ કૃપાનિધિ - ૩૪૫

ગઢડામાં એકવાર રાત્રે મહારાજ એકાએક જાગી ગયા. મહારાજે પાસે સૂતેલા સેવક માનસંગ પાળાને કહ્યું, માનસંગ ! જો તો ખરો અત્યારે કોણ મંડાણું છે ? માનસંગ તરત બહાર ગયા. પ્રભાશંકર ત્યાં જ સૂતા હતા. પોષ મહિનાની ઠંડી હતી. એમને તો ગોદડું મળ્યું હતું પણ બિચારા સાધુઓ ગોદડા વગર આ ટાઢમાં કેવી રીતે ઠરતા હશે તે વિચારથી તેઓ મોટેથી બોલતા હતા : કૃપા નથી, કૃપા નથી..

માનસંગે તેને ઉઠાડીને કહ્યું, એ ભગત ! મહારાજની ઉંઘ ઉડી ગઈ, ધીમે બોલો. તોય પ્રભાશંકરે તો મોટેથી કૃપા નથી કૃપા પથી એમ બોલ્યા જ કર્યું. તેથી માનસંગ તેનો હાથ પકડી મહારાજ પાસે લઈ ગયા. માનસંગે કહ્યું, મહારાજ ! આ ભગત મોટેથી બોલતા હતા : કૃપા નથી કૃપા નથી..તે સાંભળી મહારાજે પૂછ્યું, પ્રભાશંકર ! શું કૃપા નથી ?

ત્યારે તેણે હાથ જોડી કહ્યું, મહારાજ ! હું તો કૃપાનિધિ કૃપાનિધિ એમ બોલતો હતો પણ આ ભગતને ટાઢ વાતી હશે એટલે તેણે આપને આવીને આમ કહ્યું કે કૃપા નથી..મહારાજ પ્રભાશંકરનો બોલવાનો મર્મ સમજી ગયા.

બીજા દિવસે સવારે મહારાજે લાડુબા જીવુબાને બોલાવીને કહ્યું, સાધુઓ માટે ગોદડાં કરાવો. બીચારા ટાઢમાં ઠરી જાય છે. અને લોકો અમને કૃપાનિધિ ને બદલે કૃપા નથી એવું કહે છે. લાડુબા ને જીવુબા એ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, લોકો તો ખરું જ કહે છે. તમારે છપ્પર પલંગમાં પોઢવું છે ને બિચારા સાધુને ટાઢે મારવા છે પછી ક્યાંથી કૃપાનિધિ કહે ?

તમેય આવું કહેશો ? મહારાજે તેમને કહ્યું. તે કહીએ જ ને..ઓલી જીવીને ઘેર રોટલા ઘડી આવ્યા અને અહીં અમે નેતરાં તાણી તાણીને થાકી જઈએ છીએ તોય સામું જોતા નથી. બંને બહેનોએ વરાળ કાઢી. મહારાજે પણ વરાળ કાઢતા કહ્યું, ભગવાનનેય સાંભળવું પડે છે.

પ્રસંગ : ૬૪

પ્રાયશ્ચિત કરવાનું કહે છે - ૩૪૯

સરધારમાં મહારાજ સવારે સંઘ સાથે તળાવે નાહવા ગયા. વર્ણીએ મહારાજ માટે રસોઈ બનાવી. સંઘ નાહી નિત્યકર્મથી પરવારીને આવી ગયો. તે દરમ્યાન પુરજનો પણ મહારાજના દર્શન કરવા આવી ગયા. મહારાજે તેમને ઉપદેશ કરતાં કહ્યું, અમે નિષ્કામધર્મ પ્રવર્તાવવા જ પ્રગટ થયા છીએ. માટે જે નિષ્કામધર્મ રાખશે તે અમારા છે, જે નહિ રાખે તે અમારા નથી. જેને એ ધર્મમાં ખોટ આવી હોય, પરંતુ પ્રાયશ્ચિત કરવાની ઈચ્છા હોય તેને અમે રાખીશું.

આ સાંભળી રામાનંદસ્વામીના શિષ્ય બોદો કમાનગર મુ.સ્વામીને એકબાજુએ લઈ ગયો ને ખાનગીમાં કહ્યું, સ્વામી ! હું ભ્રષ્ટ થયો છું. પરંતુ મહારાજ મને ખાનગીમાં પ્રાયશ્ચિત આપે. મુ.સ્વામીએ મહારાજને વાત કરી. મહારાજે કહ્યું, સ્વામી ! રામાનંદસ્વામીના મોટા ગણાતા શિષ્યને જો તેના પાપ માટે જાહેરમાં પ્રાયશ્ચિત આપીએ તો બીજા પાપ કરતાં ડરશે. માટે છાનું પ્રાયશ્ચિત આપવું નથી.

આ સાંભળી મુ.સ્વામીએ બોદા કમાનગરને પાસે બોલાવ્યો. મહારાજે તેને કહ્યું, પાપમાંથી છૂટવું હોય અને સત્સંગમાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવું પડશે. તને પ્રાયશ્ચિત આપ્યું છે એમ લોકોને ખબર પડશે તો તેઓ પાપ કરતાં અટકશે. એમ કહી બોદાને કહ્યું, નાગા થઈને ગામ વીંઘીને બહાર જે ઉકરડો છે

તેના ઉપર જઈને બેસજે. એટલું અમારા વચને કરીશ તો પાપમાંથી છૂટી જઈશ.

બોદાને મહારાજની આ આજ્ઞામાં પોતાની પ્રતિષ્ઠાની હાનિ થતી દેખાતી હતી છતાં પાપમુક્ત પણ થવું હતું. મહારાજની આજ્ઞાની મહત્તા પણ તે જાણતો હતો. તેથી સત્સંગમાં રહેવાનો તેને ખપ જાગ્યો હતો. તેણે તે પ્રમાણે પ્રાયશ્ચિત કર્યું.

પાના નં - ૩૫૧

મહારાજે કહ્યું, કળાની સિદ્ધિ, મનુષ્યની બુદ્ધિ સૂક્ષ્મતર થાય છે ત્યારે થાય છે. એ બુદ્ધિ વિશેષ સૂક્ષ્મ થાય તો જ સાચો સત્સંગ થાય. અમે ત્રણ ધામ ફર્યા પણ સ્ત્રી અને ધનના ત્યાગી, કલાના અનુરાગી, સાધુતાના ગુણે યુક્ત આવા સંતો અમે જોયા નથી. હવે ચોથા ધામ દ્વારિકામાં જઈને ખોળીશું.

પ્રસંગ : ૬૫

કાઠીઓને અક્ષરબ્રહ્મની શું ખબર પડે ?-

મહારાજ કારિયાણી પધાર્યા. વસ્તાખાચરના દરબારમાં ઉતર્યા. વસ્તાખાચરે તેમના દરબારમા મહારાજ માટે એક અલાયદો ઓરડો તૈયાર કરાવ્યો હતો મહારાજ આ વખતે આ ઓરડામાં પધાર્યા. મહારાજે કહ્યું, જેમ ગઢપુરમાં અમે જે ઓરડીમાં રહીએ છીએ તેને અક્ષર ઓરડી એવું નામ આપ્યું છે, તેમ આ ઓરડાને અક્ષર ઓરડો જ કહેવો.

આ સાંભળી માંચાખાચર બોલ્યા મહારાજ ઓરડાનું નામ તે કાંઈ અક્ષર હોતું હશે ? અક્ષર તો લખવાના હોય તેને કહેવાય.

મહારાજ આ સાંભળી હસ્યા. આ નિરક્ષર પરંતુ ભોળા હૃદયના કાઠીઓને પોતાનું જે પરાત્પર દિવ્ય અક્ષરધામ છે તેની કેમ ખબર પડે ? અને તેની ખબર પડયા સિવાય તે અક્ષરબ્રહ્મ સાથે પોતાના જીવાત્માની એકતા કરી અક્ષરરૂપ થઈને મારી સેવામાં રહેવાય નહિ. આત્યંતિક કલ્યાણમાં વિઘ્ન આવે.

મહારાજે તેમને સમજાવતા કહ્યું, અક્ષર એટલે અમારે રહેવાનું ધામ...જે દિવ્યધામમમાં એમ રહીએ છીએ તે અક્ષરધામ છે. તેથી અહીં પણ જયાં અમે રહીએ છીએ તેને અક્ષરધામ સમજવું. એટલે વસ્તાખાચરે કહ્યું મહારાજ અમને તે ધામ દેખાડો ને..ત્યાર મહારાજે કહ્યું, મૂર્તિમાન જોવું છે કે અમૂર્ત ?

મહારાજના આ શબ્દો કોઈ સમજયા નહિ. એટલ મહારાજની સામે જોઈ રહ્યા મહારાજ પણ તેમની મૂંઝવણ સમજી ગયા ને કહ્યું, જયાં અમે અમારા મુક્તો સાથે રહીએ છીએ તે ધામ માપ વિનાનું અતિ અપાર છે. તે તમને સમાધિમાં દેખાડશું. વળી, તે જે ધામ અમારા સેવક રૂપે સદાય અમારી સેવામાં રહે છે. દીક્ષા લઈને જયારે તે સત્સંગમાં આવશે ત્યારે દેખાડીશું.

પ્રસંગ :૬૬

બૂડઠૂંઠા- ઉત્તર હિંદમાંથી નીકળી ગુજરાતમાં આવ્ય ૮ વરસ ગુજ ભાષાનો પરિચય નહિ-૩૬૦

મહારાજ કારિયાણીમાં હતા તે દરમ્યાન એક દિવસે મહારાજ ગામના ચોરામાં બિરાજતા હતા. ત્યાં કથાવાર્તા થતી હતી. તે વખતે એક ખેડૂત હળ લઈને જતો હતો. તેને જોઈ ખેતરના માલિક કણબી પટેલે તેને બૂમ પાડીને કહ્યું, જોજો, ખેતરમાં બૂડઠૂંઠા આવે તે સંભાળજે, નહિ તો બળદની કાંધ આવી જશે. મહારાજે આ સાંભળ્યું પણ કાંઈ સમજયા નહિ. તેથી તેમણે પટેલને પૂછયું કે તમે આ બૂડઠૂંઠાનું કહ્યું તે શું ?

ઉત્તર હિંદમાંથી નીકળી સમગ્ર ભારતમાં ફરીને ગુજરાતમાં આવ્યે મહારાજને ૮ વરસ થયા હતા. તેથી ગુજરાતી ભાષાનો પાકો પરિચય તેમને નહોતો. તેમાંય વળી આ કાઠિયાવાડની તળપદી ભાષા ! તે તો કેમ સમજાય ? તેઓ બોલતા તે પણ હિંદી મિશ્રિત ગુજરાતી બોલતા. કણબી પટેલે કહ્યું, મહારાજ ! ખેતરમાં બોરડીના ઝાડ ઉગ્યા હોય તે ઉપરથી કાપી નાખ્યા હોય પણ તેના મૂળ ખૂબ ઉંડા હોય. તેમાં હળની કોશ ભરાઈ જાય તો બળદની કાંધ ખેંચાઈ જાય.

મહારાજ સમજી ગયા. આ વાત ઉપરથી મહારાજે સભામાં સૌને કહ્યું, ખેતરમાં બૂડઠૂંઠા હોય તે તો કોદાળીથી ખોદી કાઢવા જોઈએ. નહિ તો હળ ચલાવતા બળદની કાંધ આવી જાય. તે પ્રમાણે તમારા જે સ્વભાવ છે તે બૂડઠૂંઠા જેવા છે. માહીં પડયા છે એટલે દેખાતા નથી. પણ કોઈ સ્વભાવ ઉપર વાત કરે તો તરત તપી ઉઠે અને બહાર દેખાય. માટે તેને ખોદીને કાઢી નાખીએ તો જ સુખ થાય.

કોઈપણ લૌકિક વાતને આધ્યાત્મિક સ્વરૂપ આપીને સમજાવવાની મહારાજની આ કળા જોઈ સૌને ખૂબ જ આનંદ થયો. મહારાજની વાત અંતરમાં ઉતરી ગઈ.

પ્રસંગ :૬૭

ખસ ગયા અને બગડ ગયા - ૩૬૧

સાંજે મહારાજ સભામાં બિરાજતા હતા. તે વખતે બે સાધુ દેશમાં ફરીને મહારાજના દર્શને આવ્યા. તેમને મહારાજે પૂછયું, તમારા મંડળમાં તો ૬ સાધુ હતા અને તમે બેજ કેમ આવ્યા ? એટલે તે સાધુઓએ કહ્યું, મહારાજ ! બે સાધુ ખસ ગયા અને બે સાધુ બગડ ગયા. આ સાંભળી મહારાજને આશ્ચર્ય થયું. કોણ ખસી ગયું ? અને કોણ બગડી ગયું ? આવું કરવા તમને ફરવા મોકલ્યા હતા ? તેથી સભામાં સૌ હસી પડયા.

સભાને હસતી જોઈ મહારાજ વધુ અકળાયા. તેમણે કહ્યું, બે સાધુ બગડી ગયા ને બે સાધુ ખસી ગયા તે સાંભળી તમે હસો છો ? આ સાંભળી સૌ ફરી ખડખડાટ હસવા લાગ્યા. હવે મહારાજ વધુ મૂંઝાયા. તેથી સુરાખાચરે ક્હ્યું, મહારાજ ! અહીં બાજુમાં ખસ અને બગડ બે ગામ છે. એટલે બે સાધુ ખસ ગયા અને બે બગડ ગયા છે. પણ આપને આપના દેશની ભાષા હજું ભૂલાણી નથી એટલે આપ એ પ્રમાણે સમજયા. આ સાંભળી મહારાજ પણ એકદમ હસવા લાગ્યા.

પ્રસંગ :૬૮

તમે સૌએ લોહીમાં સ્નાન કર્યું છે - ૩૬૨

મહારાજ કુંડળ રહ્યા એટલા દિવસ રોજ સખાઓ સાથે ઉતાવળી નદીએ નાહવા પધારતા. એક દિવસ ત્યાં ગયા ત્યારે કોઈએ કહ્યું, મહારાજ ! બરવાળાના રસ્તે ઉત્તર દિશામાં પાણીનો ધરો છે ત્યાં નાહવા જઈએ. મહારાજે કહ્યું, સારું ચાલો..સૌ ત્યાં ચાલ્યા. પાણીનો ધરો જોઈ મહારાજ રાજી થયા. બધાએ ખૂબ સ્નાન કર્યું. પછી બહાર નીકળી તૈયાર થઈ મહારાજે ત્યાં સભા કરી.

સભામાં કાઠી ભક્તો મહારાજનો ચરણસ્પર્શ કરવા હાથ લંબાવતા પણ મહારાજ તેમના ચરણ પાછા ખેંચી લેતા. એટલે એક કાઠી ભક્તે પૂછયું, મહારાજ ! અમારો શો વાંક કે આપ ચરણ ખેંચી લ્યો છો ? ત્યારે મહારાજે કહ્યું, તમે સૌ અશુદ્ધ છો.

આ સાંભળી સૌને આશ્ચર્ય થયું. કે હમણાં તો ધરામાં સૌએ સ્નાન કર્યું છતાં અશુદ્ધ ! તેમની શંકાનું નિવારણ કરતાં મહારાજે કહ્યું, અમે જ્યાં સ્નાન કરતા હતા ત્યાંથી દૂર જઈને તમે ધરામાં કૂદકા માર્યા, તર્યા, ધિંગામસ્તી કરી. જ્યારે અમારી સાથે બીજા જે નાહતા હતા તે સર્વેએ નહાતા નહાતા કીર્તન ભક્તિ કરી, ભગવાનને સંભાર્યા. માટે ભગવાનની સાથે રહીને અથવા તો ભગવાનની સ્મૃતિ કરીને જો નહાયા હોત તો શુદ્ધ ગણાત. પણ જ્યાં ભગવાનની સ્મૃતિ નથી તે જળ પણ લોહી સમાન છે.

આપણી ક્રિયા જો ભગવાનને સંભારીને કરીએ તો તે શુદ્ધ ક્રિયા કહેવાય. બાકી બધી જ અશુદ્ધ. પછી ભલે ને પૂજા કરતા હોય, ધ્યાન કે માનસી કરતાં હો, પણ મન બીજે ભમતું હોય તો તે બધી જ ક્રિયા અશુદ્ધ જ કહેવાય.

પ્રસંગ :૬૯

આખું બ્રહ્માંડ ફરી વળો પણ આવા સાધુ તમને ક્યાંય નહિ મળે - ૩૬૪

મહારાજ ઝીંઝાવદર પહોંચી ગયા હતા અને અલૈયાક્ખાચરના દરબારમાં આવી ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. તેમણે અલૈયાને આવતા જોઈ પૂછ્યું, અલૈયા ! ક્યાં રોકાયા હતા ? તેમણે હસીને કહ્યું, મહારાજ! ગામને પાદર એક જોગી(ઢોંગી) ધ્યાન લગાવીને બેઠા હતા એટલે માનતા પૂરી કરવા રોકાયો હતો. પછી તેમણે વિગતે વાત કરી. તે સાંભળી મહારાજ ખૂબ હસ્યા.

પછી મહારાજે કહ્યું, સાચા સંત તો તમને આ સત્સંગમાં જ મળો. જેને ધનની ધાંખના નથી, સ્ત્રીની આસક્તિ નથી. માન-મમતાથી દૂર રહે છે. સ્વાદને જેણે જીત્યો છે ને મોહની જાળમાં જે ફસાતો નથી. અલૈયાખાચર ! આખું બ્રહ્માંડ ફરી વળો પણ આવા સાધુ તમને ક્યાંય નહિ મળે.

આ સાંભળી અલૈયાખાચરે કહ્યું, મહારાજ ! તમે સાચું કહો છો. પુરાણની વાતો બહુ સાંભળી પણ વિષયના જોરમાં મોટા મોટા તણાયા છે. આજ તો આપના પ્રતાપથી જ આ નિર્વિષયી સંતોની હાર્ય થઈ છે.

મહારાજે કહ્યું, અમે એ સંકલ્પ લઈને જ અક્ષરધામમાંથી અહીં આવ્યા છીએ. કેવળ અધર્મીઓનો નાશ કરવાથી ધર્મ સ્થપાતો નથી. પરંતુ અંતરમાં રહેલા અધર્મનો જ્યારે નાશ થશે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ જીવનમાં વિકસશે ત્યારે એકાંતિકધર્મનું સ્થાપન થશે અને અંતરમાં રહેલા અંતર્યામી પણ ત્યારે જ પ્રગટ થશે.

ઉદ્ધવજીને ત્યાગ કરવાનો કેટલો ઉપદેશ આપ્યો, પરંતુ તેમનાથી તો થઈ શક્યું નહિ. તે ઉત્તમ ભક્ત કહેવાતા. શ્રીકૃષ્ણના તુલ્યભાવને પામ્યા હતા. છતાં તેમને પણ તે કઠણ પડયું. જ્યારે આજે તો મીંઢળબંધા જુવાનો મીંઢળ તોડીને ચાલ્યા આવે છે. મહારાજ બોલતા હતા. સભા સ્થિર થઈને સાંભળતી હતી.

મહારાજ થોડીવાર સ્થંભીને બોલ્યા, સૌથી મોટો પરચો આ છે કે અંતરમાંથી જગત કાઢીને માંહી ભગવાન પ્રગટ કરી દેવા. બીજા પરચા તો સિદ્ધિવાળા અનેક આપશે પણ તેમાં કાંઈ લોકોનું કલ્યાણ થશે નહિ.

પ્રસંગ : ૭૦

આપ ખુદા છો - ૩૬૬

સાંજે અલૈયાખાચરે પોતાની વાડીએથી પાછા આવતા એક પઠાણને ગામના પાદરે આંટા દેતો જોયો. તેમણે તેને પૂછ્યું, કેમ ભાઈ ! આંહી આઘોપાછો થાય છે ? કાંઈ જંતર મંતર તો નથી કરતો ને ? પઠાણ જૂનાગઢના લશ્કરમાં નોકરી કરતો હતો એટલે તે અલૈયાની ભાષા સમજી ગયો. તેણે કહ્યું, બાપુ ! જંતર મંતર નથી જાણતો, હું તો મક્કા મદીનાની જાત્રા કરી હાલ્યો આવું છું. પણ આ સીમમાં દાખલ થતાં જ મારા અંતરમાં ટાઢું થઈ ગયું. તેથી મને થયું કે આ ગામમાં કોઈ મો.પુ. રહેતા હશે.

અલૈયાને તેની વાતમાં રસ પડયો. મો.પુ.ની ખરેખર તેને ઓળખાણ છે કે નહિ તેની પરીક્ષા કરવા કહ્યું, હા, આહીં તો ઘણા મો.પુ. વસે છે. ચોરે બધા જ બેઠા છે. હોકા, ચલમ, ગાંજા પીને મસ્ત રહે છે. જોવા હોય તો હાલો મારી ભેગા. તેથી પઠાણ અલૈયા ભેગો ગામમાં ગયો. ચોરે બેઠેલા ગંજેરી બાવાઓને બતાવી અલૈયાએ કહ્યું, જુઓ આ બધા મો.પુ. અમારે ત્યાં છે, દર્શન કરી લ્યો. પઠાણે તેમને છેટેથી જ જોઈને કહ્યું, બાપુ ! આવા તો મલકમાં કાંઈક રખડે છે. ભોળા લોકોને ઉંધે રવાડે ચઢાવી ધૂતે છે. આવાના દર્શનથી તો ઉલટી અંતરમાં અશાંતિ થાય. માટે સાચા પુરુષ હોય તો બતાવો.

અલૈયાએ તેની મુમુક્ષુતા ને ખપ જાણી પોતાના દરબારમાં લાવ્યા. મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન હતા. આજુબાજુ સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પઠાણને અલૈયા ખાચરે કહ્યું, આ અમારા ભગવાન છે, પાસે જાઓ અને દર્શન કરો. પઠાણની નજર મહારાજ ઉપર પડી કે તરત જ તેનું અંતર ખેંચાયું. ત્યાં જ તેને સમાધિ થઈ. મહારાજની સેવામાં અગણિત ઓલિયા મહારાજની સ્તુતિ કરતાં દેખાયા. તેના અંતરમાં અપાર આનંદ થઈ ગયો.

સમાધિમાંથી તે જાગ્યો ત્યારે મહારાજને ગદ્ગદ કંઠે કહેવા લાગ્યો આપ ખુદા છો, માલિક છો, આપના દિદાર થયા હવે ક્યાંય જવાની ઈચ્છા નથી. મહારાજે તેના માથે હાથ મૂકીને કહ્યું, તમે અહીં રહો તો તમારી ન્યાતના તમને ઉપાધિ કરશે માટે ઘેર જાઓ. આ મૂર્તિને અંતરમાં રાખજો, ધર્મ નિયમ પાળજો, તમારું કલ્યાણ હું કરીશ. આંખમાં આંસુ સાથે તેણે કહ્યું, ખુદાવિંદ ! આપનો જેવો હુકમ..એટલું કહી તે ઉઠયો.

નીચે ઉતરીને જતો હતો ત્યાં અલૈયા ખાચરે તેનો હાથ પકડયો, હવે રોટલા ખાધા વિના નો જવાય. મારા ભગવાનના દર્શન કરીને કોઈ આ દરબારમાંથી ભૂખ્યો ગયો નથી ! પઠાણ જમીને પોતાના રસ્તે ગયો.

પ્રસંગ : ૭૧

મહારાજ એક જ સમયે અનેક સ્વરૂપ ધારીને ભક્તોને ઘેર જમે છે-૩૭૧

મહારાજ સારંગપુર પધાર્યા. સૌ હરિભક્તો સભામાં આવ્યા અને સૌ મહારાજને પોતાના ઘરે જમવા પધારવા નોતરું દેવા લાગ્યા. મહારાજે મુકુન્દ બ્રહ્મચારીને કહ્યું, આ હરિભક્તોના નોતરાં ગણો કેટલા થાય છે ?

હરિભક્તો બોલતા જાય ને બ્રહ્મચારી ગણતા જાય. એમ કરતાં બ્રહ્મચારીએ કહ્યું, મહારાજ પાંચ મહિના આહીં રોકાવું પડશે. મહારાજ એ સાંભળી બોલ્યા, એટલું તો ન રહેવાય. પણ બધા હરિભક્તોનો આગ્રહ હતો. અમારે ઘેર જમ્યા સિવાય જવા નહિ દઈએ. એટલે પછી મહારાજે કહ્યું, જુઓ અમારે પરમદિવસે તો અહીંથી નીકળી જવું છે. માટે કાલે તમે બધા સૌ સૌના ઘેર રસોઈ કરજો અમે જમવા આવીશું.

આ સાંભળી સૌ રાજી થયા. જીવાખાચરે મહારાજને કહ્યું, દયાળુ મારે ઘેર પધાર્યા છો તો મારે ત્યાં પણ જમવું પડશે. મહારાજે કહ્યું, તમારે ત્યાં પણ જમીશું.

બીજે દિવસે મહારાજ જીવાખાચરને ત્યાં જમવા બિરાજ્યા. જીવાખાચરને મનમાં થયું કે બીજા હરિભક્તોએ રસોઈ કરી હશે તેમનું શું થશે ? એટલે પીરસવામાં થોડો સંકોચ કરતા હતા. મહારાજે કહ્યું, જીવાખાચર ! પીરસો..નહિ તો અમે ભૂખ્યા રહીશું.

જીવાખાચરે મહારાજને ખૂબ પીરસ્યું. તેમણે મૂળુખાચર તથા વસ્તાખાચરને ત્યાં એક માણસ મોકલ્યો. તે માણસ ત્યાં ગયો તો ત્યાં તેણે મહારાજને જમતા દીઠા. તેને આશ્ચર્ય થયું. તે ત્યાંથી સીધો રાઠોડ ધાધલને ત્યાં, માતરા ધાધલને ત્યાં ગયો, ત્યાં પણ તેને મહારાજને જમતા જોયા. બોઘા શેઠને ત્યાં, કમા શેઠને ત્યાં, તથા જીવરામ શેઠને ત્યાં પણ મહારાજ જમતા હતા. તેને થયું કે હવે ઘેર ઘેર જઇને જોવું. તેથી તે લીલાધર રાજગરને ત્યાં ગયો, ઘેલા રાજગરને ત્યાં ગયો, બધે જ મહારાજ પીતાંબર પહેરી જમતા હતા અને મુકુન્દ બ્રહ્મચારી જમાડતા હતા. પછી તો નારાયણ પટેલ, ભગવાન પટેલ, હીરો મેરાઈ, સુથાર ગોપળભાઈ તથા હાજા ભરવાડને ત્યાં ગયો. બધે જ મહારાજ જમતા હતા. તેના આશ્ચર્યનો પાર ન રહ્યો.

તે દોડતો જીવાખાચરના દરબારમાં આવ્યો. ત્યારે મહારાજ જમી રહ્યા હતા અને ચળુ કરતા હતા. તેણે જીવાખાચરને કહ્યું, બાપુ ! મહારાજને તો મેં બધે જ જમતા જોયા. જેણે જેણે નોતરાં દીધાં હતાં તે બધાને ત્યાં મહારાજને મેં જમતા જોયા.

જીવાખાચરને આશ્ચર્ય થયું. ત્યારે મહારાજે તેમને કહ્યું, જીવાખાચર એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. <u>આ બ્રહ્માંડો અનંતકોટિ છે, અસંખ્ય છે. તેમાં જ્યાં જેવું સ્વરૂપ ધારણ કરીને અમે પ્રગટ થઈએ છીએ. ત્યારે આ તો તમારા સારંગપુરના દોઢસો ઘર ! તેમાં એટલા સ્વરૂપે થવું તેમાં ક્યું મોટું આશ્ચર્ય છે !</u>

જીવાખાચર ભક્તરાજ હતા. મહારાજને સર્વોપરી ભગવાન જાણતા હતા. તે નિષ્ઠા દૃઢ હતી. મૂઢપણાની તેમની ભક્તિ હતી. તેથી જ્ઞાનના ઉંડા પાણીમાં ઉતરવાનું તેમનું ગજું નહોતું. તેમણે મહારાજને હાથ જોડ્યા ને કહ્યું, મહારાજ ! આપ તો પુરુષોત્તમ નારાયણ છો. આપ ધારો તે કરી શકો છો.

<u>પ્રસંગ : ૭૨</u>

<u>કંઠી એ આશરાની નિશાની છે - ૩૭૨</u>

મહારાજનો પ્રતાપ સારંગપુરમાં ઘેર ઘેર પ્રસરી ગયો. ગામોગામથી દર્શન કરવા આવેલા મુમુક્ષુઓએ મહારાજને પ્રાર્થના કરી : મહારાજ ! અમને વર્તમાન ધરાવો. મહારાજે તરત જ પાણી મંગાવ્યું અને ઢોલિયા ઉપરથી ઉઠીને ઓસરીને કિનારે આવી તે પાણીમાંથી સૌના ઉપર અંજલિ છાંટી. મહારાજે કહ્યું, જેના ઉપર આ પાણીનું ટીપું પડ્યું હોય તેણે સમજવું કે વર્તમાન ધરાવી લીધા છે. માટે અમારા આપેલા નિયમમાં રહીને સૌ ભજન કરજો. એમ કહી ત્રણ ચાર વાર પાણીની અંજલિ છાંટી. સૌ વ્રતધારી બની ગયા. વ્રતના નિયમ સંતોએ બતાવ્યા. સૌને કંઠી પહેરાવી દીધી.

મહારાજે સૌને કહ્યું, કંઠી ગળામાં હશે તો તમને સૌને જાણપણું રહેશે કે મહારાજની કંઠી બાંધી છે. એટલે ફેલફતુર થશે નહિ. નિયમ ધર્મમાં રહેવાશે. કંઠી એ આશરાની નિશાની છે.

<u>પ્રસંગ : ૭૩</u>

<u>પાંચ જણને નિયમ ધરાવીન પછી જ જમવું - ૩૭૩</u>

મહારાજનું કાર્ય વેગપૂર્વક પ્રસરતું જતું હતું. ચોળિયો માર્ગ, વામ માર્ગ, કૌલાર્ણવ માર્ગ બધા પંથના દૂષણો ધીરે ધીરે સૌ સમજતા ગયા. માંસ, મદિરા અને મૈથુનમાં કલ્યાણ દેખાડનારા આ માર્ગના માંધાતાઓ ઉઘાડા પડતા હતા.

શ્રીજીમહારાજે પોતાના પરમહંસોને આજ્ઞા કરી હતી, ગામડે ગામડે, ખેતરે ખેતરે, વાડીએ વાડીએ જ્વું. કોસ ચલાવતા ખેડૂતોની સાથે કોસના પાયામાં ફરવું અને તેમને ઉપદેશ દેવો. દારૂ, માંસ, ચોરી, છિનાળી છોડાવવાં. એમ નિયમ આપી વ્રતધારી બનાવી ભગવાનનો આશરો કરાવવો. પ્રગટ ભગવાનના આશરાથી જ નિયમ પળાશે. આવી રીતે પાંચ જણને વ્રતધારી બનાવી પછી જ ભિક્ષાનું અન્ન જમવું. તેમણે આવો આકરો નિયમ આપ્યો.

પાંચ જણ ન મળે તો સંતો ભૂખ્યા રહેતા. લોકકલ્યાણની આવી નિઃસ્વાર્થ ભાવનાના પ્રતીક સમા આ સંતો પરમહંસો સેવાની આદર્શમૂર્તિ સમાન હતા. તેમના પ્રયત્નથી સૌરાષ્ટ્રમાં અધમ વર્ગ ધીરે ધીરે ઓછો થવા લાગ્યો.

<u>પ્રસંગ : ૭૪</u>

<u>વર્તમાન ધરાવ્યા-૩૭૪</u>

ડોસાખાચર મહારાજને સારંગપુર જઈને આમંત્રણ આપી આવ્યા હતા એટલે મહારાજ સારંગપુરથી નીકળી સુંદરિયાણા પધાર્યા. ડોસાખાચરના બે કામદાર પૂજા શેઠ અને વના શેઠ. આ બંને ત્યાંના ચૂસ્ત વૈષ્ણવ વણિક શેઠ હિમરાજ શાહના પુત્રો હતા. વૈષ્ણવોમાં આ કુંટુંબ અગ્રેસર હતું. પુત્રોમાં પણ વૈષ્ણવ ધર્મના સંસ્કારો આરૂઢ હતા પરંતુ ડોસાખાચરના તે કામદાર હતા. તેથી ડોસાખાચરને ત્યાં મહારાજ પધારે એટલે સેવા સરભરામાં તેમણે રહેવું જોઈએ. છતાં તેમને લાગ્યું કે બીજા પસાયતાઓ તથા ભાયાતો મદદ કરશે આપણે આ પ્રવૃતિમાં ભાગ નથી લેવો.

ડોસાખાચરે જોયું કે બંને ભાઈઓ આજે આવ્યા નથી એટલે તે સામે ચાલીને એમના ઘરે ગયા ને કહ્યું, જુઓ ભાઈ સ્વામિનારાયણ પોતે ભગવાન છે. અમારી કાઠીની જાત અભણ ખરી પણ છતાં અમે ચિકિત્સા ઝીણવટથી કરી શકીએ. તેમનામાં એ લક્ષણો જોયા પછી જ અમારી જ્ઞાતિના મોટા મોટા રાજાઓ પણ તેમના પંથમાં જોડાયા. તેથી પૂજા શેઠે કહ્યું, બાપુ અમે આવીએ તેની ના નહિ, પરંતુ તેમના ભગવાનપણાનો અનુભવ થાય તો વાત જીવમાં બેસે.

બાપુએ કહ્યું, ત્યારે કરો સંકલ્પ અને અબઘડી જ આવો. બંને ભાઈઓ બાપુની સાથે દરબારમાં ગયા. મહારાજ તે વખતે સભામાં બિરાજમાન હતા. બાપુએ મહારાજને કહ્યું, મહારાજ ! આ બંને ભાઈઓ ચૂસ્ત વૈષ્ણવ છે. મહારાજ આ સાંભળી સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યા. પછી બોલ્યા, બાપુ ! તમારા કામદાર એટલે આપણા પણ કામદાર જ ક્હેવાય. ભવિષ્યમાં આપણે ત્યાં વહીવટ તેમને જ કરવાનો છે. બંને ભાઈઓ આ સાંભળી આશ્ચર્ય પામ્યા.

મહારાજે તેમને પોતાની સન્મુખ બેસાર્યા ને વાતો કરવા લાગ્યા. બંને ભાઈઓની નજર મહારાજના ચરણારવિંદ તરફ હતી. મહારાજે વાતો પૂરી કરી. બંને ભાઈઓ ઉઠ્યા ને કહ્યું, પ્રભુ ! અમને આપને શરણે લ્યો. જે વિધિ કરવાની હોય તે અમે કરવા તૈયાર છીએ. ડોસાખાચરને વિસ્મય થયું કે મહારાજે તેમને કેવો અનુભવ કરાવ્યો ?

મહારાજે તેમને વર્તમાન ધરાવ્યા. પછી મંત્ર આપતા કહ્યું, શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ..આ મંત્રજાપથી શ્રીકૃષ્ણનું શરણું પમાય છે. એ પ્રકારની પ્રપત્તિથી જ સાચો વૈષ્ણવભાવ અંતરમાં પ્રગટે છે. વળી બીજો મંત્ર બ્રહ્માહં કૃષ્ણસ્યદાસોમિ..એ મંત્રનો જાપ તમારે જયારે સાચો શરણભાવ અનુભવાય ત્યારે કરવાનો છે. તે મંત્ર મહાદીક્ષા આપવાનો સમય છે. તેના અધિકારીને જ તે અપાય છે. તે મંત્રમાં આત્માના સ્વરૂપમાં બ્રહ્મની અક્ષર ભાવના કરી, તે ભાવથી શ્રીકૃષ્ણની દાસભાવે ભક્તિ કરવી તેવો ભાવ છે.

આ મંત્ર અને તેનો અર્થ સમજીને બંને ભાઈઓને લાગ્યું કે આજ સાચો વૈષ્ણવધર્મ છે. તેમણે શ્રીજીનું શરણું સ્વીકારી લીધું. (બંને ભાઈઓને મહારાજના ચરણારવિંદમાં સોળ ચિહ્નોના દર્શન થયા. અને વર્તમાન ધરાવ્યા પછી બંને ભાઈઓના સંકલ્પ પ્રમાણે એમની કોઠી ઉપર નવો ચોફાળ રાખ્યો હતો તે મંગાવ્યો અને બંનેને નિશ્ચય કરાવ્યો.)

પ્રસંગ : ૭૫

અમારા ગ્રહ જુઓ - ૩૭૮

મહારાજ બોટાદ પધાર્યા. દાહાખાચરે પોતાની વાડીમાં રસોઈ ગોઠવી હતી. મહારાજ ત્યાં પધાર્યા અને જમ્યા. એટલામાં મોના જોષી મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને પૂછયું, જોષી ! જમ્યા ? તેમણે પેટે હાથ ફેરવતા કહ્યું, હા મહારાજ..તેમની પાઘડીમાં ટીપણું જોઈ મહારાજે તેમને કહ્યું, જોષી ! આ ટીપણું કાઢો અને અમારા ગ્રહ જુઓ.

મોનજી જોષીએ ટીપણું જોરથી ઉખેડયું તે મહારાજના ખોળામાં જઈને તેનો આગલો ભાગ પડયો. મહારાજ ચમક્યા. આ જોઈ મોનજી જોષીએ કહ્યું, મહારાજ ! ચમકશો નહિ. આ બધા ગ્રહો તો આપના ખોળામાં આપને આશરે આવીને પડયા છે એટલે તેમને જરા કહી દેજો કે તમારા ભક્તો સાથે મિત્રભાવ રાખે. મહારાજ અને આખી સભા હસી પડી. મોનજી જોષીની નિષ્ઠા જોઈ તેમને થયું કે આ બ્રાહ્મણ ટીપણાના આધારે નથી જીવતો પણ મહારાજની આવી નિષ્ઠાના આધારે જીવે છે.

મહારાજે તેને પૂછયું, જોષી ! અમને કોઈ ગ્રહ નડતા તો નથી ને ? રાહુ કેતુને થોડું વેર ખરું એટલે થોડા ઉધામા કરે. પરતું આપના પ્રતાપ આગળ તેનું કાંઈ ચાલતું નથી.

હમીર ખાચરના દરબામાં મહારાજ પધાર્યા. તેમણે મહારાજની ચંદન અત્તર વગેરે સુંગધી દ્રવ્યોથી પૂજા કરી, થાળ ભરી રૂપિયા ભેટ આપ્યા. મહારાજે એ રૂપિયા મોનજી જોષીને આપી દીધા. તેણે તરત જ કહ્યું, મહારાજ ! રાહુની નજર મારા ઉપર હતી એટલે રૂપિયાનો જોગ થાતો નહોતો. પણ આપની દ્દષ્ટિ પડી એટલે રૂપિયા મળી ગયા. મહારાજે કહ્યું, જેને અમારા સ્વરૂપની પાકી નિષ્ઠા છે તેને ગ્રહ કે પનોતી નડી શકે નહિ. તે બધા ક્ષુદ્ર દેવોનું પુરુષોત્તમ નારાયણના આશ્રય આગળ કાંઈ ચાલતું નથી.

પ્રસંગ : ૭૬

શેખજીની સાન ઠેકાણે આવે છે - ૩૮૩

શેખજીને મહારાજે ઐશ્વર્ય આપ્યું હતું એટલે શેખજી ગઢડામાં ગામલોકોને ભેગા કરીને કહેતા કે જેને ધામ જોવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરો. ને મહારાજ જેમ પરચા દે છે, તેમ હું પણ પરચા દઉં છું. મહારાજને આ વાતની ખબર પડી.

એટલામાં શેખજી મહારાજ પાસે આવ્યા. તેને મહારાજે પૂછયું, શેખજી ! તમને શી આજ્ઞા કરી હતી ? તમારી જીવદશાનું ભાન ભૂલીને તમે ભગવાન બનવાના ચાળા આદર્યા તે તમારી નજરમાં કેટલા પડે છે ? મહારાજે વક્રદ્દષ્ટિ કરી તેનું ઐશ્વર્ય ખેંચી લીધું. અને મહારાજે ત્યાં ઉભેલા સંતો હરિભક્તોને કહ્યું, આ શેખજી આજથી આપણા સત્સંગની બહાર છે. તેની સાથે કોઈ સંબંધ રાખશો નહિ. એટલું બોલીને મહારાજ જમવા પધાર્યા.

શેખજી બહાર નીકળ્યા. પોતાની દાઢીનું દૈવત હણાઈ ગયું હોય તેમ તેને લાગ્યું. તે થોડીવાર બહાર ઉભા રહ્યા. એટલામાં બ્ર.સ્વામી નીકળ્યા. તેણે તેમને ઉભા રાખી કહ્યું, સ્વામી ! મારે આપની સાથે વાત કરવી છે. પછી કહ્યું, સ્વામી ! હું ભૂલો પડી ગયો હતો. હવે તમે મને રસ્તે ચઢાવો.

બ્રહ્મમુનિએ કહ્યું, તેં અમારું વચન માન્યું નહિ અને તારા અભિમાનના તોરમાં મહારાજ કોણ છે તે ભૂલી જઈને જેમતેમ બોલવા માંડયો, તેનું ફળ તને મળ્યું. છતાં જો પસ્તાવો થતો હોય તો આ દાઢી મૂછ ઉતરાવીને નાહીને મહારાજ પાસે આવજે. હું મહારાજને સમજાવીશ. બ્ર.સ્વામીની આજ્ઞા પ્રમાણે શેખજી દાઢી મૂછ પડાવી નાહીને મહારાજ પાસે અક્ષર ઓરડીમાં આવ્યા. મહારાજે તેને જોઈને પૂછયું, તું કોણ ?

એટલામાં બ્ર.સ્વામીએ કહ્યું, મહારાજ ! આતો શેખજી ! મહારાજ તે જોઈ હસ્યા. પછી પૂછયું, તારી દાઢી ક્યાં ગઈ ? એટલે બ્ર.સ્વામીએ કહ્યું, મહારાજ ! એ દાઢી ઉપરથી તો ઘણા અ.ધામમાં જતા હતા એટલે ઘસાઈ ગઈ. આ સાંભળી સૌ હસ્યા.

શેખજીએ હાથ જોડી કહ્યું, મહારાજ ! મારે કલ્યાણનો ખપ છે. આપના સિવાય બીજે ક્યાંય કલ્યાણ નથી. હું ભૂલો પડયો હતો માટે મને માફ કરો. મહારાજે તેની દીનતા જોઈ બોલ્યા, આ દાદાખાચરની ઘોડશાળમાં ઘોડાની લાદ ઉપાડવી પડશે. છે કબૂલ ? તેણે તરત જ કહ્યું, હા મહારાજ ! કબૂલ છે. આપ જે કહેશો તે કરીશ.

મહારાજ તેનો ખપ જોઈ રાજી થઈ ગયા ને આશીર્વાદ આપતા બોલ્યા, શેખજી ! જા..તારા બધા ગુના માફ. તને હું અ.ધામમાં તેડી જઈશ.

પ્રસંગ : ૭૭

પીરાણાના ગાદીપતિ સાધુ બને છે - ૪૦૪

રોણ્ય ગામમાં પીરાણાનો પંથ ચાલતો હતો. કહેવાય છે કે ૬૦૦ વર્ષ પહેલા અરબસ્તાનથી ઈમામશાહબાબા આવ્યા હતા. તેમનો ત્યાં રોજો છે. બાજુના ઓરડામાં ઢોલિયો છે. ઈમામબાબાએ તે વખતે કહ્યું હતું કે, આ ઢોલિયા ઉપર જે બેસશે તે ખુદા હશે. પછી ભવિષ્ય કહેતાં કહ્યું હતું કે પૂરવ દેશથી સાહેબો આવશો ને કાંકરિયે ડેરા તાણશે ને આ ગાદીએ બેસશે. આ ત્રણે વાત મળતી આવે તો તેને તમે ખુદા માનજો. અહીં અખંડ ઘીનો દીવો બળતો હોય છે. ઘણા હિંદુ પટેલોએ પણ આ પીરાણાનો પંથ અપનાવી લીધો હતો.

મહારાજ ત્યાંથી સૌ નીકળ્યા અને સૌ પીરાણાએ મહારાજને રોક્યા. તે જગ્યાના ગાદીપતિને તેમના શિષ્યો કાકા કહેતા હતા. મહારાજ રોજા પાસેના

ઓરડામાં પધાર્યા અને ત્યાં જે ઢોલિયો હતો તે ઉપર બેસી ગયા. સૌ પીરાણાને આ ગમ્યું નહિ પરંતુ કાકાને ઈમામશાહબાબાના વચન યાદ આવ્યા. તેમને લાગ્યું કે આ જરૂર ચમત્કારી પુરુષ છે.

મહારાજે તેમને પૂછ્યું : તમે સૌ ઉત્તમ પાટીદાર જ્ઞાતિના હોવ છતાં આ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો તેથી લાગે છે કે, કોઈક ચમત્કાર તમોએ જોયો હશે.

તે સાંભળી કાકા બોલ્યા : અહીં આ દીવાની માનતા ચાલે છે જેની ભેંસ દોવા દેતી ન હોય તે આ દીવાની માનતા કરે તો તેની ભેંસ દોવા દે. વળી કોઈને કાંઈ રોગ થયો હોય તે પણ આ માનતાથી મટે છે. નવટાંકથી લઈને દસ મણ ઘીની અહીં માનતા થાય છે.

તે સાંભળી શ્રીહરિએ પૂછ્યું, તમારા મોક્ષનું શું ? ત્યારે કાકાએ કહ્યું, મરી ગયા પછી શું થાય છે તે અમે જાણતા નથી. અમે તો જેટલું પ્રત્યક્ષ દેખાય તેજ માનીએ છીએ.

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે થયું લોકોમાં કેવું અજ્ઞાન ચાલ્યું આવે છે, કેવળ આ લોકની ક્ષુલ્લક ઈચ્છાઓ પૂર્ણ કરવામાં તેમને જીવનની ઈતિ દેખાય છે. અમે તમને પ્રત્યક્ષ દેખાડીએ. એમ કહી કાકાને કહ્યું, તમારા અંતર સન્મુખ દૃષ્ટિ કરો.

કાકાને આવી કોઈ ભાષાની સમજ નહોતી. તેથી શ્રીહરિએ તેમને સમજાવ્યું કે, આંખો બંધ કરી અંતર સન્મુખ મનને એકાગ્ર કરો.

કાકાએ તે પ્રમાણે આંખો બંધ કરી અને અંતર સન્મુખ મન કર્યું ત્યાં શ્રીહરિની ઈચ્છાથી તેમને અંતરમાં પ્રકાશ દેખાયો. તે પ્રકાશમાં દિવ્ય સંહિાસન ઉપર તેમને શ્રીહરિની મૂર્તિના દર્શન કર્યા. થોડી વારે તે જયારે જાગ્રત થયા ત્યારે શ્રીહરિના સ્વરૂપમાં તેમને દિવ્યતા દેખાઈ. તેમેન જ્ઞાન થયું કે આ પુરુષ સ્વંય ભગવાન છે. તમેને શ્રીહરિને કહ્યું, પ્રભુ મને આપ અપનાવશો ? આપનો શિષ્ય બનાવશો ?

શ્રીહિરએ તરત જ તેમને અલ્ફી આપી ને કહ્યું, ચાલો અમારી સાથે. પરંતુ કાકાના શિષ્યો આ જોઈને મૂંઝાયા. તેમણે શ્રીહરિને કહ્યું, અમારા ગાદીપતિને લઈ જશો તો અમે શું કરીશું ? શ્રીહરિએ કહ્યું, ગાદીપતિઓની ખોટ નથી, આવા મુમુક્ષુઓની ખોટ છે. તમને બીજા ગાદીપતિ મળી રહેશે. પરંતુ તેમણે રોકકળ કરવા માંડી. કેટલાકે તો તોફાન કરવાની ધમકી આપી. એટલે શ્રીહરિએ કાકાને સમજાવ્યા અને કહ્યું, અલ્ફી ઉતારી નાંખો અને અંતરમાં અમારું ભજન કરજો, તમારું કલ્યાણ થશે. જેમને તમારામાં ભાગ થશે, તમારી ક્રિયા ગમશે તો તમારા સંબંધે તમારા તે શિષ્યોનું પણ કલ્યાણ થશે.

<u>પ્રસંગ : ૭૮</u>

<u>ગોરધનભાઈની ઉપશમ સ્થિતિ-૪૦૬</u>

ગોરધનભાઈ સદા ઉપશમ સ્થિતિમાં રહેતા. તેથી તેમની ક્રિયા લોકોને ગાંડા જેવી જણાતી, પરંતુ તેમની ઉપશમ સ્થિતિનું રહસ્ય કોઈને સમજાતું નહિ. તેમની એકાંતિક સ્થિતિનો સૌને ખ્યાલ આપવા મહારાજે એક સેવકને કહ્યું, એક થાળીમાં સાકર અને એક થાળીમાં મીઠુ લઈ આવો. એ પ્રમાણે સાકર અને મીઠું લઈ આવ્યા એટલે મહારાજે ગોરધનભાઈને કહ્યું, આ જમી જાઓ.

તે તો બંને થાળમાંથી બે હાથે સાકર અને મીઠું લઈને જમવા લાગ્યા. તેથી મહારાજે પૂછ્યું, ગોરધન ! આમાં સાકર કઈ ને મીઠું કયુ ? ત્યારે તેણે કહ્યું, મહારાજ બેય સાકર છે. તેમની આ વાત સાંભળીને સભાજનોને આશ્ચર્ય થયું. પછી મહારાજે તેમને સૂતરફેણી આપી. એટલે ગોરધનભાઈતો તેમાંથી સૂતરફેણી લઈને પોતે જમવા માંડયા. તે જોઈ હરિભક્તોએ કહ્યું, ગોરધનભાઈ ! સૂતરફેણી તો મહારાજને જમાડવાની હતી. તમે ક્યાં જમવા માંડયા ?

ત્યારે તેણે કહ્યું, મહારાજ જ જમે છે. આ સાંભળી મહારાજ હસ્યા. પછી ગોરધનભાઈએ તે સૂતરફેણીની માટલી મહારાજને આપી ત્યારે મહારાજે કહ્યું, તમે જમો. ત્યારે તેણે કહ્યું, મહારાજ હજું તો મેં સ્નાન પણ નથી કર્યું.

આ સાંભળી સભાજનોને વિશેષ આશ્ચર્ય થયું. મહારાજે તેમને સૌને કહ્યું, આ ગોરધનભાઈની સ્થિતિ તમે સમજી શક્યા નથી. તે ત્રણેય અવસ્થામાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખતા નથી. તે સૂતરફેણી જમતા હતા ત્યારે તમને લાગ્યું કે અમને મૂકીને તે જમે છે પણ તે તો અમને જ જમાડતા હતા. અમે જયારે એમને કહ્યું કે તમે જમો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે મેં તો હજું સ્નાન પણ કર્યું નથી. એ એવા એકાંતિક ભક્ત છે તો તેમને મીઠું અને સાકરના સ્વાદમાં ફેર જણાતો નથી. અમારી મૂર્તિમાં નિરંતર રહે છે એટલે તેમના દ્વારા જ અમે ક્રિયા કરીએ છીએ.

આવી એકાંતિક સ્થિતિ તમારી સૌની કરવા માટે અમે આ પૃથ્વી પર પ્રગટ થયા છીએ. અમારી ભેગા રહો ને અમારું સ્વરૂપ ઓળખો. અમારા આવા એકાંતિક ભક્તને ન ઓળખો તો જેમ જાદવો શ્રીકૃષ્ણ ભેળા રહ્યા છતાં નિરંતરના અભાગિયા કહેવાયા તેવી તમારી સ્થિતિ થશે અને અમારો દાખડો છૂટી પડશે. માટે અમારા દાખડા સામું જોઈ આવી સ્થિતિ કરવાનું લક્ષ્ય રાખવું.

<u>પ્રસંગ : ૭૯</u>

<u>પાડાની પાસે વેદ બોલાવ્યા - ૪૦૭</u>

મહારાજ ઉમરેઠ પધાર્યા. અહીં જાગનાથ મહાદેવમાં ઉતારો કર્યો. શ્રીહરિ નિત્ય સભામાં અજ્ઞાનના પડળ ચીરતી બ્રહ્મજ્ઞાનની વાતો કરતા. વાતોના પ્રસંગમાં મહારાજે સૌને કહ્યું, અમે તો તમારું સૌનું કલ્યાણ કરવા આવ્યા છીએ.

ત્યારે સભામાંથી એક બ્રાહ્મણ બોલ્યો : કલ્યાણ તો શંકર સ્વામી જેવા કરે, માટે તમે તેમના જેવા હો તો તેમની માફક પાડાની પાસે વેદ બોલાવો. તેની વાત સાંભળી સભામાં બેઠેલા બધા બ્રાહ્મણો ઉભા થઈ ગયા. સૌ એકી સાથે કહેવા લાગ્યા : ભગવાન થવું કાંઈ સહેલું નથી અને છતાં તમે ભગવાન છો એવું કહો છો તો જેમ શંકરાચાર્યે પાડાની પૂંઠે વેદ બોલાવ્યા હતા તેમ તમે પાડાની પૂંઠે વેદ બોલાવો તો તમને અમે ભગવાન માનીએ.

તે સાંભળી મહારાજે કહ્યું, શંકરસ્વામીએ પાડાની પૂંઠે વેદ બોલાવ્યો હતા તેવું તો ફક્ત તમારી પાસેથી જાણ્યું માટે તે વાત સાચી નથી. પરંતુ સંત જ્ઞાનેશ્વરે પાડા પાસે <u>વેદ</u> એવા બે અક્ષર બોલાવ્યા હતા. વેદગાનનો અધિકાર દ્વિજ સિવાય બીજા કોઈને નથી. માટે પાડા પાસે વેદ બોલાવ્યા હતા તે વાત ખોટી છે. પરંતુ તમારે જો વેદગાન સાંભળવું હોય તો પાડા જેવા અભણ, અબુધ બ્રાહ્મણને અમારી પાસે લાવો તો તેમની પાસે ચારે વેદના મંત્રો બોલાવીએ.

મહારાજની આ વાત સાંભળી સભામાં બેઠેલા એક તદ્દન અભણ, અબુધ અને વળી બોલવામાં જીભ પણ થોથરાતી હતી તે હરિશંકરને મહારાજ પાસે લાવ્યા. મહારાજને કહ્યું, જો ભગવાન હો તો આ બ્રાહ્મણ પાસે વેદ બોલાવો.

મહારાજે તેના તરફ દૃષ્ટિ કરી અને વિદ્વાન વેદપાઠી બ્રાહ્મણની જેમ હરિશંકર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના મંત્રો બોલવા લાગ્યો. તે

સાંભળી બ્રાહ્મણોને આશ્ચર્ય થયું. કર્મકાંડી અને કેવળ ભાગવતના ભણેલા ઉમરેઠના બ્રાહ્મણો તો પૂરા વેદમંત્રો પણ જાણતા નહોતા. પરંતુ કર્મકાંડમાં જે કોઈ વેદમંત્રો પોતે ભણ્યા હતા તે સંપૂર્ણ શુદ્ધ રીતે તેના અંગ સાથે હરિશંકરને બોલતા સાંભળી તેમણે જાણ્યું કે આ કોઈ મહાન વિભૂતિ છે. વેદગાનના અંતે તેમણે મહારાજને હાથ જોડીને કહ્યું, ભગવાન ! તમે સાક્ષાત્ શંકર સ્વામી છો. મહારાજ તે સાંભળી હસ્યા.

પ્રસંગ- ૮૦

પરમહંસોની કસોટી

મહારાજે સ્વરૂપાનંદસ્વામીને કહ્યું, તમારા વિચરણની વાતો કરો.આપની આજ્ઞાથી ૨૫૦ સાધુનું મંડળ લઈને અમે જામનગર વિચરણમાં ગયા. ત્યાં લખોટા તળાવને કાંઠે ઉતર્યા. ગામમાં સાધુઓ ભીક્ષા માગવા જાય ત્યારે..

- કોઈ જારનો ચપટી લોટ ઝોળીમાં નાખે..
- તો કોઈ રોટલાના ટુકડા નાખે..
- તો કોઈ વાસી ખીચડી નાખે..
- મગની ફોતરી નાખે..

એમ ભિક્ષા લઈને સંતો આવે. તે જોળીઓ આપની આજ્ઞા પ્રમાણે તળાવમાં બોળી સાફ કરીતેના ગોળા વાળતાં તેમાંથી થોડું જમીન ઉપર નાખીએકડી મકોડા તેને અડે નહી એવુ સત્ત્વ વિનાનું અન્ન લાગે ત્યારે તેના ગોળા વાળી સાધુઓને આપતા. કોઈ દિવસ નવટાંક મળે તો કોઈ દિવસ પાસેર મળે ને કોઈ દિવસ તો કાંઈ જ મળે નહી. કોરા કડાકા થાય. આવી સ્થિતિ થઈ ને સાધુઓ મુંઝાણા.

શહેરમાંથી કેટલાક વણિકો અમારી પાસે આવતા તેમણે આવીને મશ્કરી કરતા હોય તેમ મને પૂછ્યું, તમારામાં કોઈ કૃષ્ણ જૈસા હૈ ? ત્યારે મે કહ્યું, દેખ, યે સબ કૃષ્ણ જૈસે હૈં ! અમે કહ્યું, એજ સમયે ૨૫૦ સંતો કૃષ્ણરૂપે તેમણે દેખાયા. તેમને તે જોઈ લાગ્યું કે આવો ચમત્કાર જેમના સંતોના વચનમાં છે, ત્યારે તેમના નિયંતા સહજાનંદસ્વામીને વિષે તો અનંત પ્રકારના ઐશ્વર્ય હોય તેમાં શું કહેવું ? એ તો હોય જ !

પછી સંતમંળડે આપને પત્ર લખ્યો. આપનો પત્ર આવ્યો તેમાં વાંચ્યું કે,

પ્રસંગ- ૮૧

જેતલપુરની વેશ્યા પાવન બને છે-૪૧૮

જેતલપુરમાં મહારુદ્રની તૈયારીમાં સૌને જોડી દીધા. મહારાજે જોષી બોલાવ્યા યજ્ઞના પ્રારંભનું મુહૂર્ત જોવરાવ્યું જોષીઓએ ટીપણાં લાંબા કરી ધન,મકર,કુંભનો મેળ બેસારી કહ્યું, સં.૧૮૬૫ ના પોષ સુદિ આઠમથી પ્રારંભ કરવાનું જોષીઓએ કહ્યું.

મહારાજે ઠેઠ કાશી સુધીના વિદ્વાન બ્રાહ્મણોને પત્રો લખાવી આ મહારુદ્રમાં આવવા આમંત્રણ મોકલી દીધા. મહારાજે કોઈને સ્વપ્નમાં દર્શન દીધા, કોઈની પાસે દિવ્યસ્વરૂપે પ્રગટ થયાં. કોઈના અંતરમાં પ્રેરણા કરી, એમ જે જે વસતુ જોઈતી હતીજેમની સેવાની જરૂર હતી તેમેન સૌને આ રીતે મહારાજે સંદેશો પહોંચાડી દીધો.

લોકોને ઉત્સાહપૂર્વક, ભકિતભાવ પૂર્વક આ બધી સેવા કરતા જોઈ ત્યાં રહેતી એક વેશ્યાના મનમાં પણ આ સેવા કરવાના કોડ જાગ્યા. પોતે પતિત હતી. સૌના તિરસ્કારનું પાત્ર બની ગઈ હતી. એટલે તેના મનમાં સંકોચ થતો હતો કે આવા પૂણ્ય કાર્ય માટે મારા જેવી પતિત સ્ત્રીએ સ્પર્શ કરેલું અનાજ ઉપયોગમાં આવે ખરું ? મને લોકો સેવા કરવા દેશે જ નહી. છતાં તેણે હિંમત કરી. સહજાનંદસ્વામી ભગવાન હતા એવું લોકો કહેતા હતા. તેથી તેણે વિચાર્યું કે ભગવાન તો પતિતને પાવન કરવા માટે જ પૃથ્વી ઉપર પધારે છે તો મને એ પાવન નહિ કરે ?

શ્રીહરિની સભામાં આ સેવાની માંગણી કરવા, એ ભિક્ષાની યાચના કરવા તે ગઈ. તે વધુ આગળ આવી એટલે જેતલપુરની સ્ત્રીઓ તેને ઓળખી ગઈ. તેમણે કોલાહોલ મચાવ્યો. પુરુષ પણ તેને ઓળખી ગયા. તેમણે પણ તેને તિરસ્કારી. સૌએ શોરબકોર કરી તેને આગળ વધતી અટકાવી.

એટલામાં મહારાજની દૃષ્ટિ તેના ઉપર પડી. મહારાજે બે હાથ ઉંચા કર્યા સૌને શાંત થઈ જવા આજ્ઞા કરી એટલે તરત જ કોલાહોલ શમી ગયો. પછી મહારાજે આશજીભાઈને બોલાવીને પૂછ્યું, પેલી બાઈને અહીં આવતા લોકો કેમ અટકાવે છે. આશજીભાઈએ કહ્યું, એ તો વેશ્યા છે. તેનો ઓછાયો પડે તોય ભ્રષ્ટથઈ જવાય !

તે સાંભળી મહારાજે કહ્યું, તેના ઓછાયાથી ભ્રષ્ટ થઈ જવાય તો તમારા જેવા હરિભક્તો, આ સંતો, તેમના ઓછાયે એ શુદ્ધ નહિ થાય ? તેને શુદ્ધ થવાની ભાવના છે અને તમારે એને સદા અશુદ્ધ ને અછૂત જ રાખવી છે ?

શ્રીહરિના આ શબ્દોનો કોઈ પાસે જવાબ નહોતો. એટલું કહી શ્રીહરિએ સંતોને કહ્યું, તમે બધા જરા દૂર ખસી જાવ..પછી શ્રીહરિએ તે બાઈને હાથના ઈશારાથી નજીક બોલાવી. તે પાસે આવી પરંતુ પરમાત્માના દિવ્ય સ્વરૂપ પાસે તેના પાપમય જીવનની શરમથી તે નીચું જોઈ રહી. શ્રીહરિએ તેને પૂછ્યું, બહેન ! તું અહીં શા માટે આવી છે ? તેણે નીચું મોં રાખી કહ્યું, પ્રભુ ! અહીં મોટો યજ્ઞ થાય છે, આટલા બધા લોકો સેવા કરે છે તો મને પણ કાંઈક સેવા આપશો ? તેના શબ્દોમાં તેના પતિત જીવન માટેની ધૃણા હતી, પશ્ચાતાપ હતો.

શ્રીહરિએ તેને કહ્યું, સ્ત્રીઓને તો અમે ઘઉં દળવાની સેવા આપીએ છીએ. તું જાતે ઘઉં દળીશ ? હા પ્રભુ ! હું જાતે જ આપ આપશો એટલા ઘઉં દળીશ. આપની સેવા કરી હું પતિત છું પણ પાવન થવા ઈચ્છુ છું. શ્રીહરિએ આશજીભાઈને કહ્યું, આ બહેનને એક મણ ઘઉં દળવા આપો. અને ગણિકાને કહ્યું, જો બહેન, આ યજ્ઞ માટેની સેવા છે તારે જાતે કરવાની છે. ગણિકાએ પ્રફુલ્લ વદને કહ્યું, પ્રભુ ! હું જાતે જ એ સેવા કરીશ. આજે આપે મારો જનમ સુધારી દીધો. મણ ઘઉં લઈ ગણિકા ત્યાંથી રવાના થઈ. તેનું આ પ્રકારનું પરિવર્તન સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા.

યજ્ઞ એટલે શું ? કેવી રીતે કરવા ? - ૪૨૦

મહારાજે સભાને સંબોધતા કહ્યું, પ્રજાપતિ બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વ પ્રજાને કહ્યું હતું તે તમો સર્વે યજ્ઞ કરજો અને યજ્ઞે કરીને જ તમારા

પુરુષાર્થની સિદ્ધિ થશે અને સૃષ્ટિની વૃદ્ધિ થશે. ચાર પુરુષાર્થની સિદ્ધિ માટે સાત્વિક યજ્ઞો જ આપણા શાસ્ત્રકારોએ બતાવ્યા છે. યજ્ઞમાં બલિમાં જવ, તલ, ઘી વગેરે હોમવાના હોય છે. અત્યારે હિંસામય યજ્ઞોની જે પ્રવૃત્તિ થાય છે તે વેદ પ્રણીત નથી. પરંતુ જે એવી ખોટી પ્રથાના આગ્રહી છે અને તેમને અનુસર્યા છે તે કોઈ પ્રકારના ઉપદેશથી તેમની હિંસક યજ્ઞોની પ્રવૃત્તિ બંધ કરશે નહિ. તેથી આપણે આ અહિંસક યજ્ઞની શરૂઆત કરી વેદ પ્રણીત પ્રણાલિનું પુનરુત્થાન કરીએ છીએ.

ઉપાસનાનું રહસ્ય - ૪૨૧

પ્રસંગે પ્રસંગે શ્રીહરિ સભાને ઉદ્બોધન કરતા. તે પ્રમાણે અત્યારે પણ તેમણે સભામાં વાત શરૂ કરતા કહ્યું, ભોજન ભોજન પ્રત્યે જુદા જુદા સ્વાદ છે, તેના ગુણ પણ જુદા જુદા છે. તેથી સૌ વિવિધ પ્રકારના ભોજન ઈચ્છે છે. પરંતુ તરત ના તાજા ભોજનમાં જે સ્વાદ રહ્યો છે તેવો સ્વાદ બીજા ભોજનમાં નથી. અર્થાત્ જેવો પ્રગટ સ્વરૂપમાં માલ રહ્યો છે તેવો પરોક્ષ સ્વરૂપોમાં નથી. તે રીતે અવતારોનું પણ જાણવું. અવતારમાં ભેદ નથી પરંતુ ગુણ અને ચરિત્રમાં ભેદ છે. જેને જે અવતાર મળ્યા હોય તેને તે સર્વોપરી કહે અને તે જ ભાવે તેની ભક્તિ કરે.

આગળ જે જે અવતારો થઈ ગયા તે બધા જ જે આ પ્રગટ સ્વરૂપનું ધ્યાન, ભજન, ઉપાસના કરો છે તેના ઉપર પ્રસન્ન થાય છે. તાજા તરતના કરેલા ભોજનની જેમ સ્વાદ તો આ પ્રત્યક્ષ મૂર્તિની ઉપાસના, ભક્તિમાં છે. શ્રીહરિની વાતનું રહસ્ય સમજવું કઠણ હતું છતાં તેમની કૃપાથી ઘણા સમજી ગયા.

પ્રસંગ : ૮૨

બંસીધર સાથે શાસ્ત્રાર્થ - ૪૨૪

એક દિવસ શ્રીહરિની સભામાં મહેમદાવાદનો શક્તિપંથી વિપ્ર બંસીધર તેના શિષ્યો સાથે આવ્યો. તેણે કહ્યું, મારે પ્રશ્નો પૂછવા છે. શ્રીહરિએ કહ્યું, ભલે અમે યજ્ઞ માટે વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા છે એમને અહીં તેડાવીએ પછી જે પૂછવું હોય તે પૂછજો. એમ કહી વિપ્ર હરિભક્તોને બોલાવ્યા.

પછી બંસીધરે પૂછયું, શક્તિની ઉપાસના કયા ઉપચારોથી કરવી ? ત્યારે તે વિદ્વાન બ્રાહ્મણોએ કહ્યું, શક્તિ એ ભગવાનનું સ્વરૂપ છે. જેમ ભગવાનનું પૂજન અક્ષરત, ચંદન, કંકુ, કેસર, શ્રીફળ અને બીજા અનેક ધન ધાન્યમાંથી બનાવેલ ભોગોથી કરીએ છીએ તે જ પ્રમાણે તેમના સ્વસ્વરૂપ તેમની શક્તિની પૂજા તે જ ઉપકરણોથી કરવાની હોય છે.

બંસીધર મૂંઝાયો. તે શક્તિપંથી હતો કૌલમતવાદી હતો તેથી માંસ અને મદિરાથી શક્તિનું પૂજન કરતો. આ વિદ્વાન બ્રાહ્મણો પાસેથી તેને એજ ઉત્તરની અપેક્ષા રાખી હતી. કારણ સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્રમાં બ્રાહ્મણો કૌલમતને આશર્યા હતા. તેની મૂંઝવણ જોઈ શ્રીહરિએ આ બ્રાહ્મણોને પૂછયું કે જે બ્રાહ્મણો મદ્ય માંસથી શક્તિની પૂજા ઉપાસના કરતો હોય તેને કયા પ્રકારની ઉપાસના સમજવી ?

તે બ્રાહ્મણોએ કહ્યું, તે તામસી ઉપાસના છે. એ રીતે શક્તિના ઉપાસના કરનારા બ્રાહ્મણો એ બ્રાહ્મણો નથી પરંતુ મલેચ્છ છે. આ સાંભળી શ્રીહરિ ઉંચેથી બોલ્યા કે સૌ સાંભળો અમે નથી કહેતાં પરંતુ આ વિદ્વાન બ્રાહ્મણો શાસ્ત્રના આધારે કહે છે. માટે શાસ્ત્રોનો સનાતન સિદ્ધાંત અહિંસક યજ્ઞ કરી યજ્ઞનારાયણને પ્રસન્ન કરવા એજ છે.

આ સાંભળી બંસીધર અને તેના શિષ્યો ઉશ્કેરાયા. તેમણે યજ્ઞમાં વિઘ્ન નાખવાનું વિચાર્યું. શ્રીહરિએ તેમને કહ્યું, કોઈપણ ધર્મ કે સંપ્રદાય જેનું વેદાદિક શાસ્ત્રો પ્રમાણ ન કરતા હોય તો તે કલ્પિત ધર્મ કે સંપ્રદાય જાણવો અને અંતે તે ટકી શકશે નહિ. શ્રીહરિની વાણીમાં શાપ નહોતો પરંતુ શાસ્ત્રોનું મંતવ્ય હતું.

બંસીધર અને તેના શિષ્યોને આ રીતે હાસ થયો તે ન ગમ્યું. સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષની ભાવના તેમના અંતરમાં ભડકે બળવા લાગી.

પ્રસંગ : ૮૩

ગણિકા મહારાજને આમંત્રણ આપે છે - ૪૨૯

શ્રીહરિ જમીને પોતાના ઉતારે મહોલમાં પધાર્યા ત્યાં પાર્ષદે ખબર આપી કે મહારાજ ! સભામાં તે દિવસે પેલી ગણિકા આવી હતી તે આપના દર્શન ઈચ્છે છે. મહારાજે કહ્યું, ભલે તેને અહીં મોકલો. ગણિકા મહારાજ પાસે આવી. તેણે શ્વેત વસ્ત્રો પહેર્યા હતા. મુખ ઉપર સત્કર્મ કર્યાનો સંતોષ જણાતો હતો. તેણે કહ્યું, દયાળુ ! આપે મને પાવન કરી, શુદ્ધ જીવન જીવવાના આનંદનો અનુભવ કરાવ્યો. આપે ખૂબ કૃપા કરી છે, મારા ઉપર હજુ એક વિશેષ કૃપા કરશો ?

શ્રીહરિએ તેને પૂછયું, તે દિવસે ઘઉં દળવા તમે લઈ ગયા હતા ? હા મહારાજ ! હું જ દળવા લઈ ગઈ હતી. અમે મેં જ આખી રાત્રિ જાગી ઘઉં દળ્યા છે. આપ તો અંતર્યામી છો એટલે જાણો જ છો છતાં મારા આ બે હાથ જુઓ. એમ કહી તેણે શ્રીહરિને પોતાના બંને હાથ બતાવ્યા.

શ્રીહરિએ કહ્યું, બહેન ! તારા આજ સુધીબા તમામ પાપકર્મ બળીને ભસ્મ થઈ ગયા. હવે શુદ્ધ જીવન જીવી મનુષ્યજન્મ સાર્થક કરી લેજે. ગણિકાએ કહ્યું, પ્રભુ ! આપની દૃષ્ટિથી મારી કામવાસના નષ્ટ થઈ ગઈ છે. હવે તો નર્કાગારના વિચારથી જ અંતરમાં ધ્રુજારી છૂટે છે. પરંતુ પ્રભુ ! આપ નર્કાગાર સમા મારા ઘરે પધારી તેને પાવન ન કરો ? મને તેથી વિશેષ પ્રેરણા મળશે. આપના દિવ્ય સ્વરૂપની પુણ્ય સ્મૃતિથી મારા અંતરમાં થયેલો પ્રકાશ કદી નાશ નહિ થાય. આપ એટલી દયા કરશો ?

શ્રીહરિએ કહ્યું, જરૂર અમે કાલે ત્યાં આવીશું. તારી જગ્યા ધોઈને સાફ કરી નાંખજે. દૂધે ધોઈ નાંખીશ પ્રભુ એમ કહી ગણિકા નીચે ઉતરી ગઈ. મુ.સ્વામી, બ્ર.સ્વામી, નિ.સ્વામી વગેરે સંતો મહારાજ પાસે આવ્યા. મુ.સ્વામીને મહારાજે કહ્યું, સ્વામી ! આપણે કાલે પેલી ગણિકાને ત્યાં જવાનું છે. તે આમંત્રણ આપવા આવી હતી. સંતો તો સાંભળી સ્તબ્ધ બની ગયા. મહારાજે કહ્યું, પાપનું જે પ્રાયશ્ચિત કરે છે તે પછી તેને પાપી ગણવો એ કૃતઘ્નતા છે. તે હવે પુણ્યવતી બની ગઈ છે. મુ.સ્વામીએ તરત જ કહ્યું, ભલે મહારાજ.

પ્રસંગ : ૮૪

અક્ષરના સંબંધે જીવભાવ ટળે છે - ૪૩૧

શ્રીહરિએ સંતોને કહ્યું, તમારા ઉપર હું પ્રસન્ન છું પરંતુ આ લોકમાં જે મોટા હતા તે પણ જીવ ભાવે વર્ત્યા છે. અક્રૂરજી ભક્ત સાચા પણ સ્યમંતક મણિના લોભમાં શ્રીકૃષ્ણ ઉપરનું જૂઠુ આળ તે ટાળી શક્યા નહિ. બળદેવજીને પણ શંકા થઈ ને શ્રીકૃષ્ણએ સ્યમંતક મણિ લઘો હશે ! તેથી તેઓ શ્રીકૃષ્ણનો સંગ છોડી જનકપુરી ચાલ્યા ગયા.

માટે જયાં સુધી જીવભાવ હશે ત્યાં સુધી ભક્ત કહેવાતા હશો તો પણ ભક્તિમાં વિઘ્ન આવશે. માટે જીવને પોતાનું સ્વરૂપ ન માનવું પરંતુ શુદ્ધ અક્ષરને પોતાનું સ્વરૂપ માનવું. કારણકે અક્ષરમાં સદા શ્રીહરિ દિવ્ય સ્વરૂપે બિરાજમાન છે. અક્ષરના સંબંધે જ જીવનો દેહભાવ ટળે છે. માટે અમારી આપેલી આજ્ઞામાં સૌ વર્તજો. નિયમધર્મ રૂપી વાડમાં સૌ રહેજો. વાડ વગરનું ખેતર હરાયા ઢોર જેવું છે. વાડ હોય અને ખેતરને સાચવનારો ન હોય તો પાક પંખી ખાઈ જાય તેમ મન અને ઈન્દ્રિયો તે પંખીરૂપ છે. માટે સંતના સંબંધે સત્સંગ કરતાં અંતરમાં જાણપણું આવે છે ને આત્મા બળવાન બને છે. પછી ઈ.અં. આત્મા ભેળા ભળવા આવી શકતા નથી.

અમારો સંકલ્પ એટલો જ છે કે હરિભક્તો બ્રહ્મરૂપ થાય. તે માટે અમારું વિચરણ છે. અમારી પ્રવૃત્તિઓ છે, અમારા ચરિત્રો છે. અમાર સંતો પણ એજ ઉદ્દેશ લઈને ફરે છે.

<u>પ્રસંગ : ૮૫</u>

<u>મહારાજ ગણિકાના આવાસે પધારે છે - ૪૩૪</u>

ગણિકાને ત્યાંથી એક માણસ આવ્યો. પાર્ષદે મહારાજને કહ્યું, કાલે જે ગણિકા આવી હતી તેના તરફથી આ માણસ આવ્યો છે. મહારાજે તેને બોલાવ્યો. તેણે કહ્યું, મહારાજ ! આજે આપ અમારી બાઈને ત્યાં પધારવાના છો એટલે તેડવા આવ્યો છું. મહારાજે મુ.સ્વામીને કહ્યું, સ્વામી ! તૈયાર થાવ. કાલે ગણિકા આવી હતી તેના ઘેર આપણે જવાનું છે.

ગણિકાએ પોતાનો આવાસ ધોઈ સંપૂર્ણ સ્વચ્છ કરી નાખ્યો હતો. દિવાલો ઉપર રાતોરાત ચૂનો લગાવી દીધો હતો. વાસણો ચાંદીના નવા જ તૈયાર રાખ્યા હતા. બ્રાહ્મણ પાસે શુદ્ધ રીતે અનેક પ્રકારની વાનગીઓ તૈયાર કરાવી હતી. નવો પલંગ પણ તૈયાર કરી દીધો હતો. ઝરૂખામાં આતુર નયને તે વાટ જોતી ઉભી હતી. આજે મારો નાથ પધારશે, આજે મારા કંકણનો સદાનો રક્ષક આવશે, મને હેતથી બોલાવશે. પણ હું કેમે કરીને તેમની સામે જોઈ શકીશ ?

એટલામાં તો શ્રીહરિ દેખાયા, સાથે સંતો પણ દેખાયા. તેની છાતી ધડકવા લાગી : અરે પ્રભુ ! તમે એક પતિતાને ત્યાં, એક ગણિકાને ત્યાં પધાર્યા ! આટલો બધો ભાવ બતાવ્યો ! મારા જીવનમાં એવા એક પણ પુણ્યકર્મની મને ઝાંખી થતી નથી કે આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ મારું આંગણું પાવન કરો ! આપની આટલી બધી કૃપા હું કેમે કરીને જીરવી શકીશ ! હું ગાંડી તો નહિ થઈ જઉં ને !

શ્રીહરિ પધાર્યા. સંતો નીચી દ્દષ્ટિ રાખી કીર્તન ગાતા ગાતા શ્રીહરિની સાથે તેના આવાસમાં દાખલ થયા. ગણિકાએ શ્રીહરિનું તથા સંતોનું પૂજન કરવા એક બ્રાહ્મણને બોલાવ્યો હતો. તેને પણ સ્નાન કરાવ્યું હતું. તેણે શ્રીહરિની તેમજ સંતોની પૂજા કરી, મેવા, મીઠાઈઓ, ફળો, રૂપિયા ભરી ચાંદીનો થાળ મૂક્યો. શ્રીહરિએ તેમાંથી થોડું અંગીકાર કર્યું, પ્રસાદી સંતોને આપી.

બ્ર.સ્વામી આ બધી જ લીલા કૂતુહલપૂર્વક જોઈ રહ્યા હતા. શ્રીહરિ જાણે પોતાને ઘેર જ પધાર્યા હોય તેવી રીતે બ્રાહ્મણ પૂજારીને સૂચના આપ્યે જતા હતા. ચકની પાછળ રહી ગણિકા અશ્રુપૂર્ણ આંખે શ્રીહરિની આ અતિ અલૌકિક લીલાનાં દર્શન કરી રહી હતી. બ્ર.સ્વામીથી સહેજ પૂછાઈ ગયું : મહારાજ ! આ ગણિકાનું પણ કલ્યાણ કરશોને ?

મહારાજ હસીને બોલ્યા : સ્વામી ! તમારા જેવું જ કલ્યાણ ! બ્ર.સ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું. મહારાજે કહ્યું, સ્વામી ! તેના અંતરના ભાવો અમે જાણીએ. તમારી દ્દષ્ટિ બહારના સાધન ઉપર હોય. આ સાંભળી સ્વામીની આંખો ભીની થઈ ગઈ. શ્રીહરિની કેટલી કૃપા ! કેવા દયાળુ ! આજે તો અ.ધામ બક્ષિસ આપી દેવા જ પધાર્યા છે ! શ્રીહરિ ક્રિયાસાધ્ય નથી, કૃપાસાધ્ય છે.

થોડીવારે શ્રીહરિ ઉઠયા ને સંતોને કહ્યું, તમે બધા અહીં બેસો અમે તેના આવાસમાં પગલા કરી આવીએ. એમ કહી શ્રીહરિ તેના આવાસમાં ઉપર ગયા. ગણિકા પણ તેમની સાથે ગઈ. શ્રીહરિ બધે જ ફર્યા. તેના શયનખંડમાં પણ પધાર્યા. અહીં સુંદર સેજ શણગારીને બિછાવી હતી. શરમાતી, સંકોચાતી ગણિકાએ શ્રીહરિ તરફ એક દ્દષ્ટિ નાખી. એ દ્દષ્ટિમાં વિકાર નહોતો પરંતુ શ્રીહરિના પ્રસંગથી પાવન થવાનો ભાવ હતો. શ્રીહરિ બધે જ ફરીને નીચે પધાર્યા. સંતોને કહ્યું, સંતો ચાલો હવે ઉતારે જઈએ.

(* આ ગણિકાનું નામ નાથી હતું. સાંપ્રદાયિક ગ્રંથોમાં ક્યાંક તેનો લક્ષ્મીબાઈ તરીકેનો પણ ઉલ્લેખ મળે છે.)

<u>મહારાજ વહેલાલમાં</u>

મહારાજ સંતો હરિભક્તો સાથે વહેલાલ પધાર્યા તે સમાચાર વહેલાલના જેસિંગભાઈને મળ્યા. એટલે તેઓ તેમના ભાઈઓ અને પુત્રો તેમજ ગામના પાટીદારોએ મહારાજનું ભવ્ય સ્વાગત કર્યું. જેસિંગભાઈએ હાથ જોડી કહ્યું, મહારાજ ! આપે જેતલપુરમાં આપેલું વચન યાદ રાખ્યું ખરું.

મહારાજ હસીને કહે, તમારો ભાવ હતો એટલે યાદ આવી ગયું..જેસિંગભાઈ સમજી ગયા કે મહારાજ કોઈ વાત પોતાના ઉપર લેતા જ નથી. પોતે સર્વકર્તા, સર્વાંતર્યામી હોવા છતાં હંમેશા ભક્તોને, તેમના ભાવને નિમિત્ત બનાવી તેમના મનોરથ પોષે છે, પૂરા કરે છે.

<u>પ્રસંગ : ૮૬</u>

<u>એક બહેને ગરમ પાણીમાં ઉકાળેલો કેસૂડાનો રંગ મહારાજ પર નાખ્યો.-૪૫૯</u>

મહારાજ સારંગપુરમાં ફૂલદોલનો ઉત્સવ કરતાં હતા. સારંગપુરને સદાનું મહાન તીર્થધામ બનાવવાનો સંકલ્પ કરવો હતો. બોટાદથી ગાડા ભરી ભરીને કંકુ ગુલાલ આવ્યા લાગ્યા. સારંગપુર અને આજુબાજુના ગામોની સીમમાં ઝાડ ઉપર કેસૂડો શ્રીહરિને રંગથી રંગી તેમના રંગે રંગાવા ફાલ્યો હતો. તે ફૂલો પણ ગાડા ભરીને લોકો લાવવા લાગ્યા.

જીવાખાચરના જમાઈ માતરા ધાધલની ફળી વચ્ચે મોટી દિવાલ ઉપર મહારાજ ઢોલિયો મૂકાવીને તે ઉપર બિરાજયા. જીવાખાચરના દરબારગઢના ચોકમાં સંતો, પાર્ષદો અને હરિભક્તો હતા. માતર ધાધલની ફળીમાં સ્ત્રી હરિભક્તો હતા. બધા પરસ્પર રંગે રમતાં, મહારાજની આ દિવ્ય સંબંધની ભક્તિમાં મસ્ત બની ગયા.

<u>એટલામાં એક બહેને ગરમ પાણીમાં ઉકાળેલો કેસૂડાનો રંગ મહારાજ ઉપર નાખ્યો. પાણી સખત ગરમ હતું. તેથી મહારાજ એકદમ હં હાં કરતા જે તરફ સંતો હરિભક્તો હતા તે તરફ ઉતરી ગયા. સંતોએ જોયું કે મહારાજના શરીર ઉપર ગરમ પાણી પડયું છે. હાથની, મુખની ચામડી લાલ લાલ થઈ ગઈ હતી. સૌ</u>

મહારાજના વસ્ત્રો ઉતારવા લાગ્યા. મહારાજે તેમને કહ્યું, પ્રેમમાં નિયમ ન હોય માટે રહેવા દ્યો. ચાલો, જાળિયે ઘરે નાહવા જઈએ. એમ કહી પોતાનો રોઝો ઘોડો મંગાવ્યો.

મહારાજ સંતો પાર્ષદો સાથે જાળિયે ઘરે નાહ્યા. પછી બહાર નીકળી મહારાજે કોરા વસ્ત્રો પરિધાન કર્યાં. એટલામાં એક સ્ત્રી દોડતી પાણીનો ઘડો લઈને આવી અને મહારાજ ઉપર તે પાણી ઢોળી દીધું. મહારાજના બધા જ વસ્ત્રો ભીંજાઈ ગયા. મહારાજે હસીને કહ્યું, જુઓ આ ગાંડો પ્રેમ કહેવાય. મૂળજી બ્રહ્મચારી મૂંઝાયા. બીજા કોરા વસ્ત્રો દરબારમાં હતા. મહારાજ ભીને વસ્ત્રે જ ત્યાંથી સખા સાથે નીકળ્યા.

પ્રસંગ : ૮૭

કામવાસના ભક્તોનું પતન કરે છે

મહારાજ સારંગપુર ગામમાં પધાર્યા ત્યારે સામી એક ઝાંપડી મળી. તેણે મહારાજના ભાવથી દર્શન કર્યાં. પૃથ્વી ઉપર બેસી પંચાંગ પ્રણામ કર્યા અને તરત જ તેને ત્યાં સમાધિ થઈ ગઈ. મહારાજ આગળ ચાલ્યા. દરબારમાં પધારી કોરા વસ્ત્રો પરિધાન કર્યાં. પછી મહારાજ પલંગ ઉપર બિરાજમાન થયા. ત્યારે જીવાખાચરે પૂછ્યું, મહારાજ ! ઝાંપડને આપના દર્શનથી સમાધિ થઈ ગઈ તે એવા ભારે સંસ્કારવાળી લાગે છે.

મહારાજે કહ્યું, તે પૂર્વજન્મમાં ભારે પુણ્યવતી સ્ત્રી હતી. કૃષ્ણભક્તિ કરતી હતી. દાન, પુણ્ય પણ ખૂબ કરતી. પરંતુ અંતરમાં કામવાસના ખૂબ હતી. મહારાજે આગળ કહ્યું, વર્ષાઋતુના સમયે તે પોતાના મકાનના ઝરૂખામાં બેઠી હતી. એટલામાં સામેથી ઝાંપડો આવતો તેણે જોયો. તે વાને ગોરો હતો. માથે લાલ ફાળિયું વીંટયું હતું. વાંસળી વગાડતો તે આવતો હતો. તે સ્ત્રીની નજર તેના પર પડી. વર્ષાઋતુ અને વાંસળીના સૂર બંનેએ કામણ કર્યું અને તે સ્ત્રીનું ચિત્ત તે ઝાંપડામાં પરોવાઈ ગયું ! આવી પુણ્યવતી સ્ત્રી અને તેનું મન ઝાંપડામાં લોભાયું !

મહારાજે આગળ વાત કરતાં કહ્યું, કામવાસના ભક્તનું કેવું પતન કરે છે તે સમજવાનું છે. આ સ્ત્રીને તેના અંત સમયે ઝાંપડાની સ્મૃતિ થઈ આવી અને તેણે દેહ મૂકી દીધો. આ જનમ ઝાંપડીનો લેવો પડયો. મહારાજે વાત પૂરી કરી અને સભામાં જાણે સૌના અંતરમાંથી નીકળતો નિઃશ્વાસ ભારેખમ થઈને બેસી ગયો.

સંતો ! ભક્તો ! સાંભળો, આ સ્ત્રીની કામવાસના બળવાન હતી, તો તેના પુણ્યકર્મને પણ દબાવી તેને આવી ગતિમાં નાખી દીધી. ભરતજી મહાન હતા, તપસ્વી હતા. ભગવાનની પ્રાપ્તિ માટે રાજ્ય, કુટુંબ બધું જ છોડયું હતું પરંતુ મૃગલીના બચ્ચામાં હેત થઈ ગયું તો તેના આકારે તેની વૃત્તિઓ થઈ ગઈ. બીજો જન્મ મૃગનો લેવો પડયો. એટલે સમગ્રપણે તમારા સૌની વૃત્તિઓ અમારા સ્વરૂપમાં જોડાયેલી નહિ રહે, જગતની કોરની સ્હેજ પણ વાસના હશે તો મોક્ષમાર્ગમાં વિઘ્ન આવશે.

મહારાજની આ વાતો સૌ સાંભળી રહ્યા. પછી મહારાજે તેમને કહ્યું, અમે તમારી રક્ષા તો કરીશું પરંતુ તમારે સૌએ સાવધાન રહેવું પડશે, જાણપણું રાખવું પડશે. અમારા સ્વરૂપમાં તમારા ચિત્તની વૃત્તિ અખંડ જોડી રાખવાનું જે જાણપણું તે જ તમારું સાધન ! એ સાધન જ તમને નિર્વાસનિક બનાવી બ્રહ્મમહોલના અધિકારી બનાવશે.

પ્રસંગ : ૮૮

રોઝા ઘોડાને અસુરો દેખાયા - જપર

મહારાજ ગામ બહાર થોડા આઘેરા નીકળ્યા ને મહારાજનો રોઝો ઘોડો એકદમ ઝાડ થઈ ગયો. ઘડીક આગળથી બે પગ ઉંચા કરે ને ઘડીક પાછળથી બે પગ ઉંચા કરે. સૌને લાગ્યું કે ઘોડો તોફાને ચઢયો છે. એટલે પાર્ષદો તેનું ચોકડું પકડવા પાસે આવ્યા. પણ રોઝો ભારે તોફાને ચઢયો હતો. મહારાજે બંને પેંગડામાં રાખેલા બંને પગ ઘોડાના પેટ સાથે દબાવ્યા. ચોકડું ખેચ્યું અને રોઝો ત્યાંથી ચાર પગે દોડયો. સૌ રોઝાને એ રીતે ઉન્મત્ત બની દોડતો જોઈ રહ્યા. મહારાજે તેને કુંડાળે નાખ્યો. મહારાજે ચોકડું સજ્જડ પકડયું હતું. બંને પગ તેના પેડુમાં મજબૂત હતા અને તેની ગરદન ઉપર નીચા નમી પેડુમાં પગ ભરાવતા ઘોડાને વેગથી મહારાજ કુંડાળામાં ફેરવવા લાગ્યા. એક-બે- ત્રણ-ચાર એમ મોટા કુંડાળે ઘોડાને નાખ્યો.

સંતો હરિભક્તો ઉંચા શ્વાસે ઘોડાને જોઈ રહ્યા. કેટલાકે વિચાર કર્યો કે ઘોડીઓ લઈને તે રોઝા ઘોડાને આંતરિએ, પણ તેમાં તો તે વધારે ભડકશે એવી સૌને બીક લાગી. તેથી મહારાજની આ લીલામાં પણ કાંઈક કૌતુક હશે એમ જાણી સૌ નિહાળી રહ્યા.

એટલામાં મહારાજ રોઝાને ફેરવતા ફેરવતા જ્યા સંતો હરિભક્તો ઉભા હતા ત્યાં પધાર્યા. ઘોડાની ઉન્મતાઈ મંદ પડી ગઈ હતી. તેનો વેગ ધીમો થઈ ગયો હતો. શરીરે પરસેવો ચાલ્યો જતો હતો. મહારાજ ભક્તો પાસે આવ્યા ને રોઝા ઘોડા ઉપરથી છલાંગ મારી નીચે ઉતરી ગયા.

નાજા ભક્તે રોઝાની લગામ મહારાજના હાથમાંથી લઈ લીધી. મહારાજના શરીરે પરસેવો વળી ગયો હતા. મહારાજ એક ઝાડ નીચે પધાર્યા. હરિભક્તોએ વસ્ત્રો પાથરી દીધા. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. ઘોડો હજી હાંફતો હતો.

થોડીવારે જીવાખાચરે પૂછ્યું, મહારાજ ! આ ઘોડો એકાએક કેમ ભડક્યો ? એક પળમાં આ શું બની ગયું તે કાંઈ ખબર પડી નહિ. મહારાજે કહ્યું, તમને સમજાય એવી આ વાત નથી. આપણે જેવા આ સીમમાં આવ્યા તે વખતે શ્રીકૃષ્ણના સમયમાં જે અસુરો મરાયા હતા તે તેનું વેર વાળવા માટે હાથમાં શસ્ત્રો લઈ અદશ્ય સ્વરૂપે આવ્યા. તેમના તમોગુણી તપથી તે ગમેતેવું સ્વરૂપ ધારણ કરી શકે એવી શક્તિ ધરાવતા હોય છે. અમારી ઈચ્છાથી આ રોઝાને દેખાયા અને તે બે પગે ઝાડ થયો. એટલે અસૂરો પાછળ ગયા. એટલે અમે ઘોડાના પાછલા બે પગ તેમની સામે ઉછાળ્યા. એટલે તે આગળ આવ્યા અને અમે તેના ઉપર ઘોડો દોડાવ્યો. ઘોડાની ખરીએ તે બધા અસૂરોને ચગદી નાખ્યા.

એટલું કહી મહારાજ થોડુ અટકીને બોલ્યા, વળી આ રોઝો પણ ઉન્મત્ત થઈ ગયો હતો. એટલે તેને કુંડાળે નાખ્યો. પૂરપાટ દોડાવ્યો અને જ્યાં ત્રણ ચાર પાંચ કુંડાળા ફેરવ્યો એટલે તરત એનો મદ ઉતરી ગયો. તેની ઉન્મતાઈ મંદ પડી ગઈ.

વળી મહારાજે હસતાં હસતાં કહ્યું, હવે ત્રીજી વાત કહું. ઘોડાને અમે કુંડાળે નાખ્યો અને જેટલી જમીન અમે આંતરી ત્યાં આજથી સો વર્ષ પછી મોટું મંદિર થશે. તે મંદિરનું ખાતમૂર્હુત પણ અમે કરી દીધું. તે મંદિરમાં અમે અમારા ધામ સહિત બેસીશું. ન કળાય, ન સમજાય તેવી આ મહારાજની વાત હતી. વર્તમાનમાં વસનારાને અગમનો અવાજ ન સંભળાય. સૌ આશ્ચર્યચકિત થઈ ગયા !

અને ચોથી વાત..એમ કહી મહારાજ બોલ્યા, આજે તમે સૌ વિદાય લો છો તો આ દિવ્ય લીલા, આ દિવ્ય મૂર્તિ તમારા સૌના અંતરમાં કાયમ રહે તે

માટેનું પણ અમારું આ ચરિત્ર હતું.

પ્રસંગ : ૮૯

માતરા ધાધલને દિવ્ય દર્શન - ૪૫૪

જીવાખાચર દીકરી સોમદેબાઈ જેને દેવકુબાઈ પણ કહેતાં તેને મહારાજ પ્રત્યે અતિશય હેત હતું. સોમદેબાઈના પતિ માતરા ધાધલ કાઠીના રિવાજ મુજબ બાપુ જીવાખાચરને ત્યાં જ રહેતા. એટલે સોમદેબાને મહારાજની સેવા કરવાનો લાભ સારો મળતો. મહારાજ પણ તેના પ્રેમને અનુરૂપ તેને લાડ લડાવતા. ઘણી વખત વહેલા ઉઠી મહારાજ સોમદેબાના ઓરડામાં જઈને સોમદેબા વલોણું કરતાં હોય ત્યારે તેની સાથે નેતરાં તાણતા. પરંતુ માતરા ધાધલને સોમદેબાની મહારાજ સાથેની આ ક્રિયા ગમતી નહિ.

તેને મનમાં થતું કે સોમદે રૂપાળી અને જુવાન અને મહારાજ પણ જુવાન..મહારાજ તેની સાથે હસીને બોલે, નેતરાં તાણે, સોમદે મહારાજને માખણ જમાડે, તેમના માટે ઉના ઉના રોટલા બનાવે, મહારાજ તેની સામે બેસીને જમે, આ બધું જોઈને તેનું અંતર કકળી ઉઠતું. અંતરમાં દ્વેષાગ્નિ વધુ પ્રદિપ્ત થતો. તેણે વિચાર ર્ક્યો કે મહારાજનું કાસળ કાઢી નાંખવું.

તેના વિચારને વેગ મળ્યો. સોમદેએ તેને કહ્યું, રોજ મહારાજથી આઘો આઘો ફરે છે, તે કાંઈક સેવા કરીશ તો મહારાજ રાજી થશે. શું સેવા કરવાની છે ? મને બતાવ ! માતરાએ કહ્યું. સોમદેએ તરત કહ્યું, હમણાં મહારાજ નાહવા પધારશે. તેમને ઉના પાણીથી સારી રીતે ચોળીને નવરાવજે. આ સાંભળી માતરો રાજી થયો. તેને થયું કે ખરો લાગ આવ્યો છે. તેણે ક્હ્યું, સોમદે પાણી ઊનું હું કરીશ. માટે દેગડો ભરી લાવ, ચૂલા ઉપર મૂકી દઉં. સોમદેને માતરાના ઉત્સાહથી આનંદ થયો.

મહારાજ સ્નાન કરવા પધાર્યા. આજે બ્રહ્મચારી સાથે નહોતા. એટલે માતરા ધાધલને આનંદ થયો. પાણી સારી રીતે ગરમ કર્યું. દેગડામાં પાણી ઉકળવા માંડયું. મહારાજ પાટલા ઉપર બિરાજયા અને પાસે તાંબા કૂંડીમાંથી ગરમ પાણીથી સ્નાન કરવા લાગ્યા. તેવામાં માતરે મહારાજ ઉપર દેગડામાંથી ઉકળતું પાણી નાખ્યું. એટલે તરત જ મહારાજે ઉંચે જોયું. માતરા સામે હસીને કહે, માતરા ! પાણી આટલું બધું ટાઢું કેમ છે ? જરાક તો ગરમ કરવું હતું..

માતરો વિચારમાં પડી ગયો. દઝાય નહિ તેથી લૂગડાથી તેણે દેગડો પકડયો હતો. તેમાંથી વરાળ નીકળતી હતી અને છતાં મહારાજને પાણી ટાઢું લાગ્યું ! તેણે મહારાજના શરીર ઉપર હાથ ફેરવ્યો અને ખરેખર મહારાજનું શરીર ટાઢું જ હતું ! તે હેબતાઈ ગયો ! તેણે મહારાજ સન્મુખ હાથ જોડી દીધા, તરત જ તેને સમાધિ થઈ અ.ધામમાં મહારાજનાં દિવ્ય સ્વરૂપે તેને દર્શન થયા.

પ્રસંગ : ૯૦

સોમદે દેવકીજીનો અવતાર છે - ૪૫૫

થોડીવારે માતરો જાગ્રત થયો ત્યારે મહારાજે તેને કહ્યું, ધાધલ ! અમારા સ્વરૂપની પાકી નિષ્ઠા કરો. અમારો કાગળ વાંચીને તમે જ સાધુ થવા નીકળી ગયા હતા. ત્યારે જે ભાવ હતો આજે એ ભાવમાં ફેર પડી ગયો છે. માતરાની આંખમાં આંસુ હતા.

મહારાજે કહ્યું, આ તારી સ્ત્રી કોણ છે તે તું જાણે છે ? તે દેવકીજીનો અવતાર છે. તે જન્મમાં ભગવાન તેના પુત્ર હોવા છતાં તેમને લાડ લડાવ શક્યા નહોતાં. તેથી આ જન્મમાં તેના લાડકોડ અમે પૂરા કરીએ છીએ. તેને વિશે હવે ખોટો ભાવ કદી કલ્પીશ નહિ.

માતરા ધાધલનું અંતર મહારાજના આ શબ્દોથી શુદ્ધ થઈ ગયું. માતરા ધાધલ તેના ઓરડામાં ગયા. અહીં સોમદેબા મહારાજ માટે રસોઈ બનાવતા હતા. નીચે બેસીને તે તેને પગે લાગ્યા. તે જોઈ સોમદેબા એકદમ ઉભા થઈ ગયા અને બોલ્યા ધાધલ ! આ તે વળી શું ગાંડા કાઢવા માંડયા ! પગે તો મહારાજને લાગવાનું હોય.

મહારાજને તો પગે લાગ્યો, પણ એમણે જ કહ્યું, જા, દેવકીજીને પગે લાગ..આ સાંભળી સોમદે નીચું જોઈ ગયા. માતરે કહ્યું, સોમદે ! ખરું કહું ? તારા વિષે અને મહારાજ વિષે મને ખોટા સંકલ્પ થતા હતા. એ સાંભળી સોમદે એકાએક બોલી ઉઠયા : અરે ભૂંડા ! મહારાજ તો ભગવાન છે. આપણને તો એ લાડ લડાવે છે તેમાં આવા ભૂંડા ઘાટ કર્યા ? માતરે કહ્યું, સાંભળ ! એટલે જ તેં આજે મને મહારાજને નવરાવવાનું કહ્યું ત્યારે મેં મહારાજ ઉપર ફળફળતું પાણી રેડયું !

આ સાંભળી સોમદેબાથી ચીસ પડાઈ ગઈ. મહારાજ દાઝી ગયા ! અરેરે ! મેં ભૂંડીએ ક્યાં તને આ કહ્યું ! એટલામાં સોમદેબા રડવા લાગ્યા. સોમદે, સાંભળ, મહારાજ મારી સાન ઠેકાણે લાવ્યા. પાણી તો ફળફળતું હતું પણ મહારાજના શરીર ઉપર તે ટાઢું થઈ ગયું ! મને નવાઈ લાગી. મહારાજ સામું જોયું ને સમાધિ થઈ ગઈ ! સમાધિમાંથી જાગ્યો ત્યારે મહારાજે કહ્યું, સોમદે તો દેવકીજીનો અવતાર છે.

આ સાંભળી સોમદેબા શરમાઈ ગયા. તેમણે કહ્યું, મહારાજ તો ભગવાન છે. તે કહે પણ આપણે તો સાધારણ માનવી..મહારાજની ભક્તિ મળી એજ મોટા ભાગ્ય !

પ્રસંગ : ૯૧

લોલંગર બાવો - ૪૬૩

શ્રીહરિ ખોખરા મહેમદાવાદ પધાર્યા. સ્વામિનારાયણ ભગવાનના પરમહંસોની સ્થિતિ જોઈ ભેખ ઉશ્કેરાયો. તેમનું નૈષ્ઠિક બ્રહ્મચર્ય, નિર્માનીપણું, અહિંસા, સાધુતા વગેરે ગુણોથી તેમને લાગ્યું કે આ સાધુ જયાં જયાં ફરશે ત્યાં સ્વામિનારાયણનો પ્રભાવ પાડશે. અને પોતાનું પડી ભાંગશે. આથી અમદાવાદના સૂબાને તેમણે ઊશ્કેર્યો. તેણે સ્વામિનારાયણને ખતમ કરી નાખવાનો પેંતરો રચ્યો હતો. પણ સ્વામિનારાયણે તેની બાજી ખુલ્લી પાડી દીધી આથી તેનો પણ ક્રોધાગ્નિ ભભૂક્યો હતો. તેના ગુરૂ લોલંગરને તેણે આજ્ઞા કરી હતી કે સ્વામિનારાયણને જીવતા પકડીને મારી પાસે લઈ આવો. તેમના મૂંડિયાઓને ખતમ કરી નાખો.

મહારાજે કાંકરિયે સંતો સાથે જળક્રીડા કરી અને પછી મહારાજે નાનાભાઈને બોલાવીને કહ્યું, સંતો ભિક્ષા માગવા જાય છે પણ તમો શ્રીનગરથી બરફી, પેંડા વગેરે મંગાવો. આજે અમારે સંતોને ખૂબ જમાડવા છે.

સંતો ઝોળી માંગીને આવ્યા, નાનાભાઈ પણ શ્રીનગરથી પેંડા, બરફી વગેરે લઈ આવ્યા. મહારાજે સંતોની પંક્તિ કરી પોતે પીરસવા પધાર્યા. સંતોને

ખૂબ જમાડયા. મહારાજ સંતોને આગ્રહથી જમાડતા જાય અને કહેતા જાય : સંતો ! આજે ખૂબ જમો..એક-બે દિવસમાં અહીં નરમેઘ થશે અને આપણે ઉચાળા ઉપાડવા પડશે. શ્રીહરિના આ મર્મવાક્યોથી સંતોને ફાળ પડી. ઉપાધિના ભણકારા તો વાગતા જ હતા પરંતુ નરમેઘ થશે અને આપણે ભાગવું પડશે એ શબ્દો સૌને આકરા લાગ્યા.

અમદાવાદના સૂબા વિઠ્ઠલરાવ બાલાજીને સ્વામિનારાયણનું કાસળ કાઢી નાંખવું હતું તે પણ તેનો સંકલ્પ અધૂરો રહ્યો. સૂબાની આજ્ઞા હતી એટલે લોલંગરે તેના બાવાઓને છૂટા મૂકી દીધા.

લોલંગરના બાવાઓએ સાધુઓ ઉપર વર્તાવેલો ત્રાસ

નિત્ય નિમય પ્રમાણે યોગાનંદ, ચિદ્રુપાનંદ, કલ્યાણાનંદ અને અરિહંત્રાનંદ આ ચાર સાધુઓ ભિક્ષા માંગી કાંકરિયા તરફ આવી રહ્યા હતા. તેમને જોઈ બાજ પક્ષીની પેઠે લોલંગર બાવાઓ તેમના ઉપર તૂટી પડયા. તેમની ઝોળીઓ ઝૂંટવી લીધી, તેમને પકડયા અને માર મારતાં મારતાં પોતાના મુકામ સુધી લઈ ગયા. અહીં તેમના નાક-કાન કાપી તેમને વરવાં બનાવી દેવાની ઈચ્છા હતી. જેથી કોઈપણ સ્વામિનારાયણ પંથમાં સાધુ થવા ન આવે.

સંતો તો ક્ષમાની મૂર્તિ હતા. અત્યંત મારથી તેમના શરીર ઉપર સોળ ઉઠી ગયા હતા. તેમાંથી લોહી ટપક્તું હતું. આ લોહી જોઈને જાણે વધુ ખુન્નસ ચઢ્યું હોય તેમ તે નરપશુઓ તેમના શરીર ઉપર ચિપિયા, ભાલા વગેરે ઘોંચવા લાગ્યા. સંતો તો મહારાજ સ્વામિનારાયણ..એ શબ્દોથી કેવળ મહારાજનો આધાર રાખી આ પશુતોલ મારની અસહ્ય વેદના સહન કરી રહ્યા. તેમને પોતાના મુકામે લાવી એક ઓરડામાં પૂરી દીધા.

અમદાવાદના હરિભક્ત લાલદાર ગોરાને કાને આ વાત આવી. તે સાંભળી તેને કમકમાં આવી ગયા. શરીર ઉપરની રોમાવલી ખડી થઈ ગઈ ! પરંતુ તેને થયું કે આ કાળમુખા ભમરાળા બાવા પાસે ઉશ્કેરાઈને જવાથી ઉલટો કલેશ વધશે. અને આપણા સાધુઓને તે મારી નાંખશે. આ વિચારથી તેઓ શાંત થઈ તરત જ ગોમતીપુર આવ્યા.

અમદાવાદના પ્રતિષ્ઠિત લાલદાસ ગોરાને જોઈ લોલંગરે તેમને આવકાર આપ્યો. તેના મનમાં થયું કે આ લાલદાસ તેના સાધુઓને છોડાવવા આવ્યો છે. છતાં તે વાત તેણે મનમાં રાખી લાલદાસને પૂછયું, પધારો તમે અહીં એકાએક ક્યાંથી ! લાલદાસે કહ્યું, મહંતજી ! આવતી કાલે મારે ત્યાં પર્વ છે તેથી મારે સાધુઓને જમાડવા છે. એટલે હું અહીં આવ્યો છું. અમને આમંત્રણ આપવા ? લોલંગરે પૂછયું. હાસ્તો..એ માટે જ આવ્યો છું. એટલે મને કહો કે આપને ત્યાં કેટલી મૂર્તિઓ છે ? લોલંગરે તરત જ બીજા બાવાને બોલાવીને કહ્યું, આપણે ત્યાં કેટલી મૂર્તિઓ છે તે ગણીને તેમને કહો.

એટલામાં સામેના ઓરડાની જાળીમાંથી લાલદાસે સાધુઓને બાંધેલા જોયા. મૂઢમારથી તેમના શરીર સૂઝી ગયા હતા. તેમાંથી લોહી નીકળતું હતું. લાલદાસે તે જોઈ લોલંગરને કહ્યું, આમને કેમ અહીં પૂર્યા છે ? એ તો ગાય કહેવાય. તેમને છોડી દ્યો. બીજા દિવસના જમણના આમંત્રણથી લોલંગરે લાલચમાં તરત જ કહ્યું, આ સાધુઓને છોડી દ્યો. તે સાંભળી સાધુઓને તેના માણસે છોડી દીધા.

લાલદાસ તેમની પાસે આવ્યા અને કહ્યું, મારી સાથે ચાલો. એટલું કહી તેણે લોલંગર તરફ ફરીને કહ્યું, કાલે બપોરે બે વાગે આપ સહુ મૂર્તિને લઈને મારે ઘેર પધારજો. એટલું કહી લાલદાસ સાધુઓને લઈને મહારાજ પાસે કાંકરિયે ગયા.

મહારાજની રોમાવલી ઉભી થઈ ગઈ

મહારાજ કાંકરિયે સંતોની સભામાં બિરાજી અત્યારે પ્રવર્તતા વિષમ દેશકાળની વાત કરી રહ્યા હતા : ભગવાનની ઈચ્છાએ ઘણી વખત દેશકાળનું પ્રધાનપણું પણ પ્રર્વતે. આજે એવા વિષય દેશકાળના વાયરા વાઈ રહ્યા છે. તો તમારે સર્વેએ ધીરજ રાખવી. ધીરજ અને ક્ષમા એ તમારા અમોઘ શસ્ત્રો છે. જે શસ્ત્રો પૃથ્વી ઉપરથી અધર્મનું મૂળ ઉખેડી નાખશે. એ પ્રમાણે મહારાજ વાતો કરી રહ્યા હતા.

એટલામાં લાલદાસ ગોરા ચાર સંતો સાથે ત્યાં આવ્યા. સંતોને મૂઢમાર એટલો સખત માર્યો હતો કે સંતો ચાલી પણ શકતા નહોતા. મહારાજે આ જોયું. લાલદાસે સર્વ હકીકત કહી. આ સાંભળી મહારાજની રોમાવલી ઉભી થઈ ગઈ ! મહારાજ એકદમ ઉભા થઈ ગયા. બે હાથની મુઠ્ઠી વાળી મહારાજ એક ડગલું આગળ ખસ્યા અને જાણે દિગ્પાલો ડોલવા લાગ્યા હોય, પૃથ્વી આ ભાર સહન ન કરી શકતી હોય તેમ ઉત્પાત થવા લાગ્યો. મહારાજના લાલ લોચન અને વાંકી ભ્રૂકુટિ જોઈ, સૌને લાગ્યું કે આજે હવે પ્રલય થશે. સાધુઓના અંતર ધ્રુજવા લાગ્યા.

મહારાજ ! ક્ષમા કરો..આપના આ ભ્રૂ-ભૃંગથી અને લાલ લોચનથી એમ લાગે છે કે આજે પૃથ્વી રસાતાળ જશે. આપણે તો અનેક જીવોના કલ્યાણ કરવા આવ્યા છીએ. પણ મારા આ ગરીબ ગાય જેવા સાધુઓ, કીડી જેવા જીવને પણ ન દુભવે તેની આ દશા ! અસુરોનું આટલું બધું ચડી વાગ્યું છે ? આજે તો ક્ષમા હોય જ નહિ. આ આતાતાયીઓને હવે હણી નાખવા જોઈએ. મુકાબલો કરી લેવો જોઈએ. મહારાજ એજ ભાવમાં બોલ્યા.

સભામાં નિસ્તબ્ધતા છવાઈ ગઈ. સૌના મનમાં થયું કે કાંઈક અવનવું જરૂર બનશે. મહારાજે કાઠી ભક્તો તથા પાર્ષદોને કહ્યું, તમે સાવધ રહેજો.

પછી મહારાજે મુ.સ્વામીને વ્યાસપીઠ પર બેસાર્યા અને કથા શરૂ કરવાનું કહ્યું અને પોતે નથુ ભટ્ટને ઘેર જમવા પધાર્યા. તેમની સાથે પાર્ષદો તથા કાઠી હરિભક્તો પણ રક્ષા માટે ગયા. સભામાં હજારો હરિભક્તો બેઠા હતા. મુ.સ્વામી કથામૃતનું પાન કરાવી રહ્યા હતા.

બરાબર તે જ વખતે લોલંગર તથા તેના બાવાઓ ત્યાં હાથમાં હથિયારો, ત્રિશૂળ, ભાલા, લાકડીઓ તથા અન્ય શસ્ત્રો લઈને આવ્યા. લોલંગરે કેડે લોખંડની સાંકળ બાંધી હતી. આંખો ઘગેલ ત્રાંબા જેવી હતી. મોં ક્રોધથી વિરૂપ થઈ ગયું હતું. તેના બાવાઓની આંખમાં ભાંગ અને ચરસનો મદ હતો. જાણે ભૂતની સેના માણસને કાચાને કાચા ખાઈ જવા ઉતરી આવી હોય તેવા તેમના ઢોંગ જણાતા હતા.

લોલંગર બાવાનો શિકાર મુક્તાનંદસ્વામી

મુ.સ્વામીને મંચ ઉપર બેઠેલા જોઈ સેના તેમની તરફ દોડી. મુ.સ્વામીએ આ જોયું ને તેમની હિંસક વૃત્તિનો ભાવ તેઓ પરખી ગયા. તે તરત જ મંચ ઉપરથી કૂદ્યા ને ત્યાંથી દોડીને એક બ્રાહ્મણના ઘરમાં પેસી ગયા. કમાડ અંદરથી તેમણે બંધ કરી દીધા. સભામાં હાહાકાર વ્યાપી ગયો. હથિયારબંધ બાવાઓની જમાતનો સામનો કરવાની કોઈની હિંમત નહોતી. તેમને સૌને ભયગ્રસ્ત જોઈ એક બાવો મુ.સ્વામી જે ઘરમાં સંતાયા હતા તે તરફ જવા લાગ્યો. તે વખતે મહારાજે મોકલેલા અગરોજી તથા ભગુજી ત્યાં આવી પહોંચ્યા. અગરોજીએ બાવાને દોડતો જોઈ તેના પગમાં આંટી ભરાવી નીચે પાડી દીધો. પછી તલવારના ઝાટકાથી તેના બંને પગ કાપી નાંખ્યા.

એટલામાં તો બીજા બાવાઓ પણ ત્યાં દોડતા આવ્યા. ભગુજીએ તેમનો સામનો કર્યો. પરંતુ સામી છાતીએ તેમના ઘા ન ઝીલી શકતા બાવાઓએ પાછળથી ભગુજી ઉપર ઘા કર્યો. ભગુજી તથા અગરોજીને એ રીતે ત્યાં રોકી બીજા બાવાઓ ખડકી તોડી અંદર દાખલ થયા. ત્યાં મુ.સ્વામીને પકડી તેમને ખૂબ માર માર્યો. આ અસહ્ય મારના ત્રાસથી સ્વામીની આંખોમાંથી લોહી ટપકવા લાગ્યું. ઘવાયેલા ભગુજી અને અગરોજી પણ અંદર ગયા. પરંતુ બાવાઓને ખબર પડી કે સ્વામિનારાયણ તો નથુ ભટ્ટને ત્યાં પહોંચી ગયા છે એટલે તે જમાતને લઈને લોલંગર નથુ ભટ્ટના ઘર તરફ દોડ્યો.

અહીં મહારાજ સ્નાન કરી જમવા બેસવાની તૈયારી કરતા હતા. ઘરની બહાર તથા અંદર પાર્ષદો મહારાજનું રક્ષણ કરવા માટે ઉભા હતા. આ પાર્ષદોનો જુસ્સો જોઈ મહારાજ પ્રસન્ન થયા. મહારાજે તેમને કહ્યું, આજે આપણે કાંઈ તોફાન કરવું નથી. તે સાંભળી ભગુજી બોલ્યા, મહારાજ ! મુ.સ્વામીને મરણતોલ માર આ બાવાઓએ માર્યો છે. તેમની આંખોમાંથી લોહી નીતરે છે અને તમે કહો છો કે તોફાન નથી કરવું ? મહારાજ આ સાંભળી મૌન થઈ ગયા !

સાધુતાની પરમમૂર્તિ મુક્તાનંદ, પોતાના ગુરૂ, સદા નિર્વૈરી, પ્રેમ અને કરૂણાની મૂર્તિ, તેમની આ દશા ! આજે કાળ વિફર્યો છે. તો તે કાળને પણ હવે પડકારવો પડશે. મહારાજ જમવા બિરાજ્યા પણ પોતાના પ્રાણપ્રિય સંતોની પીડા સાંભળી જમી શક્યા નહિ.

એટલામાં લોલંગર તેના બાવાઓ સાથે ત્યાં આવ્યો. ઘરની આજુબાજુ ઉઘાડી તલવારે ઉભેલા પાર્ષદોની ચોકી જોઈ તેને લાગ્યું કે આજ તો ખરાખરીનો ખેલ થઈ જશે. પરંતુ તેને તો મહારાજને પકડવા હતા. તેથી તેણે બે બાવાઓને આગળ મોકલ્યા. ત્યાં હથિયારબંધ પાર્ષદોને જોતા જ તેઓ પાછા વળી ગયા. લોલંગરની બાજી આજે ફાવી નહિ. તેણે વિચાર કર્યો કે આવતી કાલે સાતસો બાવાની આખી ટૂકડી લઈને જ આવવું પણ સ્વામિનારાયણને હવે છોડવા નથી.

આજે બ્રહ્માંડ બોળી દેવામાં મને સંકોચ થશે નહિ

મહારાજે પાર્ષદોને અંદર બોલાવ્યા. મુ.સ્વામીને પાર્ષદોના રક્ષણ નીચે પોતાની પાસે લઈ આવવા કહ્યું. રામદાસસ્વામી પણ સાથે જ હતા. બીજા સાધુઓને પણ બોલાવ્યા. મુ.સ્વામી આવ્યા એટલે મહારાજ તરત જ ઉભા થઈ ગયા. સ્વામીને શરીરે કષ્ટ ઘણું થતું હતું. પરંતુ મહારાજના દર્શનથી તેમને શાંતિ થઈ ગઈ. મહારાજે તેમના શરીરે તથા આંખો ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું, સ્વામી ! મારો અત્યંત દયાવાળો સ્વભાવ છે. જગતના જીવપ્રાણી ઉપર મને સદા દયા જ વર્તે છે. પરંતુ આપના જેવા નિર્વૈરી સંતની લોલંગરેના ભેખે આ દશા કરી તેથી આજે મારા રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો છે. બ્રહ્માંડમાં જો આવા જ જીવો ભર્યા હોય તો બ્રહ્માંડને બોળી દેવામાં મને સંકોચ થશે નહિ. કાળે પણ વિષમતા ધારી મર્યાદા લોપી છે. તેથી આજે કાળની પણ સાન ઠેકાણે લાવવી છે.

સ્વામી મહારાજની વાણી સાંભળી રહ્યા. તેમણે કહ્યું, મહારાજ ! આપ તો સાક્ષાત્ પરમાત્મા છો, આપને આવું કરવું ન ઘટે. છૂટકો નથી સ્વામી ! આ અસુરોના યોગે બીજાના અંતરમાં પણ અસુરભાવ પ્રવેશશે. મુમુક્ષુતા મરી પરવારશે. માટે તેમનું નિકંદન કાઢી નાખવું જ પડે. મુ.સ્વામીને લાગ્યું કે મહારાજ આજે જુદા જ ભાવમાં હતા. તેઓ આગળ કાંઈ ન બોલ્યા.

કાળને મારે ડામવો છે

મહારાજે રામદાસસ્વામીને કહ્યું, સ્વામી ! આ પ્રદેશમાં સંતોને રાખવા જેવા નથી. સુરતમાં અત્યારે દેશકાળ સારા છે ત્યાં સંતોને મોકલી આપીએ. સ્વામીએ કહ્યું, ભલે, આપની ઈચ્છા ! મહારાજે કહ્યું, આ જ અહીં આવેલા તમામ સંતોને સુરત રવાના કરી ધો. રામદાસ સ્વામીએ તે પ્રમાણે સૂચના આપી દીધી. મહારાજની ગંભીર મુખમુદ્રા જોઈ કોઈ કશું બોલી શક્યા નહિ. કાઠી હરિભક્તો પાર્ષદો પણ જાણે કાંઈક અવનવું બનવાનું છે તે પામી ગયા. મહારાજની પ્રકૃતિ આજે રુક્ષ બની ગઈ હતી.

સંતો એક પછી એક મહારાજ પાસે આવવા લાગ્યા. દંડવત્ કરી બે હાથ જોડી અશ્રુપૂર્ણ નયને સુરત જેટલા દૂર દેશમાં વિદાય લેતા મહારાજના વિરહની વેદના તેઓ અનુભવી રહ્યા હતા. મહારાજે તેમને આશ્વાસન આપતા કહ્યું, હું સદા તમારી ભેગો જ છું. આ લાલજીની મૂર્તિ તમને આપું છું. અમને જ્યારે જ્યારે સંભારશો ત્યારે આ મૂર્તિમાંથી અમે તમને દર્શન દેશું. આ મૂર્તિનો મહિમા આગળ ખૂબ વધશે. તમારા સંકલ્પો સિદ્ધ થશે. એટલું કહી મહારાજ બોલ્યા, તમને વધુ સુખ આપવા મારે આ અસૂરોનો કાંટો કાઢવો છે. જે કાળ તમારા માટે વિષમ થયો હતો, ભાગવત ધર્મના પ્રસ્થાપનમાં જે બાધા નાખતો હતો તે કાળની સાન મારે ઠેકાણે લાવવી છે. મારી મરજી જાણીને જે ચાલે છે તેને હું અનૂકુળ થાઉં છું. મારી મરજીથી વિરુદ્ધ ચાલે છે તેને માટે હું પ્રતિકૂળ બનું છું. કાળને મારે આજે ડામવો છે.

સ્થિર શ્વાસે મહારાજની વાણી સાંભળી સભામાં સૌ શૂન્યમનસ્ક થઈ ગયા. મહારાજની મુખમુદ્રા જોઈ કાંઈક અવનવું બની જશે એવી સૌના અંતરમાં બીક લાગી. સંતોનું મંડળ સુરત રવાના થયું. મુ.સ્વામીને પણ સુરત સંતમંડળ સાથે મોકલ્યા. (મુ.સ્વામીની સાથે ચારસો સંતોને મહારાજે સુરત મોકલ્યા.) રામદાસસ્વામીને મહારાજે પોતાની પાસે રાખ્યા. સંતો રવાના થયા.

પછી મહારાજે ત્યાં બેઠેલા કાઠી ભક્તો પ્રત્યે કહ્યું, આજે અમારા આ ગરીબ સંતો ઉપર અસુરોએ ત્રાસ વર્તાવ્યો છે. આપણે તો સાધુતાનો માર્ગ પકડીને બેસી રહ્યા. આપણું કાંઈ ઉપજ્યું નહિ. કેવળ અમારા દર્શનના પ્યાસી, અમારા સંગે જ તેમણે પ્રાણ ટકાવી રાખ્યા છે તેવા સંતોને અમારે ઠેઠ સુરત મોકલવા પડ્યા. મહારાજના શબ્દોમાં વિષાદ હતો, સંતોનો વિરહ હતો.

શ્રીનગરથી આવેલા હરિભક્તોએ મહારાજના આ વિષાદયુક્ત વચનો સાંભળ્યા. મહારાજ કોઈ પ્રકારે શાંત થાય તેવા ભાવથી તેમણે મહારાજની સ્તુતિ કરતાં કહ્યું, હે મહારાજ ! આપની અમોઘ શક્તિથી અધર્મસર્ગનો પરિવાર નાશ થઈ જશે જ..આપ તો કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ શક્તિધારી છો. સર્વના કારણ, સર્વના આધાર અને અનંત શક્તિએ યુક્ત અક્ષરબ્રહ્મ જેમની મોટપ જેવા બીજા કોઈની મોટપ નથી, જેમના સાધર્મ્યને પામવા માટે શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમના મુક્તો પણ તપ કરી રહ્યા છે. શુક, નારદ અને સનકાદિક પણ તપ કરી રહ્યા છે એવા અતિ પ્રતાપી અક્ષર પણ આપની શક્તિ પાસે અસમર્થ છે. એવા આપ શક્તિશાળી છો.

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમણે કહ્યું, અમારા આવા સામર્થ્યની અમને ખબર નહોતી. આ સાંભળી ભક્તો હસ્યા. સુરાખાચર, એભલખાચર, અલૈયાખાચર વગેરે કાઠી ભક્તો મહારાજના મ.ભાવમાં મોહ પામે તેવા નહોતા. તેમણે કહ્યું, મહારાજ ! અનેક મુમુક્ષુઓનું આપના અને સંતોના સંબંધે આત્યંતિક કલ્યાણ કરવાનો હેતુ લઈને આપ પૃથ્વી પર પ્રગટ થયા છો તો આવા નિર્માલ્ય ભેખની બીકે આપણા સાધુઓને શું સંતાડી રાખવા છે ? અમને આજ્ઞા આપો. અમારા સંતો ઉપર આ ભેખે જે ત્રાસ વર્તાવ્યો છે તેથી અમારા રોમ રોમ સળગી ઉઠ્યા છે. માટે એકવાર તો અમને અમારી રમત રમવા ધો. મહારાજની પણ ઈચ્છા હતી. તેમણે કહ્યું, કાલે વાત..

આજે ખાંડાના ખેલ ખેલવાના છે

વૈશાખ વદિ ૧૪ની સવારે જ મહારાજે નિત્યકર્મથી પરવારી સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધોને કહ્યું : આજે તમે કોઈ બહાર નીકળશો નહિ. જ્યાં હો ત્યાં જ બેસીને ભજન કરજો. કાઠી ભક્તો તથા પાર્ષદોને કહ્યું, આજે યુદ્ધનું મંડાણ થશે. નરમેધ થશે અને ભેખનું કાસળ આજે નીકળી જશે. તમારે આજે તમારું ખમીર બતાવવાનું છે.

લોલંગરે ધાર્યુ કે નથુ ભટ્ટના ઘરમાં જ સ્વામિનારાયણ હશે. ત્યાંજ ઘેરો ઘાલીને તેમને પકડી લેવા. મહારાજ પણ એ સમજીને ત્યાં ગયા. પાર્ષદોની ચોકી આજુબાજુ બેટી ગઈ. લોલંગર ૭૦૦ બાવાની જમાત સાથે ત્યાં આવ્યો. કોઈકે ત્રિસૂળ ઝાલ્યાં હતાં, કોઈના હાથમાં ગેડીઓ હતી, કોઈ ભાલા, તીરકામઠાં અને બરછીઓ લઈ સજ્જ થઈ આવ્યા હતા. રામદાસ સ્વામી મહારાજની બાજુમાં જ બેઠા હતા. રામદાસ્વામીને આ ઉપાધિ જોઈ સંકલ્પો થવા લાગ્યા. તેથી મહારાજે તેમનો જમણો હાથ લઈ પોતાની છાતીએ અડડાયો. અને કહ્યું : સ્વામી ! આ મૂર્તિનું ભજન કરી અનેક મુમુક્ષચઓ અક્ષરપંકતિમાં ભળી ગયા છે. અને હજુ પણ જે જે ભજન કરશે તે અક્ષરધામમાં અક્ષરમુકતની પંકિતમાં ભળી જશે. માટે કાંઈ સંકલ્પ તમે કરશો નહી ને ઉપાધિથી તમે બીશો નહી.

બહાર ધમાલ થવા લાગી. એટલે મહારાજે અંદર બેઠેલા પાર્ષદોને તથા કાઠી ભકતોને કહ્યું : ચાલો આપણે કાંકરિયે જઈએ. પાર્ષદોએ કહ્યું : આવી ઉપાધિમાં તમારાથી બહાર ન નીકળાય. મહારાજ આ સાંભળી હસ્યા ને પછી કહ્યું : તો તમે બહાર નીકળો ને ઉપાધિ ટાળો. જોઈ શું રહ્યા છો ? આજે તો રમત રમવાનો અવસર આવ્યો છે.

કાઠી હરિભકતો આ આજ્ઞાની જ રાહ જોઈ રહ્યા હતા. બહાર જયસ્વામીનારાયણનો ઉદ્‌ઘોષ થયો. અને અંદરથી પણ જયસ્વામીનારાયણનો ઉદ્‌ઘોષ કરતાં કાઠી ભકતો અને પાર્ષદો બહાર નીકળ્યા. આ કાઠીઓને જોઈ કેવળ શસ્ત્ર વાપરવાની આવડત વિનાના આ શસ્ત્રધારી બાવાઓ બીન્યા અને ત્યાં નાઠા. એટલે કાઠી ભકતો તથા પાર્ષદો તેમની પાછળ પડયા. તેમાંના ૪ મોંટેરાને તો ચોકમાં જ ધરાશયી કર્યા.

આ જોઈ બીજા ભાગ્યા. લાલંગરને પણ લાગ્યું કે જોતજોતામાં અનેકને રહેંસી નાખનારા કાઠી દરબારોના પંજામાં જો આવી ગયા તો આજે નકિક જમદ્વારનાં દર્શન થવાનાં. તે પણ તેની લોઢાની સાંકળ હાથમાં લઈ ભાગ્યો. કાઠીઓ તથા પાર્ષદો તેમની પાછળ પડયા. જેટલા ઝપટમાં આવ્યા તેમના ઉપર તૂટી પડયા. બંધિયાના મૂળુભા દરબાર તથા રાજા રામસિંહ, ભગુ ખાંટ અને બીજા કાઠીઓની તલવારની રમતથી બાવાઓના ધડ નીચે પડવા લાગ્યા.

કાઠીઓ અને પાર્ષદો તો પટ્ટા ખેલનારા, એક પણ ઘા પોતાના શરીર પર ન પડવા દે તેવી ક્ષત્રિયની, મરદાનગીની રમત રમનારા, તેમને કેટલાકને આંતર્યા ને કેટલાકને ઘાયલ કર્યા, જે પૂઠ બતાવી, મૂઠીઓ વાળીને ભાગ્યા તેમનો પીછો તેમને પકડયો નહિ. આજે તેમને આનંદ હતો. કટાઈ ગયેલી તલવારો આજે સજાઈ ગઈ. ધાર તીક્ષ્ણ થઈ ગઈ અને ભૂલાઈ ગયેલી રમતના દાવ આજે ફરી પાકા થઈ ગયા.

શ્રીજીમહારાજના આદેશનું રહસ્ય તેઓ સમજી ગયા. મહારાજને નામર્દાઈ અહિંસા ખપતી ન હતી. ગરીબને પીડનારા કે સમાજને દૂષણરૂપ આતતાયીઓ, સમાજને વધુ ને વધુ ભ્રેટ કરનારા તેમની સામે અહિંસાના પાઠ ભણવા તે તેમને મન નામર્દાઈ હતી.

જગન્નાથપૂરીમાં તેમણે ૧૦,૦૦૦ બાવાઓનું કાસળ કઢાવ્યું. જયાં જયાં આવા અસુરો, આતતાયીઓ સમાજને ભ્રષ્ટ કરનારા મળ્યા, ત્યાં ત્યાં તેમનો તેમણે બુદ્ધિપૂર્વક નાશ કરાવ્યો. અહિંસાનું શસ્ત્ર તેમણે પોતા ઉપર કે પોતાના સાધુઓ ઉપર આવી પડતી આપત્તિઓનો સામનો કરવા માટે ઉપદેશ્યું હતુ. તેમાં સાચી મર્દાનગી હતી. તેવુ તેઓ કહેતા.

લોલંગરના બાવાની જમાત સમાજને ત્રાસરૂપ હતી. સૂબાને જયારે તેની જરૂર પડતી ત્યારે તેની સહાયથી તે ગરીબોને નિર્દોષોને પીડતો; તમને કચરી નાખતો. તેથી આ જમાતનો મહારાજે આજે તેમના કાઠી ભકતો અને પાર્ષદો દ્વારા ધ્વંસ કરાવ્યો. ભાગવતધર્મના પ્રસ્થાપનમાં વિઘ્નરૂપ એવુ આ આસુરી બળ સમુદ્રમાં આવતી ઓટની જેમ હવે ઓસરવા લાગ્યું.

મહારાજે નથુ ભટ્ટના ઘરમાંથી બહાર આવતાં યુદ્ધનાં મંડાણ જોયાં. બાવાઓને ધરાશાયી થતા જોયા. કાઠી ભકતો અને પાર્ષદોની શૂરવીરતાનાં દર્શન કર્યા. મુઠ્ઠીભર આ ભકતોએ લોલંગરની ૭૦૦ બાવાઓની જમાતને નસાડી નામર્દો ને ભાગતાઓની પૂંઠે ન પડવું એવો તેમનો સિદ્ધાંત હતો. આ સિદ્ધાંતમાં સાચો ધર્મ હતો, સાચી અહિંસા હતી. તેઓ સૌ મહારાજ પાસે આવ્યા. કેટલાકના શરીર ઉપર ઘા પડયા હતા. મહારાજે તેમના શરીર ઉપર હાથ ફેરવ્યો. સૌને શાતા વળી ગઈ. મહારાજે તેમને કહ્યું, શાબાશ, મારા શૂરવીર ભકતો ! આજે તમે તમારો ધર્મ બજાવ્યો. આદર્શ શૂરવીરોને છાજે એવી રમત કરી. આજ રીતે તમારે આમરા સાધુઓનું, અમે સ્થાપવા ઈચ્છતા ભાગવતધર્મનું રક્ષણ કરવાનું છે.

લોલંગર અમને પકડવા આવશે

ભકતોનાં શરીર શૂરાતનના શ્વાસે હજુ ધ્રૂજતાં હતાં. મહારાજાન સ્પર્શથી, મહારાજની વાણીથી તેઓ ધન્ય બની ગયા ! એટલામાં મહારાજે એકદમ કહ્યું, ભગુજી અમારો ઘોડો લાવો. મને લાગે છે કે લોલંગર અમને પકડવા આવશે. માટે અહીંથી હમણાં જ નીકળી જવું છે.

મહારાજની વાણી સાંભળી કાઠી ભકતો, પાર્ષદો હસ્યા. ભગુજીએ કહ્યું, મહારાજ ! તમારી જ પ્રેરણાથી અમે આ બાવાઓને મારીને ભગાડયા અને તમને બીક લાગે છે ?

મહારાજે તરત જ કહ્યું, વાત કરવાની આ વેળા નથી. માટે ઘોડો જલદી લાવો, ભગુજી સમજી ગયા, ઘાયલ શરીરે પણ મહારાજની સેવામાં સદા તત્પર રહેતા આ શૂરવીર પાર્ષદવર્ય મહારાજની ઓછાયાની જેમ તેમની સાથે જ રહેતા. સાથે ઊભેલા કાઠી ભકતો તથશ પનાર્ષદો પણ મહારાજની સાથે જવા તૈયાર થઈ ગયા. મહારજ રોઝા ઘોડા ઉપર સવાર થયા. પેગડામાં પગ ગોઠવ્યા ને લગામ ખેંચી. રોઝો આગલા બે પગે ઝાડ થયો. બીજા કાઠી ભકતો, પાર્ષદો તૈયાર થાય તે પહેલાં તો ધૂળની ડમરી ઉડાડતો રોઝો અદૃશ્ય થઈ ગયો ! સૌ જોઈ રહ્યા. વિચારમા પડી ગયા કે મહારાજ કયાં ગયા ! છતાં સૌએ મહારાજ જે દિશામાં ગયા તે દિશામાં તેમના ઘોડા દોડાવ્યા.

મહારાજ કણભા થઈને સીધા વહેલાલ પધાર્યા. અહીં આવીને જેસિંગભાઈના મકાનમાં કોઈ ન જોઈ શકે એટલે એક ઓરડીમાં ઘોડી બાંધી, મહારાજે વખતબાને પૂછયું, જેસિંગભાઈ ને બીજા ભકતો કયાં ગયા છે ? વખતબાએ કહ્યું, મહારાજ ! એતો બધા લોકિકે ગયા છે. પણ તમે આટલા બધા ધ્રૂજો છો કેમ ?

મહારાજે કહ્યું, વખત ! અમારી પાછળ લલોલંગર અને તેના બાવાઓ પડયા છે. અમને પકડીને સૂબાના દરબારમાં લઈ જવા માંગે છે. હવે બચવાનો

કોઈ ઉપાય નથી. કાઠી ભકતો પણ પાછળ રહી ગયા છે. મહારાજે ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું.

વખતબા મહારાજની વાત સાંભળી હસ્યા. તેમણે કહ્યું, મહારાજ ! તમારી બીકથી અમને શૂરાતન ચડયું છે. આદમી જ તમારુ રક્ષણ કરી શકશે એવું નથી અમે પણ આ ગોફણો વાપરી શકીએ તેમ છીએ,

મહારાજ વખતબાનું શૂરાતન જોઈ પ્રસન્ન થયા. તમેણે કહ્યું, તો બોલાવો બધાં બૈરાંઓને, વખતબાએ તરત જ રણશિંગુ ફૂંકયું, તેમની પાતે તીકામઠાવાળા સૈનિકો તેમની પાસે હતા. તે બધા ટોળે ટોળાં મળી ત્યાં આવવા લાગ્યા. સાંબેલા લઈને બીજા બૈરાંઓ પણ આવી ગયા. વખતબાએ પણ ગોફણ તૈયાર રાખી.

એટલામાં લોલંગર બાવાઓ દેખાયા. વખતબાએ ગોફણમાં પથરા નાખી મારો ચલાવ્યો. તીરકામઠાવાળા તેમનાં તીરો છોડવા લાગ્યા. કાઠી હરિભકતો પણ આવી પોંહચ્યા. વળી જેસિંગભાઈ વગેરે ભકતો પણ તેમને બોલાવવા ઘોડેસવાર મોકલાવેલ તેથી આવી ગયા.

લોલંગરના બાવાઓ આ બધુ લશ્કર જોઈ નાઠા. જેસિંગભાઈએ તેમના તીરકામઠા વાળાઓને હુકમ આપ્યો. તેમની પાછળ પડો. અને એકેએકને વીંધી નાખો.

તીરકામઠાવાળા પાછળ પડયા. દોડતા બાવાઓ ઉપર મારો ચલાવ્યો. કેટલાક પડયા, કેટલાક નાઠા. આમ લોલંગરનું લશ્કર વેરવિખેર થઈ ગયું. મહારાજ આ બધી રમત સંતાઈને જોઈ રહ્યા હતા. જેસિંગભાઈ ને વહેલાલના બધા જ ભકતો કાઠી ભકતો, પાર્ષદો બધા મહારાજ પાસે આવ્યા. મહારાજ હજુ સંતાઈને જ બેઠા હતા. તેમણે એ રીતે મહારાજને જોયા એટલે તેમને હસવું આવ્યું. જેસિંગભાઈએ કહ્યું, દયાળુ ! આપના ચરિત્રો ખરેખર મોહ પમાડે તેવા છે.

મહારાજે કહ્યું, તે સિવાય તો તમારી બુદ્ધિ અમારા સ્વરૂપમાં સ્થિર થઈ છે કે નહિ તેની તમને જ કેમ ખબર પડે ? જેસિંગભાઈ સમજી ગયા. મહારાજને કહ્યું, મહારાજ ! લોલંગર અને તેના બાવાઓને તો ભગાડી દીધા છે માટે આપ હવે સુખેથી બહાર આવો. મહારાજે કહ્યું, અમારે કાલે અહીંથી કચ્છ જવું છે. લોલંગર હજુ ઉપાધિ કરે તેવી ભીતિ છે. જેસિંગભાઈએ કહ્યું, મહારાજ ! અહીંના હરિભક્તોનો ભાવ છે તો આપ થોડા દિવસો અહીં રહો. આપની સેવા કરવાના અમારા મનોરથ છે તે પૂરા કરો. અહીં હમણા જ અઢાર હરિભક્તોના નોતરા આવી ગયા છે. એટલે એટલા દિવસ તો આપે રોકાવું જ પડો.

મહારાજે કહ્યું, એ અઢારે હરિભક્તોને કહી દો કે કાલે સૌ થાળ કરે. અમે તેમને ત્યાં જમવા જઈશું. આ સાંભળી જેસિંગભાઈ આશ્ચર્ય પામી ગયા. બીજે દિવસે મહારાજ અઢાર હરિભક્તોના ઘરે અઢાર સ્વરૂપ ધારણ કરી જમવા પધાર્યા. ત્યારબાદ મહારાજ વહેલાલથી કચ્છ તરફ નીકળી ગયા.

અહીંયા (ભાગ- ૨) પૂરો થાય છે

''સ્વામીશ્રીજી''

ભગવાન સ્વામિનારાયણ

(ભાગ-૩)

પ્રસંગ ૧- ભાવસારના આત્મામાં માયાનો અંધકારથી વ્યાપેલું અજ્ઞાન ટાળ્યું..

સંવત ૧૮૬૫ની સાલ હતી. વૈશાખ મહિનો વીતી ગયો હતો. મહારાજ લાકરોડે પધાર્યા. અહીં નદી જોઈને મહારાજને સ્નાન કરવાની ઈચ્છા થઈ. તે વખતે નદીમાં એક ભાવસાર સ્નાન કરી રહ્યો હતો. તેણે મહારાજને ઓળખી લીધા. લોકો જેને સ્વામિનારાયણ કહે છે તે જ આ ! પણ ભગવાન કેમ મનાય ? સ્વરૂપ તો આકર્ષક છે. દર્શનથી અંતરમાં શાંતિ થઈ જાય છે. જગત ભૂલાઈ જાય છે. એ અનુભવ આજે સ્વામિનારાયણના દર્શનથી થયું. પણ તેમને ખરેખર ભગવાન ક્હેવાય તે વિચારે ચઢ્યો. એકાએક ભાવસારને યાદ આવ્યું, ભગવાન હોય તે અંતરનું જાણી જાય. તેણે સંકલ્પ કર્યો, ''તેમનું ધોતિયું મને ધોવા દે તો ભગવાન સાચા. !''

મહારાજ ભાવસારના અંતરના સંકલ્પો જાણી મનમાં હસતા હતા. એ મુમુક્ષુ હતો. મહારાજે કાંઠે ।વી શરીર લૂછી, ભીનું ધોતિયું બદલાવ્યું. પછી તે લઈને નદીમાં સ્નાન કરતા ભાવસાર પાસે ગયા અને તેને કહ્યું, ભાઈ ! જરા આ ધોતિયું ધોઈ આપશો ?''

આ સાંભળી ભાવસાર એકદમ નદીમાંથી બહાર આવ્યો. મહારાજને પગે લાગ્યો અને કહ્યું, પ્રભુ ! તમે ભગવાન ખરા. મેં સંકલ્પ કર્યો હતો કે મને જો ધોતિયું ધોવા આપે તો તમને લોકો ભગવાન કહે છે તે સાચું માનું.''

તેની આવી ભોળી વાણી સાંભળી મહારાજ હસ્યા. ''જો ભાઈ, આ લોકમાં તપના, યોગના, મંત્રના કે સાધનાના પ્રતાપે કેટલાકમાં મનની વાત જાણવાની શક્તિ આવે છે. પરંતુ તેથી તેમને ભગવાન કહેવા તે બરોબર નથી. જે ખરેખર ભગવાન હોય તે તો આપણા આત્મામાં માયાના અંધકારથી વ્યાપેલું અજ્ઞાન ટાળે. આપણા સ્વરૂપનું જ્ઞાન કરાવે, પોતાના સ્વરૂપને ઓળખાવે.''

મહારાજ ભક્તોના સંકલ્પો તથા ભક્તિભાવને પોષણ આપતા ફક્ત તેમના માટે જ વિચરણ કરી રહ્યા હતા.

પ્રસંગ ૨- આજ્ઞા લોપીને કેમ આવ્યા..? જીવ કેવળ વિષયનો કીડો થઈ રહે..

ધનજી સુથારે સંતોને માટે ઓરડી રાખી હતી એટલે મહારાજ સાધુને ઓરડે પધાર્યા. ત્યાં વિશ્વાસચૈતન્યાનંદ સ્વામીને જોઈ મહારાજે તેમને પૂછ્યું, અમે તમને કહ્યું હતું કે, તમારે દેહ પર્યંત સુરત રહેવું. તે આજ્ઞા લોપીને અહીં કેમ આવ્યા ? એટલે તેમણે કહ્યું, અમને તો સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું કે મહારાજના દર્શન કરવા જાઓ.

મહારાજ મંદ મંદ હસવા લાગ્યા. તેમણે કહ્યું, સ્વરૂપાનંદ સ્વામીએ તમને આજ્ઞા કરી કે તમે તેમની પાસે આજ્ઞા કરાવી ? વિશ્વાસચૈતન્યાનંદ કાંઈ બોલી શક્યા નહી. મહારાજની અંતર્યામી શક્તિને અંતરમાં વિસ્મરણ થઈ જાય છે. અથવા કોઈ રાગ કે સંકલ્પના જોરે તે શક્તિની ઉપેક્ષા થાય છે. ત્યારે મહારાજની આજ્ઞાની અવજ્ઞા થઈ જાય છે. મહારાજ આજ્ઞા પળાવવામાં કઠણ હતા. મહારાજ કહેતા કે એ પ્રકારના અનુશાસન વિના જીવ કેવળ વિષયનો કીડો થઈ રહે.

પ્રસંગ ૩- મહારાજે આત્માનંદને શીખવાડ્યું, ભજનમાં સિદ્ધ આસને બેસવું.. મોરપીંછની ચમરી ફેરવે..

મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું, હવે તમે પ્રગટની વાત કરો. એટલે આત્માનંદ સ્વામીએ મહારાજના મહિમાની વાત કરી. સહુ હરિભક્તોને આત્માનંદ સ્વામીની વાતો સાંભળી આનંદ તો થયો પરંતુ મહારાજના સર્વોપરી સ્વરૂપના મર્મની વાતો ના આવી તેથી મનમાં વિચાર કરતા થયા. તેમનો ભાવ જાણી મહારાજે કહ્યું, અમારા સ્વરૂપનું યથાર્થ મહિમા જાણ્યા સિવાય કદાચ દેહ પડી જશે તો ફરી સત્સંગમાં જન્મ લેવો પડશે. પણ સર્વોપરી નિષ્ઠા દૃઢ કર્યા સિવાય અક્ષરધામની પ્રાપ્તિ નહી જ થાય. આત્માનંદ સ્વામીને પણ એવી નિષ્ઠા અમારા સાધુ કરાવશે.

બીજે દિવસે આત્માનંદ સ્વામી ભજનમાં બેઠા હતા. મહારાજ ત્યાં પધાર્યા અને તેમને ભજનમાં બેઠેલા જોઈ પૂછયું, સ્વામી કેવી રીતે ભજન કરો છો ? તેમણે હાથ જોડી કહ્યું, મહારાજ સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! એમ ભજન કરું છું.

પછી મહારાજે કહ્યું, જે રીતે ભજન કરતા હો તેમ અમને કરી દેખાડો. એમ ક્હીને પોતે તેમની સામે બાજોટ ઉપર બેઠા. હાથમાં મોર પીંછની ચમરી હતી. આત્માનંદ સ્વામી મહારાજ તરફ સ્થિર દૃષ્ટિ કરી ભજન કરવા લાગ્યા. મહારાજ વારંવાર મોર પીંછની ચમરી તેમના મોં આગળ ફેરવે. પણ તે મટકુ મારતા નહી. એમ સ્થિર દૃષ્ટિથી મહારાજ તરફ જોતા. તેમના આંખમાંથી, નાકમાંથી પાણી નીકળવા લાગ્યા. તે જોઈ મહારાજે કહ્યું, ''ભલે આંખ ફૂટી જાય પણ મટકુ મારશો નહી. સ્વામી પણ ખરા શ્રદ્ધાવાન હતા. પછી મહારાજે તેમને કહ્યું, પહેલા આસન જીતો, આસન સ્થિર થશે પછી ભજન સ્હેજે થશે. માટે ભજનમાં બેસો ત્યારે સિદ્ધ આસને બેસવું.''

પ્રસંગ ૪- મહારાજે પોતાના મહિમાની વાત કરતા કહ્યું, બધી ગીતાઓ કરતા આ પુરુષોત્તમ ગીતા શ્રેષ્ઠ છે..

મહારાજ કચ્છમાં કાળા તળાવથી નીકળી સીધા રામપર પધાર્યા. અહીં રુકમાવતી નદીના કિનારે ગૌમુખી ગંગાના ઘશટ ઉપર મહારાજે કથા કરવાનો વિચાર કર્યો હતો. સ્થાન રમણીય હતું. પાસે ગંગાજી ખળ ખળ વહેતા. મહારાજે ગંગાજીનું નિર્મળ નીર જોઈ મુકુન્દ બ્રહ્મચારીને કહ્યું, બ્રહ્મચારી ! ભવિષ્યમાં ગંગાજીનો મહિમા ખૂબ વધશે. તેમને અમારો સંબંધ થયો છે. અમે તેમાં સ્નાન કર્યુ છે. જે જીવો આ ગંગાજીમાં સ્નાન કરશે તેમના તમામ પાપ બળી જશે અને જીવો શુદ્ધ થઈ જશે. વળી અમારી મૂર્તિનું ચિંતવન કરતા કરતા જો કોઈ સ્નાન કરશે તો તેને અમારા ચરણાવિંદની પ્રાપ્તિ થશે.

તે વખતે મુકુન્દ વર્ણીએ મહારાજને પૂછયું, હે મહારાજ ! આપ અષ્ટ આવરણ પાર એવું જે દિવ્ય અક્ષરધામ તેના પતિ છો. સર્વોપરી ભગવાન છો. તો આપના આવા દિવ્ય સ્વરૂપનું મુમુક્ષુઓને શી રીતે જ્ઞાન થાય ? મહારાજે કહ્યું, હે મુકુન્દાનંદ ! રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી સર્વેના નિયંતા, સદા સાકાર દિવ્ય દ્વિભુજ મૂર્તિ અને અનંત જીવોનું ઉદ્ધાર કરવાને અર્થે મનુષ્ય સ્વરૂપે વિચરતા એવા અમારા દિવ્ય સ્વરૂપનું જ્ઞાન તો અમારા એકાંતિક ભક્તના સમાગમે કરીને થાય છે.

તે એકાંતિક ભક્ત કેવા છે ? જે નિરંતર અમારી આજ્ઞાને વિષે વર્તે છે, અમારા જે સર્વ ચરિત્ર તેનું રાત્રી-દિવસ ગાન કર્યા કરે છે, અને ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે અંગે સહિત અમારા સ્વરૂપની ભક્તિ નિરંતર કરે છે. અમારા એકાંતિક ભક્ત એવા હોય. તેમના સમાગમથીજ અમારા પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય થાય છે.

''હું કેવો છું ? તો આ મારાં ચરણારવિંદના અંગૂઠે કરીને અનંત કોટિ બ્રહ્માંડોને ડગાવવા સમર્થ છું ને બદ્ધ, મુક્ત, નિત્યમુક્ત ને અક્ષરધામ તે પર્યંત કોઈ પણ મારા મહિમાના પારને નથી પામતા, એવો હું છું. આવી રીતનો જે અમારો મહિમા તેનું અહોનિશ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરતા એવા સંતનો સમાગમ કરીને અમારા સ્વરૂપનો દૃઢ નિશ્ચય જે કરે છે, તેના હૃદયને વિષે અમે નિરંતર નિવાસ કરીને રહીએ છીએ.''

મહારાજના શ્રીમુખે કહેવાયેલી આ દિવ્ય વાતોને મહારાજે 'પુરુષોત્તમગીતા' કહી અને કહ્યું, ''જેવો અમારો મહિમા છે તેવોજ આ 'પુરુષોત્તમગીતા'નો પણ મહિમા છે. હંસગીતા, નારદગીતા, સતીગીતા, અર્જુનગીતા, પાંડવગીતા, રૂપગીતા, રામગીતા, તુલસીગીતા, લક્ષ્મણગીતા, વ્યાસગીતા, ગણેશગીતા, શિવગીતા, હનુમાનગીતા, ગુરુગીતા, કપિલગીતા અને ભગવદ્‌ગીતા એ આદિક સર્વ ગીતા કરતાં આ ગીતા સર્વોપરી છે.

પછી મહારાજે કહ્યું, ''સંતો ! સાંભળો. અહીં આપણે પંદર દિવસ સુધી શ્રીમદ્‌ભાગવતની પારાયણ કરી તેમાં અમે તમને અમારા સ્વરૂપની એકાંતિક ધર્મની ઘણી વાતો કરી. તે વાતોનો જેટલો મહિમા છે તેટલોજ આ સ્થાનનો, આ ગંગાજીનો મહિમા છે.

આ ગંગાજીની કાંઠે સીતાજીની શોધ કરવા રામચંદ્રભગવાન નીકળ્યા હતા ત્યારે તેમણે એક મહિના સુધી તપ કર્યુ હતુ. શ્રીકૃષ્ણ ભગવાન પણ જ્યારે જરાસંધ આગળ અઢારમી વાર હારીને ભાગ્યા ત્યારે આ ગંગાજીને કાંઠે તેમણે ઘણા મહિના પર્યંત નિવાસ કર્યો હતો અને અમે પણ અહીં ઘણી વખત આવ્યા છીએ, આ ગંગાજીમાં સ્નાન કર્યું છે.

પ્રસંગ ૫- મહારાજ કચ્છમાં હમીર સરોવરે ભકતોને અનુભવ કરાવે છે દિવ્ય સિંહાસન પર-મને પ્રકૃતિથી જોશો નહી..

મહારાજ કચ્છમાં હમીર સરોવરે સંતો-હરિભક્તોને લઈ સ્નાન માટે પધાર્યા. વસ્ત્રો ઉતારી પોતે જળમાં ભક્તો સાથે ખૂબ જળક્રીડા કરી. પછી પોતે સિદ્ધાસન વાળી જળમાં ડૂબકી મારી તળિયે બેસી ગયા. સૌ સંતો, હરિભક્તો મહારાજને શોધવા લાગ્યા. કોઈકે જળમાં ડૂબકી મારી પણ ઊંડા જળમાં ક્યાંઈ મહારાજનો પત્તો લાગ્યો નહી. મહારાજને આ રીતે અદૃશ્ય થઈ ગયેલા જોઈ સૌ શોકમગ્ન થઈ ગયા. મહારાજ સૌનું જીવન હતા. તેમના આધારે સૌ જીવતા હતા. મહારાજ તેમના અંતરતલ સુધી પહોંચી ગયા હતા. એટલે આજે તેમના દર્શન વિના જાણે હૃદય ભાંગી જતુ હોય તેવા વિરહની વ્યથા સૌ અનુભવવા લાગ્યા.

એટલામાં જળની ઉપર શીતળ અને શાંત તેજનો ઊર્ધ્વ પ્રવાહ તેમણે જોયો. આ પ્રવાહ ધીરે ધીરે સર્વત્ર વ્યાપી ગયો અને જાણે ઊંચે, નીચે, સર્વત્ર, પ્રમાણે રહિત એ પ્રકાશ દેખાયો. સૌ આશ્ચર્યવત્ આ ઘટના જોઈ રહ્યા. તે તેજમાં પછી તેમને મુક્તોએ વિંટાયેલા એવા મહારાજના દિવ્ય સ્વરૂપના દર્શન થયા.

આ દિવ્ય દર્શનથી જળમાં મહારાજની શોધ કરતા અને કિનારે બેસીને વિલાપ કરતા સૌ હરિભક્તો આનંદભગ્ન બની ગયા. તેમને પોતાના પ્રત્યે આશ્ચર્યવત્ જોઈ રહેલા જોઈ મહારાજે તેમને કહ્યું,

- અમે પરાત્પર છીએ. એટલે મૂળ પ્રકૃતિ અને મૂળપુરુષથી પર અક્ષર..
- તેથી પણ પર અમે છીએ.
- એટલે અમારા સ્વરૂપમાં પ્રકૃતિના ભાવો કદાપિ તમારે જોવા નહી. માનવા પણ નહી.

તમો સહુ અમને જળમાં ડૂબી ગયેલા માની શોક કરતા હતા એટલે તમને સહુને અમારો મહિમા હજુ યથાર્થ સમજાયો નથી.

જો પ્રકૃતિ અને પુરુષના તત્ત્વો અમને બાધ ના કરી શકે તો તેમાંથી ઉત્પન્ન થયેલા પંચભૂતાદી તત્ત્વો અમને શી રીતે બાધ કરી શકે. જો તમો અમને અમારા આ દિવ્ય સ્વરૂપમાં યથાર્થ નહી સમજો તો ક્ષણેક્ષણે તમને અમારા ચરિત્રો જોઈ શંકા થશે. આટલી વાત કરી અને તરતજ મહારાજ પોતાના માનુષી સ્વરૂપે જળમાં સ્નાન કરતા સૌને દેખાયા. મહારાજ જળમાં બહાર નીકળ્યા, શરીર લૂછ્યું અને સુંદર શ્વેત વસ્ત્ર ધારણ કર્યા.

પ્રસંગ ૬- બાપુભાઈ નાણાકીય વહીવટ વખતે મહારાજ સાથે કપટ કરી પૈસા લીધેલા ને છેવટે ભૂત થયેલા તે પ્રસંગ

બાપુભાઈ અમદાવાદ પ્રતિષ્ઠિત નાગર બ્રાહ્મણ હતા. તેઓ શ્રીહરિનો પ્રતાપ જોઈ સત્સંગી બન્યા. શ્રીહરીએ તેમને ડભાણમાં થનાર યજ્ઞના નાણકીય વહીવટનું કામ સોંપ્યુ. તેમણે વહીવટ કર્યો. પરંતુ લોભ વૃત્તિ હોવાથી કપટ કરીને રૂપિયા ૧૦-૧૨ હજારનું લેણુ શ્રીહરિ પાસે કાઢ્યુ.

શ્રીહરિ તો અંતર્યામી હતા અને જાણતા હતા. છતાં તેણે કાઢેલી રકમ મહારાજે સાક્ષીઓ રાખી આપી દીધી. પોતાના ઈષ્ટદેવ સાથે આ પ્રમાણે કર્યુ તેથી બાપુભાઈ મરીને ભૂત થયા. તેના ભાઈમાં તેનો પ્રવેશ થયો અને પોતે જે કપટ કર્યુ હતું તે બધી હકિકત કહી. પછી કહે, મને શ્રીહરિ પાસે લઈ જાઓ મારે તેમની માફી માંગવી છે. ત્યાર પછી જ મારી ગતિ થશે.

શ્રીહરિ જ્યારે જેતલપુર પધાર્યા ત્યારે ત્યારે તેમના સગા જેતલપુર લઈ આવ્યા. તેમણે નાગર બ્રાહ્મણોને આવેલા જોઈ પૂછ્યું, બાપૂભાઈ મજામાં છે ને ? ત્યારે તેમણે કહ્યું, મહારાજ ! બાપુભાઈ તો દેહ મૂકી ગયા છે. અને તેમની અસદગતિ થઈ છે. ભૂત થઈને તેના ભાઈમાં પ્રવેશ કર્યો છે એટલે તેને અમે આપની પાસે લાવ્યા છીએ. તેણે બે હાથ જોડી મહારાજની ક્ષમા માંગી. પોતાની સદગતિ થાય તે માટે ખૂબ પ્રાર્થના કરી. શ્રીહરિએ તેના ઉપર દૃષ્ટિ કરી કહ્યું, જા ! તારો સત્સંગમાં જન્મ થશે. સાધુ, સંતોની તથા હરિભક્તોની નિષ્કપટભાવે સેવા કરીશ ત્યારે તારો ઉદ્ધાર થશે. એ પ્રમાણે આશીર્વાદ આપ્યા.

પ્રસંગ ૭- જીવની શક્તિ અલ્પ છે. અક્ષરબ્રહ્મ જેવા સમર્થ કરી દેવા પ્રગટ થયા છીએ..

મહારાજે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા અને પોતાની નાડી બતાવી. સ્વામીએ નાડી જોઈને કહ્યું, મહારાજ ! શરીરમાં તાવ છે તો હવે વિચરણ થોડુ બંધ કરી આરામ કરો.

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, ''સ્વામી અમે આરામ કરીશું એટલે માયા તેની રમત માંડશે. તે તો લાગ જોઈને જ બેઠી છે. અર્ધી ઘડી પણ જીવને છોડવા તૈયાર નથી.''

મહારાજના વચનનો મર્મ સ્વામી સમજી ગયા. તેઓ પણ સમજતા હતા કે સત્સંગ નિરંતર કરવો જ જોઈએ તો જ જીવમાં બળ આવે. નહી તો અનેક સંકલ્પો થાય ને જીવ ભ્રષ્ટ થઈ જાય.

મુક્તાનંદ સ્વામીને વિચાર કરતા જોઈ મહારાજે તેમને કહ્યું, ''સ્વામી ! તાવ છે તો એકાંતમાં આસન હોય તો ઠીક પડે.'' એટલે મુક્તાનંદ સ્વામીએ મહારાજ માટે ઢોલિયો પથરાવી દીધો અને બીજાની અવરજવર બંધ કરી દીધી.

અહીં આવી મહારાજે સ્વામીને કહ્યું, ''સ્વામી ! ચાર શેર રાતાં મરચા અને ચાર શેર ખાટુ દહી મંગાવો અને બાજરાના તાજા રોટલા મંગાવો. તરતજ મુક્તાનંદ સ્વામીએ આ વસ્તુઓ મંગાવી દીધી. મહારાજે મરચા ખૂબ ઝીણા વટાવ્યા. પછી દહીમાં નાખી દહી અને રોટલો મહારાજ જમ્યા. સ્વામી અને સુંદરજીભાઈ આ જોઈ રહ્યા. સુંદરજીભાઈએ હાથ જોડીને કહ્યું, મહારાજ ! આપ તો સ્વયં ભગવાન છો. બાકી બીજો કોઈ હોય તો આવા તાવમાં ખાટુ દહી અને મરચા ખાય એટલે ઉકલીજ જાય.

મહારાજ આ સાંભળી હસ્યા. પછી તેમણે કહ્યું, ''જીવની શક્તિ અતિ અલ્પ છે. તેને અક્ષરબ્રહ્મ જેવા સમર્થ કરી દેવા માટે તો અમે પ્રગટ થયા છીએ. વળી ગોલોક આદિક ધામો તથા અક્ષરધામ પણ અમારા દીઠામાં આવે છે. પરંતુ જીવને અમારી એવી મોટાઈ સમજવી કઠણ પડે છે.'' સુંદરજીભાઈ તથા મુક્તાનંદ સ્વામી આ વાત સાંભળી રહ્યા. તેમને લાગ્યું કે, મહારાજે અતિ મર્મની વાત કહી. પરંતુ તેવી સ્થિતી થાય તો જ આ વાતનો રહસ્ય સમજાય.

પ્રસંગ ૮- મતપંથનો સિદ્ધાંત બતાવ્યો.. મતપંથ ઘણા જોયા અને સાચો સિદ્ધાંત બતાવ્યો..

મહારાજ કાળાતળાવ પધાર્યા. અહીં રામાનંદ સ્વામીની ઓરડીમાં ગાદી-તકિયા ઉપર પૂર્વ મુખારવિંદે બિરાજમાન થયા. મહારાજ સાથે મુક્તાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી, કૃપાનંદસ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વિરક્તાનંદ સ્વામી વગેરે હતા. હરિભક્તો બી ઘણા હતા.

સભામાં શ્રીજીમહારાજે વાત કરતા કહ્યું, અમે સર્વે મતપંથ જોઈ લીધા પરંતુ કોઈ મતમાં ઉપાસના છે તો આત્મજ્ઞાન નથી. અને કોઈ મતમાં આત્મજ્ઞાન છે તો ત્યાગ અને ઉપાસના નથી. પરંતુ આપણે તે બન્નેનું પ્રતિપાદન કર્યુ છે. આત્મજ્ઞાન એટલે પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવી. અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી પુરુષોત્તમને સર્વોપરી સદા સાકાર પ્રગટ અને કર્તા સમજી તેમની ઉપાસના કરવી તે સિદ્ધાંતનું આપણે પ્રતિપાદન કરીએ છીએ. આપણો એવો સંપ્રદાય વેદ શ્રુતિ-સ્મૃતિ અને પુરાણના સિદ્ધાંતોને અનુરૂપ છે. અને કોઈ પ્રકારની તેમાં ખામી નથી.

પ્રસંગ ૯- કથામાં કોઇએ ઉંઘવુ નહી..

હરભમ સુથારે કહ્યું, ''મહારાજ અમારે અહીં પાણી રાખવાના માટીના ગોળા, ગોળીયું મળતા નથી એટલે તે મુશ્કેલી છે.''

તે સાંભળી મહારાજ ઉઠ્યા અને બોલ્યા, ''ચાલો ! હું તેનો ઉપાય બતાવું.'' એમ કહી ફળીમાં પધાર્યા અને કહ્યું, ''આ ઠેકાણે ખાડો ખોદો. પછી ધોળી ધઊળ લાવી, આજુબાજુ અને નીચે તેનું લીંપણ કરો. પછી લૂગડું હોજની માંહી ચોટાડીને પાણી ભરો.'' આ પ્રમાણે મહારાજે સૂચના આપી.

બીજે દિવસે હોજ તૈયાર થઈ ગયો. મહારાજે તે દિવસે ત્યાં કથા કરવાનું નક્કિ કર્યુ. સંત-હરિભક્તો આવ્યા. મહારાજે પ્રાગજી દવેને પાટ ઉપર બેસાડ્યા. કથાની શરૂઆતમાં મહારાજે સહુને કહ્યું, ભગવાનની કથા જે સાંભળે છે તેનામાં જાગ્રતી આવી જાય છે. પોતાના અંતરના દોષોનો જાણપણુ તેને રહેવા માંડે છે. જેમ ચોકિયાતો રાત્રે જાગો ! જાગો ! એમ કહી સહુને જાગતા રાખે છે. તેમ ભગવાનની કથામાં એવો ચમત્કાર છે કે જાણપણુ સહેજે રહેવા માંડે છે. માટે કથામાં કોઈએ ઉંઘવુ નહી. અને ઉંઘશે તેને બહાર કાઢી મૂકશું. એટલું કહીને કથાની શરૂઆત કરાવી.

એટલામાં મુક્તાનંદ સ્વામીને ઝોલું આવ્યું. તે જોઈ મહારાજે કહ્યું, ''મુક્તાનંદ સ્વામીને વિષે અમારે ગુરુભાવ છે. પણ અમે તો ગુરુને પણ કહીએ.'' એમ કહી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી કથામાં ઝોલું આવ્યું માટે બહાર જાઓ. મુક્તાનંદ સ્વામી તરત જ બહાર ગયા.

થોડીવાર થઈ એટલે શ્રીપાત મઘવાનંદ સ્વામીને ઝોલુ આવ્યુ. તેમને પણ બહાર મોક્લ્યા. એટલામાં આત્માનંદ સ્વામીની આંખો પણ ઊંઘથી ઘેરાણી. તેથી મહારાજે તેમને કહ્યું, સ્વામી ઉઠો. આત્માનંદ સ્વામી તરત જ ઉઠ્યા અને બહાર ગયા. પછી મહારાજે કહ્યું, જુઓ ! આ આત્માનંદ સ્વામી ઊંઘતા નહોતા પણ કહ્યું એટલે તરતજ ઉઠ્યા. વચનની મૂર્તિ છે.

જમ્યા પછી મહારાજે સંતોની સભામાં વાત કરતા કહ્યું, ''શાસ્ત્રકારોએ ભાગવત્ ધર્મની જે વાત શાસ્ત્રોમાં લખી છે તે ધર્મનું સ્થાપન કરવા આવ્યા છીએ. તે ધર્મના અંગો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચારે લોકો પાસે સિદ્ધ કરાવી તેમનું આત્યાંતિક કલ્યાણ કરવું છે.'' એટલું કહી મહારાજે સંતોને કહ્યું, ''તમારે એક એક સંતે દસ હજાર જીવોનું કલ્યાણ કરવું એવું નિયમ આજે લ્યો.''

એટલે તે સાંભળી નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા, ''મહારાજ આ જન્મે પૂરું ન થાય તો ?''

એટલે મહારાજ હસ્યા પછી કહ્યું, ''તો બીજો જન્મ લઈને પણ તે નિયમ તો પૂરો કરવો જ પડે.'' પછી મહારાજે કહ્યું, ''અમારે આ દેહે ક્રીને અસંખ્ય જીવોના કલ્યાણ કરવા છે તે સારુ અમે પ્રગટ થયા છીએ.'' એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ આપ તો સંકલ્પ કરો એટલે અસંખ્ય જીવોના કલ્યાણ થઈ જાય.'' પછી મહારાજ કહે, ''કેવળ સંકલ્પથી ભક્તોને અમારા સ્વરૂપનું સુખ ન આવે ને. એટલે અમારા સ્વરૂપનો સંબંધ કરાવી તેમના મનોરથો પૂરા કરી તેમનું કલ્યાણ કરવુ છે. આ સાંભળી સૌ સંતો રાજી થયા.

પ્રસંગ ૧૦- મહારાજ આત્માના પ્રકાશનો ભેદ સમજાવે છે..

મહારાજ ફરતા ફરતા તેરા નોંધા સુથારે ત્યાં પધાર્યા. અહીં મહારાજે સંતના મંડળ પણ બોલાવ્યા. પ્રાગજી દવે પાસે શ્રીમદ્ભાગવતની કથા વંચાવતા હતા. તેમની ઉંમર નાની હથી, કંઠ પણ મધુર હતો. વળી મહારાજની દ્રષ્ટિ તેમના ઉપર પડી ગઈ હતી. તેથી તેમની કથામાં સહુને રસ પડતો. છતાં કોઈ સંત કથામાં ઉંઘતા દેખાય તો મહારાજ તેમને જાગ્રત કરી દેતા. મહારાજ કહેતા કે આવી કથા વંચાતી હોય તેમાં ઊંઘશો તો અંતરમાં પ્રભાત ક્યારે થશે ?

કથામાં આત્માના સ્વરૂપની વાત આવી એટલે પરમ ચૈતન્યાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો, મહારાજ ! આત્મા સત્ય હૈ ઔર એક હી હૈ તો સબમેં એક સરખા દૈવત હોના ચાહિએ.''

આ સાંભળી મહારાજ હસ્યા પછી બોલ્યા, ''આત્મા સત્ય છે પણ એક નથી, અનંત છે. આત્મા શુદ્ધ થયા પછી તેના ગુણ ધર્મ એક છે. જુઓ દિવો છે તેને અગ્નિ કહેવાય, મશાલને પણ અગ્નિ કહેવાય, વીજળીને પણ અગ્નિ કહેવાય અને વડવાનળને પણ અગ્નિ કહેવાય. પરંતુ દરેકમાં પ્રકાશના ભેદ છે. તેમ

આત્મા આત્મામાં પણ ભેદ છે, આત્માને જેટલો માયાનો સંબંધ વિશેષ તેટલું તેનું સામર્થ્ય ઓછું. એ સંબંધ જેમ જેમ ઓછો થતો જાય, આત્મા શુદ્ધ થતો જાય તેમ તેમ સામર્થ્ય વધતું જાય.''

મહારાજને કથામાં ખૂબ રસ પડતો એટલે વારંવાર 'હરે' 'હરે' બોલતા.

પ્રસંગ ૧૧- હૃદયમાં સ્ત્રી-દ્રવ્યાદિક પદાર્થની વાસણા રાખશો નહી. તો અમારાથી રહેવાશે..

હરિભક્તોને વિદાય આપી રજા લેતા મહારાજને કહ્યું, ''મહારાજ ! અમારા ઉપર દયા રાખજો.'' તે સાંભળી મહારાજે કહ્યું, ''તમે પણ અમારી ઉપર દયા રાખજો.'' હરિભક્તોએ આ શબ્દો સાંભળ્યા ને મહારાજને કહ્યું, અમારા ઉપર તમે દયા રાખજો તેમાં કાંઈ સમજાયુ નહી. આપ તો અમારા ઈષ્ટદેવ છો. દયા તો આપે રાખવાની હોય.'' એટલે મહારાજે તેમને કહ્યું, ''સાંભળો ! સાડા ત્રણ હાથની તમારી આ કાયા છે. તેમાં ત્રણ આંગળનું હૃદય છે. તે હૃદયમાં અમે રહીએ છીએ. માટે અમારું એ સ્થાન તમે ચોખુ રાખજો. ત્યાં જો સ્ત્રી, દ્રવ્યાદિક માયિક પદાર્થની વાસણા રાખશો તો અમારાથી તેમાં રહેવાશે નહી. એટલી દયા તમારે અમારી ઉપર રાખવાની છે.

☞ બ્રાહ્મણો જગતગુરુ કહેવાય. જગતને જ્ઞાન પ્રધાન કરવાનો અધિકાર બ્રાહ્મણોનો જ. પરંતુ કહેવાય છે કે, શંકરે પીધેલ ઝેરના પૃથ્વી ઉપર પડેલ ટીપાનું આચમન આંખે અડાડ્યુ ત્યારથી બ્રાહ્મણોની આંખમાં ઝેર વસ્યુ. એ ઝેરના પડળથી શ્રીહરિના સ્વરૂપની સાચી ઓળખાણ કેટલાક બ્રાહ્મણોને થઈ શકી નહી.

☞ પર્વતભાઈ એવી સ્થિતીના ભક્ત હતા કે મહારાજ મોટા મોટા નંદ સાધુઓને પણ પર્વતભાઈનો સમાગમ કરવા મોકલતા.

પ્રસંગ-૧૨ સ્મૃતિ ને ધ્યાન કોને કહેવાય..

સંતો નિત્ય કર્મથી ઉપદેશથી પરવારી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા બેસી જતા. કેટલાક સંતો તો બન્ને સાથળ ઉપર ઘંટીના પળ મૂકી ધ્યાનમાં બેસતા. કેટલાક શરીર ઉપર જીવજંતુ ચડે તો પણ સ્થિરતા ઘૂમાવતા નહી.

એક વખત ગોપાળાનંદ સ્વામીએ સંતોને ધ્યાનની પ્રક્રિયા સમજાવતા પૂછયું, ''મહારાજનું ધ્યાન કેમ કરો છો ?'' સંતોએ કહ્યું, ''મહારાજ જયાં બિરાજેલા હોય, તેમણે જયાં સ્નાન કર્યુ હોય, જયાં જમ્યા હોય, જયાં રંગોત્સવ કર્યો હોય તે બધા પ્રસંગો સંભારી મહારાજનું ધ્યાન કરીએ છીએ.'' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''એ તો સ્મૃતિ કહેવાય પણ ધ્યાન ન કહેવાય. ધ્યાન તો ત્રણ દેહ ને ત્રણ અવસ્થા જીતી પોતાના આત્માને બ્રહ્મરૂપ માની મહારાજના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તેને કહેવાય. શરીર ઉપર જીવ-જંતુ ચડે તો પણ સ્થૂળ દેહને હલવા દેવું નહી. સંકલ્પ-વિકલ્પોથી સૂક્ષ્મ દેહને ક્ષોભ પામવા દેવું નહી. આળસ, નિંદ્રા વગેરે ભાવો જીતી કારણ દેહથી પર થવાય ત્યારે જ પ્રકૃતિપુરુષથી પર અક્ષરાતીત મહારાજના સ્વરૂપનું ધ્યાન સિદ્ધ થાય.''

પ્રસંગ-૧૩ વૈષ્ણવ બાઈ ભ.સ્વા.ને જાદુગર માનતી. અનુભવ કરાવ્યો તો બી માયા ન છૂટી..

મહારાજ જીરણગઢમાં થોડા દિવસ રહ્યા. ગોકળદાસ ભાટિયાને ઈચ્છા થઈ કે મહારાજને આપણે ઘેર બોલાવીએ. મહારાજ માટે શુદ્ધ રસોઈ તેમણે તૈયાર કરાવી.

તેમની માને સત્સંગ પ્રત્યે દ્વેષ હતો. તે સ્વામિનારાયણને જાદુગરા કહેતી. નવો પંથ ચલાવ્યો છે તેવું પણ કહેતી. વૈષ્ણવ મતને છોડીને તેનો દિકરો સત્સંગી થયો તે તેને ગમ્યુ નથી.

આજે તેણે નક્કિ કર્યુ, સ્વામિનારાયણ ભલે ઘરે આવે પણ મારે તેનું મોઢુ જોવુ નથી. મહારાજ પધાર્યા પણ ડોસી સંતાઈ ગઈ. મહારાજ આ જાણી હસવા લાગ્યા. સાથેના સંતોએ પૂછયું, મહારાજ, કેમ હસો છો ? મહારાજે હસતા હસતા કહ્યું, આ ગોકળની માને અમારું મોઢુ જોવુ નથી તે સંતાઈ ગઈ છે. પણ તે ક્યાં જાણે છે કે, અમે તો ચાર ચક્ષુ ભેગા ન થાય તો પણ અંતરમાં પેસી જઈએ એવા છીએ.

પછી મહારાજ હાથ-પગ ધોઈ બાજોટ ઉપર બિરાજયા. બ્રહ્મચારી થાળ લાવ્યા. મહારાજ ભાવથી જમ્યા. બ્રહ્મચારીએ મુખવાસ આપ્યો. સંતો જમી રહ્યા ત્યાં સુધી મહારાજ બિરાજયા. પછી ઉતારે જવા ઉઠ્યા. મહારાજ અને સંતો ઘરની બહાર નીકળ્યા. એટલે ગોકળની માએ જરાક ખડકી ઉઘાડી ને મહારાજ સામે જોઈ લીધું. મહારાજે પણ તે જ વખતે તેના ઉપર દ્દષ્ટિ કરી દીધી અને મહારાજની મૂર્તિ તેના અંતરમાં પેસી ગઈ.

જેમના સ્વરૂપની અંતરમાં ઝાંખી કરવા મોટા મોટા મૂનિઓ તપ કરીને દેહ દમે છે તે સ્વરૂપનું શ્રીજી ઈચ્છાથી અંતરમાં ને બહાર જયાં જયાં દ્દષ્ટિ જાય ત્યાં ગોકળની માને દર્શન થવા લાગ્યા. પણ આ દર્શનથી તે અકળાઈ ગઈ. તેને લાગ્યુ કે, સ્વામિનારાયણે તેના ઉપર કામણ કર્યુ છે. તેની મુંઝવણ વધી ગઈ. કોઈપણ ઉપાય કરીને આ મૂર્તિ અંતરમાં અને બહાર દ્દષ્ટિ આગળ દેખાતી બંધ થાય તેવો વિચાર તેઓ કરવા લાગી. તેમાં તેને એકાએક સૂઝ્યુ, સ્વામિનારાયણને ન માનનારા હોય તેની પાસે જાઓ. તે બાજુના ઘરમાં ગઈ. તેણે ઉપાય બતાવતા કહ્યું, ''માજી, સ્વામિનારાયણને લસણ-ડુંગળીની સૂગ છે. તે તમે ખાવા મંડો એટલે આપોઆપ સ્વામિનારાયણ દેખાતા બંધ જશે.''

ડોશીમા આ સાંભળી રાજી થયા ! ઘરે જઈને ડોશીમાએ આ ઉપાય અજમાવ્યો અને મહારાજને તેને દેખાતા બંધ થઈ ગયા.

વૈરાટ બ્રહ્માએ પોતાના પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી સ્તુતિ કરી ત્યારે અક્ષરધામાધિપતિ ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ થટા અને મનુષ્યોને નયનગોચર બન્યા. ગોકળની મા જેવી એક સામાન્ય સ્ત્રી તરફ દ્દષ્ટિ કરી તેના અંતરમાં બેસી ગયા તે તો તેમની અનવધિકાતિશય કૃપા જ કહેવાય ! પરંતુ સાથે સાથે માયાનું પણ જોર એટલું જ હતું કે એ ભગવાનને અંતરમાં કે બહાર ક્યાંઈ ટકવા જ ન દેવા. ગોકળની મા એ માયાની ઝપટમાં, તેના જાળામાં પેઠી અને દિવ્ય સુખથી વંચિત થઈ ગઈ !

પ્રસંગ-૧૪

વીસનગરના ભક્તને પડત દુઃખની વાતથી મહારાજના અંતરમાં અત્યંત ઉદાસીનતા છવાઈ ગઈ હતી. ખાવા-પીવામાં તથા બેસવા, ઉઠવામાં આ ભાવ જણાવવા લાગ્યો હતો. બ્રહ્મચારી તથા જીવુબા- લાડુબાને મહારાજની ચેષ્ટા ઉપરથી એવું લાગ્યું કે સાવધાન રહેવુ પડશે. કે મહારાજ જતા તો નહી રહે ને..

અને બન્યુ પણ એવુંજ. મહારાજ એક રાત્રે મધરાત્રે ઉઠી ધીમા પગલે અક્ષર ઓરડીમાંથી નીકળી ગયા. સહુને નિંદ્રાનું ધારણ વળી ગયુ હતુ. એટલે કોઈને ખબર પડી નહી. મહારાજ દરબારગઢની બહાર નીકળી ગયા.

પરંતુ બ્રહ્મચારી એકાએક જાગી ગયા. તેમણે મહારાજના પલંગ તરફ દૃષ્ટિ કરી. પલંગ ખાલી હતો. તેમને ફાળ પડી. નક્કિ મહારાજ ચાલ્યા ગયા. શરીરમાં ધ્રુજારી છૂટી ગઈ. કાંઈ સૂઝ્યુ નહી. પણ એક ક્ષણમાં સ્વસ્થ થઈ ગયા. તેમને લાગ્યુ કે, આમ હતાશ થવાય તો મહારાજ આઘા ને આઘા નીકળી જશે. જ્યાં રોઝો ઘોડો બંધાતો ત્યાં ગયા. પણ રોઝો તો ત્યાં જ હતો. તેથી લાગ્યુ કે મહારાજ ચાલતા નીકળી ગયા હશે. તેમણે પણ તરતજ દોટ મૂકી.

પરોઢ થવા આવ્યુ હતુ એટલે દરબારગઢની ડેલીની બારી ઉઘાડી હતી. તે ઝડપથી બારીમાંથી નીકળી મૂઠ્ઠી વાળીને દોડ્યા. કોઈનો સાથ સાંભળવા રહ્યા નહી. તેમને લાગ્યુ કે મહારાજ એબલબાપુના બીડના માર્ગેજ સદા જાય છે. તેથી તે રસ્તેજ તેઓ દોડ્યા. સ્વાસભેર દોડતા તેમને દૂર મહારાજને પણ ઝડપથી ચાલતા જોયા. તેમના હૈયામાં પ્રાણ આવ્યું. તેમણે ત્યાંથી જ બૂમ મારી, ''ઓ મહારાજ ! ઓ પ્રભુ ! આપ એકલા ક્યા ચાલ્યા જાઓ છો ?''

દૂરથી આવતી આ બૂમ સાંભળી મહારાજે પાછળ જોયુ. તેમણે બ્રહ્મચારીને જોયા. તેમને લાગ્યું કે, બ્રહ્મચારી પીછો છોડે એવા નથી. તેથી તેમણે નીચા વળી હાથમાં ઢેખાળા લીધા અને બ્રહ્મચારી તરફ ફેંકવા લાગ્યા. પરંતુ તેમનીજ ઈચ્છાથી બ્રહ્મચારી આગાપાછા તરી જતા. એટલે એક પણ ઢેખાળો તેમને વાગ્યો નહી. છતાં તેઓ દોડતા જ રહ્યા. એટલા માટે મહારાજ પાસે પહોંચી ગયા.

તેમને પાસે આવેલા જોઈને મહારાજ ફરી નીચા વળ્યા. હાથમાં ઢેખાળો લીધો. ત્યારે બ્રહ્મચારીએ હાથ જોડીને કહ્યું, પ્રભુ ! ઢેખાળો મારશો કે ગમે તે કરશો પણ આપને લીધા સિવાય હું ગઢપુરમાં પાછો જવાનો નથી. મહારાજ જાણતા હતા કે બ્રહ્મચારી એમની કાયાની છાયા જેવા હતા. તેથી કોઈ રીતે પાછા જશે નહી. તેમણે કહ્યું, ''વીસનગરનો સૂબો આપણા હરિભક્તોને દુઃખ દેશે તેથી હું ત્યાં જઉં છું.''

આ સાંભળી બ્રહ્મચારીને આશ્ચર્ય થયું. તેણે હાથ જોડી કહ્યું, ''અરે પ્રભુ ! તે તો મહા દ્વેષી છે. આપ ત્યાં એકલા જઈને શું કરશો. તે તો બોલે છે કે, સ્વામિનારાયણ જો અહીં આવે તો હું તેને કેદમાં પૂરી દઈશ.'' મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, ''બ્રહ્મચારી તમે અમને શું સમજો છો ?'' મહારાજ! આપ ભગવાન છો ! તો પછી સૂબાના નાડી-પ્રાણ કોના હાથમાં છે ? મહારાજના આ પ્રશ્નનો ઉત્તર બ્રહ્મચારી આપી શક્યા નહી. મહારાજે બ્રહ્મચારીને માથે હાથ ફેરવ્યો. તેમણે કહ્યું, ''ભક્તોના દુઃખની વહારે તો જવું જોઈએ ન ! એ તો અમારું બિરુદ છે.'' એટલું કહીને મહારાજે બ્રહ્મચારીનો હાથ પકડ્યો અને આગળ વાટ પકડી.

મહારાજ વીસનગર પહોંચી ગયા. મહારાજ લાલદાસ સૂબાની બેન ઉદયકુંવરને ત્યાં ઉતર્યા. ઉદયકુંવર મહારાજને એકલા આવેલા જોઈ મૂંઝાઈ ગયા. તેમણે મહારાજને કહ્યું, મહારાજ ! મારો ભાઈ તો આપનો કટ્ટર દ્વેષી છે અને આપને પકડીને કેદમાં પૂરવાના મનોરથો સેવે છે. તેથી કોઈ કાઠી અસવારોને સાથે લીધા સિવાય આપ એકલા કેમ અહીં પધાર્યા.

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, પહેલા તો કાંઈ જમવાનું હોય તો જલ્દી લાવો. અમને ખૂબ ભૂખ લાગી છે. વળી લાંબા પથનો થાક લાગ્યો છે. એટલે જમીને તરત જ સૂઈ જઈશું. તમારા ભાઈની વાત આપણે સવારે કરીશું. પરંતુ ઉદયકુંવર મહારાજની આ વાતથી અસ્વસ્થ થઈ ગયા. તરત જ ઉઠ્યા અને પોતાના ઘરના કમાળ, બારી, બારણા બધુ જ બંધ કરી દીધું. મહારાજ થાળ જમ્યા. બ્રહ્મચારીને પ્રસાદી આપી.

મહારાજે ઉદયકુંવરના પુત્ર બળદેવને કહ્યું, સવારે મામાને ખબર આપજો કે, સ્વામિનારાયણ આવ્યા છે. મહારાજને એકલા આવેલા જોઈ બળદેવ પણ અસ્વસ્થ થઈ ગયો હતો. મહારાજ આ તો વાઘની બોડમાં હાથ નાખવા જેવું છે. મારો મામો તો પચાસ આરબોની ફોજ રાખીને તમને કેદ કરવા ફરે છે. તેથી તેમને આ સમાચાર આપવા ઠીક નથી.

મહારાજે તેની આ અસ્વસ્થ દશામાં તેમના પ્રત્યેની ભક્તિ નિહાળી છતાં જ્ઞાનના અભાવથી તે ભક્તિમાં પરમાત્માના મહિમાની દૃષ્ટિ નહોતી. તેમના મનુષ્યભાવમાં પણ દિવ્યતા દેખવાની દૃષ્ટિમાં જ પરાભક્તિની સિદ્ધી છે. મહારાજે તેમની મૂંઝવણનું ઉકેલ લાવતા કહ્યું, હમણા તો સૂઈ જાઓ કાલે વાત. બળદેવે સવારે પોતાના મામા લાલદાસ સૂબાની મહારાજ પધાર્યા છે આ સાંભળી તે ધૂંવાપૂવાં થઈ ગયા. તેનો નિષ્કારણ ક્રોધ જોઈ બળદેવે કહ્યું, મામા ! શા માટે આટલા ગુસ્સે થાઓ છો ? મહારાજે કહેવડાવ્યું છે કે, ''તમે તેને મળવા આવો. કા, તેઓ તમને અહીં દર્શન દેવા આવે.''

આ સાંભળી લાલદાસ વધુ ગુસ્સે થયો. તેણે કહ્યું, ''ભાણા તારા સ્વામિનારાયણને પહેલા મારા આરબોના દર્શન થશે. તે તેમને પકડશે અને એ રીતે તારા ભગવાન મારી પાસે આવશે સમજ્યો.'' બળદેવ મામાનો ગુસ્સો જોઈ હસવા લાગ્યો. તેણે કહ્યું, મામા ! તમારી વાત તો મારા ભેજામાં બેસતી નથી પણ મારી વાત તમારે સમજવી પડશે. લાલદાસને ભાણાના આ શબ્દોની ઝાળ લાગી. તેણે તેના આરબ જમાદારને બોલાવ્યો. તેણે કહ્યું, આ ભાણાની સાથે ૩૦ આરબોની ટુકડી લઈને જાઓ. તેની ઘરે સ્વામિનારાયણ આવ્યા છે. તેમને પકડીને દોરડે બાંધીને અહીં લઈ આવ. જો જે ગફલત થાય નહી. જમાદાર સલામ કરીને પાછો વળતો હતો ત્યાં બળદેવે કહ્યું, મામા ! ૩૦ આરબની શું જરૂર છે ? મહારાજ તો એકલાજ છે. તેની સાથે ફક્ત એક બ્રહ્મચારી જ છે.

તમારા જેવા બીજા ચાંદલાવાળા ધમાલ કરે એટલે ૩૦ જણની જરૂર છે જ. લાલદાસે મક્કમતાથી કહ્યું, બળદેવ ! હસવા લાગ્યો. તેણે કહ્યું, મામા ! મહારાજની સાથે આરબોની એક નહી પણ અસંખ્ય બેરક મોકલશો તો પણ તમે પાછા પડી જશો. એટલું સમજો કે તમે ભગવાન સાથે બાથ ભીડો છો.

લાલદાસ આ સાંભળી તોછડો હસ્યો. આ બાજુ મહારાજે બ્રહ્મચારીને કહ્યું, બ્રહ્મચારી ! તમે તૈયાર થાઓ. આરબો આપણને પકડવા આવે છે. બ્રહ્મચારી આ સાંભળી ઉશ્કેરાયા. મહારાજ હસવા લાગ્યા. મહારાજે કહ્યું, અત્યારે બળનું કામ નથી પણ કળનું કામ છે. તમારે ફક્ત કોપિન જ શરીર ઉપર રાખવી. બીજા વસ્ત્રો કાઢી નાખવા. આખા શરીરે ભસ્મ લગાડવી અને અહીં આ સોટી લઈને વીર આસનવાળીને બેસી જવાનું છે. ઝટ તૈયાર થાઓ.

મહારાજની આજ્ઞા પ્રમાણે બ્રહ્મચારી તૈયાર થઈને આવ્યા. મહારાજે તેમના હાથમાં સોટી આપી. મહારાજે તેમને કહ્યું, હવે હું જેના તરફ ઈશારો કરું તેને આ સોટી તમે અડાડજો. બ્રહ્મચારી મહારાજની આજ્ઞા પ્રમાણે વીર આસને બેસી ગયા.

એટલામાં આરબ જમાદાર ૩૦ આરબની ફોજ લઈને ત્યાં આવ્યો. તેણે પૂછ્યું, સ્વામિનારાયણ કોણ છે ? મહારાજે કહ્યું, અમે સ્વામિનારાયણ છીએ. એટલે તરતજ તેણે તેના આરબોને કહ્યું, આમને પકડો. મહારાજે બ્રહ્મચારીને ઈશારો કર્યો એટલે બ્રહ્મચારીએ જમાદાર ઉપર સોટી અડાડી એટલે તરત જ તે જમીન ઉપર પડી ગયો. તેને સમાધિ થઈ ગઈ. બીજા આરબ સિપાઈઓ પોતાના જમાદારને આ રીતે પડી ગયેલો જોઈ ઘભરાયા. એટલે મહારાજે બ્રહ્મચારીને ઈશારો કર્યો

એટલે તેણે જમાદારના શરીર ઉપર સોટી ફરી અડાડી. જમાદાર તરતજ સમાધિમાંથી જાગ્રત થઈ ગયો, તે ઊભો થઈ ગયો. મહારાજના ચરણ પાસે કુર્નિશ કરીને બેસી ગયો. તેણે હાથ જોડી ગદ્‌ગદ કંઠે કહ્યું, ‘‘આપ તો સાક્ષાત ખુદા છો. મેં અજાણતાં આપનો અપરાધ કર્યો છે તો મને માફ કરો.’’

મહારાજે તેને આશીર્વાદ આપ્યા. સત્સંગીઓ સહુ મહારાજનો પ્રતાપ જોઈ રાજી થઈ ગયા. ઉદયકુંવરબાનો શ્વાસ હેઠો બેઠો !

જમાદાર પોતાની ટુકડી લઈને સૂબા પાસે ગયો. તેણે સૂબાને કહ્યું, ‘‘સરકાર ! સ્વામિનારાયણ તો ખુદા છે. મને દર્શન થયા. એ ઓલ્યા પુરુષને તમે ઓળખી લો. તેમની સામે બાથ ભીડવી રહેવા દ્યો.’’ લાલદાસ આ સાંભળી એકદમ ઉશ્કેરાયો. ‘‘તું મારા લશ્કરનો માણસ છું. મારા હુકમનો અમલ નહી કરે તો તેનું શું પરિણામ આવશે તે જાણે છે ?’’ લાલદાસે હાથ ઘસતા કહ્યું.

સરકાર ! હું લશ્કરનો આદમી છું તેથી મારે શત્રુના લશ્કર સાથે લડવા જવાનું હોય, ખુદા સાથે નહી. જમાદારે હિંમતથી કહ્યું.

એટલામાં મહારાજ બ્રહ્મચારીને લઈને ત્યાં પધાર્યા. બ્રહ્મચારીનો વર્ણિવેશ જોઈ સૂબો એકદમ ઊભો થઈ ગયો. તેનાથી હાથ જોડાઈ ગયા. મહારાજ લાલદાસની જ ગાદી ઉપર બેસી ગયા. વર્ણીને પણ બાજુમાં બેસાડ્યા. મહારાજે સૂબાને પૂછ્યું, ‘‘તમે લાલદાસ ? તમે અહીંના સૂબા ?’’ લાલદાસ લાલચોર થઈને બોલ્યો. તેને ક્યાં બેસવુ તે સૂઝ્યુ નહી. તે ઊભો જ રહ્યો. મહારાજે કહ્યું, ‘‘તમે દેસાઈ કુળના વીસનગરા બ્રાહ્મણ જેવા ઉચ્ચ કુટુંબમાં જન્મેલા આ સંસ્કારી થઈ અમારા ઉપર દ્વેષ રાખો છો ? લાલદાસને આ સાંભળી મૂંઝવણ થઈ. તે વર્ણીને સ્વામિનારાયણ સમજતો હતો. તમે સ્વામિનારાયણ ? કલ્યાણની કે સ્વર્ગની કે નરકની વાતો કરી તમે ભોળા માણસોને ભરમાવજો. અમારા જેવા તમારી જાળમાં નહી આવે.’’ ‘‘અમારે તમને જાળમાં નથી લેવા બંધનમાં લેવા છે.’’ મહારાજે કહ્યું, એ બધી તમારી શબ્દની જાળ છે. હું તેમાં ફસાવવાનો નથી. સ્વર્ગની ને નરકની વાતો હું ગોળીને પી ગયો છું, સમજ્યા ? મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, પી ગયા છો એટલું સારુ છે. પેટમાં ઉતરેલુ ક્યારેક પ્રગટ થશે. એમ કહી મહારાજે તેના સામે દ્દષ્ટિ કરી સૂબો તરત જ ત્યાં ઢળી પડ્યો. તેના અમલદારો, નોકરો બધા આ જોઈ રહ્યા.

સૂબાની મહારાજની દ્દષ્ટિથી સમાધિ થઈ. તેને સમાધિમાં જમપુરી દેખાણી. સૂબાનો સૂક્ષ્મ દેહ યમપુરીમાં પહોંચ્યો. યમદૂતો તેના પાપ જાણતા હતા. સાધુ, સંતોને તે પીડતો હતો. સત્સંગીઓને ઉન્હાળામાં તાપમાં કલાકો સુધી તળકે ઊભા રાખતો હતો. મહારાજની ઈચ્છા હતી કે પાપનું ફળ ચખાડવા. યમપુરી એ કલ્પના નથી. પરંતુ હકિકતમાં સત્ય છે. તેની પ્રતિતી કરાવવા યમદૂતો તેને લોઢાના મૂદગલથી મારવા મંડ્યા. તેના સૂક્ષ્મ દેહને માર પડે અને અહીં તેનો સ્થૂળ દેહ ઉછરે. સૂબો આ મારથી ત્રાસી ગયો. તેની વેદના અસહ્ય હતી. તે વેદનાની બૂમો બધા સાંભળતા હતા. મહારાજને તેની દયા આવી. દ્દષ્ટિ કરી ને તે જાગ્રત થયો.

મહારાજને સામે બેઠેલા જોઈ તે ઉઠ્યો. અને મહારાજના ચરણારવિંદમાં પડી ગયો. તેણે મહારાજના બન્ને ચરણ પકડીને કહ્યું, મહારાજ સ્વર્ગ અને નરક ! હું મિથ્યા માનતો હતો પણ તેની યાત્ના મેં ભોગવી લીધી. શાસ્ત્રના વચનો સત્ય છે. આપની વાત પણ સત્ય છે. પ્રભુ મારા અપરાધ માફ કરો. મેં તમારા સત્સંગીઓને બહુ ત્રાસ આપ્યા છે. તેમને તળકે ઊભા રાખ્યા છે. ન્યાત બહાર મૂકાવ્યા છે. સામાજિક બહિષ્કાર કરાવ્યો છે. એવા નિર્દોષ અને પવિત્ર ભક્તો ઉપર ઘણુ ઘણુ ગુજાર્યુ છે. આ પાપનું ફળ મને મળ્યું છે. આપ પરમાત્મા છો તેની આપે મને પ્રતિતી કરાવી. શાસ્ત્રોના વચનોમાં શ્રદ્ધા બેસાડી.

પછી તેણે મહારાજનું પૂજન કર્યુ. ભારે ભારે વસ્ત્રો તથા આભૂષણો ધરાવ્યા. થાળ ભરી રૂપિયા ભેટ આપ્યા. રૂપિયાનો થાળ જોઈ મહારાજે તેને કહ્યું, ‘‘લાલદાસ ! આ રૂપિયા તો અમારે જોઈતા નથી. તેમાંથી બ્રાહ્મણોની ચોરાસી કરી સહુને જમાડો.’’ ‘‘એ તો હું કાલે જ જમાડીશ. બ્રાહ્મણોની ભેગા સત્સંગીઓને પણ જમાડવા છે. મારા પાપનું પ્રાયશ્ચિત કરવુ છે. પણ આ રૂપિયા તો આપ જ રાખો.’’

મહારાજે કહ્યું, ‘‘ભલે અમે બધા સત્સંગીઓને તે રૂપિયા વહેંચી દઈશું.’’

લાલદાસે કહ્યું, ‘‘તો તો હું બહુ જ રાજી.’’

પ્રસંગ-૧૫ શોભારામ ચાર દિવસમાં આંધળો થયો..

બીજે દિવસે લાલદાસે બ્રાહ્મણોની ચોરાસી કરી. બ્રાહ્મણોની જમાડ્યા. સત્સંગીઓને પણ જમાડ્યા.

પછી તેણે મહારાજને કહ્યું, ‘‘મહારાજ ! આ બધા સત્સંગીઓને અમારા શોભારામે ન્યાત બહાર કરાવ્યા છે. એટલે સૌને પાછા ન્યાતમાં લેવાનો હુકમ આપી દઉં છું. શોભારામે એ પાપ તો કર્યુ પણ ઊલટું એમ કહ્યું કે ‘સ્વામિનારાયણનો હું આટલો દ્રોહ કરું છું પરંતુ જો તે ખરેખર ભગવાન હોય તો મને તેનું ફળ મળે ને ?’ એટલે સત્સંગીઓએ તેને પૂછ્યું, ‘તારે શું ફળ જોઈએ છે ?’ તેણે છાતીએ હાથ દઈને કહ્યું, ‘જો તે ભગવાન હોય તો હું આઠ દિવસમાં આંધળો થાઉં.’ તેની આવી મૂર્ખાઈભરી વાત સાંભળી સત્સંગીઓએ તેને કહ્યું, ‘આંધળા થવાનું શું માંગે છે ? કાંઈક લાભ થાય એવું માંગ ને ?’ પણ તે તો મક્કમ જ રહ્યો.’

આ સાંભળી મહારાજે પૂછ્યું, ‘‘પછી શું થયું ?’

‘‘તે આઠ દિવસને બદલે ચાર દિવસમાં જ આંધળો થયો.’’

તે સાંભળી મહારાજ એકદમ બોલી ઊઠ્યા, ‘‘અરરર, અમારે લીધે તે આંધળો થયો ? બહુ ખોટુ થયું ! આપણે તેને ઘરે તેને જોવા જવું પડશે.’’

લાલદાસ સૂબાને તથા તેના ભાણેજ બળદેવને લઈને મહારાજ શોભારામને ઘરે ગયા. બહારથી કહેવરાવ્યું કે સ્વામિનારાયણ તને આશીર્વાદ દેવા આવ્યા છે. તે વખતે તે જમતો હતો. તેણે કહેવરાવ્યું કે સ્વામિનારાયણના આશીર્વાદ મારે જોઈતા નથી. તે જોવા આવ્યા છે તેવા જ પાછા જાય. મહારાજ આ સાંભળી ‘હરિ હરિ’ બોલતા પાછા વળી ગયા.

મહારાજ વીસનગરમાં ત્યાંના સત્સંગીઓને શાંતિ આપવા વિશેષ રોકાવાના હતા. પરંતુ એક દિવસ સવારે તેમણે નક્કી કરીને બ્રહ્મચારીને કહ્યું, ‘‘હમણા ને હમણા જ આપણે નીકળવું પડશે.’’

બ્રહ્મચારી તૈયાર જ હતા. પરંતુ ઉદયકુંવરબા તથા બીજા હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરી, ‘‘મહારાજ ! થોડું વધારે રહ્યા હોત તો લાલદાસને સત્સંગ પાકો થઈ જાત.’’

મહારાજે કહ્યું, ‘‘તમારા ભાઈના સંસ્કાર ઊઘડ્યા છે. તમે સહન કર્યું તેનું ફળ તેને મળ્યું છે. હવે તેને સત્સંગ દૃઢ થશે અને શોભારામ તમને કાંઈ કરી શકશે નહી. હવે આજે અમારે નીકળવું જ જોઈએ. નાજા જોગિયાને દુઃખ આવ્યું છે તેનું નિવારણ કરવા અમારે જવું પડશે.’’ એટલું બોલીને મહારાજ ઊભા થઈ ગયા. બ્રહ્મચારી પણ તૈયાર જ હતા. મહારાજ ચાલી નીકળ્યા.

પ્રસંગ-૧૬ મહારાજ નાજા જોગિયાની વહારે..

મહારાજ વઢવાણ પધાર્યા. પણ ભોગાવો બે કાંઠામાં હતો. મહારાજે બ્રહ્મચારીને કહ્યું, ''બ્રહ્મચારી ! તમે આ કાંઠે આ દેરીમાં રહો અને પૂર ઊતરે ત્યારે આવજો. અમે તો તરવૈયા છીએ એટલે હમણાં જ પાર ઊતરી જશું.''

બ્રહ્મચારી જોતા રહ્યા અને મહારાજે ભોગાવામાં પ્રવેશ કર્યો. પૂરનો ઘૂઘવાટ ભલભલાની છાતી બેસારી દે તેવો હતો. મહારાજ જાણે ભોગાવામાં પાણી ઉપર ચાલતા હોય તેમ સડસડાટ સામે કિનારે પહોંચી ગયા ! કિનારા ઉપર સૌ જોઈ રહ્યા.

મહારાજને વઢવાણના ચોકમાં ત્યાંના ભાણજી મહેતાએ જોયા. તેમને લાગ્યું કે આ કોઈક અલૌકિક પુરુષ છે. એટલે મહારાજને તેમણે પૂછ્યું, ''આપ ક્યાંથી આવો છો ?''

મહારાજે કહ્યું, ''અમે વીસનગરથી આવીએ છીએ. અમારા ગુરુજી સાથે હતા. તે સામે કાંઠે દેરીમાં રહ્યા છે. જો તરાપો મોકલો તો અહીં આવી જાય.''

ભાણજી મહેતા વડનગરા નાગર હતા, વિચક્ષણ હતા. તેમને લાગ્યું કે આ પુરુષ જો આવા અલૌકિક દેખાય છે તો તેમના ગુરુજી કેવા હશે ? તેમણે તરત જ તરાપો સામે કાંઠે મોકલાવ્યો અને બ્રહ્મચારીને તેડી લાવ્યા.

બ્રહ્મચારી આવ્યા એટલે ભાણજી મહેતાએ તેમને કહ્યું, ''ગુરુજી ! તમારા શિષ્યે અમને તમારા ખબર આપ્યા એટલે તરાપો અમે મોકલ્યો. તમને ખરેખરા શિષ્ય મળી ગયા છે.''

આ સાંભળી બ્રહ્મચારી શરમાઈ ગયા. તેમણે કહ્યું, ''ભાઈ ! ગુરુ તો તે છે અને હું તો તેમનો સેવક છું, તમે જાણો છો એ ગુરુજી કોણ છે ?''

ભાણજી મહેતાને આ સાંભળી આશ્ચર્ય થયું ! સાથે સાથે ગુરુમાં જે નમ્રતા હોવી જોઈએ, શિષ્ય પ્રત્યે જે ભાવના હોવી જોઈએ તે તેમણે મહારાજમાં જોઈ. તેને પ્રતીતિ થઈ કે જરૂર બ્રહ્મચારીના તે ગુરુ હોવા જોઈએ.

તેમણે પૂછ્યું, ''તમારા ગુરુની મને ઓળખાણ આપો. મારે ઘરે પધાર્યા છે પણ શિષ્ય તરીકે રહ્યા એટલે ઝાઝી જિજ્ઞાસા જાગી નહી. મને તો ગુરુને તમને મળવાની જિજ્ઞાસા થઈ હતી.''

બ્રહ્મચારીએ કહ્યું, ''ભાણજી મહેતા ! અમારા આ ગુરુજી એ સ્વામિનારાયણ ભગવાન સ્વયં છે. પૃથ્વી ઉપર આજે પુરુષોત્તમ પ્રગટ થયા છે, તે જ આ સ્વામિનારાયણ ભગવાન !''

ભાણજી મહેતા આ સાંભળી આનંદમાં અવાક્ બની ગયા ! જેમની પધરામણી પોતાના ગામમાં પોતાને ઘરે કરાવવા લોકો ઝંખે, તેને માટે પડાપડી કરે, પોતાને ત્યાં પધારે તેને પોતાનું અતિ સદ્ભાગ્ય માને, તે સ્વામિનારાયણ ભગવાન આજ મારે ત્યાં સામે ચાલીને આવ્યા ! તરત જ તે બ્રહ્મચારીના પગમાં પડી ગયા. તેમણે હાથ જોડી કહ્યું, ''બ્રહ્મચારી મહારાજ ! મારાં આજ બહુ મોટાં ભાગ્ય જાગ્યા છે. આજે હું ધન્ય બની ગયો છું કે મારે ત્યાં પુરુષોત્તમ નારાયણ સ્વયં પધાર્યા. અંધારામાં વીજળી ઝબૂકી ગઈ ! તમે ઓળખાણ ન પાડી હોત તો મારા પશ્ચાતાપનો પાર ન રહેત.''

એટલું કહી તે મહારાજ પાસે ગયા. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને કહ્યું, ''પ્રભુ ! તમે તો મને છેતરવાનું કર્યું. પરંતુ આપની કૃપાથક્ષ મારા સંસ્કાર જાગ્યા ને આ બ્રહ્મચારીએ મને આપ કોણ છો તે કહ્યું, હવે તો અહીંથી જાવા દઈશ જ નહી.''

તેનો ભાવ જોઈ મહારાજે કહ્યું, ''જુઓ, અમારા ભક્ત દુઃખમાં આવ્યા છે. તેમને છોડાવવા માટે અમારે અહીંથી જલદી જવું જ જોઈએ. કાલ સવાર સુધીમાં જો ન પહોંચીએ તો તે ભક્તનો દેહ પડી જશે.''

ભાણજી મહેતાને આ સાંભળી આશ્ચર્ય થયું ! તેણે કહ્યું, ''પ્રભુ ! આપ તો આપના ભક્તની અંતરની પ્રાર્થના સાંભળીને તેની પાસે પહોંચી જાઓ, મારા અંતરમાં પણ એવી ઝંખના થતી હશે એટલે જ આપ પધાર્યા. પણ આપ કહો એ ભક્તને શું દુઃખ આવ્યું છે ?''

મહારાજે વાત શરૂ કરી, ''ગઢડા પાસે લાખણકા ગામના નાજા જોગિયા, સત્સંગના કારણે ગામના લોકોના દ્વેષથી લાખણકા છોડીને ભડલી ગયા. ત્યાંનો ભાણખાચર પણ સત્સંગનો ભારે દ્વેષી. ગઢડા સાથેની તકરારને લીધે અમારી સામે પણ તેણે વેર બાંધ્યું. પણ તે પૂરો બ્રહ્મચારી ! તેના બ્રહ્મચર્યના ગુણને લીધે અમનેય તેના દર્શન કરવાની ઈચ્છા થઈ ગઈ. નાજા જોગિયાને તેણે ઉપાધિ કરી એટલે ત્યાંથી નીકળી તે ભોંયરા ગયા. ભોંયરાના કાઠી દરબાર વાસુરખાચરનો ગામમાં જબરો કડપ. કોઈ ચોરી કરતાં કે ખૂબ કરતાં પકડાયો તો તેના બંને ઢીંચણ ભાંગી નાખે. બીજી કોઈ સજા ન કરે. આવો તો ઘાતકી છે. તેણે અમારી વાત સાંભળી, અમને નાજો ભગવાન માને છે એ જાણ્યું. એટલે તેના આસુરી ભાવે પણ જોર કર્યું. તેણે નાજા જોગિયાને બોલાવ્યા અને પૂછ્યું, ''તારા સ્વામિનારાયણ હમણાં ક્યાં છે ?''

''નાજાને ખબર મળ્યા હતા કે અમે વીસનગર ગયા છીએ. એટલે તેણે કહ્યું, 'મહારાજ ! હાલ ગુજરાતમાં વીસનગર છે.'

'તે વીસનગર હોય કે ગમે ત્યાં હોય નાજા ! તે જો ભગવાન હોય તો કાલ સવારે આંહીં હાજર થઈ જવા જોઈએ નહીં તો સમજી લેજે કે તારા પણ ઢીંચણ ભાંગી જશે.' વાસુરે જોરથી કહ્યું.

''નાજો ધ્રૂજી ગયો. તેને લાગ્યું કે જરૂર આ અસુર ઢીંચણ ભાંગશે. તે બીજું તો શું બોલે પણ મનોમન પ્રાર્થના કરવા લાગ્યો. તેની પ્રાર્થનાના શબ્દો અમારે કાને પહોંચી ગયા અને અમે વીસનગરથી નીકળી ગયા. હવે વખત થોડો છે અને મજલ લાંબી છે. માટે રોકાવાની તાણ કરશો નહીં.''

ભાણજી મહેતાની આંખમાંથી આંસુ પડવા માંડ્યા. તેને લાગ્યું કે દુનિયામાં આવા અસુરો, ભક્તોનો તથા સત્સંગનો દ્વેષ કરવા જ પ્રગટ થતા હોય છે. પોતાના આસુરી બળોને પોષવા સત્સંગનો ધ્વંસ કરવાની તેમની મુરાદ મોળી પડતી નથી. ઈતિહાસે આવા અસુરોની નોંધ લીધી છે. તેનો નાશ થયો છે તે પણ નોંધ્યુ છે. છતાં ઈતિહાસનાં પાનાં પોતાના કારકિર્દીથી કોરાં ન રહી જાય તે જોવા માટે તેમની પ્રવૃત્તિઓ તેઓ સતત ચાલુ રાખતા જ હોય છે.

ભાણજી મહેતાએ મહારાજને કહ્યું, ''પ્રભુ ! આપ રસોઈ જમીને ખુશીથી પધારો. આ કામમાં અમારાથી આડા ન અવાય.''

બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કર્યો. મહારાજ જમવા બિરાજ્યા. ભાણજી મહેતાની સ્ત્રી મહારાજનાં દર્શન કરતી સામે બેઠી. તેણે મહારાજનાં દર્શન કર્યાં ને તેને તરત જ સ્મૃતિ થઈ આવી, ''અહો ! આ તો ગંગારામ મલ્લના ગુરુ ! તેમને ઘેર મેં જોયા હતા. તેમની કચ્છની લીલાની પણ ઘણી વાત સાંભળી છે.''

તેણે ભાણજી મહેતાને કહ્યું, ''આ તો સાક્ષાત ભગવાન છે. કચ્છમાં મેં તેમના દર્શન કર્યાં હતા.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, ''દર્શન ન ભૂલાય અને સ્મૃતિ રહે એ ભક્તિ ! આ પ્રસંગ પણ હૈયામાં સંઘરી રાખજો.''

મહારાજે જમી લીધું. ભાણજી મહેતાને થાળ આપ્યો. બ્રહ્મચારી પણ જમ્યા.

સાંજે મહારાજ વઢવાણથી નીકળી ગયા. તેમની ગતિ પવનવેગી હતી, બ્રહ્મચારીને તેમની પાછળ દોડવું પડતું. રસ્તામાં ભાદર નદી આવી. બે કાંઠામાં પાણી હતું. મહારાજે બ્રહ્મચારીને કહ્યું, ''તમે હવે આ ભાદરનું પાણી ઊતરે ત્યારે અહીંથી સીધા ભાદરે જજો. અમે તમને પછી મળીશું.''

બ્રહ્મચારીને થયું કે વરુણ દેવતા પણ મહારાજની આમાન્યા રાખતા નથી. તેમને મહારાજની બીક હતી, નહીં તો દેવતાઓને પણ ઠેકાણે લાવી દે એવી તેમની શક્તિ હતી. મહારાજ સામે પાર નીકળી ગયા અને વહેલી સવારે ભોંયરા પહોંચી ગયા !

મહારાજને ભોંયરાના પાદરમાં એક ચારણ મળ્યો. તેણે મહારાજનું સ્વરૂપ જોઈ પૂછયું, ''ક્રાંઈ દેવાંગી પુરુષ દેખાવ છો.''

મહારાજ આ સાંભળી હસ્યા. ચારણની બુદ્ધિની ગતિ દેવ અને દેવીઓથી આગળ જાય નહીં. તેમણે કહ્યું, ''અમે સ્વામિનારાયણ છીએ. આ ગામના દરબાર વાસુરખાચરને દર્શન દેવા આવ્યા છીએ. તમે દરબારને ખબર પહોંચાડજો કે નાજા જોગિયાના ભગવાન આવી ગયા છે.''

''તમે સ્વામિનારાયણ ? વાસુરખાચરને દર્શન દેવા આવ્યા છો ? મહારાજ ! ભલા થઈને પાછા જાઓ. વાસુર તો ભારે કલોંઠ અને ઘાતકી આદમી છે.'' ચારણે તરત જ કહ્યું, ''તેથી જ તો અમે આવ્યા છીએ ને ! એવા કલાંઠ અને ઘાતકી માણસને સીધા કરવા માટે તો અમે ગામોગામ ફરીએ છીએ. તમે આ સંદેશો તેને પહોંચાડી દેજો.'' એટલું કહી મહારાજ નાજાના ઘર તરફ વળ્યા.

પ્રસંગ-૧૭ સભામાં કોઈને ઝોલું આવે તો સોપારીનો બેરખો મારી મહારાજ સૌને જાગ્રત કરતા..

મહારાજ સભામાં કથા દરમ્યાન સહુને સાવધાન રાખતા. જો કોઈને ઝોલું આવે તો સોપારીનો બેરખો મારી સૌને જાગ્રત કરી દેતા. જેના પર બેરખો પડ્યો હોય તેને બેરખો ઊભા થઈને મહારાજને આપી આવવાનો નિયમ કરેલો.

બ્રહ્માનંદ સ્વામીને કથા પ્રસંગમાં ઝોલું આવ્યું ને મહારાજે તેમને બેરખો માર્યો. સ્વામી ઝબકી ગયા. તેમણે મહારાજને પૂછ્યું, મહારાજ તમે મને કેમ બેરખો માર્યો ? તમે ઝોલુ ખાધો એટલે. નિયમ એટલે નિયમ. પણ મહારાજ હું તો આંખો મિંચીને આપની મૂર્તિના કીર્તનોની પંક્તિઓ રચતો હતો. મહારાજ તેમની આ યુક્તિથી હસ્યા. તેમણે કહ્યું, ''તો બોલો તે કિર્તનની પંક્તિઓ.'' ''એક શરત મહારાજ ! હું બોલાવુ અને સભા ઝીલે.'' ''બધુ કબૂલ પણ તમે શરૂ કરો.'' બ્રહ્માનંદ સ્વામીએ શરૂ કર્યુ.

તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે,

કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે.

સભાએ આ પંક્તિ ઝીલી અને શીઘ્ર કવિ બ્રહ્માનંદ સ્વામીએ બીજી પંક્તિ રચી દીધી :

શિર અજબ કલંગી શોભતી, અલબેલા રે,

હૈડામાં રાખ્યા લાલ, રંગના રેલા રે.

સ્વામીની શીઘ્ર કવિત્વ શક્તિ ઉપર મહારાજ મુગ્ધ થઈ ગયા. તેમણે કહ્યું, ''સ્વામી ! અમારી ભૂલ થઈ ગઈ. અમારા સ્વરૂપનું અખંડ ચિંતવન કરતા તમારા જેવા સાધુનો અપરાધ થઈ ગયો !''

સ્વામી એકદમ બોલી ઊઠ્યા, ''ના રે, મહારાજ ! આપની કેમ ભૂલ થાય ? એ તો અમારો ચારણી જીવ તેથી એક પંક્તિ સભાજનો ઝીલે ત્યાં બીજી પંક્તિની રચના કરી દઈએ !'' મહારાજ તેમના આ નિષ્કપટ ભાવથી પ્રસન્ન થયા.

બીજે દિવસે મુક્તાનંદ સ્વામીને ઝોલું આવ્યું. મહારાજે તેમના ઉપર પણ બેરખો ફેંક્યો. સ્વામી ઝબકી ગયા ! એકદમ ઊભા થઈ મહારાજને પગે લાગી બેરખો આપી આવ્યા. મહારાજે તેમને કહ્યું, ''સ્વામી ! માફ કરજો. તમે તો અમારા પણ ગુરુ છો, પણ જો અમે પક્ષપાત કરીએ તો દઢતાપૂર્વક કોઈ નિયમ પાળે નહી.''

સ્વામીએ કહ્યું, ''મહારાજ ! નિયમના બંધનો સૌએ, પછી એ નાનો હોય કે મોટો, સ્વીકારવા જ જોઈએ. તો જ મુમુક્ષુ જીવોનું કલ્યાણ થાય.''

મહારાજ આ સાંભળી રાજી થયા.

તે સાંજે મુકુન્દ બ્રહ્મચારી સભામાં ઊંઘવા માંડ્યા. મહારાજની બાજુમાં જ તે બેઠા હતા. સૌની નજર તેમના ઉપર પડી. ઘસઘસાટ ઊંઘતા બ્રહ્મચારીના નાકમાંથી જોરદાર અવાજ નીકળવા લાગ્યો. તેથી સભામાં વિક્ષેપ થતો દેખાયો. બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કહ્યું, ''મહારાજ ! તમારા સેવક તમારી બાજુમાં જ ગાઢ નિદ્રામાં સુખ લે છે. તેમને માથામાં બેરખો લગાવો એટલે નિયમ સચવાય.''

મહારાજે કહ્યું, ''તે તો અમારી સેવામાં છે. ઊંઘતા નથી.''

બ્રહ્માનંદ સ્વામી હસ્યા. તેમણે કહ્યું, ''મહારાજ ! આખી સભા સાક્ષી છે. પણ આપ ભગવાન છો, સત્ય સ્વરૂપ છો, એટલે જૂઠું બોલો છો એવું તો અમારાથી કહેવાય નહીં. પરંતુ પક્ષપાત કરો છો એવું તો કહેવાય !''

મહારાજે કહ્યું, ''હમણાં તમને અમારા વચનની પ્રતીતિ થશે.'' એમ કહી મહારાજે બ્રહ્મચારીના માથામાં બેરખો માર્યો. બ્રહ્મચારી ઝબક્યા અને તરત જ મહારાજને ગાદી સોતા ઊંચકીને દોડ્યા. સભા આશ્ચર્યવત્ આ જોઈ રહી. પછી મહારાજે કહ્યું, ''બ્રહ્મચારી ! આ શું કરો છો ?''

મહારાજના આ શબ્દોથી બ્રહ્મચારી જાગી ગયા. તે ભોંઠા પડી ગયા ! પણ તરત જ તેમણે કહ્યું, ''મહારાજ ! જ્યાં આપ વિરાજમાન થયા હતા ત્યાં એકાએક આગ લાગી એવું મને દેખાયું. એટલે આપને લઈને હું દોડ્યો.''

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! સાંભળ્યું ? સ્વપ્નમાં પણ બ્રહ્મચારી અમારી સેવા જ કરી રહ્યા હોય છે !''

પ્રસંગ-૧૮ મહારાજ રાણદેબા સાથે નેતરાં તાણે છે..

મહારાજ રાઠોડ ધાધલને ઘેર પધાર્યા. તે વખતે તેમનાં પત્ની રાણદેબા વલોણું કરતાં હતાં. પરંતુ નેતરાં ખેંચી ખેંચીને તે થાકી ગયાં હતાં અને કપાળે પ્રસ્વેદનાં બિંદુ વળ્યાં હતાં. છતાં વલોણું પૂરું થયું નહીં. મહારાજ ત્યાં આવ્યા. તેમણે થાકેલા રાણદેબાને જોયાં અને કહ્યું, ''રાણદેબા ! થાકી ગયાં છો ?''

''હા, મહારાજ ! આજ તો કોણ જાણે કેમ પણ માણખ નીતરતું જ નથી !'' એટલે મહારાજે નેતરાનો બીજો છેડો પોતાના હાથમાં લીધો અને પોતે રાણદેબાની સાથે નેતરાં તાણવા લાગ્યા.

રાણદેબાના શરીરમાં નવું જોમ આવ્યું. તે મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં જાય અને નેતરાં તાણતાં જાય. તેના મનમાં અનેક વિચારો આવતા હતા. શું કાંઈ વ્રજની ગોપીઓ એકલી જ ભાગ્યશાળી હતી ? શું તેમને એકને જ ભગવાને લાડ લડાવ્યા છે ? ના, આજે તો સ્વયં પુરુષોત્તમ નારાયણ મારી સામે ઊભા છે, નેતરાં તાણે છે અને એ દિવ્ય મૂર્તિનો, એ દિવ્ય સંબંધનો આનંદ મને આપી રહ્યા છે !

વિચારમાં ને વિચારમાં તેમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તે જોઈ શ્રીહરિ બોલ્યા, ''તમારું શરીર તો થાક્યું પણ આંખો પણ થાકી લાગે છે. તેમાંથી પરસેવાનાં બિંદુઓ ટપકે છે.''

રાણદેબા આ સાંભળી હસી પડ્યા. તેમણે કહ્યું, ''લોકો કહે છે ભગવાને બધાને બુદ્ધિ આપી છે, પણ મને તો ભગવાનમાં બુદ્ધિનો છાંટોય દેખાતો નથી. બળ્યું, આંખમાં તે કાંઈ પરસેવો આવતો હશે ?''

મહારાજે ગોળી તરફ નીચું જોયું અને કહ્યું, ''તો જુઓ, તમને આંખમાં પરસેવો વળ્યો છે એટલે દેખાતું નથી. માખણ બહાર આવવા માંડ્યું !''

રાણદેબાએ જોયું. તેણે કહ્યું, ''મહારાજ ! વલોણું થઈ રહ્યું. નેતરાં છોડી દ્યો. પણ પ્રભુ ! આ મૂર્તિ અખંડ હૈયામાં રહે એવું કરજો. આજનું આ સુખ કેમે કરીને ભુલાશે નહીં.''

પછી તેણે વાડકામાં માખણ કાઢ્યું. તેમાં સાકર ભેળવી અને મહારાજને વાડકો આપ્યો. મહારાજ માખણ જમ્યા. વાડકો નીચે મૂક્યો. રાણદેબાએ તે લઈ લીધો. તેમાંથી પ્રસાદી જમવા લાગ્યાં. એટલામાં ધાધલ આવ્યા. તેણે કહ્યું, ''હં, હં, ધાધલાણી ! એમ એકલાં એકલાં પરસાદી ન ખવાય.'' રાણદેબા હસ્યાં. તેમણે વાડકો રાઠોડ ધાધલને આપી દીધો.

મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. અહીં સભા ભરાઈને બેઠી હતી. સૌ મહારાજની રાહ જોઈ રહ્યા હતા. મહારાજ પધાર્યા એટલે સૌ ઊભા થયા. સુરાખાચરે જોયું કે મહારાજનાં વસ્ત્રો છાશ ને માખણવાળાં થયા છે. તેમણે પૂછ્યું, ''આ રંગ ક્યાં રમી આવ્યા ?''

મહારાજ પણ પોતાનાં વસ્ત્રો જોઈ હસ્યા. સુરાખાચરે કહ્યું, ''મહારાજ ! તમારા ચરિત્ર છાનાં તો નહીં રહે.''

સૌ હસી પડ્યા. મહારાજે પણ હસતાં હસતાં કહ્યું, ''છતરાયા થાવા માટે તો અમે ચરિત્ર કરીએ છીએ.''

પ્રસંગ-૧૮ મનને નવરું રહેવા દેવું નહીં.

જ્યાં બોરડીનું વન હતું અને વનવિચરણમાં અહીં આવી પ્રથમ જે સ્થાને પોતે બિરાજ્યા હતા, ત્યાં મહારાજે સાંજે સભા કરી. સંતો તથા હરિભક્તો પણ ત્યાં આવી ગયા. મહારાજે આ સભામાં મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, ''સ્વામી ! તમને કોઈ ઘાટ સંકલ્પ થાય છે ?''

સ્વામીએ કહ્યું, ''મહારાજ ! ઘણા સંકલ્પો થાય છે.''

તે સાંભળી મહારાજે તેમને કહ્યું, ''જાઓ, જુદા બેસો.''

પછી બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું, ''મહારાજ ! એકેય ઘાટ થતો નથી.''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું, ''સ્વામી ! વિચારીને બોલજો. નહિ તો જૂઠું બોલવાનું પાપ લાગશે.''

એટલે બ્રહ્માનંદ સ્વામી વિચારમાં પડી ગયા. તે વિચારમાં જ તેમને અનેક સંકલ્પો થવા લાગ્યા. તેથી તરત જ કહ્યું, ''મહારાજ ! ઘણા સંકલ્પો થાય છે.''

એટલે મહારાજે તેમને કહ્યું, ''જાઓ, મુક્તાનંદ સ્વામી પાસે જઈને બેસો.'' એવી રીતે બધા સંતોને પૂછ્યું.

પછી ગૃહસ્થ હરિભક્તોનો વારો આવ્યો. મહારાજે પ્રથમ અલૈયાને પૂછ્યું. ત્યારે તેણે હાથમાં રેતીના કણ લઈને કહ્યું, ''મહારાજ ! આટલા બધા ઘાટ થાય છે. તેમાં કેટલાક સારા અને કેટલાક ભૂંડા પણ થાય છે.''

તે સાંભળી મહારાજે કહ્યું, ''સાંભળો, મનનો ધર્મ છે તો ઘાટ-સંકલ્પો થાય જ. પરંતુ સાચા સંતનો સંબંધ થયો હોય તો તે ભગવાનની વાત કરે, વિષયખંડનની વાત કરે અને એ રીતે મનને પાછું વાળી દે. માટે મનને તો ભગવાનના સ્વરૂપમાં જ જોડી દેવું. કથા-કીર્તનરૂપી ભગવાનની મૂર્તિ કહેવાય. તેમાં મનને જોડી દેવું. પણ નવરું રહેવા દેવું નહી.''

પ્રસંગ-૧૯ અગણોતેરા કાળની મહારાજ આગાહી કરે છે..

અહીં મહારાજ રાત રોકાયા. સવારે ઊઠ્યા. નિત્યકર્મથી પરવારી સભા કરી. પછી સભામાં મહારજે સૌને કહ્યું, ''આજે મધ્યરાત્રે અમને શંકરનાં દર્શન થયાં. શંકર ભગવાનના ભક્ત છે એટલે સૌમ્ય સ્વરૂપ હોય પણ અમને તેમનું સ્વરૂપ વિકરાળ દેખાયું. શિવજીએ અમને કહ્યું, ''અમારું કાંઈ ચિહ્ન રાખો.'' પછી મહારાજે આગળ કહ્યું, ''શંકરનું સ્વરૂપ ભયંકર હતું. શંકર કાળનું સ્વરૂપ કહેવાય, પ્રલયના દેવ કહેવાય. શંકરે દર્શન આપી સૂચન કર્યું હોય તેમ લાગે છે. ભયંકર કાળ પડશે. માટે સૌ સત્સંગીઓ પોતાના ગજા પ્રમાણે અન્નનો સંગ્રહ કરી લેજો.'' મહારાજની વાણીમાં વિષાદ હતો.

પછી તેમણે કહ્યું, ''કાળ કાળનું કામ કરશે. અમારાં દર્શને આવીને તેમણે અમારી આજ્ઞા લીધી છે. પૃથ્વી ઉપર અધર્મ વધી ગયો છે. તેનો નાશ કરવા માટે અમારે કાળને આજ્ઞા કરવી પડી છે, પરંતુ જે સત્સંગીઓ છે, અમારી જે આજ્ઞા પાળશે તેની રક્ષા જરૂર થશે.''

મહારાજ ત્યાંથી નીકળી મોટેરા પધાર્યા. અહીં શ્રીપુરના હરિભક્તો તથા સંતો મહારાજનાં દર્શને આવ્યા. સૌએ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું, ''મહારાજ ! શ્રીપુરમાં પધારો. આપ શ્રીપુરમાં પધાર્યા હતા તેને આજે બે વરસ થઈ ગયાં છે. તો હવે કૃપા કરો.''

મહારાજે તરત જ કહ્યું, ''સૂબાનો હુકમ જાણો છો ને ? પેશ્વાનું રાજ્ય જશે, અંગ્રેજનું રાજ્ય આવશે ત્યારે અમે આવીશું. હજુ તમારે ધીરજ રાખવી પડશે.''

આ સાંભળી સૌ ભક્તો નિરાશ થઈ ગયા. એક હરિભક્તે કહ્યું, ''મહારાજ ! પેશ્વાના સૂબાને ખસેડવો એ તો આપના હાથમાં છે. તો પછી આપ હજુ અમની ધીરજ રાખવાનું કેમ કહો છો ?''

''તેનો સમય પાકે ત્યારે તે જાય ને ? અમે પણ અમારા બાંધેલા નિયમોનું ઉલ્લંઘન કરતા નથી.'' મહારાજે કહ્યું અને સૌ શાંત થઈ ગયા.

ભક્તોના મનમાં તો સહેજે હોય કે મહારાજ કાંઈક ઐશ્વર્ય વાપરશે, અસુરોને દાબી દેશે. પરંતુ ભગવાનની રીત અલૌકિક હોય છે. પોતાના ઐશ્વર્યની ખબર ન પડે અને સહજ રીતે જ કાંટો નીકળી જાય તે પ્રકારે પ્રસંગો તેમણે ગોઠવી જ રાખ્યા હોય.

પ્રસંગ-૨૦ મહારાજ પરમહંસોને રુદ્રાક્ષનો પારો બંધાવે છે..

સાથે આવેલા સંતોને મહારાજે કહ્યું, ''આજથી તમારે સાહએ કંઠે રુદ્રાક્ષનો પારો બાંધવો પડશે. બીજા સંતો જે જે મળે તેમને સૌને અમારી આજ્ઞા સંભળાવજો. શિવજી કોપ્યા છે. તેમનો કોપ સકારણ છે. જગતમાં અધર્મ ખૂબ જ વ્યાપ્યો છે તેનો નાશ તો કાળના તાંડવથી થશે. ધર્મ અને નીતિના નિયમોની ઉપેક્ષા કરવી, પરમાત્મા તથા તેમના સંતો, મંદિરો આ બધું તૂત છે એવું સમજી બેમર્યાદ વર્તવું, પોતાની બુદ્ધિ ઉપર મદાર રાખી પરમાત્માના અસ્તિત્વને ભૂંસી નાખવાના પ્રયત્નો કરવા- આ બધા જ અધર્મીઓએ પ્રવર્તાવેલા અધર્મના ભાવ છે. કાળ રુદ્ર સ્વરૂપ ધારણ કરી તેની જડ ઉખેડશે.

ઇંળબળજ્ઞડાશ્નન બળજ્ઞઇંષપઈૈંટ્ર પ્મૈદ્ધડળજ્ઞ ।

સુકા પાછળ લીલું પણ બળશે. પરંતુ આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.''

મહારાજના શબ્દોની ગંભીરતા લોકો સમજી ગયા. સૌના અંતરમાં વિષાદ છવાઈ ગયો. એક હરિભક્તે પૂછ્યું, ''મહારાજ ! આપની કંઠી તો અમે પહેરી છે છતાં રુદ્રાક્ષ શા માટે ? આપ તો સર્વોપરી ભગવાન છો.''

''કારણ કે તે શંકરનું ત્રીજું નેત્ર છે. તે નેત્રમાં જ્ઞાનદૃષ્ટિ સમાયેલી છે અને પ્રકોપ પણ સમાયેલો છે. લોકોના રક્ષણ માટે શિવજીને પ્રસન્ન કરવા, તેમના પ્રતિક સ્વરૂપ રુદ્રાક્ષ આપણા સૌ સંતોએ ધારણ કરવો પડશે. લોકોનું તેથી ઓછું અહિત થશે. તેમની એ રીતે પણ આપણાથી સેવા થશે !'' મહારાજે સમજાવ્યું.

મહારાજ ત્યાંથી જેતલપુર પધાર્યા. અહીં મહોલમાં ઊતર્યા. આશજીભાઈ, જીવણભાઈ, શંકરદાસ, મનોહરદાસ, ગંગદાસ મુખી, આશાભાઈ ત્રવાડી વગેરે હરિભક્તોએ મહારાજનું સન્માન કર્યું. મહારાજ પધાર્યા એટલે સૌ રાજી થયા.

મહારાજે તેમને કહ્યું, ''અમારા શરીરમાં તાવ છે તો સગડી મંગાવો, થોડું તાપશું એટલે તાવ ઊતરી જશે.''

હરિભક્તો તરત જ સગડી લઈને આવ્યા. મહારાજ શરીરે તાપવા લાગ્યા. થોડો વખત થયો અને તાવ ઊતરી ગયો.

હરિભક્તોની રક્ષા કરવા માટે મહારાજ ગામોગામ વિચરણ કરી કાળની આગાહી કરી સૌને દાણા સંગ્રહ કરવાનું કહેતા હતા.

☞ મહારાજને લીમડો ખૂબ જ ગમતો. તેનો સ્વાદ કડવો પણ તેની છાયા મીઠી. જગતના સુખ પ્રત્યે જેને કળવાશ કેળવી હોય તેને પરમાત્માની છાયાની મીઠાશ મળે. લીમડો જાણે આ પ્રમાણે ઉપદેશ દેતો હોય તેથી જ મહારાજ પણ ઘણું ખરું લીમડાની નીચે જ બીરાજતા. મહારાજના પ્રસંગે લીમડાનાં વૃક્ષો અક્ષરધામના અધિકારી બની ગયાં. નરસિંહ મહેતાએ પણ ગાયું છે કે 'ધન્ય વૃન્દાવનવાસી વટની છાયા રે જ્યાં હરિ બેસતા.' વૃન્દાવનના વાસી પણ ધન્ય અને વટવૃક્ષ પણ ધન્ય ! કારણ તેની છાયામાં ભગવાન શ્રીકૃષ્ણ બેસતા.

જીવની જડતા ગમે તેટલી હોય પરંતુ ભગવાનનું તેને સંબંધ થઈ જાય તો તે જડ પણ ચૈતન્ય બની જાય છે. ભગવાનની નિર્ગુણ શક્તિનો આ પ્રભાવ છે.

પ્રસંગ-૨૧ ઉપાસનાનું રહસ્ય..પહેલી વાર સંતો આગળ ગઢડામાં

બીજે દિવસે રાત્રે મહારાજ અચાનક અક્ષર ઓરડીમાંથી નીકળી સાધુની ધર્મશાળામાં પધાર્યા. મહારાજ પધાર્યા એટલે બધા સંતો એકદમ ભેગા થઈ ગયા. મહારાજ માટે આસન કર્યું અને મહારાજ તે ઉપર બિરાજ્યા. બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે સંતમંડળ મહારાજની સન્મુખ બેસી ગયું. પછી મહારાજે તેમને કહ્યું, ''અમે અહીં તમને એક રહસ્યની વાત કરવા આવ્યા છીએ. તે તમને બરાબર સમજાશે ત્યારે તમને અમારા સ્વરૂપનો, અમારું જે અક્ષરધામ તેના સ્વરૂપનો, તેના મહિમાનો યથાર્થ ખ્યાલ આવશે. સર્વોપરી પ્રાપ્તિનો આનંદ આવશે અને ત્યારે જ તમે સત્સંગમાં સ્થિર થઈને રહી શકશો.''

મહારાજે એટલી વાત કરી ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, ''તો મહારાજ ! ઝાટ વાત કરો. અમારી અધીરાઈનો અંત લાવો.''

મહારાજ સંતોની સાચી વાત સમજવાની જિજ્ઞાસા જોઈ પ્રસન્ન થયા. તેમણે પછી ધીરેથી સૌના સામું જોતાં જોતાં વાત શરૂ કરી. ''અમારું જે અક્ષરધામ છે તેનાં સગુણ અને નિર્ગુણ બે સ્વરૂપો છે. તે જ્યારે સગુણ સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. તેમના એ સગુણ સ્વરૂપના એક એક રોમમાં અનંત કોટિ મહાવિષ્ણુ અણુવત્ દેખાય છે. જ્યારે નિર્ગુણ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે સમગ્ર બ્રહ્માંડોનો લય કરી દે છે. તે ધામમાં જેમ નભમાં શબ્દ રહ્યો છે તેવી રીતે હું રહ્યો છું. અર્થાત્ જેમ નભ અને શબ્દને એકતા છે તેમ અમારે અક્ષર સાથે એવી એકતા છે. છતાં અક્ષરને પણ લીન કરી હું સ્વતંત્ર રીતે પણ રહ્યો છું. ઉત્પત્તિ સર્ગમાં અક્ષર પોતાની કળા વિસ્તારે છે. ત્યારે હું પણ અનંત મૂર્તિ ધરીને બ્રહ્માંડોમાં પ્રગટ થાઉં છું.''

એટલું કહીને મહારાજ અટક્યા. સંતોને આ વાત કેટલી સમજી તે જોવા સૌના સામું જોયું. આવી રહસ્યભરી વાત સ્થિર થઈને સૌ સંતો સાંભળી રહ્યા હતા. મહારાજ આંખો મીંચી વાત કરી રહ્યા હતા. વાતના વિસ્તારમાં રાત્રી કેટલી ગઈ તેની કોઈને ખબર પડી નહીં.

મહારાજે આગળ વાત કરતાં કહ્યું, ''આ વાત સમજવી ઘણી જ કઠણ છે. પરંતુ દૃષ્ટાંત આપીને તમને સમજાવું છું.'' એમ કહીને મહારાજે કહ્યું, ''જેમ આકાશમંડળમાં અસંખ્ય પંખીઓ ઊડે છે, વળી વાદળાં પણ રહે છે, વીજળી પણ રહે છે અને પાણી પણ રહે છે. આ બધાયનો આધાર આકાશ છે. એ આકાશના ગહેરા ઊંડાણમાં, શૂન્યભાવમાં આ બધી આકૃતિઓ સ્થિર થઈને રહી છે. જેમ હિમના સંબંધે જળ સ્થિર થઈ જાય તેમ ! એ આકાશ એ અક્ષરને ઠેકાણે છે. શૂન્ય છે તે મહામાયા છે તે અક્ષરમાં લીન થઈને રહે છે. અનંત પંખીઓ અષ્ટાવરણેયુક્ત અનંત પુરુષના સ્વરૂપે છે. વાદળ એ મહાવિષ્ણુ સ્વરૂપે છે અને મુક્તો વીજળી સ્વરૂપે છે. આકાશમાં દેખાતી સ્થિર અને અસ્થિર ગતિ એ કાળના પ્રવાહનું સૂચક છે.'' મહારાજ બોલ્યે જ જતા હતા. વાતનો વિસ્તાર ઘણો થયો. વાતનું રહસ્ય ગહન હતું એટલે કેટલાક સંતો ઝોલે ચડ્યા, કેટલાક ઊઠીને પ્રાતઃપ્રવૃત્તિની વિધિમાં ગૂંથાઈ ગયા !

મહારાજે આંખો ખોલી અને જોયું તો સામે ફક્ત પાંચ-સાત મોટેરા સદ્ગુરુઓ જ બેઠા હતા. મહારાજને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું, ''આપણે બેઠા ત્યારે તો સભામાં ઘણા સંતો હતા અને આટલા કેમ રહ્યા ?''

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! આપનું સ્વરૂપ જેમ ગહન તેમ આપની વાતો પણ ગહન. એ ઊંડાણમાં સૌ શૂન્યભાવને પામી ગયા !''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે તરત જ કહ્યું, ''આ વાત જ્યાં સુધી યથાર્થ નહીં સમજાય, ત્યાં સુધી એ શૂન્યભાવરૂપી માયા ઉલ્લંઘી શકાશે નહીં.''

એટલે તરત એક સંતે પૂછ્યું, ''મહારાજ ! કઈ વાત ? આપે તો આ વાતમાં ઘણું કહ્યું તેમાં અમારે મુદ્દાની કઈ વાત સમજવાની ?''

મહારાજે કહ્યું, ''બીજી કઈ વળી ! અમારા સ્વરૂપની અને અમારા અક્ષરધામના સ્વરૂપની ! આ બે સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન થશે ત્યારે જ બ્રહ્મરૂપ થઈને અમારી સેવામાં રહી શકાશે.'' એટલું કહી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, ''આ વાત તમો કીર્તનમાં ઉતારી લ્યો, કારણ કે એ વાત સમજણના અંગની છે.'' મહારાજની આ આજ્ઞા સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ એક જ કીર્તનમાં મહારાજની વાતનું સમગ્ર રહસ્ય ઉતારી લીધું.

પ્રસંગ-૨૨ મહારાજ ગઢડાનો હાર તરતજ પહેરે છે..

રસ્તામાં ખીજડા પાસે મહારાજે સામેથી બે સંતોને આવતા જોયા. એટલે રોઝો ઊભો રાખ્યો. સંતો પણ મહારાજને જોઈ દંડવત્ કરવા લાગ્યા. મહારાજ રોઝા ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને સંતોને પાસે આવેલા જોઈ બોલ્યા, ''અહો ! આ તો ભાદરાવાળા અમારા નિર્ગુણાનંદ ! ડભાણમાં દીક્ષા આપી હતી તે ! અને આ નિષ્કુળાનંદ ! બંનેની જોડી સારી જામી છે.'' એમ કહીને બોલ્યા, ''અમારા માટે શું લાવ્યા છો ?''

એટલે ગુણાતીતાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીએ કરંડિયો ખોલ્યો અને કહ્યું, ''મહારાજ ! ગઢપુરના હરિભક્તોએ રાધાબાગમાંથી ફૂલો તોડી ફૂલના આ શણગાર બનાવ્યા છે તે લાવ્યા છીએ.''

એ સાંભળી મહારાજ બોલ્યા, ''ગઢપુરના હરિભક્તોએ મોકલ્યા છે ? તો તો લાવો, હમણાં જ ધરાવો. એક ક્ષણનો પણ વિલંબ કરવો નથી.'' મહારાજ ભક્તોના પ્રેમના પ્યાસી હતા. વળી, ગુણાતીતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી જે ભાવથી એ શણગાર લઈ ખાસ મહારાજને ધરાવવા આવ્યા હતા તે ભાવની પણ તેમને પરખ હતી. તેમણે ગુણાતીતાનંદ સ્વામી તરફ દૃષ્ટિ કરી. તેઓ તો મહારાજનાં દર્શનનું અમૃત, દૃષ્ટિ સ્થિર કરીને પી રહ્યા હતા. તેમની એ દૃષ્ટિમાં મહારાજની દૃષ્ટિ મળી ગઈ ! મહારાજે ફૂલનો જામો, અંગરખું, પાઘ વગેરે પહેર્યાં. મહારાજની મૂર્તિની અલૌકિક શોભા સૌ નિહાળી રહ્યા !

પછી મહારાજ સૌ સંતો સાથે દરબારમાં પધાર્યા. મહારાજે સૌને કહ્યું, ''સવારે રંગોત્સવ કર્યો. સાંજે રાસ રમવો છે. સૌ તૈયાર થઈ જજો.''

મહારાજના દિવ્ય સંબંધનું આ સુખ લેવા કોણ આતુર ન હોય ? મહારાજ બધામાં ઉત્સાહ પ્રેરતા, મનુષ્યમાં રહેલી પ્રચ્છન્ન દિવ્યતાને બહાર લાવતા અને પોતાના દિવ્ય સ્વરૂપનો તે દ્વારા અનુભવ સૌને કરાવતા. સૌ રાહ જોઈ રહ્યા સાંજની. બપોર એ રાહમાં જ પસાર થઈ ગઈ !

પ્રસંગ-૨૩ સદગુરુ ખેલે વસંત..

સાંજ પડી. રાઠોડ ધાધલના વિશાળ પ્રાંગણમાં સૌ એકઠા થઈ ગયા. મહારાજની રાહ જોવાતી હતી. એટલામાં મહારાજ પધાર્યા. સૌએ જય બોલાવી. રાસમંડળ ગોઠવાઈ ગયું. મહારાજની સામે જ ગુણાતીતાનંદ સ્વામી આવી ગયા ! તેમને જોઈ મહારાજ એકાએક બોલ્યા, ''ઓહો, આ તો સદગુરુ !''

સૌને આ સાંભળી આશ્ચર્ય થયું ! હજુ તો બે વર્ષ પહેલાં દીક્ષા આપી છે અને આજે મહારાજે તેમને સદગુરુ બનાવી દીધા !

સૌની મૂંઝવણ ટાળવા માટે મહારાજ કબીરનું પદ બોલવા લાગ્યા :

જોગિયા ટાળત જનમ કેરા ફાંસલા રે,

પ્રેમના પ્યાલા જોગિયા, જુગ જુગ જીવો સો જોગિયા.

મહારાજે ગાયું અને સંતોએ આ પદ ઝીલ્યું. રાસ ઊપડ્યો, ધૂમ મચી ત્યારે મહારાજ ગાતા હતા !

કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ;

કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કરે જ્ઞાન.

સદગુરુ ખેલે વસંત.

મહારાજ આ પદ વારંવાર બોલતા જાય અને પોતાની સાથે રાસ લેતા ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં પોતાની છડી અડાડતા જાય. મહારાજે આ પદને ખૂબ ચગાવ્યું. સંતોએ પણ રાસની હીચ જમાવી. એકાએક મહારાજ અટક્યા અને રાસ થંભ્યો !

સૌને ફેર ઊતરે તે પહેલાં મહારાજે આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીની સામું જોઈ તેમને પૂછ્યું, ''સ્વામી ! એવા સદગુરુ કોણ ?''

ત્યારે તેમણે કહ્યું, ''મહારાજ ! એવા સદગુરુ તો આપ !''

તે સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું, ''અમે તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ અને આ પદમાં જે મહિમા સદ્ગુરુનો કહ્યો તે સદ્ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે.'' આ શબ્દો મહારાજના હતા, પુરુષોત્તમ નારાયણના હતા, પરંતુ આ શબ્દોનું રહસ્ય કોઈને ન સમજાયું. સ્વામીની અવસ્થા નાની હતી, વળી જડભરત જેવી દશા હતી, હજુ દીક્ષા દીધાને માંડ વરસ પૂરું થયું હતું ત્યાં મહારાજે તેમને આવા સદગુરુપદે મૂકી દીધા !

કબીર સાકારવાદી હતા, અક્ષરધામના મુક્ત હતા. અક્ષરબ્રહ્મનો મહિમા..

મહારાજે ફરી કહ્યું, ''સંતો ! સાંભળો, આ હોરીનાં પદ કબીરજીએ બનાવ્યાં છે. તે કબીર સાકારવાદી હતા. અક્ષરધામના મુક્ત હતા. તેથી અક્ષરના સ્વરૂપનું અને તેથી પર પુરુષોત્તમના સ્વરૂપનું તેને જ્ઞાન હતું. તે સચ્ચિદાનંદ અક્ષરબ્રહ્મ તે અમારું અક્ષરધામ ! ધામરૂપે તે અમને અને અનંત કોટિ મુક્તોને ધારી રહ્યા છે તેમજ સાકાર રૂપે અક્ષરધામમાં અને અહીં અમારી સેવામાં સદા રહ્યા છે. તે ધામરૂપ અક્ષર તે જ આ ગુણાતીતાનંદ સ્વામી ! અનાદિ સદગુરુ, મોક્ષનું દ્વાર, અમારા મહિમાને તત્ત્વે સહિત સમજવાનું સ્વરૂપ અને બ્રહ્મરૂપ થવાનું માધ્યમ ! એમને જ્યારે ઓળખશો ત્યારે અમારા સ્વરૂપનું તમને સૌને યથાર્થ જ્ઞાન થશે. એમના સંબંધે બ્રહ્મરૂપ થશો ત્યારે અમારી ભક્તિના અધિકારી થવાશે.

મહારાજની વાણીનો સ્ત્રોત અવિરત હતો. એકાએક એક સંતે પૂછ્યું, ''મહારાજ ! ગઢપુરમાં તે રાત્રે તમે વાત કરી હતી તે જ આ અક્ષર ?''

મહારાજ હસ્યા, ''હા, તે જ આ અક્ષરબ્રહ્મ, અમારું દિવ્ય ધામ ! બ્રહ્મરૂપ થવા માટે આ અક્ષરબ્રહ્મને ઓળખવા પડશે !''

સૌ સાંભળી રહ્યા. મહારાજ હજુ હસતા જ હતા.

કબીરજીએ કરેલ અક્ષરધામનું વર્ણન..

કબીરજીએ અક્ષરધામનું વર્ણન કર્યું છે, ચાર ધામની ઉપર તે ધામ છે, તે અનિર્દેશ્ય છે અને તેમાં પુરુષોત્તમ નારાયણ પુરાણ પુરુષ દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન છે. આ પુરુષોત્તમ અને અક્ષરનું યુગલ સ્વરૂપ દિવ્ય આનંદમાં મસ્ત છે.

કબીરજી છેલ્લે કહે છે કે, ''હું તો લોકમાંથી આવ્યો છું માટે મારા આ શબ્દો પ્રમાણભૂત છે એવું હે સંતો ! તમે સૌ સમજો. આ બ્રહ્માંડની અંદર જે જે રહ્યા છે પછી તે પીર હોય કે પેગંબર હોય કે ઓલિયા હોય તેમને કોઈને આ અક્ષરધામની ગમ નથી.''

પ્રસંગ-૨૪ મહારાજ ફગવા આપે છે, આ વચનો કાવ્યમાં ગૂંથી લેજો..

રાત્રે મહારાજ રાઠોડ ધાધલના વિશાળ પ્રાંગણમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પૂનમનો ચંદ્ર પૂર્ણ કળાએ ખીલ્યો હતો. મહારાજનું મુખારવિંદ પણ પૂર્ણ કળાથી શોભતું હતું. તે શોભા પૂનમના ચંદ્રના પ્રકાશથી હતી કે ચંદ્રના પ્રકાશની શોભા મહારાજના પૂર્ણ કળાથી શોભતા મુખારવિંદથી હતી તેનો નિર્ણય કરવા ચંદ્ર થોડી વાર સ્થિર થઈ ગયો ! પરંતુ પછી તેને સમજાયું કે તેનો પ્રકાશ તો ઉત્તરોત્તર ક્ષીણ થાય ચે, જ્યારે આ પુરુષોત્તમ નારાયણ તો સર્વાંગ અચ્યુત છે, સ્વયંપ્રકાશ છે. તેમના આપેલા પ્રકાશથી સૌ પ્રકાશિત થાય છે.

મહારાજ સભામાં બેઠેલાં સ્ત્રી ભક્તો તરફ સૂચક દ્દષ્ટિથી જોઈ રહ્યા. પછી તેમને કહ્યું, ''આજે તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમોએ વારંવાર ઉત્સવો યોજ્યા, સંતો-હરિભક્તોને તેડાવ્યા અને સૌને અમારાં દર્શન તથા સત્સંગનો લાભ અપાવ્યો. અપાર ભીડો વેઠીને તમે ભક્તિ કરી રહ્યા છો માટે કંઈક માંગો.''

મહારાજની વાત સાંભળી ત્યાં બેઠેલી સ્ત્રીઓમાંથી કેટલીક સ્ત્રીઓએ માંગ્યું, ''મહારાજ ! અમે આવા ને આવા ઉત્સવો દર વર્ષે કરી શકીએ એટલું અમને ધન આપો, આપની સેવા થાય એવું તનમાં બળ આપો અને મનમાં તમારા સ્વરૂપનું અનુસંધાન રહે એવી ભક્તિ આપો.''

મહારાજે કહ્યું, ''ભલે, તમોએ જે માગ્યું છે તે મળશે.''

પછી ડાંગરવાનાં જતન ફૈબા તથા તેમની સાથેની સ્ત્રીઓએ મહારાજને હાથ જોડી કહ્યું, ''મહારાજ ! તમારી ભક્તિમાં અંતરાય કરે એવી માયા અમને ન નડે એ વર અમને આવો. વળી, આપના સ્વરૂપમાં સદાય દિવ્યભાવ રહે, મનુષ્યભાવ કોઈ દિવસ આવે જ નહિ એ વર આપો.''

મહારાજ તેમની માંગણી સાંભળી પ્રસન્ન થયા. તેઓ બોલતા જતા હતા. ત્યાં તો તે સ્ત્રીઓએ ફરી કહ્યું, ''મહારાજ ! હજુ અમારે ઘણુ માંગવું છે. થોડા શબ્દોમાં બધું આવી જાય એવી અમારી બુદ્ધિ નથી તેથી જેમ જેમ સૂઝે છે તેમ બોલીએ છીએ.''

મહારાજે હસતાં હસતાં કહ્યું, ''સાચું સૂઝે છે. બુદ્ધિ હોય તેને જ આવું માંગવાનું સૂઝે. હજુ, બોલો તમારી વાત સાંભળી મને પણ તૃપ્પિ થતી નથી.''

તે સ્ત્રીઓએ આગળ કહ્યું, ''મહારાજ ! તમારા જે સત્સંગીઓ છે તેમને વિષે પણ અમને સદા દિવ્યભાવ રહે, દેશકાળની વિષમતામાં અમે તમને કોઈ દિવસ ન ભૂલીએ. જે કામ-ક્રોધાદિ ભાવથી દેશકાળની વિષમતા સર્જાય છે તેવા ભાવો અમારા અંતરમાં કદી ન જાગે.''

મહારાજ તેમની વાણી સાંભળી મંદમંદ હસતા હતા. મનમાં વિચારતા હતા કે સ્ત્રીઓની બુદ્ધિની સૌએ ઉપેક્ષા કરી છે. પરંતુ આગળના મોટા મોટા ભક્તોને પણ આવું માગતા આવડ્યું નથી.

મહારાજ આ પ્રામણે વિચાર કરી રહ્યા હતા. ત્યાં તો તેમને કાને અવાજ આવ્યો, ''મહારાજ ! આ તો આપે માગવાનું કહ્યું એટલે અમે આટલું માંગ્યું.''

ત્યારે મહારાજે કહ્યું, ''હજુ માગવાનું છે ?''

ત્યારે તેમણે કહ્યું, ''હા, મહારાજ ! માગવાનું છે. પણ જે ક્યારેય નથી જોઈતું તેનાં વરદાન પણ આપની પાસે લેવાં છે !''

આ સાંભળી મહારાજને આશ્ચર્ય થયું ! ત્યાં તો તે સ્ત્રીઓએ કહ્યું, ''મહારાજ ! અમારા સત્સંગમાં વિઘ્ન નાંખે એવા દોષ, દેહાભિમાન, કુસંગ, અધર્મ, સંસારનું સુખ, મોટાઈ વગેરે ન આપશો.''

આ સાંભળી મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા, ''ઓહો ! તમને તો માંગતાંય આવડ્યું અને ન માગતાંય આવડ્યું.''

''પણ મહારાજ ! અમારે હજુ કહેવું છે.'' તેમણે કહ્યું.

એટલે મહારાજે કહ્યું, ''બોલો, બોલો, તમારું તો માગવુંય મીઠું લાગ્યું અને ન માગવાનુંય મીઠું લાગે છે. હજી બોલો.''

એટલે તે સ્ત્રીઓએ કહ્યું, ''મહારાજ ! સત્સંગમાં ઘણાં વિઘ્નો આવે છે અને જીવનભર સત્સંગ ટકી રહેવો કઠણ છે માટે સત્સંગમાં અંતરાય કરતા એવા નાસ્તિકો, વિમુખો કે અમારા સ્વભાવ અમને કોઈ દિવસ ન નડે.''

મહારાજ આ સાંભળી બહુ જ પ્રસન્ન થઈ ગયા. મહારાજે કહ્યું, ''તમે જે માગ્યું છે તે તમને મળશે અને સત્સંગમાં વિઘ્ન કરનારાં બધા તત્ત્વો તમને કોઈ દિવસ નડશે નહીં. તમારી નિષ્ઠાની દઢતા અને ભક્તિના બળથી તમારો સત્સંગ જીવનભર ટકી રહેશે. તમોએ માંગેલું બધા માગે અને એવું માગતાં સૌ શીખે.'' એમ કહીને પાસે બેઠેલા નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! તમો તો દૂર બેઠા હતા એટલે આ બાઈઓએ માગ્યું તે નહીં સાંભળ્યું હોય !''

એટલે સ્વામીએ કહ્યું, ''મહારાજ ! બધું સાંભળ્યું છે.''

''તો તેમનાં આ વચનો કાવ્યમાં ગૂંથી લેજો. આમાંથી સૌને નિરંતર પ્રેરણા મળશે.'' મહારાજે કહ્યું.

નિષ્કુળાનંદ સ્વામીએ ખડિયો-કલમ લઈને પોતાની સ્મૃતિ માટે નોંધી લીધું.

પ્રસંગ-૨૫ મહારાજ ઘેલાને કાંઠે પ્રેમાનંદ સ્વામીની ઝૂંપડીએ સંગીત સાંભળવા જતા..

જીવાખાચરના દરબારમાં મહારાજ પધાર્યા અને ઉત્તરદ્વારના ઓરડામાં પલંગ ઉપર બિરાજ્યા. સુરતથી ભાઈચંદ શેઠ ખાસ મહારાજની પૂજા કરવા માટે આવ્યા હતા. કેસર-અત્તર મિશ્રિત ચંદન મહારાજના આખા શરીરે તેમણે ચર્ચ્યું. ભારે ભારે વસ્ત્રો, આભૂષણો ધરાવ્યાં, મોતીના હાર મહારાજને પહેરાવ્યા અને હીરા

અને માણેક જડેલ વીંટીઓ મહારાજની દસે આગંળીઓમાં પહેરાવી. આ પ્રકારે સુરતના પ્રેમ ભક્તનો પ્રેમ પ્રસંગે દેખાતો. કોઈ પણ ઉત્સવનો પ્રસંગ સુરતના ભક્તો ચૂકતા નહીં. મહારાજનો પણ તેમના ઉપર અપૂર્વ પ્રેમ હતો.

બીજે દિવસે ભાઈચંદ શેઠે રસોઈ આપી. પોતે ખાસ સુરતથી સારાંમાં સારાં શાક લાવ્યા હતા. કંદોઈ બોલાવી જલેબી તથા મોતીચૂરના લાડુ બનાવરાવ્યા. મહારાજ તેમનો ભાવ જોઈ જમ્યા. સંતો તથા હરિભક્તોને પણ મહારાજે પીરસ્યું. ભાઈચંદ શેઠને ખૂબ રાજી કરી દીધા.

રાત્રે મહારાજ સમક્ષ પ્રેમાનંદ સ્વામીએ કીર્તન-ભક્તિ કરી. મહારાજને સંગીત પ્રિય હતું. મહારાજ લલિતકળાના પોષક હતા, તેથી સંતોને તેમની રુચિ અનુસાર પ્રવૃત્તિમાં જોડતા. કોઈને શાસ્ત્રોના અભ્યાસમાં તો કોઈને ઉપદેશમાં, કોઈને સેવામાં તો કોઈને સંગીતમાં અને કોઈને સાહિત્ય સર્જનમાં. પ્રેમાનંદ સ્વામીના સંગીતના સૂર મહારાજના અંતરતલ સુધી પહોંચી જતા. તેથી કેટલીક વખત તો મહારાજ મધ્યરાત્રીએ ઊઠીને પ્રેમાનંદ સ્વામીનું સંગીત સાંભળવા ઘેલાને કાંઠે તેમની ઝૂંપડીએ જતા. પાછળ ઊભા રહી ચૂપચાપ બે-ત્રણ કલાક એ સંગીતનો રસ મહારાજ માણતા. સ્વામીના સંગીતમાં, તેમનાં કીર્તનોના શબ્દોમાં મહારાજની મૂર્તિ જ કંડારાઈ જતી. મહારાજને તેથી એ સંગીત પ્રિય હતું. કારણ તેમાં ભગવાનનો સંબંધ હતો.

☞ આત્માનું સતત અનુસંધાન રાખી તે રૂપે વર્તી શકાય નહિ. તેથી જ આગળના ઘણા મોટા મોટા ઋષિમુનિઓના તપમાં વિઘ્નો આવ્યાં. મહારાજ કહેતા કે ''અમે આ નિયમ તથા જ્ઞાન અક્ષરધામમાંથી લાવ્યા છીએ.''

પ્રસંગ-૨૬ વસોના જેસંગભાઈને કોઠીનું મોઢું ઉપરથી છાંદી દેજો..

મહારાજ પાસે વસોના જેસંગભાઈ આવ્યા. તેમણે મહારાજને કહ્યું, ''મહારાજ ! આપે કાલે અનાજ લેવાની વાત કરી પણ અમારા જેવા ઉજળિયાતોની સ્થિતિ તો અમે જ જાણીએ. લોકમાં સારું દેખાય એટલે લૂગડાં આવા પહેરીએ પણ ઘરમાં કાંઈ નાણું મળે નહીં. એટલે અમારે શું કરવું ?''

મહારાજ તેની વાત સાંભળી વિચાર કરવા લાગ્યા. તેમણે કહ્યું, ''જેસંગભાઈ, તમારા ઘરમાં અત્યારે કેટલું અનાજ છે ?''

તેમણે કહ્યું, ''મહારાજ ! અગિયાર મણ બાજરી કોઠીમાં પડી છે.''

મહારાજે તરત જ કહ્યું, ''ભલે, તો કોઠીનું મોઢું ઉપરથી છાંદી દેજોઅને સાણેથી બાજરી કાઢજો. કાળનું વરસ નીકળી જશે.''

સમૈયા પછી મહારાજે સૌને વિદાય આપી દીધી. પછી લલિતા તથા જયાને કહ્યું, ''સાંભળો, અમારું દીક્ષાસ્થાન પીપલાણા અમને પ્રિય છે. વળી જેતપુરમાં અમને ધર્મધુરા સોંપી, પટ્ટાભિષેક કર્યો તે ભૂમિ પણ અમને ખૂબ પ્રિય છે. સોરઠ ને સોરઠના ભક્તો પણ મને અધિક પ્રિય છે. એટલે અમને એવો વિચાર થાય છે કે સારઠમાં જઈએ. ત્યાંના અમારા પ્રિય હરિભક્તોને પણ અમારે કહેવું પડશે કે કાળ પડશે, લોકોને અનાજના સાંસા પડશે, ભૂખે ટળવળશે અને ભૂખના દુઃખે લોકો મરશે પણ ખરા. તવરા જવાની અમારી ઈચ્છા નથી. મુક્તાનંદ સ્વામીને કહ્યું છે એટલે તેઓ ત્યાં જશે.''

પ્રસંગ-૨૭ કાકાભાઈને સ્વપ્નામાં દુકાળનું દર્શન થયું અને મહારાજની વાણીની ગંભીરતા સમજાણી..

મેથાણના હરિભક્તો કાકાભાઈ તથા પૂજાભાઈએ મહારાજની ખાસ આજ્ઞાથી નક્કી કરી લીધું કે ઘેર જઈને મહારાજની આજ્ઞા પ્રમાણે જેટલું લેવાય તેટલું અન્ન લઈ લેવું. તેમના ઉતારે તે વખતે લીંબડીના મૂળજી શેઠ આવ્યા. તેમણે તેમને કહ્યું, ''મહારાજે તો સાધારણ રીતે વાત કરી છે. માટે બધું વેચીને અનાજ લેવાની જરૂર નથી.''

મૂળજી શેઠની વાત સાંભળી આ બંનેને લાગ્યું, ''શેઠ સમજુ છે. વળી, મહારાજની સાથે ઘણું રહ્યા છે એટલે મહારાજનો અભિપ્રાય જાણતા હશે. માટે તે કહે છે તેમ જ કરવું.''

રાત્રે કાકાભાઈ સૂતા અને તેમને સ્વપ્નું આવ્યું, સ્વપ્નમાં તેમણે જોયું કે અનાજ વગર લોકો ટળવળે છે, બાળકો કિડિયારીઓ કરે છે, ભૂખના માર્યા લોકો તળાવની પોપડી ને ઝાડની છાલ ખાય છે. કાકાભાઈ આ ભયંકર દૃશ્ય જોઈ જાગી ગયા ! તેમને મહારાજની વાણીની ગંભીરતા સમજાણી. તેમણે નક્કી કરી લીધું. ભલે મૂળજી શેઠ ગમે તે કહે આપણે અનાજનો સંગ્રહ કરી રાખવો.

સવારે તેમણે મૂળજી શેઠને તેમના સ્વપ્નની વાત કરી. તે સાંભળી મૂળજી શેઠે કહ્યું, ''ભલા આદમી ! એ તો સ્વપ્નાની વાત કહેવાય. સ્વપ્નમાં કોઈ રાંડે ને જાગે ત્યારે શું રાંડેલો જ રહે છે ?''

કાકાભાઈ તથા પૂજાભાઈના વિચાર પાછા બદલાયા.

પ્રસંગ-૨૮ મહાકાળના ઓળા..

આષાઢ બેઠો અને મોરલા ગેહૂક ગેહૂક ટહુકવા લાગ્યા, પણ ક્યાંઈ કાળી વાદળીની નિશાની દેખાતી ન હતી. તેમના ટહુકારમાં મેઘ મલ્હારનો નાદ હતો, પણ આ નાદથી મેઘ રીઝ્યો નહિ. છતાં મોરલા પણ થાક્યા નહીં. પોતાની ડોકની સાંકળના ત્રણ-ત્રણ કટકા કરીને ગેહૂક ગેહૂક ગેહકાટ તેમણે શરૂ જ રાખ્યો. આ નાદથી વિરહીઓની વેદના વધી.

આષાદ આખો કોરો ગયો, શ્રાવણ બેઠો. મેઘના વિરહથી ધરતીની કાયા ફાટી પણ મેઘનું રૂંવાડુંયે ફરક્યું નહીં. માલધારીઓ પોતાનાં ઢોરને લઈ ગુજરાત તરફ જ્યાં લીલું હોય ત્યાં જવા લાગ્યા. ખેડૂતો કોસ ખેંચી ખેંચીને થાક્યા. કૂવાઓમાં પણ પાણીનાં તળ દેખાવા લાગ્યાં. બળદની કાંધે ચાંદાં પડી ગયાં. સૌ આકાશ સામે મીટ જોઈ રહ્યા હતા.

વરસાદની અછતને લીધે ઝાડનાં પાન સુકાઈ ગયાં. નદીમાં વેકરો તપવા લાગ્યો. તળાવમાં માટીની પોપડીઓ બાઝી ગઈ. મનુષ્ય અને પશુ પાણી વિના તરફડવા લાગ્યાં. અનાજનું તો દુઃખ હતું જ. સૌ કોઈ ધા નાખવા લાગ્યા. પણ કાળ કોપ્યો હતો. સૌને તેમનાં કર્મનું ફળ તેને આ સમયે જ એકી વખતે આપવું હતું.

મહારજ દાદાખાચરના દરબારમાં ગુપ્ત રહેવા લાગ્યા. કોઈને પણ પોતાના અજ્ઞાતવાસની ખબર પડવા દેતા નહીં. સેવકોને આજ્ઞા કરી હતી કે કોઈને પોતાની પાસે આવવા દેવા નહીં. ઉપદેશ બંધ કરી દીધો. તપસ્વીનો વેશ પોતે ધારણ કર્યો. શિર ઉપર કેશ વધાર્યા, હાથના નખ વધાર્યા, અંતરમાં અત્યંત

ઉદાસીનતા ધારણ કરી. મહારાજ ક્યાં બિરાજતા હતા તે સમાચારા કોઈને મળતા નહીં. હરિભક્તો પૂછતા ત્યારે સેવકો કહેતા 'મહારાજ ગુજરાતમાં છે, કચ્છમાં છે' વગેરે.. મહારાજે સંતોને અગાઉથી જ ગુજરાતમાં મોકલી દીધા હતા.

મહારાજના અજ્ઞાતવાસથી ભક્તોને વિરહનું દુઃખ લાગવા લાગ્યું. તે વિરહની વેદના મહારાજના અંતર સુધી પહોંચી ગઈ. મહારાજ તે સહન કરી ન શક્યા. એટલે બોટાદ, કારિયાણી, ઝીંઝાવદર કે સારંગપુર રાત્રે જઈને વહેલી સવારે પાછા ગઢપુર આવી જતા. ગઢપુર શહેરમાં મહારાજ રાત્રે વેશપલટો કરીને નીકળતા. કાં છૂટા કેશ રાખતા, તે ઉપર કચ્છી પીળી ટોપી પહેરતા, ગળામાં રુદ્રાક્ષનો પારો પહેરતા, કેડે પણ રુદ્રાક્ષની માળા બાંધતા, કચ્છ વાળી ધોતિયું પહેરતા. કમળશી વાણિયા પાસે અનાજ ઉપડાવીને મહારાજ જાતે અનાજ વહેંચવા આજુબાજુનાં ગામોમાં જતા. સત્સંગી કે બિનસત્સંગીનો ભેદ અનાજ વહેંચવામાં રાખતા નહીં.

શ્રાવણનાં સરવડાંએ પણ ધરતીને ભીની કરી નહીં. હરિભક્તો શ્રીજીમહારાજના સમાચાર એકબીજાને પૂછતા પણ કોઈને કાંઈ ખબર ન હતી. તેથી સૌ મૂંઝાતા.

પ્રસંગ-૨૯ જીવાખાચરને વિષ ઘોળવાનો વખત આવ્યો..

જીવાખાચરે મહારાજ પાસે આવીને ભીમનાથના સદાવ્રતની વાત કરી. માણસ માણસને ખાય, દૂબળા બાળકને ખાઈ જાય. આવા અમાનુષી પ્રસંગો તેમણે વર્ણવ્યા. મહારાજની આંખમાં આંસુ આવી ગયા. જીવાખાચરે કહ્યું, ''મહારાજ ! અમારે ત્યાંના સદાવ્રતનું પણ હવે ઝાઝું ગજું રહ્યું નથી.''

મહારાજે કહ્યું, ''કોઠી ઉપરથી છાંદી ઘો અને સાણેથી અનાજ કાઢીને આપવા માંડો. ખૂટશે નહીં.''

''પણ મહારાજ ! કોઠીમાં કાંઈ હોય તો ઉપરથી છાંદો દઈએ ને ? તેનુંય તળિયું આવી ગયું છે ? અમૂલાબાએ કહ્યું. તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું, ''મહારાજ ! બાપુ જમવા બેઠા હોય અને કોઈ માગવા આવે તો થાળી એમ ને એમ જઈને આપી દો.''

''બાપુની મોટપ છે ને ! એટલે કરવું પડે.'' મહારાજે કહ્યું.

''પણ મહારાજ ! હવે તો વિષ ઘોળવાનો વખત આવ્યો છે. અનાજ વગર લોકો મારા સદાવ્રતેથી પાછા જાય તેમાં મારી આબરૂ શી ? એટલું બોલતાં જીવાખાચરના કઠણ કાળજામાંથી ઊનો નિઃશ્વાસ નીકળી ગયો.

મહારાજ બધું સાંભળી રહ્યા. પછી તેમણે કહ્યું, ''ભગવાનની ઈચ્છાને આધીન થઈને વર્તવું પણ મમત્વ રાખવું નહીં. અમે તમને કહ્યું હતું કે મહાકાળ કોપ્યો છે તે સંહાર કરશે જ. ભગવાન પણ તે અટકાવશે નહીં. એટલે આપણી શુભ ભાવનાથી જેટલું થઈ શકે તેટલું કરવું, બાકી ભગવાનની ઈચ્છા ઉપર છોડી દેવું. વિષ ઘોળવાના સંકલ્પો ન કરવા.''

''પણ મહારાજ ! ધરમની ધજા ઉતારવી પડે ને ? તેના કરતાં તો મરવું સારું.'' જીવાખાચરના અંતરમાંથી લાહ્ય નીકળી ગઈ. અમૂલાબાએ પણ મહારાજને પ્રાર્થના કરી.

જાર રૂપિયાની સેવા કરી. બીજા હરિભક્તોએ પણ પૂજા કરી રૂપિયા ભેટ મૂક્યા. મહારાજે તે બધી રકમ જીવાખાચરને આપી દીદી અને કહ્યું, ''આટલી રકમમાંથી જે અનાજ આવે તે કોઠીમાં ભરીને ઉપર છાંદી દેજો. સાણેથી અનાજ કાઢજો. ખૂટશે નહી.''

કારિયાણીથી દેહાખાચર અને તેમના ભાયાતો પણ આવ્યા. તેમણે પણ મહારાજની પૂજા કરી રૂપિયા ભેદ મૂક્યા. તે રકમ મહારાજે બાપુ એભલખાચરને આપી દીધી અને કહ્યું, ''કાઠી ભાયાતો આવે તો તેમને સૌને તમારે રસોડે જમાડજો.'' એમ કરીને જીવાખાચર સામે મહારાજે સૂચક દ્દષ્ટિથી જોયું. એટલે તે સમજી ગયા. તેમણે હાથ જોડી ક્હ્યું, ''ભલે મહારાજ ! જે ભાયાતો આવશે તેમનેય રાખીશું !''

મહારાજે કહ્યું, ''અત્યારે મિત્ર કે દુશ્મન કાંઈ જોવું નહીં. આ તો ભગવાનનું આપેલ છે અને ભગવાન જેમ સૌનું પોષણ કરે છે, ઊંચ, નીચ, શાહુકાર કે ચોર, ધર્મી કે અધર્મી જોતા નથી તેમ તમારે પણ વર્તવું. સૌ સૌનાં જે કર્મ હશે તે ભગવાન તેમને ભોગવાવશે.''

ગઢપુરમાં મહારાજ ભાદરવામાં પધાર્યા હતા તે ઠેઠ મહા માસ સુધી રહ્યા. કેટલાક સાધુઓને લોયા મોકલ્યા, કેટલાકને પર્વતભાઈની માગણીથી અગત્રાઈ મોકલ્યા અને કેટલાકને બોટાદ હમીરખાચરને ત્યાં મોકલ્યા. બીજા સંતો તો ગુજરાતમાં હતા જ. તેમને મહારાજનાં દર્શનની તીવ્ર ઈચ્છા હતી પરંતુ મહારાજની આજ્ઞા સિવાય તેમનાથી અવાતું નહીં. વળી, મહારાજ પણ ક્યાં બિરાજતા હતા તેની પણ કોઈને ખબર ન હતી.

પ્રસંગ-૩૦ ત્રીજી વખત આશીર્વાદ, તમારી કોઠીમાં દાણા ખૂટશે નહીં !

પછી શાંતાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! હું પણ સ્વામીની સાથે આ અથાણાંની બરણીઓ ઉપાડીને આવ્યો છું. માટે મને પણ એ લાભ આપો.' મહારાજે તરત જ તેમને કહ્યું, ''સાધુરામ ! તમે તો મનસ્વી રીતે વર્ત્યા છો. મુક્તાનંદ સ્વામીને તમે કહ્યું હતું ને કે હા પાડશો તો પણ જઈશ અને ના પાડશો તો પણ જઈશ ?''

આ સાંભળી શાંતાનંદ ઝંખવાણા પડી ગયા. પછી સ્વામીએ કહ્યું, ''મહારાજ ! રસ્તામાં આ સાધુએ બરણીઓ ઉપાડવાની અને બીજી ઘણી સેવા કરી છે માટે તેમને ભેટો તો સારું.''

એટલે મહારાજે કહ્યું, ''આ ગુણાતીતાનંદ સ્વામીને બાવીસ વાર ભેટતાં કઠણ ન પડ્યું અને તમને આ એક વાર ભેટતાં કઠણ પડે છે. વચન લોપનાર ઉપર અમને હેત થતું નથી.'' તે સાધુએ પછી મહારાજનાં ચરણ પકડી માફી માગી. મહારાજ તેમના ઉપર પ્રસન્ન થયા.

મહારાજે સ્વામીને પાછા સુરત જવા આજ્ઞા આપી અને કહ્યું, ''અમે કાલે ગઢડે જઈએ છીએ. પણ આ વાત ફક્ત મુક્તાનંદ સ્વામીને ક્હેજો. બીજા કોઈને પણ કહેશો નહી.''

સ્વામી તરત જ શાંતાનંદ સ્વામી સાથે સુરત જવા નીકળી ગયા.

મહારાજે વસ્તાખાચરને કહ્યું, ''અમે રાત્રે ગઢડે જવાના છીએ. ત્યાં ગુપ્ત રહેશું. પછી ત્યાંથી પણ કોઈ ન જાણે તેમ નીકળી જઈને જ્યાં વસમો કાળ હશે ત્યાં જઈશું. હરિભક્તોની રક્ષા કરવી પડે. તેમની ભેગા બીજાનું પણ ભલું થઈ જશે. તમારે ત્યાં કાઠી ભાયાતો આવે કે બીજા કોઈ કાઠીઓ આવે તો તેમને રાખજો, અનાજ આપજો અને કાળ પસાર કરાવી દેજો. તમારી કોઠીમાં દાણા ખૂટશે નહીં.''

વસ્તાખાચરે પૂછ્યું, ''મહારાજ ! ભાયાતો આવે કે સત્સંગી કાઠીઓ આવે તેને તો રાખીએ પણ બીજા કાઠીઓનું આવા કપરા કાળમાં કેમ પોસાણ થાય ?''

મહારાજે તરત જ કહ્યું, ''વસ્તાખાચર ! બીજાને નહીં પોષો તો ચોરી કરશે, લૂંટ કરશે. જ્યાં અનાજના ભંડાર પડ્યા હશે, સદાવ્રતો ચાલતાં હશે તે બધું લૂંટી જશે. માંડ માંડ કાઠિયાવાડમાં કાઠીઓને ચોરી કરતાં અટકાવ્યા છે, પણ જો તેમને ખાવાનું નહીં મળે તો ફરી એ ચાળે ચડી જશે.''

વસ્તાખાચર સમજી ગયા. મહારાજને ગમે તેમ કરીને અનિષ્ટો અને અનિષ્ટ કરવાના સ્વભાવ દૂર કરવા હતા.

મોડી રાત્રે મહારાજ ગઢડે પધાર્યા એટલે કોઈને ખબર પડી નહીં. બીજી જ રાત્રે કોઈને કહ્યા સિવાય ગઢડાથી મહારાજ નીકળી ગયા.

પ્રસંગ-૩૧ કોઠી માથેથી છાંદી દેજો. સાણેથી દાણા કાઢજો..

મહારાજ જમીને ઊઠ્યા ત્યાં નાજા જોગિયાને જોયા. મહારાજે કહ્યું, ''નાજા ! તું ક્યાંથી ? કેમ ખબર પડી કે અમે આંહીં છીએ ?''

નાજા જોગિયાએ કહ્યું, ''મહારાજ ! ગઢપુરમાં આપના વિના બધા ટળવળે છે. કોઈએ અનાજનો દાણો મોમાં મૂક્યો નથી. આમ, એકાએક કોઈને કહ્યા વિના નીકળી ગયા એટલે બધાને ખૂબ ચિંતા થાય છે.''

''પણ અમે આંહીં છીએ એવી ક્યાંથી ખબર પડી ?'' મહારાજે પૂછ્યું.

''જયાબાને તો આપ જાણો છો ને ! ત્રણે અવસ્થામાં આપને દેખે છે. તેમણે કહ્યું કે મેથાણ બાજુ જાઓ ત્યાં મહારાજ કદાચ હશે. એટલે અહીં આવ્યો. અહીં આ ખવાસની છોડી પાણી ભરવા તળાવે આવી હતી તેને પૂછ્યું. ત્યારે તે હસી એટલે હું સમજી ગયો.''

મહારાજે કહ્યું, ''હલકી જાત હોય તેના પેટમાં વાત ટકે નહીં. પણ હવે ગઢડા જાવું પડશે.''

આ સાંભળી પૂજાભાઈ તથા કાકાભાઈ દિલગીર થઈ ગયા. તેમનું દુઃખ જોઈ મહારાજે તેમને કહ્યું, ''તમે જેતલપુર જાવ. ત્યાં રામદાસ સ્વામીને મળજો. તમોને તેઓ બાજરી અપાવશે. તે લઈને અહીં લાવી કોઠીમાં નાંખી દેજો. કોઠી માથેથી છાંદી દેજો અને સાણેથી દાણા કાઢજો. તે દાણા વેચાશો એટલે બીજી જોઈતી વસ્તુઓ પણ તમને મળી રહેશે. દુષ્કાળનું વર્ષ પસાર થઈ જશે.''

આગલી રાત્રે જીવુબાને લક્ષ્મીજીએ દર્શન દીધાં હતાં અને આશીર્વાદ આપ્યા હતા. મહારાજે પણ તેમને આશીર્વાદ આપ્યા. આથી, દુષ્કાળનું વર્ષ નીકળી જશે તેવી પ્રતીતિ તેમના અંતરમાં થઈ.

મહારાજ બીજે જ દિવસે ગઢપુર જવા નીકળી ગયા.

પ્રસંગ-૩૨ કપરા કાળમાં અજોડ સુહૃદભાવ..

પૂજાભાઈ તથા કાકાભાઈ બંને જેતલપુર ગયા. રામદાસ સ્વામીને મળ્યા. પરંતુ રામદાસ સ્વામીએ કહ્યું, ''થોડા મોડા પડ્યા. અહીંના હરિભક્તો પાસે જે અન્ન હતું તે તેમણે કેટલુંક હરિભક્તો લેવા આવ્યા હતા તેમને આપી દીધું અને કેટલુંક વેચી નાખ્યું.'' પછી થોડી વાર વિચાર કરીને બોલ્યા, ''પણ તમને મહારાજે મોકલ્યા છે માટે હરિભક્તોને બોલાવીએ અને કાંઈક ઉપાય કરીએ.''

રામદાસ સ્વામીએ હરિભક્તોને બોલાવ્યા. તેમને કહ્યું, ''આ મેથાણના દરબારો છે. મહારાજ તેમને ત્યાં હમણાં જ રહી આવ્યા અને તેમને અનાજ માટે અહીં મોકલ્યા છે. માટે દરેક હરિભક્ત એક એક મણ અનાજ આપો !''

સ્વામીની આજ્ઞા અને મહારાજની મરજી જાણી સૌ હરિભક્તો પોતાને ઘેરથી એક એક મણ અનાજ લઈ આવ્યા. મહારાજે બે બેડિયા અનાજ લાવવાનું કહ્યું હતું તે હરિભક્તોએ પૂરું કરી દીધું. દરબારોએ તેની રકમ ચૂકવી દેવા કહ્યું. ત્યારે હરિભક્તોએ કહ્યું, ''મહારાજની આજ્ઞાથી આવ્યા છો એટલે નાણાં તો લેવાય જ નહીં. વળી, તમે પણ મહારાજના ભક્ત છો તો આવા વિષમ દેશકાળમાં અમે આટલી મદદ ન કરીએ તો અમારું ભક્તપણું લાજે.''

જેતલપુરના હરિભક્તોનો આવો ભાવ જોઈ પૂજાભાઈ તથા કાકાભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમણે કહ્યું, ''અમારે ત્યાં એક વણિક આવ્યો હતો તેણે વાત કરી હતી કે ઠેઠ જૂનાગઢ સુધી તે ફરી આવ્યો પણ સોનું દેતાંય ક્યાંય અનાજ મળતું ન હતું. આવો કારમો દુકાળ અત્યારે પ્રવર્તે છે. જ્યારે તમે અમને એમ ને એમ આટલું બધું અનાજ કાઢી આપ્યું !''

તે સાંભળી રામદાસ સ્વામીએ કહ્યું, ''બાપુ ! મહારાજની કૃપાથી આજે તમામ ભક્તોમાં આવો સુહૃદભાવ પ્રવર્તે છે. માટે તમે કાંઈ સંકોચ રાખશો નહીં.''

હરિભક્તોનાં ચરણની રજ માથે ચડાવી પૂજાભાઈ તથા કાકાભાઈ અનાજના બે બેડિયા ગાડામાં ભરી ત્યાંથી મેથાણ જવા નીકળી ગયા.

પ્રસંગ-૩૩ અમારા પિંડની બ્રહ્માંડ સાથે એકતા છે..

મામૈયા પટગરનાં માતુશ્રી રાઈબા મહારાજનો આ વરવો વેશ જોઈ બોલ્યા, ''કૃપાનાથ ! આપે આ શું ધાર્યું ચે ? માથે આ લાંબા કેશ રાખ્યા છે, દાઢી-મૂછ વધાર્યાં છે, નખ વધાર્યા છે, રુદ્રાક્ષનો પારો ધારણ કર્યો છે. આવો તપસ્વીનો વેશ તમે રાખશો તો લોકો કેમ સુખી થશે ? લોકોને અન્ન-વસ્ત્રે સુખી કરવા હોય તો તમારે શોભાયમાન વસ્ત્રો ધારણ કરવાં જોઈએ, રસકસ જમવા જોઈએ.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, ''રાઈબા ! તમે ઠીક કહો છો. અમારા પિંડને અને બ્રહ્માંડને એકતા છે તેથી અમે ઉદાસી રહીએ તો બ્રહ્માંડમાંથી ઉદાસીનતા ટળે નહીં. અમે આવા વરવા વેશ ધારીએ તો લોકોને પહેરવા વસ્ત્ર ન મળે, અમે જેવું તેવું ખાઈએ તો લોકોને ખાવા ન મળે. આ તો મારા સંતોને ભેખે દુઃખ દીધું. ભાગવતધર્મની સ્થાપનામાં તેમણે વિઘ્નો નાખ્યાં તેથી કાળને અમે નોતર્યો હતો. કાળે કાળનું કામ કરી લીધું છે. હવે પરિસ્થિતિ પલટાઈ જશે.''

રાઈબાની ઈચ્છાથી મહારાજે બીજે દિવસે કેશ ઉતરાવ્યા. તપસ્વીનો વેશ છોડ્યો. રુદ્રાક્ષનો પારો પણ કાઢ્યો અને સર્વ વૈષ્ણવી ચિહ્નો ધારણ કર્યાં. સંતોને પણ એ પ્રમાણે આજ્ઞા કરી.

મહારાજે કુંડળમાં સંતોને ખટરસના નિયમનો ત્યાગ કરાવ્યો. તપસીનો વરવો વેશ પણ છોડાવ્યો. રુદ્રાક્ષનો પારો કઢાવી તુલસીની કંઠી ધારણ કરાવી. શિવનાં ચિહ્નો મુકાવી વૈષ્ણવી ચિહ્નો રાખવાની આજ્ઞા કરી. કુંડળમાં ઓગણોતેરા કાળના ઝપાટાને મહારાજે રોક્યો અને સમગ્ર દેશમાં હવે દેશકાળ સારા થાય એવા સંકલ્પ કર્યા.

☞ મહારાજની સેવા હીરાભાઈની સ્ત્રી કલુબાઈ તથા સાંગા બાબરિયાની સ્ત્રી રતન, કાંથડ બાબરિયાની સ્ત્રી કુંવરબાઈ, નગા બાબરિયાની સ્ત્રી પરમાભાઈ તેમજ પ્રેમબાઈ સોનારણ તથા ગલુબાઈ સુથારણ વગેરે કરતાં હતાં. મહારાજ માટે જાતજાતની વાનગીઓ બનાવીને તેઓ લાવતા. બ્રહ્મચારી મહારાજને જમવાનું કહેતા ત્યારે મહારાજ કહેતા, ‘‘રાધા, લક્ષ્મી જેવી સ્ત્રીઓ અમારા માટે રોજ ભાતભાતના થાળ લાવે છે, પણ અમે તો અંગીકાર કરતા જ નથી. અમને જમવાની રુચિ જ થતી નથી.’’ આ સાંભળી સૌ હતાશ થઈ જતા.

પ્રસંગ-૩૪ મહારાજ હવામાં તલવાર વીંઝવા લાગ્યા..

આ મંડવાડમાં મહારાજ ઘણી વાર લોકોને ન સમજાય તેવું અસંબદ્ધ બોલતા એટલે લોકોને લાગ્યું કે મહારાજને ત્રિદોષ થયો લાગે છે.

એક દિવસ મહારાજ હાથમાં તલવાર લઈને ઢોલિયા ઉપરથી એકદમ ઊભા થઈ ગયા અને હવામાં તલવાર વીંઝવા લાગ્યા. આથી, ભગુજી તથા નાજા જોગિયા મહારાજને પકડવા ગયા. પણ મહારાજ તેમની સામે તલવાર લઈને ફર્યા. તેમને કહ્યું, ‘‘જોઈ છે આ ઉઘાડી તલવાર ! શ્રીકૃષ્ણે જેટલા અસુરોને માર્યા અને તેમાંથી જે બચ્યા તેમને કાપી નાંખવા છે.’’

એટલે મુક્તાનંદ સ્વામીએ મહારાજને હાથ જોડી કહ્યું, ‘‘મહારાજ ! આપ અહિંસાનો ઉપદેશ કરનારા, આપના હાથમાં આ તલવાર શોભે ?’’

‘‘કેમ ન શોભે ? સત્સંગની રક્ષા કરવા માટે તલવાર તો વાપરવી જ પડે !’’ મહારાજ તાડૂક્યા.

‘‘પણ એ માટે તો આપણા આ શૂરવીર પાર્ષદો, કાઠી ભક્તો બધા છે ને !’’ સ્વામીએ હજુ હાથ જોડીને તે જ નમ્ર ભાવથી કહ્યું. તેમને મહારાજના આ મંદવાડમાં ગંભીરતા દેખાણી એટલે તેઓ પણ મૂંઝાઈ ગયા હતા.

‘‘તમે ન સમજો સ્વામી ! એ બધા બાયલા છે !’’

મુક્તાનંદ સ્વામી આ સાંભળી કાંઈ બોલ્યા નહીં.

પ્રસંગ-૩૫ નગા બાબરિયાને વિરાટ સ્વરૂપના દર્શન..

મહારાજ ઢોલિયામાં બિરાજમાન થયા હતા. નગા બાબરિયાએ મહારાજને હાથ જોડ્યા અને તરત જ તે સત્બ્ધ થઈ ગયો ! તેને મહારાજનું વિરાટ સ્વરૂપ દેખાયું. તે ગભરાયો અને ત્યાંથી દોડવા માંડ્યો. તેને દોડતો જોઈ મહારાજે પાર્ષદને કહ્યું, ‘‘એ બાબરિયાને આંહીં બોલાવો.’’

તે આવ્યો. એટલે મહારાજે તેને પૂછ્યું, ‘‘નગા બાબરિયા ! તમે કેમ ભાગ્યા હતા ?’’

ત્યારે તેણે કહ્યું, ‘‘મહારાજ ! આપ ભગવાન છો પરંતુ જાળિયામાં આપની લીલા જોઈ આપના સ્વરૂપમાં મને શંકા થઈ હતી. આજે આકાશ ભરાઈ જાય એવું આપનું સ્વરૂપ મેં જોયું. તે વિરાટ સ્વરૂપ જોઇને મને બીક લાગી.’’

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, ‘‘એમાં તમારો કોઈ વાંક નથી. અર્જુન પણ એ વિરાટ સ્વરૂપ જોઈને બી ગયા હતા.’’

નગા બાબરિયાને મહારાજના સ્વરૂપનો પાકો નિશ્ચય થઈ ગયો !

પ્રસંગ-૩૬ ગજબ થયો ! બાબાજીનું લશ્કર આવ્યું છે..

મહારાજ કરિયાણા દરબારગઢમાં બિરાજ્યા અને તરત જ સત્સંગનો ડાયરો તેમના દરબારમાં જામી ગયો. એટલામાં એકાએક એક પસાયતો દોડતો આવ્યો. તે સીધો જ ડાયરામાં આવી ગયો અને બોલ્યો, ‘‘બાપુ ! ગજબ થઈ ગયો ! બાબાજીનું લશ્કર આવ્યું છે !’’

દેહાજી આ સાંભળી એકદમ વીલા થઈ ગયા ! તેમણે મહારાજને હાથ જોડી કહ્યું, ‘‘કૃપાળુ ! આપ પધાર્યા પણ અમારે મોટી ઉપાધિ આવી. આ બાબાજી ખંડણી ઉઘરાવવા આવ્યો છે. અમારી પાસે ખંડણી ભરવાનાં નાણાં નથી એટલે તે ગામ લૂંટશે અને અમારા સંબંધીઓ જે હાથમાં આવશે તેને પકડી જશે. જ્યારે ખંડણીની રકમ તેને ચૂકવશું, ત્યારે તે કેદ પકડેલા બધાને છોડશે. એટલે અમારે તો આંહીંથી નીકળવું પડશે. પરંતુ આપ પહેલાં નીકળી જાવ.’’

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, ‘‘બાપુ ! તમે અમને કેવા જાણો છો ? તમને આ સંકટ આવવાનું છે તેથી તો અમે ગઢપુરથી સીધા અહીં તમારી રક્ષા કરવા આવ્યા છીએ !’’

દેહાખાચર મહારાજ સામું જોઈ રહ્યા. આ સૂકલકડી કાયામાં તેમને એકાએક બ્રહ્માંડોનો પરાભવ કરે એવી શક્તિ દેખાઈ. તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું, ‘‘મહારાજ ! આપની આટલી દયા, આટલું ભક્તવત્સલપણું અમે નહોતું જાણ્યું ! તે દિવસે જામ સાહેબનું લશ્કર આવ્યું હતું ત્યારે પણ આપે જ રક્ષા કરી હતી અને જામ બાપુનું લશ્કર હથિયારો મૂકીને પલાયન થઈ ગયું હતું. આજ પણ આપ પધાર્યા. હવે અમનેય હિંમત આવી ગઈ !’’ એટલું કહી તેમણે તરત જ પસાયતાને કહ્યું, ‘‘ઝટ જા, બધા ભાયાતોને ખબર આપ કે તૈયાર થઈને આવે કોઠે.’’

મહારાજે ભગુજીને બોલાવ્યા અને તેમને કહ્યું, ‘‘ભગુજી ! આપણા બધા પાર્ષદોને તૈયાર કરીને ઉપાડો કોઠે. અમે પણ ત્યાં આવીએ છીએ.’’

ભગુજી આ સાંભળી મામલો પરખી ગયા.

બાબાજીને ગામમાં થતી હિલચાલની ખબર પડી. વળી, દરબારમાં સ્વામિનારાયણ છે તે પણ જાણ્યું. તેથી તેની વેરવૃત્તિ સળગી ઊઠી. સ્વામિનારાયણને જીવતા પકડી લેવા અને દીવાન પાસે હાજર કરી દેવા તેણે નિશ્ચય કરી લીધો.

☞ ઈ.સ.૧૭૩૩માં વડોદરામાં શેરખાન બાબી નામનો નવાબ રાજ્ય કરતો હતો. પરંતુ તે દુરાચારી હતો. પેશ્વાના સરદાર દામાજીરાવ ગાયકવાડ (પહેલા) અને એમના ભત્રીજા પીલાજીરાવ ગાયકવાડે વડોદરા ઉપર ૧૭૩૪માં ચડાઈ કરી તે લડાઈમાં નવાબ હાર્યો અને રાધનપુર ભાગી ગયો.

પીલજીરાવ ગાયકવાડ પછી એમના પુત્ર દામાજીરાવ ગાયકવાડે (બીજા) રાજ્યની સીમા વધારી. ઈ.સ. ૧૭૬૬માં વડોદરા શહેર રાજ્યની રાજ્યધાની બન્યું. દામાજીરાવ પછી સયાજીરાવ (પહેલા), ફત્તેહસિંહરાવ (પહેલા) અને ગોવિંદરાવ ગાયકવાડ અનુક્રમે રાજ્યગાદી ઉપર આવ્યા. વિ.સં. ૧૮૫૫માં ગોવિંદરાવ ગાયકવાડ રાજ કરતા હતા.

પેશ્વા સાથે ગાયકવાડ્ને મતભેદો દિવસે દિવસે વધતા ગયા. તે નિવારવા પૂનાથી રાવજી આપાજી અને બાબાજી આપાજી અને આપાજીના ભાઈ દેવાજીના પુત્ર વિઠોબારાવનું કુટુંબ વડોદરા આવ્યું. આ બધા યુદ્ધમાં કુશળ અને રાજનીતિજ્ઞ પુરુષો હતા. ગોવિંદરાવે રાવજીને દીવાનપદે નીમ્યા અને બાબાજીને લશ્કરના સેનાપતિ તરીકે નીમ્યા.

ગાયકવાડી સૈન્યના સેનાપતિના હોદાની રૂએ બાબાજી ગુજરાત અને કાઠિયાવાડના રાજાઓ પાસેથી ખંડણી ઉઘરાવતો હતો. તેણે આરબો અને મકરાણીઓનું ખાસ લશ્કર રાખ્યું હતું અને તેનો મુકામ ઘણોખરો અમરેલીમાં રહેતો. ત્યાંથી તે ખંડણી ઉઘરાવવા ફરતો. તેના અભિમાની સ્વભાવથી તેને સ્વામિનારાયણની વધતી જતી પ્રતિષ્ઠાનો હ્રાસ કરવાના મનોરથ જાગ્યા હતા. અધૂરામાં પૂરું તેને કાઠિયાવાડના કેટલાક રાજવીએ ટોણો માર્યો હતો કે અમારા નાનકડા રજવાડા ઉપર ત્રાસ ગુજરો છો પણ સ્વામિનારાયણ પાસે જાવ. તેમને પકડશો તો લક્ષ્મી પણ મળશે અને વળી તમારા દીવાન પણ તમારા ઉપર રાજી થશે. ત્યારથી તેણે સ્વામિનારાયણ સાથે વેર બાંધ્યું હતું.

પ્રસંગ-૩૭ કાષ્ટ-પાષાણની નારી દર્મપાલનમાં વિઘ્નરૂપ..

આ સંતોની ધર્મપાલનની દૃઢતા જોઈ મહારાજ પ્રસન્ન થયા હતા. છતાં ધર્મ એજ એકાંતિક સ્થિતિ પામવાનું મુખ્ય સાધન છે, તેમાં કોઈ દિવસે કોઈ પ્રકારે પણ શિથિલતા ન આવે તેવો ઉપદેશ તેમની વાતોમાં સહેજે આવતો. સંતો, હરિભક્તો સભામાં હતા. મહારાજે જોયું કે બીજા વિશેષ બહારના માણસો નથી તેથી આ સંતો, હરિભક્તોની કાયા ધર્મના દૃઢ પાલનથી વિશેષ મજબૂત થાય તે હેતુથી તેમણે કહ્યું, ‘‘સંતો ! હરિભક્તો ! સાંભળો. આપણાં સત્શાસ્ત્રોમાં અને ખાસ કરીને વાસુદેવ માહાત્મ્યમાં ભાગવતધર્મનું નિરૂપણ કર્યું છે તેમાં અહિંસા અને બ્રહ્મચર્યને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. માટે કોઈ પણ પ્રકારે ગૃહસ્થોએ તેમજ ત્યાગીઓએ તેમના ધર્મનું, આજ્ઞાનું ઉલ્લંઘન કરવું જ નહીં. નારી તો કાષ્ટની, પાષાણની કે ચિત્રામણની હોય તો તેને દૃષ્ટિ માંડીને જોવાથી કે તેનો સ્પર્શ કરવાથી તે પણ બ્રહ્મચર્ય ધર્મના પાલનમાં વિઘ્નરૂપ બને છે. માટે જો બ્રહ્મચર્ય ધર્મમાં દૃઢ રહેવું હોય, તો આ પ્રકારની સ્ત્રીઓની આકૃતિઓનો પણ સદા ત્યાગ કરવો.’’

સભામાં વ્યાપકાનંદ સ્વામી બેઠા હતા. તેમના મનમાં મહારાજની આ વાત સાંભળી વિચારો ઘોળાવા લાગ્યા. કાષ્ટની, પાષાણની કે ચિત્રમાં આલેખેલી નિર્જીવ નારી શું સાધુના ધર્મમાં સ્ખલન કરાવી શકે ? પુરુષ આટલો બધો નિર્બળ હોતો હશે અને સ્ત્રી આટલી બધી પ્રબળ હોતી હશે ?

તેમણે તરતજ મહારાજને પૂછ્યું, ‘‘મહારાજ ! શું પુરુષ એટલો નિર્બળ હોઈ શકે કે નિર્જીવ નારી તેના ધર્મનો ભંગ કરાવી શકે ?’’

આ પ્રશ્ન સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું, ‘‘સ્વામી ! આ પ્રશ્નનો ઉત્તર અમે આજે કરીશું તો તમને મનાશે નહીં. કારણ અમે તો ધર્મમાં ભંગ કરાવે એવાં નારીનાં બધાં જ સ્વરૂપો અત્યારે કહ્યા, છતાં તમને શંકા થઈ, તેથી તમારા પ્રશ્નનો ઉત્તર તમને જ્યારે અનુભવ થશે ત્યારે મળી રહેશે.’’

વ્યાપકાનંદ સ્વામી સાંભળી રહ્યા પરંતુ કાંઈ બોલ્યા નહીં.

થોડા દિવસ સંતોને ગઢપુરમાં રાખી મહારાજે સૌ સંતોને જુદા જુદા પ્રદેશોમાં વિચરણ કરવા મોકલ્યા, વ્યાપકાનંદ સ્વામીનું મંડળ પણ ઝાલાવાડ તરફ ગયું.

વ્યાપકાનંદ સ્વામી થાનગઢમાં આવ્યા. અહીં ગામ બહાર વાસુકી નાગનું મંદિર હતું. તેમણે ઉતારો ત્યાં રાખ્યો. રાત પડી હતી એટલે ગામમાં જવાનું હતું નહીં. મંદિરમાં તેઓ ઘુમટની નીચે જ સૂઈ રહ્યા. ઘુમટમાં સ્ત્રીઓના સ્વરૂપની જુદા જુદા ભાવમાં કંડારેલી પાષાણની મૂર્તિઓ જડેલી હતી. સહેજે જ તેમની દૃષ્ટિ તે મૂર્તિઓ ઉપર પડી. મંદિરના ઝાંખા દીવાના પ્રકાશમાં પણ તે મૂર્તિનું સૌન્દર્ય, અંગ અંગમાંથી ઉપસતા માદક ભાવો છતા થતાહતા. વ્યાપકાનંદ સ્વામીની દૃષ્ટિ તે મૂર્તિઓ ઉપર સ્થિર થઈ ગઈ. સ્થિરતાથી મૂર્તિઓ ઉપર તેમની દૃષ્ટિ વધુ સ્થિર થવા લાગી અને અંતરમાં સુષુપ્ત રહેલા ભાવો પણ ધીરે ધીરે જાગ્રત થવા લાગ્યા. તેમને લાગ્યું કે નૃત્યની જુદી જુદી મુદ્રામાં કંડારેલી આ મૂર્તિઓ જાણે સ્વયં નૃત્ય કરતી હતી ! મૃદંગના શબ્દો સાથે ઝાંઝરના ઝણકાર તેમને સંભળાવા લાગ્યા.

તેમણે આંખો ચોળી. ફરી દૃષ્ટિ સ્થિર કરી અને જોયું. મૂર્તિઓ હજુ તેમની સમક્ષ નૃત્ય કરી રહી હતી, મૃદંગના, ઝાંઝરના અવાજ આવતા હતા. તેમના અંતઃકરણમાં અસ્વચ્છતાના ભાવ ઉછાળા મારતા હતા. તેમણે મહારાજને સંભાર્યા. તરત જ ગઢપુરમાં તેમણે કરેલી વાતની તેમને સ્મૃતિ થઈ આવી. તેમણે એકદમ આંખો બંધ કરી દીધી અને ‘મહારાજ, સ્વામિનારાયણ’ એ મંત્ર જપવા લાગ્યા. મંત્રજાપના બળથી અંતરની અસ્વસ્થતા શાંત થઈ. તેમને લાગ્યું કે મહારાજે સાચું જ ક્હ્યું હતું. પૂર્વજન્મના અનેક વિકારો જીવમાં ભરાયેલા જ હતા. પ્રસંગ આવે એટલે તે જાગ્રત થયા વિના રહે જ નહીં. તેથી જ મહારાજે સર્વ પ્રકારે સ્ત્રીનો ત્યાગ ઉદ્‌બોધ્યો હતો. તેનો સંકલ્પ પણ અંતરમાં થવા ન દેવો, તો જ બ્રહ્મચર્યવ્રત અભંગ પાળી શકાય.

ઝાલાવાડમાં થોડા દિવસ ફરી તેઓ ગઢપુર આવ્યા. મહારાજનાં દર્શને આવ્યા ત્યારે મહારાજે તેમના માથે હાથ મૂક્યો અને પૂછ્યું, ‘‘સ્વામી ! ફરી આવ્યા ને ? સમાસ સારો થયો ?’’

તેમણે ગદ્‌ગદ ભાવે કહ્યું, ‘‘મહારાજ ! બહાર તો કદાચ સમાસ થયો હશે પરંતુ આપની આજ્ઞા લોપી એટલે મારા અંતરમાં અસ્વસ્થતા જાગી. પાષાણની મૂર્તિ તરફ દૃષ્ટિ કરી અને જાણે તેમનામાં ચેતન આવ્યું હોય તેમ મેં તે મૂર્તિઓને નૃત્ય કરતી જોઈ, મૃદંગ અને ઝાંઝરના અવાજ સંભળાયા અને મારું મન ચકડોળે ચડ્યું. તરત જ આપના શબ્દો યાદ આવ્યા, આંખો બંધ કરી અને આપનું સ્મરણ કર્યું ત્યારે શાંતિ થઈ.’’

મહારાજ આ સાંભળી રહ્યા. થોડી વારે બોલ્યા, ‘‘તેથી તો અમે તે દિવસે નિષેધની વાત કરી હતી. તમારા અનુભવમાં તમારી શંકાનું સમાધાન થયું. પરંતુ એમ દરેક એ પ્રકારનો અનુભવ કરવા તત્પર થાય તો ભ્રષ્ટ થયા વિના રહે જ નહીં. માટે પુરાણના ઋષિમુનિઓ, દેવો તેમના સૌના અનુભવ ઉપરથી આપણે સમજી લેવું જોઈએ.’’

પ્રસંગ-૩૮ આ તે ભક્ત છે કે દેવ ?

વૈશાખ ઊતરવાનો થયો છતાં દાદાખાચરનાં ખળાં ઉપાડી શકાયાં નહીં. ભાવનગર રાજ્યના સિપાઈઓ ખળાની ચોકી કરતા અને સવાર-સાંજ દાદાના દરબારમાં જઈ જમી આવતા. મહારાજની આજ્ઞા હતી એટલે લાડુબા, જીવુબા પણ તેમને પ્રેમથી જમાડતાં, પણ કોઈ દિવસ ખળામાં પડેલાં અનાજ સંબંધી તેમની સાથે તેમણે કશી વાત કરી ન હતી. આ સિપાઈઓને મનમાં થતું હતું કે પ્રભુ સાક્ષાત્ આ દરબારમાં બિરાજે છે, દાદા જેવા ભક્ત છે, તેમનું જ અનાજ આપણે ખાઈએ છીએ, છતાં તેમનાં ખળાં આપણે ઉપાડવા દેતા નથી ! તેમને વિચાર કરતા જોઈ લાડુબાએ પૂછ્યું, ''કાંઈ જોઈતું હોય તો માંગી લેજો ભાઈ ! મૂંઝાશો નહીં.''

આ સાંભળી સિપાઈઓનાં અંતર વલોવાઈ ગયાં. તેમણે કહ્યું, ''બા ! અમને તો ઘરે નથી મળતી એવી સાહ્યબી અહીં તમારા દરબારમાં ભોગવવા મળે છે. પણ અમને દુઃખ એટલું છે કે આપના જેવા ભક્તનાં ખળા ઉપર અમને ચોકીમાં બેસાર્યા છે. આપનું જ ખાઈએ છીએ, છતાં આપનો દ્રોહ કરીએ છીએ !'' એટલું કહીને તેઓ અટક્યા. પછી થોડી વારે કહ્યું, ''પણ બા ! આ બધાં કારસ્તાન મોટી ડેલીવાળા બાપુનાં છે.''

તરત જ લાડુબા બોલ્યા, ''બોલશો નહીં ભાઈ ! બધું મહારાજની ઈચ્છાથી જ બને છે. અમારી આમાં કસોટી છે. અમને ચોખ્ખાં કરવાં હશે એટલે મહારાજ કોઈને નિમિત્ત બનાવે. આપણે આંગળી ચીંધવી નહીં, પાપમાં પડીએ.''

આ સાંભળી સિપાઈઓ ડઘાઈ ગયા ! તેમને થયું આ તો ભક્ત છે કે દેવ ! લાડુબાને પગે લાગ્યા અને ત્યાંથી ઊઠ્યા. ઊઠતાં તેમણે કહ્યું, ''બા ! ખળામાંથી અનાજ જોઈતું હોય તો ખુશીથી ગાડાં મોકલજો. અમે ભરી દઈશું. રાજ્યની ચાકરીમાં પેટભરણું થશે પણ તમારા જેવા ભક્તની સેવાથી કલ્યાણ થઈ જશે.''

લાડુબાએ તરત જ કહ્યું, ''ના ભાઈ ! તમે તમારી ફરજ બજાવો. અમારું તો મહારાજના આધારે ચાલે છે.'' સિપાઈઓ નિઃશ્વાસ મૂકીને ખળા તરફ ગયા.

પ્રસંગ-૩૯ સ્વરૂપાનંદ સ્વામીને શાંતિ થાય તેવી વાતો મહારાજ કરે છે..

થોડા દિવસ પછી સમાચાર આવ્યા કે મોટા વ્યાપકાનંદ સ્વામી બોચાસણમાં ધામમાં પધાર્યા. મહારાજ આ સાંભળી ચપટી વગાડીને 'હરિ હરિ' બોલવા લાગ્યા. થોડી વારે તેમણે કહ્યું, ''સ્વામીએ ચરોતરમાં સત્સંગ સારો વધાર્યો હતો.'' પછી એકાએક પૂછ્યું, ''સ્વરૂપાનંદ સ્વામીને કેમ છે ?''

ભગુજીએ કહ્યું, ''મહારાજ ! માંદગી વધુ છે. જીવાખાચરે સંતો માટે જે જગ્યા કરી આપી છે ત્યાં રાખ્યા છે. આપનાં દર્શનની ઝંખના ઘણી છે.''

મહારાજે તરત જ કહ્યું, ''આ રાત્રે તેમને જોવા જઈશું.''

મધ્યરાત્રીએ મહારાજે ભગુજીને ઉઠાડ્યા અને કહ્યું, ''તૈયાર થાવ. આપણે સ્વરૂપાનંદ સ્વામીના દર્શન કરવા જવું છે.''

ભગુજી તરત તૈયાર થઈ ગયા. મહારાજ પણ તૈયાર થઈ ગયા. જામનગરનો ગૂઢો રંગીન રેંટો પહેર્યો, બુરાનપુરી રેંટો માથે બાંધ્યો, સોનાના તારથી વણેલ કસુંબલ રેંટો કેડે બાંધ્યો. હાથમાં સોનાના વેઢ-વીંટીઓ ધારણ કર્યાં, કમરે તલવાર બાંધી, પીઠે ઢાલ બાંધી. આવી શોભા ધારણ કરી મહારાજ સ્વરૂપાનંદ સ્વામીના ઉતારે તેમને દર્શન દેવા પધાર્યા.

મહારાજના આવા શણગારનાં દર્શન કરી સ્વરૂપાનંદ સ્વામી ગદ્ગદ થઈ ગયા ! મહારાજે કહ્યું, ''સ્વામી ! મંદવાડનું દુઃખ ઘણું છે.''

સ્વામી આ સાંભળી હસ્યા. પછી કહ્યું, ''મહારાજ ! દુઃખ તો દેહને છે. અસવાર તો તાજા છે.''

સ્વરૂપાનંદ સ્વામીના મનમાં વિચારો આવવા લાગ્યા. આત્માનાં દર્શનના આનંદમાં મહારાજનાં પ્રગટ દર્શન, તેમની વાતો, તેમનું સાન્નિધ્ય આ બધાની મેં ઉપેક્ષા કરી હતી. તેમને થયું કે ફક્ત આત્માનાં દર્શનનું સુખ પ્રગટ પરમાત્માનાં દર્શનના સુખ આગળ નહિવત્ છે. તેમણે હાથ જોડી ગદ્ગદ કંઠે કહ્યું, ''મહારાજ ! શાંતિ થતી નથી.''

મહારાજ જાણતા હતા કે સ્વામીની સ્થિતિ અલૌકિક હતી. તીરમાં લીંબુ ખોસીએ અને તીરને ચારે તરફ ફેરવીએ તો લીંબુ જ દેખાય તેમ સ્વરૂપાનંદ સ્વામીની વૃત્તિમાં મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ હતું નહીં. છતાં આત્મદર્શનની સભાનતાથી મહારાજના પ્રગટ સ્વરૂપનું જોઈએ તેવું સુખ તેઓ લઈ શક્યા ન હતા. પરંતુ હવે તેમને શાંતિ થાય તે માટે મહારાજ પોતાના જન્મનાં બાલચરિત્રોની, અયોધ્યાનાં ચરિત્રોની વાતો કરવા લાગ્યા. સ્વરૂપાનંદ સ્વામીને બાલચરિત્રોની, અયોધ્યાનાં ચરિત્રોની વાતો કરવા લાગ્યા. સ્વરૂપાનંદ સ્વામીને યોગાભ્યાસ હતો, તેથી ષટ્ચક્રમાં પ્રાણની ગતિ કેમ કરવી, પ્રણવનો નાદ કેમ સાંભળવો; ઈડા, પિંગલા અને સુષુમ્ણામાં ગતિ કરી ચંદ્ર અને સૂર્યના લોકમાં કેમ ગતિ કરવી વગેરે વાતો પણ મહારાજે તેમને કરી.

પરંતુ સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! આપનાં ચરિત્રોની વાતો સાંભળતાં ઈન્દ્રિયો-અંતઃકરણ વિરામ પામી જાય છે, તેવી શાંતિ યોગની વાતથી થતી નથી. આપના સાન્નિધ્યનો, આપના શબ્દનો આનંદ આવે છે.''

મહારાજ આ સાંભળી હસ્યા. પછી બોલ્યા, ''અમારાં સર્વ ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ એ કલ્યાણકારી છે. તે સિવાય તો ષટ્ચક્ર દેખાશે કે ગોલોક, વૈકુંઠાદિક ધામ દેખાશે તોપણ તેથી શાંતિ નહીં થાય.''

વાતો કરતાં પરોઢ થઈ ગયું. એટલે ભગુજીએ મહારાજને કહ્યું, ''મહારાજ ! પરોઢ થઈ ગયું.''

મહારાજ બોલ્યા, ''ઓહો ! સવાર પડી ગયું ! આવી ચમત્કારી આ વાતો છે !'' એટલું કહીને મહારાજ ઉતારે પધાર્યા.

મહારાજ સ્વરૂપાનંદ સ્વામી પાસે રોજ મધ્યરાત્રીએ જતા. ત્યાં સુધી પોતાને ઉતારે સંતો-હરિભક્તોને વાતો કરતા. નિષ્કુળાનંદ સ્વામી તથા પરમહંસાનંદ સ્વામી સ્વરૂપાનંદ સ્વામીની સેવામાં હતા, એટલે દાદાના દરબારમાં મહારાજની વાતો સાંભળવા તેઓ આવી શકતા નહીં. તેથી મહારાજ જીવાખાચરના દરબારમાં આવી તેમને તે સુખ આપતા. સ્વરૂપાનંદ સ્વામીના દેહમાં બહુ જ દાહ થતો. તેના શમન માટે તેમને લીલી દ્રાક્ષ ખવરાવતા, સાકરનું પાણી પાતા, અંગે ચંદનનો લેપ કરતા. થોડી થોડી વારે અંગે પાણીનો છંટકાવ કરતા, છતાં દાહની પીડા શમતી નહીં. પરંતુ મહારાજ પધારતા અને તેમનાં ચરિત્રોની વાતો કરતા એટલે તરત જ તેમની સર્વ વૃત્તિઓ મહારાજના સ્વરૂપમાં લીન થઈ જતી અને અપાર શાંતિ થઈ જતી.

મહારાજ રોજ પધારતા, પોતાનાં ચરિત્રોની વાતો કરતા, ભૂમાનંદ સ્વામી પાસે કીર્તન પણ ગવડાવતા અને શ્રીહરિ સ્વયં તેમના અંગે ચંદનનો લેપ કરતા.

☞ અમારા અંતરમાં જ્ઞાન છે તો અમારા હૃદયાકાશમાં અક્ષરાતીત ભગવાન અમને અખંડ દેખાય છે. ધામ પણ સાથે દેખાય છે. એ જ્ઞાનપ્રલય કહેવાય. જ્ઞાનપ્રલયને અંતે ભગવાન, તેમનું ધામ અને મુક્તો એટલું જ રહે છે. ભગવાન વિના બીજી જેને ઈચ્છા ન હોય તે અક્ષરધામમાં ભગવાનના સુખને પામે છે. હું બ્રહ્મરૂપ છું એવું જ્ઞાન જ્યારે થાય છે ત્યારે તે ભક્ત અક્ષરધામમાં જાય છે.

''જેને ભગવાનનો નિશ્ચય હોય પણ દેહાત્મબુદ્ધિ હોય, સંતમાં પ્રીતિ હોય પરંતુ જગતમાં આસક્તિ હોય એવો ભક્ત વૈકુંઠમાં જાય છે, જે ભક્તને ભગવાનને વિષે પ્રીતિ હોય, ભગવાનનું ધ્યાન કરતો હોય, ધ્યાનમાં વિક્ષેપ થાય તો પરિતાપ પણ કરતો હોય છતાં મૂર્તિ ધારવાનું છોડી શકે નહીં અને ઘાટ-સંકલ્પોને ખોટા કરતો રહે તેવો ભક્ત ભગવાનના ગોલોક ધામમાં જાય છે.

પ્રસંગ-૪૦ ભગવાન સદા સાકાર જ છે..

રાત્રે મહારાજે અહીં જ સભા કરી. સિદ્ધાનંદ સ્વામીને દર્શન દીધાં. તેમને વાત કરતાં મહારાજે સમજાવ્યું કે ''ભગવાન સદા સાકાર જ છે અને જે ભગવાનને નિરાકાર કહે છે તેમને ભગવાનન સ્વરૂપનું જ્ઞાન જ નથી. એવા કહેવાતા જ્ઞાનીઓ ભગવાનના માર્ગથી પડ્યા છે અને જે તેમની વાતો સાંભળે છે તેમને પણ ભગવાનના માર્ગમાંથી પાડે છે.''

શ્રીજીમહારાજ સ્વયં પુરુષોત્તમ નારાયણ હતા. તેમનું માનુષી સ્વરૂપ પર દિવ્ય હતું. ધામનું સ્વરૂપ અને મનુષ્ય સ્વરૂપની એકતા હતી. એ બે સ્વરૂપો સ્થૂળ દૃષ્ટિથી જુદાં દેખાતાં પણ આધ્યાત્મિક દૃષ્ટિએ એ બંને સ્વરૂપો એક જ હતાં. મહારાજે આ રહસ્ય સૌને સમજાવ્યું.

પછી મહારાજે કહ્યું, ''આ શહેર અમને ઘણું પ્રિય છે. અહીં ઘણી વાર અમે સભા કરી છે અને ઉપદેશની વાતો કરી છે. આ ગામમાં ઘેરઘેર હરિભક્તોને ત્યાં અમે જમ્યા છીએ. ગામની સીમમાં પણ ફર્યા છીએ. અમારા સંબંધથી જેતલપુરની આ ભૂમિ ગોકુળ અને મથુરાથી પણ વિશેષ પવિત્ર છે.''

પ્રસંગ-૪૧ પુરુષોત્તમ નારાયણનું મુક્તે સહિત ધ્યાન કરવું..

પછી સભામાં મહારાજે વાતો કરવાનું શરૂ કર્યું. ત્યારે નારાયણ સોનીએ મહારાજને પૂછયું, ''મહારાજ ! ભગવાનનું ધ્યાન કેમ કરવું ?''

એટલે મુક્તાનંદ સ્વામીએ તેનો ઉત્તર કર્યો. પણ પછી તેમણે જ આ પ્રશ્ન મહારાજને પૂછ્યો, ''મહારાજ ! ધ્યાન કેમ કરવું ?''

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, ''રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું. મૂર્તિ ધ્યાનમાં ન આવે તોપણ ધ્યાન કરવું અને શ્રીકૃષ્ણ ભગવાનના કારણ એવા જે આ પુરુષોત્તમ ભગવાન તેનું ધ્યાન મુક્તે યુક્ત કવું. એવી રીતે જ ધ્યાનના આગ્રહવાળા છે તેના ઉપર ભગવાન રાજી થાય છે ને એની ભક્તિએ કરીને ભગવાન વશ થાય છે.''

પ્રસંગ-૪૨ અમારું અક્ષરધામ અને અમે એ બે સત્ય છે..

મહારાજનું પ્રસન્ન મુખ જોઈ મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, ''મહારાજ ! આપે કૃપા કરી અમને સૌને આપનાં દર્શન કરવા અને વાતો સાંભળવા તેડાવ્યા છે તો આપ જે પ્રકારે પ્રસન્ન થાવ તે કહો. અમો આપને પ્રસન્ન કરવા, આપનું ગમતું સાધન કરવામાં પાછી પાની કરીશું નહીં.''

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી મહારાજને આનંદ થયો. તેમણે કહ્યું, ''સાંભળો સંતો ! તમારા સર્વે સાધનનો અંત આવ્યો ત્યારે તો તમને આ અલૌકિક પ્રાપ્તિ થઈ છે. જ્યારે સાક્ષાત પુરુષોત્તમ નારાયણની પ્રાપ્તિ થઈ, ત્યારે સર્વે સાધનની સમાપ્તિ થઈ જાણવી. પછી તે જે સાધન કરવાનાં હોય તે તેમની પ્રસન્નતા માટે કરવાનાં. એ ક્યા સાધન ? તો અમારી પ્રસન્નતા માટે અમારું ભજન કરવું- મંડળધારી ગુરુઓએ અને તમેના શિષ્યોએ. શિષ્યો એમ સમજે કે અમે મુક્તાનંદી, બ્રહ્માનંદી, કૃપાનંદી, અત્માનંદી એટલે અમારા ગુરુ જ અમારા મોટેરા. પરંતુ મંડળો તો સંતોની વ્યવસ્થા માટે બાંધ્યાં છે. મંડળધારી ગુરુ શિષ્યોને જ્ઞાન આપે, નિયમ-ધર્મ પળાવે એમાં એ ગુરુ, મોટેરા સાચા. પરંતુ તે બધા તમારા ગુરુઓ છે, પણ અમારા શિષ્યો છે. તે સૌ ગુરુઓ અમારું ભજન કરે છે. એટલે શિષ્યોએ ગુરુમુખી વાડામાં ન બંધાવું. ગુરુઓએ પણ પોતના કલ્યાણ માટે અમારું ભજન કરવું અને સાવધાની રાખી અમારા સ્વરૂપમાં સૌને જોડવા પણ શિષ્યોને કેવળ ગુરુમુખી ન બનાવી દેવા. આ રહસ્ય જો નહીં સમજાય તો શિષ્યો ગુરુમાં બંધાશે અને ગુરુઓ મોટપમાં બંધાશે ?'' મહારાજ બોલતા હતા અને સંતો એકધ્યાનથી સાંભળતા હતા.

પછી મહારાજે કહ્યું, ''આ સત્સંગ મળ્યો છે તેથી અંદર અંદર સૌએ સુહૃદભાવ રાખવો. છતાં વિવેકબુદ્ધિ જાગ્રત રાખી સંત અને અસંતને ઓળખવા. વળી ચૈતન્ય ચૈતન્યને પણ એક સમજવા નહીં. ઈન્દ્રિયોથી મન અધિક છે, મનથી જીવ, જીવથી ઈશ્વર અધિક છે. એમ એકબીજાથી એક એક અધિક છે. અને સર્વથી પર પરમેશ્વર અમે છક્ષએ. અમારું ધામ જે અક્ષર અને અમારી મૂર્તિ તે બંને સત્ય અને સનાતન છે. તેને જે અસત્ય કહેશે તે નાસ્તિક છે. તેઓ કદાચ મારા કહેવાતા હશે પરંતુ તે મારા નથી. અમારા પુરુષોત્તમ સ્વરૂપની તમને દૃઢતા થશે તો અમારો મહિમા સમજાશે, અમારા સામર્થ્યનો ખ્યાલ આવશે.'' મહારાજ બોલતા હતા, જાણે ગંગાનો પ્રવાહ વહે જતો હતો.

પ્રસંગ-૪૩ અમારા અંતર્ધાન થયા પછી પણ અમે સત્સંગમાં સદા પ્રગટ જ રહીશું..

''અમે સત્ય સંકલ્પ છીએ. એટલે જગતની દૃષ્ટિએ જે અસત્ય અને અશક્ય હોય તે કેવળ અમારા સંકલ્પથી સત્ય અને શક્ય બની જાય છે. અમારી દૃષ્ટિથી જ આ જગતની ઉત્પત્તિ થાય છે. માયા પણ અનેકરૂપે થાય છે. અમે આજે સત્સંગમાં છીએ અને પછી નથી રહેવાન એવું નથી. સત્સંગમાં અમે સદા પ્રગટ જ રહેવાના છીએ.

અમારા અંતર્ધાન થયા પછી પણ અમે કાં તો રાજારૂપે કાં યોગી સ્વરૂપે કે વિપ્ર સ્વરૂપે સત્સંગમાં સદા પ્રગટ જ રહીશું. અમને પ્રસન્ન કરવાનું સાધન અમારો મહિમા સમજવો, અમારી લીલાની સ્મૃતિ કરવી એ જ છે. આ જ્ઞાન મારા તમામ આશ્રિતોએ દૃઢ કરવું અને નિઃશંક રહેવું. અંતકાળે અમે સૌને દર્શન દઈ તેડવા આવીશું. આ અમારું વચન છે તે કદાપિ મિથ્યા થશે નહીં.''

મહારાજ આટલું બોલ્યા અને મુકુન્દ બ્રહ્મચારી મહારાજ પાસે આવી હાથ જોડી ઊભા રહ્યા. મહારાજ વાત કરતા હોય ત્યારે તેઓ કદાપિ તેમાં વિક્ષેપ કરતા નહીં. પરંતુ સસ્મિત મહારાજનાં દર્શન કરતા, બે હાથ જોડી સદા ઊભા જ રહેતા. મહારાજ પણ તેમના આવવાનું પ્રયોજન સમજી વાતનો અંત લાવતા. બ્રહ્મચારીને ઊભેલા જોઈ મહારાજે કહ્યું, ''લ્યો, આ બ્રહ્મચારી આવી ગયા. અમારી પ્રસન્નતાનું આ સાધન જે અમે તમને કહ્યું તે તેમના અંતરમાં તો દૃઢ છે જ.''

બ્રહ્મચારીએ તરત જ કહ્યું, ''અરે મહારાજ ! આ સૂરજ માથે આવ્યો. હવે જમવું છે કે નહીં ?''

મહારાજ બ્રહ્મચારીની વાણી સાંભળી હસ્યા. તરત જ ઊભા થતાં થતાં બોલ્યા, ''આ બ્રહ્મચારીને સવાર-સાંજ જમવાની જ વાત, પણ શું વાત થાય છે, કયો પ્રસંગ ચાલે છે તેની કાંઈ ગમ જ નથી પડતી.''

બ્રહ્મચારી હસતા બોલ્યા, ''મહારાજ ! રોજ એકની એક વાત. પણ ગોળના ગળપણની ખાધા વગર ખબર પડે નહીં તેમ તમારા સ્વરૂપના અનુભવ સિવાય તમારી વાત પણ સમજાય તેવી નથી.''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું, ''જુઓ, આપણે સૌ બ્રહ્મચારીને ભોળા સમજીએ છીએ પણ તે તો અનુભવ કરવાની વાત કરે છે. તેમની વાત મુદ્દાની છે, છેલ્લી કોટીની છે.'' એટલું કહી મહારાજ બ્રહ્મચારી સાથે જમવા પધાર્યા.

પ્રસંગ-૪૪ વાણીનો દોષ- સોમબા કુઈ ગાળો બોલે છે..

મહારાજ અક્ષર ઓરડીમાં છપ્પર પલંગમાં બિરાજમાન થયા હતા. સામે સંતો-હરિભક્તો બેઠા હતા. એવામાં કાંઈક કોલાહલ થતો સંભળાયો. મહારજે નાજા જોગિયાને પૂછ્યું, ''આ કોલાહલ શાનો છે ?'' એટલે તે ઊઠ્યા અને તપાસ કરીને પાછા આવ્યા. હસતાં હસતાં તેમણે કહ્યું, ''મહારાજ ! આજે દગડા ચોથ છે એટલે લોકરિવાજ પ્રમાણે કોઈ વિઘ્ન ન આવે તેથી લોકો બીજાના ખોરડા ઉપર પથ્થરા નાખે. સોમબા કુઈના ખોરડા ઉપર કોઈએ પથ્થરા નાંખ્યા હશે તેથી સોમબા કુઈ ગાળોનો વરસાદ વરસાવે છે.''

''સોમબા કુઈ ગાળો બોલે છે ? આટલો આટલો અમારો ઉપદેશ સાંભળ્યા પછી પણ સોમબા કુઈએ જાતિ-સ્વભાવ મૂક્યો નહીં ?'' મહારાજ આટલું બોલતાં આકળા થઈ ગયા. તેમના મુખ ઉપરના ભાવો જોઈને સૌને લાગ્યું કે મહારાજ હમણાં ચાલી નીકળશે.

મહારાજ એકદમ ઊભા થઈ ગયા. તેમણે કહ્યું, ''હવે અહીં રહેવું નથી.''એટલું કહીને તેમણે અંગરખું પહેર્યું, ચાખડી પહેરીને એકદમ ઉતાવળા ઉતાવળા નીકળી ગયા.

સૌ જોઈ રહ્યા. મુક્તાનંદ સ્વામી પણ જોઈ રહ્યા. તેમને લાગ્યું કે મહારાજની તે દિવસની ઉદાસીનતા હજુ ટળી નથી. નહીં તો એટલી વાતમાં એકદમ આકળા થાય નહીં. તેઓ પણ નીંચુ જોઈ વિચારમાં પડી ગયા.

દાદાખાચર મહારાજની પાછળ ગયા. પગમાં પડી ગયા. પ્રાર્થના કરી, ''મહારાજ ! અમારા ગુના માફ કરો. અમે તો જીવદશાવાળા એટલે દેહ પડે ત્યાં સુધી સ્વભાવ ન મૂકીએ. આપ આવા નમેરા થશો તો અમારું કલ્યાણ કેમ થશે ?''

મહારાજે આકળા થઈ કહ્યું, ''પણ સોમબા કુઈ અપશબ્દો કેમ બોલે છે ? જયાં આવી વાણી બોલાય, ત્યાં અમારાથી રહેવાય નહીં. બોલનારને પાપ લાગે અને સાંભળનારને પણ પાપ લાગે.'' એટલું કહી મહારાજ હરજી ઠક્કરને ઘેર ચાલ્યા ગયા.

સોમબા કુઈએ જાણ્યું એટલે તે દિલગીર થઈ ગયાં. મહારાજને મનાવવા ગયાં. માફી માગી પ્રાર્થના કરી. પરંતુ મહારાજે કહ્યું, ''તમારી વાણીનો દોષ સાંભળનારાના અંતરમાં પાપનાં બીજ પ્રગટાવશે. અમારું કર્યું કરાવ્યું બધું ધૂળમાં મળી જશે. અમે નહોતું જાણ્યું કે અમારા આટલા ઉપદેશ પછી પણ તમારા અંતરમાં અમારી વાણીનો પ્રભાવ પડ્યો નથી.'' આટલું બોલતાં મહારાજના મુખારવિંદ ઉપર પ્રસ્વેદનાં બિંદુ જામી ગયાં. મહારાજ આગળ બોલવાની કોઈની હિંમત રહી નહીં. દાદાખાચર, હરજી ઠક્કર, લાધા ઠક્કર વગેરે ઉદાસ થઈને દરબારમાં આવ્યા. મોટા સદ્‌ગુરુઓ હવે મહારાજને મનાવે તો જ મહારાજ દરબારમાં પાછા પધારશે.

બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી સૌ સદ્‌ગુરુઓ મળીને મહારાજ પાસે ગયા. મહારાજને ખૂબ પ્રાર્થના કરી. પરંતુ મહારાજે કહ્યું, ''અમારો સ્વભાવ કઠણ છે. ત્યાગ કરતાં અત્યંત દુઃખ થાય તેવાં અમારાં માતા-પિતા- ભક્તિ અને ધર્મ - તેમનો પણ અમે લોકકલ્યાણને અર્થે ત્યાગ કર્યો. તેમનો સ્નેહ અમારા એ ત્યાગમાં બાધા નાખી શક્યો નહીં. તેમ તમારો સ્નેહ પણ હવે અમને અમારા નિશ્ચયમાંથી ફેરવી શકશે નહીં.''

મહારાજની આ દઢતા જોઈ કોઈ કંઈ બોલી શક્યા નહીં. અખંડાનંદ સ્વામી રડવા લાગ્યા.

સૌ સદ્‌ગુરુઓ દરબારમાં આવ્યા. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, ''જેમના થકી મહારાજ રિસાણા છે તમને જ ફરી મોકલો. કુઈને કહો કે પાલવ પાથરીને મહારાજની માફી માંગે. જો ન માને તો અન્નજળનો ત્યાગ કરે પણ મહારાજને મનાવ્યા સિવાય ઘેર આવે નહીં.''

☙ અમે અક્ષરધામમાંથી અહીં આવીને રસ્તા અને પાળો એવી સરસ બનાવી છે પણ સ્વભાવ અને અંતરના દોષોએ એ રસ્તામાં ખાડા પાડી દીધા છે.

☙ પ્રેમાનંદ સ્વામી શરમાળ પ્રકૃતિના હતા. તેમની દષ્ટિ સદા નીચી જ રહેતી. મહારાજની સન્મુખ બેઠા હોય ત્યારે સ્થિર દષ્ટિ રાખી મહારાજના અંગેઅંગનું નિરીક્ષણ કરતા. ઘણી વખત મોડી રાત્રી સુધી ઘેલાને કાંઠે પોતાની ઝૂંપડીમાં તે મહારાજની મૂર્તિ સંભારી સરોદ ઉપર કીર્તન-ભક્તિ કરતા. તેમનાં કીર્તનો સાંભળવા ઝૂંપડીની બહાર કલાકો સુધી મહારાજ ઊભા રહેતા. મહારાજ પ્રત્યે તેમની એવી ભક્તિ હતી. મહારાજ પણ તેમની ભક્તિથી ખેંચાતા.

પ્રસંગ-૪૫ ગુ.સ્વા.નો પ્રશ્ન, ચારમાં કયું શ્રેષ્ઠ ? વાતો કરનાર તથા સાંભળનાર ઉભયનું કલ્યાણ..

સભામાં ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછયો, ''ધ્યાન કરવું, આત્મારૂપે વર્તવુ, માંદાની સેવા કરવી અને વાતો કરવી એ ચારમાં કયું શ્રેષ્ઠ છે ?''

મહારાજ આ પ્રશ્ન સાંભળી રહ્યા. પ્રશ્ન મુદ્દાનો હતો. તેથી પ્રશ્નનો ઉત્તર આપતા કોઈ કહે, ધ્યાન શ્રેષ્ઠ, કોઈ કહે, આત્મારૂપે રહેવું કે માંદાની સેવા કરવી તેને શ્રેષ્ઠ કહ્યા.

તે સાંભળી મહારાજે નાજ્યા જોગિયાને કહ્યું, વંડેથી મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મને ધ્યાન કરવું શ્રેષ્ઠ લાગે છે.'' તે સાંભળી મહારાજે પૂછ્યું, ''સ્વામી ! દક્ષના દસ હજાર દિકરાઓને વૈરાગ્યની ભાવના શાથી થઈ ?'' મુક્તાનંદ સ્વામી તરત જ સમજી ગયા કે, નારદજીએ દક્ષના પુત્રોને વાત કરી તેથી તે ત્યાગી થયા. માટે વાતો કરવી એ શ્રેષ્ઠ છે. એવો મહારાજનો અભિપ્રાય જણાય છે.

પછી મહારાજે કહ્યું, ''સંતો-હરિભક્તો સૌ સાંભળો ગુણાતીતાનંદ સ્વામીએ મુદ્દાનો પ્રશ્ન પૂછ્યો છે. ધ્યાન કરવું, આત્મારૂપે રહેવું, માંદાની સેવા કરવી તે તો કેવળ પોતાના આત્માના કલ્યાણ માટેના જ સાધન કહેવાય. પરંતુ વાતો કરવી તેમાં તો વાતો કરનાર તથા સાંભળનાર ઉભયનું કલ્યાણ છે. દક્ષના દસ હજાર પુત્રો પ્રજોત્પતિ માટે ઉત્પન્ન કરાયા હતા. પરંતુ નારદજીના ઉપદેશથી તેઓ વિરક્ત બની સાધુ બની ગયા. વળી રામાનંદ સ્વામી છતાં જે સત્સંગ હતો

અને જે આટલો બધો વધી ગયો તે પણ આ સંતોની વાતોના પ્રતાપે જ વધ્યો છે. માટે આપણે ધર્મ પાળીને કે ઉપદેશ કરીને પણ અન્ય મુમુક્ષુઓને સત્સંગ માર્ગે ચઢાવવા જોઈએ. તોજ અમે સ્થાપેલો એકાંતિક ધર્મ દઢ થશે અને પૃથ્વી ઉપરનો આપણો ફેરો સફળ થશે. માટે આજથી સૌએ વાતો કરવાનું અંગ પાળવું.''

કથા અને કિર્તન-ભક્તિમાં રાત ક્યા વીતી ગઈ કોઈને ખબર પડી નહી.

મહારાજે પોતાના સંબંધી અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ સૌને કરાવી દીધો. પછી કહ્યું, ''હવે રાત ઘણી વીતી ગઈ છે માટે સૌ પોત પોતાના ઉતારે સૂવા જાઓ. એટલે સૌ ઉઠ્યા. ધીરે ધીરે સભા ખાલી થઈ ગઈ. પરંતુ મુક્તાનંદ સ્વામી હજુ બેઠા હતા. તેમને બેઠેલા જોઈ નિત્યાનંદ સ્વામી પણ બેઠા. તે બંનેને જોઈ મહારાજે પૂછ્યું, ''તમારે સૂવા જવું નથી ?'' એટલે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું, ''આપની આજ્ઞા હોય તો અંતરનો નિરાકરણ કરવા થોડી વાત કરવી છે.'' મહારાજે કહ્યું, ''ભલે ખુશીથી પૂછો.'' મુક્તાનંદ સ્વામીએ તરતજ હાથ જોડીને પૂછ્યું, ''આપે ખૂબજ કૃપા કરી આપનું સ્વરૂપ ઓળખાવ્યો. અમને કલ્યાણનો માર્ગ બતાવ્યો. એ માર્ગે ચઢાવ્યા. છતાં અંતરમાં એક પ્રકારનું અસુખ, અશાંતિ રહી જાય છે. તે ટળે અને શાંતિ થાય તેવો ઉપાય બતાવો.

અક્ષરધામનો આવો દિવ્ય સુખ અત્યાર સુધી સૌએ અનુભવ્યું અને એકલા મુક્તાનંદ સ્વામીના અંતરમાં કેમ અશાંતિ રહી ગઈ. મહારાજને આશ્ચર્ય થયું. તેમણે આંખો મીંચી દીધી. મુક્તાનંદ સ્વામીની આ વાતો સાંભળી મહારાજ અવાક્ બની ગયા. મુક્તાનંદ સ્વામી આ જોઈ રહ્યા અને તેથી તેમના અંતરમાં વિશેષ ઉદ્વેગ થયો.

નિત્યાનંદ સ્વામીને થયું કે, મુક્તાનંદ સ્વામીને હજુ સાધનની ઈતીશ્રી મનાણી નથી. મહારાજના પ્રત્યક્ષ સંબંધથી સર્વ સાધન સંપૂર્ણ થઈ ગયા. આત્મદર્શન થઈ ગયું. એવું પૂર્ણકામપણુ મનાવુ જોઈએ. પરંતુ મહારાજના પુરુષોત્તમ સ્વરૂપનું એવો યથાર્થ મહિમા તેમને સમજાયો નથી. એટલામાં મહારાજે ધીમેથી કહ્યું, ''સ્વામી ! અમે છપૈયા જન્મ્યા અનેક પ્રકારના બાળચરિત્રો કરી અસૂરોનો પરાભવ કર્યો. અયોધ્યામાં આવ્યા. ત્યાં પણ અસૂરોએ અમારો કેડો મૂક્યો નહીં. અમારે પણ તેમને છોડવા ન્હોતા. તેમનો નાશ કરવો જ હતો. એટલે જયાં મળ્યા ત્યાંથી જ તેમની જડ ઉખેડી નાખી.

''ઉપવીત સંસ્કાર પછી માતા-પિતાને ધામમાં મોકલી ગૃહત્યાગ કર્યો. યાત્રાનાં સ્થાનોમાં ફર્યા. ત્યાં દૈવી જીવોને દર્શન દીધાં, તેમની મુમુક્ષુતા જાગ્રત કરી, આસુરી જીવોનો પરાભવ કર્યો. દરેક જગ્યાએ અમે ફર્યા પરંતુ શુદ્ધ ભાગવતધર્મનાં લક્ષણો કોઈ સાધુઓમાં જોયાં નહિ. તત્ત્વજ્ઞાનમાં પણ બ્રહ્મ પરબ્રહ્મમાં સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન કોઈમાં નિહાળ્યું નહિ. છેવટે લોજમાં આવ્યા અને તમારાં દર્શન કર્યાં. ત્યારે અમને શાંતિ થઈ ! લોજમાં સાધુતા જોવા મળી. ભાગવતધર્મના અંકુરો દેખાયા.'' આટલું બોલીને મહારાજ અટક્યા. પરંતુ મુક્તાનંદ સ્વામીને મૂંઝવણ વધુ થઈ. તેમને લાગ્યું કે મહારાજની વાતમાં શાંતિનો ઉપાય આવ્યો નહિ, અંતરનું નિરાકરણ થયું નહિ.

નિત્યાનંદ સ્વામી તેમને ધીરેથી કહ્યું, ''સ્વામી ! મહારાજને તમારાં દર્શને શાંતિ થઈ તો તમને મહારાજના સંબંધથી શાંતિ થતી નથી.''

એટલામાં મહારાજે ફરી શરૂઆત કરી, ''સ્વામી ! અમને રામાનંદ સ્વામી મળ્યા...''

''પણ મહારાજ ! મેં તો શાંતિ થાય તેનો ઉપાય પૂછ્યો છે.''

આ સાંભળી મહારાજ અટક્યા. એક નિશ્વાસ નાખી તેમણે કહ્યું, ''સ્વામી ! ગુજરાતમાં અત્યારે હરિભક્તોને તમને તેડાવવાનો બહુ જ આગ્રહ છે. માટે તમો ગુજરાતમાં જાઓ. ત્યાં હરિભક્તોને સત્સંગ કરાવશો તેથી શાંતિ થશે.'' એટલું કહી મહારાજ ઊઠ્યા.

પ્રસંગ-૭૬ શાંતિ તો મહારાજનાં ચરિત્રોમાં જ છે..

મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી પણ ઊઠ્યા. મુક્તાનંદ સ્વામીની ઉદાસીનતા વધી ગઈ. તેમને શૂન્યમનસ્ક થયેલા જોઈ નિત્યાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! તમે તો અમારા સૌના સદ્‌ગુરુ છો, અમારા કરતાં તમારામાં સમજણ અધિક છે. છતાં મને લાગે છે કે મહારાજની વાતનું રહસ્ય આપ સમજયા નથી.''

એટલે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું, ''સ્વામી ! શું રહસ્ય ? શાંતિ થવાનો ઉપાય મેં પૂછ્યો હતો, પરંતુ મહારાજે તેમનાં ચરિત્રોની વાત કરી.''

''તેમાં જ શાંતિ છે સ્વામી ! મહારાજનાં ચરિત્રોમાં, તેમના સ્વરૂપમાં મન જોડી દઈએ તો અંતરમાં અશાંતિ કદી પ્રગટે જ નહીં. સર્વ સાધનનું એ જ એક સાધન છે. આત્મદર્શન કરતાં અને ભગવાનનાં વૈકુંઠ, ગોલોક વગેરે ધામનાં દર્શન કરતાં પણ મહારાજનાં પ્રત્યક્ષ દર્શન, તેમની વાતો, તેમનાં ચરિત્રો ગાવાં અને સાંભળવાં તેમાં જ શાંતિ છે ! તેનાથી શાંતિનો અનુભવ અંતરમાં થાય, તેવો અનુભવ બીજાં કોઈ સાધનોથી થતો નથી. મહારાજ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે, સર્વ અવતારોના કારણ છે એવી દઢ નિષ્ઠા તમારા અંતરમાં જયારે થશે ત્યારે એ અદ્‌ભુત પ્રાપ્તિના અનુભવથી જ અંતર ભર્યું ભર્યું થઈ જશે. શાંતિ શોધવા જવું પડશે નહિ !''

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રહ્યા. નિત્યાનંદ સ્વામીની આ વાત સાંભળી તેમનું અંતર સ્થિર થઈ ગયું ! તેમણે કહ્યું, ''સ્વામી ! તમે ખરું કહો છો. મહારાજ પણ ઘણી વખત કહે છે કે શાંતિ તો એક નારાયણનાં ચરણારવિંદમાં જ છે. મહારાજનાં ચરિત્રો સાંભળવાં અને ગાવાં તેમાં જ શાંતિ છે.''

નિત્યાનંદ સ્વામી આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું, ''સ્વામી ! તમારા અંતરમાં અશાંતિ જોઈ મહારાજ પણ ઉદાસ થઈ ગયા હોય તેમ લાગ્યું.''

''એમ ? તમને એવું લાગ્યું ?'' તો તો આપણે હમણાં જ મહારાજ પાસે જવું જોઈએ.'' મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

બંને સદ્‌ગુરુઓ અક્ષર ઓરડીમાં મહારાજ પાસે આવ્યા. મહારાજ પોઢવાની તૈયારીમાં હતા. તેમના મુખ ઉપર ઉદાસીનતાની છાયા હતી. એટલામાં આ બંને સદ્‌ગુરુઓને જોઈ તેઓ ઢોલિયામાં બેઠા, એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! સ્વામીને આપનાં ચરિત્રો સાંભળી શાંતિ થઈ ગઈ !''

આ સાંભળી મહારાજે મુક્તાનંદ સ્વામી સામું જોયું. પછી ધીરે રહીને બોલ્યા, ''શાંતિનો ઉપાય, એકાંતિક ધર્મની સિદ્ધિનો ઉપાય, આત્યંતિક કલ્યાણનું સાધન એ સર્વે અમારાં ચરિત્રોમાં જ આવી જાય છે. અમારાં દિવ્ય ચરિત્રો અને મનુષ્ય ચરિત્રોમાં જેને સમભાવ રહે તે જ સ્થિતપ્રજ્ઞ ! અમારાં ચરિત્રો સાંભળી અમારા સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય થાય ત્યારે જ તમે સૌએ અમારો દાખડો સફળ કર્યો લેખાશે. અમને પણ ત્યારે જ શાંતિ થશે.''

મુક્તાનંદ સ્વામી મહારાજની વાતનું રહસ્ય સમજી ગયા. તેમણે હાથ જોડી કહ્યું, ''મહારાજ ! હવે પછી અમારી વાતોમાં આપે કહેલાં આ રહસ્યોનો જ મર્મ આવશે.'' મહારાજ પ્રસન્ન થયા.

પ્રસંગ-૭૭ ભારતની એ દિવ્ય ભૂમિનો મહિમા છે..

અચાનક આકાશમાંથી ફરી પુષ્પો ખર્યાં. ચંદનની વર્ષા થઈ અને અંતરિક્ષમાંથક્ષ હિંડોળો પ્રેમાનંદ સ્વામીના સૂરોના નાદ સાથે સરકતો નીચે આવતો દેખાયો. ''મહારાજ પધાર્યા, એ આવ્યા.'' હરિભક્તોના મુખમાંથી શબ્દો સરી પડ્યા અને વીજળી ઝબકારો થાય તેમ મહારજા હિંડોળામાં ઝૂલતા નીચે આવ્યા. તરત જ સંતોએ હિંડોળો પકડી લીધો. મહારાજ હસવા લાગ્યા. સંતોએ પૂછ્યું, ''ક્યાં અદૃશ્ય થઈ ગયા હતા ? દેવોને દર્શન દેવા કે વિરાટની સ્તુતિ સાંભળવા ?''

મહારાજે કહ્યું, ''દરેકને અમારાં દર્શનની ખેંચ હોય. વૈરાટ બ્રહ્માએ તેનાં પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી અમારી સ્તુતી કરી અને લાભ બધો તમને મળ્યો. એટલે અમારો હિંડોળો ઉપર ચઢ્યો અને વૈરાટ બ્રહ્માએ તે ખેંચી લીધો. પછી તમારી સ્તુતિ સાંભળી ત્યારે અમે તેમને કહ્યું, 'હવે સંતો અધીરા બન્યા છે માટે જવા ધો.' ત્યારે તેમણે કહ્યું, ''મહારાજ ! મેં તો મારાં આટલાં વર્ષો સુધી સ્તુતિ કરી ત્યારે આપનાં લબકઝબક દર્શન થયાં અને પૃથ્વી ઉપર સંતોની ફક્ત આટલી જ સ્તુતિમાં આપ પાછા ત્યાં પધારો છો ?'' અમે કહ્યું, 'ભારતની એ દિવ્ય ભૂમિનો આટલો મહિમા છે. ત્યાંના વાસીઓનાં એવા સદ્ભાગ્ય છે. તમારાં પચાસ વર્ષ અને એમની પાંચ પળ બરોબર છે. પછી અમને રજા આપી.'

પ્રસંગ-૪૮ જ્ઞાનની વાત કરતા પ્રત્યક્ષ સ્વરૂપની વાત સાંભળવાથી ઈં-અં. સ્થિર થઈ જાય..

લાડુબા, જીવુબા અંતર્દષ્ટિ કરીને મહારાજને અંતરમાં જોતાં, સમીપપણાનો આનંદ પણ અનુભવતાં, છતાં મહારાજનાં પ્રત્યક્ષ દર્શનની તેમની ઈચ્છા મંદ પડતી ન હતી. યોગની પ્રક્રિયાથી મહારાજ અંતરમાં તો દેખાતા હતા પરંતુ પ્રત્યક્ષ સ્વરૂપનાં દર્શન, તેમની સેવા અને તેમની વાતોમાં જે આનંદ અનુભવાતો તે આનંદ આ દર્શનમાં તેમને મળતો નહીં. અંતરના અંતર્યામીના બહાર મૂર્ત સ્વરૂપે દર્શન કરતાં સૌનાં અંતરમાં અનેરો આનંદ વ્યાપી ગયો.

સાંજે મહારાજ અક્ષર ઓરડીની સામેના ચોકમાં સભા કરી બિરાજ્યા. ગઢપુરના પ્રેમી ભક્તો અને સંતો સભામાં બેઠા હતા. તે વખતે દાદાખાચરે મહારાજને પૂછ્યું, ''મહારાજ ! આપ ગુજરાતમાં આટલો વખત રહ્યા, વરતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો, ત્યાંના ભક્તો સાથે અનેક પ્રકારની લીલા કરી તે બધી વાતો અમને કહો.''

મહારાજ તેમનો પ્રશ્ન સાંભળી પ્રસન્ન થયા. <u>જ્ઞાનની વાતો કરતાં પણ ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની વાત સાંભળવાથી ઈન્દ્રિયો, અંતઃકરણ સ્થિર થઈ જાય છે અને મૂર્તિનો અદ્ભુત આનંદ અનુભવાય છે</u>. દાદાખાચરની ભક્તિની આ સૂક્ષ્મ સમજણથી મહારાજ તેમના તરફ અનિમિષ દષ્ટિથી જોઈ રહ્યા.

તપ કરતાં ટાઢ અને તડકો જો સહન કર્યાં હોય તો ચામડીની ચંચળતા ટળી જાય છે. પછી તાપ પણ નથી જણાતો અને ઠંડી પણ નથી જણાતી.

પ્રસંગ-૪૯ સ્વાદને અર્થે મૂર્તિ ભૂલીને જમે તો દેહને અસર કરે..

રાત્રે મહારાજે સૌને ઉદેશીને કહ્યું, ''આહાર કરવો ત્યારે જળ અને વાયુની જગ્યા રાખવી એ સૂક્ષ્મ તપ છે. અતિશય આહારથી વાયુનો પ્રકોપ થાય છે, તેથી પ્રાણવાયુ મલિન થાય છે. તેની ઠેઠ મન સુધી અસર થાય છે.''

મહારાજના આ શબ્દો સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! આપ આગ્રહ કરીને જમાડો છો. અમે ના કહીએ છક્ષએ, અમારા પાત્ર સંતાડી દઈએ છીએ તો માથા ઉપર અને શરીર ઉપર દૂધ, દહીં રેડો છો તેનું શું ?''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું, ''દુર્વાસા ગોપીઓના થાળ જમી ગયા હતા. તેમણે દેહભાવ નહોતો રાખ્યો. સર્વાત્મા બ્રહ્મને ધારીને જમ્યા હતા એટલે સદા ઉપવાસી કહેવાય. તેમ તમો અમારી મૂર્તિ ધારીને અમે પીરસીએ એટલું જમી જાઓ તો અંદરના અગ્નિ સ્વરૂપે તમારું જમેલું અન્ન અમે પચાવી દઈએ. પરંતુ સ્વાદને અર્થે મૂર્તિને ભૂલીને જમો તો દેહનો ભાવ તેની અસર કરે જ.''

સ્વામી સમજ્યા. મહારાજને ભક્તોની દરેક ક્રિયામાં પોતાની મૂર્તિનું અનુસંધાન અખંડ રહે તે સાધના કરાવવાની ઈચ્છા છે. બ્રહ્મસ્વરૂપે વર્તવાની એ જ રીત છે, એ જ યોગ છે અને ભક્તિ પણ એ જ છે.

મહારાજ સવારે સરોવરમાં નાહવા પધાર્યા ત્યારે સરોવરનું જળ પણ ઠંડીને લીધે જામી ગયું હતું. છતાં મહારાજે તે પાણીથી સ્નાન કર્યું. પછી કિનખાબનો સુરવાળ અને ડગલી પહેર્યાં. માથે પાઘ પહેર્યો. બુરાનપુરી ક્સુંબી રેંટો ધારણ કર્યો. ત્યાંથી સીધા જ મહારાજ દુદુકા પધાર્યા. અહીંથી મછિયાવ સંદેશો મોકલ્યો.

પ્રસંગ-૫૦ ભક્તિ અને વ્યવહાર જુદાં ન જોઈએ..

બાપુભાઈ તથા ફૈબાએ ખૂબ જ ભક્તિભાવથી ફૂલદોલના ઉત્સવમાં સેવા કરી. મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા. મહારાજે કહ્યું, ''બાપુભાઈ ! અમે તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ કાંઈક માંગો.''

એટલામાં ફૈબા ત્યાં આવ્યાં. તેમણે મહારાજના આ શબ્દો સાંભળ્યા એટલે મહારાજને હાથ જોડી કહ્યું, ''મહારાજ ! જેમ દાદાના દરબારમાં આપ ઉત્સવો કરો છો, તેમ અમારા દરબારમાં રહીને પણ ઉત્સવો કરો. હરિભક્તોની, સંતોની સેવા કરવાનો અમને લાભ આપો.''

મહારાજ ફૈબાના આ શબ્દો સાંભળી કાંઈ બોલ્યા નહીં. પછી થોડી વારે કહ્યું, ''ફૈબા ! અમે તા ભક્તોના શુભ સંકલ્પો પૂરા કરવા જ પ્રગટ થયા છીએ અને એ ભાવથી જ ભક્તો જયાં જયાં અમને બોલાવે ત્યાં જઈ આવા ઉત્સવો કરીએ છીએ. પરંતુ ભક્તિ અને વ્યવહાર બંને જુદાં જે રાખે તે અમને ન ગમે. ભક્તિ એ જ વ્યવહાર બની જવો જોઈએ અને વ્યવહાર એ જ ભક્તિ બની જવી જોઈએ. આ ભાવમાં કદી ફેર ન પડે તે સાચવવાનું છે.''

ફૈબા મહારાજના શબ્દો સાંભળી રહ્યાં.

પ્રસંગ-૫૧ ભક્તિમાં સ્વભાવ આડા આવે તો તેનો ત્યાગ કરવો..

મહારાજ દરબારગઢમાં પધાર્યા અને અશ્વ ઉપરથી ઊતર્યા ત્યાં જ ફૈબા સામે આવીને ઊભાં રહ્યા. તેમના મુખ ઉપર આનંદ હતો. મહારાજના ચરણકમળમાં સર્વસ્વ અર્પણ કરવાનો ભાવ હતો. તેમણે હાથ જોડી કહ્યું, ''પ્રભુ ! આજે આપે મને કૃતાર્થ કરી દીધી. માર બાપુભાઈનું, મારા કુટુંબીજનનું, મારી પ્રજાનું આપના સંબંધે કલ્યાણ કરી દીધું. આપ અમારા વ્યવહારના પણ ધણી અને મોક્ષના પણ ધણી ! અમારી નાડ તમારા હાથમાં સોંપી દીધી છે.''

મહારાજ આ સાંભળી રહ્યા, પરંતુ મંદમંદ હસતાં કહ્યું, ''ફૈબા ! આવો ભાવ એકધારો રહે તે જ કરવાનું છે. ભક્તિમાં સ્વભાવ આડા આવે તો તે ત્યાગ કરી દેવો, પણ ભગવાન થકી કાંઈ અધિક સમજવું નહીં.''

પ્રસંગ-૫૨ તમો સૌ મુક્ત છો : તમારામાં પ્રાકૃત બુદ્ધિ જે કરે છે તે માયાને તરતા નથી..

સંતો પાસે મહારાજે કીર્તન-ભક્તિ કરાવી. પછી પોતે વાત શરૂ કરી, ''અમારા સ્વરૂપની તમારી અલૌકિક સમજણથી જ તમે સર્વે મુક્ત છો. જનોના ઉદ્ધાર માટે જ તમો આવ્યા છો. તમને જે પ્રાકૃત માને છે તેને પ્રાકૃત ફળ મળે છે.'' એટલી વાત કરીને પછી મહારાજે સભાને સંબોધતાં કહ્યું, ''ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર સિદ્ધ થાય ત્યારે એકાંતિક ધર્મ સિદ્ધ થયો જાણવો. શુદ્ધ આહાર, અહિંસા અને બ્રહ્મચર્ય એ ધર્મ છે. માહાત્મ્ય સહિત પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અને પરમાત્મા પ્રત્યે અસાધારણ પ્રીતિ તે ભક્તિ છે. ભગવાનના સ્વરૂપ વિના બીજે રાગ નહીં તે વૈરાગ્ય અને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મને તેમના યથાર્થ સ્વરૂપમાં જાણવું તે જ્ઞાન. આ ચાર ગુણ સહિત જે અમારી ભક્તિ કરે છે તેને હું ઉત્તમ ભક્ત માનું છું. પછી તે ત્યાગી હોય કે ગૃહી હોય.''

પ્રસંગ-૫૩ માનો ચૈતન્યરૂપ તમારું..

સંતો જમીને સભામાં બેઠા ત્યારે મહારાજે સભામાં વેણ ઉચ્ચાર્યું, ''આટલા બધા સંતોમાંથી કેટલા જણ કઠણ વ્રતપાલનમાં આત્માનંદ મુનિ જેવા શૂરવીર છે ?''

આત્માનંદ સ્વામી વચનની મૂર્તિ કહેવાતા. મહારાજનું વચન અણુ જેટલું પણ લોપતા નહીં. મહારાજનો આ પ્રશ્ન સાંભળી બધા ઊભા થઈને હાથ જોડીને કહેવા લાગ્યા, ''હે મહારાજ ! અમારે તો જેમ આપ કહો એમ જ કરવું છે. અમે તો અમારાં તન-મન આપને અર્પણ કર્યાં છે. તમારી મરજી હોય એમ જ વર્તવાનો દ્રઢાવ અમારે છે. જો આપ કહેતા હો તો અમે આંખનું મટકું ન મારીએ કે ભૂખ્યા રહીએ. જો આપ અમને વસ્ત્રોનો ત્યાગ કરવાનું કહો, તો અમે એમ કરીશું અને આપની ઈચ્છા હોય તો હિમમાં પણ ઉઘાડે શરીરે રહીએ. આપની જો મરજી હોય તો અમે પાણી પીવાનું પણ છોડી દઈશું. મૌન વ્રત રાખીશું. અમારે તો તમે ન મળ્યા હોત તો હજુ ઘણાં જન્મ-મરણ ભોગવવાનાં હતાં. તેથી આ જન્મે તો આપનું ધાર્યું જ કરવું છે. એટલે અમે તો અમારા મનમાં આપની કૃપાથી એવી હિંમત બાંધી છે કે તમે કહો તે કેમ ન થાય ?''

સંતોની આવા સરળ પણ બળભરી વાતો સાંભળીને મહારાજ પ્રસન્ન થઈ ગયા. મહારાજે કહ્યું, ''તમારા વર્તન પરથી અમને જરૂર લાગે છે કે તમે બધા એક એકથી અધિક છો. પણ અમે તમને એક વધુ અગત્યની વાત કહીએ છીએ કે તમે તમને આત્મા માનો. આપણે આત્મા છીએ. આ દેહ તો નાશવંત છે. તે ચૈતન્યના સંબંધે કરીને ચૈતન્ય જેવું દેખાય છે. આત્માનો સંબંધ ન હોય તો તે જડરૂપ જ છે. એટલે આત્મારૂપે વર્તવું ને પોતાને આત્મારૂપ, અક્ષરરૂપ માનીને પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી એ ચઢિયાતી વાત છે.''

☞ શરદપૂનમ તો અમારા અક્ષરધામનો જન્મદિવસ છે..

પ્રસંગ-૫૪ સ્વરૂપાદ્વૈતનું રહસ્ય...

કાર્તિક સુદ નવમીની સાંજની સભામાં મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો, ''હે મહારાજ ! જીવોનાં કલ્યાણ અર્થે ભગવાન પૃથ્વી ઉપર મનુષ્યાકૃતિ ધારણ કરે છે તે ભગવાન તેમના મૂળ સ્વરૂપમાં સાકાર છે કે નિરાકાર છે ? અથવા બંને છે ? અને સગુણ છે કે નિર્ગુણ છે કે બંને પ્રકારે છે ? વળી તે ભગવાનનું પૃથ્વી ઉપરનું મનુષ્ય સ્વરૂપ અને અક્ષરધામસ્થ દિવ્ય સ્વરૂપ આ બંને સ્વરૂપોમાં શો ભેદ છે ? અહીં સર્વે વૈષ્ણવજનો આવ્યા છે તેમની કેટલીક શંકાઓના નિવારણ અર્થે જિજ્ઞાસાથી આ પ્રશ્નો મેં પૂછ્યા છે તો આપ કૃપા કરી તેના ઉત્તર કરો.''

શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીના આ પ્રશ્નો સાંભળી અત્યંત પ્રસન્ન થયા અને કહ્યું, 'સ્વામી ! જેમનામાં સત્ત્વગુણની વિશેષતા હોય તેમને જ ભગવાનના સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા થાય. ભગવાન સદા સાકાર જ છે પરંતુ નિરાકાર તો નથી જ. તેમની દિવ્ય આકૃતિ છે તેથી તેવી દૃષ્ટિ જેને નથી થઈ તેઓ ભગવાનને નિરાકાર કહે છે, કારણ તેમને મન તો મનુષ્યને દૃષ્ટિગોચર થાય તે જ સાકાર. વળી, તે જ દિવ્ય સ્વરૂપી ભગવાન મનુષ્ય સ્વરૂપે જ્યારે પ્રગટ થાય છે ત્યારે પણ દિવ્ય જ હોય છે. તેમની સર્વ ક્રિયા, જન્મ, કર્મ વગેરે સદા દિવ્ય જ હોય છે અને એવા દિવ્યભાવથી જે તે ભગવાનનાં દર્શન કરે છે દિવ્યતાને પામી જાય છે. તે અક્ષરધામસ્થ ભગવાન અને અહીં મનુષ્ય સ્વરૂપે વિચરતા ભગવાન આ બંને સ્વરૂપો એક જ છે પરંતુ જુદા નથી. અર્થાત્ એ બંને સ્વરૂપોનું અદ્વૈત છે, પરંતુ જે તે બંને સ્વરૂપોને જુદા માને છે તેમજ ધામના સ્વરૂપને નિર્ગુણ કહે છે અને પૃથ્વી ઉપરના પ્રગટ સ્વરૂપને સગુણ કહે છે તે અજ્ઞાની છે. આ ભગવાનમાં આ લોકના માયિક ગુણો નથી તેથી તે નિર્ગુણ છે અને અક્ષરધામના દિવ્ય ગુણો છે તેથી તે સગુણ છે. આ પ્રમાણે સર્વ વૈષ્ણવોએ સમજવું અને એમ સમજવાથી જ અંતિમ મોક્ષ અથવા બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની સેવારૂપી મુક્તિ પમાય છે.''

પ્રસંગ-૫૫ લાજ એ ધર્મની બહેન છે..

કુશળકુંવરબાની ઘરે મહારાજ સંતોની પંક્તિમાં ફરતા હતા. આનંદ સ્વામી લાડુ પીરસતા હતા. ત્યાં વળી કુશળકુંવરબાએ ફરી કહ્યું, ''મહારાજ ! ખાંડના લાડુ છે એટલે સંતોને આજ્ઞા કરો કે પાણી ન નાખે, નહીં તો પચવા કઠણ પડશે.''

તે સાંભળી મહારાજ બોલ્યા, ''આજે સંતો બહુ આનંદમાં દેખાય છે.''

એટલે કુશળકુંવરબા સમજ્યા કે સંતોને છ માસ રાખવાનું કહ્યું તેથી આનંદમાં દેખાય છે. પરંતુ સંતો મહારાજના શબ્દનો મર્મ સમજી ગયા કે અન્નમાં પાણી ન લેવાની રાજમાતાએ વિનંતી કરી તેથી સંતો રાજીથયા છષ. સૌ સંતો શરમાઈ નીચું જોઈ ગયા. તેમણે મહારાજની નિઃસ્વાદી ધર્મ પાળવાની આજ્ઞા હતી તેનો લોપ ન કર્યો.

સાંજે મહારાજે સભા કરી. સૌ સંતો, હરિભક્તો અને ગામના ગૃહસ્થો પણ સભામાં આવી ગયા. થોડ વાર કીર્તન-ભક્તિ કરાવી પછી મહારાજે વાત કરતાં કહ્યું, ''લાજ એ ધર્મની બહેન છે. સદાચારનો એ ગઢ છે. જેનામાં લાજ હશે તે ધર્મથી કોઈ દિવસ પડશે નહીં. આજે સંતોને સહેજ મર્મના શબ્દો કહ્યા ત્યાં સૌ શરમાઈ ગયા અને નીચું જોઈ ગયા. એમ સંતોમાં લાજ છે તો તેમના આચરણમાં ધર્મ છે. તેમની સાધુતાનો આ એક સદ્ગુણ છે.''

પ્રસંગ-૫૬ અનિર્દેશ તે કયો દેશ છે ?

ધરમપુરમાં વસંતોત્સવ પૂરો થયો અને મહારાજે રાજમાતા પાસે જવાની રજા માંગી. રાજમાતા મહારાજના શબ્દો સાંભળી ઉપાસ થઈ ગયાં.

થોડી વારે તેમણે કહ્યું, ''મહારાજ ! આપ પધારી જશો પછી અમારું શું થશે ? આપના સમાચાર ક્યાંથી મળશે ? આપનો પ્રથમ પત્ર આવ્યો હતો તેમાં તો આપે લખાવ્યું હતું કે 'અનિર્દેશથી લિખાવિતમ્'. તે અનિર્દેશ ક્યાં આવ્યો તે ખબર નથી. આપ કહો આપને ક્યાં શોધવા ?''

મહારાજ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું, ''રાજમાતા ! આ તમારો ગઢ છે તે નિર્દેશ કહેવાય પણ જે પૃથ્વી ઉપર તમારું રાજ્ય છે તે અનિર્દેશ કહેવાય. વળી પૃથ્વી પણ નિર્દેશ છે કારણ તેનું પરિમાણ છે. તેનો પટ પચાસ કરાડ જોજન છે, પણ જળ અનિર્દેશ છે. વળી જળ પણ નિર્દેશ છે પણ તેજ અનિર્દેશ છે. તેજથી વાયુ, વાયુથી આકાશ, મહત્તત્ત્વ, પ્રધાન પુરુષ, પ્રકૃતિ પુરુષ આ બધા એકબીજાથી મોટા છે અને તેથી અનિર્દેશ પણ છે. પ્રકૃતિ પુરુષથી

પર, સર્વથી પર અમારું અક્ષરધામ છે, જે અધોર્ધ્વ અને પ્રમાણે રહિત છે. તે અનિર્દેશ છે. અમે ત્યાંના વાસી છીએ. એ અનિર્દેશની ઓળખાણ તમને જ્યારે થશે ત્યારે અમારી પૂરી ભાળ મળશે, અમારો સંબંધ પાકો થઈ જશે.''

રાજમાતા મહારાજ સમક્ષ સ્થિર દષ્ટિએ જોઈ રહ્યા હતા. મહારાજ અનિર્દેશની વાત કરતા હતા અને રાજમાતા મહારાજની મૂર્તિને અંતરમાં ઉતારતાં હતાં. મહારાજે વાત પૂરી કરી અને રાજમાતાએ મહારાજની મૂર્તિ અંતરમાં ઉતારી લીધી. મહારાજનાં ચરણારવિંદમાં પડી ગયાં. એ ચરણારવિંદ પકડી લીધા.

અમે રાજ્ય કરવા આવ્યા નથી, અમે તો અધર્મનું ઉત્થાન કરી ભાગવતધર્મનું સ્થાપન કરવા પ્રગટ થયા છીએ.

પ્રસંગ-૫૭ ડભાણના જગન્નાથ વિપ્ર શુકાનંદ સ્વામી બને છે..

મૂળ નડિયાદના વતની પણ પાછળથી ડભાણ આવીને વસેલા જગન્નાથ વિપ્ર, ડભાણમાં ત્યાંના વિદ્વાન શાસ્ત્રી પાસે શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે એવો મહિમા સાંભળી, શ્રીહરિ પ્રત્યે આકર્ષાયા હતા. જગત પ્રત્યે તેમને સ્વાભાવિક અરુચિ હતી તેથી ભગવત્વાર્તા સાંભળતાં તેમનું હૈયું ગદ્‌ગદ થઈ જતું. તેમાં પણ પ્રભુ સાક્ષાત્ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે અને હાલ સૌરાષ્ટ્રમાં, ગઢપુરમાં બિરાજે છે તે જાણી તેમને પ્રભુનાં દર્શનની તાલાવેલી લાગી. એ ઉત્સુક્તાના ભાવમાં શ્રીહરિનાં દર્શન કરવા તેઓ ગઢડા જવા માટે ઘેરથી નીકળી ગયા.

શ્રીહરિ ગઢપુરમાં જ બિરાજતા હતા. તેમણે અંતર્યામીપણે આ મુક્તાત્માને પોતાનાં દર્શન કરવા આવતા જાણી પોતાના સાથીઓને કહ્યું, ''ચાલો, આપણે બાપુના બીડ તરફ જઈએ.''

શ્રીહરિની દરેક ક્રિયામાં, બોલવામાં કાંઈક રહસ્ય છે એવું જાણનાર મુક્તાનંદ સ્વામીએ સૌને કહ્યું, ''ચાલો, મહારાજ સાથે.'' બધો સંઘ ઊપડ્યો.

મહારાજ અશ્વ ઉપર બિરાજમાન થયા હતા. ગામ બહાર નીકળી જરાક આઘેરા ચાલ્યા ત્યાં તેમણે સામેથી એક અઢાર વર્ષના કિશોરને વેગમાં આવતો જોયો. કચ્છ વાળીને ધોતિયું પહેર્યું છે, ઉપર ગોઠણ સુધી અંગરખું પહેર્યું છે, માથે સફેદ રૂમાલ વીંટ્યો છે તેમાંથી ફર ફર કરતી શિખા દેખાય છે. કિશોરના કોમળ મુખ ઉપર ભગવાનને ભેટવાની ઉત્સુકતા દેખાય છે. હોઠ મંત્રજાપથી અખંડ હાલી રહ્યા છે. દષ્ટિ ગઢપુરમાં શ્રીહરિના આવાસ તરફ જ છે. તે આવાસ તેણે જોયો નથી પણ તેની કલ્પનામાં તે જોઈ રહ્યો છે. એ કલ્પનાનો આવાસ બીજા વિચારથક્ષ ખસી ન જાય તેનું તેને અનુસંધાન છે.

શ્રીહરિ તેને જોઈ અશ્વ ઉપરથક્ષ એકદમ ઊતરી ગયા. જગન્નાથ વિપ્રે પણ શ્રીહરિને અશ્વ ઉપરથી ઊતરતા જોયા. તેણે શ્રીહરિને જોયા ન હતા પરંતુ ડભાણમાં સાંભળ્યું હતું કે શ્રીહરિનું સ્વરૂપ જ એવું છે કે મન, ઈન્દ્રિયોની વૃત્તિઓ સહેજે તેમના સ્વરૂપમાં ખેંચાઈ જાય. તેની વૃત્તિઓ ખેંચાણી અને તરત જ તે દોડ્યો. શ્રીહરિ પણ સામા દોડ્યા અને થોડી વારમાં તો જગન્નાથ વિપ્ર શ્રીહરિનાં ચરણમાં પડી ગયા. શ્રીહરિએ તેમને વહાલથી ઉઠાડ્યા. વાંસે હાથ ફેરવ્યો અને બોલ્યા, ''આવો જગન્નાથજી ! તમારી જ રાહ જોતા હતા. તમને સન્માનવા અમે અહીં સુધી આવ્યા છીએ.'' મુક્તાનંદ સ્વામી આ સાંભળી વિચાર કરવા લાગ્યા. તરત જ શ્રીહરિએ તેમને કહ્યું, ''સ્વામી ! આવા તો હજુ બે હજાર સાધુઓ આવશે. આ પૂર્વનો પ્રેમ છે. અમારી સ્મૃતિ અંતરમાં થાય છે અને ઘર છોડીને ચાલી નીકળી છે.''

શ્રીહરિએ પછી સૌને કહ્યું, ''ચાલો પાછા. વિપ્ર પંથ કરીને આવ્યા છે તે થાકી ગયા હશે. તેમને ઉતારો કરાવીએ, જમાડીએ. એ કાંઈ આજની ઓળખાણે નથી આવ્યા પણ આગુની ઓળખાણ છે.'' કિશોર જગન્નાથ વિપ્રનો આટલો મહિમા શ્રીહરિએ કહ્યો. તેથી સાથે આવેલા સૌને પણ તેમનો ભાર પડી ગયો.

સૌ દરબારમાં આવ્યા. કિશોરને ઉતારો કરાવ્યો. બધી વિધિ કર્યા પછી શ્રીહરિ પાસે અક્ષર ઓરડીમાં તેમને લઈ ગયા. શ્રીહરિ તે વખતે જમતા હતા. જમી રહ્યા પછી પ્રસાદીનો થાળ તેને આપ્યો. પછી કહ્યું, ''આ સામેની ઓરડીમાં અમારી પાસે જ તેમને ઉતારા આપો. તેમને પાસે જ રાખવા છે.'' પછી સોમલાખાચરને કહ્યું, ''આમનું ધ્યાન રાખજો.''

થોડા દિવસ ગયા પછી જગન્નાથ વિપ્રે સોમલાખાચરને કહ્યું, ''તમે મહારાજને કહો કે મારે સાધુ થવું છે. મારાથી મહારાજ આગળ બોલી શકાતું નથી.''

એટલે સોમલાખાચર મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું, ''મહારાજ ! ભણે ઓલ્યા ડભાણના બ્રાહ્મણને સાધુ થવું છે.''

મહારાજે તરત જ કહ્યું, ''તેમને મુક્તાનંદ સ્વામી પાસે મોકલો અને કહો કે દીક્ષા આપી દ્યે.''

સોમલાખાચર જગન્નાથ વિપ્રને મુક્તાનંદ સ્વામી પાસે લઈ ગયા અને સ્વામીને કહ્યું, ''મહારાજે કહ્યું છે કે આમને દીક્ષા આપો.''

મુક્તાનંદ સ્વામીએ બધી વિધિ તરત કરી. કૌપીન, અલફી, જનોઈ, કંઠી વગેરે આપ્યાં. આ પ્રમાણે દીક્ષાવિધિ કરી, પછી મુક્તાનંદ સ્વામીએ તેમનું 'શુકાનંદ સ્વામી' નામ પાડ્યું અને કહ્યું, ''હવે મહારાજ પાસે જાઓ. મહારાજને દંડવત્ કરી આશીર્વાદ લ્યો.''

શુકાનંદ મુનિ મહારાજ પાસે અક્ષર ઓરડીમાં આવ્યા. મહારાજ તેમને આ વેશમાં જોઈ રાજી થયા. પછી પૂછ્યું, ''શું નામ રાખ્યું છે ?''

ત્યારે તેમણે કહ્યું, ''શુકાનંદ સ્વામી.''

ત્યારે મહારાજે કહ્યું, ''મુક્તાનંદ સ્વામી પણ તેમનું પૂર્વનું નામ જાણતા લાગે છે.'' પછી તેમને કહ્યું, ''તમારે સદા અમારી સાથે જ રહેવું. આજ્ઞાની રાહ જોવી નહીં.''

પ્રસંગ-૫૮ સંત મળે ત્યારે અમારી ઓળખાણ થાય છે..

ગઢપુરમાં મહારાજ પંદર દિવસ રહ્યા. વડતાલ જવાનો સમય થઈ ગયો હતો. જે કાઠી દરબારો મહારાજ સાથે જવાના હતા તે બધા આવી ગયા હતા. જીવાખાચર અને તેમના દીકરા મૂળુખાચર પણ આવી ગયા હતા. દાદાના દરબારમાં બધા સભા ભરીને બેસી ગયા હતા. નાજા જોગિયાએ મહારાજની માણકી તૈયાર રાખી હતી. એટલામાં મહારાજ પધાર્યા. ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી વાત કરતાં કહ્યું,

- આવા સમૈયા-ઉત્સવમાં સંતો-હરિભક્તો આવે,
- તેમનાં સૌનાં દર્શન થાય, એક બીજા સાથે ભળી જવાય,
- સુહૃદભાવ વધે, મન ઘસાય, સ્વભાવ ઘસાય, ખોટી ટેવો છૂટી જાય.
- આ બધું અન્ય સાધન કરતાં કોઈ દિવસ ટળે નહીં. આવા દિવ્ય સત્સંગનું આ ફળ છે.

- તેમાં જ્યારે સમજણવાળા સંત મળે ત્યારે અમારા સ્વરૂપની સાચી ઓળખાણ થાય.
- અમે દૂર છીએ એવું ક્યારે મનાય જ નહિ, સદા સમીપમાં છીએ એવું જ્ઞાન થાય.

એવા જ્ઞાનની સ્થિતિવાળા ભક્તની અંતર્દષ્ટિ ઊઘડે છે અને ભગવાન પોતાના ધામ સહિત સદા તેની સમીપમાં જ છે એ નિશ્ચય થાય છે.'' એટલી વાત કરીને મહારાજ ઊઠ્યા.

પ્રસંગ-૫૯ વરતાલમાં રંગોત્સવ..

અમદાવાદના હરિભક્તો કેસરિયાં વસ્ત્રો લાવ્યા હતા તે હુતાશનીને દિવસે તેમણે મહારાજને ધરાવ્યાં. દામોદર ભક્તે કપૂરના હાર, કડાં, તોરા વગેરે ધરાવ્યાં. કેટલાક હરિભક્તો ખાંડના હાર પણ લાવ્યા હતા. શ્રીહરિને તે પહેરાવતા અને શ્રીહરિ તરત જ તે કાઢી ભક્તોને પાછા આપી દેતા. જે જે દેશના જે જે હરિભક્તો આવ્યા હતા તેઓ તેમના દેશની ઉત્તમ વસ્તુઓ લાવ્યા હતા. તે તેમણે શ્રીહરિને ધરાવી. સભાવ્યવસ્થા એવી સુંદર કરી હતી કે જે જે દેશના જે હરિભક્તો આવ્યા હતા તે તેમને માટે નિયત કરેલી જગ્યામાં જ બેસે. તેમનામાંથી એક મોટેરા આવી મહારાજનું પૂજન કરે અને ભેટ ધરાવે, તેથી કોઈ પ્રકારનો કોલાહલ કે ધાંધલ-ધમાલ થતાં નહીં. સૌને મહારાજનું પૂજન કર્યાનો સંતોષ થતો.

મુંબઈથી આવેલા ભાવસાર ખેંગારભાઈ તથા ચાંપસીભાઈ તથા રૂડા સુથાર થોકબંધ ગુલાલ લાવ્યા હતા. તે તેમણે ગુલાલના ગંજમાં નાખી દીધા.

અમદાવાદના પાટીદાર હરિભક્ત ગંગાદાસ દૂધમાં બનાવેલી મેંદાની સેવો લાવ્યા હતા. તેમની રસોઈ ફૂલદોલના દિવસે રાખી હતી. રસોઈ તૈયાર થઈ એટલે મહારાજને તેડવા બ્રહ્મચારી આવ્યા. મહારાજે સંતોને કહ્યું, ''તમે અહીં હોરીના ઉત્સવનાં પદો ગાજો, અમે હમણાં આવીએ છીએ.''

મહારાજ જમવા પધાર્યા અને સંતોએ હોરીનાં પદો શરૂ કર્યાં.

થોડી વારે મહારાજ જમીને સભામાં પધાર્યા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો સુંદર હિંડોળો તૈયાર કર્યો હતો તે આંબા નીચે બાંધ્યો હતો. હિંડોળાના મધ્યે ઘુંમટ હતો. તેના ઉપર સુવર્ણ કળશ ગોઠવ્યો હતો. ઘુંમટનાં છજાંઓ સુવર્ણતારનાં વસ્ત્રોથી બનાવેલી સુંદર ઝાલરથી શોભતાં હતાં. હિંડોળાની નીચે પણ સુવર્ણની ઘૂઘરીઓ બાંધી હતી. આજુબાજુ કલાત્મક કોતરણીથી હિંડોળો સુંદર શોભતો હતો. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેમનું અંતર આ હિંડોળામાં જડી દીધું હતું. પ્રેમલક્ષણા ભક્તિની મૂર્તિ સમો હિંડોળો શોભતો હતો.

મહારાજ પધાર્યા અને મુક્તાનંદ સ્વામી મહારાજને હિંડોળા પાસે લઈ ગયા. હિંડોળાની શોભા જોઈ મહારાજ પણ સ્થિર થઈ ગયા. તેમણે મુક્તાનંદ સ્વામી સામું જોયું. પછી હસતાં હસતાં પૂછ્યું, ''સ્વામી ! વૈરાગ્યના સ્વરૂપમાંથી આવો પ્રેમ કેવી રીતે પાંગર્યો ?''

નિષ્કુળાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું, ''મહારાજ ! આપનું સ્વરૂપ સર્વ રસથી ભરપૂર છે, તેથી અમારામાં કદાચ એકાદ રસ હોય ! પરંતુ આપના સ્વરૂપને યાદ કરીએ છીએ એટલે પ્રેમના, ભક્તિના, વૈરાગ્યના, જ્ઞાનના બધા જ ભાવો ઊપજે છે. આપની મૂર્તિનો આવો પ્રતાપ છે.''

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમને થયું કે - મારા ભક્તોમાં મારા મહિમાનું અને કર્તાપણાનું અખંડ જાણપણું છે તેથી તેમની પોતાની ક્રિયાશક્તિ કે જ્ઞાનશક્તિનું અહમ્ રહેતું નથી. જે તપ અને યોગથી સિદ્ધ થતું નથી, તે પ્રગટ ભગવાનની ભક્તિથી સહજમાં સિદ્ધ થઈ જાય છે !

મહારાજ હિંડોળામાં બિરાજ્યા અને સર્વત્ર જયનાદના ઘોષ થયા. હરિભક્તોના હર્ષના પાર ન રહ્યો. તેમની ઊર્મિઓ તેમના દેહનાં ઉછાળા મારી રહી. સૌ જ્યાં બેઠા હતા, ત્યાં આ દિવ્ય આનંદના ઉન્માદમાં ડોલવા લાગ્યા. શ્રીહરિના કપાળમાં કેસર મિશ્રિત ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક હતું, મધ્યે કુંકુમનો ચાંદલો હતો. તે ઉપર મુક્તાનંદ સ્વામીએ કુંકુમનો ચાંદલો કર્યો. કપાળમાં ચંદનની આડ્ય કરી, પ્રેમવિભોર થઈ હડપચી ઉપર અને બંને ગાલ ઉપર પણ કુંકમના ચાંદલા કર્યા. શ્રીહરિનું શોભાયમાન મુખારવિંદ મુક્તાનંદ સ્વામીના આ ભાવથી વધુ શોભવા લાગ્યું. કેસરિયા વસ્ત્ર ઉપર પીળો મુગટ શોભતો હતો. ગુલાબ તથા કેસૂડાના હારથી શ્રીહરિનો કંઠ ભરાઈ ગયો હતો. કેટલાક ભક્તો તો દૂરથી હાર ફેંકતા તેથી હિંડોળો પણ હારથી ભરાઈ ગયો હતો. શ્રીહરિના સ્વરૂપની શોભા નીરખતા ભક્તજન ચિત્રવત્ બની ગયા હતા !

સંતોએ શ્રીહરિએ ઝુલાવતા હોરીનાં પદો શરૂ કર્યાં. ઝાંઝ, પખવાજ, દુક્કડ અને સરોદના સૂરમાં સંગીત જામ્યું. સંતોના પલટાતા તાન અને આલાપમાં જુદા જુદા રાગ અને રાગિણીઓ આકાર લેતી હતી. શ્રીહરિ પણ એ પ્રકારના ભાવમાં ઝૂલતા હતા. આ દિવ્ય આનંદમાં સમયનું ભાન રહ્યું નહીં. પણ એકાએક શ્રીહરિએ હિંડોળો થંભાવ્યો. ત્યાં તો 'વાસુદેવ હરે' સાદ સંભળાયો. મહારાજે કહ્યું, ''સૌ ઊઠો, જમવાનો સમય થઈ ગયો છષ. પછી રંગોત્સવ પણ કરવો છે અને રાત્રે ફરી હિંડોળાનાં પદોનું સંગીત માણવું છે.''

સૌ ઊઠ્યા. પોતાના ખોવાઈ ગયેલા સ્વરૂપને પાછા લાવવા મનની વૃત્તિ સતેજ કરી. થોડી વારમાં સૌ સ્વસ્થ થઈ ગયા !

આજે તો રંગોળીઓ પૂરી હતી, અગરબત્તીની શોભા કરી હતી, પડિયા, પત્રાવળાં પણ ગોઠવી દીધાં હતાં.

સંતો સૌ પંક્તિમાં બેસી ગયા. સ્વામિનારાયણની ધૂન્યનો નાદ ગાજવા લાગ્યો. એટલામાં નાનાભાઈ વિપ્ર સેવો લાવ્યા. પાછળ શ્રીહરિ ખાંડનું બૂરું લઈને આવ્યા અને મુકુન્દવર્ણી ઘીની તાંબડી લઈને આવ્યા. સેવો ઉપર મહારાજ પોશે પોશે બૂરું પીરસતા હતા, મુકુન્દવર્ણી તાંબડીની ધારે ઘી પીરસતા હતા. બધી જ વાનગી પીરસી લીધી. પછી સંતો બધું ભેળું કરી, પાણી નાંખી તેમના નિયમ પ્રમાણે જમવા લાગ્યા. શ્રીહરિ સંતોની પંક્તિમાં પીરસતાં પીરસતાં વાતો કરતા જતા હતા : ''નિયમમાં વર્તે તો મોક્ષ થાય. ત્યાગીને ત્યાગીના નિયમ અને ગૃહસ્થને ગૃહસ્થના નિયમ. નિયમ એ વાડ છે. જે વૈરાગ્યથી નથી થતું તે નિયમથી થાય છે.''

સૌ જમી રહ્યા. એટલામાં શ્રીહરિ પણ થોડો આરામ કરી ઊઠી ગયા. શ્રીહરિએ પાર્ષદોને અગાઉથી સૂચના આપી દીધી હતી. આ રંગોત્સવમાં પ્રેમી ભક્તો ગાંડા થઈ જશે, કોઈ પ્રકારનો નિયમ રહેશે નહીં, સૌને અમારી સાથે રંગે રમવાનું તાન રહેશે, માટે તમારે અમારી આજુબાજુ ગઢની જેમ ઊભા રહેવું. પિચકારી કે ગુલાલ બેહદ ઉડાડે ત્યારે ઢાલોથી અમારું રક્ષણ કરવું.

શ્રીહરિની સૂચના અનુસાર શ્રીહરિના અંગરક્ષક પાર્ષદો સજ્જ થઈ ગયા !

પાર્ષદોથી વીંટળાયેલા શ્રીહરિ જ્ઞાનબાગમાં પધાર્યા. જયઘોષ થયો અને રંગની રેલમછેલ થઈ. રંગ માટે બે હોજ બનાવ્યા હતા તેમાં કૂવામાંથી નીક દ્વારા પાણી લાવ્યા. તેમાં રંગ નાખ્યો. મહારાજે પોતાનાં બંને ચરણારવિંદ તેમાં બોળ્યા અને રંગ પ્રસાદીનો કરી દીધો. પછી તો પિચકારીઓ છૂટી. આકાશ અને ધરતી લાલ બની ગયાં. તેમાં પીળા વર્ણના વસ્ત્રધારી ધર્મકુમાર હાથમાં સુવર્ણની પિચકારી લઈ ઘડીક સંતોના વૃંદમાં તો ઘડીક હરિભક્તો સાથે સુવર્ણમૃગની ચપળતા સમ હોળી ખેલતા શોભતા હતા. શરણાઈઓ અને બૂંગિયા ઢોલના ઘોષથી વાતાવરણ વીરસથી સભર બની ગયું. પાર્ષદો શ્રીહરિની આજુબાજુ કિલ્લેબંધી કરી સાથે

ને સાથે જ ફરતા હતા. અક્ષરધામના દિવ્ય આનંદનો અનુભવ શ્રીહરિએ સૌને કરાવ્યો. અક્ષરધામ તો પુરુષોત્તમની મૂર્તિની ભેળું જ સદા હોય, પરંતુ આજે તેની સહજ ઝલકનો સૌને મહારાજે સ્વાદ ચખાડ્યો. દિવ્ય આનંદના ઉન્માદમાં સૌ ભાન ભૂલી ગયા ! અંતરીક્ષમાં દેવો આ ભાન ભૂલેલા ભક્તોના દિવ્ય ઉન્માદના, શ્રીહરિની દિવ્ય લીલાચરિત્રનાં દર્શન કરવા આવી ગયા. તેમણે પણ કેસર અને ચંદનનો છંટકાવ કર્યો. વાતાવરણમાં માદક સુગંધી પ્રસરી રહી.

એકાએક શ્રીહરિએ જોરથી તાળી પાડી, ઘોષ કર્યો અને રમત સ્થંભી.

ત્યાર બાદ શ્રીહરિ સાથે સૌ ઘના તલાવડીમાં નહાયા. નાહીને શ્રીહરિ વાસણ સુથારના ઘેર પધાર્યા. અહીં બ્રહ્મચારીએ થાળ તૈયાર રાખ્યો હતો. શ્રીહરિ અલ્પ જમ્યા અને પ્રસાદી વાસણ સુથાર તથા જોબન પગી, રણછોડભાઈ, બાપુભાઈ વગેરેને આપી દીધી. રણછોડભાઈએ કહ્યું, ''અત્યારે ફરી હિંડોળામાં ઝુલાવવાનો અમને લાભ આપવાનો છે.''

શ્રીહરિ હસ્યા. ત્યાં તો જોબન પગીએ કહ્યું, ''પણ મહારાજ હિંડોળામાં તો ચારે તરફ ત્રણ-ત્રણ બારણાં ગોઠવ્યાં છે. તેથી ચારે તરફ સૌને દર્શન થાય તો બધા જ તૃપ્ત થઈ જાય !'' મહારાજ કાંઈ બોલ્યા નહીં.

મહારાજ ફરી જ્ઞાનબાગમાં પધાર્યા. સાંજ થઈ ગઈ. દીવાઓ, મશાલો પેટાવી હતી. સર્વત્ર ઝાકઝમાળ થઈ ગયું હતું. મહારાજને મુક્તાનંદ સ્વામી હાથ પકડી હિંડોળા પાસે લઈ ગયા. મહારાજ બિરાજ્યા. મહારાજે જરિયાની વસ્ત્રો પહેર્યાં હતાં. હેમનાં આભૂષણો ધારણ કર્યાં હતાં. માથે મુગટ પહેર્યો હતો, જે હિંડોળાના ઘુંમટને અડતો હતો.

સંતો, ભક્તોએ મહારાજને ઝુલાવ્યા. મુક્તાનંદ, બ્રહ્માનંદ, દેવાનંદ, પ્રેમાનંદે હિંડોળાનાં પદો શરૂ કર્યાં. મહારાજ પણ સંગીતના સૂરોમાં તાલ પુરાવતા હિંચકતા હતા. જ્ઞાનબાગનું આખું પટાંગણ હરિભક્તોના સમૂહથી ચિક્કાર થઈ ગયું હતું. કોઈ ઠેકાણે એક તસુ જેટલી પણ જગ્યા ખાલી ન હતી. દૂરદૂરથી હરિભક્તો આંખો ખેંચીને આ દિવ્ય દર્શન કરી રહ્યા હતા. પરંતુ પાછળ અને આજુબાજુ બેઠેલા હરિભક્તોને મહારાજના સન્મુખનાં દર્શન થતાં ન હતાં. તેમનાથી ખસીને બીજે જઈ શકાય તેમ પણ ન હતું. તેમને મનમાં મૂંઝવણ થવા લાગી : ''મહારાજનાં આવાં દિવ્ય દર્શન આપણને યથાર્થ થતાં નથી. આવો લાભ ફરી ક્યારે મળશે ?'' આવી મૂંઝવણમાં દર્શન માટે અકળાઈ ગયેલા આ ભક્તો સ્થિર દૃષ્ટિથી હિંડોળા તરફ જોઈ રહ્યા હતા. એટલામાં મહારાજ પોતાની સન્મુખ હોય એવાં દર્શન થયાં ! આ શું ? મહારાજ ફર્યા ? પરંતુ ત્યાં તો બારે બારણે મહારાજ ઊભા હોય તેવાં દર્શન સમગ્ર મેદનીને થયાં. આ દર્શનથી ભક્તસમુદાય આનંદવિભોર બની ગયો.

કીર્તન-ભક્તિ પૂરી થઈ અને મહારાજ હિંડોળા ઉપરથી ઉતર્યા. મહારાજે આપેલા દિવ્ય દર્શનથી, ઉત્સવના આનંદથી, સત્સંગના અનેરા રંગથી રંગાઈ ગયેલા સંતો-હરિભક્તો આજે કૃતકૃત્ય બની ગયા ! જીવનમાં ન કલ્પેલા આનંદનો અનુભવ મહારાજે કરાવ્યો. જીવનનો આ એક દિવ્ય પ્રસંગ તેમના અંતરમાં સદા માટે જડાઈ ગયો.

પ્રસંગ-૬૦ શ્રીહરિને કેવા જાણવા ?

થોડી વારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, ''મહારાજ ! નિત્યાનંદ સ્વામી પાસે ગીતાભાષ્ય ભણતો હતો તેમાં એક દિવસ ઉપાસનાનો પ્રસંગ નીકળ્યો એટલે તેમણે મને પૂછ્યું કે, 'મહારાજને કેવા જાણવા ?' ત્યારે મેં કહ્યું, 'વૃષ્ણિકુલોત્પન્ન વાસુદેવ તે જ શ્રીજી સ્વયં છે.' એટલે તેમણે કહ્યું, 'સ્વામી ! તે વાસુદેવથી પણ પર અને તેના કારણ સ્વયં અક્ષરાધિપતિ તે જ શ્રીજીમહારાજ છે.' પરંતુ મને આ વાત બેઠી નહીં. એટ્લે મેં બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું. તેમણે અમારી બંનેની મહોબ્બત રાખી ગોળ ગોળ ઉત્તર આપ્યો.''

બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી શાંતિથી આ સાંભળી રહ્યા હતા. તેમણે નિર્ણય કર્યો હતો કે મહારાજનાં દર્શન થાય ત્યારે ઉપાસનાનો આ અગત્યનો પ્રશ્ન મહારાજને પૂછીને મહારાજ પાસેથી જ તેનો ઉત્તર મેળવવો. તે પ્રસંગ અત્યારે જ મુક્તાનંદ સ્વામીએ ઝડપી લીધો, તેથી તેઓ પણ રાજી થયા.

મહારાજ થોડી વાર શાંતિથી વિચાર કરવા લાગ્યા. પછી ધીરેથી મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! આ નિત્યાનંદ સ્વામી સમજે છે તેમ સમજો. તેમની સમજણ ઉત્તમ છે.''

એટલે મુક્તાનંદ સ્વામીએ બે હાથ જોડી પૂછ્યું, ''મહારાજ ! ઉપાસનાની આ વાતને કોઈ શાસ્ત્રનો આધાર મળે છે ખરો ?''

મહારાજ આ સાંભળી કાંઈ બોલ્યા નહીં. નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી પણ મહારાજના મુખારવિંદ સામું જોઈ રહ્યા. સહેજ ઉદાસીનતાની રેખા મહારાજના મુખારવિંદ ઉપર તેમને દેખાઈ. મહારાજે ધીરેથી કહ્યું, ''સ્વામી ! શાસ્ત્રો તો કોઈ મોટાપુરુષે રચ્યાં હશે કાં ઋષિમુનિઓએ રચ્યાં હશે. તે શાસ્ત્રોનો આધાર સાચો અને અમારા વચનનો આધાર સાચો નહીં ?''

મુક્તાનંદ સ્વામી વિચારમાં પડી ગયા. એટલામાં મહારાજે કહ્યું, ''સ્વામી ! એમાં વિચાર કરવા જેવું કાંઈ નથી. શાસ્ત્રો જ્યારે અમને સર્વોપરી ભગવાન તરીકે વર્ણવે ત્યારે તે પ્રમાણે માનજો. ત્યાં સુધી તો જે સમજણ કરી છે તે દૃઢ રાખજો.'' એમ કહીને મહારાજ ઊઠ્યા.

નિત્યાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી સામું જોઈ રહ્યા. થોડી વારે તેમણે કહ્યું, ''સ્વામી ! મહારાજના વચનમાં વિશ્વાસ રાખો.''

મુક્તાનંદ સ્વામી વિચાર કરતા બેસી રહ્યા. નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી ત્યાંથી ઊઠીને બહાર મહારાજ પાસે ગયા.

બીજે દિવસે મહારાજ નાગડકાથી ભેંસજાળ પધાર્યા. સાથે કાઠી સમાજ હતો. દાદાખાચર પણ હતા, કારણ કે દાદાખાચરને તેડાવવાનો ગુજરાત હરિભક્તોનો ખાસ આગ્રહ હતો.

અહીં કાયાભાઈના દરબારમાં મહારાજ ઊતર્યા. ગગાભાઈ, ભાઈજીભાઈ તથા રાજાભાઈ તેમજ બાજીબા, કર્ણીબા અને ચાંદાબા વગેરે ભક્તોએ મહારાજ અને સાથેના ભક્તોની સેવા ભક્તિભાવથી ઉપાડી લીધી.

મહારાજ પધારતા અને સૌનાં અંતરમાં આનંદના હિલોળા ઊછળતા. તેમના અંતરમાં દૃઢ નિશ્ચય હતો કે આ પરબ્રહ્મ છે, પુરુષોત્તમ નારાયણ છે. આ નિશ્ચય તેમને યોગના કયા પ્રકારથી થયો કે ભક્તિની કેવી પરાકાષ્ટાથી થયો તે તો તેઓ જાણતાં ન હતાં. ફક્ત મહારાજ જાણતા હતા કે કેવળ પોતાની કૃપાથી જ પોતાના સ્વરૂપનો નિશ્ચય થાય છે. એ કૃપાપ્રાપ્તિનું સાધન સંપૂર્ણ શરણાગતિ ! આ દરબારોમાં, કાઠી ભક્તોમાં એ ભાવ સભર ભર્યો હતો. તેમના અંતરમાં મહારાજ સિવાય બીજું કાંઈ ન હતું.

પ્રસંગ-૬૧ મીરસાહેબને ભગવાન ઓળખાય છે..

બીજે દિવસે વહેલી સવારે શ્રીજીમહારાજ ઉગમણા ઓરડાની ઓસરીના વચલ ખંડના પગથિયા ઉપર સુંદર આસન ઉપર બિરાજમાન થયા હતા. તેમની સન્મુખ સંતો-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે કોઈ રાજ્યના અધિકારી જેવા જણાતા એક મુસલમાન ભક્ત ત્યાં આવ્યા. તેમને જોઈને જ મહારાજે તેમને તરત જ બોલાવતાં કહ્યું, ''આવો આવો મીરસાહેબ ! અમે તમારી જ રાહ જોતા હતા.''

મીરસાહેબને પોતાના નામના સંબોધનથી આશ્ચર્ય થયું ! તેઓ ગઢપુરમાં પહેલી જ વાર આવ્યા હતા. ભગવાન સ્વામિનારાયણનું નામ તેમણે સાંભળ્યું હતું પરંતુ દર્શન કર્યાં ન હતાં. આજે જૂનાગઢનો પંથ કરીને ગઢપુર તરફ તેઓ અચાનક જ આવી ચડ્યા. ગઢપુરની સીમમાં આવતાં જ તેમના અંતરમાં આહ્લાદક શાંતિનો અનુભવ થયો. તેઓ વિદ્વાન હતા. કુરાન પણ રોજ પઢતા. તેથી તેમને થયું કે નક્કી આ જમીનમાં ખુદાના બંદા વસતા હોવા જોઈએ. તેઓ ગામમાં આવ્યા. તપાસ કરી તો ખબર પડી કે ભગવાન સ્વામિનારાયણ અહીં બિરાજે છે. દાદાખાચરના દરબારમાં આવ્યા. મહારાજના પ્રથમ દર્શને જ તેમને દિવ્ય અનુભવ થયો.

મહારાજે દાદાખાચરને કહ્યું, ''દાદા ! આ મીરસાહેબ વડોદરા રાજ્યના અધિકારી છે. તેમને રોજા હોવાથી ઉપવાસ છે. એટલે દહીં, શાક વગેરે તેમને આપજો.'' મીરસાહેબના અંતરની એક પછી એક વાત મહારાજ કરતા હતા અને મીરસાહેબના અંતરમાં મહારાજના સ્વરૂપ વિષે અનેક પ્રકારના સંકલ્પો થતા હતા. મહારાજે તેમને કહ્યું, ''મીરસાહેબ ! ખુદા પૃથ્વી ઉપર અનેક જીવોનું કલ્યાણ કરવા પ્રગટ થાય છે ત્યારે મનુષ્ય જેવા જ દેખાય છે, પણ તેમનું સ્વરૂપ દિવ્ય છે. તેમને તે રીતે ઓળખીને જો તેમનો આશ્રય જીવ કરે તો તેનો જરૂર મોક્ષ થાય.'' મીરસાહેબને મહારાજનું સ્વરૂપ સમજવામાં મહારાજના આ શબ્દોથી વિશેષ શબ્દોની જરૂર ન હતી. મહારાજના આ શબ્દોથી તેઓ કૃતકૃત્ય થઈ ગયા. બીજે દિવસે તેઓ વડોદરા ગયા.

પ્રસંગ-૬૨ પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના અક્ષરને પણ ભગવાન ન કહેવાય..

આ સાંભળી સર્વે સંતોએ મહારાજને હાથ જોડી કહ્યું, ''હે મહારાજ ! આપનું સર્વોપરી સ્વરૂપ અમને યથાર્થ સમજાવો.''

એટલે મહારાજે કહ્યું, ''જ્યાં પ્રગટ પુરુષોત્તમની વાત આવે છે ત્યારે સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે. પરંતુ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે ને પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દો સાંભળી મતિ ભ્રમવા દેવી નહીં. તે પુરુષોત્તમ તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ. એમાં કિંચિત માત્ર સંશય નથી.''

શ્રીજીમહારાજની પોતાના પુરુષોત્તમ સ્વરૂપની આ સ્પષ્ટ વાત સાંભળી ત્યાં બેઠેલા ઘણા સંતોને મહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો. કેટલાકને સંશય પણ થયો. શાસ્ત્રના શબ્દોનો આધાર શોધવા જનાર અન્યને સ્વરૂપનિષ્ઠાની આ વાત બરાબર ગળે ઊતરી નહીં.

ધનતેરશના દિવસથી ઉત્સવની શરૂઆત કરી. આસો વદ ચતુર્દશીને દિવસે હનુમાનજીનું પૂજન કરાવ્યું અને હનુમાનજીની દાસત્વભક્તિને બિરદાવી. હનુમાજીએ મહારાજની પ્રથમથી જ સેવા કરી હતી. તેઓ દાસ હતા.

પ્રસંગ-૬૩ કૈલાસબાગમાં શાકોત્સવ..

મહારાજ જમીને રાજભવનમાં વિશાળ ખંડમાં પધાર્યા. સંતો તથા હરિભક્તો પણ જમીને ત્યાં આવી ગયા. દરબાર કાનોજી તો મહારાજની સેવામાં જ હતા. તેમણે મહારાજને હાથ જોડી કહ્યું, ''મહારાજ ! આપ હવે આરામમાં પધારો.''

ત્યારે મહારાજે કહ્યું, ''બાપુ ! અહીં અમારે દોઢ દિવસ રહેવું છે. આવતી કાલે જમીને ચાલવું છે. તેમાં જો અમે આરામ કરવા જઈએ, તો તમને સત્સંગનો શો લાભ મળે ? તમે અમારી અન્ન-વસ્ત્રાદિકે કરીને સેવા કરો છો એટલે અમારે પણ તમારી સેવા કથાવાર્તાએ કરીને કરવી જોઈએ. તમારા પિતા બાપુ દેવાજીના પ્રસંગો તમને સંભળાવવા છે. તમારામાં પણ તેમના સંસ્કારો છે, પણ એ વધુ ખીલે અને જનક રાજાની જેમ ભક્તિ કરી સંસારથી નિર્લેપ રહીને, રાજકારભાર કરી શકો એવું બળ તમને બાપુના પ્રસંગો સાંભળીને મળશે.''

પછી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! ગોંડળમાં જ્યારે અમે આવ્યા હતા, ત્યારે તમે અમારી સાથે હતા. તો તમે જ હવે બાપુને દેવાજી બાપુના પ્રસંગો કહો.''

ગુણાતીતાનંદ સ્વામીને જ્યારે જ્યારે મહારાજની સાથે રહેવાનો પ્રસંગ મળતો, ત્યારે તેઓ મહારાજની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ક્રિયાનું એટલી જ સૂક્ષ્મ રીતે અવલોકન કરતા. અંતરમાં તો મહારાજની મૂર્તિનું અખંડ સુખ તેઓ અનુભવતા હતા, છતાં તે પ્રગટ મૂર્તિનો બાહ્ય સંબંધ જ્યારે થતો ત્યારે તેઓ તે લાભ લેવાનું ચૂકતા નહીં અને એ સંબંધની સ્મૃતિને અંતરમાં ભંડારી દેતા. આજે એ ભંડાર ખોલવાનો સમય આવ્યો અને ગંગાના પ્રવાહની જેમ તેમના ઘેરા અને મીઠા સ્વરમાં તેમણે વાત શરૂ કરી :

''દેવાજી બાપુને મહારાજ પ્રત્યે અનન્ય ભક્તિ હતી. રાજકારભારમાં ગૂંથાયેલા હોવા છતાં મહારાજ સોરઠમાં જ્યાં વિચરણ કરતા હોય ત્યાં તેઓ દર્શને આવી જતા અને વળી પોતાના રાજ્યમાં પણ મહારાજને પધરાવતા. તેમણે મહારાજને ગોંડળ તેડાવ્યા અને મહારાજ તેમનો ભાવ જોઈ સંતો, પાર્ષદો તથા કાઠી ભક્તો સહિત પધાર્યા.

''મહારાજને રાજના બગીચામાં ઉતારો આપ્યો. અહીં પીપળાના થડે સૌએ પોતાના ઘોડા બાંધ્યા. તંબુઓ અને રાવટીઓમાં ઉતારા કર્યા. પાકશાળા પણ ત્યાં જ રાખી હતી. મહારાજે ત્યાં સભા કરી પોતાના સ્વરૂપના જ્ઞાનની વાતો કરી. પછી નાહવાની ઈચ્છા થઈ. બાગમાં જ કૂવો હતો. મહારાજે તેમાં ઊતરીને સ્નાન કર્યું. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના પ્રસાદીભૂત એ જળથી એ કૂવાનું પણ માહાત્મ્ય વધી ગયું.

''દેવાજી બાપુએ આઠ મણ રીંગણાં મંગાવ્યાં હતા. મહારાજે રીંગણાં જોયાં અને કહ્યું, 'આજે તો શાકોત્સવ કરવો છે.' આ સાંભળી બાપુ રાજી થયા. મહારાજે કહ્યું, ''બાપુ ! આઠ મણ રીંગણાં છે તો આઠ મણ ઘીમાં તેનો વઘાર કરવો છે. માટે ઘી તથા હવેજ મસાલા વગેરે મોકલાવો.' બાપુએ બધો જ મસાલો મંગાવ્યો. ઘી પણ મંગાવ્યું. પોતે મહારાજની આ લીલાનાં દર્શન કરવા અને એ પ્રસાદી જમવા ત્યાં જ રોકાયા. હવેજ મસાલો બધો આવી ગયો પણ તેમાં હળદર ન હતી. મહારાજે કહ્યું, 'કાંઈ વાંધો નહીં. હળદરને ઠેકાણે આપણે કેસર વાપરીશું.' બાપુ આ સાંભળી રાજી થઈ ગયા. આજે જીવનમાં કદી પણ ન ચાખી હોય તેવી અદ્ભુત પ્રસાદી મળવાની છે તેનો આનંદ તેમના અંતરમાંથી મુખના ભાવ ઉપર દેખાવા લાગ્યો. મહારાજ પોતે ચીરી પાડીને રીંગણાં સુધારવા લાગ્યા. સંતો, પાર્ષદોને પણ રીંગણાંમાં કેમ ચીરી પાડવી જેથી મસાલો તેમાં સારી રીતે ભરી શકાય તે શીખવાડતા હતા.

''બધું જ તૈયાર થઈ ગયું અને મહારાજ ઊઠ્યા. આઠ મણ રીંગણાં વઘારવા માટે આઠ ચૂલો તૈયાર કરાવી હતી. દરેક ચૂલ ઉપર એક મણ ઘી નાખી તેમાં હવેજ કરી મસાલો ભરેલાં રીંગણાં નાખ્યાં. આઠે ચૂલ ઉપર તે પ્રમાણે રીંગણાંનું શાક તૈયાર થવા લાગ્યું. મહારાજ વારંવાર તપેલાં ઉઘાડે અને તવેથાથી શાક હલાવે.

થોડી વારે શાક તૈયાર થઈ ગયું. રોટલા પણ તૈયાર થયા. મહારાજે સંતોની, હરિભક્તોની, પાર્ષદોની પંક્તિ કરાવી. બાપુને પણ પાટલા ઉપર બેસવા કહ્યું. ત્યારે તેમણે કહ્યું, 'આપ જમશો પછી જ હું જમીશ.' મહારાજ તેમના ભાવથી પ્રસન્ન થયા.

''મહારાજ પંક્તિમાં રીંગણાંનું શાક પીરસવા લાગ્યા. પંક્તિમાં મહારાજ પીરસે, વળી તપેલાંઓમાંથી શાક હલાવી શાક પણ કાઢે અને એ શાક પાત્રમાં લઈને પંક્તિમાં પધારે- એમ એકીસાથે ત્રણ ક્રિયા કરતા મહારાજનાં ત્રણ સ્વરૂપનાં સૌને દર્શન થયાં. દેવાજી બાપુ પણ આ દિવ્ય દર્શનથી અત્યંત આનંદમાં આવી ગયા. પોતાને ધન્ય માનવા લાગ્યા. મહારાજે પોતાને આંગણે આ ઉત્સવ ઊજવી આવી દિવ્ય લીલા કરી પોતાને કૃતાર્થ કરી દીધા એ ભાવથી તેમની આંખોમાંથી હર્ષાશ્રુ ચાલવા લાગ્યાં.

''મહારાજે સ્વયં બનાવેલું સુંદર શાક ! અમૃતથી પણ અધિક ! સંતો-પાર્ષદો સૌ એ જ જમ્યા. કોઈએ રોટલા કે ખીચડી લીધાં નહીં. મહારાજ પણ વારંવાર પંક્તિમાં પધારે. સંતોની પંક્તિમાં દેખાય, વળી હરિભક્તોની પંક્તિમાં પણ દેખાય અને પાર્ષદોને પણ ખૂબ આગ્રહ કરી પીરસતા દેખાય. આ દિવ્ય દર્શનથી સૌ ભાન ભૂલી ગયા. અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ થયો.''

એટલે એક હરિભક્તે કહ્યું, ''એ ધામ તો તમે જ છો.''

તે સાંભળી સ્વામી કાંઈ બોલ્યા નહીં પરંતુ મહારાજે કહ્યું, ''ધામ તો અમારી ભેળું જ હોય ને !''

પછી સ્વામી બોલ્યા, ''બાપુ સાથે તેમના તમે ચારેય પુત્રો હતા. તમારા મોટાભાઈ દરબાર નથુજી અને તમે, મોતીભાઈ અને ભાણાભાઈ, મહારાજે સૌને જમાડ્યા અને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.''

પ્રસંગ-૬૪ ભક્તિનો પ્રવાહ એવી પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે જ અમે આવીએ.'

મહારાજ જૂનાગઢ દેવરામ સુથારને ત્યાં આવ્યા. મહારાજને જોઈ દેવરામને આશ્ચર્ય થયું. તેણે હાથ જોડી દીધા. મહારાજને પૂછયું, 'પ્રભુ ! આપ આ આણે ? એકાએક ક્યાંથી ?'' મહારાજ તેનું આશ્ચર્ય જોઈ હસ્યા. તેમણે કહ્યું, 'તારી સ્ત્રીએ અમને ખેંચ્યા. અમે તો જૂનાગઢ જતા હતા. પણ તેનો સંકલ્પ અમને આજે જમાડવાનો હતો. તે સંકલ્પથી તેની ચિત્તવૃત્તિ અમારા સ્વરૂપમાં જોડાઈ ગઈ. તેથી અમારે સંઘને જૂનાગઢ મોકલી અહીં આવવું પડ્યું.' દેવરામ આ સાંભળી રાજી રાજી થઈ ગયો.

''એટલામાં તેની સ્ત્રી આવી. તેણે મહારાજને જોયા. તેને સ્વપ્નું લાગ્યું. પરંતુ પાસે આવી મહારાજનાં તેણે ચરણ પકડ્યાં અને અતેને સત્ય લાઘ્યું. મહારાજનાં ચરણારવિંદ તેના હર્ષાશ્રુથી ભીંજાઈ ગયા ! મહારાજે તેને કહ્યું, 'બહેન ! અમે જમવા આવ્યા છીએ.'

''હા, આવો જ ને ! આપ નહીં આવો તો મારો દેહ પડી જશે એવી મારા અંતરની ભીતિ જાણીને આપને આવવું જ પડે ને !' તેણે કહ્યું.

''મહારાજ હસ્યા. તેમણે કહ્યું, 'ભક્તિનો પ્રવાહ એવી પરાકાષ્ટાએ પહોંચે ત્યારે જ અમે આવીએ.'

મહારાજ તથા સંતોને દેવરામ સુથારે જમાડ્યા.

પ્રસંગ-૬૧ મીરસાહેબને ભગવાન ઓળખાય છે..

બીજે દિવસે વહેલી સવારે શ્રજીમહારાજ ઉગમણા ઓરડાની ઓસરીના વચલ ખંડના પગથિયા ઉપર સુંદર આસન ઉપર બિરાજમાન થયા હતા. તેમની સન્મુખ સંતો-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે કોઈ રાજયના અધિકારી જેવા જણાતા એક મુસલમાન ભક્ત ત્યાં આવ્યા. તેમને જોઈને જ મહારાજે તેમને તરત જ બોલાવતાં કહ્યું, ''આવો આવો મીરસાહેબ ! અમે તમારી જ રાહ જોતા હતા.''

મીરસાહેબને પોતાના નામના સંબોધનથી આશ્ચર્ય થયું ! તેઓ ગઢપુરમાં પહેલી જ વાર આવ્યા હતા. ભગવાન સ્વામિનારાયણનું નામ તેમણે સાંભળ્યું હતું પરંતુ દર્શન કર્યાં ન હતાં. આજે જૂનાગઢનો પંથ કરીને ગઢપુર તરફ તેઓ અચાનક જ આવી ચડ્યા. ગઢપુરની સીમમાં આવતાં જ તેમના અંતરમાં આહ્લાદક શાંતિનો અનુભવ થયો. તેઓ વિદ્વાન હતા. કુરાન પણ રોજ પઢતા. તેથી તેમને થયું કે નક્કી આ જમીનમાં ખુદાના બંદા વસતા હોવા જોઈએ. તેઓ ગામમાં આવ્યા. તપાસ કરી તો ખબર પડી કે ભગવાન સ્વામિનારાયણ અહીં બિરાજે છે. દાદાખાચરના દરબારમાં આવ્યા. મહારાજના પ્રથમ દર્શને જ તેમને દિવ્ય અનુભવ થયો.

મહારાજે દાદાખાચરને કહ્યું, ''દાદા ! આ મીરસાહેબ વડોદરા રાજયના અધિકારી છે. તેમને રોજા હોવાથી ઉપવાસ છે. એટલે દહીં, શાક વગેરે તેમને આપજો.'' મીરસાહેબના અંતરની એક પછી એક વાત મહારાજ કરતા હતા અને મીરસાહેબના અંતરમાં મહારાજના સ્વરૂપ વિષે અનેક પ્રકારના સંકલ્પો થતા હતા. મહારાજે તેમને કહ્યું, ''મીરસાહેબ ! ખુદા પૃથ્વી ઉપર અનેક જીવોનું કલ્યાણ કરવા પ્રગટ થાય છે ત્યારે મનુષ્ય જેવા જ દેખાય છે, પણ તેમનું સ્વરૂપ દિવ્ય છે. તેમને તે રીતે ઓળખીને જો તેમનો આશ્રય જીવ કરે તો તેનો જરૂર મોક્ષ થાય.'' મીરસાહેબને મહારાજનું સ્વરૂપ સમજવામાં મહારાજના આ શબ્દોથી વિશેષ શબ્દોની જરૂર ન હતી. મહારાજના આ શબ્દોથી તેઓ કૃતકૃત્ય થઈ ગયા. બીજે દિવસે તેઓ વડોદરા ગયા.

પ્રસંગ-૬૨ પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના અક્ષરને પણ ભગવાન ન કહેવાય..

આ સાંભળી સર્વે સંતોએ મહારાજને હાથ જોડી કહ્યું, ''હે મહારાજ ! આપનું સર્વોપરી સ્વરૂપ અમને યથાર્થ સમજાવો.''

એટલે મહારાજે કહ્યું, ''જયાં પ્રગટ પુરુષોત્તમની વાત આવે છે ત્યારે સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે. પરંતુ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે ને પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દો સાંભળી મતિ ભ્રમવા દેવી નહીં. તે પુરુષોત્તમ તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ. એમાં કિંચિતમાત્ર સંશય નથી.''

શ્રીજીમહારાજની પોતાના પુરુષોત્તમ સ્વરૂપની આ સ્પષ્ટ વાત સાંભળી ત્યાં બેઠેલા ઘણા સંતોને મહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો. કેટલાકને સંશય પણ થયો. શાસ્ત્રના શબ્દોનો આધાર શોધવા જનાર અન્યને સ્વરૂપનિષ્ઠાની આ વાત બરાબર ગળે ઊતરી નહીં.

ધનતેરશના દિવસથી ઉત્સવની શરૂઆત કરી. આસો વદ ચતુર્દશીને દિવસે હનુમાનજીનું પૂજન કરાવ્યું અને હનુમાનજીની દાસત્વભક્તિને બિરદાવી. હનુમાજીએ મહારાજની પ્રથમથી જ સેવા કરી હતી. તેઓ દાસ હતા.

પ્રસંગ-૬૩ કૈલાસબાગમાં શાકોત્સવ..

મહારાજ જમીને રાજભવનમાં વિશાળ ખંડમાં પધાર્યા. સંતો તથા હરિભક્તો પણ જમીને ત્યાં આવી ગયા. દરબાર કાનોજી તો મહારાજની સેવામાં જ હતા. તેમણે મહારાજને હાથ જોડી કહ્યું, ''મહારાજ ! આપ હવે આરામમાં પધારો.''

ત્યારે મહારાજે કહ્યું, ''બાપુ ! અહીં અમારે દોઢ દિવસ રહેવું છે. આવતી કાલે જમીને ચાલવું છે. તેમાં જો અમે આરામ કરવા જઈએ, તો તમને સત્સંગનો શો લાભ મળે ? તમે અમારી અન્ન-વસ્ત્રાદિકે કરીને સેવા કરો છો એટલે અમારે પણ તમારી સેવા કથાવાર્તાએ કરીને કરવી જોઈએ. તમારા પિતા બાપુ દેવાજીના પ્રસંગો તમને સંભળાવવા છે. તમારામાં પણ તેમના સંસ્કારો છે, પણ એ વધુ ખીલે અને જનક રાજાની જેમ ભક્તિ કરી સંસારથી નિર્લેપ રહીને, રાજકારભાર કરી શકો એવું બળ તમને બાપુના પ્રસંગો સાંભળીને મળશે.''

પછી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! ગોંડળમાં જ્યારે અમે આવ્યા હતા, ત્યારે તમે અમારી સાથે હતા. તો તમે જ હવે બાપુને દેવાજી બાપુના પ્રસંગો કહો.''

ગુણાતીતાનંદ સ્વામીને જ્યારે જ્યારે મહારાજની સાથે રહેવાનો પ્રસંગ મળતો, ત્યારે તેઓ મહારાજની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ક્રિયાનું એટલી જ સૂક્ષ્મ રીતે અવલોકન કરતા. અંતરમાં તો મહારાજની મૂર્તિનું અખંડ સુખ તેઓ અનુભવતા હતા, છતાં તે પ્રગટ મૂર્તિનો બાહ્ય સંબંધ જ્યારે થતો ત્યારે તેઓ તે લાભ લેવાનું ચૂકતા નહીં અને એ સંબંધની સ્મૃતિને અંતરમાં ભંડારી દેતા. આજે એ ભંડાર ખોલવાનો સમય આવ્યો અને ગંગાના પ્રવાહની જેમ તેમના ઘેરા અને મીઠા સ્વરમાં તેમણે વાત શરૂ કરી :

''દેવાજી બાપુને મહારાજ પ્રત્યે અનન્ય ભક્તિ હતી. રાજકારભારમાં ગૂંથાયેલા હોવા છતાં મહારાજ સોરઠમાં જ્યાં વિચરણ કરતા હોય ત્યાં તેઓ દર્શને આવી જતા અને વળી પોતાના રાજ્યમાં પણ મહારાજને પધરાવતા. તેમણે મહારાજને ગોંડળ તેડાવ્યા અને મહારાજ તેમનો ભાવ જોઈ સંતો, પાર્ષદો તથા કાઠી ભક્તો સહિત પધાર્યા.

''મહારાજને રાજના બગીચામાં ઉતારો આપ્યો. અહીં પીપળાના થડે સૌએ પોતાના ઘોડા બાંધ્યા. તંબુઓ અને રાવટીઓમાં ઉતારા કર્યા. પાકશાળા પણ ત્યાં જ રાખી હતી. મહારાજે ત્યાં સભા કરી પોતાના સ્વરૂપના જ્ઞાનની વાતો કરી. પછી નાહવાની ઈચ્છા થઈ. બાગમાં જ કૂવો હતો. મહારાજે તેમાં ઊતરીને સ્નાન કર્યું. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના પ્રસાદીભૂત એ જળથી એ કૂવાનું પણ માહાત્મ્ય વધી ગયું.

''દેવાજી બાપુએ આઠ મણ રીંગણાં મંગાવ્યાં હતા. મહારાજે રીંગણાં જોયાં અને કહ્યું, 'આજે તો શાકોત્સવ કરવો છે.' આ સાંભળી બાપુ રાજી થયા. મહારાજે કહ્યું, ''બાપુ ! આઠ મણ રીંગણાં છે તો આઠ મણ ઘીમાં તેનો વઘાર કરવો છે. માટે ઘી તથા હવેજ મસાલા વગેરે મોકલાવો.' બાપુએ બધો જ મસાલો મંગાવ્યો. ઘી પણ મંગાવ્યું. પોતે મહારાજની આ લીલાનાં દર્શન કરવા અને એ પ્રસાદી જમવા ત્યાં જ રોકાયા. હવેજ મસાલો બધો આવી ગયો પણ તેમાં હળદર ન હતી. મહારાજે કહ્યું, 'કાંઈ વાંધો નહીં. હળદરને ઠેકાણે આપણે કેસર વાપરીશું.' બાપુ આ સાંભળી રાજી થઈ ગયા. આજે જીવનમાં કદી પણ ન ચાખી હોય તેવી અદ્ભુત પ્રસાદી મળવાની છે તેનો આનંદ તેમના અંતરમાંથી મુખના ભાવ ઉપર દેખાવા લાગ્યો. મહારાજ પોતે ચીરી પાડીને રીંગણાં સુધારવા લાગ્યા. સંતો, પાર્ષદોને પણ રીંગણાંમાં કેમ ચીરી પાડવી જેથી મસાલો તેમાં સારી રીતે ભરી શકાય તે શીખવાડતા હતા.

''બધું જ તૈયાર થઈ ગયું અને મહારાજ ઊઠ્યા. આઠ મણ રીંગણાં વઘારવા માટે આઠ ચૂલો તૈયાર કરાવી હતી. દરેક ચૂલ ઉપર એક મણ ઘી નાખી તેમાં હવેજ કરી મસાલો ભરેલાં રીંગણાં નાખ્યાં. આઠે ચૂલ ઉપર તે પ્રમાણે રીંગણાંનું શાક તૈયાર થવા લાગ્યું. મહારાજ વારંવાર તપેલાં ઉઘાડે અને તવેથાથી શાક હલાવે. થોડી વારે શાક તૈયાર થઈ ગયું. રોટલા પણ તૈયાર થયા. મહારાજે સંતોની, હરિભક્તોની, પાર્ષદોની પંક્તિ કરાવી. બાપુને પણ પાટલા ઉપર બેસવા કહ્યું. ત્યારે તેમણે કહ્યું, 'આપ જમશો પછી જ હું જમીશ.' મહારાજ તેમના ભાવથી પ્રસન્ન થયા.

''મહારાજ પંક્તિમાં રીંગણાંનું શાક પીરસવા લાગ્યા. પંક્તિમાં મહારાજ પીરસે, વળી તપેલાંઓમાંથી શાક હલાવી શાક પણ કાઢે અને એ શાક પાત્રમાં લઈને પંક્તિમાં પધારે- એમ એકીસાથે ત્રણ ક્રિયા કરતા મહારાજનાં ત્રણ સ્વરૂપનાં સૌને દર્શન થયાં. દેવાજી બાપુ પણ આ દિવ્ય દર્શનથી અત્યંત આનંદમાં આવી ગયા. પોતાને ધન્ય માનવા લાગ્યા. મહારાજે પોતાને આંગણે આ ઉત્સવ ઊજવી આવી દિવ્ય લીલા કરી પોતાને કૃતાર્થ કરી દીધા એ ભાવથી તેમની આંખોમાંથી હર્ષાશ્રુ ચાલવા લાગ્યાં.

''મહારાજે સ્વયં બનાવેલું સુંદર શાક ! અમૃતથી પણ અધિક ! સંતો-પાર્ષદો સૌ એ જ જમ્યા. કોઈએ રોટલા કે ખીચડી લીધાં નહીં. મહારાજ પણ વારંવાર પંક્તિમાં પધારે. સંતોની પંક્તિમાં દેખાય, વળી હરિભક્તોની પંક્તિમાં પણ દેખાય અને પાર્ષદોને પણ ખૂબ આગ્રહ કરી પીરસતા દેખાય. આ દિવ્ય દર્શનથી સૌ ભાન ભૂલી ગયા. અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ થયો.''

એટલે એક હરિભક્તે કહ્યું, ''એ ધામ તો તમે જ છો.''

તે સાંભળી સ્વામી કાંઈ બોલ્યા નહીં પરંતુ મહારાજે કહ્યું, ''ધામ તો અમારી ભેળું જ હોય ને !''

પછી સ્વામી બોલ્યા, ''બાપુ સાથે તેમના તમે ચારેય પુત્રો હતા. તમારા મોટાભાઈ દરબાર નથુજી અને તમે, મોતીભાઈ અને ભાણાભાઈ, મહારાજે સૌને જમાડ્યા અને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.''

પ્રસંગ-૬૪ ભક્તિનો પ્રવાહ એવી પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે જ અમે આવીએ.'

મહારાજ જૂનાગઢ દેવરામ સુથારને ત્યાં આવ્યા. મહારાજને જોઈ દેવરામને આશ્ચર્ય થયું. તેણે હાથ જોડી દીધા. મહારાજને પૂછ્યું, 'પ્રભુ ! આપ આ આણે ? એકાએક ક્યાંથી ?'' મહારાજ તેનું આશ્ચર્ય જોઈ હસ્યા. તેમણે કહ્યું, 'તારી સ્ત્રીએ અમને ખેંચ્યા. અમે તો જૂનાગઢ જતા હતા. પણ તેનો સંકલ્પ અમને આજે જમાડવાનો હતો. તે સંકલ્પથી તેની ચિત્તવૃત્તિ અમારા સ્વરૂપમાં જોડાઈ ગઈ. તેથી અમારે સંઘને જૂનાગઢ મોકલી અહીં આવવું પડ્યું.' દેવરામ આ સાંભળી રાજી રાજી થઈ ગયો.

''એટલામાં તેની સ્ત્રી આવી. તેણે મહારાજને જોયા. તેને સ્વપ્નું લાગ્યું. પરંતુ પાસે આવી મહારાજનાં તેણે ચરણ પકડ્યાં અને અતેને સત્ય લાધ્યું. મહારાજનાં ચરણારવિંદ તેના હર્ષાશ્રુથી ભીંજાઈ ગયા ! મહારાજે તેને કહ્યું, 'બહેન ! અમે જમવા આવ્યા છીએ.'

''હા, આવો જ ને ! આપ નહીં આવો તો મારો દેહ પડી જશે એવી મારા અંતરની ભીતિ જાણીને આપને આવવું જ પડે ને !' તેણે કહ્યું.

''મહારાજ હસ્યા. તેમણે કહ્યું, 'ભક્તિનો પ્રવાહ એવી પરાકાષ્ટાએ પહોંચે ત્યારે જ અમે આવીએ.'

મહારાજ તથા સંતોને દેવરામ સુથારે જમાડ્યા.

પ્રસંગ-૬૫ ચાવે તે વિમુખ..

મહારાજ સાથે કાઠી દરબારોનો રસાલો હતો. માયારામ ભટ્ટને થયું કે આવા દરબારો મહારાજ સાથે પધાર્યા તે આપણાં મોટાં ભાગ્ય કહેવાય. તેથી ઘી, ગોળ ને ચોખાની શ્રેષ્ઠ રસોઈ તેમને જમાડવી. તેમણે તે પ્રમાણે તૈયારી કરવા માંડી.

થાળ તૈયાર થયો અને મહારાજ જમવા પધાર્યા. મહારાજની થાળીમાં પણ ઘી, ગોળ ને ચોખા પીરસ્યાં. મહારાજ ભટ્ટજીનો ભાવ જોઈ રાજી થયા. તેમણે જમવાની શરૂઆત કરી. પરંતુ ચોખામાં કાંકરી હતી, તેથી દાંત સાથે ઘસાય અને અવાજ થાય. બ્રહ્મચારીએ પૂછ્યું, ''મહારાજ ! આ શેનો અવાજ થાય છે ?''

મહારાજ હસ્યા. પછી કહ્યું, ''એ તો મયારામ ભટ્ટનો ભાવ છે તે બોલે છે.'' બ્રહ્મચારી કાંઈ સમજ્યા નહીં અને મહારાજ થાળીમાંથી ઘી-ચોખા બધા જ જમી ગયા.

પછી મહારાજ કાઠી દરબારો તથા પાર્ષદોને પીરસવા પધાર્યા. મહારાજે પીરસતાં પીરસતાં સૌ દરબારોને તથા પાર્ષદોને કહ્યું, ''સાંભળો, આજે ભટ્ટજીએ શેલણનું સુંદર જમણ બનાવ્યું છે. માટે વધુ જમાય એટલે સૌએ ગળે ઉતારી જ જવું, ચાવવું નહિ અને જે ચાવે તે વિમુખ !''

મહારાજ આ શબ્દો સાંભળી સૌને આશ્ચર્ય થયું ! ''ચાવે તે વિમુખ ?'' આ તો કઈ જાતનું પ્રકરણ ! પણ કોઈ કાંઈ બોલ્યા નહીં.

સૌએ જમવાની શરૂઆત કરી. પણ ચોખામાં કાંકરી હતી તે દાંતે કચડાતી હતી. પણ જો કોઈ કાંઈ બોલે તો વિમુખ લેખાય. એટલે બોલ્યા સિવાય સૌ આ મિષ્ટ ભોજન ગળે ઉતારી ગયા. જમ્યા પછી સુરાખાચરે મહારાજને કહ્યું, ''મહારાજ ! તમે આજે ભટ્ટની ખરી લાજ રાખી.''

મહારાજે કહ્યું, ''રાખવી જ પડે ને ! નહીં તો તમે કાઠી દરબારો તેની આબરૂના કાંકરા કરી નાખો ને !''

''હા, એટલે જ એ કાંકરા તમે અમારા પેટમાં સમાવી દીધા !'' સુરાખાચરે કહ્યું અને મહારાજ ખૂબ હસ્યા.

પ્રસંગ-૬૬ ગઢપુરમાં હરિજયંતીનો ઉત્સવ : આ.સં. ૧૮૭૩

આજે નિર્જળા ઉપવાસ હતો તેથી સવારથી જ કથાવાર્તા, કીર્તન-ભક્તિથી ઉત્સવનું મંડાણ થયું. મહારાજે સભામાં વાત કરતાં કહ્યું, ''જે ભગવાનનો ખરેખરો ભક્ત થાય છે તેને ભગવાન દુઃખ આપે તોપણ તે સુખ માને છે. ભગવાન અનેક પ્રકારે તેની કસોટી કરે પરંતુ તેવા ભક્તની ભક્તિ કદી મોળી પડતી નથી. બલિરાજાએ પોતાના ગુરુ શુક્રાચાર્યની આજ્ઞાની અવગણના કરીને વામન ભગવાનને પ્રસન્ન કરી લીધા. તેમણે ત્રણ પગલાં પૃથ્વી માંગી તે તેણે આપી. ભગવાને ત્રીજું પગલું તેના માથા ઉપર મૂકી તેને પાતાળમાં મૂકી દીધો. છતાં બલિરાજાને તો ભગવાનના આ સંબંધથી ધન્યતા મનાણી અને ભગવાનનાં ચરણારવિંદ તે ચાટવા લાગ્યા. ત્યારે વામનજીએ તેને પૂછ્યું, 'બલિ ! આ તું શું કરે છે ?' બલિરાજાએ કહ્યું, 'પ્રભુ ! અમારી દૈત્યની જાત એટલે અમાર શરીરની ચામડી બરછટ હોય, માથાના વાળ સૂકા દર્ભ જેવા હોય. આપના કોમળ ચરણારવિંદમાં એ વાળ વાગ્યા હશે તેથી આપનાં ચરણારવિંદની હું આ રીતે સેવા કરું છું.' વામનજી બલિરાજા ઉપર અતિ પ્રસન્ન થયા''.

એટલું કહીને મહારાજે જીવાખાચરને કહ્યું, ''બાપુ ! ભગવાનનો વિશ્વાસ હોય તો જ બલિરાજાની જેમ તેમને સર્વસ્વ અપાય, નહિ તો સંકોચ થાય.''

એટલે જીવાખાચરે કહ્યું, ''મહારાજ ! આપ સાચું કહો છો.''

''હા, પણ મનાવું જોઈએ ને ! આ દાદાખાચરને તેમ મનાઈ ગયું છે તો તેને કોઈ પ્રકારનો સંકોચ થતો નથી.'' મહારાજે કહ્યું.

જીવાખાચરને મહારાજના આ શબ્દો વસમા લાગ્યા. તે મનમાં સમસમી રહ્યા પણ કાંઈ બોલી શક્યા નહીં. તેમના મુખના ભાવ તરત જ ફરી ગયા.

પ્રસંગ-૬૭ અમે અનાદિ છીએ એટલે અજન્મા છીએ..

રામજન્મની આરતી મહારાજે કરી. પછી સંતોએ કીર્તન-ભક્તિ કરી. રાત્રે સૌએ મહારાજનો જન્મ ઉત્સવ ઊજવ્યો. પછી મહારાજે સભામાં વાત કરી, ''અમે તો અનાદિ છીએ એટલે અજન્મા છીએ. અમે સત્ય સંકલ્પ છીએ એટલે અમારા અક્ષરધામમાં રહી સંકલ્પ કરીએ છીએ કે જ્ઞાની, અજ્ઞાની સર્વેને દેખાઈએ એવા અમે થઈએ. તે પ્રમાણે આજે તમારી સામે રૂપ ધરીને બેઠા છીએ.''

ત્યારે એક સંતે પૂછ્યું, ''મહારાજ ! જીવ, ઈશ્વર અને માયા તે પણ અનાદિ છે તેનું કેમ સમજવું ?''

ત્યારે મહારાજે કહ્યું, ''નિત્ય પ્રલયમાં જીવની ઉપાધિ લીન થાય છષ. નિમિત્ત પ્રલયમાં ઈશ્વરની ઉપાધિ લીન થાય છે અને પ્રાકૃત પ્રલયમાં પ્રધાનપ્રકૃતિ અને પુરુષ મહામાયામાં લીન થઈ જાય છે. તે મહામાયા અક્ષરબ્રહ્મના એક દેશમાં લીન થઈ જાય છે ત્યારે આત્યંતિક પ્રલય અથવા જ્ઞાનપ્રલય થયો કહેવાય. જ્ઞાનનો સાક્ષાત્કાર જયારે થાય ત્યારે તેવા ભક્તની દૃષ્ટિમાં ભગવાન, ભગવાનનું અક્ષરધામ અને મુક્તો આ ત્રણ સિવાય બીજું કાંઈ રહેતું નથી. જયારે જીવ અને ઈશ્વર પોતપોતાની ઉપાધિ સહિત માયામાં લીન થઈ જાય છે અને કારણ શરીરયુક્ત હોવાથી ફરી પાછા માયામાંથી ઉત્પન્ન થાય છે. એટલે જયાં સુધી કારણ શરીરયુક્ત હોય ત્યાં સુધી જન્મ-મરણના ચક્રાવામાં તો ફરવું જ પડે. માયા ભગવાનની શક્તિ છે તેથી ઉત્પત્તિ સમયે ભગવાનની ઈચ્છાથી અક્ષરધામમાં લીન થઈ હોવાથી ફરી પ્રગટ થાય છે.''

મહારાજની આ વાતનું રહસ્ય સંતો સમજી ગયા. મૂળ માયાથી પર જેટલું છે તેટલું જ સત્ય છે, સનાતન છે. તે સિવાય બીજું બધું પ્રાકૃત પ્રલયમાં, માયાના ગર્ભમાં લીન થઈ જાય છે. અક્ષરબ્રહ્મ માયાથી પર છે, તે જીવોને માયાથી પર કરી મુક્ત બનાવે છે, તેથી તે કલ્યાણકારી છે. ભગવાન તેમનાથી પણ પર છે. તેથી ભગવાન સૌના કલ્યાણના દાતા છે. તે ભગવાન આજે આ સભામાં પ્રત્યક્ષ બિરાજમાન છે.

પ્રસંગ-૬૮ જીવાખાચરને ફોરકાસ્ટ કરે છે.. હું જોઈ લઈશ !

બીજે દિવસે મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. જીવાખાચરે મહારાજનું સન્માન કર્યું, પરંતુ અંતરમાં મહારાજ પ્રત્યેના ભાવમાં ફેર પડી ગયો હતો. મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સૌ સંતો મહારાજની સન્મુખ બેસી ગયા. તે વખતે મહારાજે વાત કરી, ''જયારે મહાભારતનું યુદ્ધ થવાનું હતું, ત્યારે અર્જુન અને દુર્યોધન બંને દ્વારિકા શ્રીકૃષ્ણ ભગવાન પાસે મદદ માટે ગયા. ભગવાને તેમને કહ્યું, ''હું શસ્ત્રો ધારણ કરવાનો નથી એટલે જે પક્ષમાં હું જઈશ તે પક્ષે હું યુદ્ધ કરી તેમને જીત અપાવું એવી આશા રાખવી નહીં. તેથી જો માગવું હોય તો કાં તો મારું સૈન્ય માગો કાં તો નિઃશસ્ત્ર એવા મન માગો.' એટલે દુર્યોધને સૈન્ય માગ્યું. પરંતુ અર્જુને કહ્યું, 'મારે તો આપનું જ કામ છે. આપ મારા પક્ષમાં હશો તેમાં જ મારો વિજય છે.''

એટલું કહીને મહારાજે કહ્યું, ''બાપુ ! ભગવાનને ભગવાન જાણ્યા પછી તેમના વચનમાં વિશ્વાસ રાખએ તો ભગવાન આપણી સર્વ પ્રકારે રક્ષા કરે, વ્યવહાર પણ જાળવે. અર્જુનને શ્રીકૃષ્ણમાં આવો વિશ્વાસ હતો તો ભગવાને તેને વિજય અપાવ્યો. તેની એવી ભક્તિથી તે આજે ભગવાન સાથે પૂજાય છે. માટે અર્જુન જેવા ભક્ત થવું. પણ દુર્યોધન જેવો અસુર ભાવ અંતરમાં હોય તો તેનો ત્યાગ કરી દેવો.''

જીવાખાચરના અંતરમાં મંથન તો થતું જ હતું. તેમાં મહારાજે આ વાત કરી એટલે મંથન વધ્યું. મહારાજ ભગવાન હતા તે તેઓ જાણતા હતા. મહારાજે ઘણી વાર તેમને અનુભવ કરાવ્યો હતો. પરંતુ મહારાજ દાદાખાચર પ્રત્યે વિશેષ ઢળ્યા છે, તેનો વ્યવહાર પોતે સાચવે છે, કુટુંબમાં હું મોટેરો પણ મને પૂછવા કોઈ આવતું નથી, મહારાજ પણ એવો વહેવાર સાચવતા નથી- આવા બધા વિચારોથી તેમનું અંતર ડહોળાતું હતું. તેથી મહારાજ પ્રત્યે સદ્ભાવ ઓછો થવા લાગ્યો. એટલું જ નહીં અસદ્ભાવ વધવા લાગ્યો. મોટાઈનું માન, દાદાખાચર પ્રત્યે ઈર્ષ્યાના ભાવ, ભવિષ્યમાં તેના ગરાસના ધણી થવાનો સ્વાર્થ - અંતરમાં સાચવીને રાખેલા આ ભાવો પ્રસંગે પ્રંસગે બહાર આવતા હતા અને મહારાજ તેમના અંતરમાંથી દૂર થતા જતા હતા.

થોડી વારે મહારાજ ઊઠ્યા અને બોલ્યા, ''બાપુ ! હવે અમે ઉતારે જઈએ. થોડા દિવસમાં ગુજરાતમાં જવાનું છે એટલે નવરાશના વખતે કથાવાર્તાનો લાભ લેવો.''

પણ બાપુ શૂન્યમનસ્ક બની ગયા હતા. તેમનાથી એકાએક બોલાઈ ગયું, ''હું જોઈ લઈશ.''

એટલે મહારાજે પૂછ્યું, ''બાપુ ! શું જોઈ લેવું છે ?''

આ પ્રશ્નથી તે સ્વસ્થ થઈ ગયા. તેમણે તરત જ કહ્યું, ''કાંઈ નહીં મહારાજ ! અમારે કાઠીઓને તો ધિંગાણાના વિચાર આવે એટલે એવું બોલાઈ ગયું હશે. આપ પધારો.'' મહારાજ હસવા લાગ્યા. અંતર્યામી પાસે પણ અંતર ચોરવું તે અજ્ઞાન છે. ભક્તિમાં તેથી વિઘ્ન આવે છે.

મહારાજ પોતાના સેવકો સાથે દાદાના દરબારમાં પધાર્યા.

પ્રસંગ-૬૯ સર્વના સુહૃદ શ્રીહરિ..

શ્રીહરિએ ગુજરાત તરફ જવાની તૈયારી કરી. કાઠી દરબારો પણ સાથે જ હતા. એમનું જીવન મહારાજમય થઈ ગયું હતું. એટલે તેમને મહારાજથી છૂટા પડવાની મનમાં ઈચ્છા જ થતી ન હતી. સંસારના સંકલ્પો અહીં શમી જતા હતા. સૌ તૈયાર થઈ આવી ગયા.

ગઢડાથી નીકળી શ્રીહરિ બોટાદ, ખસ, બગડ, સુંદરિયાણા, અણિયાળી, ધંધુકા થઈ ખડોલ રાત રહ્યા. ત્યાંથી બરોલ, જવારજ થઈ ધોળકા રાત રહ્યા. રસ્તે આવતા ગામનાં હરિભક્તોને દર્શન આપી પાવન કરતાં કરતાં શ્રીહરિ સરોડા થઈ સાબરમતી નદી ઊતર્યા. ત્યાંથક્ષ વસઈ થઈ જેતલપુર પધાર્યા.

સરોવર પાસેના પુરાતની મહેલમાં ઉપરના બે ખંડમાં શ્રીહરિનો ઉતારો રાખ્યો હતો. આસોપાલવનાં વૃક્ષોથી સઘન બનેલા સ્થાનમાં સભાસ્થાન રાખ્યું હતું. આ સ્થાન ઉપર સંતોએ મોટો મંડપ બાંધી દીધો. મહારાજ અહીં પાટ ઉપર આવી બિરાજતા અને સંતો મહારાજને વીરણના(સુંગધી વાળો) વીંજણને ભીંજવી પવન નાખતા. હરિભક્તો ટોપલા ભરીને કેરીઓ લાવતા. મહારાજ તે ટોપલાઓ કાઠી ભક્તોને તથા અન્ય ભક્તોને આપી દેતા. સંતોને પોતે જાતે કેરીઓ વહેંચતા. મહારાજ રમૂજમાં કહેતા, ''દરબારો ! કેરીઓ જમજો. પણ રસનો માગ રાખજો.''

કાઠી દરબારોને ગુજરાતના હરિભક્તો આવા ભક્તિભાવથી પ્રેરણા મળતી. પોતાને ત્યાં પણ મહારાજ, સંતો અને ભક્તોને લઈને પધારે એવા તેમને સંકલ્પો થતા. અંદર અંદર સુહૃદભાવ, ભ્રાતૃભાવ વિકસાવવાનું આવા ઉત્સવો-સમૈયાઓ એ જ એક સાધન હતું. તેમાં સૌની સાથે સ્વસ્થ બનીને રહેવું પડે. સ્વભાવ-ટેવો ઘસાય, વ્યસનોનો ત્યાગ થાય. વળી ભગવાન જે સર્વના સુહૃદ છે તેમનો પ્રસંગ હોય તેથી સૌને ઉમળકા આવે - સેવા કરવાના, ભક્તિ કરવાના ! ઉપદેશથી જે સિદ્ધ ન થાય તે આવી રીતના સહવાસથી જ થાય. ભગવાનના પ્રત્યક્ષ સંબંધથી, ભક્તિથી હૈયાં તરબોળ બની જાય.

મહારાજ શ્વેત વસ્ત્રો ધારણ કરતા, ફૂલનાં આભૂષણો પહેરતા. હરિભક્તોના ભાવ પ્રમાણે મહારાજ તેમની ભક્તિ અંગીકાર કરતા. સભામાં કથાવાર્તા પણ થતી અને સંતો કીર્તન-ભક્તિ પણ કરતા. મહારાજના સાન્નિધ્યમાં દિવસ-રાત્રીનું ભાન સૌ ભૂલી જતા.

પ્રસંગ-૭૦ મહારાજ પોતાનું પુરુષોત્તમપણું સમજાવે છે..

અહીં કીર્તન-ભક્તિ શરૂ કરી. મહારાજ પાટ ઉપર બિરાજી કીર્તનો સાંભળતા હતા અને ડોલતા હતા. સંતો પણ મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં કરતાં ડોલતા હતા. એકાએક મહારાજે કીર્તન-ભક્તિ બંધ કરાવી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું, ''મહારાજ ! આવો દિવ્ય આનંદ અમે સૌ અનુભવતા હતા તે એકાએક બંધ કેમ કરાવ્યો ?''

મહારાજે કહ્યું, **''એ દિવ્ય આનંદનું રહસ્ય તમારા અંતરમાં દૃઢ થાય એટલા માટે ! આજે જે આનંદનો અનુભવ તમે કર્યો, તે આનંદ અમારા સંબંધનો હતો. પરંતુ અમારો સંબંધ તમારા અંતરમાં કાયમ ત્યારે જ રહે જ્યારે અમારા સ્વરૂપની દૃઢતા થશે. ત્યારે આ પ્રાપ્તિનો આનંદ તમારા અંતરમાં અખંડ રહેશે. ભગવાન છેટા છે એવું મનાશે નહીં અને અમારા સ્વરૂપમાં કદી મનુષ્યભાવ આવશે નહીં. એ અનુભવનું જ્ઞાન ઈન્દ્રિયો, અંતઃકરણથી પર છે.''**

એટલું કહીને મહારાજ બોલ્યા :

''આજે તો એકાંત છે એટલે તમને સૌને રહસ્યની વાત કરવી છે. એ વાત જેને જેને સમજાશે તેના અંતરમાં અમારા દિવ્ય સ્વરૂપનો આનંદ અખંડ રહેશે. આ આનંદ દિવ્ય અક્ષરધામનો છે. તમે પણ બધા એ ધામમાં જ બેઠા છે. કરોડો ચંદ્રનો પ્રકાશ તમારા શરીરમાંથી નીકળે છે તે અમે સાક્ષાત્ દેખીએ છીએ. જ્યારે તમને એવું મનાશે, ત્યારે અમારા સંબંધે તમને તમારો મહિમા સમજાશે. તમે કેવળ સાધુ નથક્ષ પણ અક્ષરધામના મુક્તો છો એવું જ્યારે તમને દૃઢ થશે ત્યારે પંચવિષય જીતવામાં કોઈ પ્રયાસ પડશે નહીં, સહેજે જીતાઈ જશે.

''જીવનમાં સુખઃદુખ આવે છે, જય અને પરાજય અનુભવાય છે, પરંતુ તે બધું કેવળ અમારી ઈચ્છાથી જ આવે છે એવું જ્યારે તમને સમજાશે ત્યારે અમારું કર્તાપણું અંતરમાં દૃઢ થશે અને જીવનમાં અનુભવાતા આવા દ્વન્દ્વોનું કારણ કાળ, કર્મ ને માયા છે તેવું કદી મનાશે નહીં. આ પ્રકારની સમજણથી કોઈના પ્રત્યે રાગ-દ્વેષ કે વૈમનસ્યના ભાવ અંતરમાં જાગશે નહીં.

''અમે જ સર્વકર્તા છીએ, તેથી અમારી મરજી વિરુદ્ધ કોઈ કંઈ કરી શકતું નથી. તો અમને જે ન ગમતું હોય તે જીવો કેમ આચરી શકે ? આપણે જગતમાં પ્રવર્તેલા ફેલ ટાળવા સંકલ્પ કર્યો કે તરત જ એવા કલ્પિત સંપ્રદાયો જેને આધારે લોકો આવા ફેલ આચરતા હતા તે સર્વે નાશ થઈ ગયા. આપણી વિરુદ્ધ જે થાય છે, આવો શુદ્ધ એકાંતિક ધર્મ પ્રવર્તાવવાની આપણી જે રીત તે જેને નથી ગમતી, જે તેનો વિરોધ કરે છે, તેમનો સૌનો એક જ સપાટે કાળ નાશ કરી નાખશે, અમારા ઐશ્વર્યથી એવું થશે. પરંતુ સહેજે થશે એટલે કોઈને પરચો થયો છે એવું નહીં સમજાય. આ જ રીતે અમારી ઈચ્છાથી કાળ કાળનું કામ કર્યે જશે. આ ધર્મપ્રવર્તનમાં કોઈ પણ મનુષ્ય બાધા નાખી શકશે નહીં.

''અમારા પિંડની આ બ્રહ્માંડ સાથે એકતા છે. અમારા શરીરમાં સુખ અથવા દુઃખ આવે છે ત્યારે જગતમાં પણ તેવું જ પ્રવર્તે છે. આપણે જ્યારે ખટરસના ત્યાગનો નિયમ ગ્રહણ કર્યો, ત્યારે જગતમાં દુષ્કાળ પડ્યો, કોઈને અન્નનો દાણો પણ ખાવા મળ્યો નહીં. જગતના કહેવાતા ડાહ્યા આ નહીં સમજી શકે.

''દુષ્કાળના એ વર્ષોમાં અમે નખ-કેશ વધાર્યા, ગુપ્ત રહ્યા. અમારું તેજ ઢાંકી રાખ્યું. ઐશ્વર્ય છુપાવી રાખ્યું, ત્યારે પૃથ્વીપતિ નરેશોની કાંતિ હણાઈ ગઈ. સૌ નિસ્તેજ બની ગયા. સૌનાં સિંહાસન ડોલવા લાગ્યાં. આ બધું સહેજે સહેજે **થાય છે, કર્મની રેખા પ્રમાણે થાય છે, કાળની વિષમતાની થાય છે એવું સૌ માને છે, પરંતુ ભગવાનની ઈચ્છાથી, અમારી ઈચ્છાથી બની રહ્યું છે એવું કોઈ સમજી શકતા નથી. અમારી પ્રસન્નતા હશે તો જગતમાં પ્રસન્નતા પાંગરશે. અમારો અનાદર થશે તો જગતમાં એવા ભાવો પ્રસરશે. અમે જેવા ભાવ અંગીકાર કરીએ, તેવા ભાવ જગતમાં પ્રવર્તે છે. અમારા કર્તાપણાની અંતરમાં આવી દઢતા થશે ત્યારે સુખ અને દુઃખમાં સમતા રહેશે. માન અને અપમાનમાં, જય-પરાજયમાં સ્થિર રહી શકાશે.**

''એવાં દ્વન્દ્વોનો અનુભવ તમારા જીવનમાં પણ તમને સૌને થશે. પરંતુ તેવે સમયે સ્થિર બુદ્ધિ રાખજો. જે મારા છે તેનું હું જતન કરીશ જ. પરંતુ તમને સૌને આપેલા નિયમો જો તમે તોડશો કે અમારા સ્વરૂપની નિષ્ઠામાં ફેર પાડશો તો જાણજો કે અમારે ને તમારે કાંઈ લેવાદેવા નહીં રહે. જો દઢતાપૂર્વક વ્રત અને ટેકને વળગી રહેશો, તો તમે નિર્ભય છો. દેહ પડી જશે તોપણ આગળ અક્ષરધામનું સુખ મળશે. જે સુખનો લેશ તમે આજે અનુભવ્યો છે તે અખંડ સુખની પ્રાપ્તિ તમને અક્ષરધામમાં થશે. તેનું કારણ સમજી લેજો કે તમને સૌને એ અક્ષરથી પર એવા પુરુષોત્તમની પ્રાપ્તિ થઈ છે.''

મહારાજે વાત પૂરી કરી અને રાત્રીનો છેલ્લો પ્રહર પૂરો થયો. સૌ સંતો જાગ્યા. જાણે સમાધિમાંથી જાગ્યા હોય, એક દિવ્ય સુખના મહાસમુદ્રમાં ડૂબકી મારીને બહાર નીકળ્યા હોય એવું સૌને લાગ્યું ! મહારાજના શબ્દો અંતરમાંથી પડઘા પાડતા તેમને સંભળાતા હતા : અક્ષરથી પર એવા પુરુષોત્તમની પ્રાપ્તિ તમને થઈ છે. તે જ સર્વકર્તા છે, સર્વ સુખના નિધિ છે. મહારાજે પોતાના પુરુષોત્તમ સ્વરૂપની વાત કરી, તે સ્વરૂપનો મહિમા સમજાવ્યો. અંતરમાં સાચવીને રાખવા જેવી મૂડી મહારાજે આપી દીધી.

ગણેશ શેઠ મહારાજનાં દર્શન કરવા ગઢડા આવ્યા ત્યારે મહારાજે તેમને કહ્યું, ''શેઠ ! ઊનામાં સાધુને રહેવાની જગ્યા તમાર ઘરની બાજુમાં કરાવો. સાધુને ઊતરવાની જગ્યા હાય તો સત્સંગ વધે.'' એમ કહી મહારાજે તેમને શાલિગ્રામ આપ્યા અને કહ્યું, ''આ શાલિગ્રામની અમે બહુ પૂજા કરી છે. વનમાં એક વાર બહુ પાણી પી ગયા હતા.'' આમ, શાલિગ્રામ તથા લાલજીની મૂર્તિ આપી મહારાજે તેમને કહ્યું, ''આ બંને મૂર્તિઓ તે જગ્યામાં પધરાવજો અને તેમના માટે આજીવિકાનું નક્કી કરજો.'' ત્યારથી ઊનામાં સત્સંગની જમાવટ થઈ.

પ્રસંગ-૭૧ પુરુષોત્તમનું માહાત્મ્ય..

મહારાજે પોતાની બંને ભુજાઓ ઊંચી કરી એટલે સભામાં ઘોંઘાટ થતો હતો તે બંધ થઈ ગયો. સંતોએ ઝિલણિયાં કીર્તન શરૂ કર્યાં. થોડી વારે સભા એકદમ સ્વસ્થ થઈ ગઈ. શાંતિ પથરાઈ ગઈ. પછી શ્રીજીમહારાજે વાત શરૂ કરી :

''આ ઉત્સવમાં તમે સાહ આવ્યા છો એટલે કાંઈ ભાથું બાંધીને જાઓ તો તમને કામમાં લાગે. બીજે ઉત્સવો થાય છે તેને લોકો મેળા કહે છે. જન્માષ્ટમીનો મેળો, રામનવમીનો મેળો, એકાદશીનો મેળો; આવા પવિત્ર ઉત્સવના દિવસે એવા મેળા ભરાય છે. તેમાં સ્ત્રી-પુરુષો ભેગાં મળીને રસ રમે, જુગાર રમે-એમ અનેક પ્રકારનાં ફેલ કરે. ધર્મના તત્ત્વને આથી લાંછન લાગે છે.

''આપણે ત્યાં તો આવા ઉત્સવોમાં સ્ત્રી-પુરુષો પોતાની મર્યાદામાં રહીને વર્તે છે. જ્ઞાનવાર્તા, કીર્તન-ભક્તિમાં ભાગ લે છે. ઈન્દ્રિયો, અંતઃકરણને ભગવાનની મૂર્તિ વિના બીજે ક્યાંય જવા દેતા નથી. તેથી અંતરમાં કદી અધર્મ પ્રવેશતો નથી.'' એટલું કહીને મહારાજે કહ્યું : ''આ સંસારમાં લોકોને અધિક અને અધિક સુખ પામવાની ઈચ્છા રહે છે. સાધારણ મનુષ્ય હોય પણ તેના અંતરમાં રાજા થવાના મનસૂબા થાય છે. વળી રાજા હોય તેને દેવ બનવાની ઈચ્છા રહે છે. વળી દેવોને ઈન્દ્ર પદવી પ્રાપ્ત કરવાના કોડ જાગે છે. ઈન્દ્રને પણ સંતોષ નથી એટલે બ્રહ્મા થવા ઈચ્છે છે. પરંતુ તેમના જીવને ખબર નથી કે આ બધી મોટપનો તો એક દિવસ કાળ નાશ કરી નાખશે.''

તે સાંભળી એક હરિભક્તે મહારાજને પ્રશ્ન પૂછ્યો : ''મહારાજ ! કાળની ગતિ ક્યાં સુધી છે ?''

મહારાજે કહ્યું : ''બ્રહ્માથી પર વિરાટ છે, તેથી પર પ્રધાન અને પુરુષ છે. પ્રધાન-પુરુષથી પર મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિ છે. ત્યાં સુધી આપણાં શાસ્ત્રોમાં વર્ણન છે. મૂળ પુરુષને પરમાત્મા કહ્યા છે અને મૂળ પ્રકૃતિને તેમની શક્તિ કહી છે. પરંતુ તેથી આગળ કોઈની કલ્પના ગઈ નથી. પણ પ્રકૃતિપુરુષથક્ષ પર અક્ષર છે જેનો અપાર યશ સર્વત્ર વ્યાપી રહ્યો છે. એ દિવ્ય અક્ષરધામમાં કાળની ગતિ નથી. મૂળ પ્રકૃતિ અથવા મહામાયા એ અક્ષરના એક રોમકૂપમાં લીન થઈ જાય છે. તે અક્ષરબ્રહ્મથી પર પુરુષોત્તમ છે. તે આજે મનુષ્યદેહ ધારણ કરી તમને સર્વને નયનગોચર વર્તે છે. જેનાં દર્શન પ્રકૃતિ પુરુષ પર્યંતના કોઈ લોકના અધિષ્ઠિત દેવને નથી, તે પુરુષોત્તમ નારાયણ આજે તમને સૌને સુગમ બન્યા છે. તેનાં દર્શન સુગમ, વાતો સુગમ, પ્રસાદ સુગમ, સ્પર્શ સુગમ- એમ સર્વ પ્રકારે સોંઘા તમને એ અક્ષરધામમાં ગતિ કરાવવા પ્રગટ થાય છે.

''એટલે આપણા ઉત્સવોમાં આવી જે જાણ્યે કે અજાણ્યે અમારાં લીલાચરિત્રોની વાતો સાંભળશે તે બધાં જ જન્મ-મરણના તાપથી મુક્ત થઈ જશે અને જે અમારા સ્વરૂપને યથાર્થ સમજશે તે ભક્તના અંતરમાં આ જ્ઞાનનો પ્રકાશ વ્યાપી જશે. વળી, અમારા પુરુષોત્તમ સ્વરૂપને જે માહાત્મ્ય સહિત સમજશે તો તે ભક્ત દેહ મૂકીને અક્ષરબ્રહ્મરૂપ થઈ અમારી સેવામાં અખંડ જોડાઈ જશે.''

પ્રસંગ-૭૨ સર્વ તત્ત્વોનું તત્ત્વ અક્ષરબ્રહ્મ છે..

આ સાભંળી મહારાજને પ્રશ્ન પૂછ્યો : ''મહારાજ ! એ માહાત્મ્ય કેવી રીતે સમજવું ?''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું, ''માહાત્મ્યે સહિત એટલે તત્ત્વે સહિત. પૃથ્વીથી લઈને પ્રકૃતિ, પુરુષ સુધીનાં સર્વ તત્ત્વોનું કારણ અક્ષરબ્રહ્મ છે. તેથી એ અક્ષરબ્રહ્મ સર્વ તત્ત્વોનું તત્ત્વ છે. એ અક્ષરબ્રહ્મ સહિત અમારો મહિમા સમજાય ત્યારે માહાત્મ્યે સહિત અમારો મહિમા સમજાયો કહેવાય. એ અક્ષરબ્રહ્મની જ્યારે ઓળખાણ થાય ત્યારે જ તેમનાથી પર અમારા પુરુષોત્તમ સ્વરૂપનો મહિમા સમજી શકાય. અમને તેથી શાસ્ત્રમાં પર થકી પર અને તેથી પણ પર કહ્યા છે. મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિ એ બીજાં સર્વ તત્ત્વોથી પર છે. તેથી પર અક્ષરબ્રહ્મ છે અને તેથક્ષ પર અમે છીએ.''

પુરુષોત્તમ નારાયણના શ્રીમુખે તેમના અપરિમિત મહિમાની, તેમના સ્વરૂપની આ વાત સાંભળી સભામાં સૌ સ્થિર થઈ ગયા. માનવસ્વરૂપ ધારી નયનગોચર વર્તતા પુરુષોત્તમ નારાયણ આવા મહાન છે ? આ તો કલ્પનામાં પણ ન આવે એવી વાત છે. પર થકી પર અને તેથી પર એવા આ સ્વરૂપની ઝાંખી તો

મોટા મોટા મુનિઓને પણ થઈ નથી. જ્યારે આપણને આજે તે પુરુષોત્તમ નારાયણ સાક્ષાત દર્શન દે છે, વાતો કરે છે, સાથે રમે છે, રમાડે છે- એમ અનેક પ્રકારે લાડ લડાવે છે ! સૌને લાગ્યું આવી પરા ને પાર પ્રાપ્તિના કેફથી ગાંડા થઈ જવાશે. મહારાજે સૌનાં મુખ ઉપર આનંદ જોયો, કૃતાર્થતાનો ભાવ જોયો. તેવા આનંદસભર બનાવી સૌને કહ્યું ; ‘‘રાત્રી ઘણી વીતી ગઈ છે માટે સૌ પોતપોતાના સ્થાનકે જાઓ. અમે પણ ગામમાં અમારે ઉતારે જઈએ છીએ.’’

મહારાજ જીવુબાને કહે છે : ‘‘જીવુબા ! દિગ્વિજય કરવો છે. એકાંતિક ધર્મના પાયા ઊંડા નાખવા છે. સંપ્રદાયને વિશ્વવ્યાપી બનાવવો છે.’’

પ્રસંગ-૭૩ વેદાંતાચાર્ય સાથે તત્ત્વચર્ચા..

મુક્તાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા પ્રમાણે આંબાવાડિયામાં સભાની વ્યવસ્થા કરી દીધી. આંબા નીચે મહારાજ માટે પાટ ગોઠવી. બધી જ વ્યવસ્થા પૂરી થઈ ગઈ એટલે મહારાજ ત્યાં પધાર્યા. એક જ પાટ ગોઠવી હતી તેથી મહારાજે કહ્યું : ‘‘વેદાંતાચાર્ય તો રામાનુજ સંપ્રદાયની ગાદીના આચાર્ય છે. તેમના સ્થાનને ઘટે તે પ્રમાણે તેમનું આસન ગોઠવવું જોઈએ. માટે બીજી પાટ મંગાવો અને અમારી જોડાજોડ પાટ ગોઠવો.’’ ધર્મસભામાં પણ શિષ્ટાચારને કેટલું સ્થાન છે તે મહારાજના આ સૂચનથી સૌ સમજી ગયા.

સભાસ્થાનમાં મહારાજ પધાર્યા છે તે જાણી સૌ સંતો-હરિભક્તો આવી ગયા. વેદાંતાચાર્યને બોલાવવા હરિભક્તોને મોકલ્યા. તેમણે રસોઈ તૈયાર કરી લીધી હતી. એટલે વિષ્ણુ ભગવાનને નૈવેદ્ય ધરાવી જમીને તરત જ હરિભક્તો સાથે સભામાં આવ્યા. મહારાજ તેમને આવતા જોઈ ઊભા થયા અને હાથ પકડી પોતાની બાજુમાં જ ગોઠવેલી પાટ ઉપર બેસાર્યા.

પછી મહારાજે તેમને કહ્યું : ‘‘આચાર્ય મહારાજ ! આપની મરજી હોય તો આપણે હવે કાંઈક પ્રશ્ન-ઉત્તર કરીએ જેથી તમારી શંકાઓનું નિવારણ થાય અને અમને પણ તમને સંતોષ પમાડ્યાનો આનંદ થાય.’’

એટલે તેમણે કહ્યું : ‘‘ભલે.’’

પછી મહારાજે કહ્યું : ‘‘તમે ગૃહસ્થ છો અને અમે ત્યાગી છીએ તેથી પહેલાં આપ અમને પ્રશ્ન પૂછો, કારણ કે ત્યાગી ગૃહસ્થને પ્રશ્ન પૂછે તે શાસ્ત્રની દૃષ્ટિએ અયોગ્ય કહેવાય.’’

તે સાંભળી વેદાંતાચાર્યે કહ્યું : ‘‘આપ ખુશીથી જે પૂછવું હોય તે પૂછો. કહો તો બત્રીસ પ્રકારની બ્રહ્મવિદ્યા કહી બતાવું અને કહો તો વેદાદિક શાસ્ત્રોનું સમગ્ર રહસ્ય કહી બતાવું.’’

મહારાજને આ સાંભળી આનંદ થયો. તેમણે પછી વેદાંતાચાર્યને પૂછ્યું : ‘‘આચાર્યશ્રી ! શિષ્ય જ્યારે ગુરુ પાસે આવે છે, ત્યારે તેને વેદનાં બાર મહાવાક્યો :

અર્વે સૃસ્ત્રળાશ્રન, ટ૭મનરત્લ, પ્સળર્ણે અળર્ણૈર્ડે સૃસ્ત્ર અને અપનળક્ષ્નળ સૃસ્ત્ર નું રહસ્ય વ્યાસજીના સિદ્ધાંત અનુસાર સમજાવે છે. તે વાક્યોનું રહસ્ય આપ સમજાવો.’’

આચાર્ય આ પ્રથમ પ્રશ્નથી જ મૂંઝાયા. પરંપરાની પ્રણાલી પ્રમાણે તે ગાદી ઉપર આવ્યા હતા. તે પ્રણાલી સાચવવા શિખા, સૂત્ર, કંઠી, તિલક, ત્રિદંડ ધારણ કરતા હતા. પરંતુ આચાર્યની પદવીનું ગૌરબ સચવાય એવી વિદ્વત્તા તેમનામાં ન હતી. તેમણે આ પ્રશ્નોના ઉત્તર કરવા પ્રયત્નો કર્યા. પણ મહારાજે તેમાં શંકાઓ થઈ તે પૂછી. આચાર્ય ખરેખર મૂંઝાયા. મહારાજ પણ સમજી ગયા.

મહારાજે તેમને બીજો પ્રશ્ન પૂછ્યો : ‘‘વેદ અનાદિ છે એવું આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે તો તેની ઉત્પત્તિ અથવા પ્રાગટ્ય શી રીતે થયું તે કહો.’’

આચાર્યને લાગ્યું કે આ પ્રશ્નો ઉત્તર તો આપવો જ પડશે. તેમણે થોડી હિંમત ભેગી કરતાં કહ્યું : ‘‘એના બે ભેદ છે. આ બ્રહ્માંડનો જ્યારે પ્રલય થાય છે, ત્યારે એક સુંદર વડ રહે છે. ત્યાંથી નારાયણ સ્વરૂપ વેદ પ્રગટ થાય છે.’’

આ સાંભળીને મહારાજને હસવું આવ્યું. મુખ ઉપર રૂમાલ મૂકી તેમણે કહ્યું : ‘‘આચાર્યશ્રી ! એ તો કાંઈ સમજાયું નહીં. કારણ જ્યારે બ્રહ્માંડનો પ્રલય થાય ત્યારે પંચભૂતનાં સર્વ તત્ત્વોનો નાશ થઈ જાય છે. તો પછી વડ ક્યાંથી રહે ?’’

આ સાંભળી આચાર્ય વધુ મૂંઝાયા. તેમની એ મૂંઝવણ છતી ન થઈ જાય તે માટે મહારાજે તેમને તરત જ ત્રીજો પ્રશ્ન પૂછ્યો : ‘‘ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું છે કે જીવ મારો અંશ છે તે કેવી રીતે સમજવું ?’’

આચાર્યે તરત જ કહ્યું : ‘‘જીવ ભગવાનનો અંશ ન હોઈ શકે પણ અક્ષરબ્રહ્મનો અંશ છે એમ સમજવું.’’

મહારાજ હસ્યા. તેમણે તરત જ કહ્યું : ‘‘તો પછી અક્ષર શબ્દનો અર્થ સમજાવો.’’

ત્યારે તેમણે કહ્યું : ‘‘જેનો ક્ષર એટલે નાશ નથી તે અક્ષર.’’

એટલે મહારાજે કહ્યું : ‘‘તો જીવ અક્ષરમાંથી ક્ષર થયો ? જીવને તો અચ્છેદ્ય, અભેદ્ય, અખંડ અને અવિનાશી કહ્યો છે.’’

આચાર્યના શરીરે પરસેવો વળી ગયો. શિયાળાની ઠંડી હતી છતાં હાથમાં રૂમાલ લઈને મોં લૂછવા લાગ્યા. સભામાં સૌને આચાર્યની દયાજનક પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. પરંતુ મહારાજે સૌને સાનમાં સમજાવી દીધું કે આચાર્યને અપમાન જેવું લાગે તેવું કોઈએ બોલવું નહીં. મહારાજે વાત એકદમ ફેરવી દીધી અને જિયર સ્વામીની ગાદીની પરંપરા ઉપર વાત કરવા લાગ્યા. પછી સભા બરખાસ્ત કરી. આચાર્યને મહારાજે ત્રણ દિવસ રહેવાનું આગ્રહપૂર્વક કહ્યું. પણ તેમને તો હવે આ સ્થાન જ અકારું થઈ પડ્યું. તે તેમના ઉતારે ગયા.

મહારાજે બાપુભાઈને બોલાવીને કહ્યું : ‘આ આચાર્યને આપણે ત્રણ દિવસ રહેવાનું કહ્યું છે પણ એ રોકાશે નહીં. વહેલી સવારે નીકળી જશે. માટે તેમને આપણે કંઈક પુરસ્કાર આપી સન્માનવા જોઈએ. તમે તેમને બસો રૂપિયા આપી આવજો.’’

બાપુભાઈ હસ્યા. તેમણે કહ્યું : ‘‘મહારાજ ! આવા ઘમંડીનાં વળી સન્માન તે હોતાં હશે ?’’ છતાં મહારાજે આજ્ઞા કરી તેથી નારાયણગિરિના મઠમાં જઈ બાપુભાઈ તેમને બસો રૂપિયા આપી આવ્યા.

વહેલી સવારે આચાર્ય ત્યાંથી નીકળી નડિયાદ પહોંચી ગયા. નડિયાદમાં વેદાંતાચાર્યે પોતાના પરાજયને ઢાંક્યો. ત્યાંના લોકોએ પછ્યું : ‘‘તમો વરતાલ ગયા હતા તો ત્યાં ક્યા પ્રકારનો શાસ્ત્રાર્થ થયો, શું બન્યું તે તો કહો. આજે આ કળિયુગમાં ભગવાન સ્વામિનારાયણનો ઉઘાડો પ્રતાપ દેખાય છે. તેમના સંતો વિદ્વાન છે, સાધુગુણે યુક્ત છે. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળે છે અને છતાં તેમના ગુણનું તેમને અભિમાન નથી. તેમના હરિભક્તો લાખોની સંખ્યામાં છે, તેમના સંબંધથી સર્વે ધર્મવાળા છે અને ધર્મે સહિત ભક્તિ કરે છે. આટલા લાખો માણસોને ધર્મ પળાવવો એ તો ભગવાન વિના બીજાથી બની શકે નહીં.’’

આચાર્યને મહારાજની પ્રશંસાના આ શબ્દો ગમ્યા નહીં. તેમણે તરત જ કહ્યું : ''એ તો બધો દંભ છે. પોતાને મનાવવાની, પૂજાવાની ઈચ્છા છે. પરથી તમને સૌને ધર્માચરણ જેવું દેખાય પણ તે તો બીજા વેરાગી બાવાઓને હલકા પાડવા માટે ફક્ત દેખાવ જ કરે છે.''

વેદાંતાચાર્યની આ વાત નડિયાદમાં વસતા પાટીદાર હરિભક્તોને કાને પહોંચી ગઈ. તેમણે તરત જ મહારાજ ઉપર પત્ર લખ્યો અને નિત્યાનંદ સ્વામીને મોકલવા પ્રાર્થના કરી. તે પત્ર એક હરિભક્ત સાથે તેમણે વરતાલ મોકલ્યો.

મહારાજે નિત્યાનંદ સ્વામીને તેમના મંડળ સાથષ નડિયાદ મોકલ્યા. તેમના મંડળમાં વિદ્વાન સંતો પણ હતા. નિત્યાનંદ સ્વામી આવ્યા એટલે હરિભક્તોને સેવા કરવાની તક મળી ગઈ. હરિભક્તો જુદી જુદી રસોઈ આપવા લાગ્યા. સ્વામી પાસે અખંડ સભા થવા લાગી.

તેમનો આવો પ્રતાપ જોઈ વેદાંતાચાર્યને અન્ય પાટીદારોએ કહ્યું : ''સ્વામિનારાયરણના મોટા સંત આવ્યા છે. કહે છે કે બહુ વિદ્વાન છે. તો આપણે સભા ગોઠવીએ. તેમની વિદ્વત્તા કેવી છે તેનો ક્યાસ નીકળી જશે.''

આ સાંભળી વેદાંતાચાર્ય ગુસ્સે થયા. તેમણે કહ્યું : ''જે વિદ્વાન હોય તેને જ ખબર પડે કે સભા ગોઠવી વિદ્વતચર્ચા કોની સાથે કરવી ? તમને તેમાં શું ખબર પડે ?''

પરંતુ તેમણે સૌએ કહ્યું : ''તમે સભા તો ગોઠવો. કોણ વિદ્વાન છે તે ખબર પડશે. જે જીતશે તેને અમો રૂપિયા હજાર આપીશું !'' પરંતુ આચાર્યની હવે હિંમત ન હતી. અહીંથી પણ તે રાતોરાત ચાલી નીકળ્યા.

મહારાજને વરતાલ સમાચાર મળ્યા કે વેદાંતાચાર્ય નડિયાદથી પણ રાતોરાત ભાગી ગયા છે એટલે તેમણે નિત્યાનંદ સ્વામીને પાછા વરતાલ બોલાવી લીધા.

શ્રીહરિ વરતાલથી માગશર સુદ બારશને દિવસે નીકળ્યા. ગુડેલમાં રાત રહ્યા. પછી પચ્છમમાં રાત રહ્યા અને છેલ્લે કારિયાણી મુકામ કરી ગઢપુર પધાર્યા.

(અહીંયા ત્રીજો ભાગ પૂરો થાય છે. ભાગ -૩)

ભગવાન સ્વામિનારાયણ

(ભાગ- ૪)

પ્રસંગ-૧ દાદા હઠ પકડેની બેઠા હતા કે પરણવું નથી. ને મહારાજ એમને પરણાવે છે..

સવંત ૧૮૭૭ના માગશરના દિવસે ચાલતા હતા. મહારાજ ગઢડા પધાર્યા જીવુબા-લાડુબા, સૂરપ્રભાદેવી, સોમબા, ફઈને બોલાવીને કહ્યું, ‘‘દાદાને સત્તરમું વર્ષ બેઠુ. તેમના લગ્ન માટે તજવીજ કરો.’’

મહારાજે કહ્યું, ‘‘અમે બોટાદના માતરા ધાધલની દીકરી જોઈ રાખી છે.’’ એટલે બધાએ કહ્યું, ‘‘એ તો રતન છે રતન ! જેવો દાદો રતન એવાં કુમુદાબા પણ રતન છે.’’

હવે દાદાને બોલાવીને મહારાજ સમજાવે. એ તો હઠ લઈને બેઠો છે કે પરણવું જ નથી. કહે છે કે પરણવું એ પાપ છે.’’

એટલે મહારાજે કહ્યું : ‘‘સૂરપ્રભાદેવી ! તમારા કુળમાં બધા જગતથી ઊલટા પ્રવાહે ચાલનારા જ જન્મ્યા છે. બધા મુક્તો છે. નહીં તો લગ્નની તો લોકો રાહ જોઈને બેઠા હોય છે. નાના છોકરાને અમે જયારે પૂછીએ કે ‘સાધુ થવું છે ?’’ ત્યારે તરત માથું હલાવી ના કહે અને પરણવાનું પૂછીએ તો હસીને હા પાડે. ભગવાને એવી કળ ચડાવી દીધી છે કે માયાનું તંત્ર ચાલ્યા જ કરે છે. એ માયાના પ્રવાહમાં તમારો પરિવાર તણાયો નથી. એ જ તેમનું મુક્તપણું છે.’’

મહારાજે દાદાખાચરને બોલાવ્યા અને લગ્નની વાત કરી. આ સાંભળી દાદાખાચર ઉદાસ થઈ ગયા. તેમણે કહ્યું : ‘‘મહારાજ ! જો આવા જ ફાંસલામાં મને બાંધવો હતો, તો પછી સત્સંગનો રંગ શું કામ છાંટ્યો ? તમારી પાસે જે જે આવે છે તેને સાધુ બનાવવાની વાત કરો છો અને મને આ પાપમાં નાખો છો ?’’

મહારાજ આ સાંભળી રહ્યા. તેમણે આ જવાબ ધારી જ રાખ્યો હતો. ક્ષત્રિય કુળશિરોમણિ દાદાખાચર નાના હતા ત્યારથી જ મહારાજના ખોળામાં રમ્યા હતા. સંતોનો સહવાસ સેવ્યો હતો. તેમની સેવામાં અખંડ ગૂંથાયેલા રહ્યા હતા. પોતાની બંને બહેનો જીવુબા તથા લાડુબા પાસેથી પણ તેમણે કદીય જગતની વાત સાંભળી ન હતી. તેમની દ્દષ્ટિમાં મહારાજ, સંતો અને હરિભક્તો સિવાય બીજું કાંઈ ન હતું. અંતરમાં વિચારો પણ સત્સંગના જ, મહારાજને રાજી કરવાના જ ધોળાતા. એટલે તેમના અંતરમાં જગતનો અંકુર હતો જ નહીં. મહારાજના શબ્દોથી તે વિચારમાં પડી ગયા.

પ્રસંગ-૨ ગુણનો ભાવ કાઢવો છે, અર્જુનજીને ગુણાતીત કરવા છે..

મહારાજે દાદાને પોતાની પાસે બોલાવ્યા. દાદાનું મુખ બે હાથ વડે પકડી મહારાજે પોતાના સન્મુખ કર્યું. પછી બોલ્યા : ‘‘દાદા ! તું એભલ બાપુનો કુળદીપક છો. એ કુળના દીવા મારે ઓલવવા નથી. તારા જીવનની જયોત તારા વંશવારસામાં પ્રગટશે. તને સત્સંગ ને કુળ-ઉજામણ એવો વંશ મળશે. દાદા ! તું તો જનક અને અંબરીષ જેવો વિદેહી છે, પણ દાદાનું કુળ અહીંથી જ અટકે એવું અમારે કરવું નથી. અમારી આજ્ઞા છે, તારે લગ્ન કરવાં પડશે.’’

દાદાખાચરની આંખોમાંથી આંસુ પડતાં હતાં. તેમણે કહ્યું : ‘‘મહારાજ ! આપની આજ્ઞાની અવજ્ઞા હું કરું તો અસુર કહેવાઉં. અર્જુનને કુરુક્ષેત્રમાં જ મૂંઝવણ થઈ હતી પણ શ્રીકૃષ્ણ ભગવાને તે ટાળી.’’

મહારાજે કહ્યું, ‘‘એમની મૂંઝવણ ઉદાસીનતામાંથી ઊભી થઈ હતી. એ ગુણનો ભાવ હતો.’’

દાદાખાચરે કહ્યું : ‘‘તોપણ શ્રીકૃષ્ણ ભગવાને તે ટાળી ને ?’’

મહારાજે તરત જ કહ્યું : ‘‘ના, એ તો યુદ્ધ પૂરતો શ્રીકૃષ્ણનો તેમનામાં પ્રવેશ થયો હતો. મોહ સાવ ટળી ગયો હોત અને ગુણાતીત થયા હોત તો પોતાની ટેક સાચવવા પાછળથી શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા કેમ તૈયાર થયા ?

રેફરેન્સમાં પ્રસંગ : (ગાલવ ઋષિ અંજલિ આપતા હતા તે અંજલિમાં થૂંકીને ચિત્રરથ ગાંધર્વે તેમનું અપમાન કર્યું હતું. તે ફરિયાદ શ્રીકૃષ્ણ પાસે ગઈ. તેમણે ગાલવ ઋષિને આશ્વાસન આપ્યું કે ‘‘તમારું આ રીતે અપમાન તેણે કર્યું છે, તેને હું બે દિવસમાં દેહાંતની શિક્ષા કરીશ.’’

નારદજીએ ચિત્રરથને આ વાત કરી અને તેને અર્જુનનું શરણું લેવા યુક્તિ બતાવી. આથી તે અર્જુનના શરણે ગયો. અર્જુને પણ શરણાર્થી જાણીને તેની રક્ષાની પ્રતિજ્ઞા કરી. પરિણામે, શ્રીકૃષ્ણ અને અર્જુન બંને પ્રતિજ્ઞાથી બંધાઈ ગયા હોવાથી સામસામા યુદ્ધે આવી ગયા. છેવટે નારદજીની દરમ્યાગીરીથી બ્રહ્મા, શંકર તથા અન્ય દેવો આવ્યા. બ્રહ્માંડનો પ્રલય થઈ જશે એવી બીકથી આ દેવોએ ચિત્રરથને સમજાવ્યા. તેમણે ગાલવ ઋષિની માફી માગી. આ સમાધાનથી કૃષ્ણાર્જુન યુદ્ધ બંધ રહ્યું.)

માટે ણશ્ર્ચ ળજ્ઞ નળજ્ઞવઃ કહ્યું છે, પણ ગુણનો ભાવ સાવ ગયો ન હતો.’’

એમ કહી મહારાજ તેમના સામું જોઈ રહ્યા, હસ્યા અને પછી બે હાથે તેમનું મોઢું પકડીને કહ્યું : ‘‘દાદા ! એ ગુણનો ભાવ કાઢવો છે. અર્જુનજીને ગુણાતીત કરવા છે.’’

મહારાજની રહસ્ય-વાણીમાં તો દાદાખાચર કાંઈ સમજયા નહીં પરંતુ મહારાજની ઈચ્છા જ એવી હતી તેથી તેમણે હાથ જોડી કહ્યું : ‘‘મહારાજ ! આપની આજ્ઞા જ છે તો પછી આપ એ આશ્રમમાં પણ મારી રક્ષા કરજો.’’ મહારાજે તેમને આશીર્વાદ આપ્યા.

પ્રસંગ-૩ એકાદશી-વ્રતનો મહિમા.. બાજરાના રોટલા ખાવા પણ એક ટંક, એટલે એકાદશીનું વ્રત કર્યા બરોબર ફળ મળશે..

થોડા દિવસ બાદ એકાદશી આવતી હતી. એકાદશી-વ્રતનો મહિમા સમજાવવા તે દિવસે નિરાહાર રહેવામાં કેટલું ફળ છે તે મહારાજને સમજાવવું હતું. કાઠી ભક્તોએ દારૂ, માંસ, હિંસા વગેરે છોડ્યાં. સત્સંગના નિયમ મુજબ વર્તવા લાગ્યા પરંતુ એકાદશીના વ્રત માટે કોઈને કાંઈ આદર ન હતો. સવારનું શિરામણ, બપોરે જમવાનું, પછી રોંઢો અને રાત્રે વાળુ એમ ચાર વખત જમનારા કાઠી ભક્તો અ ચાર જમણ ખોટાં કરે ત્યારે એકાદશી થાય. એટલે એકાદશીનું નામ સાંભળતાં જ આ કાઠી ભક્તો ધ્રૂજી જતા. મહારાજને થતું કે સર્વ વાતે શૂરવીર આ ભક્તો જો એકાદશી-વ્રત ન કરે તો તે સત્સંગમાં શોભે નહીં. એકાદશીના વ્રતમાં દેહનું અને ઈન્દ્રિયોનું બંનેનું દમન છે. મહારાજે એકાદશીની તિથિ પહેલાં બે દિવસે સભામાં સૌ સંતો, કાઠી ભક્તો બેઠા હતા તેમને સમજાવતાં કહ્યું :

‘‘બે દિવસ પછી એકાદશી આવે છે. એકાદશીનો મહિમા સમજાય તો તે વ્રત કરવાની અંતરમાં દ્દઢતા થાય. આપણા શાસ્ત્રકારોએ લખ્યું છે કે જપ, તપ, તીર્થ અનેક વાર કરે પરંતુ તેનું ફળ એકાદશીના વ્રત બરોબર નથી. એકાદશીનું વ્રત એ ભગવાનના વરદાનનું વ્રત છે. ભગવાને એકાદશીને વરદાન આપ્યું છે કે ‘તું મારી એકાદશ ઈન્દ્રિયોમાંથી ઉત્પન્ન થઈ છે એટલે મારું સ્વરૂપ છો. તેથી તારું વ્રત જે કોઈ કરશે તેના ઉપર હું પ્રસન્ન થઈશ.’ એટલે આપણે સૌએ એકાદશીનું વ્રત ભગવાનની પ્રસન્નતા માટે કરવું જોઈએ. તે દિવસે સવારે વહેલાં ઊઠી સૌ ભક્તોએ ભેગા થઈને કીર્તનો ગાતાં ગાતાં જયાં નદી, કૂવો કે તળાવ હોય

ત્યાં નહાવા જવું. તે દિવસે અન્ન ન લેવું. રાત્રીએ ભગવાનનું ભજન કરીને જાગરણ કરવું. આ પ્રમાણે એકાદશીનું વ્રત તમો સૌ કરશો તો અમે તમારા ઉપર પ્રસન્ન થઈશું.''

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! અમારે તો આપની આજ્ઞા એ જ વેદ, પુરાણ અને શાસ્ત્રનું વચન ! અમે તો આપને પ્રસન્ન કરવા આપની ભક્તિ કરીએ છીએ. આપની પ્રસન્નતા સિવાય મુક્તિની પણ અમને ઈચ્છા થઈ નથી. આપની આજ્ઞાથી સંતો બધા જ વ્રત કરે છે. આપ જ એકાદશીને દિવસે નિરાહારી રહો ત્યારે બીજા કેમ જમી શકે ?''

મહારાજ તો જાણતા હતા કે સંતો સૌ આ વ્રત કરે છે પરંતુ તેમને તો કાઠી ભક્તોને આ વ્રતનો મહિમા સમજાવવો હતો. સુરાખાચરના ભત્રીજા માણસિયાએ મહારાજને બીતાં બીતાં પૂછ્યું : ''મહારાજ ! એકાદશીને દિવસે અન્ન ખાય તો શું થાય ?''

મહારાજે કહ્યું : ''જેમ ભાલા છાતીમાં ભોંકાય ને દુઃખ થાય, તેમ અન્નનો એક એક દાણો ભાલાની જેમ અમારી છાતીમાં ભોંકાય છે. એટલું અમને દુઃખ થાય છે.''

આ સાંભળી માણસિયાના રામ રમી ગયા. તે તો ટાઢોળિયા થઈ ગયો. તેણે સુરા આપાને પૂછયું : ''આપા ! આ લપ ક્યારે આવે છે ?''

સુરાખાચરે કહ્યું : ''બે દિવસ પછી જ.''

આ સાંભળીને મોત આવ્યું હોય એટલું માણસિયાને વસમું લાગ્યું.

એકાદશી આવી અને માણસિયો સવારથી જ ઢીલો થઈ ગયો. સવારનું શિરામણ પેટમાં ન ગયું એટલે તેના પગ ઢીલા પડી ગયા. તેને થયું કે હજુ તો એક ટંકમાં આટલું થયું તો બીજા ત્રણ ખોટા થશે ત્યારે મારું શું થશે ? તે સૂનમૂન પડી રહ્યો. જમવાનું ટાણું થયું એટલે તે ઊભો થયો. ધ્રૂજતે પગે દરબારમાં જઈને આંટા મારી આવ્યો પણ રસોડું જ બંધ હતું. તે પાછો આવીને ખાટલામાં પડ્યો. સુરાખાચર વારંવાર આવી તેની ખબર રાખતા હતા. બપોરના ત્રણનો વખત થટો અને સુરાખાચર તેની પાસે આવ્યા તો તેના મોઢામાંથી ફીણ નીકળતાં હતાં. તે સૂનમૂન પડ્યો હતો. સુરાખાચરને બીક લાગી કે આને શું થશે, હજુ તો સાંજ અને આખી રાત કાઢવાની છે. આનો દેહ રહેશે નહીં.

બીજા કાઠી દરબારો માણસિયાને જોવા આવ્યા. તેની આ દશા જોઈ નથુખાચર એકદમ મહારાજ પાસે દોડ્યા. મહારાજે તેને ગભરાયેલા જોઈ બોલ્યા : ''શું થયું નથુ ?''

''મહારાજ ! માણસિયો મરુ ગીયો.''

મહારાજ તરત જ ઊભા થઈ ગયા. તેમણે કહ્યું : ''હોય નહીં ! મરી કેમ જાય ?''

''મહારાજ ! તેનાં ત્રણ ટાણાં ખોટા થઈ ગયા. માણસમારી તેને વળગી છે.'' મહારાજ આ સાંભળી હસ્યા. મહારાજ માણસિયા પાસે આવ્યા. માણસિયે મહારાજને જોઈ આંખો ખોલી. મહારાજ માણસિયા પાસે આવ્યા. માણસિયે મહારાજને જોઈ આંખો ખોલી. મહારાજ તરફ તે દયામણે મોઢે જોઈ રહ્યો.

મહારાજે તેને પૂછ્યું : ''માણસિયા ! શું થયું છે ?''

તેણે તરત જ ક્હ્યું : ''મહારાજ ! માણસમારી વળગી એટલે હોશકોશ જતા રહ્યા.''

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા. તેમણે કહ્યું : ''પણ એ માણસમારી કોણ છે ? આપણે તેને પકડીએ.''

તેણે ધીમે સાદે કહ્યું : ''મહારાજ ! તમથી એ નહીં પકડાય. તમનેય એણે ઝાલી લીધા છે.'' એમ કહીને થોડી વારે મહારાજને તેણે પૂછ્યું : ''તમે આજે ખાધું છે ?''

ત્યારે મહારાજે કહ્યું : ''આજે ન ખવાય. એકાદશી ખરી ને !''

''હાં, એ જ માણસમારી ! મહારાજ ! તમનેય એણે ઝપાટામાં લઈ લીધા.''

મહારાજ ખૂબ હસ્યા. મહારાજને થયું : ''ચાર ટંક ખાવાવાળા કાઠીઓને આ એકાદશીનું વ્રત ભારે પડશે.''

મહારાજે ત્યાં એકઠા થયેલા કાઠી ભક્તોને કહ્યું : ''તમારે સૌએ એકાદશીને દિવસે ફરાળ કરવું.''

એટલે સુરાખાચરે કહ્યું : ''મહારાજ ! આ કાઠિયાવાડમાં વળી ફરાળ કેવાં ? અહીં રાજગરો નો મળે. અહીં તો બાજગરો મળે.''

મહારાજે તરત જ કહ્યું : ''ભલે ત્યારે. તમારે રાજગરો ને બાજગરો બંને સમ. બાજરાના રોટલા ખાવા પણ એક ટંક, એટલે એકાદશીનું વ્રત કર્યા બરોબર ફળ મળશે.''

''મહારાજ ! રોટલા જમાય ને !''

મહારાજે હા કહી. માણસિયાના જીવમાં જીવ આવ્યો.

એકાદશીનું વ્રત આવે ત્યારે કાઠીઓને તો મોત આવ્યું હોય એવું વસમું લાગતું. પરંતુ કેટલાક ભક્તો તો નિરાહારી જ રહેતા ને કેટલાક એક ટંક જમીને રહેતા. મહારાજની દિવ્ય પ્રતિભાની તેમના ઉપર જબ્બર અસર હતી તેથી એક પછી એક બધી જ કુટેવો, સ્વભાવ મહારાજને પ્રસન્ન કરવા તેમણે મૂકી દીધા હતા. મહારાજે ચમત્કાર સર્જ્યો હતો. તેમના સંબંધે સૌને બળ મળતું. તેમની પ્રસન્નતામાં સૌ પ્રસન્ન રહેતા.

પ્રસંગ-૪ મહારાજ સંતોને ટાટ પહેરાવે છે..

થોડા દિવસ બાદ મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : ''આજથી સૌ સંતોને ટાટ- ગૂણપાટના ચાર હાથના કટકા પહેરાવવા છે.''

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''આ ભગવાં ઉતારી એવા ટાટ સંતોને તે પહેરાતા હશે ?''

આ સાંભળી મહારાજ કાંઈ બોલ્યા નહીં. પરંતુ તેમણે પોતાનાં વસ્ત્રો કાઢી ટાટનો એક કટકો પહેરી લીધો. તે જોઈ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! અમને સૌને ટાટ આપો અમે પહેરીશું. પણ આપ આ કાઢી નાખો.''

એટલે મહારાજ ટાટના ચાર હાથના કટકા સૌ સંતોને આપવા લાગ્યા. સૌ સંતોએ અલફી ઉતારી લીધી અને ટાટ પહેર્યાં.

બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે ગયા. મહારાજે તેમને પણ ચાર હાથનો કટકો આપ્યો. તે લઈ બ્રહ્માનંદ સ્વામીએ શરીરે વીંટાળ્યો પણ ચાર આંગળ ટૂંકો પડ્યો એટલે પાછો આપ્યો. સ્વામીએ કહ્યું : ''મહારાજ ! બીજો આપો. આ તો ચાર આંગળ ટૂંકો પડે છે. શરીર પૂરું ઢંકાતું નથી.''

મહારાજે તરત જ કહ્યું : ''એ તો સૌને જેટલું આપીએ છીએ તેટલું તમને મળશે. વધારે નહીં મળે.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ પોતાનું સ્થૂળ શરીર બતાવીને કહ્યું : ''પણ સૌના દેહ જુઓ અને મારો દેહ જુઓ. કાંઈ ફેર દેખાય છે કે નહીં ? દેહના માપ પ્રમાણે અપાય. શરીર ઢંકાવું તો જોઈએ ને !''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે તરત જ કહ્યું : ''તો પછી શરીર સહુના જેવું કરી નાંખો.''

''એ તો સાચું. પણ આજે શું ? આજે તો આ ટૂંકું વસ્ત્ર પહેરવું પડે ને ? આજથી ઉપવાસ કરવા માંડું તો આઠ-દસ દિવસે શરીર ઓછું થાય.''

પરંતુ મહારાજ કાંઈ બોલ્યા નહીં. તેમણે તો સૌના માપ પ્રમાણે જ કટકો તેમના ઉપર ફેંક્યો. બ્રહ્માનંદ સ્વામીએ ટાટનો કટકો હાથમાં લઈ લીધો. પછી ઉપર નીચે આજુબાજુ જોવા લાગ્યા. ત્યારે મહારાજે પૂછ્યું : ''સ્વામી ! એમ શું જુઓ છો ?''

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''હું જોઉં છું કે પૃથ્વીમાં બીજે ક્યાંય ભગવાન છે ?''

મહારાજે તરત જ પૂછ્યું : ''બીજે ક્યાંય ભગવાન મળ્યા ?''

બ્રહ્માનંદ સ્વામીએ માથું હલાવ્યું. તેમણે કહ્યું : ''મહારાજ ! **નખ જેટલી પૃથ્વીમાં તમારા સિવાય બીજો કોઈ ભગવાન દેખાયો નહીં, અને જો દેખાયો હોત તો ત્યાં ચાલ્યો જાત.**''

બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો સાંભળતાં મહારાજના હાથમાં જે ટાટના કટકાઓ હતા તે બધા પડી ગયા. મહારાજ એકદમ ઢોલિયા ઉપરથી ઊભા થઈ બ્રહ્માનંદ સ્વામીને ભેટી પડ્યા. બ્રહ્માનંદ સ્વામીની આંખોમાંથી હર્ષનાં અશ્રુઓ પડ્વા લાગ્યા. થોડી વારે છૂટા પડી મહારાજે કહ્યું : ''સ્વામી ! બ્રહ્માંડમાં ઘણા ભગવાન થઈ ફરે છે, તેમની પાછળ તેમના ભક્તોનાં ટોળાં પણ ફરે છે તે કોઈ તમને ન દેખાયા ?''

સ્વામીએ તરત જ કહ્યું : ''મહારાજ ! એમ તો ઘણાય ભગવાનનું બિરુદ લઈનેય ફરે છે પરંતુ **સનાતન ભગવાન તો આપ જ છો. આપ આપના ભક્તોને માયાથી મુકાવી, બ્રહ્મરૂપ કરી આપની સેવામાં રાખો છો. એ ભગવાનપણું લીધું લેવાય એવું નથી. એટલે બધે દૃષ્ટિ કરી નિરાશ થઈને આપને આશરે** રહ્યો છું. હવે આપને જેમ ફાવે તેમ કરો. તાવશો તોપણ અહીંથી જવાનો નથક્ષ અને મારશો તોપણ આ આશરો છોડવાનો નથી.''

સ્વામીના આ શબ્દો સાંભળી મહારાજ ગદ્‌ગદ થઈ ગયા. તેમણે કહ્યું : ''સ્વામી **! જે મારા કહેવાયા છે તેમાં મારે લેશમાત્ર કસર રહેવા દેવી નથી. એટલે જ મેં મારા સંતોને તાવ્યા છે; અનેક પ્રકરણો ફેરવી તેમનું દેહાભિમાન, સ્નેહ, સ્વાદ, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેના ચૂરેચૂરા કરી દીધા છે. નૈષ્ઠિક વ્રત પળાવી નિષ્કામ ધર્મનો પાયો ઊંડો નાખ્યો છે. આ બધી કસણીમાંથી તમો સૌ પાર ઊતરી ગયા છો. હવે મને સંતોષ છે કે તમારા સૌના દ્વારા આ એકાંતિક ધર્મ પ્રસરશે.''** એમ કહીને મહારાજે તેમને પૂરા માપનું ટાટ આપ્યું.

બ્રહ્માનંદ સ્વામી તે લેતાં બોલ્યા : ''મહારાજ ! આપ આ ટાટ ઉતારી નાખો, આપનાં વસ્ત્રો પહેરી લ્યો.''

એટલે મહારાજે ટાટ ઉતારી પોતાનાં વસ્ત્રો પહેરી લીધાં. પછી કહ્યું : ''સ્વામી ! અમે પાળીને પછી તમારી સૌની પાસે પળાવ્યું છે. અમે ભિક્ષા માંગવા નીકળ્યા ત્યારે સૌ ભિક્ષામાં આવેલા અન્નના ગોળા ખાવા લાગ્યા. મોટા હોય તેના આચરણનું શિષ્યો અનુકરણ કરે છે. માટે **મોટેરાની શોભાથી જ સમગ્ર સત્સંગની શોભા છે. મોટાપુરુષના સંબંધથી જ લોકો ધર્મ પાળી શકે છે.** બાકી શાસ્ત્રોમાં તો ધર્મ બતાવ્યો જ છે. પણ તે શાસ્ત્રોમાં જ પુરાઈને રહ્યો છે. ગીતામાં તેથી કહ્યું છે : 'પડ્રપડળખફસ્ર્ટ હજ્ઞશ્રછશ્નટણળડ્ઝમજ્ઞટ્ફળજ્ઞ ઘણઃ।'

બ્રહ્માનંદ સ્વામી મહારાજના કહેવાનો મર્મ સમજી ગયા. મહારાજે સીધું ન કહ્યું પણ આ શબ્દોમાં કહી દીધું હતું કે તેમની આજ્ઞા તત્કાળ તો કોઈએ ઝીલી જ નથી. આજે પણ તેમણે જ મહારાજની આજ્ઞા ઉપર શંકા કરી એટલે મહારાજે પોતે જ પોતાનાં વસ્ત્રો ઉતારી ટાટ પહેર્યાં. **આવા દયાળુ અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણને કેવળ પોતાના આશ્રિતોનાં કલ્યાણ કરવાની જ તમન્ના છે તેથી તેઓ આજે આટલા નાના બની ગયા છે.** તેમની આંખો ભીની થઈ ગઈ. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! ચાર આંગળ ઓછું એવું બધાને આપ્યું છે એ જ ટાટ મને આપો.''

મહારાજે કહ્યું : ''સ્વામી ! કાંઈ ગાંડા થયા ? દૂબળા-પાતળાને પાશેર અન્ન જોઈએ તેથી તમને પણ પાશેર આપવું ? માટે હવે પહેરી લ્યો.''

બ્રહ્માનંદ સ્વામીએ ટાટ પહેરી લીધું.

મહારાજે આ નવું પ્રકરણ ફેરવ્યું તે સાંભળી જીવાખાચર મહારાજ પાસે આવ્યા. મહારાજને પ્રાર્થના કરીને તેમણે કહ્યું : ''મહારાજ ! હરિભક્તોને અન્ન-વસ્ત્રે સુખી રાખવા છે કે નહીં ?''

આ સાંભળી મહારાજે પૂછ્યું : ''બાપુ ! શું થયું ? કાંઈ ઉપાધિ આવી ?''

એટલે બાપુએ બે હાથ જોડી કહ્યું : ''આ ઉપાધિ તો મૂર્તિમાન દેખાય છે. ભગવી અલફીમાં ફરતા આ સંતોને આ ગૂણિયાં કેમ પહેરાવ્યાં ? સંતોને હરિભક્તો વસ્ત્રો ઓઢાડશે તો હરિભક્તોને વસ્ત્રો મળશે. પણ આ ગૂણિયાના બદલામાં અમને એવા ગૂણિયા ન ખપે. માટે અમને જો સુખી રાખવા હોય તો આ ટાટ પ્રકરણ બંધ કરો.''

મહારાજે તેમની વાત સાંભળી સંતોને કહ્યું : ''સંતો ! ટાટ કાઢી નાખો અને સૌ પોતપોતાની અલફી પહેરી લ્યો. બાપુ ઠીક કહે છે.''

જીવાખાચરને મહારાજની આ આજ્ઞાથી આનંદ થયો. દાદાખાચર તથા મોટીબા, લાડુબા વગેરે પણ રાજી થયાં. તેમને પણ મહારાજે આ પ્રકરણ શરૂ કર્યું તે ઠીક તો નહોતું જ લાગ્યું પણ બ્રહ્માનંદ સ્વામીને મહારાજે ઊઘડા લીધા તેથી તેઓ કાંઈ બોલી શક્યા નહીં.

ઘી મરાઠા સુપ્રીમસી..

ઈ.સ.૧૮૧૩માં બાજીરાવ પેશ્વાએ ગુજરાતમાં પોતાના તાબાના જિલ્લાઓની ખંડણી ગાયકવાડને ઉઘરાવવાનું સોંપ્યું હતું. ગાયકવાડે તેથી તે તે જિલ્લાઓ પોતાના કબજામાં રાખ્યા હતા. તે જિલ્લાઓ પાછા મેળવવા પેશ્વાએ પ્રયત્નો શરૂ કર્યા. ગાયકવાડ પાસે ખંડણીની લેણી રકમની ઉઘરાણી પણ કરવા લાગ્યા. આ ઝઘડો પૂનાની કચેરીમાં ચાલ્યો. ગાયકવાડ તરફથી ગંગાધર શાસ્ત્રી પૂના ગયા. ત્યાં તેમનું ખૂન થયું.

ગુજરાતનો ઈતિહાસ..

ગાયકવાડ અને પેશ્વાના અંદર અંદરના ઝઘડામાં અંગ્રેજોની હકૂમત ગુજરાતમાં મજબૂત થવા લાગી. તેથી બાજીરાવ પેશ્વાને તેના પ્રાંતો અંગ્રેજોને લખી દેવાની ફરજ પડી. તે જ પ્રમાણે ગાયકવાડે પણ અંગ્રેજોને કાઠિયાવાડમાંથી ખંડણી ઉઘરાવવાનું કામ સોંપી દીધું. ગુજરાતમાંથી મરાઠા સત્તાનો આ રીતે સને ૧૮૧૯માં સંપૂર્ણ અંત આવ્યો.

પેશ્વાની હકૂમતનો અંત આવ્યા પછી અંગ્રેજોએ અમદાવાદનો કબજો લીધો. એરણ સાહેબને ત્યાં મૂક્યા તે અરસામાં અમદાવાદમાં જે બાદશાવાડી હતી તેમાં વાઘ રહેતો હતો. તે સમાચાર એરણ સાહેબને મળ્યા. તેથી તેઓ હાથી ઉપર લોખંડના પાંજરામાં બેસી ત્યાં વાઘનો શિકાર કરવા ગયા હતા. તેમની પાસે બે બારની રિવૉલ્વર હતી. બાદશાવાડી પાસે આવ્યા એટલે તેમણે રિવૉલ્વરમાંથી એક બાર કર્યો. આ અવાજ સાંભળી ઝાડીમાંથી વાઘ બહાર નીકળ્યો. તેને જોઈને સાહેબે રિવૉલ્વરમાંથી ગોળી છોડી પણ તેમનું નિશાન ખાલી ગયું. આથી વાઘ ખિજાયો. તરત જ તેમણે બીજી ગોળી છોડી તે પણ ખાલી ગઈ અને વાઘે છલાંગ મારી હાથ ઉપર તરાપ મારી. હાથી ગભરાયો. સાહેબનું હાથી ઉપરનું આસન ડોલવા માંડ્યું. પરંતુ એ જ વખતે તેમને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. હાથમાં ઢાલ અને તલવાર હતાં અને વાઘની સન્મુખ મહારાજ ઊભા હતા. તેમણે તરત જ મહારાજને ઓળખી લીધા. ડભાણમાં દર્શન કર્યાં હતાં તે જ આ મહાપુરુષ છે. વાઘ તરત જ ઝાડીમાં ચાલી ગયો. આ પ્રસંગથી તેને મહારાજ પ્રત્યે ખૂબ જ ભાવ થયો.

પ્રસંગ-૫ ભગવાનને પણ દેશકાળનાં બંધનો સ્વીકારવાં પડે છે..

હિમા શેઠ તથા અન્ય સત્સંગીઓએ પણ મહારાજની સ્તુતિ કરી. અગિયાર વર્ષે મહારાજ શહેરમાં પધાર્યા. હરિભક્તોએ કહ્યું : ''કસોટીની કઠણ કાળ આપની કૃપાથી જ આપનું સ્મરણ કરતાં વિતાવ્યો.''

મહારાજે કહ્યું : **''દેશકાળ વર્તીને હંમેશાં ચાલવું જોઈએ, આપણે એકાંતિક ધર્મ પ્રવર્તાવવા આવ્યા છીએ એટલે ક્ષમા અને ધીરજ બંને હોય તો જ એ કાર્ય સિદ્ધ થાય. સામા પૂરે ચાલીએ તો વિરોધનો ઝંઝાવાત જાગે અને આપણા કાર્યમાં વિઘ્ન આવે.''**

તે સાંભળી દામોદરે કહ્યું : ''મહારાજ ! આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો એટલે દેશકાળના બંધનથી પર છો. આપની ઈચ્છા અનુસાર દેશકાળ પ્રવર્તે છે, તો આપે આટલાં વર્ષો અમને રાહ કેમ જોવરાવી ?''

મહારાજે કહ્યું : **''શ્રીકૃષ્ણે અગિયાર વર્ષ સુધી માતા-પિતાને રાહ જોવરાવી અને પછી બંધન મુક્ત કર્યા. ભગવાનને પણ દેશકાળનાં બંધનો સ્વીકારવાં પડે છે.''**

પ્રસંગ-૬ મહારાજે શાસ્ત્રીને સિદ્ધાંતો સમજાવ્યા.. ભગવાન કોને કહેવાય..

શાસ્ત્રીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! મારે આપને પ્રશ્ન પૂછવા હતા પરંતુ આપના દર્શનમાત્રથી અંતરમાંથી સંશયગ્રંથિ ટળી ગઈ છે. આપ હવે જીવના મોક્ષ માટે જે સિદ્ધાંતો સમજવા અનિવાર્ય હોય તે કહો.''

તે સાંભળી શ્રીજીમહારાજે કહ્યું : ''તમારી મોક્ષ માટે જિજ્ઞાસા છે. વળી, તમે શુદ્ધ અને સાત્ત્વિક છો તેથી કહીએ છીએ. અમે ભગવાન વેદવ્યાસને આદિ આચાર્ય માનીએ છીએ. તેમના ગ્રંથો ઉપરથી બીજા આચાર્યોએ ટીકાઓ રચી આચાર્ય પદવી મેળવી છે. પરંતુ તે બધા જ આચાર્યો વ્યાસજી સમાન કહેવાય નહીં. વ્યાસજીએ સર્વે શાસ્ત્રોના સારરૂપે શ્રીમદ્‌ભાગવત પુરાણ રચ્યું. તેમાં ભગવાનનાં ચરિત્રોનો મહિમા કહ્યો છે. ભગવાન સદા સાકાર છે તે સિદ્ધાંત સ્પષ્ટ લખ્યો છે. તે ઉપરાંત ભગવદ્‌ગીતા તથા વ્યાસસૂત્રો ઉપર રામાનુજાચાર્યે રચેલાં ભાષ્યો અમને પ્રિય છે. તેમાં પણ ભગવાનનો મહિમા તથા ભગવાનના સાકાર સ્વરૂપનો સિદ્ધાંત સ્પષ્ટ આવે છે. તેથી ભગવાનના મહિમાના જે ગ્રંથ હોય તેમજ જે ગ્રંથમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનં પ્રતિપાદન કર્યું હોય તે ગ્રંથો અમને પ્રિય છે. **ભગવાનના સાકાર સ્વરૂપની નિષ્ઠા અને ભગવાનના મહિમાનું યથાર્થ જ્ઞાન- આ બે રહસ્ય સમજવાથી જ જીવોનું કલ્યાણ થાય છે.''**

મહારાજની ધીરગંભીર વાણી સાંભળી નરભેરામ શાસ્ત્રીના અંતરમાં પ્રકાશ થવા લાગ્યો. તે જાણતા હતા કે ભગવાનનું ભગવાનપણું જીવનો મોક્ષ કરવામાં જ છે, છતાં તે રહસ્ય ઘણાને નથી સમજાતું અને કેવળ પરચા અને ઐશ્વર્યથી અન્યને ભગવાન સમજી બેસે છે. તેથી તેમણે પ્રશ્ન પૂછ્યો : ''મહારાજ ! કેટલાક લોકો પરચા બતાવે છે, ઐશ્વર્ય બતાવે છે, તેને અબુધ જનો ભગવાન માની બેસે છે એટલે ભગવાનનું સાચું ભગવાનપણું તેમના કયા ભાવથી સમજી શકાય ?''

આ પ્રશ્ન સાંભળી મહારાજ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : ''શાસ્ત્રીજી ! તમે યથાર્થ કહ્યું. લોકોમાં અજ્ઞાન છે તેથી પરચા, ઐશ્વર્ય કે સિદ્ધિઓ બતાવનારને ભગવાન માની બેસે છે. **પરંતુ આ પરચા, ઐશ્વર્ય કે સિદ્ધિ જે કાંઈ જેને પ્રાપ્ત થાય છે, તે કેવળ ભગવાનની જે જે ભાવે ઉપાસના કરી હોય તેનાથી જ પ્રાપ્ત થાય છે.** તેથી ભગવાન કરતાં પણ કોઈમાં ભગવાનની ઈચ્છાથી અધિક પ્રતાપ કે ઐશ્વર્ય દેખાય તોપણ તેવા જનો ભગવાનના એક રોમ બરાબર થઈ શકતા નથી. જયારે સનાતન ભગવાનની પ્રગટ પ્રાપ્તિ થાય ત્યારે અંતરમાંથી માયાના વિકારો સમૂળા નાશ પામી જાય, આત્મા નિર્મળ બની જાય અને તે આત્માની દૃષ્ટિથી પ્રગટ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય. પરચા, ઐશ્વર્ય કે સિદ્ધિમાં ભગવાનપણું દેખાડી, તેવાં કુપાત્રો અંતે છકી જાય છે. માટે એટલું સમજવું કે **સનાતન ભગવાન સિવાય આધુનિક ભગવાનોથી જીવના અંતરનું અજ્ઞાન ટળતું નથી, માયાનો પરાભવ કરવાની શક્તિ જીવમાં આવતી નથી અને બ્રહ્મસ્વરૂપ થઈ પરમાત્માની ભક્તિનો અધિકારી તે બની શકતો નથી.''**

મહારાજની વાત સાંભળતાં નરભેરામ શાસ્ત્રી જાણે ઉપશમ અવસ્થામાં ઊતરી ગયા હોય તેમ ચિત્રવત્ બની ગયા ! મહારાજે વાત પૂરી કરી અને શાસ્ત્રીએ આંખો ખોલી. તેણે હાથ જોડી દીધા. મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : ''મહારાજ ! આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો તેથી આપના સંબંધથી જ મારા અંતરમાં પ્રકાશ થઈ ગયો છે. આપની આ દિવ્ય વાતોથી આપના સ્વરૂપનું જ્ઞાન થયું છે. આપ પ્રત્યક્ષ પુરુષોત્તમ છો તેવો મને નિશ્ચય થયો છે. અત્યાર સુધી અનેક શાસ્ત્રો વાંચ્યાં, અન્યને ભણાવ્યાં પણ ખરાં, કથા પણ કરી; પરંતુ મારી બુદ્ધિમાં આ જ્ઞાનની સ્થિરતા થઈ ન હતી. આજે આપના શ્રીમુખે આપની કૃપાથી મને આ દિવ્ય રહસ્યનું જ્ઞાન થયું.''

મહારાજે કહ્યું : ''શાસ્ત્રીજી ! લોકો બધાં શાસ્ત્રો ભલે ભણે પરંતુ શુદ્ધ સત્સંગ વિના જીવનું કલ્યાણ થતું નથી.''

શાસ્ત્રીજી જિજ્ઞાસુ હતા, એટલું જ નહીં પરંતુ મુમુક્ષુ પણ હતા. તેથી તેમણે મહારાજ પાસેથી જીવના મોક્ષ સંબંધી બધી જ વાત આજે જાણી લેવા નિર્ણય કરી લીધો. સભામાં બેઠેલા સંતો, હરિભક્તો પણ મહારાજની આ દિવ્ય વાણી સાંભળી હર્ષપુલકિત થઈ ગયા હતા. તેમને લાગ્યું કે શાસ્ત્રીને સુપાત્ર

જાણીને મહારાજે આવી અપૂર્વ વાતો કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન શાસ્ત્રીને કરાવ્યું. તે નિમિત્તે સભામાં બેઠેલા સર્વને પણ તેમાંથી પ્રેરણા પામવાનો નિર્દેશ કર્યો. જે સિદ્ધાંત સમજવાનો હતો તે મહારાજે સમજાવી દીધો એટલે હવે વાત પૂરી થઈ અને મહારાજ ઊઠશે એમ સૌ ધારતા હતા.

ત્યાં શાસ્ત્રીજીએ પ્રશ્ન પૂછ્યો : ''મહારાજ ! સત્સંગની વાત તો શ્રીમદ્‌ભાગવત પુરાણમાં આવે છે કે જેવી ભગવાનની પ્રતિમામાં પૂજ્યપણાની બુદ્ધિ છે, તીર્થોમાં પવિત્રપણાની બુદ્ધિ છે અને દેહમાં આત્મબુદ્ધિ છે અને સંબંધીઓમાં મમત્વબુદ્ધિ છે તે ચાર પ્રકારની ભાવના સંતમાં થાય ત્યારે સત્સંગ થયો કહેવાય. પરંતુ આપે શુદ્ધ સત્સંગ કહ્યો તે શું ?''

પ્રસંગ-૭ શુદ્ધ સત્સંગ એટલે શું ?..

મહારાજે જાણ્યું કે શાસ્ત્રી બુદ્ધિશાળી છે, નહીં તો આ પ્રકારનો પ્રશ્ન સૂઝે નહીં. મહારાજે કહ્યું : ''શ્રીમદ્‌ભાગવતમાં જે સત્સંગની વ્યાખ્યા કરી છે, તે જ શુદ્ધ સત્સંગ ! તે શુદ્ધ સત્સંગ પરમ ભાગવત સંતના આધારે રહ્યો છે. એવા સંતને ભગવાન સદા સાકાર છે, સદા પ્રત્યક્ષ છે એવી નિષ્ઠા હોય; પોતાના બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન હોય, પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સર્વ પદાર્થો પ્રત્યે વૈરાગ્ય હોય અને પ્રત્યક્ષ ભગવાનની બ્રહ્મભાવે ભક્તિ કરતા હોય. તેવા પરમ ભાગવત સંત હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે બિરાજમાન હોય. એટલે તે સંત પણ ભગવાનની જેમ જ ધર્મધારક કે ધર્મધુરંધર કહેવાય. એવા સંતનો મન, કર્મ, વચને જે સંબંધ તે જ શુદ્ધ સત્સંગ ! વિવિધ ભોજન કેવળ જોવાથી ક્ષુધા નાશ પામતી નથી, પરંતુ તે જમવાથી ક્ષુધા શાંત થાય છે. તેમ આ પ્રકારનો શુદ્ધ સત્સંગ કરવાથી જ જીવમાં રહેલા ત્રણ પ્રકારના તાપનો અગ્નિ શમી જાય છે.''

શાસ્ત્રીજી સમજી ગયા. કેવળ સત્સંગની વાતો કરવાથી સત્સંગી થઈ જવાતું નથી. પરંતુ શરણ્યભાવથી પરમ ભાગવત સંતને સેવવાથી જ સત્સંગી થવાય છે. તેના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. તેણે કહ્યું : ''પ્રભુ ! ભગવાન પ્રગટ થાય છે ત્યારે તેમનો પ્રતાપ છાનો રહેતો નથી. પરંતુ જે અંધ છે તેને તે પ્રતાપ દેખાતો નથી. જેમ ઘુવડને સૂર્યનો પ્રકાશ દેખાતો નથી, તેમ એવા અજ્ઞાની જનોને ભગવાનના સ્વરૂપની પ્રતીતિ થતી નથી. આપે અપાર કૃપા કરી આ જ્ઞાનામૃત પાયું, તો હવે કૃપાદૃષ્ટિ રાખી શરણમાં લેજો.''

એટલું કહી શાસ્ત્રી ઊઠ્યા. મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમનો હાથ પકડ્યો. પોતે પહેરેલી કિનખાબની ડગલી ઉતારી શાસ્ત્રીને આપી. ગળામાં પહેરેલા સુવર્ણનો હાર કાઢીને શાસ્ત્રીને આપ્યો. શાસ્ત્રીએ હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! આટલું બધું મારા જેવા અલ્પ મનુષ્યને ન હોય. આ આપની ડગલી હું પ્રસાદી રૂપે રાખી રોજ દર્શન કરીશ, તેનું પૂજન કરીશ, જેથી આપના સ્વરૂપની સ્મૃતિ મારા અંતરમાં કાયમ રહે. આ હાર મારાથી ન સ્વીકારાય.''

મહારાજે તેની વાણી સાંભળી કરુણાદૃષ્ટિએ તેના તરફ જોઈ કહ્યું : ''શાસ્ત્રી ! તમારા જેવા સુપાત્ર બ્રાહ્મણને તો જેટલું આપીએ તેટલું ઓછું જ કહેવાય. માટે તમો ખુશીથી સ્વીકારો. તમારું દારિદ્રય હવે ટળી જશે.''

આ આશીર્વાદથી શાસ્ત્રી કૃતાર્થ થઈ ગયા. મહારાજને પગે લાગી તેમણે વિદાય લીધી.

પ્રસંગ-૮ બુદ્ધિની જડતાથી જીવ અને ઈશ્વર પુરુષોત્તમ મનાય છે..

સભામાં મહારાજે શુદ્ધ વેદાંતનું હાર્દ સમજાવતાં કહ્યું : ''જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદ અનાદિ છે. પ્રાકૃત પ્રલય સમયે જીવ અને ઈશ્વરની ઉપાધિ માયામાં લીન થઈ જાય છે અને માયા બ્રહ્મમાં લીન થાય છે. ત્યારે ફક્ત બ્રહ્મ વિશિષ્ટ પરબ્રહ્મ જે ઊઇંનૂ ઊમનૂ અરુધ્ધટપિનૂ છે તે, તેમનું અક્ષરધામ અને અક્ષરમુક્તો જ રહે છે. પરંતુ જીવ અને ઈશ્વરના લક્ષ્યાર્થ સ્વરૂપનું વર્ણન શાસ્ત્રમાંથી સાંભળી બુદ્ધિની જડતાએ કરીને જીવોની મતિ ભ્રમી જાય છે, કારણ કે જીવને તેના લક્ષ્યાર્થ સ્વરૂપમાં અછેદ્ય, અભેદ્ય, નિત્ય, પૂર્ણ, સચ્ચિદાનંદ, પુરાણ, અવયવ વગેરે પ્રકારે વર્ણવ્યો છે. તેથી તેને જ લોકો ઈશ્વર અથવા બ્રહ્મ કે પરબ્રહ્મ માની બેસે છે. તે જ રીતે ઈશ્વરને પણ તેના લક્ષ્યાર્થ સ્વરૂપમાં નિર્લેપ, નિર્વિકાર, પૂર્ણ, અદ્વૈત સ્વરૂપે વર્ણવ્યા છે. તેથી ઈશ્વરના તે લક્ષ્યાર્થ સ્વરૂપમાં બ્રહ્મની કે પરબ્રહ્મની ભ્રાંતિ થાય છે. એટલે બુદ્ધિપૂર્વક વિચાર કરીને એ બે સ્વરૂપના લક્ષ્યાર્થ સ્વરૂપનું વર્ણન સાંભળીને તેમને કેવળ જીવનું કે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ જ સમજવું. પરંતુ બ્રહ્મ કે પરબ્રહ્મ સમજવાની ભૂલ કદી કરવી નહીં. તેથી જ જીવ અને ઈશ્વર વચ્ચેનો ભેદ સમજવાની જરૂર છે.''

પ્રસંગ-૯ મુક્તાનંદ સ્વામીના ધ્યાનથી મોક્ષ થાય કે નહીં ?

મહારાજ સમક્ષ સૌ સંતો, હરિભક્તો આવીને બેસી ગયા. એટલે મહારાજે સંતોને પ્રશ્ન પૂછ્યો : ''તમે સૌ સંતો, હરિભક્તો સમારા ધ્યાન અને પૂજનથી મોક્ષ માનો છો અને વળી અમારા સંબંધવાળી વસ્તુઓ પણ મોક્ષપ્રદ છે તેમ માનો છો. પરંતુ અમો ન હોઈએ ત્યારે સૌ સંતો, ભક્તો મુક્તમુનિનું ધ્યાન કરે તો મોક્ષ થાય કે ન થાય ?''

મહારાજના આ પ્રશ્નથી સૌ મૂંઝવણમાં પડી ગયા. થોડી વારે તેમણે કહ્યું : ''મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર અમારાથી થાય તેમ નથી.''

તે સાંભળી મહારાજે કહ્યું : ''એમ કહીને છૂટી પડ્વું તેમાં બુદ્ધિની ખામી કહેવાય. એકથી ઉત્તર ન થાય તો મોટેરા સંતો ભેગા મળો, વિચારો અને પછી ઉત્તર કરો. મુક્તમુનિ વિના બ્રહ્મમુનિ, આનંદમુનિ, નિત્યાનંદ મુનિ, ચૈતન્યાનંદ મુનિ, સ્વયંપ્રકાશાનંદ મુનિ, મોટા અખંડાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી બધા ભેગા થાવ, બુદ્ધિને કસો, શાસ્ત્રોનાં પ્રમાણો વિચારો અને પછી ઉત્તર કરો.''

આ સાંભળી સંતો વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે મહારાજ આપણી ભક્તિની, નિષ્ઠાની કસોટી કરવા માંગે છે. પરંતુ પ્રશ્નનું રહસ્ય સમજી શક્યા નહીં. નિત્યાનંદ સ્વામી સમજી ગયા. પણ તેઓ મૌન રહ્યા.

પછી સૌ સંતો વતી કૃષ્ણાનંદ સ્વામીએ ઉત્તર કર્યો : ''મહારાજ ! આપના વિના જે બીજાનું ધ્યાન કરે તેની ભક્તિ વ્યભિચારિણી કહેવાય. અમારે બીજાનું કામ નથી. આપના જેવા બીજાને જાણીએ તો અમારો જન્મારો વ્યર્થ ગયો કહેવાય.''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''તમારા ઉત્તરમાં શાસ્ત્રોની સંમતિ નથી. અમારી રુચિ પણ તમે સમજ્યા હોય તેવું જણાતું નથી.''

એટલું કહીને મહારાજે આગળ કહ્યું : ''સાંભળો, અમારો પ્રશ્ન અમે વિસ્તારથી તમને સમજાવીએ. તમને સૌને જ્યારે સંત મળ્યા હશે ત્યારે તમને અમારા સ્વરૂપનો નિશ્ચય થયો હશે. ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે ક્યારેય એમ કહેતા નથી કે અમે ભગવાન છીએ. પરંતુ તેમના પ્રતાપથી જ તેમનું ભગવાનપણું જણાય છે. જે દંભથી બોલે છે કે 'હું ભગવાન છું' તેને બ્રહ્માંડના જીવો માર્યાનું પાપ લાગે છે. જે સનાતન ભગવાન છે તે તો જે જીવો તેમને શરણે

થાય તેના અનંત જન્મનાં પાપને બાળી નાખે છે. જયારે દંભી ભગવાન તેના શરણે આવનારનું અહિત કરે છે અને પાપના ભાગી બને છે. આ રહસ્ય સંત સમજાવે છે.''

મહારાજે આ રીતે તેમના પ્રશ્નનો વિસ્તાર કર્યો. નિત્યાનંદ સ્વામી પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી પ્રથમથી જ મહારાજના આ પ્રશ્નનું રહસ્ય સમજી ગયા હતા. તેથી તેમણે ધીરે રહીને મહારાજના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું : ''મહારાજ ! શાસ્ત્રોમાંથી તેમજ આપની રહસ્યમય વાતોથી એવું સમજાય છે કે જે સંત આપની તમામ આજ્ઞામાં યથાર્થ વર્તે છે, આપના સ્વરૂપનું સ્મરણ અને ધ્યાન કરે છે અને આપનાં જ ચરિત્રોનું ગાન કરે છે તે સંતની સેવા મોક્ષપ્રદ છે. શુકદેવજીના ઉપદેશથી પરીક્ષિતનો મોક્ષ થયો અને નારદજીના વચનથી પ્રિયવ્રત, પ્રહ્લાદ, ધ્રુવ, દક્ષના પુત્રો, ચિત્રકેતુ વગેરેનો મોક્ષ થાય છે, તેમ આવા સંતથી પણ મોક્ષ થાય છે. ભગવાનનું પૂતના, કંસ વગેરેએ વૈરભાવે ભજન કર્યું છતાં ભગવાને તેનો મોક્ષ કર્યો, પરંતુ આવા પરમ કલ્યાણકારી સંત પ્રત્યે જે વૈરભાવ રાખે તે તરી ગયો હોય તેવું સાંભળ્યું નથી. આમ, **માહાત્મ્યે સહિત સંતની સેવા કરવાથી મોક્ષ થાય છે પરંતુ સંતના ધ્યાનથી મોક્ષ થતો નથી.**''

મહારાજે પ્રશ્નનો ઉત્તર સાંભળી કહ્યું : ''પ્રશ્નનો ઉત્તર યથાર્થ થયો.'' શ્રીહરિને હજુ આગળ કહેવું હતું. કારણ કે તેઓ જાણતા હતા કે જીવે **બ્રહ્મરૂપ થવું હોય તો અમારા ઉત્તમ ભક્ત સાક્ષાત્ મૂળ અક્ષરબ્રહ્મ કે તેમના સ્વરૂપ સમાન ગુણાતીત સંતની સાથે એકાત્મતા સાધવી પડે. આ માટે તેમનો મનન દ્વારા સંગ કરવો જ પડે. એટલે કે એમનું ધ્યાન ધરવું જ પડે. તો જ જીવ બ્રહ્મરૂપ થાય.** અને તો જ અમારી ભક્તિનો તેને અધિકાર પ્રાપ્ત થાય. વળી, એવા ગુણાતીત સંત અખંડ અંગેઅંગમાં અમને ધારણ કરી રહે છે. તેથી **તેમનું ધ્યાન એ અમારું જ ધ્યાન બની રહે છે.** આથી જેમ અમારી માનસી પૂજા અને અમારા ધ્યાનથી જીવનું કલ્યાણ થાય, તેમ અમારા અખંડ ધારક પરમ ભાગવત ગુણાતીત સંતના ધ્યાનથી જીવોનું આત્યંતિક કલ્યાણ થાય છે. તેમાં લેશપણ શંકા નથી. પરંતુ અત્યારે આ વાત કહેવાનું શ્રીહરિને ઉચિત ન લાગ્યું. કારણ કે આ ભોળા ભક્તોને, **બ્રહ્મ તત્ત્વને જાણનારા એવા બ્રહ્મવેત્તા સંતો અને સાક્ષાત અક્ષરબ્રહ્મ ગુણાતીત સંત વચ્ચેના ભેદની હજુ ખબર નથી. આથી ગુણાતીત સંતના ધ્યાનના મિષે ગમે તે બ્રહ્મવેત્તા સંતનું ધ્યાન કરવામાં સૌ લાગી જાય તો મોક્ષની દિશા બદલાઈ જાય. પરંતુ આ વાત સમજ્યા વિના છૂટકો પણ નથી** એટલે વાતને ભવિષ્ય પર છોડીને શ્રીહરિ સભા પૂરી કરી હરિભક્તોને મળવામાં વ્યસ્ત થઈ ગયા.

પ્રસંગ-૧૦ વેદાંતાચાર્યનો દંભ ઉઘાડો પડે છે..

મુક્તાનંદ સ્વામીએ સરકારના દેવઘરમાં પ્રતિષ્ઠિત કરેલા દેવને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી મનોમન મહારાજને પ્રાર્થના કરી. તેમનું સૌમ્ય સ્વરૂપ, તપ અને બ્રહ્મચર્યનું ઓજસ, ભક્તિની માદકતા, આ બધું જોઈ સભાજનો મુગ્ધ થઈ ગયા. જયારે સામે બેઠેલા વેદાંતાચાર્ય તો સભામાં આવી તરત જ પાટ ઉપર બેસી ગયા. તેના મુખ ઉપર દંભ અને રોષ વધુ દેખાતા હતા. ભાઉ પુરાણિક અને ચીમનરાવ શાસ્ત્રી માધ્યસ્થ તરીકે બેઠા. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''પ્રભુપ્રાર્થના અને શાંતિપાઠથી આપણે સભાની શરૂઆત કરીએ.''

તે વિધિ પત્યો એટલે મુક્તાનંદ સ્વામીએ વેદાંતાચાર્ય સન્મુખ જોયું. વેદાંતાચાર્ય સ્વામીને ઓળખી ગયો. વરતાલમાં સભા વખતે આ સ્વામી હાજર હતા. તેની પોલ અહીં જ ખુલ્લી થશે. તેના અંતરમાં બીક લાગી.

સ્વામીએ પણ તેના મનના વિચારો જાણી લીધા હોય તેમ કોઈ પણ પ્રકારની શાસ્ત્રાર્થ સંબંધી ચર્ચા કર્યા વિના વરતાલની હકીકતથી જ સભાજનોને વાકેફ કરવા નક્કી ર્ક્યું. તેમણે વેદાંતાચાર્યને કહ્યું : ''આચાર્યજી ! આપ વરતાલ આવ્યા હતા. સભા થઈ હતી. તે વખતે ભગવાન સ્વામિનારાયણે તમને વેદનાં બાર મહાવાક્યોનો અર્થ પૂછ્યો હતો તે યાદ છે ? વળી, વેદની ઉત્પત્તિ કેવી રીતે છે તે પણ પ્રશ્ન પૂછ્યો હતો અને અક્ષર સંબંધી પણ પ્રશ્ન પૂછ્યો હતો. આ પ્રશ્નોના ઉત્તર તમે આપી શક્યા હતા ? જો શાસ્ત્રચર્ચા કરવી હોય, તો આ પ્રશ્નોથી જ આપણે શરૂઆત કરીએ.''

આ સાંભળી વેદાંતાચાર્યના હોશકોશ ઊડી ગયા. તેનાં અંગ ઉપરથી જાણે લોહી ઊડી ગયું હોય તેમ તેની કાયા નિસ્તેજ થઈ ગઈ. શરીરે પરસેવો વળવા લાગ્યો. વિઠ્ઠલરાવ દીવાન આ જોઈ રહ્યો. બીજા વિદ્વાનો પણ નિસ્તેજ બની ગયેલા વેદાંતાચાર્યની સામું જોઈ રહ્યા. તેમને પ્રતીતિ થઈ કે આ આચાર્યે આખા ગામને ખોટી હકીક્ત કહી ભરમાવ્યું છે. તેઓ બધા ઉશ્કેરાઈ ગયા. પરંતુ તેઓ કાંઈ પણ બોલે તે પહેલાં જ સ્વામીએ કહ્યું : ''આચાર્ય ! બોલો, આ દેવઘર છે. દેવને સાક્ષી રાખીને આ સભા સમક્ષ સત્ય વાત જણાવી દ્યો.''

પ્રસંગ-૧૦ વેદાંતાચાર્યનો દંભ ઉઘાડો પડે છે..

મુક્તાનંદ સ્વામીએ સરકારના દેવઘરમાં પ્રતિષ્ઠિત કરેલા દેવને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી મનોમન મહારાજને પ્રાર્થના કરી. તેમનું સૌમ્ય સ્વરૂપ, તપ અને બ્રહ્મચર્યનું ઓજસ, ભક્તિની માદકતા, આ બધું જોઈ સભાજનો મુગ્ધ થઈ ગયા. જયારે સામે બેઠેલા વેદાંતાચાર્ય તો સભામાં આવી તરત જ પાટ ઉપર બેસી ગયા. તેના મુખ ઉપર દંભ અને રોષ વધુ દેખાતા હતા. ભાઉ પુરાણિક અને ચીમનરાવ શાસ્ત્રી માધ્યસ્થ તરીકે બેઠા. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''પ્રભુપ્રાર્થના અને શાંતિપાઠથી આપણે સભાની શરૂઆત કરીએ.''

તે વિધિ પત્યો એટલે મુક્તાનંદ સ્વામીએ વેદાંતાચાર્ય સન્મુખ જોયું. વેદાંતાચાર્ય સ્વામીને ઓળખી ગયો. વરતાલમાં સભા વખતે આ સ્વામી હાજર હતા. તેની પોલ અહીં જ ખુલ્લી થશે. તેના અંતરમાં બીક લાગી.

સ્વામીએ પણ તેના મનના વિચારો જાણી લીધા હોય તેમ કોઈ પણ પ્રકારની શાસ્ત્રાર્થ સંબંધી ચર્ચા કર્યા વિના વરતાલની હકીકતથી જ સભાજનોને વાકેફ કરવા નક્કી ર્ક્યું. તેમણે વેદાંતાચાર્યને કહ્યું : ''આચાર્યજી ! આપ વરતાલ આવ્યા હતા. સભા થઈ હતી. તે વખતે ભગવાન સ્વામિનારાયણે તમને વેદનાં બાર મહાવાક્યોનો અર્થ પૂછ્યો હતો તે યાદ છે ? વળી, વેદની ઉત્પત્તિ કેવી રીતે છે તે પણ પ્રશ્ન પૂછ્યો હતો અને અક્ષર સંબંધી પણ પ્રશ્ન પૂછ્યો હતો. આ પ્રશ્નોના ઉત્તર તમે આપી શક્યા હતા ? જો શાસ્ત્રચર્ચા કરવી હોય, તો આ પ્રશ્નોથી જ આપણે શરૂઆત કરીએ.''

આ સાંભળી વેદાંતાચાર્યના હોશ કોશ ઊડી ગયા. તેનાં અંગ ઉપરથી જાણે લોહી ઊડી ગયું હોય તેમ તેની કાયા નિસ્તેજ થઈ ગઈ. શરીરે પરસેવો વળવા લાગ્યો. વિઠ્ઠલરાવ દીવાન આ જોઈ રહ્યો. બીજા વિદ્વાનો પણ નિસ્તેજ બની ગયેલા વેદાંતાચાર્યની સામું જોઈ રહ્યા. તેમને પ્રતીતિ થઈ કે આ આચાર્યે આખા ગામને ખોટી હકીક્ત કહી ભરમાવ્યું છે. તેઓ બધા ઉશ્કેરાઈ ગયા. પરંતુ તેઓ કાંઈ પણ બોલે તે પહેલાં જ સ્વામીએ કહ્યું : ''આચાર્ય ! બોલો, આ દેવઘર છે. દેવને સાક્ષી રાખીને આ સભા સમક્ષ સત્ય વાત જણાવી દ્યો.''

આ સાંભળી બંને માધ્યસ્થોએ વેદાંતાચાર્યને પૂછ્યું : ''આચાર્યજી ! સત્ય હકીકત કહી દ્યો. આ ધર્મસભા છે અને તમે પણ ધર્મના આચાર્ય છો.''

વેદાંતાચાર્યે વીલે મોઢે કહ્યું : ''સ્વામી કહે છે તે વાત સાચી છે. સ્વામિનારાયણ ભગવાન મહાન છે. મારા પરાજયનો ડંખ મને ન બેસે, વળી મારા બ્રાહ્મણત્વનું, આચાર્યપણાનું માન સચવાય એટલે તેમણે મને બસો રૂપિયા પુરસ્કાર તરીકે આપ્યા હતા. મેં કેવળ દ્વેષથી અને બીજાએ ભરમાવ્યો તેથી આવી વાત વહેતી મૂકી હતી.''

વિઠ્ઠલરાવ દીવાન આ સાંભળી લાલચોળ થઈ ગયો : ''જૂઠા ! હરામખોર ! મને પણ તેં છેતર્યો ? મારી આગળ કપટ કર્યું ?''

તરત જ ભાઉ પુરાણિકે કહ્યું : ''દીવાન સાહેબ ! આ ધર્મસભામાં આવા શબ્દો શોભે નહીં. તમો દીવાન છો પરંતુ માધ્યસ્થ તરીકે અમે છીએ એટલે આ સભામાં તો સભાના નિયમાનુસાર બોલવું પડે.''

મહારાજે ચાર મોટેરા સદ્‌ગુરુઓને બોલાવીને કહ્યું : ''અમારી પાસે કાષ્ઠનાં પાત્ર અને તુંબડાં આવ્યાં છે તે તમો સાધુઓમાં વહેંચી દેજો. બીજા સંતો માટે નવાં બનાવરાવશું. આજથી સંતો બધા આ કાષ્ઠના પાત્રમાં જ અન્નની તમામ સામગ્રી એકઠી કરી તેમાં પાણી નાખીને જમે. પ્રાણને પોષવા માટે આહારની જરૂર છે, સ્વાદ માટે નહીં.''

પ્રસંગ-૧૧ નથુ ભટ્ટ લક્ષ્મી તો અમને પૂછયા વગર તમારે ત્યાં આવી ગઈ..

આ વખતે મહારાજ અમદાવાદમાં પંદર દિવસ રહ્યા. શ્રીનગરમાં પ્રથમ મંદિર કરવાના ગણેશ સ્થાપ્યા.

ગુજરાતમાં મહારાજના આગમનનાં વીસ વર્ષ પૂરાં થયાં. આટલા ટૂંકા ગાળામાં સારા ગુજરાતમાં પ્રવર્તેલા અનીતિ, અધર્મ, અનાચાર અને અનેક કલ્પિત સંપ્રદાયો તેમના ઉપેદશથી, તેમના સંતોના ચારિત્ર્યથી નાથ પામ્યા. ગુજરાતની કાયાપલટ થઈ ગઈ ! જેમની કલકાવર્ણ તરીકે ગણતરી થતી હતી, પણ જેના સંસ્કાર ઊંચા હતા તે આ સંપ્રદાયમાં ભળ્યા. તેની ઉજળિયાત વર્ગની સાથે ગણના થવા લાગી. મહારાજે લોકોમાં પ્રવર્તેલું અજ્ઞાન નાશ કર્યું. સૌને સાચી દિશા સુઝાડી.

નવા સંપ્રદાય પ્રત્યે શરૂઆતમાં લોકોને જે સૂગ હતી તે ટળી ગઈ. તેમને સમજાયું કે આત્મા અને પરમાત્મા અર્થાત્ બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપનું જ્ઞાનપ્રદાન જયાં થતું હોય તે જ સંપ્રદાય ! તે જ સંપ્રદાય સનાતન છે.

અજ્ઞાનમૂલક જ્ઞાનથી જુદાં જુદાં દેવા-દેવીઓની ઉપાસના શરૂ કરી લોકોએ અનેક સંપ્રદાયો બનાવ્યા, અનેક વાડા થયા, દષ્ટિ ટૂંકી થઈ અને પરસ્પર વેરઝેરથી ધર્મઝનૂન પ્રગટ્યું. ધર્મ વગોવાયો, લોકો નાસ્તિક બન્યા. અનીતિ, અધર્મને જ ધર્મ માની તે તરફ વળ્યા.

વિનાશનો આ પંથ મહારાજે અટકાવ્યો. સનાતન જ્ઞાનની સાચી દષ્ટિ આપી. જીવનમાં સદાચારનું ગૌરવ વધાર્યું અને અક્ષરધામને ધોરી પંથ મહારાજે શરૂ કર્યો.

શ્રીજીમહારાજને અમદાવાદથી હવે નીકળવું હતું. તે જ દિવસે નથુ ભટ્ટે મહારાજને પ્રાર્થના કરી : ''મહારાજ ! આપ સૌને ઘેર પધાર્યા પરંતુ હું બાકી રહી ગયો છું તો મારે ત્યાં પધારો.''

મહારાજને વિપ્ર પ્રત્યે પ્રેમ હતો. વળી, ગરીબની ગરીબાઈને પોતાના સંબંધથી ગૌરવ આપવું હતું. મહારાજે તરત જ કહ્યું : ''ભલે, અમે આવીશું. દામોદરને પણ તમારે ઘેર બોલાવજો.'' વિપ્ર રાજી થયા.

મહારાજ નથુ ભટ્ટને ત્યાં પધાર્યા. તેણે મહારાજનું પૂજન કર્યું, વસ્ત્રો ઓઢાડ્યાં. કિંમતી પાઘ મહારાજને ધરાવી. થાળ ભરીને રૂપિયા ભેટ મૂક્યા. આ બધું જોઈ મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''નથુ ભટ્ટ ! લક્ષ્મી તો અમને પૂછયા વગર તમારે ત્યાં આવી ગઈ લાગે છે.''

આ સાંભળી નથુ ભટ્ટ પણ હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! લક્ષ્મીજી તો આપની દાસી છે અને વળી પતિવ્રતા છે. આપની આજ્ઞા વિના બીજે જાય જ નહીં. આ બધો માલ તો બીજાનો છે. હું તો સંતોની જેમ ઝોળી માંગી વિપ્રધર્મ પ્રમાણે જીવન જીવું છું.''

મહારાજે તરત જ પૂછયું : ''આ બધો કોનો માલ છે ?''

નથુ ભટ્ટે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમદાવાદમાં અને વડોદરામાં મોટા શેઠ ગણાતા પારેખનાં વિધવા પત્નીની આ બધી સેવા છે. મૂળ વૈષ્ણવ છે, પરંતુ વૈષ્ણવોમાં દૂષણો દેખવાથી તેમને તેમાં ભાવ ઓછો થઈ ગયો અને વડોદરા પાસે ક્રાળીના આપણા સત્સંગી અજુભાઈએ આ સતસંગી અને આપના મહિમાની વાતો કરી એટલે તેમને સત્સંગ થયો છે. વૈષ્ણવો વિરોધ કરે તેથી અહીં તેમણે આપની સેવાનો લાભ લીધો છે.''

મહારાજ આ સાંભળી રાજી થયા.

એટલામાં પારેખનાં વિધવા પત્નીએ ભટ્ટને બોલાવ્યા. તેમણે મહારાજ માટે કંઠે પહેરવાના હેમના નંગજડિત ગંઠા તેમજ જરીની ડગલી, સૂરવાળ, સુંદર લાલ રેંટો, શાલ વગેરે આપ્યાં. મહારાજને ચરણે ચંદન ચર્ચ્યું, મહારાજે ચરણારવિંદની છાપ પાડી આપી. પછી સર્વે સંતોનું પૂજન કરાવી તેમને ધોતિયાં ઓઢાડ્યાં. મહારાજ શેઠાણક્ષની સમજણથી બહુ જ પ્રસન્ન થયા. સાચી સમજણ કેળવી જયાં કલ્યાણ થાય તેવા સ્થાનમાં કે પુરુષમાં જોડાવું, તેમાં પણ નૈતિક હિંમતની જરૂર હોય છે. એક વિધવા સ્ત્રીની આ હિંમતથી મહારાજ રાજી થયા.

પ્રસંગ-૧૨ નટુ ભટ્ટને શાસ્ત્ર પ્રમાણે અવતારીપણું સમજાવે છે..

પછી મહારાજે નથુ ભટ્ટને કહ્યું : ''નથુ ભટ્ટ ! તમે અમારી સેવા તો બહુ જ કરો છો, વળી આજે પણ સેવા કરી પરંતુ અમારા સ્વરૂપની યથાર્થ દઢતા તમારા અંતરમાં હજુ થઈ નથી.''

નથુ ભટ્ટ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે પૂછયું : ''મહારાજ ! મને કાંઈ સમજાયું નહીં. આપ પરમાત્મા છો, ભગવાન છો એવી નિષ્ઠા તો અંતરમાં છે જ.''

''તો પછી આ દામોદરની વાત સાંભળી તેમને ધોલ કેમ મારી હતી ?'' મહારાજે પૂછયું.

નથુ ભટ્ટને તરત જ એ પ્રસંગ યાદ આવી ગયો. તેણે કહ્યું : ''હા મહારાજ ! એ વાત ખરી. આ દામોદર પટેલ છે એટલે અબુધ છે, શાસ્ત્રની વાતમાં તેને કાંઈ ખબર પડતી નથી. એટલે વાત કરતાં કરતાં તેણે મને કહ્યું : 'મહારાજ તો સર્વ અવતારના અવતારી અને સર્વ અવતારોના કારણ છે. રામકૃષ્ણાદિક અસંખ્ય

અવતારો મહારાજના સ્વરૂપમાંથી પ્રગટ થાય છે અને અંતે મહારાજના સ્વરૂપમાં સમાઈ જાય છે.' આવી શાસ્ત્ર વિરુદ્ધ વાત કરે તેથી આપનું અને આપણા સંપ્રદાયનું ખોટું દેખાય ને ! એટલે ધોલ તો એવી મારી કે ત્યારથી બોલતો બંધ થઈ ગયો છે.''

મહારાજ ભટ્ટની વાત સાંભળી હસ્યા. મહારાજે તેને કહ્યું : ''નથુ ભટ્ટ ! તમે શાસ્ત્રો ભણ્યા છો તો શાસ્ત્રોમાં ભગવાનના પરસ્વરૂપની વાત આવે છે કે નહીં ? તે ભગવાનના પરસ્વરૂપમાંથી જ ચતુર્વ્યૂહ, વિભૂતિ અવતારો, અંતર્યામી સ્વરૂપ અને અર્ચા વગેરે થાય છે તે જાણો છો ?''

નથુ ભટ્ટને આવું કાંઈ જ્ઞાન હતું નહીં. તે મૂંગા રહ્યા. મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજે કહ્યું : ''ભટ્ટજી ! શાસ્ત્રોની વાતો ગહન છે. શાસ્ત્રકારો શ્વેતવૈકુંઠથી આગળ જઈ શક્યા નથી. તે ધામના પતિ વાસુદેવને જ તેમાં પરમાત્માનું પરસ્વરૂપ કહ્યું છે. એટલે અમે પણ શ્વેતવૈકુંઠને જ અમારું અક્ષરધામ કહ્યું છે. પરંતુ અક્ષરધામ તો તેથી અનંતગણું પર છે. તે ધામના અમે પતિ છીએ એટલે જે પરસ્વરૂપ છે તે અમે જ છીએ. અમે આવતા પણ નથી અને જતા પણ નથી. ફક્ત સંકલ્પ કરીએ છીએ એટલે જે બ્રહ્માંડમાં જે સ્વરૂપે પ્રગટ થવું જોઈએ તે સ્વરૂપે પ્રગટ દેખાઈએ છીએ. સર્વ અવતારો અમારા સ્વરૂપમાંથી પ્રગટ થાય છે અને પાછા અમારા સ્વરૂપમાં લીન થાય છે. અમારા સર્વોપરી સ્વરૂપની આ વાત તેણે કરી તેમાં તેણે ખોટું શું કહ્યું ? શાસ્ત્ર-સંમત જ વાત કરી છે.''

નથુ ભટ્ટ મહારાજની આ ગહન વાત સાંભળી વીલા પડી ગયા. તેણે કહ્યું : ''મહારાજ ! મારી ભૂલ થઈ.''

''તો દામોદરની માફી માંગો. તે શાસ્ત્રો નથી ભણ્યા પરંતુ અમારો તેમને વિશ્વાસ છે અને દઢપણે માને છે કે સર્વ શાસ્ત્રોનું મૂળ મહારાજ જ છે.'' મહારાજે તેમને કહ્યું.

નથુ ભટ્ટ તરત જ દામોદરના પગમાં પડી ગયા. દામોદર બે ડગલાં પાછળ ખસી ગયા. તેમણે કહ્યું : ''ભટ્ટજી ! એમાં માફી માંગવાની હોય જ નહીં.''

મહારાજ દામોદરના નિર્માની ભાવથી પ્રસન્ન થયા.

બીજે દિવસે પારેખનાં વિધવા પત્ની તરફથી દૂધપાકની રસોઈ હતી. મહારાજ તેની રસોઈ જમ્યા. સૌ સંતો-હરિભક્તોને પણ જમાડ્યા.

પછી ત્યાંથી નીકળી જેતલપુર પધાર્યા. મહારાજનો ઉતારો મહોલમાં રાખ્યો હતો. આમલી નીચે સભા ગોઠવી. વ્યવસ્થામાં આશજીભાઈ હતા. મહારાજે તેમને કહ્યું : ''અમારે કાલે નીકળી જવું છે. આ તો રસ્તાનું ગામ, વારંવાર આવવું પડે, એટલે દર વખતે ઠઠારો કરવો નહીં.'' એમ કહી પોતે સભામાં પધાર્યા.

પ્રસંગ-૧૩ મહારાજ આઠ સંતોને સદ્‌ગુરુ બનાવે છે..

મહારાજે સભામાં આનંદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી વગેરેને પોતાની પાસે બેસાર્યા. પછી પોતે વાત કરી : ''અમે આદરજમાં ચાર સદ્‌ગુરુઓને મોટેરા કર્યા છે. આજે બીજા આઠ સદ્‌ગુરુઓને અમે આ સત્સંગમાં મુખ્ય સ્થાને સ્થાપીએ છીએ. ધર્મ, નિયમ પાળવામાં તેઓ શૂરવીર છે, અમારા સ્વરૂપની દઢતા પણ પૂરી છે. માટે તમે સૌ જેમ અત્યાર સુધી અમારી આજ્ઞા પાળતા હતા તેમ આ આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી વગેરે આઠ સદ્‌ગુરુઓને પણ સૌએ હવે માનવા, તેમનું સન્માન કરવું અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું. સત્સંગ દિવસે દિવસે વધતો જાય છે. એટલે સત્સંગની જાળવણી માટે, વ્યવસ્થા માટે આ બાર સદ્‌ગુરુઓ વિશ્વામાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવશે. હવે સત્સંગની જવાબદારી અમોએ આ બાર સદ્‌ગુરુઓને સોંપી છે. તેઓ અમારા વતી સત્સંગનું સુકાન સંભાળશે.''

સર્વ સંતો તથા હરિભક્તો આ સાંભળી રાજી થયા. તેમને થયું કે મહારાજને માથે જેમ ભાર ઓછો થશે તેમ આપણને સુખ વિશેષ આવશે. મહારાજ પણ છૂટથી વિચરણ કરી શકશે. સૌએ હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા અમને શિરોમાન્ય છે.'' મહારાજ તેમની સરળતાથી પ્રસન્ન થયા.

પ્રસંગ-૧૪ વરતાલમાં પહેલી વખત નરનારાયણની મૂર્તિ પધરાવી..

મહારાજ તેમના સૌના ભક્તિભાવથી પ્રસન્ન થયા. તેમણે તરત જ રામદાસ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : ''અહીંના હરિભક્તોનો આગ્રહ છે, તેથી અહીં અમે અમારી મૂર્તિ પધરાવવા નક્કી કર્યું છે. તમે જગ્યા બતાવો.''

તે સાંભળી રામદાસભાઈએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપ પ્રથમ વનમાંથી પધાર્યા ત્યારે આ બદરિતરુ તળે બિરાજ્યા હતા. પછી ઘણી વાર આ સ્થાનનો મહિમા આપે ક્હ્યો હતો. તેથી એ જ સ્થાન યોગ્ય છે.''

મહારાજને પણ એ સ્થાન પસંદ હતું. એટલે તરત જ કહ્યું : ''અહીં એક સુંદર ઓરડો તાત્કાલિક કરાવો. અમારે તો અહીં એક જ દિવસ રહેવું હતું, પરંતુ આ ભક્તોએ આવું શુભ કાર્ય કરવાનું કહ્યું તેથી થોડા દિવસ રોકાવું પડશે.''

એટલું કહીને મહારાજ ફરી બોલ્યા : ''આપણા હીરાજી શિલ્પી છે તેન બોલાવો. અમારી મૂર્તિ જ સ્થાપવી છે પરંતુ નામ નરનારાયણં ધરાવીશું.''

''નરનારાયણ તો બે સ્વરૂપ છે !'' રામદાસ સ્વામીએ કહ્યું.

મહારાજ હસ્યા. આ વાત ગહન હતી. તેમણે સમજાવતાં કહ્યું : ''અમારી મૂર્તિ સાથે અક્ષરનું પણ સ્વરૂપ છે. અક્ષરને અમે અમારી સાથે લઈ આવ્યા છીએ. એ સ્વરૂપ અમારી ભેળું જ છે પણ કોઈની નજરમાં આવતું નથી. નર અને નારાયણનાં નર એ અક્ષરનો અંશ છે અને નારાયણ એ અમારું સ્વરૂપ છે.''

રામદાસ સ્વામી રહસ્ય સમજી ગયા. મહારાજના સ્વરૂપનું જ સૌ પૂજન, અર્ચન, ઉપાસના કરતા હતા, તો પછી મહારાજ નરનારાયણની મૂર્તિ પધરાવે તો તે અસંગત કહેવાય. છતાં મહારાજે સમજાવ્યું ત્યારે તે સમજ્યા કે મહારાજની કોઈ ક્રિયામાં અસંગતતા હોઈ શકે જ નહીં.

હીરાજી શિલ્પી નરનારાયણની બે મૂર્તિઓ લઈ આવ્યા. તે દરમ્યાન બદરી તળે ઓરડી તૈયાર થઈ ગઈ. મહારાજે ઉમરેઠથી હરિભાઈ અને ઘેલાભાઈને તેડાવ્યા. વેદવિદ્યામાં તેઓ પ્રવીણ હતા. મહારાજે તેમની પાસે મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કરાવી. મહારાજે આરતી ઉતારી. આ રીતે પોતાના સ્વરૂપરૂપ શ્રી નરનારાયણને મહારાજે પધરાવ અને વરતાલના હરિભક્તોના મનોરથો પૂરા કર્યા. પછી સૌને કહ્યું : ''આ નરનારાયણ તે અમારું છે એમ માની તેમની પૂજા-અર્ચન વગેરે વિધિ કરજો.'' આ પ્રસંગે સૌને જમાડ્યા.

ગઢપુરવાસીઓના શ્વાસે શ્વાસે મહારાજનું ભજન થતું હતું. એમના પ્રાણના શ્વાસ અને ઉચ્છ્‌વાસ બ્રહ્માંડની સુષુમ્ણા સાથષ એક થઈ અર્ચિમાર્ગ દ્વારા મહારાજના સ્વરૂપ સુધી પહોંચી જતા. તેથી મહારાજના મહાપ્રાણના ધબકારા પણ વધી જતા. મહારાજને ગમે ત્યાંથી ગઢપુર પહોંચવું જ પડતું.

<u>પ્રસંગ-૧૫ એ બડ મેરે બેટે સરીખા હૈ..</u>

ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં ચોકમાં સભા થઈ હતી. ત્યાં મહારાજે વાત કરતાં કહ્યું : ''અમે જ્યારે ગૃહત્યાગ કરી વનવિચરણ કરવા નીકળ્યા, ત્યારે વનમાં ફરતાં ફરતાં એક તળાવ આવ્યું. તળાવને કાંઠે એક બાવાજી મઢૂલી બાંધીને રહેતા હતા. અમે તેને પૂછ્યું : 'યહાઁ સે ગાઁવ કિતના દૂર હૈ ?' ત્યારે તેણે કહ્યું : 'તિન-ચાર કોસ દૂર હૈ.' એટલે અમે તેને પૂછ્યું : 'બાવાજી ! ખાનેપીનેકા ક્યા બંદોબસ્ત કરતે હો ?' તેને જરા કંટાળીને કહ્યું, 'ભાઈ ક્યા કરે ગાઁવમેં ભિક્ષા કે લિએ જાના પડતા હૈ. કભી કભી થક જાતે તો ઉપવાસ બી કર લેતે.' આ સાંભળી અમને આશ્ચર્ય થયું. અમે પૂછ્યું : ''તો ફીર બાવાજી ગાઁવ કે નજીક ક્યુ નહી રહેતે ? એ તકલીફ ક્યુ ઉઠાતે હો ?''

આ સાંભળી બાવાજી થોડાક ઘેલમાં આવી ગયા. તેણે કહ્યું, ''લડકા ! તુઝે ક્યા માલૂમ, મૈંને યહાઁ એ બડ બોયા હૈ, યે મેરે બેટે સરીખા હૈ. ઈસકો છોડકર મૈં કહા જાઉ ?''

આટલી વાત કરીને મહારાજે હસતા હસતા કહ્યું : ''**આ સંસારમાં દેહના સંબંધીમાં લોકો બંધાય એ તો સમજી શકાય પરંતુ ઝાડ-પાનમાં, પશુમાં અને તુચ્છ પદાર્થોમાં પણ જીવ બંધાઈ જાય છે. એવો બદ્ધ સ્વભાવ છોડી જ્ઞાન-વિચારથી દેહથી જુદા પડી આત્મારૂપ પોતાનું સ્વરૂપ મનાશે ત્યારે જ મૂળ માયાના બંધનમાંથી છૂટાશે અને ત્યારે જ આત્યાંતિક કલ્યાણ થશે.**''

☙ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પધારશે. તેમના લાડિલા સંતો આવશે, ભક્તો આવશે. મહારાજ રંગે રમશે સહુને રમાડશે. દેવોને પણ દુર્લભ એવી આ અલૌકિક લીલા બોટાદના આંગણે ખેલાશે. ભવિષ્યના શાસ્ત્રોમાં બોટાદ પરમ તિર્થ લેખાશે. પુરુષોત્તમ નારાયણનું ક્રિડાંગણ ગણાશે. આવા આવા વિચારોથી બોટાદના સત્સંગીઓના અંતર આનંદસભર બની ગયા.

☙ મહારાજ માણકી ઉપર બિરાજ્યા અને ફરી ઢોલ, ત્રાંસા અને શરણાઈના ઘોષ થયા. **વૈરાટ બ્રહ્માની નાભી દ્વારા કરેલો અક્ષરબ્રહ્માત્મક નાદ તેમના હૃદય, કંઠ અને મુખદ્વારા બહાર નીકળી પશ્યન્તી, મધ્યમા અને વૈખરીના ભેદમાં પડ્યા સિવાય અત્યારે સીધો જ પ્રણવરૂપે, પરાવાણીરૂપે, દિવ્યતા પ્રસરાવતો બહાર નીકળતો હતો.** સૌ ભક્તો જાગ્રત અવસ્થામાં હોવા છતાં કોઈક અલૌકિક દિવ્ય અવસ્થામાં હોય તેવું તેમને લાગતું હતું. કોઈને દેવોની સ્તુતિ સંભળાતી હતી. તો કોઈને ગાંધર્વોનાં ગાન સંભળાતાં હતાં, તો કોઈને અક્ષરમુક્તોની દિવ્ય વાણીનો નાદ સંભળાતો હતો.

મહારાજના સંબંધે માણકીમાં પણ એવી દિવ્યતા દેખાતી હતી. પીઠ ઉપર શંખલાદનું સુંદર પલાણ શોભતું હતું. માથે રૂપાની પૂતળીવાળો માડ શોભતો હતો. કંઠમાં રૂપાનો હુલ્લર હાર હિલોળા લેતો હતો. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પોતાની પીઠ ઉપર બિરાજ્યા છે તે આનંદ તેની ગતિમાં હતો. તે ગતિમાં વેગ ન હતો, મંદતા પણ ન હતી. <u>પુરુષોત્તમ નારાયણનો ધારવામાં આ બંને ગુણોની સમતા સાચવવાનો તેને ખ્યાલ હતો</u>.

<u>પ્રસંગ-૧૬ કંઠી પહેર્યા પછી કુકર્મો કરે છે..</u>

એટલી વાત મહારાજે કરી ત્યાં હાલીડા દેવાયત ઉપર તેમની નજર પડી. તેને જોઈ મહારાજની આંખો લાલ થઈ. મહારાજે તેને કહ્યું : ''દેવાયત ! કંઠી પહેર્યા પછી પણ કુકર્મો કરો છો તે અમારાથી અજાણ્યું નથી. અમારી આજ્ઞામાં વર્તતા નથી તો પછી કલ્યાણ થશે ખરું ?''

તે સાંભળી દેવાયત નીચું જોઈ ગયો. પણ નસીતપરનો રાવળ એકદમ બોલ્યો : ''મહારાજ ! દેવાયત જેવા આબરૂદાર આદમી ઉપર તમે આમ ખોટું આળ કાં મૂકો ?''

એટલે મહારાજે તેને કહ્યું : ''રાવળ ! તમારી પણ બધી વાત અમે જાણીએ છીએ. આ તો સર્પને ઘેર સર્પ પરોણો થઈને જાય, એકબીજાનું મુખ ચાટે અને પોતાનું ઝેર વધારે. એવું તમારા બંનેનું છે. પણ આ સત્સંગ તો બ્રહ્મરૂપ અને મહાવિષ્ણરૂપ છે. તેમાં આવીને આજ્ઞા લોપશો તો અહીં પગ ટકશે નહીં.'' મહારાજ ખરા ભાવમાં આવી ગયા હતા.

મહારાજ ઘણી વાર કહેતા : ''સત્સંગમાં આવ્યા પહેલાં પાપી હોય કે અશુદ્ધ જીવ હોય તેને નિયમો ધરાવી સત્સંગમાં લેવો; પરંતુ સત્સંગના નિયમો લીધા પછી, કંઠી ધારણ કર્યા પછક્ષ, જે નિયમોનો લોપ કરે છે, આજ્ઞા ઉલ્લંઘે છે તેને તો પાપી અને વિમુખ જ સમજવા. પોતે બગડે ને બીજાને પણ બગાડે તેવાને તો સત્સંગમાંથી કાઢી જ મૂકવા, નહીં તો આ શુદ્ધ સત્સંગનું વગોણું કરશે.''

જીવાખાચર ત્યાં બેઠા હતા. તે મહારાજના મર્મના શબ્દો સમજી ગયા. તેણે તરત જ દેવાયત અને રાવળને ઈશારો કરી સભામાંથી ઊઠી જવા કહ્યું. પછી તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! જીવ તો એવા જ હોય. આપ તો પરમાત્મા છો. જીવના એવા ગુના સામું જોશો તો તેમનું કલ્યાણ કેમ થશે ?''

મહારાજે તરત જ કહ્યું : ''બાપુ ! જીવો દોષથી ભરેલા છે એ સાચું, પણ **સત્સંગી થયા પછી <u>પોતાના દોષનું જાણપણું રાખે અને અમને અંતર્યામી સમજીને જો વર્તે તો ભગવાન તેના દોષ માફ કરે. પરંતુ કેવળ ગાફલાઈ રાખી ફેલફતુર કરે, અમારી આજ્ઞા લોપે, તેના અમે ધણી થતા નથી</u>**.''

<u>પ્રસંગ-૧૭ બોટાદમાં અભૂતપૂર્વ રંગોત્સવ..</u>

આ ઉત્સવની નવીનતા એ હીત કે આ ઉત્સવ એક સ્થાનમાં નહોતો ઊજવાતો, સમગ્ર બોટાદ શહેરમાં ચાલી અને મહારાજ રંગની પિચકારી ભરી ભરી સૌને રંગવા લાગ્યા. અંદર અંદર પણ એકબીજા રંગથી રમવા લાગ્યા. બોટાદની બજાર, બજારના વેપારીઓ, નાગરિકો આ દિવ્ય રંગોત્સવ નિહાળી રહ્યા. સૌના મનમાં ભાવ થતો કે મહારાજના રંગની પિચકારી, ગુલાલની એક તાંસળી એમના ઉપર પણ પડી જાય તો જીવન ધન્ય બની જાય ! મહારાજે તેમના મનોરથો જાણી તેમને પણ રંગ્યા. સાહદારીઓ પણ રંગાયા.

સ્ત્રીઓ અટારીઓમાંથી દર્શન કરતી મહારાજને પુષ્પોથી વધાવતી જેથી મહારાજની દષ્ટિ પડી જાય અને તેમની એકાદ રંગની પિચકારીથી રંગાઈ જવાય. પરંતુ મહારાજ સ્ત્રીઓ ઉપર રંગ ન છાંટતા. કોઈ ભગત આગ્રહ કરીને તેમને જ્યારે વિનંતી કરતા ત્યારે મહારાજ કહેતા : ''પછી ભવિષ્યમાં ભક્તિને બહાને, ઉત્સવને બહાને સ્ત્રી-પુરુષો રંગે રમશે, રાસ રમશે મને ભ્રષ્ટાચાર પ્રવર્તશે. અમારે એવી રીત પ્રવર્તાવવી છે કે ભક્તિ પણ પાંગરે, ઉત્સવો પણ ઊજવાય

અને છતાં સૌ સૌના નિયમો પળે, ભક્તિના વિકાસમાં અનિવાર્ય એવો ધર્મ પણ સચવાય.'' મહારાજે આ સમગ્ર ઉત્સવમાં સ્ત્રીઓને કેવળ પ્રેક્ષક તરીકે દર્શન કરવાની જ આજ્ઞા કરી હતી. તેમને રંગે રમવું હોય તો ઠાકોરજીની મૂર્તિ પધરાવી અંદરોઅંદર રંગોત્સવ કરે.

બોટાદ શહેરનું બજાર રંગાઈ ગયું. ગુલાલ અને રંગનો કીચડ જામ્યો. કેટલાક સંતોએ આ કીચડ લઈ લીધો. આકાશ પણ ગુલાલથી છવાઈ ગયું. બોટાદના નગરજનોએ ન જોયો હોય તેવો રંગોત્સવ તેમને ત્યાં ઊજવાતો હતો. સૌનાં મુખ ઉપર ભક્તિના અપૂર્વ ભાવનો આનંદ છવાઈ ગયો. સ્ત્રીઓ આ દર્શનથી તૃપ્ત થઈ ગઈ. તેમને મહારાજની રુચિનો ખ્યાલ હતો. મહારાજની જે આજ્ઞા હતી તે કેવળ વર્તમાન માટે ન હતી, ભવિષ્ય માટે પણ હતી. ધર્મની સ્થાપના થાય પછી તે પાંગરવો જ જોઈએ તો જ તેનાં મૂળ ઊંડાં જાય.

પ્રસંગ-૧૮ અમે રાસ તોડાવ્યા..

સંતોએ કીર્તન ગાયાં. પછી મહારાજે ઉપદેશની વાતો શરૂ કરી. તે પ્રસંગે સભામાંથી એક નગરજન ઊભા થયા. તેમણે મહારાજને પૂછ્યું : ''તમે રંગોત્સવનો લાભ તમારા સંતોને, પાર્ષદોને બધાને આપ્યો, તો સ્ત્રીઓને કેમ તારવી દીધી ? તમે તો ભગવાન કહેવાવ છો ને ? તો પછી તમને શું બાધ છે ?''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''જેમણે એ મર્યાદા બાંધી તે જ જો એ મર્યાદા તોડે તો પછી એ મર્યાદાનું રહસ્ય બોદું બની જાય. અમે જ જો એ દઢતાપૂર્વક પાળીએ, તો એ મર્યાદાનું ગૌરવ જળવાઈ રહે અને અમારા શિષ્યો તે મર્યાદાનું ભાવપૂર્વક પાલન કરે.''

''પરંતુ શ્રીકૃષ્ણ ભગવાને તો ગોપીઓને રાસ રમાડી ભક્તિભાવથી ભરપૂર બનાવી દીધી હતી. તે ભગવાન હતા. તમે પણ ભગવાન છો.'' તે ભાઈએ કહ્યું.

''હા, તે સાચું. પરંતુ શ્રીકૃષ્ણ ભગવાનના એ રાસનું આધ્યાત્મિક રહસ્ય સમજ્યા વિના ત્યારપછી તેનું અંધ અનુકરણ થવા લાગ્યું અને તેનાં પરિણામો લોકોએ જોયાં. તેથી અમે એવા રાસ તોડાવ્યા.''

મહારાજના આ ઉત્તરથી તે મૂંગા થઈ ગયા ! તેમને અતંર્દષ્ટિ થઈ ! ધર્મમાં આવા ભ્રષ્ટાચારના ઘણા પ્રસંગો તેમણે જોયા હતા. તેથી ધર્મની તેઓ ટીકા પણ કરતા હતા. લોકોને પણ ધર્મ પ્રત્યે, સંતો પ્રત્યે ઘૃણા જાગૃત થઈ હતી.

તેમણે કહ્યું : ''મહારાજ ! આપ સાચું કહો છો. મહાન પુરુષોનાં કથન કરતાં પણ તેમનું આચરણ લોકોનાં જીવન ઉપર વધુ અસર કરે છે.''

એટલે મહારાજે કહ્યું : ''જો આચરણ હશે તો જ તેમનું કથન પણ લોકોનાં અંતર સુધી પહોંચી જશે. અમે આ નવો ચીલો નથી પાડ્યો, પરંતુ શાસ્ત્રોએ ચીંધેલો ચીલો જે અત્યાર સુધી આચરણમાં મુકાયો ન હતો, તે આચરણમાં મુકાવ્યો છે. શાસ્ત્રકારો આર્ષદષ્ટિવાળા હોય છે. તેમનાં વચનો ત્રિકાલાબાધિત હોય છે.''

પ્રસંગ-૧૯ મહારાજનો વંશ મહારાજના એકાંતિક સંત..

મહારાજે ભગા દોશીને માથે બે હાથ મૂક્યા. પછી કહ્યું : ''શેઠ ! તમે આ વખતે બહુ જ સેવા કરી છે, તો કાંઈક વરદાન માંગો.''

આ સાંભળી ભગા દોશી ગળગળા થઈ ગયા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપની દયાથી આલોકની સુખસંપત્તિ અઢળક છે, પ્રતિષ્ઠા પણ છે. છતાં તેમાં મારું મન નથી, મારું મન આપના ચરણકમળમાં અખંડ રહે અને જગતની બીજી કોઈ વસ્તુમાં લોભાય નહીં એ માંગું છું.''

આ સાંભળી મહારાજ રાજી થયા. તેમણે કહ્યું : ''શેઠ, તમે એવી સેવા કરી છે કે સહેજે તમારું માંગેલું તમને મળી જ જાય. અમારી કૃપા થઈ છે તો હવે તમારું મન બીજી વસ્તુમાં જશે નહીં. બીજું કાંઈ માંગવું છે ?''

એટલે તેમણે કહ્યું : ''મહારાજ ! મારા વંશમાં જે પુત્ર-પરિવાર થાય તે તમામને આપના સ્વરૂપમાં હેત રહે અને આપનો જે વંશ હોય તેમાં સાક્ષાત્ આપના જ સ્વરૂપનો ભાવ રહે.''

એટલે મહારાજે કહ્યું : ''શેઠ ! તમારે ગૃહસ્થોને વંશ હોય, અમે તો ત્યાગી કહેવાઈએ. અમારે તમારા જેમ વંશવેલો ન હોય. અમારો વંશ તો જે અમે સ્થાપેલો આ એકાંતિક ધર્મ રાખે, અમારા સ્વરૂપની યથાર્થ નિષ્ઠા અંતરમાં દઢ રાખે અને આ એકાંતિક ધર્મનું પ્રવર્તન કરે તે જ છે ! તે જ અમારાં સગાંવહાલાં અને તે જ અમારી ન્યાત !''

શેઠ મહારાજના આ વચનનો મર્મ સમજી ન શક્યા, પરંતુ મહારાજે પોતાનો સાચો વંશ અને પરિવાર પોતાના પરમ એકાંતિક સંત કે ભક્ત છે પછી તે સાધુ હોય, ગૃહસ્થ હોય કે આચાર્ય હોય, પણ એવી પરમ ભાગવતી સ્થિતિને ધારણ કરનારા જ તેમનો સાચો વંશ છે એ સમજાવી દીધું.

ભગા શેઠને ઘેર મહારાજની સંતો સાથે પધરામણી થઈ. શેઠ ધન્ય બની ગયા. મહારાજનું ષોડશોપચારે પૂજન કર્યું. સર્વે સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. પાર્ષદોને પણ વસ્ત્રો આપ્યાં. બીજા જેને ઘટે તેમ ભેટ આપી. પછી મહારાજે કહ્યું : ''શેઠ, તમારા સંકલ્પ પ્રમાણે બોટાદમાં સમૈયો થઈ ગયો ને ?''

શેઠે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમારા સંકલ્પો તો મુઠ્ઠીમાં સમાઈ જાય એવડા નાના હોય, પણ આપે તેને મોટા કરી 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો સમૈયો કરી દીધો. અમારી ભૂખ ભાંગી દીધી. બાપુ દાદાખાચર પણ બહુ જ રાજી થઈ ગયા. એટલે તો બાપુ કહે છે કે બોટાદમાં આવો બીજો ઉત્સવ કરો.''

મહારાજ હસ્યા : ''હવે તો આજે બધાને વિદાય દેવી છે અને અમે પણ પરિયાણ કરશું.''

તે સાંભળી મોનજી પંડ્યા તરત જ ઊભા થઈ ગયા. મહારાજ પાસે આવી, હાથ જોડીને તેમણે કહ્યું : ''મહારાજ ! મારે ઘેર રસોઈ કાલે રાખી છે. માટે આખો સંઘ જમીને સિધાવે. આજે તો નહીં જવા દઉં.''

મહારાજે ભૂદેવનો ભાવ ભાળ્યો. તરત જ કહ્યું : ''પંડ્યાજી ! આખા સંઘને રોકવો છે ?''

''હા, મહારાજ ! એ તો આપનું અંગ કહેવાય ને ? એટલે કેમ જવા દેવાય ?''

મહારાજને પંડ્યાજીની વાણીમાં રહસ્યમય જ્ઞાનની ફોરમ આવી. તેમણે કહ્યું : ''પંડ્યાજી સાચું સમજી ગયા છે. ભક્તો વગર એકલા અમને પણ ગમે નહીં. આ પંડ્યાજી અમારો મહિમા, રુચિ અને અભિપ્રાય સમજી ગયા છે કે જે અમારા ભક્તનો મહિમા સમજે તે જ અમારો મહિમા સમજી શકશે.'' એમ કહીને બોલ્યા : ''ભલે, પંડ્યાજી ! બધાને કાલે રસોઈ જમાડીને પછી સાબદા કરીશું.''

પ્રસંગ-૨૦ - ભક્તો પ્રત્યેનો સુહૃદભાવ જોયો.

મહારાજ મોનજી પંડ્યાને ત્યાંથી નીકળી દાદાખાચરના દરબારમાં આવી નીકળવાની તૈયારી કરી. સૌ કાઠી ભક્તો પોતપોતાના અશ્વો ઉપર બેસી આવી ગયા. બોટાદ નગરનું મહાજન પણ આવ્યું. ભગા દોશી નગરશેઠ કહેવાય. તેમના ભગવાન એટલે મહોબતેય સૌને આવવું પડે. કેટલાક ભાવથી આવ્યા. સૌએ ત્રણ દિવસ બોટાદમાં અભૂતપૂર્વ ઉત્સવ ઉજવાયેલો જોયો. દેશ-પરદેશથી આવેલા હરિભક્તોના સંઘ જોયા, તેમની ભક્તિ જોઈ, ભક્તો પ્રત્યેનો સુહૃદભાવ જોયો. ક્યારેય પણ નહીં મળેલા એવા અજાણ્યા, છતાં જાણે અંતરના સગા હોય એમ વહાલથી સૌ ભેટતા, હળતા, મળતા. આવો ભાવ, આવી એકતા તેમણે ક્યાંય જોઈ ન હતી. તેમના ધાર્મિક સંઘોમાં તેમણે ઝઘડા, કુસંપ, ઈર્ષા આ બધું જોયું હતું. જ્યારે આ સંઘમાં સહજાનંદ સ્વામી પ્રત્યેની ભક્તિનું રહસ્ય તેમને સમજાયું. સૂત્રબદ્ધ માળાના મણકાની જેમ મેરને આધારે સૌ એકબીજા પ્રત્યે પ્રેમથી જોડાઈ ગયા હતા.

મહારાજે માણકી ઉપર સવારી કરી. વાજિંત્રો વાગવા લાગ્યાં. બંધૂકોના ભડાકા થવા લાગ્યા. મહારાજ નીકળ્યા. આજુબાજુ કાઠી અસવારો, પાછળ ભક્તો, સંઘના હરિભક્તો બધા જ નીકળ્યા. બોટાદ નગરની જાણે શોભા ચાલી જતી હોય ! બધાનાં મુખ ઉપર વિદાયની ઉદાસીનતા હતી. તાજપરના ઝાંપે થઈ સેંથળી પાસે વાવ છે ત્યાં મહારાજ ઊભા રહ્યા. માણકી ઉપરથી ઊતરી પાસેની એક શિલા ઉપર બેસી ગયા. સૌ આ જોઈ રહ્યા ! **અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આજે કોઈ ઋષિમુનિના શાપથી કે પોતાના કર્મની ભૂંડાઈથી શિલા થઈને પડેલા આ પથ્થર ઉપર બિરાજમાન થઈ ગયા ! તેનાંય ભાગ્ય ઊઘડી ગયાં. કર્મની ભૂંડાઈ ટળી ગઈ અને મોક્ષનો માર્ગ મળી ગયો !**

સમગ્ર ભાગવતમાં દશમ સ્કંધ મહારાજને બહુ જ પ્રિય હતો.

પ્રસંગ-૨૧ વેણુ ગીતનું રહસ્ય..

કથામાં પ્રાગજી દવે સંસ્કૃત શ્લોકો વાંચી તેના ઉપર લંબાણથી વાત કરતા ત્યારે આ ભક્તોને નિદ્રા આવી જતી. મહારાજ તેમને સાવધાન કરતા પોતાના હાથમાં રાખેલા બેરખો તેમના ઉપર ફેંકતા ત્યારે તે એકદમ જાગૃત થઈ જતા. મહારાજ ઠપકો આપતા : ‘‘આવી સરસ કથા થાય છે અને ઊંઘ કેમ આવે છે ?

એટલે તેઓ પણ હસીને કહેતા : ‘‘મહારાજ ! એમાં અમારો વાંક નથી. આ પ્રાગજી પોથી છોડે છે એટલે તેમાં પુરાયેલી નીંદર અમારા ઉપર ચડી બેસે છે.’’

મહારાજ આ સાંભળી હસતા અને ક્હેતા : ‘‘**જેને તેનો રસ મ્હાણતાં નથી આવડતો, તેને માટે પોથીમાં નીંદર જ ભરી છે. પણ જે તેના રસથી રંગાવા માંગે છે તેને માટે તેમાં અમૃતરસ છે.**’

એટલું કહીને મહારાજે કહ્યું : ‘‘જુઓ, ભગવાન વેદવ્યાસે શ્રીકૃષ્ણની વેણુના નાદનો મહિમા કેવો કહ્યો છે તે સાંભળો.’’

એટલું કહી પોતે જ વેણુ ગીતમાંથી એક શ્લોક બોલ્યા :

મુકુન્દ ભગવાનની વેણુનો નાદ નદીઓએ સાંભળ્યો અને જે વેગથી તેનો પ્રવાહ વહેતો તે સ્તંભી ગયો. ભગવાનને આલિંગન કરવા દોડતો તે પ્રવાહ સ્થિર થઈ ગયો અને પોતાની તરંગરૂપી ભુજાઓથી તે નદીઓ ભગવાનના ચરણકમળનું પૂજન કરવા, ઉપહાર કરવા તેમને સ્પર્શવા લાગી.’’

‘‘આમાં કાંઈ સમજાયું ?’’ મહારાજે પૂછ્યું.

ત્યારે તે કાઠી ભક્તો ઉતાવળા ઉતાવળા બોલ્યા : ‘‘મહારાજ ! એવું તો કરિયાણામાં કાળુભાર નદીને કાંઠે આપે વાંસળી વગાડી ત્યારે નજરે જોયું હતું.’’

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ‘‘પણ તે નજરે દીઠું, તેમાંથી કાંઈ સમજાયું ?’’

‘‘આપનો પ્રતાપ વળી, બીજું શું સમજવાનું છે ?’’ તેમણે કહ્યું.

એટલે મહારાજે સમજાવતાં કહ્યું : ‘‘પ્રતાપ તો ખરો. પરંતુ નદીઓ જેમનો અખંડ વહેવાનો, ગતિ કરવાનો સ્વભાવ છે તે સ્વભાવ તેમણે ભગવાનના વેણુનાદ સાંભળી મૂકી દીધો, તેમનો પ્રવાહ સ્થંભાવી દીધો અને ભગવાનના ચરણકમળની પૂજા કરવા, પોતાના તરંગોથી તે ચરણોનો સ્પર્શ કરી લીધો. ભગવાનની વેણુના નાદથી નદી જેવી દેખાતી જડ વસ્તુ પણ પોતાનો સ્વભાવ છોડી શકે છે તો ભગવાનના સ્વયં શબ્દો સાંભળી આપણે આપણો સ્વભાવ કેટલો છોડ્યો ? **ભગવાનની વેણુના નાદમાં એ પ્રભાવ છે તો ભગવાનના મુખમાંથી નીકળતા શબ્દોમાં કેટલો પ્રભાવ હોવો જોઈએ ? ભગવાનનું સ્વરૂપ જ જ્ઞાનમય છે. તેમની ક્રિયા, તેમનું હલન-ચલન, બોલવું વગેરે જ્ઞાનમૂલક છે, દરેકમાં રહસ્ય હોય છે. તે સમજાય તો અંતરમાં જ્ઞાન ઉદય થઈ જાય.**’’

પ્રસંગ-૨૨

નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ‘‘મહારાજ ! આવું રહસ્ય તો આપ સમજાવો ત્યારે સમજાય.’’

‘‘ભાગવતની ભાષા એ સમાધિભાષા છે. તેથી આપણે જો ત્રણ અવસ્થાથી પર થઈને સમાધિ અવસ્થામાં જઈએ, તો જ એ ભાષાનું રહસ્ય સમજાય. ગુણમય અવસ્થામાં રહીને ભાગવત અથવા તો સ્વયં ભગવાનના શબ્દોનું રહસ્ય કદાપિ ન સમજાય. ગુણાતીત જો થવાય તો જ સમજાય.’’ મહારાજે કહ્યું.

ભાદરાના મૂળજી શર્માને ડભાણમાં દીક્ષા આપી ગુણાતીતાનંદ નામ પાડ્યું તેનું રહસ્ય નિત્યાનંદ સ્વામી સમજી ગયા. તેમની ક્રિયા, તેમનું બોલવું, ચાલવું, મહારાજની મૂર્તિમાં અખંડ નિમગ્ન રહેવા છતાં મહારાજના સ્વરૂપનાં દર્શનની તાલાવેલી, મહારાજના ભક્તોની સેવામાં આસક્તિ- આ બધા જ તેમના ગુણો તેમને મહારાજના ગુણાતીત ધામને અનુરૂપ લાગ્યા. તેમની વાતોમાં એવી ચમક હતી કે અંતર ભેદાઈ જાય !

મહારાજ તેમને સૌને વિચાર કરતા જોઈ હસવા લાગ્યા. તેમણે કહ્યું : ‘‘ગુણાતીત પુરુષના સંબંધથી એવી ગુણાતીત સ્થિતિ થાય, ત્યારે ભગવાનનું સ્વરૂપ યથાર્થ ઓળખાય, શાસ્ત્રના શબ્દોનું રહસ્ય પણ યથાર્થ સમજાય અને અપરોક્ષનુભૂતિ થાય.’’

શ્રીમદ્‌ભાગવત હરિનવમી સુધી વંચાવ્યું. આ.સં.૧૮૭૫ના હરિનવમીના ઉત્સવ ઉપર સંતોને મહારાજે તેડાવ્યા. સવારે શ્રીરામ જન્મોત્સવ ઊજવ્યો, રાત્રે મહારાજનો જન્મોત્સવ ધામધૂમથી ઊજવ્યો. જન્મોત્સવ પછી સંતોએ આખી રાત કીર્તન-ભક્તિ કરી જાગરણ કર્યું. ભગવાનના જન્મ પછી સુવાય જ નહીં. ભગવાનનું પ્રાગટ્ય જ સુષુપ્તિના નાશ માટે છે.

દશમને દિવસે દાદાખાચરે સૌ સંતોને, હરિભક્તોને જમાડ્યા. એકાદશીના ઉપવાસ પછી બારશના દિવસે જીવાખાચરે સૌને જમાડ્યા. મહારાજે સૌ સંતોને પાંચ દિવસ રાખ્યા અને કથામૃતનું, દર્શનનું તથા સેવાનું સુખ આપ્યું. પછી મહારાજે સંતોને ફરવા મોકલ્યા. પોતાની પાસે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને રાખ્યા.

રેફરેન્સનો પ્રસંગ : જોધો ભરવાડ

બાબરા અને કરિયાણા વચ્ચે જામ આંબરડી ગામ છે. ત્યાં જોધા ભરવાડનો બસો ગાયનો ઝોક હતો. તે કાળિયા ઠાકરનો ઉપાસક હતો. કાળિયા ઠાકર એ ભરવાડોના દેવ ગણાતા. જોધો વિશ્વાસુ હતો અને ભોળા ભાવે ભજન કરતો હતો. ગાયો ચરાવતાં ચરાવતાં ઘણી વખત તેને કાનાના વિચારો આવતા. કાળી ધાબળી ખભે નાંખી હશે અને બેય ખભા ઉપર લાકડી રાખી તેના ઉપર પોતાના બે હાથ ઝુલાવતો કાનો ગાયું સાથે કેવું ગેલ કરતો હશે ! ગાયો તેને જ ભાળતી. આવા વિચારોમાં ઘણી વખત તેને ગાયનું ધણ ઝોક્માં વાળવાનુંય ભાન રહેતું નહીં. કાનાના આ વિચારોમાં સતત તેનું મન બંધાઈ ગયું હતું. તેથી એક રાત્રે સ્વપ્નમાં તેને કાળિયા ઠાકરે દર્શન દઈ કહ્યું : ‘‘જોધા ! તને પ્રત્યક્ષ ભગવાન મળશે અને તારા મનના મનોરથ પૂરા થશે.’’

આ સ્વપ્નદર્શનથી તે એકદમ જાગી ગયો ! તેને પ્રત્યક્ષ ભગવાન એ શબ્દો સમજાયા નહીં. પરંતુ કાળિયા ઠાકરે દર્શન દીધાં એટલે તેને ખાતરી થઈ કે તેને ‘કાનો’ જરૂર મળશે. તેને કાનાની લગની લાગી.

મહારાજે જ્યારે કરિયાણામાં કાળુભાર નદીને કાંઠે વાંસળી વગાડી, ત્યારે તેના સૂર સાંભળીને તેના ઝોકની ગાયો તે ખાટલામાં સૂતો હતો તેને ટપીને મહારાજ જ્યાં વાંસળી વગાડતા હતા ત્યાં દોડી ગઈ. જોધો પણ તેની પાછળ ગયો. વાંસળીના માદક સૂરે ફરી તેને ‘કાના’ની સ્મૃતિ થઈ આવી. તે દોડ્યો. મહારાજની વાંસળીમાંથી સૂરો ઘૂંટાઈ ઘૂંટાઈને બહાર આવતા હતા. જોધાનું અંતર તે સૂરોના વમળમાં અટવાઈ ગયું. તે મહારાજ પાસે આવ્યો. ખભે કાળો ધાબળો, માથે મોરપીંછનું છોગલું અ ને જમણા પગની આંટી વાળી ડાબા પગ ઉપર ટેકો દઈને ઊભેલા, બે હાથે વાંસળી પકડી અધર ઉપર રાખી, સૂરો છેડતા કાનાનાં તેને દર્શન થયાં. તેને લાગ્યું કે ગાયું મારી આમન્યા કદી મૂકે નહીં, પણ આ કાનો જ છે તેથી ગાયું બધી અહીં આવીને ભાંભરવા લાગી. તેને કાળિયા ઠાકરના શબ્દો સમજાયા. પછી તે ત્યાંથક્ષ જ મહારાજની સાથે ગઢડે ગયો.

પ્રસંગ-૨૩ જેને માન હોય તેનું માન અમે ખાઈએ છીએ..

બીજે દિવસે દૂધપાકની રસોઈ તૈયાર થઈ. વાસુદેવ નારાયણને થાળ ધરાવ્યો. પછી મહારાજ જમવા બિરાજ્યા. સોમબા ફુઈ સામે બેઠાં. મહારાજને આગ્રહ કરીને જમાડતાં જાય અને કહેતાં જાય : ‘‘આવું દૂબળું શરીર રાખવું છે ? કાંઈક જમતાં શીખો. અમે ક્ષત્રિયો તો માનને લઈને નખ-જમણા કહેવરાવીએ, પછી ઘરે આવીને તો રોટલો ને છાશ કે જે હોય તે ઝાપટી લઈએ. પણ મહેમાન થયા હોય અને ત્યાં સાત વાનાની સુખડી હોય તોય નો જમીએ. પણ તમે તો પેટ ભરાય એટલું પણ જમતા નથી.’’ એમ કહીને બ્રહ્મચારીને પૂછ્યું : ‘‘મહારાજ છાના કંઈ ખાય છે ખરા ?’’

ત્યારે બ્રહ્મચારીએ હસીને કહ્યું : ‘‘તમારા થાળ સિવાય અહીં કંઈ આવતું નથી અને હુંયે ભંડારમાં કશું સંઘરતો નથી. વળી, હરિભક્તો જે મેવા, મીઠાઈ, ફળ લાવે, તે બધું મહારાજ દરબારમાં મોકલી દે છે.’’

ત્યારે મહારાજે હસતાં હસતાં કહ્યું : ‘‘આ બ્રહ્મચારી અમારી ભેગા રહે છે પણ કાંઈ જાણતા નથક્ષ. અમે છાના જ ખાઈએ છીએ.’’

એટલે બ્રહ્મચારીએ તરત જ પૂછ્યું : ‘‘શું માલ-મસાલા અહીં રાખી મૂક્યા છે તે જમો છો ?’’

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : **‘‘જેને જેને માન હોય તેનું માન અમે ખાઈ જઈએ છીએ. મોટાઈનું, ધનનું, વિદ્યાનું કે બીજા અન્ય ગુણોનું કે ભક્તિનું પણ જે માન રાખતા હશે તે માન અમારો ખોરાક છે.’’**

કુઈબા સમજી ગયાં. તેમણે તરત જ હાથ જોડીને કહ્યું : ‘‘મહારાજ ! અમારો તો એવો સ્વભાવ રહ્યો, પણ આપ મળ્યા છો તે હળવે હળવે માન નીકળી જશે.’’

પ્રસંગ-૨૪ ફરી મહારાજ રુદ્રાક્ષનો પારો બંધાવે છે..

ગઢડામાં મહારાજે રુદ્રાક્ષનો અને તુલસીનો એક એક પારો સંતોના કંઠમાં બંધાવ્યો. ત્યારે સંતોએ પૂછ્યું : ‘‘મહારાજ ! ફરી રુદ્રાક્ષનો પારો કેમ બંધાવ્યો ?’’

એટલે મહારાજે કહ્યું : ‘‘કાળના દેવ રુદ્રથી સૌની રક્ષા કરવા. અમે આજ્ઞા કરીએ ત્યાં સુધી આ રુદ્રાક્ષનો પારો ગળામાં રાખજો.’’

પછી ચાર સદ્‌ગુરુઓને શાલિગ્રામ આપ્યા અને કહ્યું : ‘‘તમારે દેહપર્યંત શાલિગ્રામની પૂજા કરવી.’’

સંતો સમજી ગયા કે મહારાજની દરેક આજ્ઞામાં કેવળ લોકકલ્યાણની ભાવના છે. ભક્તિનું રહસ્ય પોતાના ઈષ્ટદેવની વિધિપૂર્વક પૂજા કરવામાં છે. તે પ્રણાલી સદા સચવાય, તે માટે મોટા મોટા સદ્‌ગુરુઓએ એ વિધિનું આચરણ ભક્તિપૂર્વક કરવું; જેથી શિષ્યોમાં તે આચરણના ભાવો પ્રગટે અને ભક્તિની ભાવના અંતરમાંથી કદી મોળી પડે નહીં. ભારતીય ધર્મનાં સ્થાપિત મૂલ્યોનું અવમૂલ્યન, તે મૂલ્યોનું રહસ્ય યથાર્થ સમજાયું નથી તેથી થવા પામ્યું છે. તેની પાછળથી કેવળ પ્રણાલીઓ રહી અને તે જડ બની ગઈ. અંતે તે પ્રણાલી પણ એક પ્રણાલી જ છે તેમ સમજીને તેનો પણ લોકોએ ત્યાગ કરી દીધો. વિધિવિધાન એ ધર્મનું રહસ્યમય અંગ છે. એ રહસ્યની શોધ ભગવાનના પરમ ભાગવત સંતના જીવનમાંથી જ મળી શકે.

આ વિધિવિધાન કેવળ પ્રણાલી જ નથી, જડતા નથી. મહારાજને એ રહસ્ય પોતાના ભક્તોને સમજાવવું હતું, તેમના અંતરમાં એ રહસ્ય ઉતારવું હતું જેથી ભક્તિના અંતરંગ રંગથી હૈયું સદા રંગાયેલું જ રહે. આ હેતુથી જ તેમણે સદ્‌ગુરુઓને શાલિગ્રામની પૂજા કરવાની આજ્ઞા કરી.

પ્રસંગ-૨૫ ઘરના ધણી આવ્યા.. ઉકા ખાચરની સેવા..

સંતો, હરિભક્તો જે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરી દરબારમાં આવતા હતા તે લીમડા નીચે કૂતરાનો મળ જોઈ આઘા ખસી જતા અને કહેતા : ‘‘કૂતરા પણ કેવા હળી ગયા છે કે આંહીં મહારાજની બેસવાની જગ્યા જ બગાડી દીધી. હવે કોઈની પાસે ઝટ સાફ કરાવી નાંખો.’’

એટલામાં ઉકાખાચર સ્નાન કરીને દરબારમાં આવ્યા. તેમને નિત્યે મહારાજની પ્રસાદીના આ લીમડાનાં દર્શન કરવાનો અને તેનો સ્પર્શ કરવાનો નિયમ હતો. એટલે તે પાસે ગયા. ત્યાં કોઈક સંતે બૂમ મારી : ‘‘ઉકાખાચર ! પાછા વળો ! ત્યાં કૂતરાનો મળ પડ્યો છે.’’

એટલે ઉકાખાચરે પાસે જઈને તે જોયું. પછી પોતાનું ધોયેલું વસ્ત્ર બાજુમાં મૂકી લોખંડનું પતરું અને સાવરણો લઈ તે મળ સાફ કરી નાંખ્યો અને પાણી લાવી તે જગ્યા ધોઈ નાખી. પછી પોતે ફરી ઉન્મત ગંગામાં સ્નાન કરવા ગયા. સ્નાન કરી દરબારમાં આવ્યા અને લીમડાને દંડવત્ કર્યા, સ્પર્શ કર્યો અને વાસુદેવ નારાયણના ઓરડામાં દર્શન કરી અક્ષર ઓરડીમાં મહારાજના દર્શન કરવા આવ્યા. તેમને જોઈ મહારાજે હસતાં હસતાં કહ્યું : ‘‘જુઓ, આ ઘરના ધણી આવ્યા.’’

એટલે સેવકોએ પૂછ્યું : ‘‘મહારાજ ! તેમને ઘરના ધણી કેમ કહ્યા ?’’

મહારાજે તરત જ કહ્યું : ‘‘લીમડા નીચે કૂતરાનો મળ જોઈ સૌ આઘાપાછા થતા હતા, પણ ઉકાખાચરે જાતે તે સાફ કરી નાંખ્યું. એણે પોતાનું માન્યું તો સાફ કરવાવાળા કોઈ બીજા આવશે તેની રાહ જોઈ નહીં.’’

સૌ સમજી ગયા !

પ્રસંગ-૨૬ પૂજામાં પાંચસો મૂર્તિઓ રાખું છું.. મહાપૂજા કોણે કહેવાય..

મહારાજે કહ્યું : ‘‘ઉકાખાચર ! તમે નાહીને તો આવ્યા પણ કાંઈ પૂજા રાખો છો કે નહીં ? નાહીને પૂજા કરવાનો નિયમ રાખવો જોઈએ.’’

એટલે ઉકાખાચરે કહ્યું : ‘‘હા, મહારાજ ! પૂજા તો રાખું છું અને નિત્યે પૂજા ક્રું છું.’’

મહારાજે હસતાં હસતાં પૂછ્યું : ‘‘પૂજામાં કેટલી મૂર્તિઓ રાખો છો ?’’

ત્યારે તેમણષ કહ્યું : ‘‘મહારાજ ! પાંચસો મૂર્તિ પૂજામાં રાખું છું.’’

મહારાજને આશ્ચર્ય થયું ! પછી તેમણે પૂછ્યું : ‘‘પાંચસો મૂર્તિઓનાં નામ આવડે છે.’’

તેમણે તરત જ કહ્યું : ‘‘બધી મૂર્તિઓમાં નામ તો નથી આવડતાં, પણ મુખ્ય નામો યાદ છે.’’

મહારાજને તેમની વાતમાં રસ પડ્યો. તેમણે તરત જ કહ્યું : ‘‘જેટલાં નામો યાદ હોય તેટલાં અમને સંભળાવો.’’

ત્યારે તેમણે કહ્યું : ‘‘મહારાજ ! મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આ બધી મારી પૂજાની મૂર્તિઓ છે. તેમની હું પૂજા રોજ કરું છું.’’

મહારાજ તેમની મહિમાસભર સમજણ જોઈ અત્યંત પ્રસન્ન થયા. આ રીતે મહારાજે રહસ્ય સમજાવી દીધું કે એકલી ભગવાનની સેવા એ પૂજા કહેવાય અને ભગવાનની તેમના ભક્તો સાથેની પૂજા તે મહાપૂજા કહેવાય. મહારાજની સેવા તેમના ભક્તો સાથે થાય તેમાં જ શુદ્ધ ઉપાસનાનું રહસ્ય છે.

પ્રસંગ-૨૭ ગઢાળીના આંબા શેઠ શ્રીહરિના યોગમાં..

મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા ત્યારે એક પાર્ષદે આવી મહારાજને કહ્યું : ‘‘મહારાજ ! ગઢાળીથી કોઈ શેઠ આવ્યા છે. આપનાં દર્શન ઈચ્છે છે.’’

મહારાજે કહ્યું : ‘‘તેમને હમણાં જ મોકલો.’’

શેઠ મહારાજ પાસે આવ્યા અને નીચે બેસી પગે લાગ્યા. મહારાજનાં ચરણનો સ્પર્શ કર્યો. પછી ધારી ધારીને મહારાજના મુખારવિંદનાં દર્શન કરવા લાગ્યા એટલે મહારાજે હસીને કહ્યું : ‘‘આંબા શેઠ ! અમારી ઓળખાણ પડશે નહીં.’’

આ સાંભળી શેઠને આશ્ચર્ય થયું કે મારું નામ આમણે ક્યાંથી જાણ્યું ! તરત તેમણે કહ્યું : ‘‘આપ ખરું કહો છો. પણ આપના અવાજ ઉપરથી આપની ઓળખાણ પડી કે આપ સાક્ષાત્ ભગવાન છો.’’

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ‘‘અવાજ ઉપરથી ઓળખાણ પડી એ સાચી. બાકી અંતર્યામીપણું તો અમારું આપેલું અમારા ઘણા ભક્તોમાં હોય, ઘણામાં યોગની સાધનાથી સિદ્ધિ પણ આવી હોય, પણ તેથી ભગવાનપણું કદી માનવું નહીં.’’

‘‘મહારાજ ! આપના શબ્દો મેં જંગલમાં સાંભળ્યા હતા : ‘‘પ્રભુએ અવતાર લીધો છે. તું તારા ગામની નજીકમાં ગઢડા છે ત્યાં જા. ત્યાં તને ભગવાન મળશે.’ એ અવાજનું મને આંહીં ઓસાણ આવ્યું એટલેમને લાગ્યું કે આપે જ મને બોલાવ્યો છે.’’

‘‘હા, આંબા શેઠ ! અમે જ તમને સાદ કર્યો હતો. અમારા ભક્તો જ્યાં જ્યાં હોય ત્યાંથી અમે સાદ કરી તેમને અમારી પાસે બોલાવી લઈએ છીએ. તમે પૂર્વના અમારા ભક્ત છો. પરંતુ કોઈક કચાશને લઈને ફરી જન્મ લેવો પડ્યો છે.’’

‘‘એ કયા પ્રકારની કચાશ હશે મહારાજ ?’’ આંબા શેઠે ઉત્સુકતાથી પૂછ્યું. તેમને થયું કે એ પણ જાણી લેવું જોઈએ જેથી આ વખતે એવી કચાશ રહે નહીં.

‘‘અંતર્યામીપણાથી કે કોઈ સિદ્ધિ જોઈ એવા સિદ્ધને ગુરુ કે પરમાત્મા માની બેસો તો તેમની જેટલી ગતિ હોય તેટલી તમને ગતિ કરાવે. એ ક્ચાશ ! પરંતુ આત્યંતિક કલ્યાણ તો તેમનાથી ન જ થઈ શકે.’’ મહારાજે હસતાં હસતાં ફરી કહ્યું : ‘‘તમારા અંતરમાં આત્યંતિક કલ્યાણની- મોક્ષની- તીવ્ર ઈચ્છા હતી એટલે અમે તમને બોલાવી લીધા.’’

આંબા શેઠ મહારાજની વાતનું રહસ્ય સમજી ગયા. પરંતુ મહારાજને હજુ સ્પષ્ટતા કરવી હતી. તેમણે કહ્યું : ‘‘ભગવાનના અવતાર અને ભગવાનનું અવતારી સ્વરૂપ, આ બંને સ્વરૂપોનાં લક્ષણો શાસ્ત્રકારોએ શાસ્ત્રોમાં લખ્યાં છે જેથી લોકો એ સમજી, વિચારી તે તે સ્વરૂપને ઓળખી શકે.’’

આંબા શેઠને તો આવું કાંઈ જ્ઞાન ન હતું. તેમણે કહ્યું : ‘‘મહારાજ ! એવું જ્ઞાન અમારા જેવામાં હોય નહીં.’’

મહારાજે તરત જ કહ્યું : ‘‘પણ અમે એ પ્રગટ કરી દઈએ છીએ ને ! એટલે અમારી પાસે આવી જવાય.’’

આંબા શેઠને મહારાજનાં દર્શનથી, તેમની વાતોથી ખૂબ જ આનંદ થયો. તેમની આંખોમાંથી આનંદનાં અશ્રુ પડવા લાગ્યાં. તેમને મનમાં થયું કે આ ભગવાનની હું શી સેવા કરું જેથી મારા ઉપર અખંડ રાજી રહે ? તેમને વિચાર કરતા જોઈ મહારાજે પૂછ્યું : ‘‘શેઠ ! શું વિચાર કરો છો ?’’

તેમણે તરત જ કહ્યું : ‘‘મહારાજ ! ગઢાળીમાં હમણાં જ અમારાં નવાં ઘર તૈયાર થઈ ગયા છે. તેનું વાસ્તુ કરવું છે. તો આવતી કાલે આપ ગઢાળી સંતોને લઈને પધારો.’’

મહારાજ તેમનો ભાવ જોઈ મંદમંદ હસતા હતા. તેમણે કહ્યું : ''શેઠ ! તમે પ્રેમી બહુ છો. એટલે વધારે પડતું ખર્ચ કરી નાખો, એટલે અમારું મન માનતું નથી. અત્યારે દેશકાળ કઠણ છે.''

તરત જ આંબા શેઠે કહ્યું : ''મહારાજ ! આપ બિરાજો છો એટલે દેશકાળ રૂડા જ છે. છતાં આપ જે કહેશો તે રસોઈ બનાવીશું.''

એટલે મહારાજે કહ્યું : ''જુઓ, ફક્ત અડદની દાળ અને રોટલા બનાવજો.'' શેઠે હા કહી અને મહારાજને પગે લાગીને ગયા.

બીજે દિવસે મહારાજ ત્રણસો સંતો સાથે ગઢાળી પહોંચ્યા. ગઢાળી ગામ નાનું અને સંતોનો સમૂહ મોટો ! એટલે આખું ગામ સંતોથી ભરાઈ ગયું. મહારાજ આંબા શેઠના નવા ઘરમાં પધાર્યા. ઘર જોઈ બહુ જ રાજી થયા. મહારાજે કહ્યું : ''શેઠ ! ઘર તો સારાં બનાવ્યાં છે.''

શેઠે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આવા ઘર અહીં બનાવીને આપને પધરાવીએ તો અક્ષરધામમાં અમને રહેવા ઘર મળે ને ! આ તો ગાર્ય-માટીનાં છે તે તો વહેલાં-મોડાં પડી જશે. વળી, અમારે આ ઘરમાં અંતે રહેવાનું નથી અમારે તો અક્ષરધામમાં ઘર બંધાવશું ત્યાં જ રહેવું છે. તેથી <u>આપની અહીં પધરામણી કરી અક્ષરધામમાં અમારા વાસ્તે ઘરનો આજે મેં પાયો નાંખ્યો છે</u>.''

તેમની સમજણથી મહારાજ રાજી થયા. પછી પૂછ્યું : ''શેઠ ! હવે રસોઈને કેટલી વાર છે ?''

તેમણે તરત જ કહ્યું : ''મહારાજ ! બધું જ તૈયાર છે. આપ હાથ, પગ ધોઈને આ બાજોઠ ઉપર બિરાજી જાવ.''

મહારાજને મુકુન્દ બ્રહ્મચારીએ હાથ-પગ ધોવરાવ્યા. મહારાજ બાજોઠ ઉપર બિરાજ્યા એટલે શેઠે મહારાજ સન્મુખ બીજો બાજોઠ મૂક્યો. તેના ઉપર મોટો થાળ મૂક્યો. તે જોઈ મહારાજે કહ્યું : ''શેઠ ! રોટલા અને દાળની રસોઈમાં આવડો મોટો થાળ કેમ મૂક્યો ?''

એટલે શેઠે કહ્યું : ''મહારાજ ! અમે દાળ બનાવી છે તેમાં અમારાં ઘરનાં મનુષ્ય હળદર નાખતાં ભૂલી ગયાં છે અને રોટલા પણ જરા કાળા થયા છે. વળી, અમારા વાણિયાના રિવાજ પ્રમાણે અથાણાં, પાપડ, રાયતું, ચટણી વગેરે મૂકવા માટે બીજો થાળ રાખ્યો છે.''

મહારાજ સમજી ગયા. શેઠે દૂધપાક અને માલપૂઆની રસોઈ બનાવી હતી. તેમનો ભાવ હતો તેથી મહારાજ પ્રેમથી જમ્યા. સંતોને પણ જમાડ્યા. પછી મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

પ્રસંગ-૨૮ અમારા ધામનો પગ ખળખળિયાની બખોલમાં ભરાઈ ગયા..

મહારાજ એકાએક બોલી ઊઠ્યા : ''ધીરા રહીને કાઢો નહીં તો પગ ભાંગી જશે.''

મહારાજને આ પ્રમાણે તદન અસંબદ્ધ બોલતા સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું : ''મહારાજ ! આપ આ કોને કહો છો ?''

એટલે મહારાજે કહ્યું : ''બ્રહ્મચારી ! અમારા પગ કાઢો નહીં તો ભાંગી જશે.''

આ સાંભળી બ્રહ્મચારી મૂંઝાયા. તે તરત જ ઊભા થઈ ગયા અને મહારાજને કહ્યું : ''મહારાજ ! આપ તો ઢોલિયા ઉપર સ્વસ્થ થઈને બેઠા છો ને 'પગ કાઢો, નહીં તો ભાંગી જશે' એમ કેમ કહો છો ?''

મહારાજના મુખ ઉપર અકળામણના ભાવ હતા. તેમણે તરત જ કહ્યું : ''<u>અમારા ધામનો પગ ખળખળિયાની બખોલમાં આવી ગયો હતો તે અમે માંડ કાઢ્યો</u>.''

પરંતુ મહારાજની આ વાણી કોઈ સમજ્યા નહીં. એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! કાંઈ સમજાય એવું બોલો તો અમને ખબર પડે.''

ગોપાળાનંદ સ્વામી હસતા હતા. મહારાજે તેમના સામું જોઈ કહ્યું : ''ભાદરાવાળા નિર્ગુણાનંદ સ્વામી જેમને અમે ડભાણમાં દીક્ષા આપી હતી અને ગુણાતીતાનંદ નામ પાડ્યું હતું તે કૃપાનંદ સ્વામી સાથે ઘેલામાં પુરુષોત્તમ ઘાટે નહાતા હતા. નહાતા નહાતાં તેમનો પગ બખોલમાં ભરાઈ ગયો એટલે અમારે એમ કહેવું પડ્યું.''

મહારાજના શબ્દોનો મર્મ ગોપાળાનંદ સ્વામી સમજી ગયા હતા. તેઓ તો પોતાની ઉત્તમ મુક્તની સ્થિતિથી જાણતા જ હતા કે **ગુણાતીતાનંદ સ્વામી એ મહારાજના અક્ષરધામનો અવતાર છે.** <u>મહારાજ સાથે તેમને તાત્ત્વિક એકતા છે એટલે મહારાજના આ શબ્દો સહજ જ હતા. પરંતુ અન્ય સંતોને સ્વામીનું સ્વરૂપ સમજાવવા અને સ્વામી સાથે પોતાને શરીર-શરીરી ભાવે એકતા છે તે રહસ્ય ખુલ્લું કરવા મહારાજ આ શબ્દો બોલ્યા</u>.

એટલામાં ગુણાતીતાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામી નાહીને ત્યાં આવ્યા. મહારાજે સ્વામીને પાસે બોલાવ્યા. તેમનો જમણો પગ જોયો. તે છોલાઈ ગયો હતો. મહારાજે સૌને પગ બતાવ્યો. પછી પૂછ્યું : ''સ્વામી ! શું થયું ? પગ કેમ કરતાં છોલાઈ ગયો ?''

એટલે કૃપાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આ સ્વામીનો પગ ખળખળિયાની બખોલમાં પેસી ગયો હતો. છતાં તેઓ તો 'મહારાજ મહારાજ' કહી આપનું ભજન કરતા હતા. પછી ધીરે રહીને પગ ખેંચી લીધો તોપણ આટલો છોલાઈ ગયો !''

પ્રસંગ-૨૯ હરિદાસ સ્વામીને સ્વામિનારાયણ નામનો વિરોધ ભોગવવો પડ્યો..

સભામાં થોડા સમય પહેલાં સત્સંગના આકરા નિયમને લીધે સત્સંગમાંથી નીકળી ગયેલા હીરાદાસ સ્વામી આવ્યા. મહારાજે તેમને પાસે બોલાવ્યા. તેમણે મહારાજને દંડવત્ કર્યા, પણ દંડવત્ બરાબર કરી શક્યા નહીં. ધીરે ધીરે મહારાજ પાસે આવ્યા મહારાજનાં ચરણકમળમાં પોતાનું માથું મૂકી રડી પડ્યા. મહારાજે તેમના મસ્તક ઉપર પોતાના બે હાથ મૂકી તેમને શાંત કર્યા. પછી તેમને પૂછ્યું : ''સાધુરામ ! તમને શું થયું છે ?''

તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! મારા જીવમાંથી કાં તો આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાખો અને નહીં તો મને આપની પાસે સત્સંગમાં રાખો.''

તેમની આ અકળામણ જોઈ મહારાજે તેમને કહ્યું : ''સાધુરામ ! અમારા સ્વરૂપનો નિશ્ચય તમારા અંતરમાંથી કાઢી નાખવો તે અમારા હાથમાં નથી. એ તો કુસંગીઓનું કામ છે. તેઓ તમને ભેટે તો તે નીકળી જશે. તે માટે તમારે અહીં આવવાની જરૂર નથી.''

આ સાંભળી તે સ્વામી રડવા લાગ્યા. તેમનાથી ઊભુ પણ રહી શકાતું ન હતું. એટલે એકદમ નીચે પડી ગયા. તેમના શરીર ઉપરથી વસ્ત્ર ખસી ગયું. તેમના આખા શરીરમાંથી બહાર આવી ગયેલા માંસના લોચા દેખાતા હતા.

મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને તેમની પાસે બેસી ગયા. તેમના લોહી નીંગળતા શરીરે હાથ ફેરવ્યો અને ધીરેથી પૂછ્યું : ''સાધુરામ ! આ શું થયું ? આ આખા શરીરને આ ઉપાધિ કોણે કરી ?''

તેઓ કાંઈ બોલી શક્યા નહીં અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. બધા સંતો તેની પાસે આવી ગયા. શરીરનો એક પણ ભાગ એવો ન હતો જ્યાંથી માંસના લોચા બહાર નીકળ્યા ન હોય. સૌ સંતો આ જોઈ ધ્રૂજી ગયા ! મહારાજ હજુ તેના શરીર ઉપર હાથ ફેરવતા હતા. ધીરે રહીને મહારાજે કહ્યું : ''સાધુરામ ! તમે હવે અમારી પાસે જ છો. માટે મૂંઝાશો નહીં. પણ આ શું થયું ? કોણે આવો કેર કર્યો ?''

હીરાદાસ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! હું અહીંથી નીકળી ગામોગામ ફરવા લાગ્યો. ત્યાં ચોરામાં, ધર્મશાળામાં, શંકરમાં મંદિરમાં કે વગડામાં પડી રહેતો અને આપનું ભજન કરતો. મુમુક્ષુ મળે તેને આપના સ્વરૂપની વાતો કરી આપના સ્વરૂપનો નિશ્ચય કરાવતો.'' એટલું બોલતાં તે થાકી ગયા.

મહારાજે પાણી મંગાવ્યું અને એમને પાણી આપ્યું પણ તેણે કહ્યું : ''મહારાજ ! આજે તો નિર્જળા એકાદશી છે ને ?''

મહારાજે કહ્યું : ''હા, છે. પણ તમારે માટે નથી. તમે પાણી પીઓ. અમારી આજ્ઞા છે.''

તે સાધુએ મહારાજની આજ્ઞાથી પાણી પીધું એટલે થોડા સ્વસ્થ થયા.

સ્વામિનારાયણ કા નામ મત લેના..

હીરાદાસ સ્વામીએ ફરી વાત કરી : ''મહારાજ ! એક નાના ગામમાં રામજી મંદિર હતું. ત્યાં રાત્રે દસ વાગે હું પહોંચ્યો અને ત્યાં જ રહેવા નક્કી કર્યું. ઝોળી ભરાવીને હું 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' એ પ્રકારે ભજન કરવા માંડ્યો. તે સાંભળીને ત્યાં ઊતરેલા બીજા બાવા મારી પાસે આવ્યા અને મને પૂછ્યું : 'તુમ કિસકા સાધુ હૈ ઔર ક્યા ભજન કરતે હો ?' મેં કહ્યું : 'હું સ્વામિનારાયણ ભગવાનનો સાધુ છું અને તેમનું ભજન કરું છું. તમને ન રુચતું હોય તો મનમાં ભજન કરીશ.' પણ તે તો સ્વામિનારાયણનું નામ સાંભળી ભડક્યા. મને કહ્યું : 'સ્વામિનારાયણ કા ભજન છોડ દે નહીં તો તુમકો હમ જલા દેંગા.' પણ મેં તેનું કાંઈ સાંભળ્યું નહીં અને એકાંતમાં બેસી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ધૂન્ય કરવા માંડી. એટલે તે સાધુઓ બહુ જ ખિજાણા તેમણે તેમની ભઠ્ઠીમાં ચીપિયા મૂકીને તપાવ્યા અને પછી મારી પાસે આવીને કહ્યું : ''બાબુડી ! સ્વામિનારાયણ કા નામ મત લેના, યે દેખા ? અબી હમ તુમકો જલ દેંગા.' મેં પછી નામ મનમાં બોલવાનું શરૂ કર્યું, પણ મારા હોઠ ફફડતા જોયા એટલે મને નીચે પાડીને લાલચોળ થયેલા ચીપિયાથક્ષ મારા આખા શરીરે તેઓ ડામ દેવા લાગ્યા. તે દુઃખથી મારાથી જોરથી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલી જવાય. જોરથી બોલાય એટલે તેઓ બધા એટલા જ જોરથી મારા આખા શરીરે ડામ દેવા લાગ્યા. પછી તો મને કાંઈ ભાન રહ્યું નહીં. એટલે તેઓ બધા તેમની જગ્યાએ જઈને સૂઈ ગયા. મેં આંખો ઉઘાડી ત્યારે એક સાધુ મારી પાસે બેઠા હતા. તે મારા શરીરે હાથ ફેરવતા હતા. તેમણે મને પાણી પાયું. પછી મને પૂછ્યું : 'સાધુરામ ! ક્યાં જવું છે ? મેં કહ્યું : 'ગઢપુરથી નીકળી ગયો હતો પણ પાછું હવે ગઢપુર જવું છે.' આખા શરીરે ડામ દીધા હતા એટલે બળતરા બહુ થતી હતી. લોહી નીકળતું હતું. કોઈ રીતે સૂઈ શકાય તેવું ન હતું એટલે બેઠા બેઠા આખી રાત ભજન કર્યું. સવારે નીકળીને માંડ માંડ આપની પાસે પહોંચ્યો છું.''

આ ડામ મારા શરીર ઉપર પડ્યા છે..

મહારાજની આંખમાંથી અશ્રુ ચાલ્યાં જતાં હતાં. તેઓ વિચાર કરવા લાગ્યા : સ્વામિનારાયણ નામનો આટલો બધો વિરોધ ! આ કયા પ્રકારનો ધર્મ ? કયા પ્રકારની સાધુતા ? મહારાજના વિચારનો દોર ઊંડો ને ઊંડો જતો ગયો. ભારતમાં પ્રસરેલો સનાતન ધર્મ સનાતન જ છે. તેનો કદી નાશ થતો નથી જ. ક્ષીણ થાય છે ત્યારે ભગવાન પ્રગટ થઈ તેનું પુનઃસ્થાપન કરે છે. પરંતુ તે સનાતન ધર્મને નામે ચરી ખાનારા માંધાતાઓ એટલું નથી સમજતા કે ધર્મને અનુસરતા અનુયાયીઓ પોતાને સનાતની અર્થાત્ રાગદ્વેષથી પર આત્મભાવી ન કરી શકે તો તે ધર્મનું તેઓ જ અવમૂલ્યન કરી રહ્યા છે.

મહારાજ હજુ વિચારમાં જ હતા. તેમના હાથ એ સાધુના શરીર ઉપર ફરી રહ્યા હતા. એકાએક તેમણે કહ્યું : ''આ સાધુની પથારી અક્ષર ઓરડી પાસે જ કરાવો. અમે તેમની સારવારમાં રહેશું.''

એ સાંભળી નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે બોલી ઊઠ્યા : ''મહારાજ ! આપ કહેશો તે પ્રમાણે અમો તેમની સારવાર કરશું. આપને શા માટે તકલીફ લેવી જોઈએ ?''

''મને તકલીફ નથી, મને વ્યથા છે સ્વામી ! આ ડામ મારા શરીર ઉપર પડ્યા છે. આટલા ડામ દીધા છતાં આ સાધુને અમારું નામ છોડ્યું નહીં એટલે અમે હવે તેને કેમ છોડીએ ? અમે તેની પાસે જ રહેશું. તેની સારવાર કરશું. તેની વ્યથા મટશે ત્યારે જ અમારા અંતરમાં શાંતિ થશે.''

સૌ શૂન્યમનસ્ક બનીને આ સાંભળી રહ્યા ! છતાં સૌના અંતરમાં આ પ્રસંગથી એક પ્રકારની હિંમત આવી ગઈ. તેમને થયું કે મહારાજ પોતાના અર્થે દુઃખ સહન કરતા ભક્તોને આટલા વશ થઈ જાય છે, તો આપણે જગત તરફથી આવતાં દુઃખને ઠોકરે મારી ભગવાનના સુખનો અનુભવ કરવો. તેમાં જ આપણું સાચું ભક્તપણું છે, સત્સંગનું સાચું ગૌરવ છે.

પ્રસંગ-૨૮ શરદપૂર્ણિમાનો મહિમા..

ભાદરવો ઊતર્યો અને આસો બેઠો. વિજયા દશમીનો ઉત્સવ મહારાજે ધામધૂમથી ઊજવ્યો. શરદપૂર્ણિમાના ઉત્સવ પ્રસંગે મહારાજના મુખ ઉપર કાંઈક જુદી જ ચમક જણાતી હતી. ગોપીઓ સાથે શ્રીકૃષ્ણના રાસથી શરદની રાત ધન્ય બની ગઈ હતી ! પરંતુ પોતાના ધામ સાક્ષાત ગુણાતીતના જન્મથી શરદની રાત માયાનું વિદારણ કરવામાં કારણભૂત બની ગઈ હતી. તે રહસ્ય જ્યારે સૌને સમજાશે, ત્યારે શરદની રાતનું ગૌરવ વધી જશે ! મહારાજ આ વિચારોથી મનોમન હસતા અને સૌ એમ માનતા કે મહારાજ ઉત્સવપ્રિય હોવાથી આ ઉત્સવનો આનંદ તેમના અંતરમાં છે તે મુખ ઉપરના સ્મિત દ્વારા બહાર આવે છે.

પૂનમનું ગ્રહણ હતું. પછી મહારાજે ગ્રહણ દરમ્યાન આચરવાની વિધિનું તાત્પર્ય સમજાવતાં કહ્યું : ''ચંદ્રનો ગ્રાસ થાય એટલો સમય ચંદ્રને અત્યંત દુઃખ થાય છે. તે દુઃખમાંથી તેની મુક્તિ થાય તે માટે ભગવાનની કથા, કીર્તન કરવાં જોઈએ, જેથી ચંદ્રનું કષ્ટ હળવું બને. વળી, આ ગ્રાસ દરમ્યાન આકાશમાં વાતાવરણ કલુષિત થાય છે એટલે ખાવા-પીવાનો નિષેધ કર્યો છે અને ગ્રહણ છૂટે કે તરત જ સાબોળ સ્નાન કરવાનું કહ્યું છે. શાસ્ત્રકારોએ બતાવેલી આ વિધિમાં આધ્યાત્મિક રહસ્ય છે અને શુદ્ધિકરણની ભાવના પણ છે.''

પછી સંતો પાસે કીર્તન-ભક્તિ કરાવી. ગ્રહણ છૂટ્યું એટલે પોતે રોઝા ઘોડા ઉપર બિરાજી સંતો, હરિભક્તો સાથે ઉન્મત્ત ગંગામાં નહાવા પધાર્યા. નાહીને રોઝા ઘોડાના કપાળમાં ચાંદલો કર્યો. પછી પ્રાગજી દવેને બોલાવ્યા. તેમના કપાળમાં પણ ચાંદલો કર્યો અને રોઝો ઘોડો તેમને અર્પણ કરી દીધશે. આ જોઈ કાઠી હરિભક્તો એકદમ બોલી ઊઠ્યા : ''અરે મહારાજ ! આવો કિંમતી ઘોડો એમ દાનમાં ન આપી દેવાય. અમને કહ્યું હોત તો દાન માટે અમે એક-બે ટારડા લઈ આવત.''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''દાન આપવું હોય તો પોતાની વહાલી વસ્તુ, કિંમતી વસ્તુ જ દાનમાં આપવી જોઈએ. ઊતરતી વસ્તુનું દાન આપવું તે તમોગુણી દાન છે. તેનું ફળ પણ એવું જ મળે.''

પછી મહારાજે લિંબતરુ નીચે સભા કરી ઉત્સવ કરાવ્યો. પછી શાલિગ્રામની મૂર્તિને દૂધ-પૌંઆ ધરી મહારાજ સૌ સંતોને દૂધ-પૌંઆ આપવા લાગ્યા. સૌને પ્રસાદી આપતા જાય અને કહેતા જાય : ''સંતો ! ખૂબ જમો. આજનો અવસર અમૂલ્ય છે.''

પ્રસંગ-૨૯ આપણને ઘણી વીતી છે અને હજુ વીતશે પણ ખરી..

અમદાવાદથી મુક્તાનંદ સ્વામી પધારે છે તેવા સમાચાર મળતા જ મહારાજ પોતાની સાથે થોડા સંતો અને હરિભક્તોને લઈને મુક્તાનંદ સ્વામીનો સત્કાર કરવા પધાર્યા. મુક્તાનંદ સ્વામી સામા દેખાયા એટલે મહારાજ માણકી ઉપરથી ઊતરી ગયા અને સામે ચાલવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. તેમની સાથે ગુણાતીતાનંદ સ્વામી તથા બીજા ત્રીસ સંતો હતા. પાર્ષદોમાં મુખ્ય રવાજી હતા અને બીજા પાંચ હતા. મહારાજ મુક્તાનંદ સ્વામીને તથા સાથેના સંતોને મળ્યા. પછી પશ્ચિમ દરવાજે થઈને વિશાળ ચોકમાં પધાર્યા. અહીં જ સભા કરી.

મહારાજે મુક્તાનંદ સ્વામીને શ્રીનગરના સત્સંગના સમાચાર પૂછ્યા. તેમને ઝેર આપ્યાની પણ વાત પૂછી. પરંતુ સ્વામી કાંઈ બોલ્યા નહીં. મહારાજે તેમના કપાળ તરફ જોયું, તે ઉપર હાથ ફેરવ્યો, પછી હસીને બોલ્યા : ''ભેખ તો એવો જ હોય. આપણને ઘણી વીતી છે અને હજુ વીતશે પણ ખરી. દૈવી અને આસુરી સંપત્તિનો સંઘર્ષ અનાદિ કાળથી છે. તેઓ વિશેષ દ્રોહ કરે તેમાં જ તેમનો સર્વનાશ છે.''

પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપને એરણ સાહેબ યાદ કરે છે. ખાસ સંદેશો મોકલ્યો છે કે જેતલપુરથી અમદાવાદ જરૂર મહારાજ પધારે. મંદિર માટે જોઈતી વધારાની જમીન પણ આપણને તેમના મારફત મળવા સંભવ છે''

મહારાજ સાંભળી રહ્યા. થોડી વારે બોલ્યા : ''દૈવી સંપત્તિના પુરુષો છે એટલે ધર્મને પોષણ મળે છે. તેમનું આમંત્રણ છે તેથી અમદાવાદ જવું પડશે.''

પ્રસંગ-૩૦ અંતરની મૂર્તિ અને બહારની મૂર્તિ એક થઈ ગઈ..

કાર્તિક સુદ ૧૦મીને દિવસે હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. સૌને મહારાજનાં દર્શનની લગની હતી. અંતરમાં એમનું જ ભજન થતું હતું. મહારાજ શું કરતા હશે, ક્યાં તેમનો ઉતારો હશે, ક્યાં સભાસ્થાન હશે, ક્યારે દર્શન થશે, આવા વિચારોથી તેમને સહેજે અંતરવૃત્તિ થઈ જતી અને અંતરમાં મહારાજની મૂર્તિ દેખાતી. એ જ હસતી દિવ્ય મૂર્તિ ચટકંતી ચાલે ચાલતી, ઘનશ્યામ અને કિશોર સ્વરૂપે અંતરમાં રહેલા ચિદાકાશમાં તેમને દેખાતી. એમ દર્શન કરતાં જેતલપુર સૌ પહોંચી ગયા અને મહારાજનાં દર્શન કર્યાં. **અંતરની મૂર્તિ અને બહારની મૂર્તિ એક થઈ ગઈ !**

પ્રબોધિની એકાદશીને દિવસે મહારુદ્રનો જે વડ છે તેની નીચે સભા કરી. મહારાજ પાટ ઉપર બિરાજ્યા. શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતા. મહારાજે કહ્યું : ''આજે ધર્મદેવનો જન્મદિવસ છે. ધર્મના અમે પુત્ર એટલે ધર્મ અમને વહાલા અને ધર્મને અમે વહાલા. ધર્મથી જગતની સ્થિતિ રહી છે, અધર્મમાં તેનો નાશ રહ્યો છે. અમારો જન્મ પણ ધર્મ પ્રવર્તાવવા માટે જ થયો છે. ભક્તિએ સહિત ધર્મ એ જ ભાગવત ધર્મ !'' પછી હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. મહારાજે સૌને આશીર્વાદ આપ્યા.

પ્રસંગ-૩૧ આ સત્સંગ દિવ્ય છે..

મહેમદાવાદમાં મહારાજ પુર બહાર ઊતર્યા. હરિભક્તો રસોઈની તજવીજમાં પડ્યા એટલે મહારાજે અહીં સભા કરી. સર્વે સંતો તથા હરિભક્તો આવી ગયા. મહારાજે તેમને સંબોધતાં કહ્યું : ''જેટલો સમય મળે એટલામાં જ્ઞાનવાર્તા સાંભળી લેવી. જેથી મન બીજા સંકલ્પો કરે નહીં. **આ સત્સંગ દિવ્ય છે, કારણ કે તેમાં ભગવાનનો સાક્ષાત્ સંબંધ છે.** માટે જેના અંતરમાં જેટલો સત્સંગ પ્રધાન હશે એટલું તેનું મન શુદ્ધ થઈ જશે અને તેના સૂક્ષ્મ દેહનાં અને સ્થૂળ દેહનાં પાપ બળી જશે. ભગવાનના સ્વરૂપની નિષ્ઠાને પ્રતાપે આ સિદ્ધિ થાય છે. તે સંબંધ દૃઢ રહે તો જ સત્સંગ કર્યો કહેવાય. બાકી સત્સંગને અર્થે 'અમે ઘણો ત્યાગ કર્યો છે; શીત, ઉષ્ણ સહન કરીએ છીએ અને વળી તમારું ભજન પણ કરીએ છક્ષએ,' એવા ભાવો કદાચ અંતરમાં હોય તો તે કાઢી નાખવા. ત્યાગની વાતમાં તો આગળ મોટા રાજવીઓ હતા, જેમનાં અંગ કોમળ હતાં, જેમની તહેનાતમાં ઘણા અનુચરો રહેતા હતા, તેમણે ભગવાનની પ્રાપ્તિ માટે જે ત્યાગ્યું છે, સહન કર્યું છે એવું આપણે હજુ કર્યું નથી. આપણા ત્યાગનો આવો ભાવ કદાચ અંતરમાં આવી જાય તો આવા મોટા રાજવીઓના ત્યાગનો વિચાર કરવો, નહીં તો આ પ્રકારનો સૂક્ષ્મ ભાવ પણ ભગવાનની પ્રસન્નતામાં બાધક નીવડશે.''

મહારાજની વાતનું લક્ષ્ય સભામાં બેઠેલા સંતો, હરિભક્તોના સંકલ્પો અને ભાવો ઉપર હતું. મહારાજ તેમને સદા એવી જાગ્રત દશામાં રાખવા માગત હતા કે પોતાના ગુણોનું માન કદી તેમના અંતરમાં પેસે જ નહીં. મહારાજને હજુ ઘણું કહેવું હતું. સભા મહારાજની વાત ચિત્રવત્ બની સાંભળી રહી હતી.

પ્રસંગ-૩૨ અમારું અક્ષરધામ અકલ્પ્ય છે..

મહારાજે કહ્યું : ''અનિર્દેશથી- અક્ષરધામમાંથી - ફક્ત તમારા કલ્યાણ માટે જ અમે અહીં પ્રગટ થયા છીએ. એ અમારું અક્ષરધામ અકલ્પ્ય છે. મનની ગતિ ત્યાં સુધી નથી ને વાણી પણ તે દિવ્ય ધામનું વર્ણન કરતાં વામણી બની જાય છે. એટલે અમારા હેતુ તરફ તમે લક્ષ રાખજો અને આ જગતની કોઈ વાસના અંતરમાં પેસવા દેશો નહીં. પુરુષને સ્ત્રીની અને સ્ત્રીને પુરુષની વાસના હશે, પુત્રની કે ધનની વાસના હશે તો બીજા અનેક જન્મમાં એ બધું જ મળી રહેશે, પણ તેમાં અમારો સંબંધ છૂટી જશે. માટે વિષયસુખની ઈચ્છા અંતરમાં રાખશો, તો અમારા સ્વરૂપનું તમને સ્વપ્નમાં પણ સુખ નહીં આવે અને આવી દિવ્ય પ્રાપ્તિ ગુમાવી દુઃખના દરિયામાં પડશો.'' આટલું કહી મહારાજ મૌન રહ્યા. મહારાજની વાણી વેધક હતી. સભામાં બેઠેલા ઘણા સંતો, હરિભક્તોના અંતરના સૂક્ષ્મ સંકલ્પો આ વાણી સાંભળી ઓસરી ગયા, અંતર નિર્મળ થઈ ગયું. તેમને લાગ્યું કે આ શબ્દો અક્ષરધામના છે, જગતમાંથી ઉખેડી ભગવાનમાં જોડવાના છે.

પ્રસંગ-૩૩ કથા વખતે જે વાતો કરે છે તે ભગવાનનો અનાદર કરે છે..

બીજે દિવસે પણ મહારાજે આ સ્થળે જ સભા કરી. સંધ્યા આરતી પછી કીર્તન, ધૂન થયાં. મહારાજ પોતે જ જોરથી તાળી વગાડી ધૂન કરતા હતા. કોઈ વાતો કરતા હોય તો તેમને ઠપકો આપી કહેતા કે સભામાં કીર્તન સમયે જે તેમાં ચિત્ત પરોવતા નથી અને વાતો કરે છે તે ભગવાનનો અનાદર કરે છે.

એવામાં એક વૃદ્ધ સાધુ મહારાજની પાસે આવતા હતા. બે સંતોએ તેમના હાથ પકડ્યા હતા. તેમની ઉંમર લગભગ એંશી વર્ષની હતી. સ્થિર ચાલી શકતા ન હતા. મહારાજે તેમને પાસે બોલાવ્યા. તેમણે મહારાજનો ચરણસ્પર્શ કર્યો. તેમને સંતોષ થઈ ગયો પરંતુ મહારાજને સંતોષ ન થયો. મહારાજે પોતાના અંત ઉપર ઓઢેલું વસ્ત્ર તેમને પહેરાવ્યું. માથા ઉપર પોતાની કસુંબલ પાઘ પહેરાવી, ફૂલના હાર પહેરાવ્યા. મહારાજ આટલું કરતાં બહુ જ પ્રસન્ન દેખાતા હતા.

પ્રસંગ-૩૪ હીરાબા પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતાં..

દાદાખાચરનાં બહેન પાંચુબાની નાની દીકરી હીરાબાને મંદવાડ આવ્યો. મંદવાડ ગંભીર હતો એટલે સૌ શોકાતુર બની ગયાં હતાં. મહારાજને આ સમાચાર મળ્યા. એટલે મહારાજ પાંચુબાના દક્ષિણાદા બારના ઓરડામાં પધાર્યા. ત્યાં સૌને ધીરજ આપી. મહારાજે કહ્યું : ''આ હીરાબા તેમના પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતાં. અમે વનવિચરણ દરમ્યાન તેને ઘેર ગયા હતા. તેમણે બહુ સેવા કરી હતી. તે પુણ્યના ફળસ્વરૂપે તેનો આ સત્સંગમાં તમારે ત્યાં જન્મ થયો. અમારી મૂર્તિનું સુખ લેવાની તેની ઈચ્છા હતી તે સુખ લીધું અને હવે ધામમાં જશે. માટે કોઈ શોક કરશો નહીં.'' એટલું કહીને મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા અને તરત જ હીરાબા ધામમાં પધાર્યાં. દરબારમાં સૌ રુદન કરવા લાગ્યાં.

✍ સદ્‌ગુરુઓ થકી પરંપરાગત એવી પણ વાત પ્રચલિત છે કે હીરાબા તેમના પૂર્વજન્મમાં હરજી ઠક્કરનાં માતુશ્રી જાનબાઈ હતાં. તેમને મહારાજને પોતાના હાથે રસોઈ કરી જમાડવાનો સંકલ્પ હતો, તેથી હીરાબા સ્વરૂપે જન્મ લીધો હતો.

પ્રસંગ-૩૫ આપરો ઉપદેશ એળે ગયો..

મહારાજે અક્ષર ઓરડીમાં બાઈઓનો રડવાનો અવાજ સાંભળ્યો એટલે બ્રહ્મચારીને પૂછ્યું : ''આ કોણ રુવે છે ?''

ત્યારે બ્રહ્મચારીએ ક્હ્યું : ''મહારાજ ! પાંચુબાના દીકરી હીરાબા ધામમાં ગયાં એટલે સૌ રડે છે.''

મહારાજે કહ્યું : ''એમને તો અમે અમારા અક્ષરધામમાં બેસાર્યાં છે, તો આવા મંગળ પ્રસંગે રોવાનું હોય કે આનંદ માણવાનો હોય ?'' એટલું કહીને મહારાજ ઉદાસ થઈ ગયા. તેમણે ક્હ્યું : ''બ્રહ્મચારી ! આપણો ઉપદેશ એળે ગયો.''

પ્રસંગ-૩૬ જ્ઞાનનો અંત છે સ્થિતિ..

દાદાખાચર ને મોટીબા સુધી આ વાત પહોંચી ગઈ. તેમણે તરત જ સૌને છાનાં રાખ્યાં. દાદાખાચર મહારાજ પાસે આવ્યા અને મહારાજની ક્ષમા માગી. મહારાજે તેમને કહ્યું : ''દાદા ! જ્ઞાનનો અંત છે સ્થિતિ ! એ સ્થિતિ થાય ત્યારે જગતમાં દેખાતું સર્વે નાશવંત છે એવું ભાસે. અમે આટલાં વર્ષો અહીં રહ્યા; અધરાત, મધરાત સુધી વાતો કરી; છતાં પ્રસંગ આવે જો જ્ઞાન કામમાં ન આવે તો પછી અમારો દાખડો અફળ ગયો છે એમ અમને લાગે છે.''

દાદાખાચરે કહ્યું : ''મહારાજ ! આપના શબ્દોની અસર તો અંતર સુધી થાય જ, પરંતુ આ લોકમાં છીએ એટલે દેહના ભાવ આવી જાય. તો આપ અમારી નબળાઈ તરફ ન જોતાં અમને આશીર્વાદ આપો, જેથી આપની રુચિ અનુસાર વર્તવાનું બળ મળે.''

મહારાજે આ સાંભળી થોડી હળવાશ અનુભવી.

પ્રસંગ-૩૭ હીરાબા ધામમાં ગયા તેથી મહારાજને પણ ભડકું આવ્યું..

બીજે દિવસે બ્રહ્મચારી મહારાજ માટે દરબારમાં થાળ લેવા ગયા ત્યારે થાળમાં ભડકું આવ્યું. થાળ ઢાંકેલો હતો એટલે બ્રહ્મચારીને કાંઈ ખબર પડી નહીં. પરંતુ અક્ષર ઓરડીમાં આવી મહારાજ પાસે થાળ મૂક્યો અને ઉપરનું વસ્ત્ર ઓઢ્યું ત્યારે ખબર પડી કે થાળમાં ફક્ત ભડકું જ છે. મહારાજે બ્રહ્મચારીને પૂછ્યું : ''બ્રહ્મચારી ! આ શું ?''

બ્રહ્મચારી પણ મૂંઝાયા. પછી તેમને યાદ આવી ગયું. તેમણે ક્હ્યું : ''મહારાજ ! હીરાબા ધામમાં ગયાં છે એટલે દરબારમાં સૌ શોક પાળતાં હશે. તેથી આ ભડકું થાળમાં આવ્યું છે.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''આવું કેટલા દિવસ ચાલશે ?''

બ્રહ્મચારીએ કહ્યું : ''મહારાજ ! તેર-ચૌદ દિવસ તો ખરું !''

મહારાજ મંદમંદ હસતા હતા. તેમણે કહ્યું : ''બ્રહ્મચારી ! પાંચુબાની દીકરી ધામમાં ગયા તેમાં આપણેય શોક પાળવાનો ? અને આવું ભડકું ખાવાનું ?'' બ્રહ્મચારી મૂંગા રહ્યા. મહારાજે તરત જ કહ્યું : ''બ્રહ્મચારી ! આપણે ચાલો સારંગપુર જઈએ. શોક હોય ત્યાં આપણે ન હોઈએ.''

બ્રહ્મચારીએ કહ્યું : ''પણ હમણાં તો આ જમી લ્યો. મરચાં અને મીંઢીઆવળના ગોળા ખાધા છે તેના કરતાં તો આ રૂડું છે. માટે જમી લ્યો, પછી જઈશું.''

મહારાજ હસ્યા : ''સારું ત્યારે. આપણે તો બધું સમ છે એટલે જમી લઈએ.'' એમ કહી મહારાજે તેમાં થોડું પાણી નાખ્યું અને જમી ગયા.

પ્રસંગ-૩૮ ભગત વધુ સુખિયા થયા..

જમ્યા પછી મહારાજ દરબારમાં પધાર્યા. પૂર્વાભિમુખના ઓરડાની ઓસરીમાં બિરાજ્યા. જીવુબા, લાડુબા, પાંચુબા, સૂરપ્રભાદેવી વગેરે મહારાજ પાસે આવ્યાં. એટલામાં એક બાઈ માથે ઘીનો ઘાડવો લઈને આવી. મહારાજ પાસે આવી ઘાડવો માથેથી ઉતારી મહારાજને પંચાંગ પ્રણામ કર્યા. એટલે મહારાજે કહ્યું : ''ઓહો ! આ તો નેનપુરથી આવ્યાં લાગે છે. દેવજી ભગતનાં ઘરવાળાં ને ?''

બાઈએ હસીને કહ્યું : ''હા, મહારાજ ! ભગતે આ ઘીનો ઘાડવો આપના સારુ મોકલ્યો છે.''

મહારાજે ઘાડવા તરફ દૃષ્ટિ કરી. પછી પૂછ્યું : ''ભગત મઝામાં તો છે ને ?''

એટલે બાઈએ કહ્યું : ''મહારાજ ! ભગત તો આપની દયાથી સુખિયા હતા અને વળી વધુ સુખિયા થયા છે.''

મહારાજને આ સાંભળી આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું : ''શું કાંઈ ભગતને લાધ્યું ?''

બાઈ આ સાંભળી હસી. તેણે તરત જ કહ્યું : ''મહારાજ ! આપ તો મળ્યા છો, પછી વળી બીજું શું લાધવાનું હતું ? પરંતુ દીકરો જુવાન હતો તેને આપની દયાથી નિરાવરણ દૃષ્ટિ હતી, એટલે આપનાં દર્શન નિત્યે થતાં. રોજ આપની લીલાની વાતો પણ કરતો. પણ પછી કુટુંબીએ બધશં તેને પરણાવવા માટે

પાછળ લાગ્યાં. એટલે ભગતને થયું કે જો એ સંસારની બેડીમાં બંધાશે તો તે આપનું સુખ લેતો આળસી જશે. એટલે ભગતે સંકલ્પ કર્યો કે તે આપના ધામમાં અખંડ આપની મૂર્તિનું સુખ લ્યે. ભગતના સંકલ્પે આપે તેને ધામમાં બેસારી દીધો. એટલે હવે અમારેય વહેવારની ઉપાધિ મટી અને હવે સુખે ભજન થશે.''

આ સાંભળી મહારાજ જીવુબા, લાડુબા તરફ જોવા લાગ્યા. મહારાજની આ દૃષ્ટિથી તેઓ સમજી ગયાં કે મહારાજ શું ઈચ્છે છે, શું સમજાવવા માગે છે.

મહારાજે તરત જ દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું : ''અરે ! આવડો જુવાન દીકરો ધામમાં જાય એવા તે કાંઈ સંકલ્પ થતા હશે ?''

''મહારાજ ! ઈ બધું હું કાંઈ જાણું નહીં. પણ ભગત કહેતા હતા કે મહારાજની મૂર્તિ મૂકીને આવી ઉપાધિમાં પડવું અને આપણેય વળી એવી પળોજણમાં પડી મૂર્તિ ભૂલી જઈએ તેના કરતાં આ શું ખોટું ? દીકરો ધામમાં ગયો એટલે તેની ક્રિયા કરી ભગત ખેતરે રહેવા ગયા અને મને અહીં આપની પાસે આ ઘાડવો લઈને મોકલી, એટલે કોઈ કાણમોકાણ કરવા આવે નહીં !'' બાઈએ કહ્યું.

મહારાજ બાઈના એક એક બોલ સાંભળતાં સાંભળતાં મંદમંદ હસતાં હસતાં ઘડીક લાડુબા, જીવુબા, પાંચુબા તરફ જોતા, ઘડીક દેવજી ભગતનાં ઘરવાળાં તરફ જોતા વાત સાંભળી રહ્યા હતા. મહારાજે ઘીના ઘાડવા ઉપર હાથ મૂકીને જીવુબા તથા પાંચુબાને કહ્યું : ''આ ઘાડવો હમણાં રાખી મૂકો, આપણે હીરાબાનો શોક ઉતારીએ પછી આનો ઉપયોગ કરજો.''

જીવુબા, લાડુબા, પાંચુબા બધાં જ મહારાજના શબ્દોનો મર્મ સમજી ગયાં. તેમની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. મહારાજ તેમની સામું જોઈ રહ્યા.

પછી જીવુબાએ ખોળો પાથરી માફી માગતાં કહ્યું : ''મહારાજ ! અમારો ગુનો માફ કરો. આપનો સંબંધ થયો, વાતો સાંભળી તોપણ અમારો દેહભાવ, મમત્વ વગેરે કાંઈ ટળ્યાં નથી.''

મહારાજે તેમને શાંત કરતા કહ્યું : ''એવું લાગે પણ બધું ટળી ગયું છે, માટે એવો શોક ન કરવો.''

એટલે પંચુબા બોલ્યા : ''મહારાજ ! નથી જ ટળ્યું અને જો ટળી ગયું હોત તો આપના થાળમાં ભડકું ન મૂક્ત.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''આપણે તો દેહે તે દેવે. એમાં ખોટું શું થયું ? જે તમે જમો તે અમારે જમવાનું ! વળી, વનમાં ક્યાં અમને કોઈ ભારે ભારે મેવા-મીઠાઈ જમાડતાં હતાં ? ફળ-ફૂલ ખાતા હતા અને પછી રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે પણ મરચાં અને મીંઢીયાવળના ગોળા ખાતા હતા. તેના કરતાં તો આ ભડકું સારું !''

''મહારાજ ! આપની એ મોટપ છે પરંતુ અમે તો આ દેવજી ભગત અને તેમનાં ઘરવાળાંનાં ચરણની રજ જેવાં પણ નથી. જુવાન દીકરો ધામમાં ગયો તોપણ અંતરમાં મૂર્તિનું સુખ લે છે અને અમારી પાંચ વરસની હીરુ ધામમાં ગઈ તેમાં અમે શોકમાં ડૂબી ગયાં !'' જીવુબા રડતાં રડતાં બોલ્યા.

મહારાજે તેમને શાંત કરતાં કહ્યું : ''મોટીબા ! તમારી સમજણ પણ ઉત્તમ છે. તમને દેવજી ભગતનો આટલો મહિમા સમજાયો છે તો તેમના જેવા ગુણ તમારામાં પણ આવશે. સંતો-હરિભક્તો જેમને અમારો સંબંધ છે, અમારા સ્વરૂપની નિષ્ઠા છે, તેમનો આવો મહિમા સમજાય તો એ ભાવથી આપણામાં રહેલા દોષ નીકળી જાય.''

પછી મહારાજે કહ્યું : ''હવે એ વાત મૂકો અને દેવજી ભગતનાં ઘરવાળાં લાંબો પંથ કરીને આવ્યા છે તેમને જમાડો.''

પ્રસંગ-૨૩ દેવજી ભગતને નિંદ્રા સામે આવીને ઊભી રહેશે અને પૂછશે.. પછી આવશે..

મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. મહારાજે સંતોને કહ્યું : ''નેનપુરના દેવજી ભગતનો જુવાન દીકરો ધામમાં ગયો. એટલે તેનાં ઘરવાળાં ઘીનો ઘાડવો લઈને અહીં રસોઈ દેવા આવ્યાં છે.''

આ સાંભળી નિષ્કુળાનંદ સ્વામીએ દિલગીર થતાં કહ્યું : ''અરે મહારાજ ! બહુ ખોટું થયું. દેવજી ભગતને આ અવસ્થાએ ભારે દુઃખ આવ્યું.''

''દુઃખ શાનું ? એટલે તો સંકલ્પ કર્યો હતો કે અમે દીકરાને ધામમાં તેડી જઈએ. એટલે અમારે તેને લઈ જવો પડ્યો.'' મહારાજે કહ્યું. બધા સંતો આશ્ચર્યવત્ મહારાજની વાત સાંભળી રહ્યા. મહારાજે બધી જ વાત વિગતવાર કહી.

નિષ્કુળાનંદ સ્વામીએ પછી કહ્યું : ''મહારાજ ! દેવજી ભગત તો ખરેખરા મુક્ત છે. અમે કૃપાનંદ સ્વામી સાથે નેનપુર ગયા હતા. રાત પડી ગઈહતી. તે વાળુની ગોઠવણમાં પડ્યા એટલે સ્વામીએ કહ્યું : 'ભગત ! રહેવા દ્યો અને આહીં બેસો. વાતો સાંભળો.' પછી સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને વાતો કરવાનું કહ્યું. એટલે સ્વામીએ વાતો શરૂ કરી. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં શબ્દો એકધાર્યા આવે જ જાય, ક્યાંય અટકે જ નહીં. વળી, શબ્દો પણ એવા ધારદાર, અંગ્રેજના લોઢા જેવા કે અણસમજણ, દોષો વગેરે કાપી જ નાંખે. એટલે દેવજી ભગત તો પલાંઠી વાળી, સ્થિર થઈને વાતો સાંભળવા લાગ્યા. આ અર્ધી રાત જેવું થઈ ગયું એટલે અમારી આંખ ઘેરાવા લાગી. તેથી મેં કહ્યું : 'ભગત ! તમે હવે થાક્યા હશો માટે ઘેર જાઓ અને આરામ કરો.' ત્યારે દેવજી ભગતે કહ્યું : ''સ્વામી ! હું તો અહીંથી ખેતરે જઈશ. ત્યાં જઈને ત્રણસો માળા ફેરવીશ. પછી નીંદર સામે આવીને ઊભી રહેશે અને પૂછશે, 'આવું ?' એટલે હું કહીશ કે 'ભલે, આવ હવે !' પછી સૂઈ જઈશ. પણ આપ લાંબો પથ કરીને આવ્યા છો તે થાક્યા હશો માટે હવે પોઢી જાઓ.''

પ્રસંગ-૨૪ દેવજી ભગતનું નામ અમે બોલીએ અને માળાનો મણકો ટપ પડે..

મહારાજ આ સાંભળી રહ્યા. પછી કહ્યું : ''અમને એક વખત આધોઈમાં લાધાજીએ પૂછ્યું હતું કે 'મહારાજ ! આપ કોની માળા ફેરવો છો !' એટલે અમે કહ્યું : 'અમે અમારા જે ખરેખરા ભક્તો છે તેમના નામની માળા ફેરવીએ છીએ.' આ દેવજી ભગત અમારી માળાના મણકામાં આવી ગયા. તેમનું નામ અમે બોલીએ અને માળાનો મણકો ટપ પડે.''

સંતો સાંભળી રહ્યા. મહારાજને ખરેખરા ભક્તોનો આવો મહિમા છે. મહારાજ પણ તેમની ભક્તિ કરે છે. એમાં એમુનં ભગવાનપણું છે.

પ્રસંગ-૨૫ આપણા સત્સંગનું મૂળ બ્રાહ્મણથી ચાલ્યું આવે છે..

શ્રીહરિએ રામદાસભાઈને કહ્યું : ''ભાઈ ! આપણા સત્સંગનું મૂળ બ્રાહ્મણથી ચાલ્યું છે. જેનું મૂળ ઉત્તમ હોય તે સંપ્રદાય ઉત્તમ કહેવાય. પરંતુ અજ્ઞાની જનોને આપણા સત્સંગના મૂળની પ્રતીતિ નથી આવતી. તેથી તમો જેટલું જાણતા હો તે કહો.''

રામદાસ સ્વામી વૃદ્ધ હતા, રામાનંદ સ્વામીના સમયના હતા. તેથી ગુરુ પરંપરાનું મૂળ સ્વામી રામાનંદ પાસેથી તેમણે જાણ્યું હતું. તેથી શ્રીહરિએ તેમને એ ગુરુપરંપરાનું મૂળ કહેવાનું કહ્યું.

પ્રસંગ-૨૬ લાડકીબાને સમાધિ થઈ.. સમાધિમાં પ્રકાશના મોજાં દેખાયાં..

મેઘપુરથી લાડકીબા મહારાજના દર્શને આવ્યાં. મેઘપુરમાં મૂળજી ભક્ત મરાયા ત્યારથી મહારાજ મેઘપુરમાં ગયા ન હતા, તેથી લાડકીબા આજુબાજુમાં મહારાજ જ્યાં જ્યાં પધારતા ત્યાં દર્શને જતાં. મહારાજ પ્રત્યેના અપાર પ્રેમને લઈને તેમની ઈન્દ્રિયો સદા મહારાજના સ્વરૂપમાં જોડાયેલી રહેતી. ગઢપુર આવ્યાં, મહારાજનાં દર્શન કર્યાં અને તરત જ તેને સમાધિ થઈ. સમાધિમાં તેને સમુદ્રમાં ભરતીનાં ભયંકર મોજાં આવે તેવાં પ્રકાશનાં મોજાં દેખાયાં. તેને સમુદ્રમાં ભરતીનાં ભયંકર મોજાં આવે તેવાં પ્રકાશનાં મોજાં દેખાયાં. વળી, જાણે હમણાં બ્રહ્માંડ ફાટી જશે એવા નાદના ગડગડાટ પણ સંભળાયા. આથી લાડકીબા સમાધિસ્થ અવસ્થામાં બોલવા લાગ્યાં : ''મહારાજ ! બળું છું, બળું છું. મને ઉગારો.''

તેના આ શબ્દો સાંભળી જીવુબા, લાડુબા અને અન્ય બાઈઓ ધ્રૂજી ગઈ. જીવુબાએ મહારાજને પૂછ્યું : ''મહારાજ ! આને શું થાય છે ?''

મહારાજે કહ્યું : ''જ્યારે ભગવાનનો ભક્ત જાગ્રત અવસ્થામાંથી સમાધિ અવસ્થામાં જાય છે, ત્યારે જો તેને આત્મામાં સ્થિતિ ન થઈ હોય તો અવકાશમાં અનંત બ્રહ્માંડો તથા ગ્રહોની ગતિને લઈને થતા નાદ સાંભળી અને પ્રકાશના મોજા જોઈ તે બી જાય છે. અર્જુન જેવા શૂરવીર પુરુષ પણ વિશ્વરૂપ જોઈ શક્યા નહીં અને ભગવાનને પ્રાર્થના કરી કે તમારું સૌમ્ય મનુષ્ય સ્વરૂપ મને બતાવો. તો આ બીચારી લાડકીનું તે શું ગજું ?'' એટલું કહીને મહારાજે સમાધિસ્થ લાડકીબાને કહ્યું : 'તું સમાધિમાં જેમ જેમ ઊંચા સ્થાનકે ગતિ કરે છે, તેમ તેમ તે તે સ્થાનમાં તારું સ્વરૂપ તું જો અને આ લાડકીબા તારું નામ અને ભાટનો દેહ એ ભૂલી જા. તું આત્મા છે. તે આત્મા અછેદ્ય, અભેદ્ય છે. અગ્નિ તેને બાળી શકતો નથી, પાણી તેને પલાળી શકતું નથી.''

<u>લાડકીબાને તો કેવળ મહારાજની કૃપાથી જ જુદા જુદા લોકમાં સમાધિસ્થ અવસ્થામાં ગતિ થઈ હતી</u>, <u>પરંતુ આત્માના સ્વરૂપમાં સ્થિતિ થઈ ન હતી એટલે તેની આ બળતરા અને બીક મટ્યાં નહીં</u>. તેથી મહારાજે કહ્યું : ''<u>ભગવાનની કૃપાથી જેને સમાધિ થતી હોય તેને પણ આત્મજ્ઞાનની તો જરૂર પડે જ, નહીં તો સમાધિમાં આ પ્રકારના નાદ અને પ્રકાશથી તે બી જાય છે</u>.''

પ્રસંગ-૨૬ ગોપી ભટ્ટ શ્રીહરિના દર્શને.. સંપ્રદાયનું મૂળ સનાતન હોય તો સંપ્રદાય ટકે..

ગોપી ભટ્ટે મહારાજના કપાળમાં ચાંદલો કર્યો. મહારાજે પાતાનો સોનેરી રેંટો આપ્યો. ગોપી ભટ્ટ આ પ્રસાદીની પ્રાપ્તિથી પ્રસન્ન થયા.

રામદાસ સ્વામીની પણ હવે અવસ્થા થઈ હતી. એટલે તેમની રૂબરૂમાં ગોપી ભટ્ટ દ્વારા આત્માનંદ સ્વામીના ગુરુનું મૂળ મહારાજને પ્રગટ કરાવવું હતું. તેથી સંપ્રદાયની સનાતનતાનો સંપ્રદાયના અનુભવીઓને તેમજ તેમના દ્વારા નવા થતા શિષ્યોને ખ્યાલ આવે.

મહારાજે દાદાખાચરના દરબારમાં સભા કરી સૌને બોલાવ્યા.

મહારાજે સભામાં સૌને કહ્યું : ''સંપ્રદાયનું મૂળ જો સનાતન હોય તો જ તે સંપ્રદાય ટકે. એટલે આપણા સંપ્રદાયનું જે મૂળ છે તે સૌએ જાણવું જરૂરી છે. આ ગોપી ભટ્ટ આત્માનંદ સ્વામીના પુત્ર છે. તેમણે આત્માનંદ સ્વામી પાસેથી ઈતિહાસ જાણ્યો છે તો તે આપણને સૌને આજે એ ઈતિહાસ- આપણી ગુરુપરંપરા કહેશે.'' એમ કહીને મહારાજે ગોપી ભટ્ટને કહ્યું : ''ભટ્ટજી ! તમે તમારા પિતા આત્માનંદ સ્વામી પાસેથી જે જાણ્યું હોય તે અમને કહો.''

એટલે ગોપી ભટ્ટે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપ તો સાક્ષાત્ ભગવાન છો એટલે બધું જ જાણો છો..''

''પણ છતાં બીજાને જણાવવા માટે તમારે તે કહેવું પડે.'' મહારાજે કહ્યું.

ગોપી ભટ્ટે વાત શરૂ કરતાં કહ્યું : ''મને આત્માનંદ સ્વામીએ જે કહ્યું હતું તે અહીં કહું છું. આ વાત કોઈ જાણતું નથી.''

એટલું કહીને તેમણે વાત શરૂ કરી :

''દક્ષિણ ભારતમાં વિષ્ણુપરી ગામમાં એક પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેમનું નામ હતું કૃષ્ણશર્મા. તેને પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ પાડ્યું સોમશર્મા. સોમશર્મા શાસ્ત્રોના અભ્યાસ માટે નાસિકપુરીમાં આવ્યા. અહીં વેદશાસ્ત્રોમાં પારંગત અને ચારિત્ર્યશીલ એવા નીલકંઠ શાસ્ત્રીનો તેમને યોગ થયો. તેમની પાસે શાસ્ત્રોનો અભ્યાસ તેમણે કર્યો, પરંતુ શીખેલી બ્રહ્મવિદ્યા સિદ્ધ કરવા તેઓ સાચા બ્રહ્મનિષ્ઠ ગુરુની શોધમાં નીકળી પડ્યા.

પ્રસંગ-૨૭ સંપ્રદાયનું મૂળ ઉદ્ધવજી : તેમનાથી શરૂ થતી ગુરુપરંપરા..

''સોમશર્મા બદરિકાશ્રમમાં આવ્યા. અહીં અસ્ત્ર તીર્થમાં તેને શ્રીહરિનાં આયુધોનાં દર્શન થયાં. પછી ત્યાંથી નીકળી તે મેરુ તીર્થમાં ગયા. અહીં તેમને ઉદ્ધવજીનાં દર્શન થયાં. તેમની સાથે શુકદેવીજી પણ હતા. ઉદ્ધવજીના શરણે થઈ તેમણે પ્રાર્થના કરી કે મને બ્રહ્મવિદ્યા ભણાવો. ઉદ્ધવજીએ તેમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત ભાગવત ધર્મનું રહસ્ય સમજાવ્યું. એ ધર્મ પૃથ્વી ઉપર પ્રવર્તાવવા માટે તેમને ભાગવતી દીક્ષા આપી આત્માનંદ સ્વામી નામ પાડ્યું.

''આ આત્માનંદ સ્વામીના શિષ્ય ગોવિંદમુનિ, તેમના શિષ્ય આનંદમુનિ, તેઓ પણ ખૂબ પ્રતાપી હતા. આનંદમુનિના શિષ્ય ગોપાળમુનિ, તેમના શિષ્ય આત્માનંદ સ્વામી. આત્માનંદ સ્વામી મારા પિતા અને તેમના શિષ્ય રામાનંદ સ્વામી જેમને આપે ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. ત્યાર પછીનો ઈતિહાસ તો સૌને વિદિત છે.''

ગોપી ભટ્ટની વાત સાંભળી મહારાજ પ્રસન્ન થયા. ગોપી ભટ્ટે કહ્યું : ''રામાનંદ સ્વામીની ગુરુપરંપરા ઉદ્ધવજીથી શરૂ થાય છે તેથી આ સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાય તરીકે ઓળખાયો.''

મહારાજે ગોપી ભટ્ટને વસ્ત્રો, અલંકારો આપ્યાં અને એક અશ્વ પણ દાનમાં આપી રાજી કર્યા.

રેફરેન્સમાં પ્રસંગ :

શ્રીહરિએ આ હકીકત પોતે લખાવી છે તે મતલબનો પત્ર તેમણે જ લખાવ્યો હતો, તે ઉમરેઠના શ્રીહરિના શિષ્ય નરભેરામ માણેકજી દવે પાસે હતો, પત્ર તેમના વારસદારો પાસે આજે પણ હયાત છે. શ્રીહરિ તેમાં જણાવે છે. ''...સં. ૧૮૫૮ની સાલમાં કારતક સુદિ ૧૧ને દિવસે રામાનંદ સ્વામીએ અમને શીશ કરા. તે જે અમારા ગુરુ રામાનંદ સ્વામી તેમના ગુરુનું નામ આતમાનંદ સ્વામી ને તેમના ગુરુનું નામ ગોપાળાનંદ સ્વામી ને તેમના ગુરુનું નામ આનંદાનંદ સ્વામી ને તેમના ગુરુનું નામ આતમાનંદ સ્વામી ને તે આતમાનંદ સ્વામીને બદરિકાશ્રમને વીસે ઉદ્ધવનું દરશન સંવત ૧૪૮૫ની જેઠ સુદિ ૧૧ને દિવસે થયું ને તે આતમાનંદ સ્વામી ઉદ્ધવના શીશ થયા..''

મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને પ્રશ્ન પૂછ્યો કે ''હે મહારાજ ! એ વાસના શો ઉપાય કરે તો ટળે ?''

શ્રીહરિ અક્ષરધામની પ્રાપ્તિનું સાધન બતાવતા કહ્યું : ''ભગવાનનો અપરિમિત મહિમા, આત્મનિષ્ઠાની દૃઢતા અને પંચવિષયનું તુચ્છપણું- આ ત્રણ જેનામાં હોય તો તેની વાસના ટળે.''

પ્રસંગ-૨૮ જીવાખાચરનો ત્રાસ..

મહારાજના મુખ ઉપર ચિંતાના, દુઃખના ભાવ હતા.

એટલામાં મેઘજી અને હસન ત્યાં આવ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! ગજબ થઈ ગયો ! લક્ષ્મીવાડીમાં આપણો આખો શેરડીનો વાઢ કોઈએ સળગાવી દીધો છે. અમે હમણાં જ જોઈને આવ્યા. બધું ભડકે બળે છે.''

આ વાત સાંભળી મહારાજની આંખો લાલ થઈ ગઈ. તેઓ એકદમ ઊભા થઈ ગયા. તેમણે એક હાથની હથેળીમાં બીજા હાથની મુક્કી જોરથી મારતાં કહ્યું : ''બાપુ જીવાખાચરને અમારે નૃસિંહ સ્વરૂપ બતાવવું પડશે. તેમણે અમારી સેવા કરી છે તે સેવાનાં પુણ્ય અમને આડાં આવતા હતા. પણ આજે અમારા પરમ ભક્ત દાદાખાચરના દ્રોહથી એ પુણ્ય બળી ગયા. જીવાખાચરના સત્સંગના સંસ્કાર પરવારી બેઠા છે.'' એટલું કહ્યું ત્યાં તો સોમબા ફુઈ, સારંગપુરના જીવાખાચર, સોમલોખાચર અને બીજા પાર્ષદો આવી ગયા. તેમણે કહ્યું : ''મહારાજ ! દરબારગઢની ડેલીએ કાઠીઓ તથા આરબોનું ટોળું હોક્કારા ને પડકારા કરે છે માટે ઝટ હુકમ કરો.''

પ્રસંગ-૨૯ મહારાજના શરીરમાં તાવ આવે છે.. દેહ રહે તેવું લાગતું નથી..

આ વખતે વૈશાખ-જેઠતો તાપ આકરો હતો. સૂર્ય જાણે પ્રલયના અગ્નિ જેવો તપતો હતો. તેથી મહારાજ અક્ષર ઓરડીની બહાર નીકળ્યા નહીં. અક્ષર ઓરડીનાં બારણાં અને બારીઓ ઉપર વીરણના પડદા ગોઠવી દીધા હતા. તેના ઉપર પાર્ષદો પાણી છાંટીને ભીના રાખતા હતા એટલે અંદર ઠંડક રહેતી.

જેઠ સુદ બારસના દિવસે મહારાજની અસ્વસ્થતા વધી ગઈ. મહારાજની અકળામણ જોઈ સેવકો અને સંતો પણ અકળાયા. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. મુક્તાનંદ સ્વામીએ મહારાજના કપાળ ઉપર હાથ મૂક્યો. ધગેલ લોઢીના જેવો તાપ મહારાજના કપાળ ઉપર જણાયો. સ્વામી મહારાજની આ પ્રકૃતિથી એકદમ ઢીલા થઈ ગયા. બ્રહ્મમુનિ પણ પોતાની અખૂટ ધીરજ સાચવી શક્યા નહીં.

એટલામાં મહારાજે કહ્યું : ''સ્વામી ! હવે દેહ રહે એવું લાગતું નથી. આ જેઠ તપે છે તેમાં કપરા કાળની આગાહી છે. ઘણાના પ્રાણ લેશે.''

''પણ મહારાજ ! આપની પાસે તો કાળનું કાંઈ ચાલતું નથી. આપ શા માટે ઉદાસ થાઓ છો ?'' સ્વામીએ વિનંતી કરતાં કહ્યું. પરંતુ મહારાજ કાંઈ બોલ્યા નહીં. એટલે સંતો સૌ સ્વામિનારાયણની ધૂન કરવા લાગ્યા. મહારાજ પડખું ફરીને પોઢી ગયા. ધીરે ધીરે સૌ સંતો બહાર નીકળી ગયા.

એ દિવસે એકાએક મહારાજને ઝાડા ઊલટી થવા લાગ્યાં. પેટમાં પાણી પણ ટકે નહીં અને ઝાડા પણ બંધ થાય નહીં. આ અચાનક ઉપાધિથી સૌ મૂંઝાયા. મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામી પાસેથી વૈદું શીખ્યા હતા. તેમણે ગોળીઓ આપી પણ મહારાજે તે ફેંકી દીધી. એટલે સ્વામી મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપની આ પ્રકારની ઉદાસીનતાથી સત્સંગ આખો વીંખાઈ જશે અને અસુરોનું જોર વધી જશે. મુમુક્ષુઓ બીચારા રખડી પડશે.'' મહારાજે કાંઈ જ જવાબ ન આપ્યો. મહારાજ એવાં ચરિત્રો કરવા લાગ્યા કે સૌ મૂંઝાયા, કેટલાકને મનુષ્યભાવ પણ આવવા લાગ્યો.

સેવામાં મુકુન્દવર્ણી હતા તેમને મહારાજે કહ્યું : ''અમારી સેવામાં તમે નિર્ગુણાનંદ, વૈષ્ણવાનંદ, નિત્યાનંદ, શુકાનંદ અને નિષ્કુળાનંદ આટલા રહેજો. બીજાને આવવા દેશો નહીં. તેમને અમારી ક્રિયામાં મનુષ્યભાવ આવશે.''

મહારાજને તાપ ખૂબ જ લાગતો. શરીરમાં તાવ પણ રહેતો, છતાં શરીરે ભીનાં કપડાં વીંટળાવી રાખતા. સુકાઈ જાય તો પાણીમાં પલાળી ભીનાં કરાવતા. એક દિવસે નિત્યાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! અહીં તાપ બહુ જ લાગે છે. ક્યાંય બીજે રહેવાની વ્યવસ્થા કરો.'' તરત નિત્યાનંદ સ્વામીએ દાદાખાચરને વાત કરી.

દાદાખાચરના દરબારની પાછળ ખુલ્લી જમીન હતી. ત્યાં વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું. એટલામાં મહારાજે ફરી નિત્યાનંદ સ્વામીને કહ્યું : ''દાદાના દરબારની પાછળની જમીનમાં લીંબડાની ઘટા છે ત્યાં રહેવાનું ગોઠવો. ઘેલા નદીનું પાણી ત્યાં સુધી આવે તેમ તેનું વહેણ બદલાવી નાંખો.''

આ સાંભળી સ્વામી પણ મૂંઝાયા. મહારાજના આ શબ્દો કેવળ તેમની અસ્વસ્થતાના ન હતા પરંતુ ગંભીર માંદગીના સૂચક હતા. તેમણે લીંબડાની નીચે મહારાજનો ઢોલિયો ઢળાવ્યો. આજુબાજુ જાડાં કપડાં બાંધી દીધા. ઘેલા નદીની રેતી લાવી ચારે તરફ ઢગલો કર્યો. તેના ઉપર પાણી અખંડ પડે અને રેતી ભીની રહે એવી ગોઠવણ કરી. વીરણના વીંઝણા મંગાવ્યા. તે ભીંજાવીને વારાફરતી સેવામાં રહેલા સંતો મહારાજને પવન નાખે તેવી ગોઠવણ કરી દીધી.

આ વ્યવસ્થા થઈ એટલે મુકુંદાનંદ વર્ણી મહારાજને તેડીને ત્યાં લઈ આવ્યા. મહારાજે ફક્ત એક કૌપીન જ પહેરી હતી. મહારાજને ઢોલિયામાં સુવાડ્યા. શરીર ઉપર ભીનાં વસ્ત્રો વીંટાળી દીધાં. એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજના અંગમાં તાવ છે તેથી આખો વખત ભીનાં કપડા શરીર ઉપર વીંટાળી રાખવાથી શરદી થઈ જશે. માટે થોડી થોડી વારે કાઢી નાખતા જાઓ.''

મહારાજ તે સાંભળી બોલ્યા : ''અમે તાવને ગાંઠીએ એવા નથી.''

પ્રસંગ-૩૦ કામ બહુ મોટું છે ને શરીર હવે અર્ધું થઈ ગયું છે..

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામીને હિંમત આવી. તેમણે કહ્યું : ''તો પછી આ ટૂંટિયાને કેમ પેસવા દીધું ?''

ત્યારે મહારાજે કહ્યું : ''તેનાં પરાક્રમ જોવા. તે જેના શરીરમાં પેસે તેની નાડીઓ તૂટે, લોહીનું પાણી થઈ જાય.'' એટલું કહીને મહારાજ અટક્યા. તેમને એકદમ ઊલટી થઈ અને સાથે ઝાડા પણ થયા. મહારાજ ઢોલિયામાં આળોટવા લાગ્યા. બંને હાથ પછાડવા લાગ્યા. આજુબાજુ મળના છાંટા ઊડતા હતા. પણ સંતો ધીરજથી મહારાજની સેવા કરવા લાગ્યા. મહારાજની આ પ્રકારની ગંભીર માંદગીથી સૌ ગંભીર થઈ ગયા. એટલામાં મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! હવે દેહ નહીં રહે. દેહ રાખવાનો પ્રયત્ન પણ કરવો નથી.''

એટલે બ્રહ્માનંદ સ્વામી રડતા રડતા બોલ્યા : ''મહારાજ ! ધામમાં પધારશો તોપણ ત્યાંથી પાછા લાવીશું, પણ જવા તો નહીં જ દઈએ. સત્સંગનાં મૂળ દૃઢ કરવાના સંકલ્પ કર્યા છે તે અમને સૌને છેતરવા કર્યા છે ?''

''સ્વામી ! એ થતાં થઈ ગયું, પણ કામ બહુ મોટું છે અને શરીર હવે અર્ધું થઈ ગયું છે. હવે હિંમત રહેતી નથી.'' મહારાજે ધીરેથી કહ્યું.

સંતોએ મહારાજનું શરીર સાફ કર્યું. મુક્તાનંદ સ્વામી પણ વરિયાળી ચોળી તેમાં ખાંડ નાંખીને લઈ આવ્યા. મહારાજને ઝાડા-ઊલટી મોળા પડે એટલે તેમાં એક ગોળી પણ તેમણે નાખી હતી.

મહારાજ પાસે પ્યાલો લાવ્યા ત્યારે મહારાજે પૂછ્યું : ''શું છે ?''

સ્વામીએ કહ્યું : ''વરિયાળીનું પાણી છે. પી જાઓ એટલે ઠંડક થઈ જાય.''

''અંદર ગોળી નાખી છે તે કાઢી નાખો.'' મહારાજે તરત જ કહ્યું.

સ્વામી આ સાંભળી લાચાર બની ગયા. તેમણે રડતાં રડતાં કહ્યું : ''મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશું. સત્સંગની પ્રથા બાંધવાનો અમારો હવે કોઈ આગ્રહ નથી. અમારે તો આપ દેહ રાખો, સ્વસ્થ થઈ જાઓ અને વર્તમાનકાળે ભક્તોને સુખ આપો તેવી જ ઈચ્છા છે.''

''તો ભવિષ્યના સત્સંગનું શું ? કલ્યાણનો માર્ગ સાવ બંધ કરી દેવો છે ?'' મહારાજે ધ્રૂજતાં ધ્રૂજતાં પૂછ્યું. તેમની આંખોમાં અગ્નિ હતો.

નિત્યાનંદ સ્વામીએ તરત જ કહ્યું : ''હવે કોઈ કાંઈ બોલશો નહીં. એમને આરામ કરવા દ્યો.''

એટલે મહારાજ તરત જ બોલ્યા : ''સ્વામી ! આરામ તો આપણે સાલેમાળના ડુંગરામાં જઈને કરવો છે. અમારી ગાડી ત્યાં લઈ જાવ. ભવિષ્યના સત્સંગનો વિચાર ત્યાં જઈને કરીશું.''

આ સાંભળી બધા શાંત થઈ ગયા. કોઈ કાંઈ બોલ્યું નહીં. મહારાજ પણ સૂનમૂન બની ગયા. વીરણના વીંઝણાના ઠંડા પવનથી મહારાજની આંખ ઘેરાવા લાગી એટલે સૌ આજુબાજુ બેસી ગયા. બહાર પાર્ષદો મહારાજના તંબૂની આજુબાજુ ચકલું પણ ન ફરકે તેનું ધ્યાન રાખતા હતા. જીવુબા, લાડુબા, દાદાખાચર તેમજ સત્સંગીઓ તમામ મહારાજની આ માંદગીથી ઉદાસ થઈ ગયા હતા. કોઈએ અન્ન લીધું ન હતું. સૌ અખંડ માળા ફેરવતાં હતાં. મહારાજના તંબુ પાસેની રેતી ભીની રહે અને મહારાજને ઠંડક રહે તે માટે ભક્તો પાણી રેડતા હતા. બહેનો ઘેલામાંથી પાણીની હેલો લઈ આવતી હતી. સૌનું ચિત્ત મહારાજના સ્વરૂપમાં ચોંટી ગયું હતું. ભૂખ-તરસ બધું જ વિસરાઈ ગયું હતુ.

પ્રસંગ-૩૧ જેને સભામાં ઊંઘ આવે તેણે સભાની પાછળ જઈ ઊભા રહેવું..

ભીમ એકાદશીના ઉત્સવને દિવસે મહારાજે સવારે સભા કરી. સંતો પાસે ગરબીનાં પદો ગવરાવ્યાં. મોટેરા સંતોએ વાતો પણ કરી. મહારાજે સૌને આદેશ આપ્યો હતો કે ''જેને સભામાં ઊંઘ આવે તેણે સભાની પાછળ જઈ ઊભા રહેવું. તેમ છતાં ઊંઘ આવે તોદસ દંડવત્ કરવા અને તોપણ ઊંગ આવે તો ઉન્મત્ત ગંગામાં જઈ સ્નાન કરી આવવું. જો એમ કરતાં પણ ઊંઘ હઠે જ નહીં, તો સભામાં ન આવવું. પણ સભામાં આવીને તો ઊંઘવું નહીં જ.''

લીંબડો છે કડવો, પણ રોગ કાઢે તેવો..

મહારાજે લિંબતરુ નીચે સભા કરી. મહારાજે કહ્યું : ''લીંબડો છે કડવો પણ રોગ કાઢે તેવો છે. તેથી અમને તે બહુ જ પ્રિય છે. અમારા વચન પણ લીમડાના રસની પેઠે કડવાં છે, તે પાળવા કઠણ છે, પણ દેહ મૂક્યા પછી તે અક્ષરધામનું સુખ આપે તેવાં છે. પરંતુ જે અમારાં વચન લોપીને વિષયસુખ ભોગવે છે, તે સુખ હમણા તો તેમને સાકર જેવાં મીઠાં લાગે છે પણ ભવરોગ કાઢી શક્તાં નથી અને દેહ મૂક્યા પછી ઘોરતમ નરકની યાતના ભોગવાવે છે.''

પ્રસંગ-૩૨ વેદરસનો ગ્રંથ રચવાની આજ્ઞા..

તે વખતે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! આષાઢ બેઠો છે. આપની તબિયત બરોબર રહેતી નથી તો આપ થોડો સમય ગઢપુરમાં જ રહો અને અહીં રહીને, સંતો શુદ્ધ વર્તે તે માટે આપણે જે પંચવ્રતનો પ્રબંધ કર્યો છે તે ઉપર અમે એક મોટો પત્ર લખ્યો છે. તેના આકારે એક ગ્રંથ ચોપાઈ છંદમાં તમો તૈયાર કરે. તે ગ્રંથને 'વેદ રહસ્ય'નું નામ આપજો.''

મુક્તાનંદ સ્વામી મહારાજની રુચિ સમજી ગયા.

આજ્ઞા પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ મહારાજે લખાવેલ પત્ર ઉપરથી ચોપાઈ છંદમાં ગ્રંથ તૈયાર કર્યો. તેઓ બોલતા અને સિદ્ધાનંદ સ્વામી લખતા.

પ્રસંગ-૩૩ સત્શાસ્ત્રોના શ્રવણથી જીવની જીવદશાનું પરિવર્તન..

મહારાજે જીવાખાચરને કહ્યું : ''બાપુ ! તમે અહીં રોકાવ અને પુરાણોની કથાનો લાભ લ્યો. સત્શાસ્ત્રોના શ્રવણનું બંધાણ થઈ જાય તો જીવની જીવદશા ટળી જાય અને સહેજે બ્રહ્મનો દેહ બંધાઈ જાય !''

મહારાજની આજ્ઞા સાંભળી બાપુએ તેમના મનના તમામ સંકલ્પો બંધ કરી દીધા. તેમની આવી સરળતા જોઈ મહારાજ પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : ''અંતરમાં ઉદ્‌ભવેલા શુભ સંકલ્પો પણ અમારા વચને બાપુએ ટાળી દીધા, તેથી તેમનું હૈયું ઠરીને હીમ જેવું થઈ ગયું. ભક્તોમાં આવી સરળતા હોય તો હૈયાના વલોપાત બંધ થઈ જાય અને અંતરમાં અખંડ શાંતિ વર્તે. અમને પણ ભીડો ઓછો પડે.''

જીવાખાચરનું ભક્તહૃદય, તેમની સરળતા, નમ્રતા તથા અંતરમાં કેવળ મહારાજ સિવાય અન્ય સંકલ્પોને હઠાવી દેવાનું આત્મવિચારનું બળ, આવા તેમના ગુણોથી સમગ્ર સત્સંગ પરિચિત હતો. મહારાજે જીવાખાચરને રોક્યા, તેથી દાદાખાચર તથા તેમના પરિવારને પણ અત્યંત આનંદ થયો.

મહારાજના શબ્દો સબીજ હતા. તેમની વાતમાં ભગવાનનો સંબંધ હતો. તે સંબંધથી જ કર્મમાત્ર નિર્ગુણ બની જતાં અને અન્ય લૌકિક કર્મની જેમ જીવને બંધનરૂપ થતાં નહીં. વિદ્વાનોને મહારાજની વાતનું રહસ્ય સમજાયું કે સાચો કર્મયોગ ભગવાન સંબંધી કર્મ કરવાં એ જ છે.

મહારાજને સંગ્રહ ગમતો નહીં. સંગ્રહમાં વિગ્રહ છે એવું તેઓ કહેતા. છતાં જેને જરૂરિયાત છે તેને પૂરતું મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવી, તેમાં જ સાચી માનવતા છે. વળી, બ્રાહ્મણો ભગવાનનું મુખ કહેવાય, તેથી તેમને જમાડવા, દક્ષિણા આપવી એ મહારાજને ગમતું.

પ્રસંગ-૩૪ અમદાવાદમાં પ્રથમ શિખરબદ્ધ મંદિર..

મહારાજે આનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ''સ્વામી ! તમો અમદાવાદ જાઓ અને આપણને અંગ્રેજ સરકાર તરફથી જે જગ્યા મળી છે તે ઉપર શિખરબદ્ધ મંદિર તૈયાર કરો. આપણે તેમાં નરનારાયણ દેવ પધરાવવા છે. આ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ તેમાં પ્રથમ નરનારાયણનો અવતાર થયો. પરંતુ

નરનારાયણ દેવને કોઈ નર-નારી જાણતાં નથી કે તે કેવા છે ? અમારે તેમને પ્રસિદ્ધ કરવા છે. ભરતખંડમાં તે મુખ્ય દેવ છે. તેમને અમારે ભરતખંડમાં સ્થાપવા છે.''

આનંદાનંદ સ્વામી મહારાજની આજ્ઞા સાંભળી રહ્યા. તેમણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા છે તેથી અમદાવાદ તો જાઉં પણ નાણાં વગર મંદિર કેમ કરવું ?''

મહારાજ તેમની મૂંઝવણ જોઈ હસ્યા. તેમણે કહ્યું : ''એ તો અમદાવાદના હરિભક્તો સેવા કરશે અને મંદિર થઈ જશે.''

પરંતુ આનંદ સ્વામીના મુખ ઉપર આ ખુલાસાથી કંઈ તાજગી દેખાણી નહીં. તેથી મહારાજે ત્યાં બેઠેલા ભગા દોશીને કહ્યું : ''શેઠ ! તમે તો બોટાદના નગરશેઠ છો. ભાવનગર રાજ્યના દરબારમાં તમારું સારું એવું માન છે. તમારી આ લોકની મોટાઈમાં અમારી ભક્તિથી પરલોકની મોટાઈ પણ ભળી છે. તમે ભક્તોમાં અગ્રેસર છો.''

મહારાજ એકધારું બોલ્યે જતા હતા તે સાંભળી ભગા દોશી હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! અમારા કાઠિયાવાડમાં એવો રિવાજ છે કે કોઈ કામ કઢાવવું હોય ત્યારે મોણ નાખીને વાતની શરૂઆત કરે. એટલે મારે આપને વિનંતી કરવાની કે આપને શી આજ્ઞા કરવાની છે તે કહો.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''વાણિયા ચતુર જાત કહેવાય એટલે થોડામાં સમજી ગયા. આપણે આનંદ સ્વામીને અમદાવાદ મંદિર કરવા મોકલીએ છીએ પણ તે નાણાં વગર મૂંઝાય છે. એટલે થોડાં નાણાંની સગવડતા હમણાં કરી આપો. પછી મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વખતે હરિભક્તો તરફથી ભેટ આવશે તેમાંથી તમારી રકમ ચૂકવી દેશું.''

પ્રસંગ-૩૫ ઋષિપંચમીના વ્રતનું રહસ્ય.. સ્ત્રીઓને રજસ્વલાનું નિયમ..

મહારાજ સારંગપુરમાં ઋષિપંચમી- ભાદરવા સુદ પાંચમ સુધી રોકાયા. ઋષિપંચમીના વ્રતનું રહસ્ય સમજાવતાં મહારાજે કહ્યું : ''આ વ્રત મુખ્યત્વે સ્ત્રીઓએ જ કરવાનું હોય છે. સ્ત્રીઓને તેમના રજસ્વલા સમય દરમ્યાન જે જે દોષ થયા હોય તેના નિવારણને અર્થે દર વર્ષે આ વ્રત કરવાની આપણા ઋષિમુનિઓની આજ્ઞા છે. સર્વ સ્ત્રીઓએ સપ્તર્ષિનું પૂજન કરીને આ વ્રત કરવાનું હોય છે. એ રીતે આ વ્રતના પાલનથી સ્ત્રીઓ રજસ્વલા સમયમાં થયેલા દોષોના પાપથી મુક્ત થઈ જાય છે તથા નિર્મળ અને ધર્મવતી બને છે.''

પ્રસંગ-૩૬ ચાર પ્રકારના પ્રલયની વાત..

રાત્રે પોતાના ઉતારામાં સંતો, હરિભક્તો બેઠા હતા તેમને નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય અને આત્યંતિક પ્રલયની વાત મહારાજે સમજાવી. પછી કહ્યું : ''આ પ્રકારના પ્રલયની વાત જો સમજાઈ જાય તો જીવમાં વૈરાગ્ય ઉદય થાય.''

આ સભામાં બરોળ ગામના ચારણ હરિભક્તનો અઢાર વર્ષનો પુત્ર મહારાજની આ વાત એકાગ્રચિત્તે સાંભળતો હતો. મહારાજ વાત કરતા કરતા તેના તરફ દૃષ્ટિ કરતા હતા. તેની સ્થિરવૃત્તિ જોઈ મહારાજ મનમાં બહુ જ પ્રસન્ન થયા. સભા મોડી રાત્રે પૂરી થઈ એટલે સૌ ઊઠ્યા. ચારણ હરિભક્ત પણ તેને ઉતારે બાવાખાચરના ભવનમાં ગયો.

અહીં રોજકા ગામના ગઢવી ઊતર્યા હતા. મોડી રાતની કથામાં તે આવી શક્યા ન હતા. પરંતુ ચારણ ભક્ત આવ્યો એટલે તે જાગી ગયા. તેણે તેને પૂછ્યું : ''આટલી મોડી રાત સુધી ક્યાં હતો ?''

ત્યારે તેણે કહ્યું : ''મહારાજના ભવનમાં સંતો, હરિભક્તોને મહારાજ વાત કરતા હતા તે સાંભળતો હતો. હમણા જ મહારાજે વાતો પૂરી કરી અને અમે સૌ વીખરાયા એટલે મોડુ થયું.''

ગજા ગઢવીને આ ચારણ ભક્તની શ્રદ્ધા જોઈ આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : ''મહારાજે શી વાતો કરી ?'' તે ચારણ ભક્તે તરત જ મહારાજે કરેલી ચાર પ્રકારની પ્રલયની વાત વિસ્તારથી કરી.

રાત્રીની નીરવ શાંતિમાં મહારાજના ભવનની પાછળ જ આવેલા આ ભવનમાં થતી વાતો મહારાજ પણ સાંભળવા લાગ્યા. મહારાજને થયું કે ચારણ હરિભક્તે એકાગ્રવૃત્તિથી વાતો સાંભળી છે. તેથી બધી વાત તેના અંતરમાં ઊતરી ગઈ છે. ગજા ગઢવીને ચાર પ્રકારના પ્રલયની વાત તેણે યથાર્થ સમજાવી.

બીજે દિવસે મહારાજ પાસે ગજા ગઢવી આવ્યા. તે વખતે મહારાજ સભામાં વાતો કરતા હતા. ગજા ગઢવીને જોઈ મહારાજે તેમને પૂછ્યું : ''ગઢવી ! રાત્રે તમને કોણ વાતું કરતું હતું ?''

ગજા ગઢવીએ પોતાની પાછળ બેઠેલા ચારણના છોકરાને બતાવીને કહ્યું : ''મહારાજ ! આપે કરેલી ચાર પ્રકારની વાત મને વિસ્તારથી આ છોકરો સમજાવતો હતો.''

આ સાંભળી મહારાજ પ્રસન્ન થયા. તેમણે તે ચારણના છોકરાને પોતાની પાસે બોલાવ્યો. તેને પાઘ બંધાવી, છાતીમાં ચરણારવિંદ આપ્યાં અને પાંચ રૂપિયા ભેટના આપ્યા. સભામાં બધા જ સંતો, હરિભક્તો મહારાજની આવી અતિ અપાર કરુણાનો ભાવ જોઈ ગદ્‌ગદ થઈ ગયા.

મહારાજે સભામાં વાત કરી : ''અમે ચાર પ્રકારના પ્રલયની જે વાત કરી હતી તે પ્રથમ તો સમજવી અઘરી હતી. સમજ્યા પછી તે યાદ રાખવાનું કાર્ય કપરું હતું અને યાદ કરે તોપણ યથાર્થ કહેતાં આવડે જ નહીં. પરંતુ આ છોકરે અમારી વાત એકાગ્રવૃત્તિથી, મનને બરોબર સ્થિર કરી, વાતમાં મન પરોવીને સાંભળી, તેથી જ તે ગજા ગઢવીને તે વાત સમજાવી શક્યો. અંતઃકરણની વૃત્તિઓ સ્થિર કરી કથામાં જો મન પરોવ્યું હોય તો જ આવી સૂક્ષ્મ વાત જીવમાં ઊતરે. એવી રીતે જે અમારી વાતો સાંભળે કે દર્શન કરે તે હરિભક્ત ઉપર અમને સહેજે જ હેત થાય છે.''

શ્રીજીમહારાજની પ્રસન્નતાનું રહસ્ય સભાજનો સમજી ગયા.

મહારાજ ઉપદેશમાં કહેતા કે ''ભગવાનનું સ્વરૂપ સદા દિવ્ય જ છે. પરંતુ મનુષ્યદેહ ધારણ કરે ત્યારે તેમની ક્રિયા મનુષ્ય સદશ જ હોય. અન્ય મનુષ્યોની સાથે એ પ્રકારનો સમાન ભાવ બતાવે ત્યારે જ મુમુક્ષુઓને તેમની સાથે હેત થાય, પ્રીતિ થાય. પછી તેમનાં ગુણ અને કાર્ય જોઈ ધીરે ધીરે તેમના સ્વરૂપમાં દિવ્યતા જણાય. અંતે જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે મનુષ્યરૂપ ભગવાન એ જ અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે એ ભાવ થાય.''

પ્રસંગ-૩૭ અંતે સ્વરૂપનિષ્ઠાની જીત થશે..

પ્રાગજી દવે સરળ હતા, વિશ્વાસુ હતા. તેથી તેમને મહારાજના સ્વરૂપની નિષ્ઠા અંતરમાં દઢ હતી. પરંતુ તેમના અંતરમાં સંસાર પ્રત્યે આસક્તિ હતી. ગૃહસ્થાશ્રમ માણવાની ઈચ્છા હતી. તેથી ઘણી વાર એવા વિચારોમાં તે ચડી જતા. તેમની રસના ઈન્દ્રિય પણ તીવ્ર હતી. સંસારના આ બે વિષમ વિષય તેમને વિહ્વળ બનાવી દેતા. મહારાજ ઘણી વાર રમૂજમાં ટકોર કરી દેતા, પરંતુ પુરાણીના અંતરમાં આસક્તિના આ ભાવ રૂઢ બની ગયા હતા. મહારાજ કહેતા : ''પુરાણીના અંતરમાં નિષ્ઠા પણ છે અને આ પ્રકારની આસક્તિ પણ છે. પરંતુ અંતે સ્વરૂપનિષ્ઠાની જીત થશે.''

મહારાજ માટે અહીં સુરતના હરિભક્ત જાદવજી છપ્પર પલંગ લાવ્યા હતા. તે ઉપર રેશમી ગાદલું બિછાવ્યું હતું. સફેદ ચાદર પાથરી હતી, સફેદ તકિયો ગોઠવ્યો હતો. લાલ મશરૂનાં ઢીચણિયાં મૂક્યા હતા અને પલંગની ચારેકોર સોનેરી કસબના સેજબંધ લટકતા હતા. આવો સુરતી ઠાઠ જોઈ મહારાજ પ્રસન્ન થયા. પછી બોલ્યા : ''પોતાનો રજોગુણ કાઢવો હોય તો ભગવાનને રજોગુણી ઠાઠ ધરાવવો. ભગવાન એ અંગીકાર કરે એટલે ભક્તના અંતરમાંથી રજોગુણના ભાવ તરત જ નીકળી જાય.'' એટલું કહીને મહારાજ પોતાના સ્વરૂપના જ્ઞાનના સિદ્ધાંતની ગહન વાત કરી.

પ્રસંગ-૩૮ આપ અંતર્ધાન થશો પછી મોક્ષની આ રીત ચાલુ રહેશે ?

હીરજીભાઈ મહારાજની વાત સાંભળી અત્યંત રાજી થઈ ગયા. તેમણે નક્કી કરી લીધું કે આવા દિવ્ય ઉત્સવોનો લાભ લઈ મહારાજનાં નવીન ચરિત્રોથી અંતર સભર બનાવી દેવું. તેમણે મહારાજને પૂછ્યું : ''મહારાજ ! આપની અપાર દયાનો અમે તો તાગ કાઢી શકીએ તેમ નથી. આપની એ દયાના ભાવથી જ અમે જીવી રહ્યા છીએ. આપ તો અંતર્યામી સ્વરૂપે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે વ્યાપીને રહ્યા છો અને અત્યારે મુમુક્ષુ જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થઈને પ્રગટ થયા છો. તેથી અમને સૌને આપના સ્વરૂપનું અમારા અંતરમાં સુખ આવે છે. આપના શરણે જે જે જીવો આવ્યા છે તેમનો આપે મોક્ષ કર્યો છે. પરંતુ મોક્ષની આ રીત આપ અંતર્ધાન થશો પછી પણ ચાલુ રહેશે કે કેમ ?''

હીરજીભાઈનો આ પ્રશ્ન મુદ્દાનો હતો. મહારાજને તે ગમ્યો. ગુરુપરંપરાથી જ સંપ્રદાય જીવંત રહે. તેમને થયું કે હીરજીભાઈ કચ્છના રાજ્યનું કારભારું કરે છે એટલે તેમનામાં વ્યાવહારિક બુદ્ધિ તો છે જ પરંતુ મોક્ષમાર્ગમાં પણ તેમની બુદ્ધિ પહોંચે છે.

મહારાજે કહ્યું : ''હીરજીભાઈ ! અત્યારે મોક્ષમાર્ગની જે રીત અમે ચલાવી છે, તે રીત ચાલુ રહે તો જ અમે પૃથ્વી ઉપર પ્રગટ થયા તે સાર્થક થયું કહેવાય. કલ્યાણનો માર્ગ અખંડિત ચાલુ રહેશે જ. એવા સમર્થ ગુરુ અમારા પછી પણ સત્સંગને જીવંત રાખશે. અમે અહીં આવી અક્ષરધામની વાટ વહેતી મૂકી છે. જો કલ્યાણની રીત ન સચવાય તો તે માર્ગ બંધ થઈ જાય. માટે અમારી બાંધેલી જે મર્યાદા તે અનુસાર જો જીવો વર્તશે અને મોક્ષના દ્વારરૂપ સંતમાં આત્મબુદ્ધિ કરશે તો બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી કલ્યાણની જે રીત અમે પ્રગટ કરી છે તે પરંપરાગત ચાલશે જ. અમે અમારા પ્રગટ સ્વરૂપની ઉપાસનાનો ઉપદેશ કરીએ છીએ તે ચાલુ રહેશે જ. પરંતુ અમારી બાંધેલી મર્યાદાની બહાર જે વર્તશે, તેનો મોક્ષ તો તે આ સત્સંગમાં હશે તોપણ નહીં જ થાય.''

એટલું કહીને મહારાજ અટક્યા. પછી ફરી બોલ્યા : ''હીરજીભાઈ ! આ સત્સંગમાં જેને પ્રતીતિ આવી છે અને મોટા સંત આગળ જે પોતાને તે સંતના ચરણની રજ તુલ્ય સમજતો હશે અને સંત, હરિભક્તોનો મહિમા સમજશે તો તે હરિભક્તનું કલ્યાણ જરૂર થશે. સત્સંગમાં ભગવાન પ્રગટ છે તેમ તેમના પરમ ભાગવત સંતના આશ્રયે મોક્ષ પણ પ્રગટ જ છે. માટે તેની ચિંતા તમે રાખશો નહીં.''

પ્રસંગ-૩૯ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર આવવાના છઃ હેતુ મુક્તાનંદ સ્વામીને સમજાવે છે..

મહારાજે બારણું બંધ કરાવ્યું અને ગોપાળાનંદ સ્વામીને અંદર બેસાડીને કહ્યું : ''સ્વામી ! અમે અક્ષરધામમાંથી અમારું અક્ષરધામ અને તમો બધા મુક્તોને લઈને અહીં આવ્યા છીએ તેનો હેતુ જાણો છો ?''

સ્વામીએ હાથ જોડીને કહ્યું : ''ના મહારાજ ! હું કાંઈ જ જાણતો નથક્ષ.''

ત્યારે મહારાજે કહ્યું : ''સાંભળો, અમે છ હેતુ લઈને આ પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે તમને આજે કહેવા માટે બોલાવ્યા છે. તે જાણીને તે પ્રમાણે સત્સંગમાં કાર્ય કરવા પ્રવૃત્ત જવાનું છે.''

આવી ખૂબ જ રહસ્યની વાત સાંભળી સ્વામી એકાગ્ર થઈ ગયા.

મહારાજ બોલવા લાગ્યા : ''સ્વામી ! સાંભળો,

૧. પહેલો હેતુ : અમારી સર્વોપરી ઉપાસના અને જ્ઞાન આ પૃથ્વી ઉપર પ્રવર્તાવવું.

૨. બીજો : પૂર્વે થયેલા અવતારોને તથા તેમના ભક્તોને અમારા સ્વરૂપનું જ્ઞાન કરાવી અક્ષરધામમાં લઈ જવા.

૩. ત્રીજો : આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવું.

૪. ચોથો : ભક્તિદેવી તથા ધર્મદેવને અમારી મૂર્તિનું સુખ દેવું.

૫. પાંચમો : આ લોકમાં તીર્થ, વ્રત, દાન, તપ વગેરે કરતા કેટલાક યોગભ્રષ્ટ જીવોને અમારો સંબંધ કરાવી અક્ષરધામમાં લઈ જવા.

૬. અને છઠ્ઠો હેતુ : અમારા ભક્તના સંબંધે અનંત જીવને અક્ષરધામમાં લઈ જવા.

આ છ હેતુઓ લઈને અમે અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે હેતુઓ આપણે સિદ્ધ કરવા છે.''

આ સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપના પ્રતાપથી થઈ જશે.''

એટલામાં નિષ્કુળાનંદ સ્વામી બારણું ઉઘાડી અંદર આવ્યા અને મહારાજને કહ્યું : ''મહારાજ ! આ વાત આજે સમજાણી. કડી મળી ગઈ !''

એટલે મહારાજે પૂછ્યું : ‘‘કઈ વાત ?’’

‘‘તમારા પુરુષોત્તમપણાની. બીજી વળી કઈ ?’’ સ્વામીએ તરત જ કહ્યું. પછી બોલ્યા : ‘‘હું જ્યારે રામાનંદ સ્વામી પાસે કચ્છમાં ગયો, ત્યારે તેમણે મને ઠપકો આપ્યો અને આપનાં દર્શન કરવા લોજ જવા આજ્ઞા કરી. ત્યારે મેં તેમને પૂછ્યું કે ‘વર્ણી એવા તે કેવા મોટા છે કે આપ મને એમનાં દર્શને મોકલો છો ?’’ ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું : ‘લાલજી ! તમને આજે નહીં મનાય, પરંતુ સર્વ અવતારના અવતારી સર્વોપરી પુરુષોત્તમ નારાયણ એ વર્ણી સ્વરૂપે પધાર્યા છે. અમારા જેવા અનંતની એમની પાસે ગણતરી નથી. ભવિષ્યમાં જ્યારે સમજાશે, ત્યારે તમે જ તેમનો મહિમા ગાવામાં ઝાલ્યા નહીં રહો.’’

મહારાજ અને ગોપાળાનંદ સ્વામી આ સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : ‘‘આ વાત સમજવી અને અંતરે ઉતારવી તે ઘણી કઠણ છે.’’

એટલે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : ‘‘મહારાજ ! ગુરુ રામાનંદ સ્વામીએ સમજાવ્યું અને આજે આપે સહી કરી દીધી. હવે સમજવું શું કઠણ છે ? અમારે કાંઈ ભડકો જોવો નથી. જેને મનાશે તેનાં ભાગ્ય જાગશે અને જેને નહીં મનાય તેનાં કરમ ફૂટ્યાં જાણવાં.’’

મહારાજ નિષ્કુળાનંદ સ્વામીની વાત સાંભળી ગંભીર થઈ ગયા. ‘‘સ્વામી ! પણ હજુ અમારું ભગવાનપણું જ લોકોને મનાતું નથી, ત્યાં આ સર્વોપરી વાત તો લોકોને માથે વીજળી પડ્યા જેવી લાગશે. માટે ધીરા રહીને જેને હેત હોય તેને કહેતા જવું.’’

✍ મહારાજને સરળતા ગમતી. અંદર અંદર હરિભક્તો એકબીજાનો મહિમા સમજે તે તેમને ગમતું. તે જ તેમને કરાવવું હતું. તે માટે જ તેઓ સમૈયા-ઉત્સવો કરતા, ભક્તોની ભક્તિની પ્રશંસા કરતા અને તેમનો મહિમા વધારતા.

પ્રસંગ-૪૦ વચનામૃતનો ગ્રંથ મહારાજ પ્રસાદીનો કરે છે..

માગશર સુદ ૩ને દિવસે શ્રીજીમહારાજ સૂરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. તે વખતે તે સમય સુધક્ષના મહારાજના વચનામૃતો ગ્રંથબદ્ધ કરી તે ગ્રંથ મહારાજ પાસે આવીને નિત્યાનંદ સ્વામીએ મહારાજને અર્પણ કર્યો. મહારાજે આખો ગ્રંથ ખૂબ જ ઝીણવટથી જોયો. પછી તે ગ્રંથ પોતાના મસ્તક ઉપર મૂકી તેના ગૌરવની, તેની પવિત્રતાની સૌને પ્રતીતિ કરાવી. આ રીતે વચનામૃતનો પ્રથમ ગ્રંથ શ્રીજીમહારાજે જોઈને પ્રસાદીભૂત કર્યો અને પ્રમાણિત પણ કર્યો.

શ્રીહરિ રોજ કથા કરનારા સંતોને પોતાની પ્રસાદીના હાર પહેરાવતા. તેમને પ્રોત્સાહન આપતા. શ્રીહરિ તેમને કહેતા : ‘‘**શાસ્ત્રોનો અભ્યાસ હશે તો તમારો સત્સંગ ટકશે અને તમારા દ્વારા સત્સંગની વૃદ્ધિ પણ થશે.**’’

✍ સત્સંગના પાયા અમે આમ ઊંડા નાંખ્યા છે. પૃથ્વીનું પટ રહેશે ત્યાં સુધી આ સત્સંગ સજીવ રહેશે અને સત્પુરુષ દ્વારા કલ્યાણનો માર્ગ સદાને માટે ચાલુ રહેશે.

પ્રસંગ-૪૧ ઈચ્છારામભાઈ લોયા આવે છે.. પહેલી વખત ધર્મકુળ મળે છે..

બ્રહ્માનંદ સ્વામીના શબ્દોથી મહારાજ એકદમ ઊઠ્યા અને બ્રહ્મમુનિને ભેટી પડ્યા. તેમણે કહ્યું : ‘‘મહારાજ ! આમને ભેટો. અમને તો આપ લાભ આપો છો, પણ આજ અઠ્ઠાવીસ વરસનાં વહાણાં વહી ગયા ત્યારે આ ભાઈને આપનાં દર્શન થયાં. તેમને ભેટો અને શાંતિ કરી દ્યો.’’

સૌની વિનંતીથી મહારાજ તરત જ ઈચ્છારામભાઈને ભેટ્યા. આ શાંતિકર દિવ્ય આશ્લેષથી ઈચ્છારામભાઈના ત્રિવિધ તાપ ટળી ગયા. પછી મહારાજે કહ્યું : ‘‘અણસાર ઉપરથી તો અમારા નાનાભાઈ હોય તેમ લાગે છે, છતાં અમારા કુટુંબની બધી વિગત કહે તો મનાય. કોણે તેમને અમારા સમાચાર આપ્યા ? ક્યાંથી આવ્યા ?’’

ઈચ્છારામભાઈએ કહ્યું : ‘‘હું, મોટાભાઈ તથા માયાજિતાનંદ સ્વામી જેમણે અમને આપના સમાચાર આપ્યા હતા.’’

પ્રસંગ-૪૨ ગાદીમાં હક કોનો ? વલ્લભાચાર્યજી કે વિઠ્ઠલનાથજીનો..

મહા સુદ પૂનમના ચંદ્રગ્રહણની રાત્રીએ મહારાજે સભા કરી. પોતે મંચ પર બિરાજ્યા. સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં. સંતો કીર્તનો ગાતા હતા ત્યાં મહારાજની દૃષ્ટિ, કાનમ દેશમાં સારિંગ ગામના વણિક હરિભક્ત સભામાં બેઠા હતા, તેમના ઉપર પડી. મહારાજે તેમને પૂછ્યું : ‘‘તમે પહેલાં વૈષ્ણવ સંપ્રદાયમાં હતા. તો વૈષ્ણવ સંપ્રદાયમાં મોક્ષ પ્રાપ્તિ કઈ રીતે તમને સમજાવી હતી ?’’

તે હરિભક્ત આ પ્રશ્ન સાંભળી બોલ્યા : ‘‘મહારાજ ! શ્રી વલ્લભાર્ચાયજીએ તેમજ તેમના પુત્ર વિઠ્ઠલનાથજીએ પ્રગટ શ્રીકૃષ્ણની ભક્તિથી જ મોક્ષ થાય તેવું કહ્યું છે. પરંતુ ત્યારબાદ એવી સમજણ એ મતમાં પેસી ગઈ કે વિઠ્ઠલનાથજીનો વંશ અને તેનો પરિવાર ગોલોકમાંથી જીવોનો મોક્ષ કરવા જ આવે છે તેથી તે બધા જ પુરુષોત્તમ કહેવાય, લાલજી કહેવાય. વિઠ્ઠલનાથજીએ સમય સમયનાં વ્રત અને ઉત્સવો બાંધ્યા છે તે પ્રમાણે લાલજી ઉત્સવો કરે, રંગે રમે, રાસ રમે. પણ તે બધું જીવોના મોક્ષ માટે કરે છે. તેથી તેમનામાં શ્રીકૃષ્ણનો ભાવ રાખી તેમની સર્વે ક્રિયા નિર્દોષ છે એવું સમજે તો મોક્ષ થાય.’’

મહારાજ તેમની વાત સાંભળી રહ્યા. જીવોના અજ્ઞાન ઉપર તેમને દયા આવી. પરમાત્માની ગાદી ઉપી બેસવાનું સૌને મન થાય છે, પરંતુ એ ગાદી ધર્મની છે. તેનું પાવિત્ર્ય સતત જળવાવું જ જોઈએ. જીવોને મોક્ષ માટે માર્ગદર્શન મળે તે માટે એ ગાદીની પ્રણાલી સ્થાપી હોય, છતાં તે પ્રણાલીના નિયમોનું પણ પાલન આવશ્યક છે. એ ગાદી કાંઈ સ્થાન નથી કે કેઈ હક્ક નથી; પરંતુ પરમાત્માના સ્વરૂપનું પ્રતિનિધિત્વ તેમાં રહ્યું છે. એ પ્રતિનિધિત્વ તેના સાચા સ્વરૂપમાં સચવાય તો એ ગાદી સાચી અને એ હક પણ સાચો. અળખળપૃ નર્ષૅ સ્રમઘળણપિળડ્ર એ ભાગવતના શબ્દો પણ આ જ અર્થના સૂચક છે. ભગવાન થકી જ ધર્મનું પ્રવર્તન થાય છે. એ ધર્મનો ભાવ સંપૂર્ણતઃ જેમનામાં હોય તેને જ આચાર્ય કહેવાય. પછી તે ગાદી ઉપર હોય કે ન હોય. મહત્તા ગુણમાં છે, ચારિત્ર્યમાં છે, ભગવાન સાથેના તાદાત્મ્યમાં છે, ગાદીમાં નથી.

✍ કસોટી એ આપણી ભક્તિને નાણવાનું ભગવાનનું સાધન છે.

પ્રસંગ-૪૩ હવેથી તિલક-ચાંદલો કરવાનું શરૂ કરો..

મહારાજે પંચાળામાં રંગોત્સવ ધામધૂમથી કર્યો. સૌ સંતોને રંગ્યા. પોતે પણ સંતોની, હરિભક્તોની ભક્તિથી રંગાયા. ભક્તિના રંગથી રંગાયેલા સંતો-હરિભક્તોના રંગ ઘેરા બને, કદી ઝાંખા ન થાય તે માટે સવાર-સાંજ ઝીણાભાઈના દરબારમાં કથાવાર્તા, પ્રશ્ન-ઉત્તર પણ કરતા.

મહારાજને લાગ્યું કે ભાગવત ધર્મનું પ્રસારણ થતું હતું. ઉપાધિના ઓળા હવે ઝાંખા પડી ગયા હતા. સંતો નિયમ-ધર્મમાં પણ કુશળ વર્તતા હતા. હવે બાહ્ય ચિહ્નો, સંપ્રદાયની વૈષ્ણવી છાપ વગેરે છતાં કરવાં જોઈએ. તેમણે ઝીણાભાઈને કહ્યું : ‘‘અહીં જે તળાવ છે તેની માટી ચંદન જેવી છે, તો તે મંગાવી આપો તો સંતોને તિલક કરવામાં ઉપયોગી થાય.’’

ઝીણાભાઈએ તરત જ સૂંડલા ભરીને માટી મંગાવી આપી. મહારાજે તેમાંથી સોપારી જેવડી ગોટીઓ કરાવી સંતોને વહેંચી અને કહ્યું : ‘‘હવે સૌ આપણાં વૈષ્ણવી ચિહ્નોની છાપો અંગમાં દેખાય તે પ્રમાણે તિલક-ચાંદલો કરવાનું શરૂ કરો.’’

બીજે દિવસે સવારમાં જ્યારે સંતો મહારાજ પાસે આવ્યા, ત્યારે મહારાજે તેમનાં કપાળ જોઈ પૂછ્યું : ‘‘તિલક ન કર્યાં ?’’

સંતોએ પૂછ્યું ; ‘‘મહારાજ ! તિલક શા વડે કરીએ ?’’

આ સાંભળી મહારાજને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : ‘‘કેમ કાલે તો સૌને એક એક ગોટી આપી હતી, તે ઘસીને તેનાથી તિલક કરવાનાં હતાં.’’

સંતો આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમણે કહ્યું : ‘‘મહારાજ ! અમે તો આપની પ્રસાદી જાણી તે ગોટી ખાઈ ગયા.’’

મહારાજ આ સાંભળી રહ્યા. તેમને થયું કે સંતો ભોળા છે, જગતનો કોઈ અંશ તેમનામાં નથી. તેમણે કહ્યું : ‘‘ભલે, હવે આજે બીજી વાર ગોટીઓ આપીશું. કાલથી બરોબર તિલક-ચાંદલા કરવાં. કપાળમાં, છાતીમાં અને બંને ભુજાઓમાં. આ આપણી વૈષ્ણવી છાપ !’’ એમ કહી સૌ સંતોને ફરી ગોટીઓ વહેંચી.

ત્રીજે દિવસે સૌ સંતો ધીરે ધીરે સભામાં આવવા લાગ્યા. મહારાજ સૌ સંતોનાં કપાળ નીરખી નીરખીને જોતા હતા અને મનમાં મંદમંદ હસતા હતા. મહારાજને હસતા જોઈ સંતોને મનમાં થયું : ફરી વળી કાંઈ ભૂલ તો નથી થઈ ને ! પણ કોઈ કાંઈ બોલ્યું નહીં.

એટલામાં મહારાજે હસતાં હસતાં કહ્યું : ‘‘ભેંસ ભડકી જાય તેવા તિલક કેમ કર્યાં ? કંઈક સરખું તિલક કરતાં શીખો.’’ સંતો કાંઈ સમજ્યા નહીં.

પ્રસંગ-૪૪ હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.

મહારાજે સૌ સંતોની પંક્તિ કરી તેમને વ્યવસ્થિત બેસાર્યા. તેમાંથી ગુણાતીતાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા. તેમના કપાળમાં મહારાજે તિલક કર્યું, વચ્ચે ચાંદલો કર્યો. પછી તેમને લઈ મહારાજ સંતોની પંક્તિમાં ફરવા લાગ્યા. સ્વામીનું કપાળ બતાવી સૌ સંતોને મહારાજે કહ્યું : ‘‘સંતો ! જુઓ અમારા તિલક !’’ એટલું કહીને પછી ફરી બોલ્યા : ‘‘સંતો ! સહુ સાંભળો, **હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.**’’ આમ કહી પોતાનો અને પોતાના વરિષ્ઠ સેવક શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા આ પ્રસંગે સૌને કહ્યો : ‘‘આવા સાધુ વાંસે લાખો માણસો ફરશે ત્યારે જાણીએ કે સત્સંગ થયો.’’

પરંતુ સ્વામી તો સેવક તરીકે જ મોટેરા સંતોના મંડળમાં અને અત્યારે મુક્તાનંદ સ્વામીના મંડળમાં સૌની સેવા કરતા હતા. કથાના સમયે કીર્તનો બોલતા અને ગુરુની આજ્ઞા હોય તો વાતો પણ કરતા. મહારાજે પોતાના સ્વરૂપની અને પોતાના અનન્ય સેવક મૂળ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના મહિમાની વાત વહેતી મૂકી દીધી. પરંતુ તેમના મનુષ્ય સ્વરૂપમાં તેમનો અતિ અપાર મહિમા સમજવો એ મનુષ્યના નાના મન માટે બહુ મોટી વાત હતી.

✍ રેફરેન્સનો પ્રસંગ :

મુનિબાવા મહાસમર્થ વિદ્વાન હતા. ષડદર્શનાચાર્ય, વેદાંતાચાર્ય અને વ્યાકરણાચાર્યની ઉપાધિ તેમણે પ્રાપ્ત કરી હતી. આબુમાં પચ્ચીસ વર્ષ મૌનવ્રત પાળીને તપશ્ચર્યા તેમણે કરી હતી. તેથી મુનિબાવાને નામે જાણીતા થયા હતા. સૂરતના અરદેશરજી કોટવાલ (કોતવાલ) તેમજ ત્યાંના તે સમયના નવાબ પણ તેમના શિષ્ય હતા. સ્વામિનારાયણ પ્રત્યે તેમને અણગમો હતો. તેથી બ્રહ્માનંદ સ્વામી મહારાજની આજ્ઞાથી તેમની પાસે છૂપા વેષમાં રહ્યા. ધીરે ધીરે મુનિબાવાને સ્વામીના ચારિત્ર્યથી, વિદ્વત્તાથી અને સાધુતાથી તેમનો ગુણ આવ્યો. પછી બ્રહ્માનંદ સ્વામીએ તેમને મહારાજનો મહિમા સમજાવ્યો અને પોતાની સાથે ગઢપુર લઈ આવ્યા. મહારાજનાં દર્શન કરાવ્યા. મહારાજના દર્શનથી તેમને તરત જ સમાધિ થઈ ગઈ અને પચ્ચીસ વર્ષના તપથી જે નહોતું સધાયું, તે અહીં એક ક્ષણમાં સધાઈ ગયું. ત્યારથી તેઓ મહારાજના અગ્રગણ્ય પરમહંસ તરીકે રહ્યા.

પ્રસંગ-૪૫ તેમના સાચા સંબંધી તો જેમના અંતરમાં ધર્મ અને ભક્તિ છે તે જ છે..

મહારાજના મુખ ઉપર ઉદાસીનતાના ભાવો જણાવા લાગ્યા. શરીરે મંદવાડ પણ દેખાયો. મોટેરા સંતોને મહારાજની ઉદાસીનતાનું કારણ સમજાયું નહીં. શું રામપ્રતાપભાઈના વિયોગથી મહારાજ ઉદાસ થયા હશે ? આમ વિચારતા તેમણે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : ‘‘સ્વામી ! આજકાલ મહારાજ ઉદાસ કેમ જણાય છે ?’’

મુક્તાનંદ સ્વામી પણ ઉદાસ દેખાતા હતા. તેમાં સંતોના આ પ્રશ્નોથી તેમની ઉદાસીનતા વધી. તેમણે કહ્યું : ‘‘મહારાજની ઉદાસીનતાનું કારણ હું જાણું છું. તેમને તો કોઈ સગા-સંબંધી છે જ નહીં. એટલે કોઈનાય વિયોગમાં મહારાજ ઉદાસ થઈ જાય તેવું તો કલ્પી પણ કેમ શકાય ?’’

મુક્તાનંદ સ્વામીના આ શબ્દોથી મોટેરા સંતોને તેમની ભૂલ સમજાણી. મહારાજના સ્વરૂપમાં આવા ભાવો દેખવા, તેથી તો તેમને મનુષ્ય જેવા જ જાણ્યા કહેવાય. મુક્તાનંદ સ્વામીએ વાત કરતાં કહ્યું : ‘‘મને અત્યારે રામાનંદ સ્વામીની વાત યાદ આવે છે. તેઓ કહેતા કે મહારાજ સ્વભાવે ત્યાગી જ છે. તેથી જો તેમના સંબંધીઓ તેમની ભેગા થશે, તો મહારાજ ઉદાસ થઈ જશે. ત્યાં સુધી તેઓ સંતો, હરિભક્તોને અપાર સુખ આપશે. પણ સંબંધીઓ આવશે એટલે ઉપર ઉપરથી સંતો, હરિભક્તોને બોલાવશે પણ અંતરમાં દેહત્યાગ કરવાની ભાવના તીવ્ર બની જશે. **તેમના સાચા સંબંધી તો જેમના અંતરમાં ધર્મ અને ભક્તિ છે તે જ છે.**’’

મુક્તાનંદ સ્વામીની આ વાત સાંભળી સૌ સંતો, હરિભક્તો પણ ઉદાસ થઈ ગયા. સૌ વિચારવા લાગ્યા કે હવે શું કરવું ? સંબંધીઓ તો હવે પાછા આવવાના જ અને મહારાજ તેમના સંકલ્પ પ્રમાણે ઉદાસ થઈ જશે, દેહત્યાગ કરી દેશે તો સમગ્ર સત્સંગની ઈમારત ભાંગીને ભુક્કો થઈ જશે. સૌએ વિચાર કર્યો. મહારાજ પાસે જઈ પ્રાર્થના કરી, ધર્મસંકટ આવ્યું છે તેનું નિવારણ કેમ કરવું તે ઉપાય મહારાજને જ પૂછવો. સંતો, હરિભક્તો સૌ જો ભક્તિમાં દૃઢ રહેશે, તો મહારાજ કદાપિ તેમનો ત્યાગ કરશે નહી.

ઝીણાભાઈના દરબારની પાછળ વાડામાં મહારાજ માટે ખાસ શમિયાણો બાંધ્યો હતો. મહારાજ ત્યાં જ રહેતા. રામપ્રતાપભાઈ પંચાળા આવ્યા પછી કથા પ્રસંગ સિવાય મહારાજ બહાર આવતા નહીં. આજે પણ મહારાજ શમિયાણામાં જ પલંગમાં પોઢ્યા હતા. એટલામાં મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો ત્યાં આવ્યા.

મહારાજ પોઢ્યા હતા. મહારાજના શરીરમાં ધ્રુજારી જોઈ મુક્તાનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. તેમના હાથનો સ્પર્શ કર્યો તો ધાણી ફૂટે એવો તાવ હતો. સ્વામીએ મહારાજની નાડી તપાસી. મહારાજના મંદવાડથી મુક્તાનંદ સ્વામીની આંખમાં આંસુ આવી ગયા અને એ અશ્રુનું એક ટીપું મહારાજના ગાલ ઉપર પડ્યું. મહારાજ ચમક્યા ! તેમણે સ્વામી સામું જોયું : ''સ્વામી ! તમે રડો છો કેમ ?''

સ્વામીએ આંખો લૂછતાં કહ્યું : ''મહારાજ ! આપની ઉદાસીનતા જોઈ કોણ ઉદાસ ન થાય ? આપનો વિષમજ્વર અમારાં કાળજાં ભાગી નાંખે છે.''

મહારાજે આ સાંભળી એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો. મુક્તાનંદ સ્વામી પણ એ જ ભાવમાં બોલતા હતા : ''મહારાજ ! આપ પરાત્પર પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પધાર્યા. પૃથ્વીના અધર્મ સર્ગનો નાશ કરી, એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. જગતે કદી ન જોયેલાં એવાં સ્ત્રી અને ધનના પાંચસો ત્યાગી બનાવી, સાધુઓ માટે એક શુદ્ધ આદર્શ સ્થાપી દીધો. આ બધું જ આપનું કાર્ય, આપ જો ઉદાસ થઈ જશો તો જગત ભૂલી જશે અને મુમુક્ષુ માટે કલ્યાણનો માર્ગ બંધ થઈ જશે.''

મહારાજ સાંભળતા હતા. તેમણે ધીરેથી પૂછ્યું : ''સ્વામી ! તો શું કરવું ?''

સ્વામીએ તરત જ કહ્યું : ''મહારાજ ! આ લોકમાં કોઈ સંન્યાસી મહાત્મા હોય છે તે પણ પોતાનો મઠ કે આશ્રમ બાંધી પોતાની સ્મૃતિ રાખી જાય છે અને આપ આપના પ્રાગટ્યની, આપના સ્વરૂપની શુદ્ધ ઉપાસનાની એવી કોઈ સ્મૃતિ રાખ્યા સિવાય આમ ઉદાસ થઈ જાઓ તેમાં સમગ્ર સત્સંગને તો ખોટ પડશે જ, પરંતુ સમગ્ર વિશ્વને પણ એ ખોટ ભવિષ્યમાં સાલશે. આપના કાર્યનું મૂલ્યાંકન કદાચ આજે લોકો નહીં કરી શકે, પરંતુ બસો વર્ષ પછી લોકોને સમજાશે કે પરાત્પર પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પધાર્યા હતા અને ભાગવત ધર્મનું સંસ્થાપન કર્યું હતું. થોડા દિવસ પહેલાં જ આપે આપનું તિલક બતાવીને સૌને કહ્યું હતું કે 'હું જેવો કોઈ ભગવાન નથી.' તો એ ભગવાનનો અણસાર ભવિષ્યની મુમુક્ષુ જનતાને આવવા દેવો છે કે નહીં ?''

મહારાજ હજુ સ્થિરતાથી સાંભળતા જ હતા. મુક્તાનંદ સ્વામી આટલા શબ્દો કહી મહારાજ સામું જોઈ રહ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! તમે જે કહ્યું તેનો મોટેરા સંતો મળી વિચાર કરો અને અમને કહો. તે પ્રમાણે અમે કરીશું.'' સૌ સંતોએ ત્રણ-ચાર દિવસ ભેગા મળી વિચાર કર્યો. મહારાજનો મંદવાડ પણ ઓછો થયો નહીં. મહારાજની અકળામણ સૌ સંતો સમજી ગયા હતા, પરંતુ હવે કોઈ છૂટકો ન હતો.

☙ આત્યંતિક કલ્યાણના સાધનમાં મહારાજે એક જ સાધન બતાવ્યું છે : પ્રગટ ભગવાનની ભક્તિ અને તેમના સ્વરૂપમાં ચિત્તની વૃત્તિ. આવો યોગ થાય ત્યારે એ ભક્તિ વૃદ્ધિ પામે, ચિત્તમાં નિર્મળતા આવે અને પ્રગટ પ્રભુના સ્વરૂપની દિવ્યતા વિશેષ ને વિશેષ સમજાય.

☙ અમે મંદવાડ ગ્રહણ કર્યો હતો, પરંતુ આ સંતોએ સંકલ્પ કર્યો તેથી વેદધર્મની પ્રતિષ્ઠા કરવા સાજા થયા. વેદપુરાણમાં કહેલા ધર્મોના વિકાસનું, તેની સ્થિરતાનું મૂળ મંદિરો છે. મંદિરો હશે, સાચા ત્યાગીઓ હશે અને જ્ઞાનવાર્તાનો ઉપદેશ હશે તો વેદપુરાણોમાં લખેલા ધર્મો સચવાશે. નહીં તો તે ધર્મો કેવળ ગ્રંથોમાં જ પુરાયેલા રહેશે. આપણે આ પ્રવૃત્તિ પણ હવે શરૂ કરવી જોઈએ.''

☙ માનવીનું ધાર્યું જો થતું હોય તો આ બ્રહ્માંડનું રાજ્ય લેવાના મનસૂબા તે કરે, પરંતુ ભગવાને પોતાના હાથમાં જ બધી દોરી રાખી છે. જ્યાં જેનું જેટલું ચાલવા દેવું હોય ત્યાં તેટલું જ ચાલવા દે.

પ્રસંગ-૪૬ આ વાત નિત્ય નવી ને નવી રાખજ્યો..

શ્રાવણી અમાસના દિવસે મહારાજ વાસુદેવ નારાયણના મંદિરની ઓસરીએ ચાકળા ઉપર બેઠાં બેઠાં વિચાર કરતા હતા. આજે સત્સંગની ધર્મધુરા સંભાળ્યાનો વીસ-વીસ વર્ષોનાં વહાણાં વાઈ ગયેલાં. આગળના અનંત અવતારો કરતાં પોતાનું અવતારી કાર્ય જુદું અને વિશેષ હતું. પોતે પોતાના પુરુષોત્તમ સ્વરૂપની જીવોને ઓળખ કરાવીને, મૂળ અજ્ઞાનનો નાશ કરી, અક્ષરધામની પ્રાપ્તિ કરાવવા પધાર્યા હતા. સત્સંગમાં આવીને છૂટે હાથે ઐશ્વર્ય વાપર્યું હતું. પોતાના પરસ્વરૂપની ઝાંખી અનેકવાર અનેકને કરાવી હતી. નિયમ-ધર્મની કસણીમાં સૌને રાખ્યા હતા અને શુદ્ધ એકાંતિક ધર્મની સિદ્ધિ માટેનો સંપૂર્ણ સાજ સર્વને ધરાવ્યો હતો. પૂર્વે કોઈએ પણ ન કર્યું હોય એવું અજોડ કાર્ય કર્યું હતું. છતાં હજી કેટલાકને પોતાના સર્વોપરી સ્વરૂપની પ્રતીતિ આવતી ન હતી. એથી આજે તો જેમ છે એમ સ્પષ્ટ વાત કહી જ દેવાનો મહારાજે નિશ્ચય કરી લીધો. કારણ કે જ્યાં સુધી આ વાત નહીં સમજાય ત્યાં સુધી જીવનો મોક્ષ થઈ શકે નહીં.

મહારાજ વિચારમાંથી જાગ્યા ને જોયું તો એમની સન્મુખ સંતો-હરિભક્તો બેસી ગયા હતા. સૌ મહારાજની ગંભીર મુખમુદ્રાની અંદરોઅંદર ચર્ચા કરી રહ્યા હતા. ત્યાં બે ભુજ ઊંચા ઉપાડીને મહારાજે વાત કરવાની શરૂઆત કરી :

''હે સંતો ! જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો, તે આગળ બેસો ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધારવા સારુ નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે : 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય.' તે સારુ કરીએ છીએ. અને આ જે વાત છે તે મારી દીઠેલ છે અને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે. અને તે એ વાત સભામાં કર્યા જેવી નથી તોપણ સભામાં કરીએ છીએ.''

આ સાંભળી સૌ સાવધાન થઈ ગયા. પછી મહારાજે પોતાને જેમ સહજ સ્વભાવે વર્તતું હતું એ વિષે વાત કરી. મહારાજના એક એક શબ્દ પાછળ સૌને મહારાજના જીવનની દિવ્યતા પરખાતી જતી હતી. મહારાજે ત્યારબાદ તેજોમય અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ છે તે અંગે વાત કરી કે ''જે તેજને વિષે મૂર્તિ છે, તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.''

અને અંતે મહારાજે આ વાતને નિત્ય નવી રાખવાની આજ્ઞા આપી સર્વને સાવધાની રાખવા ટકોર કરી : **''આ વાતને નિત્ય નવી ને નવી રાખજો. પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો, અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો. અને જે જે ભગવાનની વાત કરો, તેતે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે. અને આ જે અમે તમને વાત કહી તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે. અને અમે પ્રત્યક્ષ નજર જોઈને તમને આ વાત કહી છે. અને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય, તો અમને સર્વ પરમહંસના સમ છે.''**

મહારાજ ગંભીરતાપૂર્વક દરેક વાત પર ખૂબ વજન મૂકી વેણ ઉચ્ચારી રહ્યા હતા. છેલ્લે મહારાજને પોતાના પ્રાણથી પણ પ્યારા એવા પરમહંસોના સમ ખાતા સાંભળી સૌ આશ્ચર્યમાં પડી ગયા. બધાને સમજાયું કે મહારાજે જે વાત કરી એની કેટલી બધી અનિવાર્યતા અને મહત્તા છે ! સભામાં બેઠેલા સર્વ સંત-હરિભક્તોને મહારાજના પરસ્વરૂપની વિશેષ પ્રતીતિ દૃઢ થઈ.

🙞 શ્રીકૃષ્ણના સમયમાં ઋષિપત્નીએ ઉપર શ્રીકૃષ્ણની કૃપા ઊતરી તો તેમને શ્રીકૃષ્ણનું સ્વરૂપ ઓળખાયું. જ્યારે ઋષિઓને જ્ઞાનનું અહં હતું તેથી એ સ્વરૂપને તેઓ ઓળખી શક્યા નહિ.

રાજા કહેવાથી જેમ રાજા થવાતું નથી, તેમ અર્વે સૂસ્ત્રળાશ્નન કહેવાથી બ્રહ્મરૂપ થવાતું નથી. બ્રહ્મના સંબંધથી જ બ્રહ્મરૂપ થવાય છે.''

પ્રસંગ-૪૭ પુરાણોના બે પ્રકાર..

મહારાજની સન્નિધિમાં કથાશ્રવણના લાભથી સૌનું અંતર ઉત્સાહથી થનગની રહ્યું હતું.

મહારાજે કહ્યું : ''પુરાણો બે પ્રકારનાં છે. મહત્ અને લઘુ. મહત્ અઢાર છે. તેના કર્તા ભગવાન વેદવ્યાસ છે. લઘુ પુરાણ જેને ઉપપુરાણ પણ કહે છે તે પણ અઢાર છે. તે ઋષિમુનિઓએ બનાવ્યા છે. જ્યારે બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે જીવોના કલ્યાણ અર્થે તેમણે દેવની ઉત્પત્તિ કરી. સત્યુગમાં માત્ર એક જ વેદ હતો. તેમનું અર્થ સાથે સમગ્રપણે અધ્યયન કરાવવામાં આવતું. દ્વાપરમાં નારાયણના અવતારરૂપ દ્વૈપાયન મુનિએ એ વેદના ચાર વિભાગ કર્યા. દરેક વેદના જુદા જુદા આચાર્ય નીમ્યા. આ પ્રમાણે સરસ્વતી નદીના કિનારે શમ્યાપ્રાસ આશ્રમમાં રહી દ્વૈપાયન મુનિએ સર્વે રચના કરી. પરંતુ તે કર્યા પછી પણ તેમને અંતરમાં શાંતિ થઈ નહિ. તેથી નારાયણે નારદ મુનિને તેમની પાસે મોકલ્યા. તેમણે વ્યાસ મુનિને અશાંત મનોદશામાં બેઠેલા જોઈ કહ્યું : 'આપનો અવતાર જીવોનું કલ્યાણ કરવા માટે થયો છે. માટે વાસુદેવ ભગવાન તથા તેમના ભક્તોનાં યથોગાન ગાશો અને એવું પુરાણ રચશો ત્યારે તમારા અંતરમાં શાંતિ થશે.' નારદજીના આ વચન અનુસાર ભગવાન વેદવ્યાસે ત્યાર પછી શ્રીમદ્‌ભાગવત પુરાણની રચના કરી, જેમાં વેદ, શ્રુતિ, સ્મૃતિ અને સર્વે ઈતિહાસનો સાર મૂક્યો. તે પુરાણની કથા હવે આપણે સાંભળીએ.''

🙞 રેફરેન્સ પ્રસંગ : રાજબાઈ બળી તારી ચૂંદડી..

રાજબાઈને સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં ગઢડાના જીવાખાચરનાં સાળી તરીકે ઓળખાવ્યા છે, જ્યારે કેટલાક ગ્રંથોમાં તેમને જીવુબાની માસીની દીકરી બહેન તરીકે પણ ઓળખાવ્યાં છે. તેમણે મહારાજનાં પ્રથમ દર્શન ગઢપુરમાં કર્યાં અને તે ક્ષણથી જ તેમની વૃત્તિ મહારાજના સ્વરૂપમાં તણાઈ ગઈ હતી. ત્યાર પછી પુરુષમાત્ર તેમને ભાઈ-બાપ જેવા થઈ ગયા હતા. તેમનાં લગ્ન લીધાં અને સાસરેથી ચૂંદડી આવી ત્યારે તેમની માતાએ કહ્યું : ''રાજુ ! તારી ચૂંદડી આવી.'' એટલે રાજબાઈએ કહ્યું : ''બળી તારી ચૂંદડી.'' તરત જ ચૂંદડી ભડકો થઈને બળી ગઈ ! ત્યાર બાદ તેમનાં લગ્ન કર્યાં. પરંતુ પોતાને અખંડ બ્રહ્મચર્ય પાળવાની દૃઢ ઈચ્છા હતી તેથી મહારાજે તેમના દેહની રક્ષા કરી. તેમના સાસરિયાઓએ પણ તેમની ભક્તિમય સ્થિતિ જોઈ તેમને ગઢપુરમાં મહારાજ પાસે જવાની રજા આપી. તેમના સંબંધથી પાછળથી તેમના સાસરિયાઓને પણ સત્સંગ થયો.

🙞 અમારી દરેક ક્રિયામાં અમે અમારી મૂર્તિ આપીએ છીએ. જેને શ્રદ્ધા છે તે મૂર્તિનું સુખ લઈ લે છે.

પ્રસંગ-૪૮ ડનલોપ સાહેબે મહારાજને તેમના જન્મસ્થાનની વિગત પૂછી..

મહારાજની હિન્દી વાણી સાંભળી ડનલોપ મુગ્ધ બની ગયા. તેમને લાગ્યું કે આ પુરુષની વાણીમાં પણ કેટલો જાદુ છે. શબ્દ સાંભળીએ અને જાણે અંતરના તમામ ઊભરા શમી જાય છે. તેમની વાણીમાં એવું ઐશ્વર્ય છે કે જે તે સાંભળે છે તેમનાં અંતર બદલાઈ જાય છે.

તેમણે મહારાજને તેમના જન્મસ્થાનની વિગત પૂછી. ત્યારે મહારાજે કહ્યું : ''અયોધ્યા પાસે સરયૂ નદીની પાર સાત ગાઉ દૂર બમનિયાહર ગામના અદ્‌ભુતસિંહ રાજાનું છપૈયા ગામ છે. ત્યાં અમારો જન્મ સરવરિયા વિપ્ર જ્ઞાતિમાં થયો હતો. ઈટારના અમે પાંડે કહેવાઈએ છીએ. અમારી જ્ઞાતિમાં ત્રણ, તેર અને સોળ ઘર ઉત્તમ ગણાય છે. તેમાં અમારું ઘર તેરમાં ગણાય છે. અમે અમારા પિતા હરિપ્રસાદ પાંડેના વચલા પુત્ર છીએ. અમારા ભાઈઓ હજુ એ પ્રદેશમાં જ રહે છે.''

મહારાજના શબ્દો સહજ હતા, સરળ હતા. તેમાં પોતાનું કુળ કે ઘરની મોટાઈ બતાવવાની કોઈ ભાવના હતી નહીં, પરંતુ સત્ય કહેવાની દૃષ્ટિ હતી. મહારાજ ઊઠ્યા. પછી નીચે આવી અશ્વ ઉપર બિરાજ્યા. સાહેબ પણ મહારાજને વળાવવા નીચે સુધી આવ્યા. કાંકરિયે રોજ સાંજે સભા થાય. સવારે મહારાજ મંદિરનું કામ જોવા પધારે, પ્રેમી ભક્તોને ઘેર પધરામણીએ પણ પધારે. હરિભક્તો નિત્ય નવીન રસોઈઓ આપે. આ પ્રમાણે દિવસો વીત્યા અને આ.સં.૧૮૭૮ના ફાગણની શુકલ તૃતીયા- પ્રતિષ્ઠાવિધિનું શુભમુહૂર્ત આવી ગયું !

પ્રસંગ-૪૯ નરની મૂર્તિ અક્ષરનો અંશ છે, નારાયણની મૂર્તિ પુરુષોત્તમનો અંશ છે..

મહારાજે આરતી બાદ નરનારાયણની મૂર્તિઓ સમક્ષ આંખો સ્થિર કરી દૃષ્ટિ કરી. બે ઘડી પર્યંત આ રીતે મૂર્તિઓ સમક્ષ દૃષ્ટિ કરી પોતાનું ઐશ્વર્ય મૂર્તિઓમાં મૂક્યું. મૂર્તિઓ પણ આ દિવ્ય સંબંધથી તેજાયમાન થઈ ગઈ ! ફરી મહારાજે દ્વારના ઉંબરા પાસે ઊભા રહી મૂર્તિ સમક્ષ દૃષ્ટિ કરી. બંને **મૂર્તિઓમાંથી અપાર તેજ નીકળ્યું. સૌએ તે દર્શન કર્યાં. સાહેબના હુકમથી બરાબર આ જ સમયે શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓને સો તોપનું સન્માન અપાયું ! પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ કરીને શ્રીહરિએ મોટા મોટા સૌ સંતોને કહ્યું : ''આ નરનારાયણ ભરતખંડના રાજા છે, એટલે અમે ઘણા જીવોના સમાસ અર્થે અહીં પધરાવ્યા છે. પણ કોઈ ભરમાશો નહીં. બદરિકાશ્રમમાં એ અમારું ધ્યાન ધરે છે.''** એટલામાં કોઈક હરિભક્ત નરવીરની મૂર્તિ લઈને મહારાજના હાથમાં પ્રસાદીની કરવા મૂકવા લાગ્યો. ત્યારે મહારાજે ઊભા થઈને પોતાના તરફ નિર્દેશ કરીને કહ્યું : ''આ મૂર્તિનું બદરિકાશ્રમમાં ધ્યાન ધરાય છે.''

મોટા મોટા સંતો સૌ સ્તબ્ધ બની સાંભળી રહ્યા. મહારાજ ફરી યજ્ઞશાળામાં પધાર્યા. આ પ્રસંગે બોચાસણથી કાશીદાસ પટેલ આવ્યા હતા. તે મહારાજને પહેરામણી કરવા યજ્ઞમંડપમાં આવ્યા. મહારાજે યજ્ઞમાં નારિયેળ હોમ્યું. પછી કાશીદાસની પૂજા અંગીકાર કરી. તેમણે મહારાજને કિંમતી જરિયાત વસ્ત્રો ધરાવ્યાં અને આભૂષણો પણ ધરાવ્યાં. એટલામાં ફરી નરનારાયણ દેવની જયનો ઘોષ થયો. કાશીદાસે આ સાંભળી મહારાજ સન્મુખ સૂચક દૃષ્ટિથી જોયું. ત્યારે મહારાજે તેમને કહ્યું : ''મોટા ! મૂંજાશો નહીં. આ નરની મૂર્તિ છે તે અક્ષરનો અંશ છે અને નારાયણની મૂર્તિ છે તે અમારો પુરુષોત્તમનો અંશ છે.'' આટલી વાતમાં કાશીદાસ મર્મ સમજી ગયા.

પ્રસંગ-૫૦ મહારાજ આનંદ સ્વામીને પોતાનું સ્વરૂપ સમજાવે છે..

મહારાજ આનંદાનંદ સ્વામીનો હાથ પકડીને ચોકમાં પધાર્યા. મહારાજને જોઈ સૌએ ફરી શ્રી નરનારાયણ દેવની જયનો ઘોષ કર્યો. મહારાજે આનંદ સ્વામી સામું જોયું. પછી તેમનો હાથ પકડી મહારાજ દરવાજા પાસે ઉગમણી દિશાએ જે જગ્યાએ જ્ઞાનવાર્તા કરવા બિરાજતા હતા ત્યાં પધાર્યા. અહીં ઊભા રહી તેમને કહ્યું : ''સ્વામી ! કાંઈ સમજ્યા ?'' આનંદાનંદ સ્વામી કાંઈ સમજ્યા નહીં. મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજે તેમને કહ્યું :''**અનંત નરનારાયણ,**

કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ અને વાસુદેવ નારાયણ આ પ્રગટ સ્વામિનારાયણની ઉપાસના કરે છે. અમારા સ્વરૂપની એ મહત્તા અત્યારે સૌ ભૂલી ગયા. સૌને સહેજે પરોક્ષ સ્વરૂપમાં પ્રીતિ થાય. પરંતુ એ વિભૂતિ સ્વરૂપ છે, ભરતખંડના દેવ છે. તેમણે દુર્વાસાનો શાપ સાંભળી અમારા સ્વરૂપનું ધ્યાન કર્યું. અમે તેમને કહ્યું કે 'અમે જ સ્વયં પૃથ્વી ઉપર પ્રગટ થઈ ભાગવત ધર્મની પ્રતિષ્ઠા કરીશું.' આ રહસ્ય અમે ઘણી વાર સંભળાવ્યું છે, પરંતુ સૌ કારણને ભૂલી ગયા, કાર્યમાં જોડાઈ ગયા.''

આનંદાનંદ સ્વામીને મહારાજના આ શબ્દોમાં ઉદાસીનતાનો ભાવ જણાયો. એટલે તેમનો ઉત્સાહ અને આનંદ અદશ્ય થઈ ગયા ! મહારાજે તેમને માથે હાથ મૂક્યો, હસ્યા. પછી કહ્યું : ''સ્વામી ! મૂંઝાશો નહીં. આત્યંતિક કલ્યાણ માટે અમારા સ્વયં સ્વરૂપનો પ્રતાપ પ્રવર્તશે ને સારા વિશ્વમાં દિગ્વિજય થઈ જશે.'' આનંદ સ્વામીને મહારાજના આ શબ્દોથી શાંતિ થઈ !

પ્રસંગ-૫૧ બેચરભાઈની પ્રાર્થના, મનુષ્યભાવ ન આવે તેવા આશીર્વાદ આપો..

મહારાજ સંતો, હરિભક્તોને લઈને બેચરભાઈના ઘેર પધાર્યા. મહારાજને પુષ્પહાર ધરાવ્યા, આરતી કરી. મહારાજ તેના તરફ સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યા. પૂજનવિધિ બાદ તેમણે મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : ''પ્રભુ ! આપને વિષે કદી મનુષ્યભાવ ન આવે તેવા આશીર્વાદ આપો !''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''તેમાં તો જ્ઞાનદષ્ટિ જોઈએ, જાણપણું અખંડ રાખવું જોઈએ. અમને અમારા યથાર્થ સ્વરૂપમાં ઓળખ્યા હોય તો બીજો કોઈ પણ પ્રકારનો સંકલ્પ થાય તો જ્ઞાનદષ્ટિથી અથવા જાણપણામાં રહી તેને હઠાવી દેવો જોઈએ. તે સાધન તો તમારે કરવાનું છે. મનનો સંગ છોડી તેથી જુદા વર્તવાનો પ્રયત્ન કરશો ત્યારે તે બનશે. અમે તો આશીર્વાદ આપીએ, પણ મનને વશમાં રાખવું તમારા હાથમાં છે.''

પ્રસંગ-૫૨ જીવની બુદ્ધિમાં સંગ્રહખોરીનો કીડો સળવળ્યા કરતો જ હોય છે...

સંઘમાં સાદ પડાવ્યો એટલે સૌ આવવા લાગ્યા. મહારાજનું પૂજન કરી ભેટ મૂકવા લાગ્યા. લગભગ મોડી બપોર સુધી પૂજન ચાલ્યું. ધનનો ઢગલો થઈ ગયો.

મહારાજે અમદાવાદના મુખ્ય કાર્યકર્તાઓને બોલાવ્યા. તેમને કહ્યું : ''આ રકમ બધી ગણી લેજો, તેમાંથી વેપારીઓને તેમનાં નાણાં ચૂકવી દેજો. બધું જ સરભર થઈ જશે.'' આ સાંભળી આનંદ સ્વામી મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! મંદિરના ખર્ચની જવાબદારી હવે દેવને માથે છે. તમે ચિંતા કરશો નહીં.'' આનંદ સ્વામી સમજી ગયા કે મહારાજે તેમના અંતરની વાત કરી દીધી.

લાધા ઠક્કર હિસાબનો આ બધો તાલ જોઈ રહ્યા હતા. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! પાછા વળતાં ભાતા માટે તો કાંઈક રાખવું હતું !''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''અમે ભેળા છીએ તોય ભાતાની ચિંતા રહે છે ?''

લાધા ઠક્કર સમજી ગયા. મહારાજને સંગ્રહ કરાવવો ન હતો. કેવળ પોતાના જ આશરે વ્યવહારનાં તમામ કાર્યો કરાવવાં હતા અને તે થતાં હતા એવો અનુભવ પણ તેમને થયો હતો. છતાં જીવની બુદ્ધિમાં સંગ્રહખોરીનો કીડો સળવળ્યા કરતો જ હોય છે.

મહારાજે શ્રી નરનારાયણ દેવની છાપો તથા શ્રી રાધાકૃષ્ણ દેવની છાપો સૌને પૂજવા આપી. આધારાનંદ સ્વામીએ મહારાજની મૂર્તિ તૈયાર કરી હતી તે મૂર્તિની છાપો પણ સૌને પૂજવા આપી. નારાયણજીભાઈની સેવાથી મહારાજ પ્રસન્ન થઈ ગયા અને તેમને સોનાનાં કડાં તથા કિંમતી વસ્ત્રો ભેટ આપ્યા.

પ્રસંગ-૫૩ મહારાજ મોટેરા સંતોને પોતાના વિશિષ્ટ ગુણ કહેવાનું કહે છે..

મહારાજ સમક્ષ સંતો, હરિભક્તો બેસતા અને મહારાજ જ્ઞાનવાર્તા કરતા. પોતાના પરમહંસોની સ્થિતિનો હરિભક્તો ખ્યાલ આપવા એક દિવસ મહારાજે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનદં સ્વામીને પૂછ્યું : ''સંતો ! તમે સર્વે તમામ વાતમાં કુશળ છો છતાં તમારામાં જે વિશિષ્ટ ગુણ હોય તે અમને કહો, જેથી એવું કામ પડે તો અમારે કોને તે કામ બતાવવું તે ખબર પડે.''

આ સાંભળી સંતો એકબીજા સામું જોવા લાગ્યા પણ કોઈ કાંઈ બોલ્યા નહીં. તેથી મહારાજે તેમને કહ્યું : ''અમે તમને પૂછ્યું છે ને તમારે તે કહેવાનું છે. તમારામાં જે વિશિષ્ટ ગુણ હોય તે કહેશો તેમાં આત્મશ્લાઘા ગણાશે નહીં, પરંતુ અમને પ્રસંગ આવ્યે એ પ્રકારનાં કામ સોંપવાની સૂઝ પડે તેથી પૂછ્યું છે.''

આથી, સર્વપ્રથમ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! કોઈ ગમે તેટલો ક્રોધ ભરાઈને આવ્યો હોય પરંતુ હું જો તેની સન્મુખ જઉં તો તેનો ક્રોધ શમી જાય.''

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : ''સ્વામી ! તમારી તો સાધુતા જ એવી છે કે તમારાં દર્શનમાત્રથી અન્યનાં હૃદય શાંત પડી જાય. રામાનંદ સ્વામીના સમયથી અમે એ જોતા આવ્યા છીએ; તેથી તો તમને સત્સંગની મા સમાન સૌ ગણે છે. પરંતુ એ સિવાય બીજો કોઈ વિશિષ્ટ ગુણ હોય તે પણ કહો.''

મુક્તાનંદ સ્વામીને હવે મૂંઝવણ થવા લાગી. મહારાજ આગળ પોતાના ગુણ પ્રકટ કરવા તે તેમને અજુગતું લાગ્યું તેથી તેઓ કાંઈ બોલ્યા નહીં. એટલે મહારાજે કહ્યું : ''સ્વામી ! કહો. તમે તે કહેશો તો અમે તમને તેવી ક્રિયામાં પ્રેરશું, જેથી ઘણાને તમારા તે વિશિષ્ટ ગુણનો લાભ મળશે.''

એટલે સ્વામી નીચું જોઈ બોલ્યા : ''મહારાજ ! ગમે તેવા કઠણ હૃદયનો માણસ હોય પણ મારી વાત સાંભળે તો તેનું અંતર પીગળી જાય.''

મહારાજે કહ્યું : ''સાચું કહ્યું સ્વામી ! તમારામાં એ ગુણ છે જ, તેથી તો અમદાવાદના જૈન વણિકોને તમારી વાતોથી સત્સંગનું રહસ્ય સમજાયું.''

પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! હવે તમે કહો.''

એટલે સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આ મુક્તાનંદ સ્વામી જેટલી વાર હું નહીં લગાડું. અમારી વાણીમાં, કવનમાં અને જાતમાં એ ગુણ છેકે અમારા બધા ગુણો બતાવી દેવા. તેમાં વળી આજે આપે પૂછ્યું એટલે એ લહાવો લઈ જ લેવો છે.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''આટલાં વર્ષોથી સત્સંગમાં આવ્યા છો તોપણ જાતના ગુણ ભૂલ્યા નથી ?''

તરત જ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! ભૂલવા પ્રયત્ન તો કરતો હતો પણ આપે આજે સંભારી દીધું એટલે જાતના ગુણ પાછા આગળ આવી ગયા !''

મહારાજ હસી પડ્યા. પછી કહ્યું : ''ભલે સ્વામી ! તમારી જાતના ગુણ હવે છતા કરો.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''હું જે કાવ્યોની રચના કરું તેમાં એકનો એક શબ્દ ફરી ફરી ન આવે છતાં બીજા શબ્દો ગોતવા ન પડે. વળી કાવ્યમાં ઝડઝમક તો એવી આવે કે તેમાં કોઈ દોષ જણાય નહીં. એવી ઝડઝમક બીજો કોઈ કવિ લાવી શકે નહીં.''

એટલે મહારાજે કહ્યું : ''હા, તે ગુણ તમારી કાવ્યરચનામાં છે તે સાચું.''

પછી નિત્યાનંદ સ્વામીનો વારો આવ્યો ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! ભારતભરના શ્રેષ્ઠ વિદ્વાનો શાસ્ત્રાર્થમાં કોઈ રીતે મને જીતી ન શકે એવી વિદ્વત્તા આપના પ્રતાપે મારામાં છે. તેથી શાસ્ત્રાર્થમાં પરાજયનો મને કદી ડર નથી રહેતો. એવો પ્રસંગ જો આવે તો સામી છાતીએ શાસ્ત્રાર્થમાં ભાગ લેવા આપની કૃપાથી હિંમત રહે છે.''

મહારાજ આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : ''તમો વિદ્વત્તામાં અજોડ છો તેથી અજેય પણ છો !''

છેવટે મહારાજે ગોપાળાનંદ સ્વામી તરફ દૃષ્ટિ કરી ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આ તો આપ પૂછો છો એટલે કહેવું પડે છે.

મહારાજ હસ્યા. પછી કહ્યું : ''કહો, આજ તો અમારે અમારા પરમહંસોની વિશિષ્ટતા જાણવી છે. અમને એનું ગૌરવ રહે.''

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! અનંત કોટિ બ્રહ્માંડોમાં આપની ઈચ્છા વિના એક તરણું પણ હાલતું નથી તે હું જાણું છું, પણ કદાચ હું જો ધારું તો આપની કૃપાથી, હું પણ હલાવી શકું.''

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : ''ખરું કહ્યું યોગીરાજ ! તમારામાં એ સામર્થ્ય છે, કારણ કે તમે અક્ષરધામના ઉત્તમ મુક્ત છો.''

સત્સંગ એ બાહ્યાચાર નથી પરંતુ બ્રહ્મસ્થિતિ પામવાનો શુદ્ધ આચારધર્મ છે.

પ્રસંગ-પ૪ અઢાર માંદા સંતોની સેવામાં ગુણાતીતાનંદ સ્વામી..

વડતાલમાં રોગચાળાને કારણે અઢાર સંતો માંદા પડ્યા. તેમની ચાકરી કરવા કોઈ તૈયાર ન થયું ત્યારે અંતે મહારાજે પોતાના અનાદિના સેવક ગુણાતીતાનંદ સ્વામીને બોલાવી લાવવા આજ્ઞા કરી સ્વામી આવ્યા. મહારાજે સ્વામીને અઢાર માંદા સાધુની વાત કરી એટલે સ્વામી તરત જ માંદાની સેવામાં જોડાઈ ગયા.

સ્વામી આ અઢાર માંદા સાધુની સેવા હંમેશાં કરતા. જેને જે જોઈએ તે જમવાનું કરી આપે. વળી તેમને નવરાવે. વળી તેમને ગોદડીઓ ધૂએ. એમ અનેક પ્રકારે સેવા કરે.

એક વખત સ્વામી ગોમતીમાં ગોદડીઓ ધોઈને આવતા હતા. તેવામાં મહારાજ પણ વાસણ સુથારને ઘેરથી જમીને હનુમાનવાળે દરવાજેથી આવા હતા. મહારાજ અને સ્વામી બંને ત્યાં ભેગા થઈ ગયા. સ્વામીએ મહારાજને વૃત્તિ દ્વારા ખેંચ્યા. એટલે મહારાજ ત્યાંના ત્યાં જ ઊભા રહ્યા. પછી સ્વામી મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું : ''સાધુરામ ! હવે જઈએ ?''

એટલે સ્વામીએ હાથ જોડી કહ્યું : ''હા, મહારાજ ! પધારો.'' એમ વૃત્તિ ખેંચી લીધી એટલે મહારાજ ચાલ્યા.

ચોકમાં સભાજનો સૌ મહારાજને આવતા જોઈ ઊભા થઈ ગયા હતા. પરંતુ મહારાજને તો સ્વામીએ વૃત્તિ દ્વારા ખેંચ્યા હતા, તેથી મહારાજ ચાલી શક્યા નહીં અને સભાજનો પણ આ લીલા જોઈ રહ્યા. પછી મહારાજ સભામાં પધાર્યા પરંતુ બહુ જ અકળાઈ ગયા હતા. તેથી ભગુજી તથા બાપુ રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા. મહારાજ તે બંધ રખાવીને એકદમ અકળાઈ જઈને બોલ્યા : ''મારે કશાયનું કામ નથી. ઓલ્યા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લ્યો.''

તે સાંભળી ભગુજી તરત દોડ્યા અને સ્વામીના બંને ખભા ઉપરથી ધોયેલી ગોદડીઓ લઈ લીધી અને મહારાજ પાસે લાવીને મૂકી. પછી મહારાજે કહ્યું : ''જાઓ, ધર્મશાળામાં જઈને કહો કે જેની ગોદડીઓ હોય તે અહીં આવીને લઈ જાય.''

તેથી માંદા સાધુ તો એક પછી એક આવીને પોતાની ગોદડી લઈ ગયા, પરંતુ જે સાજા સાધુઓએ ધોવા આપી હતી તે મૂંઝાયા. શું મોઢું લઈને ગોદડી લેવા આવે ?

પછી મહારાજે સ્વામીને મુક્તાનંદ સ્વામી પાસે બેસાર્યા અને તેમને તથા બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : ''આ સાધુ કેવા છે ?''

ત્યારે તે બંને સદ્‌ગુરુઓએ કહ્યું : ''એ તો બહુ સારા સાધુ છે. કીર્તનો બહુ જ કંઠે છે અને વાતું પણ બહુ કરે છે. સેવા પણ સૌની કરે છે અને ખરેખરા તપસ્વી છે.''

તે સાંભળી મહારાજ થોડું હસ્યા અને પછી કહ્યું : ''એ તો તમે એમના ઉપલ્યા ગુણ કહ્યા પણ એમના ખરા ગુણ તો હજુ તમેય નથી જાણતા.''

એમ કહીને ફરી બોલ્યા : ''આ સાધુ તો બહુ સમર્થ છે. કાં જે જેમ સાણસામાં સાપ પકડે, તેમ આ સાધુ અમારી મૂર્તિને માતાના ગર્ભમાં આવ્યા પહેલાં, ગર્ભમાં હતા ત્યારે અને અત્યારે પણ ત્રણે અવસ્થામાં ઝાલી રાખે છે.''

તે સાંભળી સભામાં બેઠેલા મહાનુભાવાનંદ સ્વામી એકદમ બોલી ઊઠ્યા : ''બેટીકા બાપ ! મહારાજકો ક્યું પકડા હૈ ? છોડ દો !''

મહારાજ આ અડબંગી શબ્દો સાંભળી હસ્યા. પછી બોલ્યા : ''સ્વામી ! તેનું અમને દુઃખ નથી. એ તો અમને એમ અખંડ દેખે છે. પરંતુ બીજાને અમારી મૂર્તિ તે પ્રમાણે અખંડ દેખવી તે કઠણ છે. આ સાધુ તો અમારા અનાદિના સેવક મૂળ અક્ષરબ્રહ્મ છે. તેથી આજ અમારી કેડે જેટલા મનુષ્ય ફરે છે તેટલા મનુષ્ય આ સાધુ કેડે ફરશે અને આ સાધુ દ્વારા જ અમારી સર્વોપરી ઉપાસના આખા સત્સંગમાં પ્રવર્તશે. આ સાધુ અમારો જેવો અદ્‌ભુત મહિમા જાણે છે, તેવો બીજા કોઈ જાણતા નથી. માટે આવા સર્વોપરી સાધુ પાસે સાજા સાધુ સેવા કરાવે તે કેવું કહેવાય ?'' આ પ્રમાણે સ્વામીનો અદ્‌ભુત મહિમા મહારાજે સભામાં કહ્યો.

મુક્તાનંદ સ્વામી વગેરે સંતો આ સાંભળી ઘણા જ રાજી થયા. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''હે મહારાજ ! આ સાધુ મારી સાથે ઘણા વખતથી રહે છે, મારી સેવા કરે છે પણ તેમની આવી મોટપ મેં જાણી નહોતી. આપે આજે દયા કરીને એમની મોટપ જણાવી તે બહુ ઠીક કર્યું. કારણ અમે તો તેમને સેવક જાણીને તેમની પાસે અત્યાર સુધી સેવા કરાવતા.''

પછી મહારાજે બીજી કેટલીક વાતો કરી સભા વિસર્જન કરી.

બીજે દિવસે મુક્તાનંદ સ્વામી જમવા બેઠા હતા. ત્યાં પાસે બેઠેલ સ્વામી તેમની પાસે પત્તર લઈને આવ્યા ને મુક્તાનંદ સ્વામી પાસે પ્રસાદી માગી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''ભા, બહુ દિવસ છેતર્યા. હવે એ દિવસ ગયા, હવે પ્રસાદી ન અપાય.'' એમ સ્વામીનો મહિમા સમજીને પ્રસાદી ન આપી. પછી વડતાલથી નીકળતી વખતે મંદિર અંગેની સૂચના આપી મહારાજ ગઢપુર પધાર્યા.

☙ બ્રહ્માંડોની અડખેપડખે અને અંદર ચિદાકાશ સર્વત્ર વ્યાપી રહ્યો છે એટલે પ્રાકૃત પ્રલયમાં બ્રહ્માંડનો નાશ થાય છે પરંતુ ચિદાકાશ તો રહે જ છે. તેને સંકોચ અને વિકાસ અવસ્થા નથી, તેથી ચિદાકાશ અર્થાત્ અક્ષરધામ સર્વત્ર છે અને તેના ઉપર કાળનું નિયમન નથી.

રેફરેન્સ પ્રસંગ : અંતઃકાળે કેવી સ્મૃતિથી આવા પાપીનો પણ મોક્ષ મહારાજે કર્યો..

વાઘરીઓને બોલાવ્યા. સૌને સારી રીતે ઘી પીરસીને તૃપ્ત કરી દીધા.

થોડા સમય બાદ તેમાંનો એક વાઘરી માંદો પડ્યો. તેણે માંગદીમાં ખાવાનું માંગ્યું. તો જુવારના રોટલાના ટુકડા ભેગા કરી લાવેલા તેમાંથી એક ટુકડો તેને આપ્યો. પણ તે તેને ભાવ્યો નહીં. તેને ભાવ્યો નહીં. તેને તો પંચાળામાં શેલણનું જમણ જમ્યો હતો તે યાદ આવી ગયું. સાથે સાથે ઘીની તાંબડી લઈને પીરસતી મહારાજની મૂર્તિ યાદ આવી ગઈ ! તેની વૃત્તિ મહારાજના મોહક સ્વરૂપમાં ચોંટી ગઈ. મહારાજે તેને સાક્ષાત દર્શન દીધાં અને કહ્યું : ‘‘ચાલ મારી સાથે.’’

તરત જ તેણે તેનાં સગાંઓને કહ્યું : ‘‘પંચાળામાં જેમણે ઘી પીરસ્યું હતું તે આવ્યા છે. મને બોલાવે છે એટલે હું તેમની સાથે જઉં છું.’’ એમ કહી તેણે દેહ છોડી દીધો. **મહારાજની કેવળ સ્મૃતિથી આવા પાપીનો પણ મોક્ષ મહારાજે કર્યો.**

પ્રસંગ-૫૫ અમારી વરઘોડે ચડવું છે..

ગામમાં લગ્ન પ્રસંગ હોવાથી વરરાજા ઘોડે ચડ્યા હતા. શરણાઈઓના સૂર સાથે ઢોલ-ત્રાંસાં વાગતાં હતા અને સ્ત્રીઓ લગ્નગીતો ગાતી હતી. મહારાજે આ સાંભળ્યું અને પોતાની પાસે મયારામ ભટ્ટ બેઠા હતા તેમને પૂછ્યું : ‘‘આ શેનાં વાજાં વાગે છે ?’’

ત્યારે મયારામ ભટ્ટે બારીમાંથી જોઈને કહ્યું : ‘‘મહારાજ ! લગ્નગાળો છે તે કોઈ વરરાજાનો વરઘોડો ચડ્યો છે અને કન્યાને માંડવે પરણવા જાય છે.’’

મહારાજ આ સાંભળી બોલ્યા : ‘‘ભટ્ટજી ! અમે આવો લહાવો લીધો નથી. અમારે પણ વરઘોડે ચડવું છે અને લહાવો લેવો છે. માટે કોઈ કન્યા શોધી લાવો.’’

મયારામ ભટ્ટ આ સાંભળી મૂંઝાયા. એટલામાં પર્વતભાઈ ત્યાં આવ્યા. તેમને પણ મહારાજે આ જ વાત કરી. પછી કહ્યું : ‘‘સાંભળો, દેખાવમાં રૂપાળી અને કાઠાળી કન્યા જોઈને ઝટ મુહૂર્ત લ્યો. અમારે વરઘોડે ચડવું છે !’’

પર્વતભાઈ પણ મહારાજના આ શબ્દો સાંભળી મૂંઝવણમાં પડી ગયા.

મયારામ ભટ્ટે તેમને કહ્યું : ‘‘હું તો વાંઢો છું.’’

ત્યારે પર્વતભાઈએ કહ્યું : ‘‘મારે કન્યા તો છે પણ તેને પરણાવી દીધી છે. હવે શું કરવું ?’’

એટલામાં મહારાજે તેમને પૂછ્યું : ‘‘કન્યા ગોતી ? અહીં બેઠા બેઠા શું વિચાર કરો છો ? ગામમાં જાઓ અને ઝટ કન્યા શોધીને લાવો. વાર થશે તો મંગળ ચોઘડિયું વીતી જશે.’’

આ સાંભળી બંને ભક્તોને ખરેખરી મૂંઝવણ થઈ. તેઓ ઊઠ્યા. ગામમાં તો કોઈની ઓળખાણ નહીં, અને હોય તોપણ આ ઘડીએ કોણ તૈયાર થાય ? છેવટે મયારામ ભટ્ટે કહ્યું : ‘‘ઝીણાભાઈનાં બહેન અદીબા છે તે કુંવારાં છે. આપણે તેમને જ પૂછીએ.’’

બંને જણા અદીબા પાસે ગયા અને મહારાજે પરણવાની રઢ લીધી હતી તે વાત તેમને કહી. પછી પૂછ્યું : ‘‘ બા ! તમે તૈયાર છો ?’’

ત્યારે અદીબાએ કહ્યું : ‘‘અહો ! મારાં એવાં ભાગ્ય ક્યાંથી કે પુરુષોત્તમ નારાયણને વરવાનું મળે ! પણ તમે ભાઈને પૂછો.’’

મયારામ ભટ્ટ અને પર્વતભાઈ ઝીણાભાઈ પાસે ગયા. તેમને તેમણે વાત કરી. આ વાત સાંભળીને ઝીણાભાઈ ઊંડા ઊતરી ગયા. પર્વતભાઈ તથા મયારામ ભટ્ટ પણ આ પરિસ્થિતિ જોઈ વધુ મૂંઝવણમાં પડી ગયા. છેવટે ઝીણાભાઈએ કહ્યું : ‘‘બહેનને પૂછો, તેમની હા હોય તો મારી ના નથી.’’

ત્યો પર્વતભાઈએ કહ્યું : ‘‘બાને પૂછીને જ અમે તમારી પાસે આવ્યા છીએ. તેમની તો મરજી છે, પણ તમારી મરજી શું છે તે પુછાવ્યું છે.’’

ઝીણાભાઈએ ઊંડો શ્વાસ મૂકતા કહ્યું : ‘‘તો ભલે, બહેનને લઈ જાવ મહારાજ પાસે.’’

મયારામ ભટ્ટ અને પર્વતભાઈ બંને સમજી ગયા કે ઝીણાભાઈએ ઉમંગથી હા નથી કહી. પરંતુ મહારાજ તો હઠ ચડ્યા હતા. તેથી તેઓ અદીબા પાસે આવ્યા અને તેમને કહ્યું : ‘‘ભાઈને અમે પૂછ્યું અને ભાઈએ હા કહી છે. માટે મહારાજ પાસે આવો.’’

☙ મને સ્ત્રીની ગંધ આવે છે એટલે સ્ત્રીનો સ્પર્શ જે વસ્તુને ન થયો હોય તેવી દવા કે અનાજ લાવશો તો પેટમાં ટકશે.

પ્રસંગ-૫૬ આ ચાર સંતો સનકાદિકો છે..

મહારાજ સાથે મોટેરા સંતો મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી હતા. તેમને તથા હરિહર્યાનંદ સ્વામી, શ્વેતવૈકુંઠાનંદ સ્વામી તથા બ્રહ્મચારી વાસુદેવાનંદ, બ્રહ્મચારી આનંદાનંદ, બ્રહ્મચારી શ્વેતવૈકુંઠાનંદ ને બ્રહ્મચારી ગોવિંદાનંદને મહારાજે પોતાની સાથે રાખ્યા. આ **ચાર વર્ણીઓની મહારાજે તે જ સમયે અને તે સ્થળે ‘આ ચારે સનકાદિકો છે’** એમ કહી તેમની આરતી ઉતારી. સૌને ત્યારે સમજાયું કે પૂર્વના કેવા મોટા મોટા એકાંતિક મુક્તિ માટે અહીં આવ્યા છે ! સૌ આ મહાન સંતોને નમી પડ્યા. અન્ય સંતોને ત્યાંથી જ તેમનાં મંડળો જે દેશમાંથી આવ્યા હતા ત્યાં તેમને પાછા ઉપદેશાર્થે વિચરણ કરવા મોકલી દીધાં.

તે દિવસે સૂત્રેજથી કુંભાર ભક્ત હમીર તથા ખોડાભાઈ મહારાજને તેડવા આવ્યા. તેથી મહારાજ કાઠી ભક્તો અને પાર્ષદોને લઈને તેમની સાથે સૂત્રેજ પધાર્યા. અહીં હમીરના ઘેર ઓસરીમાં બારણાની સાખ ઝાલીને મહારાજ ઊભા. એટલામાં હમીરની સ્ત્રી કાનુ કંકાવટીમાં કંકુ ભરી મહારાજ પાસે આવી. મહારાજના કપાળમાં તેણે ચાંદલો કર્યો, દુઃખણાં લીધાં અને પછી બોલી : ‘‘મહારાજ ! ફળીમાં ખાટલો ઢાળ્યો છે તે ઉપર બિરાજો.’’

મહારાજ થોડી વાર ત્યાં બેસીને ત્યાંથી નીકળ્યા. પાદરમાં વાવ છે તેમાં મહારાજે સખા સહિન સ્નાન કર્યું. પછી બોલ્યા : ‘‘આ વાવનું પાણી જે પીશે તેનું કલ્યાણ થશે.’’ એટલું કહીને ત્યાંથી પંચાળા પધાર્યા.

પ્રસંગ-૫૭ અમે ઝાઝા દિવસ રહીશું તો તમારી બાહ્ય વૃત્તિ થઈ જશે-૩૯૧

મહારાજને મૂળી જવું હતું એટલે પંચાળાથી નીકળી જેતપુર, ગોંડળ, રાજકોટ, ચોટીલા થઈને મૂળી પધાર્યા. મહારાજ એકાએક પધાર્યા તેથી સૌને આશ્ચર્ય થયું. મહારાજે હસતાં હસતાં કહ્યું : ''અમાભાઈ ! અમે તમને ગઢડામાં નહોતું કહ્યું કે અમે પંચાળા જતાં કે વળતાં મૂળી આવીશું અને એ વખતે રાધાકૃષ્ણ દેવની પ્રતિષ્ઠા કરીશું.''

અમાભાઈ તથા જેઠાભાઈ અને તેમનાં બહેન કેશાબા જેમને દેવળિયા પરણાવ્યાં હતા, તે બધા મહારાજ પધાર્યા એટલે ખૂબ રાજી થઈ ગયા. મહારાજે તેમને કહ્યું : ''જુઓ, અમારે અહીંથી ગઢપુર જઈ ભુજમાં નરનારાયણની પ્રતિષ્ઠા કરવા જવું છે. એટલે વધુ રોકાવાય તેવું નથી. તમે મૂર્તિપ્રતિષ્ઠા માટે તૈયારી કરો. પરમ દિવસે અમે અહીંથી નીકળી જઈશું.''

આ સાંભળી અમાભાઈ તથા મૂળીના ભક્તો જરા ઉદાસ થઈ ગયા. પરંતુ મહારાજે તેમને કહ્યું : **''જેટલો લાભ મળ્યો એટલો લઈ લેવો. અમારી મૂર્તિનું સુખ અંતરમાં ઉતારવું. તેથી સદાય સુખિયા રહેવાશે. અમે ઝાઝા દિવસ રહીએ તો તમારી પણ બાહ્ય વૃત્તિ થઈ જશે અને અંતરમાં અમારી મૂર્તિનું સુખ નહીં આવે. માટે વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું.''**

મહારાજના આ શબ્દોથી બધાને શાંતિ થઈ.

હાજ જ્યાં સભામંડપ અને ઘનશ્યામ મહારાજની કાષ્ઠની મૂર્તિ છે તે જગ્યાની બાજુમાં મહારાજે બીજે દિવસે રાધાકૃષ્ણની મૂર્તિની પ્રતિષ્ઠા કરી.

મહારાજની સાથે નિત્યાનંદ સ્વામી તથા અન્ય મોટેરા સંતો હતા. થોડા પાર્ષદો પણ હતા. બીજા સૌને મહારાજે સીધા ગઢપુર મોકલી દીધા હતા.

અહીં પ્રતિષ્ઠા પછી મહારાજે સભામાં વાત કરતા કહ્યું :

''જ્ઞાન તો ઘણા પાસે હોય, પરંતુ જ્ઞાનના પાત્ર થાય, તે જ્ઞાનને જીરવી શકે, તે ભગવાનને ગમે, દ્રોણાચાર્ય પાસે અર્જુન શસ્ત્રવિદ્યા શીખ્યા. પછી દ્રોણાચાર્યે અર્જુનને પૂછ્યું : ''હવે ગુરુદક્ષિણામાં શું આપીશ ?'' અર્જુને તરત જ કહ્યું : 'ગુરુદેવ ! માથું માંગશો તો માથું આપી દઈશ.' અર્જુનની ગુરુભક્તિથી દ્રોણાચાર્ય પ્રસન્ન થઈ ગયા.

''અશ્વત્થામાએ દ્રોણાચાર્યની ઘણી સેવા કરી હતી, પરંતુ દ્રોણાચાર્ય જેવા અર્જુન ઉપર પ્રસન્ન હતા તેવા અશ્વત્થામા ઉપર પ્રસન્ન ન હતા. દ્રોણાચાર્યે તેને નારાયણ શસ્ત્ર તથા બ્રહ્માસ્ત્ર બંને નાંખતાં શિખવાડ્યા હતા. પણ બંને શસ્ત્રો વાળતાં શિખવાડ્યું ન હતું, કારણ કે તે પાત્ર ન હતો.

''તે પછી તે દ્વારિકા ગયો. અહીં શ્રીકૃષ્ણ ભગવાનને તેમણે સંદેશો કહેવરાવ્યો કે 'મને દર્શન દેવા પધારો. પણ એકલા જ આવજો.' શ્રીકૃષ્ણ તરત જ સમુદ્રને કાંઠે તેમને મળવા માટે ગયા. અશ્વત્થામાએ શ્રીકૃષ્ણને ઔપચારિક નમસ્કાર કર્યા. તેના અંતરમાં શ્રીકૃષ્ણ માટે કાંઈ ભાવ ન હતો. તેણે શ્રીકૃષ્ણને કહ્યું : 'હું નારાયણ શસ્ત્ર તથા બ્રહ્માસ્ત્રના ઉપયોગની વિદ્યા મારા પિતા પાસે શીખ્યો છું તે હું તમને આપું. બદલામાં તમે મને તમારું સુદર્શનચક્ર આપો.'

''આ સાંભળી શ્રીકૃષ્ણે હસીને કહ્યું : 'મારે તમારા નારાયણ શસ્ત્ર કે બ્રહ્માસ્ત્ર બેમાંથી એક પણ શસ્ત્રવિદ્યાની જરૂર નથી, પરંતુ તમારે સુદર્શનચક્ર જોઈતું હોય તો તે તમે લઈ જાવ.' એમ કહી સુદર્શનચક્ર તેમણે અશ્વત્થામા પાસે મૂક્યું. આ ચક્ર તેણે ભગવાન સામે જ ઉગામવાનું ધાર્યું હતું. પરંતુ તે ચક્ર તે ઉપાડી શક્યો જ નહિ. તેથી તે ભોંઠો પડી ગયો. શ્રીકૃષ્ણ તેની આ કૃતઘ્નતા ઉપર હસવા લાગ્યા.

''અર્જુનને બ્રહ્માસ્ત્ર તથા નારાયણ અસ્ત્ર બંને વિદ્યા સિદ્ધ હતી. ધર્મરાજાએ તેમની પરીક્ષા કરવા બ્રહ્માસ્ત્ર અજમાવાની આજ્ઞા કરી ત્યારે તેમણે તે અજમાવ્યું અને તરત જ બ્રહ્માજી આવ્યા. પછી તેમણે કહ્યું : 'આ બંને શસ્ત્રો કોઈ મનુષ્ય ઉપર વાપરશો નહીં. પરંતુ જો તમારા ઉપર કોઈ વાપરે તો જરૂર વાપરજો.' એમ કહી બંને અસ્ત્રોનાં બે બાણ ભાથામાં જ રાખી મૂકવાની આજ્ઞા કરી. બ્રહ્માસ્ત્રમાં એ સિદ્ધિ હતી કે એ અસ્ત્રના ઉપયોગથી કાળ પડે અને અગ્ન્યાસ્ત્ર નાંખે ત્યારે પ્રલય થાય. પરંતુ અર્જુન ભગવાનના ભક્ત હતા અને વિદ્યાના પાત્ર હતા. તેથી દુર્યોધન તરફથી તેમને અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી તોપણ આ બંને અસ્ત્રોનો તેમણે ઉપયોગ કર્યો ન હતો. એટલે વિદ્યા આવતાં વાર નથી પરંતુ પાત્ર થતાં એટલે કે તે વિદ્યા જીરવવામાં પાત્ર બનવું પડે છે.''

પ્રસંગ-૧ અમને ઝટ સંતાડી દ્યો-૩૯૬

મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. અહીં રાત્રે મહારાજે એકાએક જીવાખાચરને કહ્યું, ''વડોદરાનો દિવાન અમને પકડવા આવે છે માટે અમને ઝટ સંતાડી દ્યો. જીવાખાચર મૂંઝાયા પણ તરત જ ઉઠ્યા. એણે મહારાજને કહ્યું, ''મહારાજ ! ઓરડામાં સંતાઈ જાઓ.'' મહારાજ ઓરડાની અંદર ગયા. અંદરથી બારણુ બંધ કરવા જતા હતા પણ અંદર બારણાને સાંકળ જ ન હતી. મહારાજે કહ્યું, ''બાપુ ! આ બારણાને તો હડસેલાં મારે કે તરત ઉઘડી જાય. અંદરથી વાસવા માટે સાંકળ જ નથી. હમણા ને હમણા લુહારને બોલાવીને સાંકળ જડાવી દ્યો.

જીવાખાચરે તરત જ લુહારને ઉઠાડ્યો. સાંકળ અને નકૂચો લઈને તે આવ્યો. અંદર સાંકળ જડી દીધી. (આ કમાડ અને સાંકળ હજુ પણ જીવાખાચરના પ્રસાદીના દરબારમાં સચવાઈ રહ્યા છે.) મહારાજે અંદરથી બારણુ વાસી દીધું. થોડી વારે મહારાજ બહાર નીકળ્યા. જીવાખાચર ઓસરીમાં ખાટલો ઢાળીને બેઠા હતા. આજુબાજુ કાઠી પાર્ષદો હથિયાર સજ્જ કરીને બેઠા હતા. મહારાજને જોઈ જીવાખાચરે તેમને પૂછ્યું, ''મહારાજ ! કેમ એકાએક બહાર નીકળ્યા ?'' મહારાજે ઠાવકુ મોં રાખીને કહ્યું, ''બાપુ ! અમને તો ઓસણ જ ન રહ્યું કે હવે તો અંગ્રેજ સરકારનું રાજ્ય થયું છે અને ગાયકવાડ હવે ખંડણી ઉઘરાવતા આળસ્યા છે. અંગ્રેજના રાજ્યમાં હવે દિવાનનો ભય રહ્યો નથી.'' એમ કહી હસવા લાગ્યા.

પ્રસંગ-૨ ઝમકુબાનો પુરો ઈતિહાસ-૪૦૧

માતાજી (ઝમકુબા)ના જીવનની વિગતો આ પ્રમાણે છે :

સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં વર્ણન કર્યા મુજબ તે મછિયાવનાં કુંવરી હતાં અને ઝમકુબા નામ હતું તેવો ઉલ્લેખ છે. મછિયાવમાં તપાસ કરતાં તે નામનાં કોઈ રાજ્યકુંવરી હતાં જ નહીં તેમ જાણવા મળ્યું.

વળી, કેટલાક ગ્રંથોમાં તે ઉદેપુરનાં રાણી હતાં અને તેમને સત્સંગ કરાવવા મહારાજે સુખાનંદ સ્વામીને ઉદેપુર મોકલ્યા હતા.

એવો પણ બીજો ઉલ્લેખ છે કે મહેમદાવાદના વડાદરા બ્રાહ્મણ ઉદેપુર ભિક્ષા માંગવા ગયા હતા અને ત્યાં કૂવા ઉપર સ્નાન કરતા હતા ત્યારે ઉદેપુરનાં રાણી ઝમકુબાની વડારણ ત્યાં આવી અને તેણે તેને મહારાજની વાત કરી. તેથી તે ઉદેપુરથી રાતોરાત નીકળી ગયા.

ત્રીજો ઉલ્લેખ છે કે મછિયાવના મૂળજી વિપ્ર, જે દીક્ષા લઈ મુકુંદ બ્રહ્મચારી બન્યા હતા, તે ઉદેપુરમાં ગયા અને ઝમકુબાને સત્સંગ કરાવ્યો હતો. પરંતુ આ ઉલ્લેખ બંધ બેસતો નથી, કારણ કે મૂળજી બ્રહ્મચારીએ રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી હતી. કેટલેક સ્થળે ઉદેપુરની રાણી તરીકે પણ તેમને ઓળખાવ્યાં છે. ઉદેપુરનાં રાણા ભીમસિંહને સત્તર રાણીઓ હતી. તેમાંનાં ઝમકુબા એક હોઈ શકે. 'ભીમવિલાસ' ગ્રંથ ગઢવી કિશનજી આઢાએ લખ્યો છે, તેમાં રાણા ભીમસિંહના જીવનના પ્રસંગો છે, પણ તે ગ્રંથ અપ્રગટ છે અને તેની હસ્તલિખિત પ્રત ક્યાં છે તે ચોક્કસ સ્થાન જાણવા મળ્યું નથી. તેથી આ ગ્રંથમાં શું હકીકત છે તે જાણવા મળી શકતું નથી.

વળી, બીજો ઉલ્લેખ છે કે ઝમકુબા જોધપુરના રાઠોડની દીકરી હતાં અને ઉદેપુર રાજયના જાગીરદાર સાથે તેમનાં લગ્ન થયાં હતાં તે હકીકત શ્રી નરનારાયણ મંદિર, અમદાવાદના એક વૃદ્ધ સંત પાસેથી મળી છે પણ તેને સમર્થન મળતું નથી. વળી, ઉદેપુરના રાજ્ય પુરોહિતની તે કન્યા હતી અને તેનું નામ કરમૈતીબાઈ હતું. તેમને સુખાનંદ સ્વામી થકી સત્સંગ થયો હતો. આ ઉલ્લેખ સત્સંગમાંથી જ મળે છે પણ તે ખોટો છે. કારણ કરમૈતીબાઈ જયપુર પાસે ખંડલા સ્થાનના રાજયકુળ પુરોહિત પરશુરામની પુત્રી હતી. તેનાં લગ્ન કર્યાં હતાં અને તેને સાસરે મોકલવાની હતી તેથી તે ઘેરથી નાસી, મરેલ ઊંટના ખોખામાં ત્રણ દિવસ ગુપ્ત રહી. પછી વૃંદાવન ગઈ હતી. તેની ભાળ મળી. તેનો ઉપદેશ સાંભળી પરશુરામને પણ ભક્તિનો રંગ લાગ્યો. પછી પુત્રી માટે તેણે વૃંદાવનમાં ઝૂંપડી બંધાવી દીધી. જે આજ પણ તૂટેલી હાલતમાં મૌજુદ છે. કરમૈતબાઈનો સમય લગભગ ચારસો વર્ષ પહેલાંનો છે.

સંશોધન કરતાં મળેલા આ બધા વિવિધ વિકલ્પો પૈકી, વધુ પ્રમાણભૂત વિકલ્પ આ જણાય છે : ઝમકુબાનો જન્મ વાગડ ગામે થયો હતો. એમના પિતાનું નામ ખોડાભાઈ હતું. માતાનું નામ વ્રજકુંવરબા હતું. તેમના મોટાભાઈનું નામ હરિસંગ હતું. તેમના મોટાભાઈ હરિસંગ બહુ પરાક્રમી, બુદ્ધિશાળી અને રાજનીતિજ્ઞ પુરુષ હતા અને ખૂબ જ હોશિયાર હતા.

શ્રીજીમહારાજ વાગડ પધારેલા ત્યારે તેમને (હરિસંગને) વર્તમાન ધરાવેલા અને માથે બે હાથ મૂકી આશીર્વાદ આપેલા. આ વખતે વાગડ ગામ નીચે નાનાં દસ ગામ હતાં અને ભાવનગર મહારાજા પાસેથી પણ થોડી ઘણી તકરાર થતાં ધંધુકા પાસે કોઠડીયા ગામ એ નામમાં લીધેલું. આ વખતે વાગડના દરબારોની દીકરીઓની લેવડદેવડ રાજસ્થાન સાથે હતી. રાજાઓ સાથે સંબંધ માટે બ્રાહ્મણો કન્યા ને કુંવર જોવા માટે જે તે દેશોમાં ફરતા. આવો રિવાજ હતો. ઉદેપુરથી બ્રાહ્મણ ઉદેપુરના રાણા માટે કન્યા જોવા નીકળેલા તેમાં વાગડ આવેલા. ઝમકુબા (ઉર્ફે જનકબા) બહુ રૂપાળાં હતાં. તેઓ મહારાજના ભજન-કીર્તનમાં ઝાંઝરી પહેરી નાચતાં-કૂદતાં એટલે તેમનું હુલામણું નામ જનકબાને બદલે ઝમકુબા પાડ્યું હતું.

બ્રાહ્મણે ઝમકુબાને જોયાં. બ્રાહ્મણે ઉદેપુરના રાણા માટે માંગણી કરી. ઉદેપુરના રાણા દારૂ-માટીના વ્યસની હોવાને લીધે ના પાડેલી. આથી ઉદેપુરના રાણાએ હરિસંગ બાપુને તથા તેના કુટુંબી ભાઈઓને અમદાવાદ મુકામે પેશ્વા મારફતે બોલાવ્યા અને જેલમાં પૂરી દીધા. બીજે દિવસે શ્રીજીમહારાજે આવી દિવસના ૧૨.૦૦ વાગ્યે જેલમાંથી છોડાવ્યા અને પૂછ્યું કે, ''તમને વગર વાંકે જેલમાં કેમ પૂર્યા ?'' પછી દરબારોએ સંકોચાતાં સંકોચાતાં ધીરે રહીને વાત કરી કે ''અમારાં બહેન ઝમકુબાની માગણી ઉદેપુરના રાણાએ કરેલી. પણ તેઓ બહુ કુસંગી હોવાથી અમે ના પાડેલી. તો હવે જેમ આપ કહો તેમ કરીએ.''

ત્યારે શ્રીજીમહારાજે કહેલું કે, ''તમે તમારી બહેનનાં લગ્ન ઉદેપુરના રાણા સાથે કરજો અને અમે એમની રક્ષા કરીશું.'' (આવું કહેવાનું કારણ એ હતું કે હરહંમેશ રાણા તરફથી ઉપાધિ-હેરાનગતિ ન થાય એ માટે મહારાજે આજ્ઞા કરેલી.)

એટલે ઝમકુબાનાં લગ્ન ઉદેપુરના રાણા સાથે કર્યાં અને ત્યાં ઉદેપુરના રાણાએ સત્સંગ છોડાવવા માટે એમને ખૂબ હેરાનગતિ કરવા માંડી. ઝમકુબાને જુદો બંગલો આપ્યો. ત્યાં ચોકીપહેરો ગોઠવવામાં આવ્યો અને અભક્ષ્ય વસ્તુ ખવડાવવા માટે દાસ-દાસીઓ તરફથી ખૂબ જ આગ્રહ કરવામાં આવ્યો. ત્રણ દિવસ સુધી ઝમકુબા ભૂખ્યાં રહ્યા. પછી ઝમકુબાએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે ''કાં તો દેહ છોડાવો, કાં તો ગમે તે રીતે મારી રક્ષા કરો.''

તે જ રાત્રે શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં અને ઝમકુબાને કહ્યું કે ''આ બંગલાની બારીએ દોરડું બાંધેલું છે ત્યાંથી નીચે ઊતરો. અમે રક્ષા કરીશું.'' નીચે ઊતર્યા પછી બ્રાહ્મણના રૂપે મહારાજ આગળ ચાલ્યા અને ઝમકુબા પાછળ ચાલતાં હતાં. આખી રાત ચાલીને દૂર નીકળ્યાં બાદ દરબારમાં ખબર પડી કે રાણી ભાગી ગયા છે. એટલે રાણાએ રાણીને શોધવા વાર (સૈન્ય) મોકલ્યું. બ્રાહ્મણના વેશમાં સાથે રહેલા મહારાજને ખબર પડી કે વાર (સૈન્ય) પાછળ આવે છે, એટલે ઝમકુબાને એક ઊંટનું હાડપિંજર પડેલું હતું તેમાં સંતાડી દીધાં અને પોતે અદૃશ્ય થઈ ગયા !

બીજે દિવસે મહારાજે આવી, ઝમકુબાને જગાડી બહાર કાઢ્યાં. રસ્તે ચાલતાં નદી આવી ત્યારે મહારાજે કહ્યું : ''તમો અશુદ્ધ છો તેથી સ્નાન કરી લો.'' ઝમકુબા નાહીને બહાર આવ્યાં. પછી બ્રાહ્મણે કહ્યું કે ''તમે ઘણાં દિવસના ભૂખ્યાં છો એટલે આ સુખડી જમી લો. ઘણા થાકી ગયા છો એટલે થોડી વાર આરામ કરો. હું અહીં બેઠો છું.'' પછી ઝમકુબાએ આરામ કર્યો. થોડી વારે પોતે જાગ્યા ત્યારે સારંગપુર પાસે કુંડળ ગામમાં તેઓ હતાં.

આ વખતે મહારાજ કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં બિરાજતા હતા. બ્રાહ્મણરૂપે કુંડળથી કારિયાણીના વસ્તાખાચરના દરબાર સુધી ઝમકુબાને પહોંચાડી બ્રાહ્મણે એમ કહ્યું : ''અહીંયા સાક્ષાત શ્રીજીમહારાજ બિરાજે છે. એટલે એમની પાસે જાઓ.''

પછી શ્રીજીમહારાજે તેમને લાડુબા-જીવુબા સાથે ગઢડા મોકલ્યાં. અહીં તેઓ મહિમા સહિત સેવામાં પરોવાઈ ગયા. ગઢડામાં દરબારના ફળિયામાં તેઓ કાયમ કચરો વાળતા. એક દિવસ શ્રીજીમહારાજે લાડુબા-જીવુબાને પૂછયું કે ''દરબારમાં દરરોજ કચરો કોણ વાળે છે ?''

ત્યારે ઝમકુબાથી અપરિચિત લાડુબા-જીવુબાએ કહ્યું કે ''કોઈક એક બાઈ પરદેશના આવ્યા છે તેઓ વાળે છે.'' પછી તો મહારાજે જવાબ આપ્યો : ''તે તો ઉદેપુરના રાણી છે અને તમારા જેવા દાસ-દાસીઓ તેમને ઘણાં હતાં તે છોડીને અહીં ભગવાન ભજવા આવ્યા છે.''

લાડુબા સમજી ગયા. પછી મહારાજે તેમને માથે મુંડન કરાવી 'માતાજી' નામ આપી ભુજમાં લાધીમા પાસે મોકલી દીધાં. (હાલ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરમાં સેવા કરતા વાગડના બાપુ મહીપતસિંહજીએ વાગડ દરબારોના વહીવંચા પાસેથી આ હકીકત મેળવી છે.)

પ્રસંગ-૩ ધર્મકુળ સૌ સાથે હળીમળી જશે તો સત્સંગમાં તેમનો પાયો સ્થિર થશે-૪૧૭

મહારાજે દાદાખાચર તરફ જોયું. તરત જ દાદાખાચરે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! સ્વામી બરાબર કહે છે. ધર્મકુળને દેશ નવો લાગે, માણસો નવીન લાગે, ભાષા નવી લાગે તેથી આપ અહીં બિરાજો તો તેમને સૌને સૌ સાથે હળીમળી જતા વાર લાગશે નહીં.''

મહારાજ વિચારી રહ્યા. તેમણે કહ્યું : ''જુઓ, અમે પણ હવે તે દેશની ભાષા ભૂલી ગયા છીએ. ધર્મકુળ પણ સૌ સાથે અહીં હળીમળી જશે તો તેમનો પાયો સત્સંગમાં સ્થિર થઈ જશે.''

મહારાજ આગળ બોલવા જતા હતા. પરંતુ નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! સૌની ઈચ્છા છે આપ વસંતના ઉત્સવ સુધી અહીં રહો.''

મહારાજે કહ્યું : ''ભલે, સૌની ઈચ્છા એવી હોય તો પછી અમે રહીશું.''

ધર્મકુળને તો હરિભક્તો, પાર્ષદો કે સ્ત્રીભક્તો એકલું પડવા જ દેતા ન હતા. સુવાસિની ભાભી પાસે જીવુબા, લાડુબા તથા અન્ય બહેનો અખંડ બેસતાં. ભાભી તેમને મહારાજનાં બાળચરિત્રોની વાતો કરતા.

તે જ પ્રમાણે રામપ્રતાપભાઈ પણ સંતોને, પાર્ષદોને તથા હરિભક્તોને મહારાજનાં ચરિત્રોની વાતો કરતા. શ્રીજીમહારાજનાં આ દિવ્ય ચરિત્રોની વાતો સાંભળતા કોઈ થાકતા નહીં. ઘણી વખત તો એવું પણ બનતં કે મહારાજની સભામાં સંતો, હરિભક્તો કે બહેનોની હાજરી ઓછી જ રહેતી. મહારાજ આનું કારણ પૂછતા ત્યારે સૌ કહેતા : ''મહારાજ ! આપનાં બાળચરિત્રોની વાતો સાંભળવામાં સૌને જેટલો આનંદ આવે છે એટલો આનંદ પ્રાગજી પુરાણી કે દીનાનાથ ભટ્ટની કથામાં આવતો નથી.'' મહારાજ આ સાંભળી હસતા.

પ્રસંગ-૪ મહારાજ માણકીમાંથી ગરુડ કરી શકે- ૪૨૨

સુરાખાચર મહારાજને પગ લાગી સન્મુખ બેઠા. મહારાજે તેમને પૂછયં : ''જમ્યા ?''

તેમણે જરા ઉદાસ ભાવે કહ્યું : ''મહારાજ ! જયારથી ધર્મકુળને ત્યાં આપ થાળ જમવા પધારો છો, ત્યારથી જમ્યું છે જ કોણ ? દરબારમાંથી આપનો થાળ આવતો હોય તો કાંઈ જમ્યા જેવી પ્રસાદી મળે એટલે જમ્યાનો સંતોષ થાય. આ તો ભૂખ ભાંગી કહેવાય.'' મહારાજ આ સાંભળી હસ્યા.

એવામાં પાછળ કાંઈક અવાજ થયો એટલે મહારાજે સુરાખાચરને કહ્યું : ''સુરા આપા ! જરા પાછળ જુઓ તો કોણ છે ?''

સુરાખાચરે ઊભા થઈને પાછળ જોયું. ત્યાં માણકી ખડ ખાતી હતી. તેમણે કહ્યું : ''મહારાજ ! અહીં તો માણકી છે.'' ત્યારે મહારાજે કહ્યું : ''સુરાખાચર ! જરા ફરી જુઓ તો. ત્યાં ગરુડ હોય એવું અમને લાગે છે.''

''અરે મહારાજ ! તમે પણ ખરી ટાઢા પહોરની હાંકો છો ! મારી સગી આંખે મેં માણકીને જોઈ.'' સુરાખાચરે ખરા ભાવમાં આવી કહી દીધું.

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા. મહારાજ બોલવા જતા હતા ત્યાં મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''સુરા આપા ! તમે તમારી સગી આંખે ભલે જોયું, પણ **મહારાજની આંખે જુઓ. મહારાજ માણકીમાંથી ગરુડ કરી શકે છે. માટે કહો કે ગરુડ છે.''**

સુરાખાચર મૂંઝાયા. તે ફરી ઊભા થયા અને જોયું તો ગરુડ પાંખો ફફડાવતો હતો ! તેમને આશ્ચર્ય થયું. આંખો ચોળી ફરી જોયં, પણ તેમને ગરુડ જ દેખાયો. તે તરત જ મહારાજને પગે પડી ગયા અને બોલ્યા : ''મહારાજ ! તમારી લીલાનો પાર આવે એમ નથી.''

મહારાજે કહ્યું : ''આવી જાય, જો આ મુક્તાનંદ સ્વામી સમજે છે તેમ સમજો તો !''

પ્રસંગ-૫ મંદિર હોય તો ઉપાસના જરૂર રહે- ૪૨૩

એક પાર્ષદ અક્ષર ઓરડીના દરવાજા પાસે આવી ઊભો રહ્યો. મહારાજે તેને બોલાવ્યો. તે અંદર આવ્યો અને મહારાજને સમાચાર આપ્યા : ''પંચાળાથી દરબાર ઝીણાભાઈ અને તેમનાં બહેન અદીબા આવ્યા છે.''

મહારાજે કહ્યું : ''દરબારને બોલાવો.''

ઝીણાભાઈ તરત જ મહારાજ પાસે આવ્યા. દંડવત્ કરીને સન્મુખ બેઠા. મહારાજે કહ્યું : ''ઝીણાભાઈ ! પંચાળામાં અમે દોઢ માસ રહ્યા. આટલું સુખ આપ્યું છતાં તૃપ્તિ ન થઈ ?''

ઝીણાભાઈએ કહ્યું : ''મહારાજ ! આપની મૂર્તિના દિવ્ય સંબંધની, આપની દિવ્ય વાતોની કે આપની લીલાની સ્મૃતિ કરી અંતરમાં સુખ આવે છે, પરંતુ આપનાં પ્રગટ દર્શનની તાણ તો રહ્યા જ કરે છે. એટલે મન હાથ ન રહ્યું.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''એ જ ભક્તિ છે. <u>જેટલી અમારા પ્રગટ સ્વરૂપનાં દર્શનની તાણ રહે છે અને જેટલું એ સુખ જયારે જયારે અવસર આવે ત્યારે જે ભક્ત લે છે તે કોઈ કાળે દેશકાળથી પરાભવ પામતો નથી.</u>''

''મહારાજ ! આપના સંબંધે જ દેશકાળ રૂડા બને છે. તેથી તો મનમાં સંકલ્પ રહ્યા કરે છે કે આપ જૂનાગઢમાં જો મંદિર કરો તો સમગ્ર સોરઠ દેશને આપનો સંબંધ અખંડ રહે.''

મહારાજ તેમના સંકલ્પથી પ્રસન્ન થયા. પછી બોલ્યા : **''મંદિર હોય તો ઉપાસના જરૂર રહે. પરંતુ ઉપાસના સમજાવનાર અને અંતરમાં દઢ કરાવનાર એવા શુદ્ધ ઉપાસક સંત જો હોય તો ઉપાસનાની વિશેષ દઢતા થાય અને એકાંતિક ધર્મ સિદ્ધ થાય.''** એટલી વાત કરી મહારાજ ઊઠ્યા.

પ્રસંગ-૬ આ સત્સંગ કેવળ તિલક, કંઠી કે માળા ધારણ કરવાથી સિદ્ધ થતો નથી- ૪૩૫

મહારાજ સુંદરિયાણાથી ગઢપુર પધાર્યા. પરંતુ વારંવાર સુંદરિયાણાના ભક્તોને સંભાર્યા કરતા. કથા પ્રસંગ કે અક્ષર ઓરડીમાં સંતો પાસે કે જીવુબા, લાડુબા પાસે મહારાજ હિમરાજ શાહના પરિવારની દઢ ટેક અને શિર સાટે સત્સંગ રાખવાની શૂરવીરતાની વાતો કરતા. મહારાજ કહેતા : ''તેમણે ન્યાતનો વ્યવહાર તોડ્યો, સગાંવહાલાંની મહોબત તોડી અને કહેવાતા ધર્મના ટૂંકા કુંડાળાને તોડી બહાર આવી ગયા. ખરા ખપવાળા હોય તેમનાથી જ સત્સંગ શિર સાટે રાખી શકાય. હજુય સત્સંગ રાખતાં ભવિષ્યમાં કેટલુંય દુઃખ આવશે તે તો ભગવાન જાણષ, પણ શેઠના બલિષ્ઠ સંસ્કારના બીજબળથી ભવિષ્યની પેઢીને પણ આંચ નહીં આવે.''

મહારાજના શબ્દોનું રહસ્ય સૌ સમજી ગયા. **આ દિવ્ય સત્સંગ એ કેવળ કંઠી, માળા કે તિલક ધારણ કરવાથી સિદ્ધ થતો નથી પરંતુ પોતાના ઉપાસ્ય સ્વરૂપ અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમના સર્વોપરી સ્વરૂપની શુદ્ધ ઉપાસના, તેમણે સ્થાપેલ સત્સંગની મર્યાદા, સત્સંગનો દઢ પક્ષ અને ઈતર જનો કે પદાર્થો પ્રત્યે** વિરક્તભાવ કેળવવાથી જ સચવાશે. <u>સાચા શૂરાનો અને સમજણવાળાનો આ માર્ગ છે</u>.

🖎 અનેક મૂંઝવણ અનુભવતા કાઠી ભક્તો મનમાં સમજી ગયા કે જાત તો પૂરબિયા બ્રાહ્મણની છે, પણ છે ભગવાન એટલે અનેક કળામાં પ્રવીણ છે

પ્રસંગ-૬ અમે ભગવાનનું ધામ છીએ- ૪૪૨

ત્યાં છેટે વૃક્ષ નીચે તેમણે માણકીને જોઈ. માણકી હાંફતી હતી. તેના શરીર ઉપરથી ટપકતા પરસેવાથી તે જ્યાં ઊભી હતી તે પૃથ્વી ભીની થઈ ગઈ હતી. સૌ પાસે આવ્યા અને જોયું તો મહારાજ એક ભગવા વસ્ત્ર પર પોઢ્યા હતા. પાસે ગુણાતીતાનંદ સ્વામી મહારાજને આંબાના પાનનો પંખો કરી પવન નાખતા હતા. તેમને આ જોઈ આશ્ચર્ય થયું ! તેમણે પૂછ્યું : ''સ્વામી ! તમે ક્યારના અહીં આવ્યા છો ? તમે તો બધા સંતોની સાથે હતા.''

આ સાંભળી સ્વામી પણ હસ્યા. તેમણે કહ્યું : ''**જેમ માણકી મહારાજને બેસવાનું વાહન છે, તેમ અમે મહારાજને રહેવાનું ધામ છીએ. મહારાજથી અમે કદી જુદા પડતા જ નથી. માણકીએ ગતિ વધારી એટલે અમે અમારી ગતિ વધારી. માણકીની આગળ અમે અહીં પહોંચ્યા અને મહારાજ માટે જગ્યા સાફ કરી, આ વસ્ત્ર પાથરી દીધું. મહારાજ અહીં પધાર્યા અને માણકી ઉપરથી ઊતરી આ વસ્ત્ર ઉપર પોઢી ગયા.**''

સૌ સ્વામીની વાત સાંભળી રહ્યા. સ્વામી સંતોની સાથે હતા તે તેમણે જોયું હતું. અહીં પણ સ્વામી મહારાજ સાથે હતા તે પણ જોયું. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો ! સ્વામી પણ તેમની મૂંઝવણ જોઈ મંદમંદ હસવા લાગ્યા.

થોડી વારે મહારાજ જાગ્યા. સૌ કાઠી ભક્તોને ત્યાં ઊભેલા જોઈ મહારાજ પણ હસ્યા. તેમણે કહ્યું : ''અમને તો એમ હતું કે તમે બધા મોર નીકળી ગયા હશો. અમે તો થાકી ગયા એટલે અહીં આવી સૂઈ ગયા.''

કાઠી ભક્તો આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! ભગવાનમાં ભણે બધી કળાયું હોય. અમારું પાણી આજે ઊતરી ગયું.''

મહારાજ ઊઠ્યા. પછી કહ્યું : ''તમે સૌ પાછળ આવો. અમારે ઉતાવળ છે એટલે અમે જલદી જઈએ છીએ. પણ તમે ઘોડાં હળવાં હળવાં હાંકજો એટલે રસ્તાનાં ગામના હરિભક્તોનાં દર્શન થાય અને સૌને વરતાલ વહેલા આવવાનું કહેવાય.'' એમ કહી મહારાજે માણકી દોડાવી.

પ્રસંગ-૭ તમારાં દર્શનની અમને તાણ્ય હતી- ૪૫૬

મહારાજ ગઢપુર પધાર્યા તે સમાચાર સારંગપુર, કારિયાણી, કુંડળ, ખાંભડા તથા આજુબાજુનાં ગામોમાં પ્રસરી ગયા. હરિભક્તોનો સમૂહ હોય તો ઉપદેશની વાતો થાય, હરિભક્તોને પણ અંદર અંદર સદ્ભાવ કેળવાય, મહારાજના સ્વરૂપની નિષ્ઠા દૃઢ થાય, તે નિષ્ઠાની દૃઢતાની પરીક્ષા પણ થાય. **સમૂહમાં સ્વભાવ ટળે. અંતર્દષ્ટિ સિદ્ધ થાય અને સત્સંગના દિવ્ય આનંદનો અનુભવ થાય.**

કારિયાણીથી બાપુ વસ્તાખાચર મહારાજનાં દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીમાં આવ્યા ત્યારે મોટી ડેલીના બાપુ જીવાખાચર મહારાજ પાસે બેઠા હતા. વસ્તાખાચરને જોઈ મહારાજને આનંદ થયો. મહારાજે કહ્યું, ''તમારા દર્શનની અમને તાણ્ય હતી. તમે ન આવ્યા હોત તો માણસને તેડવા મોકલત.''

તેજ વખતે જીવાખાચરે મહારાજને પૂછ્યું, ''મહારાજ ! આવડું બધું હેત ?''

મહારાજે હસીને કહ્યું, ''હા, એ એવા છે ત્યારે તો અમને એમના ઉપર હેત થાય છે અને એમનાં દર્શનની પણ ખેંચ રહે છે. અમારા સ્વરૂપની નિષ્ઠા તેમના અંતરમાં દૃઢ છે. અમારા સ્વરૂપમાં દિવ્યભાવ છે અને એવા ભાવથી તો ભક્તિ કરે છે. તેથી તેમનાં દર્શનથી આનંદ થાય જ !'' જીવાખાચર આ સાંભળી રહ્યા.

થોડી વારે જીવાખાચર ઉઠ્યા. ઉઠતા ઉઠતા વસ્તાખાચરને કહ્યું, ''વસ્તા, હાલો ડેલીએ. ત્યાં ઉતારા કરજો.''

મહારાજે તરત જ કહ્યું, ''અહીં આવ્યા છે તે અમારી ભેગા જ ભલે રહ્યા.'' પરંતુ જીવાખાચરે બહુ જ આગ્રહ કર્યો અને વસ્તાખાચર તેમની મહોબત તોડી શક્યા નહીં. તેઓ ઊઠ્યા, મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમના તરફ દૃષ્ટિ કરી નહીં. એમણે મહારાજને કહ્યું, ''મહારાજ ! બાપુનો આગ્રહ છે એટલે મોટી ડેલીએ ઉતારો કરવા જાઉં છું. ઉતારા કરી પાછો આવી જઈશ.'' મહારાજ કાંઈ બોલ્યા નહીં. વસ્તાખાચર ગયા.

પછી થોડી વારે મહારાજે કહ્યું, ''હવે વસ્તાખાચર નહીં આવે.'' આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! એમ કેમ કહો છો ?'' મહારાજે નિઃશ્વાસ નાંખ્યો. તે જ ભાવમાં મહારાજે કહ્યું : ''જીવાખાચર અને બુહ્ના ધાધલના શબ્દોથી તે ઘાયલ થઈ જશે. અમારા સ્વરૂપની નિષ્ઠાની દૃઢતા તૂટશે. અમારો અભાવ આવશે.''

વસ્તાખાચર જીવાખાચરના દરબારમાં ગયા. જીવાખાચરે તેમની સારી સરભરા કરી. અમૃતમય ભોજન જમાડ્યા. પછી ડાયરામાં સૌ બેઠા. બુહ્નો ધાધલ વસ્તાખાચરની સેવામાં ખડે પગે હતો. ધીરે ધીરે તેણે વાત શરૂ કરી : ''વસ્તા બાપુ ! મહારાજ તમારાં વખાણ કરે છે અને તમારાં દર્શને તેમને આનંદ થાય છે એ બધા શબ્દોનો મર્મ તમે સમજ્યા ?''

વસ્તાખાચર મૂઢ બની આ શબ્દો સાંભળી રહ્યા. ત્યારે પગ દાબતાં બુહ્ના ધાધલે ફરી કહ્યું, ''મોટા બાપુ ! વસ્તા બાપુ તો ભોળા છે એટલે લાંબી બુદ્ધિ પોગાડે નહીં..'' વસ્તાખાચર આ અસંબદ્ધ વાતો સાંભળી આભા બની ગયા ! જીવાખાચરે તેમની મૂંઝવણ પારખી લીધી. તેમણે આગળ ચલાવ્યું : ''આ ધરમકુળ આવ્યું દાદાના દરબારમાં. દાદાના દરબારનો કેટલોક ભાગ મહારાજે કબજે કરી લીધો ને ધર્મકુળને રહેવા આપી દીધો. વળી, સાંભળ્યું છે કે દાદાનો ગઢડામાં જે ભાગ છે તેના બે ભાગ કરી મહારાજ તેમના બંને ભાઈઓને તેમાંથી એક એક ભાગ આપી દેવાના છે. દાદો તો મૂરખ છે. પણ બીજા તમારા જેવાને મહારાજ આમ, વખાણ કરી ભોળવીને ગરાસ પડાવી લેશે. મને તો આ બધા એંધાણ કાંઈ સારાં લાગતાં નથી. આપણે જ મોટા કરી દીધા એટલે તેમણેય આપણી ભોળપનો લાભ લઈ પોતાનું કુળ બોલાવી પગ પહોળા કરવા માંડ્યા છે.''

વસ્તાના અંતરમાં આ શબ્દો પેઠા અને તેનું અંતર ડોળાવા માંડ્યું. **હવે જો બધા કાઠી ભાયાતો જાગશે નહીં તો વગર ધિંગણે સૌના ગરાસ આ પૂરબિયો** ભગવાન પડાવી લેશે. તમનેય કેટલો ઘસારો આપે છે !

તેના અંતરમાં મંથન શરૂ થયું. તેના મોઢાના ભાવ ઉપરથી જીવાખાચર સમજી ગયા એટલે હમણાં હવે આટલે જ વાત રાખી બીજું ઝેર બપોર પછી પાવાનું રાખ્યું. આંખના ઈશારાથી બુહ્ના ધાધલને તેમણે મૂંગા રહેવા કહી દીધું.

સાંજે મહારાજે તેમને બોલાવવા પાર્ષદ મોકલ્યો. પાર્ષદે કહ્યું, ''ઉતારો ત્યાં જ રાખવાનો છે માટે ઘોડી લઈને જ આવો.'' વસ્તાખાચર કાંઈ બોલી શક્યા નહી. નીચુ જોઈ રહ્યા. તેમણે થોડી વારે કહ્યું, ''હું જરા દાદાના દરબારમાં જઈ આવું.''

''હા, જાવ. હજી વધુ સવાદ લેવો હોય, વધુ પગપેસારો કરાવવો હોય તો પધારો, પણ આ શબ્દો સંભારી રાખજો.''

વસ્તાખાચર ચાલતાજ દાદાના દરબારમાં આવ્યા. મહારાજે પૂછયું, ‘‘ઘોડી લઈને આવ્યા છો કે એમનેમ ?’’ તેમણે કહ્યું, ‘‘કાલે તો કારિયાણી પાછુ જવું છે. તે એક દી માટે વળી ક્યા ઉતારો ફેરવવો ?’’ એટલું કહી તેમણે ત્રાસી નજરે મહારાજ સામું જોઈ લીધું. મહારાજ આ શબ્દો સાંભળી ઉદાસ થઈ ગયા. તેમને લાગ્યું કે, આ જીવ જરૂર મોક્ષના માર્ગથી પડશે.

જીવાખાચરના ચાકર બુઢ્ઢા ધાધલ હજી ઝેર રેડવામાં બાકી રાખશે નહીં.

મહારાજે નિઃશ્વાસ મૂકતા કહ્યું, ‘‘ભલે તમારો વહેવાર રહ્યો, એટલે તમને ઠીક લાગે તેમ કહો. પણ ત્યાંની વાતમાં બહુ ઊંડા ઊતરશો નહીં.’’

મહારાજે આ શબ્દો કહ્યા અને વસ્તાખાચરના અંતરમાં પેઠેલું વિષ વધુ પ્રબળ બન્યું. તેને બુઢ્ઢાના શબ્દો સાચા લાગ્યા. તેને લાગ્યું કે મહારાજ જાળ પ્રસારતા જાય છે. તે કાંઈ પણ બોલ્યા નહીં. થોડી વાર મૌન છવાયું. પછી વસ્તાખાચર ઊઠ્યા અને કહ્યું : ‘‘હું જાઉં છું.’’

મુક્તાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, દાદાખાચર તથા અન્ય સભાજનો આ જોઈ રહ્યા. વસ્તાખાચર ગયા એટલે મહારાજે કહ્યું : ‘‘વસ્તાના અંતરમાં વિષ રેડાઈ ગયું છે. થોડું બાકી છે તે હજુ હવે રેડાશે. વસ્તો હવે દાદાના દરબારમાં અમારા દર્શને આવશે નહીં.’’

બીજે દિવસે વસ્તાખાચર મહારાજને મળ્યા સિવાય કારિયાણી ચાલ્યા ગયા. મહારાજ ઉદાસ થઈ ગયા. સત્સંગના સ્તંભ જેવા હવે કુસંગની જાળમાં ફસાઈ ગયા. મોક્ષમાર્ગમાંથી પડે એ જ તેનું મૃત્યુ છે. દેહે કરીને મરવું એ મૃત્યુ નથી.

મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ‘‘વસ્તાખાચર એ આપણા ખાતાનો જીવ છે. તેને નરકમાં જવા દેવાય ?’’ કાલે સવારે કારિયાણી જવું છે. બીજે દિવસે મહારાજ મુક્તાનંદ સ્વામી, બે સંતો કારિયાણી જવા નીકળી ગયા.

મહારાજે આપેલી ધર્મ-ભક્તિ અને પોતાના સ્વરૂપની તથા નરનારાયણ દેવની છાપો ગોખલામાં નિત્ય પૂજાને અર્થે રાખી હતી. તેઓ મૂર્તિઓ સમક્ષ ઊભા હતા. મનમાં મંથન થતું હતુ. બુઢ્ઢા ધાધલની કહેલી વાતમાં બાપુ જીવાખાચરની અનુમતિ હશે જ. બાપુ જીવાખાચર બુદ્ધિશાળી પુરૂષ છે. ભાવનગરના નરેશ પણ તેમને સન્માને છે. તેથી તેમનું માનવું ખોટું હોય નહીં. વસ્તાખાચર આ વિચારના વમળમાં અટવાયા હતા કે ગોખલામાં મૂર્તિઓ રાખી છે તેની હવે પૂજા કરાવી કે જગતના ભોળા માનવીને ભરમાવા માટે ભક્તિની ભ્રમજાળમાં પડ્યા રહેવું ?

એટલામાં મહારાજ તે ઓરડામાં પધાર્યા અને બોલ્યા : ‘‘વસ્તાખાચર ! ભોળા માનવીને ભરમાવા માટેની આ ભક્તિની ભ્રમજાળ નથી. આ તો ભક્તિની જાળ ભોળા માનવીને જગતની જંજાળમાંથી મુક્ત કરી તેનું કલ્યાણ કરવા માટે બિછાવી છે.’’

આ સાંભળી વસ્તાખાચરે આશ્ચર્યવત્ પાછળ જોયું. મહારાજ બોલી રહ્યા હતા. તેના જ અંતરના વિચારો મહારાજ કહી રહ્યા હતા. તેને વિચાર આવવા લાગ્યા : બુઢ્ઢા ધાધલે કહ્યા પ્રમાણે આ માયાવી પુરુષ છે ને કાઠીઓના ગરાસ પડાવવા આવ્યા છે કે તેથી કંઇક અધિક છે ?

મહારાજ તેના સામું જોઈ હસ્યા અને કહ્યું : ‘‘બાપુ ! કાઠિયાવાડની નાની રિયાસતના કાઠીઓના ગરાસ પડાવી લેવાનો અમારો ઈરાદો હોત તો ધરમપુરનાં રાણીમાતા અમને રાજ્ય સોંપતાં હતાં તે કેમ અમે ઠોકરે માર્યું ? તમારી રિયાસતો તો બે કે પાંચ ગામની હશે પણ તેના તાબામાં તો પાંચસો ગામ હતા.’’

વસ્તાખાચરે મહારાજના આ શબ્દોથી ફરી આંચકો અનુભવ્યો :‘‘મારા જ અંતરમાં ઊઠેલા વિચારો, એ જ શબ્દો અત્યારે મહારાજ કહી રહ્યા છે ! આ તે કેવળ પૂરબિયા બ્રાહ્મણ છે કે તેથી કાંઈક વિશેષ ?’’ તેમનું હૃદય વલોવાવા લાગ્યું.

મહારાજ બહાર આવી ઓસરીમાં બિછાવેલ ઢોલિયા ઉપર બિરાજી ગયા. સામે જ મુક્તાનંદ સ્વામી તથા સંતો બેઠા. દાદાખાચર પણ પાસે બેસી ગયા. વસ્તાખાચર ધીરે ધીરે ઓરડીમાંથી બહાર આવ્યા. તેનું મુખ પૃથ્વી તરફ જ ઢળેલું હતું. તેણે મહારાજને હાથ જોડ્યા : ‘‘મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. મને બુઢ્ઢા ધાધલે ભરમાવ્યો. તેના શબ્દોમાં બાપુ જીવાખાચરની પણ મેં અનુમતિ જોઈ. મહારાજ ! અમે તો જીવ કહેવાઈએ. વળી અભણ, જ્ઞાનની વાતમાં ઊંડી સૂઝ પડે નહીં. તેથી અંતર ભમી ગયું હતું. પણ આપે મને ઉગાર્યો. મારું અંતર પકડી લીધું. મારા વિચારો જાણી સમાધાન કરી દીધું. મારું અંતર હવે ચોખ્ખું થઈ ગયું છે. મહારાજ ! મને આશીર્વાદ આપો કે આપના સ્વરૂપમાં ક્યારેય મનુષ્યભાવ ન આવે.’’

મહારાજ તેમના શબ્દોથી રાજી થયા. તેમણે કહ્યું : ‘‘આશીર્વાદથી એ ન થાય, વસ્તા બાપુ ! એ તો સમજણ કેળવવાથી, સમાગમ કરવાથી અને કુસંગથી દૂર રહેવાથી જ થાય. અમે તો તમને મોટી ડેલીએ જવાની ના કહી હતી, પણ તમે મહોબત મૂકી શક્યા નહીં.’’

‘‘હા, મહારાજ ! આપની આજ્ઞા લોપી ત્યાં ગયો અને બુઢ્ઢા ધાધલના શબ્દોએ મને ઘાયલ કરી દીધો.’’ વસ્તાખાચરે અશ્રુભીની આંખે બે હાથ જોડીને કહ્યું.

પ્રસંગ-૫૮ મહારાજ ૨૮ વર્ષ પછી ધર્મકુળને મળે છે-૨૫૫

મહારાજ એકદમ ઊઠ્યા અને બ્રહ્મમુનિને ભેટી પડ્યા. તેમણે કહ્યું : ‘‘મહારાજ ! આમને ભેટો. અમને તો આપ લાભ આપો છો, પણ આજ અઠ્ઠાવીસ વરસનાં વહાણાં વહી ગયા ત્યારે આ ભાઈને આપનાં દર્શન થયાં. તેમને ભેટો અને શાંતિ કરી દ્યો.’’

સૌની વિનંતીથી મહારાજ તરત જ ઈચ્છારામભાઈને ભેટ્યા. આ શાંતિકર દિવ્ય આશ્લેષથી ઈચ્છારામભાઈના ત્રિવિધ તાપ ટળી ગયા. પછી મહારાજે કહ્યું : ‘‘અણસાર ઉપરથી તો અમારા નાનાભાઈ હોય તેમ લાગે છે, છતાં અમારા કુટુંબની બધી વિગત કહે તો મનાય. કોણે તેમને અમારા સમાચાર આપ્યા ? ક્યાંથી આવ્યા ?’’

ઈચ્છારામે કહ્યું. હું,મોટાભાઈ તથા માયાજિતાનંદસ્વામી જેમણે અમને આપના સમાચાર આપ્યા હતા, અમે ત્રણેય ઉપૈયા પાસે લોહગંજરી ગામથી નીકળ્યા. અમે બે ભાઈઓ બે ટટ્ટુ ઉપર બેઠા અને સ્વામી ચાલતા આવતા હતા. રામપ્રતાપભાઈ લોહગંજરી રહેતા હતા અને હું આંબલિયા ગામે રહેતો હતો. છપૈયામાં વારંવાર ઉપાધિ આવતી એટલે તે ગામ અમે છોડી દીધું હતું. લોહંગંજરીથી અમે અયોધ્યા આવ્યા. ત્યાંથી કર્તારામ વિપ્ર અમારી સાથે થયા. મોટાભાઈ અને કર્તારામ બંને કીર્તન ભકિત કરતા આવતા હતા. તીર્થમાં પાંચ રાત રોકાતા. અયોધ્યાથી લખનૌ આવ્યા. અહીં જ્ઞાનાનંદસ્વામીના બે ભાઈઓ રહેતા હતા. એક વણિક હરિભકત વેણીરામચરણ પણ હતા. તેમણે ગ્વાલિયર સુધીની અમારી મુસાફરીની વ્યવસ્થા કરી દીધી. ગ્વાલિયરની આજુબાજુના ગામોમાં મોટા સુખાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો હતો તેથી અમારી સૌએ સારી સરભરા કરી. ત્યાંથી ઘુવા બરાઈ થઈને ઉજ્જેન આવ્યા. મોટાભાઈ ત્યાં રોકાઈ ગયા અને હું અહીં ઉતાવળો

આવી ગયો. પછી અમે વડોદરાથી બોચાસણ આવ્યા. ત્યાંથી ધંધુકા રાણપુર થઈને અહીં લોયામાં આવી ચગા. આપના દર્શન કર્યા અને આટલા વર્ષોના વિયોગનું દુઃખ ટળ્યુ. એટલું કહેતા તેમની આંખમાં આંસુ આવી ગયા.

ફરી તેમણે મહારાજના ચરણારવિંદ પકડી ગદગદ કંઠે કહ્યું, અમારા કુળમાં આપ ભગવાન પ્રગટ્યા. અમારા મોટા ભાગ્ય. પણ હવે આપનો વિયોગ થવા દેશો મા. મહારાજે કેવળ આછુ સ્મિત કર્યુ.

બરોબર પાંચમે દિવસે ખબર આવ્યા કે રામપ્રતાપભાઈ આવે છે. મહારાજે સૌને કહ્યું, સૌ સંતો-હરિભકતો મોટાભાઈની સન્મુખ જાઓ. બાઈઓ કોઈ ના જાય. અમે અહીં બેઠા છીએ. ભાઈ આવશે એટલે સામા આવીશું. ઈચ્છારામ તો મહારાજની પાસે જ બેસી રહ્યા. લોયા એક ગાઉ દૂર હતુ. ત્યાંથી રામપ્રતાપભાઈ અશ્વ ઉપરથી ઉતરીને ચાલવા લાગ્યા. તેમની સાથે રસ્તામાં આવતા ગામના હરિભક્તો હતા. તેમને આવતા જોઈ મુ.સ્વા., બ્ર.સ્વા., નિ.સ્વા. સર્વે સંતો દંડવત કરવા લાગ્યા. રામપ્રતાપભાઈ પાસે આવ્યા અને સંતોને કહ્યું, સંતો ગૃહસ્થોને દંડવત કરે તે યોગ્ય ન કહેવાય. એટલે મુ.સ્વા.એ કહ્યું, તમે તો ભગવાનના મોટા ભાઈ છો એટલે અમારે દંડવત કરવા જોઈએ.

રામપ્રતાપભાઈને ઘનશ્યામનો પ્રતાપ દેખાયો. ધર્મપિતાના વચનો યાદ આવ્યા. પોતે ઘનશ્યામ સાથે જે રીતે વર્તતા હતા તે પણ યાદ આવ્યું. તેમની આંખમાં આંસુ આવી ગયા. તે વિચાર કરવા લાગ્યા, ભગવાન અમારા ઘરે પ્રગટ્યા અને અમે તેમને ઓળખી ન શક્યા અને દૂર દેશાવરના આ ગુજરાતના હરિભક્તોએ તેમને ઓળખી લીધા.

કિર્તન ગાતા ગાતા સંત મંડળ સાથે રામપ્રતાપભાઈ ચાલતા હતા. આગળ ઢોલ, ત્રાંસા, શરણાઈ વાગતા હતા. સુરાખાચર તથા અન્ય કાઠી દરબારો આ પ્રસંગનો આનંદ અનુભવતા હતા. ભગવાનના ભાઈ પધાર્યા છે, કેવા હશે ?! કૃષ્ણ-બળરામની વાતો સાંભળી હતી પરંચુ બળરામ સ્વભાવ જરા ઉગ્ર હતા. રામપ્રતાપભાઈના મુખ ઉપર પણ એવા ભાવની રેખાઓ દેખાય છે ખરી. અને સૌ ઉતારે આવી પહોંચ્યા.

મહારાજ મંચ ઉપરથી એકદમ ઊઠ્યા ને નીચે ઊતરી મોટાભાઈની સામે આવ્યા. નજીક આવી તેઓ રામપ્રતાપભાઈને પગે લાગ્યા. પરંતુ રામપ્રતાપભાઈ તો મહારાજને ભેટી પડ્યા. આટલા વર્ષોના વિરહના વેદનાથી બળતા અંતરમાં આ ગાઢ પ્રેમના અમીનો ઝરો પ્રગટ્યો. રામપ્રતાપભાઈ મહારાજને પોતાના બાહુપાશમાંથી છોડતા નહોતા. તેમની આંખોમાં આંસુ હતા. રડતા રડતા તેમને કહ્યું, ‘‘ઘનશ્યામ ભૈયા ! સબકા પ્રેમકો ઠુકરાકર ચલે ગયે ? કભી કીસીકુ યાદ ભી નહીં કિયા ? ક્યા ભગવાન એસે નગુને હોતે હૈં ? કભી ભાભી યાદ આતી થી ? નહીં આતી હોંગી. તુમ તો ભગવાન હો ને ? ભગવાનકો કભી ભાઈ-ભાભી હોતે હૈં ? હજુ એ જ સ્તિતિમાં તે બોલતા હતા.’’

હજુ એજ સ્થિતિમાં બોલતા હતા. તેમને શાંત કરવા મહારાજે તેમને મંચ ઉપર લઈ જઈને પોતાની ગાદી ઉપર બેસાડી દીધા. સભા દિગ્મૂઢ બની આ જોઈ રહી ! આ આદર મળ્યો એટલે રામપ્રતાપભાઈને પણ કળ વળી.

થોડી વારે રામપ્રતાપભાઈ શાંત થયા. પછી મોં લૂછીને તેમણે તમામ સગાં-સંબંધીઓનાં નામ લઈને કહ્યું : ‘‘ઘનશ્યામ ! સબ તેરેકુ યાદ કરતે હૈં. કબ મિલેંગે ઐસે સોચકર રાહ દેખકર બૈઠે રહે હૈં. તેરા સમાચાર સૂનકર તેરી ભાભી તો પાગલ હો ગઈ. કહતી થી મુઝે લે ચલો. મેરે ઘનશ્યામકી પાસ મુઝે લે ચલો.’’

મહારાજ હજુ શાંત હતા. શ્રીહરિ તો નિઃસ્પૃહ હતા પરંતુ મોટાભાઈના સ્વભાવને તેઓ બરાબર ઓળખતા હતા. આથી ધીરે રહીને તેમણે કહ્યું : ‘‘ભૈયા ! ભાભીને જરૂર બોલાવીશું. બધાંને બોલાવવાં છે.’’

રામપ્રતાપભાઈને મહારાજના આ શબ્દોથી શાંતિ થઈ. પછી ભાભી શું કરે છે, વશરામ મામા તથા અન્ય સંબંધીઓ, છપૈયાનાં સ્થળો, અયોધ્યાનાં સ્થળો જ્યાં પોતે ફરતા, જેમને પોતે મળતા તેમના સમાચાર પૂછ્યા. મોટાભાઈએ વિગતવાર બધી વાત કરી.

પછી સભાને સંબોધીને રામપ્રતાપભાઈએ કહ્યું : ‘‘અમારા દાદાને ઈટારના શિરનેત્ર રાજાએ તેમને ઈનામમાં ઈટાર ગામ આપ્યું હતું. તેથી ઈટારના પાંડે કહેવાતા. છપિયા અમારા મામાના ગરાસનું ગામ છે. અમે સામવેદી બ્રાહ્મણ, અમારું ગોત્ર સાવર્ણિ અને શાખા કૌથુમી, ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ એ ત્રણ પ્રવર. અમારો પરિવાર બહુ બહોળો છે, જમીન બહુ હોવાથી મુખ્યત્વે ખેતીનું કામકાજ કરીએ છીએ. અમારા પિતા ધર્મદેવે અમને તેમના મૃત્યુ સમયે કહ્યું હતું કે ‘ઘનશ્યામ ભગવાન છે, ઘરમાં રહેશે નહીં તેથી તમો તેને સાચવજો.’ પરંતુ અમે ઘનશ્યામને સાચવી ન શક્યા. અમે તેમને ગુમાવ્યા અને તમે સૌએ તેમને ઓળખી લીધા.

બંને ભાઈઓ આવ્યા તેથી સત્સંગમાં સૌને ખૂબ જ આનંદ થયો, આ તો ધર્મનું કુળ અને પ્રથમ પેઢી તેથી તેમની દિવ્યતા- મહિમા સૌનાં અંતરમાં ઊતરી ગયા.

પ્રસંગ-૫૯ અક્ષરધામમાં ભક્તને ભગવાનનું કેવું સુખ આવતું હશે ?

મહારાજ વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીમાં બિરાજતા. સંતો તેમની સમક્ષ બેસી જતા. બહેનો ચોકમાં નિંબતરુની પાછળ બેસતતી. એક દિવસ કથા પ્રસંગે બહેનોમાંથી પ્રશ્ન પૂછાયો, ‘‘મહારાજ ! અક્ષરધામને વિષે ભક્તને ભગવાન કેવું સુખ આપતા હશે ?’’

મહારાજ પ્રશ્ન સાંભળી રાજી થયા. તેમણે વિચાર્યુ કે આ પ્રશ્નો ઉત્તર જ્ઞાનીથી નહીં થઈ શકે. અનુભવીથી થઈ શકે. વળી, મહારાજ સ્વયં સૌની સમક્ષ બિરાજમાન હતા તેથી તેમના સિવાય બીજા કોઈ આ પ્રશ્નનું યથાર્થ સમાધાન કરી ન શકે તે નિશ્ચિત હતુ.

મહારાજે તેમના પ્રશ્નનું ઉત્તર આપતા કહ્યું, ‘‘અક્ષરધામમાં ભક્તને ભગવાનનું દર્શન થાય છે ત્યારે ભગવાનના સ્વરૂપમાં પાંચેય વિષયનું સુખ એકકાળાવિચ્છિન્ન તે ભક્ત ભોગવી શકે છે. ભગવાનનું રૂપ તેમનો શબ્દ, સ્પર્શ, રસ અને ગંધ તે ભક્તને અતિ સુખકર લાગે છે. તેથી અધિક બીજે ક્યાંઈ સુખ નથી તેઓ તેમને અનુભવ થાય છે. વળી તે ભગવાનનું દર્શન કરતા ભગવાનના જુદા જુદા અંગો મુખ, હૃદય, ઉદર, હસ્ત તથા ચરણ દરેક અંગના દર્શન કરતા તે ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તે દિવ્ય સુખનો અનુભવ એકી સાથે થાય છે. જાણે અનંત વર્ષથી એ સુખ ભોગવતો હોય અને છતાં તેની તૃપ્તિ થતી ન હોય ! એટલે એક અંગ ઉપરથી દૃષ્ટિ ખસેડીને બીજા અંગનું દર્શન કરવા પણ તે ભક્ત સમર્થ થતો નથી.

- ભગવાનના શબ્દમાં જે મધુરતા છે તે અન્યના શબ્દમાં નથી..
- ભગવાનના જેવું રૂપ અન્ય કોઈનું નથી..
- ભગવાનના દિવ્ય દેહમાંથી પ્રસરથી સુગંધનો અનુભવ બીજે ક્યાંઈ થઈ શક્તો નથી..

- ભગવાનનું સ્વરૂપ જ એવું છે કે તેમને રસો વૈ સઃ । વર્ણવ્યા છે. તેમના અંગની ઋજુતા, તેમના સ્પર્શની દિવ્યતાનો આસ્વાદ તે ભક્તને સત્, ચિદ્, આનંદમાં લીન કરી નાંખે છે. આવું અદ્‌ભુત સુખ અક્ષરધામમાં અમારી મૂર્તિનું ભક્તોને આવે છે. તે સુખ અહીં પણ છે, કારણ અહીં અક્ષરધામ અમારી ભેગું છે. પણ તમે અમારા સ્વરૂપમાં મનુષ્યભાવ દેખો છો એટલે અમારા સ્વરૂપમાં યથાર્થ દિવ્યતાનો અનુભવ તમને થતો નથી.''

મહારાજની આ વાત સાંભળી સૌને આનંદ થટો. લગની પણ લાગી ગઈ કે એ દિવ્ય સુખનો અનુભવ કરવો જ !

મહારાજે તેમને કહ્યું : ''અમારા અક્ષરધામના સ્વરૂપને ઓળખો, તેમનો સંબંધ કરો. તેમના સંબંધે અક્ષરભાવને પામો તો અક્ષરધામના દિવ્ય સુખનો અને તેમાં બિરાજેલ અમારી મૂર્તિના સુખનો અનુભવ તમને છતી દેહે જ થશે. દેહ મૂકીને જેને પામવા છે તે દેહ છતાં જ મળ્યા છે એવો નિશ્ચય થશે. ત્યાં સુધી અધૂરૂં રહેશે. કલ્પનાના ઘોડા ઉપર બેસી મજલ ન થાય. આકાશની ફૂલવાડીનાં ફૂલોથી હાર ન ગૂંથાય. માટે પ્રગટ પ્રાપ્તિના આનંદના અનુભવથી જ પૂર્ણકામ થવાશે.''

પ્રસંગ-૬૦ પંચાળામાં મહારાસ

પંચાળામાં હરિભક્તો તથા નગરજનો સૌ સાબલી નદીના કિનારા ઉપર જ્યાં મહારાસ યોજાયો હતો ત્યાં જવા લાગ્યા. લગભગ રાત્રિના ૯નો સમય થયો હશે, નદીના બંને કિનારા તેમજ આજુબાજુ ઝાડ ઉપર હજારો મનુષ્યોની ભીડ જામી ગઈ. ઝીણાભાઈએ ત્રંબાળુ, ઢોલ, શરણાઈ, કાંસાજોડી, કરતાલો વગેરે સાજ તૈયાર કરાવી ત્યાં મોકલી આપ્યો હતો. મહારાજના પધારવાની સૌ રાહ જોઈ રહ્યા હતા. એટલામાં મહારાજ પધાર્યા. સહજાનંદસ્વામી મહારાજની જયથી સમગ્ર વાતાવરણ ગાજી ઉઠયું.

મહારાજે બ્રહ્માનંદસ્વામીને બોલાવ્યા, સંતો ઘણા છે માટે એક એક ફરતા ૯ કુંડાળા કરો. જેથી દરેક સંત રાસ રમી શકે. પહેલા કુંડાળામાં મોટેરા સંતો, પછી નાના સંતો..જેમ ઘટે તેમ વ્યવસ્થા કરો. સૌ આતુરતાપૂર્વક રાસરમણની રાહ જોઈ રહ્યા છે. ચંદ્ર પૂર્ણપણે પ્રકાશી રહ્યો છે. વ્રજભૂમિ જેવી દિવ્ય ભૂમિમાં હવે આપની આજ્ઞા થાય એટલે મહારાસ શરૂ કરીએ.

મહારાજે કહ્યું, અમે જ્યાં હોઈએ ત્યાં અક્ષરધામની જ ભૂમિ હોય, તેની જ દિવ્યતા હોય, ત્યાં પ્રકૃતિનો ભાવ ન હોય. કાળનું નિયમન પણ ન હોય. (બ્રહ્માંડોની અડખેપડખે અને અંદર ચિદાકાશ સર્વત્ર વ્યાપી રહ્યો છે એટલે પ્રાકૃત પ્રલયમાં બ્રહ્માંડનો નાશ થાય છે પરંતુ ચિદાકાશ તો રહે જ છે. તેને સંકોચ અને વિકાસ અવસ્થા નથી. તેથી ચિદાકાશ અર્થાત્ અક્ષરધામ સર્વત્ર છે અને તેના ઉપર કાળનું નિયમન નથી.) મહારાજના આ શબ્દોથી બ્રહ્માનંદસ્વામી સમજી ગયા કે પૂર્ણ પુરુષોત્તમ નારાયણને કે તેમના અવિનાશી અક્ષરધામને અન્ય ઉપમા આપી શકાય જ નહિ. મહારાજ આપે સાચું કહ્યું પ્રકૃતિનો ભાવ અહીં દેખાતો નથી અને કાળ પણ સ્થંભી ગયો છે.

મુક્તા.સ્વામી,બ્ર.સ્વામી, નિ.સ્વામી, દેવા.સ્વામી વગેરે સંતોના હાથમાં કરતાલો હતી. પગે ઘૂઘરા બાંધ્યા હતા. બ્ર.સ્વામીના પહાડી સૂર સાથે વાજિંત્રોના નાદની મિલાવટ થઈ ગઈ. સંતોએ પગમાં પહેરેલા ઘૂઘરાના અવાજ પગના ઠેકા સાથે આ સૂરમાં સુરમ્ય બની ગયા. સંતોનો દિવ્ય આનંદ મહારાજે જોયો. તેમની મસ્તી જોઈ પોતાનું દેહભાન ભૂલીને કેવળ પોતાના ઉપાસ્ય સ્વરૂપની ભક્તિમાં તેમને સૌને તલ્લીન બની ગયેલા જોઈ મહારાજ એકદમ મંચ ઉપરથી ઉઠયા અને બધા જ કુંડાળા વીંધી પહેલા કુંડાળામાં પહોંચી ગયા.

મહારાજને અંદર આવતા જોઈ સંતોના આનંદનો પાર ન રહ્યો. મહારાજ સંતો સાથે તાળીના તાલ દેતા. મહારાજ ફક્ત મોટેરા સંતો સાથે જ રાસ રમે છે તેથી બીજા કુંડાળામાં ફરતાં સંતોને સંકલ્પ થયો કે મહારાજ અમને એ સુખ ન આપે ? આશ્ચર્યવત્ મહારાજ તેમની પડખે દેખાયા. એકએક સંત અને સાથે મહારાજ..જેટલા સંત એટલા મહારાજના સ્વરૂપો. આ દિવ્ય આનંદના ઉન્માદથી સંતોનો વેગ વધ્યો. વાજિંત્રોના ઘોષ પણ મેઘની ગર્જનાને થંભાવી દે તેવા થવા લાગ્યા. મહારાસ જામ્યો. ચંદ્ર પણ આ દિવ્ય દર્શનનો લાભ લેવા થંભ્યો. સૂર્યને થયું કે તેને કોઈનો શાપ થયો હશે તેથી આ રાસ દર્શનથી વંચિત રહ્યો. આ મહારાજની દિવ્ય સ્મૃતિ સૌના અંતરમાં ચિરસ્મરણીય રહે. આજ તો ૬ માસથી પણ રાત્રિ વધુ મોટી થઈ હતી એવું લાગે છે.

મહારાજે કહ્યું, કાળ અકળાયો હતો તેથી તેને છૂટ્ટો મૂકવો પડયો. નહિ તો અક્ષરધામનો આ મહારાસ કદી પૂરો થાત જ નહિ. (આજે પણ આ દિવ્ય ભૂમિમાં જે કોઈ ભાવિક ભક્ત જાય છે તેને આ મહારાસના દર્શન થાય છે. કેટલાકને વાજિંત્રોના ઘોષ સંભળાય છે ને કેટલાકને મહારાજ રાસમંડળમાં ફરતા દેખાય છે. એટલે આ દિવ્ય રાસનું સ્વરૂપ અવિચ્છિન રહ્યું છે.)

આ વખતે મઘરિયે આરે સ્નાન કરતાં બોચાસણના મુખી કાશીદાસ બોલ્યા, આ સમે આ ઉત્સવના જેને દર્શન કર્યા હશે તેને અક્ષરધામ મળશે. તે સાંભળી પાસે જ ઉભેલા ગુ.સ્વામી સામું જોઈ સચ્ચિદાનંદસ્વામી બોલ્યા, અરે ભાઈ આટલો બધો અક્ષરના હાથની પિચકારીમાંથી આપના ઉપર રંગ ઉડયો, આપણા શરીર રંગાયા, પાવન થઈ ગયા તોય હજું અક્ષરધામમાં હવે પછી જવા વિચાર કરો છો ? અક્ષરધામ અહીં નથી દેખાતું ?

કાશીદાસ સચ્ચિદાનંદસ્વામીની આ વાણી ન સમજ્યા પણ અક્ષર આજે પૃથ્વી પર આવ્યું છે તેનો પડઘો તો પડી ગયો. કાશીદાસને પણ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા પ્રસંગે મહારાજે કહેલી વાત યાદ આવી ગઈ. આ નરની મૂર્તિ છે તે અક્ષરનો અંશ છે અને નારાયણની મૂર્તિ છે તે અમારો પુરુષોત્તમનો અંશ છે.

૬ માસના બાળકો મહારાજનો મહિમા કહે છે

પંચાળામાં મહારાજ સભામાં બિરાજ્યા હતા ને સભામાં એક પરદેશી હરિભક્ત ઉભા થયા. તેમણે હાથ જોડી સભાને સંબોધતા કહ્યું, અહીં તો અમે મહારાજના અદ્‌ભૂત પ્રતાપના દર્શન કર્યાં. પરંતુ અમારા કચ્છ ગામ નરવરકોટમાં ૩૦-૩૫ ઘેર ઘોડિયામાં સૂતેલા ૬-૬ મહિનાના બાળકો બોલ્યા કે, સોરઠ દેશમાં અત્યારે ભગવાન પ્રગટ વિચરે છે. તેમનું નામ સ્વામિનારાયણ છે. મોક્ષ જોઈતો હોય તો તે પ્રગટ પ્રભુના દર્શન કરવા જાવ..આ બાળકો દ્વારા મહારાજ જ બોલી ગયા એવું અમને લાગ્યું. નહિ તો ૬ મહિનાનું બાળક આવું ક્યાંથી બોલી શકે ? આવો પ્રતાપ મહારાજનો અમે ત્યાં પણ જોયો તેથી અમે સૌ આ ઉત્સવમાં આવ્યા છીએ. મહારાજ આ પ્રમાણે આ બાળકો દ્વારા કહી ન ગયા હોત તો આ દિવ્ય ઉત્સવનો લાભ પંચાળામાં અમને મળત નહિ.

સભામાં બેઠેલા હરિભક્તોના મનમાં થયું કે પંચાળામાં જ્યારથી આવ્યા છીએ ત્યારથી રોજ ચમત્કારો જ જોતા આવ્યા છીએ. ચમત્કાર જેવું ન લાગે છતાં પ્રસંગની મહત્તાનો વિચાર કરીએ ત્યારે મહારાજના કર્તાપણાનો ખ્યાલ આવી જાય છે.

અહીંયા ભાગ ૪ પૂરો થાય છે

ભગવાન સ્વામિનારાયણ - ૫

પ્રસંગ : ૧

લક્ષ્મીનારાયણની મૂર્તિઓ માટે સંતોને મહારાજ વડોદરા મોકલે છે

મહારાજે મંદિરમાં પ્રતિષ્ઠા કરવાની મૂર્તિઓ માટે અગાઉથી વ્યવસ્થા કરી દીધી હતી. તેમણે આ.સં.૧૮૮૦ના ચૈત્ર માસમાં મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને વડોદરા મોકલ્યા હતા. તેમને સૂચના આપી હતી કે ત્યાં માંડવી પાસે એક અમીચંદ વણિક છે. તેના ઘરમાં લક્ષ્મીનારાયણની પુરાતની મૂર્તિઓ તેમના વડવાએ જમીનમાં દાટીને સંતાડી રાખી છે. તેમની પાસે એ મૂર્તિઓની માંગણી કરજો. અને અમીચંદ વણિક ઉપર મહારાજે પત્ર પણ લખી આપ્યો હતો.

આ સંતો વડોદરા આવ્યા અને અમીચંદ વણિકનું ઘર શોધી સંતોએ તેમને મહારાજનો પત્ર આપ્યો. અમીચંદ વણિકને પત્ર વાંચતાં જ પચ્ચીસ વર્ષ પહેલા પધારેલા નીલકંઠ વર્ણી સ્વરૂપની સ્મૃતિ તાજી થઈ ગઈ. તેમણે એક ઘડી વિચાર કર્યો. પણ પછી તેમની વૃત્તિ ફરી ગઈ. તેમને થયું કે આ તે જ નીલકંઠ વર્ણીએ મોકલાવેલ સાધુ હશે કે બીજા કોઈ ઠગ હશે ? ચિકિત્સક દ્દષ્ટિથી તેમણે આ સંતોને નીરખીને જોયા તો તેમના મુખ ઉપર સાધુતાની આભા તેમને દેખાઈ. તેમના વિચારો બદલાયા.

એમણે કહ્યું, સંતો ! મારે ત્યાં લક્ષ્મીનારાયણની પુરાતની મૂર્તિઓ છે તે આ નીલકંઠ વર્ણીએ અંતર્યામીપણે જાણી લીધું હતું. તે વખતે મને કહ્યું હતું કે ભવિષ્યમાં આ મૂર્તિઓ લેવા હું મારા સંતોને મોકલીશ. તે વાત આજે સાચી થઈ.

પ્રસંગ : ૨

અમે સ્વયં અમારા ધામ સાથે બોચાસણમાં બેસીશું

મહારાજે વરતાલમાં ઉમટેલા ભક્તોનો ઉત્સાહ જોયો. ઉત્સાહમાં ભક્તિનો ભાવ જોયો. એટલામાં મહારાજની નજર કાશીદાસ ઉપર પડી. તેમણે કહ્યું, મોટા મૂર્તિઓ લઈ આવ્યા છો ? કાશીદાસને આશ્ચર્ય થયું કે મહારાજ કઈ મૂર્તિઓ ? મહારાજે કહ્યું, વડોદરાથી લક્ષ્મીનારાયણની મૂર્તિઓ જે તમારે ત્યાં મૂકી છે તે મૂર્તિઓ અહીં વરતાલમાં પધરાવવાની છે.

આ સાંભળી કાશીદાસે કહ્યું, મહારાજ ! દયાળુ ! આજે લગભગ આઠ માસથી જે મૂર્તિઓ મારે ત્યાં રહી છે, રોજ થાળ-આરતી અમે કરીએ છીએ તે મૂર્તિઓ આપ હવે અહીં પધરાવવા ઈચ્છો છો ? મારો તો સંકલ્પ છે કે બોચાસણમાં આપ માંગો એટલી જમીન આપું અને ત્યાં આ મૂર્તિઓ પધરાવો.

મહારાજે તેમને કહ્યું, મોટા ! શ્રીનગરમાં નરનારાયણ દેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી ત્યારે અમે તમને શું કહ્યું હતું યાદ છે ? કાશીદાસને સ્મૃતિભ્રંશ થયો હતો. મહારાજે કહ્યું, મોટા ! સ્મૃતિ ઉપર વળગેલા અજ્ઞાનના પડળને ખસેડી યાદ કરો. કાશીદાસે તરત જ કહ્યું, હા મહારાજ ! આપે કહ્યું હતું કે નર એ અક્ષરનો અંશ છે અને નારાયણ એ પુરુષોત્તમનો અંશ છે.

મહારાજે હસીને કહ્યું, તો મોટા ! એજ અક્ષર અને પુરુષોત્તમ તમારે ત્યાં બેસાડીએ તો રાજી કે નહિ ? આ તો એક વૈકુંઠના દેવ છે. અમારા વિભૂતિ સ્વરૂપો છે. અમે તો આ સર્વ વિભૂતિઓ અવતારોના કારણ છીએ. અમે સ્વયં અમારા ધામ સાથે મૂર્તિમાન તમારે ત્યાં બેસીશું અને અમારા શુદ્ધ અને સર્વોપરી ઉપાસનાનો મંગલ પ્રારંભ બોચાસણથી જ થશે ત્યાંથી જ પ્રસરશે. બોલો મોટા ! હવે શી ઈચ્છા છે ?

ભવિષ્યવાણી

વરતાલમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે મહારાજ યજ્ઞશાળામાં પધાર્યા અને યજ્ઞની વેદિકામાં નારિયેળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરી. સર્વત્ર જયજયકાર થઈ ગયો. લક્ષ્મીનારાયણ દેવની જયનો ઘોષ પડવા લાગ્યો. મહારાજ આ સાંભળી હસ્યા. તેમને થયું કે જીવની બુદ્ધિ નાની અને અમારું સ્વરૂપ મોટું ! તે સમગ્ર રીતે જીવની બુદ્ધિમાં કેમ આવી શકે ? પરંતુ આજે હવે મંગલ પ્રારંભ કર્યો છે. તેના પાયા ભવિષ્યમાં ઉંડા નંખાશે.

ત્યારબાદ સભામાં સંબોધતા મહારાજે કહ્યું, આજે આ મંદિરમાં પ્રતિષ્ઠિત કરેલી વાસુદેવની મૂર્તિ તે અમારું બાલસ્વરૂપ છે. હરિકૃષ્ણની મૂર્તિ તે અમારું પ્રત્યક્ષ સ્વરૂપ છે. પરંતુ બંને મૂર્તિઓમાં ભેદ માનવો નહિ. અને તે મૂર્તિનું જ ધ્યાન ભજન અને ઉપાસના કરવી. અન્ય અવતારોની મૂર્તિઓ અહીં સ્થાપી છે તે અમારા વિભૂતિ સ્વરૂપો છે. માટે તેમનું પૂજન, અર્ચન પણ ભક્તિભાવથી કરવું.

પ્રસંગ : ૩

બ્રહ્મચર્ય ધર્મ રહેશે તો ભક્તિની સિદ્ધિ થશે

પૂનમે સવારે મહારાજે મોટેરા સદ્ગુરૂઓને બોલાવ્યા.મહારાજે કહ્યું, કાલે અમે નીકળીશું. અહીં દેવના પૂજન અર્ચન માટે જે વ્યવસ્થા કરી છે તે પ્રમાણે સેવા કરવી અને આ તીર્થસ્થાનની પવિત્રતા જળવાય તે અનુસંધાન અખંડ રાખવું. પૂર્વે ભગવાનના ઘણા અવતારો થઈ ગયા, પરંતુ મોક્ષ માર્ગની રીત જે ચાલવી જોઈએ તે રહી નથી.

મોટાપુરુષ ને પ્રમાણે આચરણ કરે તેને અન્ય લોકો અનુસરે છે. તેથી અમે ધર્મે સહિત ભક્તિ પ્રવર્તાવી. બ્રહ્મચર્ય ધર્મ રહેશે તો ભક્તિની સિદ્ધિ થશે. સ્ત્રી-પુરુષો વચ્ચે મર્યાદાની દિવાલ મૂકી દીધી. જેથી સંતો અને હરિભક્તોનો ધર્મ સદા સુરક્ષિત રહે. અમે રોજ લક્ષ્મીનારાયણ દેવની એકસો ને આઠ પ્રદક્ષિણા કરીએ છીએ. તે એટલા માટે કે લોકોમાં ભક્તિભાવ અને મહિમા વધે અને તમે બધા અનન્ય ભક્ત બનો.

તે સાંભળી બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું, મહારાજ ! અમે શું એવા અનન્ય ભક્ત નથી થયા ? એટલે મહારાજે કહ્યું, ભક્ત તો થયા છો પરંતુ અનન્ય નહિ. જેને અમારા સિવાય બીજાનો આશ્રય ન રહે તે અનન્ય ભક્ત કહેવાય.

મધ્ય મંદિરમાં કોનું સ્વરૂપ હોવું જોઈએ તે મર્મ બ્રહ્માનંદસ્વામી તથા મોટેરા સદ્ગુરૂઓ મહારાજના આ શબ્દોથી સમજી ગયા.

પ્રસંગ : ૪

આ ધામની ખ્યાતિ સમુદ્રને પેલે પાર પ્રસરી જશે

કાશીદાસના મકાન પાસેના વિશાળ પ્રાંગણમાં મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. ત્યારબાદ ભોજન કરી મહારાજ કાશીદાસ પાસે આવ્યા. તેમને ખભે હાથ મૂકી બોલ્યા, કાશીદાસ તમારા ભાગ્ય અપાર છે.

હા, મહારાજ ! આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ અક્ષરાધિપતિ અમારે ઘેર પધાર્યા તેથી રૂડાં બીજા ક્યાં ભાગ્ય હોઈ શકે ? આ ભૂમિને આપે ખૂબ પાવન કરી છે. અને આજે પણ અત્રે પધારી અમને ધન્ય કરી દીધા. કાશીદાસે કહ્યું.

કાશીદાસ ! આ ભૂમિ ખરેખર પવિત્ર બની ગઈ છે. અમારા સંબંધથી અહીં મોટું તીર્થધામ થઈ જશે. સમુદ્રને પેલે પાર પણ આ ધામની ખ્યાતિ પ્રસરી જશે. મહારાજે કહ્યું. કાશીદાસ આ સાંભળી કૃતાર્થ બની ગયા.

પ્રસંગ : ૫

પ્ર-૧૮ : વૃત્તિ મહારાજમાથી તૂટી

મહારાજ સલાટપરામાં પીરૂશાની વાડીમાં પધાર્યા હતા. ત્યાંથી સંધ્યા આરતીનો સમય થઈ ગયો હતો એટલે ઉતારે પહોંચવાની મહારાજને ઉતાવળ હતી. સવારી પાછી ફરતી ત્યારે સૌ સંતોની સાથે પ્રેમાનંદસ્વામી પણ કીર્તન ગાતા ગાતા ચાલતા હતા. એટલામાં તેમના કર્ણ ઉપર સંગીતના મોહક સૂર પડયા. સંગીતના રસિયા પ્રેમાનંદ સ્વામીને આ સંગીતના સૂરમાં ઉત્તમ પ્રકારના શાસ્ત્રીય સંગીતની છણાવટ લાગી. તે સાંભળતા તેમની ગતિ ધીરી પડી ગઈ. તેમને ખ્યાલ ન રહ્યો કે આ સંગીત વ્યવસાયી તવાયફના મુખમાંથી નીકળતું હતું.

તેમને એ પણ ખ્યાલ ન રહ્યો કે બધા સંતો આગળ નીકળી ગયા છે, ફક્ત તેઓ જ ધીમી ગતિએ ચાલતા એકલા પડી ગયા છે. સંગીતના સૂરમાંથી વૃત્તિ તૂટી અને મહારાજના સ્વરૂપમાં જોડાણી ત્યારે તેમને ભાન આવ્યું. અંતરમાં વર્તમાન ચૂક્યાનો પશ્ચાતાપ થવા લાગ્યો. તેઓ તરત જ દોડયા અને સંતોના મંડળ ભેગા થઈ ગયા.

ઉતારે પહોંચ્યા એટલે મહારાજે તેમને મીઠો ઠપકો આપ્યો. વર્તમાન ભંગનું પ્રાયશ્ચિત ચાંદ્રાયણ વ્રત કરવાનું કહ્યું.

પ્રસંગ : ૬

મહારાજ કમિયાળામાં મુક્તાનંદ સ્વામીને મળે છે

ધોલેરાથી મહારાજ નીકળ્યા. તેમને મુક્તાનંદસ્વામીને મળવું હતું એટલે સીધા કમિયાળા પધાર્યા. મુક્તાનંદસ્વામીને અશક્તિ ઘણી હતી. મહારાજે સ્વામીના કુશળ પૂછ્યા ને કહ્યું, સ્વામી વરતાલમાં લક્ષ્મીનારાયણ દેવ પધરાવી દીધા છે. હવે દેવ બેઠા છે, તો જે ભાવથી પૂજન કરશે તેને તે પ્રમાણે ફળ મળશે.

મુક્તાનંદસ્વામી શાંતિથી સાંભળતા હતા. તેમને સમાચાર તો મળી ગયા હતા કે દક્ષિણ તરફના મંદિરમાં મહારાજે પોતાની મૂર્તિ હરિકૃષ્ણ નામ આપી પધરાવી છે. મહારાજે અપૂર્વ પ્રતાપ બતાવ્યો તેથી કોઈ બોલી શક્યા નહિ અને નિર્વિઘ્ને સર્વોપરી ઉપાસ્ય સ્વરૂપનું સ્થાપન થઈ ગયું.

મુક્તાનંદસ્વામીને થયું કે મહારાજે સ્વયં પોતાનું સ્વરૂપ પધરાવી દીધું. તેમને લાગ્યું કે લક્ષ્મીનારાયણ દેવથી મહારાજ જુદા છે. મહારાજે તેમને રામાનંદસ્વામીનું રૂપ લઈને કાલવાણીમાં પોતાના સ્વરૂપની વાત કરી હતી તે સાંભળી તેમને અંતરમાં શાંતિ થઈ હતી. પરંતુ ગુણના ભાવથી કોઈવાર અશાંતિ પણ થઈ જતી. તેથી ગઢપુરમાં મહારાજે પોતાના ચરિત્રોની વાતો કરી તેથી તેમને લાગ્યું કે મહારાજ સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે. તે ભાવના કીર્તન તેમણે બનાવ્યા.

ગામડી ગામમાં પણ મહારાજે મુક્તાનંદસ્વામીને પોતાના સ્વરૂપની વાતો કરી હતી. છતાં આજે જ્યારે મહારાજે પોતાના સ્વરૂપની વરતાલમાં પ્રતિષ્ઠા કરી ત્યારે તેમને નિશ્ચય થઈ ગયો કે જે સ્વયં પુરુષોત્તમ નારાયણ હોય તે જ દેવને જુદા રાખીને પોતાની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા પોતાની મૂર્તિનું સ્થાપન કરી શકે. તે નિઃશંક વર્તે..સમાજ કદાચ સર્વોપરી સમજણની એ ઉચ્ચતમ કક્ષાએ ન પહોંચ્યો હોય તો તેમને ત્યાં પહોંચાડવો જ પડે. પરંતુ નીચા ભાવના સ્તરે તો તેને ન જ રહેવા દેવો.

મહારાજના આ કાર્યથી તેમના અંતરમાં આનંદ થયો. મહારાજ સર્વોપરી પુરુષોત્તમ નારાયણ સર્વ અવતારના પણ કારણ છે એ નિષ્ઠા તેમના અંતરમાં આજે દ્રઢ થઈ ગઈ. તેમના મુખમાંથી શબ્દો નીકળી પડયા. માઈ મેં તો પુરુષોત્તમ વર પાયો..મહારાજને આ સાંભળી અત્યંત આનંદ થયો.

પ્રસંગ : ૭

દરિયાખાનનો મોક્ષ કર્યો

મહારાજ આગળ ચાલતા હતા. એકાએક તે એક વડના વૃક્ષ નીચે તેમણે ઘોડી ઉભી રાખી. સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા. પછી મહારાજ આગળ ચાલ્યા ને સાબરમતીના આરે આવ્યા. અહીં સ્નાન કરવા વસ્ત્ર ઉતારતા હતા તે વખતે મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછયું, મહારાજ આપ વડના વૃક્ષ નીચે થોડી વાર કેમ ઉભા રહ્યા હતા ? તેમાં રહસ્ય શું હતું ?

મહારાજ મુક્તાનંદસ્વામી સામું જોઈ રહ્યા. પછી બોલ્યા, સ્વામી દરિયાખાનના ઘુંમટમાં તમે ઉતર્યા હતા તે દરિયાખાન પૂર્વે વિકર્ણ હતો. તેણે દ્રૌપદીના વસ્ત્રહરણ પ્રસંગે દ્રૌપદીનો પક્ષ લઈ દુર્યોધનને ઠપકો આપ્યો, એટલે દુર્યોધને તેને કાઢી મૂક્યો. દ્રૌપદી ભગવાનના ભક્ત હતા, તેણે વિકર્ણે પક્ષ લીધો તેથી તેણે કેટલાક જન્મ લીધા અને પછી દરિયાખાન બાદશાહ બન્યા. તે બાદશાહે દધીચિ ઋષિના આશ્રમ પાસે શિકાર કર્યો, તેથી ઋષિએ તેને શાપ આપ્યો કે તું ભૂત થઈશ. બાદશાહે ઋષિની માફી માંગી. ત્યારે ઋષિએ કહ્યું, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થશે ત્યારે તેનો તને યોગ થશે અને તેમના દર્શનથી તું મારા શાપથી મુક્ત થઈશ. તે દરિયાખાન ભૂતના સ્વરૂપે આવ્યો હતો. તેથી અમે વૃક્ષ નીચે ઉભા રહ્યા. તેને અમે આશીર્વાદ આપી બદરિકાશ્રમમાં મોકલી આપ્યો.

મુક્તાનંદસ્વામીને સ્મૃતિ થઈ કે પોતે દરિયાખાનના ઘુંમટમાં ઉતર્યા હતા ત્યારે તેમણે ભૂતોનો મોક્ષ કર્યો હતો. દરિયાખાન પણ તે સમયે આવ્યો હતો. પરંતુ તે સમયે તેની ઈચ્છા મહારાજના દર્શન કરવાની હતી, તેથી તેણે તેટલો સમય ભૂતયોનિમાં જ રહેવાનું પસંદ કર્યું હતું.

પ્રસંગ : ૮

જડમાં બ્રહ્મનો પ્રવેશ

મહેમદાવાદના હરિભક્તોએ મહારાજને કહ્યું, પ્રભુ અમારા મહેમદાવાદમાં વેદાંતીઓનું બહુ જોર છે. અહં બ્રહ્માસ્મિ કહીને બધાને ભરમાવે છે. એટલે કોઈ વિદ્વાન સંતને મોકલો તો આ દંભી વેદાંતીઓનો પરાજય થાય અને અમારે ત્યાં સત્સંગની વૃદ્ધિ થાય.

તેમની વાત સાંભળી રહ્યા પછી મહારાજે કહ્યું, આ ભાદરાવાળા નિર્ગુણાનંદને લઈ જાવ. તેઓ વેદાંતીઓનો પરાજય કરશે. સ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું. પરંતુ મહારાજની આજ્ઞા હતી એટલે ગયા સિવાય છૂટકો નહોતો. સ્વામી મહેમદાવાદના હરિભક્તો સાથે ત્યાં પહોચ્યાં. અને ત્યાં મંદિરમાં ઉતારો કર્યો.

વેદાંતીઓને સમાચાર મળી ગયા કે સ્વામિનારાયણના સાધુ શાસ્ત્રાર્થ કરવા આવ્યા છે. એટલે બીજે દિવસે તે બધા ટીખળ કરતાં મંદિરમાં આવ્યા. તે વખતે સ્વામી સભામાં વાતો કરતા હતા. વેદાંતી બ્રાહ્મણો આવ્યા તેમનું તેમણે સન્માન કર્યું અને આસન આપ્યા. બ્રાહ્મણોએ સ્વામીની મુખમુદ્રા જોઈ. બ્રહ્મના પ્રકાશથી પ્રકાશિત સ્વામીનું મુખારવિંદ નીરખીને જ તેમનો અહંકાર ગળી ગયો. ગાત્ર ઢીલાં થઈ ગયા. તેઓ કાંઈ બોલે તે પહેલા સ્વામીએ જ વાતની શરૂઆત કરતાં કહ્યું, આજ કાલ વિદ્વાનોમાત્ર શબ્દના જ્ઞાનથી જ અહં બ્રહ્માસ્મિ એમ બોલે છે. પરંતુ તેમને નથી બ્રહ્મભાવની ખબર કે નથી પરમાત્માનું સ્વરૂપનું જ્ઞાન..

શુકદેવજીને જો સાચી બ્રહ્મસ્થિતિ હતી તો તેમને સ્ત્રી અને પુરુષના સ્વરૂપનું જ્ઞાન જ નહોતું. તેમના પિતાએ તેમને બોલાવ્યા ત્યારે વૃક્ષમાં પ્રવેશ કરીને તેમણે જવાબ આપ્યો. બ્રહ્મનો સ્વભાવ જ એવો છે કે કાષ્ઠ અગર પાષાણ જેવી જડ વસ્તુમાં પ્રવેશ કરે તો તે પણ હાલે ચાલે એવી થઈ જાય. **જો તમે ખરેખર બ્રહ્મ હો તો આ થાંભલામાં પ્રવેશ કરો, નહિ તો અમે પ્રવેશ કરીને થાંભલાને હલાવીએ.**

સ્વામીની આ વાત સાંભળી મિથ્યાજ્ઞાની બ્રાહ્મણો મૂંઝાયા. એટલામાં સ્વામીએ કહ્યું, શુકદેવજી કે જડભરત કોઈને કહેવા નહોતા ગયા કે હું બ્રહ્મ છું..પણ જગતે તેમને એવા જાણી લીધા હતા. માટે આવા મિથ્યા જ્ઞાનનો ડોળ છોડી અત્યારે પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટયા છે તો તેમનો આશ્રય કરશો તો સાચા બ્રહ્મસ્વરૂપ થઈ જશો. જગતની વાસના ટળી જશે અને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મની સ્થિતિને પામશો.

એટલું સ્વામીએ કહ્યું ત્યાં તો તેમના શરીરમાંથી તેજનો શીતળ પ્રવાહ નીકળ્યો અને સર્વત્ર વ્યાપી ગયો. જાણે ધરતીકંપનો આંચકો લાગ્યો હોય તેમ મકાન હાલવા લાગ્યું. આથી વેદાંતીઓ ગભરાયા. સ્વામીએ કહ્યું, તમે બીશો નહિ. મકાન પડશે નહિ, પણ તમે બધા જો બ્રહ્મ હો તો આ મકાનને સ્થિર કરો.

બિચારા પંડિતો એવું તો કેમ કરી શકે ? પરંતુ સ્વામીએ તેમની લાચારી જોઈ તે પ્રકાશ પાછો પોતાના દેહમાં સંકેલી લીધો. વેદાંતીઓ સ્વામીના ચરણોમાં પડી ગયા. વર્તમાન ધરાવી સત્સંગી થયા. આ પ્રસંગ પછી મહેમદાવાદમાં સત્સંગ વધવા લાગ્યો.

પ્રસંગ : ૯

સારંગપુરના મંદિરની ભવિષ્યવાણી : અહીં અમે અમારા ધામ સાથે બિરાજીશું

મહારાજે સારંગપુરમાં મંદિર કરવાનું નક્કી કર્યું. એટલામાં ગઢપુરથી દાદાખાચર, જયા, લલિતા, પાંચુબા વગેરે આવી પહોંચ્યા. તેમને ખબર પડી કે મહારાજે સારંગપુરમાં મંદિર કરવાનું નક્કી કરી લીધું છે ત્યારથી તેમણે સૌએ અન્નપાણીનો ત્યાગ કરી દીધો હતા. તેઓ મહારાજ પાસે આવી ચોધાર આંસુએ રડવા લાગ્યા.

કે મહારાજ આપ ગઢપુરમાં આટલા વર્ષોથી રહ્યા, ગઢપુરને આપનું ગણ્યું તો ત્યાં મંદિર કરવાને બદલે બીજા ગામ જગ્યા જોવા કેમ નીકળ્યા ? આપ મંદિર તો ગઢપુરમાં જ કરો. અમે અમારો દરબારગઢ આપને કૃષ્ણાર્પણ કરી દઈશું, પણ આપ ગઢપુરને છોડશો નહિ. આવા ભક્તોને નિરાશ કરવાનું મહારાજનું મન માન્યું નહિ. તેમણે તરત જ નિર્ણય કરી લીધો ને કહ્યું, ભલે અમે ગઢપુર જ આવી એ છીએ. અને તમારા દરબારગઢમાં જ તમારી ઈચ્છા મુજબ મંદિર કરીશું.

પરંતુ સારંગપુરના જીવાખાચર, દેવકુબા, પાંચાળીબા, રાઠોડ ધાધલ વગેરે ઉદાસ થઈ ગયા. તેમણે કહ્યું, મહારાજ અહીં મંદિર કરવાનં બધું જ નક્કી કરી લીધું, જગ્યા પણ પસંદ કરી અને હવે વિચાર કેમ બદલ્યો ? તેમની આંખોમાં આંસુ હતા.

ભોળા દિલના પરમ ભક્તરાજને દુઃખવવા તે પણ મહારાજને ઠીક ન લાગ્યું. તેમણે જીવાખાચરને કહ્યું, બાપુ તમે ઉદાસ થશો નહિ. અહીં જે જગ્યા જોઈ છે તે જ જગ્યાએ ભવ્ય મંદિર થશે. અમે અમારા ધામ અને અનાદિ મુક્ત સાથે બિરાજીશું અને આ ધામ જગપ્રસિદ્ધ થશે. યાત્રાળુઓના મોટા મોટા સંઘ અહીં આવશે. જીવાખાચરને આ શબ્દોથી શાંતિ થઈ.

પ્રસંગ : ૧૦

દૂબળી ભટ્ટના તેર દોકડામાં મંદિર પૂરું થાય છે

ગઢપુરમાં મંદિરનું ખાતમુર્હૂત થયું એટલે મહારાજે સૌ સંતો હરિભક્તોને કહ્યું, આપણે આ મંદિર જલ્દી પૂરું કરવું છે. ચોમાસુ આવે તે પહેલા પાયા ગળાઈને પૂરાઈ જવા જોઈએ. માટે જેમને શ્રદ્ધાપૂર્વક સેવા કરવાની ઈચ્છા હોય તે અત્યારે જ બોલો. આ સેવામાં ગાડાં, બળદ, કોશ, કોદાળી, પાવડા, તગારા બધું જ જોઈશે.

એટલે બધા હરિભક્તો પોતાની ઈચ્છાશક્તિ પ્રમાણે બોલવા માંડયા. એટલામાં સભામાં ઠેઠ છેલ્લે બેઠેલા એક વૃદ્ધ આદમી ઉભા થયા. તેમના હાથ ધ્રૂજતા હતા. મહારાજે તેમને જોયા અને સભામાં સૌને કહ્યું, આ તો ગોખરવાળા દૂબળી ભટ્ટ..તેને અમારી પાસે આવવા દ્યો. મહારાજની આજ્ઞા થઈ એટલે બે પાર્ષદો દૂબળી ભટ્ટનો હાથ પકડીને મહારાજ પાસે લઈ આવ્યા. મહારાજે તેમને હસતાં હસતાં પૂછ્યું, ભટ્ટજી શી ઈચ્છા છે ?

ભટ્ટજીએ તરત જ કહ્યું, મહારાજ મારે પણ સેવા કરવાનો મનસૂબો છે. એમ કહી તેણે તેની ફાટેલી પાઘડીના છેડાની ગાંઠ છોડવા માંડી. એક એક ગાંઠે એક એક દોકડો બાંધ્યો હતો. તેર ગાંઠ છોડી તેણે તેર દોકડા કાઢ્યા અને મહારાજના ચરણાવિંદ પાસે મૂક્યા. સભા બધી આ જોઈ રહી હતી.

મહારાજે કહ્યું, ભટ્ટજી તમારી સેવા પહોંચી ગઈ. આ તેર દોકડા પાછા લ્યો. અને પાઘડી ફાટી ગઈ છે તે નવી લેજો. દૂબળી ભટ્ટે હાથ જોડી કહ્યું, મહારાજ હવે આયખું પૂરું થઈ ગયું છે. અત્યાર સુધી આ પાઘડીથી ચાલ્યું ને હજું પણ ચાલશે પણ આવો સમો ફરી ક્યાંથી મળશે ? માટે મારી સેવા સ્વીકારો.

મહારાજે તેનો ભક્તિભાવ જોયો. તરત જ તેર દોકડા લઈ લીધા. અને બોલ્યા, ગોપીનાથ મહારાજની જય..ગઢપુરના મંદિર પૂરા થઈ ગયા.

આ સાંભળી સૂરાખાચરે મહારાજને પૂછ્યું, મહારાજ ભટ્ટે કેટલી રકમ આપી તે તો કહો. આપે જય બોલાવી પણ અમને ખબર તો પડે..મહારાજ હસ્યા. તેમણે કહ્યું, દુબળી ભટ્ટે તેર દોકડા આપ્યા છે. તે તેની જે કાંઈ તમામ મૂડી તી તે આપી દીધી છે. એટલે તેમના સ્વાર્પણથી મંદિર પૂરું થઈ જશે. સભા આ સાંભળી સ્તબ્ધ બની ગઈ.

પ્રસંગ : ૧૧

ભગુજી

કારભારીએ મહારાજને વાત કરી કે આપણું માંડવધાર અને ભડલીના ભાણખાચરનું રામપરા તે બે વચ્ચે જે તકરારીયું ખેતર છે તેના માટે વર્ષોથી તકરાર ચાલતી આવે છે. આ તકરારનો અંત આવતો નથી. આપણે એ ખેતર વાવીએ તો ભાણખાચરના માણસો તે લણી લે અને તે વાવે તો આપણે તેને ટાકરડી ભોં જેવું કરી દઈએ.

મહારાજ આ સાંભળી હસવા લાગ્યા. કારભારીએ કહ્યું, પણ દયાળુ આ વખતે ભાણખાચર મમતે ચડયા છે ને કચેરીમાં બીડું ફેરવ્યું અને બોલ્યા કે છે કોઈ માઈનો પૂત ભગુજીનું માથું લાવે એવો ? મહારાજને વાતમાં રસ પડયો. તેમણે પૂછ્યું, એમ ? ભગુજીનું માથુ ઉતારવું છે ? હા મહારાજ..કારભારીએ કહ્યું.

મહારાજે હસતાં હસતાં કહ્યું, પણ પછી ડાયરામાંથી કોઈ માઈનો પૂત ઉભો થયો કે નહિ ? હા મહારાજ, બે સંધી ઉભા થયા. પૂરા સાત હાથ ઉંચા છે, પાડાની કાંધ જેવી તેમની ગરદન છે. શૂરવીર રજપૂતને છાજે એવી પહોળી ઢાલ જેવી છાતી છે. હાથીની સૂંઢ જેવા હાથવાળા, ખુન્નસ ભરેલી લાલઘૂમ આંખોવાળા બે સંધીઓ છે.

મહારાજે કહ્યું, સાંભળો હરજી ઠક્કર આપણા પચાસ પાર્ષદો ખેતર સાચવવા પડયા છે. ભાણખાચરના આ બે સંધીનું કાંઈ ઉપજે તેમ નથી. તમે નિરાંતે રહો.

રામપરાની સીમમાં કજીયાવાળા ખેતરમાં બાજરોનો મોલ ઉગ્યો હતો. ખબંડ અને મતારો બંને ભાણખાચરના બસો માણસની ઘસત સાથે ત્યાં કેટલાય દિવસથી પડયા પાર્થયા રહેતા હતા, પણ ભગુજી અને તેની સાથેના પચાસ પાર્ષદોની અખંડ ચોકીથી તેની કારી ફાવતી નહોતી. એટલામાં તેણે સાંભળ્યું કે પચાસમાંથી કેટલાક પાળાઓને કામ માટે ગઢડા બોલાવી લીધા છે, હવે ભગુજી સાથે ફક્ત દસ-બાર પાળાઓ જ છે. ભગુજી કેવા શૂરવીર છે તે તે જાણતો હતો. પણ ભગુજી કોણ છે તેની તેને ઓળખાણ નહોતી. તેણે મતારાને કહી દીધું કે હવે આપણે કાલે જ ત્રાટકવું છે. ભગુજીનું માથું લઈને ભાણખાચર પાસે જવું છે. ઘસતને કાને મૂંગે મોઢે વાત નાખી ધો.

આમ ખબડ અને મતારાએ નક્કી કરી લીધું. ભગુજીને પણ લાગ્યું કે પચાસમાંથી સાડત્રીસ પાળાને મહારાજે બોલાવી લીધા છે એટલે લાગ જોઈને સંધી જરૂર ત્રાટકશે. બેઠી દડીના અને ધીંગા શરીરના ભગુજીની ભેટે પૂરા પાંચ હાથ લાંબી ને ચાર આંગળના પાનાવાળી તલવાર હતી. ઢાલની તેમને જરૂર નહોતી. મહારાજનું નામ એ જ તેની ઢાલ હતી.

ગઢપુરમાં દાદાખાચર મહારાજ પાસે પહોંચ્યા ત્યારે મહારાજે તેમને પૂછ્યું, દાદા ભગુજીની ભેરે કોણ કોણ છે ? દાદાખાચરે નામ આપ્યા. નામ સાંભળી મહારાજના મુખ પર આનંદ આવ્યો. તેમણે કહ્યું, તેરસોને ભારે પડે એવા આ તેર પાળા છે. પણ બીજા જેને આપણે બોલાવી લીધા છે તેને કાલે ત્યાં મોકલી આપો.

એટલું કહીને મહારાજે કહ્યું, અમારા માટે પણ બખ્તર તૈયાર રાખજો. ઢાલ, તલવાર અને ભાલો પણ સાથે રાખજો. અમારે પણ કાલે જવું છે. દાદાખાચરે કહ્યું, આપને તે કાંઈ જવાનું હોય ? અમે બધા હજું મરી પરવાર્યા નથી. આપના બળ ઉપર તો અમારે ઝઝૂમવાનું છે. મહારાજે કહ્યું, પણ અમારું રૌદ્ર સ્વરૂપ જોશે ત્યારે બધાને શૂરાતન આવશે. માટે બધું તૈયાર રાખજો. દાદાખાચરે કહ્યું, ભલે મહારાજ.

રામપરાના ખેતરમાં ભગુજીની જે કુમક પડી હતી તે આખી રાત ચોકીમાં હતી. તેમને ખાત્રી હતી કે આજે યા કાલે સંધી હલ્લો કરવાનો જ..ભગુજીને શરીરે થોડી બેચેની હતી તેથી પરોઢિયે નીંદર આવી ગઈ. પણ સૂરજ માથે આવ્યો ત્યાં તો ધૂળની ડમરી ઉડતી દેખાણી ને ખબડ અને મતારો આવતા દેખાયા.

બેઠી દડીના આ ધીંગા ભગુજીને જોઈ ખબડ દાંત કાઢવા માંડયો. ભગુજી આજ તારું માથું જેમ ચાકડા ઉપરથી પિંડો ઉતારે તેમ ઉતારી લેવું છે. ને ભગુજી ઉપર ઝાટકો માર્યો. જનોઈ વાઢ ઘાથી ભગુજી ઘાયલ થઈ ગયા. તેમનો જમણો હાથ ખોટો પડી ગયો. ડાબા હાથમાં તલવાર લઈ ભગુજીએ ત્રાડ પાડી તલવાર ઉગામી એટલામાં મિંયાજીએ પાછળથી તીર છોડયું તે ઘોડાની આંખમાં પેસી ગયું. ઘોડો નીચે પડયો અને ભગુજીએ ડાબે હાથે જય સ્વામિનારાયણનો ઘોષ કરતાં ખબડ ઉપર તલવાર ઝીંકી અને જોત જોતામાં ખબડના શરીરના બે ટૂકડા થઈ ગયા. પડતાં પડતાં તેણે ત્રાડ મારી મતારા ભગુજીની ઢૂંકડો જતો નહિ, કાળ છે કાળ..

ભગુજીને આ શૂરાતનથી ચમક ચડી. ખડડને પડતા જોઈ મતારો ભાગ્યો અને ઘસતમાં ભંગાણ પડયું. સૌ ભાગ્યા. પછી બધા જ પાળા ભગુજી પાસે આવ્યા. તે નીચે બેસી ગયા હતા પણ ચમક લાગી હતી એટલે વારે વારે મારો કાપો કહી બેઠા થઈ જતા હતા. તેમના શરીર ઉપર અઢાર ઘા પડયા હતા.

ઘવાયેલા શૂરવીરો જીત કરીને ગઢપુરમાં આવ્યા. મહારાજે દરેકને ખાટલે સૂવાડયા. દરેકની સેવામાં બબ્બે પાર્ષદો રાખ્યા. ભગુજીની સેવામાં ચાર પાર્ષદો રાખ્યા. તેમને પડદે રાખવા પડયા. કારણ તેમને શૂરાતનની ચમક ચડી હતી. તેથી તેમના કાને કોઈ અવાજ પડે તો તરત બેઠા થઈ જતા. એટલે મહારાજે ઢોલ, નગારા, શરણાઈ, શંખ, ઝાલર કે બીજા વાંજિત્રો આરતી સમયે પણ વગાડવાની ના પાડી હતી. ભગુજીના ઘા ઉપર પોતે જ માથે ઉભા રહીને ટાંકા લેવરાવ્યા અને પાટો બંધાવ્યો. પછી તેમના આખા શરીરે હાથ ફેરવ્યો.

ત્રણ ચાર દિવસ થયા અને ભગુજી તથા બીજા પાળાઓના ઘા રૂઝાવા લાગ્યા. ત્યારપછી બીજા દિવસે મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજ્યા હતા ને અચાનક નિત્યાનંદસ્વામી આવ્યા. તેમણે મહારાજને કહ્યું, મહારાજ ગજબ થઈ ગયો. ભગુજીના બધા જ ટાંકા ઉવળ્યા છે, અને આખા શરીરે કાળી બળતરા ઉપડી છે. આપ જલ્દી પધારો.

આ સાંભળી મહારાજ એકદમ ઉઠયા અને નિત્યાનંદસ્વામી સાથે ભગુજી પાસે ગયા. મહાશૂરવીર ભગુજી કારમી બળતરાની વેદના દબાવીને સૂતા હતા. પરંતુ તેમના મોં ઉપર એ વેદનાની છાંય હતી. મહારાજે પૂછ્યું, ભગુજી ! તેમ છે ?

ભગુજીએ હાથ જોડી કહ્યું, મહારાજ હવે ધામમાં મોકલી ધો. આ સાંભળી મહારાજ ઉદાસ થઈ ગયા. તેમણે નિત્યાનંદસ્વામીને પૂછ્યું, આ બન્યું કેવી રીતે ? આજે પાટો બદલાવ્યો હતો ? નિત્યાનંદસ્વામીએ કહ્યું, હા મહારાજ ! આજે જ પાટો બદલાવ્યો હતો. મહારાજે કહ્યું, તે વાળંદને બોલાવો.

તરત જ વાળંદને મહારાજ પાસે લઈ આવ્યા. મહારાજના મુખના ભાવ જોઈ વાળંદ ગભરાઈ ગયો. મહારાજે સખ્તાઈથી પૂછ્યું, પાટો આજે તેં બદલ્યો હતો ? તેણે કહ્યું, હા મહારાજ..મહારાજે તરત જ કહ્યું, આ પાટો હમણા ને હમણા કાઢી નાંખ. અને કહે, તેં એમાં શું નાંખ્યું હતું ? તે ધ્રુજવા લાગ્યો અને કહ્યું, મહારાજ મને જીવતદાન આપો. મને તો જીવા બાપુએ ચડાવ્યો અને એક કોસની વાડીની જમીન આપવા લાલચ આપી એટલે મેં તેમાં કબૂતરની ચરક નાંખી હતી.

મહારાજ આ સાંભળી હતાશ થઈ ગયા. તેમને થયું કે આટલો સત્સંગ કર્યો, અમારો સંબંધ કર્યો, છતાં વેરઝેરના ભાવ આટલે હદ સુધી ! જીવનો સ્વભાવ જ એવો છે કે ઈર્ષા, માન અને લોભમાં ખુવાર થઈ જાય પણ આ દિવ્ય સત્સંગનો રંગ ચડવા ન દે.

વાળંદે પાટો ઉખડયો, મહારાજે તે ફેંકાવી દીધો. ને પાર્ષદોને કહ્યું, આને કાંઈપણ અડપલું કરશો નહિ. પણ મંદિરમાં રહેવા દેશો નહિ. એમ કહી નિત્યાનંદસ્વામી પાસે ફરી પાટો બંધાવ્યો.

નિત્યાનંદસ્વામીએ કહ્યું, મહારાજ આજ ગામમાં નગારા વગડાવ્યાં, ઝાલરું વગડાવી અને રીડિયા, કિકિયારા થયા એટલે ભગુજીને ચમક ચડી ને ઉભા થઈ ગયા એટલે ટાંકા તૂટી ગયા. અને નવો પાટો બાંધવો પડયો. મહારાજે પૂછ્યું, કોણે આ શોરબકોર કરાવ્યો ? કોઈ કાંઈ બોલ્યું નહિ. મહારાજ સમજી ગયા.

એટલામાં બેચર ચાવડાએ કહ્યું, મહારાજ ગમે તે કરો પણ ભગુજીને બચાવો નહિ તો કહેણી રહી જશે. મહારાજ આ સાંભળી ગંભીર થઈ ગયા. થોડીવારે તેમણે કહ્યું, સ્વામી ! ભગુજીનું આયુષ્ય આજે પુરું થાય છે. પણ કાળને અમે થંભાવીશું. એમ કહી મહારાજે કહ્યું, મોટાભાઈને બોલાવો.

તરત જ સચ્ચિદાનંદસ્વામીને બોલાવ્યા. તેમણે મહારાજને દંડવત્ કર્યા. મહારાજે તેમને કહ્યું, મુનિવર આજે તમારે અહીં ચોકીમાં બેસવાનું છે, કાળ આવશે તેને કાઢવાનો છે. તરત જ મુનિ બોલ્યા, અરે મહારાજ આપનું નામ પડે ત્યાં કાળનો શું ભાર છે કે આવી શકે ? એ તો આપની ઈચ્છા હોય તો જ તેનાથી અવાય. મહારાજ પછી થોડી સૂચના આપી અક્ષર ઓરડીમાં પધાર્યા.

થોડા દિવસે ભગુજીને એકદમ સુવાણ થઈ ગઈ. બીજા ઘવાયેલા પાળાઓ પણ બધા સાજા થઈ ગયા. મહારાજે તેમને બધાને દૂધથી નવરાવ્યા. તે દિવસે દરબારમાં કંસાર, રોટલીની રસોઈ કરાવી અને મહારાજ પંડે જમ્યા પહેલા આ બધા પાર્ષદોને પીરસવા પધાર્યા. તે વખતે નિત્યાનંદમુનિએ કહ્યું, મહારાજ ! પ્રથમ આપ જમી લો પછી પીરસવા પધારો.

ત્યારે મહારાજે કહ્યું, સ્વામી આજ તો આ પાર્ષદોને પહેલાં જમાડીશું. તેમાં જ અમારે તૃપ્તિ છે. સ્વામીની આંખમાં આંસુ આવી ગયા. તેમને લાગ્યું કે આવા ભક્તવત્સલ ભગવાન પૃથ્વી પર કદી પ્રગટ થયા નથી.

પ્રસંગ : ૧૨

વડોદરાના દિવાન

મહારાજ સંવત ૧૮૮૨ના કાર્તિક વદ ત્રીજને દિવસે વડોદરા પધાર્યા. સયાજીરાવ સરકારે મહારાજનું ભવ્યતાપૂર્વક સન્માન કરવા તેમના પુત્ર ગણપતરાવને ચતુરંગી સેના સાથે છાણી મોકલ્યા. મહારાજને સુવર્ણની અંબાડીથી શોભતા હાથી બેસાડી વડોદરામાં લાવ્યા.

મહારાજ રાજ્યસભાના ખંડમાં પધાર્યા. સર્વત્ર દૃષ્ટિ કરી. તેઓ સ્હેજ હસ્યા પછી સરકારને પૂછ્યું, સરકાર ! આપની દિવાનની ખુરશી કેમ ખાલી છે ? દિવાન તો રાજ્યની શોભા કહેવાય. આ પ્રસંગે તેની હાજરી હોવી જ જોઈએ. સયાજીરાવે નારૂપંત નાનાને કહ્યું, દિવાનને ખબર આપો કે સભામાં હાજર થઈ જાય.

નારૂપંત નાના જાણતા હતા કે ભગવાન સ્વામિનારાયણને સરકારે વડોદરા પધારવા માટે આમંત્રણ આપ્યું ત્યારથી જ દિવાનની બેચેની વધી ગઈ હતી. કાઠિયાવાડના સૂબા તરીકે વિઠ્ઠલરાવ દેવાજી બાબાજી તરીકે ઓળખાતો હતો. તેની સૂબા તરીકે નિમણૂક થઈ હતી ત્યારથી જ તેને મહારાજ પ્રત્યે દ્વેષ હતો અને મહારાજને પકડવા નિષ્ફળ પ્રયત્નો કર્યા હતા. આજે હવે તે વડોદરાનો દિવાન બન્યો હતો તેથી આ વિશેષ સત્તાના બળથી તેનો આ મનસૂબો વધુ તીવ્ર બની ગયો હતો. સયાજીરાવ સરકારે તેની સલાહ અવગણીને ભગવાન સ્વામિનારાયણને આમંત્ર્યા હતા. તેથી તે અકળાયો હતો. હવે મલિન મંત્રોના બળથી તેણે સ્વામિનારાયણને જેર કરવા પ્રયત્નો કરવા માંડયા.

નારૂપંત નાના તેમને બોલાવવા ગયા ત્યારે તે મલિન દેવોના ચાર ઉપાસકોની સાથે મસલત કરતો બેઠો હતો. નારૂપંતે કહ્યું, સરકાર તમને દરબારમાં બોલાવે છે. દિવાન આ સાંભળી રહ્યો. તેને મહારાજનું મુખ પણ જોવું નહોતું. છતાં સરકારનો હુકમ આવ્યો એટલે તેને દરબારમાં જવું પડયું. ભગવાન સ્વામિનારાયણને ન મળવાની તેણે દૃઢ પ્રતિજ્ઞા લઈ લીધી હતી એટલે તે નીચું મસ્તક કરી દરબારમાં આવ્યા. પરંતુ તેમની પ્રતિજ્ઞા તૂટી.

દિવાન આવ્યો અને મહારાજે તેના તરફ જોઈ પૂછયું, તમે જ વડોદરા રાજ્યના દિવાન ? તરત જ તેમણે બે હાથ જોડી દીધા અને તેમનાથી બોલાઈ ગયું, હા મહારાજ હું જ દિવાન છું. એટલું કહી તે તેની ખુરશી ઉપર બેસવા જતા હતા ત્યાં મહારાજે ફરી તેને કહ્યું, દિવાનજી ! એ સાંભળી તે ઉભો રહી ગયો. તેનાથી મહારાજ સામે જોવાઈ ગયું. મહારાજની આંખમાંથી નીકળતી પ્રકાશની ધારા તે ઝીલી શક્યો નહિ. ફરી તેણે હાથ જોડી દીધા.

મહારાજે પછી પૂછયું, દિવાનજી સરકારના રાજ્યનું સંચાલન તમે કરો છો, તેથી તમારી સંચાલન શક્તિ પાછળ તમારા ચારિત્ર્યનું બળ હોવું જોઈએ. તો જ પ્રજા ઉપર તમારા સદ્ચારિત્ર્યનો પ્રભાવ પડે. પ્રજા પણ એ પંથે ચાલી શકે. આ દરબાર ભરાયો, અમે તમારા મહેમાન થઈ અહીં આવ્યા, છતાં તમે કયા પ્રકારની મસલતમાં ગૂંથાયા હતા કે અહીં આવી ન શક્યા ?

દિવાનજીને મહારાજના આ પ્રશ્નથી જાણે કાપ્યો હોય ને લોહી ન નીકળે તેવું થઈ ગયું. તેને આ પ્રશ્ન ભારે પડી ગયો. તે સમજી ગયો કે સ્વામિનારાયણની અંતર્યામી શક્તિ બોલે છે. તે જવાબ આપતા ગૂંચવાયો. તેનાથી બે હાથ જોડી બોલાઈ ગયું, મહારાજ ! હું આપના જ વિચારમાં હતો.

આ સાંભળી મહારાજ હસ્યા. થોડીવારે બોલ્યા, સારું છે દિવાનજી..અમારા જ વિચારોમાં રહેશો, પછી તે સારા હોય ને ખોટા તો પણ અમારે તમારું કલ્યાણ કરવું પડશે. અમારી એ અનાદિની રીત છે. આગળ પણ શિશુપાળ, દંતવક્ર, કંસ, રાવણ, કુંભકર્ણ, હિરણ્યાક્ષ અને હરિણ્યકશિપુનું એવા ભાવથી જ કલ્યાણ થયું હતું !

મહારાજના આ શબ્દો સાંભળી દિવાનના શરીરે પરસેવો છૂટી ગયો. તેનું અંગ ધ્રુજવા લાગ્યું. સભા પણ અવાક્ બની આ દૃશ્ય જોઈ રહી હતી. દિવાનને બીક લાગી કે સ્વામિનારાયણ તેની એક એક રમત જાણી ગયા છે. તેના કોઈપણ પાસા સવળા પડવા દે તેમ નથી.

સયાજીરાવ સરકારને થયું કે આજે મહારાજે પ્રથમ મિલનમાં જ દિવાનનો જબરો પરાભવ કર્યો. તેથી તે હવે ઉશ્કેરાશે. વાત વધુ આગળ ન વધે તેથી તેમણે મહારાજને હાથ જોડીને કહ્યું, પ્રભુ હવે સંધ્યા સમય થઈ ગયો છે, આપ સવારી સાથે આપના ઉતારે પધારો. મહારાજે કહ્યું, હવે સવારી વિસર્જન કરી દ્યો. અમે અમારી માણકી ઉપર જ જઈશું. એમ કહી મહારાજ ઉતારે પધાર્યા.

મહારાજના તંબુની બંને બાજુ મોટા સદ્ગુરૂઓ માટે પણ તંબુની વ્યવસ્થા હતી. બીજા દિવસે મહારાજ પ્રાતર્વિધિથી પરવારી પોતાના તંબુમાં પલંગ ઉપર બિરાજમાન થયા હતા. તે વખતે સયાજીરાવ પોતાના બે યુવરાજોને લઈને ત્યાં પધાર્યા. ત્યારપછી શહેરના હરિભક્તો પણ આવવા લાગ્યા. બરાબર આજ સમયે દરવાજા બહાર એક હાથમાં પૂજાની થાળી, બીજા હાથમાં શ્રીફળ લઈને ત્રણ પુરુષો તંબુમાં આવતા હતા. મહારાજે તેમને જોયા એટલે બાજુમાં જ બેઠેલા શ્રીમંત સયાજીરાવ સરકારને પૂછ્યું, આ ત્રણ કોઈ નવીન લાગે છે. તેઓ કોણ છે ?

સરકારે મહારાજને કહ્યું, એતો અમારા દિવાનજીના સાથિદારો છે. માંત્રિકો છે અને આપના ઉપર કાંઈક મલિન પ્રયોગ કરવા આવ્યા લાગે છે. મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું, સરકાર અમને પિબેક અને મગનીરામ જેવા પણ ભેટયા હતા. પરંતુ તેમની બાજી નિષ્ફળ નીવડી. છતાં તે સંસ્કારી હોવાથી સત્સંગી થઈ ગયા. માટે માંત્રિકોના મલિન પ્રયોગો અમને કાંઈ કરી શકે તેમ નથી.

મહારાજના પલંગ પાછળ ઉભેલા ભગુજી આ બધી વાત સાંભળતા હતા. તેમણે બહાર ચોકી પહેરો ભરતા પાર્ષદોને કહ્યું એટલે તેમને અંદર આવતા

રોક્યા. છતાં તેમનો દાવ ખેલવાની તમન્નાને લીધે તેમણે થાળીમાંથી અડદના દાણા મહારાજ તરફ ફેંક્યા. આથી સંતોષ ન પામતા કાળભૈરવ અને વીરને આહ્‌વાહન કર્યું. પરંતુ કાળના કાળ સમાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પાસે આ ક્ષુદ્ર દેવોનું શું ચાલે ?

પોતાનો આ પ્રકારે પરાભવ થયો તે ત્રાસથી અને વળી મહારાજની દૃષ્ટિમાં પણ પ્રલયકાળના અગ્નિનો દાહ જોઈ તે ત્રણ જણા ત્યાં જ પાગલ જેવા થઈ ગયા. વાનરો જેવી ચેષ્ટા કરવા લાગ્યા. તેમને પકડીને એક ઓરડીમાં પૂરી દેવામાં આવ્યા. જે બુરજ નીચે આ ઓરડી હતી તે બુરજ તેથી વાનરિયા બુરજ તરીકે હજી પણ ઓળખાય છે.

દિવાનનો આ દાવ ખાલી ગયો. આથી દિવાનના અંતરનો અગ્નિ વધુ ધૂંધવાયો. તેણે ચાર હબસીઓને બોલાવ્યા, તેમને સ્વામિનારાયણના સાધુઓ જેવા ભગવાં વસ્ત્રો પહેરાવ્યા. હાથમાં માળા આપી અને કેડે ઝેર પાયેલ ખંજર ખોસાવ્યા. રાત્રે સ્વામિનારાયણ સૂતા હોય ત્યારે તેમને મારી નાંખવાનું કાવતરું કર્યું. પરંતુ મહારાજના તંબુ પાસે ભગુજી અને એવા છ શૂરવીર પાર્ષદોની ખડી ચોકી રહેતી.

આ ત્રણ હબસીઓને ભગવાં વસ્ત્રોમાં દૂરથી આવતા તેમણે જોયા. તેમને લાગ્યું કે આ આપણા સાધુઓ નથી, પરંતુ સાધુના સ્વાંગમાં બદમાશો છે. એટલે એક મોટું દોરડું ગોળ કરી તેના બે છેડા લાંબા રાખી તેને રસ્તામાં મૂકી દીધું. અને જેવા આ ત્રણ ખ્વાબી સાધુઓએ કુંડાળામાં પ્રવેશ કર્યો કે તરત જ બંને છેડા ખેંચીને ઝાડ પર લટકાવી દીધા. તેમની પાસેથી જાણવા મળ્યું કે આ દિવાનજીની કરામત હતી.

શ્રીમંત સરકારને પણ દિવાનના આ દુષ્કૃત્યોથી ભારે દુઃખ થયું. તે તરત જ મહારાજ પાસે આવ્યા. મહારાજની માફી માંગી અને કહ્યું, મહારાજ ! હમણાં જ દિવાનજીને બરતરફ કરી દઉં છું. મહારાજે શાંતિથી કહ્યું, સરકાર અમારા નિમિત્તે તેને કોઈ દંડ દેવાની જરૂર નથી. તેના પાપથી તેને આપોઆપ નીકળી જવું પડશે. માટે એવું કોઈ ઉતાવળીયું પગલું ભરશો નહિ.

વડોદરાથી નીકળતી વખતે છેલ્લે દિવસે મહારાજની પધરામણી શ્રીમંત સરકારે તેમના રાજમહેલમાં કરાવી. રાજપુરોહિતે રાજોપચારથી સરકાર તથા તેમના કુંવરો પાસે મહારાજનું પૂજન કરાવ્યું. એ વિધિ પત્યા બાદ મહારાજે દિવાનની ખુરશી તરફ દૃષ્ટિ કરી. ખુરશી ખાલી હતી. મહારાજે કહ્યું, દિવાનને બોલાવો. વિદાયની છેલ્લી શીખ અમારે આપવી જોઈએ. તેઓ અમારું અહિત કરી શકે તેમ નથી. પરંતુ અહિત કરવાના સંકલ્પોમાં પણ અમારા સ્વરૂપનું તેમણે ધ્યાન કર્યું છે, તેથી અમે પ્રસન્ન થયા છીએ.

દિવાનજી આવ્યા. એટલે મહારાજે તેમને સંબોધીને કહ્યું, દિવાનજી ! અમે જાદુ કરીને કે ઈન્દ્રજાળ પાથરીને કોઈને વશ કરતા નથી. અમારે કોઈનું રાજય જોઈતું નથી. એ તો જેના પ્રારબ્ધમાં એ ભાર ઉપાડવાનો લખ્યો છે તે તે ભાર ઉપાડે. અમારે ચૌદ લોકના રાજયનું સુખ તે પણ નરકતુલ્ય મનાઈ ગયું છે. એટલું કહીને મહારાજે જરા ભ્રકુટી વાંકી કરીને દિવાન તરફ જોયું. તેણે આંખો ઢાળી દીધી. તે મહારાજની વક્રદૃષ્ટિ સહન કરી શક્યો નહિ.

મહારાજ કહ્યું, દિવાનજી તમે તો અમારા સંબંધી ગમે તેવી વાતો ફેલાવતા હશો પરંતુ અમે સામવેદી બ્રાહ્મણ છીએ. કોઈ બ્રાહ્મણ દેહ પામી ક્રિયાભ્રષ્ટ કે ધર્મભ્રષ્ટ થયો હોય, પરંતુ તે પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થઈ જાય છે. પરંતુ જે બ્રહ્મબીજ જ નથી, તે તો લાખ અશ્વમેઘ યજ્ઞો કરે તો પણ બ્રાહ્મણ બની શકતો નથી.

આ સાંભળી શ્રીમંત સરકાર પણ સ્તબ્ધ બની ગયા. દિવાનના જીવનના ઈતિહાસથી તેઓ અપરિચિત ન હતા. તેમને લાગ્યું કે દિવાન મૂર્ખ છે તેથી હવે તો તે જરૂર વિફરશે. એટલે તેમણે મહારાજનો પગ દબાવ્યો. નિત્યાનંદસ્વામીએ પણ મહારાજને કહ્યું, મહારાજ ! જીવ તો અનાદિ કાળથી અવળા જ હોય છે, માટે હવે ક્ષમા કરો.

આ સાંભળી મહારાજ પોતાના અસલ સ્વરૂપમાં આવી ગયા. સૌને આશ્ચર્ય થયું કે ઘડી પહેલા ક્રોધથી રતુમડું થઈ ગયેલું મહારાજનું મુખારવિંદ એકાએક કેવી રીતે સ્વસ્થ થઈ ગયું.. મહારાજે પોતાના કંઠમાંથી મોગરાનો હાર દિવાનજીને પહેરાવતા કહ્યું, તમને અમે બહુ ઠપકો આપ્યો છે. તેની શાંતિ માટે આ પ્રસાદીનો હાર લો. દિવાનજીએ ઉભા થઈને મહારાજના હાથમાંથી હાર લઈ લીધો. ત્યારબાદ સાકરના થાળને પોતાના હાથે સ્પર્શ કર્યો. પ્રસાદીભૂત થયેલી સાકર સૌને વહેંચી દેવા કહ્યું. તેમાંથી પ્રથમ પોતે પોશ ભરી સાકર લઈ દિવાનજીને આપી. પછી શ્રીહરિ સરકારનો જમણો હાથ પકડી આખા મહેલમાં ફર્યા અને બધી જગ્યા પ્રસાદીની કરી.

પ્રસંગ : ૧૩

વ્રજભૂમિના ગોપબાળકો મહારાજના દર્શન કરવા આવ્યા

મહારાજ ભાલમાં પચ્છમ ગામે પધાર્યા તેથી પચ્છમના ભક્તોએ પોતાના અહોભાગ્ય માની રસોઈ બનાવી આખા સંઘને જમાડયા. મહારાજ રાત્રે પોતાના તંબુમાં પોઢી ગયા. પાર્ષદો વારાફરતી ચોકી કરતા હતા. ચોકી કરવાનો વારો સોમલાખાચરનો હતો. બીજા બધા પાર્ષદો સૂઈ ગયા હતા. સોમલા ખાચર હાથમાં તલવાર લઈને ચોકી કરતા હતા મહારાજના તંબુ આગળ ઉભા હતા.

એવામાં તેમણે એક આશ્ચર્ય જોયું. નાના બાળકો ગણ્યા ગણાય નહિ એટલી સંખ્યામાં ત્યાં આવતા દેખાયા. તે બધા જ સોમલાખાચર ખડી ચોકીમાં હતા તો પણ તંબુની અંદર દાખલ થઈ ગયા અને મહારાજને સૌ દંડવત્ કરી પગે લાગવા માંડયા. મહારાજે સૌના માથા ઉપર હાથ ફેરવ્યો અને આશીર્વાદ આપતા કહ્યું, હવે સત્સંગમાં જન્મ ધરજો. તમારો મોક્ષ થઈ જશે. તરત જ આ બધા જ બાળકો અદશ્ય થઈ ગયા.

સોમલાખાચર આ આશ્ચર્ય જોઈ અવાક્ બની ગયા. તેમને થયું કે આટલા બધા બાળકો મારી ચોકી વટાવીને અંદર ચાલ્યા ગયા, બધા તંબુમાં સમાઈ ગયા ! વળી મહારાજે આશીર્વાદ આપ્યા. આ બધું શું થઈ ગયું ? તે ધીરે રહીને તંબુમાં ગયા. મહારાજ પલંગમાં જાગતા જ પોઢેલા હતા. તેમણે મહારાજને કહ્યું, મહારાજ આજે આપનો અપરાધ થઈ ગયો છે. મહારાજ કાંઈ સમજયા નહિ એટલે પૂછયું, શું અપરાધ થઈ ગયો છે ?

સોમલાખાચરે કહ્યું, મહારાજ મારી ખડી ચોકી વટાવીને આટલા બધા બાળકો આપના તંબુમાં દાખલ થઈ ગયા. હું જોતો રહ્યો. પાછા એજ રીતે બધા તંબુમાંથી બહાર પણ નીકળી ગયા. મારી આબરૂને આજે બટ્ટો લાગ્યો છે. મહારાજ તેમની વાત સાંભળી રહ્યા પછી કહ્યું, સોમલા ભગત ! આ જે બાળકો આવ્યા હતા તેમને કોઈ ચોકી નડી શકતી નથી. એ બધા કોણ હતા તે તમે જાણો છો ?

સોમલાખાચરે કહ્યું, ના મહારાજ..હું તો કાંઈ જાણતો નથી. મહારાજ હસ્યા, પછી કહ્યું, એ બધા કૃષ્ણાવતારના સમયમાં વ્રજભૂમિના ગોપબાળકો હતા. પૂતનાએ તેમને મારી નાંખ્યા હતા. આજે એમને અમારા દર્શન થયા, આશીર્વાદ મળ્યા અને હવે સૌ સત્સંગમાં જન્મ ધરશે. પછી તેમનું કલ્યાણ થશે. સોમલા ખાચર આ સાંભળી સ્તબ્ધ બની ગયા !

સોમલાખાચરને આ સાંભળી નિરાંત થઈ. તેમને થયું કે મહારાજ આ અવસરે કેટલાય જીવોના કલ્યાણ કરવા પધાર્યા છે. એટલે આ ગોપબાળકોનું પણ આજે કામ થઈ ગયું.

પ્રસંગ : ૧૪

કાઠી દરબારોનો ગર્વ ઉતાર્યો

મહારાજ વરતાલમાં બિરાજતા હતા. ગુડેલથી જીભાઈ મહારાજ માટે સુંદર જાતવાન ઘોડી તમામ સાજ સાથે શણગારીને લાવ્યા હતા. મહારાજે તેને ભાવપૂર્વક ગ્રહણ કરી. પણ દરબારોના મનમાં બીક લાગી કે જો હમણા કોઈ બ્રાહ્મણ આવશે તો મહારાજ તેને ઘોડી અર્પણ કરી દેશે.

મહારાજ વરતાલનો ઉત્સવ પૂરો કરી ગઢપુર જવા માટે જીભાઈએ આપેલી ઘોડી ઉપર બિરાજમાન થયા. ગાડા ગામ ભણીની જે સીમ તેની લગોલગ જ સીંજીવાડાની સીમ છે. મહારાજે ત્યાં એક ખેતરમાં ખીજડો જોયો. મહારાજ ઘોડી ઉપર તે ખીજડા તરફ ગયા અને ખીજડાની આજુબાજુ ઘોડી કુંડાળે નાંખીને ફેરવી. ખેડેલા ખેતરમાં ખીજડાની આજુબાજુ ચતુરાઈપૂર્વક ઘોડીને કુંડાળે ફેરવતા જોઈ સર્વે સખા મહારાજની ઘોડેસવારીમાં અદ્‌ભૂત નિપુણતા જોઈ મનમાં આનંદ પામ્યા.

ઘોડીઓના ખેલવનારા તો કાઠિયાવાડના કાઠી દરબારો જ..પાણીદાર ઘોડીઓ તો કાઠી દરબારોની જ..એવો તેમના મનમાં જે ગર્વ હતો તે મહારાજની ઘોડી ખેલાવવાની કળા જોઈ ઉતરી ગયો.

પ્રસંગ : ૧૫

એમના પંચવર્તમાનના જામીન અમે છીએ

આ.સં.૧૮૮૩ના પ્રબોધિની ઉત્સવ પછી મહારાજ ગઢડા આવ્યા ત્યારે જૂનાગઢથી બ્રહ્માનંદસ્વામી ગઢડા આવી ગયા હતા. અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદસ્વામી કોઈ કાર્ય પ્રસંગે પાછળ રોકાયેલા હતા. થોડા દિવસ બાદ તેઓ પણ આવી પહોંચ્યા. ત્યારે મહારાજે અક્ષર ઓરડીમાં સૌ પરમહંસોને બોલાવેલા. તેમને સહુને મહારાજે કહ્યું, તમને સૌને અમે પંચવર્તમાન પાળવાના કહ્યા છે, તે પ્રમાણે સૌએ પાળવાં. અને તેમાં કાંઈ ફેર પડવા દેવો નહિ. પરંતુ તેમાં ફેર નહિ જ પડે એવા તમે અમને અંદરો અંદર એકબીજાના જામીન દો. પછી સૌ સંતોએ જેને જેની સાથે વધુ મેળ હતો એમણે અરસપરસ એકબીજાના જામીન દીધા. સૌ એકબીજાના જામીન થઈ ગયા.

તે જ વખતે ગુણાતીતાનંદસ્વામી જૂનાગઢથી આવ્યા. સ્વામી મહારાજના દર્શન કરવા સીધા જ અક્ષર ઓરડીએ પધાર્યા અને દંડવત્ કરી પગે લાગ્યા. એટલામાં બ્રહ્માનંદસ્વામી એકદમ બોલી ઉઠયા, મહારાજ લ્યો આ ગુણાતીતાનંદસ્વામી પણ આવી ગયા. હવે એમના જામીન કોણ થશે ? દરેક અરસપરસ એકબીજાના જામીન થઈ ગયા છે. હવે કોઈ બાકી રહ્યું નથી. મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું, સ્વામી એમના તો અમે નિરંતરના જામીન છીએ.

આ સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. સૌને લાગ્યું કે મહારાજને સ્વામી સાથે અનન્ય હેત અને એકાત્મભાવ છે.

પ્રસંગ : ૧૬

ઈચ્છારામનો અક્ષરવાસ

મહારાજ ગઢપુર પધાર્યા ને તેમને ખબર પડી કે નાના ભાઈ ઈચ્છારામની સ્થિતિ ગંભીર બની ગઈ છે. તેઓ તરત જ અક્ષર ઓરડીમાંથી નીકળીને ઈચ્છારામભાઈના ઉતારે પધાર્યા. મહારાજ પધાર્યા તેથી ઈચ્છારામભાઈના અંતરમાં અતિ આનંદ થયો. હર્ષના આંસુ આંખમાંથી ટપકવા લાગ્યા. તે જોઈ મહારાજે કહ્યું, તમારું આયુષ્ય તો આજે પુરું થાય છે, પણ જો આ લોકમાં વધુ રહેવાની ઈચ્છા હોય તો વધુ આયુષ્ય આપીએ.

આ સાંભળી ઈચ્છારામભાઈએ કહ્યું, આપ પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ છો, તેથી અપાના સાનિધ્યમાં મારો દેહ પડે તેથી બીજું મોટું શું ભાગ્ય હોય ! મારું શરીર હવે જીર્ણ થઈ ગયું છે, આ લોકની કોઈ વાસના અંતરમાં નથી. તેથી આ દેહ છોડાવી, બ્રહ્મમય તનુ ધરાવી અક્ષરધામમાં આપની સેવામાં મૂકી દો. એ શાશ્વત સુખનો અનુભવ કરાવા દ્યો. હવે બીજી કોઈ ઈચ્છા નથી.

મહારાજ તેમની સમજણ જોઈ રાજી થયા. એક ક્ષણમાં તેમણે સંકલ્પ કર્યો અને ઈચ્છારામભાઈએ દેહત્યાગ કરી દીધો. ઉન્મત ગંગાને કાંઠે હરિભક્તોએ સુખડ, કપૂર નારિયેળ લાવીને ચિતા તૈયાર કરી. ઈચ્છારામભાઈના દેહને તેમાં પધરાવ્યો. રઘુવીરજીએ વિધિ કરી અગ્નિ ચેતાવ્યો. ઈચ્છારામભાઈનો દેહ ભસ્માત્ થઈ ગયો એટલે સૌ ઉઠયા. ઉન્મત ગંગામાં સૌએ સ્નાન કર્યું.

તે વખતે આકાશમાં અંધકાર છવાઈ ગયો અને કેટલાક અપશુકન થવા લાગ્યા. આ જોઈ હરિભક્તો તથા સંતો ઉદાસ થઈ ગયા. મહારાજે સૌને કહ્યું, આ ઈશ્વરરૂપ ઈચ્છારામભાઈએ દેહ મૂક્યો એટલે આવા અપશુકન થાય છે. માટે હે પરમહંસો ! આ સંસાર નાશવંત છે ને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે. પરંતુ જે અમારા સ્વરૂપને વિષે નિષ્ઠા રાખશે તેનો ક્ષય નહિ થાય ને તે મુક્ત દશાને પામશે. આટલું કહી મહારાજ દરબારમાં પધાર્યા.

પ્રસંગ : ૧૭

બહેનો મહારાજના દર્શન માટે દિવાલમાં બાકોરું પાડે છે

મહારાજ ભેંસજાળ પધાર્યા. સંઘ પણ સાથે હતો. કાયાજી દરબારે સૌને જમાડયા. સૌ જમી રહ્યા એટલે મહારાજ ઓરડામાં બિરાજી સભામાં વાતો કરવા લાગ્યા. કાયાજીભાઈ તથા જુણાજીભાઈના ઓઝલવાળા બૈરાંને તથા બીજી બાઈઓને મહારાજના દર્શન થતાં નહિ. વળી દરબારો મહારાજ પાસે બેઠા હોય એટલે મહારાજ પાસે તેમનાથી અવાય પણ નહિ. તેમને સૌને આથી મૂંઝવણ થવા લાગી.

રાત્રે મહારાજ પોઢી ગયા. ભગુજી અને બ્રહ્મચારી ઓરડાની બહાર સૂતા. એટલામાં પછીતેથી બાઈઓએ બાકોરું પાડયું અને એક પછી એક સૌ મહારાજના દર્શન કરવા ઓરડામાં આવ્યા. મહારાજ એકદમ સફાળા ઉભા થઈ ગયા અને પોતે ઓઢેલી રજાઈ એ તરફ ફેંકી અને મહારાજે બૂમ મારી : ભગુજી, બ્રહ્મચારી બધા ક્યાં ગયા ? અહીં આવો ને જુઓ કે આ પછીતમાં બાકોરું પાડી કોઈએ ખાતર પાડયું.

તે સાંભળી ભગુજી અને બ્રહ્મચારી એકદમ જાગી ગયા. મહારાજે બ્રહ્મચારીને કહ્યું, જુઓ અમારી રજાઈ કોઈ ઉપાડી ગયું. દીવો કરીને જોયું તો ભીંતમાં બાકોરૂં દીઠું. બાઈઓ હજુ તેમાંથી મહારાજની આ લીલાના દર્શન કરી રહી હતી. મહારાજની આ લીલા જોઈ બાઈઓ હસવા લાગી. બ્રહ્મચારીએ તેમના તરફ જોયું તો તેમણે રજાઈ બતાવી. એટલે બ્રહ્મચારીએ કહ્યું, મહારાજ તમારા જ આ કામ છે ને પાછળથી અમને ઠપકો અપાવો છો. રજાઈ તો આ સામે રહી.

મહારાજ તે જોઈ હસ્યા. દરબારો બધા ભેગા થઈ ગયા. તેમણે જોયું કે બાઈઓએ મહારાજના દર્શન કરવા ભીંતમાં બાકોરું પાડયું હતું. તેમને પણ થયું કે

ઓઝલવાળી બાઈઓને આપણે મહારાજના દર્શન ન કરવા દીધા તેથી તેમણે આ યુક્તિ કરી. મહારાજે પણ તેમનો ભક્તિભાવ જોઈ પ્રસાદીની રજાઈ તેમને આપી દીધી.

પ્રસંગ : ૧૮

મછિયાવના ફૈબાનો વહુ સાથે અણબનાવ

મછિયાવ જતાં રસ્તામાં મેલનસાર ગામ આવ્યું. અહીં ફૈબાના દીકરાની વહુનું પિયર હતું. તેથી મહારાજે ત્યાં ઘોડી ઉભી રાખી, સૌ સંતો-હરિભક્તોને કહ્યું, તમે સૌ મછિયાવ જાવ અને ત્યાં જઈ રસોઈનો આદર કરજો. ફક્ત દાળ ભાત વગેરે અમે આવીએ ત્યારપછી કરજો. અમે મેલનસારમાં પધરામણી કરી ત્યાં પહોંચીએ છીએ.

મહારાજની આજ્ઞા થઈ એટલે સંઘે મછિયાવનો રસ્તો પકડયો.

મહારાજે મેલનસાર ગામમાં પધાર્યા છે તે સમાચાર ફૈબાના દીકરાની વહુને મળ્યા. તેણે મહારાજને કહેવડાવ્યું કે મહારાજ મારે ઘેર પધારો તો મારી મૂંઝવણ ટળે. મહારાજને આ સંદેશો મળ્યો એટલે તરત જ તેને ઘેર પધાર્યા. મહારાજ માટે બાઈએ ખુરશી નાખી દીધી. પોતે આડો ચક નાંખી બેઠા. દર્શન કરતાં કરતાં તેની આંખમાંથી ચોધાર આંસુ પડવા માંડયા. તે વખતે તેના ભાઈની સાથે તેણે મહારાજને ક્હેવડાવ્યું કે મારે મહારાજને ખાનગીમાં મળવું છે. એટલે મહારાજ પાસે હમણાં કોઈ ના આવે એવો બંદોબસ્ત કરો.

મહારાજે પાર્ષદોને તરત જ હુકમ કરી દીધો કે હમણા કોઈને અંદર આવવા દેશો નહિ. તમે દરવાજા આગળ ઉભા રહો. પછી તે બહેને મહારાજને ફૈબાએ કરેલા અન્યાયની બધી વિગતવાર વાત કરી અને મહારાજની માફી માંગી કહ્યું, મહારાજ મારી ભૂલ થઈ છે તેથી જ તે મને તેડાવતા નથી. પણ મારે તો મછિયાવ જવું જોઈતું હતું. હવે આપ કાંઈક સમાધાન કરાવી ધો. આપનું કૂઈ માનશે.

મહારાજે કહ્યું, અમે કહીએ તેમ કરશો ? તમારો પરસ્પરનો કજીયો મટાડવા જ અમો અહીં આવ્યા છીએ. માટે તમે જે વિચાર કર્યો હોય એ કહો. ત્યારે બાઈએ કહ્યું, મહારાજ મારે તો આપને રાજી કરવા છે. મારા સાસુ મારે માથે ખડનો ભારો મૂકી મને જયાં વેચશે ત્યાં હું વેચાઈશ..ને મને જે આજ્ઞા કરશે તે પ્રમાણે કરીશ. માટે જો આપ આજ્ઞા કરો તો આપની સાથે મછિયાવ આવું.

મહારાજે તેની વાત સાંભળી પ્રસન્ન થયા. મહારાજ ત્યાંથી નીકળી મછિયાવ પધાર્યા. ઘોડી ઉપરથી ઉતરી મહારાજ સીધા ફૈબા પોતાના મુકામે બીજે માળે હરિકૃષ્ણ મહારાજની પૂજા કરતા હતા ત્યાં પધાર્યા. મહારાજને એકાએક પોતાના મુકામે આવેલા જોઈ ફૈબા બોલ્યા, આજ તો કાંઈ બહુ કૃપા કરી ?

મહારાજે કહ્યું, ભક્તો ઉપર તો અમારે સદાય કૃપા રહે જ છે. એકાએક અમોએ મછિયાવ આવવાનું નક્કી કર્યું તેનું કારણ તો તમારા સાસુવહુના કજીયાનું સમાધાન કરાવવાનું જ છે. મારે રોકાવું નથી અને જમીને સીધા શ્રીનગર જવું છે. તમારા વ્યવહારના પણ અમે ઘણી છીએ. માટે અમે કહીએ તેમ તમારે કરવાનું છે.

આ સાંભળી ફૈબાના મુખ ઉપરની રેખાઓ એકદમ ફરી ગઈ. તેમણે મહારાજને કહ્યું, મહારાજ અમારા વહેવારની વાત મૂકીને આપ બીજી આજ્ઞા કરશો તે પ્રમાણે હું કરીશ. પણ એ બાઈનું નામ મારી પાસે લેશો નહિ. તમે મેલનસાર જઈને આવ્યા છો તે મેં જાણ્યું. એટલે તમને એ બાઈએ ભરમાવ્યા છે. માટે એ વાત કોઈ રીતે બને તેમ નથી. ફૈબાએ તરત જ કહી દીધું.

મહારાજ તેમની વાત સાંભળીને એકદમ સ્થિર થઈ ગયા. ફૈબાએ કહ્યું, મહારાજ હું મારા દિકરાને બીજે ગમે ત્યાં પરણાવીશ. પણ એ બાઈનું મોઢું તો આ જીંદગીમાં જોવું હરામ છે. મહારાજ આ સાંભળી રહ્યા. મહારાજને લાગ્યું કે સમૈયા ઉત્સવમાં ભક્તિભાવનો રંગ દેખાડતા આ ફેબાં કાંઈક જુદી જ માટીના લાગે છે.

મહારાજે ફરી કહ્યું, ફૈબા ! તમે વિચાર કરો કે તમને કોણ કહેવા આવ્યું છે ! તમે અમને તમારા દરબારમાં પધરાવ્યા, ઉત્સવો કરાવ્યા, અમારા અર્થે હજારો રૂપિયાનું તમે ખર્ચ કર્યું, તે બધું તમે અમને શું સમજીને કર્યું હતું ? આજે એ ભાવ એ નિષ્ઠા બધું સ્ત્રવી ગયું ?

ફૈબા કાંઈ બોલ્યા નહિ. મહારાજે તેમને ફરી કહ્યું, ફૈબા જવાબ આપો અમને. આજે અમે સમાધાન કરાવવા જ આવ્યા છીએ અને જો તમે હઠ પકડી રાખશો તો અમે ચાલ્યા જઈશું. ફરી કદી મછિયાવમાં પગ નહિ મૂકીએ. હઠ-માન-ઈર્ષા જેના અંતરમાં હોય તેની તો અમને સદા ઉપેક્ષા જ રહે છે.

ફૈબાએ તરત જ હાથ જોડયા. તેમણરે મહારાજને કહ્યું, મહારાજ તમે ભગવાન છો એ હું જાણું છું, પણ અમારા વહેવારમાં અમારા બંને વચ્ચે આંટી પડી ગઈ છે તે હવે કોઈ રીતે હવે છૂટી શકે તેમ નથી. આપ પધાર્યા છો, સંતોએ રસોઈ બનાવવી શરૂ કરી છે તો આપ હવે જમીને જાવ..મારો ગુનો માફ કરી મછિયાવ ફરી ન આવવાનું આપે કહ્યું તે શબ્દો ભૂલી જાવ.

મહારાજ બહુ જ ગંભીર થઈ ગયા હતા. મહારાજે ફક્ત એટલું જ કહ્યું, ફૈબા સમાધાન કરવું છે ? ના મહારાજ..એ સિવાયની બીજી આજ્ઞા કરો તો હું તમારી દાસી થઈને પાળીશ. મહારાજ તરત જ દાદરો ઉતરી ગયા.

રસોઈ તૈયાર થઈ ગઈ હતી. સંતો સર્વે ઠાકોરજીને થાળ ધરાવી પંક્તિમાં બેસી ગયા હતા અને મહારાજ પધારવાની રાહ જોઈ રહ્યા હતા. મહારાજે પંક્તિમાં બેઠેલા સંતોને કહ્યું, સંતો ઉઠી જાવ..અહીં જમવાનું નથી. મછિયાવનું પાણી આજથી હરામ છે.

પ્રસંગ : ૧૯

કલ્યાણનો સ્વાર્થ સાધી લેવો

મહારાજ ગામડી પધાર્યા. અહીં બેચરભટ્ટને ઘરે ઉતર્યા. ત્યાં સભામાં હરિભક્તોને ઉપદેશ આપતા મહારાજ બોલ્યા, અંદર અંદર સંપ અને સુહ્રદભાવ રાખવા. કલ્યાણના માર્ગમાં મોટામાં મોટું વિઘ્ન અંદર અંદર કુસંપ..એકબીજા પ્રત્યે રાગદ્વેષના આ બધા દોષો છે. માટે મોંઘો મનુષ્યદેહ મળ્યો છે અને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તો આ દોષ ટાળી કલ્યાણનો સ્વાર્થ સાધી લેવો.

પ્રસંગ : ૨૦

આ તારો રંગીલદાસ

જૂનાગઢમાં મંદિર થઈ રહ્યું હતું. તેમાં અનેક ઉપાધિઓ આવી અને મહારાજની કૃપાથી દૂર પણ થઈ ગઈ. છેવટે ત્યાંના દિવાન રંગીલદાસને નાગરોએ ઉશ્કેર્યો. તે વખતે તે રાજયના કામ અંગે વડોદરા ગયો હતો ત્યાંથી તેણે સંદેશો મોકલ્યો કે હું આવું છું અને સ્વામિનારાયણના મંદિરની કાંકરીએ કાંકરી તોડી ફોડીને

ત્યાં પાદર કરી દઈશ, માટે કાંઈ ફિકર કરશો નહિ.

આ વાતની હરિભક્તોને ખબર પડી. તેમણે મંદિરમાં આવીને બ્રહ્માનંદસ્વામીને વાત કરી. સ્વામી પણ આ વાત સાંભળી વિચારમાં પડી ગયા. તે વખતે ગોપાળાનંદસ્વામી પણ જૂનાગઢમાં હતા અને મહાપૂજામાં મહારાજની મૂર્તિ ઉપર તુલસીના માંજર ચડાવતા હતા અને બોલતા હતા કે મંદિરના શિખર તો આમ થઈ જશે.

બ્રહ્માનંદસ્વામી ત્યાં આવ્યા. તેમણે સ્વામીને આ રીતે બોલતા સાંભળ્યા એટલે કહ્યું, સ્વામી તમે મહાપૂજામાં મૂર્તિ ઉપર તુલસી ચડાવી શિખર કરો છો પણ રંગીલદાસ તો મંદિરની કાંકરીએ કાંકરી ઉડાડી દેવાનું કહે છે. તે વડોદરાથી ખાસ તે માટે જ એક બે દિવસમાં નીકળવાનો છે. આ સાંભળી ગોપાળાનંદસ્વામી હસ્યા ને કહ્યું, બ્રહ્માનંદસ્વામી મહારાજના કાર્ય આગળ રંગીલદાસ બિચારો કોણ ? તમે ચિંતા કરશો નહિ.

પરંતુ બ્રહ્માનંદસ્વામીના મુખ ઉપર ઉદાસીનતા જોઈ સ્વામી પોતાની બગલમાં હાથ નાંખી એક મુવાળો તોડી બોલ્યા, સ્વામી આ તમારા રંગીલદાસ ! જુઓ આ મુવાળાની પેઠે ક્યાં ઉડી જશે અને આપણું મંદિર પુરું થઈ જશે. બ્રહ્માનંદસ્વામીને આ વચનથી શાંતિ થઈ.

બીજે દિવસે ખબર આવી કે રંગીલદાસ વડોદરાથી નીકળી ગયો છે. ત્યારે ગોપાળ સ્વામીએ કહ્યું, ભલે નીકળી ગયો પણ જૂનાગઢમાં પ્રવેશ કરી શકશે નહિ. ત્યાર પછી બે દિવસે સમાચાર આવ્યા કે રંગીલદાસ જૂનાગઢ આવતો હતો અને રસ્તામાં કોઈ જંગલી જાનવર આડું આવ્યું એટલે તેનો ઘોડો ભટક્યો. રંગીલદાસ નીચે પડી ગયો તેની ભેટે ખોસેલી બરછી તેના પેટમાં પેસી ગઈ અને પેટ ચીરીને બહાર નીકળી ગઈ. રંગીલદાસ ત્યાં જ મૃત્યુ પામ્યો !

નવાબ સાહેબને આ સમાચાર આપવામાં આવ્યા ત્યારે તેમણે ફરમાન કર્યું મૈયતને શહેરમાં લવાય નહિ. રાજયનું અમંગળ થાય. માટે ત્યાંથી જ તેની જયાં વિધિ કરવાની હોય ત્યાં લઈ જાવ..આ રીતે રંગીલદાસના મનસૂબા અધૂરા રહ્યા અને ગોપાળાનંદસ્વામીના વચન અનુસાર તે જૂનાગઢમાં પ્રવેશ કરી શક્યો નહિ.

પ્રસંગ : ૨૧

અમારા જેવા ફકીર રાખીએ તો ચાલે ?

મહારાજ વૈશાખ વદ ૧૧ સુધી જૂનાગઢમાં રહ્યા. બારસના પારણા કરી મહારાજે નીકળવાની તૈયારી કરી. નવાબ સાહેબ પણ મહારાજના દર્શન કરવા આવી ગયા. મહારાજને નીકળવાની તૈયારી કરતા જોઈ નવાબ સાહેબે પૂછ્યું, મહારાજ આપે તો મને વચન આપ્યું હતું કે આપ અહીં કાયમ રહેશો ને આપ તો નીકળવાની તૈયારી કરી રહ્યા છો.

મહારાજ આ સાંભળી હસ્યા ને તેમણે નવાબ સાહેબને પૂછ્યું, અમે રહીએ કે અમારા જેવા ફકીરને રાખીએ ? એટલે નવાબે કહ્યું કે, મહારાજ આપ જૈસા તો આપ હી હૈ, લેકિન આપ જૈસા દૂસરા કોઈ ફકીર હો તો ઉનકો જરૂર રખીએ..

મહારાજે કહ્યું, આ ગુણાતીતાનંદસ્વામી અમારા જેવા જ છે. એટલે એમને અમે અહીં રાખીને જઈએ છીએ. નવાબ સાહેબ આ સાંભળી ખુશ થયા.

પ્રસંગ : ૨૨

દેવની સેવા મૂકી લાકડાં શું તાણો છો ?

મહારાજે ગઢપુરમાં મંદિરનો આરંભ કરાવી દીધો હતો. એટલામાં મંદિરના પાયામાં નાંખવા માટે પથ્થરનાં ગાડા આવવા લાગ્યા. સંતો પાર્ષદો તરત જ ગાડામાંથી પથ્થર ઉતારવા માંડયા. મહારાજ એકદમ ઉભા થયા અને કડામાં બાંધેલું દોરડું પકડી ઉભા રહી સંતોની સેવા જોવા લાગ્યા. ત્યાં તેમની નજર એક સાધુ પર પડી. તે બેઠા બેઠા માળા ફેરવતા હતા. એટલે મહારાજે તેમને પાસે બોલાવ્યા અને કહ્યું, મહાપુરુષ ! દેવની આવી સેવા મૂકીને લાકડા શું તાણો છો ? પથ્થર ઉતરાવો પથ્થર..

તે સાધુ સમજી ગયા કે મહારાજની મરજી સેવામાં જોડવાની છે. તે મૂકી કટાણે માળા ફેરવવી તે લાકડાં તાણ્યા બરોબર જ છે. તે તરત જ માળા મૂકી પથ્થર ઉતરાવવા પહોંચી ગયા.

પ્રસંગ : ૨૩

આ લોકના મનુષ્ય ખોટા વચન આપતા હશે પણ અમે આ લોકના નથી

મંદિરના કામ વખતે એક વખતે સભામાં મહારાજે કહ્યું, આ મંદિરના પાયામાં કોઈ એક શેરનો પાણો નાંખે તેને પણ અમે તેડવા આવીશું. મહારાજની વાત સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા.

મહારાજે કહ્યું કે જો મંદિરો હશે તો જ ઉપાસનાનો અને કલ્યાણનો માર્ગ ચાલુ રહેશે. એવો વિચાર કરીને જ અમે આ મંદિરો કરાવવાની પ્રવૃત્તિ ઉપાડી છે. તેમાં જે કોઈ ભાવથી યથાશક્તિ સેવા કરશે તેના ઉપર અમે પ્રસન્ન થઈશું અને તેનું જરૂર કલ્યાણ કરીશું.

આ વખતે સભામાં અલિયાસ જમાદાર બેઠા હતા. તેણે વિચાર કર્યો કે સ્વામિનારાયણ ભગવાને આજે કલ્યાણના વાવટા છૂટા મૂક્યા લાગે છે. જો પાયામાં એક પથ્થર નાંખવાથી કલ્યાણ થતું હોય તો આજે જ ઘેલામાંથી એક પાણો લાવીને પાયામાં નાંખુ. તે ઉઠીને સીધો ઘેલા નદીએ ગયો. ત્યાંથી એક મણનો પત્થર લીધો ને માથે ઉપાડી મંદિરમાં લાવ્યો. મહારાજ તે વખતે ત્યાં ખુરશી નાંખીને મંદિરના કામ પર દેખરેખ રાખતા હતા. તેણે મહારાજને કહ્યું, દેખો સ્વામિનારાયણ હું આ મણનો પથરો પાયામાં નાંખુ છું. તમે કહ્યું છે તો હવે મારું કલ્યાણ કરજો.

મહારાજ તેની વાત સાંભળી હસ્યા ને કહ્યું, જમાદાર ! આ લોકના મનુષ્ય કદાચ ખોટા વચન આપતા હશે પણ અમે આ લોકના નથી. તમે અમારા વચને પાયામાં પથ્થર નાંખ્યો એટલે તમારા અંત સમયે અમે જરૂર તમને તેડવા આવીશું.

પ્રસંગ : ૨૪

મહારાજ દાદાખાચરને સુવર્ણનું મંદિર બતાવે છે

મહારાજની આજ્ઞા પ્રમાણે દાદાખાચર રાત્રે બે વાગે અક્ષર ઓરડીમાં ગયા. મહારાજ પોઢ્યા હતા એટલે તેમને અંદર જતા સંકોચ થયો. એટલામાં મહારાજ બોલ્યા, આવી ગયા દાદાખાચર ? હા, મહારાજ દાદાખાચરે કહ્યું.

મહારાજે તેમને ઢોલિયા પાસે બેસાર્યા. તેમને માથે હાથ ફેરવ્યો અને પછી પૂછ્યું, બોલો શું મૂંઝવણ છે ? એટલે દાદાખાચરે કહ્યું, મહારાજ આ મંદિર

ક્યારે પૂરું થશે ? નાણાની પણ તંગી રહે છે. વળી આસો માસને તો હવે દોઢ મહિનો જ રહ્યો છે.

મહારાજ દાદાખાચરની વાત શાંતિથી સાંભળી રહ્યા હતા. તેમણે ધીરેથી દીવાની વાટ સંકોરી, પ્રકાશ વધ્યો. મહારાજે દાદાખાચરને કહ્યું, દાદા આમ જો ! એમ કહી મહારાજે પોતાનો જમણો હાથ ઉંચો કર્યો.

દાદાખાચરે ઉંચું જોયું અને તેમની સમક્ષ સુવર્ણનું મંદિર, સુવર્ણના કળશ, ધજા, પતાકા સાથે દેખાયું ! દાદાખાચર તો આ મંદિર જોઈ વિસ્મિત થઈ ગયા. તેમણે મહારાજને હાથ જોડી દીધા. થોડીવારે મહારાજને કહ્યું, મહારાજ આ જ મંદિર અહીં રાખી દ્યો ને ! બધી માથાકૂટ મટીજાય. પ્રતિષ્ઠા પણ જલ્દી થઈ જાય. આવું શોભાયમાન મંદિર જોઈ હરિભક્તો બધા બહુ જ રાજી થશે.

પ્રસંગ : ૨૫

ગઢડા મંદિરનો વિરોધ

ગઢપુર મંદિરના કોઠલા તૈયાર થઈ ગયા. જીવાખાચર મંદિરના કામકાજ ઉપર ઝીણી નજરથી દેખરેખ રાખતા હતા. ભાવનગર નરેશ વજેસિંહજી બાપુને તેમણે વાત પહોંચાડી કે દાદાખાચર તો તેમના દરબારમા કોઠો કરાવે છે. તેમાં દારૂગોળો અને શસ્ત્રો રાખવાના છે. એટલે સાવચેતી રાખવા જેવું છે.

તે સમયે ભાગનગર રાજય સામે ખુમાણો બહારવટે ચડ્યા હતા. તેમાં પણ જોગીદાસ ખુમાણની રંજાડ વધારે હતી. આથી વજેસિંહ બાપુને પણ ચિંતા થવા લાગી કે ખુમાણો અને ખાચરો જો ભળી જશે તો ઉપાધિ વધુ થશે. તેમણે તેથી બસો આરબોને ગઢડા મોકલ્યા. અને તેના ઉપરીને કહ્યું તમારે દાદાખાચરને જઈને કહેવું કે રાજયનો હુકમ છે તો આ કોઠલો ચણો છો તે કામ બંધ કરો. પણ કાંઈ તોફાન કરશો નહિ.

બસો આરબની ફોજ ગઢપુરના પાદરમાં દાખલ થઈ અને દાદાખાચરના દરબારમાં તે સમાચાર પહોંચી ગયા. એટલામાં તેમના ઉપરીએ મોકલાવેલ આરબ આવ્યો અને તેણે કહ્યું, વજેસિંહ બાપુનો હુકમ છે કે તમારે આ કોઠાનું ચણતર કામ બંધ કરવું.

મહારાજે આ વાત પહોંચાડી. મહારાજે તરત જ ભગુજીને બોલાવ્યા. તેમને કહ્યું, તમે આ આરબના સરદાર પાસે થોડા પાર્ષદો લઈને જાવ અને તેને કહો કે આ કોઠો થતો નથી પણ મંદિર થાય છે. એટલે તે કામ બંધ રહેશે નહિ. દરબાર વજેસિંહ જાતે આવીને જોઈ જાય અને તેની ખાતરી કરી લે. ઉડતી વાત સાંભળીને રાજય સરકાર તકરાર કરવા તૈયાર થાય તે ભાવનગર નરેશને શોભતું નથી.

પ્રસંગ : ૨૬

ગઢડા મૂર્તિપ્રતિષ્ઠા

આ.સં.૧૮૮૫ના આસોના શુક્લ પક્ષની દ્વાદશીનું મુર્હૂત આવ્યું. આ શુભમુર્હૂતના પ્રસંગે તમામ ગ્રહો પણ પોતાના ભાવ છોડી એક થઈ ગયા. મહારાજની પ્રસન્નતાના તેઓ પ્યાસી હતા. આ પ્રસંગે મહારાજે ઉમરેઠથી વેદમૂર્તિ હરિપ્રસાદ શર્માને યજ્ઞ તથા પ્રતિષ્ઠાવિધિ માટે જલદી આવી જવા પત્ર લખ્યો. બીજા વિદ્વાન બ્રાહ્મણોને પણ આ પ્રસંગે આવવા માટે પત્રો લખાવ્યા. તે સિવાય શુકમુનિ પાસે દેશદેશમાં પત્રો લખાવી ગઢપુર મૂર્તિપ્રતિષ્ઠાના પ્રસંગે આવવાના આમંત્રણ મોકલાવ્યા.

ઠાકોરજીના વસ્ત્ર આભૂષણ માટે હરજી ઠક્કરે ભાવનગર માણસ મોકલ્યો. મખમલના તાકા, સુવર્ણના તાર જરી વગેરે મંગાવ્યા. મુગટ માટે પણ સામગ્રી મંગાવી અને સારા કારીગર દરજીઓને પણ સાથે લઈ આવવા કહ્યું.

ઉન્મત ગંગાના તીરે સંતોના ઉતારા માટે ઝૂંપડીઓ બાંધી દીધી. લક્ષ્મીવાડીમાં રાધાવાવ અને જ્યાં જ્યાં ખુલ્લી જગ્યા હતી ત્યાં તંબુઓ ખોસી દીધા. ગઢપુર નગરી જાણે અક્ષરધામનું પ્રતિક બની ગઈ હોય તેમ શોભવા લાગી. એવા દિવ્ય વાતાવરણમાં ગઢપુરમાં ગોપીનાથજી દેવની મૂર્તિપ્રતિષ્ઠાનો પ્રારંભ થયો.

મહારાજ સ્વયં યજ્ઞશાળમાં પધાર્યા. દાદાખાચર પણ સાથે આવ્યા. યજ્ઞવેદીમાં ઘીની આહુતિઓ મંત્રોચ્ચાર સાથે મહારાજ આપતા હતા. એટલામાં નિત્યાનંદસ્વામી ગોપીનાથની મૂર્તિઓ લેવરાવી ત્યાં આવ્યા. વાસુદેવ નારાયણના ઓરડામાંથી તે મૂર્તિ તેમજ ધર્મપિતા અને ભક્તિમાતાની મૂર્તિઓ પણ આવી. મહારાજે દરેક મૂર્તિઓનું ષોડશોપચારે વિધિપૂર્વક સ્નાન કરાવી પૂજન કર્યું. પછી ત્યાં જ મહારાજે ન્યાસવિધિ કર્યો. સૌને આશ્ચર્ય થયું. આ વિધિ તો મંદિરના સ્થાનમાં મૂર્તિ પધરાવ્યા પછી જ થાય, તો પછી મહારાજે આ વિધિ અહીં કેમ કર્યો ?

મહારાજ ગોપીનાથજીની મૂર્તિને સ્થિર દષ્ટિથી નિહાળી રહ્યા. પોતાના અંગમાંથી શીતળ, શાંત તેજની ધારા છૂટી અને ગોપીનાથજીની મૂર્તિમાં તે તેજનો પ્રવેશ થયો. સૌને ગોપીનાથજીની મૂર્તિની શોભા અલૌકિક લાગી.

મહારાજ આ વિધિ પૂરી થઈ એટલે ઉઠયા. ગોપીનાથજીની મૂર્તિને આલિંગન આપી ભેટયા. દાદાખાચર, જીવુબા, લાડુબા તથા સમગ્ર પરિવાર આ દર્શનથી ગદગદ થઈ ગયા. હરિભક્તો તથા સંતોને પણ લાગ્યું કે મહારાજે આજે અલૌકિક વિધિ કર્યો.

પ્રસંગ : ૨૭

મહારાજ ભૂમાપુરુષનું સ્વરૂપ ધારણ કરે છે

મહારાજને એક પાર્ષદ બોલાવવા આવ્યો. તેણે કહ્યું, મહારાજ આપને પાંચુબાએ તેમના નવા ઓરડા તૈયાર થઈ ગયા છે તેમાં પધારવા માટે વિનંતી કરી છે. મહારાજ તરત જ ચાલ્યા. પાંચુબાના દક્ષિણાદા બારના ઓરડા પાડી ત્યાં ગોપીનાથજીનું મંદિર કરાવ્યું હતું. તેમને પાછળના ભાગમાં બે નવા ઓરડા કરાવી આપ્યા હતા.

મહારાજ પધાર્યા અને બંને ઓરડા તથા ઓસરીમાં ફરી પગલાં કર્યા. પાંચુબાએ મહારાજનું પૂજન કર્યું. થાળ ભરી સાકર અને રૂપિયા ભેટ મૂક્યા. પછી તે મહારાજના દર્શન સ્થિર દષ્ટિથી કરવા લાગ્યા. એટલામાં તેમને મહારાજનું સ્વરૂપ બદલાતું દેખાયું. મહારાજને બદલે તેમને ભૂમાપુરુષના દર્શન થયા. તે સ્થિર થઈ ગયા. થોડીવારે જાગ્રત થયા ત્યારે તેમણે પૂછ્યું મહારાજ આપ તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો અને ભૂમાપુરુષ સ્વરૂપે દર્શન કેમ આપ્યા ?

ત્યારે મહારાજે હસતાં હસતાં કહ્યું, તમને પ્રતિતી કરાવવા કે અમે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છીએ. અમે વિભૂતિઓના સ્વરૂપ ધારણ કરી શકીએ છીએ પરંતુ વિભૂતિઓ અમારું સ્વરૂપ ધારણ કરી શકે નહિ. પાંચુબા સમજી ગયા.

પ્રસંગ : ૨૮

સત્સંગી જીવન ગ્રંથ રચવાનો પ્રારંભ

મહારાજે ગઢપુરમાં રોકાયા હતા. આ દરમ્યાન શતાનંદ મુનિ મહારાજ પાસે આવ્યા. મહારાજને દંડવત્ કરી સન્મુખ બેઠા. એટલે મહારાજે પૂછ્યું, મુનિ ! કેમ પધારવું થયું ? શતાનંદ મુનિએ કહ્યું, મહારાજ આપના દર્શન સારું જ..એમ કહી પછી કહ્યું, મહારાજ ! મને એક સંકલ્પ રહે છે. જો આપ મારા ઉપર પ્રસન્ન હો તો મારો બહુ દિવસનો એક મનોરથ છે તે પૂરો કરો.

એટલે મહારાજે પૂછ્યું, શું મનોરથ છે ? અમે તો સૌના સંકલ્પો પૂરા કરવા જ પ્રગટ થયા છીએ. શતાનંદ મુનિએ હાથ જોડીને કહ્યું, મહારાજ ! આપના ચરિત્રનો ગ્રંથ રચવાની મારી ઈચ્છા છે, આપ જો કૃપા કરો તો મેં જે વિદ્યાભ્યાસ કર્યો છે તે આપના ચરિત્રનો ગ્રંથ રચવાથી સફળ થશે.

મહારાજ તેમનો આવો શુભ મનોરથ સાંભળી પ્રસન્ન થયા. પછી કહ્યું, ભલે મુનિરાજ ! તમે અમારા ચરિત્રનો ગ્રંથ ખુશીથી રચો અને તેમાં અમારા ચરિત્ર જેવા સાંભળ્યાં છે અને દેખ્યા છે તે રીતે વર્ણન કરજો. એમ કહીને મહારાજે કહ્યું, આ ગોપીનાથજીના મંદિરમાં તમને એકાંત સ્થાને બેસી લખવા માટે ઓરડી આપીશું. ત્યાં રહી તમે આ ગ્રંથની રચના કરજો.

શતાનંદ મુનિએ એ પ્રમાણે આ.સં.૧૮૮૫ના માગશર માસમાં સત્સંગજીવન ગ્રંથ રચવાની શરૂ કરી.

પ્રસંગ : ૨૯

જીવાખાચરનો પશ્ચાતપ

જીવાખાચર માંદા થયા. જોતજોતામાં મંદવાડ વધી ગયો. સગાસંબંધીને લાગ્યું કે બાપુ હવે આ મંદવાડમાંથી ઉભા નહિ થાય. અમૂલાબાને થયું કે મહારાજને બોલાવવા. બાપુને છેલ્લા દર્શન દેવા પધારે અને બાપુનાં દુષ્કૃત્યોની માફી આપી તેમની સદ્‌ગતિ કરે.

તેથી તે મહારાજ પાસે આવ્યા ને કહ્યું, પ્રભુ ! બાપુનો મંદવાડ અસાધ્ય છે. હવે છેલ્લી ઘડી, બે ઘડી છે તો આપ દર્શન દેવા પધારો. જો કે કયે મોંએ મારે આપને આ ક્હેવું તેની મને ખબર પડતી નથી. આપ ભગવાન છો અને આપ જીવના ગુના સામું જોતા નથી તો બાપુના કર્યાં કૃત્યો સામે ન જોતા આપ એમને દર્શન દેવા પધારો. મારી આપને વિનંતી છે.

મહારાજે તરત જ કહ્યું, અમૂલા ! અમે અમારું બિરૂદ સદા સાચવીએ જ છીએ. તારા બાપુએ ભલે દાદાખાચરનો પેટ ભરીને દ્રોહ કર્યો, ન કરવાનું બધું જ કર્યું પણ સાથે સાથે અમારી સેવા પણ તેમણે ભક્તિભાવથી કરી છે. તે સેવાનું ફળ આપવા પણ અમારે આવવું જ જોઈએ. એટલું કહી મહારાજ ઉઠ્યા. બે પાર્ષદોને તથા દાદાખાચરને સાથે લઈ મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા.

મહારાજ જીવાખાચરને માથે હાથ ફેરવી તેમની આંખમાં આંખ પરોવી બોલ્યા, બાપુ ! ચિંતા ના કરશો તમારું કલ્યાણ અમે કરશું. આ સાંભળી જીવાખાચરની આંખમાં આંસુની ધારા ચાલી. તેમણે હાથ જોડી કહ્યું, મહારાજ ! મારું કલ્યાણ થાય તેવું નથી. કેમ કે આ મંદિર થાતા ભાવનગર દરબાર સાથે તકરાર કરાવી, તે મેં કરેલ છે. ને ભાણખાચર પાસે તમારા પાળાને કવરાવ્યા તેમાં પણ મારા કામો છે. વળી આ દાદા સાથે પણ મેં અન્યાયે કરીને બહુ જ તકરાર કરી છે. માટે હું તો જરાસંઘ, શિશુપાળ અને કંસથી પણ આઘો ગયો છું. એટલે મારું કલ્યાણ કેમ કરીને થાય ?

તેમના પરિતાપના આ શબ્દો સાંભળી મહારાજે જીવાખાચરનો જમણો હાથ પોતાના હાથમાં લીધો ને કોલ આપતા કહ્યું, તમને તમારા કૃત્યોનો પસ્તાવો થાય છે તેથી જાઓ અમે તમારું કલ્યાણ કરીશું. એમ કહીને મહારાજ એકદમ ઉઠ્યા. મહારાજ ઉતારે પહોંચ્યા ત્યાં સમાચાર આવ્યા કે જીવાખાચરે દેહ મૂકી દીધો.

પ્રસંગ : ૩૦

આત્મારામની ડગલી

મહારાજ વરતેજ રૂપાભાઈના દરબારમાં બિરાજતા હતા. એવામાં ત્યાં સુરતથી આત્મારામ દરજી મહારાજના દર્શને આવ્યા. તેમને ઠેઠ સુરતથી આવેલા જોઈ મહારાજને આશ્ચર્ય થયું. મહારાજે તેમને પૂછ્યું, આત્મારામ ! અમે વરતાલ હતા ત્યાં દર્શને ન આવ્યા ને અહીં કેમ આવ્યા ?

એટલે તેણે કહ્યું, મહારાજ આપ વરતાલ હતા ત્યારે હું એક કામમાં રોકાયો હતો તેથી ન આવી શક્યો. તે કામ પુરું થયું એટલે તરત જ અહીં આપ બિરાજો છો તે ખબર મળ્યા એટલે આવ્યો. અમે તો સુરતથી વહાણમાં બેસી જઈએ અને આ ભાવનગર બંદરે ઉતરી જઈએ એટલે અહીં આવવાનું કઠણ ન પડે.

તેમણે કહ્યું, આપની દયાથી ધંધો સારો ચાલે છે પણ એ ધંધાની એક કારીગરી જે હું શીખ્યો છું તે કારીગરી આપના સારું એક ડગલી બનાવવામાં મેં અજમાવી. તે ડગલી પૂરી થઈ કે તરત જ તે લઈને અહીં આવ્યો.

મહારાજને આશ્ચર્ય થયું કે ડગલી સીવવામાં તે વળી કેવી કારીગરી કરી હશે કે આટલો સમય તેમને લાગ્યો ? મહારાજે કહ્યું, આત્મારામ લાવ, જોઈએ તો ખરા કે તારી ડગલી ! કેવી કારીગરી કરી છે ! આત્મારામે તરત જ પોટલામાંથી કપડામાં સંભાળપૂર્વક વીંટીને તૈયાર કરેલી ડગલી કાઢી. મહારાજને કહ્યું, પ્રભુ ! પહેલા આપનું પૂજન કરું અને પછી આપને આ ડગલી હું જ પહેરાવું. મહારાજને આ વળી બીજું નવીન લાગ્યું. તેમણે કહ્યું, ભલે પૂજન કરી લે. આત્મારામે પૂજન કર્યું. પછી કપડામાં વીંટાળેલી ડગલી કાઢી, ઉખેળી. તે જોઈ સૌને આશ્ચર્ય થયું.

મખમલના કાપડ ઉપર સોનેરી તારના બુટ્ટા તેમજ સૂર્ય અને ચંદ્રના ઝીણાં સ્વરૂપો જડેલાં, સોનેરી તારના જ ઝીણા બખિયા લીધેલા. આવી સુંદર કલાત્મક ડગલી મહારાજ તો જોઈ જ રહ્યા.

આત્મારામ મહારાજને તે પહેરાવવા અધીરો બની ગયો હતો. પરંતુ મહારાજે કહ્યું, ભલા આદમી ! આવી સુંદર ડગલી સીવીને લાવ્યો છે તે જોવા તો દે..અમે પહેરીશું તો કારીગરી બીજાને દેખાશે અમને નહિ દેખાય. એમ કહીને મહારાજે ડગલી ઝીણવટથી જોઈ. આગળ પાછળ ફેરવીને જોઈ. પછી પૂછ્યું, આત્મારામ ! આ ડગલી બનાવતા કેટલો વખત લાગ્યો ?

મહારાજ ! છ મહિના લાગલગાટ કામ કર્યું ત્યારે આ ડગલી તૈયાર થઈ. એમાં જ હું વરતાલ ન આવી શક્યો. મહારાજ આ સાંભળી રહ્યા. પછી પૂછ્યું, ત્યાં સુધી તારા ધંધાનું શું થયું ? આત્મારામ હસ્યો. તેણે કહ્યું, મહારાજ ! ધંધો તો આપના નામના જાપનો અખંડ ચાલુ જ હતો. ત્યારે તો આ ડગલી તૈયાર થઈ અને મારે રોમેરોમ ટાઢક વળી ગઈ.

આ સાંભળી મહારાજ તેમના તરફ અમૃત દૃષ્ટિથી જોઈ રહ્યા. પછી મહારાજે કહ્યું, આત્મારામ તું જ આ ડગલી અમને પહેરાવ..તેણે મહારાજને ડગલી પહેરાવી. બધાને લાગ્યું કે મહારાજ આ ડગલીથી કેવા શોભે છે ! તેમના સંકલ્પો જાણીને મહારાજે પણ કહ્યું, આ ડગલીથી અમે કેવા શોભીએ છીએ ?

ત્યારે આત્મારામે કહ્યું, અરે મહારાજ ! આપે આ ડગલી પહેરી તેમાં જ ડગલીની શોભા છે. બધાને આ સાંભળીને થયું આત્મારામે ખરું કહ્યું. મહારાજના સંબંધે ભક્તિભાવ પૂર્વક અર્પણ કરેલું સર્વ કાંઈ શોભાયમાન અને દિવ્ય બની જાય છે.

પ્રસંગ : ૩૧

ગઢપુરનું મંદિર છેલ્લું - હવે ઉપાસનાની દૃઢતા રહી

મહારાજ કાંઈક ઉદાસ જણાવા લાગ્યા. સખાઓના આનંદ પ્રમોદના પ્રસંગોમાં પહેલા મહારાજ છૂટે મોઢે હસતા, તે હાસ્ય હવે વિલાઈ ગયું હોય તેવું દેખાતું હતું. સખાઓને મહારાજના સ્વભાવમાં થયેલો ફેરફાર સમજાતો નહોતો.

મહારાજ પણ વિચારતા કે ગઢપુર મારું પ્રિય સ્થાન, ત્યાં મેં આ છેલ્લું મંદિર કર્યું. પંચાળામાં કરેલા બધા જ સંકલ્પો પૂરા થયા. હવે ફક્ત અમારા સર્વાવતારી સ્વરૂપની દૃઢ નિષ્ઠા અને અમારા અનાદિ અક્ષરધામની યથાર્થ ઓળખાણ અને એ ધામરૂપ થઈને અમારી ઉપાસના પ્રવર્તનનું કાર્ય બાકી રહ્યું છે. પરંતુ કાળને હવે થંભાવવો નહોતો. માનવીનું મન નાનું અને આ સર્વોપરી સ્વરૂપની ઉપાસનાની વાત મોટી ! તે તેના પેટમાં કેમેય કરીને અત્યારે તો સમાશે નહિ. સમય આવશે ત્યારે તે કામ મારે મારા અન્ય સ્વરૂપ દ્વારા કરવું પડશે.

મહારાજે વિચાર્યું કે મારે હવે સમયની રાહ જોવી નથી. મારું ધામ સાક્ષાત્ ગુણાતીતાનંદસ્વામી તે તેના માટેની ભૂમિકા બાંધશે. ત્યારપછી આ કાર્ય સરળ થઈ જશે. મનુષ્યના હૈયામાં શાસ્ત્રોના જે પાશ પડી ગયા છે તે અત્યારે પૂરેપૂરા ઓગળશે નહિ અને ત્યાં સુધી આ વાત પણ પ્રસરશે નહિ. એ સર્વોપરી જ્ઞાનનો ધોધ અત્યારે છૂટો મૂકીશ તો પણ કોઈથી તે જીરવાશે નહિ. અત્યારે તો ફક્ત અમારા સંબંધથી અને અમારા સ્વરૂપની સર્વોપરી નિષ્ઠાના ભાવથી સૌ આ મુક્તિના અધિકારી બની ગયા છે.

પ્રસંગ : ૩૨

આપની મૂર્તિના દર્શનનું આવું સુખ અખંડ કેમ રહે ?

મહારાજ ખુલ્લા શરીરે બેઠા હતા. એટલે નૃસિંહાનંદસ્વામી મહારાજની મૂર્તિના દર્શનનું સુખ લેતા હતા. તેમણે એકાએક મહારાજને પ્રશ્ન પૂછ્યો હે મહારાજ ! આપની મૂર્તિના દર્શનનું સુખ આવું ને આવું કેમ રહે ?

તે સાંભળી મહારાજે કહ્યું, રજોગુણ તમોગુણ અને સત્વગુણ એ ત્રણ ગુણ જ્યારે જીવને વિષે હોય છે ત્યારે અંતઃકરણ મલિન થઈ જાય છે. એટલે મૂર્તિનું સુખ અંતરમાં આવતું નથી. એટલું જ નહિ પણ પરમેશ્વરના સ્વરૂપમાં દિવ્યભાવ ભૂલાવી મનુષ્યભાવ પણ લાવી દે છે. તે ગુણો કારણ શરીર સાથે રહે છે. તે કારણ શરીર વજ્રસાર જેવું છે. કોઈ રીતે ટળતું નથી. પરંતુ ભગવાનની મૂર્તિની સ્મૃતિ જો અંતરમાં થઈ જાય તો ધીરે ધીરે ગુણના ભાવ ટળતા જાય અને કારણ શરીરનો પણ અંતે નાશ થાય.

મહારાજે આગળ કહ્યું, અમારી મૂર્તિ જીવમાં અખંડ રહે તો કારણ શરીરનો નાશ પામે. તે વિના કોટિ ઉપાય કરે તો પણ કારણ શરીર નાશ પામે નહિ. માટે તમારે જો સુખ જોઈતું હોય તો જીવમાં અમારી મૂર્તિ ધારવાનો અભ્યાસ રાખો. તે મૂર્તિ ધારતાં ધારતાં જીવમાં જ્યારે તે મૂર્તિ સ્થિર થશે ત્યારે કારણ શરીર ટળી જશે અને અમારી મૂર્તિ અખંડ જીવમાં રહેશે ત્યારે જ તમને અમારા સ્વરૂપનું અખંડ સુખ આવશે અને ગુણના ભાવથી પર થઈ જવાશે.

પ્રસંગ : ૩૩

પિયા પાયા તો ફિર ક્યા સોના ?

અન્નકૂટ ઉત્સવ પાસે આવતો હતો. સંતો અને હરિભક્તો પણ રોજ મોટી સંખ્યામાં આવ્યે જ જતા હતા. રસોઈઓ પણ રોજ જુદી જુદી ચાલતી હતી. મહારાજ રોજ સંતોની પંક્તિમાં પીરસવા પધારતા. તેથી એક વાર બ્રહ્મચારી ખિજાઈને બોલ્યા, રોજ રોજ શું પીરસવા જવાનું ? અંદર અંદર બધા પીરસી લેશે. મહારાજ તેમનો રોષ જોઈ હસ્યા. બ્રહ્મચારી સમજી ગયા તેમણે કહ્યું, તો બધી વાનગી અહીં મંગાવીએ. હાથ અડાડી દ્યો એટલે પ્રસાદીની થઈ જાય. એટલે મહારાજે કહ્યું પણ દર્શન ન થાય ને ? હવે બ્રહ્મચારી ભાવમાં આવી ગયા. તેમણે કહ્યું, દર્શન તો રોજ સૌ કરે છે, વિશેષ દર્શન કરવા હોય તો રાત્રે આપ પોઢ્યા હો ત્યારે બેસી જાય અને દર્શનનો લાભ બરોબર લઈ લ્યે. મહારાજને બ્રહ્મચારીની વાત સાંભળી ગમ્મત પડી. તેમને પણ થયું કે બ્રહ્મચારી ખરું કહે છે. એવો ખપ હોય તો નિદ્રા આવે જ નહિ.

એટલામાં મુક્તાનંદસ્વામીનો સ્વર સંભળાયો : 'પિયા પાયા તો ફિર ક્યા સોના ?' મહારાજે તરત જ બ્રહ્મચારીને કહ્યું, જુઓ આ મુક્તાનંદસ્વામીને સુષુપ્તિ અવસ્થા જ ટળી ગઈ છે. અમારા સ્વરૂપનો તેમને સાક્ષાત્કાર થઈ ગયો છે. તે મસ્તીમાં તેઓ અત્યારે ગાઈ રહ્યા છે.

પ્રસંગ : ૩૪

સૌનો ગુણ જ લેવો

મહારાજ દાદાખાચરના દરબારમાં થાળ જમીને ચળું કરી રોજના નિયમ પ્રમાણે સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. સૌને સારી રીતે પીરસી હાથ ધોઈ મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. એટલામાં નિર્મળાનંદસ્વામી નાહીને પત્તર લઈને આવ્યા. તેમણે જોયું કે મહારાજ તો સૌને પીરસીને ઢોલિયા ઉપર બિરાજી ગયા છે. તેથી તેઓ મહારાજ પાસે આવ્યા ને પગે લાગીને કહે, મહારાજ ! હું આપની પ્રસાદી વિના રહી ગયો. તે સાંભળી મહારાજે કહ્યું, સૌ સંતોના પત્તરમાંથી થોડું થોડું માગી લ્યો. હવે અમે હાથ એંઠા કરીશું નહિ.

નિર્મળાનંદસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર દરેક સંત પાસે જઈને પત્તર ધરી કહેવા લાગ્યા : સંતો ! મહારાજે કહ્યું છે થોડી પ્રસાદી આપો. બધા જ સંતોને પ્રસાદી આપી તેથી તેમનું પત્તર છલકાઈ ગયું. પછી પોતે એક આસન શોધીને જમવા બેસી ગયા.

સૌ જમી રહ્યા પછી મહારાજ સન્મુખ આવીને બેઠા. તે વખતે મહારાજે કહ્યું, સાંભળો સંતો, કોઈનો પણ અવગુણ ક્યારેય લેવો નહિ. અવગુણ લેવાથી જીવનું જેવું ભૂંડું થાય છે તેવું બીજા કોઈ પાપથી થતું નથી. ભગવાનના ભક્તની સેવા કરવી અને સૌનો ગુણ લેવો, પણ અવગુણ તો લેવો જ નહિ. જેમ આજે

નિર્મળાનંદસ્વામીએ અમારી આજ્ઞા પાળી સૌ સંતોના પત્તરમાંથી થોડી થોડી પ્રસાદી માંગી લીધી તો તેમનું પત્તર છલકાઈ ગયું. તેમ સૌનો થોડો થોડો ગુણ લેવાય ને સૌની સેવા થાય તો જીવ ગુણોથી ભરાઈ જાય ને બળિયો થાય. એટલી વાત કરી મહારાજ અક્ષર ઓરડીએ પોઢવા પધાર્યા.

પ્રસંગ : ૩૫

અક્ષરધામમાં ભક્તને ભગવાન કેવું સુખ આપતા હશે ?

એકવાર મહારાજને લાડુબાએ પ્રશ્ન પૂછાવ્યો, મહારાજ ! અક્ષરધામને વિષે ભક્તને ભગવાન કેવું સુખ આપતા હશે ? તેમના પ્રશ્નનો હાર્દ એ હતો કે જે દિવ્યાનંદનો અનુભવ તેઓ મહારાજના સાન્નિધ્યમાં સતત માણી રહ્યા હતા તેવું જ સુખ અક્ષરધામમાં છે કે અન્ય રીતે ?

મહારાજે તેમના પ્રશ્નનો ઉત્તર કરતાં કહ્યું, અક્ષરધામમાં ભગવાન ભક્તને સુખ આપે છે તેમાં ભગવાનની મૂર્તિમાંથી જ પાંચે વિષયનું સુખ ભક્તને એકકળાવિચ્છિન મળે છે. ભગવાનના દિવ્ય દેહના એક અંગના દર્શન કરતાં કરતાં તે ભક્ત એકાગ્ર બની મૂર્તિમાં તલ્લીન થઈ જાય છે. તે અંગ છોડી બીજું અંગ જોવા સમર્થ થતા નથી. આ લોકના લાખો વર્ષ સુધી જાણે કોઈ આંખનું મટકું જ ન મારે અને દર્શન કર્યા જ કરે એવું અપરિમિત અને દિવ્ય સુખ ભગવાનના સ્વરૂપના એક અંગમાંથી તે ભક્ત ભોગવે છે. તેથી ભક્ત પોતાના ભક્તપણાનો ભાવ પણ ભૂલી જાય છે. તેનો અનુભવ કાં તો સમાધિ અવસ્થામાં થાય અથવા દેહ મૂક્યા કેડે થાય.

મહારાજના આ શબ્દો સાંભળી ત્યાં બેઠેલા મોટેરા સંતોને મહારાજે પંચાળામાં અક્ષરધામના સુખની વાત કરી હતી તેની સ્મૃતિ થઈ આવી.

મહારાજે આગળ કહ્યું, સાંભળો સંતો <u>તમો સૌએ અમારી મૂર્તિનું એ સુખ ભોગવ્યું છે પણ એ તમારો અનુભવ, તમારો પ્રતાપ અને તમારું ઐશ્વર્ય તે બધું જ અમે રૂંધી રાખ્યું છે તેથી જ તમો આ લોકમાં આવી અમારી આજ્ઞાનુસાર ક્રિયા કરી શકો છો. નહિ તો તમો સૌ અમારી મૂર્તિ મૂકીને છેટે જઈ શકો નહિ.</u>

મહારાજ જાણતા હતા કે આ બધા અક્ષરધામના મુક્તો જ પોતાની સાથે આવ્યા છે. તે સિવાય બીજા કોઈ મહારાજે આદેશેલા અષ્ટાંગ બ્રહ્મચર્યના કડક નિયમોનું પાલન કરી શકે જ નહિ.

પ્રસંગ : ૩૬

ધામમાં જવાનો સંકલ્પ પહેલીવાર મૂળજી બ્રહ્મચારીને કહે છે

મહારાજની પ્રકૃતિ અસ્વસ્થ હતી. પરંતુ તેઓ તે જણાવવા દેતા નહિ. રોજના ક્રમ પ્રમાણે સવારે સભામાં પધારતા, વાતો કરતા, ગમ્મત પણ કરતા. પરંતુ જમવા બેસતા ત્યારે બહુ જ અલ્પ જમતા. બ્રહ્મચારીને આથી જરા મૂંઝવણ થવા લાગી.

તેમણે એક દિવસ મહારાજને પૂછ્યું, મહારાજ આપ તો સદા થોડું જ જમો છો. પરંતુ હમણાં હમણાં તો તેમાં પણ બહુ ઓછું જમવાનું કરી નાંખ્યું છે, એટલે શરીરે કાંઈ કસર જેવું જણાય છે ?

મહારાજ આ સાંભળી બ્રહ્મચારી સામું જોઈ રહ્યા. તેમણે કહ્યું, બ્રહ્મચારી હવે અવસ્થા જેવું જણાય છે. મનમાં પણ થાય છે કે પૃથ્વી ઉપર પ્રગટ થઈ એકાંતિક ધર્મની સ્થાપનાનું જે કાર્ય કરવાનું હતું તે પૂરું થયું છે. પંચાળામાં સંકલ્પ કર્યો હતો તે પ્રમાણે હવે કાર્ય પૂરું થયું છે એટલે ધામમાં જવાનો સંકલ્પ થાય છે.

આ સાંભળીને બ્રહ્મચારીને જાણે વજ્રપાત થયો હોય તેમ એકદમ પૃથ્વી ઉપર ઢળી પડયા. મહારાજ તે જોઈ તરત જ ઉઠયા અને બ્રહ્મચારીના માથા ઉપર હાથ ફેરવ્યો. થોડીવારે બ્રહ્મચારી સ્વસ્થ થયા, તેમણે આંખ ઉઘાડી. પરંતુ મહારાજે કહેલી વાતની સ્મૃતિ થતા તરત જ આંખો બંધ કરી, બે હાથ માથે મૂકી દીધા. મહારાજને લાગ્યું કે બ્રહ્મચારી હમણાં છૂટે મોંએ રડી પડશે તો ગોકીરો થશે. એટલે મહારાજે કહ્યું, બ્રહ્મચારી ઉઠો. અમે તો તમારી પરીક્ષા કરતા હતા કે જ્યારે પણ અમારે ધામમાં જવાનું થાય ત્યારે તમને શું થાય ?

બ્રહ્મચારીએ હાથ જોડી દીધા ને કહ્યું, મહારાજ બીજી બધી વાત કરજો, પણ ધામમાં જવાની વાત કરશો નહિ. આખો સત્સંગ રઝળી જશે. નોંધારો થઈ જશે.

મહારાજ હસ્યા ને કહ્યું, આ લોકમાં તો લોકો સિત્તેર ને એંશી સુધી જીવે છે, ત્યારે અમને તો હજુ પૂરાં પચાસ પણ થયા નથી. આતો જરા ગમ્મત કરી તમારી પરીક્ષા કરી. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું, મહારાજ આપના પહેલા હું ધામમાં જઉં એવી મારા ઉપર દયા કરજો.

એટલે મહારાજ હસતા હસતા બોલ્યા, બ્રહ્મચારી આપણે અહીં પણ ભેગા છીએ ને ધામમાં પણ ભેગા ! માટે મૂંઝાશો નહિ. બ્રહ્મચારી આ સાંભળી ઉભા થઈ ગયા.

પ્રસંગ : ૩૭

મહારાજ સર જહૉન માલ્કમને મળે છે

આ.સં.૧૮૮૬ના મહા વદ બારશને દિવસે મુંબઈ ઈલાકાના ગર્વનર સેક્રેટરી તરીકે ફરજ બજાવતા થોમસ વિલિયમ્સનનો મહારાજ ઉપરનો પત્ર લઈને તેમનો કાસદ માતાદીન રાજકોટથી ગઢપુર આવ્યો. પત્રમાં તેમણે લખ્યું હતું કે મુંબઈના ગર્વનર સર જહૉન માલ્કમ રાજકોટ કામ પ્રસંગે આવ્યા છે અને આપના કાર્યની પ્રશંસા સાંભળી આપને મળવા ખૂબ જ ઇંતેજાર થયા છે તો આપ રાજકોટ તેમને મળવા માટે પધારવા કૃપા કરશો.

શુકમુનિએ આ પત્ર મહારાજ પાસે વાંચ્યો પણ મહારાજે કહ્યું, આવી પરિસ્થિતિમાં રાજકોટ કેવી રીતે જવાય ? (કારણ તે સમયે મહારાજે ખૂબ બિમારી ગ્રહણ કરેલી. છેલ્લા લગભગ ૫-૬ દિવસથી મહારાજ અક્ષર ઓરડીમાં જ પલંગમાં પોઢી રહેતા. મહારાજના ગળા ઉપર ઝીણી ઝીણી ફોડલી નીકળી. આ ફોડલીમાંથી એક ફોડલી વધતા વધતા મોટી થઈ. પરંતુ તેમાં પાક થતો નહતો, છતાં દુઃખાવો સતત રહેવા લાગ્યો. આ દુઃખાવાને લીધે મહારાજને તાવ પણ શરૂ થયો. ગૂમડાનું દર્દ વધતું હતું ને ખોરાક લેવાતો નહોતો. શરીર કૃશ થવા લાગ્યું. મહારાજને ઢોલિયામાં બેસારવા માટે હાથ પકડવા પડતા. તે જ પ્રમાણે શૌચક્રિયા કરાવવા પણ બે સંતો હાથ પકડીને લઈ જતા.) મહારાજે કહ્યું, વિનયપૂર્વક લખો કે સ્વામિનારાયણ તેમની નાદુરસ્ત તબિયતને લઈને રાજકોટ આવી શકશે નહિ.

આ બાજુ રાજકોટમાં શ્રી માલ્કમ સાહેબની મુલાકાત મિ.બ્લેઈન સાથે થાય છે. તે પણ શ્રીજીમહારાજથી ખૂબ પ્રભાવિત હતા. તેમની સાથેની ચર્ચાથી માલ્કમ સાહેબ શ્રીજીમહારાજને મળવા વધુ ઉત્સુક અધીર બન્યા. એટલે હજી તો પહેલા પત્રનો ઉત્તર આવ્યો નથી ને તરત એમણે બીજો પત્ર ભારપૂર્વક લખાવી કાસદને મોકલ્યો કે આપ કૃપા કરી રાજકોટમાં પધારો. આ પત્ર લઈ પીરભાઈ ગઢડા આવ્યા.

મહારાજે પત્ર શુકમુનિ પાસે વંચાવ્યો. પછી મહારાજે સૌને પૂછ્યું કે મુંબઈના હાકેમ સાહેબનો આ બીજો પત્ર આવ્યો છે તો હવે આપણે શું કરીશું ? ત્યારે

મોટા સંતોએ કહ્યું, મહારાજ આપની તબિયત સારી નથી માટે રાજકોટ સુધીની મુસાફરી આ સ્થિતિમાં થઈ શકે નહિ. તબિયત વધુ ખરાબ થાય. એટલે મહારાજ મૌન રહ્યા.

બીજી બાજુ રાજકોટમાં મહારાજનો પહેલો ઉત્તર પહોંચ્યો એજ વખતે રાજકોટની કચેરીમાં ભીમ ભક્ત મહારાજનો જવાબ આવ્યો કે નહિ તે ખબર કાઢવા આવ્યા હતા. કાસદ પહેલા પત્રનો ઉત્તર ગર્વનર પાસે વાંચતો હતો તે સાંભળી ગર્વનર અત્યંત નિરાશ અને ઉદાસ થઈ ગયા. તેમણે તેમના અંગત કારકુન છોટમલાલને કહ્યું, તમે મને સ્વામિનારાયણની મુલાકાત કરાવી આપો. તે સાંભળી છોટમલાલે ભીમ ભક્તને કહ્યું કે, તમે ફરી પત્ર લખી ખેપિયો મોકલાવી આપો.

એટલે ભીમ ભક્તે મહારાજને ત્રીજો પત્ર લખ્યો. અને સાથે સાથે અંગત મંત્રી મિ.થોમસ વિલિયમ્સને પણ ગર્વનર સાહેબના આદેશથી તે જ મિતિનો એક વધુ પત્ર મહારાજ ઉપર લખ્યો. તે બંને પત્રો ભુજથી રાજકોટ આવેલા સંતોની સાથે ગઢપુર મોકલ્યા.

મહારાજ સર માલ્કમ સાહેબની આતુરતા સમજતા હતા. ત્રીજો અને ચોથો પત્ર પણ આવે છે તે અંતર્યામીપણે જાણી તેમણે દાદાખાચરને કહ્યું, મુંબઈના હાકમ સાહેબ બહુ જ દિલગીર થઈ ગયા છે, એટલે આપણે રાજકોટ જવું પડશે. પછી મોટેરા સંતોને બોલાવીને કહ્યું, આજે જ આપણે રાજકોટ જવું છે, જો આપણે નહીં જઈએ તો હાકેમ સાહેબ પોતે અહીં આવશે. પરંતુ તેથી દાદાખાચરની નાની રિયાસતમાં તેમનું યથાયોગ્ય સન્માન થઈ શકશે નહિ. એટલે આપણે જ જવું જોઈએ. તે જ દિવસે મહારાજ રાજકોટ જવા નીકળ્યા.

મહારાજ રાજકોટ પધારી ગયા. ફાગણ સુદ પને દિવસે સવારે જાગી મહારાજ સભામાં પધાર્યા ને સેવકોને બોલાવીને કહ્યું, તમે સાહેબ પાસે જાઓ અને તેમને પૂછો કે અમે ક્યારે મળવા આવીએ ? તમારી ઈચ્છા હોય તો તમો જ્યારે કચેરી ભરતા હો ત્યારે આવીએ, નહિ તો એકાંતે આવીએ.

સાહેબે તરત જ કહેવડાવ્યું કે કચેરી ભરાણી હોય તે વખતે ઘણા પ્રકારનો ગડબડાટ હોય તેમાં મળવાનું ફાવે નહિ. મારે તો મહારાજને એકાંતમાં જ મળવું છે જેથી શાંતિથી વાતો થઈ શકે. મહારાજ સાથે તેમના સુભક્તો તથા મોટા સદ્‌ગુરૂઓ હોય તેમને લઈને ભલે આવે. મહારાજ આ સાંભળી રાજી થયા.

મહારાજ પોતાના અંગત સંતો, સખાઓ અને પાર્ષદો સાથે પોલિટિકલ એજન્ટના બંગલે જવા નીકળ્યા. અંગ્રેજી લશ્કર પલટણ બેન્ડવાજા સાથે સવારી નીકળી. સર જહૉન માલ્કમ, તેમના મંત્રી મિ.થોમસ વિલિયમ્સન તથા મિ.બ્લેઈન અને બીજા છ અંગ્રેજ અમલદારો મહારાજનું સ્વાગત કરવા નીચે ઉભા હતા. મહારાજ મેનામાંથી ઉતર્યા કે તરત જ સર જહૉન માલ્કમે મહારાજનો હાથ પકડી લીધો ને મહારાજને ગવર્નર બંગલામાં લઈ ગયા.

મહારાજની સાથે બધી વિગતથી વાત કરીને ગવર્નર ખૂબ રાજી થયા. તેમણે કહ્યું, તમારા ધર્મના સિદ્ધાંતો મારે સ્પષ્ટતાપૂર્વક સમજવા છે, તો એવું કોઈ આપનું પુસ્તક હોય તો મને આપો. મહારાજે તરત જ તેમને શિક્ષાપત્રીનું પુસ્તક આપ્યું. તે લઈ ગવર્નરે માથે ચડાવ્યું ને બોલ્યા, આ પુસ્તકનો હું નિરાંતે અભ્યાસ કરીશ.

ગઢપુરમાં મહારાજ ઘેરો મંદવાડ મહારાજ ગ્રહણ કરે છે

મહારાજ સ્વધામ પધારે છે

મહારાજે માંદગી દૂર કરી રાજકોટ સુધીનો પ્રવાસ કર્યો, સાહેબના મનોરથ પૂરા કર્યા એટલે હવે સૌ ભક્તોના મનોરથ મહારાજ પૂરા કરશે અને હવે કોઈપણ પ્રકારની માંદગી ગ્રહણ નહિ કરે એવા સૌ સંકલ્પો કરતા હતા. મહારાજ ભક્તવત્સલ છે એટલે જરૂર દયા કરશે.

ગુણાતીતાનંદસ્વામી ગઢપુરમાં આવ્યા

દરબારમાં આવી મહારાજ સીધા જ અક્ષરઓરડીમાં પોઢી ગયા. બીજા દિવસે જૂનાગઢથી મહારાજની માંદગીના સમાચાર સાંભળી ગુણાતીતાનંદસ્વામી ગઢપુર આવ્યા. મહારાજને દંડવત્ કર્યા. મહારાજની પ્રકૃતિની અસ્વસ્થતા ફરી જણાવા લાગી હતી. દાદાખાચરે મહારાજને પૂછ્યું કે , મહારાજ ફૂલદોલના ઉત્સવમાં બધા સંતો હરિભક્તોને તેડાવીએ ? મહારાજે કહ્યું, આ ઉત્સવ ઉપર કોઈનેય બોલાવવા નથી. આપણે શાંતિથી ઉત્સવ ઉજવી લેવો. આ ઉત્તરથી ને મહારાજની દેખાતી નરમ તબિયતથી દાદાખાચરના અંતરમાં ઉદાસીનતા વ્યાપી ગઈ.

આ.સં.૧૮૮૬ના ફૂલદોલ ઉત્સવમાં મહારાજ એવું બોલી ગયા કે સંતો ! આ છેલ્લો ઉત્સવ છે. ને ઉત્સવ પૂરો થયો ને મહારાજના શરીરે માંદગી વધતી જતી હોય તેવા ચિહ્નો મહારાજ દેખાડવા લાગ્યા.

વરતાલમાં રણછોડજીની પ્રતિષ્ઠા કરવાની હતી એટલે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું, અમારાથી તો હવે આ માંદગીને લીધે વરતાલ જઈ શકાય તેમ નથી પણ તમે ને દાદાખાચરનું આખું પરિવાર જાવ..મૂર્તિપ્રતિષ્ઠા કરીને આવો. કોઈની ઈચ્છા નહોતી પણ આજ્ઞા હતી તેથી બધાએ હા પાડી.

તે સાંજે મહારાજે ગુણાતીતાનંદસ્વામીને બોલાવ્યા ને કહ્યું, સ્વામી ! હવે કાલે જૂનાગઢ જાવ ને ત્યાંથી બ્રહ્માનંદસ્વામીને અહીં મોકલો. મહારાજની આ આજ્ઞા સાંભળી સ્વામી ઉદાસ થઈ ગયા. તેમને થયું કે મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો છે ને વધુ વખત દેહ રાખે તેવી શક્યતા નથી. તેથી તેમના અંતરમાં વલોપાત થવા લાગ્યો. તેમને મૂંઝાયેલા જોઈ મહારાજે પૂછ્યું, સ્વામી ! અમે તમને જૂનાગઢમાં જવાનું કહ્યું તેથી કેમ મૂંઝાયા ?

આ સાંભળી સ્વામીની આંખમાં આંસુ આવી ગયા. તેમણે મહારાજને કહ્યું, મહારાજ આપનો મંદવાડ જોઈને મને લાગે છે કે આપ આ લોકમાંથી ઉદાસ થયા છો. તેથી મારું મન આપને છોડીને જૂનાગઢ જવા માનતું નથી. મહારાજ તે સાંભળી મંદ મંદ હસવા લાગ્યા ને બોલ્યા, સ્વામી એવો વખત આવશે ત્યારે અમે તમને બોલાવી લઈશું. આપણે ક્યાં જુદા છીએ ? માટે હમણા તો તમે જૂનાગઢ જાવ ને બ્રહ્માનંદસ્વામીને અહીં મોકલો.

મહારાજે આ રીતે કહ્યું છતાં સ્વામીની ઉદાસીનતા ટળી નહિ એટલે મહારાજે તેમને કહ્યું, સ્વામી અમારે નહાવું છે તો ઉના પાણી કરી લાવો. મહારાજની આ સેવા મળી એટલે સ્વામી રાજી થયા ને પછી મહારાજને ખૂબ ચોળીને નવરાવ્યા. મહારાજની આ સેવાથી સ્વામીનું મન હળવું થઈ ગયું. મહારાજે પણ તેમને એટલું બધું સુખ આપ્યું કે મહારાજના મંદવાડની વિસ્મૃતિ થઈ ગઈ !

બ્રહ્માનંદસ્વામી ગઢપુરમાં આવ્યા

ત્યારબાદ સ્વામીએ જૂનાગઢ જઈ બ્રહ્માનંદસ્વામીને સમાચાર આપ્યા. બ્રહ્માનંદસ્વામી આ સમાચાર સાંભળી ઉદાસ થઈ ગયા ને તરત જ પોતાના મંડળ સાથે ગઢપુર જવા નીકળી ગયા.

ગઢપુરમાં આવી બ્રહ્માનંદસ્વામી સીધા અક્ષરઓરડીમાં આવ્યા ને મહારાજના કૃશ થયેલા મુખારવિંદને જોયું. તે ઉપર સ્મિત હતું પણ તેમાં ઉદાસીનતા હતી. સ્વામી આ જોઈ પોક મૂકીને રડી પડયા. નીચે બેસી ગયા. મહારાજ પણ ઢોલિયા ઉપર બેસી ગયા ને બ્રહ્માનંદ સ્વામીને માથે હાથ ફેરવતાં કહ્યું, સ્વામી શોક

શા માટે ? તમે અમને મૂએલા દેખો છો ?

આ સાંભળી બ્રહ્માનંદસ્વામી ફરી ચોધાર આંસુએ રડવા માંડયા. રડતાં રડતાં સ્વામી તૂટક શબ્દોમાં બોલતા હતા : ખમા ખમા મારા બાપ ! તમે તો અમર જ છો, પણ તમારી આ માંદગી મને આપી દ્યો..પહેલા હતા એવા બનીને દર્શન દ્યો. મહારાજ હજુ તેમને માથે હાથ ફેરવતા હતા. બ્રહ્મચારીને કહ્યું, પાણી લાવો. પાણી લાવ્યા તે સ્વામી સામે મહારાજે પાણીનો લોટો ધર્યો. મહારાજના આવા એક એક ભાવથી સ્વામીનું અંતર ભેદાતુ હતું.

મહારાજે થાળ ગ્રહણ કર્યો ને પ્રસાદી બ્રહ્માનંદસ્વામીને આપી. પછી કહ્યું, સ્વામી તમે આવ્યા એટલે અમને આનંદ થયો. તમને અમારા દર્શન અને સેવાનો લાભ મળશે અને અમને તમારા હાસ્ય વિનોદનો લાભ મળશે.

મહારાજની પ્રકૃતિ ન સમજાય એવી થઈ ગઈ

મહારાજે ધીરે ધીરે પોતાની માંદગીને ગંભીર સ્વરૂપ આપવા માંડ્યું. કોઈ દિવસ જમે, કોઈ દિવસ ન પણ જમે. વળી કોઈ દિવસ આખી રાત સૂવે જ નહિ, જ્યારે કોઈ દિવસ બપોર સુધી જાગે જ નહિ. અને માથે ઓઢીને સૂઈ રહે. સેવક ઉઠાડવા પ્રયત્ન કરે તો એકદમ ચિડાઈ જાય. મહારાજની પ્રકૃતિ ન સમજાય એવી થઈ ગઈ. આથી નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામી બધાની ચિંતા વધવા લાગી.

કોઈ કોઈ વખત બ્રહ્માનંદસ્વામી જગાડે તો જાગે, સ્નાન કરીને થાળ કરે અને પ્રસાદી આપે. બ્રહ્મના દિવ્યાનંદથી ઉલ્લસતો દાદાખાચરનો દરબાર મહારાજના મંદવાડથી ગમગીન દેખાવા લાગ્યો. સૌ ફરતા, ક્રિયા કરતા છતાં શૂન્યમનસ્ક ભાવથી ! દરેકની દૃષ્ટિ અક્ષર ઓરડી તરફ જ હતી. પરંતુ નિત્યાનંદસ્વામીએ ચોકી મૂકી દીધી હતી. મહારાજની સેવામાં રાત અને દિવસ માટે સાધુઓના બે મંડળો મૂકી દીધા હતા. બ્રહ્માનંદસ્વામી મહારાજની અંગત સેવામાં હતા. મહારાજનું શરીર દિવસે દિવસે કૃશ થવા લાગ્યું.

ભાઈ આત્માનંદસ્વામી મહારાજને મીઠો ઠપકો આપે છે

મહારાજની માંદગીના સમાચાર સાંભળી મોટાભાઈ આત્માનંદસ્વામી મહારાજના દર્શને આવ્યા. મહારાજની માંદગી જોઈ તેમનું પણ અંતર દ્રવી ગયું. છતાં તેમને લાગ્યું કે મહારાજે ઘણીવાર માંદગી ગ્રહણ કરી છે અને પાછી પણ મૂકી દીધી છે. તેથી તેમણે પોતાના વડીલપણાના હક્કથી મહારાજને ઠપકો આપતા કહ્યું, આ શું ઢોંગ માંડયા છે ? ખાવું નહિ, પીવું નહિ અને આખો દિવસ સૂઈ રહેવું. આ તે કાંઈ સારા લક્ષણ કહેવાય ? સત્સંગી તથા સાધુઓને કેટલું દુઃખ થાય છે તેનો વિચાર કર્યો છે ?

મહારાજ તેમના ઠપકાના શબ્દો પ્રેમથી સાંભળતા હતા. ભાઈ સ્વામી બોલે જ જતા હતા. હવેથી પ્રથમની જેમ જ ખાવાપીવાનું શરૂ કરો અને અમને સૌને બ્રહ્માનંદ કરાવો. મહારાજ તેમની વાતો સાંભળી રહ્યા પણ કાંઈ બોલ્યા નહિ.

મહારાજનું મૌન જોઈ તેમણે ફરી કહ્યું, જો કદાચ તમે આ રીતે ધામમાં જશો તો અમો પણ તમારી પાછળ મરીશું. માટે પહેલા અમારા નાડી પ્રાણ ખેંચી લઈને પછી તમ તમારે ધામમાં જવું હોય તો ખુશીથી પધારો. પણ આપ ધામમાં જશો તો આખો સત્સંગ ચૂંથાઈ જશે. અને અક્ષરધામમાંથી આહીં આવવાનો જે આપે દાખડો કર્યો છે તે નિષ્ફળ જશે.

મહારાજ હજું પણ મૌન હતા. એટલે સ્વામીએ ફરી કહ્યું, તમો પ્રગટ થયા પહેલા પીતાંબર નામનો એક બ્રાહ્મણ ભગવાન થયો હતો. તેણે દેહ મૂક્યો ત્યારે તેની ચિતામાં તેના સત્તાવીશ શિષ્યો પડીને મરી ગયા હતા. તેવી રીતે અમે પણ મરીશું ને લોહીની નદીઓ વહેશે. માટે ધામમાં જવાનો સંકલ્પ મૂકી દ્યો.

પીતાંબર તો મિથ્યા ભગવાન હતો

મહારાજના મુખારવિંદ ઉપર ભાઈ આત્માનંદસ્વામીના આ ભાવથી સ્મિત ફરક્યું. તેમણે કહ્યું, સ્વામી ! પીતાંબર તો મિથ્યા ભગવાન હતા એટલે તેના શિષ્યોને મરતા બચાવવાની તેમની પાસે શક્તિ નહોતી. પરંતુ હું તો સર્વોપરી ભગવાન છું તો ધામમાં જઈશ તો કોઈની નસકોરી પણ ફૂટવા નહિ દઉં અને કોઈનું આયુષ્ય આવી રહ્યું હશે તો પણ તેની આવરદા વધારી દઈશ.

ભાઈ આત્માનંદસ્વામી તથા ત્યાં બેઠેલા સર્વ મહારાજની વાત સાંભળી સ્તબ્ધ બની ગયા. મહારાજે એ ભાવમાંથી પાછા વાળવા માટે બ્રહ્માનંદસ્વામીને કહ્યું, અમારા માટે નરમ ખીચડી બનાવી લાવો, ભૂખ લાગી છે. મહારાજના આ શબ્દોથી સૌને શાંતિ થઈ.

મને મરેલો ધારી પોક મૂકે છે ?

ગઢપુરમાં મહારાજની માંદગી વધુ ગંભીર થવા લાગી. તેમની પ્રકૃતિ પણ વધુ જલદ દેખાતી. કોઈક કોઈક વખત થાળ આવે તો થાળી ઉંધી કરી દેતા, દૂધના કે રાબના વાડકા ફેંકી દેતા, ઢોલિયા ઉપરથી ઉઠીને લથડતા લથડતા બહાર નીકળી જતા. આવી અશક્તિમાં પણ બે-ચાર જણા મહારાજના શરીરને પકડતા તો પણ મહારાજને તેઓ પાછા વાળી શકતા નહિ. ઘણીવાર ગંગાજળિયે બેસી બ્રહ્મચારીને કહેતા : અમને નવરાવો. બ્રહ્મચારી ગરમ પાણી કરવા જાય તો ચીડાઈને કહેતાં, આ ગંગાજળિયો તો આહીં પડયો છે ને પાણી લેવા ક્યાં જાવ છો ? આથી બ્રહ્મચારી મૂંઝાઈ જતા. મોટા સદ્‌ગુરૂઓની, દાદાખાચરની, જીવુબા, લાડુબાની કોઈની કાંઈ કારી મહારાજની આ બદલાયેલી પ્રકૃતિ પાસે ફાવતી નહિ.

મહારાજની આ પ્રકારની વિચિત્ર ચેષ્ટાથી સૌ પોક મૂકીને રડી પડતા. ત્યારે મહારાજ કહેતા હું તો જીવતો છું અને તમે મને મરેલો જાણી પોક મૂકો છો ? શું કરવું ? મહારાજને કેમ જમાડવા ? કેમ સમજાવવા ? કેમ ઔષધ આપવું ? કોઈને કાંઈ ખબર પડતી નહિ. બ્રહ્માનંદસ્વામીને પણ થયું કે તેમની ચારણી રીત અત્યારે કામિયાબ નીવડતી નથી. વર્ણીવેશે મહારાજ લોજમાં પધાર્યા અને જેવું તેમનું કૃશ શરીર હતું તેવું જ આ માંદગીથી થઈ ગયું ! એટલે સેવામાં રહેલા સંતો અંતરથી તો સમજી જ ગયા હતા કે મહારાજની આ માંદગી કદાચ છેલ્લી હોય.

ફક્ત ગોપાળાનંદસ્વામી જ સ્વસ્થ હતા

મહારાજની માંદગી દિન પ્રતિદિન વધુ ગંભીર થતી જતી હતી. દેશપરદેશથી સંતો હરિભક્તો તબિયત જોવા આવતા પરંતુ મહારાજની આજ્ઞા હતી કે કોઈને અક્ષર ઓરડીમાં ન આવવા દેવા. જે કોઈ આવે તેને એક દિવસ રોકી પાછા જવાની આજ્ઞા કરી દેવી.

વૈશાખનો ધોમ ધખતો હતો. મહારાજની અક્ષર ઓરડી પાસે સુગંધીવાળી ટટ્ટીઓ રાખી તે ઉપર સંતો પાણીનો છંટકાવ કર્યા જ કરતા હતા. છતાં મહારાજ કહેતા, અમને ખૂબ જ બળતરા થાય છે. સેવામાં રહેલા સંતો મહારાજના આ શબ્દો સાંભળી રડતા હતા. બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામીની આંખો પણ ભીની થઈ જતી. ફક્ત ગોપાળાનંદસ્વામી જ આ પરિસ્થિતિમાં સ્વસ્થ હતા. તેઓ તો જાણતા જ હતા કે મહારાજ હવે દેહ નહિ રાખે. તેમનું પ્રાગટય અને

તિરોધાન બંને લીલા તેમને મન તો દિવ્ય જ હતી. જ્ઞાનદષ્ટિથી તેઓ જાણતા હતા કે મહારાજ દેહવિલય કરશે છતાં સત્સંગમાં અખંડ પ્રગટ રહેશે જ. તેમના પ્રગટ સંબંધ સિવાય મુક્તિનું બીજું સાધન હતું જ નહિ. પરંતુ તેમને આ વાત પ્રકાશ કરવી જ નહોતી. મહારાજની પણ એવી જ ઈચ્છા હતી.

બ્રહ્માનંદસ્વામીને પાછા જૂનાગઢ જવાની આજ્ઞા

મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું, સ્વામી તમે જૂનાગઢ જાઓ અને ત્યાંથી ભાદરાવાળા નિર્ગુણાનંદને અહીં મોકલો. મહારાજની આ આજ્ઞા સાંભળીને બ્રહ્માનંદસ્વામીને માથે તો જાણે વીજળી પડી હોય એવો આંચકો લાગ્યો. મહારાજને આ પરિસ્થિતિમાં મૂકીને જૂનાગઢ જવા તેમનું મન માન્યું નહિ પરંતુ તેઓ કાંઈ બાલી શક્યા નહિ. એટલે મહારાજે તેમને ફરી કહ્યું, સ્વામી તમે આજે જ જૂનાગઢ જાવ..સ્વામી આ સાંભળી સ્થિર થઈ ગયા. મહારાજે લગભગ બે માસ સુધી પોતાની અંગત સેવામાં રાખ્યા હતા. વારંવાર પ્રસાદી પણ આપી હતી, ભેટ્યા પણ હતા, એકાંતમાં મર્મની વાતો પણ કરી હતી. આટલું બધું સુખ બે મહિના સુધી આપ્યું હતું અને હવે જો મહારાજની આજ્ઞા નહિ પળાય તો મહારાજની પ્રસન્નતા નહિ રહે. તેમના મનમાં વિચારોની પરંપરા ચાલવા લાગી. પણ તેમને થયું હવે જૂનાગઢ ગયા સિવાય છૂટકો જ નથી.

તરત જ મહારાજે બ્રહ્મચારીને કહ્યું કે, લાડુબાને કહેવરાવો કે અમારે જમવું છે, ઉત્તમ થાળ બનાવે. થોડીવારે થાળ આવ્યો. કંસાર, લાડુ, પૂરણપોળી, દૂધની ખીર વગેરે મહારાજને પ્રિય ભોજન લાડુબાએ બનાવ્યું હતું. મહારાજ અલ્પ જમ્યા ને પછી આખો થાળ બ્રહ્માનંદસ્વામીને આપી દીધો ને કહ્યું, સ્વામી આજે તમે જૂનાગઢ જાવ છો, તેથી આ પ્રસાદીનો થાળ તમને આપીએ છીએ. પરંતુ સ્વામી મહારાજની લીલાથી રડી પડયા. તેમને મનમાં લાગી જ ગયું હતું કે આ છેલ્લા દર્શન છે, છેલ્લી પ્રસાદી છે. થાળ સામે હતો, વાનગીઓ ઉત્તમ હતી, મહારાજની પ્રસન્નતા પણ હતી છતાં આજે આ કેમ જમાશે ?

બ્રહ્માનંદસ્વામીને વિચાર કરતાં જોઈ મહારાજે કહ્યું, સ્વામી જમો અંતરના રાજીપાની પ્રસાદી છે. સ્વામીની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા. તે જ સ્થિતિમાં તે જમવા લાગ્યા પણ જમી શક્યા નહિ. <u>મહારાજે આ જોયું. પોતે પણ ઉદાસ તો હતા જ, છતાં પોતાના પ્રિય સખાને તેમના વિરહનું જે દુઃખ થતું હતું તેથી તેમની આંખો પણ ભીની થઈ ગઈ !</u> પરંતુ પોતે કૃતનિશ્ચયી હતા, તેમના નિર્ણયમાં કોઈ ફેરફાર થવાનો નહોતો. બ્રહ્માનંદસ્વામીએ તેમના મંડળના સંતોને મહારાજની પ્રસાદી આપી.

સ્વામીએ મંડળના સંતોને કહ્યું, મહારાજે આપણને જૂનાગઢ જવાની આજ્ઞા કરી છે. મારે તો આજ્ઞા છે જ એટલે મારે તો જવું જ પડશે. સૌ શિષ્યોને આ સંજોગોમાં તેમને એકલા જવા દેવા યોગ્ય લાગ્યું નહિ તેથી કહ્યું, સ્વામી અમે પણ બધા આપની સાથે જ આવીશું. એટલે સૌ મહારાજના દર્શન કરવા ગયા. એક પછી એક સંત મહારાજના દર્શન કરી અક્ષર ઓરડીમાંથી નીકળી ગયા. મહારાજે સૌને આશીર્વાદ આપતા કહ્યું, જાવ અને ત્યાંથી તમે ગુણાતીતાનંદ સ્વામીને ઝટ મોકલો.

બ્રહ્માનંદસ્વામીના મંડળને શુભ શુકન જોઈને મંદિરની બહાર નીકળવાની ઈચ્છા હતી, જેથી ફરી આવવાનું થાય ત્યારે મહારાજના દર્શન થાય. એટલે તેઓ દરવાજે ઉભા રહ્યા પરંતુ ન તો સામી ગાય આવી કે ન કોઈ કુંવારી કન્યા આવી. એટલે મહારાજની ઈચ્છા જાણી ત્યાંથી નીકળ્યા ને તરત જ અપુશકન થયા. આથી બ્રહ્માનંદસ્વામીના મનના તમામ મનોરથો ભાંગી ગયા. તે તો ત્યાં જ સ્થિર થઈ ગયા. હૈયું જાણે તૂટી પડતું હોય તેમ લાકડીનો ટેકો દઈને સ્વામીએ એક ઉંડો નિઃશ્વાસ મૂક્યો.

તેમણે પોતાની સાથેના સંતોને કહ્યું, મને લાગે છે કે મહારાજ હવે દેહ રાખશે નહિ. માટે તમારે જો મહારાજના છેલ્લા દર્શન કરવા હોય તો ફરી જઈ આવો. મને તો આજ્ઞા નથી એટલે મારાથી તો હવે પાછા જવાશે નહિ, હું અહીં જ ઉભો રહીશ. તેમની વાત સાંભળી મંડળના સંતો ફરી મહારાજના દર્શને ગયા. પરંતુ મહારાજ તો માથે ઓઢીને સૂતા હતા એટલે તેઓ અક્ષર ઓરડીની બહાર ઉભા રહી દર્શન કરી પાછા ફર્યા.

સાધુઓ મહારાજના દર્શન કરી આવ્યા એટલે સૌ આગળ ચાલ્યા. ઘેલાને કાંઠે આવ્યા ત્યાં હરણિયા આડા ઉતર્યા. આ જોઈ સ્વામી એકદમ બોલી ઉઠયા, ગજબ થઈ ગયો. અને એમ કહી પોક મૂકીને રડતાં રડતાં ત્યાં જ બેસી ગયા. તદ્રુપાનંદસ્વામીએ તેમને શાંત કર્યા. છતાં રડતાં રડતાં તેમણે તેમના સંતોને ફરી કહ્યું, હજુ કોઈને મહારાજના છેલ્લા દર્શન કરવા હોય તો જઈ આવો. મહારાજ નક્કી દેહ મૂકી દેશે. વળી જેને મહારાજ પાસે રહેવું હોય તેને રહેવાની પણ છૂટ છે. ભાંગેલે હૈયે તૂટક તૂટક શબ્દો બોલતા સ્વામી મહારાજના થનારા વિરહની અકથ્ય વેદનાથી એકદમ બેભાન થઈ ગયા.

સંતો ઘેલામાંથી પાણી લઈ આવ્યા. સ્વામીના મુખ ઉપર પાણી છાંટયું. થોડીવારે સ્વામીએ આંખો ઉઘાડી, સામે જ સંતોને જોયા. તેમણે ફરી કહ્યું, ભાઈ તમે બધા જાઓ.. આ દર્શન હવે ફરી નહિ મળે. મારું ડાબું અંગ ફરકે છે. મનમાં અશુભ સંકલ્પના ધોધ ઉછાળા મારે છે. સ્વામીની આજ્ઞા થઈ એટલે ફરી સંતો સ્વામીને સાથેના ગાડામાં સૂવરાવી બે સંતોને તેમની પાસે રાખી મહારાજના દર્શન કરવા ગયા. થોડીવારે દર્શન કરી પાછા આવ્યા. સ્વામીને જોઈ સૌ શૂન્યમનસ્ક બની ગયા ને એજ સ્થિતિમાં ગઢપુરની સીમ તેમણે છોડી દીધી.

નિત્યાનંદસ્વામી પોક મૂકીને રડે છે

બ્રહ્માનંદસ્વામી ગયા પછી મહારાજ લીલા સંકેલવાની આગાહી કરતી ચેષ્ટા કરવા લાગ્યા. મહારાજ તે દિવસે ઠેઠ સાંજ સુધી માથા સુધી ઓઢીને પોઢી રહ્યા. કોઈ બોલાવે તો બોલે પણ નહિ. એટલે નિત્યાનંદસ્વામીએ મહારાજે માથે ઓઢેલું વસ્ત્ર ખસેડયું અને મહારાજને વિનંતી કરતા કહ્યું, મહારાજ ! આપ આ રીતે સવારથી પોઢી રહ્યા છો તેથી તમામ સંતો, હરિભક્તોએ પણ અન્ન પાણી છોડી દીધા છે માટે અમારા સૌના પર કૃપા કરી આપ હવે આ માંદગી દૂર કરો અને કાંઈક અંગીકાર કરો. એમ કહી સેવામાં રહેલા સંતોને તેમણે કહ્યું, મહારાજને બેઠા કરો.

તેમણે તરત જ મહારાજને ધીમેથી બેઠા કર્યા એટલે સ્વામીએ મહારાજ પાસે રાબનો વાડકો ધર્યો. મહારાજે વાડકો હોઠે અડાડી નિત્યાનંદસ્વામીને આપી દીધો. આથી નિત્યાનંદ સ્વામી ધીરજ ગુમાવી બેઠા. તેમણે તરત જ તે વાડકાનો ઘા કર્યો ને પોતે પોક મૂકીને રડવા લાગ્યા. નિત્યાનંદસ્વામીનો રડવાનો અવાજ સાંભળી દરબારમાંથી દાદાખાચર, જીવુબા, લાડુબા બધા જ અક્ષર ઓરડી પાસે આવી ગયા. સંતો પણ જે આજુબાજુ હતા તે બધા જ છૂટા મોઢે રડવા લાગ્યા. મહારાજે આ રોકકળ સાંભળી. એજ સ્થિતિમાં નિત્યાનંદસ્વામીને પૂછયું, કોઈ મરી ગયું છે ? આ બધા કેમ આટલે મોટેથી રોવે છે ?

એટલે નિત્યાનંદસ્વામીએ કહ્યું, મહારાજ આપ ઉઠો નહિ, કોઈની સાથે બોલો નહિ, કાંઈપણ અંગીકાર કરો નહિ એટલે સૌ મરવા જેવા થઈ જ જાય ને ! આપ તો સૌના પ્રાણ સમાન છો. એટલે આપ આવી લીલા કરો તેથી કોના હૈયાં હાથ રહે ?

આ સાંભળી મહારાજે કહ્યું, જાઓ ઉના પાણી કરો અમારે નાહવું છે. થાળ પણ બનાવો, અમે જમીશું. મહારાજના આ વચનોથી સૌને આનંદ થયો.

મહારાજ તેમની ઈચ્છા પ્રમાણે જમ્યા. સૌને ખૂબ આનંદ થયો. સાંજે મહારાજે સભામાં આવવાની ઈચ્છા કરી એટલે બે સંતોએ મહારાજને ઢોલિયામાં બેઠા કર્યા. મહારાજ તરત જ ઉભા થઈ ગયા. સંતોએ મહારાજના હાથ પકડયા.

મહારાજે તેમને કહ્યું, અમે વનવિચરણમાં ફરતા હતા ત્યારે આવું જ દેહ હતું છતાં ચાલતાં ચાલતાં જ આખા ભારતમાં ફર્યા હતા તો અત્યારે સભામાં ચાલીને નહિ જઈ શકીએ ? એમ કહી મહારાજ એકલા ચાલવા લાગ્યા. ને બે સંતો પાછળ ચાલવા લાગ્યા. બધી જ અશક્તિ દૂર કરી મહારાજ ચાલતા સભામાં પધાર્યા તેથી સૌને ખૂબ જ આનંદ થયો. દાદાખાચરે નગારાં વગડાવ્યાં ને સાકર વહેંચી. બધાને ખાતરી થઈ ગઈ કે મહારાજે મંદવાડ મૂક્યો ખરો.

બીજે દિવસે સાંજે મહારાજ પાંચુબાના જે નવા ઓરડા છે ત્યાં પધાર્યા. સૌ મહારાજ સન્મુખ બેઠા. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું, સ્વામી તમને સૌને અહીં બોલાવ્યા છે કારણ અમારે તમને વાત કરવી છે. પછી મહારાજ બોલ્યા, સ્વામી અમે જે સંકલ્પ લઈને અ.ધામમાંથી આવ્યા હતા તે સંકલ્પ પૂરા થઈ ગયા. ભાગવતધર્મનું પ્રસ્થાપન થઈ ગયું, તેને પોષણ આપે એવા સંતો પણ તૈયાર થઈ ગયા, શાસ્ત્રો પણ થયા ને મંદિરો પણ થયા. દેશકાળ પણ અનૂકુળ થયા. અમને હવે ધામમાં જવાના મનસૂબા થાય છે, તે હવે અમે કોઈના રોક્યા રોકાશું નહિ. આટલું બોલતા મહારાજ થાકી ગયા.

મહારાજના આ શબ્દોથી જાણે વીજળીના ભયંકર પ્રહારથી સૌ શબવત્ બની ગયા. ગઈ કાલે તો નગારા વગડાવ્યાં હતા ને સાકર વહેંચી હતી ને આજે અચાનક આ શું થઈ ગયું ? મહારાજના આ શબ્દોથી સૌ છૂટે મોઢે રડવા લાગ્યા. મહારાજ શાંત જ રહ્યા. તેમને પણ ખબર હતી કે આ આઘાત મારા ભક્તો માટે અસહ્ય હતો. પરંતુ હવે છૂટકો નહોતો.

થોડીવાર પછી મહારાજે બધાને શાંત થવા કહ્યું ને નટવિદ્યાની જ્ઞાનની ગોષ્ટી કરી. પરંતુ મહારાજની આ જ્ઞાનવાતો અત્યારે કોઈના હૈયે વસી નહિ. દાદાખાચરને મૂર્છા આવી ગઈ. અને બહેનો પણ બધી શબવત્ બની ગઈ. મહારાજ કઠણ હૈયે આ જોઈ રહ્યા.

મુક્તાનંદસ્વામી

એવામાં મહારાજે મુક્તાનંદસ્વામીને પૂછયું, સ્વામી આ બધા આટલા બધા દિલગીર શીદ થાય છે ? ત્યારે મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું, મહારાજ આપે સ્વધામ જવાનો સંકલ્પ કર્યો તે સાંભળી બધા દિલગીર ન થાય તો શું કરે ? આપ સૌના જીવનપ્રાણ છો, સૌ આપના જ આધારે જીવી રહ્યા છે. આપની ઉંમર જોતા પણ આપ આવો સંકલ્પ કરો તે સમગ્ર સત્સંગને કારી ઘા જેવો જ લાગે. આપના આટલા સંકલ્પથી જ દાદાખાચર તો ભાન ગુમાવી બેઠા છે અને બીજા પણ ઘણા આ આઘાતથી ઢળી પડયા છે. તો આપ સ્વધામ પધારશો તો આમાંથી કોણ જીવી શકશે ?

મહારાજ ગંભીર હતા તેમણે કહ્યું, સ્વામી અમારો નિશ્ચય દૃઢ છે અને અમારા સ્વધામગમન પછી સૌના અંતરમાં એવી ધીરજ મૂકીશું જેથી તેમના સૌના દેહ ટકી રહેશે. તમે કાંઈ ચિંતા કરતા નહિ. આ સંપ્રદાયનો જે દ્વેષ કરશે તેવા મતપંથો ભૂંસાઈ જશે, ઉપાધિના ઓળા દેખાતા બંધ થઈ જશે. અને આપણે સંપ્રદાયમાં બાંધેલા નિયમો જ એવા છે કે તેના યથાર્થ પાલનથી સંપ્રદાયનું ગૌરવ વધશે. એક સમય એવો આવશે કે જગત આખું સ્વામિનારાયણનું ભજન કરશે.

સૌને વિચાર કરતાં જોઈ મહારાજે કહ્યું, સાંભળો તમારા અમારા પ્રત્યેના પ્રેમની પરીક્ષા આજે થઈ ગઈ. તમારો આવો પ્રેમ છે તો અમારો સંકલ્પ કદાચ બદલાય પણ ખરો માટે સૌ હિંમત રાખો. ને કહે, અમને હવે અક્ષર ઓરડીમાં લઈ જાવ. મહારાજના છેલ્લા શબ્દોથી જાણે તૃણનો ઓથ મળી ગયો હોય તેવી આશા સૌને બંધાઈ.

ગુણાતીતાનંદસ્વામી પાછા ગઢપુરમાં

બ્રહ્માનંદસ્વામી જૂનાગઢ પહોંચ્યા તે વખતે સ્વામી શણગાર આરતી પછી ઠાકોરજીના દર્શન કરી પ્રદક્ષિણા કરતા હતા. એટલામાં ઉપરથી શિખરનો એક ભાગ પડયો એટલે સ્વામી ચમક્યા. એક હાથ પાછા હઠી ગયા. તે વખતે બ્રહ્માનંદસ્વામી ઠાકોરજીના દર્શન કરી સ્વામી પાસે આવ્યા ને કહ્યું, મહારાજ તમને હાલ ને હાલ તેડાવે છે, માટે વિલંબ ન કરતાં હમણાં જ ચાલી નીકળો. એટલું બોલતાં બોલતાં સ્વામીની બંને આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યા.

સ્વામી પરિસ્થિતિ સમજી ગયા. શિખરનો એક ભાગ પડયો ત્યારે જ તેમને કાંઈક અશુભ સમાચારનો વહેમ તો પડયો જ હતો. બ્રહ્માનંદસ્વામીના આ સંદેશાથી તે વહેમ સાચો પડયો. સ્વામી તરત જ ખીંટીએ ટીંગાડેલી ઝોળી લઈ પોતાની સાથે ઝડપથી ચાલી શકે એવા સાધુને લઈ બ્રહ્માનંદસ્વામીની રજા લઈ ચાલી નીકળ્યા. મહારાજ રખે તેમના પહોંચતા પહેલા ધામમાં પહોંચી જાય તેવી અંતરમાં બીક હતી. પવન પાવડી પણ ઝડપ ન કરી શકે તેવી ત્વરિત ગતિથી સ્વામીશ્રીએ તે જ દિવસે ચાલીસ ગાઉ કાપી નાખ્યા. રાત્રે પણ મજલ ચાલુ રાખી. બીજે દિવસે જેઠ સુદ ૬ને દિવસે સવારે સ્વામી ગઢપુર પહોંચી ગયા.

દરબારમાં બધું જ સૂમસામ જોયું. સર્વત્ર ઉદાસીનતા વ્યાપી ગઈ હતી. મહારાજે પાંચુબાના ઓરડામાં જે ધામમાં જવાના સંકલ્પની સૌને વાત કરી ત્યાર પછી અક્ષર ઓરડીમાં જઈ માથે ચોફાળ ઓઢી મહારાજ પોઢી ગયા. કોઈના બોલાવ્યા બોલે નહિ અને જમવાનું પણ કાંઈ ગ્રહણ કરે નહિ. આથી સૌ ફરી ચિંતાગ્રસ્ત થઈ ગયા. ભલે મહારાજની આ લીલા હતી પરંતુ હરિભક્તોના અંતર વલોવાઈ જતા હતા. તેમાં વળી આજે ફરી મહારાજ એકદમ મૌન ધારણ કરીને મુખ ઉપર ઓઢીને સૂઈ ગયા એટલે નિત્યાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી અને શુકમુનિની મૂંઝવણ વધી ગઈ.

બ્રહ્મચારી તો આ પ્રસંગથી તદ્દન શૂન્યમનસ્ક થઈ અવાક્ બની ગયા હતા. મહારાજની માંદગીનો આઘાત તેમના અંતરમાં ઉંડે સુધી પેસી ગયો હતો. કામ કરતાં પણ તેમના હાથ પગ ધ્રુજતા હતા. બોલતાં બોલતાં શબ્દો તૂટતા હતા. આંખમાં પાણી આવી જતા. સૌ હરિભક્તોની આવી પરિસ્થિતિ થઈ ગઈ હતી.

જૂનાગઢથી અક્ષરબ્રહ્મ સદ્ગુરૂ શ્રી ગુણાતીતાનંદસ્વામી ગઢપુર પહોંચી ગયા એટલે સૌને હિંમત આવી. તેઓ સીધા જ ગોપીનાથજી મહારાજના દર્શન કરી અક્ષર ઓરડીમાં આવ્યા. સુરાખાચર અંદર ગયા. તે જ વખતે મહારાજે મુખ ઉપર ઓઢેલો ચોફાળ દૂર કર્યો ને સુરાખાચરને પૂછ્યું, કેમ અંદર આવ્યા ? તેમણે હાથ જોડી કહ્યું, મહારાજ જૂનાગઢ મંદિરના મહંત ગુણાતીતાનંદસ્વામી આવ્યા છે, બહાર ઉભા છે, આપની આજ્ઞા હોય તો અંદર આવે.

એ સાંભળી મહારાજના મુખારવિંદ ઉપર આનંદની રેખાઓ ફરકી ગઈ. મહારાજ જાણે એકદમ સ્વસ્થ થઈ ગયા હોય તેમ ઢોલિયામાં બેઠા થઈ ગયા અને બોલ્યા, અહો સ્વામી આવી ગયા ? મોકલો મોકલો તેમને ઝટ અંદર મોકલો. સુરાખાચર મહારાજની આવી સ્વસ્થતા જોઈ આનંદ પામ્યા.

સ્વામી અંદર ગયા, મહારાજને દંડવત્ કરવા લાગ્યા. પરંતુ મહારાજનું મુખારવિંદ જોઈ તેમની આંખમાં આંસુ આવી ગયા. સ્વામી બે ઘડી તો કાંઈ બોલી શક્યા નહિ. મહારાજે પાર્ષદોને કહ્યું, બ્રહ્મચારી સિવાયના બધા જ બહાર જાવ. પછી મહારાજે સ્વામીના મસ્તક ઉપર હાથ ફેરવતા કહ્યું, સ્વામી આવી ગયા ને ? અને નોતું કહ્યું કે પ્રસંગ આવ્યે તમને બોલાવી લઈશું..તો બોલાવી લીધા ને ? પછી ધીરે રહીને સ્વામીને કહ્યું, સ્વામી અમે ક્યાં તમારાથી જુદા છીએ ? એટલું કહી મહારાજ બોલ્યા :

'મીઠા વ્હાલા કેમ વીસરું મારું તમથી બાંધેલ તન હો,

તરસ્યાને જેમ પાણીડું વ્હાલું ભૂખ્યાને ભોજન હો..'

સ્વામી એ મહારાજના શરીરરૂપ હતા. સ્વામી પધાર્યા એટલે મહારાજના મનમાં આનંદ થયો તે ભાવ તેમના મુખારવિંદ ઉપર વ્યક્ત થયેલો જોઈ બ્રહ્મચારીએ પૂછ્યું, મહારાજ થાળ લાવું ? મહારાજે તરત જ કહ્યું, હા લાવો અમે જમીશું અને આ સ્વામીને પ્રસાદી આપીશું. મહારાજ ચાર દિવસ પછી થોડું જમ્યા ને પ્રસાદીનો થાળ સ્વામીને આપ્યો.

આ ચાર દિવસ તો મહારાજ મુખારવિંદ ઢાંકીને સૂઈ રહ્યા હતા. બોલવાનું પણ બંધ કર્યું હતું. ફક્ત દેહક્રિયા કરવા જાગતા ત્યારે એટલા પૂરતા જ બે શબ્દો બોલતા. આજે મહારાજે સ્વામી સાથે આટલી વાતો કરી, સ્વામીને આટલું વહાલ કર્યું, સ્વામી તેમનું શરીર છે એવું બોલ્યા ને વળી થાળ પણ જમ્યા. એટલે બધાને પાછી હિંમત આવી ગઈ. મહારાજ હવે આરામ કરે તે હેતુથી સ્વામી ઉઠયા.

મહારાજે સ્વધામ જવાનો નિર્ણય કરી લીધો હતો તેથી તેમનો વિરહ સહન કરી ન શકે તેવા પ્રેમી સંતો અને ભક્તોને તેમણે ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા કરી દીધી. આથી ગોપાળનંદસ્વામીએ મહારાજને કહ્યું, મહારાજ આ જૂનાગઢના ગુણાતીતાનંદસ્વામી અહીં આવ્યા છે, એમને તમારા ઉપર અપાર પ્રેમ છે. આપના વિરહની વેદના તેઓ સહન નહિ કરી શકે તો તેમને પાછા જૂનાગઢ મોકલી દ્યો.

તે સાંભળી મહારાજે સ્હેજ સ્મિત કર્યું ને બોલ્યા, સ્વામી એ ગુણાતીતાનંદસ્વામી તો અમારું અક્ષરધામ છે. તે તો દિવ્યસ્વરૂપે સદાય અમારી સાથે જ રહે છે. તેમને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. અમારાથી એ કેવી રીતે જુદા થઈ શકે ? મહારાજના આ શબ્દોથી ગોપાળાનંદસ્વામીને સ્વામીનો પરાત્પર એવા મહારાજના અક્ષરધામના સ્વરૂપનો ખ્યાલ આવી ગયો. તેમણે મહારાજના આ શબ્દો અંતરમાં ઉતારી લીધા ને સાથે સાથે મહારાજના અંતર્ધાન થયા પછી તેમના પુનઃ પ્રાગટયનું પાત્ર પણ તેમણે ઓળખી લીધું.

મહારાજની આજ્ઞા થઈ એટલે બહાર ઉભેલા સદ્ગુરૂઓ તથા દાદાખાચર, સોમલાખાચર, સુરાખાચર વગેરે ત્યાં આવી ગયા. બહેનો સર્વે બહાર બેઠી. મહારાજે તેમને ઉદ્દેશીને કહ્યું, અમે હવે ધામમાં જવાનો સંકલ્પ કરી લીધો છે. અમારો સંકલ્પ ફરે તેમ નથી. માટે તમે સૌ ધીરજ રાખજો અને અમારી પાછળ કોઈ આત્મહત્યા કરશો નહિ. અમારી આજ્ઞા વિરુદ્ધ એવું કાંઈ કૃત્ય કરશો તો તે ભૂતયોનિને પામશે, પરંતુ અક્ષરધામના તો દર્શન તેને નહિ જ થાય. મહારાજ ગંભીર હતા. મહારાજના આ શબ્દોથી વાતાવરણ ફરી વધુ ગંભીર બની ગયું.

મહારાજે પછી કહ્યું, આ ગોપાળાનંદસ્વામીને અમે મોટેરા સ્થાપીએ છીએ. બધા જ હરિભક્તો, સંતોએ તેમની આજ્ઞામાં રહેવાનું છે. ધર્મકુળના સૌએ પણ તેમની સલાહ પ્રમાણે રહેવાનું છે. એટલું કહી ગોપાળાનંદસ્વામી તરફ જોઈ મહારાજે કહ્યું, સ્વામી અમારા અક્ષરધામ ગુણાતીતાનંદસ્વામીનું તમે વિશેષ ધ્યાન રાખજો. મહારાજ આટલું બોલી મૌન રહ્યા. બોલતા પણ તેમને થાક વર્તાતો હતો.

આવી રહેલી અસહ્ય અને અકથ્ય વેદનાના ખ્યાલમાત્રથી જ એક ડૂસકું સંભળાયું. તે સાંભળી તરત જ મહારાજે કહ્યું, રોવાનો આ સમય નથી. અમે જે રીતે જ્ઞાનના શબ્દો કહ્યા છે તે સંભારી સૌએ ધીરજ રાખવાની છે. ભગવાન કદી અંતર્ધાન થતા જ નથી. અહીંથી અંતર્ધાન થઈ બીજે ઠેકાણે અન્ય સ્વરૂપે પ્રગટ થાય છે. એ સ્વરૂપ કદાચ ન ઓળખાય તો મૂર્તિઓ દ્વારા તો અમે પ્રગટ છીએ જ..તેમને ભક્તિભાવથી સેવશો તોઅમારું પ્રગટ સ્વરૂપ ઓળખાશે.

પછી મહારાજે કહ્યું, આજે નોમ થઈ છે, આવતી કાલે અમે ધામમાં જઈશું. મહારાજના આ શબ્દો હવે અસહ્ય બની ગયા. ધરતીકંપના આંચકાથી જેમ પૃથ્વી ધણધણી ઉઠે તેમ સૌના અંતર ધ્રુજી ગયા. એક કારમી ચીસ સંભળાઈ અને દાદાખાચર તથા જીવુબા, લાડુબા વગેરે બહેનો, બ્રહ્મચારી અને અન્ય પ્રેમી હરિભક્તો ધરતી ઉપર ઢળી પડયા. મહારાજની આજ્ઞા હતી તેથી સંતો આ કારમા દુઃખને અંતરમાં શમાવવા લાગ્યા. પરંતુ તેમના હૃદય જાણે ભીંસાતા હોય, પ્રાણ નીકળી જતા હોય તેવી વેદનાના અનુભવથી પારાવાર અસ્વસ્થતા તેઓ અનુભવવા લાગ્યા.મહારાજે ઈશારાથી સૌને બહાર જવા કહ્યું. સૌ બહાર નીકળ્યા.

મંદિરને માથે પંદરસોનુ દેવુ

સાંજે મહારાજે મોટેરા સદ્ગુરૂઓ તથા કારભારીને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું, આ મંદિર પૂરું કરાવજો. ત્યારે લાધા ઠક્કરે કહ્યું, મહારાજ ! મંદિરને માથે તો રૂપિયા પંદરસોનું દેવુ છે. કારભારીએ પ્રસંગ સમજયા વિના પોતાની રીતે કહ્યું.

મહારાજે કહ્યું, તે તો હમણા જ ચૂકવી દઈશું. તમે ફિકર કરશો નહિ. એટલામાં બહારથી એક પાર્ષદ આવ્યો ને તેણે કહ્યું કે ઝાલાવાડના ખોલડિયાદ ગામથી ખેંગાર ભક્ત આવ્યા છે. તેને મહારાજની પૂજા કરવી છે. મહારાજે કહ્યું, તેમને હમણાં જ બોલાવો. તેમના હાથમાં ચંદનનો કટોરો અને પુષ્પનો હાર હતો. મુક્તાનંદસ્વામીએ કહ્યું, ભગત ! મહારાજને શરદી છે એટલે કપાળે ફક્ત ચંદનનો ચાંદલો જ કરજો.

ખેંગાર ભક્ત આ સાંભળી સ્તંભી ગયા. તેમનો સંકલ્પ મહારાજના સમગ્ર શરીરે ચંદનનો લેપ કરવાનો હતો. મહારાજે તરત જ કહ્યું, સ્વામી જો અમારે શરીરે ચંદનની અર્ચા કરી તેમના અંતરમાં ટાઢક થતી હોય તો તેમને તેમ કરવા દ્યો. અમને કાંઈ નહિ થાય. મુક્તાનંદસ્વામી કાંઈ બોલી શક્યા નહિ.

ખેંગાર ભક્તે હળવા હાથે મહારાજના સમગ્ર શરીરે ચંદનનો લેપ કર્યો. પછી સાથે લાવેલી થેલી મહારાજ પાસે મૂકી ને કહ્યું, મહારાજ આ ભેટના રૂપિયા છે તે સ્વીકારવાની કૃપા કરો. મહારાજે પૂછ્યું, કેટલા રૂપિયા છે ? તેણે કહ્યું, મહારાજ પંદરસો જેટલા હશે. મહારાજે તરત જ લાધા ઠક્કરને કહ્યું, કારભારી લ્યો આ રૂપિયા. દેવું ચૂકવી દેજો. કારભારી આ જોઈ સ્તબ્ધ થઈ ગયા.

પછી મહારાજે સૌને કહ્યું, તમે સૌ હવે ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં રહેજો અને અમારો મહિમા સમજવો હોય, સો જન્મની કસર ટાળી બ્રહ્મરૂપ થવું હોય તો જૂનાગઢ જઈ આ ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરજો. મહારાજની આ અંતિમ આજ્ઞા સાંભળી સૌ ભારે હૈયે ત્યાંથી ઉઠયા.

મહારાજના એ અંતિમ શબ્દો હતા. તેનો આઘાત અસહ્ય હતો. હવે નક્કી થઈ ગયું હતું કે મહારાજ સ્વધામમાં આવતી કાલે પધારવાના જ..તેમની આ અંતિમ વિદાયની પળ કેવી વિષમ હશે તેની તો કલ્પના પણ કોઈ કરી શકતા નહોતા. છતાં એ પળ ઠેલાય, મહારાજ પોતાનો સંકલ્પ બદલે તે માટે તમામ સંતો, હરિભક્તો ગોપીનાથજી દેવ પાસે બેસી અખંડ ધૂન કરતા હતા.

ગોપીનાથજી દેવનું મુખારવિંદ નિસ્તેજ દેખાતું હતું. જે પુરુષોત્તમ નારાયણે પોતાનું ગૌરવ વધાર્યું, પોતાની પ્રતિષ્ઠા કરી, જે પોતાના ઈષ્ટદેવ છે, જેમના સંબંધથી જ અક્ષરધામના દિવ્ય સુખનો સૌ સાક્ષાત્ અનુભવ કરી રહ્યા છે, જે અહીં છે છતાં અક્ષરધામમાં છે પરંતુ સ્થૂળ દૃષ્ટિએ કાલે અહીં નહિ હોય. તેમના એ વિયોગનું દુઃખ અનુભવતા સૌ ભક્તોના દુઃખે ગોપીનાથજી મહારાજ પણ આજે દુઃખી દેખાતા હતા.

વસમી વિદાયની આકરી પળ

જેઠ સુદ દશમની સવાર જ અમંગળ ચિહ્નોથી અશુભ બની ગઈ હતી. વાદળાથી વાતાવરણ ધૂંધળું બની ગયું હતું. ભક્તો સૌ પ્રાર્થના કરતા હતો કે વિયોગની વિષમ પળ આવે તે પહેલા કાં તો પૃથ્વી ફાટે અને બધાને પેટાળમાં સમાવી લે કાં પ્રલય કાળના સૂર્ય કે તેની વર્ષા આજે સમગ્ર બ્રહ્માંડને બાળી દે. પણ તેઓ જાણતા હતા કે એવું કાંઈ બનવાનું નહોતું અને વજ્રપાત જેવો આઘાત હૈયાંને તોડી નાખવાનો હતો.

કેટલાક ભક્તો અક્ષર ઓરડી પાસે આવવા લાગ્યા. મહારાજના અંતિમ વિદાયની એ વિષમ પળ આવે એ પહેલા મહારાજના છેલ્લા દર્શન કરી લેવા. અક્ષર ઓરડી પાસે આવેલા હરિભક્તો દૂર બેસી ગયા હતા. સૌનાં હૈયાં રડતા હતા, મોઢાં સિવાઈ ગયા હતા.

મહારાજ વહેલા ઉઠયા. સેવકોની મદદથી સ્નાનવિધિ કરી પરવારી લીધું. પછી તેમણે ગુણાતીતાનંદસ્વામીને બોલાવ્યા. તેમની સાથે એકાંતમાં વાત કરતાં કહ્યું, <u>અમે હવે આ લોકમાં રહેવાના નથી. પરંતુ તમારે અમારા સ્વરૂપનો સંપૂર્ણ મહિમા પ્રવર્તાવવાનો છે. અવતાર અને અવતારીનો ભેદ સૌને સમજાવજો અને તમારા સંબંધે સૌને બ્રહ્મરૂપ કરી અમારા સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા દઢ કરાવી અક્ષરધામના અધિકારી બનાવજો. અમે જૂનાગઢના જમાન થયા છીએ. ત્યાં જે આવશે અને તમારો સમાગમ કરશે તેમની સૌની કસરમાત્ર ટળી જશે. તમારા સંબંધે સૌને અમારા સંબંધનું સુખ મળશે.</u>

એટલું કહી મહારાજને કહ્યું, અમને રાજી થઈ રજા દ્યો. સ્વામીની આંખો આ સાંભળી ભીની થઈ ગઈ. આ લોકના સર્વ ભાવ પોતાના સ્વરૂપમાં બતાવતા અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી મહારાજના શબ્દોથી વ્યગ્ર થઈ ગયા. છતાં તેમણે બે હાથ જોડીને કહ્યું, મહારાજ ! જેવી આપની મરજી..

સ્વામી ત્યાંથી ઉઠવા જતા હતા પરંતુ મહારાજે કહ્યું, ગોપાળસ્વામી, નિત્યાનંદસ્વામી મુક્તાનંદસ્વામી, શુકમુનિ બધાને બોલાવવા છે. તમે બેસો. એમ કહી એક પાર્ષદને બોલાવીને સૌને બોલાવવા કહ્યું.

સૌ આવી ગયા એટલે મહારાજે બ્રહ્મચારીને કહ્યું, ગાયનું છાણ લાવી આ પૃથ્વી લીંપો, ઉપર દર્ભનું આસન મૂકો. બ્રહ્મચારીના અંતરના ધબકારા મહારાજના શબ્દોથી વધી ગયા. તેમના પગ ધ્રુજવા લાગ્યા પરંતુ મહારાજની આજ્ઞા હતી એટલે તેમણે મહારાજે ચીંધી તે વિધિ કરી.

તમામ હરિભક્તો, બહેનો અક્ષર ઓરડીના પ્રાંગણમાં આવી ગયા હતા. અત્યંત ભીડને લીધે જે ત્યાં ન આવી શક્યા તે બધા દરબારના વિશાળ પ્રાંગણમાં અશ્રુ સારતા ઉભા હતા. ધબકતે હૈયે શું બને છે તેની પ્રતિક્ષા સૌ કરી રહ્યા હતા. મહારાજે વિચાર કર્યો કે મારા વિરહનું દુઃખ કોઈ સહન નહિ કરી શકે, સૌનું જીવન રગદોળાઈ જશે તેથી તેમણે સંકલ્પ કરીને પોતાના ઐશ્વર્યથી સૌના પ્રાણ સ્થિર કરી દીધા. સૌના અંતરમાં ધીરજનો ઢગલો કરી દીધો.

મધ્યાહ્નનો સમય થઈ ગયો હતો. મહારાજ ઢોલિયા ઉપર બે સેવકોની મદદથી બેઠા થયા. બેસીને આજુબાજુ, ઉપર જોવા લાગ્યા. અક્ષરમુક્તો સૌ આવી ગયા હતા. મહારાજને પ્રાર્થના કરી રહ્યા હતા. કાળ પણ ધ્રુજતો, બીતો એક જગ્યાએ સંતાઈને ઉભો હતો. તે તો જાણતો હતો કે મહારાજ સ્વતંત્ર છે, હું પણ તેમને આધીન વર્તુ છું છતાં ભોળા મનના ભાવિકો મહારાજના આ અક્ષરધામગમનથી કદાચ મને દોષ દેશે, શાપ દેશે ! તેની એ બીક જોઈ મહારાજે થોડું સ્મિત કર્યું. આ સ્મિતનું રહસ્ય કોઈને સમજાય તેવું નહોતું. અંતરિક્ષમાં દિવ્ય નાદ થવા લાગ્યો. અક્ષરમુક્તો પણ મહારાજની સ્તુતિ કરી રહ્યા હતા. સર્વત્ર નીરવ શાંતિ પ્રસરી ગઈ હતી. એ શાંતિ બીક પમાડે તેવી હતી, ભયની હતી, આઘાતની હતી.

<u>મહારાજ ઢોલિયા ઉપરથી ઉઠયા અને ત્યાં બેઠેલા સૌને હાથ જોડી જય સ્વામીનારાયણ કરી પૃથ્વી ઉપર પાથરેલા દર્ભાસન ઉપર ઉત્તરમુખે બિરાજમાન થયા. સ્થિર દષ્ટિએ સૌ જોઈ રહ્યા અને જોતજોતામાં મહારાજે યોગકળાથી પ્રાણનો ત્યાગ કરી દીધો.</u> આકાશમાંથી ચંદન અને પુષ્પની વૃષ્ટિ થઈ અને અંતરીક્ષમાં ઉભેલા અક્ષરમુક્તોના મંગળમય ધ્વનિના ઘોષ સંભળાવા લાગ્યા. દિવ્ય તેજના સમૂહે દાદાનો દરબાર ભરી દીધો !

આ દશ્યથી જ ત્યાં બેઠેલા સૌના અંતર ભાંગી ગયા ! નિત્યાનંદસ્વામી તરત જ નીચે બેસી ગયા ને તેમના ભયંકર આર્તનાદથી સૌ પોક મૂકી રડવા લાગ્યા. રૂદનની આ કારમી ચીસથી અક્ષર ઓરડી તરફ દોડતા આવતા હરિભક્તો, સંતો, આવી પડેલા મહારાજના વિરહના અસહ્ય દુઃખથી પડતા, આખડતા, રડતા આવવા લાગ્યા. આખું ગઢપુર નગર આ અસહ્ય દુઃખની ઝંઝાવાતથી ગ્રસ્ત થયેલા ભક્તોની કારમી વેદનાથી શોકમાં ડૂબી ગયું ! દાદાના દરબારગઢના કાંગરે કાંગરા આ કારમી વેદનાથી ધ્રુજી ઉઠયા.

થોડીવારે ગોપાળાનંદસ્વામી ઉઠયા. તેમણે મોટેરા સદ્‌ગુરૂઓને કહ્યું, મહારાજે તો સંકલ્પ કર્યો જ હતો તેથી ધામમાં પધારી ગયા. આપણી સ્થૂળ દષ્ટિએ મહારાજ અત્યારે પરોક્ષ થઈ ગયા હોય તેમ દેખાય છે. આપણે સૌ અનાથ બની ગયા હોઈએ તેવું માનીને શોકમગ્ન બની ગયા છીએ પરંતુ મહારાજ સત્સંગમાં સદા પ્રગટ છે એવી જ્ઞાનદષ્ટિ રાખી, આપણે હવે મહારાજની અંતિમવિધિના સંસ્કાર કરવા જોઈએ. સૌને છાના રાખ્યા અને અંતિમવિધિની તૈયારીમાં સૌ પડયા.

અંતિમવિધિ

સૌએ મહારાજના દેહની ષોડશોપચારે પૂજા કરી. ઉન્મત ગંગાના જળથી સ્નાન કરાવ્યું. શરીર લૂછયું, રેશમી શ્વેત પીતાંબર પહેરાવ્યું. કપાળમાં ચંદનની અર્ચા કરી. તિલક ચાંદલો કર્યા. શરીર ઉપર શ્વેત વસ્ત્રો ધારણ કરાવ્યા, પુષ્પોના હાર પહેરાવ્યા ને અગ્રણી હરિભક્તો અને રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજીએ આરતી ઉતારી.

વિમાનને પુષ્પોથી શણગારીને મહારાજના દેહને તેમાં પધરાવ્યો. સંતોની આંખોમાં આંસુ હતા છતાં દુક્કડ અને મંજિરા સાથે રડતે હૃદયે ઉત્સવના કીર્તનો ગાતા ગાતા આ અંતિમયાત્રા માટે તૈયાર થઈ ગયા. અપરંપાર મનુષ્યની મેદનીને પાર્ષદોએ વ્યવસ્થિત ગોઠવી દીધી. અંતિમયાત્રા નીકળી.

ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા શ્રીહરિના ભત્રીજા રઘુવીરજી અને અયોધ્યાપ્રસાદજી તથા ધર્મકુળના અન્ય સૌએ વિમાન ઉપાડયું. રસ્તે માયારામ ભટ્ટ તથા દિનાનાથ ભટ્ટ પણ વિમાન ઉપાડતા હતા. અબીર, ગુલાલ અને પૈસાનો વરસાદ વરસાવતા ધૂન્ય ભજન કરતાં લક્ષ્મીવાડીના રસ્તે યાત્રા નીકળી. દાદાખાચર ભગ્ન હૃદયે ઉઘાડે માથે મહારાજના વિમાન પાછળ ચાલવા લાગ્યા. તેમનો એક હાથ સોમલાખાચરે અને બીજો હાથ નાગમાલાએ પકડયો હતો. ગોપાળસ્વામી વારંવાર દાદાખાચર તરફ દષ્ટિ કરી તેમનું ધ્યાન રાખતા હતા.

મહારાજનું વિમાન જ્યાં નિષ્કુળાનંદસ્વામીની ઓરડી હતી તેની સમીપે ઉતાર્યું. જે સ્થાને અગ્નિસંસ્કાર કરવાનો હતો ત્યાં ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી વગેરે ગયા. ત્યાં ઉન્મત ગંગાનું જળ છાંટયું અને ભૂમિ શુદ્ધ કરી. અગાઉથી જ ગોપાળાનંદસ્વામીની આજ્ઞાથી ચારેબાજુ વાંસની વળીઓ બાંધી દીધી હતી જેથી કોઈ શોકના આવેશમાં ચિતામાં પડતું ન મૂકે. તુલસી અને ચંદનના લાકડા ગોઠવી ચિતા તૈયાર કરી.

મહારાજનું વિમાન અહીં લાવ્યા. મહારાજનું સ્વરૂપ હજું પણ જાણે વચનામૃતની વાતો કરતું હોય એવું સ્વસ્થ અને જીવંત જણાતું હતું. એટલે આ સ્વરૂપને ચિતામાં કોણ પધરાવે ? કોની હિંમત ચાલે ? સમગ્ર સંતો હરિભક્તો વિવશ થઈ ગયા. દાદાખાચરને તો સુરાખાચર તથા સોમલાખાચરે પકડીને એક સ્થાન ઉપર બેસાડી દીધા હતા. તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહી જતા હતા. તેમની આ સ્થિતિ જોઈને સૌને થયું કે તેમનો પ્રાણ કેમ દેહમાં ટકી શક્યો છે ? સુરાખાચર અને સોમલાખાચરની મજબૂત પકડથી તે ફક્ત માથું નીચું કરી હતોત્સાહ બની બેસી રહ્યા હતા. આંખમાંથી આંસુ પણ સૂકાઈ ગયા હતા. મહારાજનો વિરહ તેમના માટે તો અત્યંત અસહ્ય બની ગયો હતો.

દુઃખના આવેશથી અંત્યેષ્ટિની વિધિ કરવા કોઈ ઉભું થઈ શકતું નહોતું. ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદસ્વામીને કહ્યું, સ્વામી આ બધા તો આપણા આ પિતાને મરી ગયા સમજે છે. પરંતુ આ તો મહારાજની તિરોધાન લીલા છે. માટે ચાલો હવે અંત્યેષ્ટિ સંસ્કાર કરીએ.

તેમણે બે પાર્ષદોની મદદથી વિમાનમાંથી મહારાજનો દેહ ચિતા ઉપર પધરાવ્યો. જે કોમળ શરીરને મશરૂના ગાદલા ઉપર સૂવરાવતા, તેને આજે ચંદનના કાષ્ઠની ચિતામાં સૂતેલા જોઈ સૌ પોક મૂકી રડી પડયા. કેટલાક તો મૂર્છાવશ થઈ ગયા. ગોપાળાનંદસ્વામીએ રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજી પાસે બધી જ વિધિ કરાવી પછી ચિતામાં અગ્નિ પ્રગટાવ્યો.

દાદાખાચર ચિતામાં પડવા દોડે છે

અત્યાર સુધી નીચું જોઈને બેઠેલા દાદાખાચરે તેમનું મસ્તક ઉંચું કર્યું અને ચિતામાં મહારાજને સૂતેલા દીઠા, અગ્નિ પ્રગટેલો જોયો અને તરત જ પોતાના બંને હાથ જોરથી છોડાવી દોડયા. વાંસની વળીઓ કૂદી તે ચિતા પાસે આવી ગયા. ગોપાળસ્વામી ત્યાં જ ઉભા હતા. તેમણે તરત જ દાદાખાચરનો હાથ પકડી લીધો અને તેમને માથે કોમળ હાથ ફેરવી કહ્યું, બાપુ ! આવો મારી સાથે. મહારાજ અહીં જ છે, બેઠકમાં બિરાજે છે. આવો તમને દર્શન કરાવું.

દાદાખાચરનો હાથ પકડી ગોપાળ સ્વામી બેઠક પાસે તેમને લઈ ગયા. દાદાખાચરને ત્યાં બેસાડયા. એટલામાં જે પાટ ઉપર મહારાજ બિરાજતા હતા ત્યાં તેમણે મહારાજને જોયા. કંઠમાં ગુલાબનો હાર, પાઘમાં ગુલાબના તોરા, બંને હાથે ગુલાબના બાજુબંધ હતા. મહારાજ દાદાખાચર સામું જોઈ હસ્યા ને કહ્યું, <u>દાદા ! હું શું ગયો છું ? તારા જેવા ભક્તના હૃદયમાં, તારા દરબારમાં, ગઢપુરની રજેરજમાં, ગોપીનાથની મૂર્તિમાં હું રહ્યો છું. જ્યાં જઈશ ત્યાં તને અમારા દર્શન થશે. એમ કહી પોતાના કંઠમાં ગુલાબનો હાર હતો તે મહારાજે દાદાખાચરને પહેરાવ્યો. દાદાખાચર આ દર્શનથી, પ્રસાદીથી એકદમ સ્વસ્થ થઈ ગયા.</u>

<u>મહારાજ ધામમાં પધારી ગયા છે તે સ્મૃતિભ્રંશ તેમને થઈ ગયો. મહારાજે પણ અગ્નિસંસ્કાર વિધિ પૂરો થયો ત્યાં સુધી દાદાખાચરને બ્રહ્માનંદની આ જ સ્થિતિમાં લીન કરી દીધા. મહારાજે તેમને કહ્યું, અમે મંદિરમાં જઈએ છીએ. તમે ત્યાં આવજો. એમ કહી મહારાજ માણકી ઉપર બિરાજમાન થઈ ચાલી નીકળ્યા.</u>

હું તો તમારામાં અખંડ રહ્યો છું

ગુણાતીતાનંદસ્વામી હાથમાં તુંબડી લઈ બહિર્ભૂમિ જતા હતા. રસ્તામાં વહેતા પાણીના ધોરિયાને કાંઠે તેમણે કલકલ કરતી લીલી ધ્રો જોઈ. તેમને મનમાં થયું કે અહો આ ધ્રોનું જીવન જળ છે તે કેવી કલકલ કરે છે ? આપણું જીવન તો મહારાજ હતા તે તો ગયા ? આ વિચારમાત્રથી તે મૂર્છાવશ થઈ પડી ગયા.

એટલામાં મહારાજે તેમને દર્શન દીધા ને બોલ્યા, સ્વામી આ શું ? શું હું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું..અખંડ રહ્યો છું..અખંડ રહ્યો છું..એમ ત્રણ વાર બોલ્યા. એટલું કહીને મહારાજ સ્વામીને વ્હાલથી ભેટયા. પોતાના અખંડ પ્રાગટયનો આ સંકેત હતો. સ્વામી તરત જ સ્વસ્થ થઈ ગયા.

મુકુન્દ બ્રહ્મચારીને દર્શન

મુકુન્દ બ્રહ્મચારીના અક્ષર ઓરડી તરફ જતાં પગ ધ્રુજતા હતા. ગોપાળસ્વામીએ તેમને કહ્યું, બ્રહ્મચારી ! ઓરડીએ જાવ..પરંતુ બ્રહ્મચારી ઘેલા જેવા થઈ ગયા હતા. તેમને પણ મનમાં થયું કે જીવનો પ્રાણ તો ચાલી ગયો, છતાં દેહના પ્રાણ કેમ ટકી રહ્યા છે ? બ્રહ્મચારીની વિહ્વળ દશા જોઈ સૌને લાગ્યું કે તે હમણાં ગાંડા થઈ જશે. ગોપાળસ્વામીએ તેમનો હાથ પકડયો અને કહ્યું, અક્ષર ઓરડીમાં જાવ, મહારાજ તમને બોલાવે છે.

આ સાંભળી બ્રહ્મચારી બોલ્યા, મહારાજ બોલાવે છે ? ક્યાં છે મહારાજ ? તે તો ચિતામાં પોઢી ગયા. એટલું કહી બ્રહ્મચારી ધ્રુસકે ધ્રુસકે રડી પડયા. ગોપાળસ્વામીએ તેમનો હાથ પકડયો અને અક્ષરઓરડીમાં લઈ ગયા.

અહીં મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. બ્રહ્મચારીને જોઈ હસ્યા ને કહ્યું, બ્રહ્મચારી ! ક્યારના ક્યાં ગયા હતા ? બ્રહ્મચારી તો મહારાજને અહીં જોઈ સ્તબ્ધ બની ગયા ! તેમને થયું કે આ સ્વપ્નું છે કે સત્ય ? તેમણે આંખો ચોળી ફરી જોયું. માથે હાથ મૂક્યો અને બોલ્યા, બ્રહ્મચારી ! અમારી સાથે આટલો વખત રહ્યા છતાં અમને મૂએલા માનો છો ? એમ કહી બ્રહ્મચારીને મહારાજ ભેટયા. આ દિવ્ય આલિંગનથી બ્રહ્મચારીના અંતરમાં વિરહના શોકની જે આંધી વ્યાપી ગઈ હતી તે શાંત થઈ ગઈ. બ્રહ્મચારી મહારાજના બાહુપાશમાંથી છૂટયા અને મહારાજનો હાથ પકડી તેમને ઢોલિયા ઉપર બેસારવા ગયા ત્યાં એમના હાથ હવામાં વિંઝાયા ! બ્રહ્મચારી સમજી ગયા કે મહારાજ અંતર્ધાન થઈ ગયા છે, છતાં ભક્તો માટે તેમનું પ્રાગટય અખંડ છે.

મહારાજ આરતીમાં પધાર્યા

મંદિરમાં આરતીનો ડંકો થયો. નગારા અને ઝાલરું વગાડવાનું આજે બંધ હતું. સૌ મહારાજની પ્રસાદીની ગોપીનાથજીની મૂર્તિનાં દર્શન કરવા મંદિરમાં ગયા. બ્રહ્મચારીએ આરતી પ્રગટાવી અને આરતી શરૂ થઈ. સૌના આશ્ચર્ય વચ્ચે ગોપીનાથજીની મૂર્તિ અદશ્ય થઈ ગઈ. મહારાજ શ્વેત વસ્ત્ર, શ્વેત પાઘ અને શ્વેત રેંટો કમરે બાંધી હસતાં હસતાં ઉભા હતા. કાન ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા. સુંદર વસ્ત્રાભૂષણથી શોભતી મહારાજની દિવ્ય મૂર્તિ સ્મિત કરતી મૂક વદને ઉભી હતી.

મહારાજના આ દિવ્ય દર્શનથી સૌ આનંદવિભોર બની ગયા. વિરહનું દુઃખ ટળી ગયું. આરતીના નાદ વચ્ચે મહારાજ પધાર્યા..મહારાજ પધાર્યા..ગોપીનાથજીને અદશ્ય કરી મહારાજ તે સ્થાનમાં બેસી ગયા. એવા ઉલ્લાસના શબ્દો બોલાવા લાગ્યા. મહારાજ આ શબ્દો સાંભળી હસ્યા. તેમનો ધીમો ધીમો પણ મધુર અવાજ સંભળાયો : અમે અમારા સ્થાનમાં બેસી ગયા છીએ. આ રીતે જ તમને દર્શન દેવા છે. અમારા તે સ્વરૂપમાં પ્રતીતિ રાખજો. એટલું કહીને મહારાજ અદશ્ય થઈ ગયા.

મહારાજ લિંબતરૂ નીચે બિરાજમાન થયા છે

આરતી બાદ સૌ દરબારમાં આવ્યા તો અહીં પણ લિંબતરુ નીચે મહારાજ પાટ ઉપર સફેદ વસ્ત્ર ધારણ કરી બિરાજ્યા હતા. તેમની સન્મુખ સભા ભરાઈને બેઠી હતી. તેમને થયું આ શું ? મહારાજના હમણાં મંદિરમાં દર્શન થયા, વળી અહીં લિંબવૃક્ષ નીચે પણ મહારાજ દેખાયા. એટલામાં કોઈ વાસુદેવ

નારાયણના ઓરડામાં ગયા તો ત્યાં પણ મહારાજ દેખાયા. બધાને લાગ્યું કે સમગ્ર દરબાર જાણે મહારાજના જુદા જુદા સ્વરૂપોથી ભરાઈ ગયો હતો. ગોપાળાનંદ સ્વામીને બધાએ આ દિવ્ય દર્શનની વાત કરી. તેમણે સમજાવ્યું કે મહારાજ સત્સંગમાં અખંડ પ્રગટ છે. પરંતુ પહેલા સ્થૂળ દ્દષ્ટિએ દેખાતા હતા તેમ નહિ દેખાય. જ્ઞાનદષ્ટિથી દેખાશે.

પૂજા ડોડિયા મહારાજના સ્વધામ પધાર્યાના સમાચાર સાંભળી મૂર્છાવશ થઈ જાય છે

બે દિવસ બાદ ભગુજી તથા રતનજી મંદિરના કામે ગોપાળસ્વામીની આજ્ઞાથી ધોલેરા જતા હતા. રસ્તામાં તેમણે પાણવીના પૂજા ડોડિયાને માણકી ઘોડી માટે સરાવનું ખડનું ભરોટું લઈને સામેથી આવતા જોયા. તે પાસે આવ્યા એટલે તેમણે પૂજા ડોડિયાને પૂછયું, ક્યાં જાવ છો ? તેણે કહ્યું, ગઢડા. માણકી માટે સરાવ ખડ ભેગું કરીને લઈ જાઉં છું.

ત્યારે તે બંને હતાશ થઈને બોલ્યા, પૂજાભાઈ માણકી ઉપર બેસનારા તો ધામમાં પધારી ગયા. પૂજા ડોડિયાએ આ સાંભળ્યું અને તે જ વખતે ગાડાની ઉધ્ધ ઉપરથી તે નીચે પડી ગયા ! ભગુજી તથા રતનજી એકદમ તેમની પાસે આવ્યા. પણ પૂજા ડોડિયાને તો મૂર્છા વળી ગઈ હતી. તેમણે પાણી લાવી તેમના મોં ઉપર છાંટયું. થોડીવારે તે જાગ્રત થયા ત્યારે ભગુજીએ કહ્યું, પૂજાભાઈ થોડુ પાણી પી લ્યો.

તેમણે નિઃશ્વાસ મૂકીને કહ્યું, ભાઈ હવે પાણી ગળા નીચે શે ઉતરે ?

તેમને માટે આ આઘાત અસહ્ય હતો. ભગુજી તથા રતનજીને લાગ્યું કે પૂજાભાઈને એકલા મૂકવા જેવા નથી. તેમણે પૂજાભાઈને ખડના ભરોટા ઉપર ચડાવ્યા અને પોતે ગાડું હાંકી ગઢપુર આવ્યા.

પૂજાભાઈ ગોપીનાથજીના દર્શન કરવા ગયા પણ તેમને લાગ્યું કે ગોપીનાથજી દેવ પણ ઉદાસ દેખાય છે. નિરાશ વદને દાદાના દરબારમાં આવ્યા. અહીં પણ બીક લાવે તેવી શાંતિ પ્રવર્તતી હતી. ભગુજી તેમને ગોપાળાનંદસ્વામી પાસે લઈ આવ્યા. સ્વામીએ તેમને આશ્વાસન આપ્યું અને કહ્યું, પૂજાભાઈ ! જાઓ, હવે જમી આવો.

ત્યારે તેમણે કહ્યું, સ્વામી હવે અન્ન કે પાણી ગળે ઉતરશે નહિ.

એટલે ગો.સ્વામીએ કહ્યું, એમ અન્નજળનો ત્યાગ ન કરાય. મહારાજની આજ્ઞા નથી.

પૂજાભાઈએ કહ્યું, સ્વામી મેં ત્યાગ નથી કર્યો. મારી અન્નનળી જ બીડાઈ ગઈ છે. ખોટું કહેતો હોઉં તો આ પરમહંસોના સમ છે. એમ કહી તેઓ રડી પડયા. પછી બોલ્યા, સ્વામી જો મહારાજની ઈચ્છાથી જ આમ થયું હશે તો મહારાજ મને તેમના તેરમાને દિવસે ધામમાં તેડી જશે. સ્વામી તેમના શબ્દો સાંભળી રહ્યા.

મહારાજનું શ્રાદ્ધ તથા ત્રયોદશી કરવાની વિધિમાં સૌ પડયા. તે દરમ્યાન ચોકમાં જ સત્સંગિજીવન કથાનો પ્રારંભ ગો.સ્વામીએ કરાવ્યો. તેઓ તથા નિત્યાનંદસ્વામી પાટ ઉપર બિરાજતા. મહારાજના દિવ્ય ચરિત્રોની કથામાં સૌનાં મન આ રીતે એકાગ્ર થયા અને તે દિવ્ય ચરિત્રો સાંભળતા કાંઈક ધીરજ અને શાંતિનો અનુભવ સૌને થવા લાગ્યો.

તેર દિવસ સુધી પૂજા ડોડિયાએ અન્ન કે જળ લીધા સિવાય અવિરતપણે એક યુવાનના જોમથી સેવા કરી. તેરમે દિવસે થાક્યા અને મહારાજના નામનો મંત્રજાપ કરતાં બેસી ગયા. અને તે જ સ્થિતિમાં તેમણે દેહત્યાગ કરી દીધો. મહારાજ અક્ષરધામના મુક્તો સાથે તેમને તેડવા પધાર્યા. તે દર્શન ત્યાં ઘણાને થયું. ગોપાળસ્વામીએ કહ્યું, જળ વિના જેમ માછલી તરફડે, તેમ પૂજાભાઈની મહારાજના વિયોગથી એવી સ્થિતિ થઈ ગઈ હતી. તેમનો દેહ રહે તેવું હતું જ નહિ. પરંતુ મહારાજની અંતિમ સેવા કરવા તેમણે દેહ ટકાવ્યો હતો.

ભગવાસ્વામીનારાયણ (ભાગ-૫)અહીંયા પૂરો થાય છે
